Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# જ્ઞાયકસ્વરૂપપ્રકાશન



નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયકભાવ છે,
એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે.

સમયસાર ગાથા-૬

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

શ્રી સીમંધરદેવાય નમઃ
શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ

# જ્ઞાયકસ્વરૂપપ્રકાશન

અધ્યાત્મમૂર્તિ પૂ. કાનજીસ્વામીના
પ્રમુખ શિષ્યરત્ન શુદ્ધાત્મવેદી
પૂ. 'ભાઈશ્રી' લાલચંદભાઈના
સમયસાર ગાથા - ૬ ઉપરના માર્મિક પ્રવચનો

: પ્રકાશક :
શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ
''સ્વીટ હોમ'' જાગનાથ પ્લોટ શેરી નં-૬,
જીમખાના રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. (સૌરાષ્ટ્ર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૨૭ | ૨૫૩૩ | ૨૦૬૩ | ૨૦૦૭ |

: પ્રકાશન :

પૂ. ''ભાઈશ્રી'' લાલચંદભાઈ મોદીના ૯૮ માં જન્મદિન પ્રસંગે

તા. ૨૩-૬-૨૦૦૭ જેઠ સુદ-૯

પ્રથમ આવૃતિ - ૧૦૦૦ પડતર કિંમત - રૂા. ૧૫૦/- મૂલ્ય - સ્વાધ્યાય

'જ્ઞાયકસ્વરૂપપ્રકાશન' પ્રાપ્તિ સ્થાન

રાજકોટ : **શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ,**
'સ્વીટ હોમ' જાગનાથ પ્લોટ શેરી નં. ૬, જીમખાના રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.

રાજકોટ : **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.
ટે.નં. ૨૨૩૧૦૭૩

મુંબઈ : (૧) **શ્રી શાંતિભાઈ સી. ઝવેરી**
૮૧-નિલામ્બર, ૩૭ પેડર રોડ, મુંબઈ - ૪૦૦ ૦૨૬. ટે.નં. ૦૨૨-૨૩૫૧૬૬૩૬

(૨) **શ્રી મહેન્દ્રભાઈ મહેતા**
'સાકેત' સાગર કોમ્પ્લેક્ષ, સાંઈબાબા નગર, જે.બી. ખોટ સ્કુલ પાસે,
બોરીવલી (વે.), મુંબઈ - ૪૦૦ ૦૯૩ ટે.નં. ૦૨૨-૨૮૦૫૪૦૬૬/૦૯૮૨૦૩ ૨૦૧૫૯

(૩) **શ્રી ભરતભાઈ સી. શાહ**
૯૦૫/૯૦૬ યોગી રેસીડેન્સી, એક્સર રોડ, યોગીનગર, બોરીવલી (વે.) મુંબઈ-૯૨.
ટે.નં. ૦૯૩૨૨૨૮૨૧૬૬, ૦૨૨-૨૮૩૩૦૩૪૫

સોનગઢ : **ડૉ. માધુરીબેન એસ. નંદુ** ''ધ્રુવધામ'', રાજકોટ-ભાવનગર મેઈન રોડ,
મુ.પો. સોનગઢ, જી. ભાવનગર. ટે.નં. ૦૨૮૪૬/૨૪૪૧૩૨

**: લેસર ટાઈપ સેટીંગ**
**અને જેકેટ મલ્ટીકલર ફોટા :**
Designscope
Rajkot.
Cell : 98250 76007, 94280 11274

**: મુદ્રક :**
**ચંદ્રકાંત આર. મહેતા**
૨૨૦-લેન્ડમાર્ક, એસ્ટ્રોન સિનેમા સામે,
રાજકોટ - ૩૬૦ ૦૦૧
ટે.નં. ૨૪૭૬૧૩૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This electronic shastra has been donated in memory of Pujya Shree Lalchandbhai Amarchand Modi's 98th Janma Jayanti (23 June 2007) by Shree Kundkund KahanAmrut Prabhavna Mandir Trust, "Sweet Home", Jagnath Plot, Sheri Number 6, Jymkhana Road, Rajkot, India, 360 001.

Our request to you:

1) This electronic version of GnayakSvarupPrakashan is the original copy from which the first paper version was printed. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 23 June 2007 | First electronic version |

# પ્રકાશકીય કલમે....

**"અહો ઉપકાર જિનવરનો, કુંદનો ધ્વનિ દિવ્યનો,**
**જિનકુંદ ધ્વનિ આપ્યા, અહો તે શ્રી ગુરુ કહાનનો."**

વર્તમાન શાસન નાયક મહાવીર ભગવાનથી પ્રગટ થયેલી દિવ્યધ્વનિની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ એવા શ્રી કુંદકુંદાચાર્યદેવ બે હજાર વર્ષ પૂર્વે થયા. તેઓશ્રીએ વર્તમાન મહાવિદેહક્ષેત્રે બિરાજમાન શ્રી સીમંધર ભગવાનની સુખાનંદથી વહેતી દિવ્ય દેશનાને પ્રત્યક્ષ સદેહે ત્યાં જઈ સાક્ષાત મૂર્તિમંત કરીને ભરતક્ષેત્રમાં લાવીને દ્વિતીય શ્રુતસ્કંધમાંના સમયસાર આદિ પંચપરમાગમોની રચના કરી.

ત્યારબાદ એક હજાર વર્ષ પૂર્વે આ કાળના હાલતા ચાલતા સિદ્ધ એવા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ થયા. તેમણે સમયસાર આદિ અનેક શાસ્ત્રોની ટીકા કરી.

આ પરંપરામાં મોક્ષમાર્ગ પ્રાયેઃ લોપ જેવો જ થઈ ગયેલો. મિથ્યાત્વ ગળાડૂબ થઈને તેનું એક છત્ર રાજ શરૂ થયેલું તેવામાં જ જૈનશાસનમાં એક આધ્યાત્મિક મહાપુરુષ, આત્મજ્ઞસંત, નિષ્કારણ કરુણાના સાગર ને ભાવિ તિર્થાધિરાજ એવા નિર્ભય-નિડર ને નિશંક સિંહપુરુષ પ.પૂ.શ્રી કાનજીસ્વામીનો જન્મ થયો. તે પુરુષે આચાર્યોના હૃદયમાં પેસીને ચારે પડખેથી શાસ્ત્રોનો નિચોડ કાઢીને, પરમાગમના રહસ્યોને પોતાની પ્રજ્ઞાથી આત્મસાત્ કરીને, ભવ્યજીવોના શ્રેયાર્થે ૪૫ વર્ષ સુધી અતૂટધારાથી દેશનાની શૃંખલા વરસાવીને, અસંખ્ય જીવોને આધ્યાત્મિક વાતાવરણમાં તરબોળ કરી દીધા. ઘણાં જીવોએ પૂ.ગુરુદેવશ્રીના નિમિત્તે પોતાના આત્મસ્વરૂપને સમજી ને આત્મસાત્ કર્યું.

પૂ. ગુરુદેવશ્રીના ૪૫ વર્ષના સોનગઢના સુવર્ણકાળ દરમ્યાન અનેક શિષ્યરત્નો થયા. તેમાંના એક પ્રમુખ શિષ્યરત્ન એવા આદરણીય પૂ. 'ભાઈશ્રી' લાલચંદભાઈ થયા. તેમણે ઘણો સમય સોનગઢ પૂ.ગુરુદેવશ્રીની નિશ્રામાં રહી, આચાર્ય ભગવંતોના મૂળ તાત્ત્વિક રહસ્યોને પોતાના જ્ઞાનસરોવરના પ્રકાશ સાથે મેળવી ને આચાર્ય ભગવાન તથા પૂ.ગુરુદેવશ્રીએ જે રીતે શુદ્ધાત્માનું રહસ્ય ચારે પડખેથી વિસ્તૃત કરેલ છે તેને બરાબર અવધારીને છઠ્ઠી ગાથાના નિમિત્તે પોતાના શુદ્ધાત્માનો સ્પર્શ કરી અતીન્દ્રિય આનંદનો

સ્વાદ ચાખી લીધો. જે પુરુષને જે ગાથા પોતાના આત્માનુભવમાં નિમિત્ત થઈ હોય તે પુરુષે તે ગાથા ઉપર કેટલું મંથન-ઘોલન ને ચિંતન ઊંડાણપૂર્વક કર્યું હોય ? અને તે ગાથાના ભાવનું જોર ને ભાવભાસન ઉત્કૃષ્ટ પ્રકારે જ તેમને હોય તે સમજી શકાય તેવી વાત છે.

પૂ.ગુરુદેવશ્રી તો છઠ્ઠી ગાથાને છઠ્ઠીના લેખ જ કહેતા, કે આ ગાથા જેને હૃદયંગમ થાય તે કરી ફરે નહીં તેવી અફર આ છઠ્ઠી ગાથા છે. આ ગાથા જ્યારે પૂ.ગુરુદેવશ્રીના સ્વાધ્યાયમાં આવતી ત્યારે પોતે ખૂબ જ ખીલી ઊઠતા ને ફરમાવતા કે આચાર્ય ભગવાનને શિષ્ય પણ કેવો મળ્યો છે કે જેણે માત્ર એવો જ પ્રશ્ન પૂછ્યો છે કે એવો શુદ્ધાત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ. મુંબઈમાં જ્યારે આ ગાથા ઉપર પ્રવચન થયા ત્યારે ''**कोऽसौ शुद्ध आत्मेति चेत्**'' માત્ર આ વાક્ય ઉપર પૂ.ગુરુદેવશ્રીએ ખૂબ વિસ્તારથી પ્રવચન આપ્યા. પૂ.ગુરુદેવશ્રીની ૪૫ વર્ષ સુધી દિવ્યધ્વનિરૂપ ધોધમાર વાણી વરસી તેમાં મુખ્યપણે આ જ ઉપદેશ આવતો કે શુદ્ધાત્માનું સ્વરૂપ શું અને તેનો અનુભવ કેમ થાય ? આના ઉપરથી ખ્યાલ આવે છે કે આ ગાથાનો મહિમા જ્ઞાનીઓને કેટલો હોય છે અને આ ગાથા કેટલી અપૂર્વ ને અલૌકિક છે.

પૂ.'ભાઈશ્રી' એ આ છઠ્ઠી ગાથા ઉપર અવારનવાર અનેક સ્થળોએ પ્રવચનો કરેલા છે. તેઓશ્રી ફરમાવતા કે ખરેખર સમયસારની શરૂઆત છઠ્ઠી ગાથાથી થાય છે અને પૂર્ણાહૂતિ પણ છઠ્ઠી ગાથામાં જ થાય છે. કારણ કે આ ગાથામાં ધ્યેયનો-જ્ઞેયનો અને ધ્યેયપૂર્વકજ્ઞેયનો પરિપૂર્ણ વિષય સમાવિષ્ટ કરવામાં આવેલ છે. આત્માને ''જ્ઞાયક'' એવું નામ પણ આ ગાથામાં આપવામાં આવ્યું છે. તેઓશ્રીએ આ ગાથાનો મર્મ ખૂબ જ ન્યાયપૂર્વક ને સિદ્ધાંતના શિરોમણી થઈને, શ્રદ્ધા ને જ્ઞાનના સુમેળપૂર્વક જૈનદર્શનના સર્વાંગી પડખાને નજર સમક્ષ રાખીને દૃષ્ટિની વેધકતા ને જ્ઞાનના સૂક્ષ્મપણાથી પ્રતિપાદિત કરેલ છે.

આ ''જ્ઞાયકસ્વરૂપપ્રકાશન'' પુસ્તકમાં પ્રકાશિત કરેલા ૩૫ પ્રવચનોમાં છઠ્ઠી ગાથાનું વાસ્તવિક આત્મિક સ્વરૂપ કેવું છે તેની છણાવટ પૂ.'ભાઈશ્રી'એ આબેહૂબ રીતે કરેલ છે. તેમાંથી ઘણાં તાત્ત્વિક પોઈન્ટ અહીં દર્શાવવામાં આવ્યા છે. તેના ઉપરના ખુલાસાઓ આ પુસ્તકમાં છે, તો સર્વે મુમુક્ષુજનોને આ તાત્ત્વિક પોઈન્ટ સમજવા માટે અને તેના સ્પષ્ટીકરણ માટે આ પ્રવચનો વાંચવાથી જૈનદર્શનના મૂળ સ્વરૂપને જ્ઞાનમાં અવધારીને પોતાના જ્ઞાનમાં જ્ઞાયકનો સમ્યક્ પ્રકારે નિર્ણય થઈને શ્રદ્ધાજ્ઞાન ત્વરિત સમ્યક્તાને પામશે.

**પૂ. ભાઈશ્રી દ્વારા ''જ્ઞાયકસ્વરૂપપ્રકાશન'' પુસ્તકમાં નીચે દર્શાવેલા પોઈન્ટની સ્પષ્ટતા કરવામાં આવેલ છે.**

❖ જ્ઞાયક કોને કહેવાય ? આત્માનો અકર્તા સ્વભાવ ધ્યેય એટલે કે દૃષ્ટિના વિષયનું ચોખ્ખું પરિપૂર્ણ સ્વરૂપ કે જે અભેદ સામાન્ય છે તે કદી કર્તા થતો જ નથી. જાણનાર જાણનારપણે રહ્યો છે, કદી કરનારપણે પરિણમતો નથી તેવો અપરિણામી છે. અકારણ પરમાત્મા છે કે જે પરનું, રાગનું કે પર્યાયનું કારણ કદી થતો નથી.

❖ સ્વયંસિદ્ધ પરમાત્મા, આત્માનું અનાદિ અનંતપણું, નિત્યઉદ્યોતરૂપપણું, સ્પષ્ટ-પ્રકાશમાનપણું, અબદ્ધપણું, મુક્તપણું, ધ્રુવપણું, શાશ્વતપણું, સ્વાંગના સદ્‌ભાવમાં સ્વભાવપણું કેવું હોય તેનું અપૂર્વ સ્પષ્ટીકરણ.

❖ આત્માનું અનંતગુણથી એકત્વ ને અનંત પર્યાયથી વિભક્તપણું. પરિણામ આત્માથી ભિન્ન છે તેમ ગુણો ભિન્ન નથી, તે તો સર્વથા અભિન્ન છે. તેને કાઢીશ તો આત્મા જ નહીં રહે. આત્મા ગુણોથી સભર ભરચક્ક એકમેક ગુણમય છે. ગુણના ભેદ નથી પણ ગુણો તો છે, છે ને છે જ. જ્ઞાનની પર્યાય દ્રવ્યમાં નથી તેમ નિષેધ કરતા કરતા ગુણોનો નિષેધ તો નથી થતો ને ? ચેતવા જેવું છે.

❖ સ્વભાવમાં નય ન હોય. આત્મામાં સ્વભાવથી જ પ્રમત્ત-અપ્રમત્ત દશાઓ નથી. છઠ્ઠી ગાથામાં ક્યાંય નિશ્ચયનય શબ્દ લગાડ્યો નથી. નય સાપેક્ષ હોય છે અને સ્વભાવ નિરપેક્ષ છે. આત્મા શુદ્ધ છે કારણ કે શુદ્ધાશુદ્ધપર્યાયથી રહિત છે. ધ્યેયમાં ધ્યાનાવલિ નથી.

❖ રહિતનું શ્રદ્ધાન ને રહિતપૂર્વક સહિતનું જ્ઞાન સમય એક, તથા એક જ સમયમાં ધ્યેયપૂર્વક જ્ઞેયનું સ્વરૂપ, તેનો ખુલાસો. ધ્યેયની શું ભૂલ ને જ્ઞેયની શું ભૂલ ?

❖ આત્મામાં સ્યાદ્‌વાદનો અભાવ હોવા છતાં નિશ્ચયાભાસપણું આવતું નથી અને અનુભવ જ્ઞાનમાં સ્યાદ્‌વાદનો સદ્‌ભાવ છે.

❖ દૃષ્ટિનો વિષય ખ્યાલમાં આવવા છતાં અનુભૂતિ કેમ થતી નથી ? દૃષ્ટિના વિષયના વિકલ્પ કાર્યકારી છે કે કંઈક ખૂટે છે ?

❖ જ્ઞાનનો જાણવું માત્ર સ્વભાવ ને જાણ્યા વગરનો કોઈ જીવ ન હોય તેની સ્પષ્ટતા.

❖ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો તેનું અપૂર્વ ને અલૌકિક સ્પષ્ટીકરણ. અપૂર્વ

નિર્ણય એટલે શું ? જ્ઞેયાકાર અવસ્થાના સમયે જ્ઞેય જણાય છે ? જ્ઞેયના પ્રતિબિંબવાળું જ્ઞેયાકાર જ્ઞાન જણાય છે ? જ્ઞાનાકાર જણાય છે ? કે જ્ઞાયક જણાય છે ?

❖ ભિન્નકારક, ભેદકારક ને અભેદકારકની સ્પષ્ટતા.

❖ એક બાજુ અકર્તા કહેવો ને તુરત જ કર્તા કહેવો તેનું રહસ્ય. અકર્તા + કર્તાકર્મનું અનન્યપણું = અનુભૂતિ, એટલે શું ? પરિણામી આત્મા કર્તા ને પરિણામી આત્મા કર્મ એટલે શું ?

❖ લક્ષણ લક્ષને પ્રસિદ્ધ કરે અલક્ષને નહીં. તેનું સ્પષ્ટીકરણ.

❖ ત્રિકાળી ઉપાદાન અને ક્ષણિક ઉપાદાનની સ્પષ્ટતા.

❖ ઉપયોગ લક્ષણ ને સ્વચ્છતાની સિદ્ધિ.

❖ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેય નથી જણાતું તો સ્વરૂપ પ્રકાશનમાં કેવી રીતે જણાય ?

❖ શુદ્ધાત્માની ભાવનાની સન્મુખ ને શુદ્ધાત્માની સન્મુખમાં શું ફરક ?

❖ જ્ઞાનની પર્યાય માત્ર જાણવારૂપે પરિણમે છે. જ્ઞાનના ઉત્પાદને ધ્યેયની કે જ્ઞેયની અપેક્ષા નથી, તે તો નિરપેક્ષ છે. જ્ઞેયની અપેક્ષા નથી તેમાં જ્ઞેયનું લક્ષ છૂટી જાય છે ને ધ્યેયની અપેક્ષા નથી તેમાં ધ્યેયનું લક્ષ થઈ જાય છે. તે સમયે પણ પર્યાય નિરપેક્ષ છે.

❖ જેના ઉપર લક્ષ હોય તે જ જણાય. લક્ષ ન હોય તે પ્રતિભાસે પણ જણાય નહીં.

❖ શ્રદ્ધાનો વિષય જ્ઞાનમાં આવતા જ્ઞાન નિર્વિકલ્પ થાય છે. જ્ઞાનીનું નિશ્ચયધ્યેય પણ ફરતું નથી ને નિશ્ચયજ્ઞેય પણ ફરતું નથી.

❖ પરિણામ થવાયોગ્ય થયા જ કરે છે. સત્, અહેતુક ને નિરપેક્ષ તેના ષટ્કારકથી થાય છે. અંતરગર્ભિત પર્યાયરૂપ પરિણમન શક્તિ છે.

❖ પરિણામનું જ્ઞાન પરિણામના નિષેધ માટે છે તે કેવી રીતે ?

❖ વ્યવહારનો પક્ષ, નિશ્ચયનો પક્ષ અને પ્રમાણનો પક્ષ બધા પક્ષથી પક્ષાતિક્રાંત કેવી રીતે થવાય ? વ્યવહારનો નિષેધક પ્રમાણ છે કે નિશ્ચય ?

❖ સિંહના બચ્ચાના ઉદાહરણથી પ્રવચનસારની ૮૦ મી ગાથાની સિદ્ધિ, પ્રતિમાના વંદનનું મહત્ત્વ તથા પ્રતિમા તરફના લક્ષ સમયે પુણ્ય-પાપની શું સ્થિતિ હોય તેની સ્પષ્ટતા.

- ❖ સ્વાંગ ને સ્વભાવનું ભેદજ્ઞાન, જીવથી અજીવનું ને આસ્રવનું ભેદજ્ઞાન, સ્વદ્રવ્યથી પરદ્રવ્યનું ને દ્રવ્યથી પર્યાયનું ભેદજ્ઞાન, અતીન્દ્રિયજ્ઞાનથી ઈન્દ્રિયજ્ઞાનનું ભેદજ્ઞાન તેનું સ્પષ્ટીકરણ.
- ❖ દૃષ્ટિના પક્ષવાળાને કર્તા, કર્મ, ક્રિયાનો સ્વીકાર નથી આવતો. મધ્યસ્થી જ તે સ્વીકારે છે અને તેને જ અનુભવનો અવકાશ છે. અપરિણામીનો ઝંડો લઈને પરિણામીને ન સ્વીકારે તો ન ચાલે. અપરિણામી ધ્યાનનું ધ્યેય છે ને પરિણામી જ્ઞાનનું જ્ઞેય છે.
- ❖ કાર્યમાં કારણનો આરોપ એટલે શું ? અનુભવ ને જાણવામાં શું ફેર ?
- ❖ પર્યાયનું જ્ઞાન પર્યાયદૃષ્ટિનું કારણ નથી અને પરિણામનું જ્ઞાન તો જ્ઞાનીને જ હોય છે.
- ❖ સામાન્ય નિરપેક્ષ પ્રમાણ, આગમપ્રમાણ અને અધ્યાત્મપ્રમાણ શું છે અને તેમાં દૃષ્ટિનો વિષય કેવી રીતે રહેલો છે ? ઉપયોગ એટલે શું ? તેને સૂક્ષ્મ કેવી રીતે કરવો ?
- ❖ દ્રવ્યના ને પર્યાયના લક્ષણથી બંનેની જુદાઈની સિદ્ધિ.
- ❖ નિર્વિકલ્પ ધ્યાનના કાળે કર્તા, કર્મ, ક્રિયાનો ભેદ હોવા છતાં દેખાતો નથી. ધ્યેયમાં ગુણભેદ દેખાતો નથી ને સ્વજ્ઞેયમાં કર્તા, કર્મ, ક્રિયાનો ભેદ દેખાતો નથી. પણ જ્ઞેયને ધ્યેય માની લ્યે તો...?
- ❖ સ્વપરપ્રકાશકના ત્રણ પ્રકાર, સ્વપરપ્રકાશક લક્ષણમાં દોષ શું ? અનુભવ સ્વપ્રકાશકમાં થાય કે સ્વપરપ્રકાશકમાં ? સ્વપરપ્રકાશક ને સ્વપરપ્રતિભાસનો તફાવત શું ? તેમાં બેમાં લાભ શેમાં ?
- ❖ અનેકાંતના પ્રકારોનું વર્ણન.
- ❖ જેને સમયસાર ને પ્રવચનસારનો મેળ મેળવતા આવડે તેને અનુભૂતિ થાય.
- ❖ જ્ઞાનીને અજ્ઞાનીને પદાર્થના પ્રતિભાસમાં તફાવત કઈ રીતે છે ? પ્રતિભાસવું-અવભાસન થવું, જણાય જવું, જાણવું તેની સ્પષ્ટતા અને પરને એકાંતે જાણવાનું મિથ્યાત્વ કેવી રીતે છૂટે ? તેનો ખુલાસો.
- ❖ વ્યવહારના પક્ષમાં ચડી ગયેલા જીવો ઉપર પૂ.ગુરુદેવશ્રીની કરુણા અને પરાશ્રિત વ્યવહાર ને ભેદાશ્રિત વ્યવહાર એટલે શું ?
- ❖ અજ્ઞાનીને અનુભવ પહેલાં જ્ઞાનમાં બે ભાગ કેવી રીતે છે ? ઉપયોગથી અનન્ય એટલે શું ? બે જ્ઞાન ક્યા છે ? સ્વભાવનો અંશ એટલે શું ? એક જ્ઞાનના બે છેડા એટલે શું ?

- ❖ ઉત્પાદ-વ્યય અને ઉત્પાદવ્યયની ઉપાધિ એટલે શું ?
- ❖ દૃષ્ટાંતો દ્વારા સિદ્ધાંતની સમજણ.
- ❖ જ્ઞાનમાં જાણવું લક્ષપૂર્વક છે કે જ્ઞાનમાં લક્ષ વગર પ્રતિભાસ થાય છે ? કે પ્રતિભાસ થઈ ગયો છે ને પ્રતિભાસનો આવિર્ભાવ થાય છે.
- ❖ ''જ્ઞાત તે તો તે જ છે'' તેનું રહસ્ય.
- ❖ સમયસાર-પંચાધ્યાયી-પ્રવચનસાર-પુરુષાર્થ સિદ્ધિ ઉપાય-નયચક્ર-યોગસાર વિગેરે અનેક શાસ્ત્રોના આધારો.
- ❖ જ્ઞેય જણાય છે ? જ્ઞેયનો પ્રતિભાસ જણાય છે ? જ્ઞાન જણાય છે ? કે તે જ્ઞાનમાં આત્મા જણાય છે ? કે શું છે ? તેવો ભેદ છે ?
- ❖ પ્રમાણથી એક સત્તા ને નયથી જુદી સત્તા.
- ❖ દ્રવ્ય પર્યાયનો ભેદ પડે તો પર્યાય પરદ્રવ્ય છે. જો અભેદ થાય તો તે જ પર્યાય આત્મા કેવી રીતે છે ?
- ❖ શ્રદ્ધાન એકનું ને જ્ઞાન બેનું એટલે શું ? જ્ઞાન સંશોધન આત્માનું કેવી રીતે કરે ? જ્ઞાનમાં પ્રયોગ છે કે શ્રદ્ધામાં ? નિર્ણય કોણ કરે છે ? પરોક્ષ અનુભૂતિ શેમાં થાય છે ? જ્ઞાન કયા ભાવે છે ? જ્ઞાન કોના આધારે નિર્ણય કરે છે ? અનુભવ જ્ઞાનમાં છે કે શ્રદ્ધામાં ?
- ❖ ધ્યેયની ભૂલ હશે તો ધ્યાન નહીં પ્રગટે. દૃષ્ટિના વિષયમાં દૃષ્ટિ કેવી રીતે નથી ? વર્તમાન વર્તતો ઉપયોગ દ્રવ્યમાં છે ? તે સહિત દૃષ્ટિનો વિષય છે ?

ઉપર્યુક્ત દરેક પોઈન્ટના વિસ્તારપૂર્વક ખુલાસા પૂ.ભાઈશ્રીએ આ પુસ્તકમાં કરેલા છે જેનો સ્વાધ્યાય કરવાથી મુમુક્ષુઓની મૂંઝવણ નીકળીને ભૂલ હશે તો ભૂલ ટળી જશે ને સમ્યક્ કાર્ય પ્રગટ થવાનો અવકાશ ઉપસ્થિત થશે.

પૂ.''ભાઈશ્રી'' લાલચંદભાઈની ૯૮ મી જન્મજયંતિના સુઅવસરે ''જ્ઞાયક સ્વરૂપપ્રકાશન''નામનું સમયસારની છઠ્ઠી ગાથાનું પુસ્તક કુલ **૩૫** પ્રવચનો સાથે પ્રકાશિત કરતા સંસ્થા અત્યંત હર્ષ અનુભવે છે. આ છઠ્ઠી ગાથાના પ્રવચનો ઓડીયો તથા વિડીયો કેસેટમાંથી અક્ષરશઃ ઉતારીને પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ પ્રવચનો કેસેટો ઉપરથી ઉતારવામાં તથા પ્રુફ ચેક કરવામાં મુંબઈ, સોનગઢ તથા રાજકોટથી જે જે મુમુક્ષુ ભાઈ-

બહેનોનો સહકાર મળેલ છે તેમનો સંસ્થા ખરા અંતઃકરણપૂર્વક આભારે માને છે. તથા ઘણા મુમુક્ષુઓએ પોતાની પાસેથી પૂ.ભાઈની ઓડીયો કેસેટો પણ આપેલ છે તેમનો પણ સંસ્થા હૃદયપૂર્વક આભાર માને છે.

પૂ.''ભાઈશ્રી'' ના છટ્ઠી ગાથાના પુસ્તક પ્રકાશન અર્થે મુંબઈ નિવાસી આત્માર્થી શ્રી કંચનબેન હિંમતલાલ શેઠ તરફથી રૂા.૫૧,૦૦૦/- ની દાનરાશિ પ્રાપ્ત થયેલ છે. ઉદાર હાથે દાનરાશિ આપવા બદલ સંસ્થા તેનો આભાર માને છે.

આ પુસ્તકનું સુંદર રીતે લેસર ટાઈપસેટીંગ તથા પુસ્તકના ફ્રન્ટ પેઈજ, કલર પેઈજ વિગેરે સુંદર બનાવી આપવા બદલ Designscope વાળા શ્રી અમરભાઈ પોપટ તથા પુસ્તક છાપવામાં સહકાર આપવા બદલ ચંદ્રકાંતભાઈ મહેતાનો સંસ્થા આભાર માને છે.

અમારા શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટનું આ ''જ્ઞાયકસ્વરૂપપ્રકાશન''તે આઠમું પુસ્તક છે. આ પુસ્તક પ્રકાશનમાં અજાણતાં કાંઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે બદલ અમો ક્ષમા માંગીએ છીએ. અને મુમુક્ષુગણ પાસે માર્ગદર્શનની અપેક્ષા પણ રાખીએ છીએ.

અંતમાં આ પુસ્તકના સ્વાધ્યાયથી સૌ મુમુક્ષુઓ પૂ.''ભાઈશ્રી''નું હૃદય સમજી ને પોતાના જ્ઞાનમાં અવધારીને ત્વરિત પોતાના જ્ઞાયકદેવના દર્શન કરી લ્યે તેવી મંગલભાવના.

આ પુસ્તક http://www.AtmaDharma.com ની Website પર મૂકેલ છે.

**શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ**
**રાજકોટ.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

## : પૂ. ભાઈશ્રીની નિશ્રામાં થયેલ પ્રકાશનો :

ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી

દ્રવ્યસ્વભાવ પર્યાય સ્વભાવ

ભેદજ્ઞાન ભજનાવલી

## : શ્રી કુંદકુંદ કહાનામૃત સ્વાધ્યાય હોલના પ્રકાશનો :

જ્ઞાનથી જ્ઞાનનું ભેદજ્ઞાન

દ્રવ્સ્વભાવ પર્યાયસ્વભાવની ચર્ચા

જાણનારો જણાય છે

ચૈતન્ય વિલાસ

આત્મજ્યોતિ

શુદ્ધ અંતઃતત્ત્વ

મંગલ જ્ઞાનદર્પણ ભાગ-૧

જ્ઞાયક સ્વરૂપ પ્રકાશન

## ''જ્ઞાયકસ્વરૂપ પ્રકાશન'' પુસ્તકમાં આવેલ દાનરાશિ

| | |
|---|---|
| ૫૧૦૦૦ | કંચનબેન હિંમતલાલ શેઠ -મુંબઈ |
| ૨૦૦૦૦ | વસંતબેન એસ. વખારીયા - મુંબઈ |
| ૫૦૦૦ | સરોજબેન ચંદુલાલ મહેતા - રાજકોટ |
| ૫૦૦૦ | શ્રી પ્રવિણભાઈ દોશી - બેંગલોર |
| ૫૦૦૦ | મહેન્દ્રભાઈ એમ. મહેતા - બોરીવલી-મુંબઈ |
| ૫૦૦૦ | ભરતભાઈ શાહ - બોરીવલી-મુંબઈ |
| ૧૦૦૦ | સ્વ. સંજયભાઈ મોદી - હ. પાનુભાઈ મોદી - રાજકોટ |
| ૧૦૦૦ | ડૉ. માધુરીબેન નંદુ - સોનગઢ |
| ૧૦૦૦ | ધીરજશ્રી - સોનગઢ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત્ સત્, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમુ હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, -મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

# જિનજીની વાણી

(રાગ-આશાભર્યા અમે આવિયા)

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.
વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
સ્યાદ્‌વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐ કારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐ કારનાદ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.

# અનુક્રમણિકા

## સમયસાર ગાથા - ૬ ઉપરના પ્રવચનો


| પ્રવચન નં. | વિભાગ | તારીખ | સ્થળ | પેઈજ નં. |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૨૪-૧૦-૮૪ | રાજકોટ | ૪ |
| ૨ | ’’ | ૨૪-૧૦-૮૪ | રાજકોટ | ૧૬ |
| ૩ | ’’ | ૨૪-૧૦-૮૪ | રાજકોટ | ૨૮ |
| ૪ | ૨ | ૨૭-૦૯-૮૮ | હિંમતનગર | ૪૨ |
| ૫ | ’’ | ૨૮-૦૯-૮૮ | હિંમતનગર | ૫૫ |
| ૬ | ’’ | ૨૯-૦૯-૮૮ | હિંમતનગર | ૬૮ |
| ૭ | ૩ | ૧૪-૧૦-૮૮ | જામનગર | ૮૨ |
| ૮ | ’’ | ૧૫-૧૦-૮૮ | જામનગર | ૯૮ |
| ૯ | ૪ | ૦૩-૦૭-૮૯ | રાજકોટ | ૧૧૧ |
| ૧૦ | ’’ | ૦૬-૦૭-૮૯ | રાજકોટ | ૧૨૦ |
| ૧૧ | ’’ | ૦૭-૦૭-૮૯ | રાજકોટ | ૧૩૫ |
| ૧૨ | ’’ | ૦૮-૦૭-૮૯ | રાજકોટ | ૧૪૬ |
| ૧૩ | ’’ | ૦૯-૦૭-૮૯ | રાજકોટ | ૧૫૯ |
| ૧૪ | ૫ | ૨૦-૦૭-૯૧ | રાજકોટ | ૧૭૧ |
| ૧૫ | ’’ | ૨૧-૦૭-૯૧ | રાજકોટ | ૧૮૫ |
| ૧૬ | ’’ | ૨૨-૦૭-૯૧ | રાજકોટ | ૧૯૮ |
| ૧૭ | ’’ | ૨૩-૦૭-૯૧ | રાજકોટ | ૨૧૦ |

| સમયસાર ગાથા - ૬ ઉપરના પ્રવચનો | | | | |
|---|---|---|---|---|
| પ્રવચન નં. | વિભાગ | તારીખ | સ્થળ | પેઈજ નં. |
| ૧૮ | ૫ | ૨૪-૦૭-૯૧ | રાજકોટ | ૨૨૩ |
| ૧૯ | ,, | ૨૫-૦૭-૯૧ | રાજકોટ | ૨૩૯ |
| ૨૦ | ,, | ૨૬-૦૭-૯૧ | રાજકોટ | ૨૫૩ |
| ૨૧ | ,, | ૨૭-૦૭-૯૧ | રાજકોટ | ૨૬૬ |
| ૨૨ | ,, | ૨૮-૦૭-૯૧ | રાજકોટ | ૨૭૮ |
| ૨૩ | ,, | ૨૯-૦૭-૯૧ | રાજકોટ | ૨૯૩ |
| ૨૪ | ૬ | ૧૭-૦૯-૯૬ | રાજકોટ | ૩૦૭ |
| ૨૫ | ,, | ૧૮-૦૯-૯૬ | રાજકોટ | ૩૧૭ |
| ૨૬ | ,, | ૧૯-૦૯-૯૬ | રાજકોટ | ૩૨૯ |
| ૨૭ | ,, | ૨૦-૦૯-૯૬ | રાજકોટ | ૩૪૩ |
| ૨૮ | ,, | ૨૧-૦૯-૯૬ | રાજકોટ | ૩૫૭ |
| ૨૯ | ,, | ૨૨-૦૯-૯૬ | રાજકોટ | ૩૭૨ |
| ૩૦ | ૭ | ૧૫-૧૧-૯૬ | કલકત્તા | ૩૮૩ |
| ૩૧ | ,, | ૧૬-૧૧-૯૬ | કલકત્તા | ૩૯૬ |
| ૩૨ | ,, | ૧૭-૧૧-૯૬ સવારે | કલકત્તા | ૪૧૦ |
| ૩૩ | ,, | ૧૭-૧૧-૯૬ રાત્રે | કલકત્તા | ૪૨૩ |
| ૩૪ | ૮ | ૦૯-૦૬-૮૧ | રાજકોટ | ૪૩૯ |
| ૩૫ | ,, | ૨૭-૦૫-૯૬ | જુનાગઢ | ૪૫૫ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



परमात्मने नम:

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

# શ્રી સમયસાર

## ગાથા - ૬

कोऽसौ शुद्ध आत्मेति चेत्–

**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो ।**
**एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव ॥ ६ ॥**

नापि भवत्यप्रमत्तो न प्रमत्तो ज्ञायकस्तु यो भाव: ।
एवं भणन्ति शुद्धं ज्ञातो य: स वु स चैव ॥ ६ ॥

यो हि नाम स्वत: सिद्धत्वेनानादिरनन्तो नित्योद्योतो विशदज्योतिर्ज्ञायक एको भाव: स संसारावस्थायामनादिबन्धपर्यायनिरूपणया क्षीरोदकवत्कर्मपुद्गलै: सममेकत्वेऽपि द्रव्यस्वभावनिरूपणया दुरन्तकषायचक्रोदयवैचित्र्यवशेन प्रवर्तमानानां पुण्यपापनिर्वर्तका–नामुपात्तवैश्वरूप्याणां शउभाशुभभावानां स्वभावेनापरिणम नात्प्रमत्तोऽप्रमत्तश्च न भवति । एष एवाशेषद्रव्यान्तरभावेभ्यो भिन्नत्वेनोपास्यमान: शुद्ध इत्यमिलप्यते ।

न चास्य ज्ञेयनिष्ठत्वेन ज्ञायकत्वप्रसिद्धे: दाह्यनिष्ठदहनस्येवाशुद्धत्वं, यतो हि तस्यामवस्थायां ज्ञायकत्वेन यो ज्ञात: स स्वरूपप्रकाशनदशायां प्रदीपस्येव कर्तृकर्मणो–रनन्यत्वात् ज्ञायक एव ।

---

હવે પ્રશ્ન ઊપજે છે કે એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ? એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :-

નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયકભાવ છે,
એ રીત ‘શુદ્ધ’ કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬

ગાથાર્થ :- [य: तु] જે [ज्ञायक: भाव:] જ્ઞાયક ભાવ છે તે [अप्रमत्त: अपि] અપ્રમત્ત પણ [न भवति] નથી અને [न प्रमत:] પ્રમત્ત પણ નથી, [एवं] એ રીતે [शुद्धं] એને શુદ્ધ [भणन्ति]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે; [च यः] વળી જે [ज्ञातः] જ્ઞાયકપણે જણાયો [सः तु] તે તો [सः एव] તે જ છે, બીજો કોઈ નથી.

ટીકા : જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી (કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી) અનાદિ સત્તારૂપ છે, કદી વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે, નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે એવો જે જ્ઞાયક એક 'ભાવ' છે, તે સંસારની અવસ્થામાં અનાદિ બંધપર્યાયની નિરૂપણાથી (અપેક્ષાથી) ક્ષીરનીરની જેમ કર્મપુદ્‌ગલો સાથે એકરૂપ હોવા છતાં, દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો દુરંત કષાયચક્રના ઉદયની (-કષાયસમૂહના અપાર ઉદયોની) વિચિત્રતાના વશે પ્રવર્તતા જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી (જ્ઞાયક ભાવથી જડ ભાવરૂપ થતો નથી) તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી; તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો 'શુદ્ધ' કહેવાય છે.

વળી દાહ્યના (-બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી, તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ' ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી; કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપ-પ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ, દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે-પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ. (જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે અને પોતાને-પોતાની જ્યોતિરૂપ શિખાને-પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે, અન્ય કાંઈ નથી; તેમ જ્ઞાયકનું સમજવું.)

ભાવાર્થ : અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે. ત્યાં મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી, માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે. દ્રવ્યદ્દષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે અને પર્યાય (અવસ્થા) દ્દષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે. એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે, અને તેની અવસ્થા પુદ્‌ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે તે પર્યાય છે. પર્યાયની દ્દષ્ટિથી જોવામાં આવે તો તે મલિન જ દેખાય છે અને દ્રવ્યદ્દષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે, કાંઈ જડપણું થયું નથી. અહીં દ્રવ્યદ્દષ્ટિને પ્રધાન કરી કહ્યું છે. જે પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે. એ અશુદ્ધતા દ્રવ્યદ્દષ્ટિમાં ગૌણ છે, વ્યવહાર છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, ઉપચાર છે. દ્રવ્યદ્દષ્ટિ શુદ્ધ છે, અભેદ છે, નિશ્ચય છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે, પરમાર્થ છે, માટે આત્મા જ્ઞાયક જ છે; તેમાં ભેદ નથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી. 'જ્ઞાયક' એવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે. તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી કારણ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં જ્ઞાયક જ છે. 'આ હું જાણનારો છું તે હું જ છું, અન્ય કોઈ નથી' -એવો પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે અને જેને જાણ્યું તે કર્મ પણ પોતે જ છે. આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે. -આ શુદ્ધનયનો વિષય છે. અન્ય પરસંયોગજનિત ભેદો છે તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે. અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ શુદ્ધ દ્રવ્યની દ્રષ્ટિમાં પર્યાયાર્થિક જ છે તેથી વ્યવહારનય જ છે એમ આશય જાણવો.

અહીં એમ પણ જાણવું કે જિનમતનું કથન સ્યાદ્‌વાદરૂપ છે તેથી અશુદ્ધનયને સર્વથા અસત્યાર્થ ન માનવો; કારણ કે સ્યાદ્‌વાદ પ્રમાણે શુદ્ધતા અને અશુદ્ધતા-બન્ને વસ્તુના ધર્મ છે અને વસ્તુધર્મ છે તે વસ્તુનું સત્ત્વ છે; અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે એ જ ફેર છે. અશુદ્ધનયને અહીં હેય કહ્યો છે. કારણ કે અશુદ્ધનયનો વિષય સંસાર છે અને સંસારમાં આત્મા કલેશ ભોગવે છે; જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય ત્યારે સંસાર મટે અને ત્યારે કલેશ મટે. એ રીતે દુઃખ મટાડવાને શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે. અશુદ્ધનયને અસત્યાર્થ કહેવાથી એમ ન સમજવું કે આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા જ નથી. એમ સર્વથા એકાંત સમજવાથી મિથ્યાત્વ આવે છે; માટે સ્યાદ્‌વાદનું શરણ લઈ શુદ્ધનયનું આલંબન કરવું જોઈએ. સ્વરૂપની પ્રાપ્તિ થયા પછી શુદ્ધનયનું પણ આલંબન નથી રહેતું. જે વસ્તુસ્વરૂપ છે તે છે-એ પ્રમાણદ્રષ્ટિ છે. એનું ફળ વીતરાગતા છે. આ પ્રમાણે નિશ્ચય કરવો યોગ્ય છે.

અહીં, (જ્ઞાયકભાવ) પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ કહ્યું છે ત્યાં 'પ્રમત્ત-અપ્રમત્ત' એટલે શું ? ગુણસ્થાનની પરિપાટીમાં છઠ્ઠા ગુણસ્થાન સુધી તો પ્રમત્ત કહેવાય છે અને સાતમાથી માંડીને અપ્રમત્ત કહેવાય છે. પરંતુ એ સર્વ ગુણસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે; શુદ્ધનયથી આત્મા જ્ઞાયક જ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વિભાગ - ૧

## પ્રવચન નં. ૧

### રાજકોટ મંદિરમાં દિવાળીના દિવસે

### તા. ૨૪-૧૦-૮૪ - બુધવાર

શ્રી સમયસાર પરમાગમ શાસ્ત્ર છે. તેનો જીવ નામનો અધિકાર એટલે કે શુદ્ધ જીવનો અધિકાર એટલે કે શુદ્ધાત્માનો અધિકાર એટલે કે શુદ્ધાત્માનું વાસ્તવિક સ્વરૂપ શું છે ? તે આ ગાથામાં તેનું વર્ણન ચાલે છે. અનાદિકાળથી આત્માએ એક મોટામાં મોટી ભૂલ કરી છે. અસાધારણ ભૂલ અક્ષમ્યભૂલ જેને કહેવામાં આવે તે ભૂલ ટળી જાય એવી આ ગાથા છે.

આત્માએ શું ભૂલ કરી છે અનંતકાળથી, કે ભગવાન આત્મા દેહથી રહિત હોવા છતાં દેહથી હું સહિત છું એમ માને છે. દેહથી સહિત માનતો હોવાથી દેહમાં મમત્વબુદ્ધિ અને કર્તૃત્વબુદ્ધિ રહી જાય છે. પણ દેહથી મારો આત્મા ભિન્ન છે એ વાત તેણે લક્ષમાં લીધી નથી. ત્યાર પછી આગળ વધીને ઉપલક દૃષ્ટિએ આઠ પ્રકારના કર્મનો સંબંધ દેખાય છે, પણ અંતર દૃષ્ટિથી જોવામાં આવે તો ભગવાન આત્માને આઠકર્મનો સંબંધ થયો નથી. તે કારણે ભગવાન આત્મા આઠ કર્મથી રહિત છે. આઠકર્મથી રહિત હોવાને કારણે તે કર્મનો કર્તા અને ભોક્તા નથી.

તેનાથી આગળ ભગવાન આત્મા ભાવકર્મથી રહિત હોવા છતાં પણ અનાદિકાળથી આત્માએ ભૂલ કરી છે મોટી અક્ષમ્ય ભૂલ કરી છે. શું ભૂલ ? આત્મા જીવ કોને કહેવાય ? કે જેની દશામાં પુણ્ય-પાપ થાય ને પુણ્ય-પાપથી સહિત હોય તેને જીવ કહેવામાં આવે. ભગવાન આત્મા તો ભાવકર્મથી ભિન્ન છે.

આ દીવાળીને દિવસે જે નિર્વાણ લાડુ ચડાવવામાં આવ્યા, ભગવાનની પૂજા કરવામાં આવી, આરતી ઉતારવામાં આવી, તે વખતે જેને ભગવાન પ્રત્યેની પૂજાનો વિકલ્પ શુભભાવ થાય છે ત્યારે પણ શુભભાવથી આત્મા ભિન્ન છે. શુભભાવથી ભિન્ન હોવાને કારણે આત્મા શુભભાવનો સ્વામી બની શકતો નથી. જે જેનાથી ભિન્ન હોય તેની સાથે સ્વ-સ્વામિત્ત્વ સંબંધ ત્રણકાળમાં બની શકે નહિં-થઈ શકે નહિં.

તેને બદલે આત્મા અનાદિકાળથી એમ માનતો આવે છે કે શુભાશુભ ભાવથી હું સહિત છું. સંસારી છું ને એટલે આ શુભ અને અશુભ, પુણ્ય ને પાપની વૃત્તિનું ઉત્થાન થાય છે. વ્રતનો વિકલ્પ શુભભાવ, અવ્રતનો વિકલ્પ અશુભભાવ, વ્રત અને અવ્રતના વિકલ્પથી મારો આત્મા સહિત છે એમ અનાદિકાળથી માનતો આવે છે. અને એમ માનતો હોવાને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કારણે તે આત્મા તે વિકલ્પનો સ્વામી છું એમ માને છે અને સ્વામીપણું સ્થાપવાને કારણે હું એનો કર્તા છું અને તેનું ફળ જે આકુળતા આવે તેનો ભોક્તા હું છું એમ તે દુ:ખની સાથે એકત્વબુદ્ધિ કરે છે.

એકદમ છઠ્ઠી ગાથા ઘણી ઊંચી છે. આખા સમયસારનો સાર છે. જીવને અનાદિકાળનો વ્યવહારનો પક્ષ છે, વ્યવહાર તો આવ્યો જ નથી. નિશ્ચયપૂર્વકનો વ્યવહાર તો પ્રગટ થયો જ નથી. નિશ્ચયપૂર્વકનો વ્યવહાર જેની દશામાં ન પ્રગટ થયો હોય તેને વ્યવહારનો પક્ષ હોય-હોય ને હોય જ. વ્યવહારના પક્ષના ઘણા પ્રકારો છે. સ્થૂલ અને સૂક્ષ્મ. સ્થૂલના પ્રકારથી તો એ આત્મા દેહથી જુદો છે.

પણ મારામાં થતા પરિણામ મારા છે અને તે પરિણામથી હું સહિત છું તે વ્યવહાર નથી પણ વ્યવહારનો પક્ષ છે. ભગવાન આત્મા પરિણામથી ભિન્ન છે. શુભાશુભભાવથી તો ભિન્ન છે પણ ઈન્દ્રિયજ્ઞાનનો ઉત્પાદ થાય છે તેનાથી પણ પરમાત્મા ભિન્ન છે. અને તે ભિન્ન હોવાને કારણે તે ભાવઈન્દ્રિયનો પણ કર્તા કે ભોક્તા બની શકતો નથી. છતાં માને છે કે આ જે જ્ઞાનનો ઉઘાડ છે અને જ્ઞાન છે ઈન્દ્રિયજ્ઞાન છે તે મારા પરિણામ છે તે તેમાં મમત્વ કરતો તેમાં એકત્વબુદ્ધિ કરીને કર્મ બનાવે અને પોતે આત્મા તેનો ભાવઈન્દ્રિયનો કર્તા બને છે તેથી તે જ્ઞાનમાં તેને આત્માનો અનુભવ થઈ શકતો નથી.

ઈન્દ્રિયજ્ઞાનથી પણ આત્મા રહિત છે, સહિત માને તે વ્યવહારનો પક્ષ છે. રહિત માનીને સહિત જાણવું તે વ્યવહાર છે. પણ આ એક અનાદિનો પક્ષ છે. આ આજકાલની ભૂલ નથી અને પરિણામથી સહિત દ્રવ્ય હોય એવા કથન જિનાગમમાં ઠેકઠેકાણે ઢગલાબંધ આવશે.

આહા ! જ્યાં ઠેકઠેકાણે અધ્યાત્મ શાસ્ત્રોમાં સમયસાર, નિયમસાર જેવા શાસ્ત્રોમાં એક જગ્યાએ એમ આવે કે ભગવાન આત્મા પરિણામ માત્રથી ભિન્ન છે. એ છઠ્ઠી ગાથામાં પરિણામ માત્રથી આત્મા રહિત છે, તેવી શ્રદ્ધા સમય માત્ર આત્માએ કરી નથી. પરિણામથી હું સહિત છે તેવું શ્રદ્ધાન, મિથ્યાશ્રદ્ધાન અનાદિકાળથી કર્યું છે.

કહે છે ભગવાન આત્મા (જે) દ્રષ્ટિનો વિષય છે, ત્રિકાળ સ્વભાવ છે, તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય તે સામાન્ય સ્વભાવ, વિશેષથી નિરપેક્ષ છે. પર્યાયથી રહિત આત્મા છે. પરિણામથી રહિત હોવાને કારણે પરિણામનો જ્ઞાતા થઈ શકે પણ પરિણામનો કર્તા બની શકે નહિ. અધ્યાત્મની ઊંચા પ્રકારની આ વાત છે. હજમ થાય તો ન્યાલ થઈ જાય તેવી વાત છે છઠ્ઠી ગાથા. આ ગાથા એમ કહે છે કે તારો આત્મા પ્રમ ા-અપ્રમત્તથી ભિન્ન છે. તારો આત્મા તારા પરિણામથી ભિન્ન છે, પુદ્ગલના પરિણામથી તો ભિન્ન છે પુદ્ગલથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો ભિન્ન છે પણ તારા પરિણામ જે કહેવાય તે પરિણામથી પણ તારો આત્મા ભિન્ન છે એને લક્ષમાં લે તો અનુભવ થશે. તે વાત છઠ્ઠી ગાથામાં આચાર્ય ભગવાન કહેવા માગે છે.

જેમ આ પદાર્થ લાકડી ભિન્ન છે તે કારણે આત્મા તેનો કર્તા-ભોક્તા બની શકતો નથી. પણ વ્યવહારે તેનો જ્ઞાતા બને છે. નિશ્ચયે જ્ઞાયકનો જ્ઞાતા જ્યારે થાય ત્યારે આ લાકડીનો વ્યવહારે જ્ઞાતા કહેવાય. તે પણ અસદ્ભૂત વ્યવહારે. જેમ આ લાકડી ભિન્ન છે તેનો કર્તા-ભોક્તા આત્મા નથી પણ તેનો જાણનાર છે, એવા વર્તમાનમાં જે પરાશ્રિત શુભાશુભભાવ થાય છે તેનો પણ ભગવાન આત્મા કર્તા નથી. માત્ર તેનો જ્ઞાતા છે કર્તા નથી. પણ કર્તા નથી, એવો અકર્તાનો પક્ષ કોને આવે ? વ્યવહારનો પક્ષ અનાદિકાળનો છે.

સમયસારમાં કહ્યું છે કે વ્યવહારનો પક્ષ તો પહેલેથી જ છોડાવતા આવીએ છીએ કે આત્મા બદ્ધ છે ને આત્મા કર્તા છે અને આત્મા પોતાના પરિણામનો ભોક્તા છે એવો વ્યવહારનો પક્ષ તો પ્રથમથી જ છોડાવતા આવીએ છીએ. પણ ભગવાન આત્મા તે પરિણામથી ભિન્ન છે, એવા નિશ્ચયનયના પક્ષમાં આવે, તેથી શું ? એટલે કે હજી નિશ્ચયનયના પક્ષમાં તે આવ્યો જ નથી. હજી નિશ્ચયનયના પક્ષમાં આવ્યો નથી તો પક્ષાતિક્રાંત થવાનો અવકાશ નથી. પર્યાયથી સહિત છે તેવું શલ્ય અનાદિકાળનું રહી ગયું છે. આહા !

હું પરિણામથી સહિત છું તે વ્યવહારનો પક્ષ છે પણ પરિણામથી રહિત છું તે કારણે પરિણામનો કર્તા હું નથી, અકર્તા અર્થાત્ જ્ઞાતા છું. પરિણામનો પણ જ્ઞાતા ! શુભાશુભભાવનો કર્તા નહિ પણ તેનો પણ જ્ઞાતા. અરે ! આત્માના આશ્રયે સંવર-નિર્જરાના પરિણામ થાય તેનો પણ હું કર્તા નહિ. કેમ કે તે પરિણામ મારાથી ભિન્ન છે, તે કારણે હું તેનો કર્તા નથી પણ હું તેનો જ્ઞાતા છું. આમ પરિણામથી રહિત અંતરંગમાં એક નિશ્ચયનો પક્ષ, પક્ષાતિક્રાંત થવા પહેલાં જીવને આવે છે. તે અપ્રતિહતભાવે ઉપડે છે એને પછી થોડાકાળમાં અનુભવ થાય-થાય ને થાય. પણ પરિણામથી હું સહિત છું એવા પક્ષમાં જ્યાં સુધી ઊભો છે અને પરિણામથી સહિત છું એવો અશુદ્ધ આત્મા જ્યાં સુધી તેની નજરમાં આવે છે (ત્યાં સુધી તેને અનુભવનો અવકાશ નથી).

પરિણામથી સહિત તે અશુદ્ધનયનો વિષય છે. તે શુદ્ધનયનો વિષય નથી. જેમ અનંતકાળથી પરિણામથી સહિતના શાસ્ત્રો ઝાઝા, પરિણામથી આત્મા સહિત છે તેવા. પાર વગરના શાસ્ત્રો. પરિણામવાળો આત્મા છે, પરિણામ વિના દ્રવ્ય હોય તો સાંખ્યમત આવી જાય કાં નિશ્ચયાભાસપણું પ્રગટ થશે. અનેક-અનેક રીતે આહા ! જ્યાં સુધી જ્ઞાની ન મળે ત્યાં સુધી તો ઠીક છે ભૂલ થાય, પણ જ્ઞાની મળ્યા પછી પણ નિશ્ચયના પક્ષમાં આવવું બહુ કઠિન છે. એ કાંઈ સાધારણ વાત નથી. અનંતકાળ થયા અનાદિકાળથી વ્યવહારનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પક્ષ છે. ભેદરૂપ વ્યવહારનો પક્ષ જીવોને અનાદિકાળથી છે અને શુદ્ધનયનો પક્ષ જ કદી આવ્યો નથી. પેલો અનાદિનો છે વ્યવહારનો પક્ષ, વ્યવહાર તો આવ્યો જ નથી. વ્યવહાર તો નિશ્ચયપૂર્વક હોય, પણ વ્યવહારનો પક્ષ અનાદિકાળનો છે અને શુદ્ધનયનો પક્ષ કદી આવ્યો નથી.

શુદ્ધનયનો પક્ષ એટલે શું ? કે પ્રમત્ત-અપ્રમત્તથી ભિન્ન છું માટે હું શુદ્ધાત્મા છું, એ પક્ષ જીવને કદી આવ્યો નથી. ભલે પોતે કલ્પના કરે કે મને હવે પક્ષ આવી ગયો છે. પક્ષ આવ્યો નથી. પક્ષ આવ્યો હોય તો તેના ફળમાં સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. શુદ્ધનયનો પક્ષ વિશિષ્ટ પ્રકારનો ખાસ પ્રકારનો જે પક્ષ આવે છે તે અપ્રતિહતભાવે આ ભવમાં સમ્યગ્દર્શનને પામે છે, તેનો ભવ ફરતો નથી. આહાહા ! બાકી કેટલીક વાતો એવી આવે કે ઊંડા સંસ્કાર પાડે તો આ ભવમાં સમ્યગ્દર્શન ન થાય, તો પછીના ભવમાં સમ્યગ્દર્શન થશે એમ ગુરુદેવે પણ ફરમાવ્યું છે.

ટોડરમલ સાહેબે પણ એ વાત લીધી છે કે વારંવાર તું તત્ત્વનો અભ્યાસ કર. તારા ઉપયોગને તત્ત્વમાં લગાવ તો કદાચ આ ભવમાં તને સમ્યગ્દર્શન થશે. પણ કોઈ એવો નિયમ નથી બાંધતો કે કદાચ આ ભવમાં નહિં થાય તો પછીના ભવમાં થશે, એમ બધા આચાર્યદેવની વાત છે. પણ સમયસાર તો એમ કહે છે કે જેને શુદ્ધનયનો પક્ષ આવે તેને સમ્યગ્દર્શન થાય-થાય ને થાય જ.

આત્મધર્મનો ૬૩ નંબરનો બોલ છે. રાત્રે લાવશું આત્મધર્મ, આત્મધર્મ ક્યું આ વૈશાખ મહિનાનો અંક છે ને ૧૫૪ બોલ છે તેમાં ૬૩ નંબરનો બોલ છે. જેમ સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી જીવ પડતો નથી અને મોક્ષ થઈ જાય છે. સમ્યગ્દર્શન થયા પછી જીવ પડે નહિ, પડે તેને આત્મા કહેવાય નહિ. પણ અપ્રતિહતભાવે જે સમ્યગ્દર્શન થયું તે મોક્ષની દશાને પ્રગટ કરે છે. એવી રીતે શુદ્ધનયનો પક્ષ તેને ઉપર-ઉપર ઉપલક દૃષ્ટિએ આવ્યો છે, ધારણાથી આવ્યો છે. અંતરથી હૈયા ઉકેલથી તેને ખરેખર પક્ષ આવ્યો નથી. હૈયા ઉકેલ શબ્દ પણ ગુરુદેવનો છે તે પણ તેમાં છે રાત્રે આપણે ગુરુદેવના વચનામૃતનો સ્વાધ્યાય કરશું.

શું કહ્યું ? જીવની આ અધ્યાત્મની ભૂલ ચાલે છે. જૈનમતમાં આવ્યા પછીની વાત છે. જૈનમતની બહાર છે તે તો પ્રમાણજ્ઞાનના વિષયને પણ સ્વીકારતા નથી. તે તો દ્રવ્ય-પર્યાય સ્વરૂપ વસ્તુ છે તેને પણ સ્વીકારતા નથી. તેની વાત તો આપણે અહીંયા કરતા જ નથી. અહીંયા તો જૈનમત અનુયાયી મિથ્યાદૃષ્ટિ જીવ તેને વ્યવહારનો પક્ષ એવો રહે છે, કે ભગવાન આત્મા પરિણામથી ભિન્ન હોવા છતાં પરિણામથી રહિત હોવા છતાં, પરિણામથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સહિત છું-પરિણામથી સહિત છું, રાગથી સહિત છું તેથી રાગને હું કરું છું-રાગને હું કરું છું. આહાહા !

તું કોણ છો ? તું તો જ્ઞાતા છો ને પ્રભુ ! રાગને કરે તેને આત્મા કહેતા નથી. આહાહાહા ! માટે પર્યાયથી સહિતનો પક્ષ અનાદિકાળનો છે તે વ્યવહારનો પક્ષ છે પણ પર્યાયમાત્રથી મારો આત્મા ભિન્ન છે. હું તો અકર્તા જ્ઞાતા છું તે પક્ષમાં અંતરથી આવવું જોઈએ. ગુરુદેવ કહે છે કે ધારણાથી નહિ, શાસ્ત્રથી નહિ. એ વાત તેને અંતરથી સ્ફૂરવી જોઈએ જેને હૈયા ઉકેલ કહેવામાં આવે છે. ગુરુદેવનો શબ્દ છે અંદરથી સ્ફૂરણા થાય છે. અંદરથી સ્ટ્રાઈક થઈ જાય છે કે, ઓહો ! મારો ભગવાન આત્મા તો પર્યાયથી ભિન્ન છે તે કારણે પરિણામનો કર્તા નથી પણ પરિણામનો કથંચિત્ જ્ઞાતા છું પણ સર્વથા એનો જ્ઞાતા નથી. સર્વથા જ્ઞાતા તો જ્ઞાયકનો છું અને જે પરિણામ થાય તેને જાણવું તેવો મારો સ્વભાવ છે પણ કરવું મારો સ્વભાવ નથી. કોઈ પર્યાયને આત્મા કરે તેવો આત્માનો સ્વભાવ નથી. પર્યાયની જન્મક્ષણ છે. સ્વઅવસરે પર્યાય પ્રગટ થાય છે. આત્મા તેનો ઉત્પાદક નથી. આહાહા ! તે અશુદ્ધ ઉપાદાનથી ભાવ કર્મ પ્રગટ થાય છે અને શુદ્ધ ઉપાદાનથી સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય પ્રગટ થાય છે. પણ ત્રિકાળી શુદ્ધ ઉપાદાન ભગવાન આત્મા અકારક, અવેદક, જ્ઞાયક-જ્ઞાતા એવો ને એવો અંદરમાં બિરાજમાન છે.

આજે દીવાળીને દિવસે ભગવાન મહાવીરનો નિર્વાણનો દિવસ છે. નિર્વાણ કલ્યાણક-પાંચ કલ્યાણક છે ને ? ગર્ભ કલ્યાણક, જન્મ કલ્યાણક, દીક્ષા કલ્યાણક, કેવળ કલ્યાણક અને નિર્વાણ કલ્યાણક. આજે નિર્વાણનો દિવસ છે. આજે ભગવાન મહાવીર સિદ્ધ પરમાત્મા થયા. અરિહંતમાંથી સિદ્ધ થઈ ગયા. અરિહંત હતા પણ હવે આજે સિદ્ધ પરમાત્મા થયા. સમશ્રેણીએ પાવાપુરીથી આજના દિવસે ભગવાન મહાવીર સિદ્ધદશાને પામ્યા. તેની ખુશાલીમાં જગત દીવા પ્રગટાવે છે. આ દીવાળીનો દિવસ છે. ભગવાન મહાવીરનો નિર્વાણનો ઉત્સવ છે. આજે લાડુ ચડાવે છે. ભાઈએ કહ્યું કે લાડુ વિશે જણાવો મેં કહ્યું તે વિશે હું કાંઈ જાણતો નથી.

મુ. ખીમચંદભાઈ યાદ આવ્યા. મુ. ખીમચંદભાઈ હોય તો આ નિર્વાણના લાડુનું સ્પષ્ટીકરણ કરે. અને તમે જાણતા હો તો તમે વાંચવા બેસો ત્યારે તમે કરજો. ખરેખર બાર મહિના વાંચતા હોય તેનો તો અધિકાર પણ છે. અહીંયા તો આપણા રાજકોટનું વાતાવરણ તો ખૂબ સારું છે, નહિંતર બીજે તો વાંચવા માટે હરિફાઈ થાય છે. પહેલાં આપણે રાજકોટમાં નૌતમભાઈ વાંચતા પછી ઘણાં વાંચનકાર પછી મુ. શ્રી રામજીભાઈ અને પૂ.ગુરુદેવના કહેવાથી હું વાંચવા બેઠો. પણ જૂના વાંચનકારના મોઢા ઉપર કંઈ અસર નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વાંચન કરવાથી સમ્યગ્દર્શન થતું નથી અને વાંચન કરવાથી બીજાને ક્યાં લાભ થાય છે. વાંચન કરનારને પોતાનું ઘૂંટાય છે અને જેટલું બળ આત્માની સન્મુખ જાય છે એટલો એને અપેક્ષિત લાભ છે. બાકી અનુભવ થાય તો પ્રત્યક્ષ લાભ થાય તે વાત છે. અહીં તો બીજી કોઈ વાત નથી. તેમણે કહ્યું કે હું ઘરે બે ત્રણ કલાક સ્વાધ્યાય કરું છું તો જો અહીં સ્વાધ્યાય જાહેરમાં કરીશ તો મારું ઘૂંટાશે. હું પ્રવચનકાર નથી. આપણે તો બધા સાથે મળીને સ્વાધ્યાય સમૂહમાં કરીએ છીએ. સરળતા એ તો પ્રાથમિક ગુણ છે.

શું કહે છે ? અરે પ્રભુ ! એક વાર સાંભળ ! તારો ભગવાન આત્મા ! આહા ! જેને આગળ જીવના પરિણામ છે-આત્માના પરિણામ છે પણ આત્મા તેનો કર્તા છે એમ પણ વ્યવહારનય પોકાર કરે મોટે અવાજે તો પણ તે પરિણામ તારાથી ભિન્ન છે. તે પરિણામને શુદ્ધનયથી જોવામાં આવે તો તે પરિણામનો તું જ્ઞાતા છો તેનો કર્તા નથી. આહા ! આ વાત કોણ કહી શકે દિગંબર સંત સિવાય અને ગુરુદેવ સિવાય કોણ શાસ્ત્રમાંથી કાઢી શકે ? આહા ! જેમ-જેમ ટાઈમ જાય છે તેમ-તેમ ગુરુદેવનો વિરહ વધતો જાય છે. શું આ પુરુષ કહી ગયા.

તેમની ટેપ સાંભળીયે, તેમના પ્રવચન વાંચીએ, આત્મધર્મમાં એનું લખાણ આવે, બોલ આવે ત્યારે એમ થાય કે આ પુરુષ કોણ હતા. પચાસ સો વર્ષ પછી તો આત્માર્થી જીવ તેનું વાંચન કરતા રડી પડશે. જેને જોયા નથી અને પચાસ સો વરસ પછી મુમુક્ષુઓ સાંભળશે.

શું કહે છે પ્રભુ એક વાર વાત સાંભળ. પણ પર્યાયથી ભિન્ન કહેશો તો એકાંત થઈ જશે. તો કહે અમને ઈષ્ટ છે, સમ્યક્ એકાંત થઈ જશે. સમ્યક્ એકાંત થશે તો અનેકાંતનું જ્ઞાન થશે. સાંભળ તો ખરો. મુ. રામજીભાઈ એમ કહે. શાંતિથી સાંભળ તો ખરો. શું કહ્યું કે આ પરિણામથી ભિન્ન-પરિણામથી ભિન્ન આત્માને કહો છો ? તર્ક-તર્ક, સમજવા માટે તર્ક ને એક બીજો કુ તર્ક, બે તર્ક હોય છે. સાંભળ તો ખરો ભાઈ પ્રભુ ! શાંતિથી સાંભળ આ કુંદકુંદ ભગવાન કહે છે કે પ્રમત્ત અપ્રમત્તથી ભગવાન આત્મા ભિન્ન છે. આ વચન કોના છે ? આ વચન-વાણી કોની છે ?

સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આવ્યું છે કે પ્રત્યેક ભગવાન આત્મા કે જીવના પરિણામ તે પરિણામથી જીવ ભિન્ન છે, એવો શુદ્ધાત્મા ઉપાદેય છે. પર્યાયથી સાપેક્ષ આત્મા જ્ઞાનનું જ્ઞેય છે પણ ધ્યાનનું ધ્યેય ત્રણ કાળમાં બની શકતું નથી. પણ પરિણામથી રહિત હું છું તેમ અંતરથી આવવું જોઈએ. અને એમ કરવાથી મને શું ફાયદો એનું ફળ ઉપજાવવું જોઈએ. પરિણામથી રહિત છું તેમાં મોટો લાભ છે, તેમાં દિ' વળે છે. જેમ પિતા સામાન્ય હોય અને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પછી દીકરો ભણે અને પછી કહે કે દીકરે દી' વાળ્યા એમ કહે છે ને સમાજમાં. દીકરે દી' વાળ્યો એમ કહેવત છે ને ! એમ આ દીવાળી છે. દિ' વાળવાની વાત છે. આહાહા !

કે પરિણામથી મારો આત્મા ભિન્ન છે તેથી હું જ્ઞાતા છું પણ કર્તા નથી. જેમ પરનો કર્તા નથી તેમ પરિણામનો પણ શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે તો (કર્તા નથી). થાય તેને જાણે પણ કરે નહિ તેને જ્ઞાયકતત્ત્વ કહેવામાં આવે છે. તે જ્ઞાયકનો અનુભવ થતાં જે સમ્યક્ એકાંતપૂર્વક એ પરિણામ જે થાય તે પરિણામથી હું કથંચિત્ સહિત છું, તેવું જ્ઞાન થાય જ્ઞાન થયા વિના નહીં રહે. સમ્યક્ એકાંતપૂર્વક અનેકાંત થાય-થાય ને થાય જ. જો સમ્યક્ એકાંતપૂર્વક અનેકાંત નથી થયું તો તેનું જ્ઞાન સમ્યક્ એકાંત નામ નહિં પામે, તે મિથ્યા એકાંતમાં જશે. પોપાબાઈનું રાજ નથી. આહાહાહા !

આ એક ગાથામાં બે વાત છે. આ છઠ્ઠી ગાથામાં બેય સમ્યક્ એકાંતપૂર્વક અનેકાંત કેમ થાય ? દ્રવ્ય પર્યાયનું જ્ઞાન, દ્રવ્યનો આશ્રય અને દ્રવ્ય પર્યાયનું જ્ઞાન, અવલંબન દ્રવ્યનું અને જ્ઞાન દ્રવ્યપર્યાય બેયનું તે બીજા પારામાં કહેશે. પર્યાય માત્રથી ભિન્ન ભગવાન આત્મા છે તે વાત જગતે સાંભળી નથી. દેહથી રહિત છે તેમ સાંભળી હોય. આઠકર્મથી રહિત છે તેમ સાંભળી હોય પણ પ્રમત્ત-અપ્રમત્તદશા, મુનિરાજ કહે છે કે છઠ્ઠા ગુણસ્થાને મારી જે પરિણતિ આવે છે તેવી પ્રમત્ત દશાથી મારો આત્મા ભિન્ન છે. તેમ તેની ઉપર નજર નાખીને કલમ ચલાવું છું કે આ પ્રમત્તથી ભિન્ન છે એમ મને દેખાય છે માટે લખું છું. જીવ મળી જાય તેવું કામ થઈ જાય તેવું છે. આ છઠ્ઠી ગાથા અફર છે. છઠ્ઠીના લેખ છે ફરે તેમ નથી.

પ્રમત્ત દશામાં, સવિકલ્પદશામાં શાસ્ત્રમાં કલમ ચાલે છે ત્યારે તેને પ્રશસ્ત રાગ ઉત્પન્ન થયો છે. સંજ્વલન કષાયનો હજી રાગ છે છઠ્ઠે ગુણસ્થાને તે પ્રમત્તદશા, પ્રમત્તદશાનું જ્ઞાન છે પ્રમત્તદશા છે તેને જ્ઞાન જાણે છે. પણ તે કેમ જાણે છે ? કે પ્રમત્તદશાથી ભિન્ન છે મારો આત્મા એમ પ્રમત્તને જાણે છે. પ્રમત્તથી હું અભિન્ન છું તેમ જાણતા નથી. નિર્વિકલ્પ ધ્યાનમાં અપ્રમત્તમાં જાય ત્યારે તો કાંઈ પ્રશ્ન રહેતો જ નથી પણ પ્રમત્ત અવસ્થા વખતે પ્રમત્ત-અપ્રમત્તનો નિષેધ કરે છે કે ભગવાન આત્મામાં પ્રમત્ત કે અપ્રમત્તદશા નથી.

પ્રમત્ત-અપ્રમત્તદશાને તમારા જ્ઞાનમાં સ્થાપોમાં. જો સ્થાપશો તો અશુદ્ધનયનો વિષય થઈ જશે અને તે અશુદ્ધ જીવને-અશુદ્ધ જીવનો અનુભવ અજ્ઞાની જીવોને છે. અશુદ્ધ જીવ જ માને છે. અશુદ્ધ જીવ એટલે ગુણસ્થાનવાળો જીવ-માર્ગણાસ્થાનવાળો જીવ, વર્ણાદિવાળો જીવ, અશુદ્ધ જીવ છે.

દીવાળી છે. આજ તો દીવાળી છે. આહાહા ! આ મીઠાઈની વાત ચાલે છે. આ બદામના કાજુના ઘૂઘરા બધું બનાવે ને દીવાળીના દિવસે. ૬૭ ગાથા કાઢો. અશુદ્ધ જીવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે શું ? પર્યાયથી સહિત જીવને માનવો તે અશુદ્ધજીવને માને છે. છે ઝીણી વાત પણ અમૃત જેવી વાત છે.

જેમ કોઈ પુરુષને જન્મથી માંડીને પ્રસિદ્ધ માત્ર 'ઘી'નો ઘડો જ જાણીતો હોય તે સિવાયના બીજા ઘડાને તે જાણતો ન હોય તેને સમજાવવા જે આ 'ઘીનો ઘડો' છે તે માટીમય છે અને ઘી મય નથી. તે સમજાવવા માટે ઘડામાં ઘીના ઘડાનો વ્યવહાર કરવામાં આવે છે. કારણ કે પહેલાં પુરુષને ઘીનો ઘડો પ્રસિદ્ધ-જાણીતો છે, માટીનો ઘડો છે તે વાત તેને પ્રસિદ્ધ નથી, અપ્રસિદ્ધ છે. શું કહે છે ? તેવી રીતે આ અજ્ઞાની લોકને અજ્ઞાની જીવને અનાદિ સંસારથી, સંસાર કે દી' નો છે ? અનાદિનો છે. જીવનો મોક્ષ ન થાય ત્યાં સુધી જીવ અનાદિકાળનો અજ્ઞાની છે. અનાદિ સંસારથી માંડીને અશુદ્ધ ઉપયોગ પ્રસિદ્ધ છે.

એક હમણાં લેખ આવ્યો છે કૈલાસચંદજી પંડિતનો, કૈલાસચંદજી પંડિતે ભાષણ કર્યું'તું જયપુરમાં, ત્યારે તેણે એમ કહ્યું કે અમારા જેવો ગોપાલદાસ બરૈયા એના શિષ્યો દ્વારા અમે ભણ્યા તેમાં ગોમ્મટસાર ભણ્યા તેમાં એમ આવ્યું કે ગુણસ્થાન તે જીવ છે. માર્ગણાસ્થાન તે જીવ છે જીવ સમાસ તે જીવ છે એમ અમે ભણી લીધું અને તે પછી તો તેમાં તે વખતે વિદ્વાન કોણ કહેવાય ? કે જે ગોમટ્ટસારના પાઠી હોય તેને વિદ્વાન કહેવામાં આવે, પંડિત. એમ ત્યાં ચાલતું'તું ઘણાં વરસ પહેલાં.

પછી આ કાનજીસ્વામીનો ઉદય થયો અને સમયસાર-સમયસાર-સમયસાર થાવા માંડ્યું. અને અમને પ્રશ્ન પૂછવા માંડ્યા ત્યારે સમયસાર હાથમાં લીધું. અમે સમયસાર હાથમાં લઈને જ્યાં અજીવ અધિકાર વાંચ્યો કે ગુણસ્થાન જીવના નથી, માર્ગણાસ્થાન જીવના નથી, જીવ સમાસ જીવના નથી તો અંદર ખળભળાટ મચી ગયો અંદરમાં કે આ શું ? ગોમટ્ટસાર ! નેમિચંદ સિદ્ધાંત ચક્રવર્તી કેટલા વર્ષ પહેલાં થયા તેમણે બનાવેલું અને એ પણ બનાવેલું શેમાંથી ? કે ધવલ અને મહાધવલમાંથી બનાવેલું. કુંદકુંદાચાર્ય ભગવાન પહેલાં ધરસેનાચાર્ય થઈ ગયા ગિરનાર ઉપર તેણે ધવલ ને મહાધવલ બનાવેલા. તેમાં થોડો ભાગ કાઢીને ગોમટ્ટસાર બનાવ્યું સિદ્ધાંત ચક્રવર્તીએ, અને કહે જીવ નથી, જીવ નથી.

આ શું ? સમયસાર કહે કે જીવ નથી. વ્યવહાર કહે છે જીવ છે તો આમાં છે શું ? આહા ! પછી અમારા ગુરુને પૂછ્યું કે આ છે શું ? તો કહે કે સમસયારની વાત સાચી છે અને ગોમટ્ટસારનાં અંતમાં પણ એ વાત લખી'તી, તો કહે હેં ! ગોમટ્ટસારમાં, અંતમાં પણ એ વાત લખી'તી, કે એમ ! પછી સિદ્ધાંતનો અર્થ કર્યો એણે કે સિદ્ધાંત એટલે શરૂઆતમાં અશુદ્ધ જીવનું વર્ણન સંસારીજીવનું વર્ણન હોય અને આખરમાં શુદ્ધ જીવનું વર્ણન હોય તેને સિદ્ધાંત કહેવામાં આવે છે. પહેલાં અશુદ્ધ જીવનું વર્ણન પાના ને પાના હજારો પાના ભરી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


દે. કેટલા પાના ? હજારો, લાખો. કેમકે-વ્યવહારનો કોઈ પાર નથી. વ્યવહારનો વિસ્તાર હોય. નિશ્ચયનો વિસ્તાર ન હોય. આહાહા ! કે બહુ વિસ્તાર આવે છે કે વિસ્તારને છેડે એમ લખે છે ગોમટ્ટસારમાં કે આ જે બધું કહ્યું તે અશુદ્ધ જીવનું વર્ણન છે ખરેખર તે શુદ્ધાત્મામાં નથી એમ કહીને પૂરું કરે છે ત્યારે સિદ્ધાંત કહેવામાં આવે એ સિદ્ધાંતનો અર્થ કર્યો.

હવે અધ્યાત્મનો અર્થ કરે છે કે તે તો શરૂઆતથી કહે છે કે શુદ્ધાત્મામાં ગુણસ્થાન નથી, માર્ગણાસ્થાન નથી. તારો રાગ તો તારા ઘરમાં ગયો, પણ યથાખ્યાત ચારિત્રની, કેવળજ્ઞાનની પર્યાયો પણ ભગવાન આત્મામાં નથી. આહાહા ! અધર્મના પરિણામથી તો આત્મા ભિન્ન છે પણ ધર્મના પરિણામથી પણ આત્મા રહિત છે એ વાત મારે તમને કહેવી છે, એમ કહ્યું શુદ્ધાત્માનું વર્ણન કરતાં એમ કહે છે કે હું એકત્વ વિભક્ત, વિભક્ત નામ પ્રમત્ત અપ્રમત્તની દશાઓથી ભિન્ન અને અનંતગુણથી એકપણું એવો આત્મા મારે અજ્ઞાની લોકોને બતાવવો છે.

એવી રીતે અજ્ઞાની લોકોને અનાદિ સંસારથી માંડીને અશુદ્ધજીવ પ્રસિદ્ધ છે. મિથ્યાદૃષ્ટિ જીવને કેવો જીવ પ્રસિદ્ધ છે ? અશુદ્ધાત્મા પ્રસિદ્ધ છે. અશુદ્ધ જીવ જ પ્રસિદ્ધ છે. આહાહા ! જીવમાં રાગ થાય તે જીવ અને દ્વેષ થાય તે જીવ. હવે ઈન્દ્રિયજ્ઞાન જેમાં થાય તે જીવ, અરે ! ભગવાન આત્મા તે પરિણામથી ભિન્ન છે તેને ભગવાન જીવ કહે છે તે જીવને શ્રદ્ધા ને જ્ઞાનમાં લેતાં અનુભૂતિ થાય છે. સંવર અધિકારની ગાથા ૧૮૬ તેમાં ફરમાવે છે કે જે શુદ્ધાત્માને જાણે છે તે શુદ્ધાત્માને જ પ્રાપ્ત કરે છે અને અશુદ્ધ આત્માને જાણે છે તે અશુદ્ધાત્માને પ્રાપ્ત કરે છે. અહીંયા છઠ્ઠી ગાથામાં કહ્યું કે પ્રમત્ત-અપ્રમત્તથી રહિત છે માટે આત્મા શુદ્ધ છે. એવા શુદ્ધાત્માનું શ્રદ્ધા-જ્ઞાન કરતાં અનુભવ થાય છે. પણ અનાદિકાળથી અજ્ઞાની જીવને કર્મના સંબંધવાળો આત્મા અનુભવમાં છે, દેહવાળો આત્મા અનુભવમાં છે, પરિણામવાળો આત્મા અનુભવમાં છે. પણ દેહથી ભિન્ન ને કર્મથી ભિન્ન અને પરિણામ માત્રથી ભિન્ન આત્મા હોઈ શકે કે કેમ ? તે પણ તેને ખ્યાલમાં આવતું નથી સ્વયં. જ્ઞાની મળે તો તેના તરફ તે લક્ષ કરતો નથી.

એ તો નિશ્ચયની વાત છે, એ તો નિશ્ચયની વાત છે. આહાહા ! કોઈ દિ’ પરિણામથી રહિત આત્મા હોય ? એમ કરીને નિશ્ચયની વાત કાઢી નાખે છે. પ્રભુ સાંભળ ! તારા હિતની વાત કુંદકુંદાચાર્ય ભગવાન કહે છે. આ ગુરુદેવે કહી છે એમ નથી, કુંદકુંદ ભગવાને કહી છે ગુરુદેવ કહે છે કે આ વાત અમને અંદરમાંથી આવી છે. શાસ્ત્રમાં ગમે તેટલી વાત હોય પણ અમને અંદરમાંથી આવી છે, અફર ફરશે નહિ.

શ્રીમદ્જીએ એક વાર કહ્યું કે અમે આ વાત અનુભવથી કહીએ છીએ તમને શાસ્ત્રમાંથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


મળશે, કદાચ શાસ્ત્રમાંથી ન મળે તો પણ પ્રમાણ કરજો. આ અનુભવીનું વચન છે. આહાહા ! નિશ્ચયના પક્ષમાં આવવું કઠણ છે-શુદ્ધનયનો પક્ષ કદી આવ્યો નથી. આમ ઉપર ઉપરથી આવે એ સાધારણ વાત. નહીંતર અગિયાર અંગ ભણ્યો ને આ શુદ્ધનયના વિષયમાં પર્યાય નથી તે વાત તેણે સાંભળી નથી ? એ તો સાંભળી હતી અને સીમંધર ભગવાન, તીર્થંકરની સભામાં ગયો ત્યારે વાત તો તેના કાન ઉપર પડી હતી પણ જ્ઞાનમાં આવી નહિ, કાન ઉપર રહી ગઈ ભાવઈન્દ્રિય સુધી રહી ગઈ, કાન તો જડ છે. ભાવઇન્દ્રિય ધારણામાં રહી ગઈ પણ ભાવઈન્દ્રિયથી ભિન્ન જેમાં ભાવના થાય છે તે ભાવઇન્દ્રિયથી પણ આત્મા ભિન્ન છે. એ તો અતીન્દ્રિય મહાપદાર્થ છે. તેમાં ઈન્દ્રિયજ્ઞાનનો લેશ પણ તેમાં સદ્ભાવ નથી. એવો સ્વભાવ અસ્તિરૂપે ભગવાન આત્મા છે.

એટલે કીધું કે અજ્ઞાનીને અશુદ્ધ જીવ જ પ્રસિદ્ધ છે. શુદ્ધજીવને તે જાણતો નથી એટલે શુદ્ધજીવ કોણ ? કે જે પર્યાયથી રહિત હોય તેને શુદ્ધજીવ કહેવામાં આવે છે. મારા ઘરની વાત નથી કરતો છઠ્ઠી ગાથામાં સિદ્ધાંતની આ વાત ચાલે છે છઠ્ઠી ગાથામાં પેટામાં આ વાત ચાલે છે. છઠ્ઠી ગાથાની વાત પુષ્ટ એટલા માટે કહેવામાં આવે છે. ધનતેરસ ને દીવાળી ને બેસતા વર્ષે તો સારું-સારું ઘરે ભોજન પણ બધા કરે છે ને મીઠાઈ, આ દીવાળી છે.

અંધકાર ગયો અને સૂર્યનો પ્રકાશ થયો. અનાદિકાળનું અજ્ઞાન ટળી જાય છે ને સમ્યક્જ્ઞાન પ્રગટ થઈ જાય છે. સમ્યક્જ્ઞાનને દીપક કહેવામાં આવે છે, તેને દીવાળી થઈ તેમ કહેવામાં આવે છે, અનુભૂતિનું નામ દીવાળી છે. શુદ્ધાત્માનો અનુભવ તેનું નામ દીવાળી છે. મિથ્યાત્વ એ તો અમાસની રાત છે એ તો અમાસ છે.

અહીંયા કહે છે કે અશુદ્ધ જીવ પ્રસિદ્ધ છે તેને અનાદિકાળથી. શુદ્ધ જીવને તે જાણતો નથી. શુદ્ધ આત્માને અજ્ઞાની જીવ જાણતો નથી. પર્યાય સહિતના જીવને જાણે છે તે અશુદ્ધજીવને જ જાણે છે અને માને છે પણ પરિણામથી ભિન્ન આત્મા છે તે વાત તેના લક્ષમાં આવતી નથી.

શુદ્ધજીવને તે જાણતો નથી, તેને સમજાવવા શુદ્ધ જીવનું ગ્રહણ કરાવવા જે આ વર્ણાદિમાન જીવ. બસ ! એટલે વર્ણાદિથી માંડીને ગુણસ્થાન પર્યંત તે 'જીવ' છે તે જ્ઞાનમય છે વર્ણાદિમય નથી-રાગમય નથી, દુઃખમય આત્મા નથી. આહાહા ! આ તો છઠ્ઠી ગાથા છે અફર. છઠ્ઠીના લેખ ફરે નહિ તેવી વાત છે. અરે ! એકવાર પક્ષમાં તો આવ. વ્યવહારને તું છોડ કે પર્યાયથી સહિત આત્મા છે. પર્યાયથી રહિત શુદ્ધાત્મા જો તે ઉપાદેય છે એટલો પક્ષમાં તો આવ અને ઉપર-ઉપરના પક્ષમાં આવીને, તેને જોઈશ તો કોઈ અપૂર્વ પક્ષ પછી તરત જ આવશે અને પક્ષમાં આવ્યા પછી તરત જ અનુભૂતિ થશે. પણ વ્યવહારના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પક્ષવાળાને સમ્યક્ સન્મુખ મિથ્યાદષ્ટિ પણ કહેતા નથી.

શું કહું ? ૬૩ નંબરના બોલમાં બધું આવશે રાત્રે આત્મધર્મ હોય તો લેતા આવજો. અરે એકવાર શુદ્ધાત્માની વાર્તા તો સાંભળ કે શુદ્ધાત્મા તો જ્ઞાન-દર્શન-ચારિત્ર-સુખ એવા અનંત-અનંત-અનંતગુણથી પૂર્ણ ભગવાન આત્મા બિરાજમાન છે. એકેક ગુણ પરિપૂર્ણ છે. જ્ઞાન પરિપૂર્ણ, દર્શન પરિપૂર્ણ, સુખ પરિપૂર્ણ તેવો પરિપૂર્ણ પરમાત્મા તે હું છું વર્તમાનમાં. મારામાં રાગ નથી, મારામાં દ્વેષ નથી ને મારામાં મોહ નથી.

અરે ગુણસ્થાનોના ભેદો મારામાં નથી. અભેદમાં ભેદ નથી. અભેદમાં ભેદની નાસ્તિ છે. એવો અભેદ સામાન્ય પરિપૂર્ણ પરમાત્મા હું છું. એક વખત આવી શુદ્ધાત્માની વિકલ્પાત્મક ભાવનામાં નિર્ણય તો કર. પછી તે નિર્ણયનો વિકલ્પ છૂટીને અનુભૂતિ થશે પણ જેનો નિર્ણય યથાર્થ નથી, જેને વિચાર કોટિ પણ હજી બદલતી નથી, રાગને આત્મા કરે છે ક્યાંથી વાત લાવ્યો ઈ ? તે તો અજ્ઞાનથી મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. રાગનો જ્ઞાતા છે એટલો વિચાર કર તો મિથ્યાત્વ ગળશે, પણ રાગનો હું કર્તા છું તો મિથ્યાત્વ દૃઢ થશે શું કહ્યું ? ભાઈ ! કાંઈ સમજાણું ? આહાહા !

ફરીને, હું રાગથી સહિત છું તે કારણે હું જ રાગને કરું છું. હું રાગને નથી કરતો તો આ રાગને કોણ કરે છે ? રહેવા દે ભાઈ રહેવા દે. ચૈતન્ય પરમાત્મા તારું તેવું સ્વરૂપ નથી. તું તો રાગથી ભિન્ન છો. ક્યારે ? કે રાગ આવે તેને જાણનાર છો પણ રાગનો કરનાર તું નહિ, એમાં આવ તો મિથ્યાત્વ ગળશે. પછી રાગને જાણવાનું બંધ કરી દે સર્વથા અને જ્ઞાયક પ્રભુને જો તો તને અનુભવ થશે. એ અનુભવમાંથી બહાર આવ્યા પછી રાગને જાણે તો તેને વ્યવહાર કહેવાય, આત્માને જાણ્યા પહેલાં રાગને જાણવા રોકાય તો તે મિથ્યાદષ્ટિ છે.

ભાઈ ! ભગવાન ! તારો આત્મા રાગથી ભિન્ન છે તેમ ભગવાન જોવે છે અત્યારે હો ! અત્યારે સર્વજ્ઞ પરમાત્મા જોઈ રહ્યા છે તારા આત્માને કે તારો આત્મા રાગથી ભિન્ન છે એને અમે જીવ જાણીએ છીએ. સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં એમ આવ્યું કે તારો આત્મા વર્તમાનમાં રાગથી ભિન્ન છે જેમ સ્ફટિકમણી નિર્મળ છે તેમ તારો આત્મા પણ નિર્મળ છે.

''જેમ નિર્મળતા રે સ્ફટિક તણી તેમજ જીવ સ્વભાવ જો,
શ્રી જિનવરે ધર્મ પ્રકાશ્યો, પ્રગટ કષાય અભાવ જો''

અરિહંત પરમાત્મા જેમ તારા આત્માને અત્યારે શુદ્ધ જોવે છે અને તું તેની વાત માનતો નથી. કે હું અશુદ્ધ છું, હું અશુદ્ધ છું. હું અશુદ્ધ છું, તારી દૃષ્ટિ સંયોગ ઉપર પર્યાય ઉપર છે. હવે એ પર્યાયને ગૌણ કર. ભલે પરિણામમાં રાગ હો તો હો ! પણ પરિણામથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભિન્ન પરમાત્મા છું. હું તો શુદ્ધ છું. પરિણામની મલિનતા વખતે ભગવાન આત્મા નિર્મળાનંદ બિરાજમાન છે, તેને અમે જીવ કહીએ છીએ.

તે પરમાત્મા રાગથી ભિન્ન છે. રાગ તેને અડતો નથી રાગનો તેમાં પ્રવેશ થઈ શકતો નથી. ઉપર-ઉપર તરે છે અંદરમાં પ્રતિષ્ઠા પામતો નથી. કહે છે કે વર્ણાદિમાન જીવ છે તે જ્ઞાનમય છે અને વર્ણાદિમય નથી અસ્તિ-નાસ્તિ અનેકાંત. આ અસ્તિ-નાસ્તિ અનેકાંત થયું, અસ્તિ-નાસ્તિ અનેકાંત છે. સ્વપણે છે અને પરપણે નથી. જ્ઞાનમયપણે છે અને રાગમયપણે નથી. એનું નામ અસ્તિ-નાસ્તિ અનેકાંત કહેવામાં આવે છે. અધ્યાત્મનું અસ્તિ-નાસ્તિ અનેકાંત છે. તેમ સૂત્ર વિશે જીવમાં વર્ણાદિમાનપણાનો વ્યવહાર કરવામાં આવ્યો છે.

શું કહ્યું આમાં ? તેમ સૂત્ર વિશે તત્ત્વાર્થસૂત્ર વિશે સિદ્ધાંત શાસ્ત્રોમાં-જીવમાં વર્ણાદિમાનપણાનો વ્યવહાર કરવામાં આવ્યો છે પણ અગિયારમી ગાથામાં કહ્યું કે વ્યવહાર સઘળોય અભૂતાર્થ અને અસત્યાર્થ છે. આહા ! અગિયારમી ગાથા જો જ્ઞાનમાં કોતરાઈ ગઈ તો વ્યવહારનો પક્ષ છૂટી નિશ્ચયનો પક્ષ આવશે-નિશ્ચયનો પક્ષ છૂટી અનુભૂતિ થશે.

જેવી રીતે આવે છે કે લોકાલોક જ્ઞાનમાં ખોડાઈ ગયા, જ્ઞાનમાં કોતરાઈ ગયા, જ્ઞાનમાં આવી ગયા. તે વાત તેને સારી લાગે છે. પણ અગિયારમી ગાથા એમ ફરમાવે છે કે આ વર્ણાદિમાન જીવને સૂત્રમાં વ્યવહાર કહેવામાં આવ્યો છે તે વાત અસત્યાર્થ અને અભૂતાર્થ છે. તે આશ્રય કરવા યોગ્ય નથી. તે જ્ઞાનનું જ્ઞેય છે, જાણવા યોગ્ય છે પણ આદરવા યોગ્ય નથી અગિયારમી ગાથા જેના જ્ઞાનમાં આવી ગઈ ઊંડી ઊતરી ગઈ, વિશેષ ઊંડી ઊતરી ગઈ. તેના ભાવનો અંદરમાં જેને ખ્યાલ આવ્યો, ગમે તેટલી તેની સામે વ્યવહારની વાત આવશે તો પણ તે વ્યવહાર જાણવા માટે છે આદરવા માટે નથી.

સર્વજ્ઞ ભગવાને ભલે વ્યવહાર કહ્યો, વ્યવહારનયનો વિષય છે-વ્યવહારનયનો વિષય નથી તેમ નથી. પણ આત્માને જાણ્યા પછી જાણવા જાજે. આત્માને જાણ્યા પહેલાં વ્યવહારને જાણવાનો આદર કરીશ તો આત્માર્થનો વ્યવચ્છેદ થશે. જીવનો વર્ણાદિમાનનો વ્યવહાર કરવામાં આવ્યો છે. કેમ કરવામાં આવ્યો ? કારણ શું ? કારણ કે અજ્ઞાની લોકને વર્ણાદિમાન જીવ જ પ્રસિદ્ધ છે. એટલે વર્ણાદિમાન જીવાદિની પ્રસિદ્ધિ દેખવામાં આવી મિથ્યાદૃષ્ટિ જીવની. જીવ કોઈ દિ' મિથ્યાદૃષ્ટિ હોય જ નહિ. મિથ્યાત્વ તો આસ્રવનું લક્ષણ છે ત્યાં જીવનું લક્ષણ આસ્ત્રવમાં આવ્યું નથી.

જીવનું લક્ષણ તો ચેતના છે. તે તો જ્ઞાનમય છે. માટે અહીંયા આચાર્ય મહારાજ ઊંચામાં ઊંચી વાત કરે છે કે પર્યાયથી ભિન્ન આત્મા છે માટે આત્મા શુદ્ધ છે-પ્રવચનસારમાં ૪૭ નયમાં એમ આવે છે કે ઘડાથી વિશિષ્ટ પર્યાય સહિત માટીને જોવી તે શુદ્ધનય છે અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઘટપર્યાયથી નિરપેક્ષ માટીને જોવી તે શુદ્ધનય છે તેમ આત્માને પર્યાય સાપેક્ષ જોવો તે અશુદ્ધનય છે પણ એ પર્યાયથી નિરપેક્ષ રહિત જોવો તેને ભગવાન શુદ્ધનય કહે છે. અને તે શુદ્ધાત્મા મારો છે તે ઉપાદેય છે તેમાં દ્રષ્ટિ લગાવતાં એકાગ્ર થતાં અનુભૂતિ થાય છે. આ તો લગભગ હવે ઉપરથી જ વાત આવી.

નીચે ત્રણ લીટી રહી બાકી પંદરમાં પાને ઉપરથી એટલે આ શાસ્ત્રમાં જે પ્રમત્ત-અપ્રમત્ત નથી તેમ બીજી રીતે અર્થ વિસ્તાર કર્યો છે. કહેવાનું તો એ જ છે કે એક લીટી બાકી હતી ને કાલ તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી. તેનો વિસ્તાર આવ્યો. આહાહા ! ભગવાન આત્મામાં પ્રમત્તદશાઓ પણ નથી. અને અપ્રમત્તદશાઓ પણ નથી. કેમકે પ્રમત્ત-અપ્રમત્તદશાઓ તે સંયોગજનિત પર્યાય છે.

ભાવાર્થમાં કહેશે કે સંયોગજનિત પર્યાય છે. તે આત્માનું મૂળ સ્વરૂપ નથી. સ્વાંગ છે, નાશવાન છે. કર્મ સાપેક્ષ છે, ભગવાન આત્મા અવિનાશી છે. તેથી પ્રમત્ત પણ નથી ને અપ્રમત્ત પણ નથી. તે જ સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે.

## પ્રવચન નં. ૨

**રાજકોટ મંદિરમાં પ્રવચન**

**તા. ૨૪-૧૦-૮૪ - બુધવાર - રાત્રે**

શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. તેનો જીવ નામનો અધિકાર ગાથા છઠ્ઠી છે. છઠ્ઠી ગાથામાં તેમ કહ્યું કે ભગવાન આત્મા છે તે કર્મના ઉદયમાં જોડાતો નથી પણ પરિણતિ જોડાતા શુભાશુભભાવ થાય છે. અને તેના નિમિત્તે નવા પુણ્ય પાપની પ્રકૃત્તિનો બંધ થાય છે. છતાં પણ ભગવાન આત્મા શુભ અને અશુભ ભાવો તેના સ્વભાવે આસ્ત્રવરૂપે થતો નથી. અને પોતાના નિજ સ્વભાવને છોડતો નથી. આત્મા પોતાના સ્વભાવને છોડતો નથી. તેથી તે શુભાશુભરૂપે થતો નથી. અને તે કારણે પ્રમત્ત પણ નથી, એટલે કે અસાવધાનદશા શુદ્ધ આત્મા તરફની અસાવધાન દશા તેને પ્રમત્ત અથવા પ્રમાદ કહેવામાં આવે છે. શુદ્ધ આત્માની સન્મુખ ન થવું અને પર સન્મુખ થતાં તેને રાગાદિભાવની ઉત્પત્તિ થાય તેને પ્રમાદદશા કહેવામાં આવે છે.

તે પ્રમાદના પરિણામથી ભગવાન આત્મા ત્રણેકાળ રહિત છે. અને જે પ્રમાદના અભાવપૂર્વક અપ્રમત્તદશા એટલે કે શુદ્ધાત્માની સન્મુખ થઈને જે શુદ્ધાત્માની સાવધાનદશા એવા નિશ્ચય મોક્ષમાર્ગના જે પરિણામ છે, તેનાથી પણ ભગવાન આત્મા રહિત છે. પ્રમત્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ નથી, અપ્રમત્ત પણ નથી. પરિણામ માત્રથી આત્મા ભિન્ન છે, તેથી પરિણામનો આત્મા કર્તા નથી. પરનો તો કર્તા નથી. પણ પોતામાં ઉત્પન્ન થતાં પરાશ્રિત કે સ્વઆશ્રિત પરિણામો જે થાય છે તેનાથી આત્મા રહિત હોવાને કારણે તે ભગવાન આત્મા પરિણામનો કર્તા નથી. એટલે કે પરિણામનો જ્ઞાતા જ છે પણ પરિણામનો કર્તા નથી.

પરિણામનો કર્તા નથી એટલે આત્મા અકર્તા છે, અકર્તા છે એટલે જ્ઞાયક જ્ઞાતા જ છે. એમ જ્યારે તેણે પરિણામને જોયા પછી અકર્તાનું લક્ષ ને જોર આવે ત્યારે તેની કર્તાબુદ્ધિ છૂટે છે. કર્તાબુદ્ધિ છૂટતાં ત્રિકાળ પોતાનો સામાન્ય ટંકોત્કીર્ણ પરમાત્મા તેની જ સન્મુખ દૃષ્ટિ થાય છે. જ્યારે આત્માના પરિણામ આત્માની સન્મુખ થાય છે ત્યારે કોનાથી વિમુખ થાય છે અને કોની સન્મુખ થાય છે તે પ્રમત્ત-અપ્રમત્ત પરિણતિ તે જ, એવો જે શુદ્ધાત્મા તે શુદ્ધાત્મા એટલે જ્ઞાયકભાવ, સમસ્ત અન્ય દ્રવ્યના ભાવોથી ભિન્ન પણ સમસ્ત બધા પ્રકારના એટલે અન્ય દ્રવ્ય આત્મદ્રવ્ય સિવાય અનેરા દ્રવ્યો જે છે તેમાં જડકર્મ લેવા, તે જડકર્મના ભાવોથી આત્મા ભિન્ન છે.

રાગના બે પ્રકાર છે એક જીવ સંબંધે ભાવકર્મ અને એક દ્રવ્યકર્મ સંબંધીનું ભાવકર્મ. જ્યાં સુધી થાય છે ત્યાં સુધી બે જગ્યાએ રાગ થાય છે થાય છે ત્યાં સુધી મિથ્યાત્વના પરિણામ બે જગ્યાએ થાય છે. એક તો કર્મના ઉદયમાં જડકર્મમાં એક દર્શનમોહ નામની કર્મની પ્રકૃત્તિ છે. તે જીવના પરિણામમાં નિમિત્ત થાય છે. પોતાના સ્વભાવને ભૂલે ને વિપરીતદશા પ્રગટ કરે ત્યારે તેને કર્મના ઉદયને નિમિત્ત કહેવામાં આવે છે. એટલે કે નિમિત્ત દર્શનમોહકર્મ છે. અને તેના લક્ષે અહીંયા મિથ્યાત્વના પરિણામ અનાદિકાળથી થતાં હતા. એ અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ હવે અન્યદ્રવ્યોના ભાવોથી હું ભિન્ન છું-એટલે કે નિમિત્તનું લક્ષ છોડે છે અને ઉપાદાનનું લક્ષ કરે છે પરિણતિ.

શું કહ્યું ? કે પરદ્રવ્ય અને પરદ્રવ્યના લક્ષે થતાં રાગાદિભાવો તેમ બે પ્રકાર ન લેવા. પણ અન્ય દ્રવ્યના ભાવો એટલે કે કર્મ જે જડ તેનો જે ભાવ તે ભાવથી મારો આત્મા ભિન્ન છે, તેમ જાણીને તે નિમિત્તનું લક્ષ છોડે છે. નિમિત્તનું લક્ષ છૂટતાં જ નૈમિત્તિક એવા મિથ્યાત્વના પરિણામ બિલકુલ ઉત્પન્ન થતાં નથી, પણ સમ્યગ્દર્શન પ્રગટ થઈ જાય છે.

ફરીને, શું કહ્યું ? કે આ ભગવાન જે જ્ઞાયક આત્મા જેનું લક્ષ કરતાં સમ્યગ્દર્શન અનુભવ થાય છે. તેવો જે પોતાનો નિજ શુદ્ધઆત્મા તેની વર્તમાન વર્તતી અવસ્થામાં અનાદિકાળથી તે પરદ્રવ્યને નિમિત્તના લક્ષે પ્રવર્તતી હતી પરિણતિ. શુદ્ધ આત્માનું લક્ષ છોડી સમયે-સમયે, શુદ્ધાત્માનું અવલંબન-આશ્રય છોડી અને નિમિત્તના અવલંબનમાં પરિણતિ જતી હતી. હવે તે પરિણતિ જવાનું કારણ તે હતું કે તે પરિણામથી મારો આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સહિત છે તે કારણે તે પરિણતિ બહિર્મુખ હતી. હવે મારો ભગવાન આત્મા પરિણતિ માત્રથી ભિન્ન છે. એવો મારો ત્રિકાળી સામાન્ય સ્વભાવ છે તેમ સ્વભાવનું જોર પરિણામમાં આવતાં પરિણામ પરથી વિમુખ થઈ જાય છે.

અન્ય દ્રવ્યના જે ભાવો છે. કર્મનો ઉદય, તે કર્મના ઉદયનું લક્ષ છૂટી જાય છે. કર્મના ઉદયના લક્ષે થતો ભાવ મિથ્યાત્વ-મિથ્યાત્વના પરિણામ એટલે વિપરીત માન્યતા, અજ્ઞાન અને અવિરતિ ચારિત્ર તે ત્રણ પ્રકારનો દોષ જે ઉત્પન્ન થતો હતો તે નિમિત્તનું લક્ષ છૂટ્યું, અન્ય દ્રવ્યના ભાવોથી ભિન્ન, અન્ય દ્રવ્યનો જે ભાવ એટલે કે દર્શન મોહકર્મની પ્રકૃતિ તેના ઉદયમાં જોડાતાં જે મિથ્યાત્વનો પર્યાય નૈમિત્તિકપણે થતો હતો તે નૈમિત્તિક પર્યાયની ઉત્પત્તિ બંધ થઈ ગઈ. કેમકે નિમિત્તનું લક્ષ છૂટ્યું-નિમિત્તનું લક્ષ છૂટ્યું અને દ્રવ્ય સ્વભાવનું લક્ષ થયું.

નૈમિત્તિક એવી મિથ્યાત્વની પર્યાય ઉત્પન્ન ન થતાં તેના સ્થાને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પ્રગટ થાય છે. સીધું પરદ્રવ્યથી લક્ષ છૂટ્યું અહીં ઉપાદાનનું લક્ષ આવ્યું. સમસ્ત અન્ય દ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો, તે નિમિત્તથી મારો આત્મા ભિન્ન છે એમ જ્યાં લક્ષમાં આવ્યું ને ઉપાદાન ઉપર લક્ષ ગયું, ત્યાં તે પરિણતિ શુદ્ધાત્માની ઉપાસના કરે છે, આરાધના કરે છે.

પરિણતિ ધ્યેયનું ધ્યાન કરવા મંડી, પરિણતિ નિમિત્તનું ધ્યાન કરતી હતી અનંતકાળથી. ધ્યાન વિના કોઈપણ આત્મા હોઈ શકે નહિ. હવે એ ધ્યાનના બે પ્રકાર એક અશુદ્ધ ને એક શુદ્ધ. તે અશુદ્ધધ્યાનના બે પ્રકાર આર્તધ્યાન ને રૌદ્રધ્યાન. ધ્યાન વિનાનો જીવ ન હોય. કે શું વિચાર કરો છો ? કાંઈક ધ્યાનમાં બેઠા છો ? કે ના. કાંઈ ધ્યાન નથી ખોટી વાત. ધ્યાન વિના હોય નહિ. કાં તો સ્વનું લક્ષ હોય અને કાં તો પરનું લક્ષ હોય.

પરના લક્ષે જે આર્તધ્યાનમાં જે મિથ્યાત્વના પરિણામ થતા હતા તે પરદ્રવ્યનું લક્ષ છૂટી ગયું. સર્વાંગે ઉપયોગ અભિમુખ થયો આત્માથી. જે ત્રિકાળ જ્ઞાનાનંદ પરમાત્મા જે પરિણામ માત્રથી ભિન્ન છે તેવા આત્માને એક ધર્મધ્યાન નવું પ્રગટ થાય છે. તેને અતીન્દ્રિયજ્ઞાન કહેવામાં આવે છે. તેને ધ્યાનની અવસ્થા કહેવામાં આવે છે. ધ્રુવનું ધ્યાન થયું ત્યારે તે પરિણામે ભગવાન આત્માની ઉપાસના કરી, આરાધના કરી. ધ્યેયનું ધ્યાન પરિણામે કર્યું. પરિણામ ધ્યાન કરે છે પરનું અને કાં ધ્યાન કરે છે સ્વનું.

અનંતકાળથી પરમાં ધ્યાનની પ્રવૃત્તિ હતી. આનું આમ કરું ને આનું તેમ કરું, આ આમ છે, આંહીંયા જાવું છે ને આમ ચોવીસે કલાક જે પરિણતિ અન્ય દ્રવ્યના ભાવોથી આત્મા ભિન્ન હોવા છતાં, અન્ય દ્રવ્યના ભાવની સન્મુખ પરિણતિ રહેતી હતી. અનંતકાળ વીત્યો ને મિથ્યાત્વની પર્યાય પ્રગટ થઈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આચાર્ય ભગવાન સમજાવે છે કે જ્યારે આત્માને સમ્યગ્દર્શનનો કાળ પાકે છે ત્યારે તેની વિચાર કોટીમાં અનંતકાળથી પોતાના આત્માને પરિણામ સહિત માનતો આવતો હતો. તે હવે શ્રી ગુરુના ઉપદેશથી અથવા પૂર્વના સંસ્કારથી તે પરિણામ માત્રથી મારો આત્મા રહિત છે અને જ્ઞાન ને આનંદ એવા અનંતગુણોથી મારો આત્મા સહિત છે. તેમ ત્રિકાળી સામાન્ય એકરૂપ જે સ્વભાવ તેનો વિચાર આવતાં પરિણામથી હું ભિન્ન છું. તે કારણે પરિણામનો હું કર્તા નથી, હું અકર્તા છું. અર્થાત્ હું તો જ્ઞાતા જ છું કર્તા નથી, તેમ સ્વભાવની સન્મુખના વિચારો તેને આવવા લાગે છે. અને ત્યારે તે અનંતકાળથી જે પરદ્રવ્યનું લક્ષ હતું તે અંતરલક્ષ આવે છે ત્યારે પરનું લક્ષ છૂટી જાય છે, ત્યારે તેણે આત્માની ઉપાસના-આરાધના-સેવા કરી તેમ કહેવામાં આવે છે.

તે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે. શુદ્ધ પર્યાય દ્વારા શુદ્ધ આત્માનો અનુભવ થયો. અશુદ્ધ પર્યાય આત્માનો અનુભવ કરી શકતી નથી. અશુદ્ધ પર્યાયનું લક્ષ પર તરફ છે અને શુદ્ધ પર્યાયનું લક્ષ સ્વ તરફ હોય છે. ઈન્દ્રિયજ્ઞાનનું લક્ષ હંમેશા પર તરફ હોય છે અને અતીન્દ્રિયજ્ઞાન નવું પ્રગટ થાય તેનું લક્ષ સ્વ તરફ આવે છે. તે ઉપાસના કરવામાં આવતાં આત્માને શુદ્ધ છે તેમ તેને અનુભવ દ્વારા પ્રતીતમાં આવી ગયું.

હવે આ વિશે પૂ.ગુરુદેવનો ૬૩ નંબરનો બોલ સમજવા જેવો છે. આત્મધર્મ મે મહિનાનો અંક છે. પાનું ૨૪ મું છે. છેલ્લો પારો છે. હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું. ત્યાંથી શરૂઆત થાય છે. પરિણામ મારા ને પરિણામ હું ને પરિણામનો હું કર્તા-ભોક્તા તે વિચાર દશા અટકી જાય છે. તેને વિચારનો વિષય આત્મા થાય છે. વિચારનો વિષય આત્મા થાય ત્યારે જ્ઞાનનો વિષય આત્મા થઈ શકે. પણ જો વિચારનો વિષય હજી પરપદાર્થ હોય, રાગ હોય, રાગથી સહિત આત્મા માને, રાગનું કર્તૃત્વપણું માને તો તો તેની વિચારકોટી પણ વિપરીત છે. તેને તો સમ્યક્ સન્મુખ પણ કહેતાં નથી.

સામાન્ય સમ્યક્ની સન્મુખ થયેલો જીવ તેને વિચારધારા એવી બદલી જાય છે અને તેનું રટણ તેને અંતરમાં ચાલે છે કે ‘‘હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું.’’ તેમ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે. સાંભળતી વખતે પણ હું જ્ઞાયક છું તેમ તેને લક્ષમાં રહ્યા કરે છે. હું મનુષ્ય છું, હું રાગી છું, હું અસંજ્ઞ છું, હું કર્મથી બંધાયેલો છું, હું સ્ત્રી છું કે હું પુરુષ છું તે બધું લક્ષ છૂટી જાય છે. અને માત્ર સાંભળતી વખતે પણ તેની કેવા પ્રકારની લાયકાત થઈ જાય છે સાંભળનારની-સાંભળે છે બધુંય, પણ લક્ષ છે જ્ઞાયક ઉપર. ‘‘હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું’’ પ્રભુ થવું નથી મારે. હું વર્તમાનમાં પ્રભુ છું. એમ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ સાંભળવાની રીત ને કળા ને વિધિ. તેને સાંભળતાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. તેને એટલે એવા જીવને દેશનાલબ્ધિ સાંભળતી વખતે અથવા ટેપ સાંભળતી વખતે પણ તેના લક્ષમાં જ્ઞાયકનું લક્ષ રહ્યા કરે છે. જ્ઞાયકનું લક્ષ છૂટતું નથી. ઉપયોગ ભલે બહાર છે પણ અંદરમાં તેનું લક્ષ હું જ્ઞાયક જ્ઞાતા છું તેવું લક્ષ થયા કરે છે. તેને તેવા જીવને ચિંતવનમાં પણ જ્યારે ચિંતવન ચાલતું હોય ઘરે બેસીને એકાંતમાં સ્વાધ્યાય કરતાં ચિંતવન ઉપડે, સાંભળતાં ચિંતવન ઉપડે કે એકાંતમાં બેસીને ચિંતવન કરતો હોય તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયકવસ્તુ છું. મારે કાંઈ કરીને મેળવવું છે, મારે કાંઈ કરીને પ્રાપ્ત કરવું છે એમ નથી. હું પરિપૂર્ણ જ્ઞાયકવસ્તુ છું એમ જોર કરે છે અંતરમાં. તે જીવને સમ્યક્ત્વ સન્મુખતા કહે છે, રહે છે. મંથનમાં પણ અને પછી ચિંતનમાં આવી ગયું. સાંળભતી વખતે આવ્યું હતું, પછી ચિંતનમાં આવ્યું, હવે મંથનમાં પણ લક્ષ જ્ઞાયકમાં જ હોય છે.

આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે એમ તેના જોરમાં રહે છે, તેને ભલે હજુ સમ્યગ્દર્શન થયું ન હોય, હજી સમ્યગ્દર્શન થયું નથી પણ જોર જ્ઞાયકનું છે. જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ ન આપી શકે તો પણ તે જીવને સમ્યક્ની સન્મુખતા થાય છે. સમ્યગ્દર્શન ભલે પ્રગટ ન થયું હોય પણ તેના લક્ષમાં તેનું વલણ જ્ઞાયક તરફ જાય છે. તેથી તેને સમ્યક્ની સન્મુખતા કહે છે, થાય છે. તે જીવને એટલે આવા જીવને અંદર એવી લગની લાગે છે કે હું જગતનો સાક્ષી છું-બસ જ્ઞાયક છું.

આ મૂળ ચીજ અહીંથી છે. હું જગતનો સાક્ષી છું, એટલે જગતનો હું કર્તા નથી, જગતનો હું માલિક નથી, જગતનો હું સ્વામી નથી, હું તો જગતનો સાક્ષી છું. જગતમાં પોતાના આત્મા સિવાય આખું વિશ્વ આવી જાય અને જગતમાં અંદરમાં કેટલા ગુણના ભેદો છે અને કેટલા પર્યાયના ભેદો છે તે અંદરનું જગત છે ને એક જગત બહાર છે તેનો સાક્ષી હું છું. પોતામાં અંતરમાં થતાં પરિણામો તેનો પણ સાક્ષી અને જગતમાં પણ જે કાંઈ પદાર્થો પરિણમે છે તેનો પણ હું સાક્ષી છું, હું કર્તા નથી. જ્યાં સુધી જીવને કર્તૃત્વબુદ્ધિ છે ત્યાં સુધી તે સમ્યક્ની સન્મુખ થઈ શકતો નથી.

સમ્યક્ત્વ ભલે ન હોય પણ રાગનો હું કર્તા છું ને પર્યાયનો કર્તા છું, આ પર્યાય તો કરવી જોઈએ મારે, તો તે વિકલ્પાત્મક ભૂમિકામાં પણ સાક્ષીના પક્ષમાં ઊભો નથી પણ કર્તાના પક્ષમાં ઊભો છે. તે જીવને એટલે કે સમ્યક્ સન્મુખ થયો તે જીવને એવી લગની લાગે છે કે હું જગતનો સાક્ષી છું. સાક્ષી એટલે જ્ઞાતા-દૃષ્ટા છું, જ્ઞાયક છું અને જાણનાર છું એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહિ, એ મૂળ વાત છે. એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે છે કે તે સંસ્કાર હવે ફરતા નથી. તેથી ત્યાંથી પાછો ફરતો નથી. પાછો પડતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નથી. આગળ વધે છે. એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહિ. દૃષ્ટાંત આપે છે આ સંસ્કાર જેને ફરતા નથી એવો જીવ લીધો છે. અપ્રતિહતભાવે ઉપડેલો જીવ એની પાછળ સમ્યગ્દર્શન આવે-આવે ને આવે.

હવે દૃષ્ટાંત આપે છે કે એટલી બધી ઉત્કૃષ્ટ સ્થિતિ થઈ ગઈ સમ્યક્ સન્મુખજીવની. કેના જેવી સ્થિતિ થાય એનો હવે દૃષ્ટાંત આપે છે. જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહતભાવ કહ્યો છે તેમ સમ્યક્ સન્મુખતામાં એવા દૃઢ સંસ્કાર પડે કે તેને સમ્યગ્દર્શન થયે જ છૂટકો. કોલકરાર ! શું કહ્યું ? કે જેને સમ્યગ્દર્શન એવું થાય છે અપ્રતિહત એટલે સમ્યગ્દર્શન વમે નહિ, પણ ક્ષયોપશમ હોય તો એમાંથી ક્ષાયિક થઈ જાય અને તેનો મોક્ષ અવશ્ય થાય-થાય ને થાય જ. તેને અપ્રતિહત સમ્યગ્દર્શન કહેવાય.

પાંચમા આરામાં જીવને પાંચમાં આરાના શિષ્ય એમ સાંભળતા કહે છે કે અમારો મોહ રહી ગયો છે. નહિંતર અત્યારે તો કાંઈ ક્ષાયિક સમ્યક્ત્વ નથી અંદરમાં સ્વભાવનું બળ એવું છે એનો આશ્રય એવો છે કે તેને અલ્પકાળમાં ક્ષાયિક થઈ કેવળજ્ઞાન લેશે. તે દૃષ્ટાંત આપ્યું. સમ્યગ્દૃષ્ટિનું દૃષ્ટાંત આપ્યું, તેનો મોક્ષ થાય જ, તે પાછો ફરે નહિ. શ્રેણી ચડે તો પણ ક્ષપકશ્રેણી આવે તેને ઉપશમ શ્રેણી આવે નહિ. એવો અપ્રતિહતભાવ સમ્યગ્દર્શનનો છે કે અલ્પકાળમાં મુક્તિ થાય-થાય ને થાય તે દૃષ્ટાંત આપ્યું.

તે દૃષ્ટાંતની જેમ આ જે વાત છે ને તેને તો અનુભવી પુરુષ સિવાય કોઈ કહી શકે નહીં. અનુભવી પુરુષને સમ્યગ્દર્શન થયું તે પહેલાં તે સમ્યક્ સન્મુખ થયા હતા. હું કર્તા નથી પણ હું તો વિશ્વનો જ્ઞાતા છું જ્ઞાયક હોવાથી, એવો એને નિશ્ચયનયનો શુદ્ધનયનો એક પક્ષ આવી ગયો હતો ગુરુદેવને તે પછી પક્ષાતિક્રાંત થઈને જ્યારે અનુભૂતિ થઈ ત્યારે પછી તેને ખ્યાલ બધો આખો આવે છે કે, અહો ! આવી પણ એક સ્થિતિ સમ્યગ્દર્શન પ્રગટ થવા પૂર્વે આવી એક ભૂમિકા ભજી જાય છે. તે ભૂમિકાનું ભાન ને જ્ઞાન ખરેખર સમ્યગ્દર્શન થયા પછી થાય. કોઈને જલ્દી ખ્યાલ આવી જાય તે તો એક અપવાદ છે ખરેખર તો પછી જ ખ્યાલ આવે છે આખી પ્રોસેસ.

કહે છે કે એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહિ. આ સંસ્કાર ફરે નહિ-પડે નહિ. ભવ પલટે નહિ. આ ભવમાં સંસ્કાર ને પછીના ભવમાં સમ્યગ્દર્શન એમ નહિ. એવી સ્થિતિ છે ખરી કોઈ કોઈ જીવને ઊંડા સંસ્કાર પડે, આ ભવમાં ન પામે તો પછીના ભવમાં પામે તેવી વાત પણ એક અપવાદની છે. બાકી ખરેખર તો નિશ્ચયથી આ જે ગુરુદેવ કહે છે તે વાત સાચી છે. જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહતભાવ કહ્યો છે તેમ સમ્યક્ સન્મુખતાના એવા દૃઢ સંસ્કાર પડે છે કે તેને સમ્યગ્દર્શન થયે જ છૂટકો. કોલકરાર !

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ સમયસાર ગાથા ૪ માં કહ્યું કે મિથ્યાત્વનું એકછત્ર રાજ ચાલે છે તેમ જ્ઞાયકનું એકછત્ર લક્ષ આવવું જોઈએ. ઉપયોગ જ્ઞાનમાં એકમાં ન ટકે તો દ્રવ્ય-ગુણ-પર્યાયાદિ વિચારમાં ફેરવે એટલે ઉપયોગ બારીક કરે ઉપયોગને સૂક્ષ્મ કરે તો જ્ઞાયકના જોરથી આગળ વધે તે જીવ સમ્યક્ સન્મુખતા કરે છે.

હવે બીજા બે બોલ છે ૩૧ અને ૪૩. એકત્રીસમાં બોલમાં નીચેથી સાતમી લીટી છે. ''શાસ્ત્રનાં શબ્દો વિના'' શું કહે છે? કે શાસ્ત્રોના શબ્દો વિના, શાસ્ત્રના શબ્દોનું અવલંબન એ વખતે તેને હોતું નથી. અંતરમાં આત્મામાંથી કોઈ વાત આવે છે આ બધી અનુભવી પુરુષની વાત છે આ બધું તેને ભજી ગયું છે. શાસ્ત્રોના શબ્દો વિના હૈયા ઉકેલ થઈ જવો જોઈએ. તેને ગામડાની ભાષામાં કોઠા વિદ્યા કેહવાય. ગામડાની ભાષામાં પહેલાં કહેતા કોઠા વિદ્યા છે. કાંઈ ભણેલ ન હોય પંચ તરીકે તેને નીમે. કોઈને કાંઈ વાંધો પડે તો તેને નીમે. તે રસ્તો બતાવી દે. તેમ શાસ્ત્રનાં શબ્દો વિના હૈયા ઉકેલ થઈ જવો જોઈએ.

સ્વીકાર ગુણમાંથી આવવો જોઈએ. આગમના લક્ષે નહિ. આગમમાં સાંભળ્યું છે તેવા ધારણાના લક્ષે નહિ. અંદરમાંથી ઉપાડ આવે ત્યારે અંદરમાંથી તેને ખ્યાલ આવે કે મારો આત્મા આવો છે. તે આત્મામાંથી એક જ્ઞાનની સ્ફૂરણા અંદરમાંથી આત્મામાં જાગે.

પછી ૪૩ બોલ. આમાં ઘણો માલ ભર્યો છે. ૧૫૩ ટોટલ બોલ છે તેમાં ૪૩ માં નંબરનો બોલ છેલ્લેથી ત્રીજી લીટી છે. આ તો અંદરથી આવેલી વસ્તુ સ્થિતિ છે. ઘણી ઘણી કિંમતી છે. ભાવિ તીર્થંકર બોલે છે. આ તો અંદરથી જ આવેલી વસ્તુ સ્થિતિ છે પછી આગળ અનુભવીનું જોર કેટલું હોય છે તે તેના શબ્દો દ્વારા ખ્યાલ આવી જાય. આ તો અંદરથી આવેલી વસ્તુ સ્થિતિ છે.

શાસ્ત્ર ભલે એની રીતે કહે. શાસ્ત્ર ભલે કહે કે શુદ્ધ પર્યાય સાથે દ્રવ્યને વ્યાપ્ય-વ્યાપક સંબંધ છે. અંદરથી આવે કે તે વ્યવહારનું કથન છે, ઉપચારમાત્રથી છે. શુદ્ધ પરિણામની ચર્ચા પણ અમને તો અંદરમાંથી આવે છે. શાસ્ત્ર ભલે અનેક રીતે કહે કે રાગની સાથે વ્યાપ્ય-વ્યાપક તેને સંબંધ છે અજ્ઞાનભાવમાં, સાથે-સાથે શુદ્ધ પર્યાયની સાથે વ્યાપ્ય-વ્યાપક સંબંધ છે. પણ જેને અકર્તાનું જોર અંદરમાંથી આવે છે તેને આ વ્યાપ્ય-વ્યાપક સબંધ વ્યવહારનયનું કથન છે એમ તેને ખ્યાલમાં રહી જાય છે-આવી જાય છે. આચાર્ય ભગવાનનું કથન-શાસ્ત્રનું કથન સર્વજ્ઞની વાણીમાં આવેલું કે આત્મા કર્તા ને શુદ્ધોપયોગ તેનું કર્મ તેવા દ્રષ્ટાંતો આધારો શાસ્ત્રમાં ઘણાં આવ્યા છે.

સમ્યગ્દર્શન થાય તેની સાથે સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય. સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય તેની સાથે સમ્યગ્દર્શન હોય જ. આમ ત્રણેય એક સાથે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ. પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ચારિત્રની અલ્પ સ્થિતિ છે એટલે મુખ્યપણે સમ્યગ્દર્શન ને જ્ઞાન શબ્દ વાપરે છે. ૧૪૪ ગાથામાં પણ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન નામ પામે છે તેમ કહ્યું. નહીંતર સ્વરૂપાચરણ ચારિત્ર તો સાથે પ્રગટ થાય છે પણ ત્યાં સ્વરૂપાચરણ ચારિત્રની વાત લીધી નથી. તે સમ્યગ્જ્ઞાન પ્રગટ થયા પછી તે આત્માને કેવી રીતે જાણે છે. સવિકલ્પદશા હોય કે નિર્વિકલ્પધ્યાનદશા હોય તેનું એક દૃષ્ટાંત આપે છે.

વળી, વળી એટલે વિષય બદલ્યો. પહેલાં દૃષ્ટિના વિષયની મુખ્યતાથી વાત કરી. હવે જ્ઞાનની મુખ્યતાથી વાત કરે છે. વળી, એક બીજી પણ વાત હું કહું છું. વળી દાહ્યના આકારે થવાથી, જે બળવા યોગ્ય પદાર્થના આકારે થવાથી, અગ્નિ છે તે બાળનાર છે અને બળવા યોગ્ય જે પદાર્થો છે છાણા, અડાયા હોય, લાકડું હોય કે સૂકા તરણા હોય ખડ, તેને બાળે છે અગ્નિ તેથી અગ્નિને દહન કહેવાય છે.

જેને અગ્નિનો ખ્યાલ નથી. તેને બે પ્રકારે સમજાવે છે, સમજાવવાના બે પ્રકાર છે. એક અસદ્ભૂત વ્યવહાર અને એક સદ્ભૂત વ્યવહાર. સમજાવવી છે અગ્નિ. પણ અગ્નિને જે જાણતો નથી તેવા અગ્નિના અજાણ જીવને સમજાવે છે કે જે લાકડાને બાળે તેને અગ્નિ કહેવામાં આવે છે. ખરેખર ઈંધનમાં અગ્નિ નથી અને અગ્નિમાં ઈંધન નથી. ખરેખર અગ્નિ લાકડાને અડતી નથી અને લાકડું અગ્નિને અડતું નથી. બે પદાર્થ ભિન્ન-ભિન્ન છે.

છતાં પણ જે અગ્નિના સ્વરૂપને સમજતો નથી તેને સમજાવવા માટે નિમિત્તની સાપેક્ષતા દ્વારા પણ ત્રિકાળ ઉપાદાન સમજાવવું છે, ક્ષણિક ઉપાદાન નહિ. નિમિત્તની સાપેક્ષતા દ્વારા નિમિત્ત સમજાવવાનો ઈરાદો નથી. નિમિત્ત કર્તા છે તેમ સમજાવવું નથી. અગ્નિ લાકડાને બાળે છે એમ સમજાવવું નથી. કેમકે અગ્નિ લાકડાને બાળતી નથી. પણ તે બે વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દેખીને તે નિમિત્ત દ્વારા અગ્નિનું જ્ઞાન કરાવવું છે. અગ્નિની ઉષ્ણતાનું જ્ઞાન નથી કરાવવું પણ અગ્નિનું જ્ઞાન કરાવવું છે. ધ્યાન રાખજો. દૃષ્ટાંત મુદ્દાનો છે. ફરીને આ લેવું છે શેમાં કે જ્ઞેયો જ્યારે જ્ઞાનમાં જણાય છે, ત્યારે જાણનાર જણાય છે ત્યાં સુધી આ વાતને લઈ જાવી છે. મુદ્દાની આ વાત છે.

કે જે અગ્નિના સ્વરૂપને જાણતો નથી. તેને બે પ્રકારે ભેદથી સમજાવે છે. એક નિમિત્ત સાપેક્ષથી સમજાવે, પરાશ્રિત વ્યવહાર અને એક ભેદાશ્રિત વ્યવહારથી સમજાવે. પરાશ્રિતથી સમજાવે છે કે લાકડાને બાળે તેને અગ્નિ કહેવામાં આવે છે. પછી જે લાકડાને બાળે છે તે અગ્નિ છે તે સ્થૂળ વ્યવહારને છોડી દે છે. ત્યારે અગ્નિ કોને કહેવી ? કે ઉષ્ણ તે અગ્નિ. તે પણ વ્યવહાર છે, તે પણ નિશ્ચય નથી. કેમકે ઉષ્ણતા તે અગ્નિનો એક અસાધારણ ધર્મ છે પણ બીજા અનંતાધર્મો અગ્નિમાં રહેલા છે. નિમિત્ત દ્વારા અગ્નિને ઉપાદાન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમજાવવા માટે એમ કહે છે કે જે લાકડાને બાળે તેને અગ્નિ કહેવામાં આવે છે. તેથી નિમિત્ત સાપેક્ષ દ્વારા તેને અગ્નિનું અનુમાન થાય છે. અગ્નિનું તેને અનુમાન થાય છે પણ અગ્નિનો અનુભવ તેને થતો નથી. દાખલો સમજવા જેવો છે.

ગુરુ શિષ્ય બેઠા છે. અગ્નિ કે લાકડું કાંઈ નથી તેની પાસે. તેને સમજાવે છે કે લાકડાને બાળે તેને અગ્નિ કહેવામાં આવે છે એટલે તે તરત સમજી જાય છે કે હા વાત તો સાચી છે. લાકડાને બાળે જે પદાર્થ તેને અગ્નિ કહેવામાં આવે છે. નિમિત્ત સાપેક્ષથી સમજાવતાં પરાશ્રિત વ્યવહારથી સમજાવ્યું હજી, પછી શિષ્ય જરા કાંઈક આગળ વધ્યો ત્યારે કહે છે શ્રી ગુરુ કે, ના. ના. લાકડાને બાળે તે અગ્નિ જે મેં તને કહ્યું હતું તે તો અસદ્‌ભૂત વ્યવહારથી વાત કરી હતી. પણ ખરેખર તો ઉષ્ણ તે અગ્નિ છે. ક્યારે ? કે લાકડાને બાળે છે અગ્નિ તે સાપેક્ષપણું તેણે છોડી દીધું. અગ્નિના સ્વરૂપને સમજવા માટે હવે ઉષ્ણ તે અગ્નિ.

હવે એટલા ભેદમાં આવ્યો. ભેદમાં આવવા છતાં તેને અગ્નિનું જ્ઞાન થતું નથી. ઉષ્ણ તે અગ્નિ એમ કહ્યું. પછી બીજા દિવસે ગુરુએ કહ્યું કે આ અગ્નિ છે તેને તું સ્પર્શ કર, તો અગ્નિનો તને ખરેખર અનુભવ થશે. એવું મેં અનુમાન બાંધ્યું છે. આમ આંગળી જ્યાં મૂકી, આહા ! આ અગ્નિ. આ અગ્નિનો પ્રત્યક્ષ તેને વેદનથી ખ્યાલ આવ્યો. અનુભવથી અગ્નિની સિદ્ધિ કરી તેણે.

પહેલાં એક પ્રકારનું અનુમાન હતું, તેને સ્પર્શ નહોતો થયો. આ દાખલો પંચાધ્યાયીમાં છે. પંચાધ્યાયીમાં આ દાખલો છે. બધા દાખલાઓ શાસ્ત્રોમાંથી જ તેણે લીધા છે. ઉષ્ણ તે અગ્નિ નહિ, અગ્નિ તે અગ્નિ જ છે. લાકડાને બાળે તે અગ્નિ નહિ ઉષ્ણ તે અગ્નિ નહિ. અગ્નિ તો અગ્નિ જ છે. જ્ઞાયક તો જ્ઞાયક જ છે ત્યાં સુધી જાવું છે.

ભગવાન મહાવીર સિદ્ધપરમાત્મા થઈ ગયા. સાદિ અનંતકાળ સિદ્ધદશામાં રહેશે. સાદિ અનંતકાળ, હવે ફરીથી કોઈ કાળે પણ સંસારમાં આવવાના નથી. એવા પરમાત્મા ચોવીસમાં તીર્થંકર તેનું આ શાસન ચાલે છે. ભગવાન મહાવીરનું શાસન ચાલે છે અત્યારે. તે કહે છે વળી દાહ્યના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે, તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. એટલે કે તે કોલસાને બાળે છે તેથી અગ્નિ કાંઈ તેના પીળા સ્વભાવને છોડીને કાળી થતી નથી. રૂને બાળે છે તો તે કાંઈ ધોળી થતી નથી. તેમ પીળા લાકડાને બાળે તો પણ અગ્નિ પોતાના સ્વરૂપને છોડતી નથી. માટે જ્ઞેયકૃત અશુદ્ધતા નથી એક અને બીજું જ્યારે તે નિમિત્તના સંગમાં છે ત્યારે પણ ઉપાદાનની સ્વશક્તિથી એ અગ્નિ રહેલી છે. નિમિત્તથી નિરપેક્ષ છે. નિમિત્તની અપેક્ષા વસ્તુને ઉપાદાનને હોતી નથી.

માટે જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. લાકડાને બાળે તો અગ્નિ અને લાકડાને ન બાળે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પણ અગ્નિ. અગ્નિ તો અગ્નિ જ છે. દાહ્યકૃત એટલે બળવા લાયક પદાર્થ તે કર્તા અને અગ્નિની ઉષ્ણતા તે કાર્ય તેમ બે વચ્ચે કર્તા કર્મ સંબંધનો અભાવ છે, માટે દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. તે તો નિમિત્તમાત્રથી સમજાવ્યું છે.

તેવી રીતે હવે સિદ્ધાંત, જ્ઞેયાકાર થવાથી એટલે જ્ઞેયો જ્ઞાનમાં જ્યારે જણાય છે, જ્ઞેયો જણાવાથી, જ્ઞેયો જ્ઞાનમાં જ્યારે જણાય છે, જ્ઞેયાકાર થવાથી એટલે જ્ઞાનની પર્યાયમાં પર પદાર્થ પરજ્ઞેયો જ્ઞાનમાં જણાય, પર આદિ જ્ઞેયો જ્ઞાનમાં જણાવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. આ જગતને પ્રસિદ્ધ છે કે જ્ઞાયક કોને કહેવો ? કે પર જ્ઞેયને જાણે તેને જ્ઞાયક કહેવામાં આવે છે, આ વાત પ્રસિદ્ધ છે. અગ્નિ કોને કહેવાય કે લાકડાને બાળે તેને અગ્નિ કહેવાય તે વાત પ્રસિદ્ધ છે.

એમ જ્ઞાયક એટલે જાણનાર, જાણનાર, જાણનાર, જે જાણનાર છે તે જાણનાર કોને કહેવો ? કે જ્ઞેયો જ્ઞાનમાં જણાય તેવા પદાર્થને જાણનાર જ્ઞાયક તેમ કહેવામાં આવે છે. તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. ક્રોધ જ્ઞાનમાં જણાય તે જ્ઞેય છે, તો પણ જ્ઞાનમાં ક્રોધ આવતો નથી. અને ક્રોધ છે તો ક્રોધનું જ્ઞાન થાય છે તેમ નથી. જ્ઞેય છે માટે જ્ઞેયનું જ્ઞાન થાય છે તેમ નથી. જ્ઞાન તો સ્વતઃ સિદ્ધ જ્ઞાનથી જ થાય છે. નિમિત્તથી નિરપેક્ષ થાય છે, માટે જ્ઞેયકૃત અશુદ્ધતા તેને એટલે આત્માને નથી આવતી. જ્ઞેયો જણાય છે તેથી કાંઈ જ્ઞાન જ્ઞેયરૂપ થાય છે તેમ ત્રણકાળમાં બનતું નથી.

લીમડો આવે ત્યારે જ્ઞાન કાંઈ કડવું થઈ જતું હશે. સાકર ખાય તો જ્ઞાન મીઠું થઈ જતું હશે. કે એ તો જ્ઞેયો જ્ઞાનમાં માત્ર જણાય છે પણ તે જ્ઞેયરૂપે જ્ઞાન થતું નથી. જ્ઞેય છે તો જ્ઞાન થાય છે તેમ નથી. જ્ઞેયને આધિન જ્ઞાન નથી. જ્ઞાનની ઉત્પત્તિમાં જ્ઞેયના અવલંબનની જરૂર નથી. આ જ્ઞેય છે આને જાણવું હોય તો આ જ્ઞેયનું અવલંબન લેવું પડે તો તો જ્ઞેયકૃત અશુદ્ધતા થઈ ગઈ. પણ આને જાણવું હોય તો પણ તે જ્ઞાન આત્માનું અવલંબન લેતાં તેનામાં સ્વપરપ્રકાશક શક્તિ એવી છે કે જ્ઞાયક પણ જણાય છે અને જ્ઞેયનું પ્રતિબિંબ જ્ઞેયનો પ્રતિભાસ પણ તેમાં થાય છે. તે જ્ઞાનને જ્ઞેયનું અવલંબન લેવું પડતું નથી. જો જ્ઞેયનું અવલંબન લેવું પડે તો જ્ઞેયકૃત અશુદ્ધતા આવી જાય, જ્ઞાન પરાધીન થઈ જાય. જ્ઞાન સ્વાધીન રહી શકતું નથી. ઝીણી વાત છે, પણ છે અપૂર્વ. આહાહા !

તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. કારણ કે હવે કારણ આપે છે. અલૌકિક માલ આપે છે. જ્ઞેયો જ્ઞાનમાં જણાય છતાં જ્ઞેયકૃત અશુદ્ધતા તેને કેમ નથી ? કે તે જ્ઞાનમાત્ર જ્ઞેયને જાણે છે તો તો જ્ઞેયકૃત અશુદ્ધતા આત્મામાં આવી જાય. પણ જ્ઞેય જણાય છે ત્યારે જાણનારો જણાય રહ્યો છે. કારણ કે આ સવિકલ્પદશામાં શાસ્ત્ર લખતી વખતે શાસ્ત્રના શબ્દો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અમૃતચંદ્રઆચાર્ય ભગવાનના જ્ઞાનમાં જ્ઞેયપણે જણાય છે તે વખતે જ્ઞેયરૂપ થઈને જાણે તો જ્ઞાન રહેતું નથી પણ જ્ઞેયકૃત અશુદ્ધતા અજ્ઞાન થઈ જાય છે.

પરંતુ જ્ઞેય જણાય છે ત્યારે, કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં-એટલે કે જ્ઞેયોને જાણવાની અવસ્થાના કાળમાં જ્ઞાયકપણે જણાયો, ઓહોહોહો !! જ્ઞાનમાં જાય ત્યારે તો જ્ઞાયક જણાય પણ આહાર કરતાં હોય ત્યારે પણ જાણનાર જણાય રહ્યો છે. ઈર્યા સમિતિ સાડા ત્રણ હાથ જોઈને ચાલે, ભગવાનની પ્રતિમાના જ્યારે દર્શન કરતા હોય મુનિરાજ ત્યારે કહે છે કે તે પ્રતિમા જ્ઞાનમાં જ્ઞેય થાય છે છતાં પણ જ્ઞેયકૃત અશુદ્ધતા અમને લાગુ પડતી નથી.

અજ્ઞાનીને જ્ઞેયકૃત અશુદ્ધતા આવી જાય છે. જ્ઞાનીને જ્ઞેયકૃત અશુદ્ધતા આવતી નથી. જ્ઞેયમાં લુબ્ધ નથી થતાં. જ્ઞેયની સાથે જ્ઞાન, સંકરદોષ પામતું નથી. જ્ઞેયને જ્ઞાનની જુદાઈ રહ્યા કરે છે. તે જુદાઈ રહેવાનું કારણ જ્ઞાનને જ્ઞાયકનું અવલંબન રહ્યા કરે છે જ્ઞેયો જણાય છે તો પણ જ્ઞેયનું અવલંબન જ્ઞાનને નથી. જ્ઞાન આત્માનું અવલંબન છોડતું નથી. આત્માને જાણતાં-જાણતાં પરજ્ઞેય જણાય જાય છે. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ દીવાની જેમ કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે.

પહેલાં પારામાં પર્યાયથી રહિત કહ્યો હતો આત્માને, હવે આ પારામાં કહે છે કે જ્ઞાનની પર્યાયથી આત્મા સહિત છે. આ સ્યાદ્‌વાદ છે. પણ રહિતપૂર્વક સહિતનું જ્ઞાન હોવાથી સમ્યક્ છે. અજ્ઞાનીને રહિતનું ભાન નથી, શ્રદ્ધાન નથી તેથી સહિતનું જ્ઞાન અજ્ઞાનમાં જાય છે. આત્મા જ સૂક્ષ્મ છે તેથી ઉપયોગ સૂક્ષ્મ કરવો જોઈએ. જો આત્માનો અનુભવ કરવો હોય તો.

શું કહ્યું ? કે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ-પણ કેમ કહ્યું કે જ્ઞેય જણાય છે ત્યારે જાણનાર જણાય છે અને સ્વરૂપમાં લીન થાય છે ત્યારે પણ જાણનાર જણાય છે. ચોવીસે કલાક. આહાહા ! હાલતાં, ચાલતાં-ખાતાં-પીતાં બેસતાં-શાસ્ત્ર લખતાં, અરે ! ઊંઘતા પણ જાણનાર જણાય છે એમ કહે છે. એક સમય પણ જો તે જ્ઞાન પોતાના આત્માને છોડી દે તો તે જ્ઞાનમાં આત્મા ન જણાય તો જ્ઞાન રહેતું નથી, અજ્ઞાન થઈ જાય છે તો જ્ઞેયકૃત અશુદ્ધતા લાગુ પડી જાય છે. જ્ઞેયો જ્ઞાનમાં જણાય ત્યારે જાણનાર જણાય છે. તેથી જ્ઞેયકૃત અશુદ્ધતા લાગુ પડતી નથી. અજ્ઞાન થતું નથી.

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય તે અવસ્થામાં પણ દીવાની જેમ કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે. કર્તા-કર્મનું અનન્યપણું કહે છે. પોતે જાણનારો માટે પોતે કર્તા, અકર્તાપણું કાયમ રાખીને હવે આત્મા પોતાને જાણવારૂપે પરિણમે છે, તો પરિણમે તે કર્તા અને પરિણામ તે કર્મ આ અનેકાંત આવ્યું. સમ્યક્ એકાંતપૂર્વક અનેકાંતની વાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવી. પર્યાયથી રહિતનું ભાન થયું-જ્ઞાન થયું પણ પર્યાયથી સહિત છું એવું પણ સાથે-સાથે તેને જ્ઞાન પ્રગટ થાય છે.

પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો. જ્ઞેયને જાણ્યું કે પોતાને જાણ્યું ? અદ્ભૂત વાત છે. જ્ઞેયો જ્ઞાનમાં પ્રતિભાસે છે ત્યારે પણ તે જ્ઞાન પોતાના આત્માને જાણે જ છે. અને જાણનારો માટે પોતે કર્તા અને પોતે જણાયો માટે પોતે કર્મ ભેદ અપેક્ષાએ જ્ઞાનની પર્યાય કર્મ કહેવાય અને દ્રવ્યને કર્તા કહેવાય. પણ અભેદનયે જોવામાં આવે તો અભેદ વિવક્ષાથી આત્મા કર્તા અને આત્મા જ કર્મ છે. જાણનારો માટે પોતે કર્તા અને જણાયો પણ પોતે માટે પોતે કર્મ એટલે કાર્ય. પરિણામી દ્રવ્ય કર્તા અને પરિણામી દ્રવ્ય કર્મ, પરિણામ કર્મ તો ખરું પણ અભેદ અપેક્ષાએ પરિણામી દ્રવ્યને કર્મ કહેવાય.

આ અદ્વિતીય ચક્ષુના બોલમાં પણ ચાર ગતિ અને પાંચમી સિદ્ધગતિ તે અનન્ય છે. તે વાત તેમાં આવે છે. અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે. પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતે જ કર્મ. જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાં દીપક જ છે. ઘડાને જ્યારે દીપક પ્રકાશે છે ત્યારે દીપક છે અને દીપક જ્યારે પોતાની શીખાને પ્રકાશે છે ત્યારે પણ દીપક છે, દીપકમાં ફેર પડતો નથી અને પ્રકાશમાં પણ ફેર પડતો નથી.

શું કહ્યું ? કે ઘડાને ન પ્રકાશે ત્યારે તો દીપક છે, ઘડાને પ્રકાશે ત્યારે પણ દીપક છે અને પ્રકાશ-પ્રકાશકને પ્રકાશે ત્યારે પણ સર્વ હાલતમાં તે તો દીપક રહે છે. જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાં દીપક છે પણ પોતાને પોતાની જ્યોતિરૂપ શીખાને પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે. તેને જ્ઞાયક સાથે મેળવે છે. જ્ઞેય જણાય છે ત્યારે પણ જાણનાર જણાય છે અને પોતે જણાય છે ત્યારે પણ જાણનાર જણાય છે. દીપકના દૃષ્ટાંતથી સિદ્ધ કરે છે વાત. વાત ઝીણી છે. અભ્યાસ કરે વિચાર કરે તો વાત બેસી જાય.

પોતાની જ્યોતિરૂપ શીખાને પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે અન્ય કોઈ નથી તેમ જ્ઞાયકનું સમજવું. દીવાના દૃષ્ટાંતે એમ કહે છે કે દીવાનો પ્રકાશ આ લાકડીને પ્રસિદ્ધ કરે છે ત્યારે દીપક તો દીપક જ છે. અને તેનો પ્રકાશ દીપકને પ્રસિદ્ધ કરે ત્યારે પણ દીપક છે. પરને પ્રસિદ્ધ કરે ત્યારે દીપક અને સ્વને પ્રસિદ્ધ કરે ત્યારે પણ દીપક. નામ બદલાવવાની જરૂર નથી.

જ્ઞાયક એવું જે નામ તે પર જ્ઞેયને જાણે માટે બીજું નામ અને તે જ્ઞાયક સ્વને જાણે ત્યારે બીજું નામ તેમ નથી. દીપક તો દીપક છે. ઘડાને પ્રસિદ્ધ કરે પ્રકાશ કે પોતાને પ્રકાશ પ્રસિદ્ધ કરે ત્યારે દીપક તો દીપક જ છે. તેમાં ક્યાંય વધઘટ થતી નથી. આહાહા ! તેમ જ્ઞાયકનું સમજવું. કે જ્ઞાયકની સન્મુખ જ્ઞાન પ્રગટ થયું તે જ્ઞાનમાં પર જ્ઞેયો જણાય છે ત્યારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ જાણનાર જણાય છે.

''ઘટપટાદિ જાણતું તેથી તેને માન જાણનારને માન નહિ તેથી કહીએ કેવું જ્ઞાન.'' આ જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર છે તેને તું જાણતો નથી અને આ ઘડો છે ને આ કપડું છે અને આ ફલાણું છે, પોતાના અસ્તિત્વને જે ચૂકી જાય છે પણ જ્ઞાન પ્રગટ થયા પછી તે સવિકલ્પદશામાં હોય કે નિર્વિકલ્પધ્યાનની અવસ્થામાં હોય તે તો ઉર્ધ્વપણે-મુખ્યપણે જ્ઞેય જણાય છે ત્યારે જાણનાર જણાય છે, અને ભગવાન આત્માની સન્મુખ ઉપયોગ થાય છે ત્યારે પણ આત્મા જણાય છે. ચોવીસે કલાક ઊંઘમાં પણ પરમાત્માને જ્ઞાનમાં જ્ઞાયક જણાય રહ્યો છે. તેથી જ્ઞેયકૃત અશુદ્ધતા લાગુ પડતી નથી. કારણ આપ્યું છે. અને અજ્ઞાનીનું જ્ઞાન તેટલા જ્ઞેયને પ્રસિદ્ધ કરે છે તે જ્ઞાનમાં આત્મા જણાતો નથી, માટે તે જ્ઞાનને અજ્ઞાન કહેવાય. કેમ કે તે ઈન્દ્રિયજ્ઞાન છે તેથી બહિર્મુખ જ્ઞાનની પરિણતિ છે, અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થયું નથી, તેથી તેને એકલું અજ્ઞાન કહેવામાં આવે છે. અને ઈન્દ્રિયજ્ઞાનથી અધિક ભગવાન આત્માને જ્યારે જાણે છે અતીન્દ્રિયજ્ઞાન વડે, ત્યારે તેને સમ્યગ્જ્ઞાન પ્રગટ થતાં તેની જ્ઞાનની સ્વપરપ્રકાશકશક્તિ એવી છે કે સ્વ પણ જણાય અને પર પણ તેમાં જણાય. પરને જાણતો નથી પણ પર તેમાં જણાય જાય છે. સમજાવવા માટે તેમ કહેવાય કે પરને જાણે છે. લોકાલોકને ભગવાન જાણતાં નથી પણ લોકાલોક જ્ઞાનમાં જણાય જાય છે.

લોકાલોક જણાય જાય છે ખરેખર લોકાલોક જણાતાં નથી. પણ લોકાલોક જે જ્ઞાનની પર્યાયમાં જણાય છે તે જ્ઞાનની પર્યાય જ સ્વપરપ્રકાશકરૂપે જણાય છે. નિમિત્તપણે જે છે તેને એમ કહેવાય ઉપચારથી કે લોકાલોકને જાણે છે. તેમ જ્ઞાયકનું સમજવું. હવે ભાવાર્થ બાકી રહ્યો.

## પ્રવચન નં. 3

**રાજકોટમાં મંદિરમાં પ્રવચન**

**તા. ૨૪-૧૦-૮૪ - ગુરુવાર - બેસતું વર્ષ**

આજે બેસતુ વરસ છે. તેને સુપ્રભાત કહેવામાં આવે છે. અમાષનો અંધકાર ગયો અને જેમ સૂર્યનો પ્રકાશ પ્રગટ થાય છે, તેમ અનાદિકાળથી અજ્ઞાન અંધકાર દૂર થઈ અને પ્રથમ સમ્યગ્જ્ઞાનરૂપી જ્ઞાનનો દીવો પ્રગટ થાય છે. તે પણ પ્રકાશની ઝલક છે. સમ્યગ્જ્ઞાન, આત્માનું ભાન થયા પછી વિશેષ સ્થિરતા માટે ચારિત્રદશા આવે છે. ત્યારે તે મુનિરાજ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પોતાના ઉપયોગને પોતાના શુદ્ધાત્મામાં જોડે છે ત્યારે રાગનો ત્યાગ થાય છે. તેવી ઉત્કૃષ્ટદશા શુક્લધ્યાનની શ્રેણી આવતાં કેવળજ્ઞાનરૂપી સુપ્રભાત પ્રગટ થાય છે.

ખરેખર તો કેવળજ્ઞાન તે જ સુપ્રભાત છે પૂર્ણ સ્થિતિ તેનો શ્લોક છે આ શ્લોક વાંચતા પહેલાં ગુરુદેવ ખુબ યાદ આવ્યા અને આ શ્લોક આપણને સંભળાવતાતા સુપ્રભાતનો અને બોણી પણ આપણને બધાને આપતા હતા. તે ૨૬૮ નંબરનો શ્લોક દેવશીભાઈ બોલો.

**(वसन्ततिलका)**

**चित्पिण्डचण्डिमविलासिविकासहास:**
**शुद्धप्रकाशभरनिर्भरसुप्रभात:।**
**आनन्दसुस्थितसदास्खलितैकरूप-**
**स्तस्यैव चायमुदयत्यचलार्चिरात्मा ॥ २६८॥**

**આમ જે પુરુષ આ ભૂમિકાનો આશ્રય કરે છે, તે જ અનંત ચતુષ્ટયમય આત્માને પામે છે-એવા અર્થનું કાવ્ય કહે છે :-**

**શ્લોકાર્થ :- [तस्य एव] (પૂર્વોક્ત રીતે જે પુરુષ આ ભૂમિકાનો આશ્રય કરે છે) તેને જ, [चित्–पिण्ड–चण्डिम–विलासी–विकास–हास:] ચૈતન્યપિંડનો નિરર્ગળ વિલસતો જે વિકાસ તે-રૂપ જેનું ખીલવું છે (અર્થાત્ ચૈતન્યપુંજનો જે અત્યંત વિકાસ થવો તે જ જેનું ખીલી નીકળવું છે), [शुद्ध–पकाश–भर–निर्भर–सुप्रभात:] શુદ્ધ પ્રકાશની અતિશયતાને લીધે જે સુપ્રભાત સમાન છે, [आनन्द–सुस्थित–सदा–अस्खलित–एक–रूप:] આનંદમાં સુસ્થિત એવું જેનું સદા અસ્ખલિત એકરૂપ છે [च] અને [अचल–अर्चि:] અચળ જેની જ્યોત છે એવો [अयम् आत्मा उदयति] આ આત્મા ઉદય પામે છે.**

**ભાવાર્થ :- અહીં 'चित्पिण्ड' ઈત્યાદિ વિશેષણથી અનંતદર્શનનું પ્રગટ થવું બતાવ્યું છે, 'शुद्धप्रकाश' ઈત્યાદિ વિશષેણથી અનંત જ્ઞાનનું પ્રગટ થવું બતાવ્યું છે, 'आनन्दसुस्थित' ઈત્યાદિ વિશેષણથી અનંત સુખનું પ્રગટ થવું બતાવ્યું છે અને 'अचलार्चि વિશેષણથી અનંત વીર્યનું પ્રગટ થવું બતાવ્યું છે. પૂર્વોક્ત ભૂમિનો આશ્રય કરવાથી જ આવા આત્માનો ઉદય થાય છે. ૨૬૮.**

એનું મથાળું છે. આમ જે પુરુષ એટલે આત્મા. આ ભૂમિકાનો આશ્રય કરે છે એટલે કે શુદ્ધાત્માનું અવલંબન લઈ અને જેને જ્ઞાન શુદ્ધોપયોગ પ્રગટ થાય છે. શુદ્ધોપયોગ પ્રગટ થાય છે ત્યારે અશુદ્ધોપયોગનો ત્યાગ થાય છે એને જ્ઞાન ને ક્રિયાની મૈત્રી કહેવામાં આવે છે. ''જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ'' આત્માનું જ્ઞાન ને રાગ રહિત આત્માની સ્થિરતારૂપ વીતરાગી પરિણામ તે ક્રિયા છે. તે જ્ઞાન ને ક્રિયાની મૈત્રીથી આત્માને પૂર્ણાનંદની પ્રાપ્તિ અરિહંતદશા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રગટ થાય છે. આ ભૂમિકાનો આશ્રય કરે છે તે અનંત ચતુષ્ટયમય અનંતદર્શન, અનંતજ્ઞાન અનંતસુખ અને અનંતવીર્ય તેમ ચાર બોલ આમાં આવશે. અનંત ચતુષ્ટમય આત્માને પામે છે એટલે કેવળજ્ઞાનને પામે છે. એવા અર્થનું કાવ્ય હવે કહે છે.

પૂર્વોક્ત રીતે જે પુરુષ એટલે આત્મા, આ ભૂમિકાનો આશ્રય કરે છે એટલે કે પોતાના શુદ્ધાત્માનું અવલંબન લ્યે છે તેને શુદ્ધોપયોગ દશા પ્રગટ થાય છે ત્યારે તેમાં રાગનો ત્યાગ હોય છે.

આત્માનું જ્ઞાન ને રાગનો ત્યાગ સમય એક છે. રાગના ત્યાગ વિના આત્માનું જ્ઞાન થઇ શકતું નથી. એવી આ ભૂમિકાનો આશ્રય કરે છે, તેને જ ચૈતન્યપિંડનો નિરર્ગળ વિલસતો જે વિકાસ, તે-રૂપ જેનું ખીલવું છે અર્થાત્ જ્યારે શુદ્ધોપયોગની ધ્યાનની અવસ્થા આવે છે તેના ફળમાં અનંતદર્શન પ્રગટ થાય છે. દર્શન એટલે શ્રદ્ધા નહીં પણ દર્શન એટલે દેખવું. કેવળજ્ઞાન પ્રગટ થતા યુગપદ જ્ઞાન અને દર્શનની પરિપૂર્ણ અવસ્થા પ્રગટ થાય છે. અને અક્રમે એક સાથે જ્ઞાન અને દર્શન યુગપદ્ દેખે ને જાણે છે.

પહેલાં સમયે દેખવું ને બીજા સમયે જાણવું એમ હોતું નથી. કેમકે દર્શનાવરણ કર્મનો ક્ષય થાય છે અને જ્ઞાનવરણ કર્મનો પણ ત્યાં ક્ષય થઇ જાય છે નિમિત્તપણે. ઉપાદાનપણે પૂર્ણ અવસ્થા દર્શાનોપયોગની પ્રગટ થાય છે. દર્શનોપયોગ એટલે દેખવું, સામાન્ય અવલોકન જેમાં એ દર્શનોપયોગને કોઇ દ્રવ્યઈન્દ્રિયનું અવલંબન નથી. જેમ ચક્ષુદર્શનોપયોગ તેને ચક્ષુનું અવલંબન હોય છે નિમિત્તપણે, તેમ આ દર્શાનોપયોગ પ્રગટ થાય છે. કેવળી પરમાત્માને તેમાં કોઇ દ્રવ્યઈન્દ્રિયનું અવલંબન હોતું નથી. સીધો ઉપયોગ આત્મામાંથી પ્રગટ થાય છે. આત્માશ્રિત છે.

અનંતદર્શન પ્રગટ થાય છે અર્થાત્ ચૈતન્યપુંજનો જે અત્યંત વિકાસ-સર્વથા વિકાસ થવો પરિપૂર્ણ ખીલી ઉઠવું. સોળે કળાયે જેમ ચંદ્રમાં ખીલે તેમ દર્શન ઉપયોગ આખો પૂર્ણ પ્રકાશ થયો છે દેખવાથી. તે જ તેનું ખીલી નીકળવું છે. એ અનંતદર્શન પ્રગટ થાય છે કેવળી ભગવાનને. ક્યા પુરુષને ? કે જે શુદ્ધાત્માનું અવલંબન લ્યે છે તેને તેનું આ ફળ છે. સાધક હતા તે હવે પરમાત્મા થાય છે. પહેલાં બહિરાત્મદશા હતી સમ્યગ્દર્શન થયું અંતરાત્મદશા થઇ. પછી જઘન્યમાંથી મધ્યમ ને ઉત્કૃષ્ટ અંતરાત્મદશા પ્રગટે પછી આ પૂર્ણ પરમાત્મદશા પ્રગટ થાય છે. ત્યારે અનંત દર્શન દેખવું એક સમયમાં યુગપદ્ છે.

સ્વ ને પર ભેદ પાડ્યા વિના દેખવું એવી દશા પ્રગટ થાય છે. પછી શુદ્ધ પ્રકાશની અતિશયતાને લીધે તે જ્ઞાન, અનંતજ્ઞાનશુદ્ધ આ ચારેય બોલના અર્થ ભાવાર્થમાં છે. શુદ્ધ પ્રકાશની અતિશયતાને લીધે સામર્થતાને લીધે જે સુપ્રભાત સમાન છે. જો આજે સુપ્રભાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

માંગલિક સુપ્રભાત કહે છે. તે અનંતજ્ઞાન પ્રગટ થયું જેને કેવળી પરમાત્માને એને ખરેખર સુપ્રભાત કહેવામાં આવે છે. અને મિથ્યાત્વ અંધકાર ટળીને સમ્યગ્જ્ઞાન ચોથે ગુણસ્થાને પ્રગટ થાય તેને પણ સુપ્રભાત દૃષ્ટિ અપેક્ષાએ કહેવામાં આવે છે.

આનંદમાં સુસ્થિત એવું જેનું સદા અસ્ખલિત એકરૂપ છે. અનંતદર્શન-અનંતજ્ઞાન અને અનંતસુખ આનંદમાં સારી રીતે સ્થિત એવું જેનું સદા ત્રણેકાળ અસ્ખલિત, તે આનંદમાંથી પાછો ફરતો નથી ઉપયોગ. પૂર્ણ આનંદદશા પ્રગટ થાય છે. તે આનંદ ઘટતો નથી અને એવો ને એવો પૂર્ણ આનંદ અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય છે. તે સદા અસ્ખલિત એકરૂપ છે. કોઈ કાળે તે આનંદમાં આત્મિક સુખમાં ઘટાડો આવે એવો એક પણ સમય આવવાનો નથી. અનંત સુખ પ્રગટ થઇ જાય છે અને અચળ જેની જ્યોત છે. અનંત વીર્ય, અનંતદર્શન-અનંતજ્ઞાન-અનંત સુખ અને સાથે અનંત વીર્ય પ્રગટ થાય છે. તે આનંદને ભોગવતા તેને થાક લાગતો નથી. કેમ કે એક તો આનંદ સ્વભાવ છે. અને બીજું અનંત આનંદને ભોગવવાનું અનંતવીર્ય પણ પ્રગટ થઇ ગયું છે. અચળ જેની જ્યોત છે એવો આત્મા ઉદય પામે છે.

ભાવાર્થ-અહીં ચારે ના અર્થ કરે છે. અહીં ''ચિત્પિંડ'' ઇત્યાદિ વિશેષણથી અનંતદર્શનનું પ્રગટ થવું બતાવ્યું છે, દેખવું એટલે દર્શન સમ્યગ્દર્શન નહિ. અનંતદર્શનનું પ્રગટ થવું બતાવ્યું છે. શુદ્ધ પ્રકાશ ઇત્યાદિ વિશેષણથી અનંતજ્ઞાનનું પ્રગટ થવું બતાવ્યું છે. અનંતજ્ઞાન કેવળજ્ઞાન પ્રગટ થયું સ્વપરને યુગપદ્ એક સમયમાત્રમાં જાણે છે. કેવળજ્ઞાનમાં કાંઇ પણ જેને જાણવું બાકી નથી અને જાણવા માટે ઇચ્છા ઉત્પન્ન કરવી પડતી નથી પણ આત્માનો સ્વભાવ સહેજેય પરિપૂર્ણ જાણતાં જાણતાં લોકાલોક પણ એમાં જણાય જાય છે એવું જ્ઞાનનું પ્રગટ થવું બતાવ્યું છે.

''આનંદ સુસ્થિત'' ઇત્યાદિ વિશેષણથી અનંત સુખનું પ્રગટ થવું બતાવ્યું છે. અનંત સુખ કેવળી ભગવાનને પ્રગટ થયું તે થયું. સાદી અનંતકાળ આનંદનો સુખનો જ ભોગવટો રહે છે. અને 'અચલાર્ચિ' વિશેષણથી અનંતવીર્યનું પ્રગટ થયું બતાવ્યું છે આત્મબળ, વીર્ય એટલે આત્મબળ. જે પૂર્ણ આનંદને ભોગવે એવું આત્મબળ પ્રગટ થયું છે. પૂર્વોક્ત ભૂમિનો આશ્રય કરવાથી જ આવા આત્માનો ઉદય થાય છે. પૂર્વે જે કહેવાણું છે તેવા શુદ્ધાત્માની સન્મુખ થઈને શુદ્ધોપયોગ દ્વારા આત્માનો અનુભવ હતો ત્યારે તે વખતે તેને રાગનો ત્યાગ હોય છે. તેવી વીતરાગી ક્રિયા પ્રગટ થાય છે જ્ઞાનની સાથે ક્રિયા એટલે કે લીન થવું. રમવું-ચરવું તેને ક્રિયા કહેવામાં આવે છે.

''જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષ'' જ્ઞાન એટલે આત્માનું જ્ઞાન ને ક્રિયા એટલે રાગ રહિત

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વીતરાગી ચારિત્ર તેને ક્રિયા કહેવામાં આવે છે. જ્ઞાન ને વૈરાગ્યની મૈત્રી. જ્ઞાન ને વૈરાગ્ય સાથે હોય છે. સાધકને જ્ઞાન ને વૈરાગ્ય પ્રગટ થાય છે. તેમ જ્યારે શુદ્ધોપયોગની ભૂમિકા આવે છે ત્યારે રાગનો સર્વથા ત્યાગ થઇ એકલી શુદ્ધોપયોગ દશા પ્રગટ થાય છે ત્યારે તેને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. પૂર્વોક્ત ભૂમિનો આશ્રય કરવાથી. એટલે શુદ્ધાત્માનું અવલંબન લેવાથી આવા આત્માનો એટલે કેવળજ્ઞાનનો ઉદય થાય છે. પ્રગટ થાય છે.

હવે એ કેવળજ્ઞાનનું કારણ સમ્યગ્દર્શન છે. આપણે છઠ્ઠી ગાથાનો ભાવાર્થ આવે છે. અનાદિ મિથ્યાદષ્ટિ જીવનો પ્રશ્ન છે. અનાદિ મિથ્યાદષ્ટિ જીવ પ્રશ્ન કરે છે. છઠ્ઠી ગાથામાં-હે પ્રભુ ! મારા ઉપર કૃપા કરી મને મારા શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવો મને કહો. મારે શુદ્ધાત્માનું સ્વરૂપ સમજવું છે. અને એનો અનુભવ કેમ થાય તેની વિધિ પણ બતાવો. એવા અનાદિ મિથ્યાદષ્ટિ જીવનો પ્રશ્ન છે તેને સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય ? કે સમ્યગ્દર્શનના વિષયનો ખ્યાલ જેને આવે તેને સમ્યગ્દર્શન પ્રગટ થાય. સમ્યગ્દર્શનના વિષયમાં જ ભૂલ રહી ગઈ છે. સમ્યગ્દર્શનનો વિષય શુદ્ધાત્મતત્ત્વ છે. જીવતત્ત્વ સામાન્ય છે. સમ્યગ્દર્શનનો વિષય એકલો સામાન્ય શુદ્ધ આત્મા જ્ઞાયકભાવ જેમાં પ્રમત્ત અને અપ્રમત્તદશા નથી. જેમાં સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રની પર્યાયનો જેમાં અભાવ છે. વ્યવહાર રત્નત્રયના પરિણામનો એમાં અભાવ છે એવો શુદ્ધાત્મા તે સમ્યગ્દર્શનનો વિષય છે. અને એવા ભૂતાર્થનો આશ્રય કરતાં એને અનાદિ મિથ્યાદષ્ટિ જીવને પ્રથમ ઉપશમ સમ્યગ્દર્શન પ્રગટ થઇ જાય છે. આહા !

એક વખત શુદ્ધાત્માના દર્શન થયા તેને અલ્પકાળમાં કેવળજ્ઞાનરૂપી સુપ્રભાત પ્રગટ થઈ જાય છે. તેને પછી કાળ લાંબો રહેતો નથી. અલ્પકાળમાં, કોઇને એકાદ ભવમાં અને કોઈને બે ચાર ભવ હોય તો, કોઈને એ પ્રકારની યોગ્યતા હોય તો કેવળજ્ઞાન પ્રગટ થાય, થાય ને થાય જ.

શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે, ફરમાવે છે કે એક વખત સમ્યગ્દર્શન પ્રગટ થયું પછી જો તારે સંસારમાં રખડવું હોય તો રખડાશે નહિં. તારો મોક્ષ થાય, થાય ને થાય જ. એમ સમ્યગ્દર્શનનો મહિમા ગુરુદેવે આપણને બતાવ્યો. ક્રિયાકાંડમાં અંધકારમાં અથડાતા આપણા જેવા બાળકોનો ઉદ્ધાર કરવા માટે ધર્મ પિતાનો જન્મ અહીંયાં થયો અને તેમણે ભેદજ્ઞાનરૂપી મંત્ર આપ્યો.

જૈનકુળમાં જન્મેલા જીવો એને તો દેહના માતા પિતાએ નમોકાર મંત્ર આપ્યો ''નમો અરિહંતાણં'' પંચ પરમેષ્ઠીની ભક્તિનો વંદનનો ભાવ તે શુભભાવ છે, પુણ્યબંધનુ કારણ છે. પણ જ્યારે જ્ઞાનીનો જન્મ થાય છે ત્યારે એ મંત્ર ઉપરાંત, એ મંત્રનો નિષેધ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સવિકલ્પ દશામાં દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેની ભક્તિનો શુભભાવ આવે છે. પણ તેનાથી ભવનો અંત થતો નથી. નમોકાર મંત્રથી અનુકૂળ સામગ્રી પ્રાપ્ત થાય છે ને પ્રતિકૂળ સામગ્રીનો અભાવ પણ થાય છે. એવો પાઠ છે કષાયપાહુડમાં. સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આવ્યું છે. પણ એમાં ભવનો અંત ન થાય. ભવના અંતનો મંત્ર આપ્યો ભેદજ્ઞાનનો. જે સિદ્ધ થયા અત્યાર સુધી તે ભેદજ્ઞાનથી થયા છે ''ભેદવિજ્ઞાનતઃ સિદ્ધા, સિદ્ધા યે કીલ કૈચનં'' શ્લોક છે મહામંત્ર.

એ ભેદજ્ઞાનનો મંત્ર આપણને અનંત ઉપકારી પૂ.ગુરુદેવશ્રીએ આપ્યો કે જે તીર્થંકર કરતાં પણ અધિક આપણા માટે. તીર્થંકરની તો શું વાત કરવી પણ તીર્થંકરે કહેલી વાત તીર્થંકર ભગવાન પાસેથી અહિંયા પધારીને આપણને વાત કરી અને એમાં ભેદવિજ્ઞાનનો મંત્ર આવ્યો. ભેદવિજ્ઞાનનો મંત્ર આપણને ગુરુદેવે આપ્યો એ જ ભેદવિજ્ઞાનનો મંત્ર છઠ્ઠી ગાથામાં કુંદકુંદ આચાર્ય ભગવાન અને અમૃતચંદ્ર આચાર્ય ભગવાન ફરમાવે છે.

કે હે આત્મા ! હે ભવ્ય આત્મા ! તારો જે શુદ્ધ આત્મા છે તે શુદ્ધ આત્મા તારા પરિણામથી પણ ભિન્ન છે. દેહથી તો જુદો છે. આઠ કર્મથી તો તારો ભગવાન આત્મા ભિન્ન છે. પણ બહિર્મુખ લાગણી થતાં જે શુભાશુભભાવ તેનાથી પણ અસંયુક્ત આત્મા તેનાથી રહિત છે. અને શુદ્ધાત્માનું અવલંબન લેતા જે સંવર નિર્જરાના પરિણામ આવે એનાથી પણ તારો આત્મા ભિન્ન છે. એવા ભેદજ્ઞાનનો મંત્ર આપ્યો. દ્રવ્યમાં પર્યાયની નાસ્તિ છે એને ઉત્કૃષ્ટ ભેદ જ્ઞાનનો મંત્ર કહેવામાં આવે છે.

એક દ્રવ્યમાં બીજા દ્રવ્યની નાસ્તિ છે એ તો પ્રમાણથી વાત છે. પણ પ્રમાણજ્ઞાનમાં આવ્યા પછી એટલે દ્રવ્ય-પર્યાય સ્વરૂપ વસ્તુ છે અને પરદ્રવ્યથી જેની બુદ્ધિ છુટી ગઇ છે અને દ્રવ્ય પર્યાયમાં આવ્યો છે એવો જીવ પ્રવચનસાર ભણીને પછી સમયસારમાં આવ્યો છે. પ્રવચનસારની વાત કાયમ રાખીને એને ખોટી ઠરાવીને નહિ. અધ્યાત્મ શાસ્ત્ર આગમને ખોટું ઠરાવતું નથી. આહાહા ! ૩૨૦ ગાથાના છેડે જયસેન આચાર્ય ભગવાન ફરમાવે છે કે અમે જે આ વાત કરી તે અધ્યાત્મ ને આગમનયદ્વય દ્રવ્યાર્થિક ને પર્યાયાર્થિક એ બંનેના અવિરોધપણે આ વાત સિદ્ધ થાય છે. પરસ્પર આગમ ને અધ્યાત્મ તે એક બીજાને પુષ્ટિ કરનાર છે.

આગમ પણ સર્વજ્ઞ ભગવાનની વાણી છે અને અધ્યાત્મ પણ સર્વજ્ઞ ભગવાનની વાણી છે. આગમથી અધ્યાત્મમાં આવે તો કામ થાય ને આગમમાં અટકે ને સંતોષાય જાય અને પ્રવચનસારમાં રોકાય જાય પછી સમયસારમાં ન આવી શકે. તો કામ થતું નથી. (શ્રોતા :- સમયસાર વાંચીને નિયમસારમાં ન આવે તો ય કામ ન થાય) તે તો અભેદપણે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

મારા ખ્યાલમાં તો સમયસાર ને નિયમસાર તો અભેદપણે એક બાજુ છે. (શ્રોતા : નિયમસાર જાણ્યા વિના પરમાત્મપ્રકાશ ન થાય) પરમાત્માનો પ્રકાશ એટલે સુપ્રભાત પ્રગટ ન થાય.

નિયમસાર તો શીતલપ્રસાદજીએ કહ્યું છે કે કોઇ એક અપેક્ષાએ જોઈએ તો સમયસાર કરતાં પણ નિયમસારમાં ઊંચી વાતો આવી છે આહા ! એ ભાવિ તીર્થંકર હતા નિયમસારના ટીકાકાર. ભાવિ તીર્થંકર પોતે લખે છે હો, પોતાનો બનાવેલો શ્લોક છે તે ભાવિ તીર્થંકર ફરમાવે છે કે-સુદૃષ્ટિઓ કે કુદૃષ્ટિ અમે કઇ નયથી જોઇએ કે આ સુદૃષ્ટિ છે કે આ કુદૃષ્ટિ છે. અમારી પાસે તો એક જ નય છે. શુદ્ધનયથી બધા ભગવાન આત્મા છે. બીજી નય અમારી પાસે નથી એમ કહીને વ્યવહારનયની મશ્કરી ઠેકડી ઉડાડી છે એમ ગુરુદેવ ફરમાવતા હતા. નીચે ફૂટનોટમાં (શાસ્ત્રમાં) લખેલ છે. આપણા ઘરની વાત નથી (શ્રોતા : વ્યવહારનયનો ઉપહાસ કર્યો છે) ઉપહાસ.

અરે ! વ્યવહારનયના રસિક જીવો ! હે વ્યવહારનયમાં લુબ્ધ જીવો ! હે વ્યવહારનયના પક્ષપાતી જીવો ! વ્યવહારનયનો પક્ષ છોડો. અને અનાદિથી નહિં આવેલો એવો, એક વખત શુદ્ધનયના પક્ષમાં આવો તો પક્ષાતિકાંત થવાનો ચાન્સ છે. પણ જે વ્યવહારનયમાં અટકેલા છે, એ તો વ્યવહારજ્ઞ નથી, પણ વ્યવહારમાં મૂંઢ છે એમ શાસ્ત્રમાં વર્ણન છે. નિશ્ચયપૂર્વક વ્યવહાર હોય છે જ્ઞાનીને પણ વ્યવહારનો પક્ષ હોતો નથી જ્ઞાનીને. વ્યવહારનો પક્ષ શ્રદ્ધાનો દોષ છે અને વ્યવહાર તો સાધકને પણ હોય શુભભાવ ઈત્યાદિ અથવા ગુણગુણીભેદનો વિચાર તો આવે ને દ્રવ્ય-ગુણ-પર્યાયનું ચિંતવન પણ હોય.

અહિયાં એમ કહે છે કે એક વખત અપ્રતિબુદ્ધ જીવ અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ, ગુરુને કાલાવાલા કરીને પૂછે છે, નમીભૂત થઈને પૂછે છે કે પ્રભુ ! હું કાંઇ જાણતો નથી. જેને આત્મા જાણવામાં નથી આવ્યો તે ભલે અગિયાર અંગ જાણતો હોય તો પણ કાંઈ જાણતો નથી. એમ નમ્ર થઇને શિષ્ય ગુરુને પૂછે છે કે પ્રભુ ! કૃપા કરીને મને મારા શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવો, બતાવો.

આ રુચિપૂર્વકનો પ્રશ્ન છે અને મને તમે બતાવો ને પછી હું બીજાને બતાવું એવી ભાવના નથી. મારે તો મારું હિત કરી લેવું છે. બીજાનું હિત તો બીજાથી થશે મારાથી થઇ શકતું નથી. માટે પ્રશ્ન કર્યો શિષ્યે એમાં ભેદજ્ઞાનનો ઉત્કૃષ્ટ મંત્ર આપ્યો કે જ્ઞાયકભાવ, શુદ્ધાત્મતત્ત્વ, જીવતત્ત્વ તેને કહીએ છીએ કે જે જીવતત્ત્વમાં નવતત્ત્વનો અભાવ હોય તેને જીવતત્ત્વ કહીએ છીએ તો નવ તત્ત્વોમાં પહેલોં જીવ છે. તો તે કાંઈ દશમો જીવ છે. તો કહે ના. એ નવતત્ત્વમાં જીવ છુપાયેલો છે. અથવા જે પહેલોં જીવ છે તો તે જીવથી જીવનું ભેદજ્ઞાન કર. શું કહ્યું ? જીવથી જીવનું ભેદજ્ઞાન જે દસ પ્રકારના પ્રાણથી વ્યવહારે જીવે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એ વ્યવહારનયનો વિષય છે. અને ચૈતન્યપ્રાણથી જીવે છે, જે જીવત્વ શક્તિથી જીવે છે એવા પરમ પારિણામીકભાવ સ્વભાવી ભગવાન આત્મા એમાં નવતત્ત્વના ભેદનો અભાવ છે. પ્રમત્ત-અપ્રમત્તનો એમાં અભાવ છે. બંધ અને મોક્ષના પરિણામથી રહિત છે. રહિત હોવાને કારણે આત્મા એનો કર્તા થઈ શકતો નથી. કથંચિત્ એનો જાણનાર થઇ શકે, સર્વથા એનો જાણનાર નથી. સર્વથા તો ભગવાન આત્માને જ્ઞાન જાણતા જાણતા ભેદને જાણે છે. અલૌકિક ગાથા છઠ્ઠી એટલે ભવના અંતની વાત છે.

સોગાનીજીએ કહ્યું છે કે સમ્યગ્દર્શનનો વિષય મુખ્ય આમાં આવી ગયો છે. અને તે ઉપરાંત આપણું આ જે સમયસાર શાસ્ત્ર છે ને એમાં કુંદકુંદ ભગવાન તાડપત્ર ઉપર લખે છે. તાડપત્ર ઉપર સમયસારની શરૂઆત કરે છે આમાં ફોટો છે જુઓ તાડપત્ર ઉપર. આમાં ય છે. ને આમાં કઇ ગાથા લખી છે ખબર છે ? છઠ્ઠી ગાથા લખી છે. તાડપત્ર ઉપર સમયસારની શરૂઆત છઠ્ઠી ગાથાથી થઇ. પાંચ ગાથા તો પ્રસ્તાવના હતી. પાંચ ગાથા તો પ્રસ્તાવનારૂપે હતી. છઠ્ઠી ગાથા લખે છે. આહા ! (શ્રોતા :- પૂ.ગુરુદેવે હસ્તાક્ષરમાં લખી છે) આમાં લખી છે ને હસ્તાક્ષરમાં આમાંય છે સાચી વાત છે જુઓ. હસ્તાક્ષર છે. પૂ. ગુરુદેવના કે ભગવાન શ્રીકુંદકુંદાચાર્યદેવ સમયપ્રાભૃતમાં કહે છે કે હું જે આ ભાવ કહેવા માગું છું તે આમાં છાપેલું છે પુસ્તકમાં. તે અંતરના આત્મસાક્ષીના પ્રમાણ વડે પ્રમાણ કરશો. કારણ કે આ અનુભવ પ્રધાન શાસ્ત્ર છે. તેમાં મારા વર્તતા સ્વ આત્મ વૈભવ વડે કહેવાય છે. આમ કહીને છઠ્ઠી ગાથા શરૂ કરતાં, લ્યો તાડપત્રમાં કુંદકુંદઆચાર્ય ભગવાને છઠ્ઠી ગાથા શરૂ કરી. અને પૂ. ગુરુદેવે પણ છઠ્ઠી ગાથાનો ઉલ્લેખ આપ્યો પહેલાં, ૪૧૫ ગાથામાં સાર છે છઠ્ઠી ગાથા તો. અને છઠ્ઠી ગાથામાં સમયસાર-નિયમસાર ને પ્રવચનસાર. પ્રવચનસાર પણ એમાં સમાય જાય છે. એક છઠ્ઠી ગાથાનું જો ઘોલન યથાર્થ કરે આત્માના લક્ષે વાંચે, વિચારે. કાલ આવ્યું હતું આત્માના લક્ષે બધું હોય તો સમ્યક્ત્વ સન્મુખ કહેવામાં આવે છે. કાલ વાત આવી હતી.

હવે ભાવાર્થ છઠ્ઠી ગાથાનો જોવો. અશુદ્ધપણું, શરૂઆત ત્યાંથી કરે છે. અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે. અશુદ્ધપણું ક્યાં આવતું હશે ? દ્રવ્યમાં ગુણમાં કે પર્યાયમાં ? એક પ્રશ્ન થયો જયપુરમાં. એક બેને પ્રશ્ન કર્યો કે પર્યાયમાં અશુદ્ધતા થાય છે, હોય છે અનાદિની, ત્યારે દ્રવ્ય શુદ્ધ રહે છે કે દ્રવ્ય પણ અશુદ્ધ થાય છે ? એવો પ્રશ્ન કર્યો. કોઇક વાર આમ કહે છે તો એમાં ખરેખર શું છે ? તો કહે છે કે પર્યાય અશુદ્ધ થાય છે. દ્રવ્ય અશુદ્ધ ત્રણકાળમાં થઇ શકતું નથી. ત્રણેકાળે શુદ્ધ-શુદ્ધ-શુદ્ધ ને પરિપૂર્ણ-પરિપૂર્ણ-પરિપૂર્ણ. પર્યાયમાં અપૂર્ણતા છે ત્યારે દ્રવ્ય પરિપૂર્ણ છે. પર્યાયમાં અશુદ્ધતા છે ત્યારે દ્રવ્યની શુદ્ધતા એવી ને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એવી છે. ટંકોત્કીર્ણ જ્ઞાયક એકરૂપ ભાવ છે. અશુદ્ધપણું ક્યાં આવે દ્રવ્યમાં કે પર્યાયમાં હવે આટલો તો ઓછામાં ઓછો અભ્યાસ હોવો જોઈએ.

કે અશુદ્ધતા જે મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર, રાગ-દ્વેષ-મોહ અશુદ્ધતા અને આકુળતા એના ફળમાં એ ક્યાં હોય ? એના રહેવાનું સ્થાન શું ? એના રહેવાનું રહેઠાણ ક્યાં છે રાગનું. રાગનું અસ્તિત્વ શોધવા જાઈએ તો ક્યાં મળે ? આ ભેદજ્ઞાનની વાત ચાલે છે. અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે. પરદ્રવ્ય એમાં નિમિત્ત છે અને પર્યાયમાં નૈમિત્તિકદશા હોય. દ્રવ્યમાં નૈમિત્તિકદશા ન હોય. દ્રવ્યને નૈમિત્તિક ન કહેવાય.

બરાબર છે ડાક્ટર ! જામનગરના આપણા મુમુક્ષુ છે. આત્મા છે ને.

શું કહ્યું ? આ અશુદ્ધતા છે તે પરદ્રવ્ય, અશુદ્ધતા એ નૈમિત્તિકભાવ છે. તેમાં નિમિત્ત કર્મનો ઉદય છે. તો કર્મના ઉદયની સાથે પર્યાયને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય કે કર્મના ઉદયની સાથે દ્રવ્યને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બને ? ત્રણકાળમાં દ્રવ્યની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોઇ શકતો નથી. પર્યાયની સાથે એક સમય પૂરતો નાશ થવા યોગ્ય એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય. કાયમ રહે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ન હોય, તો કોઇ દી’ સંસારનો અભાવ ન થાય. સમજાણું ? એક સમય પૂરતો બીજા સમયે ટળી જાય.

અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે. પરદ્રવ્ય અશુદ્ધ કરાવતું નથી. પરદ્રવ્ય બળાત્કારે ક્રોધ કરાવતું નથી. કર્મનો ઉદય આવ્યો માટે ક્રોધ થયો એ વાત સો ટકા ખોટી છે. ક્રોધના ઉદયનો સ્વકાળ છે ત્યારે કર્મના ઉદયને નિમિત્ત કહેવામાં આવે છે. શું કહ્યું ? ક્રોધના ઉદયનો તે વખતે તેનો સ્વકાળ છે ત્યારે એનું લક્ષ પર ઉપર જ હોય છે. સ્વભાવ ઉપર હોતું નથી. ત્યારે એક સમય પૂરતી અશુદ્ધતા થાય છે પર્યાયમાં. ત્યારે મૂળ દ્રવ્ય તો મૂળ જ્ઞાયકભાવ તો અન્ય દ્રવ્યરૂપ થતો જ નથી. આવ્યું હતું ને મૂળમાં કે શુભાશુભરૂપે પરિણમતો નથી. તેનો જ અર્થ કહે છે પંડિતજી, જે મૂળમાં છે ને ટીકામાં. ટીકાને અડીને ભાવાર્થ છે. મૂળ દ્રવ્ય તો અન્યદ્રવ્યરૂપ થતું જ નથી. માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઇ જાય છે. જો કેટલો ખુલાસો કરે છે. માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઇ જાય છે. દ્રવ્ય મલિન થતું નથી. પણ પ્રવચનસારમાં આવે છે ને કે જે વખતે શુભાશુભરૂપે પરિણમે તે વખતે તે કાળે તકાલં અનન્ય છે. આહાહા ! પણ અનન્ય છે તે અન્યપણું રાખીને અનન્ય હોય કે અન્યનો નાશ કરીને અનન્યનો વ્યવહાર હોય.

આત્મા સૂક્ષ્મ છે ન સમજાય એવું સૂક્ષ્મ નથી. એને ધ્યાન રાખવું જાઇએ કે શું વિષય ચાલે છે કે પર્યાય મલિન થઇ જાય છે. ન્યાં એમ કહેવા માગે છે કે ભગવાન જ્ઞાનાનંદ પરમાત્મા મલિન થતો નથી. કપડું મેલું થયું તો કપડું મેલું થાય છે કે કપડાની અવસ્થા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મલિન થાય છે. જો કપડું મલિન થયું હોય તો કોઈ માતા કે બેન મલિનતા ટાળવાનો પ્રયત્ન ન કરત. મલિન કપડું થાય જ નહિ એની અવસ્થા મલિન થાય છે. અને એમાં નિમિત્તપણે માટી હોય છે. અવસ્થા મલિન થઈ જાય છે.

દ્રવ્યદૃષ્ટિથી તો, દ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો દ્રવ્ય જે છે તે જ છે. કેટલો ખુલાસો કરે છે દ્રવ્ય ને પર્યાયનો વિભાગ, ક્યાં મલિનતા છે ને ક્યાં નિર્મળતા રહી ગઈ. ક્યાં અપવિત્ર પર્યાય થાય છે ત્યારે પવિત્ર પરમાત્મા રહી જાય છે એવો ને એવો. ઈ અપવિત્રતા પવિત્ર પરમાત્મામાં પ્રવેશી શકતી નથી, બહાર લોટે છે. આ એકદમ ન્યાય ને લોજીકથી વાત છે. સમજી શકાય એવું છે. આ વાત ગુરુદેવ ફરમાવે છે કે આ વાત જગતને મળી નથી. સાચુ સાંભળવા પણ ન મળે તો એ વિચાર ક્યારે કરે ને અનુભવ ક્યારે કરે. કેટલો ખુલાસો કરે છે.

દ્રવ્યદૃષ્ટિથી તો એટલે-ભલે દ્રવ્યદૃષ્ટિ ન કરી હોય અજ્ઞાનીએ તો પણ દ્રવ્ય સ્વભાવથી જોવામાં આવે તો દ્રવ્ય જે છે તે જ છે. પર્યાય મલિન થઈ પણ દ્રવ્ય તો જેવું છે તેવું જ છે. દ્રવ્ય મલિન થતું નથી. આત્મા મિથ્યાદૃષ્ટિ થાય છે કે પર્યાયમાં મિથ્યાત્વ આવ્યું ? મિથ્યાત્વને રહેવાનું રહેઠાણ ક્યાં છે શોધી કાઢો. આહાહાહા ! આત્મામાં તો જ્ઞાન ને દર્શન ભર્યા છે ત્યાં ક્યાં મિથ્યાત્વ છે. દ્રવ્યદૃષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે અને પર્યાય અવસ્થા દૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે. શું કહ્યું ? આમ જોઉં તો મલિનતા દેખાય છે ને આમ જોઉં તો નિર્મળતા-નિર્મળતા દેખાય છે. આમ જોઉં તો સંસાર દેખાય છે, આમ જોઉં તો તો મુક્તિ દેખાય છે. આમ જોઉં તો આકુળતા ને આમ જોઉં તો અનાકુળમૂર્તિ ભગવાન આત્મા જણાય છે.

આ નવરંગભાઈના બાનો તો સ્વર્ગવાસ થઈ ગયો છે ત્યારે આ એક દાખલો હમણા જયપુર આવ્યો, ત્યારે નવરંગભાઈના બા યાદ આવ્યા તેને આ વાત કરી હતી. તેને આ વાત કરી તેને બહુ ગમી ગઈ. પછી હું રાજકોટ રેલ્વેમાં આવતો હતો તો સ્ટેશનમાં પ્લેટફોર્મ ઉપર ઉભીને આ વાત પોતાના હાવભાવથી કરવા માંડ્યા. મને કહે ભાઈ ! મને તો આ વાત બહુ ગમી ગઈ, આટલું બસ છે. આની કોર જોઉં તો મલિનતા દેખાય છે ને આની કોર જોઉં તો શુદ્ધ નિર્મળ નિર્મળ ભગવાન આત્મા દેખાય છે. પર્યાયને જોયા કરવું ને પછી શું કરવું કે પર્યાયને જ જોયા કરવું કે ના. પર્યાય ને દ્રવ્યને જોય ને પછી દ્રવ્યને જોવું. એક બે વાર ભલે જોવું પ્રમાણમાં આવીને. પર્યાય પણ છે ને દ્રવ્ય પણ છે. પર્યાયથી મલિન પણ છે ને દ્રવ્ય નિર્મળ પણ છે. પછી દ્રવ્ય પર્યાય તેમ ન કરવું પછી દ્રવ્ય તરફ દૃષ્ટિને થંભાવી દેવી ત્યાં અનુભવ થઈ જાય. આમ સહેલું છે, કાંઈ અઘરું નથી. કળથી કામ થાય તેવું છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બળથી કામ થાય એવું નથી. (શ્રોતા :- હજી હમણાં કીધું કે અનંત વીર્ય હોય તો અનંતજ્ઞાન પ્રગટ થાય) એ તો અપેક્ષાથી સમજવું જોઇએ. પ્રમાદી હોય તો તેને એમ કહેવાય કે અનંત પુરુષાર્થ કર ને જે નિરાશ થઇ ગયો હોય તેને એમ કહેવાય કે ચપટીમાં કામ થાય એવું છે. દૃષ્ટિ પલટાવી નાખ.

બેયને જોઈને એક તરફ ઢળી જા. બેયને જોવું ખરું પણ ઢળવું એક તરફ. આનાથી ખસવું ને આમાં વસવું. મુ.ખીમચંદભાઈ કહેતા. પરથી ખસ, સ્વમાં વસ એટલું કર તો બસ, એટલો અધ્યાત્મનો કસ. બહુ ગુરુદેવે તો ઘણું આપ્યું છે. ઘણું ઘણું ઢગલાબંધ આપ્યું છે.

અહીંયા કહે છે, ભાવાર્થમાં કેટલો ખુલાસો કરે છે. પર્યાય મલિન થઈ છે હો ભાઈ ! તું મલિન થયો નથી બાપુ. અશુદ્ધતા પર્યાયનો ધર્મ છે અુશદ્ધતા દ્રવ્યનો ધર્મ નથી. અશુદ્ધતા દ્રવ્ય ધારી રાખતું નથી. આહા ! અશુદ્ધતાને કોને ધારણ કરી છે ? કે આસ્ત્રવ ધારણ કરે છે. પર્યાય ધારણ કરે છે. હું અશુદ્ધતાને ધારતો નથી. મારા આધારે અશુદ્ધતા નથી. મારા આધારે અનંત ગુણો છે ભેદથી, પણ મારા આધારે મલિનતા નથી.

છે આમાં ચોખ્ખું કહ્યું છે ભાવાર્થમાં. પર્યાયદૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે. આ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકમાત્ર છે. જ્ઞાયકપણું માત્ર જાણવું-જાણવું-જાણવું માત્ર છે, કરવું નહિ. પ્રમત્ત-અપ્રમત્તનું કરવું નથી. આહા ! જે થાય તેને શું કરવું ? જે ન થાય તેને શું કરવું ? છે એને જાણ ને થાય એને જાણ. છે એને જાણ. એ નંબર વન છે. છે એને જાણ. ભગવાન આત્મા છે એને જાણ. એને જાણતા જાણતા જે પરિણામ પ્રગટ થાય તેને પણ જાણવું છે પણ એમાં કરવું નથી.

''કરે કરમ સોહી કરતારા જો જાણે સો જાણનહારા''
કર્તા સો જાણે નહિ કોઈ જાણે સો કર્તા નહીં હોઈ''

આ જે જાણનાર જાગ્યો અને જાણવારૂપે પરિણમ્યો આત્મા તેને હવે કર્તાબુદ્ધિ રહેતી નથી. પ્રમત્ત-અપ્રમત્તદશાને જ્ઞાની જાણે છે પણ પ્રમત્ત-અપ્રમત્તદશાને જ્ઞાની કર્તા નથી. કેમ કે પરમાર્થે કર્તા નથી કેમ કે ભિન્ન છે. જેમ એક દ્રવ્ય બીજા દ્રવ્યનો કર્તા નથી, કેમકે એક દ્રવ્યમાં બીજા દ્રવ્યની નાસ્તિ છે. ન્યાય ! તેમ દ્રવ્યસ્વભાવમાં પર્યાયનો અભાવ હોવાથી પર્યાયનું કરવું નથી પણ પર્યાય થાય તેને જાણે. પરમાર્થ સ્થિતિ તો આ છે. પછી ઉપચારથી વ્યવહારથી સંવર-નિર્જરાને કરે છે તેમ પણ કહેવાય. નિયમસારમાં તો ત્યાં સુધી વાત છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્રના પરિણામ નિયમથી કરવા યોગ્ય છે. ભાષા તો શાસ્ત્રની જે રીતે સમજાવવા માટે, પ્રગટ કરવા માટે આવતી હોય તેમ આવે. પણ પર્યાયનું કરવું જ્યાં સુધી ભાસે છે ત્યાં સુધી સમ્યગ્દર્શન દૂર છે. સમ્યક્ત્વની સન્મુખ પણ નથી તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આત્મા. આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે. જાણવું-જાણવું-જાણવું-જાણવું-જાણવું.

સિદ્ધ ભગવાન જેમ જાણનાર દેખનાર છે. મે મહિનાનો આત્મધર્મનો ચોથો બોલ ૧૫૪ માં છે કે સિદ્ધ ભગવાન જેમ જાણનાર દેખનાર છે, તેમ પ્રભુ ! તું પણ જાણનાર દેખનાર છો ! જાણવામાંથી ખસી અને જરાક કર્તૃત્વમાં આવ્યો, સિદ્ધથી જુદો પડ્યો તો સંસાર ઉભો થઇ જશે. સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે. જ્ઞાયક એટલે જાણવું. જ્ઞાયક એટલે કરવું નહિ. અને તેની અવસ્થા પુદ્‌ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન જ છે તે પર્યાય છે. મલિન છે તે પર્યાય છે. મલિન છે તે દ્રવ્ય કે ગુણ નથી. છે એમાં શું લખ્યું છે મલિન છે તે પર્યાય છે. આહા ! (શ્રોતા :- જીવની અવસ્થા લખી છે) જીવની અવસ્થા છે પણ જીવ નથી. જીવની અવસ્થા મલિન છે પણ જીવ મલિન નથી. જીવની અવસ્થા કહો પણ એને જીવ ન માનો. એમ માનશો તો તો પર્યાયદૃષ્ટિ થઇ જશે. જીવની પર્યાય છે એટલે જીવ છે ? તે આસ્ત્રવ તત્ત્વ છે. એને તો ભગવાને આસ્ત્રવ તત્ત્વ નામ આપ્યું છે. જીવ નામ આપ્યું નથી. જીવ તો એનાથી ભિન્ન છે. તેની અવસ્થા એટલે આત્માની અવસ્થા મલિન છે, કે આત્મા મલિન છે ? આત્મા મલિન લખ્યું નથી. પણ તેની અવસ્થા મલિન છે.

આ દ્રવ્ય-પર્યાયની એકતા તોડવાની વાત ચાલે છે. દ્રવ્ય ને પર્યાય વચ્ચે એકત્વબુદ્ધિ જે થઇ છે. જ્ઞાન ને રાગ એક ભાસે છે. તે જ્ઞાન ને રાગ કદી પણ એક ભાવને પામી શકતા નથી. તેની એટલે આત્માની પણ અવસ્થાને (શ્રોતા :- એ અવસ્થા પણ આત્માનીને) આત્માની અવસ્થા કથંચિત્ છે. આત્માની અવસ્થા અહીં મલિન સિદ્ધ કરવી છે. આત્માની અવસ્થા છે ને, પુદ્‌ગલના પરિણામ સિદ્ધ નથી કરવા. અહીં આત્મા પોતાના સ્વભાવને ભૂલે છે ત્યારે આત્માની અવસ્થા મલિન થાય છે અને મલિનતા થાય છે ત્યારે કર્મના ઉદયને નિમિત્ત કહેવામાં આવે છે. અહીંયા દ્રવ્ય ને પર્યાય બે સિદ્ધ કરે છે. અહીંયા પર્યાય પુદ્‌ગલની અવસ્થા નહીં એ આત્માની અવસ્થા મલિન થઈ છે. પુદ્‌ગલ તો એમાં નિમિત્તમાત્ર છે. પણ અવસ્થા મલિન થઇ છે. દ્રવ્ય મલિન થયું નથી તે ખ્યાલ રાખવા જેવું છે એટલું બતાવવું છે.

‘‘જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ’’ બધી જગ્યાએ આ પુદ્‌ગલના પરિણામ છે એમ ન ચાલે. જ્યાં જે વિવક્ષાથી સમજાવતા હોય ત્યાં તે વિવક્ષાથી સમજવું જોઇએ. અવસ્થા મલિન થઇ છે કે અવસ્થા મલિન જ નથી થઇ આત્માની ? આત્માની અવસ્થા શુદ્ધ જ છે તો તે પર્યાયના જ્ઞાનથી ભ્રષ્ટ છે, પર્યાયનું જ્ઞાન એને ખોટું છે. (શ્રોતા :- નિશ્ચયાભાસી) હા. નિશ્ચયાભાસી. જ્ઞાન બેયનું જેમ છે તેમ કરીને પર્યાયનું લક્ષ છોડીને દ્રવ્ય તરફ ઢળી જવું.

આ બહુ વાત તમે કરશો તો તમારા ઉપર પછી નજર પડશે હો એની બહુ જો તમે તત્ત્વની વાત કરવા મંડશો તો આની નજર પડી જાય એવી છે તમારા ઉપર. એનું તો કામ જ ઈ છે. એનો તો ધર્મ જ ઈ છે. જ્યાં ત્યાં ગોત્યા કરે જ્યાં ત્યાં નજર નાખ્યા કરે.

એક વખત ધ્યાન રાખીને પોતાનો પક્ષ છોડીને વાત વિચારે કે અવસ્થા મલિન થઈ છે પણ તેની એટલે જીવની. તે પુદ્‌ગલની નથી. અવસ્થા મલિન થઈ છે, પણ તે અવસ્થા મલિન થઈ છે ને ? જીવ મલિન થયો છે કે નહિ ? ખુબી તો ત્યાં છે. તેની અવસ્થા પુદ્‌ગલકર્મના નિમિત્તે રાગદિરૂપ મલિન છે તે પર્યાય છે. પર્યાય છે કે દ્રવ્ય છે ઈ ? મલિનતાનો ધર્મ પર્યાયમાં હોય કે મલિનતાનો ધર્મ દ્રવ્યમાં હોય ? મલિનતા પર્યાયને આધારે છે કે દ્રવ્યના આધારે છે ? શુદ્ધતાના આધારે અશુદ્ધતા ત્રણ કાળમાં હોય શકે નહીં.

લ્યો, આ ચંદુભાઈના ભાણેજ પણ ના પાડે છે. પર્યાયની દૃષ્ટિથી જોવામાં આવે તો તે મલિન જ દેખાય છે તે શુદ્ધ દેખાતી નથી. જો પર્યાયની દૃષ્ટિથી પર્યાયમાં રાગ હોય ને પર્યાય તરફ જોઈને કહે કે રાગ નથી તો પર્યાયનું જ્ઞાન ખોટું છે. પર્યાયનું જ્ઞાન ખોટું તો દ્રવ્યનું જ્ઞાન પણ ખોટું છે. આહાહા !

આ રધા સોનીનો કાંટો છે એમાં કાંઈ સાંધણ-એમ અગાઉ જૂનું સાંભળતા હતા હવે તો જે ચાલતું હોય તે એમાં કાંઈ સાંધણ, વિનુભાઈ...કાંઈ કાંટામાં સાંધણ હાલે. ના હાલે સાંધણ હોય તો સોનીને મોટી નુકસાની આવી જાય. સાંધણ ન હાલે કાંટામાં. જુદી જાતના સોનાના કાંટા હોય. હીરાનો કાંટો પચાસ હજારનો એક કાંટો મુંબઈમાં જોયો મેં.

અહિંયા તો કહે છે કે એકાંત પર્યાયને જોયા કરે તો તે ભાગ્યહીન છે. પોતાના પરિણામ ઉપર લક્ષ રાખ્યા કરે અને પરિણામને ગૌણ કરીને દ્રવ્યસ્વભાવ તરફ ન જાય તો પણ તે ભાગ્યહીન જીવ છે. તેને શૃંખલા હાથમાં આવે. તેને મોતી હાથમાં ન આવે. બોલો ભાઈ બોલો આજ તો બેસતું વરસ છે લલકારો કાંઈક–

‘‘સહેજે સમુદ્ર ઉલ્લસીયો માંય મોતી તણાતા જાય,
ભાગ્યહીન કર વાવરે તેની મુઠ્ઠીએ શંખલા ભરાય.
સહેજે સમુદ્ર ઉલ્લસીયો માંય રતન તણાતા જાય
ભાગ્યવંત કર વાવરે તેની મુઠ્ઠીએ રતન ભરાય’’

આ બોણી આ રતન હાથમાં આવે. બેસતા વરસની બોણી. આચાર્ય ભગવંતો, સંતો, ગુરુદેવ આ માર્ગ બતાવે છે કે પર્યાયનું જ્ઞાન કરી અને પર્યાયને જોવાની આંખ સર્વથા બંધ કરી દે. પર્યાયનું જ્ઞાન કરાવ્યું તો પર્યાયમાં જ ચોંટી ગયો જાણવા માટે. પર્યાયમાં મલિનતા છે કે નહિ ? પર્યાય મલિન છે કે નહિ ? પર્યાય મલિન છે એમ જણાવીને એમાં ચોંટી ગયો તું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાછો, તો અનુભવ નહીં થાય. તારા હાથમાં શૃંખલા આવશે. પણ પર્યાયનું જ્ઞાન કરી, પર્યાયને ગૌણ કરી ને પર્યાયનું લક્ષ છોડી ને પર્યાયથી ભિન્ન એવું નિજ પરમાત્મ દ્રવ્યની દૃષ્ટિ કરી લે તો અનુભવ થશે. તો તારા હાથમાં રતન આવશે.

તેની અવસ્થા પુદ્‌ગલ દ્રવ્યના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે તે પર્યાય છે. પર્યાયના દૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે અને દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે, કાંઇ જડપણું થયું નથી. વખત થઈ ગયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વિભાગ - ૨

## પ્રવચન નં. ૪

### તા. ૨૭-૯-૮૮ - હિંમતનગર

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. એની છઠ્ઠી ગાથાનો સ્વાધ્યાય કરવાનો વિચાર છે.

આત્માનું લક્ષણ જ્ઞાન અથવા ઉપયોગ છે, એવા આ આત્માને જાણનારા, અજ્ઞાની પ્રાણીઓ તો જ્ઞાનમય આત્મા સિવાય, જેનામાં જ્ઞાન નથી, શરીરમાં જ્ઞાન નથી, કર્મમાં જ્ઞાન નથી, રાગમાં જ્ઞાન નથી, એવા પરને આત્માપણે માનીને અજ્ઞાની બને છે. કાલે એ વાત આવી હતી. એ વાતને હવે બીજા સ્વરૂપે અહીંયા, આત્માના સ્વરૂપની વાત સમજાવે છે.

છઠ્ઠી ગાથામાં એક પ્રશ્ન ઊભો થયો. એવા પ્રશ્નોની ઉત્પત્તિ થઈ કે પાંચ ગાથા જ્યારે કહી આચાર્ય ભગવાને ત્યારે એમાં આચાર્ય ભગવાને એમ કહ્યું'તું કે એકત્વ વિભક્ત આત્માને હું દર્શાવીશ. એકત્વ એટલે પોતાથી અનંત ગુણો જે અંદરમાં છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ આદિ અનંત, અનંત ગુણ જે આત્મામાં બિરાજમાન છે. એનાથી આત્મા, એકત્વ એટલે એકપણે રહેલો છે આત્મા એનાથી, ગુણોથી એકપણે રહેલો છે, અનાદિ અનંત. એ એકપણે રહેલો છે, અને જે અનેક પર્યાયો પ્રગટ થાય છે એનાથી જુદો રહેલો છે. ગુણોથી સહિત અને પર્યાયથી રહિત રહેલો છે. એવો જે આત્મા એમ એને કહ્યું કે હું બતાવીશ.

તો શિષ્યે પ્રશ્ન કર્યો, કે એવો શુદ્ધાત્મા કોણ છે, કેવો છે અને એનો અનુભવ કેમ થાય ? શિષ્યે બીજો પ્રશ્ન ન કર્યો, કે લોકનું સ્વરૂપ શું ? જંબુદ્વીપ કેવડો ? ઘાતુકી ખંડ કેવડો ? છ દ્રવ્યનું શું સ્વરૂપ ? નવ તત્ત્વનું શું સ્વરૂપ ? કાંઈ પૂછ્યું નહીં. એક પ્રશ્ન પૂછ્યો, મારો શુદ્ધાત્મા છે એનું સ્વરૂપ શું ? અને મારા શુદ્ધાત્માનો મને અનુભવ કેમ થાય ? એમ એક સાથે બે પ્રશ્ન પૂછ્યા. એના ઉત્તરરૂપે છઠ્ઠી ગાથા આવી છે.

હવે પ્રશ્ન ઉપજે છે કે એવો શુદ્ધાત્મા કોણ છે ? જે આપ કહેવા માગો છો, શુદ્ધાત્માનું સ્વરૂપ, તે શુદ્ધાત્માનું સ્વરૂપ કેવું છે ? કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ, એટલે કે એને અનુભવમાં લેવું જોઈએ. અનુભવનો વિષય અને અનુભવ બે પ્રશ્ન પૂછ્યા.

અનુભવનો વિષય જે શુદ્ધાત્મા આપ કહેવા માગો છો, એનું સ્વરૂપ શું ? અને મને આજ સુધી અનુભવમાં આવ્યો નથી, તો મને અનુભવ કેમ થાય. આ એક પ્રયોજનભૂત બે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્નો અનાદિકાળથી શિષ્યો પૂછતા આવે છે. ગણધર ભગવંતો તીર્થંકરને આ પ્રશ્ન પૂછે છે. અને તીર્થંકરની વાણીમાં આનો ઉત્તર આવ્યા કરે છે. ઋષભદેવ ભગવાનને ભરત મહારાજાએ પૂછ્યું, ભગવાન મહાવીરને ગૌતમ ગણધરે પૂછ્યું. આ પ્રશ્ન ને ઉત્તરની પરંપરા અનાદિની છે. પ્રશ્ન પૂછનારાઓ પણ અનાદિના છે ને ઉત્તર દેનારા તીર્થંકર ભગવંત આદિ પણ અનાદિના છે. અને લાયક જીવ તો માત્ર પ્રયોજનભૂત પ્રશ્ન પૂછે છે. અપ્રયોજનભૂતની વાત હમણાં બાકી રાખીને, આત્માનો અનુભવ કેમ થાય, એ પછી અનુભવમાં ન ઠરાય તો જાણવાના વિષયોને પણ એ જ્ઞાનીઓ વિસ્તારથી જાણે છે અને બીજાને જણાવે પણ ખરા. પણ પહેલાં તો આત્માને જાણવો.

પ્રશ્ન છે, શુદ્ધાત્માનું સ્વરૂપ શું? અને એનો અનુભવ મને કેમ થાય? આહાહા! પુણ્ય કેમ બંધાય, પૈસો કેમ મળે એ પ્રશ્ન નથી. શુભભાવ કેમ થાય અને સ્વર્ગમાં કેમ જવાય એ પ્રશ્ન નથી. પોતાની અંદરની વાતનો પ્રશ્ન છે પોતાને, એનો ઉત્તર આપે છે.

**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाण्गो दु जो भावो ।**
**एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव ॥ ६ ॥**
**નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયકભાવ છે,**
**એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬**

ગાથાનો અર્થ : જે જ્ઞાયક ભાવ છે એટલે કે જેમાં જાણવાની શક્તિ પૂરેપૂરી ભરેલી છે. જાણવાની શક્તિનો પિંડ છે. જ્ઞાયક એટલે જાણનારો. એવો જે આત્મા, તેની શક્તિમાં પણ જાણવું છે અને વ્યક્ત અવસ્થા થાય એમાં પણ જાણવું છે. રાગાદિ શુભાશુભ ભાવ એમાં જાણવાની શક્તિનો પણ અભાવ અને જાણવાની વ્યક્તિનો પણ એમાં અભાવ. એમ આઠ કર્મ અને શરીર, એમાં જાણવાની શક્તિનો પણ અભાવ અને જાણવાની ક્રિયાનો પણ એમાં અભાવ. એમ આ શાસ્ત્ર છે શાસ્ત્ર-આગમ-દ્રવ્યશ્રુત એનામાં જાણવાની શક્તિનો પણ અભાવ અને જાણવાની ક્રિયાનો પણ અભાવ.

જેનામાં જાણવાની શક્તિનો સદ્‌ભાવ હોય એમાં જાણવાની અવસ્થાઓ પ્રગટ થાય. પણ જેનામાં જાણવાની શક્તિનો જ અભાવ છે, રાગાદિ આંધળા છે, કર્મ, નોકર્મ આંધળા છે, એનામાં જાણવાની શક્તિનો પણ અભાવ, અને એમાં જાણવાની વ્યક્ત દશાનો પણ અભાવ છે. આહાહા ! તલમાં તો તેલ છે, પણ કાંકરામાં તેલ નથી. આહાહા ! ભલે તલમાં તેલ વ્યક્ત દેખાતું નથી, પણ શક્તિરૂપે તો એમાં છે ને પ્રયોગ કરતાં તેમાંથી તેલ નીકળે છે, પણ કાંકરામાં શક્તિરૂપે પણ તેલ નથી અને વ્યક્ત અવસ્થામાં પણ તેલ પ્રગટ થતું નથી. એમ શુભાશુભ ભાવો પુણ્યપાપના ભાવો, એમાં શક્તિમાંય જ્ઞાન નથી અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એની વ્યક્ત અવસ્થા થાય તેમાં પણ જ્ઞાન છે નહીં. એમ આ શરીર, મન, વાણી, એનામાં જ્ઞાન શક્તિનોય અભાવ અને એમાં જ્ઞાનશક્તિની ક્રિયા થવાનો પણ અભાવ છે. આહાહા !

પણ ભગવાન આત્મા જે એક જ્ઞાયક તત્ત્વ છે, એમાં જાણવાની શક્તિનો પૂરો સદ્ભાવ, અને એની વ્યક્ત અવસ્થા પ્રગટ થાય છે, એમાં જાણવાની ક્રિયાનો સદ્ભાવ, શક્તિનો સદ્ભાવ અને શક્તિની વ્યક્તિનો પણ સદ્ભાવ છે. એવો એક જ્ઞાયક આ ભાવ છે. તે અપ્રમત્ત પણ નથી ને પ્રમત્ત પણ નથી. એટલે સાત ગુણસ્થાનથી ચૌદ ગુણસ્થાનની શુદ્ધ પર્યાયનો પણ એમાં અભાવ અને એકથી છ ગુણસ્થાનની અશુદ્ધ પર્યાયોનો પણ એમાં અભાવ.

પછી પ્રમત્ત સુધી શુદ્ધ પરિણતિ છે એ ગૌણ. અશુદ્ધ પર્યાય એક થી છ ગુણસ્થાનની અશુદ્ધપર્યાય, સાત થી ચૌદ શુદ્ધપર્યાયની મુખ્યતા. સાતથી ચૌદમાં તો અબુદ્ધિપૂર્વક રાગની ગૌણતા અને એકથી છમાં શુદ્ધ પરિણતિ હોય એની પણ ગૌણતા. તે અશુદ્ધ પર્યાયો પણ નથી આત્મામાં અને શુદ્ધ પર્યાયો પણ આત્મામાં નથી. આહાહા ! એ રીતે એને શુદ્ધ કહે છે. શુદ્ધ પર્યાયનો આત્મામાં અભાવ છે. એ કારણે આત્મા શુદ્ધ છે. આહાહા !

અશુદ્ધ પર્યાયોનો તો આત્મામાં અભાવ જ છે, પણ શુદ્ધ પર્યાયો પ્રગટ થાય એનો પણ એ શક્તિમાં વ્યક્તિનો અભાવ છે. શુદ્ધ પર્યાય પ્રગટ થાય એક સમયની પર્યાય સંવર, નિર્જરા ને મોક્ષ, એનો પણ ત્રિકાળી સ્વભાવમાં અભાવ છે. એ દૃષ્ટિનો વિષય છે. એ દૃષ્ટિનો વિષય દૃષ્ટિમાં આવતાં સમ્યગ્દર્શનની સાથે જ્ઞાન પણ પ્રગટ થાય છે. જ્ઞાને એમ જાણ્યું કે મારામાં પ્રમત્ત અપ્રમત્તનો અભાવ છે. એને શુદ્ધ કહેવામાં આવે છે.

આડત્રીસમી ગાથામાં મોક્ષમાર્ગરૂપે પરિણત સાધક આત્માઓ કહે છે, કે મારામાં સાત તત્ત્વનો અત્યંત અભાવ છે. તો સાત તત્ત્વોમાં શુદ્ધ અને અશુદ્ધ બેય પર્યાય આવી ગઈ, એનો મારામાં અભાવ છે એમ કહ્યું ત્યાં. અહીંયા આચાર્ય ભગવાન કહે છે કે પ્રમત્ત, અપ્રમત્તનો મારામાં અભાવ છે માટે હું શુદ્ધ છું. આડત્રીસમી ગાથામાં સાત તત્ત્વોનો અભાવ કહીને શુદ્ધતાની સ્થિતિ કહી, અહીંયા ચૌદ ગુણસ્થાનનો અભાવ છે પર્યાયનો માટે આત્મા શુદ્ધ છે. આહાહા ! એવો જે શુદ્ધ આત્મા છે, એ ઉપાસના કરવા યોગ્ય છે. દૃષ્ટિમાં લેવા યોગ્ય છે, અનુભવમાં લેવા યોગ્ય છે, એમ કહેશે આગળ.

વળી જે જ્ઞાયકપણે જણાયો, આહાહા ! વળી જે આત્મા જ્ઞાયકપણે જણાયો, અનુભવના કાળમાં આત્મા જાણનારપણે જણાયો, કરનારપણે જણાયો નથી. દૃષ્ટિમાં જ્ઞાયક આવ્યો તે સમયે જ્ઞાનમાં પણ જ્ઞાયક આવ્યો, હવે નિર્વિકલ્પ ધ્યાનમાં પણ જ્ઞાયક જે જાણનારપણે જણાયો ને જાણવામાં આવ્યો, જણાય પણ જ્ઞાયક ને જાણે પણ જ્ઞાયક, જાણનારો આત્મા ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જણાય છે પણ આત્મા.

હવે એક વાત વિશેષ બીજી કરે છે, કે નિર્વિકલ્પ ધ્યાનમાં તો સાધકને જાણનારો તે હું છું, દેખનારો તે હું છું, એમ જાણવામાં, અનુભવમાં આવ્યું તત્ત્વ, પછી વધારે વખત નિર્વિકલ્પ ધ્યાનમાં ટકાતું નથી અને સીધું કેવળજ્ઞાન થતું નથી. સમ્યગ્દર્શનની સાથે સાથે એજ સમયે જ્ઞાનની પૂર્ણતા થતી નથી એટલે સવિકલ્પદશામાં આવે છે. નિર્વિકલ્પ ધ્યાનમાંથી બહારમાં આવે છે, ત્યારે નિર્વિકલ્પ ધ્યાનમાં તો એકલો જ્ઞાયક પરમાત્મા, ધ્યેય પણ જ્ઞાયક અને જ્ઞેય પણ જ્ઞાયક હતું, પણ સવિકલ્પ દશામાં આવતાં જેનાથી આત્માની ઉપલબ્ધિ થઈ, એવા ઉપકારી શ્રીગુરુ એના જ્ઞાનમાં જ્ઞેયપણે જણાય છે.

હવે જ્યારે એ સમ્યગ્દ્રષ્ટિને સવિકલ્પ દશામાં આવતાં એમ ખ્યાલ આવ્યો કે આ ગુરુથી મારા ભવનો અંત, એની દેશનાલબ્ધિ સાંભળતા ભવનો અંત થયો. તો સવિકલ્પમાં આવતા એ જે ગુરુ છે ઉપકારી, શ્રી ગુરુ, એ જ્ઞાનમાં જ્ઞેય થાય છે, ત્યારે કહે છે કે નિર્વિકલ્પ ધ્યાનમાં તો જ્ઞાયક જણાયો, હવે સવિકલ્પમાં આવે છે, ત્યારે જ્ઞાયક જણાય છે કે પર જ્ઞેય જણાય છે ? કહે છે કે ભલે એ ઉપકારી ગુરુ જ્ઞાનમાં જ્ઞેયપણે, પર નિમિત્ત હો પણ એ વખતે તો, એ વખતે પણ, મને તો જ્ઞાયક જણાય છે. આહાહા !

એ વખતે પણ એ શ્રી ગુરુ જ્ઞેય, અને એને જાણનારું પરસતાઅવલંબનશીલ જ્ઞાનની પર્યાય જે જ્ઞાન, એ ઈન્દ્રિયજ્ઞાન ને ઈન્દ્રિયજ્ઞાનનો વિષય, એ નિમિત્તભૂત જ્ઞેય હોવા છતાં પણ મને તો જાણનાર જણાય છે. અમને તો નિર્વિકલ્પ ધ્યાનમાં પણ જ્ઞાયક જણાય છે, અને સવિકલ્પ જ્ઞાનમાં પણ જ્ઞાયક જણાય છે. આહાહા !

ખરેખર અમને આ પાંચ મહાવ્રતનાં પરિણામ કે શાસ્ત્રજ્ઞાન અમને જણાતું નથી. આહાહા ! એ કાળે પણ અંતરધ્યાન વખતે તો, અભેદમાં ભેદ દેખાતો નથી, એટલે કાંઈ પ્રશ્ન નથી. જ્ઞાત તે તો તે જ છે એનો અર્થ ચાલે છે. જે જાણવામાં આવ્યો, તે પહેલાં સમયે તો જણાય ગયો, અને પછી જે સવિકલ્પ દશામાં આવ્યો, ત્યારે બીજું જણાય છે ? કે જે અનુભવકાળમાં જ્ઞાયક જણાયો તે જ જણાય છે. તે જ જણાય છે. બીજું અમને જણાતું નથી. જણાતું હોવા છતાં પણ નથી જણાતું. ઉર્ધ્વપણે તો જ્ઞાયક જણાય છે. આહાહા ''જ્ઞાત તે તો તે જ છે.'' આહાહા !

સતિ સ્ત્રી હોય એને એક જ પતિ હોય, ઘરમાં હોય ત્યારે પતિ જણાય ને, પાણી ભરવા ત્યારે પણ પતિ જણાય છે. બીજું કાંઈ જણાતું નથી. એમ બાળક ઘોડીયામાં સુવડાવીને પાણી ભરવા માતા ગઈ હોય, તો બધાયની સાથે વાતો કરે, પાણી ભરતા ચર્ચા કરે પણ એને તો એ બાળક જણાય છે, બીજું કાંઈ જણાતું નથી. આહાહા ! જેની જેને રુચિ છે, એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રુચિનો પદાર્થ નિરંતર જણાયા કરે છે. જેના ઉપરથી રુચિ છૂટી ગઈ છે, એના ઉપર આંખ ભલે જાય, પણ એ જણાતું નથી. ''જ્ઞાત તે તો તે જ છે.'' આહાહા !

''જ્ઞાત તે તો તે જ છે.'' જે અનુભવકાળમાં, નિર્વિકલ્પ ધ્યાનમાં, જ્ઞાયકમાં અહં થયું, જાણવામાં આવ્યો, જાણેલાનું શ્રદ્ધાન પણ પ્રગટ થઈ ગયું, પછી વધારે વખત અંદર ટકાતું નથી. ઉપયોગ બહાર આવે છે. પરિણતિ અંદર રહે છે. ઉપયોગ બહાર જાય છે. આહાહા ! પણ એ પરિણતિનું જોર એટલું છે કે એ ઉપયોગમાં પર જણાય છતાં પરિણતિમાં સ્વ જણાયા કરે છે. ''જ્ઞાત તે તો તે જ છે.'' અદ્‌ભૂતમાં અદ્‌ભૂત ચમત્કારીક માર્ગ છે.

એ શુદ્ધાત્માની કેમ પ્રાપ્તિ થાય ? એવો શિષ્યનો પ્રશ્ન છે. શુદ્ધ આત્માનું સ્વરૂપ શું ? અને એનો અનુભવ કેમ થાય. આ બે પ્રશ્ન છે. એના ઉત્તરરૂપ ગાથા છે.

એની ટીકા, ટીકા એટલે વિસ્તાર. એ મૂળમાં છે, પ્રાકૃત્ત ગાથામાં, એની સંસ્કૃતમાં ''આત્મખ્યાતિ'' નામની ટીકા કરે છે. આત્મખ્યાતિ એટલે આત્માની પ્રસિદ્ધિ. મૂળ શાસ્ત્રનું નામ સમયસાર. સમયસાર એટલે શુદ્ધાત્મા. સમયસાર એટલે શુદ્ધાત્મા. સમયસારનો અર્થ શુદ્ધાત્મા અને આત્મખ્યાતિ એટલે આત્માની પ્રસિદ્ધિ એટલે શુદ્ધાત્માની પ્રસિદ્ધિ. આહાહા ! એકે કહ્યું શુદ્ધાત્મા, બીજાએ કહ્યું શુદ્ધાત્માની પ્રસિદ્ધિ. બસ, બે શબ્દો છે. સમયસાર એ શુદ્ધાત્મા અને આત્મખ્યાતિ એટલે એની પ્રસિદ્ધિ. છ દ્રવ્યની પ્રસિદ્ધિ ? કે ના રે ના. શુદ્ધાત્માની પ્રસિદ્ધિ થાય છે એવું આ શાસ્ત્ર છે.

ટીકા :- એ પોતે પોતાથી સિદ્ધ હોવાથી, જો આ જીવતત્ત્વ સામાન્યની વાત ચાલે છે. જ્ઞાયકતત્ત્વ એટલે પર્યાયમાત્રથી રહિત, પર્યાયમાત્રથી રહિત છે આત્મા. જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી, દેહ છે તો આત્મા છે એમ નથી. કર્મ છે તો આત્મા છે એમ નથી. રાગ છે માટે આત્મા છે એમ નથી. એક સમયની જ્ઞાનની પર્યાય છે માટે આત્મા છે એમ નથી, મોક્ષની પર્યાય છે માટે આત્મા છે એમ નથી. નિરપેક્ષ એ તો સ્વયં સિદ્ધ છે. આહાહા !

પર્યાયમાં અશુદ્ધતા હો કે પર્યાયમાં શુદ્ધતા હો, હું તો સ્વયં સિદ્ધ પરમાત્મા છું. આહાહા ! પરમાત્મા છે એને પરમાત્મા થવાની પણ અપેક્ષા નથી, કે પરમાત્મા થાય તો પરમાત્મા છે એમ પણ નથી. એ તો પ્રથમથી જ પરમાત્મા છે.

જે પોતે, પોતાથી જ, બીજાથી નહીં, નિરપેક્ષ સિદ્ધ હોવાથી, કોઈથી ઉત્પન્ન થયો નહીં હોવાથી, આત્મા જનમતો ય નથી ને મરતો પણ નથી. કોઈથી ઉત્પન્ન થયો નહીં હોવાથી, અનાદિ સતારૂપ છે. કદી વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે. અનાદિ અનંત દ્રવ્યને સિદ્ધ કર્યું, જ્ઞાયક તત્ત્વ. આહાહા ! પર્યાય તો સાદી સાંત છે. એક સમયના આયુષ્યવાળી છે. પર્યાયનું આયુષ્ય એક સમયનું છે અને દ્રવ્ય અનાદિ અનંત. આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જનમતોય નથી ને મરતોય નથી. તને મરવાનો ભય શેનો લાગે છે. તું તો મરવાનો નથી. આહાહા ! તું તો અજર અમર પરમાત્મા છો. અનાદિ અનંતની સિદ્ધિ કરી.

આ આત્મા છે, પર્યાયને ગૌણ કરી, પર્યાયનું લક્ષ છોડીને, પર્યાયથી રહિત, એની શક્તિ સંપન્ન ભગવાન અનંત ગુણનો પિંડ આત્મા, સોનાની અવસ્થાને ન જો, સોનાને જો. સોનાને જોતાં સોનાના ગુણભેદને પણ ન જો, એકલા સોનાને જો. આહાહા ! એમ આ આત્મા અનાદિ-અનંત છે, કોઈ કાળે જન્મતો નથી. અને કોઈ વિયોગથી નાશ પણ થતો નથી. સંયોગથી જેની ઉત્પત્તિ થતી નથી અને સંયોગના વિયોગથી જેનો નાશ થતો નથી. એવો અનાદિ અનંત છે. એ અનાદિ અનંતની સિદ્ધિ કરી.

હવે આગળ, નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી. કહે છે કે પર્યાય તો પ્રગટ થાય ને નાશ થાય. પર્યાય અનિત્ય કહેવાય અને દ્રવ્યને નિત્ય કહેવાય. સૂર્યને નિત્ય કહેવાય અને સૂર્યના પ્રકાશને અનિત્ય કહેવાય. તો જે નિત્ય હોય તેને જ સૂર્ય કહેવાય. અનિત્ય એની પ્રકાશની પર્યાયને સૂર્ય ન કહેવાય. સૂર્યના પરિણામ કહો પણ સૂર્ય એને ન કહો. એમ આ ભગવાન આત્મા, એ નિત્ય એટલે હંમેશા ઉદ્યોતરૂપ હોવાથી, પ્રગટરૂપ હોવાથી, પ્રગટ થાય છે. તે મને પરદ્રવ્ય છે પ્રગટ છે તે હું છું. આહાહા !

(શ્રોતા : પોતાના ગૌરવની ગાથા કહે છે સાહેબ) હા. ગૌરવની ગાથા છે, આત્માના ગાણા ગવાય છે. જો આવો મારો આત્મા છે એવો મહિમા જો આવ્યો તો ભવનો અંત થઈ જાય છે. પણ આત્માનો મહિમા આવતાં, પરનો મહિમા છૂટી જશે, પૈસાનો, રૂપનો, જ્ઞાનના ઉઘાડનો, સત્તાનો, બધાના ભુક્કા થઈ જશે. એક શુદ્ધાત્માનો મહિમા આવતાં, જગતમાં કોઈ મહિમાવંત પદાર્થ મને દેખાતો નથી. આહા !

એવો જે શુદ્ધાત્મા અનાદિ અનંત છે એમ કહ્યું. હવે અનાદિ-અનંત જે કહ્યું, તો વર્તમાનમાં એની શું સ્થિતિ છે ? કે પ્રગટ થાય છે તે આત્મા છે કે પ્રગટ છે તે આત્મા છે ? કે નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી, થવાથી નહીં. નિત્ય પ્રગટરૂપ હોવાથી, પરિણામ તો પ્રગટ થાય છે ને નાશ થાય છે, જે પ્રગટ થાય છે તે હું નહીં. પ્રગટ થાય છે તે મને પરદ્રવ્ય છે. અને જે પ્રગટ છે તે મને સ્વદ્રવ્ય છે. પર્યાયમાત્ર જે પ્રગટ થાય છે તેને પરમાત્મા પરદ્રવ્ય કહે છે. અને જે પ્રગટ છે તેને સ્વદ્રવ્ય કહે છે.

નિત્ય ઉદ્યોતરૂપ, પર્યાયનાં વિશેષણમાં, અનિત્ય ઉદ્યોત કહેવાય. એક સમયની અનિત્ય પર્યાય પ્રગટ થાય તે પ્રગટ થઈ, ન હતી ને થઈ. સમ્યગ્દર્શન નહોતું થયું તે આત્મા નથી. સમ્યગ્દર્શન પ્રગટ થાવ કે ન થાવ, એવી પણ અપેક્ષા ભગવાનને નથી. એ તો નિત્ય ઉદ્યોતરૂપ છે. પ્રગટ છે, શાશ્વત છે. આહા ! કેમ દેખાતો નથી ? કેમ કે તું એને દેખતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. માટે દેખાતો નથી.

નિત્ય-ઉદ્યોતરૂપ ''હોવાથી'' શબ્દ વાપર્યો છે. ''થવાથી'' નહીં. હોવાથી, છે- છે, છે ને છે. આહાહા ! હોવાથી ક્ષણિક નથી, નિત્ય છે માટે અનિત્ય નથી. અનિત્ય તે આત્મા ન હોય, નિત્ય તે આત્મા હોય. સાત તત્ત્વનો સમૂહ અનિત્ય છે. પર્યાય છે. અનિત્ય પર્યાય હોય. અનિત્ય દ્રવ્ય ન હોય. સોનું નિત્ય હોય અને ઘાટ અનિત્ય છે, માટે ઘાટ તે સોનું નથી. આહાહા ! નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી, અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. આહાહા !

શું કહે છે કે આ આત્મા નિત્ય છે, છે ને છે અને પ્રત્યક્ષ છે. પરોક્ષ નથી. સ્પષ્ટ પ્રકાશમાન પ્રત્યક્ષ જાજલ્યમાન જ્યોતિ બિરાજમાન છે આત્મા. એ આત્મા પ્રત્યક્ષ છે અને જ્ઞાનમાં પ્રત્યક્ષ થાય એવો એનો સ્વભાવ છે. જ્ઞાનમાં આત્મા પરોક્ષ રહે એવો આત્માનો સ્વભાવ નથી. આહાહા ! જે જ્ઞાનમાં આત્મા જણાય, તે જ્ઞાન પણ પ્રત્યક્ષ અને ભગવાન આત્મા પણ પ્રત્યક્ષને જાણે એ જ્ઞાનની પર્યાયને પ્રત્યક્ષ કહેવાય. જે પ્રત્યક્ષને જ્ઞાન જાણતું નથી, તે જ્ઞાનની પર્યાય પરોક્ષ છે. પ્રત્યક્ષ થવાનો જેનો સ્વભાવ છે, જ્ઞાનમાં ન જણાય એવો એનો સ્વભાવ નથી. પોતાના જ્ઞાનમાં, જ્ઞાન ને જ્ઞાયક આત્મા જણાય, જણાય ને જણાય. આહાહા !

પ્રત્યક્ષ છે માટે પ્રત્યક્ષ થાય છે. ઈન્દ્રિયજ્ઞાન પરોક્ષ છે. ભગવાન આત્મા પ્રત્યક્ષ છે. એ ઈન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર બંધ થઈને જે જ્ઞાન પ્રત્યક્ષને જાણવા જાય છે, તો એ જ્ઞાનને સ્વસંવેદન પ્રત્યક્ષ કહેવામાં આવે છે. પ્રત્યક્ષને જાણે એ જ્ઞાનનું નામ પ્રત્યક્ષ છે. જે જ્ઞાયકને જ્ઞાન જાણતું નથી. એ જ્ઞાનનું નામ પ્રત્યક્ષ નથી પણ પરોક્ષ છે. ઈન્દ્રિયજ્ઞાન છે એ અજ્ઞાન છે. ઈન્દ્રિયજ્ઞાન એટલે અજ્ઞાન છે. અ...જ્ઞાન. આહાહા !

સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ, જાજલ્યમાન જ્યોતિ, ઝળહળ જ્યોતિ છે, સૂર્ય છે. અમને દેખાતો નથી, પણ પ્રત્યક્ષ છે. અમને બધાને દેખાય છે, તને દેખાતો નથી. પણ આંખ ઉઘાડ તો દેખાય ને. પહેલાં આંખ મીંચીને કહેતો હતો. આંખ ઉઘાડ તો તને દેખાય. તત્ત્વજ્ઞાન તરંગિણીમાં એક દ્રષ્ટાંત આવે છે, એક આંધળો ને એક દેખતો, બેય ચાલ્યા જાય છે. રાત્રિનો ટાઈમ, શિયાળાનો ટાઈમ ૧૦૮ બગલા ચાલ્યા જાય છે આકાશમાં ૧૦૮ બગલા, બગલા સમજાય છે ને. હાર બંધ ચાલે, ઈ એક લાઈનમાં ચાલે એ લાઈન બદલાવે નહીં, ઘડીકમાં આમ ને ઘડીકમાં આમ એમ આડા અવળા ન ચાલે. આહાહા !

ઓલો દેખતો કહે આંધળાને કે જો તો ખરો ભાઈ ૧૦૮ બગલા, આકાશમાં હારબંધ જાય છે. 'ના' એટલા નથી, એલા પણ તું આંધળો, તને આંખ નથી, તું દેખતો નથી, ને તું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલા નથી એટલા નથી. શેના આધારે કહેશ ? સમજાણું ? દેખતા એવા ધર્માત્મા, જેને શુદ્ધાત્માના દર્શન કર્યા, અજ્ઞાની કહે, ના. એવું ન હોય, ના એવું ન હોય, એવું ન હોય, એ પણ તને ખબર નથી, તને આત્માનું ભાન નથી, આ અનુભવીની હોડમાં શું કામ તું જાશ. બગલા ૧૦૮ છે તો કહે એટલા નથી. તમે કહો છો એટલા નથી. પણ શેના આધારે તું કહે છે. તારે આંખ નથી આંધળો તો છો તું.

એમ, આત્મા અકર્તા નથી, કર્તા છે. આહાહા ! આત્મા સ્વને જાણે ને આત્મા પરને પણ જાણે. આત્મા આવો ને આત્મા આવો. આત્માથી કર્મ બંધાય, આત્મા કર્મને ભોગવે, રાગને કરે. અરે ! જ્ઞાની કહે છે કે આત્મા એવો નથી, અમને જાણવામાં, અનુભવમાં આવ્યો એવો આત્મા છે. ઓલો કહે કે ના એવો નથી. આ કહે સર્વથા એવો છે. ઓલો કહે ના કથંચિત્ આવો છે. એલા પણ તને કાંઈ ખબર નથી. સર્વથાની ખબર નહીં. કથંચિત્‌ની કાંઈ ખબર નથી તું શેના આધારે વાત કરી રહ્યો છે. બાપુ !

એમ અહીં કહે છે કે પ્રત્યક્ષ, આહાહા ! પ્રત્યક્ષ છે, તેથી જ્ઞાનમાં પ્રત્યક્ષ થાય છે. જો આત્મા જ પ્રત્યક્ષ ન હોય, તો જ્ઞાનમાં પ્રત્યક્ષ ન થાય. એપોઈન્ટમેન્ટ લેવા માટે ટપાલ લખવી પડે પરમાત્માને, કે મારે તમને પ્રશ્ન કરવા છે. સમજાણું ? પણ એને એપોઈન્ટમેન્ટની જરૂર નથી, એ તો કહે છે કે હું તો પ્રગટ જ છું, પ્રત્યક્ષ. જ્યારે તારે દર્શન કરવા હોય ત્યારે કરી લે. આહાહા !

સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ, ઝળહળ જ્યોતિ બિરાજમાન છે. દેહ દેવળમાં, દેહથી ભિન્ન, આ રાગથી પણ ભિન્ન અને ઈન્દ્રિયજ્ઞાનથી પણ ભિન્ન અતીન્દ્રિયજ્ઞાનમય પરમાત્મા અંદર બિરાજમાન, ઝળહળ જ્યોતિ છે. પ્રત્યક્ષ છે માટે અંતરમુખ જ્ઞાન થતાં, એ જ્ઞાનમાં પણ પ્રત્યક્ષ થઈ જાય છે. સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. જ્યોતિ કહીને રાગનો અંધકાર એમાં નથી. પ્રકાશમાં અંધકાર ન હોય માટે જ્યોતિ શબ્દ મૂક્યો. અજ્ઞાની કહે એકલું જ્ઞાન નથી, થોડો રાગ પણ આત્મામાં છે. અરે જ્યોતિ છે સાંભળ તો ખરો. આહાહા ! જ્યોતિ છે.

એવો જે જ્ઞાયક એક ભાવ છે, અનાદિ અનંત કહ્યું, નિત્ય ઉદ્યોતરૂપ કહ્યું, પ્રગટ છે એમ કહ્યું, પ્રત્યક્ષ છે એમ કહ્યું. એવો જે એક જ્ઞાયક એટલે જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર શક્તિનો પુંજ. શક્તિને જાણે એની વ્યક્તિમાં જ્ઞાન પ્રગટ થાય છે. જે શક્તિ સંપન્ન ભગવાન જ્ઞાયકને જાણે, એ જ્ઞાનની પર્યાયનું નામ સ્વસંવેદન જ્ઞાન કહેવામાં આવે છે. એને અતીન્દ્રિય જ્ઞાન કહેવામાં આવે છે. એ જ્ઞાયક એક ભાવ છે, છે બસ જ્ઞાયક એક ભાવ છે. સામાન્ય તત્ત્વ સિદ્ધ કર્યું. અનાદિ અનંત.

હવે તે જ્ઞાયકભાવ, હવે વિશેષ અપેક્ષાએ સમજાવે છે. પર્યાયની અપેક્ષાએ, દ્રવ્યની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અપેક્ષાએ સમજાવ્યું. હવે પર્યાયની અપેક્ષા દ્વારા પણ એને ત્રિકાળ સ્વભાવ સમજાવવો છે. પર્યાય સમજાવવી નથી.

તે સંસારની અવસ્થામાં એટલે મિથ્યાત્વની અવસ્થામાં, અજ્ઞાન અવસ્થામાં, જ્ઞાયકભાવ એ મિથ્યાદૃષ્ટિ થતો નથી. અવસ્થા-અવસ્થા, સંસારની અવસ્થામાં, અજ્ઞાનની અવસ્થામાં, સોનું ને સોનાનો ઘાટ બે પડખાંવાળો એક પદાર્થ છે. એમ આ આત્મા છે, સામાન્ય પડખું જ્ઞાયક, અનંત ગુણનો પિંડ, અને એની વર્તમાન વર્તતી અવસ્થા, હાલતમાં શું સ્થિતિ ભજે છે અને સ્થિતિ ભજવાનાં કાળે આત્મા કેવો રહી જાય છે. એવી માર્મિક વાત બતાવે છે.

તે સંસારની અવસ્થામાં, એટલે અજ્ઞાન અવસ્થામાં, અનાદિ બંધ પર્યાયની નિરૂપણાની અપેક્ષાથી, એટલે સ્વ અને પર, એનો વિભાગ એને અસ્ત થઈ ગયો છે, એવા ભાવબંધની પર્યાયની અપેક્ષાથી, અથવા નિમિત્તપણે કર્મનો બંધ અનંતકાળથી ચાલ્યો આવે છે એની અપેક્ષાથી, ક્ષીર નીરની જેમ, દૂધ અને પાણીની જેમ, કર્મ-પુદ્‌ગલો સાથે એકરૂપ હોવા છતાં, જડ કર્મ આઠ પ્રકારના કર્મ છે, એક ચેતન ને એક જડ, એ બેનો અનાદિકાળથી સંયોગ સંબંધ થયો છે.

આત્મામાં કર્મ નથી ને કર્મમાં આત્મા નથી. ચાંદીમાં સોનું નથી અને સોનામાં ચાંદી નથી. પાણીમાં દૂધ નથી ને દૂધમાં પાણી નથી. પણ એને સંયોગ સંબંધ કહેવામાં આવે છે. ક્ષીરનીરની જેમ, ક્ષીર અને નીર એવો દાખલો આપ્યો, એમાં બેની જુદાઈ, દૂધ અને પાણી, એકનું નામ દૂધ ને એકનું નામ પાણી, બે પદાર્થ જુદા જુદા છે. એક વાસણમાં બે પદાર્થ મળેલા છે. જેમ આકાશના એક ક્ષેત્રે, દૂધ અને પાણી છે, પણ પાણીના ક્ષેત્રમાં દૂધ નથી ને દૂધના ક્ષેત્રમાં પાણી નથી. આહાહા ! એના બેયના સ્વક્ષેત્ર ભિન્ન ભિન્ન છે. આકાશના એક ક્ષેત્રમાં બે પદાર્થ રહેલા છે. આકાશનું એ ક્ષેત્ર છે. પણ સ્વક્ષેત્ર બેયના જુદા જુદા છે.

એમ કર્મ ને આત્મા એક સાથે અનાદિકાળના ભલે મળેલા હો તો પણ કર્મ પુદ્‌ગલો સાથે એકરૂપ હોવા છતાં, કર્મનો સંબંધ બતાવ્યો, પર્યાયની સાથે કર્મનો સંબંધ થયેલો છે, પણ એ વખતે દ્રવ્યની સાથે કર્મનો સંબંધ થયો નથી. દ્રવ્ય તો મુક્ત છે. પર્યાયમાં બંધ થયો છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પરિણામ સાથે હોય. સામાન્ય તત્ત્વ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ન હોય. ક્ષીરનીરની જેમ કર્મ પુદ્‌ગલો સાથે, આઠ પ્રકારના કર્મ છે, એની સાથે એકરૂપ હોવા છતાં, અને એક ક્ષેત્રાવગાહ સંબંધ હોવા છતાં, આવી સ્થિતિ છે, કર્મ સત્તામાં છે. સત્તામાં રહેલા કર્મ, અબાધાકાળ પાકતાં ઉદયમાં પણ આવે છે અને ઉદયમાં આવતા જીવના પરિણામ એમાં જોડાય છે. જીવ જોડાતો નથી. કર્મના ઉદયમાં પરિણામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જોડાય છે પણ જીવ જોડાતો નથી.

હવે એ જ્યારે પરિણામ કર્મના ઉદયમાં જોડાય છે, સત્તામાં હતા કર્મ ઉદયમાં આવે છે. સ્વભાવને ભૂલીને અજ્ઞાની પ્રાણી કર્મના ઉદયમાં જોડાય છે, કર્મના ઉદયમાં જોડાતા શુભાશુભભાવ પણ પર્યાયમાં થાય છે અને શુભાશુભ ભાવના નિમિત્તે નવા કર્મનો બંધ પણ થાય છે. આવો ચકરાવો હોવા છતાં પણ, ભગવાન આત્મા શુભાશુભરૂપે થતો નથી.

ફરીને, થોડી વાત સૂક્ષ્મ છે સમજવા જેવી છે. સંસારની રચના જ્યારે થઈ રહી છે સંસારની રચના થઈ રહી છે, જ્ઞાયક સ્વભાવની બહારમાં, જ્ઞાયકમાં સંસારની રચના નથી. શુદ્ધાત્મામાં સંસાર નથી. શુદ્ધ આત્મા કર્મ બંધમાં નિમિત્ત કારણ થતો નથી. અને જ્ઞાયકભાવ કર્મના ઉદયમાં જોડાતો નથી. અને જ્ઞાયકભાવ શુભાશુભરૂપે થતો નથી અને જ્ઞાયકભાવ નવા કર્મના બંધનું નિમિત્ત કારણ પણ થતો નથી. આવા ચકરાવાના કાળમાં પણ જ્ઞાયક, એ નિજ પરમાત્મ દ્રવ્ય જે છે. આ દૃષ્ટિમાં લેવા જેવી આ વાત છે. કર્મ છે, ઉદય છે, શુભાશુભભાવ થાય છે, નવા કર્મ બંધાય છે. ભલે હો. પણ સર્વ અવસ્થાને વિષે ન્યારો જણાય છે. આહાહા ! એ રૂપે થતો નથી. નિજ ભાવને છોડે નહીં અને પરભાવને ગ્રહે નહી. એ ઉપરથી વાત કહી. હવે શાસ્ત્રના આધારથી વાત કરે છે.

દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો ત્રિકાળી સામાન્ય ચિદાનંદ આત્મા, જે શુદ્ધ આત્મા છે એની અપેક્ષાથી જોવામાં આવે તો, એની શું સ્થિતિ રહી જાય છે અને પરિણામમાં શું સ્થિતિ થઈ જાય છે. અને પરિણામમાં સ્થિતિ થવા છતાં, આત્મા કેવો રહી જાય છે. અલૌકિક વાત છે. આહાહા ! પરિણામની સ્થિતિનું જ્ઞાન કરાવે છે. કર્મના ઉદયનું જ્ઞાન કરાવે, નવા કર્મ બંધાય એનું જ્ઞાન કરાવે, બંધમાં શુભાશુભ ભાવ નિમિત્ત થાય એનું જ્ઞાન કરાવે, તો પણ શુભાશુભરૂપે થતો નથી.

છઠ્ઠી ગાથા તો આખા સમયસારનો સાર છે. ૪૧૫ ગાથાનો સાર છે. છઠ્ઠીના લેખ. આ છઠ્ઠીના લેખ છે. એમાં આ શાસ્ત્રમાં કુંદકુંદ ભગવાનનો ફોટો છે, ઈ ફોટામાં છઠ્ઠી ગાથા લખી છે. ફોટો જે છે ને, આમાં છે કે નહીં ઈ ખબર નથી મને. જોવો. કુંદકુંદ આચાર્ય ભગવાનનો ફોટો છે, આ સમયસાર, કુંદકુંદઆચાર્ય ભગવાનની કૃતિ છે. એ કુંદકુંદઆચાર્ય ભગવાને તાડપત્રમાં સમયસાર લખવાની શરૂઆત કરી. ઈ સમયસાર ક્યાંથી શરૂ થાય છે કે ''ણ વિ અપમતો પમતો જાણ દો દુજો ભાવો'' એ આમાં ઝીણા અક્ષરથી લખેલું છે. જરા જો, તો આ તાલપત્ર પણ દેખાય છે અને તાલપત્રમાં કુંદકુંદ આચાર્ય ભગવાન શું લખવાની શરૂઆત કરે છે એ પણ દેખાય છે. ''ણ વિ હો દિ'' આમાં વંચાય છે. આહાહા ! સમયસારની શરૂઆત છઠ્ઠી ગાથાથી અને પૂર્ણતા પણ છઠ્ઠી ગાથામાં છે. પછી વિસ્તાર

રુચિવાળા જીવોને, છઠ્ઠી ગાથામાંથી ન કાઢી શકે તો આગળ જઈને ૪૧૫ ગાથા લખવામાં આવે છે. બાકી છઠ્ઠી ગાથામાં કામ થઈ જાય છે. આહાહા ! તાડપત્રમાં શરૂઆતમાં શબ્દ લખ્યા કે મારો આત્મા એ અપ્રમત્ત પણ નથી ને પ્રમત્ત પણ નથી. પર્યાયરૂપે મારો આત્મા નથી. હું તો પરિણામથી ભિન્ન છું. એ દૃષ્ટિનો વિષય છે, એ વાત કરે છે.

દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો, એક પડખું છે પરિણામનું અને બીજું પડખું અપરિણામીનું દ્રવ્યનું પડખું છે. બેય પડખાંવાળો એક પદાર્થ હોવા છતાં પણ બીજા વર્તમાન પર્યાયના પડખાંમાં અનેક પ્રકારની ચિત્ર વિચિત્ર દશાઓ થાય. આહાહા ! એ જૂના કર્મમાં જોડાય, નવા કર્મના બંધમાં એ પરિણામ નિમિત્ત થાય અને એ નિમિત્ત થાય ત્યારે શુભાશુભ ભાવ પણ પર્યાયમાં થાય, એ બધાનું જ્ઞાન હોવા છતાં પણ, મારું અસ્તિત્વ એમાં નથી. હું એનાથી જુદો છું.

દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો દુરંત કષાય ચક્રના ઉદયની, કષાય સમૂહના અપાર ઉદયોની વિચિત્રતાના વશે પ્રવર્તતા, એને વશ થાય છે આત્મા. કર્મ અનેક પ્રકારના છે. ઉદયમાં આવે છે. એક સરખા કર્મ નથી. અને ઉદયની અંદર એ જોડાય છે. આત્મા જોડાતો નથી ધ્યાન રાખજો. પરઆશ્રિત પરિણામ જોડાય છે. સ્વઆશ્રિત પરિણામ જોડાતા નથી. પરઆશ્રિત જેટલા પરિણામ છે એટલા જોડાય છે એમાં અને વિચિત્રતાના વશે, કોઈ બળાત્કારે કર્મ, શુભાશુભ ભાવ કરાવતો નથી.

સ્વતંત્રપણે સ્વભાવને ભૂલીને આ નિમિત્તનું લક્ષ કરે છે આત્મા. એ વ્યવહારજીવ પરિણામ. એના વશે પ્રવર્તતા, જે પુણ્ય પાપના, પુણ્ય પાપને ઉત્પન્ન કરનાર, પુણ્ય-પાપની પ્રકૃત્તિ નવી જે બંધાય, નવી પુણ્ય પ્રકૃત્તિ ને પાપ પ્રકૃત્તિ, એનો જે બંધ થાય છે એમાં નિમિત્ત કારણ શુભાશુભ ભાવ છે. કર્મને બાંધનારો આત્મા નથી. અને કર્મના બંધમાં આત્મા નિમિત્ત પણ થતો નથી. શું કહ્યું ? સંસારી જીવને કર્મ બંધાય છે એમ સિદ્ધ કર્યું. તો એ બંધનું કારણ શું ? ઉપાદાન કારણ કોણ ને નિમિત્ત કારણ કોણ ? કે ઉપાદાન કારણ એની પ્રકૃત્તિથી બંધાય છે. નિમિત્ત કારણ કોણ ? કે શુભાશુભ ભાવ. ભગવાન આત્મા ઉપાદાન કારણ પણ નથી અને નિમિત્ત કારણ પણ નથી. વ્યાપ્ય-વ્યાપક ભાવેય કરતો નથી નવા કર્મના બંધને, જો વ્યાપ્ય-વ્યાપક ભાવે કરે તો આત્માનો નાશ થાય. અને આત્મા એમાં નવા કર્મબંધમાં નિમિત્ત થાય, નિમિત્ત નૈમિત્તિક ભાવે કરે તો નિત્ય નિમિત્ત કર્તાનો દોષ આવતાં કોઈ કાળે કોઈનો મોક્ષ થઈ શકે નહીં. આહાહા !

વેપાર કરે એમાં તો અનેક પ્રકારનો બાપ દિકરો બેય વિચાર કરે. આમ માલ લઉં તો, લખનૌથી માલ લઈ આવી તો આ પડતર થાય. દિલ્હીથી લઈ આવી તો આ પડતર થાય.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ સતિષ બેઠો. આહાહા ! એમાં બધો વિચાર કરે પણ આમાં, આહાહા ! ભાઈ વિચાર તો આ કરવાનો છે આનો. આહાહા ! કે આ જે કર્મ ઉદયમાં આવે છે એમાં કોણ જોડાય છે, હું નથી જોડાતો. કર્મ બંધાય છે એનું કારણ કોણ ? કે હું નહી, હું તો જ્ઞાનમય આત્મા છું. કર્મના બંધમાં આત્મા-જીવતત્ત્વ નિમિત્ત નથી. કર્મના બંધમાં આસ્રવતત્ત્વ નિમિત્ત હોય. જીવતત્ત્વ નિમિત્ત ન હોય. બાંધે તો નહીં, કર્તા તો નહીં, પણ નિમિત્ત પણ નહીં. આહાહા ! કર્મ બંધાય છે ? કે હા. તો જીવ બાંધે તો બંધાયને ? કે ના. જીવ બાંધે નહી ને બંધાય. એ શું ? ફરીથી બોલો જોય.

જીવ કર્મને બાંધે નહીં અને કર્મ બંધાયા કરે. કાંઈ સમજાણું નહીં. કે તું જીવને જાણતો નથી ને એટલે તને સમજાતું નથી. જ્ઞાયકને એકવાર જો તો તને બધું સમજાય જાશે. કર્મ બંધાય છે ? કે હા. જીવ બાંધતો નથી ? કે ના. બંધાય છે ? કે હા. તો બંધાય છે એમાં નિમિત્ત છે કોઈ ? કે હા. આત્મા નિમિત્ત છે ? કે ના. તો એમાં નિમિત્ત કારણ કોણ ? કે શુભાશુભ ભાવ એમાં નિમિત્ત થાય કે જેનાથી આત્મા જુદો છે. શુભાશુભભાવથી આત્મા જુદો છે. આત્મા તેનાથી અત્યંત ભિન્ન છે એટલે એમાં નિમિત્ત થતો નથી. જો અભિન્ન હોય તો એમાં નિમિત્ત થઈ જાય. શુભાશુભભાવને આત્મા એકમેક હોય તો શુભાશુભભાવ નિમિત્ત થતા આત્મા પણ નિમિત્ત થઈ જાય. અલૌકિક વાત છે. આહાહા !

આ તો સમયસાર છે. ભાવો બ્રહ્માંડના ભર્યા છે. આહાહા ! અલૌકિક ચીજ છે. આ હાથ હલે છે, આત્મા હલાવે છે ? કે ના. નથી હલાવતો. આ હાથ નથી હલાવતો. આ હાથ હલે છે તેમાં કોઈ નિમિત્ત છે કે નહીં ? હા, નિમિત્ત છે તો કહે આત્મા નિમિત્ત છે ? કે ના. હલે છે ? કે હા. આત્મા હલાવે છે ? કે ના. હલતા હાથમાં કોઈ નિમિત્ત છે ? કે હા. આહાહા ! કોણ નિમિત્ત છે ? કે અજ્ઞાનીનો યોગ અને ઉપયોગ એમાં નિમિત્ત છે. હું એમાં નિમિત્ત નથી. આહાહા ! રોટલી બેન કરે છે ? કે ના. રોટલી થાય છે ? કે હા. રોટલી થાય તેની હા પાડવી ને કરવાની ના પાડવી. ઈ શું આ ? કે જાવ ન કરે તો કાંઈ નહીં, પણ રોટલી થાય છે ત્યારે તેમાં આત્મા નિમિત્ત છે ? કે ના. તો કોઈ બીજાું નિમિત્ત છે ? કે હા. કે અભિમાનથી ભરેલી આ બેન કહે છે કે હું રોટલીની કરનાર છું. એવો અભિપ્રાય સેવે છે મનમાં. એના યોગ અને ઉપયોગ, એની ઇચ્છા એમાં નિમિત્ત છે. ઇચ્છાથી ભિન્ન આત્મા તેમાં નિમિત્ત થતો નથી. ઇચ્છાના કાળે નિમિત્ત થતો નથી. ફક્ત ઇચ્છા જ નિમિત્ત થાય છે. ઇચ્છાથી ભિન્ન ભગવાન આત્મા કર્તાય નથી ને નિમિત્ત કર્તાય નથી.

એક ગાથાએ બેડો પાર. બધાયની હા પાડવી. હા પાડતા જાવ ને ના પાડતા જાવ. હાય પાડો ને નાય પાડો. આહાહા ! જૂના કર્મ છે ? કે હા. સત્તામાં બંધાયેલા છે ? કે હા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કર્મ ઉદયમાં આવે છે ? કે હા. એમાં આત્મા જોડાય છે ? કે ના. ત્યારે નવા કર્મનો બંધ થાય છે ? કે હા. તો એમાં નિમિત્ત કારણ કોણ ? કે શુભાશુભભાવ પણ આત્મા એમાં નિમિત્ત નથી. એમ નાટકને જોવે છે, જુદો રહીને જાણનારને જાણતાં, એ જાણવામાં રોકાણો ત્યારે જે નિમિત્ત થતા શુભાશુભ ભાવ, એનો અભાવ થઈ ને મોક્ષ થઈ જાય છે. અલ્પકાળમાં મુક્તિ, જૂનાની નિર્જરા, અને નવાનો સંવર જૂના કર્મની નિર્જરા થયા કરે અને નવા કર્મ આવતા અટકી જાય. આહાહા ! જૂનું કરજ વયું જાય અને નવું કરજ બંધ થઈ જાય. આહાહા !

કહે છે કે એ કર્મ અનેક પ્રકારના એના વશે, પોતે વશે થાય છે. કર્મનો ઉદય બળાત્કારે કાંઈ ક્રોધ કરાવતો નથી, પણ ક્ષમાભાવથી ભ્રષ્ટ થઈ, અને એ જીવના પરિણામ એમાં જોડાતા એને જોરદાર કષાય થાય છે. વશે પ્રવર્તતા જે પુણ્ય પાપને ઉત્પન્ન કરનાર, પુણ્ય પ્રકૃત્તિ અને પાપ પ્રકૃત્તિ નવી બંધાય છે. શાતા વેદનીય, અશાતા વેદનીય કર્મની પ્રકૃત્તિનો બંધ થાય છે. બંધ કરતો નથી આત્મા, બંધ થાય છે. આત્મા કર્મને બાંધે ને ભોગવે એમ છે નહીં.

કે કર્મ બંધાય ? કે હા. આત્મા બાંધે ? કે ના. કર્મ ઉદયમાં આવે ? કે હા. એને આત્મા ભોગવે કે ના. તો બીજો ભોગવે ? કે હા. આહાહા ! ભોગવનાર જુદો ને જાણનાર જુદો ને જુદો છે. પુણ્ય પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભાશુભ ભાવો, આહાહા... શુભાશુભ ભાવ, પુણ્ય પાપના ભાવ, હિંસા અહિંસાના ભાવ, કષાયની તિવ્રતા, મંદતાના ભાવ પરિણામમાં જે થાય છે, એ શુભાશુભ ભાવ જ્યારે થાય છે, ત્યારે એ ભાવરૂપે આત્મા થતો નથી. આહાહા !

ઈચ્છા થાય છે ત્યારે ઈચ્છારૂપે આત્મા થતો નથી. ઈચ્છાથી આત્મા જુદો, ઈચ્છાને જાણનારો, કે જે આત્માને જાણે છે. પ્રવર્તતા અનેકરૂપ શુભાશુભ ભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી. એટલે કે એનો ખુલાસો કરે છે કે જ્ઞાયકભાવથી જડભાવરૂપ થતો નથી. શુભાશુભભાવ જડ છે. ચેતન હોવાની ભ્રાંતિ થાય છે. પણ એમાં ચેતનની નિશાની નથી. આહાહા, એ બધી પુદ્‌ગલની સંપત્તિ છે નહીં એ ચેતનકી નિશાની અંદરમાં. એ ભાવે પરિણમતો નથી એટલે એ ભાવે થતો નથી. આત્મા દુઃખરૂપે થતો નથી. આત્મા રાગરૂપે થતો નથી. જ્ઞાયકભાવ તે જડભાવરૂપે થતો નથી.

તેથી હવે ટોટલ મારે છે, તે કારણે પ્રમત્ત પણ નથી. અશુદ્ધ પર્યાયરૂપે પણ આત્મા થતો નથી અને અશુદ્ધ પર્યાયના અભાવપૂર્વક જે શુદ્ધ પર્યાય થાય એ રૂપે પણ થતો નથી. માટે પહેલું પ્રમત્ત લીધું. શુભાશુભ ભાવ, આસ્રવના અભાવપૂર્વક સંવર થાય છે ને, માટે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પહેલોં અપ્રમત્ત ન લખતાં પ્રમત્ત લીધું. પ્રમત્તના અભાવપૂર્વક અપ્રમત્ત દશા થાય. ઓમાં પહેલું અપ્રમત્ત લીધું'તું. પહેલું મૂળમાં ટીકાકારે પ્રમત્તથી લીધું તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી. અશુદ્ધ પર્યાયો એનાથી આત્મા ભિન્ન છે. અને શુદ્ધ પર્યાયો પ્રગટ થાય એનાથી પણ આત્મા ભિન્ન છે.

તે, તે સમસ્ત, તે જે શુભાશુભરૂપે થતો નથી. એવો જાણનાર તત્ત્વ, જ્ઞાયકતત્ત્વ. તે, તે સમસ્ત-બધા પ્રકારના, અન્ય દ્રવ્યના ભાવોથી ભિન્નપણે, અન્ય દ્રવ્યથી ભિન્નપણે એમ લખ્યું નથી, અન્ય દ્રવ્યના જે ભાવો છે, આહાહા ! અજીવ મિથ્યાત્વ છે, અજીવથી ભિન્ન નહીં, પણ અજીવના મિથ્યાત્વથી પણ ભિન્ન. અજીવનું મિથ્યાત્વ અજીવમાં છે. અહીંયા આત્મામાં જ્ઞાન છે. અહીંયા મિથ્યાત્વ ઉત્પન્ન થતું નથી. અન્ય દ્રવ્યના ભાવોપણે, અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે, અન્ય દ્રવ્યથી ભિન્ન ન લખતાં, અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્ન. અન્ય દ્રવ્ય એનું લક્ષ કરીને જે નૈમિત્તિક ભાવ થાય, એ નૈમિત્તિકભાવથી ભિન્ન એમ ન લખ્યું, નૈમિત્તિકભાવ ઉત્પન્ન જ ન થાય. નિમિત્તનું લક્ષ જ છૂટી જાય. અને ઉપાદાનનું લક્ષ આવી જાય ભિન્નપણે ઉપાસવામાં આવતાં શુદ્ધ કહેવાય.

એ લીટી જરા કાલ ફરીથી લેશું. એ મુદ્દાની વાત છે. આ પ્રયોગની વાત ચાલે છે. પહેલાં એની સ્થિતિ બતાવી અને પછી એ કેવી રીતે પ્રયોગ કરી આત્માનો અનુભવ થાય છે, એ આ એક લીટી, દોઢ લીટીમાં માલ ભરેલો છે.

## પ્રવચન નં. ૫

### તા. ૨૮-૯-૮૮ - હિંમતનગર

શ્રી સમયસાર પરમાગમ શાસ્ત્ર છે. તેનો પ્રથમ જીવ નામનો અધિકાર છે. તેની છઠ્ઠી ગાથાનો સ્વાધ્યાય ચાલે છે.

છઠ્ઠી ગાથાના મથાળામાં શિષ્યનો પ્રશ્ન છે કે પ્રભુ, વર્તમાનમાં મને શરીરનો સંયોગ છે, કર્મનો સંયોગ છે. ક્રોધાદિ કષાયનો પણ સંયોગ છે અને તેથી હું એને આત્મા માનું છું અને આપ તો કહો છો શુદ્ધાત્મા તેનાથી જુદો છે. તો તેનાથી ભિન્ન શુદ્ધાત્માનું સ્વરૂપ શું છે ? તે સ્વરૂપ મને કહો અને તેનો અનુભવ મને કેમ થાય ? આ બે વાત શિષ્યે પૂછી છે. તેના ઉત્તરમાં કહે છે કે આત્મા પરિણામના સંયોગથી રહિત છે અને અનંતગુણથી આત્મા સ્વભાવથી સહિત છે. વર્તમાનમાં તારી સંસાર અવસ્થા છે તે અમે જાણીએ છીએ કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનાદિકાળથી તને શુદ્ધાત્માનું જ્ઞાન અને ભાન નથી. તેથી તારા અજ્ઞાનનાં નિમિત્તે તને જૂના કર્મનો સંબંધ બંધ થયો પણ છે. આઠ પ્રકારના કર્મનો તારા આત્માની સાથે સંયોગ છે. આત્માની સાથે એ કર્મ એકમેક થયા નથી અને એ કર્મ સત્તામાં પણ છે, બંધાયા કર્મ કર્મથી, તારા બાંધેલા નહીં પણ બંધાયેલાં કર્મો સત્તામાં છે. અને એનો કાળ પાકે ત્યારે કર્મ ઉદયમાં પણ આવે છે. એ ઉદયમાં આવે છે ત્યારે પરિણતિ અંદરમા એના તરફ લક્ષ કરી અને જોડાય પણ છે.

એ પરિણતિમાં શુભ અને અશુભ બે પ્રકારના વિકાર કષાયની તિવ્રતા અને કષાયની મંદતા એવા આસ્ત્રવભાવ પણ તારી પર્યાયમાં થાય છે અને એનું નિમિત્ત પામીને નવા કર્મનો બંધ પણ થાય છે, આવા સંયોગની વચમાં પણ તારો આત્મા તે સંયોગ અને સંયોગી જે ભાવ પ્રગટ થાય છે તે સંયોગી ભાવમાં રહેલો જે સ્વભાવ તે સંયોગી ભાવથી ભિન્ન છે.

પ્રમત્ત અને અપ્રમત્ત બે પ્રકારની પર્યાયો છે, શુદ્ધ અને અશુદ્ધ બે પ્રકારની પર્યાયો તેનાથી ભગવાન આત્મા જુદો છે. સ્વભાવ અને સંયોગ બે એક વસ્તુ નથી. સંયોગ અને સ્વભાવ બે વસ્તુ જુદી જુદી છે. ચૈતન્ય જ્ઞાનમય આત્મા જુદો છે અને જે ક્રોધાદિના સંયોગ થાય છે તે સંયોગથી આત્મા જુદો છે. સંયોગ અને સ્વભાવ બે એક વસ્તુ નથી. બે ભિન્ન ભિન્ન વસ્તુ છે. અને સંયોગમાં રહેલો આત્મા તારો, તારી સંયોગ પર દૃષ્ટિ છે એટલે તને સ્વભાવ દેખાતો નથી.

પહેલી તો એ વાત કરી, કે પરિણામથી રહિત છે માટે તારો આત્મા શુદ્ધ છે. હવે તે શુદ્ધ આત્માના દર્શન કેમ થાય ? સંયોગમાં રહેવા છતાં સ્વભાવ લક્ષમાં આવી જાય છે. જેમ પાણી મલિન થયું માટીના સંગે, એ વખતે પાણીનો સ્વચ્છ સ્વભાવ પણ રહેલો છે, સ્વભાવ રહેલો છે એટલે અનુમાનમાં પણ આવી શકે છે અને અનુભવમાં પણ આવી શકે છે. એ સ્વચ્છ સ્વભાવનો અભાવ થયો નથી. એમ આ ભગવાન આત્મા પવિત્ર પરમાત્મા અનાદિકાળથી કર્મના સંયોગની મધ્યમાં રહેલો છે.

કર્મના ત્રણ પ્રકાર રાગાદિ ભાવકર્મો, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, શરીરાદિ નોકર્મ એ બધા સંયોગો છે. એ સંયોગની વચમાં રહેલો આત્મા સંયોગથી ભિન્ન છે માટે શુદ્ધ છે. સંયોગમાં રહેલો હોવા છતાં આત્મા મલિન પરિણામની મધ્યમાં રહેવા છતાં આત્મા પવિત્ર રહ્યો છે.

જેમ કમળપત્ર છે તે તળાવમાં પાણીમાં મધ્યમાં ડુબેલું હોય તોપણ તે કમળપત્રને પાણી અડતું નથી. એ કમળપત્ર ભીનું થતું નથી એ તો લુખા સ્વભાવથી રહેલું છે એમ આ ભગવાન આત્મા જૂના કર્મોનો ઉદય આવે છે એમાં પરિણતિ જોડાય છે. પરિણતિમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પર્યાયમાં શુભાશુભ થાય છે. શુભાશુભનું નિમિત્ત પામીને નવાકર્મનો બંધ બંધાય પણ છે. ઈ કર્મનો ઉદય પણ છે અને આ ઔદયિક ભાવ પણ થાય છે અને આ ઔદયિક ભાવનું નિમિત્ત પામીને નવો કર્મ બંધ પણ થાય છે.

જૂનાનો ઉદય હોય અને નવાનો બંધ થાય એવી સ્થિતિમાં પણ એની મધ્યમાં રહેલો ભગવાન આત્મા એનાથી જુદે જુદો રહ્યો છે. જેમ કાદવ કીચડમાં રહેલું સોનું એને કાટ લાગતો નથી એવું ને એવું રહે છે. એમ આ પવિત્ર પરમાત્મા, પોતાના આત્માની વાત છે. સંયોગની મધ્યમાં રહેવા છતાં સ્વભાવ અને સંયોગ બેય એક સત્તા નથી. સંયોગમાં સ્વભાવ નથી અને સ્વભાવમાં સંયોગ નથી. બે વચ્ચે અત્યંત અભાવ છે. બે વસ્તુ સર્વથા ભિન્ન ભિન્ન છે. આહાહા ! લક્ષણ ભેદે ભિન્ન છે. અને પ્રદેશ ભેદે પણ ભિન્ન છે.

લક્ષણ બેયના જુદા જીવ અને અજીવના. લક્ષણ જુદા માટે જીવમાં અજીવ નથી અને વિભાવમાં સ્વભાવ નથી. જુદે જુદા બે તત્ત્વ રહેલા છે એમ જેને શુદ્ધાત્માનો ખ્યાલ આવ્યો, કે જ્ઞાયકભાવ આ પરિણામથી ભિન્ન છે. હવે તે જ્ઞાયક જીવતત્ત્વ સામાન્ય શુદ્ધાત્મા છે એને દ્રષ્ટિમાં કેમ લેવો ? એને અનુભવવો કેમ ? બે પ્રશ્ન હતા ને. શુદ્ધાત્માનું સ્વરૂપ શું અને એ જાણવામાં કેમ આવે ? એમાં પહેલાં પ્રશ્નનો ઉત્તર આપ્યો કે પરિણામ માત્રથી આત્મા જુદો છે. ક્રોધ, માન, માયા, લોભનાં પરિણામથી આત્મા જુદો છે. સુખ દુઃખના પરિણામથી પણ આત્મા જુદો છે. પૃથક્ છે બે વસ્તુ, અલગ અલગ છે. એવો જે આત્મા, એ આત્માનો ખ્યાલ કહીને હવે એનો અનુભવ કેમ થાય ? એ કળા બતાવે છે. છેલ્લી દોઢ લીટીમાં છે, ત્યાં સુધી આપણે આવ્યું.

કે તે સંયોગમાં રહેલો આત્મ સ્વભાવ તે સમસ્ત એટલે બધા પ્રકારના અન્ય દ્રવ્યોના ભાવોથી, અન્ય દ્રવ્યોના ભાવો એટલે તે, નોકર્મના ભાવો સ્પર્શ, રસ, ગંધ, વર્ણ તેનાથી આ આત્મા જુદો છે અને જે કર્મ છે તેમાં રહેલા જે તેના ભાવો રાગ-દ્વેષ, મોહ સુખ દુઃખના પરિણામ એ જડ કર્મની સત્તામાં છે. એ સમસ્ત અન્ય દ્રવ્યના ભાવો, રાગદ્વેષ આત્માનો સ્વભાવ નથી. એ કર્મનો સ્વભાવ છે. એ કર્મમાં રહેલો એનો અનુભાગ છે.

ચાર પ્રકારના કર્મનો બંધ થયો'તો પૂર્વે પ્રકૃત્તિબંધ, સ્થિતિબંધ, પ્રદેશબંધ અને અનુભાગ બંધ એમાં જે મોહકર્મ પુદ્‌ગલ જેમાં ખાટો, મીઠો રસ હોય છે. એમાં ખાટા, મીઠા પરિણામ થાય છે. લીંબુ ખાટું હોય, સાકર મીઠી હોય પણ એ નોકર્મના પરિણામ છે. એ પરિણામ ખાટા મીઠાના પરિણામ આત્મામાં થાય છે કે લીંબુ અને સાકરમાં રહેલા છે ? ક્યાં રહેલા છે ? ખાટા પરિણામ લીંબુંમાં રહેલા છે, મીઠા પરિણામ સાકરમાં રહેલા છે તો સાકર ઉડીને અહીંયા આવતી નથી અને સાકરની મીઠાશ ઉડીને અહીંયા આવતી રહે તો સાકર ન રહે

અને અહીંયા જીવ ન રહે. કેમકે મીઠાશ છે એ તો પુદ્‌ગલની અવસ્થા છે.

તેવી રીતે જેમ અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્ન સાકર અને લીંબુ એના જે ભાવો ખાટા મીઠા એનાથી આત્મા જુદો છે. એવી રીતે મોહ નામનું એક કર્મ છે ઓલું નોકર્મનું દૃષ્ટાંત આપ્યું ''કર્મ અનંત પ્રકારના એમાં મુખ્યે આઠ તેમાં મુખ્યે મોહનીય હણાય તે કહું પાઠ'' એમાં એક દર્શન મોહ અને એક ચારિત્ર મોહ બે પ્રકારના જડ કર્મ છે જડ, પૂર્વે જે લીંબુ અને સાકર એ જડ પદાર્થ કીધો એમ જડ પદાર્થ બીજો સૂક્ષ્મ અંદરમાં કર્મની જાતિ પણ જડની જાતિ છે. જેમ સાકર અને લીંબુમાં એના ભાવો રહેલા છે તેમ દર્શન મોહ અને ચારિત્ર મોહમાં, દર્શન મોહમાં દર્શન મોહનું મિથ્યાત્વ છે અને ચારિત્ર મોહમાં એ રાગના ભાવ ચારિત્ર મોહમાં સ્થિત છે.

જેમ સાકરની ગળપણ એ લીંબુની ખટાશ અહીંયા આવતી નથી તેમ તેમાં રહેલા જે ભાવો એની સત્તામાંથી અહીંયા આવતા નથી. માટે તું અન્ય દ્રવ્યના ભાવોથી એટલે એનું લક્ષ છોડીને સાકર અને લીંબુનું લક્ષ છોડી દે અને કર્મનું લક્ષ પણ છોડી દે, આહાહા ! અન્ય દ્રવ્યના ભાવો, અન્ય દ્રવ્યથી ભિન્ન નહીં. અન્ય દ્રવ્યના જે ભાવો છે એનાથી આ પ્રભુ ભિન્ન છે એ જ્ઞાનમય છે. રાગદ્વેષ અહીંયા થતા નથી થાય છે બીજે, એ જણાય છે અહીંયા, એ જાણતી વખતે ભૂલ્યો. આહાહા ! જ્યાં દુકાન જણાણી તો દુકાન મારી, મકાન જણાય તો મકાન મારું. શરીર જણાય તો શરીર મારું, દુઃખ જણાય તો દુઃખ મારું, રાગદ્વેષ સુખદુઃખના પરિણામ એ બધા અન્ય દ્રવ્યના કર્મના ભાવો છે.

એ કર્મના ભાવો કર્મની સાથે તન્મય છે અને આત્માનું જ્ઞાન આત્માની સાથે તન્મય છે. બેય વસ્તુ અલગ અલગ છે. સમસ્ત અન્ય દ્રવ્યના ભાવોથી ભિન્નપણે, પહેલાં નિમિત્તનું લક્ષ કરવું અને નૈમિત્તિક થાય રાગ અને પછી ભેદજ્ઞાન કરવું એવી લાઈન ન લેતાં, અહીંયા ભાવ મિથ્યાત્વ ઉત્પન્ન જ ન થાય, ભાવકર્મ ઉત્પન્ન જ ન થાય. માટી ચોપડ્યા પછી ન્હાવું એના કરતાં માટી શરીરને લગાડવી જ નહીં, તો પછી સ્નાન કરવાની જરૂર ન પડે. એમ બે પ્રકારના ભેદજ્ઞાનમાં એક તો આત્માની પ્રગટ ક્રિયાથી આત્મા ને આસ્ત્રવનું ભેદજ્ઞાન કરાવે અને એક આસ્ત્રવની ઉત્પત્તિ જ ન થાય, સીધી સંવરની ઉત્પત્તિ થઈ જાય. અહીંયા સીધા સંવરની ઉત્પત્તિની વાત છે. અન્ય દ્રવ્યના ભાવોથી ભિન્ન જુદાપણે ઉપાસવામાં આવતો તેની આરાધના કરવી.

હું તો જાણનાર જાણનાર, આ જે જણાય છે કર્મના ભાવો જણાય છે જ્ઞાનમાં પણ એ કર્મની સત્તામાં છે. મારી સત્તામાં આવતા નથી. મારી સત્તામાં જ્ઞાન થાય છે એની સત્તામાં રાગ થાય છે. રાગ આત્માનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ તો જાણવું જાણવું જાણવું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવ છે. અને કર્મના ભાવો જણાય જ્ઞાનમાં એવો એનો સ્વભાવ છે. અને જ્ઞાન એને જાણે એવો જ્ઞાનનો સ્વભાવ છે એવો જ્ઞેય જ્ઞાયકનો વ્યવહારમાત્ર હોવા છતાં, શું કહ્યું ? આત્માને અને જે જડ કર્મના ભાવો છે તેને, તેની સાથે કર્તા કર્મ સંબંધનો અભાવ છે. આત્મા કર્તા અને રાગ આત્માનું કાર્ય એમ તો છે નહીં. કેમકે રાગને કર્મ પણ કરે અને રાગને જીવ પણ કરે એમ એક પરિણામના બે કર્તા હોય શકે નહીં.

તો મારે એની સાથે કર્તા કર્મ સંબંધ નથી. હું કર્તા અને મારું કાર્ય રાગ એમ છે નહીં. બીજી વાત જડ કર્મ નિમિત્ત અને અહીંયા થાય નૈમિત્તિક રાગાદિ-એવો પણ સંબંધ મારે એની સાથે નથી. હા, એટલું છે કે એ જ્ઞેય અને અહીંયા થાય છે જ્ઞાન. જ્ઞાન છે જ્યારે તે સમયે જ્ઞેયનો અહીંયા પ્રતિભાસ થાય છે. ત્યાં રાગ થાય તો રાગ અહીંયા જણાય ત્યાં ક્રોધ થાય તો અહીંયા ક્રોધ જણાય. ત્યાં ક્રોધ થાય તો અહીંયા ક્રોધ ન આવે. ત્યાં લીમડો હોય તો લીમડો જણાય, લીમડો જણાય તો લીમડો અહીં આવી જાય ? જ્ઞાન કડવું થતું હશે ? આહાહા !

એમ કહે છે કે કર્તા કર્મ સંબંધનો તો અભાવ છે અને નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો પણ અભાવ છે. જડ કર્મ નિમિત્ત થાય અને અહીંયા રાગ નૈમિત્તિક ઉત્પન્ન થાય એવો આત્માનો સ્વભાવ નથી. ત્યારે હવે શું એની સાથે સંબંધ છે ? નિશ્ચય સંબંધ છે કે વ્યવહાર ? કે વ્યવહારે એટલું કહેવાય કે એ જ્ઞેય છે ને અહીંયા જ્ઞાન થાય છે.

હવે એટલો જ્ઞેય અને જ્ઞાનનો વ્યવહાર છે પણ એ વ્યવહાર વખતે એ ચૂકી જાય છે. કર્મકૃત મિથ્યાત્વ આદિ ભાવોના જ્ઞાન સમયે, જ્ઞેય અને જ્ઞાનની જેને જુદાઈ ભાસતી નથી એ અજ્ઞાની બની જાય છે. કર્તા કર્મ એના ઘરમાં ગયું અને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અજ્ઞાનમાં ગયો, જ્ઞાતા જ્ઞેયમાં ઉપચરિત વ્યવહારમાં આવ્યો, હજી ઉપચાર છે. ખરેખર જ્ઞાતા જ્ઞેયનો સંબંધ તો થયો નથી પણ એટલી સ્વચ્છતા છે અહીંયા, કે જે અન્ય દ્રવ્યનો ભાવ અહીં જણાય. એ તો પુદ્‌ગલમાં થાય છે જ્ઞાનમાં જણાય છે સમય એક. આહાહા !

અહીંયા કર્મ દુઃખરૂપે પરિણમે છે જડ કર્મ અને અહીંયા આત્મા જ્ઞાનરૂપે પરિણમે છે. અને એ દુઃખનો પ્રતિભાસ જ્યાં જ્ઞાનમાં થયો ત્યાં જ્ઞેય અને જ્ઞાનના ભેદજ્ઞાનનો અભાવ હોવાને કારણે, એ જ્ઞેય જે જણાયું જ્ઞાનમાં, તો ભૂલથી એ જ્ઞેય અને જ્ઞાનની એકતા કરી તેને અજ્ઞાન કહેવામાં આવે છે.

હવે જ્યારે એ અન્ય દ્રવ્યના ભાવોથી મારો આત્મા જુદો છે અને એ મારું જ્ઞેય પણ નથી. મારું જ્ઞેય તો જ્ઞાયક છે એમ જાણી પરદ્રવ્યનું લક્ષ છોડે છે અને સ્વભાવનું લક્ષ કરે છે ત્યારે એને અનુભવ થઈ જાય છે. અન્ય દ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એ કર્તાનું કર્મ તો નથી અને જ્ઞાનનું જ્ઞેય પણ નથી, એનું લક્ષ છોડી દે છે આત્મા. આહાહા !

કર્મપણે પણ રાગ જણાતો નથી અને જ્ઞેયપણે પણ રાગ જણાતો નથી એ જ્ઞેયપણે એક જ્ઞાયક જણાય છે અને એક જ જણાય છે. જ્ઞાયક પણ જ્ઞેય થાય અને રાગ પણ જ્ઞેય થાય એમ છે નહીં. અનુભવના કાળમાં ધ્યાન રાખજો. અનુભવના કાળમાં ત્યાં અન્ય દ્રવ્યનો ભાવ રાગ એનું લક્ષ છૂટી ગયું એટલે કે એ જાણવામાં આવતું નથી. જ્યાં સુધી એનું લક્ષ હતું ત્યાં સુધી ઈ જાણવામાં આવતું હતું. ઈ જ્ઞાન જ્ઞાયકને જાણે છે તો જ્ઞાયક જાણવામાં આવે છે રાગ જાણવામાં આવતો નથી. કેમકે છદ્મસ્થનો ઉપયોગ એક સમયે એક જ્ઞેયમાં સ્થિત થાય છે. આખો ઉપયોગ ફરી જાય છે. જે ઉપયોગ આ અન્ય દ્રવ્યનો ભાવ છે રાગ, કર્મનો ભાવ છે તેને જાણવા જતો'તો ઉપયોગ, એને જાણવાથી સાધ્યની સિદ્ધિ નથી એમ જાણીને અન્ય દ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો એટલે કે આરાધના તરીકે હું તો જ્ઞાયક છું. અને જ્ઞાયક મારા જ્ઞાનમાં જણાય છે તે જ હું છું. એમ જ્યાં દૃષ્ટિ ફરી ગઈ, ઉપયોગ ફરી ગયો. આખોય ઉપયોગ અંતર્મુખ થયો ત્યારે તેને ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે. આહાહા !

શુદ્ધતાના લક્ષે શુદ્ધ પર્યાય પ્રગટ થઈ શુદ્ધ તો હતો. શુદ્ધ હતો ને શુદ્ધ થયો. દ્રવ્ય શુદ્ધ હતું ને પર્યાય શુદ્ધ થઈ. આ એને સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટ થયું કહેવામાં આવે છે. હું કર્તા અને રાગ મારું કર્મ એમ નહિ. એ નિમિત્ત ને અહીંયા નૈમિત્તિક થાય એમ નહીં. એ જ્ઞેય અને આહીં જ્ઞાન થાય એમ પણ નહીં. આહાહા ! હું જ જ્ઞાન અને હું જ જ્ઞેય અને હું જ જ્ઞાતા. રાગ મારું જ્ઞેય નથી. રાગને જ્ઞેયપણે પણ છોડતો અને જ્ઞાયકને સ્વજ્ઞેયપણે ગ્રહતો પરિણમી જાય છે ત્યારે એને અનુભવ કહેવામાં આવે છે.

અન્ય દ્રવ્યના ભાવોથી ભિન્નપણે જુદાપણે ઉપાસવામાં આવતો, તેણે આરાધના કરી આત્માની. જે જ્ઞેયને જાણતો હતો તે આત્માની વિરાધના હતી. રાગ મારું કર્મ અને હું કર્તા એ તો તીવ્ર વિરાધના હતી. હું જ્ઞાન અને રાગ મારું જ્ઞેય એ પણ વિરાધના હતી. આહાહા ! એ વિરાધનાને છોડીને આરાધના કરે છે આત્મા.

આ તેલ ને તેલની દુકાન તો મારી નહીં. મમતા તો કરવા જેવી નથી પણ ચાલ દુકાને જઈ આવું શું કરે છે છોકરાવ ? પાણી પાય. એ મારા જાણવાનો વિષય નથી. (શ્રોતા : તે છોડી દીધું) પણ હવે છોડ્યું તો કંઈ ગ્રહણ કર્યા વિના છોડ્યું છે. હવે ગ્રહણ કરો. (શ્રોતા : આપનો ઉપકાર છે આ કાળે આવી વાત આપના મુખેથી સાંભળતા ગદ્ગદ્ થઈ ગયા) ગુરુદેવનો પ્રતાપ છે અમને તો ગુરુદેવ પાસેથી મળ્યું છે. આ માલ એનો આપીએ છીએ ને ! આહાહા...માલ બધો આ પુરુષનો છે. પ્રભુ !

એક વખત તો આ પરપદાર્થ જણાય છે ને આ રાગ જણાય છે, રહેવા દે છોડી દે. જાણનાર જણાય છે પર જણાતું નથી. ત્યારે નિઃશેષપણે ઉપયોગ અંતર્મુખ આવે છે. કંઈ પણ બાકી રાખ્યા સિવાય આખોય ઉપયોગ, થોડો ઉપયોગ ઓના પર અને થોડો આના ઉપર એવા ઉપયોગના બે ભાગ પડતા નથી. નિઃશેષપણે એટલે કંઈ પણ બાકી રાખ્યા સિવાય આખોય ઉપયોગ જે પર સન્મુખ હતો એ આખોય ઉપયોગ સ્વસન્મુખ આવે છે. આહા !

અહીંયા કહે છે સમસ્ત પર દ્રવ્યોના ભાવોથી ભિન્ન-જુદાપણે, હું તો જુદે જુદો છું. આહાહા ! આ ભલે કર્મકૃત રાગ હોય, સંયોગ હોય, શરીર હોય, દુકાન હોય, કુટુંબ કબીલા હોય એની મધ્યમાં રહેવા છતાં હું રાગથી લેપાતો નથી. આહાહા ! એ તો તેલનું મર્દન કરીને અખાડામાં જાય તો ધૂળ ચોંટે પણ તેલના મર્દન કર્યા વિના અખાડામાં જાય તો રજ ચોંટે નહીં. એમ ભગવાન આત્મા નિર્લેપ તત્ત્વ છે. એ રાગથી લેપાણો નથી અને કોઈ કાળે લેપાવાનો પણ નથી. એ પરિણામ લેપાય છે અને પરિણામનો લેપ છૂટી જાય છે. અને પરિણામ પણ લુખ્ખા થઈ જાય છે. આહાહા !

જેમ દ્રવ્યનો લુખ્ખો સ્વભાવ તેમ પરિણામ પણ રાગરહિત લુખ્ખો થઈ જાય છે, એને કર્મની રજ ચોંટતી નથી. ઉત્પાદ, વ્યય કર્મ બંધનું કારણ નથી. એની ઉપરકિત રાગ એ બંધનું કારણ છે અને એ રાગ ઉપયોગ સાથે રહેલો છે. એ ઉપયોગની સાથે એક સમય તન્મય છે પણ ભગવાન આત્માની સાથે તન્મય નથી. આહાહા ! એ સ્વભાવ દૃષ્ટિ કરી ત્યાં પર્યાયમાંથી રાગના સ્થાને વીતરાગભાવ પ્રગટ થાય છે નવો.

તે સમસ્ત અન્ય દ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે. આ શુદ્ધ આત્મા જે હતો એનું લક્ષ થયું તો પરિણામમાં સંવર નિર્જરા પ્રગટ થઈ. નિશ્ચય રત્નત્રયના પરિણામ પ્રગટ થાય મોક્ષનો માર્ગ, અલ્પકાળમાં તો તેની મુક્તિ થઈ જાય છે. આહાહા ! અસંખ્ય સમયમાં મુક્ત થાય છે અનંત સમય લાગતા નથી. સમ્યગ્દર્શન પછી અસંખ્ય સમયમાં એ વધારેમાં વધારે પંદરભવમાં એ અસંખ્ય સમયમાં આવી જાય, અનંત સમય ન થાય. કેટલા ટૂંકા કાળમાં તો અરિહંત થઈ ને સિદ્ધ થઈ જાય છે. સાધુ થઈ અરિહંત થઈ ને સિદ્ધ દશા પ્રગટ થઈ જાય છે.

એ ભેદજ્ઞાનનો મંત્ર છઠ્ઠી ગાથામાં મૂક્યો છે, જ્ઞાયકભાવ તે હું છું. આહાહા ! અને જ્ઞાયકભાવને પ્રસિદ્ધ કરનારું એ જ્ઞાન મારું છે અને પરને પ્રસિદ્ધ કરે તે જ્ઞાન મારું નથી, તે ઈન્દ્રિયજ્ઞાન છે. પહેલોં પારો પૂરો થયો.

હવે બીજો પારો, ‘‘જ્ઞાત તે તો તે જ છે.’’ જો અન્વયાર્થમાં એમ હતું ને જે જ્ઞાયકભાવ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તે અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી, એ રીતે એને શુદ્ધ કહે છે. આટલાનો અર્થ પહેલાં પારામાં થયો. અને અઢી લીટીની ટીકા. અઢી લીટી હતી ઉપરમાં કુંદકુંદભગવાનની. એની ટીકા દસ લીટીની થઈ. ચાર ગણી ટીકા ચાર અઢીએ દસ. આજ તો અઢીયા'ય કોઈને આવડતા નહોય. આહાહા ! કોમ્પ્યુટર લ્યે ચાર ગુણ્યા અઢી એ કેવી રીતે એમ આમ આમ કરે. એ અઢી લીટી કહી.

હવે આચાર્ય ભગવાન કહે, વળી જે શુદ્ધ થયો હતો અનુભવમાં આવ્યો દૃષ્ટિમાં આત્મા આવ્યો હતો. દૃષ્ટિમાં આત્મા આવ્યો તો જ્ઞાયકપણે જણાયો, જાણનારપણે જણાયો. હું કરનાર છું એ ગયું. ''જ્ઞાયકપણે'' એવો શબ્દ છે. જ્ઞાતઃ સંસ્કૃતનો શબ્દ છે. જ્ઞાતઃ એનો અર્થ કર્યો જ્ઞાયકપણે જણાયો કે અહીંયા પરના કામ કરે એવો જણાયો ? એવો આત્મા છે નહીં, એવો જણાય ક્યાંથી ? પરના કામ કરે એવો આત્મા છે જ નહીં. દુકાનના કામ કરે રજની, એવો તારો આત્મા નથી. કામ કરનારો જુદો અને જાણનારો જુદો છે. આહાહા !

જ્ઞાત અર્થાત્ જ્ઞાયકપણે, આત્માનો સ્વભાવ જાણવું, જાણવું, જાણવું. જાણનાર-જાણનાર- જાણનારપણે આત્મા જણાય છે. અંતઃર્દૃષ્ટિ વડે જોનારને આત્મા રાગનો કરનાર છે અને પર્યાયનો કરનાર છે એમ જણાતું નથી. જાણનારપણે જણાયો, જ્ઞાયકપણે એટલે જાણનારપણે એટલે જેવો હતો તેવો જણાય ગયો. આહાહા ! હતો તો જાણનાર પણ માનતો નહોતો, માનતો હતો કરનાર. હવે પાછો ફર્યો. અભિમાનથી આત્મા પાછો ફર્યો; અજ્ઞાની જ્ઞાની થાય છે.

બહિરઆત્મા, અંતરઆત્મા અને પરમાત્મા એમ પર્યાયના ત્રણ પ્રકાર છે. પર્યાયની દશાના ત્રણ પ્રકાર છે. અજ્ઞાનીને બહિરઆત્મા કહેવાય, સાધક થયો ચોથા ગુણસ્થાનથી તેને અંતરઆત્મા કહેવાય અને કેવળજ્ઞાન પ્રગટ થાય તેને અરિહંત, સિદ્ધ ને પરમાત્મા કહેવામાં આવે છે.

એ જ્ઞાયકપણે જણાયો, હવે અંતર્મુખ થઈને જે જ્ઞાયકપણે જણાયો કે હું જાણનાર છું જાણનાર છું એમ જણાયો પછી સવિકલ્પ દશા આવે છે સાધકની, નિર્વિકલ્પ ધ્યાનમાં જ્ઞાયકપણે જણાયો. એ સવિકલ્પ દશામાં મુક્તિ ન થાય-સમ્યગ્દર્શનનો જન્મ નિર્વિકલ્પ ધ્યાનમાં થાય અને શુદ્ધ ઉપયોગમાં થાય. એ શુદ્ધ ઉપયોગ ચતુર્થ ગુણસ્થાને ગૃહસ્થીને થાય. આહાહા ! આઠ વર્ષની બાલિકા હોય તેને પણ સમ્યગ્દર્શન થાય છે. આ ગાય ભેંસને પણ થાય છે. દેડકાને પણ સમ્યગ્દર્શન થઈ શકે છે. પૂર્વની દેશનાલબ્ધિ સાંભળી હોય તો તેને પણ નિસર્ગજ સમ્યગ્દર્શન થઈ શકે છે.

એવો ભગવાન જે આત્મા એ જાણનારપણે જણાયો, અને તે નિર્વિકલ્પ ધ્યાનમાંથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બહાર આવે છે ત્યારે ઉપકારી ગુરુ ઉપર લક્ષ જાય છે. આપે મને આત્મા આપ્યો આપના પ્રતાપે ભવનો અંત થયો, એમ જ્યારે જ્ઞાયકનું જ્ઞાન રાખતો અને ગુરુનું જ્ઞાન પણ એમાં થયું ત્યારે એ શ્રી ગુરુ જણાય છે ત્યારે પણ જાણનાર જણાય છે. જાણનારને જાણવાનું જાણવું છૂટીને ગુરુને જાણતો નથી. આહાહા ! સમય સમયનો હિસાબ છે. એકવાર અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થયું આત્મા આશ્રિત, એ તો સમયે સમયે ઉત્પાદ, ધ્રુવને પ્રસિદ્ધ કરીને ઉપજે છે અને ધ્રુવને પ્રસિદ્ધ કરીને પછી જ વ્યય થાય છે.

અતીન્દ્રિયજ્ઞાનની અવસ્થા પ્રગટ થઈ ગઈ, પરિણતિ છે સવિકલ્પ દશામાં ઈન્દ્રિયજ્ઞાન પણ ઊભું થયું છે. દેવ ગુરુ શાસ્ત્ર પણ જણાય છે અને એના લક્ષવાળો રાગ પણ થાય છે તે એને જણાય છે. કરે છે એમ જણાતું નથી. થાય છે તેમ જણાય છે પણ એ જણાય છે ત્યારે એ જ જણાય છે એટલું જ જણાય છે, એમ કે જાણનાર જણાય છે. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાય છે. આહાહા !

આ ઈન્દ્રિયજ્ઞાનવાળાને પહેલાં તો સમજવું જ કઠણ પડે. એમાંય તર્ક પણ કરે તર્ક. કે છદ્મસ્થનો ઉપયોગ તો એક સમયે એકને જાણે બે ને ન જાણે. ભાઈ ! તારી વાત સારી છે સાચી છે. કે છદ્મસ્થનો ઉપયોગ છે એ એક સમયે એકને જાણે-ઈન્દ્રિયજ્ઞાનનો ઉપયોગ હોય તે ગુરુને જાણે પણ ઈન્દ્રિયજ્ઞાનનો ઉપયોગ આત્માને ન જાણે. પણ આત્માને જાણનારી એક પરિણતિ અતીન્દ્રિય જ્ઞાનની પ્રગટ થઈ છે એમાં ઈ જણાય છે એને ઉપયોગની અપેક્ષા નથી. આહાહા !

અંદરની વાતું છે આ બધી. જાણનારપણે જણાયો ઈ અનુભવના કાળે તો જણાયો પછી ચાંદીની થાળીમાં જમે. આહાહા ! ચક્રવર્તી તો ચાંદીની થાળીમાં શું સોનાની થાળીમાં જમે. મિથ્યાદષ્ટિની ચાર આંખ થઈ જાય. આ કાંઈ જ્ઞાની હોય ? આહાહા ! ભાઈ ! એ જ્ઞાનીનું જ્ઞાન શું કરે છે ઈ તને ખબર પડતી નથી. એ ચામડાની આંખે એ જણાય તેવું નથી. ચામડાની આંખ એટલે ભાવઈન્દ્રિય ચામડાની આંખ છે. એ ચામડાનો સંબંધ કરીને ઉત્પન્ન થાય છે, માટે ચામડું છે. આહાહા ! જડ ને અચેતન છે એ ઈન્દ્રિયજ્ઞાન.

જ્ઞાયકપણે જણાયો, જણાયો પછી જણાયા કરે કે જણાયો પછી જાણવાનું છૂટી જાય છે ? કહે છે જણાયા કરે છે. આહાહા ! પહેલાં સમયે જણાયો માટે સંવર અને પછી જણાયા કરે છે માટે નિર્જરા. શું કહ્યું ? પહેલાં સમયે જણાયો ત્યારે સંવર પ્રગટ થઈ ગયો. ઓહોહો ! હું તો જાણનાર-જાણનાર છું. હું તો પરમાત્મા છું. પછી જ્યારે જ્ઞાન ઈ જાણ્યા કરે છે જાણ્યા કરે છે તો શુદ્ધિની વૃદ્ધિ, શુદ્ધિની પ્રગટતા થઈ સંવરમાં. પછી જાણ્યા કરે છે માટે શુદ્ધિની વૃદ્ધિ થાય છે. તો એ સવિકલ્પ દશા હો કે નિર્વિકલ્પ ધ્યાનની અવસ્થા હો. એ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સમયે સમયે જાણનાર જણાયા જ કરે છે. ઓહોહો !

ભલે ઈન્દ્રિયજ્ઞાનનો ઉપયોગ બહારમાં હો પણ એક જ્ઞાનના બે છેડા થઈ જાય છે જ્ઞાનના, પર્યાય એક તેના છેડા બે, બે મોઢા બે મોઢા એટલે બે છેડા. પહેલાંના કાળમાં મેં જોયેલું નાની ઉંમરમાં સાત આઠ વર્ષની ઉંમરમાં, સર્પ બે મોઢાવાળા કોઈએ જોયા હશે કે નહીં એ ખબર નથી. સર્પ એક ને મોઢા બે. એ સર્પ નિકળ્યો બે મોઢાવાળો એમ છોકરાવ કહે. સર્પ એક અને મોઢા બે. એમ જ્ઞાન એક એના મોઢા બે. કેવી રીતે ઈ ? કે જે ઈ જ્ઞાનની એક સમયની પર્યાય છે એ જે સ્વસન્મુખ છે એ તો અતીન્દ્રિયજ્ઞાન છે અને પરસન્મુખ જ્ઞાન તો ઈન્દ્રિયજ્ઞાન છે. પર્યાય એક અને મોઢા બે જો એક જ મોઢું હોત તો કેવળજ્ઞાન હોત અને ત્યાં એક જ મોઢું હોત તો અજ્ઞાની હોત. મોઢા બે છે માટે સાધકને બે મોઢા છે. આહાહા !

એવી રીતે મોઢા એટલે જ્ઞાનના બે છેડા. એક અંતર્મુખી જ્ઞાન અને એક બહિર્મુખી જ્ઞાન. આહાહા ! અંતર્મુખી જ્ઞાન વધતું જાય છે અને બહિર્મુખી જ્ઞાન ઘટતું જાય છે. અહિંયા વધે ને ત્યાં ઘટે છે. અહિંયા વધતા વધતા પૂર્ણ થાય છે ત્યારે કેવળજ્ઞાનનો ભડકો થઈ જાય છે. સમય એક પર્યાય એક મુખ બે. એક સ્વસન્મુખ અને એક પરસન્મુખ તેવા જે જ્ઞાનમાં જ્ઞાયક જણાયો તે, જ્ઞેય જણાય છે ત્યારે પણ જ્ઞાયક જણાય છે તે વાત હવે લઈએ.

બીજો પારો. વળી, એટલે એક વાત તમને કરી. હવે બીજી વાત, જ્ઞાત તે તો તે જ છે એટલે જે જાણનારો જણાયો તે જ્યારે પર પદાર્થનો એમાં પ્રતિભાસ થાય છે ત્યારે પણ જાણનાર એમાં જણાય છે તે સિદ્ધ કરવું છે, તે સિદ્ધ કરવા માટે થોડો દૃષ્ટાંત આપે છે જગતના જીવોને ખ્યાલ આવે એટલા માટે દૃષ્ટાંત આપે છે.

વળી દાહ્યના આકારે બળવા યોગ્ય પદાર્થના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે. શું દૃષ્ટાંત આપે છે ? કે બળવા યોગ્ય પદાર્થ, જેમ કે છાણા છે, લાકડા છે, કોલસા છે, સુકુ ખડ છે, રૂ છે, ઈ બધા બળવા લાયક પદાર્થો છે. અને અગ્નિ એને બાળે છે એમ વ્યવહાર કહેવામાં આવે છે. અને જ્યારે એ જે પ્રકારનું એ લાકડું હોય તો અગ્નિનો આકાર પણ એવો થઈ જાય. કોલસો હોય તો એનો આકાર જેવો હોય તેવી આકૃત્તિ અગ્નિની થઈ જાય. એમ દાહ્યના આકારે થવાથી અગ્નિને ઉષ્ણતાને દહન એટલે બાળનાર કહેવાય છે.

બળવા લાયક પદાર્થને અગ્નિ બાળે છે ત્યારે અગ્નિનો આકાર બળવા લાયક જે પદાર્થ હોય ઈ વ્યંજન પર્યાયરૂપે એવો થઈ જાય છે. આહાહા ! અર્થ પર્યાય નહીં, વ્યંજન પર્યાય આકાર, એના આકારે થઈ જાય છે. આકાર સમજ્યાને ઘાટ એનો. જેમકે પાણી નાખો કાશી ઘાટનો ઈ લોટો હોય તો કાશી ઘાટનું ઈ જાતનું ઈ પાણી દેખાય. આમ હોય તો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


એમ દેખાય. પાણી જેવા આકારે હોય ને ઈ પાણીની આકૃત્તિ થઈ જાય છે. એ આકૃત્તિ પાણીના કારણે થાય છે. ઓલું તો નિમિત્ત છે. એમ અગ્નિ ઈ પોતાની પર્યાય પોતાના કાળે એ જ્ઞેયના આકારે થઈ જાય છે અને એમાં નિમિત્ત જ્ઞેયને કહેવામાં આવે છે.

દાહ્યના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે. અગ્નિ એ બાળનાર છે એમ કહેવાય છે પણ બાળનાર નથી. શું કહ્યું ? એમ કથન કરવામાં આવે છે. અગ્નિ લાકડાને બાળે છે એમ કહેવાય છે પણ અગ્નિ કાંઈ લાકડાને બાળતી નથી. અગ્નિ લાકડાને અડતી જ નથી તો બાળે ક્યાંથી ? ઈંધણ તો ઈંધણ છે અને અગ્નિ તો અગ્નિ છે. ઈંધણ અગ્નિ ન થાય અને અગ્નિ ઈંધણ ન થાય. થોડો અભ્યાસ તો જોઈએ.

આ અભ્યાસનો લાભ મોટો. ઈન્કમટેક્ષ લાગે નહીં સેલ્સટેક્ષ લાગે નહીં. (શ્રોતા : એક આનો ખર્ચવો ન પડે) હા. એક આનો ખર્ચવો ન પડે અને પાછો ભાઈ ભાગ પડાવે નહી. ચાર ભાઈઓ હોય તો એમાં ભાગ પડાવે ધર્મમાં કોઈ ? આહાહા ! પાછું ઈ જ્યાં જાય ત્યાં સાથે મૂડી આવે. અહીંની મૂડી તો અહીંયા રહી જાય. અહીંની મૂડી સાથે આવે ? ન આવે. શું કહે છે ? ઈ એક એક શબ્દની કિંમત છે.

અગ્નિ લાકડાને બાળે છે એમ કહેવાય છે બાળતી નથી. ઈ લાકડાની પર્યાય પોતે જે ઠંડી હતી એ પર્યાયનો વ્યય થઈ અને એ ઉષ્ણતારૂપે પરિણમે છે. આનું તો નિમિત્ત માત્ર છે, કર્તા કર્મ સંબંધ નથી. શબ્દ એમ આવ્યો અગ્નિ લાકડાને બાળે છે. બળવા યોગ્ય પદાર્થને બાળે છે. નિમિત્ત દેખીને કર્તાપણાનો આરોપ આપવામાં આવે છે. ખરેખર અગ્નિ એને બાળતી નથી. તે બળે છે ત્યારે કોણ એમાં નિમિત્ત છે બરફ કે અગ્નિ ? કે અગ્નિ. બસ એટલું. વાતે વાતમાં ફેર છે હો. આહાહા !

શું સમજ્યા ? અગ્નિ લાકડાને બાળે છે એમ જ કહેવાય ને ? બળે છે ત્યારે અગ્નિને નિમિત્ત કહેવાય છે. બળવાની શક્તિ એનામાં છે. આકાશને કેમ બાળતી નથી ? આકાશ છે તેમાં, આકાશમાં બળવાની શક્તિ નથી. જેનામાં બળવાની યોગ્યતા છે અને તે સ્વતંત્રપણે બળે છે. આહાહા ! અગ્નિના નિમિત્ત વિના બળે છે. બળે છે એના ઉપાદાનથી ત્યારે અનુકૂળ નિમિત્તને ઉપચાર આવ્યો કે અગ્નિથી લાકડું બળે છે. કથન માત્ર છે. એમાં વાતમાં કંઈ માલ નથી કે પચાસ પચાસ ટકા કે એક ટકોય નહીં.

અગ્નિ ઈંધણને બાળતું જ નથી. અત્યાર સુધી કોઈ અગ્નિએ કોઈ લાકડાને બાળ્યું નથી. રૂ નો ઢગલો છે તેને અગ્નિના ધુમાડા પાસે લઈ જાવ તો ભડકો થઈ જાય છે. કે ના. તો અગ્નિથી ભડકો થયો છે ? કે ના. એની પર્યાયની યોગ્યતા શીતળ હતી તે શીતળતાનો વ્યય ને ઉષ્ણતા ઉત્પન્ન પોતાની યોગ્યતાથી થઈ. ઉત્પાદ વ્યય તેની સાથે છે અને અનુકૂળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


નિમિત્ત ત્યાં છે, તો અગ્નિએ બાળ્યું તેવું કથન કરવામાં આવે છે.

અગ્નિ લાકડાને બાળે છે તે વ્યવહારી જીવનો વ્યવહાર છે. એ વ્યવહારી જીવનો વ્યવહાર છે. વ્યવહારીજીવના વ્યવહાર દ્વારા એને નિશ્ચય સુધી પહોંચાડવા માટે દૃષ્ટાંત આપે છે દૃષ્ટાંતમાંય પણ મુશ્કેલી છે. કેવું છે ? કે ઈ આત્મા પરને જાણતો જ નથી. કેવું છે ઈ ? અગ્નિના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે તો પણ ભલે નિમિત્ત નૈમિત્તિક સંબંધથી લાકડાને બાળે છે એમ કહેવાય. કોલસાને બાળે છે પણ અગ્નિ કોલસાને બાળે છે ત્યારે અગ્નિ કાળી થઈ જાય ? આહાહા ! અગ્નિ રૂ ને બાળે ત્યારે અગ્નિ ધોળી થઈ જાય ? ન થાય. ઈ એનો સ્વભાવ છોડે નહીં. એમ કહે છે કે તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. આહાહા ! દાહ્યકૃત એટલે કે બળવા લાયક પદાર્થથી આ અગ્નિ આવી છે એમ છે નહીં. દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. દૃષ્ટાંત પૂરો થયો.

તેવી રીતે જ્ઞેયાકાર થવાથી, જેમ પેલું દાહ્યાકાર. મીઠાભાઈ ! ઓમાં દાહ્યાકાર શબ્દ હતો ને, આ નિમિત્ત ને ઓલું નૈમિત્તિક. એના આકારે થયું તેથી દાહ્યાકાર હતું ને, ઈ એને બદલે અહીંયા જ્ઞેયાકાર. જેમકે આ જ્ઞેય છે, આ જ્ઞેય છે એમ અહીંયા છે જ્ઞાન. તો આ જે જ્ઞાનમાં આ જ્ઞેયોને નિમિત્ત દેખીને, જ્ઞાનની પર્યાય જ્ઞાનાકાર હોવા છતાં જ્ઞેયની સાપેક્ષતાથી જોતાં એ જ્ઞાનની પર્યાયને જ્ઞેયાકાર જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા !

હજી આવતી કાલનો દિવસ છે એટલે વાંધો નથી. આ ઝીણી વાત છે. કાલનો દિવસ છે એટલે વાંધો નથી. આ ઝીણી વાત છે એટલે ધીમે ધીમે લેવાય. આમાં ઉતાવળ થાય તેવું નથી.

જ્ઞેયાકાર થવાથી એટલે જ્ઞાનની પર્યાયમાં સ્વપર પ્રકાશક સ્વભાવનો વ્યવહાર છે. જ્ઞાનની પર્યાયમાં સ્વપર પ્રકાશકનો નિશ્ચય પણ છે અને સ્વપરપ્રકાશકનો વ્યવહાર પણ છે. વ્યવહારની મુખ્યતાથી વાત કરતાં આ જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે તો આ જ્ઞાન જ્ઞેયને જાણે છે તે અપેક્ષાએ જ્ઞાનને જ્ઞાનાકાર હોવા છતાં જ્ઞેય સાપેક્ષથી તે જ્ઞાનને જ્ઞેયાકાર કહેવામાં આવે છે. જ્ઞેય જણાય છે માટે જ્ઞેયને જાણે છે એમ પણ ઉપચારથી કહેવામાં આવે છે. ખરેખર તો એ વખતે જ્ઞાન જણાય છે.

પણ અગ્નિ તો અગ્નિ છે, લાકડું તો લાકડું છે, જ્ઞાન તો જ્ઞાન છે અને જ્ઞેય તો જ્ઞેય છે. જ્ઞેય ભિન્ન અને જ્ઞાન ભિન્ન છે. છતાં બેયનો થોડો એટલો જ્ઞાતા જ્ઞેયનો વ્યવહારનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ગણીને આ જ્ઞેય જ્ઞાનમાં જણાય છે તો એ વખતે આ જ્ઞાન જ્ઞેયને જાણે છે તો એ જ્ઞેયની અપેક્ષાએ જ્ઞાનને જ્ઞેયાકાર કહેવાય, જ્ઞેયને જાણે છે એમ કહેવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. શું કહે છે ? કે જે અજ્ઞાની જીવોને આત્મા પ્રસિદ્ધ નથી. જાણનાર એવો આત્મા પ્રસિદ્ધ નથી. તો પ્રસિદ્ધ એવા વ્યવહાર દ્વારા અપ્રસિદ્ધ એવા આત્માને જણાવવો છે. પ્રસિદ્ધ એવા વ્યવહાર દ્વારા અપ્રસિદ્ધ એવા આત્માને જણાવવો છે. શું કહ્યું ? પ્રેમચંદજી ! સમજાણું ? અજ્ઞાની જીવને જ્ઞાયકભાવ પ્રસિદ્ધ નથી. પોતાના શુદ્ધાત્માને તો નથી જાણતો, જાણનારને તો જાણતો નથી હવે જાણનાર એના જ્ઞાનમાં કેમ આવી જાય તે અપેક્ષાએ એ દૃષ્ટાંત આપીને કહે છે. કે જ્ઞેયને જાણે છે જ્ઞાન, માટે આત્માને જાણનાર એમ કહેવામાં આવે છે. આત્માને જાણે છે માટે જાણનાર છે એમ કહેવું છે. કહેવું છે શું ? કે જ્ઞાન આત્માને જાણે છે માટે જ્ઞાયક છે- જાણનાર છે એમ કહેવું છે. પણ એ વાત એને પ્રસિદ્ધ નથી એને પ્રસિદ્ધ શું છે ? કે જ્ઞેય જણાય છે, જ્ઞેય જણાય છે, જ્ઞેય જણાય છે. અજ્ઞાની જીવને જે પ્રસિદ્ધ છે એવા વ્યવહાર દ્વારા અપ્રસિદ્ધ એવો આત્મા એને સમજાવી દેવો છે. પ્રસિદ્ધ એવા વ્યવહાર દ્વારા અપ્રસિદ્ધ એવો આત્મા એને બતાવવો છે. તો કહ્યું કે જ્ઞેયને જાણે છે માટે જ્ઞાયક કહેવામાં આવે છે. જેમ લાકડાને બાળે તો એને અગ્નિ કહેવામાં આવે છે. તો લાકડાને બાળે ત્યારે જ અગ્નિ, લાકડાને ન બાળે ત્યારે અગ્નિ નહીં એમ સિદ્ધ થઈ જાય ને ? આહાહા !

એક દૃષ્ટાંત છે દૃષ્ટાંત એક ગુરુજી હતા શિષ્યોને શીખડાવતા હતા ભણાવતા હતા. એણે શિષ્યોને એમ કહ્યું કે જો અગ્નિ કોને કહેવાય ? કે લાકડાને બાળે તેને અગ્નિ કહેવામાં આવે છે. પહેલાં દિવસે ગુરુજીએ પહેલોં પાઠ આપ્યો. બીજા દિવસે બીજો પાઠ આપ્યો અગ્નિ કોને કહેવાય ? કે ઉષ્ણ તે અગ્નિ. ત્રીજા દિવસે અગ્નિ તો અગ્નિ છે. એમ ત્રણ પાઠ આપ્યા. ત્રણ દિવસના ત્રણ પાઠ. ચોથા દિવસે પરીક્ષા લીધી. બસ એટલી જ હો. એટલો જ પાઠ ને એટલી જ પરીક્ષા, લાંબુ નહીં કંઈ. બેઠા બાજુમાં રૂમમાં એક સગડી રાખી, લાલ ચોળ અંગાર ! લાલચોળ, સમજ્યા.

વિદ્યાર્થીને ઊભો કર્યો નામ લઈને જાવ બાજુના રૂમમાં અગ્નિ છે કે નહીં ? તપાસ કરીને રિપોર્ટ આપો. વિદ્યાર્થી ગયો ઓલાને લાકડું ઘૂસી ગ્યું'તું. લાકડાને બાળે તો અગ્નિ લાકડું ઘૂસી ગ્યું'તુ લાકડું. આ આપણે સિદ્ધાંતમાં ઉતારવું છે હો હજી. લાકડું ઘૂસી ગ્યું'તુ લાકડાને બાળે તે અગ્નિ. ત્યાં તો લાકડાને કાંઈ બાળતું નથી. અગ્નિ તો જ્યોતિ હતી એમાં. એમ અંગારા લાલ. વિદ્યાર્થી કહે કે ગુરુજી રૂમમાં અગ્નિ નથી, બેસી જાવ.

બીજાને ઊભો કર્યો, જાવ તપાસ કરી આવો અગ્નિ છે કે નહીં ? તે બોલતો બોલતો રૂમમાં ગયો કે ઉષ્ણ તે અગ્નિ, ઉષ્ણ તે અગ્નિ, ઉષ્ણ તે અગ્નિ તે કહે કે સાહેબ ઉષ્ણ તે અગ્નિ છે કે બેસી જાવ. નાપાસ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બીજાને ઊભો કર્યો એ હોંશિયાર વિચિક્ષણ કે લાકડાને બાળે તે અગ્નિ ઈ તો વ્યવહાર દ્વારા સમજાવવામાં આવ્યું હતું. ઉષ્ણ તે અગ્નિ એ વ્યવહાર દ્વારા સમજાવવામાં આવ્યું'તું. પણ આ ગુરુજી પરીક્ષા લ્યે છે તો મહત્ત્વની વાત ઈ છે કે, એણે તો જે અગ્નિ હતી, એના પર આંગળી મૂકી. આંગળી મૂકીને આવ્યો દોડતો ગુરુજી પાસે તેણે કહ્યું કે અગ્નિ છે ત્યાં. તમને કેમ ખબર પડી ? શું તમારી પાસે પ્રમાણ છે ? પ્રમાણ બતાવો. તો એણે શું પ્રમાણ બતાવ્યું કે ગુરુજી મેં તો આંગળી મૂકી અને અગ્નિ તો અગ્નિ છે. આહાહા !

ઉષ્ણ અગ્નિ નહીં, લાકડાને બાળે ઈ અગ્નિ નહીં. સમજાણું ? એમ જ્ઞાનીઓ કરુણા કરીને દૃષ્ટાંત દ્વારા વ્યવહાર દ્વારા નિશ્ચયને સમજાવે છે. વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે પણ વ્યવહાર અનુસરવા યોગ્ય નથી, આ મહાસિદ્ધાંત છે.

ઓલો પહેલોં વિદ્યાર્થી અસદ્ભૂત વ્યવહારને ચોંટી ગ્યો, લાકડાને બાળે તે અગ્નિ એ વ્યવહારને અનુસરવા કે અગ્નિ નથી એમાં. બીજો ભેદરૂપ વ્યવહારને પકડવા મંડ્યો કે ઉષ્ણ તે અગ્નિ એ ય નાપાસ અને ત્રીજાએ આંગળી મૂકી ને અનુભવ કરી લીધો.

એમ આમાં એક આત્મા જાણનાર છે એને જાણતો નથી એવા જીવોને એમ સમજાવે છે કે જે જ્ઞેયોને જાણે પદાર્થને જાણે એને જાણનાર કહેવામાં આવે છે. લાકડાને બાળે એને અગ્નિ કહેવામાં આવે છે. એની જગ્યાએ આ તો ઘર કરી ગ્યો કે આત્મા કોને કહેવાય ? કે આ દુકાનને જાણે તે આત્મા, મંદિરને જાણે તે આત્મા, સમયસાર શાસ્ત્રને જાણે તે આત્મા, જાણે તે આત્મા પરને જાણે તે આત્મા, પરને જાણે તે આત્મા. આહાહા ! એવું અજ્ઞાન દઢ કરી લીધું વ્યવહારનો પક્ષ પકડીને. અપૂર્વ વાત છે. સમય થઈ ગયો. બેચાર મિનિટ બાકી છે. નીચે જરા સૂક્ષ્મ છે પછી કાલ લેશું. મુદ્દાની વાત છે આ જે આજની વાત છે ને તે પ્રેક્ટીકલ છે. આ જે વાત છે ને એ થીયરી નથી પણ પ્રેક્ટીકલ છે.

## પ્રવચન નં. ૬

**તા. ૨૯-૯-૮૮ - હિંમતનગર**

સમયસાર પરમાગમ શાસ્ત્ર એનો જીવ નામનો પ્રથમ અધિકાર, છ નંબરની ગાથા ચાલે છે.

સમયસાર એટલે શુદ્ધાત્મા. જે અનાદિ અનંત શુદ્ધ જ રહ્યો છે. ભૂતકાળમાં શુદ્ધ હતો શુદ્ધાત્મા, એટલે વર્તમાનમાં શુદ્ધ છે અને ભવિષ્યમાં પણ શુદ્ધ રહેશે. કેમ એ શુદ્ધ હતો કેમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

એ શુદ્ધ છે અને ભવિષ્યમાં પણ કેમ એ શુદ્ધ રહેશે. એનું કારણ શું છે ? એ આત્મા અશુદ્ધ કેમ થતો નથી. અશુદ્ધ ન થવાનું કારણ શું છે ? અશુદ્ધ ન થવાનું કારણ તેમાં પર્યાય માત્રનો અભાવ છે. અશુદ્ધ પર્યાયનો અભાવ અને શુદ્ધ પર્યાયનો પણ એમાં અભાવ છે. તે કારણે તેને શુદ્ધ કહેવામાં આવે છે.

છઠ્ઠી ગાથાના પહેલાં પારામાં શુદ્ધનું કારણ દર્શાવ્યું છે. આ આત્મા શુદ્ધ શા માટે રહી ગયો છે ? અત્યારે શુદ્ધ શા માટે છે ? અત્યારે તારી અવસ્થામાં ભલે મિથ્યાદર્શન, જ્ઞાન, ચારિત્ર વિભાવ ને વિકાર કષાયના પરિણામ પર્યાયમાં હો, ભલે હો તો હો. પણ એ ક્રોધાદિ કષાયથી તારો આત્મા અત્યારે ભિન્ન છે-રહિત છે. કથંચિત્ રહિત કે સર્વથા રહિત ? કે એ સર્વથા રહિત છે. તારા શુદ્ધાત્માને અશુદ્ધ પરિણામો અડતા નથી, સ્પર્શ કરતા નથી. તારાથી સર્વથા ભિન્ન છે. ભિન્ન છે તે કારણે તું શુદ્ધ રહી ગયો છો. અને આત્મા શુદ્ધ હોવાથી અશુદ્ધ પરિણામનો કર્તા નથી. કેમકે અશુદ્ધ પરિણામો આત્માથી સર્વથા ભિન્ન છે. એ કારણે ભગવાન આત્મા પવિત્ર પરમાત્મા, અપવિત્ર એવા રાગાદિનો કર્તા નથી. એ પરિણામ મારાથી ભિન્ન છે માટે તેનો હું કર્તા નથી અને એ પરિણામો મારાથી ભિન્ન હોવાને કારણે ખરેખર હું તેનો જ્ઞાતા પણ નથી. એ મારા જ્ઞાનનું જ્ઞેય નથી. એ રાગાદિ કર્તાનું કર્મ નથી અને એ જ્ઞાનનું જ્ઞેય પણ નથી.

ભાઈ આવો નજીક આવો...બધા ભગવાન આત્મા છે. કાલે બહુ પ્રમોદ બતાવતા'તા કે આવી વાત બહુ ક્યાંય સાંભળવા મળતી નથી.

આહા ! શું કહે છે ? બધા આત્મા ભગવાન છે. ભગવાન આત્મા પવિત્રતાથી ભરેલો પિંડ ભગવાન છે. અપવિત્ર ક્રોધ માન, માયા, લોભ એનો એમાં પ્રવેશ થતો નથી. એ ક્રોધાદિભાવોનો ભગવાન આત્મા કર્તા નથી. કેમ કે એ ક્રોધાદિ કષાય મારાથી સર્વથા ભિન્ન છે માટે હું તેનો કર્તા નથી. અને એ ક્રોધાદિ કષાય મારાથી સર્વથા ભિન્ન હોવાને કારણે ખરેખર મારા જ્ઞાનનું જ્ઞેય પણ નથી. ક્રોધાદિ થાય પણ મારાથી ભિન્ન હોવાથી હું અકર્તા છું અને એ જ્ઞેય ન હોવાને કારણે જ્ઞાયક ભગવાન આત્મા મારા જ્ઞાનનું જ્ઞેય છે.

મારા ધ્યાનનું ધ્યેય પણ આત્મા છે અને જ્ઞાનનું જ્ઞેય પણ એક આત્મા છે. એમ જેને દૃષ્ટિ પ્રગટ થઈ ગઈ, ભેદજ્ઞાન થઈ ને આત્માનો અનુભવ થયો પછી સવિકલ્પ દશા તેની આવે છે ત્યારે પણ આત્માનું જ્ઞાન તો રહે છે. આત્માનું જ્ઞાન પ્રગટ થયું તે થયું આત્માનું જ્ઞાન જતું નથી. એ હવે જ્ઞાનની શું કળા છે તે વિધિ બતાવે છે.

વળી દાહ્યના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે. લાકડાને બાળે છે માટે અગ્નિને બાળનાર એમ કહેવામાં આવે છે. પણ ખરેખર લાકડાને બાળે છે માટે અગ્નિ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


તેમ નથી. લાકડું લાકડાથી છે, અગ્નિ અગ્નિથી છે. બે તત્ત્વ ભિન્ન ભિન્ન છે. તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. એ લાકડાને બાળે છે માટે અગ્નિની સિદ્ધિ થાય છે તેમ નથી. અગ્નિના અસ્તિત્વની સિદ્ધિ કરવા માટે લાકડાને બાળે તો અગ્નિનું અસ્તિત્વ રહે ને લાકડાને ન બાળે તો અગ્નિનું અસ્તિત્વ ન રહે એમ છે નહિ. લાકડાના નિમિત્તમાં હો કે લાકડાના સંયોગના વિયોગમાં હો અગ્નિ તો પોતાથી ઉષ્ણમય છે. એ દૃષ્ટાંત આપ્યો.

હવે સિદ્ધાંત. તેવી રીતે જ્ઞેયાકાર થવાથી, ઓમાં દાહ્યાકાર થવાથી એમ હતું દૃષ્ટાંતમાં. લાકડાના આકારે, એની આકૃત્તિ લાકડાની, કોલસા આદિની આકૃત્તિ થાય, એમ અહીંયા જ્ઞેયાકાર થવાથી એટલે પદાર્થ લાંબા ટૂંકા હોય, કાળા ધોળા હોય વિગેરે પદાર્થો બાહ્યના ઘણા પ્રકારો હોય. જેમ લાકડા પણ ઘણા પ્રકારના હોય એમ આ પણ જ્ઞેયો ઘણા પ્રકારના હોય, અનેક પ્રકારના જ્ઞેયો હોય. એ જ્ઞાનમાં જણાય, એ પદાર્થને તે અપેક્ષાએ જ્ઞેય કહેવામાં આવે છે.

જેમ કે આ પદાર્થ (કલીપ) છે તે પદાર્થનું નામ જ્ઞેય છે. જ્ઞેય કેમ ? કે આ જ્ઞાનમાં જણાવા લાયક છે અને આત્મા જાણનાર છે. આત્મા જાણનાર છે માટે આત્માને જ્ઞાન કહેવાય અને આ જ્ઞાનમાં જણાય, માટે તેને જ્ઞેય કહેવાય. હવે અત્યારે આચાર્ય ભગવાન સમજાવે છે કે જો જ્ઞેયો જ્ઞાનમાં જણાય ત્યારે જ્ઞાન સિદ્ધ થાય છે એમ નથી. જ્ઞાન તો જ્ઞાનથી છે. જ્ઞેયો જણાવ કે જ્ઞેયો ન જણાવ, જ્ઞાન તો જ્ઞાનથી છે. એમ સિદ્ધ કરવું છે.

તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે ભાવને આત્માને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. જગતને એમ પ્રસિદ્ધ છે કે આ પદાર્થો જણાય છે માટે આત્માને જાણનાર કહેવામાં આવે છે. એટલું પરની અપેક્ષા લઈને સમજાવે છે. અથવા અજ્ઞાની આ રીતે સમજી શકે છે કે જાણનાર આત્મા છે. તો જાણનાર નામ કેમ આપ્યું ? તો પદાર્થોને જાણે છે માટે આત્માને જાણનાર એમ કહેવામાં આવે છે. તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. શું કહ્યું ?

આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે. ભવના અંતનો આમાં ઉપાય છે. ચાર ગતિમાં રખડીને મરી ગયો છે. અનંત અનંત કાળ વીત્યો ચાર ગતિ અને ચોરાસી લાખ યોનિમાં એ પરિભ્રમણ કરે છે. આહા ! ક્યાંય એને શાંતિ નથી. ઠરીને ઠામ થયો નથી ક્યાંય. આહા ! એ બધા પ્રકારના અજ્ઞાન ને દુઃખના નાશનો ઉપાય આત્મજ્ઞાન કેમ પ્રગટ થાય, આત્મજ્ઞાન પ્રગટ થતાં અજ્ઞાન દૂર થાય અને અજ્ઞાન દૂર થતાં અજ્ઞાનજન્ય કર્મનો પણ અભાવ થઈ જાય, અને પૂર્ણ પ્રાપ્તિનો અનુભવ એને થાય. એ ઉપાય સમયસાર શાસ્ત્રમાં બતાવ્યો છે.

સમયસાર બે જગ્યાએ છે. સમયસાર એક જ જગ્યાએ નથી. શાસ્ત્ર જ માત્ર સમયસાર નથી. અંદરમાં ભગવાન આત્મા સમયસાર છે. આ શુદ્ધાત્માને બતાવનાર જે શાસ્ત્ર હોય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તેનું નામ પણ સમયસાર છે. ઉપાદાન ઉપરથી આનું નામ પડ્યું છે. શાસ્ત્ર ઉપરથી આત્માનું નામ નથી પડ્યું. આ આત્મા પોતે અનાદિ અનંત શુદ્ધાત્મા પોતે છે. ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છે અને ભવિષ્યકાળે પણ શુદ્ધ રહેશે. આ શુદ્ધાત્મા છે તેને પ્રતિપાદન કરનારું, બતાવનારું જે શાસ્ત્ર છે તેને પણ સમયસાર કહેવામાં આવે છે. તે સમયસાર નામ શુદ્ધાત્મા.

તેના જ્ઞાનમાં જ્ઞેયો જ્યારે જણાય છે ત્યારે તેને જાણનાર એમ જગતને પ્રસિદ્ધ છે. જાણનાર કોને કહેવો ? જાણનાર કહ્યો ત્યાં કરનારનો ચોકડો માર્યો. જાણનાર આત્મા છે તો કરનાર નથી. હવે જો જાણનાર છે તો તેનું નામ જાણનાર કેમ પાડ્યું ? કે એ પદાર્થોને જાણે છે. માટે આત્માને જાણનાર કહેવામાં આવે છે. એટલી વાત કર્યા પછી હવે એક સૂક્ષ્મ વાત કહેવા માંગે છે. કે આ જ્ઞેયો છે તેને જાણે છે માટે જાણનાર છે એમ નથી. કેમ કે તો તો જાણનાર પરાધીન થઈ ગયો.

લાકડાને બાળે ત્યારે અગ્નિ કહેવાય ને લાકડાને ન બાળે ત્યારે અગ્નિ ન કહેવાય, તો તો લાકડાના આધારે આધિન અગ્નિ થઈ, એમ નથી. અગ્નિ અગ્નિરૂપ છે લાકડું લાકડારૂપ છે. લાકડાને બાળે તો પણ અગ્નિ અગ્નિરૂપે છે અને લાકડાને ન બાળે તો પણ અગ્નિ તો સ્વયં ઉષ્ણ પોતાના સ્વભાવથી છે.

એમ આ આત્મા જાણનાર, જ્ઞેયને જાણે છે માટે આત્મા જાણનાર છે, એમ જે જાણનારને જાણતો ન હતો, જાણનારને જણાવા માટે એ જાણનારને જાણતો નહોતો જ્ઞેયને જાણવા અટક્યો'તો, તે જાણનારને વ્યવહાર દ્વારા જાણવા સુધી પહોંચાડવા માટે નિશ્ચય સમજાવે છે, કે જ્ઞેયોને જાણે છે ને માટે આત્માને જાણનાર કહેવામાં આવે છે. હવે કહે છે કે એ જ્ઞેયને જાણે માટે જાણનાર છે એમ નથી. જ્ઞેયો જણાય કે જ્ઞેયો ન જણાય તેને જ્ઞેયની અપેક્ષા નથી. જ્ઞાન સ્વતઃ સિદ્ધ છે. જાણવાની ક્રિયા પોતાથી પોતામાં થઈ રહી છે. તેને જ્ઞેયના અવલંબનની જરૂર નથી, અગ્નિને લાકડાને બાળવાની જરૂર નથી અગ્નિ તો સ્વભાવ સિદ્ધ છે. અગ્નિ તો પોતાથી સ્વભાવથી સિદ્ધ છે. એમ આ જાણનાર આત્મા એ પોતાથી છે. પરપદાર્થ જણાવ કે ન જણાવ, તેને તેની અપેક્ષા નથી.

હવે કહે છે કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેયાકાર થવાથી એટલે જ્ઞેયોને જાણવાથી તે ભાવને એટલે આત્માને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. જગતને આ વાત પ્રસિદ્ધ છે. લોકને શું પ્રસિદ્ધ છે ? કે જાણનાર કોને કહેવો કે પદાર્થને જાણે તેને જાણનાર કહેવાય, એમ લોકોને પ્રસિદ્ધ છે. પણ પદાર્થને જાણે છે માટે જાણનાર છે એ વાત જૂઠી છે. સો ટકા ખોટી વાત છે. જ્ઞેયને જાણે માટે જાણનાર છે એમ છે નહિ. આત્મા તો સ્વભાવથી જાણનાર છે. આત્મા તો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવથી જાણનાર છે.

દીપક કોને કહીએ કે ઘટપટને પ્રકાશ કરે તો દીપક, એમ છે નહિ. દીપક તો દીપકથી છે. ઘડાને લઈ લ્યો તો ય દીપક ને ઘડો હોય તોય દીપક. દીપક તો દીપક પોતાથી છે. એમ આ જ્ઞેયાકાર થવાથી એટલે જ્ઞેયો જ્ઞાનમાં જણાવાથી આત્માને જ્ઞાયક એટલે જાણનાર.... જાણનાર.... જાણનાર...છે એ વાત લોકમાં પ્રસિદ્ધ છે. અને એ વાત અમે કહીએ ત્યારે એ તરત જ હા પાડે છે કે આત્મા જાણનાર છે. કારણ કે જ્ઞેય જણાય છે ને આત્મા એને જાણે છે. એવો જ્ઞાતા જ્ઞેયનો સંબંધ અહીંયા છે એટલે તરત હા પડે છે કે હા. જ્ઞેયોને જાણે માટે હું જાણનાર છું. જ્ઞેયોને કરતો નથી. પણ જ્ઞેયોને જાણે છે એવો જે વ્યવહાર, એ વ્યવહાર દ્વારા નિશ્ચય બતાવવો છે. વ્યવહાર નથી બતાવવો, જ્ઞેયોને જાણે છે માટે આત્મા જ્ઞાયક જાણનાર એ વાત જગતને પ્રસિદ્ધ છે. તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. એ માર્મિક વાત કરે છે.

જ્ઞેયકૃત એટલે આ જ્ઞેયો છે એટલે અહીંયા જ્ઞાન થાય છે ? આ જ્ઞાનની પર્યાય જ્ઞેયોથી થાય છે ? જ્ઞેયને જાણે તો જ્ઞાન ઉત્પન્ન થાય છે ? એમ છે નહિ. જ્ઞેયથી જ્ઞાન થતું નથી અને જ્ઞેયનું પણ જ્ઞાન થતું નથી. સૂક્ષ્મ વાત છે. કે જો જ્ઞેયથી જ્ઞાન થાય તો જ્ઞેયકૃત અશુદ્ધતા લાગુ પડી જાય. તો જ્ઞેય કર્તા થાય અને જ્ઞાનની પર્યાય એનું કર્મ બને. પણ જ્ઞેય કર્તા ને અહીંયા જ્ઞાન કર્મ એમ જ્ઞાનને પર જ્ઞેયની સાથે કર્તા કર્મ ભાવનો અભાવ છે. અને આ જ્ઞેય છે તે નિમિત્ત છે અને અહીંયા જ્ઞાનની પર્યાય છે તે નૈમિત્તિક છે, એવી પણ જ્ઞાનની પર્યાયને અપેક્ષા નથી. એ કર્તા કર્મ તો નથી, જ્ઞેયથી તો જ્ઞાન થતું નથી, જ્ઞેયનું પણ જ્ઞાન થતું નથી, જ્ઞાન તો આત્માનું થાય છે. જ્ઞાન થાય છે, પણ એ જ્ઞાન આત્માનું થાય છે આત્માથી થાય છે. આત્માથી અને આત્માનું.

સૂર્યનો પ્રકાશ થાય છે તો તે પ્રકાશ સૂર્યથી થાય છે અને સૂર્યનો પ્રકાશ છે. એમ આ જ્ઞાન પ્રગટ થાય છે તે આત્માથી પ્રગટ થાય છે અને આત્માનું જ્ઞાન થાય છે. જ્ઞેયોથી જ્ઞાન થતું નથી અને જ્ઞેયોનું પણ જ્ઞાન થતું નથી. કહેવાય એમ કે આ જ્ઞેયો જણાય છે. કહે છે કે જો તને એ જ્ઞેયો જણાય છે એ વખતે જ્ઞાન ન જણાય તો તો જ્ઞેયકૃત અશુદ્ધતા આવી જશે. સૂક્ષ્મ વાત છે. જ્ઞેયથી જ્ઞાન ન થાય અને જ્ઞેયનું પણ જ્ઞાન ન થાય. જ્ઞાન આત્માથી થાય અને આત્માનું જ થાય. આત્માથી થાય અને આત્માનું જ જ્ઞાન થાય છે તો કહે છે કે જ્ઞેયકૃત અશુદ્ધતા નથી.

જ્ઞેયથી જ્ઞાન થાય એ વાત ૧૦૦% જૂઠી છે. અને જ્ઞેયનું પણ જ્ઞાન થતું નથી. જ્ઞેયથી જ્ઞાન ન થાય અને જ્ઞેયનું પણ જ્ઞાન ન થાય. કારણ કે જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. શું કહ્યું ? કારણ કે હવે આગળ વધે છે. કારણ કે જ્ઞેયથી જ્ઞાન કેમ થતું નથી અને જ્ઞેયનું જ્ઞાન કેમ થતું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી ? એનું કારણ કે આત્માની પેઢીએ ચઢ્યો નથી...આત્માની ધીકતી પેઢી છે પેઢીએ બેઠો નથી. આત્માની પેઢીએ બેસીને વ્યાપાર કરતો નથી. માટીની પેઢીએ બેઠો છે આ ''મીઠાલાલ પેલેસ'' માટીની પેઢી છે. આત્માની પેઢી ક્યાં છે.

ભગવાન આત્મા જાણનાર દેખનાર છે. ત્યાં આવી જા. એકવાર તો તું આવ તને શાંતિ થશે. આ બધું દુઃખ ને આકુળતા મટી જશે. હવે કહે છે કે જ્ઞેયથી જ્ઞાન થતું નથી અને જ્ઞેયનું જ્ઞાન થતું નથી. જો એમ થાય તો જ્ઞાન પરાધીન થાય, તો જ્ઞાન રહેતું નથી. કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં, આ (ક્લિપ) જ્ઞેય કહેવાય આ જ્ઞેય છે. જ્ઞેયાકાર અવસ્થામાં એ જ્ઞેયો જ્યારે જ્ઞાનમાં જણાય છે, એવી જ્ઞાનની અવસ્થા લઈએ તો પણ જ્ઞેયો જ્ઞાનમાં જણાય એવા કાળે, જ્ઞેયોનો જ્ઞાનમાં પ્રતિભાસ થાય તેવા કાળે, જ્ઞેયાકાર અવસ્થામાં કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં એટલે જ્ઞેયો જણાય છે એવી જ્ઞાનની અવસ્થાના કાળે એ જ્ઞાન જ્ઞેયને જાણતું નથી આત્માને જાણે છે. આહા !

ફરીથી, કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં એટલે જ્ઞેયો જ્યારે જ્ઞાનમાં જણાય છે તે કાળે, રાગ જણાય, ક્રોધ જણાય, પુણ્ય પાપના પરિણામ જણાય, શરીર જણાય, કે ભગવાનની પ્રતિમા જણાય, આહા..ભલે ભગવાનની પ્રતિમાજી જણાય, ત્યારે કહે છે કે પ્રતિમાની સામે ઉભવા છતાં જાણનાર જણાય છે. પ્રતિમાની સામે ઊભો છે. ચર્મચક્ષુ પ્રતિમાની સામે છે અને જ્ઞાનચક્ષુ આત્માની સન્મુખ છે. આહાહા !

આ આંખ છે આમ (પ્રતિમાની સામે) બીજાને એમ લાગે કે પ્રતિમાના દર્શન કરે છે. હા, ઈ નિજ પ્રતિમાના દર્શન કરે છે. જુઓ તો ખરા ! સાધકની સવિકલ્પ અવસ્થાની વાત કરે છે. નિર્વિકલ્પ ધ્યાનમાં જ્યારે જાય ત્યારે તો આત્મા જણાય. એમ તો એ તો બધા સમજી શકે એવી વાત છે. પણ જ્યારે પ્રતિમાની સામે ઈન્દ્રિયજ્ઞાન છે ત્યારે અતીન્દ્રિય જ્ઞાન આત્મા સન્મુખ થયેલું આત્માને જાણે છે. ભગવાનની પ્રતિમાને જાણતો નથી. કારણ કે એ જ્ઞેયાકાર અવસ્થામાં પ્રતિમા એ જ્ઞેય અને એને જાણે છે જ્ઞાન એને જ્ઞેયાકાર અવસ્થા કહેવામાં આવે છે. છે તો જ્ઞાનાકાર અવસ્થા એ જ્ઞાનની પર્યાયનું નામ છે તો જ્ઞાનાકાર પણ એ જ્ઞેયની સાપેક્ષતાથી જોવામાં આવે તો તેને જ્ઞેયાકાર પણ કહેવામાં આવે છે. જ્ઞેયો જણાય છે એ અપેક્ષા લઈએ તો તેને જ્ઞેયાકાર અવસ્થા કહેવામાં આવે છે. એ જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞાયકપણે જણાયો. જાણનારપણે જણાય છે. આહાહા ! જ્ઞેયપણે જણાતો નથી. જ્ઞેયના જ્ઞાનપણે પણ જણાતો નથી પણ આત્માના જ્ઞાનપણે જણાય છે.

કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્યારે એ જ્ઞેયો જ્ઞાનમાં પ્રતિભાસે છે એ સમયની વાત છે. એ સમયે ભલે એ જ્ઞેય સાપેક્ષથી જ્ઞેયાકાર કહ્યું તો પણ એ સમયે સાધકનું જ્ઞાન એ પર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞેયને જાણતું નથી અને જ્ઞેયાકાર જ્ઞાનને પણ જાણતું નથી. એ તો આત્માને જાણે છે. માટે જ્ઞેયકૃત અશુદ્ધતા આવતી નથી. આત્માનું જ્ઞાન થયા કરે છે. જો આત્માનું જ્ઞાન થતું ન હોય તો અજ્ઞાન થઈ જાય. જ્ઞેયકૃત અશુદ્ધતા એટલે અજ્ઞાન. પણ અજ્ઞાન કેમ થતું નથી ? કારણ કે પ્રતિમાની સામે જુએ છે ત્યારે પણ જાણનારો સમયે સમયે જણાય રહ્યો છે.

જ્ઞેયાકાર અવસ્થામાં પણ, પણ કેમ ? કે સ્વરૂપને જોવાની અવસ્થામાં તો જાણનાર જણાય છે પણ સવિકલ્પ એટલે એમાં પર જ્ઞેયો નિમિત્તપણે છે ત્યારે નિમિત્ત પણ જણાતું નથી નૈમિત્તિકભાવ પણ જણાતો નથી પણ સ્વભાવભાવ જણાય છે.

પ્રશ્ન : સવિકલ્પમાં પણ સ્વભાવિક જ્ઞાન ઉત્પન્ન થાય છે ?

ઉત્તર : હા. ઉત્પન્ન જે જ્ઞાન એકવાર થયું તે ચાલું રહે છે. અનુભવના કાળે જે જ્ઞાન ઉત્પન્ન થયું, નિર્વિકલ્પ દશામાં ધ્યાનમાં જ્ઞાનનો જન્મ થાય છે. નિર્વિકલ્પ ધ્યાન લાંબો સમય ટકતું નથી તો સવિકલ્પદશા આવી જાય છે. તો જે જ્ઞાન આત્માશ્રિત પ્રતીતિ  જ્ઞાન ઉપયોગાત્મક પ્રગટ થયું તે જ્ઞાન જ્યારે સવિકલ્પદશામાં આવે છે. ત્યારે પરિણતિ રહી જાય છે ઉપયોગ છૂટી જાય છે. જ્ઞાનની પર્યાયની પરિણતિ જે આત્માને પ્રસિદ્ધ કરનારી છે તે ચાલુ રહે છે. સમયે સમયે પરિણતિ છે. આવું જે જ્ઞાન પરિણતિરૂપ ચાલુ છે તે જ્ઞાનમાં સ્વપરપ્રકાશક શક્તિ છે તે જ્ઞાનની સ્વચ્છતામાં જ્ઞેયનો પ્રતિભાસ થયો ત્યારે જ્ઞેય જાણવામાં આવતું નથી જ્ઞાન જાણવામાં આવે છે. શ્રુતજ્ઞાન આત્માનું છે.

જ્ઞેયાકાર અવસ્થામાં પણ, પણ લખ્યું છે ને, પણ કેમ લખ્યું ? કે નિર્વિકલ્પ ધ્યાનમાં તો આત્મા જણાય છે એ વાત તો બધાને સમજાય. આહાહા ! પણ જ્ઞાની આહાર કરતા હોય, ચાલતા હોય, બેઠા હોય, સૂતા હોય, નિંદ્રા અવસ્થામાં પણ. આહા ! નિંદ્રા જ્ઞાનમાં જ્ઞેય થાય છે ત્યારે નિંદ્રાનું જ્ઞાન થતું નથી, આત્માનું જ્ઞાન થાય છે એવી જાગૃતિ રહે છે. આ ઊંઘે છે તે ભાવેન્દ્રિય ઊંઘે અને જાગે છે તે અતીન્દ્રિયજ્ઞાન જાગે છે. અતીન્દ્રિયજ્ઞાન જાગતું અને ઈન્દ્રિયજ્ઞાન ઊંઘતું પ્રમાદમાં પડ્યું છે. એનાથી જુદું જ્ઞાન છે.

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો, જ્ઞેયાકાર અવસ્થામાં જાણનારપણે જણાયો. જ્ઞાતઃ નો અર્થ ચાલે છે. જ્ઞાતઃ મૂળ બે છેલ્લી લીટીમાં જ્ઞાતઃ શબ્દ હતો કુંદકુંદ ભગવાનનો. એનો અર્થ કર્યો છે જ્ઞાતઃ નો. જ્ઞાતઃ એટલે જ્ઞાયકપણે જણાયો, જ્ઞાયકપણે જાણશે નહિ, જણાયો. સમયે સમયે જણાયા જ કરે છે. એક સમય પણ એવો જતો નથી કે સમ્યગ્દષ્ટિને આત્મા જણાતો ન હોય. અછિન્નધારાથી અતીન્દ્રિય જ્ઞાનમાં આત્મા જણાયા કરે છે. તેથી શુદ્ધિની વૃદ્ધિ થયા કરે છે.

એક સમય પણ જો જ્ઞાન આત્માને ન જાણે તો મિથ્યાદષ્ટિ થઈ જાય. જણાયા જ કરે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉત્પન્ન થયેલું જ્ઞાન એ વિધ્વંશ પામતું નથી, નાશ પામતું નથી. પ્રગટ થયું તે થયું કેવળજ્ઞાન થાય ત્યાં સુધી રહે છે. પછી કેવળજ્ઞાન થાય ત્યારે આ જ્ઞાનનો વ્યય ને કેવળજ્ઞાનનો ઉત્પાદ. જ્ઞેયાકાર અવસ્થામાં પણ, પણ શબ્દ લીધો છે પણ, એ ઈમ્પોર્ટન્ટ છે. નિર્વિકલ્પ ધ્યાનમાં તો આત્મા જણાય. પણ આહાર કરતા હોય ત્યારે ચાંદીની થાળીમાં, જાત્રાએ જતા હોય ત્યારે, ત્યારે તેને જાણનાર જણાય છે. ભાઈ ! આહાહા ! બીજાને એમ લાગે છે કે આ પરને જાણે છે. પરને જાણનારું જ્ઞાન જુદું અને સ્વને જાણનારું જ્ઞાન જુદું. કાલ કહ્યું'તું સર્પ બે મોઢાવાળા અમુક હોય છે. એમ આ જ્ઞાનની પર્યાય (ના બે ફાંટા) એક અંતર્મુખી ને એક બહિર્મુખી. બહિર્મુખ પર્યાયમાં ઈન્દ્રિયજ્ઞાનનો જન્મ થાય છે અને અંતર્મુખ જ્ઞાનમાં અતીન્દ્રિય જ્ઞાન રહે છે અને વધતું વધતું કેવળજ્ઞાન થઈ જાય છે.

જ્ઞેયો જ્યારે જણાય છે ત્યારે તે અવસ્થામાં પણ જાણનારો જાણનારપણે જણાય રહ્યો છે. શાંતિનાથ ભગવાન ! શાંતિનાથ, કુંથુનાથ ને અરનાથ, ૧૬, ૧૭ ને ૧૮ મા તીર્થંકર ભગવાન થયા ને એ ગૃહસ્થ અવસ્થામાં હતા. મુની અવસ્થા પહેલાં ત્યારે ચક્રવર્તી હતા. ત્રણેય કામદેવ હતા. તીર્થંકર તો પછી થયા. તીર્થંકર ગૃહસ્થ અવસ્થામાં ન હોય એ તો પરમાત્મા અરિહંત થાય ત્યારે. ગૃહસ્થ અવસ્થામાં તો ચક્રવર્તી, કામદેવ.

કામદેવની વાત તો ત્યાં હમણાં જોઈ દેવલાલીથી જાત્રાનું સ્થળ માંગીતુંગી અમે ગયા. ત્યારે ત્યાં રામચંદ્રજી ત્યાંથી મોક્ષ પધાર્યા છે સુગ્રીવ ને હનુમાન. ત્રણેયની પ્રતિમાઓ છે સાથે, ત્યાંથી મોક્ષ પધાર્યા છે. પછી એક મુનિની પ્રતિમા હતી. આવી મુનિરાજની પ્રતિમા જીવનમાં પહેલાં વહેલા જોઈ. કોઈપણ અરિહંત કે મુનિની પ્રતિમા હોય તો તેના આપણે દર્શન કરી શકીએ. એના મુખના દર્શન કરી શકીએ એમ એનું આપણી સન્મુખ મુખ હોય. આ તો શાંતિનાથ ભગવાન પીઠ દઈને બેઠા છે. આ શું ? આમ કેમ ? આ શું ? આમ કેમ ? મોઢું ભીંત તરફ ને પીઠ પાછળ આપણી તરફ. ત્યાં લખાણ છે તેમાં ખુલાસો કર્યો છે કે એ કામદેવ હતા તો શું થયું ? એવા રૂપ રૂપના અવતાર. સ્ત્રીઓ જોઈને વિટંબણા પામે ભાન ભૂલી જાવ. પાણી ભરવા આવી હોય ને તો ડોલ કૂવામાં નાખવાને બદલે છોકરાને ગળે દોરડું વીંટીને નાખી ધ્યે. ને જોઈને ભાન ભૂલી જાય.

મુનિરાજને ખબર પડી આ રૂપને મારે શું કરવું છે ? પીઠ ફેરવી લીધી ને ધ્યાનમાં મગ્ન થઈ ગયા. એવી પુણ્યની પ્રકૃતિઓ હોય છે. આ પરમાણું ધોળારૂપે થાય છે , આત્મા ધોળો થતો નથી હો. આ પરમાણુંની વાત છે. આ માટી ધોળી હોય ને કાળી પણ હોય. માટીના બે પ્રકાર કાળી ધોળી. રાતી પીળી તો જવા ધો. આહા ! આપણે ધોળી ને કાળીનો બેનો વિચાર કરો ને. આ માટી ધોળી પણ હોય ને કાળી પણ હોય એને કામદેવને પુણ્યપ્રકૃતિ

પૂર્વનો ઉદય બંધાણો હોય તો રૂપનો અવતાર, અને ચક્રવર્તીપદ કહે છે કે એ વખતે એ કોને જાણે છે સવિકલ્પદશામાં લડાઈમાં ઊભા હોય ત્યારે, લડાઈમાં કાંઈ માળા ફેરવે નહીં ત્યાં તો આયુધ હોય. રામચંદ્રજીને લક્ષ્મણનું જોયું ને આપણે હમણાં. કોને જાવે છે તે રામ ? આત્મરામને જોવે છે. બાણને જોતા નથી. આત્મરામને જોવે છે. જગતને અજ્ઞાનીને આશ્ચર્ય ઉપજાવે એવી આ વાત છે. જ્ઞાની જેમ છે તેમ તેને જાણે છે ને આનંદને માણે છે. આત્માને જાણે છે ને આનંદને માણે છે. આહાહા !

પ્રશ્ન : હાથીના દાંત ચાવવાના જુદા ને બતાવવાના જુદા છે ?

ઉત્તર : એવું નથી જે ચાવવાના છે તે જ હાથીના દાંત છે. બતાવવાના છે તે હાથીના દાંત નથી. કેમકે તેનાથી કામ થતું નથી તે તો શોબાજી છે. અતીન્દ્રિયજ્ઞાન તે જ્ઞાન છે. ઈન્દ્રિયજ્ઞાન તે જ્ઞાન નથી. જે જ્ઞાનમાં આત્મા જણાય તેને જ્ઞાન કહીએ. જે જ્ઞાનમાં પોતાનો શુદ્ધાત્મા ન જણાય અને આ બધું જણાય તે તો અજ્ઞાન છે. તે જ્ઞાન કહેવાય નહિ તે તો ઈન્દ્રિયજ્ઞાન છે. અજ્ઞાન છે. તેનાથી તો કર્મનો બંધ થાય છે. આહાહા !

રાગથી તો કર્મનો બંધ થાય પણ ઈન્દ્રિયજ્ઞાન, ભાવઈન્દ્રિય સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, કર્ણેન્દ્રિય એ પાંચ ઈન્દ્રિય આ જડ છે. સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુન્દ્રિય અને શ્રોતેન્દ્રિય આ જડ છે એ પાંચ ઈન્દ્રિય આ જડ છે. એમાં એક જ્ઞાનનો ઉઘાડ છે તેને ભાવઈન્દ્રિય કહેવામાં આવે છે. એ ભાવેન્દ્રિયથી ભિન્ન પરમાત્મા અંદર બિરાજમાન છે. એને અતીન્દ્રિય જ્ઞાન વડે કળી લે તું. ભવનો અંત આવશે તને.

આ ઈન્દ્રિયજ્ઞાન તારું નથી. આ કાન તારા નથી. આત્માને કાન નથી માટે તે કાનથી આત્મા સાંભળતો નથી. આત્માને આંખ નથી માટે આંખથી આ છઠ્ઠી ગાથા વાંચતો નથી. આહાહા ! અપૂર્વ ચીજ છે. આત્મા શું ? આત્માનું જ્ઞાન શું ? એની શક્તિ શું ? આહાહા ! એ સાંભળવાય મળે નહિં તો ક્યારે પ્રયોગ કરીને ભેદજ્ઞાન પ્રયોગ કરીને આત્મદર્શન કરે.

ભાઈ કાલે કહેતા'તા, આ વાત સૂક્ષ્મ ઘણી છે, પણ ક્યાંય સાંભળવાય પણ મળતી નથી. કહેતા'તા કે આને જાણું છું આને જાણું છું એ ઉપયોગનો દુરૂપયોગ છે. એટલું પકડાય તો પણ ઘણું છે. એટલું પકડાયને કે આ હું બધાનો જાણનાર છું એ તો ઉપયોગનો દુરૂપયોગ છે. તે ઉપયોગ તો આત્માનો છે. એ જ્યારે આત્માને જાણે ત્યારે એ ઉપયોગનો સદુપયોગ થયો કહેવામાં આવે છે.

અહીં કહે છે કે જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞેયો જ્ઞાનમાં નિમિત્ત થાય છે ત્યારે જ્ઞેય જણાતું નથી, નિમિત્ત જણાતું નથી અને નૈમિત્તિક ઈન્દ્રિયજ્ઞાન પણ જણાતું નથી. પણ સ્વઆશ્રિત સ્વભાવી જ્ઞાન સમયે સમયે જણાય છે. જ્ઞાયકપણે જણાયો, જાણનારપણે જણાયો.

આત્માના જાણનારપણે જણાય છે પરના જાણનારપણે જણાતો નથી. જાણનાર જ્ઞાયકપણે જણાયો એટલે જાણનારપણે ''હું જાણનાર છું'' એમ જણાય છે. હું આને જાણું છું એમ છે નહિં.

ભાઈ ! આ એવું છે કે દરેક અજ્ઞાની પ્રાણીને ઈન્દ્રિયજ્ઞાન છે અને ઈન્દ્રિયજ્ઞાનમાં એવો અનુભવ છે કે હું આને જાણું છું, આને જાણું છું એને ઈન્દ્રિયજ્ઞાનથી વિશેષ બીજું અતીન્દ્રિય જ્ઞાન છે તેને પ્રગટ પણ થયું નથી અને આ એક પ્રગટ થવાની જે કળા છે તે વાત પણ તેણે સાંભળી નથી તેથી આ જ જ્ઞાન છે તેમ માને છે. શાસ્ત્રજ્ઞાન તે જ્ઞાન નથી. જ્ઞાન શાસ્ત્રથી થતું નથી અને શાસ્ત્રને જાણતું નથી જ્ઞાન, જ્યારે શાસ્ત્ર નિમિત્તપણે છે ત્યારે. જ્ઞેયાકાર અવસ્થામાં છઠ્ઠી ગાથા જ્ઞેયપણે નિમિત્ત છે, છગડો, છગડો જ્યારે જ્ઞેયપણે નિમિત્ત છે ત્યારે છગડો જણાતો નથી, છગડાના સંબંધવાળુ જ્ઞાન જણાતું નથી. આત્માના સંબંધવાળું જ્ઞાન એ સમયે જણાય છે. આહા !

અપૂર્વ ! અતીન્દ્રિય સમયસાર તો ભારતનો ભગવાન છે, અદ્વિતીય ચક્ષુ છે. આહા ! ભાગવતી શાસ્ત્ર, પરમેશ્વરી, દૈવી શાસ્ત્ર છે આ. આ શાસ્ત્ર દૈવી શાસ્ત્ર છે. ચૈતન્ય દેવને હાજર કરે. આ મંત્રની સાધના કરે તો દેવ હાજર થાય. જયપુરમાં કહ્યું કે ભેદજ્ઞાનના મંત્રથી દેવ હાજર થાય છે. તો કહે આ પંડિત સારા આપણે તો આ સાધના કરીએ અને દેવ પ્રસન્ન થાય ને કંઈ માંગી લઈએ. અરે ભાઈ આ એ દેવની વાત નથી. કુદેવ આદિની વ્યંતર ને ભૂતળાની વાત અહીંયા નથી. મોહરૂપી ભૂતડા ભાગી જાય એવી વાત અહીંયા ચાલે છે. આહા !

ભેદજ્ઞાનના મંત્રથી ચૈતન્યદેવ હાજર થાય છે. ચૈતન્યદેવની આરાધનાથી પુણ્ય પાપના પરિણામથી ભિન્ન, પુણ્ય પાપ જે થાય છે તેને જાણનાર ને શાસ્ત્રને જાણનાર તેવું જે ઈન્દ્રિયજ્ઞાનથી ભિન્ન અંદર અતીન્દ્રિય અખંડ પરમાત્મા બિરાજમાન છે. સકલ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય તે હું છું આ ખંડ જ્ઞાન તે હું નથી. આહા ! રજની ! મીઠાલાલ પેલેસ તો ક્યાંય ગયો. હેં ! શૈલેષ ! એ તો બહારની દુનિયામાં છે હો. તમારી દુનિયામાં ય નથી તમારી દુનિયામાં તો તમારો આત્મા અને તમારી દુનિયામાં આત્માનું જ્ઞાન એ તમારી દુનિયા. ઈન્દ્રિયજ્ઞાન એ તમારી દુનિયા નથી. એ તમારી દુનિયાથી બહાર છે. આહાહા !

જ્ઞેયાકાર અવસ્થામાં સવિકલ્પદશામાં, જ્ઞેયાકાર અવસ્થા લીધીને, જ્ઞેય સાપેક્ષ જ્ઞાન થાય છે જે સમયે તે સમયે આ જ્ઞેય છે. તે સમયે, જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞાયકપણે જણાયો પણ જ્ઞેયને જાણનારો, જ્ઞેયને જાણનારો જણાયો કે આ જ્ઞેય જણાય છે કે જ્ઞેયનો

જાણનારો જણાય છે ? જ્ઞેય તો જણાતું જ નથી. પણ જ્ઞેયનો જાણનારો છે એવું જણાય છે કે નહિ ? કે એવું જણાતું નથી. ત્યારે શું જણાય છે ? આહા ! કે જાણનારપણે જણાય છે. હું તો જાણનાર, હું તો જાણનાર ને જાણવારૂપે પરિણમતો જાણનારને જાણું છું. જ્ઞેયને જાણવારૂપે પરિણમીને જ્ઞેયને જાણું છું એમ જ્ઞાનમાં દેખાતું નથી. ઝીણી વાત છે. જોષી સાહેબ ! નરમ માણસ છે. એટલી જિજ્ઞાસા લઈને સાંભળવા તો આવે છે. આહાહા ! આ કોઈ વાડાની વાત નથી. આ આત્માની વાત છે. વાડા બાડા છે નહીં આત્મામાં.

કહે છે કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો-જાણનારપણે જણાયો, આટલો વિસ્તાર થયા પછી તે હવે આગળ, સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ, દીવાની જેમ કર્તાકર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે.

જ્યારે એ જ્ઞાન અંતર્મુખ થઈને શુદ્ધોપયોગ થાય છે. ઓલી શુદ્ધ પરિણતિમાં પણ આત્મા જણાતો હતો ને હવે શુદ્ધોપયોગ થાય ત્યારે પણ આત્મા જણાય. સવિકલ્પ જ્ઞાનમાં પણ જાણનાર જણાય અને નિર્વિકલ્પ ધ્યાનમાં પણ જાણનાર જણાય. ચોવીસે કલાક જાણનાર જણાય છે. આહા !

કહે છે કે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ દીવાની જેમ, દીવાનું દૃષ્ટાંત આપે છે. કર્તાકર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે. શું કહે છે ? કે આ જ્ઞેય જ્યારે જણાય છે ત્યારે પણ તેની જ્ઞાનની પર્યાય જણાય છે. આત્માની ઈ આત્માનું જ્ઞાન થાય છે ઈ જણાય છે. અને એ જ્ઞાનની પર્યાય આત્માનું કર્મ છે અને એ આત્મા તેનો કર્તા છે.

જુઓ ખુલાસો છે કે પોતે જાણનારો હોવાથી પોતે કર્તા, પોતે જાણનારો છે માટે પોતે કર્તા છે. અને પોતે જ જણાયો માટે પોતે જ કર્મ. રાગ જણાય તો રાગ કર્મ થાય. રાગ જણાતો જ નથી. આત્મા જણાય છે. માટે રાગ કર્તાનું કર્મ પણ નથી ને જ્ઞાતાનું જ્ઞેય પણ નથી, અલૌકિક વસ્તુ ! આહા ! આ તો આકાશમાં ઉડવાની વાત છે. પાંખ આવી જાય ઉડવાની પાંખ. આહાહા ! સંસારમાંથી બહાર નીકળવાની પાંખો આવી જાય.

(શ્રોતા : સમયસારના નાટકમાં આવે છે. યાહી કે સુપક્ષી જ્ઞાનગગન મેં ઉડત હૈ.) આહાહા ! જ્ઞાન ગગનમાં ઉડવાની વાત છે. સમયસાર તો સમયસાર છે. કહે છે પ્રભુ એકવાર સાંભળ. આત્મા જાણનાર છે માટે આત્માને કર્તા કહ્યો અને આત્મા જ જણાય છે માટે આત્મા જ કર્મ છે. આત્મા કર્તા અને રાગ તેનું કર્મ એમ નથી. આત્મા જ્ઞાતા અને રાગ જ્ઞેય એમ પણ નથી. જાણનારો માટે પોતે કર્તા અને પોતે જ જણાયો માટે પોતે જ કર્મ છે. આહા ! ભેદ અપેક્ષાએ જ્ઞાનની પર્યાયને કર્મ કહેવાય, અભેદ અપેક્ષાએ તો પરિણામી દ્રવ્ય કર્તા અને પરિણામી દ્રવ્ય કર્મ છે. અપરિણામી કર્તા નથી. અપરિણામી તો અકર્તા છે.

આહા ! વાત છે ઝીણી લોઢા કાપે છે છીણી.

અપરિણામી આત્મા છે એ તો અકર્તા છે. પણ અપરિણામી જ્ઞાયકને જ્યાં લક્ષમાં લીધો ત્યાં એ આત્મા આત્માને જાણવારૂપે પરિણમે છે માટે પરિણામી આત્મા કર્તા અને પરિણામી આત્મા કર્મ છે. આહાહા ! જાણનારો માટે પોતે કર્તા અને જણાયો શું ? તો કહે પોતાનો આત્મા જણાયો, રાગ જણાય છે ? તો કહે ના. રાગ જણાતો નથી. અભેદમાં ભેદ દેખાતો નથી. જાણનાર પોતે ને જણાય પણ પોતે. જ્ઞાતા પોતે જ્ઞાન પણ પોતે અને જ્ઞેય પણ પોતે. ૨૭૧ કળશમાં તે લ્યે છે. કર્તાકર્મનું અનન્યપણું ઘણું ચાલ્યું, અહીંયા તે વાત છે. જ્ઞાયક જ છે. પોતે જાણનારો માટે પોતે કર્તા ને પોતાને જાણ્યો માટે પોતે કર્મ.

હવે દીવાની જેમ કહ્યું. દીવાનું દૃષ્ટાંત, તેનો ખુલાસો કરે છે. જેમ દીપક ઘટપટ આદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય, જ્યારે દીપકનો પ્રકાશ ઘડાને પ્રસિદ્ધ કરે છે તે સમયે દીપક જ છે. ઘડાને પ્રસિદ્ધ કરે તો ય દીપક અને પોતાને પ્રસિદ્ધ કરે તો પણ દીપક જ છે. દીપકમાં કાંઈ ફેર પડતો નથી. પ્રકાશ વધતો હશે કે નહિ. સો પદાર્થ હોય. અને પ્રકાશ સો પદાર્થને પ્રસિદ્ધ કરે. અને પછી નવ્વાણું પદાર્થ લઈ લ્યો તો એક પદાર્થ રહે. તો જ્યારે સો પદાર્થને પ્રકાશ પ્રસિદ્ધ કરતો તો ત્યારે પ્રકાશ વધારે અને પછી પદાર્થ એક રહ્યો તો પ્રકાશ ઓછો એમ નથી. એમ કેમ નથી ? કેમ કે પ્રકાશ દીપકના આશ્રયે છે પર પદાર્થને આશ્રયે નથી. ખ્યાલ આવ્યો કાંઈ ભાઈ !

એમ આ દીપક જેમ છે તેમ છે એમાં વધઘટ નથી. ગમે તેટલા પદાર્થ હોય એક લાખ પદાર્થ હોય, દીપકની સામે તોય વધઘટ વગરનો પ્રકાશ એવો ને એવો. લાખ પદાર્થ લઈ લ્યો તો પણ એવો. કેમકે પ્રકાશ સ્વઆશ્રિત છે પરપદાર્થ આશ્રિત નથી. એમ જ્ઞાન જે છે તે આત્માઆશ્રિત છે જ્ઞેયાશ્રિત નથી. કહે જ્ઞાનમાં કાંઈ વધઘટ થાય ? કે ના. જ્ઞાનમાં કાંઈ વધઘટ થતી નથી. કેમકે જ્ઞાન જ્ઞેયાશ્રિત નથી. વધારે જ્ઞેય હોય તો જ્ઞાન વધી ગયું અને થોડા જ્ઞેયને જાણે તો જ્ઞાન ઘટી ગયું એમ નથી. કેમકે જ્ઞાન જ્ઞેયાશ્રિત નથી માટે વધઘટ થતું નથી. આત્મા એકરૂપ છે એના આશ્રયે જ્ઞાન થાય છે માટે જ્ઞાન એકરૂપ છે. જ્ઞાનમાં કાંઈ વધઘટ થતી નથી. આહા ! ઓલી જે ઉઘાડ વધે ઘટે એની વાત અહીંયા નથી. એ વાત ગૌણ છે અહીંયા. આહા ! અલૌકિક વાત છે.

પોતે જાણનારો માટે પોતે કર્તા ને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ કર્મ એટલે કાર્ય. કર્મનો અર્થ કાર્ય. જેમ દીપક ઘટપટાદિને પ્રકાશવાની અવસ્થામાં ય દીપક છે. બહાર પદાર્થો હોય એને પ્રકાશે તો દીપક છે અને પોતાને પોતાની જ્યોતિરૂપ શિખાને પ્રકાશવાની અવસ્થામાં પણ, અવસ્થા એક જ છે. એના, અપેક્ષાએ બે ભેદ કર્યા. અવસ્થા દીપકની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક જ છે. તેના બે ભેદ કર્યા. ઘડાને પ્રસિદ્ધ કરનારી અવસ્થા અને દીપકને પ્રકાશ કરનારી અવસ્થા. અવસ્થા એક, એના નિમિત્ત બે, એક ઘડો ને એક દીપક. દીપક એટલે દ્રવ્ય, પ્રકાશ એટલે પર્યાય. એ જે પર્યાય પ્રગટ થઈ દીપકની એ પ્રકાશ ઘડાને પ્રસિદ્ધ કરે તો પણ દીપક છે અને દીપકની શિખાને પ્રસિદ્ધ કરે તો પણ દીપક જ છે. એમાં કાંઈ ફેર પડતો નથી. એમ આ આત્મામાં પર પદાર્થ જણાય કે આત્મા જણાય તો એ તો જાણનાર જણાય છે. જાણનારો માટે પોતે કર્તા અને પોતે જણાયો માટે પોતે કર્મ. નિર્વિકલ્પ ધ્યાનમાં હો કે સવિકલ્પ દશામાં હોય, બેય અવસ્થા લઈ લેવી. આમાં અવસ્થા લઈ લેવી.

મૂળ તો ઈ કહેવું છે કે સવિકલ્પ દશામાં પણ જ્ઞાનીનું જ્ઞાન પોતાના આત્માને જાણતું જ પ્રગટ થાય છે, એ સ્વાધીન છે. એમાં પર હોય તો જ્ઞાન થાય એમ છે નહિ. આ પ્રકાશ છે એ આ પદાર્થને આધિન છે ? એ તો દીપકને આધિન છે. પદાર્થ બીજા હો કે ન હો. એમ આ જ્ઞાનમાં પર જ્ઞેયો જણાવ કે ન જણાવ. એ તો જ્ઞાન તો આત્મા આશ્રિત પ્રગટ થાય છે. માટે આત્માનું જ્ઞાન છે જ્ઞેયનું જ્ઞાન નથી. કહેવાય કે આ જ્ઞેયને જાણ્યું જ્ઞાને એ તો કથન માત્ર છે. ખરેખર પર જ્ઞેયને જ્ઞાન જાણતું નથી. ભેદ અપેક્ષાએ જ્ઞાનની પર્યાય જ્ઞાનની પર્યાયમાં જણાય છે. અભેદ અપેક્ષાએ જ્ઞાયક જ જણાય છે. કેમકે કર્તાકર્મનું અનન્યપણું છે. કર્તાય આત્મા ને કર્મ પણ આત્મા. જાણનારો આત્મા ને જણાયો પણ આત્મા.

જાણનારો આત્મા ને જણાય જ્ઞેય, એમ છે નહિ. આહા ! જાણનારાને અહિં રાખવો અને જે જણાય છે આત્મા તેને દૂર રાખો તો એ જ્ઞાન નથી એ અજ્ઞાન થઈ ગયું. શું કહ્યું ? જાણનારો ભલે આંહીં અંદર રાખો ને જણાય છે પરજ્ઞેય મને કહે છે, જ્ઞાન ને જ્ઞેયને એણે જુદા પાડ્યા તે અજ્ઞાન કહેવામાં છે. જાણનારો પોતે ને જણાયો પણ પોતે એનું નામ આત્માનો અનુભવ સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. અલૌકિક વાત છે.

પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે, અન્ય કાંઈ નથી તેમ જ્ઞાયકનું સમજવું. તેમ દીવાના દૃષ્ટાંતે ઘટપટને પ્રકાશે તોય અને દીપકને દીપકની શિખાને પ્રકાશે તોય દીપક, એમાં કાંઈ ફેર પડતો નથી. એમ આત્માનું જ્ઞાન પ્રગટ થઈ ગયા પછી જ્ઞેયો જણાય તે વખતે જાણનાર જણાય છે અને જ્ઞેયો ન જણાય ને અંતઃર્મુખ થાય તો પણ એ સમયે જ્ઞાયક જણાય છે. હર સમયે ખાતાં-પીતાં, હાલતાં-ચાલતાં, ઉઠતા-બેસતાં એને તો જાણનાર જણાય છે બીજું કાંઈ જણાતું નથી. એવી અંતર્મુખી જ્ઞાનની અવસ્થા જ્ઞાનીને પ્રગટ થાય છે. એ પોતે જ્ઞાની થાય તો જ ખબર પડે અથવા તો કોઈ લાયક જીવ હોય તો અનુમાનથી પણ ખ્યાલમાં આવે છે. તેમ જ્ઞાયકનું સમજવું.

''હું જાણનાર છું કરનાર નથી.'' આ એક મંત્ર છે. સર્વજ્ઞ ભગવાનની વાણીમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવેલો મંત્ર છે જ્ઞાનીઓને આ પ્રકારે અનુભવ થયો છે એમ શાસ્ત્રમાં લખાણ છે. 'હું જાણનાર છું કરનાર નથી' અને પછી 'જાણનાર જ જણાય છે ખરેખર પર જણાતું નથી.' બસ આ ફક્ત એક-બે મંત્ર છે. અને કોર્ષ છ મહિનાનો છે. ત્રણ ત્રણ મહિનાના બે ભાગ પાડી દેવા.

''હું જાણનાર છું ને કરનાર નથી.'' ત્રણ મહિનામાં જો આ પાઠ પાકો થઈ જાય તો બીજો પાઠ ''જાણનાર જણાય છે ખરેખર પર જણાતું નથી.'' આહા ! હવે પર જણાતું જ નથી તો પછી મોહ, રાગ દ્વેષ ઉત્પન્ન જ ક્યાંથી થાય ? પર જણાય તો આ ઠીક ને આ અઠીકની ઈષ્ટ-અનિષ્ટની, કલ્પના થાય ને ? પણ જ્ઞાન જ્ઞાનને જાણતા ઈષ્ટ અનિષ્ટની કલ્પના થતી નથી. મોહ રાગ દ્વેષનો અભાવ થવાથી અલ્પકાળમાં અરિહંતપદની પ્રાપ્તિ થઈને સિદ્ધ પરમાત્મા થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વિભાગ - ૩

## પ્રવચન નં. ૭

### તા. ૧૪-૧૦-૮૮ - જામનગર

શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે તેનો પ્રથમ જીવ નામનો અધિકાર તેની ગાથા છઠ્ઠી છે. ગયા વખતે છઠ્ઠી ગાથા લીધી હતી. બે દિવસ માટે આવ્યા હતા ત્યારે. હવે પ્રશ્ન ઉપજે છે કે એવો શુદ્ધાત્મા કોણ છે ? પ્રશ્ન એમ ઉત્પન્ન થયો કે આચાર્ય પરમાત્મા ફરમાવે છે કે હું એકત્વ વિભક્ત આત્માની વાત કહીશ.

પરિણામ માત્રથી જે આત્મા વિભક્ત નામ જુદો છે. પરિણામ અને આત્મા એક સત્તા નથી. બે સત્તા ભિન્ન ભિન્ન છે. પ્રમાણથી એક સત્તા છે. નયથી બે સત્તા છે. પ્રમાણથી એક સત્તા જાણીને પછી એમાં ને એમાં નયનો પ્રયોગ કરે તો બે સત્તા દેખાય છે. એક દ્રવ્ય સામાન્યની અનાદિ અનંત સત્તા અને એક ક્ષણિક પર્યાયની સત્તા. બેય સત્તા અલગ અલગ છે.

ત્યારે શિષ્યને પ્રશ્ન થયો કે, આપે એમ કહ્યું કે, એકત્વ એટલે અનંતગુણથી એકપણું એવો ભગવાન આત્મા ને વિભક્ત નામ પરિણામ માત્રથી જુદો, એવા આત્માની વાત હું કહીશ, એમ મેં વ્યવસાય કર્યો છે, ઉદ્યમ કર્યો છે. આ શાસ્ત્ર લખવાનો હેતુ મારો, પરિણામ માત્રથી આત્મા ભિન્ન છે અને પોતાના ગુણોથી આત્મા અભિન્ન છે, એમ મારે કહેવું છે. તો શિષ્યનો પ્રશ્ન છે કે એવો જે શુદ્ધાત્મા આપ કહેવા માંગો છો એકત્વ-વિભક્ત, એ આત્મા કોણ છે ? કેવો છે ? અને એનો અનુભવ અમને કેમ થાય ? બે પ્રશ્ન છે. આ શુદ્ધાત્મા કેવો છે ? અને એનો અનુભવ કેમ થાય ? એક સાથે બે પ્રશ્ન કર્યા છે. એના ઉત્તરરૂપે ગાથા છે.

''નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયકભાવ છે,
એ રીત શુદ્ધ કથાય ને જે જ્ઞાત તે તો તે જ છે.''

ગાથાનો અર્થ : જે એક જ્ઞાયકભાવ છે તે, અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી. સાતમા ગુણસ્થાનથી ચૌદ ગુણસ્થાન સુધીની પર્યાયો જ્ઞાયકભાવમાં એટલે આત્મામાં એટલે મારામાં નથી અને પ્રમત્ત એટલે પહેલાં ગુણસ્થાનથી છઠ્ઠા ગુણસ્થાન સુધીની અસાવધાનદશા, પરિણામો એ મારામાં નથી. એ રીતે તેને શુદ્ધ કહે છે.

પરિણામથી રહિત છે માટે આત્મા શુદ્ધ છે. જે આત્માઓ પરિણામથી આત્માને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સહિત માને છે તે અશુદ્ધ આત્માને સેવે છે. અનંતકાળ થયો, પરિણામથી રહિત આત્મા હોય એ કહેનારા શાસ્ત્ર ઓછા, લખનારા શાસ્ત્ર પણ ઓછા અને કહેનારા પણ ત્રણેકાળ ઓછા જ હોય.

આત્મા પરિણામથી સહિત છે અને પરિણામને કરે અને પરિણામને ભોગવે. જેવા જેવા પરિણામ કરે એવા એવા ફળને એ ભોગવે, કરે ને ભોગવે. આત્મા પરિણામને કરે, પરને તો કરી શકતો જ નથી. એ વાત તો દૂર રહો. પણ પરિણામને કરે અને પરિણામને ભોગવે એ કથા તમે સાંભળી છે. અને જિનાગમમાં પણ એવા વ્યવહારનયનાં કથનો છે. જિનાગમમાં પણ એવા વ્યવહારનયનાં કથનો આવે, આત્મા જેવા પરિણામ કરે એનું ફળ એકલો આત્મા ભોગવે. એ વ્યવહારનયનું કથન છે.

મોક્ષમાર્ગ પ્રકાશકમાં શાસ્ત્રનાં ઉકેલની એક ચાવી આપી છે. જિનાગમનું રહસ્ય સમજવાની એક ચાવી 'કી' માસ્ટર 'કી' જેને 'માસ્ટર કી' કહે (છે) બધાં તાળા ખુલી જાય. એમાં એક ચાવી એવી આપી કે નિશ્ચયનય વડે જે નિરૂપણ કરવામાં આવ્યું હોય તેને તો સત્યાર્થ જાણી, તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું. એ વાત સાચી છે એમ શ્રદ્ધા કરવી. અને જ્યાં જ્યાં વ્યવહારનયનું કથન આવ્યું હોય ત્યાં એમ સમજવું કે તે કથન અસત્યાર્થ છે, એમ જાણી તેનું શ્રદ્ધાન છોડવું, શ્રદ્ધાન ન કરવું.

શું કહ્યું ? કે આ આત્મા પોતાના પરિણામને કરે છે અને તેના ફળને ભોગવે છે. અજ્ઞાનદશામાં આત્મા રાગને કરે અને રાગનાં ફળને ભોગવે અને જ્ઞાનદશા થાય ત્યારે વીતરાગભાવને કરે ને વીતરાગભાવનું ફળ આનંદને ભોગવે તે વ્યવહારનયનું કથન છે. વ્યવહારનયનાં કથનને અસત્યાર્થ જાણી, તેનું શ્રદ્ધાન છોડી દેવું કે 'એમ છે નહિ.'

આત્મા અકર્તા અભોક્તા છે એ વાત જગતનાં જીવોએ સાંભળી નથી. નથી સાંભળી એવી વાત હું કહેવા માગું છું. કામભોગ બંધનની કથા તો બધાએ સાંભળી છે. જેવા જેવા કર્મ કરે તેવા તેના ફળને ભોગવે. પણ આત્મા કર્મને કરનારો નથી. આહાહા ! અને આત્મા એના ફળને ભોગવનારો નથી. આ વાત જગતનાં જીવોએ સાંભળી નથી, એ વાત અમને ગુરુ પરંપરામાંથી મળી. અને ઉપરાંત અમે સીમંધર ભગવાન પાસે ગયા હતા. ત્યાં આઠ દિવસ રહ્યા હતા. તેની પાસેથી વિશેષ ખુલાસો કરીને અમે આવ્યા અને શાસ્ત્ર લખીએ છીએ. સાંભળો ! સાંભળી ન જાય એવી વાત છે. ચાલતી વાત તો એમ જ છે.

પાપ કરે તો પાપના ફળને ભોગવે. પુણ્ય કરે તો પુણ્યના ફળ ભોગવે. ધર્મ કરે તો ધર્મના ફળને ભોગવે. કરનાર અને ભોગવનાર ભગવાન આત્મા નથી. આહાહાહા ! એ તો જાણનાર...જાણનાર...જાણનાર...જાણનાર...જાણનાર છે. પરિણામ પરિણામને કરે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એને પણ જાણે ને પરિણામ પરિણામના ફળને ભોગવે એમ પણ જાણે. હું કરું ને હું ભોગવું એમ દૃષ્ટિ અને જ્ઞાનમાં આવતું નથી. પરપદાર્થ અને કારખાનાને કરે...આશિષ કે કિશોરભાઈ કે બીજા, સોમચંદભાઈના દીકરા, એ કરવું અને ભોગવવું તો પર પદાર્થમાં છે નહિ. પણ પોતાના પરિણામનો કરનાર ને ભોગવનાર ભગવાન આત્મા નથી. અરે, ખરેખર એનો જાણનાર પણ નથી. એ તો જાણનારને જાણે છે ને જાણનારને જાણતાં જાણતાં પરિણામ પણ જણાય જાય છે તો જણાય જાવ. પણ એ જાણવાનો વિષય પરિણામ નથી. કરવાનો વિષય તો નથી પણ પરિણામને જાણવા માટે વિષય પણ નથી. જાણવાનો વિષય તો એક અભેદ સામાન્ય ટંકોત્કીર્ણ જ્ઞાનાનંદ પરમાત્માને જાણ અને જાણીને એનું શ્રદ્ધાન કરજે, અનંતકાળથી નથી કર્યું એ વાત આમાં છઠ્ઠી ગાથામાં અપૂર્વ છે. આહાહા !

એ રીતે એને શુદ્ધ કહે છે. પરિણામથી રહિત છે માટે આત્મા શુદ્ધ છે અનાદિ અનંત. એક સમય પણ પરિણામથી સહિત થયો નથી, થતો નથી ને થવાનો નથી. એ આત્મા, આત્માને ઉપાદેય છે, એટલો શ્રદ્ધાનો વિષય બતાવ્યો.

હવે આગળ જ્ઞાનના વિષયની વાત કરે છે. વળી જે જ્ઞાયકપણે જણાયો, કરનારપણે જણાયો કે જાણનારપણે જણાયો ? આમાં શું લખ્યું છે ? એટલે જાણનારપણે, જાણનારપણે આત્મા છે એટલે જાણનારપણે જણાય છે. જો કરનાર હોય તો કરનારપણે જણાય. પણ કરનાર તો છે નહિ તો જણાય ક્યાંથી ? આહાહા ! ''જ્ઞાતઃ'' નો અર્થ કર્યો. જ્ઞાયકપણે જણાયો. 'જાણનાર હું છું' એમ જણાયો. ''હું જાણનાર જ છું ને જાણનારો જ જણાય છે'' એમ જણાયો. આહાહા ! એ સર્વ અવસ્થામાં જાણનાર જ છે. અને જાણનાર જ જણાય છે સર્વ અવસ્થામાં. 'તે તો તે જ છે' નિર્વિકલ્પ ધ્યાનની અવસ્થા હોય તો પણ નિજ પરમાત્મ દ્રવ્ય જણાય છે. અને સવિકલ્પ દશા હોય ત્યારે પણ ભગવાન આત્મા જ જણાય છે. પાંચ મહાવ્રત અમને જણાતા નથી. આહાહા ! એવી અપૂર્વ વાત આ છઠ્ઠી ગાથામાં છે.

ટીકા :- જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી, થોડુંક લઈ લઈ, અનુસંધાન થયા પછી બીજો પારો લેવો છે. ''કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી અનાદિ સત્તારૂપ છે. કદી વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે. અનાદિ-અનંત આત્મા, અનાદિ અનંત છે વસ્તુ. વસ્તુ અનંતગુણનો પિંડ જેમાં જ્ઞાન, દર્શન, આનંદ ઠસોઠસ ભર્યા છે એમાં. એમાં પર્યાયનો પ્રવેશ થતો નથી. તો રાગનો પ્રવેશ તો ક્યાંથી થાય ? અને કારખાનું ક્યાંથી ઘુસે એમાં. આહા ! કારખાનું મારું, દીકરા મારા, દીકરી મારી, આ આરસનો બંગલો મારો એનો સ્વામી પુદ્‌ગલ છે. આહાહા !

નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી હંમેશા ભગવાન આત્મા પ્રગટ છે. સૂર્ય તો ઊગે અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આથમે, પણ ભગવાન ઊગે નહિ ને આથમે પણ નહિ. એ તો છે, છે ને છે. નિત્ય ઉદ્યોત કહ્યું. આહા ! પર્યાય તો ક્ષણિક પ્રગટ થાય ને નાશ થાય. પરિણામ તો પ્રગટ થઈ ને નાશ થાય ને દ્રવ્ય તો પ્રગટ થતું જ નથી. એ તો છે, છે ને છે. નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી.

અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. પ્રત્યક્ષ ભગવાન આત્મા સ્વાનુભવ વડે પ્રત્યક્ષ થાય છે. પ્રગટ છે, છે માટે પ્રત્યક્ષ થાય છે. જણાય જાય છે. એવો જે જ્ઞાયક એકભાવ છે તે સંસારની અવસ્થામાં, અનાદિકાળથી તે જ્ઞાયકને જોયો નથી. ત્યારે એ સંસાર અવસ્થા ઊભી થઈ છે પણ સંસાર અવસ્થા આત્મામાં આવતી નથી. સંસાર અવસ્થા પર્યાયમાં છે. દ્રવ્યમાં સંસાર નથી. બંધ પણ નથી અને મોક્ષ પણ દ્રવ્ય સ્વભાવમાં તો નથી. બંધ અને મોક્ષ તો પરિણામનાં ધર્મ છે. આત્માના ધર્મ નથી.

એવો જ્ઞાયક એકભાવ છે, તે સંસારની અવસ્થામાં અનાદિ બંધ પર્યાયની અપેક્ષાથી ક્ષીરનીરની જેમ કર્મપુદ્‌ગલો સાથે એકરૂપ હોવા છતાં અનાદિકાળથી એને કર્મનો સંયોગ સંબંધ થયો છે. કર્મ જુદા ને આત્મા જુદો. બેઉ જુદે જુદા છે. પણ સાથે સંયોગ એનો થયો છે. ત્રંબકભાઈ ને ખીમચંદભાઈ, હારે હાલ્યા આવે, એય ! બે સાથે આવે છે. બે સાથે આવે છે, બેય એક થઈને આવતા નથી. એક થઈને આવે છે ? એક થતા જ નથી.

એમ ચૈતન્ય પરમાત્મા અને જડ એવા કર્મ એનો સંયોગ સંબંધ અનાદિકાળથી ચાલ્યો આવે છે. ક્ષીરનીરની જેમ. પાણીને દૂધ એક વાસણમાં હોય, પણ દૂધ, દૂધરૂપે છે ને પાણી, પાણીરૂપે. પાણી દૂધ ન થાય ને દૂધ પાણી ન થાય, નહિંતર તો બધાં એક વેપાર કરી નાંખે. ૧ લીટર દૂધ લ્યે ને ૧૦ લીટર તેમાં પાણી નાંખે તો ૧૧ લીટર દૂધ થઈ ગયું. ૧૧ લીટર દૂધ થાય જ નહિ. ડેરીમાં જાય અને કહે કે સાહેબ, ૧૧ લીટર દૂધ છે. ઊભા રહો, જોવા દ્યો જરાક, આમાં તો પાણી નીકળી ગયું. અર્ધો લીટર દૂધનાં પૈસા તને મળશે.

એમ ક્ષીરનીરની જેમ દૂધ અને પાણીની જેમ કર્મપુદ્‌ગલો સાથે એકરૂપ હોવા છતાં એટલે એક ક્ષેત્રાવગાહ સંબંધ હોવા છતાં; એક સાથે બે રહે છે, દૂધ ને પાણીની જેમ પણ દૂધ દૂધરૂપે ને પાણી પાણીરૂપે, તેમ કર્મ-કર્મરૂપે છે ને આત્મા-આત્મારૂપે છે.

'દ્રવ્યના' સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો દુરંત કષાયચક્રના ઉદયની વિચિત્રતાના વશે પ્રવર્તતા જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનારા સમસ્ત અનેક શુભાશુભભાવો તેમના સ્વભાવે પ્રવર્તતો નથી.

શું કહે છે ? કે અનાદિકાળથી આત્મા અજ્ઞાની હોવાને કારણે તેના નિમિત્તે જે કર્મનો સંયોગ સંબંધ થયો છે, જેમ દેહનો સંયોગ થાય તો દેહ જુદો છે અને આત્મા જુદો છે. એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કર્મનો એને સંયોગ છે અને કર્મ સત્તામાં છે, અને તેનો અબાધાકાળ પાકે ત્યારે કર્મ ઉદયમાં પણ આવે છે, ઉદયમાં આવતા અનાત્મા એમાં જોડાય છે. આત્મા તેમાં જોડાતો નથી. અનાત્મા એમાં જોડાય છે. જોડાતા, એ જોડાય ત્યારે શુભાશુભભાવ પણ અનાત્મામાં થાય છે, આત્મામાં નથી થતાં. ભૂલી જજો. એ ભૂલવા જેવું છે. શુભાશુભભાવ આત્મામાં થાય છે એ ભૂલજો. આત્મામાં થાય છે એ મોટી ભૂલ થઈ છે. હવે એ ભૂલી જાજો. એ અનાત્મામાં થાય છે, થાય છે ખરા, થાય છે તેનો નકાર નથી પણ અનાત્મામાં થાય છે. આત્મામાં નહિ.

એ શુભાશુભભાવ જ્યારે થાય છે અનાત્મામાં ત્યારે પુણ્ય પાપની કર્મ પ્રકૃત્તિનો બંધ પણ થાય છે. એ બંધમાં કારણ અનાત્મા છે. કર્મના બંધનાં કારણમાં કર્મ છે, જીવ નથી. કર્મ એટલે ભાવકર્મ. ભાવકર્મ કર્મબંધનું નિમિત્તકારણ છે. ભગવાન આત્મા તેમાં નિમિત્ત થતો નથી. ઉપાદાનપણે તો બાંધતો નથી પણ નિમિત્તપણે પણ એને બાંધતો નથી. એને જાણે નહિ તો બાંધે ક્યાંથી ? આહાહા !

છઠ્ઠી ગાથા તો અપૂર્વ છે. છઠ્ઠીનાં લેખ ગુરુદેવ બહુ પ્રશંસા કરતા હતા. બાર અંગનો સાર. ૪૧૫ ગાથાનો સાર છે. સોગાનીજીએ પણ કહ્યું છે. એ છઠ્ઠી ગાથામાં બધું આવે છે. એ ઉદય આવે છે, કર્મના ઉદયમાં જીવ જોડાય છે એમ ભૂલી જજો. હવે ભૂલજો, ગુરુ મળ્યાં છે. પરિણામ જોડાય છે, પરિણામ પરદ્રવ્ય છે. પરદ્રવ્ય પરદ્રવ્યમાં જોડાય છે હું પરદ્રવ્યમાં જોડાતો નથી. અનાત્મા અનાત્મામાં જોડાય છે. આત્મા તો એનાથી જુદો ને જુદો રહી જાય છે. આ પરિણામ જ્યારે જોડાય છે ને ત્યારે આત્મા તેમાં જોડાતો નથી. શું કહ્યું ? પરિણામ કર્મનું લક્ષ કરે છે ત્યારે આત્મા તેનું લક્ષ કરતો નથી. શું કહ્યું. આહા !

કર્મનો ઉદય આવે અને તેમાં જોડાય છે અને શુભાશુભભાવ થાય છે પણ આત્મા તેમાં જોડાતો નથી માટે આત્મામાં શુભાશુભભાવ થતાં નથી. આત્મા તો અનંતગુણનો પિંડ, શુદ્ધાત્મા પવિત્ર પડ્યો છે ને. તેમાં અપવિત્રતા શુભાશુભની આવતી નથી. શુભાશુભભાવ થાય છે અનાત્મામાં અને તેના નિમિત્તે નવા કર્મ પણ બંધાય છે. પુણ્ય પાપની પ્રકૃત્તિનો બંધ થાય છે એમ જાણજે. પણ હું બાંધું છું એમ હવે જાણીશ નહિ. આહાહા !

હું તો જાણનાર છું. જાણનાર જાણે કે કર્મને બાંધે ? પછી જાણે કોને તે બાકી રાખવું પણ જાણે. કરે, બાંધે છોડે એમ નહિ. જાણવામાં તો આવ તું પહેલાં. કરવું તો છોડી દે હવે. આહા ! કાલ ભક્તિમાં આવ્યું હતું. પરિણામ થયા કરે છે એની ચિંતા તું ન કર છોડી દે, એમ આવ્યું'તું ને. ''ચિંતા કરને કે કાબિલ નહિ'' ફેક્ટરી એની મેળે ચાલે, એમ. આ મોટી ફેક્ટરી છે ભાઈની, લઈ ગયા હતા આવ્યા ત્યારે. ધીરૂભાઈ ધ્યાન રાખતા હશે ત્યારે ફેક્ટરી ચાલતી હશે. અરે, એની મેળે ચાલે છે ભાઈ ! આહાહા ! આત્મા તો ફેક્ટરીને

જાણતો નથી, તો ચલાવે ક્યાંથી ? એ તો જાણનાર જણાય છે જ્ઞાનમાં, બાળ-ગોપાળ સૌને ભગવાન આત્મા જણાય છે પણ ભૂલી જાય છે સમયે સમયે. આહાહા ! એ આવશે હવે બીજા પારામાં.

પુણ્ય-પાપને ઉત્પન્ન કરનારા શુભાશુભભાવો, તેમના સ્વભાવપણે પરિણમતો નથી, થતો નથી. શુભ અને અશુભ, હિંસા અને અહિંસાનાં પરિણામ થાય છે અનાત્મામાં. બિલકુલ પરિણામમાં હિંસા-અહિંસા થતાં નથી એમ નથી. પરિણામમાં થાય છે પણ મારામાં થતા નથી. જુદા રાખ્યા પરિણામને દ્રવ્યથી. આહા. પરિણામથી દ્રવ્ય જુદું છે એમ જાણી લે, ભેદજ્ઞાન કરી લે. શુભાશુભભાવ થાય છે. પરિણામમાં સુખ-દુઃખનાં ભાવ થાય છે. પણ હું એનાથી ભિન્ન છું. આહા ! ભેદજ્ઞાન કરી લે.

તેમના સ્વભાવે પરિણમતો નથી. થાય છે, થાય છે પરિણામમાં અને પરિણામરૂપે આત્મા થતો નથી. જ્ઞાયકભાવથી જડભાવરૂપ થતો નથી. જડભાવ કે શુભાશુભભાવ અચેતન એમાં જાણવાની શક્તિ નથી, માટે એને અચેતન કહ્યા પરમાત્માએ. તેથી તે પ્રમત્ત પણ નથી ને અપ્રમત્ત પણ નથી. શુભાશુભરૂપે થતો નથી માટે પ્રમત્ત નથી. અને પ્રમત્તરૂપે થાય તો તેના અભાવરૂપે અપ્રમત્તરૂપ થાય, પણ તે રૂપે થતો જ નથી. એ મારામાં નથી. પરિણામ, પરિણામમાં હો, કોઈ વાંધો નહિ ઐસા જાનો કે પરિણામ પરિણામમાં થાય છે મારામાં નહિ. હું તો એનાથી જુદો છું ને જુદો જ રહ્યો છું અનાદિ અનંત.

પરિણામથી જુદો છે તો દેહથી ક્યાંથી એક થાય ? મકાનથી, કારખાનાથી, સોના ચાંદીના ઝવેરાતના દાગીનાથી એક થાય ? પ્રભુ, એ તો પ્રમાણની બહાર છે. આ તો પ્રમાણની અંદર પરિણામ થાય છે. એ પરિણામથી, શુદ્ધનયથી આત્મા જુદો છે. નિશ્ચયનયથી જોવામાં આવે, સ્વભાવ દૃષ્ટિથી જોવામાં આવે તો પરિણામથી જુદો અનુભવમાં આવે છે. પરિણામ માત્રથી જુદો અનુભવમાં આવે છે અત્યારે પણ. અંતરદૃષ્ટિ વડે જુએ તો એ પરિણામ દેખાતા નથી. એક સર્વોપરી તત્ત્વ જ્ઞાયક ચિદાનંદ આત્મા દૃષ્ટિમાં અને અનુભવમાં આવે છે. તેથી પ્રમત્ત અપ્રમત્ત નથી.

તે જ સમસ્ત અન્ય દ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતાં શુદ્ધ કહેવાય છે. નિમિત્તનું લક્ષ છોડી દે, સમસ્ત-બધા પ્રકારનાં, અન્ય દ્રવ્યના ભાવોથી, કેમ કે દ્રવ્ય ભિન્ન છે ને તેના ભાવો તેનાથી અભિન્ન છે. દ્રવ્યો ભિન્ન છે. પુદ્‌ગલાદિ પદાર્થો આત્માથી ભિન્ન છે અને પુદ્‌ગલાદિનાં જે ભાવો તે પુદ્‌ગલથી અભિન્ન છે ને મારાથી ભિન્ન છે. આહા ! એક કર્મ જાતિ છે, કર્મની જાતિમાં અનુભાગ થાય છે. રાગદ્વેષ-સુખદુઃખનાં પરિણામ, થાય છે એક જગ્યાએ, થાય છે પુદ્‌ગલમાં અને માને છે કે જીવમાં, એ સંસાર ઊભો થયો.

આનો અર્થ ચાલે છે. સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે, પદાર્થ તો છે, એનો અનુભાગ, એનો રસ તેમાં રાગ, દ્વેષ, સુખદુઃખનાં પરિણામ તેમાં થાય છે. આ સાંભળ્યું ન હોય. પુદ્‌ગલમાં સુખદુઃખ થાય ? હા, ભાઈ અહીંયા જે સુખદુઃખ થાય તેનું નિમિત્ત કારણ તેમાં છે. અને નિમિત્તનું લક્ષ છોડે તો અહીં સુખદુઃખ થાય નહિ. અહીં જ્ઞાન થઈ જાય. આહા ! છોડી દે લક્ષ એનું. તારે શું કામ છે તેનું. તેનામાં હો તો હો. એનું લક્ષ છોડીને આત્માને જો. સમસ્ત અન્ય દ્રવ્યનાં ભાવોથી ભિન્નપણે, જુદાપણે ઉપાસવામાં આવતો આરાધના કરવામાં આવતા આત્મા શુદ્ધ કહેવાય છે. અને તેને આત્મા શુદ્ધ થયો, હતો અને દૃષ્ટિમાં પણ શુદ્ધ આવ્યો એમ કહેવામાં આવે છે.

હવે આગળ, વળી, વળી એટલે એક ભાગ કહી દીધો. હવે બીજો ભાગ કહેવામાં આવે છે. આ બેય ભાગ 'Important' છે. એક દૃષ્ટિપ્રધાન કથનથી દૃષ્ટિ પ્રાપ્ત થઈ જાય અને એક જ્ઞાનપ્રધાન કથનથી પણ દૃષ્ટિ પ્રાપ્ત થઈ જાય. અને દૃષ્ટિ પ્રગટ થયા પછી જ્ઞાનની શું સ્થિતિ છે તે પણ ખ્યાલમાં આવી જાય, એવો આ પારો છે. પહેલાં પારામાં ખ્યાલ આવ્યો અને ત્યાં અનુભવ ન થયો તો બીજા પારામાં અનુભવ થઈ જાય. કાં પહેલાં પારામાં અનુભવ થઈ ગયો હોય તો બીજા પારામાં જેવું છે તેવું જ્ઞાન થઈ જાય.

વળી દાહ્યનાં આકારે થવાથી એટલે બળવા યોગ્ય પદાર્થ, લાકડા, છાણા ઈત્યાદિ, તેના આકારે થવાથી, આકાર એટલે વ્યંજન પર્યાય લીધી છે. મૂળ વ્યજંન પર્યાય એટલે આકૃત્તિ કહેવાય. લાંબું લાકડું હોય તો અગ્નિ લાંબી દેખાય. અને લાકડું આમ ગોળ હોય તો અગ્નિ ગોળાકાર દેખાય. એનો આકાર આમ, અગ્નિનો આકાર સમજી ગ્યા. નિમિત્ત લાકડું ને અગ્નિની નૈમિત્તિક અવસ્થા. નિમિત્ત છે લાકડું અને બાળે છે અગ્નિ, જેવો લાકડાનો આકાર છે તેવો અગ્નિનો આકાર દેખાય છે. તો દાહ્યાકાર અગ્નિને દહન કહેવાય છે, બાળનાર કહેવાય છે. અગ્નિ લાકડા, છાણાને બાળે છે એમ કહેવાય છે, બાળતી નથી. શું કહ્યું ? જેમ કહેવાય છે એમ નથી. જેમ વ્યવહાર કહે છે તેમ નથી. પણ આમ પ્રગટ દેખાય છે ને ? આહા ! આમાં લખ્યું છે ને ! એમાં એમ લખ્યું છે કે ‘‘એમ કહેવાય છે પણ એમ છે નહિ’’એ વ્યવહારનયનું વચન છે.

વ્યવહારનયના જેટલા વચન હોય તેને અસત્યાર્થ જાણી તેનું શ્રદ્ધાન છોડી દેવું કે અગ્નિ લાકડાને બાળે છે. એ કઈ નયનું કથન છે ? એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે એ કઈ નયનું કથન છે ? હવે ખુલાસો થયો. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું તો કરે નહિ. ત્યાં સુધી તો અગ્નિ લાકડાને બાળતી હતી એવી ભ્રમણા થતી’તી. એ જ્યાં ખુલાસો થયો કે અગ્નિ એક દ્રવ્ય, લાકડું બીજું દ્રવ્ય, એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે નહિ. ન કરે, ન કરે તેને કરે કહેવું તે વ્યવહાર

કે નિશ્ચય ? તો વ્યવહાર સાચો કે જૂઠો ? (શ્રોતા :- જૂઠો) આહા ! તમારી જીભે કહ્યું તમે. એમ ને એમ લોલે લોલ હાલે, અંદરખાને કોઈ વિચાર કરતા નથી. કર વિચાર તો પામ.

અગ્નિ જુદું દ્રવ્ય છે. લાકડું જુદું દ્રવ્ય છે. પણ અગ્નિ લાકડાને બાળે છે એના દ્વારા અગ્નિ ઉષ્ણ છે, એમ અજ્ઞાનીને ખ્યાલ અપાવવા માટે લાકડાનો સહારો લીધો. કે લાકડાને બાળે તેને ઉષ્ણતા અગ્નિ કહેવામાં આવે છે. તો લાકડું ગરી ગયું. તો અગ્નિ કોને કહેવાય ? કે લાકડાને બાળે તે અગ્નિ, લાકડાને બાળે તે અગ્નિ. લાકડું ગરી ગયું છે આ. પણ અગ્નિ લાકડાને અડતી નથી તો બાળે ક્યાંથી ? તો પછી લાકડું કેમ બળે છે ? કે એની યોગ્યતા એ વખતે એ સમયની હતી. એ સમયની યોગ્યતા ઉષ્ણ થવાની હતી. અને અગ્નિને નિમિત્ત કહેવું એ પણ વ્યવહાર. ખરેખર નિશ્ચયથી તેની યોગ્યતા હતી. બળવાની યોગ્યતા હતી ત્યારે અગ્નિ બાહ્યમાં નિમિત્ત કહેવામાં આવે. એમ કહેવાય છે નિમિત્તથી. જો આમાં લખ્યું છે ને દહન કહેવાય છે. અગ્નિને દહન, બાળનાર કહેવાય છે. કથનમાં તો બીજું શું આવે ? એમ કહેવાય.

તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. એ શું કહે છે ? દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી એટલે લાકડાને બાળે છે માટે અગ્નિ છે, તે વાત ખોટી છે. અગ્નિ તો અગ્નિથી છે. લાકડું તો લાકડાથી છે. એકથી બીજાનો ભાવ ક્યાંથી થાય ? ન્યાય આપે છે કે અગ્નિ લાકડાને બાળે છે એમ કહેવાય છે. કે અગ્નિને જાણતો ન હતો એને લાકડાને બાળે, તેને અગ્નિ કહેવાય એવું એને સમજાવે છે. અગ્નિનું સ્વરૂપ સમજાવવું છે. લાકડાને બાળે છે એવું છે નહિ. છતાં વ્યવહાર દ્વારા પરમાર્થ સમજાવે છે. બીજો ઉપાય નથી.

હવે કહે છે કે અમે એમ કહ્યું કે અગ્નિ લાકડાને બાળે છે તો પણ બાળે છે, એમ એવું વ્યવહારનયનું વચન આવ્યું, તો પણ લાકડાને બાળે છે માટે અગ્નિ છે એમ છે નહિ. જો લાકડાને બાળે ઈ અગ્નિ તો અગ્નિ લાકડાથી પરાધીન થઈ ગઈ. લાકડાને ન બાળે તો અગ્નિ રહેતી નથી. સમજાય છે ન્યાય. લાકડાને બાળે છે માટે અગ્નિને બાળનાર કહેવામાં આવે છે, કહેવાય છે. તો પણ જેવું કથન આવે છે તેવું સ્વરૂપ નથી. દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. એટલે કે લાકડાને બાળે તો જ અગ્નિ છે. લાકડું કર્તા અને અગ્નિની પર્યાય કર્મ એમ બે વચ્ચે કર્તા-કર્મ સંબંધનો અભાવ છે. આહાહા !

થોડો મગજ ઊંડો ઉતરે તો કામ થઈ જાય. આત્મા હાથમાં આવી જાય. આ આત્મા બતાવવા માટે દૃષ્ટાંત આપે છે. પણ દૃષ્ટાંત તો પાકો થવો જોઈએ ને ? કે અગ્નિ લાકડાને બાળતી નથી, કહેવાય છે. એમ આત્મા પરને જાણે છે એમ કહેવાય છે પણ પરને જાણતો નથી. જો અગ્નિ લાકડાને બાળે તો આત્મા પરને જાણે. અત્યાર સુધી કોઈ અગ્નિએ કોઈ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


લાકડાને બાળ્યું નથી. અત્યાર સુધી કોઈ આત્મા પરને જાણતો નથી. એને તો જાણનાર જણાય છે. પણ એ ભૂલી જાય છે. આહા ! ભ્રાંતિ છે. સમજાય નહિ એટલે ઠેકડા મારે પછી સત્ય વાત બહાર આવે તે વ્યવહારનાં પક્ષવાળાને સ્વીકાર ન આવે. (શ્રોતા : સત્ય સ્વીકાર ન આવે) હા...મોડો સ્વીકાર આવે તો ય સારું છે. તરત જ સ્વીકાર ન આવે તો કાંઈ નહિ, ક્ષમ્ય છે. પ્રભુ તમે સાંભળો. વિરજીબાપા જામનગરનાં કહેતા હતા કે થાંભલો જણાતો નથી. મારી હારે ચર્ચા થઈ'તી હો. 'જાણનાર જણાય છે' લાલુભાઈ ! જ્ઞાન જણાય છે. સાચા હતા.

શું કહે છે ? એ વાત અહીંયા કહેવા માગે છે કે તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. લાકડાને બાળે માટે અગ્નિનું અસ્તિત્વ છે એમ નથી. અગ્નિ અગ્નિથી છે લાકડાથી નથી. લાકડું લાકડાથી અને અગ્નિ અગ્નિથી છે. બેમાં અન્યોન્ય અભાવ છે. એ દૃષ્ટાંત પૂરું થયું લ્યો. તેવી રીતે એમ જેમ દૃષ્ટાંત આપ્યું.

તેવી રીતે જ્ઞેયાકાર થવાથી ઓલું દાહ્યાકાર થવાથી, અહીંયા દાહ્યાકારની સામે જ્ઞેયાકાર. આ જ્ઞેય છે ને આ જ્ઞેય છે સમજી ગયા. પહેલાં આ લાકડાને અગ્નિ બાળતી હતી તો પણ લાકડાથી અગ્નિ છે નહિ. અગ્નિ અગ્નિથી ને લાકડું લાકડાથી છે. બે પદાર્થને જુદા પાડી દીધા બરાબર. એવી રીતે આ લાકડું નથી હવે જ્ઞેય છે એમ લેવું. આ અગ્નિ હતી ત્યાં સુધી લાકડું નામ હતું હવે આનું નામ જ્ઞેય છે. જ્ઞેય એટલે જ્ઞાનમાં જણાવા યોગ્ય પદાર્થ જ્ઞેય સમજી ગયા.

એમ જ્ઞેયાકાર થવાથી એટલે જ્ઞેયો જ્ઞાનમાં જણાવાથી, જ્ઞાન જ્ઞેયને જાણે છે એમ ન લેવું. જ્ઞેયો જ્ઞાનમાં જણાવાનો કાળ છે ત્યારે એમ. જ્ઞાન જ્ઞેયને નથી જાણતું. જ્ઞેયો જ્ઞાનમાં જણાય જાય છે. જ્ઞાન જ્ઞેયને જાણતું નથી. કેમકે જ્ઞેયની સન્મુખ જાય તો જ્ઞાન જ પ્રગટ થતું નથી માટે જ્ઞાન જ્ઞેયને જાણતું નથી. પણ જ્ઞાન આત્માને જાણે છે ત્યારે એની સ્વચ્છતામાં જ્ઞેયો જ્ઞાનમાં જણાય જાય છે. મોટો ફેર છે. આસમાન જમીનનો ફેર છે. અજ્ઞાની કહે છે લાકડું જણાય છે, જ્ઞાની કહે છે લાકડું જ્ઞાનમાં જણાય જાય છે. ખરેખર તો હજી આગળ આવશે. ખરેખર તો એ વખતે જ્ઞાયક જણાય જાય છે, લાકડું જણાતું નથી. એવી ઊંડાણની વાત આમાં કરવામાં આવી છે. ધીમે ધીમે આસ્તે આસ્તે બધી વાત આવશે. આહા ! આમાં માલ ભર્યો છે માલ. હીરાની ખાણ છે એવું આ નિમિત્ત છે. આહાહા !

જ્ઞેયાકાર થવાથી, આ જ્ઞેય છે, આ જ્ઞેય છે એમ કહે છે શાસ્ત્રકાર આચાર્ય મહારાજ. કે જ્ઞેય જ્યારે જ્ઞાનમાં જણાય છે, જ્ઞેય જ્ઞાનમાં જણાય છે એટલા વ્યવહાર દ્વારા નિશ્ચય સમજાવવો છે. જ્ઞેય જણાય છે ત્યાં પૂર્ણવિરામ નથી. એ વ્યવહાર દ્વારા એને નિશ્ચય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સમજાવવો છે અજ્ઞાનીને, બીજો કોઈ ઉપાય નથી. મ્લેચ્છ ભાષા સિવાય અનાર્યને એની ભાષાથી સમજાવે છે. જ્ઞેયાકાર થવાથી તે ભાવને એટલે આત્માને જ્ઞાયકપણું એટલે જાણનારપણું પ્રસિદ્ધ છે. જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે તેથી આત્માને, જાણનાર છે એ વાત જગતને પ્રસિદ્ધ છે. આત્મા કોને કહ્યો કે જાણે એને આત્મા કહ્યો. કે કોને ? કે આ બધા પદાર્થને જાણે છે માટે આત્માને જાણનાર, જ્ઞાયક કહેવામાં આવે છે. આ વાત અજ્ઞાનીને પ્રસિદ્ધ છે. આ વાત અજ્ઞાનીને પ્રસિદ્ધ વાત છે તે દ્વારા અપ્રસિદ્ધ તત્ત્વ એને આપી દીધું.

ઘીનો ઘડો, હા. બરાબર 'છે તે માટીમય છે' ને 'ઘી મય' નથી. આહા ! પેલા એની ભાષાથી સમજાવ્યું. ઘીનો ઘડો, એટલે હા પાડવા મંડ્યો. તેને કહ્યું ઊભો રહે ઉતાવળ કરમાં, તેને એમ દેખાય છે. વ્યવહારનો પક્ષ અનાદિકાળનો છે. ઘીનો ઘડો, ઘીનો ઘડો સાંભળ્યું છે. સાંભળ્યું છે એવું શ્રદ્ધાન કરી લીધું. જો જો મર્મ છે આમાં. જેવું સાંભળ્યું એવું શ્રદ્ધાન કર્યું. આત્મા પરને જાણે છે એવું શ્રદ્ધાન કરી લીધું એ મિથ્યાત્વ છે. આહા ! જેવું સાંભળે છે એવું શ્રદ્ધાન કરી લીધું. આહાહા ! વચન જુદું એનું વાચ્ય જુદું રહસ્ય અંદર જુદું છે. આહાહા !

કહે છે કે તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. જગતને પ્રસિદ્ધ છે કે જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે માટે આત્માને જાણનાર...જાણનાર... જાણનાર...જાણનાર એમ કહેવામાં આવે છે. આખા જગતને પૂછો કે આત્મા શું છે ? કે જાણનાર. કેમ જાણનાર છે ? કે આ બધું જણાય છે માટે આત્માને જાણનાર કહેવામાં આવે છે. ઓમાં કર્તાબુદ્ધિનો અભાવ કહ્યો. આમાં જ્ઞાતાબુદ્ધિનો અભાવ કહ્યો. ઓલામાં પ્રમત્ત અપ્રમત્તથી રહિત છે માટે આત્મા કર્તા નથી. આ તો ટાઈમ ટૂંકો છે ને એટલે આ લઈ લીધું વહેલું. પ્રમત્ત અપ્રમત્ત તે આત્માથી ભિન્ન હોય માટે આત્મા તેનો કર્તા હોય નહિ. આત્મા અકર્તા છે.

હવે કહે છે જ્ઞેય આત્માથી ભિન્ન છે માટે જ્ઞેયનો જાણનાર નથી. એ તો જ્ઞાયકને જાણે છે એમ લેવું છે. પરિણામની કર્તાબુદ્ધિ છોડી દે અને પરિણામની જ્ઞાતાબુદ્ધિ પણ છોડી દે. બેય મિથ્યાબુદ્ધિ અનંત સંસાર દુઃખનું કારણ છે. પરિણામને આત્મા કરતો નથી અને પરિણામને જાણતો નથી. તો ફેક્ટરીને જાણે કે નહિ ? એ વાત તો દિલ્હી બહોત દૂર છે. આહાહા ! પોતાના ક્ષેત્રમાં બે અંશ છે. તેમાં એક અંશને જાણતો નથી. તો ક્ષેત્રથી બહાર બીજા પદાર્થને જાણે તે તો પ્રમાણની બહાર વયો ગયો. જરા વાત સૂક્ષ્મ તો છે, પણ સમજવા જેવી છે. અનંત અનંતકાળથી એને આત્માનું યથાર્થ સ્વરૂપ સાંભળ્યું નથી અને પરિચયમાં પણ આવ્યું નથી. અને આત્મા કેવો છે એનો અનુભવ પણ થયો નથી. એ વાત અપૂર્વ છઠ્ઠી ગાથામાં ફરમાવે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે તો પણ એમ અગ્નિ લાકડાને બાળે છે એ વાત જગતને પ્રસિદ્ધ છે તો પણ તેને દાહ્યકૃત અશુદ્ધતા નથી. લાકડું છે માટે અગ્નિ છે એમ નથી. એમ દૃષ્ટાંત આપ્યા. એમ આ આત્મા જાણનાર, આ જ્ઞેયો તેમાં જણાય છે માટે આને જાણનાર છે આનો, એમ કહેવામાં આવે છે. તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જોજો આ લાકડું જ્ઞાનમાં જણાય માટે જ્ઞાન છે, લાકડું જણાય તો જાણનાર છે, એમ છે નહિ. લાકડું જણાય તો જણાવ અને ન જણાવ તો ન જણાવ પણ જ્ઞાયક તો જ્ઞાયક છે. જ્ઞેયથી જ્ઞાન થતું નથી. જ્ઞેયનાં લક્ષે થતું નથી. જ્ઞેયનું જ્ઞાન થતું નથી. જ્ઞાન તો જ્ઞાયકનું થયા કરે છે સમયે સમયે, બધાને અત્યારે, આબાળ ગોપાળ સૌને પ્રત્યેક જીવને, પ્રત્યેક સમયે જ્ઞાન પ્રગટ થાય છે અને એ જ્ઞાનમાં ભગવાન આત્મા બધાને જણાય છે. પ્રત્યેક સમયે અત્યારે 'હું જ્ઞાયક છું' માત્ર સ્વીકાર કરી લે. માત્ર સ્વીકાર કરી લે ને, માત્ર જ્ઞાયક છું એવો સ્વીકાર કરી લે. આહાહા... એ સ્વીકાર કરી લે કે હું તો જ્ઞાયક જાણનાર છું. આ કોઈ ચીજ મારી નથી. મારી નથી ને એનો જાણનાર પણ નથી. જાણનાર જણાય છે એમ લઈ લેને. અંતર્મુખમાં આવી જા ને શું એમાં વાર લગાડશ. ઢીલ કેમ કરશ. (શ્રોતા :- હવે તો અંતર્મુખ આવી જ જાય ને સાહેબ) આવી જ જાય, આ છઠ્ઠી ગાથા એવી છે. ગુરુદેવના પ્રતાપે કામ થઈ જાય એવું છે. ઘણાનું થશે. કોઈકનું થઈ રહ્યું છે, કોઈ કોઈ તૈયારીમાં છે. ઘણાનું થશે.

પ્રભુ, તું તો જાણનાર છો. જ્ઞાયક તો જાણનાર હોય ને કરનાર ન હોય. તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે તેથી આત્માને જાણનાર એમ કહેવાય છે. તો પણ જ્ઞેય કર્તા અને જ્ઞાનની પર્યાય કર્મ એમ કર્તા-કર્મ સંબંધ બે વચ્ચે નથી. આ જ્ઞેય છે એને જ્ઞાન જાણે છે માટે અહીં જ્ઞાન પ્રગટ થયું, એટલે આ જ્ઞેય કર્તા અને જ્ઞાન આનું કર્મ જ્ઞેયનું, એમ છે નહિ.

હવે આગળ એ જ્ઞાન પ્રગટ થાય છે એ નૈમિત્તિક અને જ્ઞેય નિમિત્ત એમ પણ છે નહિ. જ્ઞાન જ્ઞાનથી પ્રગટ થાય છે ત્યારે એનું લક્ષ આત્મા ઉપર છે તો આત્માને નિમિત્ત કહેવામાં આવે છે. પર્યાય ઉપાદાન અને દ્રવ્ય નિમિત્ત એટલો ભેદ નીકળી જાય તો અનુભવ થાય. આહા !

ફરીથી, આ જ્ઞેય છે-જ્ઞેય, જ્ઞેય છે માટે આંહી જ્ઞાન થાય છે તો તો જ્ઞાન પરાધીન થઈ ગયું. જ્ઞેય ન હોય તો જ્ઞાન ન થાય. તો એમ કહે છે કે જ્ઞેય કર્તા ને અહિં જ્ઞાનની પર્યાય કર્મ એમ બે દ્રવ્યની ભિન્નતા વચ્ચે કર્તા કર્મ સંબંધ નથી. તો શિષ્ય કહે છે કર્તા કર્મ સંબંધ ન હોય તો કાંઈ નહિ અમને મંજૂર છે. પણ જ્ઞેય નિમિત્ત અને જ્ઞાનની પર્યાય નૈમિત્તિક એમ અમને લાગે છે. સમયસારની છઠ્ઠી ગાથા નિમિત્ત અને જ્ઞાનની પર્યાય નૈમિત્તિક એમ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નહિ, અજ્ઞાન છે. આહા ! જ્ઞેયથી જ્ઞાન ત્રણકાળમાં થાય નહિ. આહા !

કર્તા કર્મ સંબંધ તો નથી જ્ઞેયની સાથે, પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો ત્રિકાળ અભાવ છે. આહાહા ! પછી જ્યારે જ્ઞાન થાય ત્યારે ભૂતનૈગમનયે એમ કહેવાય કે શાસ્ત્રથી જ્ઞાન થયું. પણ એનાથી થયું નથી. જેટલી વ્યવહારની વાત હોય એને અસત્યાર્થ જાણી તેનું શ્રદ્ધાન છોડી દેજે કે શાસ્ત્રથી જ્ઞાન અત્યાર સુધી કોઈને થયું નથી. અત્યાર સુધી ગુરુદેવને પણ સમયસારથી જ્ઞાન થયું નથી. એના આત્માથી થયું હતું ત્યારે પૂર્વ પર્યાયમાં શાસ્ત્ર નિમિત્ત હતું તો તેનાથી થયું એમ ઉપચારથી કહેવામાં આવે. આ ઉપચારને અનુપચાર માન્યો. વ્યવહારને નિશ્ચય માન્યો તો સંસારનું બીજ છે. આહા !

ગુરુદેવને સમયસાર શાસ્ત્રથી જ્ઞાન થયું નથી. સમયસાર આત્માથી થયું છે, પણ સમયસાર શાસ્ત્રથી થયું નથી. સમયસાર સ્વરૂપ આત્માથી થયું છે. પણ સમયસાર શાસ્ત્રથી થયું નથી. ગુરુદેવને તમે પૂછ્યું હતું ? પૂછવાની કાંઈ જરૂર નથી. બધાને આમ જ થાય. એકને થાય તો બીજાને એમ જ થાય. શાસ્ત્રથી જ્ઞાન થઈ શકે નહિ. એ જ્ઞેય છે.

શિષ્ય કહે છે, કર્તા-કર્મ સંબંધ ન હોય તો કાંઈ નહિ પણ ઈ નિમિત્ત તો ખરું કે નહિ ? જ્ઞાનમાં એ નિમિત્ત થાય કે નહિ ? કે જ્ઞાનમાં આ જ્ઞેય નિમિત્ત ન થાય. સાહેબ પણ કાંઈક નિમિત્ત તો જોઈએ ને ? નિમિત્ત જોઈએ છે ને ? ઊભો રહે. આ પરજ્ઞેય નિમિત્ત નથી. પેલા ધડાકો કર કે આ નિમિત્ત નથી ત્યારે જે જ્ઞાન પ્રગટ થાય તે ઉપાદાન છે અને એનું લક્ષ જ્ઞાયક ઉપર છે તો જ્ઞાયકને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત, ઉપાદાન બેય તારે જોઈતું હોય તો તારામાં છે, અંદરમાં છે. નિમિત્ત પણ તારામાં અને ઉપાદાન પણ તારામાં. પર નિમિત્તનું લક્ષ છોડી દે. આહા !

જ્ઞેયથી જ્ઞાન થતું નથી. જ્ઞેયનું જ્ઞાન થતું નથી. ત્યારે કોનું જ્ઞાન થાય છે ? કે આત્માનું જ્ઞાન થાય છે અને આત્માથી જ્ઞાન થાય છે તે વ્યવહાર. આત્માથી આત્માનું જ્ઞાન થાય છે તેમ કહેવું તે વ્યવહાર. જ્ઞાન જ્ઞાનથી થાય છે તે નિશ્ચય છે. જ્ઞાન જ્ઞાનથી થાય છે ત્યારે તેનું લક્ષ જ્ઞાયક ઉપર છે, તો જ્ઞાયકથી, આત્માથી આત્માનું જ્ઞાન થયું એમ વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા ! ઝીણું ઘણું. ઝીણું તો છે. દોઢસો નંબરનું સૂતર છે આ. સો નંબરનું સૂતર નથી.

પ્રભુ, તે તારા આત્માની વાત સાંભળી નથી અને જ્ઞાન કેમ પ્રગટ થાય એ વાત બરાબર તને ખ્યાલમાં આવતી નથી. તને તો એમ છે કે શાસ્ત્રથી જ્ઞાન થાય, શાસ્ત્રથી જ્ઞાન થાય. એટલે આખો દિવસ શાસ્ત્રની સન્મુખ સ્વાધ્યાય કરવા મંડી ગયો. એનો અર્થ સ્વાધ્યાય છોડીને દુકાને જવાની વાત નથી. અહીં નીચે ઉતરવાની વાત નથી. અહીં ઉપર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપર ચઢવાની વાત છે. જ્યાં એમ કહ્યું કે શાસ્ત્રથી જ્ઞાન થતું નથી તો શાસ્ત્ર સ્વાધ્યાય કરવાનું બંધ થઈ ગયું, કારખાને જાવ. તેણે સત્ય નિમિત્તને પણ છોડ્યા ને અસત્ય નિમિત્તને ગ્રહે છે. તેની તો લાયકાત બિલકુલ નથી. જ્ઞાનીના વચનો હંમેશાં ઊંચે ઊંચે ચડવાના હોય, નીચે નીચે જવાના વચનો ન હોય.

શાસ્ત્રથી જ્ઞાન થાય છે એવું મિથ્યા શ્રદ્ધાન થઈ ગયું હતું, તેને કહે છે કે જ્ઞાન આત્માથી થાય છે શાસ્ત્રથી નહિ. શાસ્ત્રનું લક્ષ છોડી દે અને આત્માનું લક્ષ કર તો આત્માથી જ્ઞાન થાય, જ્ઞાન જ્ઞાનથી થાય એ નિશ્ચય અને જ્ઞાન આત્માથી થાય તે વ્યવહાર. નિશ્ચય પણ અંદર અને વ્યવહાર પણ અંદર. આ નિશ્ચય વ્યવહાર અંદર છે. અલૌકિક વાત છે.

આ બધો સીમંધર ભગવાનનો માલ અહીં આવ્યો છે. જ્ઞેયથી જ્ઞાન થતું નથી. જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. ચોખ્ખો પાઠ છે. જ્ઞેયથી જ્ઞાન થતું નથી. જ્ઞેયથી જ્ઞાન માને છે તે મિથ્યાદષ્ટિ છે. શાસ્ત્રથી જ્ઞાન થાય તેમ માને તો મિથ્યાદષ્ટિ. એવો વ્યવહાર હોય એમ જાણે, વ્યવહારને વળગશે તો એમાં અંદરમાં નહિ જવાય. પેલા અંદર ન જાય ત્યાં સુધી વ્યવહાર હોય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ લક્ષ હોય છે. પણ પરના લક્ષે, ગુરુદેવે ફરમાવ્યું ''પર દવ્વાઓ દુગ્ગઈ'' દુર્ગતિ થશે તારી. ગુરુદેવ કહે છે કે અમારી સામું જો માં. તો કહે સાહેબ, તમે તો એક બાકી રાખો. અમે અમારા કુટુંબ સામે ન જોઈએ એ બરાબર પણ આપની સામું જોવા દ્યો. કાંઈ મળશે નહિ તને. તું જાણનારને જાણને. જ્ઞાન જેનું છે તેને જાણને. જ્ઞાન તો આત્માનું છે તેને જાણને.

જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. કારણ કે હવે ઊંચો માલ આવ્યો. હવે આટલી તો હજી ક્ષેત્ર વિશુદ્ધિ થઈ. થોડું મનની એકાગ્રતા થઈ કે શું વિષય કહેવા માંગે છે. કે જ્ઞેયથી જ્ઞાન થતું નથી. તો જ્ઞેય જણાય છે ત્યારે જ્ઞેય જણાય છે કે જ્ઞાન જણાય છે કે જ્ઞાયક જણાય છે. એ વિષય આવ્યો હવે.

કારણ કે, જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ નથી ? કે જ્ઞેયો જ્ઞાનમાં જણાય તો પણ જ્ઞેયથી જ્ઞાન થતું નથી. તો જ્ઞાન કેવી રીતે થાય છે આત્માનું, કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં, આ જ્ઞેય કહેવાય અને ઈ જ્ઞાનમાં જણાય છે એને જ્ઞેયાકાર અવસ્થા કહેવાય. આ જ્ઞેય સાપેક્ષ જ્ઞાનને જ્ઞેયાકાર અવસ્થા કહેવાય અને જ્ઞાયક સાપેક્ષ જ્ઞાનને પણ જ્ઞેયાકાર અવસ્થા કહેવાય.

ઓમાં તો કારખાનું ન ચાલતું હોય તો એવી માથાફૂટ કરે સમજવાની, અને આમાં ? આમાં ઊંડા ઊતરવા જેવું છે. ઓમાં તો મોટા ઈજનેર બોલાવે. ધીરૂભાઈ ! કેમ આ સરખું નથી આવતું. ઝડપથી સરખું કરી દે આને.

એમ અહીં પરમાત્મા, જગતના જીવો કેમ પામે ? એવી કરુણાથી આ શાસ્ત્રો લખાણા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે. જ્ઞેયાકાર અવસ્થામાં, જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ નથી ? જ્ઞેય જ્ઞાનમાં જણાય છે ત્યારે જ્ઞેયથી જ્ઞાન થતું નથી. કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં, આ જ્ઞેય સાપેક્ષ જ્ઞાનને જ્ઞેયાકાર અવસ્થા કહેવાય. જ્ઞેય જ્ઞાનમાં જણાય છે, જે સમયે એવી વિવક્ષા લઈએ તો એ જ્ઞાનની પર્યાયને જ્ઞેયાકાર જ્ઞાન કહેવામાં આવે છે.

હવે જ્ઞેય જ્ઞાનમાં જ્યારે જણાય છે ત્યારે જ્ઞેય જણાય છે ? જ્ઞેયાકાર અવસ્થા જણાય છે ? કે જ્ઞાયક જણાય છે ? જોજો ભાઈ જરા ! સૂક્ષ્મ વાત તો છે. આ જ્ઞેય છે. એનો જ્ઞાનમાં પ્રતિભાસ થયો અને જ્ઞાન સ્વચ્છ છે ને ! આ જ્ઞેય છે એમાં પ્રમેયત્વ નામનો ગુણ છે અને આ પ્રમાતા છે. આ જ્ઞાન છે ને આ જ્ઞેય છે એ જ્યારે જણાય છે ત્યારે જ્ઞાયકપણે જે જણાયો. મને તો જાણનાર જણાય છે, જ્ઞેય જણાતું નથી. અને જ્ઞેયસાપેક્ષ જ્ઞાન પણ જણાતું નથી. અને જ્ઞાયક સાપેક્ષ જ્ઞેયાકાર પણ જણાતું નથી. એકલો જ્ઞાયક જણાય છે આ અંદરમાં ઘુસવાની વિધિ બતાવે છે.

લોકો કહે છે સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શન થતું નથી. પણ આમાં લખેલું છે, એનો વિચાર કરો તો થાય ને ? કે જ્ઞેયાકાર અવસ્થામાં, બધું આમાં લખી ગયા છે કાંઈ ખાનગી નથી. જ્ઞાનીઓ કાંઈ છુપાવતા નથી. કોઈ ન્યાય આવે તો ફટ્ શિષ્યને કહી દે. એમ ન થાય કે હું આ ન્યાય શિષ્યને કહીશ તો શિષ્ય મારાથી વધી જશે. એવું જ્ઞાનીને ન હોય. ઉલટું શિષ્ય મારાથી વધે તો અમને ઈષ્ટ છે. અમારા કરતાં ભલે વહેલી સિદ્ધ અવસ્થા એની થાય. અમે રાજી છીએ એમ હોય. જ્ઞાની ન છુપાવે. આહાહા ! કેમ કે એને સ્વાર્થ કાંઈ નથી અને એ કાંઈ આપતા પણ નથી. સમજે છે તો એનાથી સમજશે. આહાહા !

જ્ઞેયાકાર અવસ્થામાં, જ્યારે સવિકલ્પદશા છે જ્ઞાનીની, ચાંદીની થાળી હોય છે સામે, તેમાં દાળ, ભાત, શાક હોય. તે જ્ઞેય છે-તે જ્ઞેય જ્ઞાનમાં જણાય છે ત્યારે રોટલી જણાય છે ? કે ના. રોટલી સંબંધીનું જ્ઞાન, જ્ઞેયાકાર જ્ઞાન જણાય છે ? કે ના. જ્ઞાયક સાપેક્ષ જ્ઞાનની પર્યાય જણાય છે ? કે ના એકલો જ્ઞાયક જણાય છે. આવી વસ્તુ છે. તત્ત્વનો અભ્યાસ કરવો નહિ અને થોડી જાત્રા કરવી એમાં ધર્મ થઈ ગયો. ભગવાનની પૂજાથી. અરે ! આ નિજ ભગવાનની પૂજા અને ભક્તિ તો કર. આહા ! આ નિજ ભગવાનની ભક્તિ એક સમય માત્ર કરી નથી. આહા !

પ્રભુ, જ્ઞેય ઉપરથી લક્ષ છોડી દે. જ્ઞેયથી જ્ઞાન થતું નથી. કહે છે કે જ્ઞેયાકાર અવસ્થામાં જાણનારપણે જણાયો. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેયને જાણનારપણે જણાયો નહિ. ‘‘જ્ઞાત તે તો તે જ છે.’’ જાણવામાં આવ્યો તે જ જણાય છે. જે જાણવામાં આવ્યો છે અનુભવમાં, એ સવિકલ્પદશામાં, એનો એ જ જણાય છે. વિષય ફરતો નથી. નિર્વિકલ્પ ધ્યાનમાં જ્ઞાયક

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જણાય અને સવિકલ્પ દશામાં દેવ ગુરુ શાસ્ત્ર જણાય એમ છે નહિ. આહા ! નિર્વિકલ્પ ધ્યાનમાં જ્ઞાયક જણાય અને સવિકલ્પમાં તો આ ભગવાનની પ્રતિમા જણાય ને !! પ્રતિમા જ્યારે જણાય છે ત્યારે જાણનાર જણાય છે. એટલે નિર્જરા ચાલું રહે છે. જો જાણનાર છૂટી જાય તો જ્ઞાનનું અજ્ઞાન થઈ જાય તો નિર્જરા બંધ થઈ જાય. સમય સમયનો હિસાબ છે. આહાહા !

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેયો જ્યારે પ્રતિભાસે છે, શાસ્ત્ર છઠ્ઠી ગાથા જ્યારે પ્રતિભાસે છે જ્ઞાનમાં, છઠ્ઠી ગાથા જણાય છે ? કે ના. આ શબ્દશ્રુત જણાય છે ? તો કે ના. શબ્દશ્રુત સંબંધીનું જે ઈન્દ્રિયજ્ઞાન થયું તે જણાય છે ? કે ના. આત્મા સંબંધીના જ્ઞાનની પર્યાય જે શ્રુતજ્ઞાનની પ્રગટ થઈ તે શ્રુતજ્ઞાન જણાય છે ? કે ના. શુદ્ધાત્મા જણાય છે. જ્ઞાયક જણાય છે. જાણનાર જણાય છે. એ પણ અભેદ થઈને જણાય છે. જાણનારો જાણનારને અભેદ થઈને જાણે છે. પર્યાયથી આત્મા નથી જણાતો. શ્રુતજ્ઞાનથી આત્મા નથી જણાતો, એ ભેદનું કથન છે. શ્રુતજ્ઞાન પરિણત આત્મા, આત્માથી આત્મા જણાય છે. ભેદ નીકળી જાય છે. ભલે ભેદ ભેદરૂપે હો, તો પણ ભેદ દેખાતો નથી. આહા ! વાત છે ઝીણી લોઢા કાપે છીણી. પણ કામ થઈ જાય એવું છે. ભવનો અંત આવે એવી વાત છે.

જ્ઞેયાકાર અવસ્થામાં, સવિકલ્પદશામાં સાધક કહે છે કે અમને તો જાણનાર જણાય છે. અમને બીજું કાંઈ જણાતું નથી. આ ચોખ્ખું દેખાય છે ને ! આ ઘડિયાળમાં આટલા વાગ્યા એ ચોખ્ખું દેખાય છે. એ જ્ઞાન તારું ચોખ્ખું નથી મેલું છે, અજ્ઞાન છે. ઘડિયાળ જણાય છે એ અજ્ઞાન છે. ઘડિયાળ સંબંધીનું જ્ઞાન જણાય છે એ અજ્ઞાન છે. એ તો જ્ઞાયક જાણનાર જણાય છે. બીજું કાંઈ જણાતુ નથી. બીજું જણાય એમ કહેવું એ વ્યવહાર અને વ્યવહાર અભૂતાર્થ છે. આહા !

તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં, જ્ઞાયકપણે જણાયો, જાણનારપણે જણાયો. તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં, સવિકલ્પમાં જ્ઞાયક જણાયો અને નિર્વિકલ્પમાં પણ, હર સમયે, અનુભવ પછી, શુદ્ધાત્માનો અનુભવ થયા પછી, સવિકલ્પદશા હો. છઠ્ઠું ગુણસ્થાન હો કે સાતમું ગુણસ્થાન હો, એ તો નિરંતર જ્ઞાયક જણાય છે. આહા ! ચક્રવર્તી લડાઈમાં ઊભા હોય શાંતિનાથ ભગવાન ત્યારે શું જણાતું હશે ? કે ધ્યાનમાં હોય ત્યારે આત્મા જણાય અને લડાઈમાં જાય ત્યારે ચક્ર જણાય ? કે એમ છે નહિ. તારું ચક્ર ફરી ગયું છે. તું ઈન્દ્રિયજ્ઞાનની પ્રસિદ્ધિથી એને જાણે છે એવી માન્યતા તારી અનાદિકાળની છે. ઈ જ્ઞાન જ નથી. ઈન્દ્રિયજ્ઞાન તે જ્ઞાન જ નથી. બીજો બીજાને જાણે છે આત્મા આત્માને જાણતા પરિણમી જાય છે. બીજો બીજાને જાણે છે. એ ઈન્દ્રિયજ્ઞાનથી જાણે છે બહારના પદાર્થોને. જાણનાર આત્મા તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જાણનારને જાણતો પરિણમી જાય છે.

સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ, પણ લખ્યું. સવિકલ્પમાં પણ જ્ઞાયક જણાય અને નિર્વિકલ્પમાં પણ જ્ઞાયક જણાય. દીવાની જેમ, દીવાનું દૃષ્ટાંત આપે છે. કર્તાકર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે દીવાનું દૃષ્ટાંત પહેલાં લઈ લઈએ. જેમ દીપક ઘટપટ આદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય, આ જે પ્રકાશ છે એ ઘડો સામે છે એને જ્યારે પ્રસિદ્ધ કરતો હોય, ત્યારે એનો પ્રકાશ ઘડાને પ્રકાશે છે કે દીપકને ? કે ઘડા અને દીપકને બેયને રાખો, એમ નથી. આહા ! એવી વાત છે. પ્રકાશ દીવાને પ્રકાશે તે નિશ્ચય અને પ્રકાશ ઘડાને પ્રકાશે તે વ્યવહાર, એમ નિશ્ચય અને વ્યવહાર બેય રાખો. કે બે છે નહિ. પહેલાં નિશ્ચયમાં આવી જા, ત્યારબાદ નિશ્ચય પછી વ્યવહાર હોય છે. નિશ્ચય વગર વ્યવહાર હોતો નથી એ વાત કરે છે.

દીપક ઘટપટ આદિને પ્રકાશવાની અવસ્થામાંય દીપક જ છે. ઘડાને પ્રસિદ્ધ કરતો નથી પ્રકાશ. જો પ્રકાશ ઘડાને પ્રસિદ્ધ કરે છે એમ તારા લક્ષમાં આવશે તો પ્રકાશક એવો દીવો તારા લક્ષમાં આવશે નહિ. ઘડો જ તને જણાશે. પ્રકાશેય ગયો અને પ્રકાશક પણ ગયો. એકલો ઘડો રહી ગયો. માટી તને જણાય છે. માટી જેવો છે. બુદ્ધુ થઈ ગયો. બુદ્ધિમાં વિભ્રમ થઈ ગયો તું. ભાઈ ! ઘડો સામે છે ત્યારે, ઘડો તો જણાતો નથી. ઘડા સંબંધીનો પ્રકાશ જણાતો નથી. દીપક સંબંધીનો પ્રકાશ જણાતો નથી. પણ દીપક જ જણાય છે. આહાહા ! દૃષ્ટાંત સમજાય છે ?

દીપક છે, પ્રકાશ છે અને ઘડો છે. ત્રણ છે. બરાબર ! હવે એમ કહે છે, કે જે પ્રકાશ પ્રગટ થયો, એ ઘડાને પ્રસિદ્ધ કરે છે કે પ્રકાશને પ્રસિદ્ધ કરે છે કે દીપકને પ્રસિદ્ધ કરે છે ? એ દીપકને જ પ્રસિદ્ધિ કરે છે. ઘડાને નહિ, ઘડા સંબંધીના પ્રકાશને પણ નહિ, દીપક સંબંધીના પ્રકાશના ભેદને પણ નહિ. એ તો અભેદને જ પ્રગટ કરે છે. આહા ! એક દૃષ્ટાંતનો સરખો વિચાર કરે ને ઘરમાં બેઠો બેઠો, દીવો હોય ત્યારે, દીવો જ્યારે હોય ને રાત્રે ત્યારે વિચાર કરે, કે ભલે સોફાસેટ ઉપર બેઠો હોય કે ચાંદીની ખુરશી ઉપર બેઠો હોય પણ વિચાર કરે કે આ પ્રકાશ છે. આ પ્રકાશમાં આ બધું પ્રકાશે છે, તો પ્રકાશ આને પ્રસિદ્ધ કરે છે કે પ્રકાશ દીપકને પ્રસિદ્ધ કરે છે ? જો જ્ઞેયને પ્રસિદ્ધ કરે છે તો નિમિત્તાધીન દૃષ્ટિ અને પ્રકાશ દીપકને પ્રસિદ્ધ કરે છે તો ઉપાદાન ઉપર દૃષ્ટિ ગઈ. ભેદ નીકળી જાય અને દીવો દેખાય. દીવો પ્રકાશથી અનન્યપણે દેખાય છે. દીપકથી પ્રકાશ કથંચિત્ અભિન્ન છે એટલે તે અનન્યપણે જણાય છે. તો કર્તાય દીપક અને કર્મ પણ દીપક. કર્તા દીપક અને પ્રકાશ તેનું કાર્ય એમ છે નહિ. એ ભેદનું કથન છે. કાલે પોણો કલાક છે ને. પોણો કલાક બેન લેશે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેમના માતાપિતા પણ આવે છે ને તે પણ તેને સાંભળે તો ખરા.

વિષય સૂક્ષ્મ છે. પહેલાં દૃષ્ટાંતને સરખી રીતે સમજો. સિદ્ધાંતને હમણાં સમજવાનો પ્રયત્ન ન કરો. આ કહે છે એમ છે કે હું જાણું છું, માનું છું એમ છે. બસ એટલું જ દૃષ્ટાંત, દૃષ્ટાંત તો સ્થૂળ છે દીપકનો. બધાને ઘરમાં દીવો તો હોય, દીવો કરવો પણ ન પડે. રાત્રે ખુરશી ઉપર બેઠા બેઠા વિચાર કરે. આહા ! કે આ ટ્યુબલાઈટ જણાય છે કે પ્રકાશ જણાય છે ? કે એ પ્રકાશના માધ્યમથી આ સોફાસેટ અને ઘર જણાય છે ? આહાહા ! જરાક વિચાર કરે થોભી જાય તો કામ થઈ જાય.

જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે. જે પોતે પોતાની જ્યોતિરૂપ શીખાને પ્રકાશવાની અવસ્થામાં દીપક જ છે, અન્ય કાંઈ નથી. તેમ જ્ઞાયકનું જાણવું. કર્તાકર્મનું અનન્યપણં હોવાથી જ્ઞાયક જ છે. પોતે જાણનારો માટે કર્તા અને પોતાને જાણ્યો, દેવ-ગુરુ-શાસ્ત્રને જાણ્યા એમ નહિ, પ્રમત્ત અપ્રમત્તને જાણ્યા એમ નહિ. પાંચ મહાવ્રતને જાણે છે એમ નથી. વ્યવહાર રત્નત્રયનાં પરિણામ જણાય છે એમ છે નહિ. આહા ! આ વિષય ઝીણો છે જરા. આવતીકાલે લેશું. પોણો કલાક છે. આ વિષય બેત્રણ વાર કાન ઉપર આવેને ત્યારે સમજાય એવો છે.

## પ્રવચન નં. ૮

**તા. ૧૫-૧૦-૮૮ - જામનગર**

સમયસાર એટલે શુદ્ધાત્મા. પ્રત્યેક જીવ-પ્રત્યેક આત્માઓ સ્વભાવથી શુદ્ધ છે. પ્રત્યેક આત્માઓ-બધા આત્માઓ સ્વભાવે ત્રણેકાળ શુદ્ધ, શુદ્ધ અને શુદ્ધ જ છે. આ આત્મા અશુદ્ધ થયો નથી, વર્તમાનમાં થતો નથી અને ભવિષ્યકાળે પણ અશુદ્ધ થવાનો નથી. અશુદ્ધતા બીજી ચીજ છે અને શુદ્ધતા બીજી ચીજ છે. શુદ્ધતા એ આત્માની ચીજ છે અને અશુદ્ધતા એ પુણ્ય-પાપ-આસ્ત્રવની ચીજ છે. બે વસ્તુ જુદી છે-બે ભાવ જુદા જુદા છે. જીવ અને આસ્ત્રવ બે મળીને એક આત્મા થતો નથી.

આત્મા તો ચિદાનંદ ! આત્મા પોતાના જ્ઞાનાદિ અનંતગુણથી બિરાજમાન અનાદિ-અનંત શુદ્ધ છે. શુદ્ધ એટલા માટે છે કે શુદ્ધની વ્યાખ્યા કરી (સમયસાર) છઠ્ઠી ગાથામાં કે આત્મા શુદ્ધ છે, તેનું કારણ શું ? (તો કહે છે) કે પરિણામ માત્રથી ભિન્ન છે માટે શુદ્ધ છે. આહાહા ! ત્યાંથી તો શરૂઆત કરી છે શુદ્ધતાની !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


શુદ્ધ આત્માની સિદ્ધિ કરવા માટે એમણે એવો ન્યાય આપ્યો કે પ્રમત્ત અને અપ્રમત્ત બે પ્રકારની દશાઓ અથવા એનાં ભેદો જોઈએ તો ચૌદ ગુણસ્થાનોના ભેદો, એનો આત્માના સ્વભાવમાં અભાવ છે-આત્માના સ્વભાવમાં એ ભાવો નથી. એ ભાવો-પરિણામો પરિણામમાં ભલે હો, પણ પરિણામ શુદ્ધ આત્મતત્ત્વમાં નથી, માટે આત્મા શુદ્ધ છે. એવો ન્યાય આપ્યો.

પ્રમત્ત-અપ્રમત્તથી રહિત છે માટે આત્મા શુદ્ધ છે અને એ પરિણામથી ભિન્ન, શુદ્ધ આત્માનું લક્ષ કરતાં આત્માનું દર્શન થાય છે. એ જ્ઞાયકદેવ પ્રગટ થાય છે દૃષ્ટિમાં-જ્ઞાનમાં અનુભવમાં જ્ઞાયક આત્મા આવે છે અને ભવનો અંત આવી જાય છે. એ નિર્વિકલ્પ ધ્યાનમાં તો આત્મા આવ્યો છે પછી સાધક થયા પછી સવિકલ્પદશા પણ આવે છે, તો એ વખતે પહેલાં પરિણામને જાણતો હતો-એમાં એકત્વ કરતો હતો (પર્યાયદૃષ્ટિ હતો) પછી પરિણામને ભિન્ન જાણીને શુદ્ધાત્માનો અનુભવ થયો, પછી પરિણામને સવિકલ્પદશામાં જાણે ખરો પણ માત્ર પરિણામને ન જાણે પણ પરિણામના જાણવાના સમયે જાણનારને જાણે !

પરિણામ એ જ્ઞેય છે. પરિણામ, એ પોતામાં ઉત્પન્ન થતા જે શુભ-અશુભભાવો કે શુદ્ધ પર્યાયના ભેદો, એ બધા (પર્યાયો) જ્ઞેયના ભાવો છે એ જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે ત્યારે માત્ર પર્યાયરૂપ પરદ્રવ્યનું, જ્ઞેય નથી જણાતું પણ એ સમયે પણ જાણનાર જણાય છે. અગ્નિ લાકડાને બાળે છે એવો વ્યવહાર કરવામાં આવે છે ત્યારે પણ અગ્નિ તો અગ્નિથી છે. લાકડાને બાળે છે માટે અગ્નિ છે એમ છે નહીં. અગ્નિને એવી પરાધીનતા લાગુ પડતી નથી. અગ્નિ લાકડાને બાળે તોય અગ્નિ પોતાથી છે અને અગ્નિ લાકડાને ન બાળે તો-પણ (અગ્નિ તો) પોતાથી પોતાના સ્વરૂપે છે.

એમ આ જ્ઞાયક આત્મા, અંતર્દૃષ્ટિ વડે અનુભવમાં આવ્યો, તે લીનતામાં ન ટકી શક્યો એટલે બહાર આવે છે સવિકલ્પદશામાં, અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને અનુભવ થાય છે તે નિર્વિકલ્પધ્યાનમાં થાય છે-સમ્યગ્દૃષ્ટિનો જન્મ નિર્વિકલ્પધ્યાનમાં થાય છે. સવિકલ્પમાં જન્મ થતો નથી, પણ એ નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગ વધારે વાર ટકતો નથી અને એ (સાધક) સવિકલ્પદશામાં આવે છે. ત્યારે પરિણામો જણાય છે-દેવ, ગુરુ, શાસ્ત્ર બધું પરપદાર્થો-જ્ઞેયો જ્ઞાનમાં પ્રતિભાસે છે. જ્ઞેયો, જ્ઞાનમાં પ્રતિભાસે છે તે સમયે પણ એ તો જાણનારને જાણે છે. એ (સાધક) તો જ્ઞાયકને જાણે છે.

જ્ઞેયો જણાય એ વખતે જો જાણનાર ન જણાય, તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. કોઈને એમ લાગે છે કે નિર્વિકલ્પ ધ્યાનમાં જ આત્મા જણાય અને સવિકલ્પદશામાં પર જણાય અને સ્વ ન જણાય, તો એમ છે નહીં. આહાહા ! સાધકની સ્થિતિ કોઈ અપૂર્વ છે !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કહે છે એ જ્ઞેયોને જાણે છે માટે આત્માને 'જ્ઞાયક' એવું નામ પ્રસિદ્ધ છે. એ જાણનાર છે, કે કેમ જાણનાર છે ? કે જ્ઞેયોને જાણે છે માટે જાણનાર છે. તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા લાગુ પડતી નથી. કેમકે જ્ઞેય જણાય છે ત્યારે થઈ જાય છે ત્યારે જો જ્ઞેય જણાય ને જ્ઞાયક ન જણાય તો તો જ્ઞેયકૃત અશુદ્ધતા થતાં અજ્ઞાની થઈ જાય છે, પણ જ્યારે રાગાદિ અને વીતરાગભાવનો ભેદ છે, ઈ ભેદ છે ઈ જ્ઞેય છે, ભેદ છે ઈ પોતે જ્ઞાયક નથી. જ્ઞાયક ઈ અભેદ છે અને જે નિશ્ચય મોક્ષમાર્ગના પરિણામ અને વ્યવહાર મોક્ષમાર્ગના પરિણામ-બે પ્રકારની પ્રગટતા એ પર્યાયની થઈ ગઈ અનુભવના કાળમાં અને પછી રહી ગઈ-પછી એ સ્થિતિ રહી ગઈ. અને પછી એ સ્થિતિ ઈ જ્ઞાનમાં જ્ઞેય તરીકે પ્રતિભાસે છે !

એ પરિણામના ભેદો છે એ પરદ્રવ્ય છે, એ જ્ઞેય છે, એ પરજ્ઞેય છે, પરભાવ છે. ઈ જ્ઞાનીના અતીન્દ્રિયજ્ઞાનમાં પ્રતિભાસે છે-જણાય છે, ઈ જણાય છે જ્યારે, ત્યારે જો જ્ઞાયક ન જણાતો હોય તો પર્યાયદૃષ્ટિ અને જ્ઞાયક જણાય છે માટે દ્રવ્યદૃષ્ટિ કાયમ રહે છે. નિશ્ચયના જ્ઞાન સાથે સાથે પરિણામનું જ્ઞાન થાય છે એટલે પર્યાયદૃષ્ટિ થતી નથી. પરિણામને જાણવાથી પર્યાયદૃષ્ટિ ન થાય, દ્રવ્યને ન જાણે તો પર્યાયદૃષ્ટિ થાય.

(આહાહા !) ભગવાન આત્મા દૃષ્ટિમાં આવ્યો અનુભવના કાળમાં અને (સાથે) સવિકલ્પદશા આવી, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિમાં બેઠો છે, યાત્રાના વિકલ્પો આવે છે, કોઈને વ્રતાદિના વિકલ્પ, ઉપવાસ આદિના વિકલ્પો પણ ભલે આવે, એ શુભભાવો એ જ્ઞાનમાં જણાય-વ્રતાદિનો શુભભાવ જ્ઞાનમાં જણાય.

કે એક શુદ્ધાત્મા છે એ અનાદિથી શુદ્ધ છે એ શુદ્ધ છે એનું કારણ દીધું કે કેમ શુદ્ધ રહી ગયો (આત્મા) કે પરિણામ માત્રથી ભિન્ન છે. એટલા માટે શુદ્ધ રહી ગયો, એક (વાત) અને પરિણામ મારાથી ભિન્ન છે તેથી હું તેનો કર્તા-ભોક્તા નથી, તેથી હું શુદ્ધ રહી ગયો (તે બીજી વાત) - બે કારણ દીધા. એક તો શુદ્ધાત્માથી પરિણામ (માત્ર) ભિન્ન છે-સર્વથા ભિન્ન છે, કથંચિત્ ભિન્ન (ની વાત) તો ત્યારબાદ આવે છે-અનુભવ પછી, ઈ સ્યાદ્વાદ-કથંચિત્‌ના નામે, ઈ નામે જીવ ઠગાઈ જાય છે. પહેલાં સ્યાદ્વાદ-કથંચિત્‌નો જન્મ નથી થતો, પહેલાં સમ્યક્ એકાંતનો અનુભવમાં જન્મ થાય છે. અને પછી તેજ જ્ઞાનમાં સ્યાદ્વાદ પ્રગટ થાય છે. એમાં કથંચિત્ આવે છે. સર્વથા ભિન્ન (થયા) પછી કથંચિત્‌નો વ્યવહાર આવે છે. સર્વથા ભિન્નના નિશ્ચય (થાય પછી) કથંચિત્‌નો જન્મ થાય છે.

શું કહ્યું ? પરિણામમાત્ર મારાથી સર્વથા ભિન્ન છે એ સમ્યક્‌એકાંત છે. આવો જ્યારે સર્વથા ભિન્નનો પ્રકાર આવ્યો તો આત્મા શુદ્ધ છે એ સર્વથા ભિન્ન છે માટે કર્તા-ભોક્તા નથી, તેથી મારો આત્મા શુદ્ધ છે. શુદ્ધપરિણામનો કર્તા હું નથી તેથી હું શુદ્ધ છું ! આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શું કહ્યું ? ''શુદ્ધ પરિણામ સ્વયં અપને આપ-પોતાથી, પોતાની યોગ્યતાથી, પોતાના સ્વકાળે, એ (શુદ્ધ) પરિણામનો જન્મ થાય છે, પરિણામનો કર્તા પરિણામ છે, પરિણામનો કર્તા ભગવાન આત્મા નથી ! એ તો અકર્તા છે-જ્ઞાયક છે-જ્ઞાનમય આત્મા જાણનહાર છે કંઈ કરવાવાળો નથી, કર્તા નથી તેથી શુદ્ધ છે, ભિન્ન છે તેથી શુદ્ધ છે, અને (પરિણામમાત્રથી) ભિન્ન હોવાથી કર્તા નથી. આ શુદ્ધની વ્યાખ્યા !

આત્મા શુદ્ધ છે એવું જ્યારે અંતર્દૃષ્ટિથી જોયું તો જેવો શ્રીગુરુએ ફરમાવ્યો હતો-એ જ જિનવાણીમાં આવ્યો હતો, તેવો જ સાંભળ્યો હતો, એવો જ અનુભવમાં આવી ગયો ! આહાહા ! શ્રીગુરુ-આત્મજ્ઞાની ગુરુ જેવું આત્માનું સ્વરૂપ ફરમાવે છે અને (એવું જ) જિનવાણીમાં લખ્યું છે, એવો જ આત્મા સાંભળ્યો-વાંચ્યો, વિચાર કરીને નિર્ણય કર્યો, નિર્ણય કર્યા પછી માનસિકજ્ઞાનમાં-અનુમાનજ્ઞાનમાં જ્ઞાયક આવ્યો, ત્યારબાદ અનુભવ થઈ ગયો ! આહાહા ! આવા શુદ્ધાત્માનો જ્યારે અનુભવ થાય છે ત્યારે પરિણામથી ભિન્ન છું-કર્તા (ભોક્તા) નથી હું, ત્યાંથી તો ઉપાડ થયો તો અનુભવ થયો, અનુભવ પછી સવિકલ્પદશા આવે છે. નિર્વિકલ્પ ધ્યાનમાં (સાધક વધારે વખત) લીન થઈ શકતા નથી, મુનિરાજ પણ વધારે લીન થઈ શકતા નથી, સાતમા ગુણસ્થાનમાંથી નિર્વિકલ્પમાંથી પણ તુરત જ છઠ્ઠા ગુણસ્થાનમાં આવી જાય છે, તો ગૃહસ્થની તો શું વાત કરવી ?

તો (સમ્યગ્દૃષ્ટિ) જ્યારે સવિકલ્પદશામાં આવે છે ત્યારે, જાણી લીધો (આત્માને) પ્રતીતિમાં આવી ગયો શુદ્ધાત્મા કે જ્ઞાયક છું-માત્ર જ્ઞાયક ! માત્ર જ્ઞાયક છું એવો સ્વીકાર કરી લે-માત્ર હું જ્ઞાયક છું એવો સ્વીકાર કરી લે ! જ્ઞાયકના સ્વીકારમાં હું કર્તા નથી એમ આવી ગયું-કર્તા નથી એમ કહેવાની જરૂર જ નથી. (એ તો માત્ર શબ્દ-કથન છે) માત્રમાં કર્તાબુદ્ધિનો નાશ થઈ ગયો, માત્ર શબ્દ છે જ્ઞાયકનું વિશેષણ-'માત્ર જ્ઞાયક'-એમાં માલ છે, એમ ને એમ ખાલી નથી (માત્ર !), શબ્દ પ્રયોજન વગર નથી હોતો એનું વાચ્ય કંઈક હોય છે 'માત્ર હું જ્ઞાયક છું' -એના અર્થમાં હું કર્તા નથી (એમ સહેજે આવી ગયું !)

આહાહા ! તો એવા જ્ઞાયકનું દર્શન જ્યારે થયું અંતર્દૃષ્ટિથી, (જ્ઞાયક) અનુભવમાં આવી ગયો, ત્યારપછી સવિકલ્પદશા આવે છે તો પરિણામ બે પ્રકારના થઈ ગયા, પહેલાં એક પ્રકારના પરિણામ હતા મિથ્યાદૃષ્ટિ અવસ્થામાં-અશુદ્ધ (પરિણામ) હતાં-અશુદ્ધના બે ભેદ શુભ અને અશુભ બન્ને પ્રકારના પરિણામ અજ્ઞાનીને આવે છે.

જ્યારે તે જ્ઞાની થયો ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ, નિર્વિકારી, અકષાય પરિણામ આત્માશ્રિત પ્રગટ થઈ ગયા, તે જે પરિણામ પ્રગટ થયા તે પરિણામને જાણે છે, પણ જાણવાના સમયે પર્યાયદૃષ્ટિ નથી થાતી. કેમ ? જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ (થતી) નથી ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પર્યાયને જાણવામાત્રથી પર્યાયદૃષ્ટિ નથી થતી. દ્રવ્યને જાણતાં-જાણતાં પરિણામને જાણે છે અને પરિણામને જાણવાના સમયે 'જાણનાર'ને જાણે છે. જ્ઞાયકને જાણે છે, આત્મા !

સવિકલ્પદશામાં ભોજનના સમયે, દુકાન ઉપર દાળ-ચોખાનો વેપાર ભલે ચાલતો હોય, પણ દાળ (ચોખા) જ્યારે જ્ઞાનમાં જ્ઞેય થાય છે ત્યારે માત્ર દાળ-(ચોખા) જ જ્ઞાનમાં જ્ઞેય થઈ જાય તો તો તે મિથ્યાદૃષ્ટિ છે, તે તો જ્ઞેય-જ્ઞાયકનો સંકરદોષ થઈ ગયો, પણ જ્યારે દાળ જાણવામાં આવે છે ત્યારે પણ જાણનાર જણાય છે-જ્ઞાયક જણાય છે, તેથી પર્યાયદૃષ્ટિ થતી નથી. કારણ કે પોતાના આત્માને જાણતાં તે જણાય જાય છે. પરિણામને જાણવાનો પુરુષાર્થ નથી, દ્રવ્યસ્વભાવને જાણવા માટે પુરુષાર્થ છે, પરિણામ તો સહજમાં-મફતમાં જાણવામાં આવી જાય છે. વ્યવહાર તો મફતમાં જાણવામાં આવી જાય છે, નિશ્ચય માટે કિંમત ચૂકવવી પડે છે, સ્વભાવને દૃષ્ટિમાં લેવા માટે રુચિની કિંમત જોઈએ, શાસ્ત્ર અભ્યાસથી એ નથી થતું એ તો અંદરમાંથી રુચિ થાય છે.

એ પાઠ કાલે ચાલ્યો હતો એનું અનુસંધાન ચાલે છે, કાલે ચાલ્યું હતું કે જ્ઞેયાકાર અવસ્થામાં પણ સ્વરૂપના ધ્યાનમાં તો જ્ઞાયક જાણવામાં આવે છે એમાં તો કોઈ પ્રશ્ન જ નથી, તેમાં તો કોઈને આકુળતા પણ નથી, પણ જ્યારે જ્ઞાનમાં લીન થાય છે. સમ્યગ્દૃષ્ટિ, શ્રાવક-દેશવ્રતી અને મુનિ-સર્વવિરતી જ્યારે ધ્યાનમાં લીન હોય છે ત્યારે તો આત્માનું દર્શન હોય જ છે પરંતુ જ્યારે ઉપયોગ બહાર છે, ઈન્દ્રિયજ્ઞાનનો ઉપયોગ બહાર છે, અતીન્દ્રિયજ્ઞાનનો ઉપયોગ બહાર નથી, ઈન્દ્રિયજ્ઞાનનો ઉપયોગ બહાર છે, અતીન્દ્રિયજ્ઞાન તો અંદર અભિમુખ ચાલુ છે (વર્તે છે) એ તો પ્રગટ થયું તે થયું એનો નાશ થતો નથી.

જ્યારે પરિણામને જાણે છે જ્ઞાની, ૧૧ મી ગાથામાં (આવે છે ને) ભૂતાર્થનયના આશ્રયથી સમ્યગ્દર્શન થયું. ત્યારબાદ બારમી ગાથા આવી કે જ્યારે સમ્યગ્દર્શન થયું તો વ્યવહાર પરિણામ તો છે તો (તે) પરિણામને જાણે છે કે નહીં ? કે પરિણામને જાણે છે. પહેલાં પરિણામને અભૂતાર્થ જાણ્યા કે મારા સ્વભાવમાં પરિણામ નથી, તેથી (આત્માનો) અનુભવ થઈ ગયો અને અનુભવ પછી પરિણામ પ્રગટ થયા તો-પણ પરિણામનું અવલંબન નથી. એમને વ્યવહારનયના વિષય જે પરિણામ છે એમાં આત્મબુદ્ધિ-અહંબુદ્ધિ હોતી નથી.

એટલા માટે પરિણામને જાણવાથી પર્યાયદૃષ્ટિ થતી નથી, દ્રવ્યદૃષ્ટિ ચાલુ છે અને જ્ઞાનમાં તેઓ જ્ઞેય થાય છે પરિણામ. રાગ અને વીતરાગભાવના અંશ બન્ને જ્ઞેય છે-બન્ને ભેદ જ્ઞેય છે, પરદ્રવ્ય-પરભાવ છે. પરદ્રવ્ય અને પરભાવનું જ્ઞાન, જ્ઞાનમાં પ્રતિભાસ થાય છે એ સમયે પરિણામ જાણવામાં જ્યારે આવે છે, એ જ સમયે અપરિણામી ભગવાન આત્મા, એ જ સમયે જાણવામાં આવે છે ! ભલે, સવિકલ્પદશા હો પણ એની પરિણતિ

અતીન્દ્રિય જ્ઞાનની એટલી સતેજ છે-(જાગ્રત છે) આહાહા ! એ પરિણામ અને ત્રિકાળી દ્રવ્યમાં એકતા થતી નથી અને ઈન્દ્રિયજ્ઞાન અને આત્મામાં એકત્વ કરવા દેતી નથી.

એ જ્ઞાન અને શ્રદ્ધા પ્રગટ થયા ને એ (શ્રદ્ધા-જ્ઞાન) એકત્વ નથી થતા, ભિન્નત્વ જે પ્રગટ્યું છે અને ભિન્નને જાણે છે અને ભિન્નના ભેદને જાણતી વખતે પણ અભેદને જાણે છે તેથી નિર્જરા ચાલુ રહે છે. નિર્વિકલ્પ ધ્યાનમાં તો આત્મા જણાય છે, જણાય ઈ જાણવામાં આવે છે પરંતુ સવિકલ્પદશામાં પણ નિરંતર-ગૃહસ્થી વેપાર-ધંધામાં બેઠો છે કોઈ, શ્રીમદ્ રાજચંદ્રજી વ્યાપારમાં બેઠા છે તો પણ જ્ઞાયકને જાણે છે અને ગુરુદેવ, ચાંદીની થાળીમાં જમે છે (ત્યારે) ચાંદીની થાળી જ્ઞાનમાં જ્ઞેય છે, એ સમયે (પણ) જ્ઞાયકને જાણે છે જ્ઞાન. (સમ્યગ્દ્રષ્ટિનું) લોકોને એવું લાગે છે ઈન્દ્રિયજ્ઞાનવાળાને કે એ ચાંદીની થાળીને જાણે છે ! (અરે !) એમને પૂછો તો ખરા કે ચાંદીની થાળી જાણવામાં આવે છે એ સમયે કે આત્મા જાણવામાં આવે છે ? કે છૂટી જાય છે (જાણવાનું કે) રહી જાય છે ! (જાણવાનું રહે છે આત્માનું) એ સાધકની દશા છે !! (આવા સાધકની અંતર્દશાનો ખ્યાલ શી રીતે આવે ?)

સાધક હોય તો સાધકની દશાનો ખ્યાલ આવે, કાં તો સમ્યગ્દ્રષ્ટિ થઈ જાય તો બીજા સમ્યગ્દ્રષ્ટિની સ્થિતિનો ખ્યાલ આવે, એક વાત. અથવા તો કોઈ ઉત્કૃષ્ટ મુમુક્ષુ હોય તો સમ્યગ્દ્રષ્ટિની શું સ્થિતિ છે, એનું અનુમાન જ્ઞાનમાં આવી જાય છે (સાધારણને ન આવે).

અનુમાન જ્ઞાનમાં આ સમ્યગ્દ્રષ્ટિ છે એવું થતાં એમના પ્રત્યે (જ્ઞાની પ્રત્યેની) શ્રદ્ધા છૂટતી નથી, અને લગ્ન કરે છે બ્રહ્મચારી નથી-લગ્ન કરે છે તો પણ એમના પ્રત્યેની શ્રદ્ધા છૂટતી નથી, કેમકે ઉત્કૃષ્ટ મુમુક્ષુની આંખ એમને (યથાર્થ) ઓળખી લે છે. એક વખત ગુરુદેવ અને રામજીભાઈ બેઠા હતા તો, આમ કરે છે ને આમ કરે છે એમ પેપરમાં (છાપામાં) આવે ને ! પેપરમાં (સમાચારપત્રમાં) ગુરુદેવની વિરુદ્ધ (નું લખાણ) આવે એની વિરુદ્ધનું-ગુરુદેવની વિરુદ્ધનું ! એ તો છે ને-વ્યવહારના પક્ષવાળા તો વિરોધો કરે છે અનાદિકાળથી છે.

સત્‌નો વિરોધી અસત્-એમ જ છે ત્રણે કાળમાં, તેમાં જ સત્‌ની કિંમત છે. સોનાની કિંમત ! લોખંડ, ચાંદી, પીત્તળ છે તો સોનાની કિંમત છે એ તો સોનાની કિંમતમાં દ્રઢતાનું કારણ છે લોખંડ તો, એમ સત્‌નો જે વિરોધ કરે છે એ તો સત્‌ની પ્રસિદ્ધિ કરે છે. આપણા ગુરુદેવની જે પ્રસિદ્ધિ થઈ જે સત્‌ની, એ તો વિરોધીઓ દ્વારા થઈ, સોગનઢ તો પ્રચાર કરતું નથી એ તો ઘરમાં બેસી રહે છે પરંતુ જ્યારે વિરોધીઓએ પેપર (સમાચારપત્ર) કાઢ્યું તો કોઈએ વાંચ્યું તો (એને મનમાં થયું કે) આ વિરોધ કરે છે તો જોઈએ તો ખરા કે સાચું શું છે ! તો સોનગઢ આવે છે જોવા માટે-સમજવા માટે, ઓહોહો ! એક વ્યાખ્યાન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(સાંભળ્યું), બે વ્યાખ્યાન ત્રણ વ્યાખ્યાન સાંભળ્યા ! સોમચંદભાઈ ?

આહાહા ! આ વિરોધ કરવાવાળા જૂઠા છે-ઈર્ષ્યાથી કરે છે વિરોધ. (સાચું) ખ્યાલમાં આવી જાય છે-આમ તો વિરોધીઓનો-વિરોધીઓનો ઉપકાર માનવો જોઈએ ! વિરોધીઓ પ્રત્યે દ્વેષ કરવો જોઈએ નહીં. એ તો આપણા ઉપકારી છે ! આહાહા ! આ વીતરાગમાર્ગમાં ક્યારેય કોઈ પ્રત્યે રાગ કરવાની મનાઈ છે તો દ્વેષની વાત તો દૂર રહી ! શું કરે ? અમારા કોઈ વિરોધી નથી, બધા ભગવાન આત્મા છે ! આહાહા ! આ વીતરાગમાર્ગ છે.

એ (વિરોધી) બધાનો વિરોધ નથી કરતા, એ તો પોતાના આત્માનો વિરોધ કરે છે એ (નિજાત્માનો) વિરોધ કરે છે તેથી તો જ્ઞાની(ઓને) કરુણા આવે છે ! એ સત્‌નો વિરોધ કરે છે તો એ (પોતે) દુઃખી થાય છે, એ કોઈ (પ્રાણી) દુઃખી થાય તો અમે જોઈ શકતા નથી-સહન થતું નથી, એ (બધા) સુખી થઈ જાઓ ! આહાહા ! તો જ્ઞાનીની વાત તો જ્ઞાની જાણે, અજ્ઞાની જાણી શકતા નથી એક વાત. અથવા તો કોઈ ઉત્કૃષ્ટ મુમુક્ષુ હોય તો જ્ઞાનીની બાહ્ય ચર્ચા (ઉપરથી અનુમાન જાણી શકે !) ક્યારેક કોઈ એવા પાપના પરિણામ પણ આવી જાય, લગ્ન કરે છે શાંતિનાથ ભગવાન ચક્રવર્તી હતા (ત્યારે) છન્નું હજાર સ્ત્રીઓ હતી ! એમાંથી દરરોજ બે-પાંચ મરે તો એમાં લગ્ન કરવાની શું જરૂર છે ? (તો કહે છે કે) એવો ઉદયભાવનો પ્રકાર છે, એના કર્તા શાંતિનાથ ભગવાન નથી ! ખરેખર એના જાણવાવાળા પણ નથી ! એ જણાય જાય છે ત્યારે સવિકલ્પદશામાં (સાથે-સાથે) જ્ઞાયક પણ જાણવામાં આવે છે તેથી એકતા થતી નથી-રાગની સાથે એકતા થતી નથી, રાગ જાણવામાં આવે છે ત્યારે જ્ઞાયક જાણવામાં આવે છે તેથી એકતા થતી નથી-રાગની સાથે એકતા થતી નથી. જો રાગ જાણવામાં આવે અને જ્ઞાયક જાણવામાં ન આવે તો રાગની સાથે એકત્વબુદ્ધિ થઈને અજ્ઞાની થઈ જાત !

અત્યારે શ્રેણિક મહારાજા પહેલી નરકમાં છે, તો પર્યાયમાં તો દુઃખ છે-તીવ્ર દુઃખ હોય, દ્રવ્યસ્વભાવમાં દુઃખ છે નહીં પરંતુ પર્યાયમાં તો દુઃખ છે, દુઃખ હોવા છતાં પણ દુઃખના સમયે જાણવામાં જ્ઞાયક આવે છે. એટલા માટે દુઃખથી વિભક્ત રહે છે અને દુઃખને સમયે જ્ઞાયક (જો) જાણવામાં ન આવતો હોય, એકત્વ થઈ જતું હોય તો મિથ્યાદષ્ટિ થઈ જાય છે !

આહાહા ! રાગ જાણવામાં આવે છે-રાગ જ્ઞેય છે. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે (જે) જણાયો, એની વાત ચાલે છે. રાગ જ્ઞેય છે એ જ્ઞેયનો જ્ઞાનમાં પ્રતિભાસ જ્યારે થાય છે ત્યારે એકલું જ્ઞેય જણાય અને જ્ઞાયક જાણવામાં ન આવે તો તો એકત્વ થઈ જાય છે, વિભક્ત નથી રહેતા, પરંતુ રાગના સમયે જ્ઞાયક જાણવામાં આવે છે તેથી વિભક્ત હોય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


છે-ભેદજ્ઞાન વર્તે છે એટલા માટે પર્યાયદૃષ્ટિ થતી નથી. એ વાત ચાલે છે, અને બીજી વાત એવી છે કે જ્ઞાનીને જ્યારે જ્ઞેય જાણવામાં આવે છે ત્યારે નિરંતર જ્ઞાયક જાણવામાં આવે છે, તેથી એકત્વબુદ્ધિ થતી નથી. સાંભળો ! જરા સૂક્ષ્મ વાત છે.

(અહા !) અજ્ઞાનીને પણ રાગ અને જ્ઞેય જાણવામાં તો આવે છે એ જ સમયે એનું જ્ઞાનમાં ભગવાન આત્મા જાણવામાં આવે છે પણ એ 'જાણનાર' હું છું એવો વિશ્વાસ (શ્રદ્ધા) થતા નથી, માત્ર જ્ઞાયક છું એવું જાણી લે ! આહાહા ! તો અજ્ઞાની પણ જ્ઞાની થઈ જાય છે. અજ્ઞાનીના જ્ઞાનઉપયોગમાં જેમ દેહાદિ-રાગાદિનો પ્રતિભાસ થાય છે એમ જ ભગવાન આત્માનો પ્રતિભાસ થાય જ છે-જ્ઞાનમાં જ્ઞાનત્વ છે અને જ્ઞાયકમાં જ્ઞેયત્વ છે !

શું કહ્યું ? જ્ઞાનમાં જાણવાની ક્રિયા (નિરંતર) થાય છે, મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જીવને પણ ઉપયોગ લક્ષણ છે અને જે જ્ઞાયક છે એમાં જ્ઞેયત્વ છે, પ્રમેયત્વ ગુણ છે કે નહીં ? છે, તો જ્ઞાનનો વિષય થાય છે કે નહીં ? થાય છે. પોતાના જ્ઞાનનો વિષય (થાય છે !) પ્રત્યેક જીવમાં પ્રત્યેક સમયે ઉપયોગ પ્રગટ થાય છે અને એ ઉપયોગમાં ઉપયોગનો પ્રતિભાસ થાય છે અને (એ) પ્રતિભાસને ઉપયોગાત્મક કરે તો શુદ્ધોપયોગ થઈ જાય છે ! ફરીથી, અનુભવની પ્રોસેસ છે.

(અનુભવની શી પ્રોસેસ છે ?) પ્રત્યેક જીવને એકલો રાગ ઉત્પન્ન નથી થતો (તે ક્ષણે જ) જ્ઞાન પણ પ્રગટ સમયે સમયે થાય છે. જો જ્ઞાન પ્રગટ ન થાય તો તો (આત્મા) જડ થઈ જાય અને રાગ પ્રગટ ન થતો હોય તો સિદ્ધ થઈ જાય ! જો રાગ પ્રગટ ન થાય તો સિદ્ધ થઈ ગયો અને જ્ઞાન ઉપયોગ પ્રગટ ન હોય તો તો જડ થઈ ગયો, એવું તો હોતું જ નથી. આમ બન્નેની પ્રગટતા એક સમયમાં થતી હોવા છતાં પણ જેમ રાગનો પ્રતિભાસ થાય છે-રાગ જ્ઞેય છે, રાગમાં પણ પ્રમેયત્વ નામનો ગુણ છે તેથી જ્ઞાનનો વિષય થાય છે, એમ રાગમાં પ્રમેયત્વ છે તો શું જ્ઞાયકમાં પ્રમેયત્વ નથી ? છે. આહાહા ! પ્રમાણમાં પ્રમેય થાય છે-જ્ઞાનમાં જ્ઞેય થાય છે નિરંતર, જુઓ, જે ઉપયોગથી ભિન્ન છે એવા ઉપયોગથી દેહાદિ, મકાન, અરિહંત ભગવાન (આદિ) એ જે ભિન્ન છે એ ભિન્ન (હોવા છતાં) જાણવામાં આવે છે અને જ્ઞાયક અભિન્ન (છે છતાં) જાણવામાં નથી આવતો ? (જાણવામાં) આવે છે, નિરંતર (જણાય છે) આહાહા ! પરંતુ એનો જે પ્રતિભાસ થાય છે એનાં ઉપર લક્ષ નથી !

ઉપયોગમાં ઉપયોગ છે. જ્યારે ઉપયોગમાં ઉપયોગ છે એટલે કે જ્ઞાનમાં જ્ઞાયક છે. એવો ખ્યાલ કરી લ્યે તો શુદ્ધ ઉપયોગ પ્રગટ થઈ જાય છે. જ્ઞેય તરફથી લક્ષ છૂટી જાય છે, અને જ્ઞાયકની અંદર એકાકાર બુદ્ધિ થઈને અનુભવ પ્રગટ થઈ જાય છે અને અનુભવ થયા બાદ વીતરાગ અને રાગઅંશ બન્ને જાણવામાં આવે છે. જો રાગ (બિલકુલ) ન હોય તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિપૂર્ણ વીતરાગ (દશા) હોવી જોઈએ અને વીતરાગતા ન હોય તો સાધકપણું બનતું નથી, વીતરાગભાવ પણ અંશે પ્રગટ છે અને રાગનો અંશ પણ (હજુ) પ્રગટ છે જ, એનું નામ સાધક છે. સાધકની સાથે બાધક તત્ત્વ રહે છે-સાધકની સાથે બાધક રહે છે, (સાધક) જાણે છે કે મારો દોષ છે, જાણે છે કે એ દોષ મારો પોતાનો છે. હજુ સ્થિરતા ઓછી છે. પરંતુ બે ભેદ પર્યાયના જાણવામાં જ્યારે આવે છે તો એ પરિણામ-જ્ઞેય જાણવામાં આવે છે ત્યારે જ્ઞાયક જો જાણવામાં ન આવે તો પર્યાયદૃષ્ટિ, એ સમયે જ્ઞાયક જાણવામાં આવે છે તો દ્રવ્યદૃષ્ટિપૂર્વક વ્યવહારનું જ્ઞાન થાય છે, વ્યવહારમાં આત્મબુદ્ધિ થતી નથી, આત્મબુદ્ધિ એકમાં (જ્ઞાયકમાં) થઈ ગઈ ! દ્રવ્માં આત્મબુદ્ધિ થઈ ગઈ ને પરિણામ જાણવામાં આવે તો પણ (પરિણામમમાં) આત્મબુદ્ધિ થતી નથી. આહાહા ગુરુદેવને આ શું માલ (રહસ્ય-મર્મ) કાઢ્યો, ક્યાંથી કાઢ્યો, આપણને તો આશ્ચર્ય થાય છે ! આ બધો માલ ગુરુદેવનો છે, એમણે ગુરુદેવે જ દેખાડ્યો ને ! શાસ્ત્રમાં તો હતો, પરંતુ જેમના શાસ્ત્ર દિગંબર એમને તો ખબર નહોતી.

ક્યારેક ક્યારેક કોઈક કહેતા હતા, દિગંબરો આવે ને તો, આપણે સોનગઢ રહેવાવાળા કહે કે અમે તો નવા દિગંબર (છીએ) તો મૂળ દિગંબર કહે, ના, ના, આપ તો જૂના છો, અમે નવા દિગંબર છીએ ! અમે દિગંબર ન હતા, કેમ કે કુંદકુંદની વાણીમાં શું હતું એ તો અમને ખબર નહોતી. આવો ભેદજ્ઞાનનો પ્રકાર (મર્મ-રહસ્ય) અમારી પાસે નહોતું, તો શું આપ દિગંબર નહોતા, અમે દિગંબર છીએ ! આપ નવા દિગંબર છો અમે તો જૂના-પુરાણા છીએ ! સમજવાની વાત છે સામાન્ય (આ) કોઈ ટીકાની વાત નથી.

આહાહા ! પ્રભુ ! એક વાર આત્મા પરિણામ માત્રથી ભિન્ન છે, જોઈ લે ! આહાહા ! જોઈ લે શું દેખાઈ જ રહ્યો છે, સ્વીકાર કરી લે-સ્વીકાર કરી લે ! જ્ઞાનઉપયોગમાં, ભગવાન આત્મા આબાલ-ગોપાલ-સૌને અનુભવમાં આવે છે ! આહાહા ! સમયે-સમયે ઉપયોગમાં, ઉપયોગનો પ્રતિભાસ થાય છે, પ્રતિભાસને ઉપયોગાત્મક એ કરી લ્યે છે તો શુદ્ધોપયોગ થાય છે. (ચૈત્યને ચેતક પર વાળતાં) ત્યાં સંવરદશા પ્રગટ થાય છે !

આજે બધું ઉપરથી લીધું. હવે શાસ્ત્રમાંથી હજી શાસ્ત્રથી એમાં લખ્યું છે એની રાહ જોવાય છે. (શ્રોતા : ઉપરથી નથી લીધું અંદરથી લીધું છે) જુઓ ! શું કહે છે ! પ્રભુ ! શું ફરમાવે છે કુંદકુંદઆચાર્ય ભગવાન-જિનેન્દ્ર ભગવાન શું ફરમાવે છે, 'વળી દાહ્યના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે.' -અગ્નિ લાકડા આદિને બાળે છે સળગાવે છે તેથી અગ્નિને સળગાવનાર કહેવામાં આવે છે-કહેવામાં આવે છે (કથન છે.) સાચેસાચ અગ્નિ સળગાવતી નથી, કોને ? લાકડાને (આદિ)ને સળગાવે છે, આપ તો 'ના' કહો હવે, કેમ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કારણ સમજાવો અમને (પ્રભુ !)

એક દ્રવ્ય, બીજા દ્રવ્યની ક્રિયા કરી શકતું નથી. લાકડા બીજી ચીજ છે ને અગ્નિ બીજી ચીજ છે, (એકબીજાને) અડતી નથી. કેમકે બે દ્રવ્ય ભિન્ન (ભિન્ન) ચીજ છે ને ? કાલે વાત આવી હતી. તો-પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. એનો અર્થ શું છે કે (અગ્નિ) લાકડાને સળગાવે છે તો પણ લાકડાને સળગાવે તો અગ્નિનું અસ્તિત્વ છે તેમ નથી, લાકડાનો આધાર પણ અગ્નિ છે એવું છે નહીં. અગ્નિ સ્વતંત્ર પદાર્થ છે, લાકડા સ્વતંત્ર પદાર્થ છે. બન્ને ભિન્ન છે. બન્ને વચ્ચે કર્તા-કર્મ સંબંધ નથી, અને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જોવાથી (બે પદાર્થની) એકતા થાય છે.

શું કહ્યું ? કે અગ્નિ નિમિત્ત તો છે કે નહીં લાકડા સળગે ભલે (એનાં ઉપાદાનથી) તો અગ્નિ નિમિત્ત છે કે નહીં ? (ના, અગ્નિ નિમિત્ત પણ નથી) નિમિત્તથી નિરપેક્ષ સળગે છે લાકડાં-એ નિશ્ચય છે. નિશ્ચય પહેલાં સમજી લ્યો બાદમાં વ્યવહાર સાપેક્ષનું જ્ઞાન (સાચું) થાય છે. એટલા માટે અગ્નિ તો અગ્નિથી છે એ લાકડાથી નથી. એવી રીતે, જેવી રીતે જ્ઞેયાકાર થવાથી જ્ઞાયકભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. જ્ઞેયો જાણવામાં આવે છે અજ્ઞાની જીવને તથા જ્ઞાની જીવને પણ, તેથી તો જ્ઞાયક એને કહેવામાં આવે છે (જ્ઞાયક એટલે) જાણવાવાળો ! જ્ઞેયો જાણવામાં આવે છે તો 'જાણવાવાળો' એનું નામ જગતની અંદર પ્રસિદ્ધ છે. તો-પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી.

આ લાકડી જ્ઞાનમાં જ્ઞેય થઈ-જ્ઞાનમાં જ્ઞેય થઈ તો આત્માને જાણવાવાળો કહ્યો, એની સાપેક્ષતાથી-એની અપેક્ષા લીધી, સીધો જાણવાવાળો ખ્યાલમાં ન આવ્યો અજ્ઞાનીને, તેથી જ્ઞાની, અસદ્ભૂત વ્યવહારનય દ્વારા અથવા તો સદ્ભુત વ્યવહાર(નય) દ્વારા નિશ્ચયનું પ્રતિપાદન કરે છે. તો અહીંયા અસદ્ભૂત વ્યવહાર લીધો કે જ્ઞેયને જાણે છે માટે આત્માને જાણવાવાળો કહેવામાં આવે છે. તો-પણ જ્ઞેય છે તો જ્ઞાન છે-જ્ઞેય કર્તા અને જ્ઞાન કર્મ એમ છે નહીં અને જ્ઞેય નિમિત્ત ને જ્ઞાન નૈમિત્તિક એવું પણ નથી. નિમિત્તના લક્ષથી પણ અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થતું નથી, તેથી નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અભાવ છે. જ્ઞાન, શાસ્ત્રના લક્ષથી પ્રગટ નથી થતું ! શું કહ્યું ? (આ) શાસ્ત્ર, જ્ઞાનની ઉત્પત્તિનું ઉપાદાન કારણ પણ નથી ને નિમિત્તકારણ પણ નથી.

આહાહા ! ઉપાદાનકારણ જ્ઞાનની પર્યાય ને નિમિત્તકારણ જ્ઞાયક સ્વભાવ ! કેમ કે તેનું લક્ષ કર્યું ને ! આહાહા ! ઉપાદાનકર્તા તો પર્યાય છે ને નિમિત્ત કર્તા એ પર્યાયે મારા (આત્માનું) ધ્યાન કર્યું-મારા (સ્વરૂપનું) ધ્યાન કર્યું તો મારા ઉપર ઉપચાર આવ્યો કે મેં કર્યું તો પારિણામિકભાવ કહે છે કે મેં કર્યું નથી, એ તો કહે છે કે આપનો ઉપકાર છે, મારો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉપકાર કંઈ (પણ) છે નહીં. (હું તો અપરિણામી છું !) તું તારાથી સત્ છે પર્યાય, તારાથી પ્રગટ થઈ છે, કર્તા-કર્મ આદિ પર્યાયનો ધર્મ છે. આહાહા ! સ્વકાળ છે, ભાવ નામની શક્તિ છે એ કોઈને કોઈ પર્યાય પ્રગટ થતી જ રહે છે એને કરવાવાળો (બીજો) કોઈ છે નહીં.

આહાહા ! એવી જ્ઞેયાકાર અવસ્થામાં, જ્ઞાનીને જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેય જાણવામાં આવે છે તો જ્ઞાનીને શું જાણવામાં આવે છે કે 'જાણનહાર' જાણવામાં આવે છે ! તો કોઈ પ્રશ્ન કરે, સાધકને અરે છદ્મસ્થને એક સમયમાં એક ઉપયોગ થાય છે ને ! એને (જ્ઞેયને) પણ જાણે અને આત્માને (જ્ઞાયકને) પણ જાણે, તો પ્રશ્ન થાય છે ને ? અભ્યાસીને પ્રશ્ન થાય છે, જો અભ્યાસ ન કરે તો તો પ્રશ્ન ઊઠતો જ નથી, પરંતુ અભ્યાસીને પ્રશ્ન ઊઠે છે કે જ્ઞેય લાકડી જ્યારે જાણવામાં આવે છે ત્યારે આત્મા (પણ) જાણવામાં આવે છે જ્ઞાનીઓને ! અજ્ઞાનીને પણ જાણવામાં તો આવે છે પણ અજ્ઞાની સ્વીકાર કરતો નથી. બસ ! આટલી વાત છે !

(અહા !) જ્ઞાની જ્યારે જ્ઞેયને જાણે છે ત્યારે જ્ઞાયક જાણવામાં આવે છે, તો આવો અભ્યાસીને પ્રશ્ન ઊઠે કે છદ્મસ્થનો ઉપયોગ (છે), કેવળીના ઉપયોગની વાત તો પ્રત્યક્ષ છે, પરંતુ (આ તો છદ્મસ્થ જાણે છે એમ કીધું) શું કીધું ? હસમુખભાઈ ? પ્રશ્ન ખ્યાલમાં આવ્યો ને ? જે છદ્મસ્થનું જ્ઞાન છે તો છદ્મસ્થ છે તેનો ઉપયોગ તો જ્યારે લાકડીને જાણે છે ત્યારે તેનો ઉપયોગ આત્માને (પણ) જાણે ? નથી જાણી શકતા એવો તો આગમનો પાઠ છે, (તો કહે છે કે) તારી વાત સાચી છે-આગમ પણ સાચાં છે આગમ પણ અમે ભણ્યા છીએ, આગમ પણ અમે વાંચ્યા છે. આગમથી તારો પ્રશ્ન ઊઠાવ્યો છે તેનો જવાબ અધ્યાત્મથી આપું છું, સાભળો ! એકલું આગમ (શાસ્ત્રો) કામ કરતા નથી, અધ્યાત્મના સહારાથી આગમ (જ્ઞાન) સાચાં થઈ જાય છે-જ્ઞાન પણ સાચું થઈ જાય છે !

એનો ઉત્તર શું છે કે (જ્ઞાનીને) લાકડી જ્યારે જાણવામાં આવે છે ત્યારે ઉપયોગ તો લાકડી તરફ છે એનું જ્ઞાન જાણવામાં નથી આવતું, એક સમયમાં એક જ્ઞેય છે (ઉપયોગ એક છે) તો સાંભળ ! ઈન્દ્રિયજ્ઞાનમાં જે જાણવામાં આવે છે એને પણ અંદર જેમને અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ છે એને આત્મા-પરિણતિ ચાલુ છે, જ્ઞાનને માટે તેમને અંદર ઉપયોગની જરૂર નથી, બીજું કે જે અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થયું છે તો એ આત્માને પણ જાણે છે અને ઈન્દ્રિયજ્ઞાન અને ઈન્દ્રિયજ્ઞાનના વિષયો એને જ્ઞેય બનાવીને જાણી લે છે, આ અંદરની વાત છે !

આવો પ્રશ્ન આવ્યો કે જ્યારે જ્ઞેયને જાણે છે સાધક, ત્યારે જ્ઞાયકને જાણે છે-જો જ્ઞાયકને ન જાણે તો તો પર્યાયદૃષ્ટિ થઈ જાય, સારું ! તો મારો પ્રશ્ન છે કે જ્યારે લાકડીને જાણે છે-

પ્રતિમાને જાણે છે તો એક સમયમાં ઉપયોગ એક તરફ છે તો એને જાણે ! આત્માને જાણે નહીં (આવો) તારો પ્રશ્ન છે. પ્રશ્ન ઉપયોગાત્મકની ભૂમિકાથી ઊઠ્યો છે (તેનો) હું જવાબ આપું છું અધ્યાત્મથી, કે આત્મા આશ્રિત અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થયું તો એ પરિણતિમાં આત્મા સમયે-સમયે-સમયે જાણવામાં આવે છે, જો જાણવામાં ન આવે તો નિર્જરા થતી નથી અને જાણેલાનું શ્રદ્ધાન હોય છે, જ્ઞાનમાં સમયે-સમયે જ્ઞાયક જાણવામાં આવે છે અને પ્રતીતિ ચાલુ રહે છે એટલા માટે તો નિર્જરા થાય છે, ભલે ઉપયોગમાં પ્રતિભાસ થયો એ ઈન્દ્રિયજ્ઞાનના ઉપયોગમાં, ઉપયોગાત્મક છે પરંતુ પરિણતિમાં આત્મા જાણવામાં આવે છે. તેથી શુદ્ધઉપયોગની જરૂરિયાત વિના આત્મા જાણવામાં આવે છે સાધકને !

સાધકને સવિકલ્પદશામાં આત્મા જાણવામાં આવે છે એવો પાઠ છે અહીંયા (કહે છે કે) જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે. આહાહા ! જરા ઊંડે ઊતરેને તો કામ આવે, દેવશીભાઈ ભજન ગાય-દેવશીભાઈ ભજન ગાય છે ને એ સમુદ્ર છે ને એને કાંઠે હોય તો શંખલા હાથમાં આવે અને અંદરમાં (ઊંડે ઊતરે) તો રતન હાથમાં આવે, એ..ય સમુદ્રમાં તણાતા જાય ને એમ કંઈક બોલે ઈ (ગાતા'તા ને !) (શ્રોતા : સહેજે સમુદ્ર ઉલસિયો-સહેજે સમુદ્ર ઉલસિયો મોતી તણાતા જાય) હાહાહા ! સહેજે સમુદ્ર ઉલસિયો પછી મોતી તણાતા જાય-ભાગ્યવાનને હાથમાં મોતી આવે, એમ જરા ઊંડે ઊતરે-ઊંડા ઊતરે તો સમજે ને ! આવો ઉપયોગ અહીં (સાધકને છે) ત્યારે એક ઉપયોગ ન રહ્યો, હવે એક પરિણતિ અને એક ઉપયોગ બે રહ્યા !

પહેલાં અજ્ઞાનદશામાં એક ઉપયોગ હતો. આહાહા ! અજ્ઞાનદશામાં એકલો અશુદ્ધ ઉપયોગ-એકલો ઈન્દ્રિયજ્ઞાનનો ઉપયોગ હતો એકલો ! અને આ અનુભવના કાળમાં અતીન્દ્રિયજ્ઞાન નવું પ્રગટ થયું છે. એ અતીન્દ્રિયજ્ઞાનનો પર્યાય અને ઈન્દ્રિયજ્ઞાન-પર્યાય એક એનાં ભાગ બે છે એક અંતર્મુખી ને એક બહિર્મુખી. અંતર્મુખી અતીન્દ્રિયજ્ઞાન રહે છે ને બહિર્મુખી થાય છે તો ઈન્દ્રિયજ્ઞાન પણ એમને હોય છે, તો પણ ઈન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયજ્ઞાનમાં એકતા નથી થતી, તો આત્માની સાથે તો ઈન્દ્રિયજ્ઞાનની એકતા (થવી તો) સંભવ જ નથી. આહાહા ! ખ્યાલ આવ્યો કંઈ ! અતીન્દ્રિયજ્ઞાનની સાથે ઈન્દ્રિયજ્ઞાન (પણ) ઉત્પન્ન થાય છે સાધકને (છતાં) બે વચ્ચે એકતા થતી નથી.

તો પછી ઈન્દ્રિયજ્ઞાનને આત્માથી એકતા છે ઈ ક્યાં વાત ઊભી રહે છે ? તેમ થતું જ નથી-અશક્ય છે. આહાહા ! આ તો ઊંડા ઊતરે, વેપારમાં કેમ ઊંડા ઊતરે છે ! કયાં ગયા કિશોરભાઈ ? કિશોરભાઈ કહેતા'તા કે એક કંઈક મશીનમાં ખોટકો થયો હોય ને, ખોટકો સમજ્યાને ? બગડી ગયું-ખરાબ થયું હોય તો રાતના બાર વાગ્યા સુધી અમે બેસી રહીએ ને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારીગરને કહીએ કે જલ્દી ઠીક કરો નહિંતર તો કાલે પ્રોડક્શન બંધ થઈ જશે ! શાંતિભાઈ ? સોમચંદભાઈ તમારા દિકરાઓ કરતા તો નથીને એવું કંઈ ? આહાહા ! ત્યાં તો બરાબર ઊંડા ઊતરે, મહેનત કરે, જાણનારને બોલાવે, પૈસા ખર્ચે, અહીંયા તો (જ્ઞાનમાર્ગમાં) પૈસા ખર્ચવાની જરૂર નથી પણ થોડી રુચિપૂર્વક આત્માનો ખ્યાલ કરે તો એને આત્માનો અનુભવ થઈ જાય છે.

'જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ કર્તા-કર્મનું અનન્યપણું ? -આત્મા આત્માને જાણે છે, આત્મા થયો કર્તા ને આત્મા જ જાણવામાં આવ્યો છે (તે તેનું કર્મ થયું) પરિણામ નહીં. કે પરિણામનો ભેદ જાણવામાં આવે તો આત્મા (અભેદ) જાણવામાં નથી આવતો. પરંતુ જ્યારે પરિણામ આત્મસન્મુખ થઈ ગયા-શુદ્ધઉપયોગ થઈ ગયો, તો શુદ્ધ ઉપયોગપર્યાય પરિણત દ્રવ્ય, આત્મદ્રવ્ય કર્તા અને શુદ્ધપર્યાય પરિણત આત્મદ્રવ્ય અર્થાત્ કર્મ ! આહાહા ! જાણવાવાળો પણ આત્મા અને જણાયો એ-પણ આત્મા ! જ્ઞેય પણ આત્મા, જ્ઞાન પણ આત્મા-જ્ઞાયક પણ આત્મા! એનું નામ અનુભૂતિ છે ! અનુભૂતિના કાળમાં કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી એ જ્ઞાયક જ છે.

પોતે જાણનારો માટે પોતે કર્તા, પોતાને જાણવારૂપે-જાણનહારરૂપે પરિણમન થયું ને ! છે તો અકર્તા પણ પર્યાયધર્મથી કર્તા બને છે. દ્રવ્યસ્વભાવથી અકર્તા રહીને, પરિણામધર્મથી કર્તા થાય છે-અપરિણામી રહીને પરિણામી બને છે-અપરિણામી(પણું) છૂટતું નથી, છે અકર્તા-અકર્તા(પણું) છૂટતું નથી, અને સમ્યક્‌પ્રકારે કર્તા બની જાય છે-કર્તાબુદ્ધિ નથી. પોતાને જાણ્યો આત્માએ આત્માને. આહા ! તો આત્મા કર્તા બન્યો અને આત્મા જ જાણવામાં આવ્યો, માટે આત્મા જ કર્મ, કર્મ એટલે જ્ઞેય-કર્મ એટલે જ્ઞેય ! જ્ઞાતા પોતે કર્તા અને જ્ઞેય પોતે કર્મ ! તો પોતાને જાણ્યો માટે પોતે કર્મ.

જેમ દીપક, ઘટ-પટ આદિની પ્રકાશિત કરવાની અવસ્થામાં પણ દીપક જ છે. આહાહા ! દીપકનો પ્રકાશ છે ભલે ઘડાને પ્રકાશિત કરે તો પણ એ તો દીપક જ છે અને એ પોતાને પ્રકાશે તોપણ દીપક જ છે-હરહાલતમાં દીપકપણું નથી, એમ (આત્મા) હર હાલતમાં જ્ઞાયકભાવને છોડતો નથી, અને જ્ઞેયમાં જતો નથી અને જ્ઞેયને જાણતો પણ નથી. આહાહા ! અવસ્થામાં દીપક છે ને પોતાને પોતાની જ્યોતિરૂપ શિખાને પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે અન્ય કાંઈ નથી, એમ જ્ઞાયકનું જાણવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વિભાગ - ૪

## પ્રવચન નં. ૯

### દિવાનપરા -રાજકોટ

### તા. ૩-૭-૮૯

સમયસારની બીજી ગાથામાં સાત પદથી શરૂ કર્યું, ને પછી સ્વસમય ને પરસમય એમ લીધું મૂળ ગાથામાં. એણે મૂળ પ્રમાણજ્ઞાનનો વિષય લીધો. પછી એમાં સ્વસમય ને પરસમય લીધું. અને ત્રીજી ગાથામાં ''એકત્વ નિશ્ચયગત સમય સર્વત્ર સુંદર લોકમાં'', જે બીજી ગાથામાં એકત્વ નિશ્ચયની વાત કરી હતી એટલે કે જ્ઞેય પદાર્થ, સમયની વાત કરી. એકત્વ નિશ્ચય એવો શબ્દ વાપર્યો'તો. હવે એકત્વ વિભક્ત એ શબ્દ વાપરે છે. એટલું જુદું પાડ્યું, બેન.

એકત્વ નિશ્ચયમાં તો દ્રવ્ય ગુણ પર્યાય ત્રણેય આવી જાય. અને એકત્વ વિભક્તમાં ભેદજ્ઞાનનો પ્રકાર આવ્યો. પર્યાયથી વિભક્ત અને ગુણથી અવિભક્ત અભિન્ન, અનંતગુણથી એકત્વપણું ને અનંત પર્યાયથી વિભક્ત-જુદાપણું, એ ભેદજ્ઞાન પ્રમાણમાંથી એણે ભેદજ્ઞાન કાઢ્યું. હવે એકત્વ નિશ્ચય અને એકત્વ વિભક્ત એ બેય શબ્દો જુદા પાડ્યા.

ત્રીજામાંય ''એકત્વ નિશ્ચયગત સમય સર્વત્ર સુંદર લોકમાં'' એ છએ દ્રવ્યની વાત ત્રીજી ગાથામાં કરી. પોતાના ધર્મને ચુંબે છે, પરને ચુંબતો નથી, આખું પ્રમાણનું દ્રવ્ય લીધુ'તું. (શ્રોતા :- પરથી ભિન્ન) પરથી ભિન્ન સમજાણું. એકત્વ નિશ્ચય શબ્દ વાપર્યો. આમાં એકત્વ વિભક્ત. એકત્વ નિશ્ચય એટલે શું ? કે એ જ્ઞાનપ્રધાન નિશ્ચય એટલે નિશ્ચય શબ્દ વાપર્યો. નિશ્ચયથી એક આત્મા, એકપણું છે. જ્ઞાનપ્રધાન નિશ્ચયમાં દ્રવ્ય ગુણ પર્યાય ત્રણેય આવી ગયા, એ સામાન્ય પ્રમાણ. એમ એમાં સ્વસમય ને પરસમય ન લેવો. છએય દ્રવ્યમાં એણે ઉતાર્યું.

હવે કહે છે કે એકત્વ વિભક્ત, પાંચમી ગાથામાં એમ કહ્યું'તું કે, તે એકત્વ વિભક્ત આત્માને હું, એકત્વ નિશ્ચયને તો મેં કહી દીધો. હવે મારે એકત્વ વિભક્ત કહેવો છે. જે પર્યાયથી સહિત મેં કહ્યો'તો આત્મા, હવે મારે પરિણામ માત્રથી વિભક્ત જુદો કહેવો છે આત્માને, ઈ મોટો ફેર છે. પ્રમાણજ્ઞાનથી સ્થાપે તો બે દ્રવ્યની જુદાઈ છે. અને પર્યાયથી જુદો, એમાં સાધ્યની સિદ્ધિ છે, સમ્યગ્દર્શન થાય છે. કેમકે શ્રદ્ધાનો વિષય લેવો છે. ઓલો જ્ઞાનનો વિષય હતો. જ્ઞાનના વિષયમાં શ્રદ્ધાનો વિષય છુપાયેલો હતો, એ હવે કાઢે છે, એકત્વ વિભક્ત કહીને.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એકત્વ નિશ્ચયમાંથી એકત્વ વિભક્ત કાઢ્યું. એકત્વ નિશ્ચયમાંથી એકત્વ વિભક્ત હવે બતાવે છે. અહીંથી ભૂમિકા બાંધી પાંચમી ગાથામાં હું શું કહેવાનો છું ? હું એકત્વ વિભક્ત આત્માને બતાવીશ અને હું દર્શાવું તો તારા અનુભવથી એ એકત્વ વિભક્ત આત્માની વાત પ્રમાણ કરજે. એ દૃષ્ટિની પ્રધાનતા, હવે ભેદજ્ઞાન આવ્યું. (શ્રોતા :- પ્રયોજનની સિદ્ધિ) પ્રયોજનની સિદ્ધિ. ઓલી પદાર્થની સિદ્ધિ, પદાર્થની સિદ્ધિ અલગ ને પ્રયોજનની સિદ્ધિ અલગ. આપણો સ્વાધ્યાય સારો ચાલે છે.

ટીકા : આચાર્ય કહે છે કે જે કાંઈ મારા આત્માનો નિજ વૈભવ છે, તે સર્વથી હું આ મારો જેટલો મને વૈભવ પ્રગટ થઈ ગયો છે, એ વૈભવથી હું આ એકત્વ વિભક્ત આત્માને દર્શાવીશ. અનંતગુણથી એકત્વ આત્માનું સ્વરૂપ છે અને એ જ અનંત ગુણની એની જ પર્યાયથી ગુણ રહિત છે. ગુણોથી સહિત અને ગુણોના પર્યાયથી રહિત ગુણો, ગુણ રહિત માટે ગુણી પણ રહિત. એકત્વ અને વિભક્ત એમ. એકત્વ નિશ્ચયમાંથી તમે એકત્વ વિભક્ત કાઢજો, એમ કહે છે.

આત્માના નિજ વૈભવથી એટલે તે સર્વથી હું આ, એકત્વ અને વિભક્ત આત્માને દર્શાવીશ. અસ્તિ-નાસ્તિ અનેકાંત કર્યું. એવો મેં વ્યવસાય, ઉદ્યમ, નિર્ણય કર્યો છે. એ આ શાસ્ત્ર લખવાનું પ્રયોજન છે. પ્રતિજ્ઞા કરે છે પોતે, કે હું શુદ્ધ આત્માને બતાવીશ.

એ શુદ્ધ આત્મા કેવો છે ? એકત્વ વિભક્ત છે. વિભક્ત થાય છે ? કે નહીં, વિભક્ત છે અનાદિ અનંત. (શ્રોતા :- પર્યાયથી રહિત છે). પર્યાયથી રહિત છે. એકત્વ વિભક્ત આત્માને દર્શાવીશ, એવો મેં વ્યવસાય કર્યો છે.

કેવો છે મારા આત્માનો નિજ વૈભવ ? હવે પોતાના વૈભવની વાત કરે છે. આ લોકમાં પ્રગટ સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર અને સ્યાત્‌પદની મુદ્રાવાળો જે શબ્દબ્રહ્મ, અર્હંતના પરમાગમ, તેની ઉપાસનાથી જેનો જન્મ છે. જિનવાણી દ્રવ્યશ્રુત, શબ્દબ્રહ્મ અને અરિહંતની સીધી વાણી એવો જે શબ્દબ્રહ્મ એ સમસ્ત વસ્તુને બધા પદાર્થોને પ્રકાશ કરવામાં એ હેતુ થાય છે. એ શબ્દબ્રહ્મ બતાવે છે. શબ્દબ્રહ્મ, અર્હંતના પરમાગમ, શબ્દ બ્રહ્મનો અર્થ પરમાગમ, પણ પરમાગમ કોનું ? કે અરિહંતનું. અરિહંતના શ્રીમુખેથી નીકળેલી વાણી પરમાગમ, એ શબ્દબ્રહ્મ છે. શબ્દબ્રહ્મ અરિહંતના પરમાગમ. શબ્દ બ્રહ્મનો અર્થ કર્યો, અર્હંતના પરમાગમ. એની ઉપાસનાથી, આરાધનાથી, સેવાથી, એનું અધ્યયન કરવાથી, 'જેનો જન્મ છે' એમ, એટલે જિનવાણીની સ્થાપના કરી.

પ્રકાશ કરનાર અને સ્યાત્‌પદની મુદ્રાવાળો છે, એ શબ્દબ્રહ્મ. શબ્દબ્રહ્મની વ્યાખ્યા સ્યાત્‌પદ અર્હંતના પરમાગમ તેની ઉપાસનાથી જેનો જન્મ છે. હવે સ્યાત્‌નો અર્થ કરે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્યાત્‌નો અર્થ કથંચિત્ છે. 'એટલે કે કોઈ પ્રકારથી કહેવું'. પરમાગમને શબ્દબ્રહ્મ કહ્યા તેનું કારણ અર્હંતના પરમાગમમાં સામાન્ય ધર્મો, વચનગોચર સર્વે ધર્મોના નામ આવે છે. જેટલું વાણીમાં આવી શકે, એટલું વાણીમાં શબ્દો દ્વારા ધર્મનું વિવરણ આવ્યું છે. પણ ધર્મો અનંત છે અને અનંત ધર્મોને કહેનાર શબ્દો અનંત નથી. શબ્દો મર્યાદિત છે. અને વચનથી અગોચર, વાણીથી અગોચર. જે કોઈ વિશેષ ધર્મો છે એનું અનુમાન કરાવવામાં આવે છે. એ રીતે તે સર્વ વસ્તુઓના પ્રકાશક છે માટે સર્વવ્યાપી કહેવામાં આવે છે અને તેથી તેમને શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે.

વળી તે નિજ વૈભવ કેવો છે ? સમસ્ત જે વિપક્ષ અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલ સર્વથા એકાંતરૂપ નયપક્ષ, સ્યાત્‌ને છોડીને સર્વથા એકાંત એક ધર્મને પકડનારા, તેમના નિરાકરણમાં; તેમના ખંડનમાં સમર્થ જે અતિનિસ્તુષ, નિર્બાધયુક્તિ, નયવિભાગની યુક્તિ, નય પ્રમાણની યુક્તિ, અતિનિસ્તુષ ફોતરા વગરની, નિર્બાધ ચોખ્ખી યુક્તિ, પ્રમાણ અને નય એ યુક્તિ છે, તેના આલંબનથી જેનો જન્મ છે. મારો વૈભવ જે છે તે હું બતાવું છે.

વળી તે કેવો છે ? મારો નિજ વૈભવ, નિર્મળ વિજ્ઞાનઘન જે આત્મા, તેમાં અંતર્નિમગ્ન પરમગુરુ, સર્વજ્ઞદેવ અને અપરગુરુ ગણધરાદિકથી માંડીને અમારા ગુરુપર્યંત, પોતાના વૈભવની વાત કરે છે. વિજ્ઞાનઘન જે આત્મા, આત્માનું વિશેષણ નિર્મળ, વિજ્ઞાન અને ઘન એમાં શુદ્ધતા એકલી જ્ઞાનની, દર્શનની, ચારિત્રની ભરેલી છે. જ્ઞાનની મુખ્યતાથી વાત કરી.

તે આત્મા, જેમાં અંતર્નિમગ્ન ડુબી ગયા છે, બહાર જોતા નથી, ડોકીયું કરતા નથી કે બહાર લોકાલોકનું શું થાય છે. અંતર્નિમગ્ન પરમગુરુ, પરમગુરુનો અર્થ કરે છે સર્વજ્ઞદેવ અને અપરગુરુ ગણધર આદિથી માંડીને, જુઓ અમારા ગુરુપર્યંત, તેમનાથી પ્રસાદરૂપે અપાયેલ, તેમની પ્રસાદીથી. અમને તો શુદ્ધ આત્મા આપ્યો, એ એની પ્રસાદી છે. પ્રસાદરૂપે અપાયેલ જે શુદ્ધ આત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ. ઓમાં તો વાંચન હતું શાસ્ત્રમાં, આમાં તો ઉપદેશ મને મળ્યો છે સાક્ષાત્. (શ્રોતા :- દેશના) દેશનાલબ્ધિનો પ્રકાર કહ્યો. દેવ, શાસ્ત્ર ને ગુરુ ત્રણ લીધા. સર્વજ્ઞદેવ લીધા, વાણી આવી ગઈ ઉપર અને હવે દેશનાલબ્ધિ લીધી. અનુગ્રહપૂર્વક કરુણા કરી, કૃપા કરીને અમને ઉપદેશ આપ્યો.

પણ શેનો ઉપદેશ આપ્યો ? નવ તત્ત્વનો ? કે ના, છ દ્રવ્યોનો ? કે ના, કે આઠ કર્મોનો ? કે ના. ઉપદેશ શેનો આપ્યો અમને ? અમારા પર કૃપા કરી એટલે શું ? શુદ્ધઆત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ તેનાથી જેનો જન્મ છે. આહાહા ! અમારો વૈભવ બતાવું છું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળી તે કેવો છે વૈભવ ? વૈભવની વાત કરે છે. નિરંતર ઝરતો, દેહરાદુન એક શહેર છે દેહરાદુન. એમાં સહસ્ર ઝરણા છે. ડુંગરમાંથી ટીપાં પડે છે. પાણીની ધાર, સહસ્ર, હજારો-હજારો, સમજી ગયા. આમ ડુંગર જ છે, એમાંથી પાણી ઝર્યા જ કરે છે. ટપક્યા કરે છે-ઝરે છે. પાણી ઝરે છે. એને ઝરે કહેવાય. ઉપરથી નીચે પડે ને એને ઝરણું કહેવાય, ઝરે કહેવાય. એમ કહે છે કે નિરંતર ઝરતો આસ્વાદમાં આવતો. આહાહા ! આ ડુંગરમાંથી અનંતગુણ, અનંતપર્યાયમાં આનંદ ઝરે છે, ઝરે છે એનો અમે સ્વાદ લઈએ છીએ, એમ કહે છે.

''નિરંતર ઝરતો, આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ, સુંદર જે આનંદ તેની છાપવાળું જે પ્રચુરસંવેદનસ્વરૂપ, સ્વસંવેદન તેનાથી જેનો જન્મ છે.'' આ અનુભવની છાપ મારી એણે. આ મુખ્ય છે, બાકી વ્યવહાર છે. જિનવાણી વ્યવહાર, ઉપદેશ મળ્યો એ વ્યવહાર, સર્વજ્ઞ ભગવાન છે ગુરુ એ પણ વ્યવહાર, એક નિશ્ચયની વાત આ કરી. આનંદ નિત્ય આનંદના ભોજન કરનારા એમ. પોતે બનાવે ને પોતે ખાવે. હેં ! પોતે બનાવે, એમ આવે છે ને ? (શ્રોતા :- આપ બનાવે આપ હી ખાવે) આપ બનાવે આપ હી ખાવે. (શ્રોતા :- ખાવત નાહીં થકાવે) એટલે (શ્રોતા :- થાકતા નથી, થાક લાગતો નથી) ખાવાથી થાકતા નથી. હેં ? એટલે એમાં આનંદમાં થાક લાગે ? થાક ઉતરી જાય છે. નિરંતર ઝરતો આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, અતીન્દ્રિય આનંદ, તેની છાપવાળું, ટ્રેડમાર્ક, મુદ્રા જે પ્રચુર સંવેદન સ્વરૂપ સ્વસંવેદન, ગુરુદેવે આનો અર્થ કર્યો કે થોડુંક તો સ્વસંવેદન છે ચોથે પાંચમે પણ આ તો પ્રચુર, ઘણું વધુ, ત્રણ કષાયના અભાવપૂર્વકની જે વીતરાગતા થઈ છે, માટે પ્રચુર, ઘણું વધારે, પ્રચુર સંવેદન સ્વરૂપ સ્વસંવેદન, સંવેદન સ્વરૂપ સ્વસંવેદન તેનાથી જેનો જન્મ છે. આહાહા !

એમ જે જે પ્રકારે મારા જ્ઞાનનો વૈભવ છે, તે સમસ્ત વૈભવથી દર્શાવું છું. જો દર્શાવું તો સ્વયમેવ, દર્શાવું તો સ્વયમેવ પોતે જ પોતાના અનુભવ પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરવું. હું તો દર્શાવું છું. પણ તમે તમારા અનુભવથી પ્રમાણ કરજો. કેવળ સાંભળવાથી આત્માની વાત પ્રમાણ થાય એમ નથી. સાંભળીને તો છૂટી જાશે.

હવે કહે છે કે, કાનો, માત્રા, મીંડું, ક્યાંય શબ્દની પર્યાયમાં ફેરફાર થયો હોય એ બતાવે છે. જો ક્યાંય અક્ષર, માત્રા, અલંકાર, યુક્તિ આદિ પ્રકરણોમાં ચુકી જાઉં, શબ્દ શાસ્ત્રની અપેક્ષાએ જ્યાં જ્યાં કોઈ વિભક્તિ, આ તે ઘણાં પ્રકારો હોય છે, તો એમાં દોષ ગ્રહણ કરવામાં સાવધાન ન થવું. શબ્દ મ્લેચ્છ ન થતાં, અહીંયા હ્રસ્વ ઈ જોઈએ, ત્યાં દિર્ઘઈ મૂકી દીધી, મીંડી જોઈએ ત્યાં મીંડી મૂકી નથી, આહાહા ! એવું કાંઈ કરીશમાં, રહી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જઈશ. શાસ્ત્ર સમુદ્રના પ્રકરણ બહુ છે માટે અહીં સ્વસંવેદનરૂપ અર્થ પ્રધાન છે. તેથી અર્થની પરીક્ષા કરવી. પ્રયોજનની પરીક્ષા કરવી. અનુભવ કેમ થાય, એ ખાસ વાત છે આ બસ. બીજું કાંઈ નહીં.

ભાવાર્થ : આચાર્યે આગમનું સેવન ચાર પ્રકારે કહ્યું. પહેલું આગમનું સેવન, બીજું યુક્તિનું અવલંબન, એ સ્યાદ્‌વાદથી કથંચિત્ એમ, પરાપર ગુરુનો ઉપદેશ ત્રણ અને સ્વસંવેદન એ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલ, પોતાના જ્ઞાનના વૈભવથી, એકત્વ વિભક્ત શુદ્ધાત્માનું સ્વરૂપ દેખાડે છે. તેને સાંભળનારા હે શ્રોતાઓ ! પોતાના સ્વસંવેદન પ્રત્યક્ષથી પ્રમાણ કરો, ક્યાંય કોઈ પ્રકરણમાં ભૂલું તો તેટલો દોષ ગ્રહણ ન કરવો એમ કહ્યું છે. અહીં પોતાનો અનુભવ પ્રધાન છે. અહીં આ શાસ્ત્રમાં શુદ્ધાત્માનો અનુભવ તે પ્રધાન લક્ષણ લખેલ છે. તેનાથી શુદ્ધ સ્વરૂપનો નિશ્ચય કરો, અનુભવથી શુદ્ધાત્માનો નિર્ણય કરો. અનુભવથી જેવો છે તેવા આત્માનો નિર્ણય કરો, એમ કહેવાનો આશય છે.

હવે છઠ્ઠી ગાથા આવે છે. મૂળ એકત્વ વિભક્ત આત્માને હું મારા નિજ વૈભવથી દર્શાવીશ. પણ દર્શાવ્યો નહીં એમાં. પાંચમી ગાથામાં એકત્વ નિશ્ચયને હું દર્શાવીશ અને દર્શાવું તો પ્રમાણ કરજો. પણ એકત્વ વિભક્ત શું ? એકત્વ વિભક્ત આત્માની વાત આ શાસ્ત્રમાં મારે કરવી છે. હવે ત્યારે શિષ્યને પ્રશ્ન થયો, પાંચમી ગાથા સાંભળીને કે એકત્વ વિભક્ત આત્માને આપ દર્શાવવા માંગો છો તો એનું સ્વરૂપ કેવું છે ? અને એનો અનુભવ કેમ થાય ? આ બે વાત એણે કરી. દ્રવ્યનો નિશ્ચય પૂછી લીધો અને પર્યાયનો નિશ્ચય પૂછી લીધો. અનુભવનો વિષય પૂછ્યો, શુદ્ધાત્માનું સ્વરૂપ અને એ શુદ્ધ આત્માનો અનુભવ કેમ થાય, એની વિધિ કૃપા કરીને બતાવો. આહાહા !

આ એક પ્રશ્નની અંદર, એ ઉત્તર (રૂપ) આખી ગાથા આવી ગઈ. ગુરુદેવ આમાં બહુ ઉતારે છે કે ઋષભદેવ ભગવાનને ભરત મહારાજાએ પૂછ્યું'તું, કે શુદ્ધાત્માનું સ્વરૂપ શું અને એનો અનુભવ કેમ થાય. ભગવાન મહાવીરને ગૌતમ ગણધરે પૂછ્યું'તું કે પ્રભુ શુદ્ધાત્માનું સ્વરૂપ મને બતાવો અને એનો અનુભવ કેમ થાય, એની રીત પણ મને બતાવો.

શુદ્ધાત્માનું સ્વરૂપ તમે બતાવશો, એ તો અધુરું છે, એ તો તમે બતાવશો અને હું સાંભળીશ, પણ એનો અનુભવ કેમ થાય એ કહેશો, ત્યારે પૂરું થાશે. નહિંતર તો અધુરું રહેને. પૂર્વાર્ધ કીધો પણ ઉતરાર્ધ કહી દીધો. બહુ લડાવે ગુરુદેવ આમાં.

આ શિષ્ય છે ને આ ગુરુ છે. આ એક સંધિ છે. શિષ્ય બીજું કાંઈ પૂછતો નથી. છ દ્રવ્યોનું સ્વરૂપ, નવ તત્ત્વોનું સ્વરૂપ, આઠ કર્મનું, કર્મ પ્રકૃત્તિનું, લોકનું સ્વરૂપ, લોક વિભાગનું સ્વરૂપ. આહાહા ! શું નિશ્ચય, શું વ્યવહાર, શું નિમિત્ત ઉપાદાન, કાંઈ પૂછતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. એકલા શુદ્ધાત્માનું સ્વરૂપ મારે જાણવું છે. આપને કહેવાનો ભાવ આવ્યો છે, મને સાંભળવાનો ભાવ આવ્યો છે, મને એ જ કહો પ્રભુ, આજ સુધી સાંભળ્યું નથી પણ સાથે સાથે મને અનુભવની કળા બતાવતા જજો. આહાહા !

ગુરુ પ્રસન્ન થાય છે. બધું આપી દે છે એક છઠ્ઠી ગાથામાં, ૪૧૫ ગાથાનો સાર, છઠ્ઠી ગાથામાં આપી દીધો છે. દ્રવ્યનો નિશ્ચય અને પર્યાયનો નિશ્ચય. અકર્તા ને કર્તા બે બતાવ્યું, કર્તાબુદ્ધિ ટળી ગઈ. સમ્યક્ પ્રકારે કર્તા થયો. જ્ઞાતાબુદ્ધિ ટળી, સમ્યક્ પ્રકારે જ્ઞાતા થયો. બધો પ્રકાર આની અંદર જેટલું કાઢીએ એટલું ઓછું છે, બધો પ્રકાર ભર્યો છે આમાં.

હવે પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે, એવો શુદ્ધાત્મા કોણ છે ? કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ, એટલે અનુભવવું જોઈએ. એ શુદ્ધ આત્માનું સ્વરૂપ કેવું છે, બતાવો કૃપા કરીને. એ પ્રશ્નના ઉત્તરમાં ગાથા સૂત્ર કહે છે. જે માગે છે એને કહેવામાં આવે છે. ગુરુદેવ કહે હોં ! જે આવે આંગણે ને પૂછે એને કહેવામાં આવે છે. સામેથી ગુરુ જાતા નથી કહેવા માટે (શ્રોતા :- પ્રશ્ન પૂછ્યો છે તો ઉત્તરમાં ગાથા આપે છે) હા. જે પૂછે એને ઉત્તર આપે અને જે પૂછ્યું હોય એનો જ ઉત્તર. પ્રકારાંતર નહીં, પ્રશ્ન કાંઈ ને જવાબ કાંઈ આપે એ બરાબર નહીં. એવું ન હોય, હોય જ નહીં. સમર્થ આચાર્ય ભગવાન તો પ્રશ્ન પૂછે એનો જ ઉત્તર આપે, બીજો ઉત્તર જ ન આપે. પછી એ ઉત્તરમાં સર્વાંગ કર્મની થીયરી, કર્મ બંધાય, કર્મ ઉદયમાં આવે, કર્મમાં જોડાય તો આમ થાય ને ન જોડાય તો આમ થાય. એ બધી વાત એમાં કહી દેશે.

(શ્રોતા :- પરિપૂર્ણ ગાથા છે) પરિપૂર્ણ. આહાહા ! દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ અને ચરણાનુયોગ ત્રણ આમાં છે. ચરણાનુયોગ એટલે આચરણ, કરણાનુયોગ એટલે કર્મ, દ્રવ્યાનુયોગ એટલે એકત્વ વિભક્ત. પરિણામ માત્રથી જુદો આત્મા, એ દ્રવ્યાનુયોગ છે. ત્રણ વાત આમાં છે.

નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે.<br>
એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તો જ છે.

હવે ગાથાનો અર્થ પહેલાં લઈએ. જે જ્ઞાયકભાવ છે તે, જે અને તે, જે અને તેની વચ્ચે જ્ઞાયકભાવ છે. જે અને છે, તે શું છે ? કે જ્ઞાયકભાવ છે. તે હવે કેવો છે ? છે તે કેવો છે ? અપ્રમત્ત પણ નથી. સાતથી ચૌદ ગુણસ્થાનના ભેદો પર્યાયના ભેદો આત્મામાં નથી, પરદ્રવ્ય છે. અને પ્રમત્ત પણ નથી. એક થી છ ગુણસ્થાનના ભેદો એ પણ આત્મામાં નથી.

પહેલોં નિષેધ કરે છે અપ્રમત્તનો એ શુદ્ધ પર્યાય આત્મામાં નથી એમ ''ણવી હોદિ અપ્રમત્તો'' ત્યાંથી ઉપાડ્યું. છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝુલે છે અને સાતમા ગુણસ્થાનના ભેદો ભગવાન આત્મામાં નથી. આહાહા ! પણ છે, તમને જણાય છે અને આત્મામાં નથી ? કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આત્મામાં નથી એમ જણાય છે અમને. જણાય તો છે પણ વિભક્તપણે જણાય છે. બેન ! (શ્રોતા :- બરાબર એકદમ બરાબર) વિભક્ત ક્યારે કહે કે જાણવામાં આવ્યું પણ ઈ મારામાં નથી, પર્યાયની અસ્તિ પણ મારામાં નાસ્તિ. અપ્રમત્ત નથી એ ક્યારે કહ્યું કે અપ્રમત્ત જેવી વસ્તુ તો છે. અપ્રમત્ત એવું કોઈ અસ્તિત્વ તો જગતમાં છે. એ મારા જ્ઞાનમાં વર્તે છે, કે છે પર્યાય, પણ મારામાં એ નથી. આહાહા ! ગજબની તાકાત છે એકલો દૃષ્ટિનો વિષય. આમાં જ નિર્વિકલ્પ ધ્યાન આવે છે. બસ, આમાં જ અનુભવ થાય છે. કેમ કે શ્રદ્ધા નિર્વિકલ્પ છે. શ્રદ્ધાનો વિષય જ્ઞાનમાં આવતાં જ્ઞાન નિર્વિકલ્પ થઈ જાય છે.

જે જ્ઞાયકભાવ છે તે અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી. બેયમાં પણ કહ્યું એમ, બે માંથી કોઈ નથી, એક છે ને, બીજું નથી એમ નહીં, બેય નથી. જીવ તત્ત્વમાં આ બેય તત્ત્વ નથી. અજીવ તત્ત્વ નથી. ભેદ નથી, પરદ્રવ્ય નથી. સ્વદ્રવ્યમાં પરદ્રવ્યની નાસ્તિ છે, એવી અસ્તિ છે. સ્વ-રૂપે સત્તા અને પર-રૂપે અસત્તા. એવા બે ભાવો વડે એક પદાર્થની સિદ્ધિ થાય છે. આ નય વિભાગની યુક્તિ ચાલે છે. એ રીતે એને શુદ્ધ કહે છે. શુદ્ધ પર્યાયથી રહિત છે, માટે આત્માને શુદ્ધ કહેવામાં આવે છે. અને શુદ્ધ પર્યાયથી રહિત છે માટે શુદ્ધ પર્યાયનો અનુભવ થતો નથી. શુદ્ધાત્માનો અનુભવ થાય છે કે શુદ્ધ આત્મા તે હું છું એમ. એમ આવ્યું ને ? પ્રમત્ત અપ્રમત્ત નથી તેથી તેને શુદ્ધ કહેવાય છે. એટલે શુદ્ધ પર્યાયથી રહિત આત્મા છે માટે જીવતત્ત્વને શુદ્ધ કહેવાય છે, એમ કહેવા માગે છે.

અને જ્યારે અમે અંતરમાં જઈએ છીએ, શુદ્ધાત્માની સન્મુખ થાઈએ છીએ ત્યારે શુદ્ધ પર્યાય અભૂતાર્થ હોવાથી અમને દેખાતી નથી. આહાહા ! અભૂતાર્થ હોવાથી એનો અનુભવ નથી. એ આત્મા છે એવો અનુભવ નથી. પણ એનાથી ભિન્ન છે આત્મા એવો અનુભવ થાય છે. શુદ્ધ પર્યાયથી આત્મા ભિન્ન છે, એવો અમને અનુભવ થાય છે. શુદ્ધ પર્યાય આત્મા છે એવો અનુભવ થતો નથી. કેમ ? કેમ કે અમારું લક્ષ ત્યાંથી છૂટી જાય છે. અમારું લક્ષ આત્મા ઉપર જાય છે. શુદ્ધ પર્યાય વ્યવહારનયનો વિષય છે ને વ્યવહારનય સઘળોય અભૂતાર્થ છે. આત્માનાં સ્વભાવમાં અભૂતાર્થ છે જ નહીં. આહાહા ! એ બહિર્તત્ત્વ છે. એ પરદ્રવ્ય છે. આહાહા ! જ્યારે અમારી પરિણતિ જ્ઞાયકની સન્મુખ થાય છે, ત્યારે પર્યાયમાત્રની ચક્ષુ બંધ થઈ જાય છે. હોવા છતાં નથી, કેમકે અમારું લક્ષ ત્યાંથી છૂટી ગયું છે.

અમારું લક્ષ તો એકલો પરમભાવ શુદ્ધાત્મા, ચિદાનંદ આત્મા તે હું છું, બસ. એમાં હું પણું અમારું એક ત્રિકાળી દ્રવ્યમાં આવે છે. પર્યાયમાં હું પણું આવતું નથી. પર્યાય જેને હું પણે સ્થાપે છે, ઈ પર્યાય પોતે હું પણે નથી લાગતી. પર્યાય એમ કહે છે કે આ દ્રવ્ય તે હું.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહાહા ! (શ્રોતા :- પર્યાયકા હું પણા દ્રવ્ય મેં હોતા હૈ) દ્રવ્ય મેં હોતા હૈ. પર્યાયકા અહંપણા પર્યાય મેં નહીં હોતા હૈ. વો તો અનંતકાલ સે કિયા. (શ્રોતા :- વો તો પર્યાય દૃષ્ટિ હૈ) પર્યાય દૃષ્ટિ હૈ. મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા ! ઐસા આત્માકા સ્વરૂપ હી નહીં હૈ. આત્મામેં પર્યાય હોતી હૈ ઐસા આત્માકા સ્વરૂપ હી નહીં હૈ.

''જીવને પરિણામ ન હોય.'' જીવ તો પરિણામથી રહિત છે, અપરિણામી છે એને શુદ્ધ કહે છે. એ શુદ્ધની વ્યાખ્યા કરી. આત્માને શુદ્ધ કેમ કહ્યો ? કે શુદ્ધ ને અશુદ્ધ બેય પર્યાયથી, શુદ્ધાશુદ્ધ પર્યાયથી રહિત માટે આત્મા શુદ્ધ છે. (શ્રોતા :- એવો શુદ્ધ છે ?) એવો શુદ્ધ છે. અનિત્ય શુદ્ધ નથી નિત્ય શુદ્ધ છે. અપ્રમત્ત તો અનિત્ય શુદ્ધ છે. સાપેક્ષ શુદ્ધ છે. આ તો નિરપેક્ષ શુદ્ધ છે. આહાહા ! જેને શુદ્ધ પર્યાય પ્રગટવાની પણ અપેક્ષા નથી. આહાહા ! શુદ્ધ પર્યાય પ્રગટે અને એ આત્માને પ્રસિદ્ધ કરે, તો એ છે એમ નથી. એ તો નિરપેક્ષપણે છે, છે ને છે અનાદિ અનંત. આહાહા ! બહુ ઊંચા પ્રકારની ગાથા છે, ઘણી ઊંચી ગાથા છે. (શ્રોતા :- સર્વાત્કૃષ્ટ ગાથા) સર્વાત્કૃષ્ટ ગાથા છે.

એટલી શુદ્ધની વ્યાખ્યા કરી. આ શુદ્ધઆત્મા આવો છે. પ્રશ્ન કર્યો'તો શિષ્યે કે શુદ્ધાત્મા કોણ છે ? કે પ્રમત્ત અપ્રમત્તથી રહિત, એને સર્વજ્ઞ ભગવાન શુદ્ધાત્મા કહે છે. સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આમ આવ્યું છે અને વસ્તુનું સ્વરૂપ એવું છે, એવું વાણીમાં આવ્યું છે. તેથી એને શુદ્ધ કહેવામાં આવે છે.

વળી જે જ્ઞાયકપણે જણાયો અંતરમાં જઈને, આ જે શુદ્ધાત્મા જ્ઞાયક છે એ જણાયો, આ જ્ઞાયકને શુદ્ધ કહ્યો ને (શ્રોતા :- એવો શુદ્ધાત્મા) ઈ કે જ્ઞાયકભાવ છે, શુદ્ધાત્મા છે, પ્રમત્ત અપ્રમત્તથી રહિત છે. એવો શુદ્ધાત્મા અથવા જ્ઞાયક જે જણાયો, શુદ્ધાત્મા કહો કે જ્ઞાયક એક જ વાત છે. એવો જે જણાયો એટલે કે અનુભવમાં આવ્યો, એ હર સમયે એ જ અનુભવાય છે. તે તો છે બીજો કોઈ નથી. આહાહા ! લક્ષ ફરતું નથી અમારું, અમારું નિશ્ચય જ્ઞેય ફરતું નથી. નિશ્ચય ધ્યેય ફરતું નથી અને નિશ્ચય જ્ઞેય પણ ફરતું નથી. આહાહા ! જે જ્ઞાનમાં જ્ઞેય ફરે છે તે જ્ઞાન નથી એ પરસત્તાઅવલંબનશીલ ઈન્દ્રિયજ્ઞાન છે, એ અમારું નહીં.

જ્ઞાયકપણે જણાયો. પર્યાયના કર્તાપણે નથી જણાયો, કેમકે અકર્તા છે. અકર્તા છે માટે શુદ્ધ છે. પરિણામથી રહિત છે માટે કર્તા નથી. કર્તા નથી માટે અકર્તા છે. અકર્તા હોવાથી શુદ્ધ છે. અકર્તા હોવાથી શુદ્ધ છે. અને જે એવો આત્મા જણાયો, નિર્વિકલ્પ ધ્યાનમાંથી બહાર નીકળ્યા ત્યારે કાંઈ બીજું જણાય છે ? બીજા સ્વરૂપે જણાય છે ? જ્ઞાયક નિર્વિકલ્પ ધ્યાનમાં જે જણાયો, એનાથી કાંઈ જુદા સ્વરૂપે સવિકલ્પ દશામાં જણાય છે ? દેશનાલબ્ધિ સાંભળતી વખતે ? ભગવાનની પૂજા વખતે શાસ્ત્ર વાંચતી વખતે, કે નહીં, બિલકુલ નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાતઃ જ્ઞાયકપણે જણાયો તે જ્ઞાયકપણે જ જણાયા કરે છે. અચ્છિન્ન ધારાવાહી, અમારી ધારાથી જ્ઞેયો ગમે તેટલા ફરે, જ્ઞેયો ગમે તેટલા એમાં પ્રતિભાસે પણ જ્ઞાન ફરતું નથી. એ તો જાણનારને જ જાણ્યા કરે છે. જાણનાર જણાય છે. જાણનાર જણાય છે. જાણનાર જણાય છે, જાણનાર જણાય છે એમાં ભેદ કરીશમાં કે નિર્વિકલ્પ ધ્યાનમાં જાણનાર જણાય છે અને સવિકલ્પ દશામાં કાંઈ બીજું જણાય છે, એ રહેવા દેજે. ''જ્ઞાતઃ'' જ્ઞાયકપણે જે જણાયો તે તો તેવો ને તેવો જ જણાયા કરે છે.

પાંચ મહાવ્રતનો પ્રતિભાસ થાય છે જ્ઞાનમાં, ત્યારે પણ અમને તો જાણનાર, જેવો જાણવામાં આવ્યો નિર્વિકલ્પ ધ્યાનમાં એવો ને એવો જણાયા કરે છે. એમાં કિંચિત માત્ર ફેરફાર થતો નથી. આહાહા ! વિષય એવો ને એવો છે. અનાદિ અનંત અને એ જ વિષય જણાયા કરે છે. ધારાવાહી જ્ઞાનમાં, અચ્છિન્નધારાથી અમે નિરંતર આત્માને અનુભવીએ છીએ, એ આ. લ્યો ગાથાનો અર્થ થયો.

(શ્રોતા :- જ્ઞાતઃ) જ્ઞાતઃ એટલે કે જણાયો તો ખરો, જ્ઞાયકપણે જે જણાયો તે જ્ઞાયકપણે જણાયા કરે છે, કે હવે કથંચિત્ કર્તાપણે જણાયા કરે છે ? (શ્રોતાઃ જ્ઞાયકપણે જણાયા કરે છે જેવો જણાય છે એવો જણાયા કરે છે) હા. જેવો જાણવામાં આવ્યો એવો જ જણાયા કરે છે. આહાહા ! (શ્રોતા :- સવારે કીધું કે જાણનારો જણાય છે તે નિર્વિકલ્પ છે કે સવિકલ્પ છે આત્માકા સ્વભાવ હૈ, ના નિર્વિકલ્પ હૈ ના સવિકલ્પ હૈ, એ તો આત્માનો સ્વભાવ છે) એ તો સ્વભાવ છે. (શ્રોતા :- સ્વભાવ ત્રિકાળ હોય છે) જાણનારો જણાય છે. આહાહા ! એ તો સ્વભાવ છે બસ, કેવી દશામાં ને ક્યાં એ ફેરફાર કાંઈ નહીં. એ તો સ્વભાવ છે. (શ્રોતા :- સ્વભાવમાં ફેરફાર ન હોય) ન હોય, સ્વભાવમાં ફેરફાર ન હોય.

''જાણનારો જણાય છે'' એના ઉપર અમારે ચર્ચા થાય છે. પ્રતિમા જણાય છે ત્યારે પણ તને જાણનાર જણાય છે, એમ એને કહેવું છે. બહુ ઊંચા પ્રકારની ગાથા છે. જાણનાર કહીને 'કરનાર' કાઢી નાખ્યું. હવે જે મારામાં નથી એને કેમ કરું. પ્રમત્ત અપ્રમત્ત મારામાં નથી તો એને કેમ કરું. જે નથી એ પરદ્રવ્યને જાણતા ધર્મ ન થાય માટે પર્યાયના ભેદને પણ જાણતો નથી.

(શ્રોતા :- બે વાત એમાં આવી) બે વાત આવી, કર્તાબુદ્ધિ ને જ્ઞાતાબુદ્ધિ બેય છૂટી જાય છે. અને ''કર્તા પણ થયો ને જ્ઞાતા પણ થયો.'' બેય વાત પાછી એમાં આવી ગઈ. કર્તાબુદ્ધિ ગઈ, જ્ઞાતાબુદ્ધિ ગઈ. કર્તા થયો ? કે હા કર્તા થયો, કે જ્ઞાતા થયો ? કે 'હા' જ્ઞાતા પણ થયો. (શ્રોતા :- હવે સમ્યક્ પ્રકારે કર્તા ને જ્ઞાતા થયો) બસ. એ બેય વાત એમાં લીધી છે. કર્તા થયો એ લીધું છે અને જ્ઞાતા થયો એ પણ લીધું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


'જ્ઞાતઃ' જ્ઞાયકપણે જણાયો તો જ્ઞાતા ન થયો ? (શ્રોતા :- જ્ઞાતા, જ્ઞાતા જ છે). હા. જ્ઞાતા જ્ઞાતા જ છે. ''જ્ઞાતઃ'' (શ્રોતા :- બહુ વજનદાર વાત છે.) વજનદાર છે. કેમ કે એકવાર જણાયો પછી એમાં કાંઈ ફેરફાર થાય એમ નથી. તે તો તે જ છે હર હાલતમાં. આહાહા ! વિષય ફરતો નથી બિલકુલ. (શ્રોતા :- હર હાલતમાં હું તો હું જ છું, એ રૂપે જ જણાયા કરે છે) એ રૂપે હું તો જાણનાર છું, જાણનાર છું. જેવો છું એવો જણાયા કરે છે સમયે સમયે કાંઈ ફેરફાર નહીં. બીજું જણાય જાય વચમાં એમ નથી. બીજું જણાય ત્યારે પણ જાણનાર જણાય છે. બીજું ન જણાય ત્યારે જાણનાર જણાય છે. વ્યવહારના સદ્‌ભાવમાં કે અભાવમાં જાણનાર જણાય છે. આહાહા !

## પ્રવચન નં. ૧૦

**દિવાનપરા -રાજકોટ**

**તા. ૬-૭-૮૯**

આ શ્રી સમયસાર પરમાગમ શાસ્ત્ર છે. એનો પ્રથમ જીવ નામનો અધિકાર છે.

એમાં આચાર્ય ભગવાને એવો ઉદ્યમ વ્યવસાય કર્યો છે કે જગતના જીવોએ કામભોગ બંધનની કથા અનંતકાળથી સાંભળી, પરિચય કર્યો, અનુભવ કર્યો, પણ એકત્વ વિભક્ત આત્માની વાત, એણે કદી ખરેખર રુચિપૂર્વક સાંભળી પણ નથી, તેનો પરિચય પણ કર્યો નથી. અને અનુભવ પણ કર્યો નથી એવા એકત્વ વિભક્ત આત્માની વાત હું કહીશ.

એકત્વ એટલે અનંતગુણથી એકત્વ અને વિભક્ત એટલે પર્યાય માત્રથી ભિન્ન આત્મા છે, અનાદિ અનંત. ભિન્ન કરવી નથી પર્યાયને દ્રવ્યથી. પર્યાયને ભિન્ન કરવાની ન હોય એ અનાદિ અનંત પરિણામ ભગવાન આત્માથી ભિન્ન જ છે, કેમકે આત્મા અવિનાશી છે અને પરિણામ માત્ર નાશવાન છે. અવિનાશી તત્ત્વ અને નાશવાન તત્ત્વ બે થઈને એક જીવતત્ત્વ ત્રણકાળમાં બની શકે નહિ. જો બે ભાવ થઈને એક જીવ નામનો પદાર્થ હોય તો પરિણામના નાશથી દ્રવ્યનો નાશ થઈ જાય.

પણ પરિણામ તો ઉત્પન્ન થયા કરે છે અને નાશ થયા કરે છે. ભગવાન આત્મા તો ઉત્પન્નેય થતો નથી માટે નાશ પણ થતો નથી. આવું દ્રવ્ય અને પર્યાય વચ્ચેનું ભેદજ્ઞાન કોઈ અપૂર્વ ચીજ છે. અપૂર્વપળે આ સમયસાર લખાઈ ગયું છે. કોઈ અપૂર્વ પળ હતી. પંચમકાળના જીવોના ભાગ્ય, સમ્યગ્દર્શન પ્રગટ કરનારા ઘણાં જીવો પંચમકાળમાં પાકવાના છે, તેના માટે કોઈ એવા નિમિત્તની રચના થઈ ગઈ છે. અપૂર્વ રચના થઈ ગઈ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આ બાહ્ય પદાર્થ તો આત્માથી ભિન્ન છે એ તો સૌ કોઈ કહે. અન્યમતિ પણ કહે, પણ સમર્થ આચાર્ય જ્યારે પાકે છે ત્યારે કોઈ ઊંડાણની વાત કહી દે છે, કે આ પરિણામ પ્રગટ થાય છે અને નાશ થાય છે, તેનાથી આ આત્મા વિભક્ત નામ ત્રણે કાળ જુદો છે. એવા પરિણામથી ભિન્ન આત્માને તું લક્ષમાં લઈ અને આ જ હું છું એમ અનુભવ કરી ને શ્રદ્ધામાં લે તો તને સમ્યગ્દર્શન થશે.

પહેલાં બીજી ગાથામાં એકત્વ નિશ્ચયની વાત કરી'તી પછી એકત્વ વિભક્તની વાત કરી. એકત્વ નિશ્ચયમાં દ્રવ્ય ગુણ પર્યાયની સાતેય પ્રકારે એ એક પદાર્થ છે, એમ કહ્યું. ''એકત્વ નિશ્ચયગત સમય સર્વત્ર સુંદર લોકમાં'', આવું દ્રવ્ય ગુણ પર્યાયનું એકપણું સર્વત્ર લોકમાં સુંદર છે, પણ એને પરની સાથે સંબંધ થઈને વિસંવાદ ઊભો થયો, એટલે સ્વ સમય અને પર સમય એવા બે ભેદ પ્રગટ થઈ ગયા.

કહે છે કે આવા એક પદાર્થમાં આવા બે (સમય) ભેદ કેમ હોઈ શકે ? અમને તો આશ્ચર્ય થાય છે. એવા ભેદ સ્વસમય ને પરસમય એવા બે ભેદ હોઈ શકે નહીં, એમ સામાન્ય પ્રમાણના દ્રવ્યથી પ્રતિપાદન કર્યું છે. અને વિશેષ તેનો નિષેધ કરી નાખ્યો. પછી એ જ એકત્વ નિશ્ચય કહ્યું, એમાંથી ને એમાંથી એકત્વ વિભક્ત કાઢે છે. એકત્વ નિશ્ચય તે પ્રમાણનું દ્રવ્ય છે ને પ્રમાણના દ્રવ્યમાં પણ રાગ દ્વેષ મોહ નથી. આ સામાન્ય પ્રમાણની વાત ચાલે છે. આગમ પ્રમાણ ને અધ્યાત્મ પ્રમાણની વાત નથી તે વાત જુદી છે. પણ સામાન્ય પ્રમાણ જે અનાદિ અનંત ઉત્પાદવ્યયધ્રુવયુક્તંસત્, ગુણપર્યાયવત્દ્રવ્યમ અને ક્રમ ને અક્રમ સ્વરૂપ આત્માનું સાત પ્રકારે છે. એમાં ક્યાંય રાગને યાદ કર્યો નથી. બીજી ગાથામાં એકત્વ નિશ્ચય એટલે નિશ્ચયથી પદાર્થ એકરૂપે છે. એ એકત્વ કે નિશ્ચય શબ્દ કહ્યો એ સર્વત્ર સુંદર લોકમાં છે, તે એકત્વ છે તેમાં સ્વસમય કે પરસમય નથી.

એવું એક સામાન્ય પ્રમાણ, એ સામાન્ય પ્રમાણની વાત કર્યા પછી, હવે એ સામાન્ય પ્રમાણ એકત્વ નિશ્ચયમાંથી એકત્વ વિભક્ત કાઢે છે. જે ઉત્પાદ વ્યયથી સહિત હોવા છતાં ઉત્પાદ વ્યયથી રહિત અને અનંત ગુણથી સહિત એવા શુદ્ધાત્માની વાત વિભક્ત કહીશ ત્યારે એમાંથી પ્રશ્ન ઉઠ્યો એકત્વ વિભક્ત આત્માની વાત આપ કહેવા માંગો છો. પાંચમી ગાથામાં એકત્વ-વિભક્ત શબ્દ આવ્યો ત્યાં સુધી એકત્વ નિશ્ચયની વાત હતી. એકત્વ વિભક્ત શબ્દ આવ્યો એટલે શિષ્યના મુખમાં પ્રશ્ન મૂક્યો. કે એકત્વ વિભક્ત એવા શુદ્ધાત્માની વાત જ આપ શું કહેવા માંગો છો ? કે જે મેં અનંતકાળથી જાણ્યું નથી મારે શુદ્ધાત્મા જાણવો છે અને એમાં બીજો પ્રશ્ન સામેલ કરી મૂક્યો કે એવો શુદ્ધાત્મા કેવો છે ? અને તેનો અનુભવ કેમ થાય ? એવા બે પ્રશ્ન શિષ્યના મુખમાં મૂકી અને સમયસારની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શરૂઆત છઠ્ઠી ગાથાથી થાય છે. આજે છઠ્ઠી ગાથાનો સ્વાધ્યાય આપણે કરવો છે.

હવે પ્રશ્ન ઉપજે છે કે, એવો શુદ્ધાત્મા કોણ છે ? શુદ્ધાત્મા તો છે. આપ કહેવા માંગો છો, એ તમારા જ્ઞાનમાં આવી ગયો છે, અમારા જ્ઞાનમાં આવ્યો નથી શુદ્ધાત્મા. એવા શુદ્ધાત્માનું સ્વરૂપ કેવું છે ? કે જેને જાણવો જોઈએ અનુભવવો જોઈએ. તેનો અનુભવ કેમ થાય ? એ બે પ્રશ્ન શિષ્યે મૂક્યા. શુદ્ધાત્માની વાત કરતાં પહેલે ધડાકે આત્માને શુદ્ધ એટલા માટે કહેવામાં આવે છે કે જે પ્રમત્ત અપ્રમત્તથી રહિત છે. માટે આત્મા શુદ્ધ કહેવાય છે. આત્મા ત્રણે કાળ શુદ્ધ રહી ગયો છે. શુદ્ધ થાય છે તે આત્મા નથી. શુદ્ધ છે તે આત્મા છે. સમજી ગયા. અને તે શુદ્ધ કેમ છે ? કે પ્રમત્ત અને અપ્રમત્તથી ભિન્ન છે માટે તે શુદ્ધ છે. તે તો તે જ છે. શુદ્ધની વ્યાખ્યા સીધી કરી કે પ્રમત્ત અપ્રમત્તથી રહિત છે માટે શુદ્ધ છે.

કુંદકુંદ ભગવાનની ગાથાનો અર્થ પહેલાં લઈ લઈએ. જે જ્ઞાયકભાવ છે તે 'જે' છે 'તે', જ્ઞાયકભાવ 'જે' છે 'તે', જ્ઞાયકભાવ છે, પણ તે શુદ્ધ કેમ છે હવે ? તેની વ્યાખ્યા કહે છે જ્ઞાયકભાવ તો સ્થાપ્યો, કે જે જ્ઞાયકભાવ છે તે, અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી. એ રીતે તેને શુદ્ધ કહે છે. શુદ્ધ થાય છે તે આત્મા નથી, શુદ્ધ છે તે આત્મા છે, અને શુદ્ધાશુદ્ધ પર્યાયથી ભિન્ન છે. શુદ્ધ અને અશુદ્ધ જે પર્યાયો થાય, વિશેષ અપેક્ષામાં. તેનાથી ભગવાન સામાન્ય ચિદાનંદ આત્મા રહિત હોવાના કારણે એ શુદ્ધ રહી ગયો છે, પર્યાયથી ભિન્ન માટે શુદ્ધ.

પહેલાં જ્ઞાયકભાવ છે એમ કહ્યું. હવે એ શુદ્ધ કેવો છે ? કહેવાનો આશય તો શુદ્ધ છે એમ કહેવું છે, એનું કારણ આપ્યું કે શુદ્ધ શા માટે છે ? કે પ્રમત્ત ને અપ્રમત્ત, અશુદ્ધ પર્યાય ને શુદ્ધ પર્યાય, એ બે થી રહિત છે. પરસમય અને સ્વસમયથી આત્મા રહિત છે. સ્વ સમય પણ આત્મા નથી અને પરસમય પણ આત્મા નથી, એ બે પ્રકારના પરિણામથી આત્મા ભિન્ન છે. માટે અમે આત્માને શુદ્ધ કહીએ છીએ. 'શુદ્ધ કથાય' એટલે શુદ્ધ કહેવામાં આવે છે, એવું સ્વરૂપ છે.

હવે એવો આત્મા જેને દૃષ્ટિમાં આવ્યો અને અનુભવ થઈ ગયો અને જ્ઞાયક, જ્ઞાયકપણે જણાયો, તે જ્ઞાયક આત્મા વળી, જે જ્ઞાતઃ જ્ઞાયકપણે જણાયો, જાણનારપણે જણાયો, એમ જાણવામાં અનુભવમાં આવ્યો. તે સર્વ અવસ્થામાં હું જાણનાર જ છું એમ જણાયા કરે છે. કોઈ પણ અવસ્થા ભજો બહારની, પણ જ્ઞાતઃ જ્ઞાયકપણે જણાયો એમ, જણાશે નહિ. જણાયો અનુભવમાં આવી ગયું કે હું જ્ઞાયક છું. પછી કોઈપણ હર હાલતમાં જ્યાં સુધી એનો મોક્ષ ન થાય ત્યાં સુધી, પછી એ જીવ, મનુષ્ય કે દેવગતિમાં હોય અને કોઈપણ પ્રકારના શુભાશુભ પરિણામ થાય એ પરિણામ જ્ઞાનમાં જ્ઞેય થાય. ત્યારે પણ જ્ઞાયકભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞેય થયા જ કરે છે. એક સમય પણ તે છૂટતો નથી 'તે તો તે જ છે બીજો કોઈ નથી' એમ.

ટીકા : હવે જ્ઞાયક આત્મા એ અનાદિ અનંત છે, એમ સિદ્ધ કરે છે. જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી ''સ્વતઃ સિદ્ધ'' દેહનો યોગ થાય માટે જીવ, કર્મનો યોગ થાય માટે જીવ, રાગનો સદ્‌ભાવ છે માટે જીવ, તેને કોઈ સંયોગની અપેક્ષા થતી નથી જેની કોઈ સંયોગથી ઉત્પતિ નથી, અને કોઈ સંયોગના વિયોગથી જેનો નાશ થતો નથી. એવો પોતે પોતાથી જ સ્વતઃ સિદ્ધ છે, સત્ છે, જ્ઞાયકભાવ સત્ ને અહેતુક છે. જે જ્ઞાયકભાવ છે તે સત્‌ને અહેતુક છે તેને કોઈ કારણ નથી, પોતાથી જ છે.

હોવાથી શબ્દ છે થવાથી નથી. જ્ઞાયકભાવ પોતે પોતાથી જ હોવાથી, કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી, કોઈ સંયોગથી જીવ ઉત્પન્ન થતો નથી. અન્યમતિઓ કહે છે પૃથ્વી અગ્નિ પાણી આદિ પાંચ તત્ત્વો ભેગાં થાય તો જીવની ઉત્પત્તિ થાય, પણ એમ છે નહિ. જીવ અનાદિ અનંત છે.

હવે સિદ્ધ હોવાથી અનાદિ અનંત છે. અનાદિથી છે અને અનંતકાળ એવો ને એવો રહેવાનો છે. એ કાળની અપેક્ષાએ વાત કરી. કે જ્ઞાયકભાવ પોતે પોતાથી જ સિદ્ધ છે અને અનાદિકાળથી એવો ને એવો જ છે અને અનંતકાળ જશે તો પણ એવો ને એવો જ રહેશે. ભૂતકાળમાં પણ એ તત્ત્વ જેવું હતું તેવું, ભવિષ્યકાળમાં પણ જેવું છે તેવું જ રહેશે, માટે અનાદિ અનંત છે. હોવાથી અને છે. જ્ઞાયકભાવ પોતે પોતાથી સ્વયં સિદ્ધ છે અને એ અનાદિ અનંત છે.

પછી આગળ ''નિત્ય ઉદ્યોત રૂપ છે'' આ જે શુદ્ધાત્મા છે તે નિત્ય પ્રગટરૂપ છે એમ, શક્તિરૂપ નથી. આ ભગવાન આત્મા જે છે તે શક્તિરૂપ નથી, પ્રગટરૂપ છે. એને ન દેખાય તેથી કરીને તે અપ્રગટ છે એવું થોડું છે ? નિત્ય ઉદ્યોત, સૂર્ય તો ઊગે ને આથમે. આહાહા ! આ તો અનાદિ અનંત નિત્ય ઉદ્યોતરૂપ છે. છે, છે ને છે. નિત્ય એટલે હંમેશા, ઉદ્યોત એટલે પ્રગટ, સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે.

જ્ઞાયકભાવ સ્વયંસિદ્ધ કહ્યો, અનાદિ અનંત સિદ્ધ કહ્યો. હવે કહે છે કે નિત્ય હંમેશા પ્રગટ છે એમ સિદ્ધ કરે છે. કેવળજ્ઞાન તો પ્રગટ થાય છે પણ આત્મા તો પ્રગટ છે. જો પ્રગટ ન હોય તો તમે જ્ઞાયકનું લક્ષ કરો, એનું અવલંબન લ્યો એવો ઉપદેશ મિથ્યા ઠરે. તમે તમારા શુદ્ધાત્માનું લક્ષ કરો, એનું અવલંબન લ્યો, એવો ઉપદેશ નિરર્થક જાય. પણ પ્રગટ છે, વર્તમાન નિત્ય ઉદ્યોતરૂપ છે.

વળી આગળ નિત્ય ઉદ્યોતરૂપ તો કહ્યો નિત્ય હંમેશા, પ્રગટ છે, પણ એ પ્રત્યક્ષ છે, પરોક્ષ નથી. કેવળજ્ઞાનની પર્યાય અત્યારે નથી માટે એને પરોક્ષ કહેવાય. પણ જીવ તો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પ્રત્યક્ષ છે. કેવળજ્ઞાન તો પ્રગટ થાય ત્યારે જણાય. પણ આ તો વર્તમાન પ્રગટ છે, અને પ્રત્યક્ષ છે. પરોક્ષ એનું સ્વરૂપ જ નથી. આ આત્મા સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે, ઝળહળ જ્યોતિ છે.

એવો જે જ્ઞાયક એક ભાવ, હવે એ જ્ઞાયક ભાવ કેવો છે એ બધી વાત કરી, કે પોતે પોતાથી સ્વયંસિદ્ધ છે, અનાદિ અનંત છે, નિત્ય ઉદ્યોતરૂપ છે, સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. રાગ તો આંધળો છે ભગવાન આત્મા તો ઝળહળ જ્યોતિ છે. એ ઝળહળ જ્યોતિ પ્રત્યક્ષ છે અને પ્રત્યક્ષ થાય છે. વર્તમાન શ્રુતજ્ઞાનમાં અનુભવમાં એ આત્મા ઝળહળ જ્યોતિ છે એમ અનુભવમાં આવી જાય છે. પ્રત્યક્ષ છે માટે પર્યાયમાં પ્રત્યક્ષ થાય છે. પર્યાયનો સ્વભાવ પણ પ્રત્યક્ષ થવાનો છે. એટલે આત્માને પ્રત્યક્ષપણે જાણવાનો છે. પરોક્ષપણે જાણવાનો એ પર્યાયનો સ્વભાવ જ નથી. તેને અમે પર્યાય જ કહેતા નથી. તે તો ઈન્દ્રિયજ્ઞાન છે, એ આત્મજ્ઞાન નથી. ઈન્દ્રિયજ્ઞાનમાં પરોક્ષ હોય, આત્મજ્ઞાનમાં તો આત્મા પ્રત્યક્ષ જણાય છે.

‘‘પ્રકાશમાન જ્યોતિ છે. એવો જે જ્ઞાયક એક ભાવ છે’’ એ સામાન્ય આત્માનું સ્વરૂપ કહીને હવે વિશેષ પડખાંનું જ્ઞાન કરાવે છે. વિશેષ પડખાંનું જ્ઞાન કરાવીને પણ સામાન્યમાં લઈ જાય છે. તે જ્ઞાયકભાવ, સંસારની અવસ્થામાં, મિથ્યાત્વની અવસ્થામાં, મિથ્યાત્વ નામની એક અવસ્થા છે, પર્યાય છે પરિણામ છે તે દ્રવ્ય નથી. દ્રવ્ય નિત્ય ઉદ્યોતરૂપ છે અને દ્રવ્યના વિશેષણમાં અનાદિ અનંત શબ્દ વાપર્યો છે.

શું કહ્યું ? કે સ્વતઃ સિદ્ધ છે. આ પર્યાયની વાત સાપેક્ષ કરશે. સંસાર અનાદિ અનંત નથી. આત્મા અનાદિ અનંત છે, અને સ્વતઃ સિદ્ધ પોતાથી છે. અને આ સંસાર અવસ્થા સાપેક્ષ છે ને અનાદિ અનંત નથી. નિત્ય ઉદ્યોતરૂપ નથી. ઓલો તો નિત્ય ઉદ્યોતરૂપ છે સંસારની અવસ્થા તો ઉદય ને અસ્ત થાય છે, સંસાર તો પ્રગટ થાય એક સમયની પર્યાય અને અસ્ત થાય છે. ભગવાન આત્મા તો ઉદય થતો નથી માટે તે અસ્ત પણ થતો નથી. અને એ પરિણામ માત્રથી ભિન્ન છે માટે શુદ્ધ છે એમ કહ્યું.

તે સંસારની અવસ્થામાં, વિભાવની અવસ્થામાં મિથ્યાત્વની અવસ્થામાં, અનાદિ બંધ પર્યાયની નિરૂપણાથી, આ જે સંસાર છે. ચાલ્યો આવે છે, પ્રવાહરૂપે અનાદિથી છે પણ અનાદિ અનંત નથી, આ તો અનાદિ અનંત છે, ઓલો નિરપેક્ષ છે, સંસાર સાપેક્ષ છે, બધી વાત કહેશે.

અનાદિ બંધ પર્યાયની અપેક્ષાથી, ક્ષીરનીરની જેમ કર્મ પુદ્‌ગલો સાથે એકરૂપ હોવા છતાં અનાદિકાળથી સ્વભાવને ભૂલી અજ્ઞાનભાવે પરિણમતાં એનું નિમિત્ત પામીને આઠ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રકારના કર્મનો એને સંયોગ થાય છે. કર્મથી બંધાણો છે એ પર્યાયમાં બંધ થાય છે કર્મનો, ભાવબંધને દ્રવ્યકર્મનો બંધ હોય. જે મુક્ત હોય ત્રિકાળ, તેને કર્મનો બંધ ન હોય. અબદ્ધ રહીને એ બંધાય છે. અબદ્ધ છોડીને એ બંધાતો નથી. ત્રણેકાળ મુક્ત રહીને, પરમાત્મા તો ત્રણેકાળ મુક્ત છે. મુક્ત રહેતો થકો, હું મુક્ત છું એવું જેને જ્ઞાન શ્રદ્ધાનમાં આવતું નથી, એવા અજ્ઞાનભાવથી નિમિત્ત પામીને નવા કર્મનો પર્યાયની સાથે સંયોગ સંબંધ થાય છે.

દ્રવ્ય અબદ્ધ રહે છે અને પર્યાયમાં ભાવબંધ અને ભાવબંધનું નિમિત્ત પામીને દ્રવ્યકર્મનો બંધ એ અનાદિકાળથી ચાલ્યો આવે છે. એટલે કર્મનો સંબંધ છે, કર્મનો સંયોગ સંબંધ છે, તાદાત્મ્ય સંબંધ નથી. અને કર્મનો સંયોગ સંબંધ પણ પર્યાયની સાથે છે. જીવ તત્ત્વની સાથે સંયોગ સંબંધ પણ નથી.

કોઈ જગ્યાએ આવે કે જીવની સાથે એક ક્ષેત્રાવગાહ સંબંધ છે તો ત્યાં સમજવું કે જીવની પર્યાય સાથે સંબંધ છે, એ વખતે સામાન્ય જીવની સાથે કર્મનો સંબંધ થયો જ નથી. કેમ કે કર્મનો સંબંધ થાય એવો તેનો સ્વભાવ જ નથી, લુખ્ખો સ્વભાવ છે. ચીકાશની સાથે કર્મ બંધાય લુખ્ખા સ્વભાવની સાથે કર્મ ન બંધાય.

ભગવાન આત્મા ત્રણે કાળ અબદ્ધ છે. તે બંધાણો જ નથી માટે મુકાતો નથી. જે બંધાય છે તે મુકાય છે. જે નિર્બંધ છે તે મુકાતો નથી. તે તો મુક્ત જ છે ત્રણેકાળ. જુદો ને જુદો, છૂટો ને છૂટો, મુક્ત ને મુક્ત. આહા ! એક પડખાંમાં બંધ થાય અને બીજું પડખું અબદ્ધરૂપે એવું ને એવું રહી જાય. ૧૦૦% અબદ્ધ. અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય આવે છે ને તે. આત્મા ત્રણે કાળ અબદ્ધ છે. આહા ! તે ભાવબંધથી બધાણો નથી ને દ્રવ્યકર્મથી બંધાતો નથી. જે બંધ થાય છે તે ચિકાશની સાથે બંધ થાય છે, જીવ તો અબદ્ધ રહેલો છે અનાદિ અનંત.

સંસાર અવસ્થા શરૂ કરી ત્યાંથી. સંસાર અવસ્થામાં અનાદિકાળનો બંધ છે. સંસાર અવસ્થાથી શરૂઆત કરી. ભગવાન આત્મા તો એવો ને એવો છે. સામાન્ય પડખું તો એવું ને એવું છે. વિશેષ પડખાંનું જ્ઞાન કરાવે છે ત્યારે તે વિશેષરૂપે થતો નથી, વિશેષમાં અનાદિકાળથી અવિદ્યા એટલે અજ્ઞાનદશાથી, ચાલ્યો આવતો, પ્રવાહ સમયે સમયે સમયે પોતાનો એનાથી તેને નિમિત્ત નૈમિત્તિક સંબંધ પરિણામની સાથે થયો છે. ભગવાન આત્મા કર્મબંધનું એ નિમિત્ત કારણ નથી. અને ભાવબંધનું ઉપાદાન કારણ પણ નથી. ઉપાદાન કારણ પણ નથી ને નિમિત્ત કારણ પણ નથી. જો ભાવબંધનું ઉપાદાનકારણ પણ નથી ને નિમિત્ત કારણ પણ નથી તો કર્મના બંધનું ઉપાદાન કારણ ને નિમિત્ત કારણ હોઈ શકે નહિ. શું કહ્યું ? ભગવાન જે આત્મા, જ્ઞાયક ચિદાનંદ શુદ્ધ આત્મા છે તે રાગનું કારણ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગની ઉત્પત્તિનું એ કારણ નથી. અકારણ પરમાત્મા છે. રાગ આત્માના આશ્રયે થતો નથી. રાગ આત્માને પ્રસિદ્ધ કરતો નથી. રાગ આત્મામાં અભેદ થતો નથી. માટે અકારણ પરમાત્મા એવો ને એવો રહે છે અને પર્યાયની યોગ્યતાથી રાગ થાય છે. રાગની સાથે કર્મનો સંબંધ થાય છે.

રાગ નિમિત્ત છે ને પર્યાય નૈમિત્તિક અવસ્થા છે, નિમિત્ત-નૈમિત્તિક ને સંબંધના સદ્ભાવ વખતે પણ સામાન્ય તત્ત્વ તો અબંધ જ રહ્યા કરે છે. તેને રાગ અડતો નથી, તો કર્મ તો ક્યાંથી અડે ? એ જુદી ને જુદી વસ્તુ છે. ભાવકર્મ ને દ્રવ્યકર્મથી આત્મા રહિત છે. રહિત થતો નથી. રહિત છે. એવો પાઠ છે.

નમઃ સમયસારમાં શરૂઆત કરી છે કે જે ભાવકર્મ, દ્રવ્યકર્મ નોકર્મથી રહિત છે, તેને હું નમસ્કાર કરું છું. હોય તેને નમસ્કાર હોય, ન હોય તેને નમસ્કાર ન હોય. ન હોય તેની ભાવના હોય. મોક્ષ નથી તો મોક્ષની ભાવના ભાવે પણ મોક્ષ તો નથી તો તેને કેવી રીતે નમસ્કાર કરું ? ભગવાન આત્મા તો મોક્ષ સ્વરૂપ બિરાજમાન છે, માટે હું તેને નમસ્કાર કરું છું. છે તેને હું નમસ્કાર કરું છું. આહા ! થાય છે તેનું જ્ઞાન અને 'છે' તેને મારા નમસ્કાર. એક કળશમાં પહેલાંમાં તો બેડો પાર થઈ ગયો. નિમિત્ત નૈમિત્તિક સંબંધ જે છે તે પર્યાયના ધર્મમાં છે.દ્રવ્યના ધર્મમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી. અકારણ પરમાત્મા છે. કોઈનું કારણે ય નથી ને કોઈનું કાર્ય પણ નથી. અકાર્યકારણ પરમાત્મા છે.

બંધ પર્યાયની અપેક્ષાથી ક્ષીર ને નીરની જેમ, દૂધ ને પાણી જેમ એક ક્ષેત્રે છે તેમ આત્માની અવસ્થા અને જડ કર્મ, એક ક્ષેત્રે રહેલા છે. એનું ક્ષેત્ર ને ત્રિકાળી દ્રવ્યનું ક્ષેત્ર ભિન્ન છે એ વખતે જે ત્રિકાળી દ્રવ્ય છે તેનું ક્ષેત્ર અને આ કર્મના બંધ થાય છે તે રાગનું ક્ષેત્ર તે સ્વક્ષેત્રમાં પર ક્ષેત્રની નાસ્તિ માટે પ્રદેશ ભેદ છે. આત્માને રાગની સાથે પ્રદેશ ભેદ છે. કેમકે કર્મનો સંબંધ રાગની સાથે થયો છે. અને રાગથી ભગવાન આત્મા ભિન્ન છે. આત્માને રાગનો સંબંધ થયો નથી. થઈ શકતો જ નથી. રાગ તો તેનાથી બહિર્તત્ત્વ છે, તે બહાર લોટે છે. એ રાગ આત્મામાં ક્યાં આવી ગયો છે ?

માટે સંસાર અવસ્થામાં પણ દૂધ ને પાણીની જેમ, ઈ દૂધ ને પાણી એ પણ એની વિશેષ અવસ્થામાં પરસ્પર જુદા છે. બેયના સામાન્ય એ વખતે જુદા છે. જો બેયના સામાન્ય એક થઈ જાય તો દૂધ ને પાણી જુદા ન પડે. આ એક જૈન દર્શનની વિશેષતા છે. એક સામાન્ય અને વિશેષ બેની જુદાઈ જેને ખ્યાલમાં આવે તેને વિશેષની સાથે એકત્વબુદ્ધિ ન રહે.

દૂધ ને પાણી-દૂધની પર્યાય અને પાણીની પર્યાય એ બેને મિલન થાય છે, એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્ષેત્રાવગાહ સંબંધ. પણ દૂધનું સામાન્ય ને દૂધનું વિશેષ ઈ બેના પ્રદેશ ભિન્ન છે. પાણીનું સામાન્ય ને પાણીનું વિશેષ ઈ બેનું ક્ષેત્ર ભિન્ન છે તો દૂધને પાણીનું ક્ષેત્ર એક ક્યાંથી થાય ? એનું જ સામાન્ય ને એનું જ વિશેષ એ બે વચ્ચે ક્ષેત્ર ભેદ છે, દૂધ ને દૂધની અવસ્થા એને બેને ક્ષેત્ર ભેદ છે, તો દૂધ ને પાણી એને એક ક્ષેત્ર ક્યાંથી થાય ? ન થાય.

કથન કરવામાં આવે છે કે એક જગાએ બે દ્રવ્ય છે, કથન કરવામાં આવે છે દૂધ ને પાણીની જેમ, દૃષ્ટાંત આપ્યો. તેમ આત્મા ને કર્મ એક ક્ષેત્રે છે, બંને આકાશના ક્ષેત્રે છે. આકાશના ક્ષેત્રે બે પદાર્થ છે. એ બે પદાર્થ આકાશના ક્ષેત્રે છે એટલે જુદા છે. આત્માના પ્રદેશમાં કર્મ હોય તો એક ક્ષેત્ર થઈ ગયું. એક ક્ષેત્ર સંબંધ જે કહ્યો. એ એક આકાશની જગ્યાએ જ્યાં આત્મા છે ત્યાં કર્મ છે એમ કહ્યું.

દૂધ ને પાણી એક વાસણમાં છે, એક વાસણના ક્ષેત્રમાં બેય છે. પણ બન્નેના ક્ષેત્ર અંદર જુદા છે. વાસણમાં દૂધ ને પાણી છે, તેમ આકાશના ક્ષેત્રમાં આત્મા ને કર્મ છે. આત્માના ક્ષેત્રમાં કર્મ નથી. આકાશના ક્ષેત્રમાં જીવ પણ છે ને પરમાણું પણ છે, બસ એટલું જ છે. બેય વચ્ચે એટલી જુદાઈ છે. અત્યંત અભાવ છે. આકાશના ક્ષેત્રે તો છ એ દ્રવ્ય છે. આકાશના ક્ષેત્રે બેય છે એટલે આકાશના ક્ષેત્રે બેય હોવાથી ઉપચારથી બેય વચ્ચે એક ક્ષેત્રાવગાહ સંબંધ છે એમ કહેવાય છે. એક ક્ષેત્રાવગાહ સંબંધ કહ્યો એટલે બેય એક થઈ ગયા ને આત્માના પ્રદેશમાં ઘુસી ગયા કર્મ એમ નથી.

હા. બહુ તાણીને ખેંચીને કહો, તો વિશેષ રાગની પર્યાયના પ્રદેશ અને કર્મની પર્યાયના પ્રદેશ એકક્ષેત્રાવગાહ કહો એ પણ તાદાત્મ્ય સંબંધ નથી. સંયોગ સંબધ છે. પર્યાયની સાથે કર્મનો સંયોગ સંબંધ છે. અને ઉત્પાદની સાથે રાગનો સંયોગ સંબંધ છે. (શ્રોતા :- ધ્રુવની સાથે ઉત્પાદનો સંયોગ સંબંધ છે) ધ્રુવ પરમાત્મા તો એવો ને એવો જુદો ને જુદો જ છે, અન્વયરૂપે, એ તો પરિણામને અડતોય નથી. અબદ્ધ છે મુકત છે ત્રણેકાળ. પરિપૂર્ણ પરમાત્મા નિત્ય શુદ્ધ છે. અનાદિ અનંત કહ્યું ને એમાં ફેરફાર ન થાય કાંઈ. પરિણામમાં ફેરફાર થાય પણ દ્રવ્યમાં ફેરફાર ન થાય.

એકરૂપ આત્મા અનાદિ અનંત શુદ્ધ, પરિણામ માત્રથી જુદો છે તે હું છું. બસ, એટલું જ છે, બીજું કાંઈ શીખવાનું નથી. આ શીખવાનું છે.

કર્મ પુદ્ગલો સાથે એકરૂપ હોવા છતાં એટલે કર્મનો સંબંધ સિદ્ધ કર્યો, સંસાર અવસ્થા સિદ્ધ કરી. સંસાર સિદ્ધ કરે ત્યારે કર્મનો સંબંધ હોય ત્યારે સંસાર સિદ્ધ થાય. તો હવે કર્મનો સંબંધ થયો છે અનાદિથી, કર્મ સત્તામાં છે. તે ખરવા વખતે ઉદયમાં આવે છે. જ્યારે તે ખરવાનો કાળ થાય છે ત્યારે અજ્ઞાની જીવ તેમાં જોડાય જાય છે. અજ્ઞાની જીવ એટલે તેની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


વર્તમાન અવસ્થા, જીવ તો જોડાતો જ નથી. પણ તેની અવસ્થા કર્મના ઉદયના કાળે તેની સન્મુખ થઈને એનું લક્ષ કરે છે. તે જીવમાં એટલે કે તેની પર્યાયમાં રાગાદિ ઉત્પન્ન થાય છે.

એ રાગાદિનું નિમિત્ત પામીને જૂના કર્મની સત્તા સિદ્ધ કરી, કર્મનો ઉદય સિદ્ધ કર્યો. કર્મના ઉદયમાં સ્વભાવથી ચ્યુત થયેલો આત્મા તેમાં જોડાય છે અને રાગાદિ ઉત્પન્ન થાય છે, તે સિદ્ધ કર્યું. અને રાગના નિમિત્તે નવી પુણ્ય ને પાપ પ્રકૃતિનો બંધ પણ થાય છે એ વાત સિદ્ધ કરી. આવી સ્થિતિ હોવાના કાળે પણ કર્મમાં જે શુભાશુભભાવ નિમિત્ત થાય છે તેના સ્વભાવે આત્મા પરિણમતો નથી, થતો નથી, એ રૂપે થતો નથી. નિમિત્ત નૈમિત્તિક સંબંધના કાળે નિમિત્ત-નૈમિત્તિક સંબધથી ભિન્ન છે.

કર્મના બંધમાં આત્મા નિમિત્ત થતો નથી. રાગ નિમિત્ત થાય છે. રાગ કેમ નિમિત્ત થાય છે ? કે જૂના કર્મના ઉદયમાં જોડાય છે. કર્મની સત્તા સિદ્ધ કરી-આ કરણાનુયોગ સિદ્ધ કરે છે કર્મની થીયરી. (૧) કર્મની સત્તા છે. (૨) કર્મ ઉદયમાં આવે છે. (૩) એમાં પરિણામ જોડાય છે. (૪) જોડાતા શુભાશુભભાવ થાય છે. (૫) શુભાશુભ ઉત્પન્ન થતા નવા કર્મનો બંધ થાય છે. આવી સ્થિતિના કાળે પણ શુભાશુભ ભાવ પ્રગટ થાય તે વખતે પણ તે તેના સ્વભાવે થતો નથી. ચેતન મટીને જડ થતો નથી.

ભલે સ્થિતિ વિશેષમાં થાય ગમે તેટલી, વિશેષમાં તો તમે ભૂતકાળમાં જુઓ તો વિશેષમાં એટલા પ્રકારના સ્વાંગ આવ્યા કે એ વિશેષના સ્વાંગકાળે પણ ભગવાન પોતાનો સ્વભાવ છોડતો નથી. નિજભાવને છોડે નહિ અને પરભાવરૂપે થાય નહિ. આસ્ત્રવરૂપે આત્મા થતો નથી. આસ્ત્રવમાં આત્મા આવતો નથી.

કર્મની સત્તા છે. કર્મ પુદ્‌ગલો સાથે એકરૂપ હોવા છતાં, હવે આમ દ્રવ્યથી લ્યે છે. કે દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો, પર્યાયથી ન જોવામાં આવે અને તેના લુખ્ખા સ્વભાવથી જોવામાં આવે અનાદિ અનંત, જોવામાં આવે તો દુરંત કષાયચક્રના ઉદયની જે કર્મનો ઉદય આવે છે તે દુરંત છે. તેને ટાળવો બહુ મુશ્કેલ છે. તેનો અંત ઘડીકમાં ન આવે. એવો કર્મનો ઉદય આવે છે. કષાયચક્રના ઉદયની એ જડકર્મ લેવા અનેક પ્રકારનાં ચિત્ર વિચિત્ર ઉદય આવે છે. શાતા અશાતાના ઉદયની વિચિત્રતાના વશે આત્મા તેને વશ થઈ જાય છે. તેનો જ્ઞાતા રહેતો નથી. તે તેમાં જોડાઈ જાય છે. ઉદય રાગનો આવ્યો તો હું રાગી, ક્રોધનો ઉદય આવ્યો તો હું ક્રોધી. ક્રોધનો ઉદય આવે છે ખરેખર કર્મમાં, આત્મામાં થાય છે જ્ઞાન. ક્રોધ થાય છે જડ કર્મમાં ક્રોધ છે તે જડકર્મનો ભાવકર્મ છે.

જીવની પર્યાયમાંય ભાવકર્મ થતા નથી. ભાવકર્મ જીવ સંબંધી અને અજીવ સંબંધી બે પ્રકારે ભાવ કર્મ થાય છે. પણ પ્રથમ તો એ જે અનુભાગ બંધાણો છે, ક્રોધ, માન, માયા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લોભનો એ જડકર્મનો અનુભાગ છે. એ ઉદય જડ કર્મમાં આવે છે ક્રોધનો અને એ ઉદય જ્ઞાનની સ્વચ્છ પર્યાયમાં જણાય છે અજ્ઞાનીને, એ સ્વચ્છ પર્યાયમાં જણાય ત્યારે જ્ઞાનને ભૂલીને હું ક્રોધી એમ ક્રોધમાં એકત્વ કરે છે. અને એકત્વ કરીને શુભાશુભભાવે પરિણમે છે. તો પણ ભગવાન આત્મા એ રૂપે થતો નથી. ચેતન મટીને જડરૂપે થતો નથી. ''જડ ભાવે જડ પરિણમે ચેતન ચેતન ભાવ'' ઈ આ. ચેતનપણું છોડતો નથી આત્મા. કેમકે શુભાશુભ ભાવમાં ચેતનતાનો અભાવ છે. જડ પ્યોર જડ છે અજ્ઞાન આ જે વાત છે ને એ બહુ રહસ્યવાળી વાત છે.

છેલ્લી લીટીમાં આ વાત છે જે વાત મેં પહેલાં કરી તે છેલ્લી લીટીમાં છે. તે જ સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્ન, એમાં છે ઈ. એક અજીવ સંબંધે ભાવ કર્મ અને એક જીવ સંબંધે ભાવ કર્મ બે પ્રકારના ભાવ કર્મો છે. એક જીવ મિથ્યાત્વ અને બીજું અજીવ મિથ્યાત્વ. જેમ જયસેન આચાર્ય ભગવાને બે ભાવ લીધા છે તેમ અમૃતચંદ્રાચાર્યે પણ બે ભાવ લીધા છે.

હવે પૂર્વે અજ્ઞાનભાવે કર્મ બંધાણા તેમાં ક્રોધ માન માયા લોભ મોહ આદિના રસો છે ઈ તો કર્મનો બંધ થઈ ગયો છે. ઉદયકાળે એ પ્રગટ થાય છે કષાય. કષાય પર્યાય પરિણત પુદ્‌ગલ જડ દ્રવ્યકર્મ. એ દ્રવ્યકર્મનો ભાવકર્મ તેમાં અનુભાગ છે તેમાં. તેનો પ્રતિભાસ જ્ઞાનમાં થાય છે એ જ્ઞાનની સ્વચ્છતા છે. ઉપયોગ પ્રગટ થાય છે. અજ્ઞાન પ્રગટ નથી થતું. તે ઉપયોગમાં દ્રવ્યકર્મનું ભાવકર્મ જણાય છે. જાણવાના કાળે હું જ્ઞાન ને આ જ્ઞેય એવા ભેદ વિજ્ઞાનથી શૂન્ય હોવાના કારણે તે જ્ઞેયને પોતાપણે માને છે. પોતાપણે માને ત્યારે એને નિમિત્ત કહેવાય. જ્ઞેયપણે જાણે તો તો અહીં જ્ઞાન થઈ જાય.

છે તો જ્ઞેય. ક્રોધનો ઉદય પણ જ્ઞેય છે, નિમિત્ત નથી. પણ તેને નિમિત્ત નામ ક્યારે અપાય કે અહિં જ્યારે હું ક્રોધી એવા નૈમિત્તિક ભાવે પરિણમું, જો નૈમિત્તિક ભાવ પ્રગટ થાય ત્યારે તેને નિમિત્ત કહેવાય. જો નૈમિત્તિક ભાવ પ્રગટ ન થાય તો તેનું નામ નિમિત્ત નથી. તો એનું નામ જ્ઞેય થઈ જાય છે. આ એકદમ સૂક્ષ્મ સંધિ છે. સંસાર અવસ્થા કેમ પ્રગટ થાય છે અને આ સૂક્ષ્મ વાત જેને ખ્યાલમાં આવે તેને ભાવકર્મ, દ્રવ્યકર્મના જ પરિણામ છે. અને મારામાં તો જ્ઞાન થાય છે. એવું ભેદજ્ઞાન થઈને અનુભવ થાય.

આત્મામાં રાગાદિ થતા જ નથી. રાગાદિ બીજે થાય છે. બીજે થતા રાગાદિ જ્ઞાનમાં જણાય છે, જ્ઞાનમાં આવતા નથી. જેમ ખાટા મીઠા પદાર્થો જ્ઞાનમાં જણાય છે પણ કાંઈ ખાટા મીઠા ભાવો જ્ઞાનમાં આવતા નથી. જ્ઞાન ખાટું થાય છે ? જ્ઞાન મીઠું થાય છે ? જ્ઞાન કડવું થાય છે ? નહિં. જ્ઞાન તો જ્ઞાન છે. હવે ખાટા મીઠા જે પદાર્થો એ પદાર્થોનો જે અનુભાગ એનું નામ રસ છે, તે જ્ઞાનપદમાં જણાય છે. એ જાણવાના કાળે ઠીક અઠીકની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કલ્પના કરે છે, તો રાગ દ્વેષ થાય છે.

એમ જે કર્મ છે તેમાં તેનો અનુભાગ રસ છે. ક્રોધ, માન, માયા, લોભ એ બધા મિથ્યાત્વ અવ્રત કષાય ને યોગ એ ચારે પ્રકાર કર્મની સ્થિતિમાં પડેલા છે. અને ખરવાના કાળે ઉદયમાં આવે છે. ઉદયમાં આવે છે તે જ્ઞાનમાં જણાય છે. જાણવાના કાળે હું જાણનાર છું એ ભૂલાય ગયું અને જાણનાર જણાય છે એ ખ્યાલમાં ન આવ્યું. અને કર્મ જણાય છે એના પર લક્ષ ગયું અને મને રાગ જણાય છે ને જ્ઞાન જણાતું નથી, એનું નામ અજ્ઞાન છે.

ભલે શુભાશુભ ભાવ થાય કહે છે, તો પણ, જુઓ કષાયોના ઉદયની વિચિત્રતાના વશે પુણ્ય પાપને ઉત્પન્ન કરનાર પ્રકૃત્તિનો બંધ થાય તેને ઉત્પન્ન કરનાર એટલે નિમિત્તપણે ઉત્પન્ન કરનાર, એનું નિમિત્ત કોણ છે ? જીવ તત્ત્વ નિમિત્ત નથી. એનું નિમિત્ત શુભાશુભભાવ આસ્ત્રવ નિમિત્ત છે.

આ એક ગાથામાં તો બધા સિદ્ધાંતો, આખો સમયસારનો સાર ભરી દીધો છે. બાર ગાથામાં સંક્ષેપ રુચિવાળો જીવ પામી જાય છે. થોડામાં ઘણું ભરી દીધું છે. એટલે કહે છે કે ભલે શુભાશુભભાવ થાય, પણ એ કર્મના બંધમાં એ નિમિત્ત છે. એને ઉત્પન્ન કોણ કરે છે ? નિમિત્તપણે નિમિત્ત કર્તા કોણ ? જીવ નિમિત્ત કર્તા નથી. સાત અથવા આઠ કર્મ બંધાય છે તે તેની યોગ્યતાથી બંધાય છે. તેમાં નિમિત્ત કારણ જીવ નથી. તેમાં નિમિત્ત કારણ શુભાશુભ ભાવ છે.

હવે શુભાશુભ ભાવરૂપે પરિણમી જાય તો તો આત્મા અને શુભાશુભ ભાવ એક થઈ જાય અને આત્મા નિમિત્ત થઈ જાય. તો નિમિત્ત બનતા નિત્ય કર્તાનો દોષ આવે માટે આત્મા એ વખતે તેનું નિમિત્ત થતો નથી. એક અંશ નિમિત્ત થાય છે એ વખતે બીજો અંશ નિમિત્ત થતો નથી. વિશેષ નિમિત્ત થાય છે અને સામાન્ય નિમિત્ત થતું નથી. એ તો જુદું ને જુદું રહી જાય છે.

એમ કહ્યું ને પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર જીવ નહીં. શું કહે છે ? સમસ્ત અનેકરૂપ શુભાશુભભાવો. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ રાગની સાથે છે, જીવની સાથે નથી. નવા પુણ્ય-પાપ ઉત્પન્ન થાય છે અજ્ઞાનીને, બંધાય છે તેમ કહ્યું. પણ તેનું નિમિત્ત કારણ શુભાશુભભાવ છે. શુભાશુભભાવ નિમિત્ત થાય છે ત્યારે તે શુભાશુભભાવનો કર્તા થતો નથી કારણ કે એ રૂપે થતો જ નથી, થાય તો કર્તાકર્મ સંબંધ થાય. પણ શુભાશુભભાવ સ્વયંકૃત છે. જીવકૃત નથી. અથવા કર્મ કહો તો કર્મકૃત છે પણ જીવકૃત તો નથી. કર્મકૃત એટલે જૂના કર્મના ઉદયના વિપાકરૂપ થાય છે. માટે તેને કર્મકૃત કહો યા તો પર્યાયકૃત કહો. પણ જીવકૃત તો શુભાશુભ છે જ નહિ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવની સાથે કર્તા કર્મ સંબંધનો અજ્ઞાનભાવમાં પણ અભાવ છે. અજ્ઞાનદશામાં પણ કર્તાકર્મ સંબંધનો અભાવ છે. કેમકે આત્મા અકર્તાપણું છોડી એક સમય પૂરતો પણ રાગનો કર્તા બની શકતો નથી. એક ગાથા બસ છે. કારણ આપ્યું ને કર્મ બંધાય છે તેનો સ્વીકાર કર્યો. અજ્ઞાનીને કર્મ બંધાય છે અને કર્મબંધમાં કારણ કોણ છે ? કે અજ્ઞાનીનો અજ્ઞાનભાવ શુભાશુભભાવ અને આત્મા તેનું કારણ કેમ નથી ? કે આત્મા એ રૂપે પરિણમતો નથી. શુભાશુભરૂપે આત્મા થતો જ નથી. આહા ! માટે એ કારણ થતો નથી, કર્મના બંધમાં એ નિમિત્ત કારણ નથી. ઉપાદાન કારણ કર્મનું કર્મમાં છે. નિમિત્ત કારણ રાગ છે. પણ રાગરૂપે આત્મા પરિણમતો નથી. માટે આત્મા વ્યાપ્ય વ્યાપક ભાવે કર્તા નથી અને નિમિત્ત-નૈમિત્તિક ભાવે પણ કર્તા નથી. આહા !

એનામાં નિમિત્ત થવાની યોગ્યતા જ નથી, કર્તા પણ નથી ને કારણ પણ નથી. બે શબ્દ છે. કર્તા, કારયિતા, અનુમોદક ને કારણ પણ નથી. ચાર બોલ આવે છે. ચારનો અભાવ છે આત્મામાં. આત્મા ઉપાદાનપણે કર્તા નથી ને કારણ નથી નિમિત્તપણે કર્તા કે કારણ પણ નથી. આત્મા હેતુ થતો નથી. કોઈ પણ જગતના પદાર્થ પરિણમે તેમાં કોઈ કારણ નથી. બીજાના સમ્યગ્દર્શનમાં આત્મા કારણ નથી. બીજાના મિથ્યાત્વમાં તો કારણ નથી. પોતામાં ઉત્પન્ન થતો મિથ્યાભાવ તેનું ય કારણ નથી. અને પોતાના સમ્યગ્દર્શન પ્રગટ થાય તેનુંય કારણ આત્મા નથી અને જો આત્માના કારણે સમ્યગ્દર્શન થતું હોય તો આત્મા તો પ્રથમથી જ હતો, અને જો સમ્યગ્દર્શનનું કારણ હોય તો મિથ્યાત્વનું કારણ પણ થઈ જાય. માટે અકારણ પરમાત્મા છે.

શુભાશુભ ભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી. પરિણમતો નથી એટલે થતો નથી. પ્રાણભાઈ કામદારે પૂછ્યું હતું કે પરિણમતો નથી એટલે શું ? પરિણમતો નથી એટલે એ રૂપે થતો નથી. એને એમ કે એ રૂપે પરિણમે તો છે ને ? નહિ, પરિણમતો નથી એટલે એ રૂપે થતો નથી, એવો અર્થ છે. પરિણમે છે શુભાશુભભાવે આત્મા એમ નથી. આત્મા જ્ઞાન રૂપે ય પરિણમતો નથી, મોક્ષ રૂપેય પરિણમતો નથી તો એ કર્મરૂપે ક્યાંથી પરિણમે ? એ તો અપરિણામી પદાર્થ છે.

''ન ભવતિ'' શબ્દ છે. તે રૂપે થતો નથી. **''शुभाशुभभावनां स्वभावेनापरिणम-नात्प्रमत्तोहप्रमत्तश्व न भवति-** ''ન ભવતિ'' એ રૂપે થતો નથી. પણ થાય ક્યાંથી ? પ્રમત્ત અપ્રમ ત્રરૂપે પણ ન થાય એટલે એ સ્વભાવે પરિણમતો નથી. એટલે એ રૂપે થતો નથી. આત્મા આસ્ત્રવરૂપે ક્યાંથી થાય ? જીવ જો આસ્ત્રવરૂપે થઈ જાય તો બેયનો નાશ થાય. આસ્ત્રવની સિદ્ધિ ન થાય ને જીવની પણ સિદ્ધિ ન થાય આસ્ત્રવ આસ્ત્રવ ભાવે છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવ જીવ ભાવે છે માટે આસ્ત્રવરૂપે થતો નથી. મિથ્યાત્વરૂપે આત્મા પરિણમતો નથી. આહા !

તો મિથ્યાત્વરૂપે કોણ પરિણમે છે ? અજીવ પરિણમે છે, હું નહીં. મિથ્યાત્વ હોય ત્યાં સુધી એમ વિચારવું કે અજીવ પરિણમે છે હું નથી પરિણમતો. હું પરિણમ્યો છું એમ લેશો તો તેની સાથેની એકતાબુદ્ધિ ક્યારેય તૂટશે નહિ અથવા પુદ્‌ગલ પરિણમે છે, અજીવ પરિણમે છે, અનાત્મા પરિણમે છે. આત્મા પરિણમતો નથી. આસ્ત્રવરૂપે આત્મા પરિણમતો નથી. શુભાશુભભાવે પરિણમતો નથી એટલે મિથ્યાત્વ, અવ્રત, કષાય ને યોગરૂપે આત્મા થતો નથી. નિજ ભાવને છોડે નહિ અને પરભાવને ગ્રહે નહિ. ''ન ભવતિ'' એ રૂપે થતો નથી. તેથી પ્રમત્ત પણ નથી ને અપ્રમત્ત પણ નથી.

હવે એ વાત સિદ્ધ કરી કે ત્રિકાળી દ્રવ્યનો નિશ્ચય બતાવ્યો. હવે પર્યાયનો નિશ્ચય પ્રગટ થાય ત્યારે અનુભવ થાય. તે હવે વાત કરે છે. તે જ સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે, પોતાના વિભાવ ભાવોથી ભિન્નપણે એમ લખ્યું નથી, કેમકે પોતામાં વિભાવભાવ થતો જ નથી, તો તેનાથી ભેદજ્ઞાન ન હોય. સૂક્ષ્મ વાત છે જરા. બેન સમજાણું આમાં. કેમકે વિભાવભાવરૂપે પોતે પરિણમતો જ નથી, તો એનાથી ભેદજ્ઞાન અમારે શું કરવું ? ઈ તો ઉપર કહી દીધું કે શુભાશુભભાવ તેના સ્વભાવે પરિણમતો જ નથી, થતો જ નથી. ત્યારે હવે શું કરવું ? અનુભવ કેમ થાય ? કે પરદ્રવ્યનું લક્ષ છોડી દે, નિમિત્તનું લક્ષ છૂટ્યું શું ને ઉપાદાનનું લક્ષ થયું શું ?

અહીંયા નિમિત્તને પછી નૈમિત્તિકનું લક્ષ છોડ એ લાઈન લીધી જ નથી. નૈમિત્તિકભાવ જ ઉત્પન્ન ન થાય બેન-નૈમિત્તિક ભાવ ઉત્પન્ન થાય આસ્ત્રવ ને પછી આસ્ત્રવથી ભેદજ્ઞાન કરવું એમ નહિ. અરે આસ્ત્રવની ઉત્પત્તિ જ ન થાય, અને આસ્ત્રવની ઉત્પત્તિ ન થાય તો સંવર સીધો ઉત્પન્ન થાય. આહા !

આ છે ને સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે, એ બધા રાગદ્વેષ-ક્રોધ, માન, માયા, લોભ એ બધા અન્ય દ્રવ્યોના ભાવો છે, બીજાની સત્તામાં થાય છે. પોતાની સત્તામાં થાય છે ને ભેદજ્ઞાન કરવું એમ નહિ, એક જીવ તત્ત્વ અને બીજું અજીવતત્ત્વ, બે જ તત્ત્વ છે, ત્રીજું તત્ત્વ નથી. તું અજીવનું લક્ષ છોડી દે તો તને જીવનું લક્ષ થશે. પરને જાણવું સર્વથા બંધ કરી દે. પર જણાતું જ નથી. અન્ય દ્રવ્યના ભાવો જણાતા જ નથી. અન્ય દ્રવ્ય જગતમાં છે જ નહીં. હું એકલો જ છું સપ્તમ્ દ્રવ્ય.

એ સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે. આહા ! આ પર્યાયનો નિશ્ચય બતાવ્યો. કે જ્યારે જીવ અનાદિકાળથી પરનું લક્ષ કરીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણમે છે, નિમિત્તના લક્ષે પ્રવૃત્તિ કરે છે તે નિમિત્તનું લક્ષ છૂટી જાય છે અથવા જ્ઞેયનું લક્ષ છૂટી જાય છે. છે તો જ્ઞેય જ. પર જ્ઞેયનું લક્ષ છૂટે છે ને સ્વજ્ઞાયક એવા જ્ઞેયનું લક્ષ પ્રગટ થાય છે. એટલે વચ્ચે જે આસ્ત્રવ ઉત્પન્ન થતો હતો. તેને બદલે સીધો સંવર પ્રગટ થઈ ગયો. ઈ આસ્ત્રવની ઉત્પત્તિ ન થવી અને સંવરની પ્રગટતા થવી તેનું નામ આસ્ત્રવનો નિરોધ છે.

સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે, અન્ય દ્રવ્યનું લક્ષ છૂટી જાય છે ને એકલા જ્ઞાયકનું લક્ષ આવે છે. આહા ! હું એક જ્ઞાયક છું એમ જ્ઞાયકની ઉપાસના કરતાં હું શુદ્ધ જ છું એવો આત્માનો અનુભવ થઈ જાય છે

પછી બીજો પારો કે જે આત્મા જાણવામાં આવ્યો તે તો તે જ છે. બીજો પારો જ્ઞાનની પ્રધાનતાથી આમાં દૃષ્ટિની પ્રધાનતાથી વાત કરી. હવે જ્ઞાનની પ્રધાનતાથી બીજો પારો. આમાં જ્ઞાનની પ્રધાનતા રાખી જ નથી. એ આસ્ત્રવ આત્માથી ભિન્ન છે એમ નહિ, પર દ્રવ્યનું લક્ષ છૂટી જશે. શુભાશુભભાવ થશે જ નહીં. શુદ્ધોપયોગ થશે સીધો. ઓનું જ્ઞાન કરાવ્યું. પણ હવે જ્ઞાન કરાવી ને આત્માનો અનુભવ કેમ થાય ? સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવથી ભિન્નપણે ઉપાસવામાં આવતા, પર પદાર્થ જણાતા જ નથી, પર પદાર્થ જણાય તો રાગ-દ્વેષ થાય ને ? ખરેખર પર દ્રવ્ય જણાતા નથી જાણનાર જણાય છે, એ વાત આવીને ઊભી રહી ગઈ.

ગુરુદેવે ખુલાસો કર્યો છે કે પર દ્રવ્યના લક્ષે વિભાવભાવ થાય ને એનાથી ભેદજ્ઞાન કરવું એમ નહીં. વિભાવભાવ ઉત્પન્ન જ ન થાય એમ. અજીવ સંબંધી જે ભાવકર્મ એનું લક્ષ છૂટી જાય છે. આ અજીવમાં રાગ થાય છે એમ નહિ. અજીવને જોવાનું સર્વથા બંધ કરી દે. પર્યાયાર્થિક ચક્ષુ સર્વથા બંધ કરવાનું કહે છે. પરને જાણવાનું બંધ કર તો આત્મા જાણનાર જણાશે. પર પદાર્થ જ્યાં સુધી જણાશે ત્યાં સુધી અજ્ઞાન છે. પર પદાર્થ જણાય છે તે વિષયને સેવે છે પરપદાર્થને હું જાણું છું એવો ભેદ જણાય તે વિષયને સેવે છે. પર ભાવને હું કરું છું તે કષાયને સેવે છે. વિષય કષાયને સેવે છે. એક સમય પણ જ્ઞાનને સેવતો નથી.

પર પદાર્થ જણાય છે તેમાં આસ્ત્રવની ઉત્પત્તિ થાય છે અને તે પર પદાર્થ જણાવો બંધ થાય ત્યારે જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે. ત્યારે સંવરની પ્રગટના અનુભવ થાય છે. બહુ ઘણી ગૂઢ અને ગંભીર ગાથા છે.

ભૂલ બતાવી પણ ભૂલ કેમ ટળે તે બતાવવું છે. ભૂલનું જ્ઞાન કરાવી ભૂલ કેમ ટળી જાય તે બતાવે છે. એવી ભ્રાંતિ છે કે હું પરિણમું છું શુભાશુભભાવે ? ભ્રાંતિ છે ભ્રાંતિ. તું તો જ્ઞાનરૂપે પરિણમી રહ્યો છે. જ્ઞાનમાં જ્ઞેયપણે પર જણાય છે ઈ છોડી દે, એ તારું જ્ઞેય નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઈ જાણવાનો વિષય જ નથી. જાણવાનો વિષય તો જ્ઞાન જેનું છે તેને જાણને આત્માને. આપોઆપ શાંતિ થશે તને મોક્ષમાર્ગ પ્રગટી જશે. આખરે તો જાણનાર જણાય છે એ આવ્યું ખરેખર પર જણાતું નથી, એ કહે છે. છેલ્લી લીટીમાં છે. ખરેખર પર જણાતું નથી જાણનાર જણાય છે.

ઓમાં ''તદ્રૂપો ન ભવતિ'' ૩૨૦ ગાથામાં કહ્યું આમાં પ્રમત્ત અપ્રમત્તરૂપે થતો નથી તેમ કહ્યું. પરભાવરૂપે કોઈ દિવસ આત્મા થાય નહીં. નિજ ભાવને છોડે નહિ પર ભાવને ગ્રહે નહિ. અસદ્ભૂત વ્યવહારના કથનને સાચું માની લીધું. આત્મામાં રાગ થાય છે તે અસદ્ભૂત ઉપચરિત કથન છે. ચાર પ્રકારની નયમાં આ લીધું છે. આત્મામાં રાગ થાય છે, બુદ્ધિપૂર્વક કે અબુદ્ધિપૂર્વક ઉપચિરત કે અનુપરિચિત એ કાઢી નાખો. આત્મામાં રાગ થાય છે ઈ અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે તે કથન જુઠું છે. થાય છે જ્ઞાન ને વ્યવહારનય કહે છે કે આત્મામાં રાગ થાય છે તે અસદ્ભૂત વ્યવહારનય છે. તેમાં ઉપચરિત કે અનુપરિચિત-બુદ્ધિપૂર્વક કે અબુદ્ધિપૂર્વક એનું કાંઈ નહીં. અસદ્ભૂત વ્યવહાર એટલે કે આત્મામાં રાગ થતો નથી ને છતાં થાય છે તેમ કહેવું તે અસદ્ભૂત વ્યવહારનય છે. થાય છે જ્ઞાન.

છેલ્લી લીટી બહુ ઊંચી છે. સમસ્ત અન્ય દ્રવ્યના ભાવો છે. ક્રોધ, માન, માયા, લોભ એ જીવ દ્રવ્યના ભાવો નથી અન્ય દ્રવ્યના ભાવો છે. પણ એમાં રાગ થાય છે એમ જાણવામાં વાંધો શું ? મરી ગયો તું. એ જ તો ભ્રાંતિ છે. ઈ તો પર્યાયાર્થિક ચક્ષુ ખુલ્લી રાખી તેં, રાગને જાણવાનું બંધ કરી દે. આત્મામાં તો થતો જ નથી પણ બીજે થાય છે. તે હકીકત છે તો તેને જાણવાનું બંધ કરી દે, (શ્રોતા :- જણાતો જ નથી માટે જાણવાનું બંધ કરી દે.) જણાતો જ નથી.

પ્રત્યેક જીવને જ્ઞાયક જ જણાય છે. રાગ જણાતો જ નથી, રાગ જણાય છે ઈ ભ્રાંતિ છે. એ જ્ઞેય જ્ઞાયકનો સંકરદોષ થાય છે અને ઈન્દ્રિયજ્ઞાન પ્રગટ થઈ જાય છે. આત્મા પરને જાણતો નથી એ વાત તો અપૂર્વ છે. વ્યવહારનો નિષેધ એ નિશ્ચયની પ્રાપ્તિનો ઉપાય છે પરને જાણં છું એ વ્યવહારનો પક્ષ છે અજ્ઞાન છે. સ્વપરપ્રકાશક છે એ પણ અજ્ઞાન છે. સ્વપરપ્રકાશક સામાન્ય છે. સ્વપરપ્રકાશક નિશ્ચય પણ નથી ને વ્યવહાર પણ નથી. સ્વપરપ્રકાશકનો વ્યવહાર તો અંદર નિશ્ચય સ્વપરપ્રકાશક પ્રગટ થાય તો તેને વ્યવહાર સ્વપરપ્રકાશક લાગુ પડે. અજ્ઞાનીને સ્વપ્રકાશક પણ નથી ને સ્વપરપ્રકાશક પણ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન નં. ૧૧

દિવાનપરા -રાજકોટ

તા. ૭-૭-૮૯

શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. એનો પ્રથમ જીવ નામનો અધિકાર એની છઠ્ઠી ગાથા છે. એમાં શિષ્યનો પ્રશ્ન છે કે આપ જે કહેવા માગો છો, એકત્વ વિભક્ત આત્માની વાત, અનંતગુણથી એકપણું અને અનંત પરિણામથી વિભક્ત નામ જુદાપણું, એવો આત્મા મારે તમને કહેવો છે. અને એનો અનુભવ કેમ થાય ? એ વિધિ પણ મારે તમને કહેવી છે. તારા પ્રશ્નનો ઉત્તર હું કહીશ. એ પ્રશ્નના ઉત્તરમાં છઠ્ઠી ગાથા આવી છે.

પહેલાં પારામાં એમ કહ્યું કે આ આત્મા છે, તે શુભાશુભરૂપે પરિણમતો નથી. આમાં ''ન ભવતિ'' કહ્યું ને ? ઓમાં ૩૨૦ ગાથામાં ''તદ્રૂપો ન ભવતિ'' આમાં એમ છે, કે **''શુભાશુભભાવાનાં સ્વભાવેનાપરિણમનાત્પ્રમતોડપ્રમતશ્ચ ન ભવતિ''** શુભાશુભભાવે પરિણમતો નથી, તેરૂપે થતો નથી, તે કારણે તે પ્રમત્ત અને અપ્રમત્ત બનતો પણ નથી. જો શુભાશુભરૂપે પરિણમે તો તો પ્રમત્ત અને એના અભાવરૂપે અપ્રમત્ત દશા આવી જાય. પણ સ્વસમય અને પરસમય એ જીવનું ખરું સ્વરૂપ નથી, એ સ્વાંગ છે.

મારે એ આત્મા બતાવવો છે, કે જે એ રૂપે પરિણમતો જ નથી, આસ્રવરૂપે પરિણમતો નથી. એટલે આસ્રવના અભાવપૂર્વક સંવરરૂપે પરિણમતો નથી. બંધરૂપે પરિણમતો નથી. એટલે બંધના અભાવપૂર્વક થતી મોક્ષદશા અપ્રમત્ત એરૂપે પણ પરિણમતો નથી. એટલે બંધ-મોક્ષરૂપે થતો જ નથી. બંધ મોક્ષરૂપે પરિણમતો જ નથી. ''તદ્રૂપો ન ભવતિ'' તે રૂપે થતો નથી. તે કારણે તે પ્રમત્ત અને અપ્રમત્ત નથી. પરિણમે તો ને ? પરિણમતો જ નથી. એ ભાવે થતો જ નથી, તેથી એનાથી આત્મા જુદો છે. એ શુદ્ધાત્માનું સ્વરૂપ છે. અને એને લક્ષમાં લેતા એને નિર્વિકલ્પ આત્માનો અનુભવ થઈ ને સમ્યગ્દર્શન થાય છે.

હવે એ વાત કરી કે શુદ્ધાત્માનું સ્વરૂપ કેવું છે ? કે પ્રમત્ત અપ્રમત્તથી રહિત, બંધ મોક્ષની રચનાથી રહિત દૂર છે એનાથી. હવે એ તો શુદ્ધાત્માનું સ્વરૂપ કહ્યું. હવે એ શુદ્ધાત્માનું જે સ્વરૂપ કહ્યું, દૃષ્ટિનો વિષય આપ્યો, એને લક્ષમાં કેમ લેવો ? એ તો વસ્તુ છે, એ તો છેપણું બતાવ્યું. પણ છે એ અનુભવમાં આવવી જોઈએ ને ચીજ ? એ અનુભવમાં કેમ આવે ? વસ્તુ તો છે, પ્રમત્ત અપ્રમત્તથી રહિત, શુદ્ધાત્મા, જીવતત્ત્વ, જીવાસ્તિકાય તો છે. પણ એને લક્ષમાં કેમ લેવો ? અનુભવ કેમ કરવો ? એની વિધિ હવે બતાવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'તે જ' એમ, ઓલો દૃષ્ટિનો વિષય આપ્યો. એ દૃષ્ટિના વિષયમાં દ્રવ્યનો નિશ્ચય કહ્યો. હવે પર્યાયના નિશ્ચયમાં જ અનુભવ થાય. પર્યાયના વ્યવહારમાં અનુભવ ન થાય. જ્ઞાનની પર્યાય પરને જાણે છે એમાં અનુભવ ન થાય અને સ્વપર બેને જાણે છે એમાં પણ અનુભવ ન થાય. સ્વપર બેનું લક્ષ ન હોય. સ્વપર બેને જાણે તો બેનું લક્ષ થાય, પણ એમાં અનુભવ ન થાય. ત્યારે શું કરવું ? જે કહ્યો શુદ્ધાત્મા, તે જ સમસ્ત બધા પ્રકારના અન્ય દ્રવ્યોના જે ભાવો, અન્ય દ્રવ્યોના ભાવો, અન્ય દ્રવ્યના નિમિત્તે થતાં પોતાનો વિભાવ એમ નહીં બિલકુલ.

અહીંયા મોહની ઉત્પત્તિ જ ન થાય, મોહની ઉત્પત્તિ થાય આસ્રવની, અને એનાથી ભેદજ્ઞાન કરાવવું, એમ નહીં. શરીર પર માટી લગાડવી ને પછી સ્નાન કરવું એમ નહીં. માટી જ લગાડવી નહીં. શરીર મેલું જ ન થાય તો સ્નાન કરવાની જરૂર પણ ન પડે. એવી આ એક પદ્ધતિ બતાવી છે. કે તે જ, જે શુદ્ધાત્મા છે તે, સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે એટલે કે અન્ય દ્રવ્યો, જે કર્મ ને નોકર્મ છે, એ કર્મમાં રાગ દ્વેષ, સુખ દુઃખનો અનુભાગ છે. અને નોકર્મમાં ખાટા મીઠાનો અનુભાગ છે. એ બેયનું લક્ષ તું છોડી દે. એના લક્ષે જે મોહ થાય છે, એનું લક્ષ છૂટતાં મોહની ઉત્પત્તિ જ નહીં થાય. તને શુદ્ધાત્માનો અનુભવ થાશે.

સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી, (શ્રોતા :-- બિલકુલ સાચી પદ્ધતિ છે) સાચી પદ્ધતિ છે. નિમિત્તનું લક્ષ હોય તો નૈમિત્તિક થાય, પણ નિમિત્તનું લક્ષ જ છૂટી જાય, તો નૈમિત્તિક ભાવનો જન્મ જ ન થાય અને સ્વભાવભાવનો જન્મ થાય. કાં નૈમિત્તિકનો જન્મ થાય અને કાં સ્વભાવભાવની પર્યાયનો જન્મ થાય. હવે કહે છે કે સ્વભાવભાવની પર્યાયનો જન્મ કેમ થાય, કે નૈમિત્તિકનો જન્મ ન થાય તો, કે નૈમિત્તિકનો જન્મ કેમ ન થાય ? કે નિમિત્તનું લક્ષ છૂટે તો. નિમિત્તના લક્ષે નૈમિત્તિક થાય છે ને ?

હવે જ્યાં નિમિત્તનું લક્ષ છૂટી ગયું, તો નૈમિત્તિક પર્યાય, વિભાવભાવ પ્રગટ જ ન થાય. અને એનું લક્ષ આત્મા ઉપર આવતા સ્વભાવ ભાવ જ પ્રગટ થાય. આત્માનો અનુભવ એમાં જ પ્રગટ થાય એમ કહે છે.

સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી (શ્રોતા :-- એકદમ સહી બાત કહી, કેમ કે લક્ષ કાં તો નિમિત્તનું હોય, કાં તો સ્વભાવનું હોય) બે હોય, ત્રીજું તો કાંઈ છે નહીં અને અનંત કાળથી નિમિત્તનું લક્ષ છે. અને નિમિત્તનાં બે પ્રકાર છે. એક કર્મ અને નોકર્મ. બીજી એક ગુપ્ત વાત એમાં એણે એ કરી, ગુપ્ત વાત છે એ. કે નોકર્મ એનું લક્ષ તો બુદ્ધિપૂર્વક થાય છે અને કર્મનું લક્ષ તો અબુદ્ધિપૂર્વક, એના તરફ વલણ છે કે ઈ એનું જ લક્ષ કર્યા કરે છે સમયે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સમયે. એનો ન્યાય એવો છે બેન, કે જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જાય છે ત્યારે નોકર્મ તો નથી, એટલે નોકર્મનું લક્ષ પણ નથી, નોકર્મનું લક્ષ ન હોવા છતાં પણ મિથ્યાત્વ છે. એનું કારણ કે કર્મનું લક્ષ છે. (શ્રોતા :- દ્રવ્ય કર્મનું લક્ષ છે) અહીંયા દ્રવ્ય કર્મનું લક્ષ છોડાવવું છે. કેમ કે નૈમિત્તિક ભાવની ઉત્પત્તિ દ્રવ્યકર્મના સંગે જ થાય છે.

(શ્રોતા :- દ્રવ્યકર્મના લક્ષે જ થાય છે) એ નિમિત્ત છે. નિયમરૂપ નિમિત્ત દ્રવ્યકર્મનો ઉદય છે. નોકર્મ નિયમરૂપ નિમિત્ત નથી. (શ્રોતા :- દ્રવ્યકર્મ જ નિયમરૂપ નિમિત્ત છે) એટલે એનો જ, અન્ય દ્રવ્યનો જે ભાવ છે, એનાથી ભિન્ન છે મારો આત્મા, એટલે એનું લક્ષ છોડી દે. (શ્રોતા :- એને જાણવાનું બંધ કરી દે) બંધ કરી દે પરને જાણવાનું. આહાહા ! પરને આત્મા જાણતો જ નથી, ઈ જે મેં વાત કરી, પછી ગુરુદેવે કહ્યું કે પર્યાયને જાણવાનું બંધ કર, પણ મેં કહ્યું કે આત્મા પરને જાણતો જ નથી ઈ આ વાત. હું તો ધડાકાબંધ કહેતો'તો કે આત્મા પરને જાણતો જ નથી. પરદ્રવ્યને જાણતો નથી એમ કહેતો'તો, ઈ આ. કહે છે કે પરદ્રવ્યને જાણવાનું બંધ કર. એ જ વાત આવી, સમજી ગયાને.

બે પ્રકાર છે, કે કાં આત્મા ને આસ્ત્રવનું ભેદજ્ઞાન કરાવે, કાં પરદ્રવ્ય ને સ્વદ્રવ્યનું ભેદજ્ઞાન કરાવે, એનો સરવાળો એક જ અનુભવ. પદ્ધતિ બે, પદ્ધતિના બે પ્રકાર પાડી ને સમજાવે છે. આત્મા ને આસ્રવનું ભેદજ્ઞાન, અને સ્વ ને પર બેયનું ભેદજ્ઞાન ઈ આ પર. પરનું લક્ષ છોડી દે. તારા જ્ઞાનનો વિષય જ નથી, તારા જ્ઞાનનું જ્ઞેય જ નથી. તારા જ્ઞાનનું જ્ઞેય તો જ્ઞાયક આત્મા છે. એમ કહે છે, કે તું એનું જાણવાનું બંધ કરી દે. લક્ષ છોડી દે. આહાહા !

સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો, ઈ કહે છે કે લક્ષ આત્મા ઉપર આવ્યું ત્યારે અનુભવ થયો, ત્યારે હું શુદ્ધ છું એમ એને પ્રતીતમાં આવ્યું, પ્રતીતમાં આવ્યું. એ દૃષ્ટિપ્રધાન કથનથી આ વાત છે, પછી જ્ઞાનપ્રધાન કથનથી વિશેષ સમજાવશે બીજા પારામાં. પણ દૃષ્ટિપ્રધાન કથનથી તો આ વાત કરી કે, સમસ્ત પર દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે પરદ્રવ્યોના ભાવોથી ભિન્ન, આ બધા જે તને દેખાય છે ને રાગ દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ ઈ સ્વદ્રવ્યનો ભાવ નથી. બેન ! એ સ્વદ્રવ્યના ભાવો નથી. તો જણાય તો છે, તો કોના ભાવો છે ? કે પરદ્રવ્યના ભાવો છે.

એટલે મૂળમાં આ ભાવ આ પર્યાયમાં નથી થતો, પણ બીજાની પર્યાયમાં થાય છે એમ કહેવા માંગે છે. બહુ ઝીણી વાત છે. (શ્રોતા :- બહુ ઝીણી વાત છે) હા, ''પુદ્ગલ સ્વભાવાત્'' તને જણાય છે ને તે, ઈ જણાય છે તે તારી પર્યાય નથી જણાતી. તારી પર્યાયમાં તો જ્ઞાન થાય છે, એ તો નિમિત્તભૂત જ્ઞેય છે. આ તો નૈમિત્તિકભૂત તારામાં તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન થાય છે. તારામાં રાગ નથી થતો. સમજી ગયા. રાગ થાય છે પુદ્ગલમાં, રાગી તો પુદ્ગલ છે. ઈ એનો રસ છે. તારા જ્ઞાનમાં જણાય છે ઈ વાત સાચી છે, પણ જે જણાય છે એ જીવની પર્યાય નથી જણાતી, અન્ય દ્રવ્યનો ભાવ તારા જ્ઞાનમાં જણાય છે. અને તને ખ્યાલ આવ્યો કે આ તો અન્ય દ્રવ્યનો ભાવ છે, મારો ભાવ નથી તો સીધો અંદર આવી જઈશ.

(શ્રોતા :- અન્ય દ્રવ્યનો ભાવ છે એમ જાણી એનું લક્ષ છોડી દેવાનું) લક્ષ છોડી દે બસ. પદાર્થ તો રહી ગયો. પદાર્થની સાથે ક્યાં સબંધ છે. પદાર્થ તો ભલે રહ્યો. કર્મનો ઉદય આવે ને ખરે છે. કર્મનું લક્ષ છોડી દે. કર્મને જાણવાનું બંધ કરી દે. ઈ જ્ઞાનનું જ્ઞેય નથી તારું. આહાહા ! જ્યાં સુધી જ્ઞાનનું જ્ઞેય બને છે, ત્યાં સુધી એ જ્ઞેય નહીં બને, પણ એ નિમિત્ત બની જશે અને નૈમિત્તિક થાશે. આખું જ્ઞેય ફરી ગયું. ભાઈ, આમાં તો આખું જ્ઞેય ફરી ગયું.

(શ્રોતા :- જ્ઞેય ફરી ગયું) ઈ શબ્દ, સમજી ગયા. ઓલી બહેનનો શબ્દ, ભાઈ આમાં તો આખું જ્ઞેય ફરી ગયું. મેં કહ્યું આત્મા પરને જાણતો નથી. જાણનાર જણાય છે, ભાઈ ! આમાં તો આખું જ્ઞેય ફરી ગયું. અને અનુભવના કાળે જ જ્ઞેય ફરે છે. અનાદિનું જે પર જ્ઞેય જણાતું'તું અને જાણીને એમાં એકત્વબુદ્ધિ કરતો'તો, જ્ઞેયજ્ઞાયક સંકરદોષ, એ પરને જાણવાનું બંધ થયું એટલે એક નવું જ જ્ઞાન ઉઘડે છે, કે જે આત્માને પ્રસિદ્ધ કરે છે. પરને જાણવાનું સર્વથા બંધ કર. એનું નામ સ્વપ્રકાશક છે. અને સ્વપ્રકાશકપૂર્વક સ્વપર પ્રકાશક, ઈ બેય નિર્વિકલ્પ ધ્યાનમાં પ્રગટ થાય છે.

કેમ કે જ્ઞાનની સ્વચ્છતામાં રાગ જણાય જાય ખરો, પુદ્ગલનો રાગ હોં, પુદ્ગલનો અનુભાગ જણાય ખરો, પણ જ્યારે એ જણાય છે ત્યારે જાણેલાનું શ્રદ્ધાન કરી લ્યે છે, કે હું રાગી છું. હવે જો જાણવાનું જ બંધ કરી દે તો હું રાગી છું એ વાત જ આવે નહીં ને. જાણેલાનું શ્રદ્ધાન થઈ જાય છે જાણવાનું બંધ કર. (શ્રોતા :- ભાઈ આપે બહુ ઉપકાર કર્યો છે આ વાત કહીને કે ખરેખર પર જણાતું નથી) એ વાત સાચી છે, મૂળ વાત છે. પરને જાણવાનું સર્વથા બંધ કરી દે ત્યારે જ અનુભવ થાય. બાકી પરને જાણું છું એવો અભિપ્રાય પડ્યો છે. બેન ! એને પાપ થાય છે.

આજે એમ વિચાર આવ્યો, આ કોઈને કહેવાય નહીં, બાકી પ્રતિમાને જાણતાં, ધર્મ તો થતો નથી, પણ એકલું પુણ્ય થતું નથી, પાપ પણ થાય છે ને પુણ્ય પણ થાય છે. (શ્રોતા :- પાપ જ થાય છે મુખ્યતાએ) પણ મુખ્યતાએ, પણ લોકો, એક તો, મૂળ તો પુણ્યને જ ઈ તો ધર્મ માને છે હજી. ઈ તો ધર્મ માનીને પગે લાગે છે, ઈ તો સ્થૂળ મિથ્યાત્વ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે. પણ ધર્મ નથી થતો એમ કોઈ જાણે, પણ મને પુણ્ય થાય છે, ધર્મ નથી થતો પણ પુણ્ય તો થાય ને ? શુભ ભાવ તો થાય ને ? પણ પાપ થાય છે અને પુણ્ય થાય છે, બે ભાવ થાય છે. શ્રદ્ધાના દોષમાં પાપ થાય છે, અધ્યવસાન અને કષાયની મંદતા છે, વીતરાગી પ્રતિમાની સામે દર્શન કરે તો પુણ્ય પણ થાય છે. પાપને પુણ્ય બે થાય છે. ધર્મ તો થતો નથી.

અને જ્ઞાની, સાધકને એકલું પુણ્ય થાય છે. પાપ થતું નથી. કેમ કે જ્ઞેયાકાર અવસ્થામાં જાણનાર જણાય છે ઈ વખતે, સામો ઊભો છે ને ? પ્રતિમાની સામે ખડે હોને પર ભી જાણનાર હી જણાય, એટલે એને પાપ નથી લાગતું, પુણ્ય થાય છે. પુણ્યનો દોષ છે. પરસત્તા અવલંબનશીલ છે. પણ ધર્મેય નથી ને પાપેય નથી. પુણ્યનું તત્ત્વ છે. ત્યાં ઊભું થયું પુણ્ય તત્ત્વ. આહાહા !

આ તત્ત્વ બહું ઘેરાયેલું હતું, માંડ બહાર આવ્યું છે. કોઈ વિરલા જ પહોંચી શકે. બાકી વ્યવહારમાં અટકી જાય. ભલે ધર્મ ન થાય તો કાંઈ નહીં, પણ પુણ્ય તો થાય એકલું. પણ એકલું પુણ્ય ન થાય. (શ્રોતા :- પાપ થાય છે). પાપની સાથે પુણ્ય થાય. હેં ? પાપ થાય ? હા !હા ! પાપ થાય છે. પ્રતિમાને જાણતા નહીં. તું તને નથી જાણતો એનું નામ પાપ. એમ અમે કહીએ છીએ. (શ્રોતા :- બરાબર છે એમ જ છે, એટલે જ પાપ થાય છે ને) એટલે પાપ થાય છે. જ્ઞાન તો તારું છે. તેં આત્માને જાણ્યો નહીં એ મોટું પાપ થયું. અને એને જાણે છે એ પુણ્ય થયું. પોતાને ન જાણવું તે પાપ અને પ્રતિમાને જાણવું એ પુણ્ય એમ. (શ્રોતા :- બહુ સરસ). પ્રતિમાને જાણતા પાપ નહીં. (શ્રોતા :- આમ ફીટ નથી બેસતું, એને જાણતા પાપ થાય, આમ પોતાને નથી જાણતો માટે પાપ થાય છે). પાપ થાય છે સાથે તને પુણ્ય થાય છે. ધર્મ નથી થતો. (શ્રોતાઃ પોતાને જાણતો નથી એટલા માટે પાપ થાય છે પ્રતિમાને જાણે એ પુણ્ય) અને ધર્માત્મા સાધક, પ્રતિમાના દર્શન કરે છે, પુણ્ય થાય, પાપ થતું નથી. (શ્રોતા : કેમ કે પોતાને જાણે છે ને ?) હા ! એટલે પાપ થતું નથી. એનું જ્ઞાન તો આત્માને જાણે જ છે. (શ્રોતા :- એકાંત પરને જાણે તે પાપ જ છે).

આ સમસ્ત અન્ય દ્રવ્યના ભાવોથી ભિન્નપણે, જુદાપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે. એ આત્માની સન્મુખ થઈ ગયો એ આત્મા, અહીંથી ભિન્ન પડ્યો, પરનું લક્ષ છૂટ્યું, તો સ્વનું લક્ષ પામ્યો, ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે એ અનુભવ થઈ ગયો. (શ્રોતા :- આ મૂળ સિદ્ધાંત છે) મૂળ સિદ્ધાંત છે. પર લક્ષ અભાવાત્, એ આ. પર લક્ષ અભાવાત્, ત્યારે જ્ઞાન પ્રગટ થાય છે. ''પર લક્ષ અભાવાત્, ચંચલતા રહિતમ્, અચલમ જ્ઞાનમ.''

પર લક્ષ અભાવાત્, એ આ પરનું લક્ષ છોડી દે. પુણ્ય પાપનું લક્ષ છોડી દે. કર્મ ને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


નોકર્મનું લક્ષ છોડી દે. પુણ્ય પાપ છોડવા નથી, કર્મ છોડવા નથી. (શ્રોતા :- કાંઈ છોડવું નથી) છોડવું ગ્રહવું સ્વભાવમાં છે જ નહીં. એ તો અપોહક છે. ગ્રહણ ત્યાગથી શૂન્ય છે. માત્ર તું એનું જાણવાનું છોડી દે. બંધ કરી દે. ઈન્દ્રિયજ્ઞાન બંધ થશે. ઈન્દ્રિયજ્ઞાન બંધ થાય એટલે વિષયને સેવતો'તો તું, પ્રતિમાની સામે વિષયને સેવતો'તો ઈ, બેન ! એ બંધ કર્યું જ્યાં, ત્યાં જ્ઞાનને સેવવા માંડ્યો. ત્યાં જ્ઞાનની ઉપાસના થઈ. જ્ઞાનને સેવે છે. ઈ વિષયને સેવવાનું બંધ કર. વિષયને સેવે ને જ્ઞાનને સેવે એ એક સાથે બેય નહીં થાય.

જ્ઞાનને સેવે છે તે વિષયને સવતો જ નથી. અને વિષયને સેવે છે તે જ્ઞાનને સેવતો જ નથી. પણ પરને જાણે છે એમાં વિષયની સેવા ? હા. એ વિષયને સેવે છે. વિષય એટલે પાંચ ઈન્દ્રિયના વિષયમાં, એ વિષયની વાત નથી. (શ્રોતા :- પરને જાણવું એ વિષય છે) પરને જાણવું એ વિષય છે. અને કષાય અનુસાર કર્તાબુદ્ધિ કરવી એ કષાય છે. વિષય ને કષાયની બે લીટી છે. (શ્રોતા :- પહેલાં વિષય છે) વિષય છે પહેલોં શબ્દ. વિષયપૂર્વક જ કષાય થાય. વિષય ન હોય તો કષાયનો જન્મ જ ન થાય. (શ્રોતા :- પરને જાણે નહીં તો કષાયનો જન્મ જ ન થાય). ન થાય. માટે પહેલું જ તું પરને જાણવાનું બંધ કરી દે એ કષાયને જીતવાનો ઉપાય છે. મિથ્યાત્વરૂપી કષાયને જીતવાનો ઉપાય આ છે. બેન ખુશ છે.

મૂળ વાત છે, આ છઠ્ઠી ગાથા, છઠ્ઠી ગાથા બાર ગાથા સુધીમાં સંક્ષેપ રુચિવાળો જીવ સમ્યક્ પામે છે. વિસ્તાર રુચિવાળા માટે ૪૧૫ ગાથા છે. કોઈ પાકેલો પૂર્વનો સંસ્કારી, વર્તમાન કોઈ ઉત્કૃષ્ટ યોગ્યતાવાળો જીવ હોય, ભલે પૂર્વના સંસ્કાર નહોય, તો પણ પામી જાય બાર ગાથામાં એમ સંતોની વાણીમાં આવ્યું છે. એના જ્ઞાનમાં આવ્યું છે. સમયસારની પીઠીકા છે અને બારમાં પણ છઠ્ઠી ગાથા. (શ્રોતા :- બારમાં પણ છઠ્ઠી ગાથા, પહેલી ગાથા) પહેલી ગાથા. જ્ઞાયકભાવનો જન્મ છઠ્ઠી ગાથામાં થયો. પાંચ ગાથા સુધી આત્માનું નામ જ્ઞાયક રાખ્યું જ નહીં. જીવ પદાર્થ, જીવ પદાર્થ એમ કહ્યા કરે ''જ્ઞાયક'' શબ્દ બોલ્યા નહીં. આહાહા !

પ્રતિમાને જાણતા અજ્ઞાની જીવને પાપ અને પુણ્ય બે તત્ત્વ ઊભા થાય છે. પાપ કેમ ? કે જે જ્ઞાન જેનું છે એને જાણતો નથી, અને પર દ્રવ્યને જાણવા જવું એ મિથ્યાત્વનું પાપ, અધ્યવસાન, ભ્રાંતિ, શાસ્ત્રમાં ઉલ્લેખ છે. (શ્રોતા :- હા. ભ્રાંતિ-અધ્યવસાન) છ દ્રવ્યને જાણ, અનેરા જીવ, પુદ્ગલ ધર્મ, અધર્મ, આકાશ ને કાળ, તો પાપ થશે. અને સાથે પ્રતિમા છે નિમિત્તપણે તો પુણ્ય પણ થશે.

તું તારા બાળકને જોઈશ તો બે પ્રકારના પાપ થાશે. તારા બાળકની સામે નજર કરીશ, આશિષની સામે, તો બે પ્રકારના પાપ થાશે. સમજી ગયા. પ્રફુલાબેન, આશિષની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સામે જોવે તો બે પ્રકારના પાપ થાશે. ધર્મ તો નહીં, પુણ્ય તો નહીં, પણ એક પ્રકારનું પાપ નહીં, પણ બે પ્રકારના પાપ. આહાહા ! જોડકું ઊભું થાશે. પાપનું જોડકું અજ્ઞાનમાંથી ઊભું થઈ ગયું. બે પ્રકારનું પાપ.

એક જે જ્ઞાન જેનું છે એને જાણવાનું છોડી દીધું એટલે મિથ્યાત્વનું પાપ. અને પર દ્રવ્યનું લક્ષ કર્યું એટલે પાપ, પુણ્ય પણ નથી, સમજી ગયા. કેમકે એ દીકરો છે. પંચપરમેષ્ટિ નથી. દેવ ગુરુ ને શાસ્ત્રના લક્ષે તો અજ્ઞાનીને પાપ સહિત પુણ્ય થાય અને સાધકને પાપ રહિત પુણ્ય થાય. અને આત્માનું લક્ષ કરે તો ધર્મ થાય. (શ્રોતા :- સુંદર એકદમ સુંદર. એકદમ બરાબર છે ભાઈ) લોજીક છે આમાં. (શ્રોતા :- લોજીક એકદમ વ્યવસ્થિત છે) વ્યવસ્થિત છે.

(શ્રોતા :- જ્ઞાની આત્માને જાણતા જાણતા, પ્રતિમાને જાણે છે એટલે પુણ્ય થાય છે) એટલે પુણ્ય થાય છે. પાપ ન થાય. પાપ રોકાય જાય. મોહ ન થાય, મમતા ન થાય. એકત્વબુદ્ધિ ગઈને, જ્ઞેય જ્ઞાયકનો સંકરદોષ ટળી ગયો. ભેદજ્ઞાન ચાલુ છે કે આ ભગવાનની પ્રતિમાજી છે. સમજી ગયા. અને એ બે પ્રતિમાને જાુએ છે, સ્વપરપ્રકાશક જ્ઞાન છે. એ આ સ્વ પ્રકાશકમાં તો પોતાની ચૈતન્ય પ્રતિમાના દર્શન કરે છે. પોતાના આત્માના દર્શન કરતા કરતા પ્રતિમાનાં દર્શન કરે છે. પોતાના આત્માને છોડીને દર્શન કરે તો તો પાપ. પણ પોતાના આત્માના દર્શન કરતાં કરતાં એને જાણે છે, માટે પુણ્ય છે. અને એને જાણવાનું બંધ કરે એટલે એકલી સ્વની પ્રતિમાને જાણે તો ધર્મ છે. (શ્રોતા :- એકલો ધર્મ) એકલો ધર્મ. પાપ પણ નહીં. પુણ્ય પણ નહીં. આહાહા !

(શ્રોતા :- એટલે જ ગુરુદેવ કહેતા હતા કે અજ્ઞાનીને પાપાનુબંધી પુણ્ય હોય છે અને જ્ઞાનીને પુણ્યાનુબંધી પુણ્ય હોય છે). પુણ્યાનુબંધી પુણ્ય બરાબર છે. ઓલું પુણ્ય છે પણ હત પુણ્ય છે. નિકૃષ્ટ પુણ્ય છે. અજ્ઞાનીનું પુણ્ય કાંઈ પુણ્ય જ નથી. (શ્રોતા :- મિથ્યાત્વનું પાપ સાથે છે ને) ઓલું પુણ્ય ટળી અને ધર્માત્મા કેવળી થશે, અને અજ્ઞાનીનું પુણ્ય છૂટી જાશે ને પાપમાં વયો જાશે. પુણ્ય તો બંનેને છૂટે છે. એકને પુણ્ય છૂટીને મોક્ષ અને બીજાને પુણ્ય છૂટી દેવગતિનું, નિગોદમાં વયો જાશે. પુણ્ય તો બેય ને છૂટે છે. એકના ફળમાં મોક્ષ છે, એકને પુણ્ય છૂટીને પાપમાં વિચરવું પડશે.

(શ્રોતા :- આવે શુભભાવ પણ વિષયપૂર્વક કષાય ઉત્પન્ન થાય છે બરાબર ન્યાયથી પણ બેસે છે). વિષયપૂર્વક જ થાય. આ જણાય છે હાથ, તો હાથ મારો, તો એને હું કરું, ન કરું પણ જાણતો જ નથી આ હાથને, પણ જ્ઞાન જણાય છે. જ્ઞાન જણાય છે, ક્યારે ? કે ચોવીસે કલાક. ઉર્ધ્વપણે જ્ઞાન જણાય છે. જ્ઞેયાકાર જ્ઞાન જણાય છે. પણ જ્ઞાનાકાર ઈ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જ્ઞેયની અપેક્ષાએ જ્ઞેયાકાર છે.

(શ્રોતા :- જ્ઞાનાકાર છે. ૩૩૨ થી ૩૪૪ ગાથામાં આમ જ છે) આમ છે હોં. આમ જ કોપી છે. કર્મથી ઉત્પન્ન થયેલા મિથ્યાત્વ આદિ ભાવોના જ્ઞાન સમયે, જાણવાના સમયે એ ભૂલી જાય છે. (શ્રોતા :- પર જણાતું નથી જાણનારો જણાય છે) જાણનાર જણાય છે. અને આ મિથ્યાત્વના પરિણામ તો કર્મના છે, મારા નહીં. મિથ્યાત્વના પરિણામ કર્મના છે. કેમ કે આત્મામાં જ્ઞાન પ્રગટ થાય છે. આત્મામાં મિથ્યાત્વ પ્રગટ થતું નથી. આત્મામાં મિથ્યાત્વ પ્રગટ થતું નથી. જ્ઞાન પ્રગટ થાય છે. હવે જ્ઞાનનું જો અજ્ઞાન થાય, તો મિથ્યાત્વ પ્રગટ થાય છે. પણ જ્ઞાનનું જ્ઞાન જો પ્રગટ થાય તો, તો મિથ્યાત્વ પ્રગટ ન થાય.

(શ્રોતા :- ૩૩૨ થી ૩૪૪ ગાથામાં આગળ એમ જ લીધું છે, જ્ઞેય અને જ્ઞાનના ભેદજ્ઞાનથી શૂન્ય હોવાથી ભેદજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે વિશેષ અપેક્ષાએ કર્તા થાય છે. વિશેષ અપેક્ષાએ ક્યારે કર્તા બને છે. જ્ઞેય તો જ્ઞાયક છે એનું મિથ્યાત્વ જ્ઞેય નથી પણ ઈ ભૂલી ગયો કે જાણનારો જણાય છે મિથ્યાત્વ જણાય છે. એમાં ગયો એટલે પછી હું મિથ્યાદૃષ્ટિ છું તેમ થઈ ગયું) હું મિથ્યાદૃષ્ટિ છું એટલે જાણેલાનું શ્રદ્ધાન થઈ ગયું. મિથ્યાત્વને જાણીને હું મિથ્યાદૃષ્ટિ છું, એવું થઈ જ જાય. આશીષને જાણીને આશિષ મારો એમ થયા વગર રહે જ નહીં. (શ્રોતા :- એટલે ભાઈ પરને જાણવાનું જે આપે બંધ કરાવ્યું છે, બહુ માર્મિક વાત છે) ઉંચ્ચામાં ઉંચ્ચી વાત છે. (શ્રોતા :- ઉંચ્ચામાં ઉચ્ચી. પરાકાષ્ટાની છેલ્લી વાત છે. આ એક જ વાત છે.) આ એક જ વાત છે. મૂળ પાયાની વાત છે. અને ઈ શાસ્ત્રમાંથી નીકળે છે. છઠ્ઠી ગાથામાં નીકળ્યું કે નહીં ? આહાહા ! ઈન્દ્રિયજ્ઞાનને જીત્યા સિવાય અતીન્દ્રિયજ્ઞાન કોઈ જીવને પ્રગટ થાય નહીં. અને ઈન્દ્રિયજ્ઞાનને કેમ જીતાય, કે પરને હું જાણતો જ નથી. (શ્રોતા :- નિષેધ જોરદાર કર્યો આપે, ઈન્દ્રિયજ્ઞાન ને જીત્યા પહેલાં કષાયનો અભાવ થતો જ નથી). થાય ક્યાંથી પણ, ન થાય. વિષયપૂર્વક કષાય છે. કષાયપૂર્વક વિષય નહીં. વિષય કષાય બે શબ્દ છે. પહેલોં વિષય છે ને પછી કષાય છે (શ્રોતા :- જાણીને કષાય થાય છે). હા, જાણીને. આહાહા ! શાસ્ત્રને વાંચે છે તે વિષયને સેવે છે. બેન ! જ્ઞાનને સેવતો નથી. અગીયાર અંગને જાણે, એ વિષયને સેવે છે, જ્ઞાનને સેવતો નથી. એક સમય જ્ઞાનને સેવ્યો નથી. પાઠ આવે છે. પાઠ છે. એક સમયમાત્ર જ્ઞાનને સેવ્યો નથી. આહાહા !

કે ઈ તો જ્ઞાનને તો નિત્ય સેવે છે ને ? જ્ઞાન સ્વભાવી આત્મા છે ને ? એમ પ્રશ્ન કર્યો શિષ્યે, કે આત્મા તો જ્ઞાન સ્વભાવી છે, તો નિત્યજ્ઞાનને સેવે છે. પછી જ્ઞાનને સેવવો એવો ઉપદેશ શા માટે આપવામાં આવે છે ? કે એક સમયમાત્ર પણ જ્ઞાનને સેવતો નથી, વિષયને સેવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સમયસારમાં માલ બહુ ભર્યો છે બહુ ભર્યો છે. બધી વાતનો ખુલાસો આપતા જાય. આત્મા તો જ્ઞાન સ્વભાવી છે, તો જ્ઞાનને નિત્ય સેવે જ છે, એક સમય પણ સેવતો નથી. આહાહા ! એ સત્તરમી અઢારમી ગાથા પછી છે. કેમકે એણે કહ્યું કે નિરંતર આત્મા જણાય છે, એટલે એણે શિષ્યના મુખમાં પ્રશ્ન મૂક્યો. જણાય રહ્યો છે, જ્ઞાનને સેવે છે પછી શું કામ ઉપદેશ આપો છો. આપણે લઈએ. એ વાત લઈ લઈએ.

૧૭/૧૮ ગાથા પછી અહીં કોઈ તર્ક કરે કે, ટીકા :- આત્મા તો જ્ઞાન સાથે તાદાત્મ્ય સ્વરૂપે છે જ. આત્મા ને જ્ઞાન તો તાદાત્મ્ય સ્વરૂપે જ છે જુદા નથી. જ્ઞાનથી આત્મા જુદો નથી. તેથી જ્ઞાનને નિત્ય સેવે જ છે. તાદાત્મ્ય છે, કારણ આપ્યું હોં. તાદાત્મ્ય છે માટે સેવે છે એમ. ભિન્ન છે ને સેવા કરે છે ઈ તો બરાબર પણ અમે તો કહીએ છીએ, કે તમે કહો છો કે તાદાત્મ્ય છે તો નિત્ય સેવે છે. એવું છે તો પછી તેને જ્ઞાનની ઉપાસના કરવાની શિક્ષા કેમ આપવામાં આવે છે ? કેવા કેવા તર્ક પોતે ઉઠાવીને, સમાધાન કરે છે. તેને જ્ઞાનની ઉપાસના કરવાની શિક્ષા કેમ આપવામાં આવે છે ? એનું સમાધાન.

પહેલાં તો જવાબ એમ આપ્યો કે તે એમ નથી, તે એમ નથી એટલે જ્ઞાનને સેવતો નથી. હવે તારી વાત એક તો સાચી છે, જો કે આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્ય સ્વરૂપે છે, એટલી તારી વાત સાચી છે. તો પણ એક ક્ષણમાત્ર પણ જ્ઞાનને સેવતો નથી. કારણ કે સ્વયંબુદ્ધત્વ અથવા બોધિતબુદ્ધત્ત્વ એ કારણપૂર્વક જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. કાં તો કાળલબ્ધિ આવે ત્યારે પોતે જ જાણી લે છે. અથવા તો કોઈ ઉપદેશ દેનાર મળે ત્યારે જાણે છે. જેમ સુતેલો પુરુષ કાં તો પોતે જ જાગે અથવા કોઈ જગાડે ત્યારે તે જાગે. અહીં ફરી પૂછે છે કે જો એમ છે તો જાણવાના કારણ પહેલાં આત્માને જાણવાના કારણ પહેલાં શું આત્મા અજ્ઞાની છે ? કેમ કે તેને સદાય અપ્રતિબુદ્ધપણું છે ?

તેનો ઉત્તર : એ વાત એમ જ છે, તે અજ્ઞાની જ છે. જ્ઞાન ને આત્મા તાદાત્મ્ય હોવા છતાં પણ આ જ્ઞાનની સાથે તાદાત્મ્ય છે એમ શ્રદ્ધામાં ક્યાં છે ? એ તો રાગની સાથે તાદાત્મ્ય માને છે, માટે અજ્ઞાની જ છે. જ્ઞાની છે જ નહીં. જ્ઞાનને સેવતો જ નથી. બહુ સારો વિષય. જ્ઞાન ને આત્મા તાદાત્મ્ય છે. જ્ઞાન એટલે શું ખબર છે ? ઉપયોગ હોં. આ પ્રગટ પર્યાય જે છે અને દ્રવ્ય છે તે બેય વચ્ચે તાદાત્મ્ય સંબંધ છે. સંયોગ સંબંધ નથી. રાગની સાથે સંયોગ સંબંધ છે. ઉત્પાદની સાથે ધ્રુવનો તાદાત્મ્ય સંબંધ છે. (શ્રોતા :- અનિત્ય તાદાત્મ્ય) અનિત્ય તાદાત્મ્ય છે. તાદાત્મ્ય છે. શિષ્યને કહ્યું તારી વાત એટલી સાચી પણ છતાં સેવતો નથી. (શ્રોતા :- લક્ષ પર ઉપર છે ને) રાગ ઉપર લક્ષ છે, પર ઉપર લક્ષ છે. કર્મ ઉપર છે, નોકર્મ ઉપર લક્ષ છે. કર્મ ઉપર લક્ષ કે નોકર્મ ઉપર લક્ષ એમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગની જ ઉત્પત્તિ થાય રાગી પ્રાણીને અને જ્ઞાની પરને જાણે પણ પરનું લક્ષ નથી. આહાહા !

ઓલો કહે સદા બ્રહ્મચારી હોય તો નદી માર્ગ આપે. ઓલો કહે કે સદા ઉપવાસી હોય તો નદી માર્ગ આપે, પણ શું આ વાત કરો છો ? લક્ષ નથી અમારું. આહાહા ! સોળ હજાર સ્ત્રીના વૃંદમાં ઊભો છે પણ ત્યાં એનું લક્ષ નથી અને લક્ષ જે કરે છે એ આત્મા નથી. આત્માના પરિણામ નથી, એ આત્માના પરિણામ નથી. પર સત્તાઅવલંબનશીલ જ્ઞાનને અમારું માનતા નથી. આહાહા !

(શ્રોતા :- પરને જાણવાનું બંધ કરતાં એ જ સમયે કામ થઈ જાય ?) એ જ સમયે દુઃખનો ઊભરો બેસી જાય, તીવ્ર આકુળતા મંદ થાય. એક નામ સ્મરણ માત્ર, જ્ઞાનનું સ્મરણ કર્યું. તમે, જ્ઞાન કહો કે આત્મા એ જ્ઞાનનું સ્મરણ માત્રથી, એક સમયમાત્ર, ક્ષણમાત્ર અનુભવ કરવાથી, કોટિ વર્ષનું સ્વપ્ન પણ જાગ્રત થતાં સમાય, એમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય. અનાદિના મિથ્યાત્વનો નાશ થઈ, ઢગલો થઈ જાય. કર્મની થીયરીમાં તો એમ કહે છે કે કર્મની નિર્જરા એટલી બધી થાય, ક્ષણમાત્ર, ઉચ્છવાસ માત્રમાં ઓલી કોટિ વર્ષે નિર્જરા ન થાય. ઉચ્છવાસ માત્રમાં દ્રવ્ય કર્મ પ્રદેશથી ખરી જાય. ઢગલો થઈ જાય, ઢગલો. સામાન્ય કાર્મણવર્ગણા થઈ જાય. અનુભવની એવી તાકાત છે. (શ્રોતા :- આ પ્રયોગની વાત છે) પ્રયોગથી સિદ્ધ થાય. અનુભવથી સિદ્ધ થાય છે એમ.

જયપુરમાં એક મુમુક્ષુનો ફોન હતો, એને મેં કહ્યું'તું, એને પ્રયોગ કર્યો, શાંતિ થઈ ગઈ. સાચી છે ને વાત. (શ્રોતા :- એકદમ સાચી છે.) અરે સંધ્યા, ભાઈ તને જણાતા નથી. આ શું ? તને તારું જ્ઞાન જણાય છે. આહાહા ! ભાઈ ! પાછો વળી ગયો જીવ. આ ચમત્કાર છે. હું તો જાણનાર છું. હું તો જ્ઞાતા છું. મારું આમાં કાંઈ નથી. પર જણાતું નથી પછી પર મારું ક્યાંથી હોય ? જાણેલાનું શ્રદ્ધાન હોય ને ? (શ્રોતા :- જાણે તો એ મારું હોય પણ તે જણાતું જ નથી) આ જે વાત છે ને, એ બેન ગુરુદેવની અંતર ઘોલનની વાત છે. આમાં છે, આત્મા ખરેખર પરને જાણતો નથી તો પર તરફ ઉપયોગ મૂકવાની વાત જ ક્યાં રહી ? આહાહા ! પિતા પુત્રની એક જ વાત છે. બેય એક મતનાં છે. એ કહી ગયા છે બધું. આપણે વધારે ખોલ્યું. ખોલ્યું તો ખરું, પણ પરને જાણતો નથી ત્યાં તો ખળભળાટ થઈ ગયો. ભલે ખળભળાટ થાય, સારું. (શ્રોતા :- પિતા શું કહી ગયા છે ભાઈ, એ પુત્ર જ કહી શકે ને) વારસદાર હોય એ જ કહે ને. (શ્રોતા :- કોઈનું ધ્યાન ન હતું કે આ વાત ગુરુદેવ કહી ગયા છે) કહી ગયા'તા પણ ધ્યાન નહોતું ખેચાણું બસ. એમાં ય અમે કહ્યું એમાં અમારો વિરોધ થયો ને એમાં વધારે ધ્યાનમાં આવ્યું કહે આ કે છે એ સાચું કે ઓલા કહે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે સાચું લાવો, તપાસ તો કરો. એમાં ખ્યાલ આવ્યો કેટલાંકને, અંતર્મુખ થવાની આ વિધિ છે. (શ્રોતા :- આ વિધિ છે. વિધિ બહાર આવી ગઈ.) વિધિ બહાર આવી ગઈ. અંતર્મુખ થવાની વિધિ છે. પરને જાણતો નથી, તો જાણ્યા વગર તો રહેશે નહીં. વિષય બદલી ગયો. (શ્રોતા :- જ્ઞેય ફરી ગયું) આહાહા !

સમસ્ત અન્યદ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો, લક્ષ છોડી દે બસ. આહાહા ! કર્મ ને નોકર્મનું લક્ષ છોડી દે. વિગ્રહ ગતિમાં કર્મનું લક્ષ હોય છે, નોકર્મ નથી, એટલે જે નિયમરૂપ નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે એ દ્રવ્યકર્મના ઉદયમાં જોડાય છે, એટલે ઉદયને છદ્મસ્થનો ઉપયોગ એને જાણી શકતો નથી. પણ એના લક્ષે જે રાગ થયો, તો સામે નિમિત્તમાં પણ રાગ હોય તો રાગ થાય, એમ પોતાના અનુમાનથી, અનુભવથી સિદ્ધ થાય છે. સમજી ગયા.

અહીંયા ક્રોધ થાય તો સામે ક્રોધનો ઉદય હોય. અહીંયા રાગ થાય તો સામે રાગનો ઉદય હોય, એ નિયમ સામે લાલ ફૂલ હોય તો અહીં લાલની ઝાંય, કાળુ ફૂલ હોય તો કાળી ઝાંય પડે. એમ નિમિત્ત નૈમિત્તિક સંબંધ, સમજાણું ? દાખલો આપ્યો. એનાથી ઓલો ખ્યાલમાં આવી જાય. કર્મનો રસ, ક્રોધનો રસ, માનનો રસ, માયાનો રસ, એમ કાળુ ફૂલ, લાલ ફૂલ, પીળું ફૂલ, બ્લુ ફૂલ એટલે અહીંયા ઈ પ્રકારનું નૈમિત્તિક દેખાય. (શ્રોતા :- આ પ્રશ્ન મુંબઈમાં આપને પૂછ્યો'તો. મેં તો પહેલીવાર સાંભળ્યું આપના શ્રીમુખેથી સાંભળ્યું અરે ફટ જવાબ આપ્યો. ઉન્હોને પૂછા, દ્રવ્ય કર્મ તો સાહેબ સૂક્ષ્મ છે) તું બેઠી'તી એ વખતે. (શ્રોતા :- દ્રવ્ય કર્મ તો સાહેબ સૂક્ષ્મ છે અને એનું લક્ષ અમે કરીએ છીએ તે અમને તો લાગતું નથી. અમને તો દેખાતાય નથી) દેખાતાય નથી. (શ્રોતા :- લક્ષ અમે કેવી રીતે કરીએ કેવી રીતે કરીએ લક્ષ તો અમે આપે કહ્યું કે એ રાગદ્વેષ થાય છે એ આત્માના લક્ષે તો થતા નથી, આત્માના લક્ષે તો એ થાય નહીં, મોહ રાગ દ્વેષ તો નિયમથી કર્મનું જ લક્ષ છે એમ, અને જે પ્રકારનો અહીંયા ભાવ થાય છે, એવું જ નિમિત્ત છે સામે અમને બહુ જ ગમી ગયું. હમકો તો ઈતની ખુશી હુઇ. પહેલીબાર સાંભળી આ વાત એવી રીતે જ્ઞાન થાય છે, જેમ કર્મનો ઉદય છે.) જોડાય જ છે એ ભલે દેખાય નહીં પણ જોડાય જ છે એ. એની ખબર અહીં પડી. અહીં રાગ છે તો ત્યાં રાગનો ઉદય છે. અહીં ક્રોધ હોય તો ક્રોધનો ઉદય. એનું નામ નિમિત્ત નૈમિત્તિક કહેવાય. (શ્રોતા :- પણ પ્રશ્ન આવે તો જવાબ હોય જ એક સેકન્ડમાં જવાબ) ચુપ થઈ ગયો ઓલો. (શ્રોતાઃ સમજાઈ ગયું ને) સમજાઈ ગયું. સમાધાન થઈ ગયું. (શ્રોતા :- આ મૂળ વાત છે. પરનું લક્ષ છોડી દેવાનું). એટલું જ છે. બીજું કાંઈ નહીં.

પરનું લક્ષ છૂટ્યું શું અને સ્વમાં આવ્યો શું ? સમય એક છે, એક જ સમય. પૂર્વ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયમાં પરનું લક્ષ, ઉત્તર પર્યાયમાં સ્વનું લક્ષ. જાણનાર જણાય છે, પર જણાતું નથી. (શ્રોતા :- આ મૂળ સિદ્ધાંત છે)

હવે બીજો પારો કાલે લેશું. (શ્રોતા :- નૈમિત્તિકને છોડવાની વાત નથી કરતા કેમ કે નિમિત્તનું લક્ષ છૂટી જાશે તો નૈમિત્તિક તો એની મેળે ઉત્પન્ન જ નહીં થાય) ઉત્પન્ન જ નહીં થાય અને સ્વભાવ પર્યાય ઉત્પન્ન થાશે. ઈ પહેલાં લીધું હમણા આપણે, આજે ઈ લીધું, પહેલાં ઈ લીધું. કાલ કરતાં આજે વધારે ખુલાસો કર્યો.

## પ્રવચન નં. ૧૨
### દિવાનપરા -રાજકોટ
### તા. ૮-૭-૮૯

હવે ચોથા પદનો ખુલાસો કરે છે **(चय:)** મૂળમાં છે ગાથાના અર્થમાં. વળી જે એમ, આમાં પણ વળી ટીકાકારમાં પણ વળી ઓમાંય વળી છે. જે જ્ઞાત: જ્ઞાયકપણે જણાયો એમ.

''વળી દાહ્યના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે'' શું કહે છે. કે જે જીવો અગ્નિના મૂળ સ્વરૂપને ઓળખતા નથી, જાણતા નથી. અગ્નિ જે છે એ પરને બાળે છે એ પણ વ્યવહાર કથન છે, અગ્નિ ઉષ્ણ છે એ પણ વ્યવહાર કથન છે, પણ વ્યવહાર વિના પરમાર્થ કહી શકાતો નથી. એટલે અગ્નિનું મૂળ સ્વરૂપ જે સમજતા નથી નિરપેક્ષ સ્વરૂપ સમજતા નથી, અગ્નિ તો અગ્નિથી જ છે. અગ્નિ તો અગ્નિ જ છે. અગ્નિ તો અગ્નિ જ છે, જ્ઞાયક તો જ્ઞાયક જ છે. સમજાણું ? એમ જે અગ્નિનું સ્વરૂપ સમજતા નથી. એવા જીવોને વ્યવહાર દ્વારા અગ્નિનું સ્વરૂપ સમજાવે છે.

હવે એ વ્યવહાર દ્વારા અગ્નિના સ્વરૂપને સમજાવે છે. પણ સમજાવવું છે એને પણ અગ્નિનું મૂળરૂપ. જો એ વ્યવહારને અનુસરવા માંડે કે લાકડાને બાળે તેને અગ્નિ કહેવામાં આવે, તો એ અગ્નિના સ્વરૂપ સુધી પહોંચી નહીં શકે, તો એ વ્યવહાર દૃષ્ટિ, પર્યાયદૃષ્ટિ થઈ ગઈ. પણ વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અશક્ય છે ઉપદેશ અશક્ય છે. વ્યવહાર દ્વારા ઉપદેશ આપી શકાય છે. બીજો કોઈ ઉપાય નથી. નિશ્ચય તો વચનાતીત છે એ તો અનુભવગમ્ય છે.

જે અગ્નિના સ્વરૂપને સમજતા નથી એવા લોકોને દૃષ્ટાંત દ્વારા સમજાવે છે કે અગ્નિ કોને કહેવાય ? કે દાહ્યના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે અગ્નિ તો અગ્નિ છે એમ જો કહે તો અગ્નિના સ્વરૂપને સમજી શકે નહીં જગત, ત્યારે અગ્નિના સ્વરૂપને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમજાવવા માટે અગ્નિ કોને કહેવી ? કે લાકડાને, છાણાંને, કોલસાને બાળે તેને અગ્નિ કહેવામાં આવે છે. ઈ સાપેક્ષથી નિરપેક્ષ સુધી પહોંચાડવો છે અને સાપેક્ષ દ્વારા સમજાવવું છે નિરપેક્ષ પણ સાપેક્ષને જે પકડે છે ઈ નિરપેક્ષ સુધી પહોંચી શકતો નથી. સમજી ગયા.

દાહ્યના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે, આ વ્યવહારનું કથન છે. કેમ કે એક પદાર્થ દ્વારા બીજા પદાર્થના સ્વરૂપને સમજાવવું એ વ્યવહાર થઈ ગયો. સમજાવવું છે અગ્નિને, પણ બીજા પદાર્થ દ્વારા સમજાવે છે. લાકડાને બાળે, છાણાંને બાળે તેને અગ્નિ કહેવામાં આવે છે. દાહ્યના આકારે થવાથી અગ્નિને દહન એટલે બાળનાર કહેવાય છે. બાળનાર નથી, એક દ્રવ્ય બીજા દ્રવ્યને કિંચીત્‌માત્ર કરી શકતું નથી. છતાં લાકડાને બાળે છે એમ કહેવાય છે, તો પણ ભલે આમ વ્યવહારથી કહેવામાં આવે તો પણ, દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. એટલે લાકડાને બાળે તો જ અગ્નિ એવું અગ્નિનું સ્વરૂપ નથી.

લાકડાના સદ્‌ભાવમાં કે લાકડાના અભાવમાં, વ્યવહારના સદ્‌ભાવમાં કે વ્યવહારના અભાવમાં, અગ્નિ તો અગ્નિ છે, એ નિશ્ચય છે. તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. લાકડાને બાળે એમ કહેવાય છે, બાળનાર છે તે અગ્નિ છે ઉષ્ણ તે અગ્નિ નહીં, બાળે બીજાને તેને અગ્નિ કહેવામાં આવે છે. તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી, એટલે કે બળવા લાયક પદાર્થને બાળે છે માટે અગ્નિ છે એવી પરાધીનતા અગ્નિને નથી. અગ્નિ તો પોતાના સ્વરૂપે જ અગ્નિ છે. પછી એ બીજાને બાળવાના યોગમાં હોય કે બાળવાના યોગમાં ન હોય. અગ્નિ તો અગ્નિ છે ઈ નિશ્ચય છે. માટે દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી.

સમજાવવા માટે કહ્યું કે બીજાને બાળે એને અગ્નિ કહેવામાં આવે એ વ્યવહારનું કથન છે, એ અસત્યાર્થ જાણી તેનું શ્રદ્ધાન છોડજે એમ. અગ્નિ તો અગ્નિથી છે અને અગ્નિમાં છે અગ્નિ. એ બાળતી જ નથી. અગ્નિ લાકડાને બાળતી નથી, લાકડું સ્વયં બળે છે. લાકડાની શીત્ પર્યાયનો વ્યય કરીને લાકડું પોતે ઉષ્ણરૂપે પરિણમે છે અગ્નિરૂપે, ત્યારે અગ્નિનું નિમિત્ત દેખીને, ઈ વખતે અગ્નિની હાજરી દેખીને, લાકડાને બળવાનો સ્વકાળ છે, ત્યારે અગ્નિની હાજરી છે ત્યાં ઉપસ્થિતિ છે. એની ઉપસ્થિતિમાં ઓલું બળે છે લાકડું. એની યોગ્યતાથી બળે છે. ત્યારે આની ઉપસ્થિતિ હોવાથી એવો ખ્યાલ આવે છે કે અગ્નિ લાકડાને બાળે છે એ ઉપચારનું કથન છે.

એક દ્રવ્યને બીજા દ્રવ્યના પરિણામની સાથે કશોય કર્તા કર્મ સંબંધ નથી અને નિમિત્ત નૈમિત્તિક સંબંધેય નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી જોતાં બેય પરાધીન દેખાય, પણ એમ છે નહીં, માટે દાહ્યકૃત અશુદ્ધતા અગ્નિને લાગુ પડતી નથી. કે બાળે તો જ અગ્નિ અને ન બાળે તો અગ્નિ નહીં, એમ નથી. આહાહા ! તો તો સગડીમાં રહેલો કોલસો લાલઘૂમ થઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગયો તે વખતે લાકડાને બાળતો નથી તો પછી અગ્નિનું અસ્તિત્વ ન હોય. એમ આત્મા પરને જાણે તો જ્ઞાયકનું અસ્તિત્વ છે એમ છે જ નહીં, એમ કહેવું (કથન) છે. જ્ઞાયક તો જ્ઞાયક પોતાથી છે. જ્ઞાન તો જ્ઞાનથી છે.

જ્ઞાન જ્ઞેયથી નથી ''જ્ઞેયથી નથી અને જ્ઞેયનું પણ નથી'' અગ્નિ લાકડાને બાળતી પણ નથી અને લાકડાથી અગ્નિ નથી. લાકડું છે માટે અગ્નિ છે એમ પણ નહીં અને લાકડાને બાળે તો અગ્નિ એમ પણ નથી, બેય પરસ્પર નિરપેક્ષ છે. અગ્નિ અગ્નિથી છે, લાકડું લાકડાથી છે. માટે દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી તેવી રીતે દૃષ્ટાંત પૂરો થયો જ્ઞેયાકાર થવાથી ઓલું દાહ્યના આકારે થવાથી એવો શબ્દ હતો, એ જ શબ્દ મૂક્યો અહીંયા.

તેવી રીતે જ્ઞેયાકાર થવાથી, એટલે કે જ્ઞેયોને જાણવાથી, એટલે કે લાકડાને બાળવાથી, લાકડાને બાળવાથી અગ્નિને દહન બાળનાર કહેવામાં આવે છે. એમ જ્ઞેયાકાર થવાથી જ્ઞેયોને જાણવાનો કાળ જ્યારે છે, એમ થવાથી જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. આ જગતને લોકને પ્રસિદ્ધ છે, પણ જ્ઞાયક છે એ લોકને પ્રસિદ્ધ નથી, પણ લોકને જે પ્રસિદ્ધ હોય એની ભાષાથી એને સમજાવે. મ્લેચ્છને મ્લેચ્છ ભાષાથી સમજાવે છે કે જ્ઞેયને જાણે તેને જ્ઞાયક જાણનાર-જાણનાર કહેવામાં આવે છે.

એવા જે વ્યવહાર દ્વારા પ્રતિપાદન નિશ્ચયનું કર્યું તો એ સંધિ એણે પકડી રાખી, ઈ સંધીને તોડી નહીં એણે એટલે દૃષ્ટિમાં જ્ઞાયક ન આવ્યો, દૃષ્ટિમાં નૈમિત્તિક જ્ઞાનની પર્યાય આવી, નિમિત્ત સાપેક્ષ જ્ઞાનની પર્યાય આવી. પણ નિરપેક્ષ પર્યાય પણ ન આવી અને નિરપેક્ષ દ્રવ્ય પણ ન આવ્યું. એટલે ઈન્દ્રિયજ્ઞાન ઉભું થયું. પણ મ્લેચ્છને, અનાર્યને મ્લેચ્છ ભાષા સિવાય સમજાવી શકાય નહીં. બીજો કોઈ ઉપાય નથી. એટલે આત્મા કોને કહેવો જ્ઞાયક કોને કહેવો કે જ્ઞેયોને જાણે છે એટલે તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. લોક પ્રસિદ્ધ છે આ વાત. લોકને આટલી વાત પ્રસિદ્ધ છે, પણ જ્ઞાયક જ્ઞાયક છે એ વાત જીવને પ્રસિદ્ધ નથી. એટલે જ્ઞેય તરફનું લક્ષ એને છૂટતું જ નથી કેમકે શ્રદ્ધામાં છે કે જ્ઞેયને જે જાણે એને જાણનાર કહેવાય. લાકડાને બાળે તેને અગ્નિ કહેવાય એને વ્યવહારનો પક્ષ થઈ ગયો છે. લાકડાને બાળે તેને અગ્નિ કહેવાય ઈ પક્ષ છે વ્યવહારનો, એમ જ્ઞાયક કોને કહેવાય કે પરને જાણે જ્ઞેયને જાણે તેને જ્ઞાયક કહેવાય, ઈ વ્યવહારનો પ્રબળ પક્ષ છે. સમજાણું ?

ઈ અજ્ઞાન છે અજ્ઞાન. વ્યવહારનો પક્ષ એટલે અજ્ઞાન, વ્યવહાર નથી. વ્યવહાર ક્યાં છે ? વ્યવહારનો પક્ષ છે. આ છઠ્ઠી ગાથા અદ્‌ભૂત છે. આ ગાથા અહીં ચાલી'તી નગીનભાઈને તેના ધર્મપત્ની બોરીવલીથી આવ્યા ત્યારે નગીનભાઈએ કહ્યું કે જ્ઞેયને જાણે છે માટે જ્ઞાયક કહેવામાં આવે તો તો એ તો જીવનો પક્ષ થઈ ગયો. ઈ તો વ્યવહારથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સમજાવ્યું કે જ્ઞેયને જાણે છે. જાણે છે ક્યાં ? વાહ ! ખુશ થયો.

અહીંયા પરને જાણવાનો પક્ષ છે ઈ છોડાવે છે, પરને કરવાનો પક્ષ છોડાવ્યો પહેલાં પારામાં. કેમકે પર્યાયથી રહિત છે માટે પર્યાયનો કર્તા નથી. તેમાં દ્રવ્યનો નિશ્ચય આવ્યો. હવે આ પર્યાયનો નિશ્ચય આપે છે. ભલે પર્યાયમાં પર જણાય, ભલે અગ્નિને લાકડાનો યોગ હોય અને બળતા લાકડાને અગ્નિનો યોગ હોય. સ્વયં બળતા લાકડાને અગ્નિનો યોગ હોય. સ્વયં બળતા લાકડાને અગ્નિનું નિમિત્ત છે ઉપસ્થિતિ છે. એની ઉપસ્થિતિમાં શીત પર્યાયનો વ્યય થઈને ઉષ્ણ પર્યાયપણે લાકડું પોતે પરિણમે છે. અગ્નિથી નિરપેક્ષ ઈ હો. અગ્નિ એને અડતી નથી. અગ્નિ અડી જાય તો અગ્નિનો નાશ થઈ જાય બેય એક થઈ જાય. (શ્રોતા :- દહન ને દાહ્ય બે પદાર્થ ન રહે) બે પદાર્થ જુદા છે. આહાહા !

એમ જ્ઞેય અને જ્ઞાયક જુદા છે. જ્ઞેય જ્ઞેયમાં છે, જ્ઞાયક જ્ઞાયકમાં છે. જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે, જ્ઞેયને જાણે છે, જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. આત્મા કોને કહેવો ? કે જાણે તેને આત્મા કહેવાય પણ ઈ પરને જાણે તેને આત્મા કહેવાય, એમ સમજાવવા માટે વ્યવહાર દ્વારા શરૂઆત કરી. કેમ કે સીધું જાણનારને જાણતો નથી તો જાણનારને જાણતો નથી ને જાણનારને કરનાર માન્યો છે એટલે કર્તાબુદ્ધિ છોડાવવા માટે જાણનાર કહ્યો અને પરને જાણે છે એને આત્મા કહ્યો, એ વાત જગતને પ્રસિદ્ધ છે. એક વાત જગતને પ્રસિદ્ધ છે કે આત્મા પરિણામને ને પરને કરે છે ઈ જગતને પ્રસિદ્ધ હતી. ઈ વાત છોડાવી કે આત્મા જ્ઞાયક જાણનાર છે કરનાર નથી. અકર્તા છે આત્મા એ વાત કરી. અને કરે તો પોતાના જ્ઞાનને કરે પણ ભેદને ઉત્પન્ન ન કરે, ઈ પ્રમત્ત-અપ્રમત્ત કે શુભાશુભભાવને ન કરે.

અહીંયા કહે છે કે જ્ઞેયાકાર અવસ્થા થવાથી, જ્ઞેયને જાણે છે તેથી આત્માને જ્ઞાયક એવું નામ પ્રસિદ્ધ છે. જ્ઞાયક જ્ઞાયકને જાણે છે માટે જ્ઞાયક નામ પ્રસિદ્ધ છે એ કોઈ સમજે જ નહીં. અને એ નિશ્ચયનું સ્વરૂપ સમજાવી શકાતું જ નથી. એ તો વ્યવહાર દ્વારા સમજાવી શકાય છે. પણ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી. જ્ઞેયને જાણે છે માટે જ્ઞાયકપણું નામ પ્રસિદ્ધ છે, પણ એ જે વ્યવહાર કહ્યો એ વ્યવહાર અનુસરવા યોગ્ય નથી. એ જ્ઞેયને જાણે છે માટે આત્માને જ્ઞાયક કહેવામાં આવે છે, એ વાત પ્રસિદ્ધ છે, પણ એ વ્યવહાર અનુસરવા યોગ્ય નથી, તે છોડવા યોગ્ય છે એ વ્યવહાર જાણીને ત્યાંથી વ્યાવૃત થવા યોગ્ય છે એમ કહે છે.

આ મૂળ વાત છે. આ બેય પારા મૂળ છે. આ અનુભવની વિધિ બતાવે છે. દૃષ્ટિનો વિષય આવ્યા પછી જીવને અનુભવ થતો નથી, ઈ અહીંયા ભૂલે છે. આત્મા પરને જાણે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને આત્મા કહેવાય, કાં સ્વપરને જાણે એને આત્મા કહેવાય. ઈ વ્યવહારનો પક્ષ છે. વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી.

એમ આવે છે કે વ્યવહાર દ્વારા પરમાર્થનું પ્રતિપાદન કરવામાં આવે છે. પણ ''વ્યવહાર ન અનુસર્તવ્ય'' અનુસરવા યોગ્ય નથી. **''न अनुसर्तव्य''** એને જાણે છે ઈ માટે જ્ઞાયક એમ કહ્યું, એમ કહ્યું ખરું. પણ એને જ જાણ્યા કરે છે માટે આત્મા જ્ઞાયક રહે છે એમ નથી. (શ્રોતા :- કેવી આમ ડેલીકેટ વાત છે) ડેલીકેટ વાત છે. (શ્રોતા :- વ્યવહાર દ્વારા પરમાર્થને સમજાવે પણ સાથે એમ પણ કીધું છે ને કે વ્યવહાર ન અનુસર્તવ્ય) અનુસરવા યોગ્ય નથી. એના દ્વારા તને સમજાવવામાં આવ્યું કે લાકડાને બાળે તેને અગ્નિ કહેવામાં આવે એમ કહેવામાં આવે પણ ઈ લાકડું ગરી ગ્યું એને લાકડું ગરી ગ્યું.

ગુરુશિષ્યના સંવાદમાં આવે છે ઈ. સમજી ગ્યા. લાકડું ગરી ગ્યું. લાકડાને બાળે તે અગ્નિ, કોલસાને બાળે તે અગ્નિ. ઉષ્ણ તે અગ્નિ એમ પણ નથી તો લાકડાને બાળે ઈ અગ્નિ એમ ક્યાંથી હોય ? એમ આત્મા પરને જાણે છે એ તો અસદ્ભૂત વ્યવહાર છે. આત્મા આત્માને જાણે છે ઈ વ્યવહારથી સાધ્યની સિદ્ધિ નથી તો આત્મા પરને જાણે છે એમાં સાધ્યની સિદ્ધિ ક્યાંથી હોય ? એમાં તો મિથ્યાત્વ નામનો દોષ થઈ ગયો.

લાકડાને બાળે અગ્નિ એ અસદ્ભૂત વ્યવહાર છે, ઈ તો સ્થૂળ મિથ્યાત્વ થઈ ગયું. ઉષ્ણ તે અગ્નિ એ સૂક્ષ્મ મિથ્યાત્વ છે, અગ્નિ સંબંધીનું. અગ્નિ તો અગ્નિ છે એ અગ્નિનું સ્વરૂપ છે એ એનો નિશ્ચય છે. એટલે ઓલાએ કહ્યું કે આમ આંગળી અડાડી અગ્નિને અને બહાર ગુરુ પાસે આવ્યો, કે અગ્નિ તો અગ્નિ છે. કે ઓલા શિષ્યએ તો કહ્યું કે ઉષ્ણ તે અગ્નિ છે, કે ના સાહેબ ત્યારે તને અગ્નિ તો અગ્નિ છે એ કેવી રીતે ખબર પડી ? કે મેં અનુભવ કર્યો. ઈ અનુભવથી મેં સિદ્ધ કર્યું. લાકડાને બાળે છે ઈ અગ્નિ અને ઉષ્ણ તે અગ્નિ, એ બેય અનુમાનનો વિષય છે. એમાં અગ્નિનો અનુભવ તિરોભૂત થઈ જાય છે. એમાં અગ્નિનો અનુભવ આવતો નથી. ગુરુજી મેં આંગળી લગાડીને તો મારે આંગળી આમ (દૂર) કરવી પડી. માટે અનુભવથી કહું છું કે, અગ્નિ અગ્નિ જ છે. ગુણ ગુણીનો ભેદ કાઢી નાખ્યો અને પરની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કાઢી નાખ્યો. સ્થૂળ વ્યવહાર અસદ્ભૂત અને સદ્ભુત વ્યવહાર બે છે, ઈ બેય ને જીતે છે ત્યારે અંદર જાય છે. અનુભવમાં આવે છે. બેમાં કેટલાક જીવો તો અસદ્ભૂતમાં અટક્યા ને કેટલાક સદ્ભૂતમાં અટક્યા.

છઠ્ઠી ગાથા તો છઠ્ઠીનાં લેખ છે. સમજાવવા માટે કહ્યું જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયક એવું નામ પ્રસિદ્ધ છે. તોપણ એમ, જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી જેમ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી એમ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. એટલે જ્ઞેયને જાણે છે માટે જ્ઞાયક છે, તો તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આત્મા પરાધીન થઈ ગયો. જો પરને જાણે તો આત્મા છે તો કોઈને અનુભવ જ ન થાય, તો તો પછી અનુભવ ન થાય, કારણ કે પરને જાણે ત્યારે જ્ઞાયક કહ્યું ને, તો પરને જાણે દેવને શાસ્ત્રને ગુરુને જાણે, જાણે તે આત્મા કહ્યું તો ત્યાંથી વ્યાવૃત્ત થઈને આત્મા ક્યારે જણાય, આત્મા જાણી જ ન શકાય. અને આત્મા અનુભવમાં નથી આવતો એનું કારણ અસદ્ભુત વ્યવહારનો પક્ષ છે ગુરુદેવના શિષ્યોમાં !

ગુરુદેવના શિષ્યોમાં ઘણાં સદ્ભૂત વ્યવહારમાં નથી આવ્યા. અસદ્ભૂત વ્યવહારનો પક્ષ છે હજી. કે શું આત્મા પરને જાણતો નથી ? (શ્રોતા :- ઈ તો ભાઈ જ્ઞેય જ્ઞાયકની એકતા થઈ ગઈ ને ?) એકતા થઈ ગઈ અને જ્ઞાન પરાધીન થઈ ગયું. જ્ઞેયને જાણે તો જ્ઞાયકનું અસ્તિત્વ છે, નહીં તો જીવનું અસ્તિત્ત્વ નથી, એમ ઈ માને છે તો પરાધીન થઈ ગયો ઈ. જીવને ખબર નથી. એને જ્ઞપ્તિ છે એ સત્ અહેતુક છે. જ્ઞાન પોતાથી થાય છે. હજી તો પરથી જ્ઞાન માને છે, જ્ઞેયથી જ્ઞાન માને છે.

અરે એનાથી તો સૂક્ષ્મ છે જ્ઞાયકથી જ્ઞાન નથી થતું. હવે તને ક્યાં વાત કરવી. જ્ઞેયથી જ્ઞાન થાય, જ્ઞેયને જાણે તો જ્ઞાન, જ્ઞેયને જાણે-જ્ઞેયને પ્રસિદ્ધ કરે તો જ્ઞાન એમ છે જ નહીં. ઈ જ્ઞેયાશ્રીત જ્ઞાન થઈ ગયું. જ્ઞેય થઈ ગયું, જ્ઞાન ન રહ્યું અજ્ઞાન થઈ ગયું. વ્યવહાર સમજાવવા માટે છે, અનુસરવા યોગ્ય એ નથી. ''શ્રદ્ધા કરને કે કાબીલ નહીં હૈ'' આહાહા ! જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. ''તો પણ'' શબ્દ વાપર્યો. જ્ઞેયને જાણે છે માટે આત્માને જ્ઞાયક એવું નામ પ્રસિદ્ધ છે, તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને લાગુ પડતી નથી. ઈ જણાય છે એમ તો રાખ્યું પણ એને જાણે છે એમ નથી. જણાય છે એમ રાખ્યું. પણ એને જાણે છે એમ નથી, જાણનારને જાણે છે, એ રહસ્ય છે. ભલે પરનો પ્રતિભાસ થાય, પરના પ્રતિભાસનો નિષેધ નથી (શ્રોતા :- એના લક્ષનો નિષેધ છે) એના લક્ષનો નિષેધ છે.

વ્યવહારનો નિષેધ આવવો બહુ મુશ્કેલ છે. પરનો હું કર્તા છું એ નિષેધ આવવો મુશ્કેલ છે. પરનો હું જ્ઞાતા છું. નથી તું જ્ઞાતા પરનો. જ્ઞાયકનો જ તું જ્ઞાતા છો. પછી કહે જ્ઞાયક તો જ્ઞાયક છે, જ્ઞાયકનોય જ્ઞાતા નથી. પણ જ્ઞાયકનો જ્ઞાતા નથી ? ના. આત્મા આત્માને જાણે છે એમાંય સાધ્યની સિદ્ધિ નહી થાય. હવે કહે ઈ હવે કહે છે કે પરને જાણે છે એમાં તો આત્માનો નાશ થઈ ગયો તારો.

સંધ્યા ! કોક વિરલા જ અનુભવ સુધી પહોંચે છે. સમ્યગ્દર્શન લાખો કરોડોમાં કોઈકને થાય છે. આ લોકની અંદર મનુષ્યની સંખ્યા બહુ આખા ત્રણ લોકમાં મોટી છે. પણ અનુભવ થાય કોક'ને, વિરલાને. એમાંય પંચમકાળ, એમાંય પંચમકાળમાં શુદ્ધનયનો ઉપદેશ વિરલ, ઉપદેશ જ ચાલ્યો ગયો. ઉપદેશ મળે તો તો સત્ય ગ્રહણ કરે ને અનુભવ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કરે, પણ ઉપદેશ દાતાય નહિ. આ તો એક પાક્યા હતા ગુરુદેવ, ચાલ્યા ગયા. હવે પાછળ અંધારું. આત્મા પરને જાણતો નથી, કોણ કહી શકે ? અનુભવી કહી શકે. ઈ અનુભવી કહી શકે. (શ્રોતા :- આપની તાકાત આપને ઇસ બાત કો ખોલ દીયા) ખોલ દીયા, આમાં છે.

આ છઠ્ઠી ગાથામાં લખ્યું છે. છઠ્ઠી ગાથામાં લખ્યું કે જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જ્ઞેય છે માટે અહીંયા જ્ઞાન થયું એમ છે નહીં. અને જ્ઞેયથી થયું એમ પણ નહિ અને જ્ઞેયનું પણ જ્ઞાન નથી. (શ્રોતા :- ઈ ખાસ વાત છે) જ્ઞેયનું જ્ઞાન નથી, જ્ઞાન તો આત્માનું છે. જ્યારે જ્ઞેયનો પ્રતિભાસ થાય છે બેન, ત્યારે જ્ઞાન આત્માનું થયું છે. બોલપેન જણાય છે જ્યારે જ્ઞાનમાં, જ્ઞાનમાં બોલપેન જણાય છે, ત્યારે બોલપેન છે તો આંહીયા જ્ઞાન થયું એમ નથી, જ્ઞાન જ્ઞાનથી થાય છે. અને બોલપેનનું જ્ઞાન નથી. જ્ઞાન તો આત્માનું થાય છે.

‘‘જે જેનું હોય તે તે જ હોય’’ ‘‘આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે.’’ આત્માનું જ્ઞાન થાય છે. આ રાગનું જ્ઞાન નથી થતું, શરીરનું જ્ઞાન, પ્રતિમાનું, શાસ્ત્રનું જ્ઞાન થતું જ નથી. (શ્રોતા :- પરનું જ્ઞાન થતું જ નથી) આત્માનું જ્ઞાન સમયે સમયે થાય છે. (શ્રોતા :- બરાબર એકદમ એકાંત સત્ય છે આ વાત) એકાંત સત્ય છે, એ તો નિમિત્ત દેખીને ઉપચાર કરવામાં આવ્યો, ઉપચારને સાચું માન્યું. ઈ સમજાવવા માટે હતો પ્રયોગ. જ્ઞેયને જાણે માટે આત્માને જ્ઞાયક એવું નામ પ્રસિદ્ધ છે કે આત્મા કોને કહેવો ? કે જાણનારને કહેવો. જાણે એટલે શું ? કે પરને જાણે, ઘડિયાળને જાણે એને આત્મા કહેવો, હા. બધાને જાણે આત્મા, પરને જાણે તે આત્મા, એમ નથી. આહાહા ! એકલી બહિર્મુખતા રહી ગઈ. છઠ્ઠી ગાથામાં માલ ભર્યો છે. એક એક લીટી એક એક શબ્દની કિંમત છે.

એટલે અગ્નિ ને લાકડાનો દૃષ્ટાંત લંબાવ્યો, આપણે એટલા માટે લંબાવ્યો, દૃષ્ટાંત બહુ સારો છે. એમાંય પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. એમાં પણ ઈ શબ્દ છે, એમ આમાં જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ નથી ? કારણ કે, હવે કારણ આપે છે. પહેલાં જ્ઞેયકૃત અશુદ્ધતા નથી. નથી એનું કારણ શું ? કે જ્ઞેયથી જ્ઞાન ન થયું કે જ્ઞેયથી જ્ઞાન થયું છે ? એ ખોટી વાત છે. જ્ઞેયથી જ્ઞાન થતું નથી. કારણ કે જ્ઞેયથી જ્ઞાન થાય તો અશુદ્ધતા આવી જાય, તો જ્ઞાન પરાધીન થઈ જાય તો તો પરાશ્રય જ્ઞાન થાય, પરના લક્ષે જ્ઞાન થાય એમ આવી જશે, એમ છે નહીં.

જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. કારણ કે આ જ્ઞેય જ્યારે જ્ઞાનમાં પ્રતિભાસે છે ત્યારે, કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્યારે રાગ જણાય છે જ્ઞાનમાં, દુઃખ જણાય છે જ્ઞાનમાં, શ્રી ગુરુ જણાય છે જ્ઞાનમાં, છઠ્ઠી ગાથા જ્યારે જણાય છે જ્ઞાનમાં, ત્યારે શું જણાય છે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞેયાકાર અવસ્થામાં શું જણાય છે ? જ્ઞેયનું જ્યારે નિમિત્તપણું છે અને જ્ઞેયનો પ્રતિભાસ જ્ઞાનની સ્વચ્છતામાં થઈ રહ્યો છે ત્યારે જ્ઞેય જણાય છે કે જાણનાર જણાય છે ? જો જ્ઞેય જણાય છે તો જ્ઞેયકૃત અશુદ્ધતા આવી ગઈ, અને જ્ઞેય જણાય છે પ્રતિભાસે છે તે વખતે જાણનાર જણાય છે તો જ્ઞેય જણાવા છતાં જ્ઞેયકૃત અશુદ્ધતા થતી નથી. ઈ જો આમાં લખ્યું છે.

''જો કુછ ઝલકતા જ્ઞાનમેં વહ જ્ઞેય નહીં બસ જ્ઞાન હૈ''
નહીં જ્ઞેયકૃત કિંચીત મલિનતા સહજ સ્વચ્છ સુ જ્ઞાન હૈ''

ઈ આ, જ્ઞાન જ જણાય છે. (શ્રોતા :- આ રહસ્ય તો ભાઈ આપને હી ખોલા હૈં ખરેખર જ્ઞાનનું આવું સ્વરૂપ છે આમ, જ્ઞેયનો પ્રતિભાસ થાય છે પણ જ્ઞેયને જાણતો નથી હા. પ્રતિભાસનો નિષેધ નથી પણ એને જાણતો નથી, જાણનાર જણાય છે. આહાહા ! જો જ્ઞેય જણાતું હોય તો જ્ઞેયકૃત અશુદ્ધતા આવી ગઈ, તો જ્ઞાયકનો તિરોભાવ થાય છે, સામાન્ય જ્ઞાનનો તિરોભાવ, વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનનો આવિર્ભાવ. અજ્ઞાન થઈ ગયું. ઈ થઈ ગયું અજ્ઞાન એમ.

ઈ જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ નથી કે જ્ઞેયનો જ્યારે પ્રતિભાસ થાય છે જ્ઞાનમાં, જ્ઞેય નિમિત્તભૂત છે અને  જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાય નૈમિત્તિકભૂત છે. એ વખતે એ જ્ઞેયાકાર જે જ્ઞાનની પર્યાય થઈ જ્ઞેય સાપેક્ષથી, ત્યારે એ જ્ઞાનમાં, કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં, આહાહા...એ જ્ઞેયાકાર અવસ્થા તો આત્માની થઈ, જ્ઞેય તો નિમિત્ત છે માટે જ્ઞેયાકાર રાખ્યું, ઈ જ્ઞેયાકાર અવસ્થા વખતે જ્ઞેય જણાય છે કે જ્ઞાયક જણાય છે ? બસ ! આમાં સંસાર મોક્ષ છે.

આ જ્ઞેય છે નેપકીન એ જ્ઞાનમાં જણાય છે ? જ્ઞેયાકાર અવસ્થામાં જો જ્ઞાયક ન જણાય તો જ્ઞેયકૃત અશુદ્ધતા એટલે અજ્ઞાન થઈ ગયું. પણ આ જ્ઞેય જણાય છે ત્યારે, કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં એમ, એ જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ થતી નથી જ્ઞાનને, કેમ કે જ્ઞેયાકાર અવસ્થામાં જાણનાર જણાય છે, જ્ઞાયક જણાય છે. આહાહા ! જ્ઞેય જણાતું નથી. આહાહા ! જ્ઞેયનો પ્રતિભાસ છે પણ જ્ઞેય જણાતું નથી. આહાહા ! કેમકે એના ઉપર મારું લક્ષ નથી, લક્ષ તો જ્ઞાયક ઉપર છે. જેના ઉપર લક્ષ છે ઈ જણાયા કરે છે. જેના ઉપર લક્ષ નથી એ જણાવા છતાં એને જાણતું નથી જ્ઞાન, જણાવા છતાં જ્ઞાન એને જાણતું નથી. આહાહા !

કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં, એટલે જ્ઞેયોને જાણવાની અવસ્થાનો કાળ છે. નેપકીનને જાણવાની અવસ્થા રાખી, ઈ કાળે શું જણાય છે તને ? કીધું કે નેપકીન જણાય છે (તો) જ્ઞાનનું અજ્ઞાન થઈ ગયું. કે આ નેપકીન જણાય છે તે વખતે શું જણાય છે ? જાણનારો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જણાય છે. તો ત્યાં જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ થઈ ગયું. મોક્ષમાર્ગમાં આવી ગયો. આનંદનો અનુભવ તેને વર્તે છે સવિકલ્પ દશામાં. કેમકે જ્ઞેયાકાર અવસ્થામાં જાણનાર જણાય રહ્યો છે. હર હાલતમાં, સમયે સમયે સવિકલ્પ દશા હો કે નિર્વિકલ્પ, ઊંઘમાં હો કે જાગ્રત અવસ્થામાં હો. જ્ઞેયાકાર અવસ્થામાં જાણનાર જણાય જ રહ્યો છે.

કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેયો જ્યારે જણાય છે એવી અવસ્થાના કાળમાં, ઈ રાખ્યું, ઈ રાખ્યું, ઈ વખતે શું છે ? સવિકલ્પદશા છે પણ ઈ વખતે શું છે ? જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો, ''જ્ઞાતઃ'' શબ્દ છે ને એનો અર્થ કર્યો. ''જ્ઞાતઃ'' જ્ઞાયકપણે જણાયો. એનો અહીંયા અર્થ કર્યો કે જ્ઞાયકપણે જે જણાયો. અહીંયા 'જે' શબ્દ ઉમેર્યો. જ્ઞાયકપણે 'જે' જણાયો, જાણનારપણે જે જણાયો, હું તો જાણનાર છું એમ જણાયો.

હવે સવિકલ્પ દશામાં જાણનારપણે જણાયો, તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ, જ્ઞાયક જ છે. હર હાલતમાં જ્ઞાયક જાણનાર જણાય છે. હર હાલતમાં હર સમયે એનું જે જ્ઞાન અતીન્દ્રિય પ્રગટ થઈ ગયું છે. એ અતીન્દ્રિય જ્ઞાનમાં તો જાણનાર જણાય છે. ભલે પરનો પ્રતિભાસ લોકાલોકનો હોય, હો તો હો, પ્રતિભાસનો નિષેધ થઈ શકતો નથી કેમ કે સ્વચ્છતા છે. દર્પણમાં સો પદાર્થ પ્રતિભાસે, પ્રતિભાસનો નિષેધ નથી. પણ એ દર્પણમાં મોર જણાય છે, પોપટ જણાય છે, કે શું જણાય છે ? કે દર્પણની સ્વચ્છતા જણાય છે. પછી કહે દર્પણ જ જણાય છે. પહેલાં કહે દર્પણની સ્વચ્છતા જણાય છે, પછી કહે દર્પણ જ છે, એટલે સદ્‌ભૂત વ્યવહારનો ભેદ હતો તે કાઢી નાખ્યો. ઓલું જણાતું નથી મોર, પોપટ જણાતા નથી. અગ્નિ જણાતી નથી, પણ સ્વચ્છતા જણાય છે દર્પણની. પછી કહે દર્પણ જણાય છે. દર્પણ તો દર્પણ જ છે. ઈ મોરની અવસ્થાના કાળે, મોરનો પ્રતિભાસ થાય છે એ વખતે તમે દર્પણની સામું જુઓ, બે જીવ સામે રાખવા, બે જીવ છે, જુએ છે, એક કહે છે કે આમાં મોર છે, બીજો કહે છે કે દર્પણ તો દર્પણ છે. પદાર્થ એક છે. પદાર્થના પ્રતિભાસમાં તફાવત છે.

મુંબઈ હું ગયોને અહીંથી શરૂઆતમાં, ત્યારે આ દાખલો આપતો'તો ત્યાં હાફુસ કેરી આવવા માંડી સો રૂપિયે ડઝન તે વખતે, શરૂઆતમાં સો રૂપિયે ડઝન. તો ટેબલ પર પીળી ફર્સ્ટ ક્લાસ કેરી પડી હતી, રકાબીમાં ડીશમાં. શ્રીમંત માણસોને ઘેર તો કેરી હોય ને. ત્યાં તેની સામે દર્પણ રાખ્યો. માને કહે આમાંથી કેરી આપ કે બેટા એમાં કેરી નથી. ઈ તો દર્પણ છે, કે ના મારી સગી આંખે હું જોઉં છું કે આમાં કેરી છે, પણ નથી. સમજે નહીં. પછી કહે તો લઈ લે કેરી, લઈ લે આમ હાથ માર્યો, હાથ માર્યો હાથમાં લાગ્યું. મા મા શું થયું ? કે આમાં કેરી નથી કે ઈ તો હું તો તને કહેતી'તી. બેટા તને ભ્રાંતિ થઈ ગઈ. કેરીનો પ્રતિભાસ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


છે એમાં કેરી ન હોય. કેરી કેરીમાં છે. કેરીના પ્રતિભાસમાં કેરી નથી. જ્ઞેયાકાર જ્ઞાનમાં જ્ઞેય નથી, જ્ઞેયાકાર જ્ઞાનમાં તો જ્ઞાન છે. જ્ઞાયક જ છે એટલે જ્ઞાયક જણાય છે.

અગ્નિનો દાખલો આપું છું. મમ્મીને કહે કે આ અરીસો બળે છે, સળગે છે. એમ ? મમ્મીને તો ખબર કે અગ્નિ તો સામે છે. બળે છે ? કે હા. તો પાણી નાખ-છાંટ. તો ટબુડી નાની લઈને છાટ્યું, કે આ અરીસો ઠરતો નથી એનું શું ? આગ લાગશે ઘરમાં હમણાં, તું શાતિથી શું જવાબ દે છે મને. તું ડોલ લે કે ડોલ લઈને નાખ હમણાં ઠરી જશે કે ઓલા બાળકને તો સમજાવવું કેવી રીતે ? એટલે ચંદ્રમાનો દાખલો ન આપ્યો બીરબલે. એમ ડોલ લઈને નાખી ડોલ, ઠરતું નથી એણે કહ્યું, પણ ઈ ગરમ જ થયો નથી. ઠરે ક્યાંથી ? આગ એમાં છે જ નહીં. પછી કહે એમ કર તું તારી આંગળી લાવ અને આંગળી લઈને આમ જો, ના મારી આંગળી તો બળી જાય. કારણ કે તેને ઓલી ભ્રાંતિ છે ને ? મારી આંગળી નહીં તારી આંગળી લગાડ તો મને ખબર પડે. આંગળી લગાડી પછી કહે આટલામાંથી ખબર નહીં પડે અને આખો હાથ આમ ફેરવ્યો. લે બોલ, હવે લાવ તારો હાથ, એણે હાથ ધર્યો. અરે આમાં તો અગ્નિ છે નહીં. આ તો ટાઢું શીતળ શીતળ અરીસો છે આ.

એ તારી ભ્રાંતિ હતી, અગ્નિ અગ્નિમાં ને અરીસો અરીસામાં છે, દુઃખ દુઃખમાં છે. આનંદમૂર્તિ આનંદમૂર્તિમાં છે. આનંદમૂર્તિ જ્ઞાનમાં દુઃખ નથી અને દુઃખમાં આનંદ નથી. આહાહા ! દુઃખનો માત્ર પ્રતિભાસ થાય છે એ જ્ઞેયાકાર અવસ્થા છે. આહાહા !

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો. આ સૌથી અગત્યની વાત છે. સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં તો જ્ઞાયક છે, નિર્વિકલ્પ ધ્યાનમાં તો જ્ઞાયક જણાય છે, ઈ તો બધાય હા પાડે. પણ આ બોલપેન જ્યારે જણાય છે, ત્યારે જાણનાર જણાય છે, એમાં એ વ્યાવૃત થઈ જાય અંદરમાં આવી જાય. (શ્રોતા :- નિષેધ આવી ગયો ને ! પર જણાતું નથી જ્ઞાયક જણાય છે) હા, એટલે જ્ઞેયકૃત અશુદ્ધતા ન આવી એને. કારણ કે ઈ જ્ઞેયાકાર અવસ્થામાં ઈ જ્ઞેય જ્યારે સાપેક્ષ છે ત્યારે જ્ઞાનની પર્યાયને જ્ઞેયાકાર કહ્યું. જ્ઞાનાકાર ન કહેતાં જ્ઞેયાકાર કહ્યું, કે જ્ઞેયાકાર અવસ્થામાં જાણનાર જણાય છે, ઈ સિદ્ધ કરવું છે. અચ્છિન્ન ધારાથી જાણનાર જણાય છે. સાધકને અચ્છિન્ન ધારાવાહી એક સમય પણ એવો ન હોય કે જાણનાર ન જણાય. આહાહા ! આ એક (એક) શબ્દની કિંમત છે, કારણ કે પછી ફર્સ્ટક્લાસ કોહીનુરનો હીરો, કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેયો જણાય છે એવા કાળની અવસ્થા જ્ઞાનની થઈ તેમાં, જ્ઞાયકપણે જે જણાયો, જાણનાર છું એમ જણાય છે. આહા !

આ રાગ મારો છે એવું જાણવામાં ન આવ્યું, તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ જ્ઞાયક જ છે. કેમ ? કર્તાકર્મનું અનન્યપણું છે. કર્તાકર્મનું અનન્યપણું છે, એટલે જ જાણનાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જણાય છે. કર્તા અન્ય અને કર્મ અન્ય હોય તો જાણનાર જણાય નહીં. એમાં ય ખૂબી છે કર્તાકર્મનું અજ્ઞાન, કર્તા કર્મના જ્ઞાન વડે જાય છે. ઈ બરાબર જ છે. આહાહા ! કેટલું આમાં ભરી દીધું છે સંસ્કૃતમાં. આ દસ લીટીમાં તો માલ ભર્યો છે માલ. આહાહા !

ત્યાં અકર્તા કહ્યો તો પહેલાં પારામાં પણ કર્મનું બાકી રહી ગયું'તું તો પૂરું આમાં થાય છે. કર્તા કર્મમાં પૂરું થાય છે અહીંયા કર્તા કર્મમાં પૂરું થાય છે ધ્યેયપૂર્વક જ્ઞેય થાય ને ? ધ્યેયપૂર્વક જ્ઞેય એમાં થાય છે. આ જ્ઞેયનો પાઠ છે ઓલો ધ્યેયનો પાઠ હતો.

જયસેનાચાર્ય ભગવાન કહે છે ને મોહના ક્ષપણ કરવા સમર્થ થયો, પણ કર્તા થયો ? કર્તા થયા વિના કામ ન આવે. માટે આમાં અકર્તા પ્લાસ કર્તા કર્મનું અનન્યપણું ઈઝ ઈક્વલ ટુ અનુભૂતિ ઈ આ સોનગઢમાં કહ્યું તું. અકર્તા એટલે ધ્યેયમાં આવી ગયો. તો ધ્યેયનું જ્યારે ધ્યાન કર્યું ત્યારે એમાં પ્લસ થયો. પ્લસ થયો કે નહીં ? એ જણાયો કે નહીં તો જાણવાપણે જણાયો તો જાણવારૂપે પરિણમ્યો કે નહીં ? પોતે પોતાને જાણવારૂપે પરિણમ્યો તો પરને જાણવારૂપે બંધ થઈ ગયો ત્યારે અનુભવ થાય છે. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો, તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં જ્ઞાયક જ છે. પછી દૃષ્ટાંત આપે છે દીવાની જેમ, દીવાની જેમ કર્તાકર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે.

હવે પોતે ખુલાસો કરે છે પંડીતજી. પોતે જાણનારો માટે પોતે કર્તા. સ્વતંત્રપણે કરે તે કર્તા. પોતે જાણનારો છે માટે પોતે કર્તા છે. પોતાને જાણ્યો, જો જ્ઞેયને જાણવું કાઢી નાખ્યું. (શ્રોતા :- જાણતો જ નથી અને પ્રતિભાસે છે ત્યારે પણ આત્માને જાણે છે) જાણે છે એટલે જ્ઞેયને જાણે છે એ વાત છે જ નહીં. આદિ, મધ્ય ને અંતમાં નથી, ઈ તો કથન માત્ર છે. જ્ઞેયને જાણે છે ઈ કથનમાત્ર છે. ભાવ નથી એવો. (શ્રોતા :- સહી બાત હૈ. જ્ઞેયને ક્યારેય જાણતો નથી. જ્ઞેયાકાર અવસ્થામાં ય જો જાણતો નથી તો સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં તો ક્યાંથી જાણે ?) ક્યાંથી જાણે. આહાહા ! આમાં તો સમુદ્ર ભર્યો છે સમુદ્ર. જેની જેટલી તાકાત હોય તેટલું કાઢી શકે. આહાહા ! ભાવલિંગી સંતે એના ઊંડાણના ભાવો, કલમ ચલાવી તાડપત્ર પર લખી નાખ્યું વચનાતીતને વચનમાં લાવીને મૂકી દીધું. દીવાની જેમ કર્તાકર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે. હવે જ્ઞાયક છે એનો વિસ્તાર કરે છે.

કે પોતે જાણનારો માટે પોતે કર્તા, અને પોતાને જ જાણ્યો માટે પોતે જ કર્મ. જ્ઞાન પર્યાય પરિણત દ્રવ્ય કર્તા અને જ્ઞાન પર્યાય પરિણત દ્રવ્ય તે કર્મ. દ્રવ્ય પોતે કર્તા અને દ્રવ્ય પોતે કર્મ એટલે આખું દ્રવ્ય જણાણું. પર્યાય પરિણત દ્રવ્ય આખુંય જણાય ગયું. સમજી ગ્યા. આહાહા ! અપરિણામી ધ્યેય અને પરિણામી જ્ઞેય થઈ ગયું. પરિણામી થયો ત્યારે કર્તા-કર્મનું અનન્યપણું થયું. (શ્રોતા :- કર્તાકર્મનું અનન્યપણું જણાય છે) કેવું થયું એવું જણાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પોતે જાણનારો માટે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે કર્મ. દેવ ગુરુ શાસ્ત્રને ન જાણ્યું. પર્યાયને ન જાણ્યું, સામાન્ય વિશેષ આખો આત્મા જાણ્યો. સામાન્ય વિશેષાત્મક આખો આત્મા ઉત્પાદવ્યયધ્રુવયુક્તંસત્ એ જ્ઞાનનું જ્ઞેય છે. ઉત્પાદવ્યય કર્મ નથી. એ ભેદ અપેક્ષાએ કર્મ છે. અભેદ અપેક્ષાએ ઉત્પાદવ્યયધ્રુવયુક્તંસત્ આખું પરિણામી દ્રવ્ય કર્તાનું કર્મ છે. જણાયો એવો જ જણાયો. (શ્રોતા :- એટલે જણાય તે કર્મ છે) જણાય તે કર્મ છે. કેવો જણાયો ? (શ્રોતા :- આખો જણાણો) આખો જણાણો, ઈ કર્મ છે. સમયસાર પ્લસ પ્રવચનસારમાં આવી ગયો ઈ. જ્ઞાતૃતત્ત્વ ને જ્ઞેયતત્ત્વ થઈ ગયું. જ્ઞાતૃતત્ત્વ અને જ્ઞેયતત્ત્વ એનો અનુભવ એ સમ્યગ્દર્શન છે.

જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે. આ દીપક છે ઈ આ બધાને પ્રસિદ્ધ કરે છે આને પ્રસિદ્ધ કરવાના કાળમાં પણ દીપક જ છે ઈ દીપકનું કાંઈ અન્યથાપણું થતું નથી. ઘટપટને પ્રકાશે છે માટે દીપક ઘટપટરૂપે થઈ ગયો એમ છે નહીં, અને પોતાને પોતાની જ્યોતિરૂપ શિખાને પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે. હર હાલતમાં દીપક, દીપક જ છે. હર હાલતમાં જાણનાર-જાણનાર-જાણનાર-જાણનાર, જાણનારપણે જ છે અન્ય કાંઈ નથી એમ જ્ઞાયકનું સમજવું. જ્ઞાયક તો જ્ઞાયક છે. એ સેટીકામાં આવ્યું ને જ્ઞાયક તો જ્ઞાયક જ છે ઈ આ. જે સેટીકામાં છે એ જ વાત કરી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે તમારા ભજનમાંય આવે છે ને.

‘‘જ્ઞાયક પરકો નહીં જાનતા, જ્ઞાયક જ્ઞાયક કો હી જાનતા,
યે દોનોં તો નય પક્ષ હૈ, જ્ઞાયક નયોં સે પાર’’

બસ, આમાં અનુભવ છે. જ્ઞાયક પરને જાણે છે એમાં અનુભવ નથી, જ્ઞાયક જ્ઞાયકને જાણે છે એમાં અનુભવ નથી, વિકલ્પની જાળ સંસાર છે. આહાહા ! નયોંસે પાર એટલે વિકલ્પોથી પાર થઈ ગયો, ઈ અનુભવ સાક્ષાત્ થઈ ગયો. ઈ બરાબર છે આ. બેન જયપુરમાં બોલ્યા હતા એમાં ઘણાં ખુશ ગયા. યુગલજીને આકર્ષણ એના પરથી થયું ને ઘણાને આકર્ષણ થયું. ઈ સિવાય બીજુ કંઈક બોલ્યા’તા ‘‘મૈં જ્ઞાયક પર જ્ઞેય હૈ મેરે ઐસી ભ્રાંતિ મીટા ડાલી’’ હા ઈ. મૈં જ્ઞાયક પર જ્ઞેય હૈ મેરે ઐસી ભ્રાંતિ મીટા ડાલી. ભ્રાંતિ જ હતી. એવું કંઈ હતું નહીં. પણ અરીસામાં અગ્નિ નહોતી અને અગ્નિનો ભાસ થયો ઈ તો ભ્રાંતિ થઈને. એમ જ્ઞાનમાં જ્ઞેયનો પ્રતિભાસ દેખી અને જ્ઞાનમાં જ્ઞેયો છે એ ભ્રાંતિ છે જ્ઞાનમાં જ્ઞેયો છે એ ભ્રાંતિ છે.

જ્ઞેય જણાય છે ઈ ભ્રાંતિ છે. લક્ષ જ્ઞેય પર ગયું. લક્ષ જ્ઞેય પર રહી ગયું. જ્ઞાનનું પણ લક્ષ જ્ઞાયક પર ન આવ્યું. જ્ઞેય જણાય છે ઈ તો જ્ઞેય, પર જણાય છે તો પર ઉપર લક્ષ ગયું,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તો એક સમયમાં છદ્મસ્થનો ઉપયોગ જ્યાં પર ઉપર જાય છે ત્યાં સ્વ ચૂકાઈ જાય છે. માટે અજ્ઞાન થઈ ગયું જ્ઞાન ન રહ્યું. જ્ઞાનનું લક્ષ આત્મા ઉપરથી છૂટતું જ નથી. સવિકલ્પ દશા હો કે નિર્વિકલ્પ. (શ્રોતા :- હવે જ્ઞેયાકાર અવસ્થામાંય જો જ્ઞેય ન જણાતું હોય તો પછી સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં તો જ્ઞેય ક્યાંથી જણાય) અનુભવી સિવાય આ લખી શકાય તેવું નથી. (શ્રોતા :- અને અનુભવી સિવાય આ સમજી શકાય તેવું નથી. બિલકુલ સહી બાત કહી) અંદરમાં જવાની આખી વિધિ પ્રોસેસ બતાવી છે.

કેમકે લાકડાને બાળે અગ્નિ તેથી અગ્નિને બાળનાર કહેવાય છે, તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. કેમકે અગ્નિ લાકડાને બાળે છે એ ઉપચારનું કથન અસત્યાર્થ કથન છે. લાકડાને અગ્નિ અડતી નથી તો બાળે ક્યાંથી ? અરે લાકડું ઉષ્ણરૂપે, અગ્નિરૂપે, જ્વાળારૂપે કેમ થયું ? કે એની પર્યાયની યોગ્યતાથી. એનું નિમિત્તપણું પણ નથી. (શ્રોતા :- હા, અગ્નિનું નિમિત્તપણું પણ નથી) અગ્નિ છે તો લાકડું બળે છે એમ છે નહીં. લાકડાની પર્યાયની તત્ સમયની યોગ્યતા ઉષ્ણરૂપે થવાની, શીતનો વ્યય અને ઉષ્ણનો ઉત્પાદ, અન્વયરૂપે લાકડાના પરમાણું, અન્વયરૂપે એમાં રહેલા છે. લાકડાની પર્યાયે પોતાની શીત પર્યાયનો વ્યય કર્યો છે ને ઉષ્ણ પર્યાયનો ઉત્પાદ લાકડાએ કર્યો છે. લાકડું સ્વયમેવ અગ્નિના નિમિત્તથી નિરપેક્ષ ઉષ્ણરૂપે પરિણમ્યું છે. આહાહા ! કોણ માને ? કે અગ્નિ છે માટે લાકડું બળે છે ? કે ના. લાકડું સ્વયં બળે છે. આહાહા ! જો અગ્નિ છે તો બળે છે તો તો એની પરાધીનતા થઈ ગઈ. પર્યાય સત્ ન રહી. પર્યાય સત્ અહેતુક છે. અગ્નિને અડતી નથી ને બાળે ક્યાંથી ?

એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહીં. બાળતી નથી, બાળે છે એમ કહેવાય છે, કુંભાર ઘડો કરે છે એમ કહેવાય છે. આહાહા ! એની હાજરી દેખીને, પણ કુંભારે અત્યાર સુધી કોઈ ઘડો કર્યો નથી. એના (પોતાના) પરિણામને કરે છે. માટી એના પરિણામને કરે છે. બેય સ્વતંત્ર જુદું જુદું છે.

બેય પ્રકારના વ્યવહાર છે અસદ્ભૂત અને સદ્ભૂત, એનો નિષેધ ન આવે ત્યાં સુધી નિશ્ચયની પ્રાપ્તિ થાય નહીં. મોટા ભાગના, તો અસદ્ભૂતમાં અટકી ગયા. એમાં જ છે મોટા ભાગના મોટા ભાગના એ તો સમજાવવા માટે કહ્યું'તું, અગ્નિનું સ્વરૂપ સમજતો નહતો માટે લાકડાને બાળે ઈ અગ્નિ એમ સમજાવ્યું છે એને. તો લાકડું ઘુસી ગયું એને, કે લાકડાને બાળે ઈ અગ્નિ.

એમ જ્ઞાયક જાણનાર કોને કહેવો ? કે જ્ઞેયોને જાણે એને જાણનાર કહેવામાં આવે છે. આને લાકડું ઘુસી ગયું. પણ ઉપાદાનની સ્વશક્તિ નથી સમજતો એટલે નિમિત્ત સાપેક્ષથી

સમજાવવાનો પ્રયત્ન કર્યો. નિમિત્ત સાપેક્ષ માની લીધું એ તો વિપરીત થઈ ગયું. જ્ઞાન પરાધીન થઈ ગયું. જ્ઞેયથી જ્ઞાન માન્યું એણે. એટલે જ્ઞેયની સન્મુખ જ રહેને.

જ્ઞાનની સિદ્ધિ તો એણે જ્ઞેયથી કરી. જ્ઞાનની સિદ્ધિ જ્ઞેયથી કરી કે જ્ઞેયને જાણે તો જ્ઞાન એટલે વ્યાવૃત થાય નહીં ત્યાં અટકી રહે. આને જાણું આને જાણું. (શ્રોતા :- જ્ઞાનની સિદ્ધિ તો કરવી જ છે એણે, માને એમ કે જ્ઞેયને જાણે માટે જ્ઞાન માટે એની સન્મુખતા છૂટે જ નહી એને) ક્યાંથી છૂટે. વખત થઈ ગયો.

## પ્રવચન નં. ૧૩
દિવાનપરા -રાજકોટ
તા. ૯-૭-૮૯

શ્રી સમયસાર પરમાગમ શાસ્ત્ર એનો પ્રથમ જીવ નામનો અધિકાર ગાથા છ એની ટીકા પૂરી થઈ.

ભાવાર્થ :- અશુદ્ધપણું પર દ્રવ્યના સંયોગથી આવે છે. એટલે પર દ્રવ્યના લક્ષે પર્યાયમાં અશુદ્ધતા થાય છે. ત્યાં એવી સ્થિતિમાં પણ મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી. માત્ર પરદ્રવ્યના નિમિત્તથી, માત્ર કહીને એ નક્કી કર્યું કે દ્રવ્યમાં એ ભાવ આવતો નથી. માત્ર પરદ્રવ્યના નિમિત્તથી એટલે નિમિત્તપણું બીજાનું છે આત્મા તેમાં નિમિત્ત થતો નથી, એ વાત પણ એમાં આવી ગઈ.

માત્ર પર દ્રવ્યના નિમિત્તથી એટલે કે નિમિત્તના લક્ષથી, અવસ્થા મલિન થઈ જાય છે. માત્ર અવસ્થા મલિન થાય છે. એમાં પણ નિમિત્તપણું પર દ્રવ્યનું છે. ક્ષણિક ઉપાદાન તો પોતે છે નિમિત્ત કર્મનો ઉદય છે. જીવનો સ્વભાવ તો તેમાં નિમિત્ત થતો નથી. માત્ર કહીને બધું કાઢી નાખ્યું. માત્ર નિમિત્તથી એટલે નિમિત્તના લક્ષથી એમ, નિમિત્તથી અહીં કંઈ ન થાય. નિમિત્ત તો પર પદાર્થ છે. નિમિત્તના લક્ષથી અવસ્થા મલિન થાય છે. એ એનું ઉપાદાન છે. મલિન થવાનો તેનો કાળ છે. ત્યારે તેમાં પર દ્રવ્ય નિમિત્ત હોય, સ્વભાવ નિમિત્ત ન હોય, બસ. એટલે નિમિત્ત કર્તા આત્મા નથી. નિમિત્તકર્તા પર દ્રવ્ય છે. ઉપાદાન કર્તા અશુદ્ધ પર્યાય છે. બધી વાત એક લીટીમાં આવી જાય છે.

દ્રવ્ય દૃષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે. ભલે પર્યાય મલિન થઈ, પણ દ્રવ્ય તો જે છે, તે તેવું ને તેવું જ રહે છે શુદ્ધ. અને પર્યાય અવસ્થા દૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે. પર્યાય મલિન જ દેખાય છે અને પર્યાયદૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે જુઓ આમાં શું કહે છે ? કે પર્યાય દૃષ્ટિથી પર્યાય મલિન નથી દેખાતી, પર્યાય દૃષ્ટિથી દ્રવ્ય મલિન દેખાય છે, એમ કહેવા માગે છે. દ્રવ્ય દૃષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે અને પર્યાય દૃષ્ટિથી એમ. પર્યાયદૃષ્ટિથી એ દ્રવ્ય કેવું જોવામાં આવે છે ? જોવામાં આવે તો મલિન જ દેખાય છે. એ એનું અજ્ઞાન થઈ ગયું. મલિન જ થઈ જાય છે એમ નથી મલિન જ દેખાય છે. છે તો નિર્મળ શુદ્ધ પણ પર્યાયદૃષ્ટિથી મલિન દેખાય છે. હવે પર્યાયદૃષ્ટિથી પર્યાય મલિન કોણ જોવે ખબર છે ? જે દ્રવ્યને શુદ્ધ જોવે છે તે. દ્રવ્યદૃષ્ટિવંત, પર્યાય અપેક્ષાએ પર્યાયને જુએ તો પર્યાય જ મલિન દેખાય છે, દ્રવ્ય તો જે છે તે જ દેખાય છે. પણ અજ્ઞાનીને પર્યાય દૃષ્ટિથી ‘દ્રવ્ય’ મલિન દેખાય છે. અવસ્થાની દૃષ્ટિથી જોવે ને અવસ્થા મલિન દેખાય તો તો દ્રવ્ય નિર્મળ દેખાય. પણ એ અવસ્થાને જ આત્મા માને છે. આત્મા જ મલિન થઈ ગયો. આત્મા જ અશુદ્ધ થઈ ગયો. આત્મા જ મિથ્યાદૃષ્ટિ રાગી થઈ ગયો એમ. એ પર્યાયદૃષ્ટિ થઈ ગયો.

પર્યાયનું જ્ઞાન પર્યાય દૃષ્ટિનું કારણ નથી. સાધક કહે છે કે પર્યાયમાં મલિનતા છે. હું તો શુદ્ધ છું. પર પરિણતિ મલિન છે. આવ્યું’તું ને પહેલાં કે પર પરિણતિ મલિન છે. દ્રવ્ય તો ત્રણે કાળ શુદ્ધ જ છે. એ બેયનું એને જ્ઞાન વર્તે છે સાધકને. આને પર્યાય ઉપર દૃષ્ટિ છે ને પર્યાયને આત્મા માને છે. પર્યાયથી જુદો આત્મા એને જોવામાં જ આવતો નથી. બેન ! પર્યાયથી જુદો કોઈ આત્મા શુદ્ધ ચિદાનંદ જ્ઞાયક છે એ તેના લક્ષમાં જ આવતો નથી. પર્યાય દૃષ્ટિથી આત્મા મલિન દેખાય છે એને. એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે. અને તેની અવસ્થા પુદ્‌ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે તે પર્યાય છે. ઈ આમ જ્ઞાની જોવે છે. કેમકે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે.

માત્ર કહીને અશુદ્ધતા થતી જ નથી એમ કહ્યું, અને તેની અવસ્થા, ઉપર આવ્યું’તું ને ? તેની સંસાર અવસ્થામાં મલિનતા છે આવ્યું’તું, તેનો ખુલાસો કરે છે. જ્ઞાયકભાવ સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાયક છે. પણ તે સંસારની અવસ્થામાં શુભાશુભરૂપે પરિણમે છે એમ કહ્યું’તું તેનો ખુલાસો કરે છે. અને તેની અવસ્થા પુદ્‌ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે તે પર્યાય છે. પર્યાયદૃષ્ટિથી જોવામાં આવે તો તે મલિન જ દેખાય છે, ને દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે, કાંઈ જડપણું થયું જ નથી.

તું દ્રવ્યદૃષ્ટિથી આત્માને જો એમ. પર્યાયદૃષ્ટિથી આત્મા દેખાતો જ નથી પર્યાયદૃષ્ટિનો વિષય જ આત્મા નથી. પર્યાયદૃષ્ટિથી જ્ઞાયક ન દેખાય. પર્યાયાર્થિકનયથી આત્મા જ્ઞાયક ન દેખાય. દ્રવ્યાર્થિકનયથી જ દ્રવ્ય શુદ્ધ દેખાય. એ નય બીજી છે. વ્યવહારનયનો વિષય જ નથી આત્મા. પર્યાયાર્થિકનયનો વિષય જ નથી. એ તો શુદ્ધનયનો વિષય છે. નિશ્ચયનયનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિષય છે. પર્યાયની દૃષ્ટિથી જોવામાં આવે તો મલિન દેખાય છે અને દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે. કાંઈ જડપણું થયું નથી.

હવે અહીં દ્રવ્યદૃષ્ટિને પ્રધાન કરીને કહ્યું છે અહીં એટલે આ ગાથામાં અહીં દ્રવ્યદૃષ્ટિ પ્રધાન મુખ્ય કરીને કહ્યું છે કે જે પ્રમત્ત અપ્રમત્તના ભેદ છે. બે પ્રકારના જે ભેદો દેખાય છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે. એ સ્વસમય અને પરસમય પર્યાયનો ધર્મ છે એમ કહે છે. પ્રમત્ત અને અપ્રમત્ત બેય લઈ લીધું ને ?

એ તો પરદ્રવ્યના સંયોગ જનિત પર્યાય છે. સ્વભાવ જનિત પર્યાય નથી. સ્વભાવને આશ્રયે પ્રમત્ત અપ્રમત્ત થતો નથી. પ્રમત્ત અપ્રમત્તના બે ભેદ ૧૪ ગુણસ્થાનના પડ્યા તે મોહ ને યોગથી જન્મ્યા છે. મોહ ને યોગ તેમાં કારણ છે. પર દ્રવ્યના સંયોગજનિત એટલે કર્મકૃત કર્મથી જન્મેલો. કર્મ ઉપાધિ જન્ય આવે છે ને ઈ આ. ચારે ભાવ કર્મ ઉપાધિજન્ય, આમાં ચારે ભાવ સમાય ગયા. પ્રમત્ત અપ્રમત્ત એમાં આવી ગયા. આહા !

ભેદજ્ઞાનની પરાકાષ્ટા આ સમયસારમાં છે. અને પંડિત પણ જયચંદજી એવા મળી ગયા આબેહુબ જે એનું હૃદય હતું એવો જ એનો ભાવાર્થ આપ્યો છે. પ્રમત્ત અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે. અભેદના આશ્રયે ભેદ પ્રગટ ન થાય. પરના લક્ષે ભેદ પ્રગટ થાય. આત્માના લક્ષે તો અભેદનો અનુભવ થાય. આત્માના લક્ષે ભેદનો અનુભવ ન થાય. બેન ! પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે. ચોખ્ખો ખુલાસો છે.

એ અશુદ્ધતા, બેયને અશુદ્ધાત્મામાં નાખ્યું, પ્રમત્ત અપ્રમત્તના જે બે ભેદ છે તે અશુદ્ધનયનો વિષય છે. (શ્રોતા :- તેને અશુદ્ધતામાં કેમ નાખ્યું ?) અશુદ્ધતામાં કેમ નાખ્યું કે તેના લક્ષે અશુદ્ધતા થાય છે. તો કાર્યમાં કારણનો આરોપ આપીને એને અશુદ્ધ કહ્યું. જેમ સમયસાર ૧૬ મી ગાથામાં મેચક મલિન કહ્યા. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રના પરિણામને મલિન કહ્યા. છે તો નિર્મળ પર્યાય પણ એક તો ભેદ છે અને ભેદનું લક્ષ કરે તો રાગી પ્રાણીને રાગ થાય છે. માટે કાર્યમાં કારણનો ઉપચાર આપીને એ પણ મલિન જ છે એમ. (શ્રોતા :- આ પણ એક રહસ્ય છે ને) અગત્યની ચીજ છે.

કેમકે પર્યાયના ભેદના લક્ષે રાગ જ થાય. વીતરાગભાવ પ્રગટ જ ન થાય. એટલે તેને અશુદ્ધ કહ્યું. પર દ્રવ્ય કહ્યું, અશુદ્ધ કહ્યું ઈ કારણે. (શ્રોતા :- જેના લક્ષે અશુદ્ધતા થાય એ પોતે જ અશુદ્ધભાવ છે) પોતે જ અશુદ્ધભાવ છે, બસ. અને જેના લક્ષે શુદ્ધતા પ્રગટ થાય તે પોતે શુદ્ધતા છે એ પોતે શુદ્ધ છે. જ્ઞાયકભાવ પોતે શુદ્ધ છે. કેમ ? કે તેના લક્ષે શુદ્ધતા પ્રગટ થાય છે.

એ અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે. એટલે આ પર્યાયનો જે ધર્મ છે એ ગૌણ છે. પ્રમત્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અપ્રમત્ત નથી. એ ગૌણ છે. એક છે, ગૌણ છે, વ્યવહાર છે. કારણ કે એ વ્યવહારનયનો વિષય છે. બીજું એ અભૂતાર્થ છે આત્માના સ્વભાવમાં એ નથી. એ અસત્યાર્થ છે, જૂઠા છે. એ કાંઈ આત્મા નથી જૂઠા છે ઈ અને ઉપચાર છે. પ્રમત્ત અપ્રમત્તને ક્યાંય આત્મા કહ્યો હોય તો તે ઉપચારનું કથન છે.

દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે, જો હવે અહીંયા જે દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થાય છે એ પણ શુદ્ધ જ છે. દ્રવ્ય તો શુદ્ધ છે પણ દ્રવ્યની દૃષ્ટિ થઈ તે પણ શુદ્ધ છે. દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ છે અને દ્રવ્ય પર દૃષ્ટિ પડી તે દૃષ્ટિ શુદ્ધ છે અને દૃષ્ટિ અભેદ છે. જો એ દૃષ્ટિને તમે ભેદથી જુઓ તો તો અશુદ્ધતા થઈ જાય. પર્યાય અભેદ થાય છે ત્યારે પર્યાય શુદ્ધ થાય છે, પર્યાય ને દ્રવ્યનો જ્યાં સુધી ભેદ દેખાય છે ત્યાં સુધી પર્યાય નિર્મળ શુદ્ધ થતી જ નથી. પર્યાય દ્રવ્યરૂપ થઈ જાય છે. તન્મય, એકમેક, ધુલમીલ જાતી હૈ એકાકાર, અનન્ય, ધુલમીલ, પાણીમાં પાણી સમાઈ ગયું એમ દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે, દ્રવ્યદૃષ્ટિ અભેદ છે. દ્રવ્યદૃષ્ટિ તે નિશ્ચય છે. દ્રવ્યદૃષ્ટિ ભૂતાર્થ છે, દ્રવ્યદૃષ્ટિ સત્યાર્થ છે અને દ્રવ્યદૃષ્ટિ પરમાર્થ છે, માટે આત્મા જ્ઞાયક જ છે, તેમાં ભેદ નથી. નીચે કહેશે, પોતાને પોતાથી પોતાનો એભદરૂપ અનુભવ થાય છે. નિર્મળ પર્યાયનો ભેદ નથી દેખાતો.

આત્મા જ્ઞાયક છે તેમાં ભેદ નથી તેથી તે પ્રમત્ત અપ્રમત્ત નથી. જ્ઞાયકભાવ છે તેમાં ભેદ પ્રમત્ત અપ્રમત્તના નથી, તેથી તે પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી. જ્ઞાયક એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે. અહીં સુધી પૂરું થઈ ગયું પહેલોં પારો. હવે બીજો પારો આવે છે. બીજા પારામાં જે કર્તાકર્મનું અનન્યપણું આવે છે તેનો ખુલાસો આમાં સારો આવશે.

જ્ઞાયક એવું નામ પણ તેને, તેનામાં જ્ઞાન થાય છે માટે જ્ઞાયક એમ નહિ. એ જ્ઞાન જ્ઞાયકને જાણે છે માટે જ્ઞાયક એમ નહિ. પણ જ્ઞાયક એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે. આ અસદ્ભૂત વ્યવહાર દ્વારા જ્ઞાયકને સમજાવે છે. સમજી ગયા. જ્ઞેયને જાણે તેને જાણનાર, જ્ઞાયક કહેવાય. દૃશ્યને દેખે તેને દેખનાર કહેવાય ને જ્ઞેયને જાણે તેને જ્ઞાયક કહેવાય એમ અહીંથી શરૂઆત કરી અસદ્ભૂત વ્યવહારનયની. જ્ઞાયક એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે.

જ્ઞાયક એવું નામ પણ જ્ઞાનનો કર્તા છે માટે તેને જ્ઞાયક કહેવામાં આવે છે એમ આમાં છે નહીં. શું કહ્યું ? કે જ્ઞાયક એવું જે નામ છે આત્માનું, એ નામ જ્ઞાયક છે એવું નામ એને કેમ કહેવામાં આવે છે ? જ્ઞેયને જાણે છે પર જ્ઞેયની વાત છે, સ્વજ્ઞેયની વાત નથી. જ્ઞાયક એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે. હવે તેનું કારણ આપે છે. જ્ઞેયને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જાણે તે જાણનાર, તેનો ખુલાસો.

કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ, પરજ્ઞેય લીધું ને ? રાગ-દ્વેષ, કર્મ-નોકર્મ, લોકાલોક બધું જ્ઞેયમાં નાખી દીધું, અહીંયા જ્ઞાન. કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે, બિંબ ઝળકે છે, તેનું નામ પ્રતિબિંબ છે. બિંબ તો જ્ઞેય છે તે ઝળકે છે તો તેનું નામ પ્રતિબિંબ થયું ને. તો પ્રતિબિંબ જ્યારે ઝળકે છે, ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે. જેવું જ્ઞેય છે, તેવું અહીંયા જ્ઞાનમાં જણાય છે. ખાટો પદાર્થ જ્ઞાનમાં આવ્યો તો અહીં એ પદાર્થ ખાટો છે એવું જ્ઞાન થાય છે. તીખો પદાર્થ હોય તો તીખાનું જ્ઞાન થાય. જ્ઞેય ક્રોધરૂપ હોય તો એ ક્રોધરૂપ જ્ઞેય, માનરૂપ જ્ઞેય, માયારૂપ જ્ઞેય, દુઃખ રૂપ જ્ઞેય છે, એવું અહીં પ્રતિભાસે છે, એવું જ એનું જ્ઞાન થાય છે. જેવું જ્ઞેય છે તેવું અહીં જ્ઞાન થાય છે. છતાં બેય સ્વાધીન છે. જ્ઞેય છે માટે જ્ઞાન થાય છે એમ નથી. અહીં જ્ઞાનનો સ્વકાળ છે ને ત્યાં જ્ઞેયનો નિમિત્તનો સ્વકાળ છે. અહીં નિમિત્તનો ને ત્યાં નૈમિત્તિકનો બેયનો સ્વકાળ છે. માટે એમ લખે છે કે ત્યારે જ્ઞાનમાં એવું જ અનુવાય છે તેનાથી જુદું નહિ. તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી.

અહીંયા ખૂબી છે. એટલે જો જ્ઞેય જણાય છે ત્યાં પૂર્ણ વિરામ કરે તેને ભ્રાંતિ છે. એ સંસાર છે, અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. જ્ઞેય જણાય છે ત્યારે જ્ઞાન જણાય છે. જે સમયે જ્ઞેય જણાય છે તે સમયે મને જ્ઞાન જણાય છે તો અનુભવ થઈ જાય છે અને જ્ઞેય જણાય છે તો એ જ્ઞાનનું અજ્ઞાન થઈ જાય છે. એ બહિર્મુખતા થઈ ભ્રાંતિ થઈ જ્ઞેયજ્ઞાયકની એકતા થઈ ગઈ. જે જણાય છે તેમાં જ આત્મબુદ્ધિ થાય. એ વખતે જો જ્ઞાન જણાય છે જ્ઞાનમાં જ આત્મબુદ્ધિ થઈ જાય-એ જ વખતે વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ અનુભવ થઈ જાય છે. જ્ઞેયને જાણું છું એવો જે સંકલ્પ એ ચાલ્યો જાય છે. હવે હું એને જાણતો નથી એવો સંકલ્પ જાય છે.

શ્રદ્ધામાં હું જાણું છું હવે હું એને જાણતો નથી એવો જે વિકલ્પ એ વિકલ્પ દ્વારા સંકલ્પ જાય છે અપેક્ષાએ, પછી મને એ જણાતું નથી એવો એક વિકલ્પ ઉઠે છે. એ મને જણાતું નથી. એવો જે વિકલ્પ ઉઠે છે, પછી આવે છે કે મને તો જાણનાર જણાય છે નિષેધનો વિકલ્પ છૂટ્યો અને જેવું સ્વરૂપ છે એવો વિચાર આવ્યો કે મને જ્ઞાન જણાય છે. સમજી ગયા. ત્યાં દ્વેષ ઘટવા મંડ્યો આંહી રાગ ઘટવા મંડ્યો જ્ઞાયક જણાય છે. જાણનાર જણાય છે. એ જ સમયે ઈ છેલ્લો અસ્તિનો વિકલ્પ છૂટી નિશ્ચયનયનો વિકલ્પ આવી જાય છે. વ્યવહારનયનો વિકલ્પ છૂટ્યો પછી નિશ્ચયનયનો વિકલ્પ આવે છે પછી વિકલ્પ છૂટી જાય છે જાણનાર જણાય છે, એ જ વખતે નિર્વિકલ્પ થાય છે આ અનુભવની કળા ને વિધિ છે.

પહેલાં નિષેધનો વિકલ્પ ઉપજે છે, પછી વિધિનો વિકલ્પ આવે છે, મને તો જાણનાર જણાય છે. પર જણાતું જ નથી. જાણનાર જણાય છે, એવી એકાગ્રતા જો થઈ જાય તો એ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


વખતે અનુભવ છે. માટે જ્ઞેય જણાય છે તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા નથી. કેમ ? અહીંયા પોઈન્ટ છે મૂળ, આ રહસ્ય છે. જ્ઞેયને જાણવાના કાળે જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ નથી કે જ્ઞેય જણાય છે પરજ્ઞેયનો જ્યારે પ્રતિભાસ થાય છે, જ્યારે એ પ્રતિબિંબ થઈને પ્રતિભાસ થયો ત્યારે જાણનાર જણાય છે. બસ ઈ જાણનારમાં જે આવી ગયો, જાણનારમાં આવે છે, ત્યારે કરણલબ્ધિના પરિણામ આવે છે. પછી કરણ લબ્ધિના સૂક્ષ્મ પરિણામ છૂટીને અનુભવ થાય. બહુ સારી પ્રોસેસ લખી છે. ૬ઠ્ઠી ગાથામાં અનુભવની પ્રોસેસ છે. ભાવાર્થ બહુ સારો કર્યો છે.

જો આપણે વાંચીએ પ્રતિબિંબ જ્યારે ઝળકે છે ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે તો પણ, તેવું જ અનુભવાય છે, એટલે જેવું જ્ઞેય છે તેવું જણાય છે. તો પણ જ્ઞેય છે તેવું જણાય છે, તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. કારણ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં, જુઓ હવે અહીંયા ખૂબી છે, જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું, જ્ઞેય જ્ઞાનમાં આવ્યું નહિ, પણ પ્રતિભાસિત થયું, તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતા જ્ઞાયક જ છે. હું તો જાણનાર છું પરનો જાણનાર નહિ, હું તો જાણનાર છું અને જાણનારો જ જણાય છે, એમાં અભેદ અનુભવ થાય છે. હવે આમાં અભેદ શબ્દ વાપરશે પોતે શબ્દ સારો વાપરે છે.

આ હું જાણનારો છું. તે હું જ છું, અન્ય કોઈ નથી. આમાં એટલું આવવું જોઈતું'તું કે આ જે જાણનારો જણાયો તે જ હું છું એમ આવવું જોઈતું હતું. સમજી ગયા. એને બદલે આ જાણનારો છે તે જ હું છું, તે હું છું એટલે હુંપણું આવ્યું જ્ઞાયકમાં. અન્ય કોઈ નથી એવો પોતાને એવો પોતાનો અભેદરૂપ અનુભવ થયો. બસ ! આનું નામ નિર્વિકલ્પ શાંતિ છે. અભેદરૂપ અનુભવ થાય છે.

પરિણામી દ્રવ્ય કર્તા ને પરિણામ કર્મ પહેલી અવસ્થા પછી પરિણામી દ્રવ્ય જ કર્તા ને પરિણામી દ્રવ્ય જ કર્મ. બીજી અવસ્થા અભેદની. ઓમાં કારકનો ભેદ હતો. પરિણામી દ્રવ્ય કર્તા ને પરિણામ તે તેનું કર્મ. પરિણામી દ્રવ્ય ને પરિણામ વચ્ચે કારકનો ભેદ હતો. પછી પરિણામી જ કર્તા ને પરિણામી જ કર્મ, એવો પોતાને પોતાનો જ અભેદરૂપ અનુભવ થયો, ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે, પરિણામી દ્રવ્ય. જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે અને જેને જાણ્યું તે કર્મ પણ પોતે જ છે તો અભેદ અનુભવ થઈ ગયો. કર્તા કર્મનું અનન્યપણું આ.

હવે ૫૧ મો કળશ છે તે કાઢો. એક બાજુ કહે પર્યાય દ્રવ્યને અડે નહિ અને પર્યાયનો કર્તા નથી. એ તો કર્તાબુદ્ધિ છોડાવવી હતી. કર્તાબુદ્ધિ છૂટતાં પોતે કર્તા થાય છે. એટલે થોડા પામે છે એ આ બધું રહસ્ય છે. ઊંડાણનું રહસ્ય છે. ભાવાર્થ પણ બહુ સારો કર્યો છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઘણો સારો ભર્યો છે. પોતે પોતાને અભેદપણે અનુભવ થાય છે માટે પોતે જ કર્તા ને પોતે જાણનારો માટે પોતે જ કર્તા, પોતે જ પોતાને જણાયો માટે પોતે જ કર્મ જ્ઞાન પર્યાય એ કર્મ નહીં.

જુઓ ૫૧ મો કળશ વાંચો.

**य परिणमति स कर्ता य: परिणामो भवेतु तत्कर्म**
**या परिणति: क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया ॥**

જે પરિણમે છે તે કર્તા છે, જે પરિણમતો નથી ને અપરિણામી છે તે તો અકર્તા છે. એ તો અકર્તા છે. જુઓ આમાં મેં લખ્યું છે. જુઓ.''કર્તા કર્મ ક્રિયા ભેદ નહિ ભાસતું હૈ'' અકર્તૃત્વ શક્તિ અખંડ રીતિ ધરે ઈ હૈ.'' અકર્તા શક્તિ તો ત્રણે કાળ અખંડ છે.પણ તે કર્તા થાય છે, એવો પરિણામી એનો ધર્મ છે. અપરિણામી હોવા છતાં તે પરિણમે પણ છે કથંચિત્ પરિણમે છે જો પરિણમતો જ ન હોત તો ભેદજ્ઞાનને ઉપદેશ ન હોત, તો ભેદજ્ઞાનથી કેવળજ્ઞાન થાય એ વાત જ ન આવત, કેમ કે જે અજ્ઞાનરૂપે પરિણમતો'તો હવે ઈ જ્ઞાનરૂપે પરિણમે છે. ઈ પરિણમતા, પરિણમતા ઈ જ કેવળજ્ઞાન ને મોક્ષરૂપે પરિણમે છે. પરિણમે છે માટે જ બધી સિદ્ધિ થાય છે.

જે પરિણમે છે તે કર્તા, પોતે પરિણમે છે. પરિણમનારનું જે પરિણામ છે તે કર્મ છે. અને જે પરિણતિ તે ક્રિયા છે, એ ત્રણે વસ્તુપણે ભિન્ન નથી. આહાહા ! કર્તા, કર્મ ને ક્રિયા ત્રણેનો ભેદ નથી. ''કર્તાકર્મ ક્રિયા ભેદ નહિ ભાસતું હૈ'' કર્મ નહીં ભાસતું હૈ એમ નહિ. કર્તા ધર્મ છે, કર્મ ધર્મ છે, ને ક્રિયા ધર્મ છે વસ્તુનો, એ ધર્મ ભાસતો નથી એમ નહિ, પણ ભેદ ભાસતો નથી. બેન ! ભેદ ભાસતો નથી. અભેદ જ્ઞેય થાય છે ને ? જ્યારે અભેદ જ્ઞેય થાય છે તે આ જ્ઞેયની વાત છે, પરિણામીની વાત છે. આ કર્તા ને આ કર્મ ને આ ક્રિયા એમ નહીં. ભેદ નથી ભાસતો.

ધર્મો છે, જ્ઞાન એ ધર્મને જાણે છે પણ અત્યારે ધર્મનું લક્ષ નથી. જ્યાં ભેદ દેખાતો નથી ત્યાં ધર્મને ઉડાડે છે, એ જીવ કાંઈ સમજતો નથી. ભેદ દેખાતો નથી ત્રણ, ત્યાં તે કર્તા કર્મ ને ક્રિયાના ત્રણ ધર્મને ઉડાડી દે છે એ સમજતો નથી કાંઈ. કેમકે એકલું દૃષ્ટિનું જોર આવી ગયું ને પક્ષ થઈ ગયો. દૃષ્ટિના પક્ષવાળો કર્તા, કર્મ, ક્રિયાને સ્વીકારે નહીં. મધ્યસ્થ હોય તે સ્વીકારે. બહુ બેન ધીરજનું કામ છે. બહુ ધીરો ને ગંભીર થઈને વિચારે તો કામ આવે. પક્ષમાં ચડી જાય તો કામ ન થાય.

આચાર્ય ભગવાન જ્યાં જે રીતે કહેવા માગતા હોય, એ રીતે સમજવું જોઈએ, કે એ જ્ઞાની છે ઈ અપરિણામીનો ઝંડો લઈને પરિણામીને ન સ્વીકારે તો ન ચાલે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યદૃષ્ટિએ પરિણામ અને પરિણામીનો અભેદ છે. લ્યો, એ દ્રવ્યદૃષ્ટિ, સમજી ગયા. એટલે દ્રવ્યની અભેદપ્રધાન દ્રવ્યાર્થિકનય આ. અભેદ પ્રધાન દ્રવ્યાર્થિકનય. દ્રવ્યદૃષ્ટિએ એટલે ઈ. દ્રવ્યદૃષ્ટિએ લખ્યું છે ને ? પરિણામ અને પરિણામીનો અભેદ છે. અને પર્યાય દૃષ્ટિએ ભેદ છે. અભેદ પ્રધાન દ્રવ્યાર્થિકનયથી અભેદ છે અને ભેદપ્રધાન પર્યાર્થિકનયથી ભેદ છે. આહા ! ભેદદષ્ટિથી તો કર્તા, કર્મ ને ક્રિયા ત્રણ કહેવામાં આવે છે. પણ આંહીં અભેદ દૃષ્ટિથી પરમાર્થ કહ્યો છે કે અભેદદષ્ટિ ને પરમાર્થથી કહ્યો છે કે કર્તા, કર્મ ને ક્રિયા એક દ્રવ્યની અભિન્ન અવસ્થાઓ છે. એક દ્રવ્યની ત્રણ અભિન્ન અવસ્થાઓ છે. પ્રદેશભેદ રૂપ જુદી વસ્તુઓ નથી.

આ જૈન દર્શન સ્યાદ્‌વાદ શાંતિથી સમજવા જેવું છે. જ્યાં જ્યાં જે જે યોગ્ય છે ત્યાં તેમ સમજવું જોઈએ, નહિંતર પક્ષ થઈ જાય છે. ચોખ્ખું લખ્યું છે. કર્તા, કર્મ, ક્રિયાનો ભેદ નથી ભાસતો. અનુભવના કાળે કર્તા, કર્મ ને ક્રિયાનો ભેદ દેખાતો નથી. ને અકર્તૃત્વ શક્તિ અખંડ રીતી ધરે છે. દોઢ મહિનામાં ન્યાલચંદભાઈ સોગાનીજીએ ત્રણ વખત આ શ્લોકનો ઉલ્લેખ કર્યો. દોઢ મહિનાના ગાળામાં કોઈને કાગળ લખ્યા ત્રણ કાગળો લખ્યા હતા, એ ત્રણ કાગળો લખ્યા. ત્રણેમાં આ વાત લખી. કેટલો મધ્યસ્થી જીવ થઈ ગયો. દ્રવ્યદૃષ્ટિની પ્રધાનતા હોવા છતાં, આહા ! કર્તા, કર્મ, ક્રિયાનો ભેદ દેખાતો નથી. આહા ! આવી સ્થિતિ થાય છે. (શ્રોતા :- ઘણી ઊંચી સ્થિતિ) એ જ પુરુષે કહ્યું કે કર્તા ને અકર્તાને જાણતાં જાણતાં કેવળજ્ઞાન થાય છે. બે લીધું ને, કર્તા ને અકર્તા. અકર્તાની માસ્ટરી છતાં અકર્તાને જાણતા જાણતા કેવળજ્ઞાન થાય છે એમ તેણે નથી લખ્યું. અકર્તાને જે જાણે છે તે પોતે જ કર્તા બને છે. કર્તા થઈને અકર્તાને જાણેને ? કુટસ્થ કુટસ્થને કેવી રીતે જાણે ? અપરિણામી અપરિણામીને કેવી રીતે જાણે ? બેન ! પરિણામી થઈને અપરિણામીને જાણે છે.

ઈ આપણે નિયમસારમાં લીધું હતું મુંબઈમાં ભાઈને નહોતું બેસતું. તમે પછી તેમને કહ્યું કે ભાઈ કહે છે તે બરાબર છે. તમે કહો છો તે બરાબર છે. ત્યારે સમજાણું એને. પહેલાં નહોતું બેઠું. પછી તમે કહ્યું તો બેસી ગયું. આ પક્ષનો વિષય નથી. જે વસ્તુ જે એંગલથી, જે દૃષ્ટિકોણથી, જે અપેક્ષાથી આચાર્ય ભગવાન ફરમાવે ત્યાં પ્રમાણ વચન કહી દેવું. આત્મા કર્તા છે, પ્રમાણ વચન ! અકર્તા છે, પ્રમાણ વચન ! અપેક્ષા જ્ઞાન છે ને તે સમ્યક્ છે. જ્ઞાનીનું જ્ઞાન છે. બધી અપેક્ષાને ઘોળીને પી જાય. એક સાથે બધી વાત ન કરાય. એટલે ક્રમે ક્રમે વાત કરાય.

કર્તા કર્મ, ક્રિયા દ્રવ્યની અભિન્ન અવસ્થાઓ છે. આ જ્ઞેયની વાત છે. ધ્યેય અને જ્ઞેયમાં બાર અંગ સમાઈ જાય છે. એને ખ્યાલ આવવો જોઈએ કે આ જ્ઞેયપ્રધાન કથન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આવ્યું. જ્ઞેયપ્રધાન એટલે સમ્યક્જ્ઞાન, સમ્યકજ્ઞેય પ્રધાન પાછું મિથ્યાજ્ઞાન નહિ.

ઈ ૨૭૧ કળશમાં આવે છે કે આત્મા જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય ત્રણ ભેદ કરો તો કરો વસ્તુપણે તો એક છે. આત્મા જ જ્ઞાતા, આત્મા જ જ્ઞાન ને આત્મા જ જ્ઞેય. નામ જુદા છે પણ વસ્તુ એક. એમ કર્તા કર્મ ક્રિયા નામ જુદા પણ વસ્તુ એક છે. એવો પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો. એમાંથી આ ૫૧ મો કળશ વાંચ્યો મેં. એ નીચે અહીં લખેલ છે કે ૫૧ મા કળશની સંધી છે.

(કહે છે) ત્યારે તે જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે. આહા ! એકબાજુ અકર્તા કહેવો અને તરત જ તે જ ગાથામાં કર્તા કહેવો. અને જેણે જાણ્યો તે કર્મ પણ પોતે જ છે. આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે. આ જ્ઞાયક થયો. આ શુદ્ધનયનો વિષય છે. શુદ્ધનય અને શુદ્ધનયનો વિષય અભેદ કરી અને તેને શુદ્ધનય કહેવાય. અનુભૂતિ અને અનુભૂતિનો વિષય અભેદ કરી તેને શુદ્ધનય કહેવાય એમ. કેમકે ઉપરની વાતથી અનુસંધાન કરે છે.

બેન ! શુદ્ધનયનો વિષય જ્યારે કોઈ કહે ને ત્યારે તે ધ્યેયપૂર્વક જ જ્ઞેય થાય ત્યારે તે શુદ્ધનયનો વિષય બને છે. નહિંતર ભૂલ ખાય જાય છે જીવ. આ જે શુદ્ધનયનો વિષય છે તે ધ્યેયપૂર્વક જ્ઞેય છે. તે પ્રમત્ત અપ્રમત્ત નથી પહેલાં તો પર્યાયને નથી કહ્યું. પછી પર્યાયનો ભેદ નથી એમ કહ્યું, અભેદ છે. પહેલાં પર્યાય નથી એમ કહ્યું પછી પર્યાયનો ભેદ દેખાતો નથી, અભેદ થઈ જાય છે, અનન્ય. સમજી ગયા. શુદ્ધનયનો પ્રયોગ જ્યાં ત્યાં કરાય નહીં. જ્યાં કરવા જેવો હોય ત્યાં કરાય. (શ્રોતા :- ઐસા તો કમ આતા હૈ, જ્ઞેયપ્રધાન શુદ્ધનય) જ્ઞેયપ્રધાન શુદ્ધનય છે. જ્ઞેયપ્રધાન શુદ્ધનય ક્યારે થાય ? કે જેને ધ્યેયપ્રધાન શુદ્ધનય હાથમાં આવે તો, તેને જ થાયને, બાકી તો ભૂલ થાય છે.

૫૧ માં કળશમાં કહ્યું કે એ દ્રવ્યની જ ત્રણ અવસ્થાઓ છે. અને એ અવસ્થાઓ આત્માથી તે અભેદ છે અને પરમાર્થ છે એમ કહ્યું. અભેદ છે તે પરમાર્થ છે. કેમ કે તેમાં આનંદ આવે છે અને તે મોક્ષનો માર્ગ છે માટે પરમાર્થ છે. (શ્રોતા :- આત્માને જાણ્યા વિના શુદ્ધાનય ક્યાંથી હોય આત્માને જાણે ત્યારે શુદ્ધનય પ્રગટ થાય) ત્યારે એક શુદ્ધનય પ્રથમ આવે પછી બીજી શુદ્ધનયનો જન્મ પછી થાય છે. આ તો ફળરૂપ શુદ્ધનય છે ઓલી તો મૂળરૂપ શુદ્ધનય છે. હા. આ તો ફળ છે. આ શુદ્ધનયે કાંઈ ઓલી શુદ્ધનયને ખોટી પાડીને શુદ્ધનય કહી કે શુદ્ધનય રાખીને કહ્યું ? રાખીને કહ્યું છે. નં. ૧ અને નં. ૨ છે આ. નંબર એક મૂળરૂપ શુદ્ધનય છે દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગયા સિવાય શુદ્ધનયનો જન્મ જ થતો નથી અને અભેદનો અનુભવ જ થતો નથી. કર્તાકર્મનું અનન્યપણું થાય જ નહીં.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્તા કર્મનું અજ્ઞાન, કર્તા કર્મના જ્ઞાનથી જ જાય. એ વાત પણ આવી આમાં છે. ઈ સીમંધર ભગવાન પાસેથી વાત આવી છે. કેમકે આ અનુભવીએ લખેલું શાસ્ત્ર છે. અને સીમંધર પ્રભુ પાસેથી વાત આવી એ પણ અનુભવી જ્ઞાનીઓએ કહેલી વાત અથવા એમના જ્ઞાનમાંથી આવેલી વાત ઈ આ યથાર્થ છે. પણ સ્વભાવ ઉપર તેનું વજન આવવું જોઈએ. જ્ઞેય ઉપર વજન ન આવવું જોઈએ.

પરિણામી દ્રવ્ય તો જ્ઞાનનું જ્ઞેય છે ને અપરિણામી ધ્યાનનું ધ્યેય છે. દ્રવ્યનું ધ્યાન થતાં જ પરિણામી તો થઈ જાય છે. ધ્યાતા ધ્યાન ને ધ્યેયની એકતા હો જાતી હૈ. ભેદ દીખતા નહીં હૈ. ભેદ દીખાઈ દેતા નહીં હૈ.

આ શુદ્ધનયનો વિષય છે અન્ય પર સંયોગજનિત ભેદો છે એ બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે. એ ભેદ જો તમે કર્યો તો એ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય થઈ ગયો પણ પર્યાય જે અભેદ થાય છે તો તે અનુભૂતિ તે આત્મા છે. સમ્યગ્દર્શન તે આત્મા છે. અનુભૂતિ આત્માથી ભિન્ન છે કે અભિન્ન ? અભિન્ન છે. એક જ વસ્તુ છે. જ્ઞાન અને જ્ઞાયક જુદા નથી. આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે. પર્યાયને આત્મા કહ્યો અભેદ. અભેદપણે આત્મા છે, ભેદપણે પર દ્રવ્ય છે, પર્યાય છે. હા ! ભેદપણે તો પરદ્રવ્ય છે. વાહ ! અભેદપણે તો સ્વદ્રવ્ય છે. આત્મા છે. (શ્રોતા :- ભાઈ કેવી અદ્ભૂત વાતો છે) આપણે બંનેને હકાર આવે છે તેનું કારણ જૂનો તત્ત્વનો પરિચય છે. ઘૂટાણું છે પૂર્વે બહુ ઘૂટાણું છે. ઘૂંટ્યા જ કરતા'તા, ઘૂંટ્યા જ કરતા'તા. જ્યારે મળે ત્યારે તત્ત્વની જ વાત પૂછે.

અન્ય પરદ્રવ્ય સંયોગજનિત ભેદો તે તો બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે. અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ શુદ્ધનયની દૃષ્ટિમાં પર્યાયાર્થિક જ છે. તેથી વ્યવહારનય જ છે એમ આશય જાણવો. કેટલું સ્પષ્ટ કર્યું છે. પર્યાય અભેદ થાય છે તે શુદ્ધનયનો વિષય ને પર્યાયને ભેદથી જોવો તો અશુદ્ધનયનો વિષય થઈ ગયો. આહાહા ! જૈનદર્શન કોઈ અપૂર્વ છે. બસ, બે ઘડી અભેદમાં રહે છે. કેવળજ્ઞાન થાય છે બે ઘડીમાં. બે ઘડી અંતર્મુખ થઈ જાય. બે ઘડી ઉપયોગ જામી જાય તો કેવળજ્ઞાનનો ભડકો થઈ જાય.

અહીં એમ પણ જાણવું કે હવે સ્યાદ્વાદથી સિદ્ધ કરે છે. અહીં એમ પણ જાણવું કે જિનમતનું કથન સ્યાદ્વાદરૂપ છે. તેથી અશુદ્ધનયને સર્વથા અસત્યાર્થ ન માનવો એમ. જાણવાની અપેક્ષાએ જ્યાં સુધી અશુદ્ધતા છે ત્યાં સુધી અશુદ્ધતા પર્યાયમાં છે એમ જાણવું. એ કાંઈ પર્યાયમાં મોક્ષ થઈ ગયો એમ ન જાણવું એમ કહે છે.

કારણ કે સ્યાદ્વાદ પ્રમાણે શુદ્ધતા અને અશુદ્ધતા બન્ને વસ્તુના ધર્મ છે. આખા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પ્રમાણજ્ઞાનથી જુઓ તો શુદ્ધતા ને અશુદ્ધતા બેય વસ્તુના ધર્મ છે અને વસ્તુ ધર્મ છે તે વસ્તુનું સત્ત્વ છે. લ્યો, વસ્તુનું સત્ત્વ. એક સતામાં છે બેય ભાવ. પ્રમાણથી વાત કરે છે ને પ્રમાણ છે. ઉપર જે પરિણામીની વાત કરી હતી તે તો શુદ્ધનયથી વાત કરી હતી ને, તે તો અલગ વાત છે. તે તો અનુભવ નિર્વિકલ્પની વાત હતી. આત્માના અનુભવ વખતે અશુદ્ધતા તો છે જ નહીં પણ શુદ્ધતા પણ દેખાતી નથી. તે વાત તો ટોચની હતી. તે તો નિર્વિકલ્પ ધ્યાનની વાત હતી.

હવે જે વાત છે તેનો પારો જુદો બતાવ્યો છે. કોઈ એકાંત મેં ઢલ ન જાય ઈસલિયે સાવધાની કે લીયે વો કહેતે હૈ. (શ્રોતા :- સંયોગમાં હજુ ભેદ છે અશુદ્ધતા છે સર્વથા અભેદ નથી થયો ને) થોડી શુદ્ધતા ને અશુદ્ધતા સાધકને પણ છે. પ્રમાણજ્ઞાનસે લીયા હૈ. આગમ પ્રમાણસે કહેના પડે. આગમ પ્રમાણ છે અધ્યાત્મ પ્રમાણ છે.

તો કહે છે સ્યાદ્‌વાદ પ્રમાણે શુદ્ધતા અને અશુદ્ધતા બંને વસ્તુના ધર્મ છે અને વસ્તુ એટલે પર્યાય વસ્તુ છે પર્યાયના ધર્મ છે અને તે વસ્તુનું સત્ત્વ છે. પર્યાય ને દ્રવ્ય કંઈ જુદા નથી પ્રમાણથી એક સત્તા છે. ઉત્પાદવ્યયધ્રુવયુક્તંસત્ એક સત્તા છે. આ તો જ્ઞેયની અપેક્ષાએ વાત ચાલે છે. આ જ્ઞેયના ભેદો છે. ધ્યેયમાં તો ભેદ જ ક્યાં છે ? એ તો અભેદ વસ્તુ છે. જ્ઞાન દર્શન ચારિત્રના ભેદો નથી એ કહેશે હવે સાતમી ગાથામાં.

(શ્રોતા :- અનુભવના કાળમાં ધ્યેય તો અભેદ છે. ધ્યેયનું ધ્યાન કર્યું તો જ્ઞેય પણ અભેદ છે. તો તો તે શુદ્ધનયનો વિષય થઈ ગયો. જ્ઞાનપ્રધાન શુદ્ધનય) હા. બરાબર. (શ્રોતા :- હવે શુદ્ધતા અશુદ્ધતા બેની વાત કરે તો પ્રમાણજ્ઞાન થઈ ગયું ને.) હા. પ્રમાણજ્ઞાન થયું. (શ્રોતા :- તો પ્રમાણજ્ઞાનમાં તો બેયને જુદા જુદા જાણે છે ને ) બે ને જુદા જાણે ત્યારે જ પ્રમાણજ્ઞાન થાય. બેયને જુદા જુદા જાણે, શુદ્ધને શુદ્ધ જાણે ને અશુદ્ધને અશુદ્ધ જાણે ત્યારે પ્રમાણ જ્ઞાન કહેવાય. સાધકને સવિકલ્પ દશામાં આવી સ્થિતિ છે. કે જરા મચકનો રાગ અસ્થિરતામાં આવે છે. એવી અશુદ્ધતા છે એ પણ મારા દ્રવ્યની અંદર રહેલો એવો ધર્મ છે. પુદ્‌ગલનો એ ધર્મ નથી એમ. એની એવી યોગ્યતા, પર્યાયની એવી ક્ષણિક યોગ્યતા છે. એ વસ્તુનો ધર્મ છે એમ. પર્યાયે ધારી રાખેલો ભાવ છે. ઔદયિક ભાવ સાથે પર્યાય તન્મય છે એ વખતે, જેમ છે તેમ જાણવું બસ બીજું કંઈ છે નહિ.

શુદ્ધતા અશુદ્ધતા બન્ને વસ્તુના ધર્મ છે. વસ્તુનો ધર્મ તે વસ્તુનું સત્ત્વ છે. અશુદ્ધતા પર દ્રવ્યના સંયોગથી થાય છે એ જ ફેર છે. અશુદ્ધનયને અહીં જ્ઞેય કહ્યો છે. કારણ કે અશુદ્ધનયનો વિષય સંસાર છે. હેય કહેવાનું કારણ સંસાર છે એના લક્ષે સંસાર ઊભો થાય છે. અને સંસારમાં આત્મા ક્લેશ ભોગવે છે. જ્યારે આત્મા પોતે પર દ્રવ્યથી ભિન્ન થાય ત્યારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંસાર મટે ત્યારે ક્લેશ મટે.

એ રીતે દુઃખ મટાડવાને, દુઃખ ટાળવા માટે શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે. પ્રમત્ત અને અપ્રમત્ત શુદ્ધ પર્યાય અને અશુદ્ધ પર્યાય બેય આત્મામાં નથી. અશુદ્ધનયને અસત્યાર્થ કહેવાથી એમ ન સમજવું કે આકાશના ફૂલની જેમ તે વસ્તુ ધર્મ સર્વથા જ નથી. એમ સર્વથા એકાંત સમજવાથી મિથ્યાત્વ આવે છે, માટે સ્યાદ્‌વાદનું શરણ લઈ શુદ્ધનયનું આલંબન કરવું જોઈએ. સ્યાદ્‌વાદનું શરણ લઈને સ્યાદ્‌વાદથી વસ્તુને જાણીને પછી શું કરવું ? કથંચિત્ શુદ્ધ ને કથંચિત્ અશુદ્ધ એમ નહીં. પછી શું કરવું ? સ્યાદ્‌વાદથી શુદ્ધતા અશુદ્ધતા સિદ્ધ કરી પ્રમાણથી પછી શું કરવું એમ કહે છે.

શુદ્ધનયનું આલંબન કરવું જોઈએ ને અશુદ્ધનયનું લક્ષ છોડી દેવું. શુદ્ધનયનું આલંબન પણ સ્વરૂપની પ્રાપ્તિ થયા પછી નથી રહેતું. આહા ! જો, શુદ્ધનયનું વિકલ્પમાત્મક શુદ્ધનય જ નથી રહેતી એમ. જે વસ્તુ સ્વરૂપ છે તે છે. એ પ્રમાણ દૃષ્ટિ છે જો આ પ્રમાણથી વાત કરીને આખી. એ પ્રમાણ દૃષ્ટિ છે આ. એનું ફળ વીતરાગતા છે. કર્તા અકર્તાને જાણતાં આવ્યુંને. કર્તા અકર્તાને જાણતાં કેવળજ્ઞાન થાય ઈ આ. આ પ્રમાણે નિશ્ચય કરવો યોગ્ય છે.

અહીં જ્ઞાયકભાવ 'પ્રમત્ત અપ્રમત્ત' નથી એમ કહ્યું છે, ત્યાં પ્રમત્ત અપ્રમત્ત એટલે શું ? ગુણસ્થાનની પરિપાટીમાં છઠ્ઠા ગુણસ્થાન સુધી તો પ્રમત્ત કહેવાય છે અને સાતમાંથી માંડીને અપ્રમત્ત કહેવાય છે. પરંતુ એ સર્વ ગણુસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે. શુદ્ધનયનથી આત્મા જ્ઞાયક જ છે. છઠ્ઠી ગાથા પૂરી થઈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વિભાગ - ૫

## પ્રવચન નં. ૧૪

**અમૃતપ્રભાત એપાર્ટમેન્ટ - રાજકોટ**

**તા. ૨૦-૭-૯૧**

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે તેનો પ્રથમ જીવ નામનો અધિકાર છે તેમાં ત્રણ કળશ માંગલિકના થયા અને પછી પહેલી ગાથા માંગલિકની ને પછી ચાર ગાથા એમ પાંચ ગાથા થઈ.

તેમાં શિષ્યને પ્રશ્ન થયો છે કે આ શુદ્ધાત્માનું સ્વરૂપ શું છે ? અમે તો અનાદિકાળથી સંસાર અવસ્થામાં અમારા અજ્ઞાનભાવથી, અમારા આત્માને અશુદ્ધ જાણીએ છીએ. અશુદ્ધ છે તેમ માનીએ છીએ. કેમકે સંસાર અવસ્થામાં આત્મા અશુદ્ધ હોય અને જ્યારે સિદ્ધ પરમાત્મા થાય ત્યારે આત્મા શુદ્ધ થાય, એમ અમે ઘણા પાસેથી સાંભળ્યું છે. પણ આપની વાત કાંઈક જુદી હોય તેમ અમને ભાસ થયો છે. આપ એમ કહેવા માંગો છો કે મિથ્યાત્વના પરિણામ જ્યારે છે પર્યાયમાં, ત્યારે તેનાથી વિભક્ત નામ આત્મા જુદો છે. વિભક્ત નામ ભિન્ન છે અને તેનાથી ભિન્ન આત્મા તે જ્ઞાનદર્શનમય શુદ્ધાત્મા છે તે બે વચ્ચે ભિન્નતા છે. આત્માનું અનંતગુણથી એકપણું છે એમ આપ કહો છો અને અનંત પર્યાયોથી આત્મા જુદો છે. જુદો થાય છે તેમ આપ કહેતા નથી.

અમે તો એમ સાંભળ્યું છે કે આત્મા જ્યારે આસ્ત્રવ અને બંધથી રહિત થાય ત્યારે શુદ્ધ થાય છે. પહેલાં તો અમે એમ સાંભળ્યું છે કે સંસાર અવસ્થામાં આત્મા અશુદ્ધ હોય એમાં કોઈ વિદ્વાન પંડિત આવે ત્યારે એમ પણ કહે છે કે આત્મા જ્યારે આસ્ત્રવથી નિવર્તે અને સંવર નિર્જરા પર્યાય પ્રગટ થાય ત્યારે શુદ્ધ થાય છે. આપ એનાથી કાંઈક જુદું કહેવા માગો છો તેમ મને ખ્યાલમાં આવ્યું છે.

એટલે મારો પ્રશ્ન છે કે જેને સંસાર અવસ્થામાં હજી સમ્યગ્દર્શન થયું નથી, મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રની પર્યાય વિદ્યમાન છે તે વખતે આત્મા શુદ્ધ છે, તેમ આપનો કહેવાનો આશય હોય તેમ થોડોક મને ખ્યાલ આવ્યો છે. એટલે મારો પ્રશ્ન છે કે આપ એકત્વ વિભક્ત પરિણામ માત્રથી ભિન્ન આત્મા છે તે અનાદિનો જ શુદ્ધ છે તે તો પરમાત્મા સ્વરૂપે રહેલો છે. તે કોઈ કાળે સંસારી થયો નથી, થવાનો નથી અને થશે પણ નહીં. તેમ આપ કહેવા માંગતા હો તેમ આપની વાત ઉપરથી મને ખ્યાલ આવ્યો છે. એટલે મારો પ્રશ્ન છે કે અમારો આત્મા અત્યારે શુદ્ધ છે તેમ આપ કહો છો તો એવા શુદ્ધાત્માનું સ્વરૂપ શું ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને તે શુદ્ધાત્માની ઉપલબ્ધિમાં પ્રાપ્તિમાં અનુભૂતિ કેમ થાય ?

આપ કહેવા માંગો છો એટલે એમ તો ખ્યાલ આવે છે કે આપ શુદ્ધાત્માનું સ્વરૂપ કહેવા માંગો છો. કેમકે આપે ઉદ્યમ કર્યો છે, વ્યવસાય કર્યો છે કે આ સમયસાર શાસ્ત્રમાં હું શુદ્ધાત્માની વાત કહીશ, એકત્વ વિભક્ત આત્માની વાત કહીશ, નિજ વૈભવથી કહીશ. ત્રણ પ્રકારના વૈભવ નિમિત્તરૂપે છે અને એક પ્રકારનો વૈભવ આત્માની અનુભૂતિસ્વરૂપે છે. અમે આત્માનો અનુભવ કરીને આ વાત બહાર કરવા-મૂકવા માંગીએ છીએ. અમે જ્ઞાની ધર્માત્માની વાત સાંભળીને કે આગમ પરમાગમનું કેવળ અધ્યયન કરીને અમે આ શાસ્ત્ર લખતા નથી. પણ અમારા સ્વસંવેદનજ્ઞાનથી અતીન્દ્રિયજ્ઞાન દ્વારા અમે શુદ્ધાત્માને અનુભવ્યો'તો અને એ અનુભવ ચાલુ છે તે અનુભવ છૂટતો નથી તે અનુભવ કોઈ કાળે છૂટવાનો નથી. તે અનુભવ દ્વારા અમે કહીએ છીએ. એ અનુભવની પરંપરાએ પરિપૂર્ણ સાધ્ય અવસ્થા પણ અમારી પ્રગટ થશે.

તેઓએ શુદ્ધાત્માનું સ્વરૂપ પ્રકાશ કરી આત્મા ઉપર જેમ કૃપા કરી આત્માનો અનુગ્રહપૂર્વક શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો'તો. મારો પણ તે જ પ્રશ્ન છે કે શુદ્ધાત્માનું સ્વરૂપ શું ? અમારા ઉપર કૃપા કરી, મહેરબાની કરી તમે શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવો, સંભળાવો. અમે આ શુદ્ધાત્માની વાત કદી પોતાની કરીને સાંભળી નથી. અમારી શ્રદ્ધામાં એમ જ છે કે સંસારી જીવ દુઃખી હોય અને સંસારીજીવ અશુદ્ધ હોય, મિથ્યાદૃષ્ટિ હોય. આપ કહો છો કે આત્મા પ્રમતદશામાં મિથ્યાત્વની અવસ્થાથી ભિન્ન છે, એમ આપ કહેવા માગો છો, તો કૃપા કરીને શુદ્ધાત્માનું સ્વરૂપ અમને સમજાવો, એવો પ્રશ્ન છે.

ગુરુદેવ આમાં ફરમાવતા'તા કે આ પ્રશ્ન ઉત્તરની પરંપરા અનાદિની ચાલે છે. ભરત મહારાજાએ ઋષભદેવ ભગવાનને આ પ્રશ્ન કર્યો હતો, કે કૃપા કરીને શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવો, કહો. વાણી છૂટી અને ગૌતમ ગણધરે પણ બે હાથ જોડી નમ્રીભૂત થઈને ભગવાન મહાવીરને વિનંતી કરી, કે શુદ્ધાત્માનું સ્વરૂપ મારે સમજવું છે. શિષ્યનો એવો પ્રશ્ન નથી કે છ દ્રવ્યનું શું સ્વરૂપ છે ? લોકનું શું સ્વરૂપ છે ? લોકના પ્રદેશ કેટલા લોકાકાશના ને અલોકાકાશના પ્રદેશ કેટલા બે મળીને કેટલા તે પ્રશ્ન નથી. પરમાણુંની સંખ્યા કેટલી તે મારો પ્રશ્ન નથી. જીવની સંખ્યા કેટલી તે મારો પ્રશ્ન નથી. મારો તો પ્રશ્ન એટલો જ છે કે શુદ્ધાત્માનું સ્વરૂપ શું એ મને કૃપા કરી સમજાવો. આ પરંપરા ઠેઠ સોનગઢ સુધી ચાલી. આ જે પરંપરા હતી ઋષભદેવ ભગવાનથી માંડીને મારા ગુરુપર્યંત, દરેકે પોતા ઉપર ઊતારવું. બધાના ગુરુ એક જ છે ને ! ગુરુ એક છે. મારા ગુરુપર્યંત પ્રભુ મને શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જેને જિજ્ઞાસા થઈ તે ધંધા-પાણી છોડી, ગામમાંથી પણ દુકાન વેપાર છોડીને સોનગઢ જાય. કોઈ બહારગામથી સોનગઢ આવે, કહે છે કે હું નિવૃત્તિ લઈને આવ્યો છું, મારે તો શુદ્ધાત્માનું સ્વરૂપ સમજવું છે. મારે વિદ્વાન-પંડિત થવું નથી. મારે આઠ કર્મની પ્રકૃતિ તે શું છે ? ઘાતી અઘાતીના ભેદ કેટલા છે ? ઘાતીકર્મની પ્રકૃતિ કેટલી ? અઘાતીની કેટલી ? અને કયા ગુણસ્થાને તેનો ઉદય આવે તેવી ઉદય આદિની સંક્રમણાદિની કોઈ સ્થિતિ કર્મની મારે પૂછવી નથી. મારે પરનું જાણવું નથી. પરને જાણતાં અનંતકાળ ગયો અગિયાર અંગ ભણ્યો ત્યારે આ બધું મેં ભણી લીધું છે, પણ ભવનો અંત મને આવ્યો નહીં.

પછી કર્મ તો ભિન્ન છે અને એમ આવે છે કે આત્મામાં ચૌદ ગુણસ્થાન હોય માર્ગણાસ્થાન હોય, જીવ સમાસ હોય તે વાત પણ મેં ગોમ્મટસાર આદિ શાસ્ત્રમાં જોઈ છે, પણ પ્રભુ મારે તે ગુણસ્થાનનો પ્રશ્ન નથી, માર્ગણાસ્થાનનો પ્રશ્ન નથી. મારે તો શુદ્ધાત્માનું સ્વરૂપ સમજવું છે. અનંતકાળ ગયો દ્રવ્યલિંગી મુનિ પણ થયો અને મારા ગુરુએ શુદ્ધાત્માનો ઉપદેશ મને આપ્યો'તો પણ તે વખતે મને પર્યાય ઘૂંટાતી'તી, પર્યાયનું લક્ષ મારું છૂટ્યું નહોતું. અને પર્યાયના વિશાળ જ્ઞાનથી હું વિદ્વાન ને પંડિત ને દ્રવ્યલિંગી મુનિ પણ થયો. આહા ! અગિયાર અંગ ભણી લીધાં, હવે કાંઈ બાકી ન રહ્યું. પણ એક બાકી રહી ગયું છે તેની મને અત્યારે ખાત્રી થઈ ગઈ છે. કેમકે જો શુદ્ધાત્માનું સ્વરૂપ મને અનુભવમાં આવી ગયું હોત તો આજે પંચમકાળમાં મારી સ્થિતિ આંહી ન હોત. તો તો હું સિદ્ધાલયમાં બિરાજમાન હોત. આ આંહીયા મારી સ્થિતિ છે તે પ્રુફ છે. મારે કોઈને પૂછવું નથી. હવે આ ચાર ગતિના પરાધીન દુઃખથી કંટાળ્યો છું અને દુઃખની નિવૃત્તિ કેમ થાય ? (તે મારે જાણવું છે).

એવો શુદ્ધાત્મા શું છે કે તેનો અનુભવ કરવા યોગ્ય છે ? ઘણો અનુભવ કરી લીધો મેં. હવે શુદ્ધાત્મા જાણ્યો નહીં અને તેનો અનુભવ પણ થયો નહીં એટલે શુદ્ધાત્માનું સ્વરૂપ હું પૂછું છું, કૃપા કરી મને સમજાવો. હું કાંઈ જાણતો નથી. આહાહા ! આ તો આપના કહેવાથી આટલી પ્રશ્નમાં પણ વાત મુકું છું પણ હું શુદ્ધાત્માનું સ્વરૂપ સમજતો નથી, જાણતો નથી, અનુભવતો નથી. તે હવે પ્રશ્ન કરે છે.

હવે પ્રશ્ન ઉપજે છે કે, હવે કેમ પ્રશ્ન ઉત્પન્ન થયો ? કે હું એકત્વ વિભક્ત આત્માની વાત કહીશ. પરિણામ માત્રથી ભિન્ન અને અનંતગુણથી અભિન્ન એવું સ્વરૂપ અનાદિ અનંત રહી ગયું છે. તેવા શુદ્ધાત્માનું સ્વરૂપ કૃપા કરીને કહો. તે આત્મા કોણ છે ? શુદ્ધાત્મા કોણ છે ? એવો પ્રશ્ન છે. પર દ્રવ્યનો પ્રશ્ન નથી. જીવના પરિણામનો પ્રશ્ન નથી. જીવના કેવા પરિણામ થાય તો સંસારમાં રખડે ને કેવા પરિણામ થાય તો તેનો મોક્ષ થાય તેવો

પરિણામનો પ્રશ્ન પૂછ્યો નથી.

પહેલોં પ્રશ્ન છે કે શુદ્ધાત્માનું સ્વરૂપ શું ? જીવ તત્ત્વનો પ્રશ્ન પૂછ્યો છે નવતત્ત્વમાં. નવતત્ત્વમાં પહેલોં નંબર જીવ તત્ત્વ છે. તે જીવના બે ભેદ છે. નિશ્ચય જીવ અને વ્યવહાર જીવ દસ પ્રકારના પ્રાણથી જીવે તેને વ્યવહાર જીવ કહેવામાં આવે છે. તે મારો પ્રશ્ન નથી. મારે તો નિશ્ચય જીવનું સ્વરૂપ સમજવું છે. દસ પ્રકારના પ્રાણ તો નાશવાન છે. તેનો તો અભાવ થાય છે, માટે તે જીવનું ખરું સ્વરૂપ નથી. મને તો તેનાથી જુદો આત્મા શું છે તે બતાવો. શુદ્ધ આત્માનો પ્રશ્ન છે. ધ્યાન રાખજો.

એક પ્રશ્ન શુદ્ધાત્માનો છે કે જેનું સ્વરૂપ જાણવું એટલે અનુભવવું જોઈએ. જાણવું એટલે જાણવું નહીં. શાસ્ત્ર જ્ઞાનથી માત્ર જાણવું નહીં. જાણવું અનુભવથી તે આત્મા શુદ્ધાત્મા કેમ દૃષ્ટિમાં આવે ? દૃષ્ટિમાં આવીને તેનો અનુભવ મને કેમ પ્રત્યક્ષ થાય ? તે બે મારા પ્રશ્ન છે. શુદ્ધાત્મા શું ? અને તેનો અનુભવ કેમ થાય ? આ બે પ્રશ્ન સોનગઢના સંતને લાયક જીવે કર્યા'તા. અને ૪૫ વર્ષ સુધી ધોધમાર આ બે વાત ચાલી. બીજી વાતો આવે. સમજી ગયા ? આ કચોરી ને ભજીયા ને ઊંધીયું પીરસે પણ રુચિવાન જીવની તો લાડવા ઉપર નજર હોય. આહાહા ! મારે તો શુદ્ધાત્માનું સ્વરૂપ સમજવું છે. કોઈ કોઈ વખતે તેમ બને કે દૃષ્ટાંત આપીને દૃષ્ટાંત લંબાઈ જાય તો લાયક જીવને એમ લાગે કે હવે ક્યારે આ દૃષ્ટાંત પૂરું થઈને ક્યારે શુદ્ધાત્માની મૂળ વાત શરૂ થાય પાછી.

સમજાવવા માટે તો અનેક પ્રકારના દૃષ્ટાંત આપવા પડે. અજ્ઞાની સમજે નહીં શું થાય ? એને કરુણા છે. આહા ! કરુણાની મૂર્તિ હતાં તે કરુણાની પ્રતિમા હતી તે અને તે પણ મિત્ર હોય કે કોઈ વેરી હોય અમે તો બધાને ભગવાન કહીએ છીએ એવો પુરુષ પાક્યો ! હવે તેવો પુરુષ પંચમકાળમાં થશે કે નહીં તે એક પ્રશ્ન મોટો છે. ન થાય એમ તો ન કહી શકાય આપણાથી પણ થશે કે નહીં તે એક મોટો પ્રશ્ન છે. એટલી સ્પષ્ટતા તે કરી ગયા છે. તેને સોનગઢમાં શિષ્યએ પૂછ્યું, કે પ્રભુ ! શુદ્ધાત્માનું સ્વરૂપ શું ? તેનો અનુભવ કેમ થાય ? ખુશી ખુશી થઈ ગયા. આહાહા ! આવો મારો શિષ્ય અથવા શિષ્યો એક વચન ન લેવું આપણે બહુવચન લેવું. આવા મારા શિષ્યો ! શુદ્ધાત્માનું સ્વરૂપ પૂછે છે ? એને તો ભર્યું'તું અંદર-કોઈ પૂછનાર ન હતો, પૂછનાર નહતો. જ્યાં પૂછનાર મળ્યો ધોધમાર વાણી ખરી...આહા !

બે જ વાત કરી છે. અમે તો બે જ વાત સાંભળી છે સોનગઢમાં, શુદ્ધાત્માનું સ્વરૂપ શું અને તેનો અનુભવ કેમ થાય ? બીજી વાત ભલે આવતી'તી પણ અમારું લક્ષ ત્યાં નહોતું. અરે જેનું લક્ષ માત્ર શુદ્ધાત્મા, આ ભવમાં મારે સમજવો છે તેમ હોય, અરે તેને માનસિક

જ્ઞાનમાં તો સમજ. તેને ઈન્દ્રિયજ્ઞાન દ્વારા પણ આત્માનું સ્વરૂપ સમજ તું. આહા ! તો તેને પરોક્ષ અનુભૂતી થઈ ને પ્રત્યક્ષ થાય. આવી બે વાત પૂછી છે. બે ય વાતનો ઉત્તર આમાં છે છઠ્ઠી ગાથામાં આખું સમયસાર પૂરું કરી દીધું છે.

જયસેન આચાર્ય થયા છે તેમણે આ સમયસારની ટીકા કરી છે સંસ્કૃતમાં. તેઓશ્રી જણાવે છે કે આ સમયસારની બાર ગાથા સુધી પીઠિકા છે અને બાર ગાથા સુધીમાં કોઈ સંક્ષેપ રુચિવાળો જીવ પામી જાય. ન પામ્યો હોય તો વિસ્તાર રુચિવાળા જીવને માટે આચાર્ય ભગવાન ૪૧૫ ગાથાનું અવતરણ કરે છે અને તે વાત યથાર્થ છે. કેમકે તેરમી ગાથામાં જ નવ તત્ત્વના નામ આવ્યા. નવ તત્ત્વના નામ બાર ગાથા સુધી નહોતા આવ્યા. અને તેરમી ગાથામાં તો નવ તત્ત્વના નામ આવ્યા. અને ચાલતી પ્રણાલિકા છે કે નવ તત્ત્વનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન તે પ્રણાલિકા છે. તે તેરમી ગાથામાં કહ્યું કે અભૂતાર્થ નયે તો નવતત્ત્વને અનંતવાર જાણ્યા જીવે. પણ તેમાં સમ્યગ્દર્શન ન થાય પણ ભૂતાર્થનયે, સત્યાર્થનયે નવતત્ત્વને જો જાણે, કે પરિણામ થવા યોગ્ય થાય છે અને જાણનાર જણાય છે. આ પરિણામનો હું કરનાર નથી. તો કરનાર પણ બતાવ્યો નિમિત્ત કર્તા. હું ઉપાદાન કર્તા ય નથી અને હું નિમિત્ત કર્તા પણ નથી. નવ પર્યાયના પરિણામની યોગ્યતા તત્ત સમયની ઉપાદાન કર્તા છે અને તેનો નિમિત્તકર્તા જૂના કર્મનો ઉદય કે અનુદય તે બધા નિમિત્ત કર્તા છે. તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પરિણામની સાથે છે મારી સાથે નથી. હું તો જ્ઞાતા છું. આહા ! એ વાત કહીને કહે છે. આમ જે જાણે તેને સમ્યગ્દર્શન થાય. તેમ કહ્યું એમાં.

ભૂતાર્થનયે નવને જાણે તેને સમ્યગ્દર્શન થાય તેમ કહ્યું. અને નવના નામ તેરમી ગાથામાં શરૂ કર્યા પણ ખ્યાલ રાખજો નવ તત્ત્વનો વિસ્તાર હું કરીશ પણ દરેક અધિકાર ઉપર તારા શાસ્ત્રમાં લખી લેજે કે ભૂતાર્થનયે હું જાણીશ. પુણ્ પાપનો અધિકાર આવે તો પુણ્ય પાપને પણ ભૂતાર્થનયે જાણ, આસ્ત્રવને પણ ભૂતાર્થનયે જાણ, સંવરને ભૂતાર્થનયે જાણ, બંધને ભૂતાર્થનયે જાણ. મોક્ષને ભૂતાર્થનયે જાણ.

એમ દરેક અધિકારના માથાળા ઉપર જે નામ લખ્યા હોય ત્યાં આ લખી લેજે જરાક. આહાહા ! એ ભાગવતી શાસ્ત્ર દૈવી શાસ્ત્ર છે. આહાહા ! અલૌકિક શાસ્ત્ર છે. બે વાત અહીં કરે છે, તેના ઉત્તરરૂપ ગાથા છે. ગાથા બોલો બધા એક સાથે..........

નથી અપ્રમત કે પ્રમત નથી જે એક જ્ઞાયકભાવ છે
એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬.

ગાથાનો અર્થ પહેલાં લઈએ. જે જ્ઞાયકભાવ છે તે-જે ને પછી તે આવે. વચમાં જ્ઞાયકભાવ મૂક્યો. જે-તે-જ્ઞાયકભાવ છે તે અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સાતથીચૌદ ગુણસ્થાનની પર્યાયો આત્મામાં નથી. અને એક ગુણસ્થાનથી છ ગુણસ્થાનની પર્યાયો આત્મામાં નથી. પર્યાય આત્મામાં ન હોય. આત્મામાં ગુણો હોય પણ પર્યાય ન હોય.

ત્યારે અગાઉ આવી ગયું ને કે પર્યાયનો સમુદાય તેને દ્રવ્ય કહેવાય ? કે તે તો પદાર્થની પ્રસિદ્ધિ કરી હતી. પદાર્થનું પ્રતિપાદન હતું. પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયવાળો હોય. તે પરથી જુદો પાડીને પ્રમાણમાં લાવે. પછી પ્રમાણજ્ઞાનનો વિષય જે દ્રવ્યપર્યાય સ્વરૂપ વસ્તુ છે તેમાં ને તેમાં ભેદજ્ઞાન કરાવે છે. પહેલું પરથી જુદું પાડે દ્રવ્યને, પછી પર્યાયથી જુદું પાડે દ્રવ્યને તો દૃષ્ટિ ને અનુભવ થાય. તેમ બે પ્રકાર આવે છે.

તો કહે છે અહીંયા, શાસ્ત્રભાષાએ પ્રમાણ સપ્તભંગી ને નય સપ્તભંગી તેમ બે પ્રકાર આવે છે. અહીં અત્યારે નય સપ્તભંગીની વાત છે કે દ્રવ્યમાં પર્યાય નથી. દ્રવ્યમાં પર્યાય નથી તો દ્રવ્યમાં કાંઈ નથી ? તો કહે ના. બધું ય છે. જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે, સુખ છે. પ્રભુત્વ, વિભુત્વ-અનંત અનંત શક્તિ ગુણથી ભંડારે ભરેલો આત્મા છે તે ગુણોથી શૂન્ય નથી. પર્યાયથી શૂન્ય છે. પર્યાયથી રહિત છે, સર્વથા રહિત છે. દ્રવ્યને પર્યાય અડતી નથી. પર્યાયને દ્રવ્ય અડતું નથી. પર્યાય મલિન થાય તો દ્રવ્ય મલિન ન થાય, શુદ્ધ જ રહે. પર્યાયમાં કર્તાબુદ્ધિ થાય તો દ્રવ્ય કર્તાબુદ્ધિ કરે નહીં. તે તો અકર્તા રહે. પર્યાય પરને જાણે તો દ્રવ્ય પરને જાણે જ નહીં. તેવી જુદાઈ અંદર દ્રવ્ય પર્યાયની છે તેવી અલૌકિક વાત આમાં સમયસારમાં છઠ્ઠી ગાથામાં છે.

પ્રમત્ત અપ્રમત્ત નથી, તેનો અર્થ પર્યાય પર્યાયમાં છે, પર્યાય દ્રવ્યમાં નથી. પર્યાયની અસ્તિ, દ્રવ્યમાં તેની નાસ્તિ તેવી અસ્તી તેનો અનુભવ તેનું નામ સમકિત છે. પર્યાય નથી એટલે શું ? નથી એટલે દ્રવ્યમાં નથી. પર્યાય નથી એટલે પર્યાય કોઈ અવસ્તુ છે તેમ નથી. સત્ત છે પર્યાય તો. એક એક સમયની પર્યાય સત્ત છે. પણ ત્રિકાળ સતમાં ક્ષણિક સતની નાસ્તિ છે તેવી અસ્તિ છે. અસ્તિ-નાસ્તિ અનેકાંત. આહા !

સોનગઢના સંત અનેકાંત સ્થાપતા નથી ? અરે એણે જ સાચું અનેકાંત સ્થાપ્યું છે. તને અનેકાંતના સ્વરૂપની ખબર નથી. સામાન્યમાં વિશેષની નાસ્તિ, દ્રવ્યમાં પર્યાયની નાસ્તિ, સ્વભાવમાં વિભાવની નાસ્તિ. વિભાવ એટલે વિશેષ ભાવ.

દ્રવ્યમાં પર્યાય નથી, એમ કહે છે તેને શુદ્ધ કહે છે. 'ન ભવતિ' આમાં તો નથી એટલે અર્થ કર્યો છે. બાકી 'ન ભવતિ' નો એક વિસ્તાર પણ થઈ શકે કે દ્રવ્ય-પર્યાયરૂપે થતું નથી. 'ન ભવતિ' તે રૂપે થતું નથી. દ્રવ્યમાં પર્યાય નથી તે વાત પણ બરાબર છે. શબ્દાર્થ બરાબર કર્યો છે સંસ્કૃતમાં. પણ ભાવાર્થ એવો છે કે 'તદ્રૂપો ન ભવતિ' 'ન ભવતિ' તે રૂપે દ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પર્યાયરૂપે થતું નથી.

ભગવાન પરમાત્મા સમ્યગ્દર્શનની પર્યાયરૂપે થતો નથી તો મિથ્યાત્વની પર્યાયરૂપે ક્યાંથી થાય ? ભગવાન આત્મા મોક્ષની પર્યાયરૂપે થતો નથી. આમાં મોક્ષ લઈ લીધો. અપ્રમતમાં મોક્ષની પર્યાય કેવળજ્ઞાનની આવી ગઈ. કેવળજ્ઞાનની પર્યાય આત્મામાં નથી. પર્યાય પર્યાયમાં છે પણ દ્રવ્યમાં નથી. આહાહા ! હવે કેવળજ્ઞાનની પર્યાય તારા આત્મામાં નથી. અમે એમ કહેવા માંગીએ છીએ ત્યાં તું એમ કહે છે કે રાગની પર્યાય તો આત્મામાં થાય ને ? રાગ તો આત્મા જ કરે ને ? તેનું ફળ તો આત્મા જ ભોગવે ને ? આહાહા ! તારી માન્યતા મૂઢ મિથ્યાદષ્ટિની માન્યતા છે, એવું સ્વરૂપ નથી. અજ્ઞાની માને છે તેવું આત્માનું સ્વરૂપ નથી, જ્ઞાની અનુભવે છે તેવું આત્માનું સ્વરૂપ છે. આહાહા.....

આ ભેદજ્ઞાનની પરાકાષ્ટા છે. દ્રવ્ય ને પર્યાય વચ્ચેનું ભેદજ્ઞાન. ત્યાં સોનગઢમાં વાત ચાલી'તી. મોદી સાહેબે પકડી લીધું. આ દ્રવ્ય ને પર્યાય વચ્ચેના ભેદજ્ઞાનની વાત કરે છે, તે બરાબર છે. આ વાત થઈ હતી. દ્રવ્ય ને પર્યાય વચ્ચેનું ભેદજ્ઞાન. પ્રમાણ પરથી જુદું પાડે છે અને નિશ્ચયનય પર્યાયથી આત્માને જુદો પાડે છે, દેખાડે છે. 'ન ભવતિ' લખ્યું છે સંસ્કૃતમાં. જુઓ અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી. 'ન ભવતિ' તે રૂપે આત્મા થતો નથી તેને શુદ્ધ કહે છે. કે આ પર્યાયથી રહિત આત્મા છે માટે તેને શુદ્ધ કહેવામાં આવે છે.

આ શુદ્ધાત્માની વ્યાખ્યા પૂછી'તી શિષ્યએ. શુદ્ધાત્માનું સ્વરૂપ સંક્ષેપમાં કહ્યું. કુંદકુંદ ભગવાનની પણ એક ગાથામાં ન સમજે તો ટીકાકારે શુદ્ધાત્મા એમ કહી દીધું કે જેમાં પર્યાય માત્રનો અભાવ હોય તેને શુદ્ધાત્મા કહેવામાં આવે છે.

આત્મામાં પર્યાય માત્રનો અભાવ અને અનંત ગુણનો તેમાં સદ્‌ભાવ છે ગુણથી ખાલી નથી, ગુણથી સભર ભરેલો છે આત્મા. એક એક ગુણ પરિપૂર્ણ છે. આહાહા ! શુદ્ધ છે- પર્યાયથી રહિત છે માટે શુદ્ધ છે. વળી જે જ્ઞાયકપણે જણાયો તે તો તે જ છે બીજો કોઈ નથી. જાણનારો જે જણાયો તે જાણનારો જણાયા જ કરે છે કાયમ માટે તે વિસ્તારથી કહેશે.

હવે તેના માટે એક બે દષ્ટાંત આપીએ તો ખ્યાલ આવે કે આત્મા શુદ્ધ અત્યારે રહી ગયો છે. અત્યારે આત્મા સુખમય રહી ગયો છે. પર્યાયમાં દુઃખ છે ત્યારે આત્મદ્રવ્ય શુદ્ધાત્મા સુખમય રહી ગયો છે. તે દુઃખમય થયો જ નથી. પર્યાયમાં મલિનતા છે ત્યારે દ્રવ્ય સ્વભાવ મલિન થયો જ નથી, તે તો શુદ્ધ જ રહી ગયો છે. તેના કોઈ ખબર દષ્ટાંત બતાવો. જ્ઞાનીઓ દષ્ટાંત પણ આપે છે કે સાંભળ, પાણીની પર્યાયે માટીનો સંગ કર્યો, તો પર્યાયમાં મલિનતા આવી તેટલી વાત તો સાચી છે. માટીથી તે પર્યાય મલિન થઈ નથી. તે તો નિમિત્ત માત્ર છે. તેની તત્‌સમયની નિર્મળ પર્યાયનો વ્યય મલિન પર્યાયનો ઉત્પાદ. તે સ્વયં

પાણીની પર્યાયના સ્વકાળે થયો છે તેમાં માટી તો નિમિત્તમાત્ર છે. નિમિત્તમાત્ર શા માટે કહ્યું ? કે તેનાથી આંહી મલિનતા આવતી નથી. મલિનતા તેની ક્ષણિક અશુદ્ધ ઉપાદાનની શક્તિથી મલિન થઈ છે ત્યારે માટીને નિમિત્ત કહેવામાં આવે છે. હવે એમ કહે છે કે પાણીની પર્યાય મલિન થઈ છે ત્યારે પાણી દ્રવ્યે નિર્મળ સો ટકા રહ્યું છે. શું કહ્યું ? કે પાણીની પર્યાય મલિન થઈ છે, તેટલો સ્વીકાર કર્યા પછી પણ અમે કહીએ છીએ કે, પાણીનું જે દળ છે દ્રવ્ય છે પાણીનું દળ-દ્રવ્ય તે તો એકદમ નિર્મળ નિર્મળ સ્વચ્છ સ્વચ્છ સ્વચ્છ છે. તેમાં મલિનતા પ્રવેશી જ નથી. આ દ્રવ્ય ને પર્યાય બે ની વાત ચાલે છે.

મલિનતા, પાણીની પર્યાયની મલિનતા, માટી તો ભિન્ન છે માટી તો અડે જ નહીં. માટી તો તેની પર્યાયને અડતી નથી અને મલિન પર્યાય પાણીના દ્રવ્યને અડતી નથી. જો આ બે ત્રણ દૃષ્ટાંત આપું છું. બે ત્રણ દૃષ્ટાંત જો બેસી જશે તો આત્મા શુદ્ધ છે તે ખ્યાલમાં આવશે ને ખ્યાલમાં આવશે તો કામ થઈ જશે. આહા ! આ પહેલાં દૃષ્ટાંત બેસવું જોઈએ. આહા ! એકતા છે ને દ્રવ્ય પર્યાયની એટલે કઠિન પડે. વળી વ્યવહારનયના કથન પણ તેવા આવે કે જ્યારે પાણી મલિન થાય ત્યારે મલિન પર્યાયથી અનન્ય છે. તે સમયે તન્મય છે તેમ પણ પ્રવચનસારમાં આવે અને અજ્ઞાની તેનો આધાર પણ આપે પર્યાયદૃષ્ટિવાળા.

તો કહે છે કે અન્ય છે. અનન્ય વ્યવહારનયનું કથન છે ને અન્ય છે તે નિશ્ચયનયનું કથન સત્યાર્થ છે. તારી સાધ્યની સિદ્ધિ તેમાં થશે અનન્યમાં નહીં થાય. અનન્ય તો માનીને બેઠો છો તું. અમે કહીએ છીએ કે પાણીની પર્યાયને માટી અડી નથી અને પાણીની પર્યાયમાં મલિનતા આવી છે તે પાણીને અડી નથી. જો પાણી તેનાથી અનન્ય થઈ જાય તો ફટકડી નાખતાં મેલનો અભાવ થાય નહીં ને નિર્મળ પર્યાયનો આવિર્ભાવ પ્રગટ થાય નહીં.

ફટકડી નાંખશોને તો તે મલિનતા નાબુદ નહીં થાય, તેવું વિપરીત શ્રદ્ધાન પાણી વિષે હોય તો ફટકડી નાખશે નહીં. ફટકડી નહીં નાખે તો નિર્મળ પાણીનો પણ અનુભવ થશે નહીં અને મલિન પાણીનો અનુભવ થતાં તેને ડાક્ટર પાસે જવું પડશે. આહાહા ! આ બધી વાત પહેલાં અનુભવ પહેલાં ચોક્સાઈ કરવા જેવી છે. ચોક્સાઈ કરી સવિકલ્પ ભેદજ્ઞાન કરી અને પછી પ્રયોગ કરે તો અનુભવ ચોક્કસ થાય. એ પાણીનું એક દૃષ્ટાંત આપ્યું.

પાણીનું બીજું દૃષ્ટાંત. કે પાણીની શીતળ પર્યાય છે. પાણી શીતળ અને તેની પર્યાય પણ શીતળ છે. હવે શીતળ પર્યાય તો હતી તે તો પર્યાયના પોતાનો સ્વભાવથી શીતળ હતી પણ તે અગ્નિના સંગમાં ગઈ એટલે ઉષ્ણ થઈ પર્યાય. પર્યાય ઉષ્ણ થઈ તો તેણે કેનો વ્યય કર્યો કે શીતળ પર્યાયના ધર્મનો પર્યાય ધર્મનો વ્યય થયો. પર્યાય ધર્મનો વ્યય થયો તો દ્રવ્યધર્મ શીતળ છૂટી ગયો તેમ છે નહીં. ઉત્પાદ વ્યય પર્યાયમાં થાય ધ્રુવમાં થાય નહીં. (અપૂર્વ વાત છે.)

આ જૈનદર્શન યુક્તિથી બેસી જાય. ન્યાયથી બેસે. તમે અમે કહીએ છીએ માટે માનો તેમ નહીં. આચાર્યદેવે કહ્યું તમે અનુભવથી પ્રમાણ કરજો. આહાહા ! તે શીતળ પર્યાયનો વ્યય થયો તેનો સ્વકાળ અને ઉષ્ણ પર્યાયનો ઉત્પાદ થયો. પાણીની પર્યાય ગરમ થઈ ઉષ્ણ, પણ તે અગ્નિ તો પાણીની ઉષ્ણ પર્યાયને અડતી નથી અને તે ઉષ્ણતા શીતળ પાણીના સ્વભાવને અડતી નથી. હાય ! હાય ! તે વખતે સો ટકા શીતળ છે પાણી ? તો કહે હા. આંગળી નાંખો તો કહે આંગળીથી ન મપાય. સ્વભાવગ્રાહી જ્ઞાનથી માપી શકાય. આહાહા ! આંગળીના માપ તેમાં ન ચાલે ભાઈ ! આહાહા ! તેમાં વર્તમાન જે ઉષ્ણ પર્યાય છે, તેને ગૌણ કરી લક્ષ છોડી દે અને પાણીની સમીપે જઈને જો અંદરમાં તો શીતળ શીતળ શીતળ શીતળ પાણી તો રહેલું છે. એમ જો શીતળનું શ્રદ્ધાન થઈ જાય તો ઉષ્ણતાનો વ્યય થઈને શીત પાણી એને અનુભવમાં આવે.

હવે ત્રીજું દ્દષ્ટાંત કપડાનું. કપડું રાતું થાય પીળું થાય. આ સાડીઓના વેપારી છે. આ પીળી સાડી, આ બ્લુ સાડી, આ મરૂન રંગની સાડી. ઓલી બ્લુ સાડી. મોરની મોરપીંછ રંગની સાડી. આહાહા ! સમજી ગયા.

કહે છે કે એ જે રંગ છે ને, એ રંગ ચડ્યો છે તે કપડાને ચડ્યો નથી. કપડાને રંગ અડ્યો નથી. સાંભળ તો વાત મારી તું. સાંભળ ! સાંભળ ! મારી વાત તું સાંભળ. એટલું ખરું કે તેની પર્યાયમાં રંગ ચડ્યો છે. પર્યાય રંગાણી છે. રંગ પર્યાયને અડતો નથી. અને રાતી પર્યાય જે સાડીની રંગથી થઈ તે રાતો રંગ કપડાના શ્વેત સ્વભાવને અડતો નથી. તે તો શ્વેત રહેલું છે કપડું સો ટકા શ્વેત હો. કહે કે પચાસ-પચાસ ટકા રાખો ને ? તો કહે નહીં. સો ટકા કપડું સફેદ સફેદ ને સફેદ છે. અને કપડાની પર્યાય એક સમય પૂરતી રાતી છે. કદાચિત્ રાતી છે, કથંચિત્ રાતી નથી. જ્યાં ત્યાં કથંચિત્ લગાડે. કદાચિત્ એટલે કોઈ વખતે, કોઈ વખતે એટલે એ કપડું પોતાના શ્વેત સ્વભાવનો ત્યાગ કરે અને રંગની સમીપે જાય, ત્યારે એક સમય પૂરતી તે પર્યાય રાતી થાય તેને કદાચિત્ એટલે કોઈ વખતે કહેવાય. કાયમ માટે કપડું રાતું રહી શકતું નથી. કેમ કે કપડાનો સ્વભાવ રાતાપણું નથી. સફેદપણું સ્વભાવ છે. રાતાપણું વિભાવ છે. તે વિભાવ નીકળીને પર્યાયમાં સફેદપણું આવી જાય છે. બહેનો કપડા ધોવે છે ને તો મેલ નીકળી જાય છે. પર્યાયમાં સફેદ થઈ જાય છે, પર્યાયે સફેદ. આહાહા ! તે સફેદ ક્યાંથી આવ્યો ભાવ ? કે તેમાં શક્તિમાં સફેદ પડ્યો તો ભંડાર અંદરમાં, તે શક્તિની વ્યક્તિ થાય છે. આહાહા ! ઈ પાણીમાંથી સફેદ પર્યાય થાય છે ? (ના જી !) સાબુ લગાવ્યો માટે સાબુમાંથી થાય ? અને માટીનો અભાવ થયો માટે સફેદ પર્યાય થઈ ? અભાવમાંથી ભાવ ન થાય. ભાવમાંથી ભાવ પ્રગટ થાય. ભાવનો ભાવ

હોય. ભાવ ભર્યો છે સફેદ અંદરમાં તે વ્યક્ત પર્યાય પ્રગટ સફેદ થઈ જાય. આહાહા ! માટે કપડાની મલિન પર્યાય સફેદ કપડાને અડતી નથી, એટલી ભિન્નતા છે. સર્વથા ભિન્ન છે. આહા !

જેમ ખાણમાંથી સોનું નીકળે તેની પર્યાય મલિન છે. પણ સોનું મલિન થયું નથી. સો ટચનું શુદ્ધ રહ્યું છે દ્રવ્યે. પણ જેની દૃષ્ટિ પર્યાય ઉપર પડી છે ને, તેને દ્રવ્ય શુદ્ધ છે તે દેખાતું નથી. તેમ જેની દૃષ્ટિ પર્યાય ઉપર છે રાગ ઉપર, તેને આ વાત બેસતી નથી કે રાગને કાળે આત્મા વીતરાગની પ્રતિમા બિરાજમાન છે. પરમાત્મા સ્વરૂપે બિરાજમાન છે અંદર. આહાહા ! પરમાત્મા પામર થયો નથી અને પરમાત્મા શુદ્ધ થતો નથી. પરમાત્મા તો ત્રણેકાળ શુદ્ધ છે. શુદ્ધ છે તેનું કારણ પર્યાયથી રહિત છે માટે શુદ્ધ છે. પર્યાયથી સહિત થાય તો શુદ્ધ રહેતો નથી. શું કહ્યું ? ન્યાય સમજાય છે ? શુભાશુભભાવ પર્યાયમાં થાય. પુણ્ય પાપના ભાવ પર્યાયમાં થાય. હિંસા અહિંસાના પરિણામ પર્યાયમાં થાય, પર્યાયમાં થાય પણ દ્રવ્યમાં ન થાય. આહાહા ! દ્રવ્ય ને પર્યાયની એટલી જુદાઈ છે. ઉત્પાદ વ્યય પર્યાયનો થાય. ધ્રુવ ઉપજે નહીં ને ધ્રુવનો અભાવ થાય નહીં. આવી વસ્તુ અલૌકિક શાસ્ત્રમાં આવી છે.

આટલા દૃષ્ટાંત આપીને દ્રવ્ય પર્યાયની જુદાઈ રહી ગઈ છે તેમ દૃષ્ટાંતથી પણ સિદ્ધ થાય. અહીંયા પણ તે પ્રકારે જ છે. જુદાઈ છે દ્રવ્ય ને પર્યાયની.

ટીકા :- જે પોતે, પોતે એટલે આત્મા. ત્રિકાળી દ્રવ્ય જ્ઞાયકભાવ. આ ગાથામાં ટાઈમ લાગશે. પહેલાંની ગાથામાં સામાન્ય હતું એટલે પ્રયોજનભૂત વાત જલ્દી કરવા માટે ટૂંકાવવું'તું ઈ. કેમ કે મનુભાઈ રોજ આવતા'તા, રોજ આવતા'તા. આયુષ્ય પૂરું થઈ ગયું. તેમ અત્યારે આપણે સ્વાધ્યાય કરીએ છીએ ક્યારે કોઈનું આયુષ્ય પુરું થઈ જશે તેની ખબર નથી. માટે મૂળ વાત જલ્દી સમજી લેવા જેવી છે. આહાહા ! આજે એટલે કહ્યું'તું કે રોટલીને રોટલાનો ખોરાક તો રોજ મળે અને કોઈ વખતે લોટનો મેસુબ પણ બને જારી પડી જાય હો લોટમાં. આહાહા ! એવો મેસુબ અમારે શારદાબેન બનાવે. ત્યાંથી મારા માટે લઈ આવે હિંમતનગરથી. પર્યાય થવાની હોય ને એટલે હથરોટી પણ તે પ્રકારની. બાકી મેસુબ શારદાબેન બનાવતા નથી તેનો હાથ પણ અડતો નથી. કોણ બનાવે ? આ તો લોટનો મેસુબ નથી આ તો બદામનો મેસુબ છે. અને બદામના મેસુબમાં ફોરેનનું કેસર. પહેલાં ડબી આવતી'તી ફોરેનની ડબી આવતી'તી. હજી આવતી હશે સ્પેનનું કેસર અને એલચી ઉંચા માયલી અને અંદર પીસ્તા અને ચોખ્ખું ઘી આવો બદામનો મેસુબ ! આહા !

એ રુચિ જરાક રાખીને મોઢું ઉઘાડે તો મીઠું મોઢું થાય તેવું છે. મીઠું મોઢું એટલે સમજાણું ને ? સમ્યગ્દર્શન !! આહા ! પણ પકડવું તેને જોઈએ. શું કહેવા માગે છે આચાર્ય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ભગવાન તે તેને પકડે તો તેનું કામ થાય. ન પકડાય ને ન સમજાય તો સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. આહા ! આ સંતોને કાંઈ લેવું નથી કોઈની પાસે કે ફાળો કરવો નથી. આહા ! બે ચાર દિવસે આહાર કરવાની ઈચ્છા થાય જંગલમાંથી આવે ને આહાર લઈને ચાલતા થઈ જાય. આહાહા ! એવા પ્રચુર આનંદના વેદન કરનારા કુંદકુંદ આચાર્ય ભગવાને આ શાસ્ત્ર લખીને મોક્ષનો માર્ગ ટકાવી રાખ્યો છે. આ કાળે મોક્ષમાર્ગ બહુ લોપ. શ્રીમદ્જીએ કહ્યું છે આ કાળે મોક્ષમાર્ગ બહુ લોપ, લગભગ લોપ. સર્વથા લોપ નહીં. બહુ લોપ. એમ ક્યાંક ક્યાંક તો હોય ખુણે-ખાંચરે, તો પણ જનરલ મોક્ષનો માર્ગ બહુ લોપ થઈ ગયો છે.

તેમાં આ સમયસારની રચના બે હજાર વર્ષ પહેલાં થઈ તે પરંપરા ચાલી છે અને આ સમયસાર ભૂતકાળમાં બે હજાર વર્ષમાં ઘણાને મુખ્યપણે સમ્યગ્દર્શનમાં નિમિત્ત થયું છે. બાકી તો ચારે અનુયોગ સમ્યગ્દર્શનમાં નિમિત્ત કહેવાય. તે નિમિત્ત ક્યારે કહેવાય કે નિમિત્તનું લક્ષ છોડે અને આત્માનું લક્ષ કરે તો ભૂત નૈગમનયે તેને નિમિત્ત કહેવામાં આવે છે. શાસ્ત્ર ઉપર લક્ષ હોય ત્યાં સુધી સમ્યગ્દર્શન ન થાય. અરે તીર્થંકર ભગવાન સામે બિરાજમાન હોય મહાવીર પ્રભુ ! તેની સામું જોયા કરે. તેની સામું જોવે પછી ત્યાં જોઈને, અરિહંતને જોઈને પછી ત્યાં જોયા ન કરે. પછી અંદર પરમાત્માને જોવે નિજપરમાત્મદ્રવ્યને. આહાહા ! આમ (બહાર) જોવાનું નથી, આમ જોવાનું છે અંદર. બહારમાં જોતાં તો ઈન્દ્રિયજ્ઞાન (થાય છે). આહાહા !

પરમાત્મ પ્રકાશમાં લખે છે કે અતીન્દ્રિયજ્ઞાનથી વિપરીતજ્ઞાન છે ઈન્દ્રિયજ્ઞાન આવો શબ્દ છે વિપરીત હો. જેમ વીતરાગ ભાવથી રાગ વિપરીત છે, રાગ થાય ને તે વીતરાગભાવથી તો વિપરીત થઈ ગયો ને ? તેમ ઈન્દ્રિયજ્ઞાન અતીન્દ્રિયજ્ઞાનથી વિપરીત જ્ઞાન છે, તેવું પરમાત્મપ્રકાશ યોગીન્દુદેવનું છે તેમાં લખ્યું છે. પરમાત્મ પ્રકાશ ૬૩ નંબરની ગાથા છે. કાલ થોડીક વાત કરી હતી પણ શાસ્ત્ર નહોતું. શાસ્ત્રથી શ્રદ્ધા બેસે. શાસ્ત્રનો આધાર આપે ને તો શ્રદ્ધા બેસે.

કોઈ કોઈ વખત ગુરુદેવ શાસ્ત્રનો આધાર આપે, સભામાં નહીં પણ અંદર બધા બેઠા હોય ને ! પાંચ દશ જણા ત્યારે કહે કે આ શાસ્ત્રમાં આમ લખ્યું છે. તો ઉત્કૃષ્ટ મુમુક્ષુ કહે અમારે શાસ્ત્રની જરૂર નથી. આપની વાણી તે આગમ છે બસ. અનુભવીની વાણી તે આગમ છે. આહા ! આ અનુભવી ને લખ્યું છે ને શાસ્ત્ર.

૬૩ નંબરની ગાથા પરમાત્મ પ્રકાશની છે તેનું મથાળું છે. આ છઠ્ઠી ગાથા શાંતિથી ધીમે ધીમે શાસ્ત્ર સ્વાધ્યાય કરવો. આમાં સાંભળતું જાવું એનો નિર્ણય કરતા જાવું ને સાથે સાથે ભેદજ્ઞાન કરતું જાવું. કાલ ઉપર ન રાખવું. કલાક પછી નહીં હમણાં જ. આવું સ્વરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


છે કે નહીં તેનું અંદર અંદર મંથન કરતું જાવું તો અંદરથી હા આવશે. સ્વભાવની વાત છે ને એટલે હા આવશે.

મથાળું ગાથા ૬૩ પરમાત્મપ્રકાશ. હવે પાંચ ઈન્દ્રિય, પાંચઈન્દ્રિય છે ને, સ્પર્શ, રંગ, ગંધ, વર્ણ, શબ્દ છે પાંચ ઈન્દ્રિય આંહીથી સ્પર્શથી ચાલુ થાય છે ને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ને શબ્દ. આ પાંચ ઈન્દ્રિયનો ઉઘાડ. ક્ષયોપશમજ્ઞાન ભાવઈન્દ્રિય અને મન. અહીં છાતીમાં આઠ પાંખડીવાળું દ્રવ્ય મન છે અને જ્યાં વિચાર ચાલે છે નયનિક્ષેપ પ્રમાણના વિચાર ચાલે તેનું નામ મન કહેવાય. વિકલ્પ ઉઠે મનમાં તે મન. સમસ્ત વિભાવ પાંચ ઈન્દ્રિય કહી, ભાવમન કહ્યું, સમસ્ત વિભાવ. સમસ્ત પ્રકારના વિભાવ રાગ, દ્વેષ, મોહ અને ચાર ગતિના સંતાપોનું દુઃખ. શુદ્ધ નિશ્ચયનયથી કર્મજનિત છે. જીવજનિત નથી.

જીવથી આ ઈન્દ્રિયજ્ઞાનનો જન્મ થતો નથી. જીવને આશ્રયે ઈન્દ્રિયજ્ઞાન ન હોય, પરાશ્રિત હોય. રાગ પરાશ્રિત દુઃખ પરાશ્રિત. એવો અભિપ્રાય મનમાં રાખીને હવે આચાર્ય ભગવાન સૂત્ર કહે છે. ૬૩ નંબરની ગાથા મૂળ છે. ત્રણ ચાર મિનિટ બાકી છે.

અન્વયાર્થ :- પાંચે ઈન્દ્રિયો, પાંચ ઈન્દ્રિયનો ઉઘાડ. દ્રવ્યઈન્દ્રિયની વાત નથી. ભાવઈન્દ્રિયની વાત છે. ઉઘાડની વાત-ક્ષયોપશમની વાત છે. ઈન્દ્રિયો અન્ય છે. આત્માથી અનેરી છે, અન્ય છે ભિન્ન છે, આ શાસ્ત્ર તરફનો અત્યારે જે ઉપયોગ ચાલે છે. તે ઈન્દ્રિયજ્ઞાન જે છે તે ઈન્દ્રિયજ્ઞાન આત્માથી અન્ય નામ ભિન્ન છે, અનન્ય નથી. ભિન્ન છે. ક્યારે ? કે ત્રણે કાળ. છે ત્યારે ભિન્ન છે, છે ત્યારે ભિન્નનો પાઠ આપ્યોને સિદ્ધ ભગવાનને નથી કહેતા તે. પાંચ ઈન્દ્રિય જેને વિદ્યમાન છે તેને કહે છે કે તારો આત્મા પાંચ ઈન્દ્રિયના ઉઘાડથી રહિત છે, અન્ય છે. પછી મન અને રાગાદિ સમસ્ત વિભાવ અન્ય છે. ભાવમન પણ ભિન્ન છે, રહિત છે અને રાગાદિ વિભાવ પણ આત્માથી રહિત છે, ભિન્ન છે.

તે બધા, હે જીવ ! હે ભવ્ય આત્મા ! જીવને કર્મથી ઉપજે છે. કર્મથી ઉપજે છે એટલે કર્મના સંગે પરિણતિ જાય ત્યારે ઉપજે છે આત્મા કર્મનો સંગ કરતો નથી તે તો હજી આવવું બાકી છે, ઘણું આમાં છઠ્ઠી ગાથામાં. આત્માએ દર્શન મોહનો સંગ કર્યો નથી. ચારિત્રમોહનો સંગ કરતો નથી. આહા ! તે પરિણામ સંગ કરે છે ને પરિણામ સંગ છોડે છે. હું તો અસંગી પરમાત્મા છું. હું કોનો સંગ કરું ? હું તો નિરાલંબી છું. હું કોઈનું આલંબન લઉં તેવો મારો સ્વભાવ નથી. એમ કહે છે કે કર્મથી ઉપજે છે એટલે કર્મના સંગે તે પરિણામ ઉત્પન્ન થાય છે અને આ ચાર ગતિના દુઃખ પણ અન્ય છે. દુઃખ, આકુળતા થાય છે ને, તે આકુળતા અનાકુળ આનંદમય ભગવાન આત્મા જે છે સુખમય, તેનાથી અન્ય છે ભિન્ન છે. એટલે આત્મા એ દુઃખનો વેદનારો નથી, આ કઠણ પડે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શાંતિભાઈનો પુત્ર છે પંકજ. એરોપ્લેનમાં જાતા'તા ત્યારે રસ્તામાં કહ્યું કે દુઃખથી આત્મા ભિન્ન છે. દુઃખનો વેદક નથી. મને કહે અત્યાર સુધી રાગથી ભિન્ન આવ્યું પણ આ દુઃખથી ભિન્ન છે તે તો બહુ સરસ વાત આવી. દુઃખને વેદતો નથી. અત્યારે શ્રેણિક મહારાજા દુઃખને વેદતા નથી. અરે નિગોદમાં રહેલો અજ્ઞાની જીવ દુઃખને વેદતો નથી. આ વેદવું તેનો સ્વભાવ જ નથી. આત્મા અવેદક છે. વેદતો કેમ નથી ? કે દુઃખ અન્ય છે. હાય ! હાય ! અન્ય તો છે હવે અન્ય કહીને પાછું કર્મજન્ય કહ્યું. કેમ કે પાછું કથંચિત્ અભિન્ન માની લ્યે એટલે કર્મજન્ય કહીને કાઢી નાંખ્યું. જીવજન્ય હોય વિભાવ તો તો કથંચિત્ ભિન્ન અભિન્નનો તેને સોલો ઉઠે અજ્ઞાનીને, પણ કહે છે કે તે તો કર્મજન્ય છે જીવજન્ય નથી. આ જીવજન્ય તો ઉપયોગ છે. શુદ્ધોપયોગ જીવજન્ય છે. એ અન્ય છે એટલું જ નહીં પણ કર્મ જનિત છે.

હવે ભાવાર્થ : અતીન્દ્રિય શુદ્ધ આત્માથી વિપરીત, આ આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે. તેનાથી જે વિપરીત જે પાંચ ઈન્દ્રિયોનો ઉઘાડ, પ્રતિમાના દર્શનનો ઉઘાડ. આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે તેનાથી વિપરીત ભાવ છે ઈ. તારો ભાવ નથી. તું દર્શન નથી કરતો. ઈન્દ્રિયજ્ઞાન દર્શન કરે તો કરો હું તો મારા આત્માના દર્શન કરનારો છું. હાય ! હાય ! આ વ્યવહારનું શું થશે ? કે વ્યવહારનો લોપ થશે ને તું પરમાત્મા થઈ જઈશ ! કે બીજું શું થવાનું હવે તો કાંઈ જાવાનું છે નહીં. નીચે જવાની વાત તો અહીંયા છે નહીં. ઊંચે ઊંચે જાવાની વાત છે. આહાહા ! શું કહ્યું ? અતીન્દ્રિય જ્ઞાનમય જે શુદ્ધાત્મા છે તેનાથી જે વિપરીત પાંચઈન્દ્રિય ને છઠ્ઠું મન તે વિપરીત છે.

જેવી રીતે વીતરાગ પરિણામથી રાગ વિપરીત છે ને ? વીતરાગ પરિણામ હોય તેનાથી રાગ વિપરીત છે. સંવરથી આસ્ત્રવ વિપરીત છે ને ? મોક્ષથી બંધ વિપરીત છે ને ? તેમ અતીન્દ્રિય જ્ઞાનમય ભગવાન પ્રભુ વિભુ ભગવાન આત્મા અંદર બિરાજમાન છે. તેનાથી જે પાંચ ઈન્દ્રિયનો ઉઘાડ જેને તું જ્ઞાન માની રહ્યો છે અને જેના દ્વારા તું પ્રતિમાના દર્શન કરી રહ્યો છો, તે પ્રતિમાના દર્શન તું કરતો નથી. ઈન્દ્રિયજ્ઞાન કરે છે નાખી દેને એના ઉપર. હું તો મારા આત્માના દર્શન કરનારો છું. આહાહા ! આ તો ત્વરાએ કામ થાય તેવું છે. આહા ! આત્માથી વિપરીત શબ્દ વાપર્યો. ભરતભાઈ ! શાસ્ત્રજ્ઞાન ને અતીન્દ્રિયજ્ઞાનથી વિપરીત, વિરૂદ્ધ. આહાહા ! વિપરીત જે પાંચ ઈન્દ્રિયો શુભાશુભ સંકલ્પથી પર તે વિપરીત છે શુદ્ધાત્માથી. શુદ્ધતાથી અશુદ્ધતા તો વિપરીત જ હોય ને ? વિકલ્પથી રહિત, આહાહા ! તેનાથી રહિત આત્મા પાંચ ઈન્દ્રિય ને છઠ્ઠું મન ને રાગ તેનાથી આત્મા સર્વથા ભિન્ન છે. સર્વથા રહિત છે. કથંચિત્નું લાકડું આગળ કરીશમાં, મરી જાઈશ નહિંતર. આત્માથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિપરીત અનેક સંકલ્પ વિકલ્પની જાળરૂપ જે મન અને શુદ્ધાત્માની અનુભૂતિથી વિલક્ષણ જે સમસ્ત વિભાવ પર્યાયો અને જે વીતરાગ પરમાનંદરૂપ સુખામૃતથી પ્રતિકુળ, ચારગતિના સમસ્ત સંતાપો દુઃખના દાયી તે તો વિપરીત છે. અનાકુળ આનંદથી દુઃખ છે તે વિપરીત છે. અતીન્દ્રિયજ્ઞાનથી ઈન્દ્રિયજ્ઞાન વિપરીત છે. આહા ! તે સર્વ અશુદ્ધ નિશ્ચયનયથી, સ્વસંવેદનના અભાવથી, ઉપાર્જેલા કર્મોથી જીવોને ઉત્પન્ન થાય છે. આહા ! અહીં પરમાત્મ દ્રવ્યથી પ્રતિકૂળ પંચેન્દ્રિય આદિ સમસ્ત વિકલ્પ જાળ છે તે હેય છે, શાસ્ત્રજ્ઞાન હેય છે ઉપાદેય નથી. સાધન નથી. શાસ્ત્રજ્ઞાન આત્મજ્ઞાન થવાનું કારણ નથી. અરે એનાથી ઝીણી વાત છે. શુદ્ધઆત્માનું જ્ઞાન થાય તેમાં પણ કારણ નથી. અરે તું તો ક્યાંયનો ક્યાંય બહાર રખડશ. આહાહા...અમારે તો એના કરતાં સૂક્ષ્મ વાત કરવી છે.

શુદ્ધાત્મતત્ત્વ પ્રથમથી જ છે, તે કારણ હોય તો બધાને અનુભવ થવો જોઈએ. પણ અનુભવ થાય ત્યારે તેનું લક્ષ ત્યાં જાય છે ત્યારે આત્માને કારણનો ઉપચાર આપવામાં આવે છે. કારણ ઉપચાર છે વાસ્તવિક નથી. આહાહા ! હવે ઈન્દ્રિયજ્ઞાનને તું જ્ઞાન માની બેઠો. અરે પ્રભુ ! ક્યાંથી તને આ સમ્યગ્દર્શન થાય ?

રાડું પાડે છે અમારે સમ્યગ્દર્શન કરવું છે, પણ ઈન્દ્રિયજ્ઞાન ? ઈન્દ્રિયજ્ઞાન તો જ્ઞાન છે. તે સાધનને ન છોડાય. આહાહા ! તો કોઈ સ્વાધ્યાય નહીં કરે, કે એ સ્વાધ્યાય કરવા આવશે તેટલા માટે કે ઈન્દ્રિયજ્ઞાન આત્મામાં નથી. સાંભળવા આવશે, આવશે ને આવશે. છોડશે નહીં સ્વાધ્યાય લે. આહાહા ! આ શાસ્ત્ર સિવાય કોણ કહે દિગમ્બર સંત સિવાય. આહાહા ! ઉઘાડનો દરિયો છે એને ગણધર પ્રભુ કહે છે, બાર અંગના ધારી. અમારું જ્ઞાન, અમારા અતીન્દ્રિયજ્ઞાનમય આત્માથી વિપરીતભાવ છે. પાંચ મહાવ્રત વિપરીતભાવ છે. આહા ! અમે આ દિવ્યધ્વનિ સાંભળીએ છીએ ને એ અમારા શુદ્ધાત્માથી વિપરીતભાવ ઊભો થાય છે. આહાહા ! થાય છે તે વાત સાચી છે પણ છે વિપરીત. આહા ! હાય ! હાય ! વ્યવહારનો બધોય લોપ કરી નાંખશે. વ્યવહારનો લોપ કરી નાંખશે તો તું પરમાત્મા થાઈશ. વ્યવહારનય કહે છે તેવો આત્મા છે નહીં. નિશ્ચયનય કહે છે તેવો આત્મા છે. તે પરમાત્મ દ્રવ્યની પ્રતિકૂળ ને પંચેન્દ્રિય સમસ્ત વિકલ્પ જાળ છે તે હેય છે. હેય કહ્યું. ઉપાદેય નહીં શાસ્ત્રજ્ઞાન. તેનાથી વિપરીત પંચેન્દ્રિય વિષયની અભિલાષાની સમસ્ત વિકલ્પથી રહિત તેવું સ્વશુદ્ધાત્મતત્ત્વ પરમ સમાધિના સમયે સાક્ષાત ઉપાદેય છે તેવો ભાવાર્થ છે. લ્યો, આ પરમાત્મ પ્રકાશમાં વિપરીત કહ્યું, અતીન્દ્રિયજ્ઞાનથી ઈન્દ્રિયજ્ઞાન વિપરીત કહ્યું. આહાહા ! થઈ ગયો વખત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પ્રવચન નં. ૧૫

## અમૃતપ્રભાત એપાર્ટમેન્ટ - રાજકોટ

## તા. ૨૧-૭-૯૧

શ્રી સમસયારજી શાસ્ત્ર છે તેનો પ્રથમ જીવ નામનો અધિકાર ગાથા છઠ્ઠી ચાલે છે. તે ગાથાનો અર્થ થયો. અનંત અનંતકાળ થયો આત્માએ ચાર ગતિમાં રખડતાં દુઃખને ભોગવ્યા. પણ તેણે પરિણામ માત્રથી ભિન્ન આત્મા રહી ગયો છે જુદો ને જુદો. આહાહા ! વ્યવહારનયથી જોવામાં આવે તો પરિણામથી સહિત દેખાય છે. બહિર્દષ્ટિથી જોવામાં આવે તો આત્મા પરિણામથી સહિત દેખાય છે. પણ અંતરદષ્ટિથી જોતાં એ ભગવાન આત્મા પરિણામથી સર્વથા રહિત છે. એવા સર્વથા રહિત આત્માને એણે અંતરમાં જઈને એક સમય માત્ર પણ એની દૃષ્ટિ કરી ને એનો અનુભવ કર્યો નથી.

સહિતનું શ્રદ્ધાન તે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર છે અને રહિતનું શ્રદ્ધાન છે. દ્રવ્યથી તો રહિત જ છે એની તો શું વાત કરવી. પણ એની બહિર્મુખ અવસ્થાઓ અને અંતર્મુખ અવસ્થાઓ, એ બે પ્રકારની અવસ્થાઓ છે, પ્રમત્ત અને અપ્રમત્ત. એ અવસ્થાઓથી સહિત આત્મા દેખાય છે, જેને શુભાશુભભાવથી સહિત દેખાય છે આત્મા, મિથ્યાદર્શન ને સમ્યગ્દર્શનથી સહિત આત્મા દેખાય છે. કેવળજ્ઞાનની પર્યાયથી સહિત દેખાય ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. પરમાત્મા તો કેવળજ્ઞાનની પર્યાયથી સર્વથા રહિત છે. તો અજ્ઞાનની પર્યાયથી તો રહિત હોય જ. પર્યાયથી સહિતનું શલ્ય અનાદિથી ચાલે છે. મિથ્યા શલ્ય છે ઈ અનાદિકાળનું, આજનું નથી ઈ. અને એનો ઉપદેશ પણ ક્યાંક ક્યાંક વિરલ છે. પર્યાયથી સહિત આત્મા છે એવું પોતે માની બેઠો છે, એવું એને શ્રદ્ધાન છે. અને ઉપદેશ પણ એવો આવે કે આત્મા પર્યાયથી સહિત છે અને વ્યવહારનયની મુખ્યતાથી આગમ, પરમાગમમાં પણ આવે કે કથંચિત્ આત્મા પર્યાયથી સહિત છે. એ વ્યવહારનય અન્યથા કથન કરે છે. ભાઈ ! એને સત્યાર્થ માને તે મિથ્યાદૃષ્ટિ બને છે.

એ વાત અહીંયા અપૂર્વ ઊંચા પ્રકારની ઢબથી છઠ્ઠી ગાથામાં આચાર્ય ભગવાન આપણા ઉપર કરુણા કરીને, જેમ આચાર્ય ભગવાન કહે છે કે મને મારા ગુરુએ કૃપા કરી, અનુગ્રહ કરી ને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો છે. અને એ ઉપદેશ મેં ઝીલ્યો અને અનુભવથી મેં પ્રમાણ કર્યું કે મારા ગુરુનો ઉપદેશ યથાર્થ છે. અને એ જ પ્રકારે, હે ભવ્ય આત્મા, તારો પ્રશ્ન છે. પ્રશ્ન કરનારને ઉત્તર દેવામાં આવે છે. કે તેં પ્રશ્ન કર્યો છે કે શુદ્ધાત્માનું સ્વરૂપ શું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે ? હે ભવ્ય આત્મા ! તારી કાંઈક લાયકાત દેખાય છે. આવા પ્રશ્ન કરનાર પણ જગતમાં વિરલા હોય છે અને એનો ઉત્તર આપનારા પણ વિરલમાં વિરલ કોઈ જ્ઞાની હોય છે. એ હું તને મારા ગુરુએ કૃપા કરી અને તેં મારી પાસે માગણી કરી તો મને તારા પ્રત્યે કરુણા આવી છે. અકારણ કરુણાથી મારે તારી પાસેથી કાંઈ જોઈતું તો નથી. એટલું તો નહીં પણ તું મને વંદન કર, મારી સ્તુતિ કર, મારી પ્રશંસા કર એવી અપેક્ષા પણ તારી પાસે હું રાખતો નથી. આહા ! નિષ્કારણ કરુણા કરીને શુદ્ધાત્માનો ઉપદેશ આપે છે.

એ શુદ્ધાત્માનો ઉપદેશ આપતાં અનાદિકાળથી અજ્ઞાની પ્રાણી પરિણામથી સહિત છું એમ માને છે. રાગદ્વેષથી સહિત, સુખદુઃખની કલ્પનાથી સહિત, શાસ્ત્રજ્ઞાનથી સહિત એવા પરિણામથી સહિત માનનારો આત્મા, એને કહે છે કે તારો આત્મા એક સમય માત્ર પણ સહિત થયો નથી. એ વ્યવહારનયથી સહિત કહે તો ત્યારે તારે એનો નિષેધ કરવો, કે હું તો પરિણામથી રહિત જ છું. આહાહા ! એમ તું નિષેધ કરજે કે પરિણામથી રહિત છું અને અનંતગુણથી હું સહિત છું. એ વાત આચાર્ય ભગવાન હવે ટીકામાં સમજાવે છે.

જે પોતે, પોતે એટલે પોતાનો આત્મા, બધાએ આત્મા ઉપર નજર રાખવી. જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી, હોવાથી શબ્દ છે ત્રણેકાળે છે છે ને છે. પોતાથી પોતે સ્વયંસિદ્ધ પરમાત્મા છે. પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી, કોઈ પાંચ પદાર્થ મળે ને જીવની ઉત્પત્તિ થાય એમ અન્યમતિ કેટલાક કહે છે, એ વાત ખોટી છે. કોઈ સંયોગથી જેની ઉત્પત્તિ થતી નથી તેથી કોઈપણ સંયોગનો વિયોગ થાય તો એનો નાશ થતો નથી. એવો સ્વયંસિદ્ધ પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી, કોઈથી ઉત્પન્ન થયો નહીં હોવાથી, આ ભગવાન આત્મા કોઈનું કાર્ય નથી ને કોઈનું કારણ પણ નથી. કોઈ કારણ આવે તો જીવની ઉત્પત્તિ થાય અને એ કારણનો અભાવ થાય તો જીવનો નાશ થઈ જાય એમ છે નહીં.

કોઈ પદાર્થનું એ કાર્ય નથી ને કોઈ પદાર્થમાં એ કારણ થતો નથી એવો સ્વયંસિદ્ધ પરમાત્મા છે. જે પોતે પોતાથી સિદ્ધ હોવાથી કોઈથી ઉત્પન્ન થયો નહીં હોવાથી, આત્મા કોઈથી ઉત્પન્ન થતો નથી. અરે પર્યાય પણ કોઈથી ઉત્પન્ન ન થાય તો દ્રવ્ય તો ક્યાંથી ઉત્પન્ન થાય ? મિથ્યાત્વની પર્યાય કોઈથી ઉત્પન્ન ન થાય. સમ્યગ્દર્શનની પર્યાય કોઈથી ઉત્પન્ન ન થાય. કેવળજ્ઞાનની પર્યાય કોઈથી ઉત્પન્ન ન થાય. તો ભગવાન આત્મા તો ક્યાંથી કોઈથી ઉત્પન્ન થાય ?

પર્યાય પણ સત્ત ને દ્રવ્ય પણ સત્ત, સત્તને હેતુ ન હોય. સત્તને કોઈ કારણ આવે તો એ પર્યાય પ્રગટ થાય એમ નથી. પર્યાયને પણ તું નિરપેક્ષ ભૂતાર્થનયથી જો. નવ તત્ત્વને ભૂતાર્થનયથી જો એ સત્ત છે. પર્યાય ક્ષણિક સત્ત છે એને ક્ષણિક ઉપાદાન કહ્યું ઉપાદાનને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

સ્વશક્તિ કહેવાય. પર્યાય પણ ક્ષણિક ઉપાદાન છે. એ એની સ્વશક્તિ છે. પ્રગટ થવાની પોતાની શક્તિથી પ્રગટ થાય છે. એ પર્યાયને પણ જ્યાં ત્રિકાળી ઉપાદાનની અપેક્ષા નથી અને નિમિત્તની પણ અપેક્ષા નથી પર્યાયને, એવી પર્યાય પણ સત્ત અહેતુક છે. નિરપેક્ષ છે.

વ્યવહારની દષ્ટિવાળા જીવને બધું સાપેક્ષ દેખાય છે. અને દ્રવ્યદષ્ટિ થઈ છે એને ત્રિકાળી દ્રવ્ય નિરપેક્ષ દેખાય છે અને પ્રગટ પર્યાય થાય એ પણ નિરપેક્ષ દેખાય છે. પર્યાય પણ જ્યાં કોઈથી ઉત્પન્ન ન થાય, મિથ્યાત્વની પર્યાય આત્માથી ઉત્પન્ન ન થાય. અને મિથ્યાત્વની પર્યાય દર્શન મોહના ઉદયથી ઉત્પન્ન ન થાય. સ્વયં સત્ ક્ષણિક અશુદ્ધ ઉપાદાનથી ઉત્પન્ન થાય છે.

એમ સમ્યગ્દર્શનની પર્યાય ગુરુના ઉપદેશથી ઉત્પન્ન ન થાય, નિમિત્તથી ઉત્પન્ન ન થાય. કેમ કે સત્ છે ક્ષણિક સત્ છે. ક્ષણિક ઉપાદાન છે. એમ એ સમ્યગ્દર્શનની પર્યાય આત્માના ઉપાદાનથી ઉત્પન્ન ન થાય. ત્રિકાળી ઉપાદાન કારણ નથી. ક્ષણિક ઉપાદાનમાં કારણ કાર્ય બધું એનામાં છે. એક સમયના સત્માં છે.

હવે જો પર્યાય કોઈથી ઉત્પન્ન ન થાય તો આ દ્રવ્યસ્વભાવ અનાદિ અનંત છે તે કોઈથી ઉત્પન્ન થતો નથી. પર્યાય કોઈથી ઉત્પન્ન ન થાય તો દ્રવ્ય ક્યાંથી કોઈથી ઉત્પન્ન થાય. આહા ! પરમાત્મા નિરપેક્ષ છે. પર્યાય છે તો દ્રવ્ય છે તેમ નથી. પર્યાયમાં સમ્યગ્દર્શન થાય તો આત્મા છે તેમ નથી. પર્યાયમાં મોક્ષ થાય તો આત્માનું અસ્તિત્વ રહે તેમ નથી. કેવળજ્ઞાનની પર્યાય તો સંસારી જીવને નથી. જો એના આધારે આત્મા હોય તો તે અનાત્મા થઈ ગયો આત્માનો નાશ થઈ ગયો. કોઈની અપેક્ષા નથી. સત્ને કોઈની અપેક્ષા ન હોય. એક સૂત્ર કોતરી લેવું અંદરમાં. જ્ઞાન માંહી લખી લીજે. આહાહા ! કે દ્રવ્યસત્, ગુણસત્ ને પર્યાયસત્. આ પ્રવચનસારનો પાઠ છે. દ્રવ્યસત્ને પયાયસત્, સત્ હોય તે નિરપેક્ષ જ હોય. એને કોઈની અપેક્ષા ન હોય. પાણીની શીત પર્યાયનો વ્યય થઈ ઉષ્ણરૂપે પરિણમે છે પાણીની પર્યાય, એને ત્રિકાળી શીતળ પાણીની અપેક્ષા નથી ને અગ્નિની અપેક્ષા વિના ઉષ્ણ થઈ ગઈ છે. અગ્નિ એને અડી નથી. અગ્નિ એમાં નિમિત્તેય નથી. જો નિમિત્ત જોઈશ તો પર્યાય સત્ નહીં દેખાય. ઉપાદાનને જો ત્યારે નિમિત્તને જોઈશમાં. તો પર્યાય સત્ત ક્ષણિક ઉપાદાન તને દેખાશે. ક્ષણિક ઉપાદાન દેખાશે તો કર્તાબુદ્ધિ છૂટીને દ્રવ્યદષ્ટિ થઈ જશે. પછી જ્ઞાન થયું કે આ પર્યાય તો સત્ છે મારાથી થઈ નથી.

હવે પર્યાય પોતાથી ન થાય અને આ દુકાનના કામ ને ફેક્ટરીના કામ ને આ બધું હું કરું મોટું ભૂત વળગ્યું છે. મોહરૂપી ભૂતળું અને બળદની જેમ ભાર વહેવડાવે છે. આખો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દિવસ આ કરું-આ. કરું-આ કરું-આ કરું ક્યાંય શાંતિ સુખથી ચેનથી બેસી શકતો નથી. આહાહા !

પર્યાય સત્ છે એમ જે જાણે તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. પર્યાય સત્ જાણે નિરપેક્ષ એની દૃષ્ટિ દ્રવ્ય સામાન્ય ઉપર જઈને અનુભવ થાય છે. એ પર્યાય જો નિરપેક્ષ હોય તો દ્રવ્યસ્વભાવ તો અનાદિ અનંત નિરપેક્ષ જ હોય તેને કોઈની અપેક્ષા ન જ હોય. એ વાત કરે છે.

પોતે પોતાથી સિદ્ધ હોવાથી દ્રવ્યની સિદ્ધિ બતાવવા માટે પર્યાયની સિદ્ધિ કરી. અનાદિ સત્તારૂપ છે. અનાદિઅનંત-અનાદિઅનંત છે છે ને છે ત્રણેકાળે છે. અનાદિ સત્તારૂપ હોવાથી કદી વિનાશ પામતો નહીં હોવાથી, પામતી નહીં હોવાથી નહીં, પામતો નહીં હોવાથી દ્રવ્યની વાત કરે છે. પામતો તે દ્રવ્યનું લખાણ છે. વિનાશ નહીં પામતો હોવાથી અનંત છે. અનાદિ અનંત વસ્તુ, નિરપેક્ષ છે અનાદિ અનંત. ઉત્પાદવ્યયની જેને અપેક્ષા નથી એવો ધ્રુવ પરમાત્મા સત્ છે. આહાહા ! ઉત્પાદ વ્યયથી નિરપેક્ષ છે તો તેના વિશેષણોથી તો નિરપેક્ષ હોય હોય ને હોય જ. બંધ અને મોક્ષ એ ઉત્પાદ વ્યયના વિશેષણ છે. ઉત્પાદ વ્યય પર્યાયનો સ્વભાવ છે. બંધમોક્ષ તો પર્યાયની ઉપાધિ છે. બંધ અને મોક્ષ એ ઉત્પાદ વ્યયની ઉપાધિ છે. એ ઉપાધિથી તો રહિત આત્મા છે પરમાત્મા, પણ એ ઉત્પાદ વ્યય જે પર્યાયનો સ્વભાવ છે તેનાથી પણ આત્મા રહિત છે નિરપેક્ષ છે. એવા આત્માને દૃષ્ટિમાં લે એવો આત્મા ઉપાદેય છે. એની નજર કરી લે. આહા !

છઠ્ઠી ગાથા ઘણી ઊંચી છે. આખો ૪૧૫ ગાથાનો આમાં માલ ભરેલો છે. પછી ૪૧૫ ગાથાના મૂળીયા આમાં છે. આમાંથી ૪૧૫ ગાથાની ઉત્પત્તિ થઈ છે. કેમકે શિષ્યનો પ્રશ્ન જ એવો છે. શુદ્ધાત્માનું સ્વરૂપ શું અને એનો અનુભવ કેમ થાય ? એ બે પ્રશ્ન એક સાથે મૂક્યા છે. એમાં પહેલોં પારો શુદ્ધાત્માનું સ્વરૂપ કહેશે અને બીજા પારામાં શુદ્ધાત્માનો અનુભવ કેમ થાય તેની પ્રક્રિયા કહેશે. આહા !

જે પોતે પોતાથી સિદ્ધ હોવાથી અનાદિ સત્તારૂપ છે. સત્તા એટલે હોવારૂપ, અસ્તિરૂપ છે, છે ને છે. કદી વિનાશ પામતો નહીં હોવાથી, આત્માનો કોઈ દિવસ નાશ નથી થતો. આ મનુભાઈ ગયા અહીંથી તો એના આત્માનો નાશ થઈ ગયો હશે ? કોને રોવો છો તમે ? રોવાનું તો આત્માનો નાશ થયો હોય તો રોવાનું હોય, પણ આત્માનો નાશ તો થતો નથી. અનાદિ સત્તારૂપ છે. આમાં લખ્યું છે ઈ છે, એવું સ્વરૂપ છે. આહાહા !

કાલે તો મેં અમસ્તી જ ઉપર, ઉપરથી વાત કરી'તી ખાલી. મને તો ખબરેય પણ ન હતી. એમ કહ્યું'તું કે ક્યારે આ આત્માનું આયુષ્ય પૂરું થાય મનુભાઈ જતા રહ્યા. ત્વરાએ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કામ કરવા જેવું છે. ક્યારે કોને શું બિમારી આવી પડે ? કાલ તો મેં કહ્યું'તું અમસ્તુ ત્યાં નીચે ઉતર્યા ત્યાં ભાઈએ કહ્યું કે જમનાદાસભાઈ સંઘવી કાપડવાળાને એટેક આવ્યો છે, હાર્ટ એટેક. મને તો ખબર પણ ન હતી. સહેજે જ હું તો કાલ બોલ્યો કે પ્રમાદ કરવા જેવો નથી. બધા કામ પડતા મૂકીને આ કામ કરવા જેવું છે. બધા કામ પડતા મૂકે અને કદાચ એમાં બાહ્યમાં અશાતાનો ઉદય હોય અને નુકસાન થતું દેખાય, પણ અહીંયા ઘણો લાભ થાય છે. અંદરનો લાભ જો ને. આ લાભ છોડી ને ઓલો જે નુકસાનનો વેપાર છે એને માને છે નફો. આ વર્ષે સરવૈયું કાઢ્યું ને તો નફો બહુ થયો. નુકસાન થયું કે નફો ? સરવૈયું અંદર સાથે મેળવી ને કાઢ. બહારનું સરવૈયું કાઢ્યું અંદરનું સરવૈયું તો કાઢતો નથી.

આત્મા અનાદિ અનંત, વિનાશને પામતો નહીં હોવાથી અનંત છે. કાળ અપેક્ષાએ અનાદિ અનંત કહ્યું, કાળ અપેક્ષાએ અનાદિ અનંત વસ્તુ દ્રવ્ય હો. પર્યાય સાદી સાંત છે. એક સમયે ઉત્પન્ન થાય ને એ સમયે નાશ થાય. પૂર્વ પર્યાયનો વ્યય ને ઉત્તર પર્યાયનો ઉત્પાદ્, પર્યાય સમયવર્તી છે ને દ્રવ્યસ્વભાવ છે તે ત્રિકાળવર્તી છે. બેન કહી ગયા છે. ભરતભાઈને ભલામણ કરી છે કે કેસેટે ઉતારજો આવીને સાંભળશે. આવીને સાંભળશે. ઓહોહો ! છઠ્ઠી ગાથા છઠ્ઠીનો લેખ અફર છે, ફરે નહીં. સામાન્ય અજ્ઞાની જીવો કહે છે કે બાળક જન્મે એટલે છઠ્ઠીનો લેખ લખવા આવે વિધાતા. ન્યાં કોણ વિધાતા છે. એ તો કહેવત છે. ગુરુદેવ કહેતા'તા. છઠ્ઠીનો લેખ અફર ફરે નહીં. આહાહા !

ભગવાન આત્મા અનાદિ અનંત છે, એને નિરપેક્ષ જો. એને કોઈના હારે સંબંધવાળો ન જો. એ સંબંધથી જોયો, એ આત્માનું અત્યંત બુરું કરનારી કથા છે. આત્માનો આ સંબંધી છે ને આ સંબંધી, આ સગાવહાલા ને આ સગાવહાલા, પ્રફુલભાઈ ! આહાહા ! પ્રફુલભાઈના બનેવીને મનુભાઈ. કોણ બનેવી ને કોણ સાળો, અરે તમારા જ્ઞાનનું જ્ઞેય પણ નથી. આહાહા ! તો સંબંધની ક્યાં વાત કરવી એમ કહ્યું આચાર્ય ભગવાને. કે આત્મા પરના સંબંધ રહિત હોવા છતાં, પરના સંબંધવાળો જો માનીશ ને તો આત્માનું અત્યંત બુરું કરનારી કથા છે, એ વાર્તા. સંબંધ જ નથી આત્માને. પર્યાયની સાથે સંબંધ નથી તો પરની સાથે ક્યાંથી સંબંધ હોય.

પર્યાયની ઉપાધિથી રહિત અને પર્યાયથી પણ રહિત, એને શુદ્ધાત્મા કહેવામાં આવે છે. જો બંધ મોક્ષથી સહિત માન્યો તો આત્મા અશુદ્ધ છે, એ શુદ્ધ નથી. કેવળજ્ઞાનની પર્યાયથી સહિત માનીશ તો આત્મા શુદ્ધ દષ્ટિમાં નથી રહેતો. એ અશુદ્ધનયનો વિષય થઈ ગયો. પર્યાય સાપેક્ષ, વ્યવહારનયનો વિષય થઈ ગયો. આ કોઈ અપૂર્વ વાત છે એમ કહ્યું આચાર્ય ભગવાને પોતે તે કદી સાંભળી નથી ને એવી વાત હું તને કહીશ. આહાહા ! હે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રભુ ! મે કોઈ દી' સાંભળી નથી આવી વાત. એવી વાત આપ કહેવા માગો છો. આહાહા ! મારું કામ થઈ ગયું. શિષ્ય કહે છે કે મારું કામ થઈ ગયું. તેં કદી સાંભળી નથી ને પરિચય કર્યો નથી ને આવા આત્માનો અનુભવ કર્યો નથી, એ વાત હું તને કહીશ. લક્ષ દઈને સાંભળજે.

તારી માન્યતા છે એને એક બાજુ રાખજે હમણાં. તારી માન્યતા અનેક પ્રકારની છે, એ મને ખબર છે. અત્યારે તમારી માન્યતાને આગળ ન કરતા, અમે જે કહીએ છીએ આત્માનું સ્વરૂપ, એ લક્ષ લઈને સાંભળજો. તમારું હિત થશે.

આત્મા અનાદિ અનંત છે. આ આત્મા અનાદિ અનંત વસ્તુ છે. વસ્તુ તો અનાદિ અનંત જ હોય. હવે કાળ અપેક્ષાએ અનાદિ અનંત કહ્યો. હવે એ પ્રગટ થાય છે કે પ્રગટ છે. અને એ પરોક્ષ છે કે પ્રત્યક્ષ છે. એ અંધકારમય છે કે પ્રકાશનો પુંજ છે. એમ ત્રણ વાત એક વાક્યમાં કહેશે.

નિત્ય ઉદ્યોતરૂપ, નિત્ય પ્રગટ છે. પ્રગટ થતો નથી. સૂર્ય તો પ્રગટ થાય અને અસ્ત થાય. સૂર્ય ઉદય થાય ને અસ્ત થાય. પણ ભગવાન આત્મા તો કોઈ દી' પ્રગટ થતો જ નથી. નિત્ય, હંમેશા ઉદ્યોત, પ્રગટ છે, છે ને છે, પ્રગટ છે. પ્રગટ છે એટલે બાળ ગોપાળ સૌને અનુભવમાં આવે છે. કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ નથી માટે અનુભવમાં આવતી નથી. પણ કેવળજ્ઞાનનો બાપ છે, એ પ્રગટ છે. એમાંથી કેવળજ્ઞાનની અનંત પર્યાય પ્રગટ થાય છે. કેવળજ્ઞાન તો પુત્ર છે. પિતા તો જ્ઞાયકદેવ છે. એવી અનંત અનંત અનંત કેવળજ્ઞાનની પર્યાય દ્રવ્ય સ્વભાવમાં પડી છે, એના સ્વકાળે પ્રગટ થાય છે. અંતરગર્ભિત પર્યાયરૂપ પરિણમન શક્તિઓ અંદરમાં પડી છે. અંદરમાં છે ઈ બહાર આવે છે. કેવળજ્ઞાન કાંઈ બહારથી નથી આવતું. શાસ્ત્રમાંથી કેવળજ્ઞાન નથી આવતું. દિવ્યધ્વનિમાંથી કેવળજ્ઞાન નથી આવતું. કેવળજ્ઞાન અંદરથી અનંત અનંત અનંત સાદી અનંતકાળ પ્રગટ થાય તો પણ કેવળજ્ઞાનની પર્યાય કોઈ કાળ એવો ન આવે કે અંદરથી બહાર ન આવે. આવ્યા જ કરે આવ્યા જ કરે. કન્ટીન્યુ. આહાહા !

એવી કેવળજ્ઞાનની પર્યાયનો જે પિતા જ્ઞાયક આત્મા એ કહે છે કે પ્રગટ છે. પ્રગટ થાય છે એ મને પરદ્રવ્ય છે. સમ્યગ્દર્શન પ્રગટ થાય છે એ સ્વદ્રવ્ય નથી. મિથ્યાત્વની વાત તો તારી ક્યાંય ને ક્યાંય ગઈ, રાગની વાત તો દૂર રહો. પણ વીતરાગી પર્યાય પ્રગટ થાય એ પણ મને પર દ્રવ્ય છે. આહાહા !

૧૮૫ કળશમાં કહ્યું છે, અને નિયમસારમાં કહ્યું છે. આહાહા ! નવ તત્ત્વો પરદ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે, તેથી હેય છે. આ આત્મા તો પ્રગટ છે, પ્રગટ થાય તે જીવ નહીં. પ્રગટ થાય તે અજીવ ને પ્રગટ છે તે જીવ. આ જીવ ને અજીવની બે વ્યાખ્યા. અજીવ કહો કે પરદ્રવ્ય કહો, એક જ વાત છે. અપૂર્વ વાત છે આ. એમ કહ્યું ને કે તેં સાંભળી નથી કોઈ દિ', પરિચય કર્યો નથી આત્માનો, અને તને અનુભવમાં પણ આત્મા આવ્યો નથી. એવા આત્માની તેં માંગણી કરી છે ને, તો એવો આત્મા હું તને કહીશ.

માગે એને મળે. એક કહેવત છે ને માગ્યા વિના મા પણ પીરશે નહીં. એમ કહેવત છે કહેવત, માગ્યાં વિના મા પણ આપે નહીં. નિશાળેથી આવ્યો હોય છોકરો, ધુંઆફુઆ થાતો, તોફાન કરે, પણ કહે કે મને ભૂખ લાગી છે મા મને કાંઈક આપ, તો હું તને આપું ને. તું તો રમતમાં, તારો જીવ છે. તું ક્યાં માગણી કરે છે. એમ જે માંગે એને આપે છે આચાર્ય ભગવાન ! આહાહા ! માગણી કરી છે ને. હે પ્રભુ ! એકત્વ વિભક્ત આત્માની વાત હું કહીશ એમ આપે કહ્યું, તો એવો આત્મા કોણ છે ? કે મારા જાણવામાં આવ્યો નથી. મને જણાવો કૃપા કરીને અને એનો અનુભવ કેમ થાય, એક સાથે બે પ્રશ્ન કર્યા. અનુભવ ને અનુભવનો વિષય, બે માગણી કરી. પૂરી માગણી કરી લીધી અને પૂરેપૂરો ઉત્તર એક ગાથામાં આપી દીધો.

તારે સાતમીગાથા ભણવી નહીં પડે. ૪૧૫ ગાથા ભણવી નહીં પડે. ભાવથી ભણી લે છઠ્ઠી ગાથા, તને અનુભવ થાશે. આહાહા ! ભાવથી ભણવાની વાત છે હો. ધારણામાં રાખવાનું કે શબ્દ એની વાત નથી. એનું વાચ્ય જે કહેવા માગે છે, વાચ્ય એના ખ્યાલમાં આવવું જોઈએ. વચન જે આવે છે એનું વાચ્ય શું છે. એ તારા જ્ઞાનમાં જણાવું જોઈએ.

નિત્ય, હંમેશા હો, ઉદ્યોતરૂપ છે, પ્રગટ છે એ તો આત્મા. પ્રગટ થાય એ જીવતત્ત્વ નથી. પ્રગટ થાય તે પર્યાય છે અને પર્યાય છે ઈ વિભાવ, વિશેષભાવ છે. આહાહા ! તે પર્યાયમાં જે જીવનું લક્ષણ છે, તે પર્યાયમાં લક્ષણ નથી. હવે ૧૮૫ કળશ કાઢો આમાં છે. સમયસાર જ છે ને, હાજર જ છે આમાં. કેટલાક બેનોને તો આ કળશ મોઢે કરાવ્યો છે સંધ્યાબેને. કેટલાક ભાઈઓને ને બહેનોને મોઢે કરાવ્યો છે. ૧૮૫ છે ને. આ ૧૮૫ કળશ ૪૪૨ પાને છે. કોઈ આગળ પાછળ પાનું હોય તો જોઈ લેજો. કળશ ૧૮૫ છે.

આ તો જેને શુદ્ધાત્માની પડી છે ને, મારે શુદ્ધાત્મા જોઈએ છીએ, મારે હવે સત્તાય જોતી નથી અને લક્ષ્મી પણ જોતી નથી. કેમ કે સત્તાનો બહુ ભોગવટો કર્યો અનંતકાળમાં, રાજા થયો ત્યારે અને સ્વર્ગમાં ગયો ત્યારે લક્ષ્મીનો ઉપભોગ તો બહુ કર્યો. પણ મારે હવે તો આત્મલક્ષ્મી જોઈએ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


(शार्दूलविक्रीडित)

सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभि: सेव्यतां
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योति: सदैवास्म्यहम्।
एते ये तु समुल्लसन्ति विविधा भावा: पृथग्लक्षणा–
एतेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि ॥ १८५ ॥

**શ્લોકાર્થ :- [उदात्तचित्तचरितै: मोक्षार्थिभि:] જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત (-ઉદાર, ઉચ્ચ, ઉજ્જવળ) છે એવા મોક્ષાર્થીઓ [अयम् सिद्धान्त:] આ સિદ્ધાંતને [सेव्यताम्] સેવન કરો કે- '[अहम् शुद्धं चिन्मयम् एकम् परमं ज्योति: एव सदा एव अस्मि] હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું; [तु] અને [एते ये पृथग्लक्षणा: विविधा: भावा: समुल्लसन्ति ते अहं न अस्मि] આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી, [यत: अत्र ते समग्रा: अपि मम परद्रव्यम्] કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે.' ૧૮૫.**

---

જેમના ચિતનું ચરિત્ર ઉદાત્ત છે, ઉદાર, ઉચ્ચ, ઉજ્જવળ છે, એવા મોક્ષાર્થીઓ-ધર્મીજીવો, જેના ચિત્તનું, જ્ઞાનનું આચરણ નિર્મળ છે, ઉદાર, નિર્મળ છે. એવા મોક્ષાર્થીઓ, મોક્ષનો જ માત્ર અર્થી, કેવળ મોક્ષની જ પ્રાપ્તિ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. એવા આત્માર્થી-મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતને સેવન કરો કે, આ સિદ્ધાંત બાંધે છે કે જેને મોક્ષ જોતો હોય એ આ સિદ્ધાંતનું સેવન કરો કે, હું તો શુદ્ધ ચૈતન્યમય એક, અનેક નહીં એક, પરમ, ઉત્કૃષ્ટ, પૂજનિક જ્યોતિ જ સદાય છું. આમાંય આવશે જ્યોતિ જુઓ, આમાંય આવવાની છે. સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ એ આમાં છે. એક પરમ જ્યોતિ જ સદાય છું. સદાય હો. કેવળજ્ઞાન સદાય નથી. કેવળજ્ઞાન સદા ન હોય અને કેવળજ્ઞાન જેમાંથી પ્રગટ થાય એ આત્મા તો સદાય છે. હંમેશાં, સદાય એટલે હંમેશા, એ હું છું.

હવે હું કોણ નથી એની વ્યાખ્યા કરે છે. અને આ જે ભિન્ન લક્ષણવાળા, આ જે ચારેય પ્રકારના ભાવો ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક કે નવ તત્ત્વના ભેદો, કે ચૌદ ગુણસ્થાનના ભેદો, એ બધા ભિન્ન લક્ષણવાળા, એમાં પરમ પારિણામિક ભાવનું લક્ષણ ક્યાંય નથી, ચાર ભાવમાં. આહાહા ! કોઈમાં ઉદયભાવ છે લક્ષણ કોઈમાં ઉપશમ, કોઈમાં ક્ષયોશપમ અને કોઈમાં ક્ષાયિક. જીવનું લક્ષણ પર્યાયમાં નથી. જીવ તત્ત્વનું લક્ષણ, જે ઉપાદેય તત્ત્વ છે, જે આશ્રયભૂત તત્ત્વ છે, એનું લક્ષણ પરમપારિણામિક ભાવ છે. પરમ પારિણામિક એટલે ચેતન, ચેતનરૂપે અનાદિ અનંત રહે, પણ જડરૂપ થાય નહીં, એને પરમપારિણામિક ભાવ કહેવામાં આવે છે. 'જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ, કોઈ કોઈ પલટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહીં, છોડી આપ સ્વભાવ.' એ વાત કરે છે. અને આ જે ભિન્ન લક્ષણવાળા, કોઈમાં ઉદય ભાવનું લક્ષણ કોઈમાં ઉપશમ, ઉપશમ સમ્યગ્દર્શન એ જીવ નથી. ક્ષયોપશમ સમ્યગ્દર્શન જીવ નથી. ક્ષાયિક સમ્યગ્દર્શન જીવ નથી. આ તો જેનો કાળ પાકી ગયો હોય એને બેસે, બાકી બેસવું કઠણ છે. આહાહા !

આ જે ભિન્ન લક્ષણવાળા, વિવિધ પ્રકારના પાછા, જીવ એક પ્રકારનો, પર્યાયમાં વિવિધતા, અનેક પ્રકાર, પર્યાયમાં એક પ્રકાર ન હોય, જીવમાં એક પ્રકાર હોય. આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે. ભિન્ન લક્ષણ વાળા, ભિન્ન ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો એટલે પર્યાયો પ્રગટ થાય છે તે હું નથી. આ પર્યાય જે મને પ્રગટ થઈને મુનિરાજ કહે છે. છઠ્ઠું સાતમું ગુણસ્થાન, પ્રમત્ત-અપ્રમત્ત, એ હું નથી. એમાં હું નથી એ મારામાં નથી. પર્યાય મને અડતી નથી અને પર્યાય જ્ઞાનનું જ્ઞેય પણ નથી. મારા જ્ઞાનનું જ્ઞેય તો પરમાત્મા છે. શુદ્ધ અશુદ્ધ પર્યાય, કર્તાનું કર્મ તો નથી, પણ મારા જ્ઞાનનું જ્ઞેય પણ પરમાર્થથી નથી. પરમાર્થથી તો મારો આત્મા, એમાં પ્રમેયત્વ નામનો ગુણ છે ને આત્મામાં, એ જ્ઞેય છે. કહે છે તે હું નથી પ્રગટ થાય તે હું નથી.

હવે પ્રગટ થાય તે હું નથી એનું કારણ આપે છે. કેમ હું નથી ? કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે. પ્રમત્ત અને અપ્રમત્તની ચૌદ ગુણસ્થાનની દશા, અમને જે અત્યારે પ્રમત્ત અપ્રમત્ત દશા પ્રગટ થાય છે, મુનિરાજ ભાવલિંગ સંત, પ્રચુર આનંદના વેદનારા, જેનું ત્રીજું નામ છે. એ કહે છે કે આ જે દશાઓ પ્રગટ થાય છે, તે હું નથી. ત્યારે તમને એ કયા પ્રકારે ભાસે છે ? કે મને પરદ્રવ્યપણે જણાય છે. સ્વદ્રવ્યપણે જણાતી નથી. આનંદની, પ્રચુર આનંદની દશા, એ પરદ્રવ્ય છે મને, પાંચ મહાવ્રતના પરિણામ તો મને પરદ્રવ્ય છે, શુભભાવ તો મને પરદ્રવ્ય છે, હજી શુભભાવ પરદ્રવ્ય છે એ બેસતું નથી. એનાથી ધીમે ધીમે ધર્મ થાય ને લાભ થાય તે શુભભાવ કરતાં કરતાં, અરેરે ! એક ફક્ત સોનગઢમાં સૂર્ય ઉગ્યો, બાકી હિન્દુસ્તાનમાં તો અત્યારે અંધારું છે. એક સોગનઢમાં સૂર્ય પ્રકાશ્યો, બાકી અંધારું છે.

જે પ્રગટ થાય છે તે હું નથી. હું નથી ત્યાં પૂર્ણ વિરામ ન કર્યુ, પણ એ મને પરદ્રવ્ય છે. કાલે આવ્યું'તું. કે અતીન્દ્રિયજ્ઞાનથી વિપરીત, એવું જે ઈન્દ્રિયજ્ઞાન તે અન્ય છે. અન્ય છે ત્યાં પૂર્ણ વિરામ ન કર્યું. પણ એ કર્મજન્ય છે. કાલે જતીનભાઈ નહોતા કાલે આવ્યું'તું. પરમાત્મ પ્રકાશની ૬૩ નંબરની ગાથામાં છે. શું કહ્યું ? આ અતીન્દ્રિય જ્ઞાનમય ભગવાન આત્મા અંદર બિરાજમાન છે અને આ શાસ્ત્ર સન્મુખનું જે જ્ઞાન, વ્યવહાર જ્ઞાન, શાસ્ત્રના લક્ષે વ્યવહાર જ્ઞાન પ્રગટ થાય. નિશ્ચય જ્ઞાન પ્રગટ ન થાય. ઈન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય. કહે છે કે એ વિપરીત છે. આત્માના સ્વભાવથી શાસ્ત્રજ્ઞાન વિપરીત છે માટે અન્ય છે. વિપરીત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


છે માટે અન્ય છે, ભિન્ન છે. ન્યાંથી ન અટક્યા કર્મજન્ય છે, જીવજન્ય નથી. આ ભેદજ્ઞાનની વાતો છે. કોઈ કહે કે પહેલી વ્યવહારની વાત કરો, આ ભેદજ્ઞાનની વાત કરવી ઈ જ વ્યવહાર છે. અભેદનો અનુભવ તે નિશ્ચય અને ભેદજ્ઞાનની વાતો કરવી તેનું નામ વ્યવહાર છે. શુભભાવ કરવો એનું નામ અજ્ઞાન છે. આવતા જતા ભાવોને દ્રવ્યદૃષ્ટિપૂર્વક જાણવા તેનું નામ વ્યવહાર છે. એનાથી ભિન્ન આત્મા છે એ ભેદજ્ઞાનનો વ્યવહાર છે.

શુદ્ધનયનો ઉપદેશ પણ વિરલ ને ક્યાંક-ક્યાંક છે. આ કરો ને તે કરો. મને બધા પરદ્રવ્ય છે. બધા શબ્દ વાપર્યો હો ચૌદેય ગુણસ્થાન. પ્રમત્ત અપ્રમત્ત દશાઓ પ્રગટ થાય છે. પ્રગટ થાય છે તે હું નથી, પણ મને એ પરદ્રવ્યપણે છે. પણ એ પરદ્રવ્ય, સવિકલ્પ દશામાં પરદ્રવ્યપણે જણાય છે. જ્યારે નિર્વિકલ્પ ધ્યાનમાં જાઉં છું, ત્યારે મને પરદ્રવ્યપણે પણ જણાતું નથી, અવસ્તુ છે. આહાહા ! આ તો સવિકલ્પદશામાં પરદ્રવ્યપણે જણાય, ધ્યાનમાં મગ્ન થાય પાછા ત્યારે પર્યાય જણાતી જ નથી. આહાહા ! પર્યાય જણાય તો પરદ્રવ્યપણે જણાય, દ્રવ્ય જણાય ત્યારે પરદ્રવ્યપણે પણ ન જણાય. ભેદને જાણે તો પરદ્રવ્ય જણાય, અભેદને જાણે તો પરદ્રવ્ય ન જણાય.

બે વર્ષ પહેલાંની ચર્ચા, અઢી વર્ષ પહેલાંની રજનીએ કાગળ લખીને મોકલ્યો એમાં બધી વાત છે. આ અમારે ને સંધ્યાને તો આ જ કામ છે ચર્ચા સિવાય બીજું કાંઈ નહીં. ઉંચામાં ઉંચી ચર્ચાઓ ઊંડામાં ઊંડી. અરે ! લોકો ઈર્ષાથી ગમે તેટલી વાતો કરે, એનું અહિત થશે. અમને તો કાંઈ લેવા દેવા નથી. ગુણભદ્ર આચાર્ય થઈ ગયા એમણે લખ્યું છે કે મુમુક્ષ મુમુક્ષુ વચ્ચે ઈર્ષા ચાલશે પંચમકાળમાં, લખાણ છે હો. ઉમેદભાઈએ પુસ્તક બહાર પાડ્યું છે ને પરમાગમ ચિંતામણી નામનું પુસ્તક તેમાં આ વાત લીધી છે.

ગુણભદ્ર સ્વામીનો લેખ. મેં દેવલાલીમાં બધાને બતાવ્યું'તું પ્રસંગોપાત. સમજી ગયા. એવો પ્રસંગ હતો ત્યારે બતાવ્યું'તું. અરે મુમુક્ષુ મુમુક્ષુ વચ્ચે પંચમકાળમાં ઈર્ષા ઉત્પન્ન થાશે, એમ લખી ગયા છે. આહાહા ! આ આનું કાપે ને આ આનું કાપે, પોતાનું કાપે બીજાનું શું કાપે, નુકસાન તો પોતાને થાય. ઈર્ષાની આગથી પોતે જલે. આવે છે શાસ્ત્રમાં, અગ્નિનો તણખો લઈને આમ કોકને નાખે, એને તો બળતો બળે, પણ પોતાનો હાથ બળી જાય પહેલોં. પહેલાં હાથ બળે કે નહીં આ અંગારો લઈને બીજા પર નાખવા માટે, બીજાને બાળવામાટે, પણ પોતે બળે છે. એને એની કાંઈ ખબર નથી.

ભગવાન ! આ તો કહે છે કે પ્રમત્ત અપ્રમત્ત દશાઓ, મને પરદ્રવ્ય છે. એની સામે જોતા નથી. એ પણ અમે છઠ્ઠે ગુણસ્થાને આવ્યા ભેદમાં આવ્યા છીએ જરા, એટલે પરદ્રવ્ય જણાય છે. જ્યાં અભેદમાં જઈએ છીએ, ત્યાં એ પરદ્રવ્ય જણાતું નથી. અને સ્વદ્રવ્યનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ગુણગુણીનો ભેદ પણ જણાતો નથી. એકલો આનંદનો ઉછાળો આવે છે. કાલ કાગળ આવ્યો છે ને રજનીનો મોટો સારો. પકડ શક્તિ છે. (શ્રોતા : આપની કૃપા છે.)

અરે ! પોતપોતાની યોગ્યતા પ્રમાણે, ઘણા જીવો પકડે છે. નથી પકડતા એમ નથી. અને પકડશે એનું હિત પણ થઈ જશે. આહાહા ! એના સ્વકાળે કાર્ય થશે. પર્યાય ઉપર નજર ન કર. દ્રવ્ય ઉપર નજર કર. પર્યાય મારામાં નથી, મને પરદ્રવ્ય છે. આહાહા ! ત્યાં તો અંતરમુખ થઈ અને પર્યાય આત્મા થઈ જશે. જેને પરદ્રવ્ય તરીકે જાણીને ભિન્ન જાણીને, એ કથંચિત્ અભિન્ન થઈને આત્માને પ્રસિદ્ધ કરશે લે. આહાહા ! દૃષ્ટિ અપેક્ષાએ સર્વથા ભિન્ન ને જ્ઞાન અપેક્ષાએ અનુભવ થતાં, નિર્મળ પર્યાય કથંચિત્ ભિન્ન અભિન્ન છે. પણ સર્વથા તો અભિન્ન થવાની નથી. આહાહા ! જૈન દર્શનમાં સર્વથા ભિન્ન તો છે, પણ સર્વથા અભિન્ન કોઈ, પરભાવથી છે નહીં. એવો આત્મા છે જ નહીં. આહાહા !

અરે ! મોક્ષાર્થી જીવ આ સિદ્ધાંતનું સેવન કરો. હું તો એક શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા છું, અને જે આ ભાવો પ્રગટ થાય છે એ બધા ભિન્ન લક્ષણવાળા હોવાથી, મને પરદ્રવ્ય છે. આહાહા ! સ્વદ્રવ્યપણે દેખાતું નથી અને પરદ્રવ્યપણે દેખાય છે ક્યારે, કે સવિકલ્પમાં આવે ત્યારે, નિર્વિકલ્પ ધ્યાનમાં જાય છે મુનિરાજ, ત્યારે બહાર નીકળીને આવે ત્યારે આપણે પૂછીએ સાહેબ કે ઓલી પર્યાય પરદ્રવ્ય છે એમ કહ્યું'તું આપે અંદરમાં ગયા પછી પણ એ પરદ્રવ્યપણે દેખાય છે ? અરે દેખાતી જ નથી. એક સામાન્ય ચીજ દેખાય છે. આહાહા ! ભેદ કરો તો સ્વપરપ્રકાશક છે. પર્યાયના ભેદથી જોવો તો પર્યાયમાં સ્વપર-પ્રકાશક છે. એ પર્યાયને અભેદથી જોવો તો સ્વપ્રકાશક છે. શું કહ્યું ?

ભાઈ ! જ્ઞાનની પર્યાયના ભેદથી જોવો, તો એમાં સ્વપરપ્રકાશક દેખાય છે. એ પર્યાયને અંતરમાં જઈને શુદ્ધાત્માની હારે અનન્ય થઈને અભેદ આત્માને જોવે તો એકલું સ્વપ્રકાશક છે. સ્વપરપ્રકાશક એમાં છે નહીં. આહાહા ! એ માઈ ધવલમાં કહ્યું છે કે કેવળજ્ઞાનની પર્યાયનો ભેદ જાણીશને તો તને લોકાલોક જણાશે, કેવળજ્ઞાનની પર્યાયને ભેદથી જા તો, લોકાલોક જણાશે તને એમાં કેવળજ્ઞાનમાં લોકાલોક જણાય છે. પણ જા એ કેવળજ્ઞાનની પર્યાયને, ભેદને ગૌણ કરીને અભેદમાં ચાલ્યો જા, અહીં બેઠાં બેઠાં, કે કેવળજ્ઞાનનું કેવળ જ્ઞાન નથી જણાતું, મને શ્રુતજ્ઞાનનો ભેદ દેખાતો નથી. અભેદમાં ચાલ્યો જા. આહાહા ! તો એ પરદ્રવ્ય તને દેખાશે નહીં. આહાહા ! નથી થઈ જશે. અવસ્તુ થશે. આહાહા ! મચક આવે ને, થોડુંક અવલંબન લ્યે છે. પણ જ્યાં અંદરમાં ગયો, અવસ્તુ છે પર્યાય દેખાતી નથી. સવિકલ્પદશામાં છે ને નિર્વિકલ્પમાં પરદ્રવ્યપણે પણ પરિણામ દેખાતા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આ એકદમ એકડાની વાત છે. કોઈ કહે કે ઉંચી વાત છે એમ નહીં. અપ્રતિબુદ્ધ અનાદિ અજ્ઞાની જીવ માટે આ સમયસાર શાસ્ત્ર લખાણું છે. આ મુનિઓ માટે નથી. હિન્દુસ્તાનમાં ગપ્પા મારે છે કે આ મુનિઓ માટે છે. કાંઈ ખબર નથી. અનાદિ અપ્રતિબુદ્ધ માટે આ શાસ્ત્ર રચાણા છે. પાઠ છે ચોખ્ખો. આ તો ગાથા છે કાંઈ. આહાહા ! અપૂર્વ ગાથા છે.

નિત્ય ઉદ્યોતરૂપ, ભગવાન આત્મા નિત્ય પ્રગટ છે. પર્યાય પ્રગટ થાય છે તે આત્મા નથી, પરદ્રવ્ય છે. કેવળજ્ઞાન પ્રગટ થાય તે મને પરદ્રવ્ય છે. આહાહા ! કોણ કહે ઈ. કોણ કહે કે જેને દ્રવ્યદૃષ્ટિ થઈ ગઈ છે ને ભેદની દૃષ્ટિ છૂટી ગઈ છે. અને અભેદની દૃષ્ટિ જામી ગઈ છે. એ ભેદને હેયપણે જાણે છે. મને પરદ્રવ્ય છે જેટલા ભેદો પ્રગટ થાયને, કેવળજ્ઞાન તો પ્રગટ થાય છે, જે પ્રગટ થાય છે એ ક્ષાયિકભાવ પ્રગટ થાય. એમાં પારિણામિક ભાવનું લક્ષણ નથી, માટે મને પરદ્રવ્ય છે. કારણ આપ્યું છે ત્યાં.

ભિન્ન લક્ષણવાળા ભાવો એમ કહ્યું. મારા લક્ષણથી જુદી જાતનું લક્ષણ છે. કેવળજ્ઞાન ક્ષાયિકભાવે છે અને જીવ પારિણામિક ભાવે છે. આહાહા ! કેવળજ્ઞાનમાં જ્ઞાનાવરણ કર્મના ક્ષયની અપેક્ષા આવે છે અને ભગવાન આત્મા નિરપેક્ષ છે. આહાહા ! આ એકડાની વાત છે હો. બગડાની વાત તો ચારિત્રમાં આવે. એ બગડો આવે ચારિત્રમાં, ત્રગડામાં કેવળજ્ઞાન થઈ જાય. ત્રગડામાં કેવળજ્ઞાન. આહાહા ! ત્રણની પૂર્ણતા. જ્ઞાન, દર્શન, ચારિત્ર મોક્ષમાર્ગની.

નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે, જો બીજો બોલ. સ્પષ્ટ એટલે પ્રત્યક્ષ છે આત્મા. આત્મા પરોક્ષ નથી. આત્મા પ્રત્યક્ષ છે. કેમ દેખાતો નથી ? કે તું દેખતો નથી. પ્રત્યક્ષ છે. એમ લખ્યું છે હો. પ્રત્યક્ષ છે હો. સ્પષ્ટ એટલે પ્રત્યક્ષ, પરોક્ષનો નિષેધ કર્યો. આહાહા ! પ્રત્યક્ષ છે, તો કેમ દેખાતો નથી ? કે તું દેખતો નથી. આહાહા ! તું અંતરમાં જઈને જો તો તને દેખાશે. ન દેખાય એવો આત્માનો સ્વભાવ નથી. દેખાય એવો સ્વભાવ છે.

આત્મામાં પ્રકાશ નામની એક શક્તિ છે. એ શક્તિ એવી છે કે સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ અંદર બિરાજમાન છે. એ પ્રત્યક્ષ અંદરમાં જઈને જોવે તો પ્રત્યક્ષ જાજવલ્યમાન થઈને દેખાય છે. પરોક્ષ એવો આત્માનો સ્વભાવ નથી. મતિ શ્રુત પરોક્ષ છે. પણ ત્રિકાળી દ્રવ્ય તો પ્રત્યક્ષ છે. સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. આ ઈન્દ્રિયજ્ઞાન તો અંધારું છે. રાગ પણ આંધળો છે. રાગેય આંધળો ને ઈન્દ્રિયજ્ઞાન પણ આંધળુ છે.

અતીન્દ્રિયજ્ઞાનમય ભાવથી વિપરીત એવી પાંચ ઈન્દ્રિય ને છઠ્ઠું મન, વિપરીત એટલે જડ. એક ચેતન ને બીજું જડ. આહાહા ! સ્પષ્ટ પ્રકાશમાન, પ્રત્યક્ષ છે આત્મા હો. સૂર્ય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉગે બધાને દેખાય, ઓલા ઘુવડને ન દેખાય, એવા પક્ષી થાય છે રાત્રે, એની આંખ બંધ થઈ જાય છે રાત્રે ખુલે, દિવસમાં એની આંખ બંધ હોય. સૂર્ય દેખાય નહીં. એમ આ ભગવાન આત્મા પ્રત્યક્ષ છે એ અજ્ઞાનીને દેખાતો નથી. આંખ ઉઘાડતો જ નથી. આમ આ બહારની આંખ ઉઘાડી, પણ આ અંદરની ચક્ષુ ઉઘાડતો નથી. ઉઘાડે તો દેખાય એવો પ્રગટ છે. આહાહા !

દર્શન દેવા તૈયાર છે પણ દર્શન લેતો નથી. દેવા તૈયાર છે એને ટપાલ ન લખવી પડે, એપોઈન્ટમેન્ટ ન લેવી પડે. ટપાલ કે તાર કે ટેલિફોન ન કરવો પડે કે મારે તમારા દર્શન આ ટાઈમે કરવા છે, ક્યારે હું આવું ? એમ આત્માને, ટપાલ લખવી ન પડે. હું તો પ્રગટ જ છું. જ્યારે તું જો, ત્યારે તને દર્શન હું આપીશ ને તું દર્શન લઈશ. આહાહા ! હું ના નહીં પાડું મોઢું નહીં ફેરવું.

કાયમ માટે પ્રત્યક્ષ છે. સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. અંધારું નથી આત્મામાં, આત્મામાં અંધારું નથી થયું. અજ્ઞાનમાં અંધારું થઈ ગયું છે. આત્મામાં અંધારું થાય જ નહીં. અજ્ઞાનમાં પ્રકાશ હોય જ નહીં. અજ્ઞાનમાં કોઈ દિ' પ્રકાશ થાય જ નહીં. કાયમ અંધારું જ હોય અજ્ઞાનમાં. અજ્ઞાનમાં આત્મા ન જણાય અને ભગવાન આત્મામાં કોઈ દિ' અંધારુ થાય નહીં. આહાહા ! સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ, ઝળહળ જ્યોતિ છે. એવો જે જ્ઞાયક એક ભાવ છે, આ જ્ઞાયક ભાવના ગાણા ગાયા. આ શુદ્ધ આત્માના ગાણા ગાયા.

આ શિષ્યના પ્રશ્નનો ઉત્તર આપ્યો, કે ભગવાન આત્મા અનાદિ અનંત છે અને નિત્ય ઉદ્યોતરૂપ છે અને પ્રત્યક્ષ પ્રકાશમાન જ્યોતિ છે. એવો જે શુદ્ધાત્મા, જ્ઞાયક એક ભાવ છે. ચાર ભાવનો પરિહાર થઈ ગયો. જીવ એકરૂપે હોય. પરિણામ અનેકરૂપે હોય. એકની સામે અનેકનો નિષેધ કર્યો. એક કહ્યો ને તેમાં અનેક પર્યાયનો નિષેધ કરી નાખ્યો કે કોઈ જીવ નથી. એ અજીવ છે. એક જીવ ને બાકી બધું અજીવ. અ જીવ એટલે જીવ નહીં એમ. જે એક જ્ઞાયભાવ છે. હવે એ એક પડખું કહ્યું, હવે બીજા પડખાંની વાત કરશે. ટાઈમ થઈ ગયો.

સંસારની અપેક્ષાએ શું છે એનું જ્ઞાન કરાવશે. સંસારની અપેક્ષાએ જ્ઞાન કરાવશે, પણ સંસારી આત્મા થતો નથી, એમ કહેશે. એમ કહેવા માટે સંસારનું જ્ઞાન કરે છે, કે પર્યાયમાં સંસાર છે, પણ સંસારરૂપે આત્મા થતો નથી. આહાહા ! એવો ને એવો રહેલો છે આત્મા. પર્યાયમાં સંસાર પ્રગટ થાય પણ એ સંસારમાં આવે નહીં. નથી કહેતા, દીકરીઓ બ્રહ્મચારી થાય, પ્રતિજ્ઞા લ્યે છે. અમારે સંસાર માંડવો નથી, એમ કહે ને. આહાહા ! દીક્ષા આપો અમને બ્રહ્મચર્યની. એમ ભગવાન આત્મા, બ્રહ્મચારી છે. એ સંસારમાં આવતો જ નથી. સંસારી થતો જ નથી. એવી વાત અપૂર્વ બીજા પડખાંની કરીને એમાંથી પણ આત્મા કાઢશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન નં. ૧૬

### અમૃતપ્રભાત એપાર્ટમેન્ટ - રાજકોટ

### તા. ૨૨-૭-૯૧

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. તેનો પ્રથમ જીવ નામનો અધિકાર, એમાં આ છઠ્ઠી ગાથા છે. એમાં જીવનું મૂળ સ્વરૂપ, અસલી સ્વરૂપ શું છે ? સ્વાંગ વગરનો આત્મા કેવો છે ? આત્માને સ્વાંગવાળો તો જોયો અનંતકાળથી.

ભગવાન આત્મા બંધ અને મોક્ષ એના સ્વાંગથી આત્મા રહિત છે. ભાવબંધ એનાથી રહિત અને ભાવમોક્ષથી પણ રહિત છે. નવે તત્ત્વને સર્વજ્ઞ ભગવાને સ્વાંગમાં નાખ્યા છે. પુણ્ય પાપનો સ્વાંગ, આસ્ત્રવનો સ્વાંગ, સંવર, નિર્જરા, બંધ મોક્ષનો સ્વાંગ, પર્યાય માત્ર સ્વાંગ છે.

જેમ નાટકોમાં એક પુરુષ અનેક પ્રકારના સ્વાંગ ધારણ કરે, પુરુષ એક હોય પણ સ્વાંગ અનેક પ્રકારના ધારણ કરે, એમ આ જે શુદ્ધાત્મા છે, એની અવસ્થાઓ અનેક પ્રકારની થાય છે, તેથી અનેક પ્રકારના એ સ્વાંગ ધારણ કરે છે, એમ કહેવાય. પણ એ સ્વાંગથી પરમાત્મા ભિન્ન છે. ચક્રવર્તીનો સ્વાંગ લ્યે કોઈ નાટકમાં, એને એ પુરુષ પાછો દારૂડીયો થઈને આવે, ભિખારી થઈને આવે, સ્ત્રીનો સ્વાંગ ધારણ કરે, બહારવટિયાનો સ્વાંગ ધારણ કરે, પોલીસનો સ્વાંગ ધારણ કરે. એક જ પુરુષ અનેક પ્રકારના વેષ લઈ આવે, બહુરૂપીયા અનેક પ્રકારનાં સ્વાંગ ધારણ કરે, અને એવી રીતે એક્ટીંગ કરે, કે ઓલાને ઘડીવાર તો સાચું લાગી જાય.

એટલે ઈ સ્વાંગ અને સ્વભાવનું જેને ભેદજ્ઞાન નથી, એ સ્વાંગને આત્મા માને છે. સ્વાંગ આત્મા નથી. સ્વાંગથી રહિત શુદ્ધાત્મા એ આત્મા છે અને અહીંયા તો એ અંદરની પર્યાયનો સ્વાંગ પણ આત્માને નથી એમ કહે છે. દ્રવ્ય સ્વભાવે આત્મા રહ્યો છે. બધાનો આત્મા બધા આત્માઓ સ્વભાવે શુદ્ધ છે. ત્રિકાળ શુદ્ધ છે. નિત્ય નિરાવરણ છે એને ભાવકર્મનું આવરણ નથી. એને આઠ પ્રકારના કર્મનું આવરણ લાગુ પડતું નથી. એવો જે આત્મા, તે દૃષ્ટિમાં લઈને અનુભવ કરતાં સમ્યગ્દર્શન થાય છે. ઊંચામાં ઊંચી ગાથા છે. એમાં આપણે અહીંયા સુધી આવ્યા છીએ.

એવો જે જ્ઞાયક એક ભાવ છે તે, ત્રણ લીટી પૂરી થઈ'તી, ''જ્ઞાયક એક ભાવ છે તે'' એ સામાન્ય પડખું બતાવ્યું એનું. હવે વિશેષ પડખાંનું જ્ઞાન કરાવે છે. આત્મા એક છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એનાં પડખાં બે છે. એક સામાન્ય પડખું ટકતું અને એક વિશેષ પર્યાયનું પડખું ટળતું, ટકતું અને ટળતું એ બે ભાવ એક પદાર્થમાં એક સાથે એક સમયે રહેલા છે. છતાં ટકે છે તે ટકે છે અને ટળે છે તે ટળે છે. ટકતો ભાવ ટળતો નથી અને ટળતો ભાવ કોઈ દિ' ટકતો નથી. એવા એક પદાર્થના બે અંશ છે. એક અંશ શુદ્ધ રહી ગયો છે અનાદિ અનંત અને બીજો અંશ અનાદિથી અશુદ્ધ છે. અજ્ઞાની પ્રાણીને શુદ્ધનું ભાન જ્યાં સુધી નથી, ત્યાં સુધી પર્યાયમાં અજ્ઞાન ઊભું થાય છે. દેહ મારો કર્મ મારા, હું કર્મમાં જોડાઉં છું ને મારામાં શુભાશુભ ભાવ થાય છે એમ માને છે. આત્મામાં શુભાશુભ ભાવ થતા નથી. એ પરિણામનો ધર્મ છે. દ્રવ્યનો ધર્મ નથી.

પાણી ગરમ થાય છે એ પરિણામની યોગ્યતા છે એની, એનો ધર્મ છે. પર્યાયે ધારી રાખેલો ધર્મ ઉષ્ણતા, પણ પાણીનો જે મૂળ સ્વભાવ છે, એ તો એ વખતે શીતળ, શીતળ, શીતળ સો ટકા શીતળ છે. એમાં એક ટકો પણ ઉષ્ણતા આવી નથી. એમ દરેક છએ પદાર્થ સામાન્ય વિશેષ સ્વરૂપ છે. સામાન્ય પડખું એક અંશ અને બીજો અંશ ટળતો, પર્યાય અંશ, બે અંશ છે.

એમાં કહે છે કે તે, તે એટલે જે સામાન્ય જ્ઞાયકભાવે અવસ્થિત છે તે, હવે પર્યાયથી જોવામાં આવે તો શું છે ? સંસારની અવસ્થામાં શું છે ? સંસાર અવસ્થાથી જોવામાં આવે, સંસાર એટલે અજ્ઞાન, સંસાર એટલે રાગ, એવી અવસ્થામાં અનાદિ કાળથી એને કર્મનો સંબંધ થયો છે. આઠ પ્રકારના જડ કર્મનો સંબંધ થયો છે, એ કોની સાથે સંબંધ થયો છે કે અશુદ્ધ પર્યાય સાથે સંબંધ થયો છે. એ વખતે શુદ્ધ આત્માની સાથે એનો સંબંધ થયો નથી. એક અંશ નિમિત્ત પડે છે. બીજો અંશ નિમિત્ત થતો નથી. જૂના કર્મના ઉદયમાં આત્મા જોડાતો નથી. દર્શન મોહના ઉદયમાં કે ચારિત્રમોહના ઉદયમાં આત્મા જોડાતો નથી.

પણ જે આત્માના સ્વભાવને ભૂલે છે અને જ્ઞાતા સ્વભાવનો જે ત્યાગ કરે છે સમયે સમયે, એની પરિણતિ કર્મના ઉદયમાં જોડાય છે. જ્ઞાયક પરમાત્મા પોતે જૂના કર્મના ઉદયમાં જોડાતો નથી. જૂના કર્મનો બંધ થયો છે, એ પણ દ્રવ્યના કારણે થયો નથી. શું કહ્યું ? જઘન્ય અંતર્મુહૂર્ત કર્મની સ્થિતિનો બંધ, ઉત્કૃષ્ટ સીતેર ક્રોડા ક્રોડીની સ્થિતિ બંધાય કોઈને, તો કહે છે કે એ સ્થિતિ બંધ કે અનુભાગ બંધ કે પ્રદેશબંધ, કે પ્રકૃત્તિબંધ એ ચાર પ્રકારના બંધમાં પરમાત્મા કારણ થયો નથી. અને પર્યાયમાં બંધ છે એ હકીકત છે. અજ્ઞાનીને પર્યાયમાં કર્મનો સંબંધ થયો છે એ વાત સાચી છે.પણ એ વખતે જ્યારે પર્યાયને કર્મનો સંબંધ થયો છે, તે જ સમયે પર્યાયથી ભિન્ન પરમાત્માને એ કર્મનો સંબંધ થયો નથી. જૂના કર્મના ઉદયમાં જોડાતો નથી અને નવા કર્મને બાંધતો નથી. અને નવા કર્મ બંધનું શુભાશુભ

ભાવ કારણ છે પણ આત્મા કારણ થતો નથી. આ અંદરનો, અંતરના ભેદજ્ઞાનની વાત ચાલે છે.

સંસારની અવસ્થા અનાદિકાળની છે. સંસારની અવસ્થા છે, છતાં જીવ સંસારી થયો નથી. બ્રહ્મચારી બહેનો કુટુંબમાં રહે છે. પણ એ નિરંતર બ્રહ્મચારીપણે રહે છે. એમ આ ત્રિકાળ ભગવાન આત્મા ત્રિકાળ બ્રહ્મચારી છે. એને રાગનો સંસર્ગ, સમાગમ થયો નથી. નિત્ય બ્રહ્મચારી છે. આહાહા ! ત્રિકાળ બ્રહ્મચારી એનું બ્રહ્માનંદ પોતાનું સ્વરૂપ જ છે. એ પોતાના સ્વરૂપમાં જ રહેલો છે. એ રાગમાં જતો નથી. સંસાર અવસ્થામાં અનાદિ કાળથી કર્મનો બંધ એને દૂધ અને પાણીની માફક થયેલો દેખાય છે. પણ એ દ્રવ્યકર્મનો બંધ ભાવકર્મની સાથે છે. જીવતત્ત્વની સાથે એ જડકર્મો બંધાણા નથી. અત્યારે ત્રણે કાળે, નિગોદના જીવને પણ, એનું જે પરમાત્મ તત્ત્વ અંદર બિરાજમાન છે, આસ્ત્રવથી ભિન્ન, અજીવથી ભિન્ન, એવો ભગવાન આત્મા, એ પરમાત્માના કારણે કર્મબંધ થતો નથી, પરમાત્માને જે ભૂલે છે અને દેહાદિને પોતાના માને છે, એવા રાગાદિ જીવના પરિણામને કારણે કર્મનો સંયોગ થાય છે. જેવી રીતે શરીર ઉપર તેલનું મર્દન કર્યું હોય તો રજ બંધાય છે પણ રજનો બંધ શરીરની સાથે છે કે શરીરની એક અવસ્થા ચીકણી થઈ તેની સાથે છે.

જો શરીરની સાથે રજ બંધાઈ ગઈ હોય તો ગમે તેટલા સાબુ લગાવો તો એ રજ નીકળે નહીં. રજ તો નીકળી જાય છે ને રજનું કારણ પણ ચીકાશ નીકળી જાય છે ને શરીર તો એવું ને એવું, પહેલાં હતું એવું જ રહી જાય છે. તેલના મર્દન વખતે કે તેલનું મર્દન ન હોય ત્યારે શરીરનો જે અંદરનો ભાગ છે એમાં તો તેલનો સ્પર્શ થયો નથી. તેલ અંદર જતું નથી તો રજ અંદર ક્યાંથી જાય.

એમ આ પરમાત્મદ્રવ્ય છે આત્મા, આ આચાર્ય ભગવાન કહે છે કે શુદ્ધનયનો ઉપદેશ વિરલ છે. શુદ્ધનયનો ઉપદેશ ગમે ત્યાં નથી મળતો. શોધે તો મળે. આ જે તેલના મર્દનની ચીકાશ ઉપર ઉપર છે, શરીરમાં એ તેલ પ્રવેશી શકતું નથી, એમ આ ભગવાન ત્રિકાળ જ્ઞાનાનંદ પરમાત્મા છે, ભગવાન છે. એની ઉપરની એ દશા છે, અને એ પણ દશામાં ચીકાશ ક્યારે આવે, કે સ્વભાવને ભૂલે તો, પરને પોતાનું માને તો પર્યાયમાં ચીકાશ આવે. પર્યાયમાં ચીકાશ આવે ત્યારે પણ દ્રવ્ય ચીકણું થતું નથી. દ્રવ્ય મલિન થતું નથી. દ્રવ્ય ને પર્યાયની અંતરંગમાં સ્વભાવથી જુદાઈ છે. સ્વભાવથી બે તત્ત્વ ભિન્ન ભિન્ન છે.

જીવતત્ત્વ ને આસ્ત્રવતત્ત્વ પોત પોતાના સ્વભાવથી બે પણે રહેલા છે. બે થઈ ને એક જીવ કદી થતો નથી. અનાદિ બંધ પર્યાય ને આ કર્મના બંધનું કારણ કોણ છે ? કર્મના બંધનું કારણ એની એક સમયની અજ્ઞાન અવસ્થા છે એ નિમિત્ત કારણ છે. ઉપાદાન કારણ તો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કર્મનું કર્મમાં છે. નિમિત્ત કારણ અજ્ઞાનીનો અજ્ઞાનભાવ છે. પણ અજ્ઞાનીનો ભગવાન આત્મા એમાં નિમિત્ત કારણ થતો નથી. જો અજ્ઞાનીનો આત્મા પણ કર્મબંધમાં નિમિત્ત થાય, તો નિત્ય કર્મ બંધાયા જ કરે, કોઈ દિ' કર્મથી છૂટી શકે નહીં. માટે આત્મામાં કર્મના બંધનું નિમિત્ત કારણ નથી. નિમિત્ત ન કહો આત્માને, ઉપાદાન કહો. નિમિત્ત રાગને કહો, નૈમિત્તિક કર્મને કહો. ત્રણ વાત કરી.

ભગવાન આત્મા ઉપાદાન છે ત્રિકાળ એ લુખ્ખો છે, એમાં રાગની ચીકાશ નથી એમાં આનંદ ભર્યો છે પણ રાગ નથી એમાં, એને ઉપાદાન કહો ત્રિકાળી ઉપાદાન. અને એક સમયની બહિર્મુખ જે રાગની અવસ્થા આસ્ત્રવ એ એક ક્ષણિક અશુદ્ધ ઉપાદાન છે અને નવા કર્મનો બંધ થાય છે, તે તેને કારણે થાય છે. આને નિમિત્ત કહો તો ઓને નૈમિત્તિક કહેવાય. આને ઉપાદાન કહો તો ઓને પણ ઉપાદાન કહો. ક્ષણિક ઉપાદાન આને કહો.

એક ત્રિકાળી ઉપાદાન અને એક ક્ષણિક ઉપાદાન. બે ઉપાદાન છે અહીંયા અંદરમાં. તેમ સામે બે ઉપાદાન છે કર્મમાં. જડ કર્મ ત્રિકાળી ઉપાદાન અને એની જે પર્યાય અનુભાગની એ એનું ક્ષણિક ઉપાદાન છે. બે દ્રવ્ય ને બે દ્રવ્યના ગુણ પર્યાય ભિન્ન છે. હવે બેને સંબંધ થાય છે. બેના દ્રવ્યને દ્રવ્ય વચ્ચે સંબંધ નથી થતો. બેની પર્યાય વચ્ચે નિમિત્ત નૈમિત્તિક સંબંધ થાય છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ થયો એટલે અજ્ઞાન ઊભું થયું ને સંસારની ઉત્પત્તિ થઈ ગઈ. ત્યારે ત્રિકાળી ઉપાદાન છે એ તો કર્મના બંધનું કારણ નથી ને રાગનું પણ કારણ નથી. રાગના કારણથી પણ શૂન્ય છે. પણ રાગ થાય છે, સ્વભાવને ભૂલે આત્મા, ભેદજ્ઞાનનો અભાવ હોય, પરને પોતાનું માને તો મિથ્યાત્વાદિ ભાવો, અજ્ઞાન ઊભું થાય છે. એ અજ્ઞાનને નિમિત્ત કહેવાય, ત્રિકાળી આત્માને નિમિત્ત ન કહેવાય કર્મના બંધમાં.

એક સમયની રાગની પર્યાયને નિમિત્ત કહો, કર્મનો જે બંધ થાય છે તેને નૈમિત્તિક કહેવાય. એવો નિમિત્ત નૈમિત્તિક સંબધ આત્માથી બહાર થાય છે. આત્મામાં થતો નથી. નિમિત્ત નૈમિત્તિક સંબંધથી રહિત આત્મા છે. એ સ્વભાવદૃષ્ટિ કરે તો સમ્યગ્દર્શન થાય. અને સ્વભાવ દૃષ્ટિ ન કરે તો પણ એમાં નિમિત્તપણું આવતું નથી. નિમિત્ત માને તો એ તો એનું અજ્ઞાન થયું. એ ક્યાં નિમિત્ત છે. રાગમાં કે કર્મના બંધમાં એ તો જ્ઞાતા છે. આ અંદરની ગૂંચ છે ને એ ઉકેલવાની છે. અંદરની ગાંઠ પડી ગઈ હોય સુતરની દોરીમાં તો આમ માંડ-માંડ માંડ નીકળે. અને એમાં રેશમની દોરીમાં ગાંઠ પડી ગઈ હોય, તો ન નીકળે, ને માથે તેલનું ટીપું હોય તો તો નીકળવું બહુ મુશ્કેલ છે. પણ ગાંઠ તો ગાંઠ છે ઈ દોરો નથી. આહાહા !

એમ આ ભગવાન ત્રિકાળી જ્ઞાનાનંદ પરમાત્મા એની દૃષ્ટિ કરીને અનુભવ કરે, તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો પર્યાયમાં આસ્રવની જગ્યાએ સંવર થાય, તો તો સંવર કર્મબંધનું કારણ થતું નથી. પણ સ્વભાવને ભૂલે તો આસ્રવ થાય, તો આસ્રવ કર્મ બંધમાં નિમિત્ત થાય. પણ આસ્રવ જેની પર્યાયમાં છે એવો ભગવાન જે આત્મા, તે આસ્રવમાં કે કર્મ બંધમાં કારણ થતો નથી. એવો જુદો ને જુદો એક અંશ રહે છે. એક અંશ કર્મબંધમાં નિમિત્ત થાય ને બીજો અંશ કર્મ બંધમાં નિમિત્ત થાય જ નહીં.

બધાના આત્માની વાત ચાલે છે. હું નિમિત્ત નથી. બીજાના કાર્યમાં હું નિમિત્ત નથી. પોતાના પરિણામમાંય નિમિત્તકારણ નથી તો પરમાં નિમિત્તકારણ ક્યાંથી હોય. મિથ્યાત્વનું કારણ આત્મા નથી. રાગનું કારણ હું છું એમ માને એ મિથ્યાત્વ છે-મિથ્યા દૃષ્ટિ થઈ ગઈ એની. આત્મામાં રાગના કારણનો અભાવ છે એમાં રાગનું કારણ નથી. કર્તા ય નથી ને કારણ પણ નથી. ત્યારે રાગ કેમ મિથ્યાત્વનો થયો, કે દૃષ્ટિ રાગ ઉપર છે, કે રાગ મારો ને હું એને કરું છું ને હું એમાં નિમિત્ત છું. એવી વિપરીત દૃષ્ટિ થઈ ગઈ અનંતકાળથી. એ વિપરીત દૃષ્ટિનો પરિહાર થાય ને નાશ થાય ને આત્માનો અનુભવ કેમ થાય એની ગાથા છે.

કહે છે અનાદિ બંધ પર્યાયની અપેક્ષાથી, ક્ષીરનીરની જેમ, કર્મ પુદ્ગલો સાથે એકરૂપ હોવા છતાં, કર્મનીય સત્તા સિદ્ધ કરી, કર્મની સત્તા કેમાં છે ? આત્મામાં છે કે કર્મમાં છે. જડ કર્મની સત્તા જડ કર્મમાં છે. આસ્રવની સત્તા આસ્રવમાં છે. જીવની સત્તા જીવમાં છે. જીવમાં આસ્રવ નથી ને આસ્રવમાં જડ કર્મ નથી. ત્રણેય જુદા જુદા છે. એક જીવ છે, એક આસ્રવ છે. બીજો જડ કર્મ અજીવ છે. પુદ્ગલ છે. ત્રણે આમ વિભાગ છે અંદરમાં. જુદા જુદા કામ કરે સૌનું. આમ (ત્રણેયની) સત્તા સિદ્ધ કરી.

હવે કહે છે કે કર્મનો ઉદય આવે, સત્તા સિદ્ધ કરી, બંધ સિદ્ધ કર્યો, દ્રવ્યકર્મનો બંધ, દ્રવ્યકર્મનો બંધ ભાવકર્મની સાથે બંધાય છે. અશુદ્ધ અંતઃતત્ત્વ એની સાથે કર્મનો સંબંધ થયો છે. શુદ્ધ અંતઃતત્ત્વ ભગવાન આત્માની સાથે કર્મનો સંબંધ કોઈને પણ થયો નથી અત્યાર સુધી અને થવાનો પણ નથી. અભવિના આત્માને પણ કર્મનો બંધ થયો નથી. બંધથી રહિત છે એનો આત્મા. અને જડ કર્મના બંધથી તો રહિત છે પણ એનો આત્મા ભાવકર્મથી પણ રહિત છે. અભવિનો આત્મા હો ? અભવિ તો એક સમયની પર્યાયની યોગ્યતા છે. એનાથી ત્રિકાળ ભગવાન આત્મા એનો જુદો ને જુદો છે. ‘‘સવ્વે શુદ્ધા શુદ્ધનયા’’ શુદ્ધનયથી જોવામાં આવે તો બધા આત્મા ત્રિકાળ શુદ્ધ છે. ભવિ અભવિના ભેદ નથી. ભવિ અભવિ એ તો પર્યાયની લાયકાતના ધર્મની વાત છે. જીવ ભવિ નથી ને જીવ અભવિ નથી. પર્યાયમાં ભવિ અભવિના બે ભેદ પડે છે. સ્વસમય ને પરસમય પર્યાયના ભેદ છે. દ્રવ્યના ભેદ નથી. આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એક વખત તું દ્રવ્યને તો જો. પર્યાયને જોયા કરશ, પર્યાયને ગૌણ કરીને, પર્યાયથી ભિન્ન આત્મા ત્રિકાળી છે તેને જો તો ખરો. આહાહા ! પણ એને ભિન્નતા છે એ વિશ્વાસ આવતો નથી. વિશ્વાસ જ નથી આવતો. દેવ ગુરુ શાસ્ત્ર ઉપર પણ વિશ્વાસ નથી. આત્માની શ્રદ્ધા તો થઈ નહીં પણ દેવ ગુરુ શાસ્ત્ર કહે છે કે આત્માને આસ્રવ ભિન્ન ભિન્ન છે. એક સત્તા નથી બેયની. બે વચ્ચે અત્યંત અભાવ જેવી દીવાલ પડી છે આડી. આહાહા !

હવે સત્તા છે તો કર્મનો ઉદય પણ આવે છે અને ઉદયમાં પરિણામ જોડાય છે. અને પરિણામમાં શુભાશુભ ભાવ થાય છે. અને નવી પુણ્ય પાપની પ્રકૃત્તિનો બંધ પણ થાય છે. એમ ચાર વાત કરી. કર્મની સત્તા છે અનાદિની. અજ્ઞાનભાવનું નિમિત્ત પામીને કર્મનો બંધ થયો છે. હવે બંધ છે સત્તા તો ઉદયમાં આવે છે. અને પરિણતિ અજ્ઞાનીની એમાં જોડાય છે. જ્ઞાની જોડાતો નથી કર્મના ઉદયમાં. અજ્ઞાની જોડાય જાય છે. આત્મામાં જોડાતો નથી, ત્યાં સુધી પરમાં જોડાય જાય છે. અને એની પર્યાયમાં શુભાશુભ ભાવ થાય છે, પણ એના આત્મામાં શુભાશુભભાવ થતાં જ નથી. ખતવણી ફેર છે. મોટો ફેર છે. થાય પર્યાયમાં અને માને છે કે દ્રવ્યમાં થાય છે. એને કોઈ દિ’ સમ્યગ્દર્શન ન થાય.

અને વ્યવહારનય કહે છે કે આત્મામાં જ રાગ થાય, અને વ્યવહારનય કહે છે કે આત્મા જ રાગ કરે છે. દુઃખને ભોગવે છે. આત્મા જ કર્મને બાંધે, ને કર્મના ઉદયમાં આત્મા જ જોડાય. એ વ્યવહારનયની વાતો બધી અસત્યાર્થ ને અભૂતાર્થ છે પ્રભુ ! એને સાચી માનીશમાં. વ્યવહારનય વડે જે નિરૂપણ કરવામાં આવ્યું હોય, એ અભૂતાર્થ-અસત્યાર્થ જાણી એનું શ્રદ્ધાન છોડજે. આહાહા ! એમ આત્મા કર્મના ઉદયમાં જોડાય છે ને આત્મા કર્મને બાંધે છે ને આત્મા કર્મ ભોગવે છે. (એવા વ્યવહારનયનું શ્રદ્ધાન છોડજે) આહાહા !

અહીંયા કહે છે કે ભાવકર્મને ભોગવતો નથી તો જડને ક્યાંથી ભોગવે ? અને નોકર્મ રોટલા દાળ ભાત શાક એને તો ક્યાંથી ભોગવી શકે. આહાહા ! જે એની પર્યાયમાં ભાવ થાય છે એને પણ ભોગવતો નથી. કેમકે આત્મા પોતાના અભોક્તા સ્વભાવને છોડી ભોક્તા ધર્મમાં જતો નથી. પર્યાય ભોગવે છે. દ્રવ્ય ભોગવતું નથી. એટલે તો અભોક્તા અને ભોક્તા વચ્ચેની જુદાઈ રહી ગઈ છે. ભોક્તામાં દૃષ્ટિ છે ત્યાંથી ઊઠાવીને હું અભોક્તા છું, અકારક છું ત્યાં દૃષ્ટિ સ્થપાય તો દૃષ્ટિ નિર્મળ થઈ જાય છે. અને પરિણામને જુએ છે જ્યાં, ત્યાં દુઃખનું ભોક્તાપણું જતું રહ્યું એ તો આનંદને ભોગવે છે. તે આનંદને ભોગવે ઈ પર્યાય, પણ હું આનંદને ભોગવતો નથી. હું તો અભોક્તા છું ત્રિકાળ. આહાહા !

આ ભેદજ્ઞાનની વાત ચાલે છે. ગુરુદેવે ભેદજ્ઞાનની બંસરી વગાડી છે. ડોલે નરનાર ગાય છે ને દેવશીભાઈ. આહાહા ! આ ભેદજ્ઞાનની બંસરી છે. આત્માને રાગ સો ટકા,

સર્વથા ભિન્ન છે. એક ચેતન ને એક જડ. દયા-દાન-કરુણા-કોમળતાના પરિણામ જડ છે. આહાહા ! દેશનાલબ્ધિ સાંભળવાનો રાગ છે ને એ જડ છે. ઈ ચેતનથી ભિન્ન છે. આત્મા સાંભળતો નથી કેમ કે એને કાન નથી. આત્મા સાંભળતો નથી શબ્દને કેમ કે એને ભાવઈન્દ્રિયનો અભાવ છે. આહાહા ! આ બધી વાત છે હો શાસ્ત્રમાં. પરમાગમમાં કુંદકુંદ આચાર્ય ભગવાનના શાસ્ત્રમાં છે. જીવે ભેદજ્ઞાનની પ્રેક્ટીસ કરી નથી, રાત ને દિવસ ભેદજ્ઞાને ચડે તો તરત અનુભવ થાય.

ભેદજ્ઞાનના વિચારમાં ચડી જાય અવાર નવાર, તો એને અભેદનો અનુભવ થઈ જાય. ભેદનો વિચાર છૂટી અભેદનો વિચાર આવે ને અભેદનો વિચાર છૂટી ને અનુભવ થાય. ભેદજ્ઞાનમાં આ સ્વ છે ને આ પર છે. પછી પરનો વિચાર છૂટે અને આ સ્વ છે એનો વિચાર આવે. પછી સ્વનો વિચાર છૂટે એટલે સાક્ષાત પ્રત્યક્ષ અનુભવ થાય. ભેદજ્ઞાનથી જેટલા સિદ્ધ ભગવાન થયા અનંતા એ બધા ભેદવિજ્ઞાનથી થયા છે. ભેદવિજ્ઞાન એટલે સ્વ અને પરની જુદાઈ, એને ધ્યાનમાં લેવું જોઈએ, જ્ઞાનમાં ને શ્રદ્ધામાં.

ચાર પ્રકાર છે આમાં, કર્મનો બંધ છે. કર્મનો ઉદય થાય છે, પરિણામ એમાં જોડાય છે, શુભાશુભ થાય છે ને નવા કર્મ બંધાય છે. એ બધા ચકરાવામાં હોવા છતાં પણ, એ ચકરાવામાં હોવા છતાં એ ચક્રથી બહાર છે, ચક્રને અડતો નથી. એ ચક્રને ચુંબતો નથી આત્મા, સ્પર્શતો નથી.

હમણાં પ્રેમચંદજી આવ્યા'તા, એણે એક વાત કરી. એ સોનગઢ ગયા હતા. ઘણાં વખત પહેલાંની વાત છે, કે બપોરે રામજીભાઈનો ક્લાસ ચાલે એમના ઘરે, મુરબ્બી રામજીભાઈ, પાંચ દસ ભાઈઓ, બહારગામથી જે આવ્યા હોય, નિરંતર કલાક બેસે-પોણો કલાક, ત્યારે કોઈએ એમ કહ્યું કે પ્રેમચંદજી નથી આવતા આપના ક્લાસમાં. હા ભલે ન આવે કાંઈ વાંધો નહીં. પછી કહે કાલે પ્રેમચંદજીને બોલાવો ! મારી પાસે બોલાવો. પ્રેમચંદજી આવ્યા. બાપુજી શું હુકમ છે ? કહે કે આજે તમારે વાંચવાનું છે. બધા કહે છે કે બહું સારું વાંચે છે. બાપુજી ! હું આપની પાસે ક્યાં વાંચી શકું. આપ બેઠા હોય તો મારી હિંમત ન ચાલે. નહીં હું કહું છું ને પછી તમારે ક્યાં સવાલ છે વાંચો જરૂર. બેઠા વાંચવા. સમજી ગયા ને.

આ છઠ્ઠી ગાથા લીધી ને આ ચાર પ્રકાર આવ્યા જ્યારે, ત્યારે કહ્યું કે આ ચંડાળ ચોકડીથી ભગવાન આત્મા ભિન્ન છે. ચંડાળ ચોકડી એટલે જૂના કર્મ બંધાય, અજ્ઞાનનું નિમિત્ત પામીને આવા શબ્દો કહ્યા. મને હમણાં વાત કરી. કર્મનો ઉદય આવે છે એમાં પરિણામ જોડાય છે ને શુભાશુભ થાય છે ને વળી પાછા નવા કર્મ બંધાય છે. એ ચંડાળ

ચોકડીથી ભિન્ન પરમાત્મા છે. પછી વાંચન પૂરું થયું એટલે પીઠ થાબડી બાપુજીએ. શાબાશ ! બરાબર છે. ભેદજ્ઞાનની પરાકાષ્ટા છે, પ્રકાર બતાવે છે. પરિણામ બતાવ્યા, કર્મનો સંગ બતાવ્યો, કર્મનો ઉદય બતાવ્યો, કર્મમાં જોડાય છે, એ જોડાય છે એ બીજો હું નહીં અને રાગને કરે એ બીજો હું નહીં ને રાગને જાણે એ પણ બીજો હું નહીં.

રાગ કર્તાનું કર્મ તો નથી પણ જ્ઞાનનું જ્ઞેય પણ નથી. એ હવે આવશે બીજા પારામાં એ બીજા પારાની વાત છે. આ પહેલાં પારાની વાત છે. દૃષ્ટિના વિષયની મુખ્યતાથી પહેલાં પારાની વાત કરવામાં આવે છે. આહાહા ! મેં કહ્યું ચંડાળ ચોકડી, બાપુજી ખુશ થઈ ગયા. વાત સાચી છે. આ ચકરાવો છે ને આ ચકરાવામાં ચડી ગયો છે. મેં કર્મ બાંધ્યા છે. મને કર્મના ઉદય તો આકરા આવે છે અને મને દુઃખ થાય છે ને હું આ રખડું છું સંસારમાં. રખડે એ જીવ નહીં. રખડે એ બીજો, પરમાત્મા રખડે નહીં. તું પરમાત્મા છો.

યોગસાર વખતે ગુરુદેવને મસ્તી ચડી ગઈ, હું પરમાત્મા છું, ત્યારે શિષ્યના મુખમાં પ્રશ્ન મૂક્યો, કે પ્રભુ આ પંચપરમેષ્ઠી પરમાત્મા છે, કે ઈ હમણાં રહેવા દે. હું પરમાત્મા છું એ નિશ્ચય લે, વ્યવહાર પછી. ઈ વ્યાખ્યાન પણ છપાય ગયા છે. ટેપેય છે. હું પરમાત્મા છું.

એક વખત એવો બનાવ બન્યો, શ્રીમદ્ રાજચંદ્રજી ઠલે જતા'તા જંગલમાં, એક ભરવાડ, ગોવાળ હતો, ગાયોનો ચારનારો, તો શ્રીમદ્જી જતા'તાં, અને એનું અનુકરણ કરવા માંડ્યો ઓલો, આ કોઈ મહાપુરુષ લાગે છે. એની ચાલ ઉપરથી લાગે છે કે આ મહાપુરુષ લાગે છે. એમ એને ભાવ આવ્યો, જોયા કરે. પાછા વળ્યા, તો ઈ એમની સામે જોયા કરે, ત્યારે શ્રીમદ્જી થોભી ગયા ભરવાડ પાસે. આંખ વીંચી જા. પૂછ્યું નહીં ભરવાડે શું કામ આંખ મીચું ? પૂછે નહીં. હું પરમાત્મા છું. હું ભગવાન છું. બોલો. હું પરમાત્મા છું. ગુરુદેવ કહે કે વાણીયો હોય તો, વેવલો પૂછ્યા કરે કે હું પરમાત્મા ક્યાં છું અત્યારે. હું તો સંસારી છું. આહાહા ! આ જૈન દર્શનની મૂળ ચીજ છે.

દરેક આત્મા સ્વભાવે પરમાત્મા છે, ભલે પર્યાયમાં પામરતા હોય પણ પામરતા એને અડતી નથી. એ પામરતા બીજાનો ધર્મ છે. જીવનો ધર્મ નથી. ખરેખર તો અજીવનો ધર્મ છે. આહાહા ! અજીવ અધિકારમાં ઓગણત્રીસ બોલના ઉકરડામાં બધું નાખ્યું છે. એમ ગુરુદેવ કહે કે હું પરમાત્મા છું. જે પરમાત્માને ભાવે તે પરમાત્મા થઈ જાય. પરમાત્માને સેવે શ્રદ્ધા જ્ઞાનમાં તો પરમાત્મા પર્યાયમાં અલ્પ કાળમાં થાય, દૃષ્ટિમાં અત્યારે થાય ને દશામાં થોડો ટાઈમ લાગે, વાર લાગે. આહાહા !

હવે દ્રવ્ય સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે, કર્મનો બંધ તો સિદ્ધ કર્યો. હવે દ્રવ્યના મૂળ સ્વભાવથી જોવામાં આવે તો, દુરંત જેનો અંત દૂર છે, કર્મના અભાવનો કાળ, વાર

લાગે, ભલે દૂર છે, એવા કષાયચક્રના ઉદયની, ઈ કષાય છે, દ્રવ્યકર્મ છે ને ઈ પોતે કષાય છે. એના ઉદયની, કષાય સમૂહના અપાર ઉદયોની વિચિત્રતાના વશે, કેમકે ચિત્રવિચિત્ર છે કર્મનો અનુભાગ પણ અનેક પ્રકારના છે એમાં અનુભાગ, એને વશ થાય છે. કોણ ? પરિણામ એને વશ થાય છે. આત્મા એને વશ થતો નથી. આત્મા તો જુદો ને જુદો રહે છે. અજ્ઞાનીનો આત્મા અજ્ઞાની થયો નથી. શું કહ્યું ? અજ્ઞાનીનો આત્મા અજ્ઞાની થયો નથી. ત્યારે અજ્ઞાની કોણ થયું છે ? કે પર્યાય. એ અજ્ઞાનની પર્યાયથી ત્રિકાળ જ્ઞાનાનંદ પરમાત્મા ભિન્ન છે. તે કોઈ દિ' અજ્ઞાની થાય નહીં. એક સમય અજ્ઞાની થાય તો ત્રિકાળ અજ્ઞાની રહ્યા કરે. આહાહા !

આત્મા અજ્ઞાની કે મિથ્યાદૃષ્ટિ થયો નથી. અરે ! દ્રવ્ય સ્વભાવની સામે જોને જરા, તને મીઠી મધુરી વાત કરે છે સંતો. પર્યાયદૃષ્ટિ છોડી દેને હવે. કાળ પાક્યો છે તારો, એટલે તો ગાથા સામે આવી છે. જેનો કાળ પાક્યો હોય, એને આ સાંભળવાનું આવ્યું છે, કાળ પાકી ગયો. હું પરમાત્મા છું એમ કહે ને. આહાહા ! પંડિત પાસે જાઈશમાં હો, તો રખડી ગયો. હું તને કહું છું ગુરુદેવ કહે. હું પરમાત્મા છું, મંત્ર લઈ જા. આ પર્યાય દૃષ્ટિનો નાશ થઈ જાય ને દ્રવ્યદૃષ્ટિ થઈ જાય એવી વાત ગુરુદેવ કહી ગયા છે. ઘણું કહી ગયા છે. આહાહા ! પણ પામરતાની બુદ્ધિ છે. હું પામર છું. હું દુઃખી છું. હું મનુષ્ય છું. હું રાકો ને હું શાહુકાર. અરે શાહુકારેય નથી ને ગરીબેય નથી. અરે પર્યાયનો ધર્મ દ્રવ્યમાં નથી તો બહારની વાત તો ક્યાં રહી. આહાહા !

કેટલાકને પૈસાનો મદ ચડી જાય, કેટલાકને સત્તાનો મદ ચડી જાય, કેટલાકને બહારના ભણવાનો મદ ચડી જાય, અને કેટલાંકને શાસ્ત્રનો મદ ચડી જાય, મદ છે મદ, આહાહા ! આવે છે શાસ્ત્રમાં. આહાહા ! બળનું મદ ને રૂપનું મદ ને જ્ઞાનનું મદ. આહાહા ! ભગવાન આત્મા એનાથી ભિન્ન છે જો એકવાર તું જો. આહાહા ! મદ ઉતરી જાશે તારો. મને આ વડાપ્રધાનની સત્તા આવે તો કેવું, દારૂ પીધો જાણે, અમારા જેવો કોઈ નહીં. અને જ્યાં ગાદી-ઉપરથી ઉતર્યો તો કોઈ સલામેય ભરે નહીં. હાય ! હાય ! હું ને હું છું. હું ને હું છું. હું તો બીજો નથી. મને કોઈ સલામેય ભરતું નથી. આહાહા ! અને રસ્તા ઉપર ઊભો હોય અને મોટર નીકળે, એને લીફટ ન આપે કોઈ સાહેબ બેસી જાવ કોઈ ન કહે એને. આહાહા ! આ દરબારોનું થયું ને એ રીતે ગાદી ઉપરથી ઉતર્યા કોઈ સલામેય ભરે નહીં. એમ કહે છે કે એલા મદ શેના તારા બધા. આહાહા ! એ મદથી અભિમાનથી ભગવાન આત્મા ભિન્ન છે. એને દૃષ્ટિમાં લઈને એનો અનુભવ કર.

દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો, દુરંત કષાયચક્રના ઉદયની વિચિત્રતાના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વશે પ્રર્વતતા, શું ? શુભ અશુભભાવો નિમિત્ત અને એના નિમિત્તે પુણ્ય પાપની પ્રકૃત્તિ બંધાય છે. ઘાતિ અઘાતિ કર્મની પ્રકૃતિ સંયોગરૂપે બંધાય છે. કોની સાથે બંધાય છે કર્મ, આત્માની સાથે બંધાય છે કે અનાત્માની સાથે ? આત્માની સાથે કર્મનો બંધ કોઈ દી' થાય જ નહીં. થયો જ નથી ને થવાનો પણ નથી. આમ જે જાણે એને પર્યાય પલટી આત્મા સાથે સંબંધ થાય અને પછી પર્યાય સાથે કર્મનો સંબંધ થાય નહીં. નિર્જરા થઈ જાય. બંધના સ્થાને નિર્જરા થવા માંડે. બંધ તો અટકી ગયો, નવો બંધ થાય નહીં અને જૂના કર્મની નિર્જરા એના કારણે થયા કરે. એનું લક્ષ પણ જ્ઞાનીનું એના ઉપર નથી.

પુણ્ય પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ અશુભ ભાવો, આ શુભ અશુભ ભાવો ઉદયભાવ પર્યાયમાં થાય ને, શુભ અને અશુભ, હિંસા અહિંસાના ભાવ, એમ કહે છે કે એ ભાવે પરિણમતો નથી. 'ન ભવતિ' તે રૂપે થતો નથી. સંસ્કૃતમાં શબ્દ છે. 'ન ભવતિ' શુભ અને અશુભ ભાવ, હિંસા અહિંસાના પરિણામ, પુણ્ય પાપના પરિણામ, તીવ્રકષાય ને મંદ કષાયના પરિણામ, પર્યાયમાં ભલે થાય, પણ આત્મા એ રૂપે થતો નથી. નિજભાવને છોડે નહીં અને પરભાવરૂપે થાય નહીં. તને ભ્રાંતિ થઈ ગઈ છે. ભ્રાન્તિનો સંસાર છે. તેમના સ્વભાવે પરિણમતો નથી.

હવે પંડિતજી બહુ સારો ખુલાસો કરે છે. જ્ઞાયકભાવથી જડભાવરૂપ થતો નથી. આ જડભાવ કહ્યા. દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ, વ્રતના પરિણામ, જાત્રાના પરિણામ, મંદિર બાંધવાના પરિણામ, દેવ ગુરુ શાસ્ત્રની ભક્તિના પરિણામ, પૂજાના પરિણામ જડ છે. ચેતનનો એમાં અંશ નથી. કર્તા કર્મની ૭૨ મી ગાથામાં એ જડભાવ છે આસ્ત્રવો, શુભાશુભ ભાવો જડ, અચેતન છે. એનામાં સ્વપરપ્રકાશક શક્તિ નથી. પોતાનેય ન જાણે ને જાણનારને પણ ન જાણે.

જ્ઞાયકભાવથી જડભાવરૂપ થતો નથી. કોઈ દિ' આત્મા કષાયરૂપે થતો નથી. પર્યાયમાં કષાય હોય ત્યારે પણ દ્રવ્ય કષાયરૂપે ન થાય. પાણી મેલુ થાય, એ પર્યાયમાં મેલ આવે પણ પાણી મેલું ન થાય. કહેવાય પાણી મેલું થયું. વ્યવહારીજનો કહે પાણી મેલુ થઈ ગયું. આહાહા ! ભેદજ્ઞાન નથી અને જ્યાં પાણી મેલું થઈ ગયું બોલાય. પાણી મેલુ થયું, પણ પાણી મેલું ન થાય. પાણીની અવસ્થા મલિન થાય. આહાહા ! એ અવસ્થાને સ્વભાવ દ્રષ્ટિથી જો, તો એ મલિનતા માટીની છે. પણ પાણીની પર્યાય પણ મલિન નથી. પહેલાં તબક્કે પાણીની પર્યાય કહીએ. બીજા તબક્કે જાઈએ તો એ અણમળતો ભાવ છે. નિર્મળ પાણીની સાથે મળતો નથી. માટે સામાન્યનું વિશેષ નથી, આ વિશેષ બીજાનું છે. તો કોનું ? કે માટીનું છે. માટીની સાથે મળી જાય છે. માટીની સાથે આમ જોઈએ તો મળે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાણી સાથે અણમળતું છે મળતું નથી માટે એ પાણીની પર્યાય જ નહીં. જેવું સામાન્ય હોય એવું વિશેષ હોય. સામાન્યથી વિશેષ જુદું પડે, તો એ વિશેષ બીજાનું છે એ સમજી લેજે. તને મળી જશે. આહાહા ! આ જૈન દર્શન, બહુ યુક્તિ, ન્યાય, અનુમાન, અનુભવથી સિદ્ધ થાય એવી વસ્તુ છે. થોડુંક એને લક્ષ રાખીને પોતાના હિત માટે એને વારંવાર વિચારવું જોઈએ.

લ્યો આત્મા કોઈ દિ' જડભાવરૂપે થતો નથી. આ દયાનો, કરુણા, કોમળતાનો ભાવ, વ્રત-અવ્રતનો ભાવ એ જડભાવ છે. તો કરવા કે ન કરવા ? કે થાય એને જાણ, કરવા ન કરવાની ક્યાં વાત છે. થાય છે બસ. એના કાળક્રમમાં સ્વઅવસરે શુભાશુભ ભાવ આવે છે. એનાથી જુદો આત્મા છે એને જાણ. એને જાણતાં જાણતાં સવિકલ્પમાં એ જણાય જાશે. નિર્વિકલ્પ ધ્યાનમાં તો એ જણાતા પણ નથી. તેથી જાણેલો પ્રયોજનવાન કહ્યો ને સવિકલ્પ દશામાં.

તે કારણે, હવે કારણ આપે છે. શુભાશુભે પરિણમતો નથી, તે કારણે પ્રમત્ત પણ નથી. છ ગુણસ્થાન આત્મામાં નથી, અને આઠ ગુણસ્થાન અપ્રમત્ત દશાના એ પણ આત્મામાં નથી. પર્યાયના ધર્મો પર્યાયમાં રાખ અને પર્યાયને દ્રવ્યમાં ભેળસેળ ન કર. એ બેયની જુદાઈ છે અંદરમાં. ભેળસેળ માનીશ તો એક નહીં થાય. ભિન્ન જ રહેશે. ઈ તો તારી બુદ્ધિનો દોષ લાગશે, એક નહીં થાય. તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી. આહાહા !

'ન ભવતિ' તે રૂપે આત્મા થતો નથી. આહાહા ! એવો જે શુદ્ધાત્મા કહ્યો પર્યાયથી રહિત, આ શુદ્ધની વ્યાખ્યા કરવા માટે આટલી વાત કરી, કે આત્મા શુદ્ધ કેમ છે ? કે પર્યાયથી રહિત છે માટે શુદ્ધ છે. બસ, ટૂંકું વાક્ય આટલું. પરિણામ માત્રથી ભિન્ન છે એટલે આત્મા શુદ્ધ છે. પરિણામથી સહિત માને છે એ અશુદ્ધ આત્માને સેવે છે. અને પરિણામથી રહિત આત્માને માને છે એ શુદ્ધ આત્માને સેવે છે. શુદ્ધ જાણે આત્માને તે શુદ્ધ આત્માને મેળવે. અણશુદ્ધ જાણે આત્માને, એ અણશુદ્ધ આત્મા મેળવે. આહાહા !

રાગથી સર્વથા ભિન્ન છે. સર્વથા ભિન્ન કહેતાવેંત જ અનુભવ થાય. અને અનુભવની પર્યાયથી કથંચિત્ અભિન્ન થાય. એવું જ્ઞાન થઈ જાય. સર્વથા ભિન્નપૂર્વક નિર્મળ પર્યાયથી કથંચિત્ અભિન્ન એવું જ્ઞાન, ભિન્ન અભિન્નનું જ્ઞાન એક સમયમાં થાય. સર્વથા ભિન્ન અને કથંચિત્ અભિન્ન. પણ સર્વથા અભિન્ન તો પર્યાય થાય જ નહીં. સર્વથા ભિન્ન તો રહે પણ સર્વથા અભિન્ન તો થાય જ નહીં.

કથંચિત્ ભિન્ન અભિન્ન એવું સ્યાદ્વાદ અનુભવના કાળમાં થાય, સમય એક છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

રહિત પૂર્વક સહિત. આવો જે શુદ્ધાત્મા કહ્યો, તે દૃષ્ટિનો વિષય, શ્રદ્ધાનો વિષય, અહીં શ્રદ્ધાની મુખ્યાતથી પહેલોં પેરેગ્રાફ છે. પછી જ્ઞાનની મુખ્યતાથી વાત કરશે બીજા પારામાં, શ્રદ્ધાને જ્ઞાન બે મુખ્ય છે. મુખ્ય ગુણ બે છે શ્રદ્ધા ને જ્ઞાન. ચારિત્ર તો અંશે છે પણ ચારિત્ર અહીંયા ગૌણ છે. સ્વરૂપાચરણ ચારિત્ર છે અંશે, પણ અહીંયા બે જ વાત લીધી છે. એમ કર્તા-કર્મ અધિકારમાં પણ છે ૧૪૪ ગાથા લખી, એમાં પણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન બે શબ્દ લખ્યા છે. ચારિત્રનો ઉલ્લેખ કર્યો નથી. આ શાસ્ત્ર સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાનની મુખ્યતાએ લખાણું છે. અંશે ચારિત્ર હોય છે પણ એ અત્યારે ગૌણ છે. ચતુર્થ ગુણસ્થાન કેમ પ્રગટ થાય જીવને એની મુખ્યતાથી વાત છે.

તે જ સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી, આ જે શુભાશુભ ભાવો છે તે અન્ય દ્રવ્યના ભાવો છે, ને પ્રમત્ત અપ્રમત્ત દશાઓ છે તે પણ અન્ય દ્રવ્યના ભાવો છે. જીવના ભાવો નથી. એનાથી ભિન્નપણે, ભિન્ન એટલે સર્વથા ભિન્ન લગાડી દેવું. આહાહા ! એ ભાવો સર્વથા ભિન્ન છે. એનાથી ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે. આમ એને નજરમાં લઈને શ્રદ્ધામાં લ્યે તો એને શુદ્ધ કહેવામાં આવે છે. પર્યાયથી રહિત હું છું એમ જ્યારે લક્ષમાં લ્યે, ત્યારે એને શ્રદ્ધા પ્રગટ થાય છે. પહેલાં વ્યવહાર શ્રદ્ધા પ્રગટ થાય છે, અને તેમાં જ્ઞાન ભળે તો સમ્યગ્દર્શન સાચું થઈ જાય છે, જ્ઞાન જોડાય જાય અંદરમાં તો. પહેલાં શ્રદ્ધાનો વિષય ચોખ્ખો આવવો જોઈએ.

કાલે એક અન્યમતિ આવ્યા'તા, દાઢીવાળા હતા એક, ચંદ્રિકાબેનને મળ્યા હશે બોટાદમાં, તમારું નામ લઈને આવ્યા'તા. આમ નરમ માણસ. એ ધ્યાનની વાત કરે. શેનું ધ્યાન ? પણ ધ્યેય વગર ધ્યાન શેનું ? આત્માનું તો ભાન નહીં. ધ્યાન શેનું ? નરમ માણસ સમજવાની જિજ્ઞાસા હતી. તે સમસ્ત અન્ય દ્રવ્યના ભાવોથી ભિન્નપણે, આત્મા ભિન્ન છે પર્યાય માત્રથી, ભિન્ન છે તો એકાંત થઈ જાશે, તો કહે કે સમ્યક્ એકાંત થશે, સમ્યક્ એકાંત થાશે તો જ સમ્યક્ અનેકાંતિક જ્ઞાન પ્રગટ થાશે. સમ્યક્ એકાંત વગર સમ્યક્ અનેકાંત જ્ઞાન પ્રગટ થાય નહીં. આહાહા ! પહેલાં અનેકાંતમાંથી સમ્યક્ એકાંત કાઢ, અને સમ્યક્ એકાંતપૂર્વક પાછું અનેકાંત થઈ જાય.

પહેલું અનેકાંત સવિકલ્પદશાનું છે અને બીજું અનેકાંત અનુભવમાં થાય. અનેકાંતિક જ્ઞાન પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી. બીજી ગાથામાં અનેકાંતનું સ્વરૂપ કહ્યું. દ્રવ્ય પર્યાય સ્વરૂપ પણ એ કાંઈ ઉપાદેય નથી. એમાંથી એકાંત કાઢ. તો સ્વસમય થઈ જાય એમ કહ્યું, બધું કહ્યું.

સમયસાર તો સમયસાર છે. ભાવથી ભણે તો ભવનો અંત આવી જાય ચોક્કસ, એવું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આમાં સામર્થ્ય છે. ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે. આ આત્મા શુદ્ધ છ, શુદ્ધ છે. ક્યારે ? કે પર્યાયથી રહિત છે એમ જો તું માન તો આત્મા શુદ્ધ છે. બાકી જો પર્યાયથી સહિત માનતો હોય તો તારું અજ્ઞાન છે. એવું આત્માનું સ્વરૂપ છે જ નહીં. પર્યાયથી સહિત આત્મા છે જ નહીં. પર્યાયથી સહિત વ્યવહાર છે. પર્યાયથી રહિત છે તે નિશ્ચય છે.

## પ્રવચન નં. ૧૭

**અમૃતપ્રભાત એપાર્ટમેન્ટ - રાજકોટ**

**તા. ૨૩-૭-૯૧**

શ્રી સમયસાર પરમાગમ શાસ્ત્ર છે. સમયસાર એટલે શુદ્ધાત્મા. એ શુદ્ધાત્મા કેવો છે ? કે પરિણામ માત્રથી ભિન્ન છે. સર્વથા ભિન્ન છે. સર્વથા રહિત છે, અનાદિ અનંત રહિત છે, એવું આત્માનું એક સ્વરૂપ છે. ઉત્પાદ-વ્યય છે, ૧૪ ગુણસ્થાનો છે. પરિણામ છે, પણ એ પરિણામથી જુદો આત્મા છે, એ શ્રદ્ધાનો વિષય સમ્યગ્દર્શનનો વિષય છે.

બે પ્રશ્ન પૂછ્યા'તા શિષ્યે, કે એકત્વ વિભક્ત આત્માને આપ કહેવા માંગો છો તો એવા શુદ્ધાત્માનું સ્વરૂપ શું ? અને એનો અમને પ્રત્યક્ષ અનુભવ કેમ થાય ? એ બે પ્રશ્નમાં શિષ્યે એમ કહ્યું કે હું શુદ્ધાત્માના સ્વરૂપને જાણતો નથી અને મને શુદ્ધાત્માનો અનુભવ પણ નથી. એવો સ્વીકાર કર્યા પછી પ્રશ્ન કરે છે.

હું જાણું છું એમ નહીં. તમેય જાણો છો ને હુંએય જાણું છું એમ નહિ. મેં શુદ્ધાત્માનું સ્વરૂપ આજ સુધી ખરેખર સાંભળ્યું નથી. એનું શું સ્વરૂપ છે, એનો મેં પરિચય કર્યો નથી. અને મને એનો અનુભવ પણ થયો નથી. એવા શુદ્ધાત્માનું સ્વરૂપ કૃપા કરીને કહો. ત્યારે શ્રીગુરુ કહે છે કે અમે પણ અમારા ગુરુને આ પ્રશ્ન કર્યો હતો. આ ગુરુ શિષ્યના પ્રશ્ન ઉત્તરની પરંપરા છે. આત્માર્થી જીવ એમ પૂછતો નથી કે આઠ કર્મનું સ્વરૂપ શું છે ? ઘાતિ, અઘાતિ પ્રકૃતિ, એનો સ્થિતિ બંધ, અનુભાગ બંધ, પ્રકૃતિબંધ, પ્રદેશબંધ થાય તેનો પ્રશ્ન નથી કર્યો.

આત્માર્થી તો સીધો પ્રશ્ન પૂછે છે કે મારા આત્માનું સ્વરૂપ મારે જાણવું છે. બાકી તો મે ઘણું જાણ્યું. અગિયાર અંગ ભણી ગયો. નવમી ગ્રૈવેયક મુનિ થઈને ગયો પણ ત્યારે પણ મેં મારા શુદ્ધાત્માનું સ્વરૂપ જાણ્યું નહિ, ઓળખ્યું નહીં. તે દિવસે મને એટલી જિજ્ઞાસા નહોતી થઈ જેટલી આજ થઈ છે. દ્રવ્યીલિંગી મુની વખતે મને આટલી જિજ્ઞાસા અંતરથી નહોતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઊઠી. જાણવામાં રોકાતો હતો અને ઈન્દ્રિયજ્ઞાન દ્વારા જાણીને સંતોષ માનતો હતો. ઈન્દ્રિયજ્ઞાનના વિષયને જાણતો'તો. અગિયાર અંગનો ઉઘાડ છે તે ઈન્દ્રિયજ્ઞાનનો વિષય છે. શાસ્ત્ર ઈન્દ્રિયજ્ઞાનનો વિષય છે, સત્ત શાસ્ત્ર હો. અન્યમતિના ચોપડા કહેવાય અને સંતો અનુભવી સંતો શાસ્ત્ર લખે એને આગમ કહેવાય, પરમાગમ કહેવાય.

કહે છે કે શાસ્ત્ર સમ્યગ્જ્ઞાનનો વિષય નથી. નવતત્ત્વ નિશ્ચય સમ્યગ્દર્શનનો વિષય નથી, વ્યવહાર શ્રદ્ધાનો વિષય છે. આગમ પરમાગમ ઈન્દ્રિયજ્ઞાનનો વિષય છે. વ્યવહારનયનો વિષય છે, વ્યવહાર જ્ઞાનનો વિષય છે. અને છ કાય જીવની રક્ષાનો ભાવ આવે, એ ચારિત્રનો વિષય નથી, કષાયનો વિષય છે, મંદ કષાયના વિષય છે. એમાં મંદ કષાય થાય પણ એમાં ચારિત્ર પ્રગટ ન થાય. પાંચ મહાવ્રત નિરતિચારપણે પાળે. મારો ને તમારો આત્મા અનંતવાર દ્રવ્યલિંગી મુનિ થયો અને અનંતવાર નવમી ગ્રૈવેયકમાં પણ ગયો, પણ સ્વભાવને ભૂલીને ગયો. સ્વભાવ લક્ષમાં લીધો નહીં એણે ને સંતોષાઈ ગયો. એવો શિષ્ય ઝંખના કરે છે. તેનો સમ્યગ્દર્શન થવાનો કાળ પાક્યો છે. સમ્યગ્દર્શન થવાનો કાળ પાકે ત્યારે આવો પ્રશ્ન પૂછાય. શું કહ્યું ?

જેને સમ્યગ્દર્શન થવાનો કાળ પાક્યો હોય એવો પાકેલો જીવ પ્રશ્ન પૂછે છે કે, પ્રભુ ! બધું જાણ્યું અનંતકાળમાં અનંતવાર અને તીર્થંકરની સભામાં પણ અનંતવાર ગયો. ત્યાં દિવ્યધ્વનિ સાંભળી, પણ મારા આત્માની ઉપલબ્ધિ નામ પ્રાપ્તિ મને ન થઈ, તો એવા શુદ્ધ આત્માનું સ્વરૂપ શું અને એનો અનુભવ કેમ થાય એ બે પ્રશ્ન હતા.

એમાં એક પ્રશ્નનો ઉત્તર અપાઈ ગયો, કે આત્મા શુદ્ધ છે ત્રણેય કાળ. શુદ્ધનું કારણ આપ્યું. આત્મા કેમ શુદ્ધ રહી ગયો છે. તારો આત્મા અત્યારે શુદ્ધ છે. એ તું મારી વાતને સાંભળીને શ્રદ્ધા કરી લેજે કે, હું શુદ્ધ છું. પછી શુદ્ધનો અનુભવ કેમ થાય ? એ હમણાં કહીશ તને. પણ જો તને આ વાત બેઠી હશે તો અનુભવ થશે. જો આત્માનું શુદ્ધપણું પરિપૂર્ણ પરમાત્મપણું નહિં બેઠું હોય, તો હું તને અનુભવની કળા બતાવીશ છુપાવ્યા વગર પણ તને અનુભવ નહિં થાય.

ધ્યેયની ભૂલ હશે તો ધર્મધ્યાન પ્રગટ નહિં થાય. માટે પહેલાં ધ્યેય બતાવ્યું. ધ્યેયનું ધ્યાન કરવા યોગ્ય છે. પરિણામ ધ્યાન ધરે છે ને ! પરમાત્મા કોનું ધ્યાન કરે ? દુઃખી હોય એ સુખનો માર્ગ શોધે. ભગવાન આત્મા તો સુખમય છે એ દુઃખી તો છે નહિં એ કોનું ધ્યાન કરે. સોગાનીજી કહે છે કે પરિણામ મેરા ધ્યાન કરે તો કરો. મૈં કિસકા ધ્યાન કરું. મેં તો ધ્યેય હું. મસ્તી જોઈ લેજો સોગાનીજીની. ધ્યાનની ઉપેક્ષા. ધ્યાન કરવા બેઠો હોય એને આગળ ન કરે ધ્યાની પુરુષ. શું કહ્યું ? અમે ચાર ચાર કલાક ધ્યાન કરીએ છીએ. એમ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધ્યાનને આગળ ન કરે. ધ્યાનને આગળ કરે એટલે સમજી લેવું કે મિથ્યાદૃષ્ટિ છે.

જ્ઞાની ધ્યાની ધ્યાનને આગળ ન કરે. ધ્યેયને આગળ રાખે. એનું લક્ષ ધ્યેય ઉપર હોય સવિકલ્પદશામાં. બે ચાર કલાક ધ્યેયરૂપ ધ્યાન પણ કરે, ન કરે એવું કાંઈ નથી. પણ ધ્યાનની અધિકતા નથી, ધ્યેયની અધિકતા છે. એવો દૃષ્ટિનો વિષય પહેલાં પારામાં આપ્યો. કે શુદ્ધ છે. શુદ્ધનું કારણ આપ્યું કે શુદ્ધ અને અશુદ્ધ પર્યાયથી સર્વથા ભિન્ન છે.

શિષ્ય એવો છે કે સાહેબ કથંચિત્ ભિન્ન અભિન્ન એવો પ્રશ્ન પૂછ્યો નહીં. પ્રમાણ વચન સીધી હા પાડી દીધી. કેમકે હજી વિષય પૂરો થયો નથી. પૂરી વાત થઈ જાય અને જો કથંચિત્નો પાઠ રહી જાય તો તો હું પ્રશ્ન પૂછીશ. પણ ઈ તો રહેવાનું નથી. કથંચિત્ તો આવવાનું છે હમણાં બીજા પારામાં. શાંતિથી ધીરજથી ગ્રહણ કરી લીધું કે હું શુદ્ધ છું. શા માટે? કે પરિણામ માત્રથી ભિન્ન છું. પરિણામ માત્ર મારાથી ભિન્ન છે, તેથી હું પરિણામનો કર્તા નથી અને પરિણામનો જ્ઞાતા નથી એમ આમાં આવશે નીચે.

પહેલાં કર્તાબુદ્ધિ છૂટી ગઈ. એવી વાત કરી દૃષ્ટિનો વિષય પ્રમત્ત અપ્રમત્તથી રહિત છે માટે શુદ્ધ છે. અને શુભાશુભભાવે થયો નથી આત્મા. ભાવ કર્મથી રહિત છે. ઈન્દ્રિયજ્ઞાનથી ભિન્ન છે સર્વથા. એવો જે આત્મા રહિત હોવાને કારણે શુદ્ધ છે. એવો દૃષ્ટિનો વિષય આપ્યો. ધ્યેય બતાવ્યું ધ્યેય.

આ એક ૧૩ વ્યાખ્યાનનું પુસ્તક બહાર પડ્યું છે. ‘‘અધ્યાત્મ પ્રવચન રત્નત્રય’’ અહિંયા પડ્યા છે. જેને જોઈતા હોય તેને પાંચ રૂપિયા કિંમત છે. કોઈ પાસે ન હોય તો લઈ લેવા. પહેલોં વિભાગ ૩૨૦ ગાથા જયસેનાચાર્યની ટીકા છે. બીજો વિભાગ પ્રવચનસાર ૧૧૪ ગાથા તથા ત્રીજો વિભાગ ૨૭૧ કળશનો તેના ઉપરના પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો છે. ધ્યેય, ધ્યાન અને ધ્યાતા. જ્ઞેય, જ્ઞાન અને જ્ઞાતા. એનું અભેદપણું થાય ત્યારે અનુભવ થાય. ધ્યેય, ધ્યાન ને ધ્યાતા તેના વિકલ્પથી અનુભવ ન થાય. હું ધ્યાન કરું છું. કેનું ધ્યાન કરું છું? મારા પરમાત્માનું. ધ્યાન, કરનારો કોણ છે? આત્મા ધ્યાન ધ્યેયનું ન કરે ત્યારે ધ્યાન થાય. ધ્યાનનો કર્તા હોય તેને ધર્મધ્યાન પ્રગટ ન થાય. એ તો વિકલ્પનો કર્તા બન્યો. સહજનો ધંધો છે આ ભાઈ.

પહેલાં પારામાં ધ્યેયની વાત કરી. હવે એનો અનુભવ કેમ થાય આત્માનો તે વાત બીજા પારામાં છે. આ વાત તું એમ લક્ષમાં રાખજે કે મેં આ વાત સાંભળી નથી. કાંઈક નવી વાત છે એમ લક્ષમાં રાખજે. આ વાત તો મેં સાંભળી છે છઠ્ઠી ગાથા ઘણીવાર. ગુરુદેવ પાસે સાંભળી છે ઘણીવાર. પ્રવચન છપાઈ ગયા છે છઠ્ઠી ગાથાના એ વાંચ્યા છે મેં. એમાં નવું શું છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અરે ! આચાર્ય ભગવાન કહે છે કે હું નવું કહું છું. મારી પર્યાય શુદ્ધની વૃદ્ધિ થઈને નવી આવે છે અને તારો ઉઘાડ વધતો જાય છે. સાંભળ ! સમય પહેલાં ઉઘાડ હતો તે અત્યારે નથી. તારો પહેલાં ઉઘાડ હતો ને એના કરતા અત્યારે ઉઘાડ વધી ગયો છે. સાંભળ તું. વધતા ઉઘાડે સાંભળ અને હું વધતી દશાએ તને વાત કરું છું. શુદ્ધિની વૃદ્ધિ જ્ઞાનીને સમયે સમયે થાય છે. આનંદની વૃદ્ધિ સમયે સમયે થાય છે. મારી વધતી દશાથી હું તને વાત કરીશ અને તારા વધતા ઉઘાડથી તું સાંભળજે. અત્યારે નથી તારો ઉઘાડ અમે જાણીએ છીએ. તને ખબર નથી. તારો ઉઘાડ વધી ગયો અત્યારે. આત્મા ઉર્ધ્વ થાય છે ત્યારે ઈન્દ્રિયજ્ઞાનનો ઉઘાડ વધે છે, ઈન્દ્રિયજ્ઞાન વધે છે હો. અતીન્દ્રિય તો હજી પ્રગટ થયું નથી. પ્રગટ થાય પછી વધે પણ પ્રગટ થશે જ. અમને વિશ્વાસ છે તારા પ્રશ્ન ઉપરથી કે તારે બીજું કાંઈ જોતું નથી. આહાહા ! સત્તા જોઈતી નથી, લક્ષ્મી જોતી નથી. સાહેબ ! ભગવાનની પૂજા કરું તો શુભભાવ થાય અને પુણ્ય બંધાય. પુણ્ય કેમ બંધાય એ પ્રશ્ન નથી કર્યો.

એક વખતની વાત છે. હું વેરાવળ હતો. પચાસ વરસ પહેલાંની વાત છે. ત્યારે ત્યાં શ્વેતાંબર ઘણા સ્થાનકવાસી પણ ખરા. જનરલી મારી નજર આમ બધે ફરે. આ સ્થાનકવાસી છે ને ઈ શ્વેતાંબરની અપેક્ષાએ સંયોગની અપેક્ષાએ નિર્ધન કહેવાય. શ્વેતાંબર લોકો તો ખૂબ પૈસાવાળા. લાખો કરોડો રૂપિયા ખર્ચે અત્યારે ફાઉન્ડેશન ઊભા કર્યા છે. આનું કારણ શું ? ઈ ડીપોઝીટ રાખ્યું હતું મનમાં, કોઈને પૂછ્યું ન હતું.

એમાં અહિંયા પહેલાં નૌતમભાઈ વાંચનકાર હતા. તેનો સ્વર્ગવાસ થયો અને મુળજીભાઈએ લખ્યું કે હવે લાલચંદભાઈને વાંચન કરવા બેસાડવાની મારી ભાવના છે. ઈ કાગળ પૂ.ગુરુદેવને રામજીભાઈએ વંચાવ્યો. રામજીભાઈ પ્રમુખ હતા ને, ખાનગીમાં બધો પત્રવ્યવહાર ચાલતો'તો. એમાં હું ગયો સોનગઢ. પૂ.ગુરુદેવે કહ્યું લાલભાઈ તમારે વાંચવાનું છે. અરે સાહેબ, મારો પરિચય આપની સાથે બહુ અલ્પ છે. રામજીભાઈ કહે કે કાળ ગૌણ છે. ઓર્ડર કરી દીધો. મુરબ્બી હતા ને.

એ વાંચવા રાજકોટમાં બેઠો ને એ વાંચતા વાંચતાં નિયમસાર આવ્યું હાથમાં. એ નિયમસારમાં ખુલાસો મારા અંદરના પ્રશ્નનો આવી ગયો. નિયમસાર કર્તા લખે છે, કે જગતને લક્ષ્મી કેમ પ્રાપ્ત કરવી એની પણ ખબર નથી. તારે લક્ષ્મી જોઈતી હોય તો પ્રતિમાની પૂજા કરવા રોકાય જા બે ઘડી તો લક્ષ્મીનો ઢગલો થઈ જશે. એમાં એક જીવ ચોંટી ગયો તો આજે એની પાસે પૈસો ઘણો થઈ ગયો. હું જાણું છું, સમજી ગયા. એ હકીકત છે.

હંમેશા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિમાં શુભરાગ હોય અને શુભરાગથી પુણ્ય બંધાય દુઃખી થવા માટે. પુણ્ય બંધાય એ પણ દુઃખનું કારણ છે ? સુખનું કારણ છે ? વર્તમાનમાં દુઃખ ને ભવિષ્યમાં પણ દુઃખ. એ શુભભાવ કર્યો ને ત્યારે પણ એ દુઃખી થયો. તેના નિમિત્તે પુણ્યનો ઢગલો થયો, પૈસો વધે તેમ વધારે દુઃખી. બહોત લક્ષ્મી મહા દુઃખમ. ટિકડી લેવી પડે છે અમેરીકામાં તો પૈસાવાળાને. કહે છે કે તને પૈસો જોતો હોય ને લક્ષ્મી આ ધૂળ બહારની, પૂ. ગુરુદેવ ધૂળ કહે છે ને. તો ભગવાનની પૂજા કર ને. નિયમસારમાં શ્લોક છે. મને ખુલાસો થઈ ગયો. ચાલીસ વરસે ખુલાસો આવ્યો. ઓહો ! બરાબર છે. કેમકે એ લોકો પૂજામાં બહુ તત્પર, તત્ત્વજ્ઞાન અને ભેદજ્ઞાનની વાત નહિં ત્યાં. આહાહા ! ભલે પ્રતિમા વિપરીત છે એ જુદી વાત છે. ટૂંકમાં ઈ લોકો અરિહંતની ભક્તિ કરે છે ને. શુભભાવ તો એટલે છે ને. આહાહા !

એમ અહીંયા કહે છે કે તું આત્માના લક્ષે વાત કરીશ તો તારો ઉઘાડ વધી જશે અને નિર્મળ જ્ઞાન થશે અને નિર્મળજ્ઞાનમાં આત્માનો અનુભવ પ્રગટ થશે ચૈતન્ય લક્ષ્મી પ્રગટ થશે. ઓલી ધૂળની લક્ષ્મીનું કાંઈ નહિં. અહીંયા મૂકીને ચાલ્યા જશો. મનુભાઈ બધું મુકીને ગયા ને. કોણ લઈ જાય છે ?

એ વાત કરે છે. હું શુદ્ધાત્માની વાત તને કરીશ. મારી વધતી દશાએ કરીશ અને તારા વધતા ઉઘાડે તું સાંભળજે. તારો ઉઘાડ વધતો જશે. આજ કરતાં કાલ. કાલ કરતાં પરમદિવસ. શેનો ઉઘાડ ? પરને જાણવાનો ? નહીં. શુદ્ધાત્માને અનુભવવાનો ઉઘાડ વધી જશે. શુદ્ધાત્માનો ઉઘાડ જ્યાં વધશે ત્યાં તો તારા અનુમાનમાં પ્રથમ આવી જશે અને પરોક્ષ દર્શન થશે અને પછી તને પ્રત્યક્ષ દર્શન થશે. આ લાઈન છે. જો આત્માને તારે સાંભળવો હોય તો આટલો લાભ તને મોક્ષનો થશે. આહાહા !

એ વાત બીજા પારામાં કરે છે. વળી, દૃષ્ટિ પ્રધાન કથનથી એક વાત કરી શુદ્ધાત્માની, દૃષ્ટિનો વિષય હાથમાં આવ્યો. દૃષ્ટિ પ્રગટ નથી થઈ પણ દૃષ્ટિનો વિષય દૃષ્ટિમાં આવ્યો કે આવો મારો શુદ્ધાત્મા છે. હવે એને કેમ અનુભવવો એની કળા ને વિધિ બતાવે છે. એમાં પહેલાં દૃષ્ટાંત આપે છે. જગતને દૃષ્ટાંતથી સિદ્ધાંત હળવો થાય, સમજાય. નહિંતર કઠણ પડે. કેમકે આત્માનો તો અનુભવ નથી અજ્ઞાનીને, એટલે આત્મા શું અને એનો અનુભવ કેમ થાય એના દૃષ્ટાંત દ્વારા સમજાવે છે.

વળી, વળી કેમ ? કે દૃષ્ટિનો વિષય તો આપ્યો. હવે અનુભવ કેમ થાય ? દૃષ્ટિનો વિષય પણ જ્ઞાયક અને અનુભવનો વિષય પણ જ્ઞાયક. વિષયમાં ફેર નથી. પણ પર્યાય બેય જુદી જુદી છે. એક શ્રદ્ધાની પર્યાય અને એક જ્ઞાનની પર્યાય. પર્યાય બેય જુદી જુદી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિષય બેયનો એક છે. આહાહા ! શ્રદ્ધાનો વિષય શુદ્ધાત્મા અભેદ સામાન્ય અને જ્ઞાનનો વિષય ચૌદ ગુણસ્થાન એમ છે નહિ. જે દૃષ્ટિનો વિષય છે અવલંબનભૂત-આશ્રયભૂત તે જ જ્ઞાનનો વિષય છે.

હવે એનું દૃષ્ટાંત આપે છે. વળી દાહ્યના-બળવા યોગ્ય પદાર્થના આકારે, અગ્નિ છે ને અગ્નિ એ બળવા લાયક પદાર્થ હોય એને બાળે એમ કહેવાય. પણ આકાશને ન બાળે ઈ અગ્નિ. બળવા લાયક પદાર્થ છે લાકડા, છાણાં, સૂકા પાંદડા એને ઈ બાળે એમ કહેવાય. એમ કહેવાય બાળતી નથી હો-ઈ હવે આવશે. દાહ્યના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે. આ અસદ્‌ભૂત વ્યવહાર દ્વારા, વ્યવહાર દ્વારા પરમાર્થ કહી શકાય છે. પણ વ્યવહાર અનુસરવા યોગ્ય નથી. વ્યવહાર દ્વારા પરમાર્થ સમજાવે છે. જે અગ્નિના સ્વરૂપને જાણતો જ નથી. એવા અગ્નિના સ્વભાવથી જે અજાણ છે. એવા જીવને કહે છે કે અગ્નિ કોને કહેવાય ? કે લાકડાને બાળે તેને અગ્નિ કહેવાય, છાણાને બાળે તેને અગ્નિ કહેવાય.

એક એવો બનાવ બન્યો. ગુરુ શિષ્ય હતા, પાંચ દસ શિષ્યો હતા એને સમજાવતા હતા. ત્યારે ગુરુએ એને વાત કરી કે લાકડાને બાળે તે અગ્નિ. છાણાને બાળે તેનું નામ અગ્નિ. પહેલે દિવસે પાઠ આપ્યો. બીજા ઘણાં પાઠમાં આ એક પાઠ આપ્યો. પછી બીજે દિવસે બીજો પાઠ આવ્યો, કે ઉષ્ણ તે અગ્નિ. પછી ત્રીજે દિવસે પાઠ આપ્યો. અગ્નિ તો અગ્નિ જ છે. ત્રણ પાઠ આપ્યા. પછી ચોથે દિવસે ગુરુને વિચાર થયો કે પરીક્ષા તો લઉં. એક શિષ્યને ઊભો કર્યો ને બાજુમાં રૂમમાં એક સગડી રાખી હતી. અંગારા લાલઘૂમ હો. ધુમાડો નહિ. કોઈ સંબંધ નહિ અગ્નિને. ધ્યાન રાખજો. સંબંધ વિનાની અગ્નિ રાખી. અંદર જઈને ગોખતો ગોખતો ગયો ઈ. લાકડાને બાળે તે અગ્નિ, લાકડાને બાળે તે અગ્નિ. ઠેઠ રૂમ સુધી ગયો ત્યાં સુધી ગોખ્યા કર્યું કે લાકડાને બાળે તે અગ્નિ. છાણાને બાળે તે અગ્નિ. આવ્યો પાછો, ગુરુજી અહિંયા અગ્નિ નથી. ઠીક ! ગુરુ તો સમજી ગયા'તા તરત જ, કે કેમ અગ્નિ નથી ? કે લાકડાને બાળતી નથી માટે અગ્નિ નથી ત્યાં. અગ્નિનું અસ્તિત્વ જ નથી. લાકડાને બાળે તેને જ અગ્નિ કહેવાય. બેસી જાવ તમે એનો અર્થ તમે નાપાસ એમ.

બીજાને મોકલ્યો તમે જાવ. જોવો જોઈ અગ્નિનું શું સ્વરૂપ છે ગોખતો ગોખતો ગયો. ઓલો અસદ્‌ભૂત વ્યવહારના પક્ષવાળો હતો. હવે આ સદ્‌ભૂત વ્યવહારના પક્ષવાળો છે. ઉષ્ણ તે અગ્નિ-ઉષ્ણ તે અગ્નિ. ગુણભેદ એનો. ગુણ ગુણીનો ભેદ એ વ્યવહાર છે. એ અભૂતાર્થ છે. તો લાકડાને બાળે એ વ્યવહાર તો ક્યાંય રહી ગયો. અજ્ઞાની બે દ્રવ્યની એકતા કરે છે. જ્ઞાની ભેદ દ્વારા સમજાવે છે વ્યવહાર દ્વારા, પણ વ્યવહારને અનુસરતા નથી. ગોખતો ગોખતો ગયો ઉષ્ણ તે અગ્નિ, ઉષ્ણ તે અગ્નિ, ઉષ્ણ તે અગ્નિ. આમ ચારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

બાજુ ઉષ્ણ તે અગ્નિ. પણ કાંઈ અગ્નિનો અનુભવ ન થયો. આંગળી ન અડાડી એણે. આવ્યો પાછો ગુરુજી પાસે સાહેબ ત્યાં અગ્નિ નથી. કેમ જાણ્યું અગ્નિ નથી. કે ઉષ્ણ તે અગ્નિ, ઉષ્ણ તે અગ્નિ. સમજી ગયા ગુરુ. કે આ ભેદમાં રોકાણો વ્યવહારને અનુસરવા મંડ્યો.

વ્યવહાર દ્વારા અગ્નિનું સ્વરૂપ સમજાવવું હતું. લાકડાને બાળે તે અગ્નિ. ઉષ્ણ તે અગ્નિ. બે પ્રકારના વ્યવહાર દ્વારા એક પ્રકારનો નિશ્ચય સમજાવવો હતો. આહાહા ! બે પ્રકારનો વ્યવહાર એક જુઠો અને એક સાચો. બે પ્રકારના વ્યવહાર દ્વારા એક પ્રકારનો નિશ્ચય સમજાવવો હતો. તો બીજો પણ ફેઈલ થયો, નાપાસ થયો.

ત્રીજાને ઊભો કર્યો. એને તો શ્રદ્ધા હતી કે ઉષ્ણ તે અગ્નિ નથી, ભેદનું કથન. લાકડાને બાળે તે જુઠું કથન. લાકડાને અડતી નથી તો બાળે ક્યાંથી. તે તો ગયો ને એણે આમ આંગળી મૂકી. ગુરુજી અગ્નિ છે ત્યાં. કેમ ખબર પડી તમને ? મેં આંગળી મૂકી અને અનુભવ કરીને કહું છું કે અગ્નિ છે ત્યાં. આહાહા ! ઉષ્ણ તે અગ્નિ છે. લાકડું નીકળી ગયું ભેદનું. અને લાકડાને બાળે એ લાકડું ગયું અને અનુભવ થઈ ગયો એને. આહાહા !

એમ અહીંયા દાખલો એ આપે છે, કે બળવા યોગ્ય પદાર્થના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે. અજ્ઞાની જીવોને સમજાવવા માટે અગ્નિનું સ્વરૂપ સમજતો નથી, એને સમજાવવા માટે સમજાવવી છે અગ્નિ. લાકડું નથી સમજાવવું પણ લાકડું ગરી ગયું કે લાકડાને બાળે તે અગ્નિ. એમ જ્ઞાયક કોને કહેવાય કે પરને જાણે તે જ્ઞાયક કહેવાય. એ લાકડું ગરી ગયું હવે એ લાકડું નીકળતું નથી કોઈ સંજોગોમાં. પણ ધ્યાન રાખે તો આ ગાથાથી નીકળી જાય પરને જાણવાનું લાકડું આ પરને બાળવાનું લાકડું હતું.

અનંતકાળથી વ્યવહારનો પક્ષ જીવને છે. ક્યાંકને ક્યાંક રોકાઈ ગયો, પછી કહે કે અનુભવ થતો નથી. ક્યાંથી અનુભવ થાય ? શુદ્ધનયનો ઉપદેશ પણ વિરલ આ તો એક સમયસાર આપણાં માટે રહી ગયું. અને એનો ઉકેલ કરવાવાળા ગુરુ મળ્યા માટે. આહાહા !

દાહ્યના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે. કહેવાય તો એમ કે લાકડાને બાળે તે અગ્નિ. તો પણ, દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. એટલે કે લાકડું હોય તો અગ્નિ છે. લાકડાના સંયોગમાં હોય તો અગ્નિ છે. એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ થાય તો અગ્નિ છે. એમ છે નહીં. અગ્નિ અગ્નિથી છે ને લાકડું તો લાકડાથી છે. અગ્નિ લાકડાને અડતી નથી.

બે વચ્ચે કર્તા કર્મ સંબંધ નથી અને નિમિત્ત નૈમિત્તિક સંબંધ નથી. એ કેવી રીતે ? કે અગ્નિ છે એ બીજું દ્રવ્ય છે. લાકડુ છે એ બીજું દ્રવ્ય છે. બે દ્રવ્ય વચ્ચે કશોય કાંઈ સંબંધ ન હોય. અને જો અગ્નિ લાકડાને બાળે લાકડારૂપ થઈ જાય તો અગ્નિનો નાશ થઈ જાય. માટે

અગ્નિથી લાકડું બળતું નથી. જ્યારે લાકડું બળતું દેખાય છે ને ? કે એની શીત પર્યાયનો વ્યય થઈ એની ઉષ્ણ પર્યાયરૂપે લાકડું પરિણમે છે, એના સ્વકાળે. અગ્નિથી એની ઉષ્ણ પર્યાય થઈ નથી. અને અગ્નિ એમાં નિમિત્ત પણ નથી. ઈ એના ઉપાદાનથી પર્યાય થઈ છે.

લાકડાની પર્યાયને નૈમિત્તિકથી ન જો. અગ્નિ નિમિત્ત અને લાકડું ગરમ થયું તે નૈમિત્તિક એમ ન જો. એની પર્યાય સત્ અહેતુક ઉપાદાનથી ઉષ્ણ થઈ છે. શીત પર્યાયનો વ્યય અને ઉષ્ણ પર્યાયનો ઉત્પાદ એ પરથી નિરપેક્ષ છે. ડાક્ટર ! જરા ઝીણી વાત તો છે. કઠણ પડે. ભણેલાને વધારે કઠણ પડે, પણ ભણેલો સમજે તો ખલાસ. પછી ફરે નહિ બુદ્ધિમાં આવી ગયું ને. કહે છે લાકડું અગ્નિને અડતું નથી.

જો ૨૦,૨૧,૨૨ ગાથા કાઢો. આ લાકડું ગરી ગયું ને એ કાઢનારું આ સમયસાર છે અજ્ઞાનરૂપી લાકડું. ૨૦,૨૧ ને ૨૨. ટીકા : જેમ કોઈ પુરુષ, ઈંધન એટલે લાકડું બળવા લાયક પદાર્થ અને અગ્નિને મળેલા દેખી, સંયોગ છે ને લાકડાની સાથે અગ્નિનો, એવો જુઠો ખોટો વિકલ્પ કરે કે, અગ્નિ છે તે ઈંધન છે. અગ્નિ છે તે લાકડું છે. લાકડું છે તે અગ્નિ છે. ઈંધન છે તે અગ્નિ છે. અગ્નિનું ઈંધન છે. ઈંધનનું અગ્નિ છે. અગ્નિનું ઈંધન પહેલાં હતું. આહાહા ! પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચના ત્રણેય કહે છે. કે કોઈ કાળે અગ્નિ લાકડાની ન હોય. લાકડું અગ્નિનું ન હોય. બે પદાર્થ સ્વતંત્ર સત્ પરસ્પર નિરપેક્ષ છે. એકબીજાને અડતા નથી. જો એક થઈ જાય તો અગ્નિ અને લાકડું એ બે શબ્દનો નાશ થાય. બે શબ્દ ન રહે, બે પદાર્થ ન રહે. આ તો વિજ્ઞાન છે. આ વીતરાગ વિજ્ઞાન છે હોં !

આવો ઈંધનમાં જ અગ્નિનો વિકલ્પ કરે લાકડામાં જ લાકડું બળે છે. લાકડું બળે છે તે અગ્નિ જ છે. પણ અગ્નિ જુદી અને લાકડું જુદું ઈ એને ખ્યાલ આવતો નથી. તે જુઠો છે. તેનાથી અપ્રતિબુદ્ધ કોઈ ઓળખાય છે. અજ્ઞાની મૂઢ જીવ ઓળખાય છે. પાગલ કેનાથી ઓળખાય ? કે અગ્નિ લાકડાને બાળે છે તો સમજી લેવું કે આ બુદ્ધુ છે. કહેવાય નહિં મોઢે, સમજી લેવું બસ. અગ્નિ લાકડાને બાળે. એની મેળે મેળે લાકડું બળતું નથી, જોવો અગ્નિ આવી તો બળ્યું ને ? આહાહા ! બે દ્રવ્યની એકતાવાળો એવા તર્ક ખોટા કરે. એની પર્યાય સત્ અહેતુક એના સ્વકાળે ઉષ્ણરૂપે થવાની હતી.

સ્પર્શ નામનો પુદ્‌ગલમાં ગુણ છે. ટાઢી ઉની અવસ્થા થવાનો. ઠંડી અવસ્થાનો વ્યય થાય છે લાકડાની પર્યાયનો, એનો સ્વકાળ વ્યય થવાનો અને ઉષ્ણ થવાનો સ્વકાળ છે, એટલે ઉષ્ણ થઈ જાય છે. સમજી ગયા ! અગ્નિને અડ્યા વિના ઉષ્ણ થાય છે. અગ્નિના નિમિત્તની પણ એમાં અપેક્ષા નથી, નિરપેક્ષ જો, ઉપાદાનથી જો. નૈમિત્તિકથી ન જો. નૈમિત્તિકથી જોઈશને તો અગ્નિથી આ લાકડું ગરમ થયું એમ તને લાગશે. એના ક્ષણિક

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપાદાનથી જોને. એ ત્રિકાળી ઉપાદાનથી પર્યાય ગરમ થઈ નથી એની અને અગ્નિથી પણ થઈ નથી. પર્યાય પર્યાયથી થઈ છે. આહાહા ! આમાં શું ફાયદો થાય ? કર્તાબુદ્ધિ છૂટી જાય. આત્મા જ્ઞાતા થઈ જાય સાક્ષાત. દૃષ્ટાંત સમજવું પણ કઠણ. ગાંડો માણસ છે. અગ્નિ લાકડાને બાળે છે. અગ્નિથી લાકડું બળ્યું. એમ માનનારો અપ્રતિબુદ્ધ છે. આહાહા ! લાકડાથી લાકડું બળે છે ઈ એને ખ્યાલ આવતો નથી.

એવી રીતે કોઈ આત્મા, હવે આત્મા પરદ્રવ્યમાં જ અસત્યાર્થ આત્મ વિકલ્પ કરે છે કે હું આ પર દ્રવ્ય છું. આહાહા ! દેહ મારો, રાગ મારો, અપ્રતિબુદ્ધ ઓળખાય છે એનાથી. આ પર દ્રવ્ય મુજ સ્વરૂપ છે. મારું આ પરદ્રવ્ય છે. આ પર દ્રવ્યનો હું છું. મારું આ પહેલાં હતું, હું આનો પહેલાં હતો. મારો આ ભવિષ્યમાં થશે. હું આનો ભવિષ્યમાં થઈશ, આવા જૂઠા વિકલ્પથી અપ્રતિબુદ્ધ ઓળખાય છે. આહાહા ! આ મકાન મારું મોટર મારી, દીકરો મારો, સમજાય ગયું, બસ. કાંઈ પરીક્ષાની જરૂર નથી. અભિપ્રાયમાં હોં-અંદર શ્રદ્ધાવાળો જ્ઞાની પણ બોલે. જ્ઞાનીની ભાષા એવી છે ભાવ નથી એવો.

વળી અગ્નિ છે તે ઈંધન નથી. ભેદજ્ઞાન કર્યું હવે. ઓલો એકતામાં હતો. હવે ભિન્નતામાં આવ્યો. વળી અગ્નિ છે તે ઈંધન નથી. અને ઈંધન છે તે અગ્નિ નથી. એવી રીતે બે પદાર્થ જુદા જુદા છે. એમ સમજવું જોઈએ.

હવે આપણી ચાલતી વાતમાં અગ્નિને દહન કહેવાય છે. એટલે લૌકિક જીવો એમ કહે છે, અજ્ઞાની જીવો એમ કહે છે કે અગ્નિથી લાકડા બળે. અગ્નિ લાકડાને અડતી નથી. ઈ આપણે આવી ગયું છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શ કરતું નથી. ત્રીજી ગાથામાં આવ્યું છે. આહાહા !

તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. કહેવાય છે કે અગ્નિ લાકડાને બાળે તો પણ લાકડાને બાળતી નથી અને લાકડું છે તો અગ્નિ છે એમ પણ નથી. અગ્નિ સ્વતંત્ર સત્ અહેતુક એક પદાર્થ છે. એને લાકડાની અપેક્ષા નથી. આહાહા ! તેથી દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. લાકડું કર્તા અને અહિંયા અગ્નિ ઉપકારી લાકડાની એમ નથી. એમ અગ્નિ કર્તા અને લાકડાની પર્યાય અગ્નિનું કાર્ય એમ નથી. આહાહા ! કર્તા કર્મેય નથી અને નિમિત્ત-નૈમિત્તિક પણ નથી. એને ઉપાદાનથી જો. ક્ષણિક ઉપાદાનથી જો.

એક ત્રિકાળી ઉપાદાન અને એક ક્ષણિક ઉપાદાન. આહાહા ! થોડોક તો અભ્યાસ જોઈએ. ત્રિકાળી ઉપાદાન શું ? ક્ષણિક ઉપાદાન શું ? નિમિત્ત શું ? નૈમિત્તિક શું ? આ જગતમાં કોઈ નિમિત્ત જ નથી. એક પદાર્થ તને નિમિત્ત દેખાણો ને તો મર્યો. અને પરપદાર્થ તને જ્ઞેય દેખાણો તોય મર્યો. કોઈ પદાર્થ જ્ઞાનનું જ્ઞેય નથી. જ્ઞાનનું જ્ઞેય તો આત્મા છે. એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

બધું જ્ઞેય છે ને દેખાય છે ને એ બધું ઈન્દ્રિયજ્ઞાનનું જ્ઞેય છે. આત્મજ્ઞાનનું જ્ઞેય નથી આ પર પદાર્થ. આત્મજ્ઞાનનું જ્ઞેય તો એકલો આત્મા છે. આહાહા ! જ્ઞાતાય હું, જ્ઞેય પણ હું અને જ્ઞાન પણ હું.

કહે છે જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. એટલે લાકડું છે તો અગ્નિ છે એમ છે નહિ. અગ્નિ અગ્નિથી છે અને લાકડુ લાકડાથી છે. બન્ને પદાર્થ તદ્દન નિરપેક્ષ જુદા જુદા છે. કાંઈ લાગતું વળગતું નથી. તેવી રીતે આ દૃષ્ટાંત પૂરું થયું. નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી ન દેખવું અને કર્તા-કર્મ સંબંધથી ન દેખવું. અગ્નિને ત્રિકાળ ઉપાદાનથી દેખવું ને એની પર્યાયને ક્ષણિક ઉપાદાનથી દેખવું. લાકડાને ત્રિકાળ ઉપાદાનથી દેખવું ને ઉષ્ણ પર્યાયને ક્ષણિક ઉપાદાનથી દેખવું. બેયને જુદા જુદા જોવા. લાકડામાં ત્રિકાળી ઉપાદાન છે ને તેમાં જ ક્ષણિક ઉપાદાન છે. અગ્નિમાં ત્રિકાળી ઉપાદાન છે ને તેની ક્ષણિક ઉપાદાન પર્યાય છે. બે પદાર્થ વચ્ચે કશોય કાંઈ સંબંધ નથી. (શ્રોતા :- બહુ સ્પષ્ટ, ઘણું ચોખ્ખું)

અનુભવ કેમ થાય એની ગાથા છે આ. આત્મા પરને જાણે છે. એ પરનું કર્તાપણું તો પહેલાં પારામાં કાઢી નાખ્યું. હવે પરનું જ્ઞાતાપણાનું શલ્ય છે. જેમ અગ્નિ લાકડાને બાળે છે ને એમ જ્ઞાન તો પરને જાણે છે કે નથી જાણતું પરને, પરને જાણે છે એવું શલ્ય છે. ત્યાં સુધી તને અનુભવ નહિ થાય. અનુભવનો વિષય પૂછ્યો છે ને ? શુદ્ધાત્માનું સ્વરૂપ શું એ કહેવાય ગયું. હવે એ શુદ્ધાત્મા આપે કહ્યો. પણ એનો અનુભવ મને કેમ થાય ? પ્રત્યક્ષ અનુભવ કેમ થાય. એ બતાવે છે પ્રક્રિયા. એ અનુભવી જ બતાવી શકે. બિન અનુભવી અનુભવની વાત ન કરી શકે.

એ તો અનુભવી છે ને મુનિરાજને પ્રચુર સ્વસંવેદન છે. પ્રચુર આનંદનો અનુભવ કરનારા ત્રણ કષાયનો અભાવ છે. અત્યારે લોકાંતિક દેવમાં ગયા છે કુંદકુંદ આચાર્ય ભગવાન, ત્યાંથી નીકળીને મોક્ષ થઈ જશે ખલાસ એકાવતારી. (શ્રોતા :- લોકાંતિકમાં છે ?) કોઈ કોઈ મુનિઓ પંચમકાળમાં લોકાંતિકમાં જઈ શકે છે. બ્રહ્મચારી બધા હોય. એ ત્યાં ક્યાંય જાય નહિ. કલ્યાણકમાં ન જાય. પોતે પોતામાં. બ્રહ્મચારી હોય બધા. લોકાંતિકમાં છે અત્યારે, ત્યાં દેવીઓ નથી કોઈ. પહેલાં, બીજા કે ત્રીજા સુધી હશે જે હોય તે હશે શાસ્ત્રમાં. એવું લખ્યું કે અષ્ટપાહુડમાં કે આ કાળે પણ કોઈ જીવ લોકાંતિક દેવમાં જઈને સીધા ત્યાંથી નીકળીને મોક્ષ થઈ જાય છે એકાવતારી. બધા એકાવતારી હો. અહિંયા પણ બ્રહ્મચારી અને ત્યાં પણ બ્રહ્મચારી. બધાય નહીં. કેટલાક અહિંયા બ્રહ્મચારી હોય પછી પહેલાં બીજામાં જાય. એ જુદી વાત છે એ બ્રહ્મચારી જ છે દૃષ્ટિ અપેક્ષાએ જ્ઞાનમાં જ છે રાગમાં ક્યાં ગયો છે. આહાહા ! રાગને અડતો નથી તો એ દેવીને અડે આત્મા એને

અગ્નિને ઈંધન જેટલી ભિન્નતા છે. એમ દેવને દેવીની એટલી ભિન્નતા છે. દેવ દેવીના શરીરને અડતો નથી. અને રાગ થાય એને પણ અડતો નથી અને રાગના જ્ઞાનને પણ અડતો નથી. એ તો આત્માના જ્ઞાનને અડી ગયો છે.

કહે છે કે દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી, એવી રીતે જ્ઞેયાકાર થવાથી ઓલો દાહ્યાકાર કહ્યો હતો ને લાકડાને બાળે છે તો દાહ્યાકાર, દાહ્યના બળવા લાયક પદાર્થના આકારે એની પર્યાય થાય છે, વ્યંજન પર્યાય. એક અર્થ પર્યાય અને એક વ્યંજન પર્યાય. એવી રીતે જ્ઞાનાકાર થવાથી જે પદાર્થ, આ પેપરવેઈટ છે તે જ્ઞેય છે જ્ઞાન તો અંદર થાય છે. જ્ઞાન જ્ઞાનથી થાય છે. જ્ઞેય જ્ઞેયથી છે. જ્ઞેય અને જ્ઞાનને અત્યંત ભિન્નતા છે. જ્ઞેય ભિન્ન ને જ્ઞાન ભિન્ન પણ આ જ્ઞેયમાં જ્ઞેયત્વ છે, પ્રમેયત્વ છે અને અહિં પ્રમાતા છે જ્ઞાતા, તો આની સ્વચ્છતામાં જ્ઞેયો પ્રતિભાસે છે, ઝળકે છે. પ્રતિબિંબિત થાય છે.

દર્પણમાં બીજા પદાર્થો પ્રતીબિંબિત થાય. જો જો આ અનુભવની કળા શીખવાડે છે. પણ જેને શુદ્ધાત્મા બેસી ગયો છે એને અનુભવ થશે. પર્યાયથી સહિત કથંચિત્ છે, એવા વ્યવહારને આગળ કરશે તો શ્રદ્ધાનો વિષય ખોટો છે. સર્વથા ભિન્નમાં આવી જા. સર્વથા ભિન્નપૂર્વક કથંચિત્ અભિન્ન અમે બતાવશું તને, સમય એક છે. સર્વથા ભિન્ન અને કથંચિત્ અભિન્ન. સર્વથા ભિન્ન કાયમ રહેશે અને કથંચિત્ ભિન્નાભિન્ન અનુભવ પછી જ્ઞાનની પર્યાયથી કાયમ રહેશે, ઈ કહેશે હમણાં.

તેવી રીતે જ્ઞેયાકાર થવાથી આ ક્લિપ જ્ઞેય છે. આંહીં જ્ઞાન છે. જ્ઞેયનું જેવું સ્વરૂપ છે એવું અહિંયા ભાસે છે. તો એને જ્ઞેયની પ્રધાનતાથી જ્ઞેયાકાર કહેવાય. જ્ઞેયને ગૌણ કરો તો જ્ઞાનાકાર છે. જ્ઞેયની સાપેક્ષતાથી જો જ્ઞાનને, તો એ જ્ઞેયાકાર કહેવાય. પણ જ્ઞેયનું લક્ષ છોડી દયો. તમે જ્ઞેયને ગૌણ કરો. જ્ઞેયનું સાપેક્ષ જ્ઞાન છોડી દયો તો તો જ્ઞાનાકાર જ છે. જ્ઞેયાકાર થયો જ નથી. પણ જ્ઞેયાકારથી સમજાવે છે. અસદ્ભૂત વ્યવહારથી સમજાવે છે. જ્ઞેયને જાણે છે, માટે આત્માને જાણનાર એમ કહેવામાં આવે છે.

અજ્ઞાની જીવોને જુઠા વ્યવહારથી સમજાવે છે. પછી જુઠો વ્યવહાર છોડાવીને સાચા વ્યવહારથી સમજાવે અને સાચા વ્યવહારને છોડે તો અનુભવ થાય. આ ટૂંકી વાત છે. લાંબી તો કાંઈ વાત છે નહિ. પહેલાં કહે કે જ્ઞાન જ્ઞેયને જાણે છે. તેથી જાણનાર તે જુઠો વ્યવહાર, પછી કહે કે જ્ઞાન આત્માને જાણે છે તે સાચો વ્યવહાર પણ અનુભવ નહિં વ્યવહાર, જ્ઞાયક તો જ્ઞાયક છે તે નિશ્ચય છે. આ અનુભવની વિધિ બતાવી. આબેહૂબ અનુભવની વિધિ છે.

અમે બતાવશું અનુભવની વિધિ પણ તું પ્રત્યક્ષ અનુભવ કરીને પ્રમાણ કરજે. એને

ખાત્રી છે કે આ રીતે કોઈ લાઈનમાં આવીને અમે જેમ કહીએ છીએ તેમ જો લક્ષમાં લઈને આત્માનો અનુભવ કરે તો અનુભવ થશે. આત્માના અનુભવ વિના મોહ ક્ષય થવાનો નથી. એક જ ધર્મની ક્રિયા છે આત્માનો અનુભવ. બીજી કોઈ ક્રિયા છે નહિં મોક્ષમાર્ગની. આત્માને જાણવો ને આત્માને શ્રદ્ધવો ને આત્મામાં ઠરવું. એવી રીતે જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. ઓમાં 'કહેવાય છે' આવ્યું'તું અજ્ઞાની લોકો કહે છે. કહેવાય છે એટલે એમ છે નહીં. અગ્નિ લાકડાને બાળે છે એમ અજ્ઞાની વ્યવહારીજનો પરસ્પર વાતો કરે છે. કહેવાય છે. કહેવાય છે એમ છે નહીં.

હવે અહીં બીજો બોલ કે તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. જ્ઞેયને જાણે છે માટે આત્માને જાણનાર કહેવાય એ વાત અજ્ઞાનીને પ્રસિદ્ધ છે. અને જે પ્રસિદ્ધ છે એના દ્વારા સમજાવે છે 'ઘીનો ઘડો' તરત જ ઊભો રહ્યો. 'ઘીનો ઘડો' કેમકે એને એ અનુભવ છે. 'ઘડો માટીનો છે' ઈ તો એને અનુભવ નથી. 'ઘીનો ઘડો'.

હા. બરાબર. જો એને એની માન્યતા રાખીને પછી માન્યતા છોડાવે છે. એની માન્યતા રાખી પહેલી હા. સાહેબ બરાબર છે. 'ઘીનો ઘડો' ઉભો રહે. હા, કહેમાં. હમણા ઉતાવળ કરમાં. મારે બીજાું કહેવું છે. તું માનશ, એમ અમે માનતા નથી. તું જે રીતે જાણે છે એમ અમે જાણતા નથી. 'ઘીનો ઘડો' આવ્યું આ મારું. શું આવ્યું મોત આવ્યું તારું એમ છે નહિ. 'ઘીનો ઘડો' હોય નહિં. ત્યારે એની જે માન્યતા હતી એને આગળ કરી. 'ઘીનો ઘડો' પછી બ્રેકેટમાં કૌંસ કરી નાખ્યો, ખલાસ. 'ઘીનો ઘડો' આગળ વધીશમાં 'છે' ત્યાં આગળ 'ઘીનો ઘડો છે' એવું વાક્ય છે નહિ. 'ઘીનો ઘડો' બસ સ્ટોપ ત્યાં છે. ''છે તે માટીમય છે અને ઘી મય નથી'' આહાહા ! ઘીનો ઘડો કહ્યો ત્યાં રાજી થઈ ગયો એમ જ્ઞેયને જાણે છે માટે આત્માને જાણનાર કહેવાય ત્યાં તો રાજી થઈ ગયો ઊભો રહે. જ્ઞેયને જાણતો જ નથી. જો 'ઘીનો ઘડો' હોય તો આત્મા પરને જાણે. (શ્રોતા :- અપૂર્વ વાત છે)

શું કહ્યું ? ઘીનો ઘડો કોઈ દિવસ હોય નહિ અને આત્મા પરને જાણે નહિ. ભલે લોકાલોક જણાય, પ્રતિભાસે. પ્રતિભાસની મુખ્યતા નથી અત્યારે, લક્ષની મુખ્યતા છે. એ ધ્યાન રાખજો. આહાહા ! આ તો સમયસારમાં છે. અનુભવની વિધિ નિકટભવીને લાગૂ પડી જાય. નિકટભવીને લાગૂ પડે અંદરમાંથી હા આવે. વાહ રે વાહ ! સંતોએ અનુભવની વિધિ બતાવી. આહાહા !

જ્ઞેયાકાર થવાથી, એટલે જ્ઞેયને જાણે છે જ્ઞાન. જાણે છે ઈન્દ્રિયજ્ઞાન એને ઈન્દ્રિયજ્ઞાન સાથે જ્ઞાતા જ્ઞેયનો સંબંધ છે. ઈ હા પાડે છે. જ્ઞેયને જાણે એને જાણનાર કહેવામાં આવે. ભાઈ તું ઊભો રહે. જ્ઞેયાકાર થવાથી જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે, તો પણ આવું તને જે પ્રસિદ્ધ છે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે જ્ઞેયને જાણે તો અહિંયા જ્ઞાન થાય. જ્ઞેય આશ્રિત જ્ઞાન હોય. જ્ઞેયને ન જાણે તો જ્ઞાન જ ન હોય. એ તારી ખોટી વાત છે. એ પર જ્ઞેયને જાણે નહીં ત્યારે જ્ઞાન પ્રગટ થશે. અત્યારે તો તારું અજ્ઞાન છે. ઈન્દ્રિયજ્ઞાન છે. અદ્‌ભૂતથી અદ્‌ભૂત વાત છે.

(શ્રોતા :- પરજ્ઞેયને જાણે નહીં તો જ જ્ઞાન પ્રસિદ્ધ થાય.) તો જ જ્ઞાન પ્રગટ થાય. પરજ્ઞેયને હું જાણું છું એવો અભિપ્રાય રાખે ત્યાં સુધી એને પરસતાવલંબનશીલ જ્ઞાન ઈન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન થયા વગર રહેશે નહિ. અને ઈન્દ્રિયજ્ઞાનમાં આત્મા ત્રણકાળમાં નથી જણાતો. ઈન્દ્રિયજ્ઞાન પરને જાણે છે અને અતીન્દ્રિયજ્ઞાન સ્વને જાણે છે. અતીન્દ્રિયજ્ઞાન સ્વને જાણે અને પરને ન જાણે અને ઈન્દ્રિયજ્ઞાન પરને જાણે અને સ્વને ન જાણે. બે વિભાગ છે અંદરમાં આહાહા !

ભિન્ન ભિન્ન જ્ઞાનો વડે ઉપલબ્ધ હોવાથી ઈન્દ્રિયજ્ઞાન દેહને જાણે છે અને સ્વસંવેદનજ્ઞાન આત્માને જાણે છે. બે ભાગ અંદર છે. ઉપયોગથી આત્મા અનન્ય છે. એટલે ઉપયોગ આત્માને જાણે છે. અને ઈન્દ્રિયજ્ઞાન ભાવઈન્દ્રિય આત્માથી સર્વથા ભિન્ન છે, માટે ભાવઈન્દ્રિય આત્માને જાણતી નથી. એકલી પરની પ્રસિદ્ધિ કરે છે તે અજ્ઞાન છે.

કહે છે કે એ ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. જાણનાર જાણનાર કહ્યો પરને જાણે છે માટે જાણનાર કહ્યો તે ઘીના ઘડા જેવું કથન છે. તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી જ્ઞાનને. જ્ઞેયને જાણે છે એમ કહ્યું તેથી જ્ઞેય છે તો જ્ઞાન છે ને જ્ઞેયથી જ્ઞાન થયું ને જ્ઞેયનું જ્ઞાન થયું તેમ નથી. જ્ઞેયનું જ્ઞાન જ ન થાય. જ્ઞાન આત્માનું થઈ રહ્યું છે બધાને. એને ભ્રાંતિ થઈ છે કે મને જ્ઞેયનું જ્ઞાન થઈ રહ્યું છે. જ્ઞેયનું જ્ઞાન જ ન હોય. જો જ્ઞાન જ્ઞેયનું હોય તો જ્ઞાન એ રૂપ થઈ જાય. જ્ઞાન તો આત્માનું છે. સમયે સમયે આત્મા જણાય છે અજ્ઞાનીને પણ, પણ મનાઈ ગયું છે કે મને પર જણાય છે. આ અનુભવની વિધિ બતાવે છે, ધ્યાન રાખજો. અપૂર્વ વિધિ છે.

તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જ્ઞેય છે તો અહિંયા આત્મજ્ઞાન થાય છે. અને જ્ઞેયથી આત્મજ્ઞાન થાય છે એમ છે નહિં. તો તો જ્ઞાન પરાધીન થઈ ગયું ને તો તો પરાવલંબી જ્ઞાન થઈ ગયું. જ્ઞેયનું અવલંબન લ્યે તો જ જ્ઞાન પ્રગટ થાય અને જ્ઞેયનું અવલંબન છોડે તો જ્ઞાનનો અભાવ થઈ જાય એમ છે નહીં. જ્ઞેય આશ્રિત જ્ઞાન નથી. જ્ઞાયક આશ્રિત જ્ઞાન છે એક અપેક્ષાએ. બીજી અપેક્ષાએ તો જ્ઞાનની પર્યાયને આશ્રયે જ્ઞાનની પર્યાય થાય છે.

હવે કહે છે કે જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. આહાહા ! જ્ઞેય જ્યારે પ્રતિભાસે છે ત્યારે અહિંયા જ્ઞાન થાય છે ને એનું જ્ઞાન થાય છે એમ નથી. કારણ કે, હવે એનું કારણ આપે છે. કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં, જો મુદ્દાની વાત આવે છે. જ્ઞેયાકાર અવસ્થામાં એટલે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞેયનો જ્યારે પ્રતિભાસ થાય છે જ્ઞાનમાં ત્યારે જ્ઞાન એને જાણતું નથી. પણ જ્ઞેય જણાય છે, એવા કાળે જ્ઞેયનો પ્રતિભાસ જ્ઞાનમાં થાય છે, એવા કાળે જે પ્રતિભાસ થાય છે જ્ઞેયનો તો જ્ઞેય જણાય છે કે એ વખતે આત્મા જણાય છે. જો જ્ઞેય જણાય છે એમ લાગે તો અજ્ઞાની છે. જ્ઞેયનો પ્રતિભાસ થાય છે ત્યારે પણ એ પ્રતિભાસ નથી જણાતો પણ જાણનાર જણાય છે તો અંદરમાં આવીને અનુભવ થઈ જાય છે. આ અનુભવની વિધિ બતાવે છે.

જ્ઞેય રાખવું સામે રાખવું હોં. સામે રાખીને કહેવું કે મને જ્ઞેય નથી જણાતું મને મારો આત્મા જણાય છે. ભેદ અપેક્ષાએ જ્ઞાન જણાય છે. અભેદ અપેક્ષાએ જ્ઞાયક જણાય છે, એમ લેવું. તો લક્ષ જ્ઞેય ઉપરથી છૂટી જશે. ઈન્દ્રિયજ્ઞાન રોકાઈ જશે. નવું અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થઈને પ્રત્યક્ષ આત્માનો અનુભવ થશે. આ અનુભવની વિધિ બતાવી. હવે વખત થઈ ગયો. ફરીથી કાલે લેશું. (શ્રોતા :- આ જ વિષય લેવા જેવો છે)

પહેલાં શુદ્ધાત્માનું શ્રદ્ધાન તે મેઈન ચીજ છે. પર્યાયથી રહિત છે. હવે પર્યાયથી રહિત તો જગદીશની દુકાનથી તો રહિત જ હોય ને આત્મા. એય જગદીશ ! દુકાન તારી છે. અરે પરિણામથી રહિત છે તો પર પદાર્થથી રહિત હોય એમાં કહેવાનું શું હોય. પર પદાર્થ આત્માના ક્યાં છે ? ચાલો. જિનવાણીની સ્તુતિ બોલો.

## પ્રવચન નં. ૧૮
### અમૃતપ્રભાત એપાર્ટમેન્ટ - રાજકોટ
### તા. ૨૪-૭-૯૧

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. તેનો પ્રથમ જીવ નામનો અધિકાર તેમાં છઠ્ઠી ગાથા ચાલે છે. છઠ્ઠી ગાથામાં બે પારા છે તેમાં પહેલોં પારો છે, કે આ જે આત્મા છે તે ભગવાન પરિણામ માત્રથી રહિત છે, એ દૃષ્ટિનો વિષય છે, એ ઉપાદેય છે, અવલંબનભૂત છે, આશ્રયભૂત છે તેમાં અહં કરવા યોગ્ય છે. અહં કરે છે પર્યાય ને અહં થાય છે આત્મામાં.

જેમ કે આ દેહ મારો, તો દેહ છે તે આત્માથી જુદી ચીજ છે તેમાં અહં કરે છે પર્યાય, આ દેહ મારો, રાગ મારો, કુટુંબ મારું, દેવગુરુશાસ્ત્ર મારા, જગતમાં પદાર્થ બે પ્રકારના છે એક સ્વ અને એક પર.

આ આત્મા એક એવી ચીજ છે કે જેમાં સમયે સમયે આત્માનું જ્ઞાન પ્રગટ થાય છે. ઉપયોગ લક્ષણ છે. એ ઉપયોગમાં સ્વ અને પર બેય પદાર્થનો પ્રતિભાસ થાય છે. દર્પણમાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જેમ દર્પણનું દળ પણ પ્રતિભાસે છે પ્રતિબિંબિત થાય અને દર્પણની સ્વચ્છતામાં અગ્નિ, કોલસા, ઝાડ આદિ બધા પરપદાર્થો જે ભિન્ન છે તે પણ પ્રતિભાસે છે. અભિન્ન તો પ્રતિભાસે પર્યાયમાં, દર્પણની સ્વચ્છ પર્યાયમાં-એનાથી જે અનન્ય અભિન્ન દળ છે એનું અરીસો દ્રવ્ય એ દ્રવ્યની પર્યાયમાં દ્રવ્ય તો પ્રતિભાસે, પ્રતિભાસે અને પ્રતિભાસે. પણ એ ઉપરાંત એ દર્પણની સ્વચ્છ પર્યાયમાં એની સ્વચ્છતા એવી છે કે જે ભિન્ન પદાર્થો હોય એ પણ એમાં પ્રતિભાસે. પણ ભિન્ન પદાર્થ એમાં આવે નહિ. જેમ અભિન્ન દર્પણ એમાં પ્રતિભાસે એમ ભિન્ન પદાર્થ એમાં પ્રતિભાસે.

એને જોનારા બે છે. એક કહે છે કે મને દર્પણ જણાય છે અને બીજો એમ કહે છે કે મારું મોઢું જણાય છે. દર્પણની સામે ઊભા રહીને પણ દર્પણ દેખાતો નથી પણ પોતાનું મોઢું દેખાય છે, એને દર્પણ તિરોભૂત થઈ ગયો છે. દર્પણનું દર્શન અદર્શન થઈ ગયું છે. દર્પણ દેખાતો હોવા છતાં એને દર્પણ દેખાણો નહિં પણ એને પોતાનું મોઢું દેખાણું એમાં, તો એ અજ્ઞાની થઈને બહાર નીકળે છે.

અને બીજો દર્પણની સામે ઊભા રહીને ભલે ચાંદલો કરે પણ દેખાય છે મને દર્પણ. મારું શરીર કે કપાળ દેખાતું નથી, મને તો દર્પણ દેખાય છે. તો તે જ્ઞાની થઈને બહાર નીકળી જાય. દેખાય છે બે. કોઈ તો નિમિત્ત ઉપર લક્ષ કરીને બહાર નીકળે છે અને કોઈ તો ઉપાદાન ઉપર લક્ષ કરીને બહાર નીકળે છે. દર્પણ ઉપાદાન છે અને આ શરીરનો ભાગ પ્રતિભાસે છે તે નિમિત્ત છે. (આ દૃષ્ટાંત થયો.)

એમ આ આત્મા છે, એ અનાદિકાળનો ભિન્ન છે. બે પદાર્થ ભિન્ન ભિન્ન છે. સર્વથા ભિન્ન છે. પરદ્રવ્યથી આત્મા ભિન્ન અને આત્માથી પરદ્રવ્ય ભિન્ન છે. પણ એની અવસ્થામાં સમયે સમયે જ્ઞાન પ્રગટ થાય છે. જેમ સમયે સમયે દર્પણની સ્વચ્છતા પ્રગટ થાય છે. એમ આત્મામાં આત્માને પ્રસિદ્ધ કરનારું જ્ઞાન પણ સમયે સમયે પ્રગટ થાય છે. પણ એની સ્વચ્છતા એવી છે કે એમાં બીજા પદાર્થો પણ ઝળકે છે. રાગાદિ, દુઃખ, શરીર, દેવગુરુ શાસ્ત્ર એ પણ ઝળકે છે.

એ વખતે ભાન ભૂલી જાય છે કે આ જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે, તે ભૂલી ગયો અને જ્ઞાનમાં રાગ ને જ્ઞેય જણાય છે એમ જ્યારે એને ભાસે છે તો જ્ઞાનનું અજ્ઞાન કરી નાખ્યું. અને જે જણાય એમાં એનું શ્રદ્ધાન થઈ ગયું. દેહ જણાય તો દેહ મારો, રાગ જણાય તો રાગ મારો અને આત્મા જણાય તો આત્મા મારો. જણાય પ્રતિભાસ બેનો પણ લક્ષ એકનું થાય છે.

હવે આત્મા આવો છે દૃષ્ટિનો વિષય જે આપ્યો, પર્યાય માત્રથી ભિન્ન અકર્તા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

એને જાણનાર કોણ છે ? એને જાણનાર જ્ઞાન છે. એ જ્ઞાન કેવું છે ને એમાં શું જણાય છે ને જ્ઞાન કોને જાણે છે ? એ બધી વાત હવે આમાં કરશે, અનુભવની વાત. આમાં અનુભવની વિધિ છે. શીરો બનાવવાની જેમ વિધિ હોયને, એમ આત્માનો અનુભવ કેમ થાય એની વિધિ છે. અનુભવના વિષયમાં ભૂલ હશે તો અનુભવ નહિં થાય. અનુભવનો વિષય જે ત્રિકાળી દ્રવ્ય છે. એને જો અશુદ્ધ માને ને રાગી માને ને પર્યાય સહિત માને તો એને તો અનુભવ થવાનો અવકાશ જ નથી.

પણ ત્રિકાળ શુદ્ધ હું પરમાત્મા છું, પામર નથી. કર્મનો બંધ મને થયો નથી અને રાગ દ્વેષરૂપ હું કોઈ દિ' પરિણમતો જ નથી જડરૂપે. તેથી હું રાગનો કર્તા થતો નથી. અને દુઃખનો ભોક્તા પણ થતો નથી. બધા જીવની આ વાત છે. નિગોદનો જીવ અત્યારે દુઃખનો ભોક્તા નથી એ જીવ જીવ છે. દુઃખને ભોગવે છે એ જીવ નથી એ અજીવ છે, અનાત્મા છે, એ વાત કહે છે.

દૃષ્ટાંત આપ્યું કે દાહ્યાકાર અવસ્થામાં દાહ્યના આકારે થવાથી બળવા યોગ્ય પદાર્થના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે. અગ્નિ લાકડા છાણાને બાળે છે એમ કહેવાય છે. એમ અજ્ઞાનીજનો બકે છે કહે છે. અગ્નિ લાકડાને બાળતી જ નથી. અત્યાર સુધી કોઈ અગ્નિ એવી નથી કે કોઈ લાકડાને બાળતી હોય. પણ અગ્નિનો સંયોગ દેખીને લાકડાની સ્વભાવ દૃષ્ટિ જેને છૂટી ગઈ છે અને સંયોગ દૃષ્ટિથી જોતાં એમ લાગે છે કે અગ્નિથી લાકડું સળગ્યું.

હવે અગ્નિ છે એ સંયોગને તમે ન જુઓ. લાકડાની ત્રિકાળી ઉપાદાન શક્તિ ને ક્ષણિક ઉપાદાન શક્તિથી જોવો. તો લાકડું સ્વભાવે ત્રિકાળ શીતળ છે અને શીતળતા નામનો એમાં ગુણ છે. સ્પર્શ નામનો ગુણ છે તો શીત ને ઉષ્ણ એની પર્યાય થાય. તો એ ત્યાં સુધી લાકડું લાકડારૂપે હતું ત્યાં સુધી તો એ શીત હતું, ઠંડુ હતું. લાકડા ઉપર હાથ મૂકો તો બળે નહીં. પણ એની પર્યાયમાં એની પર્યાયનો સ્વકાળ થયો તો શીત પર્યાયનો વ્યય અને ઉષ્ણ પર્યાયનો ઉત્પાદ. એના ઉપાદાનના કારણથી ઊની થઈ છે પર્યાય. લાકડાને કારણે નહિ અને અગ્નિનું પણ એમાં કારણ નથી. સંયોગથી ન જો. લાકડાના સ્વભાવથી જો.

લાકડાના ત્રિકાળ સ્વભાવને ગૌણ કરીને લાકડાની પર્યાયના સ્વભાવથી જો. લાકડું છે એમાં સ્પર્શ નામનો ગુણ છે. પુદ્‌ગલમાં સ્પર્શ નામનો ગુણ હોય જ. કોઈ વખતે ઠંડી અવસ્થા થાય ને કોઈ વખતે ઉની અવસ્થા થાય. ઈ એના ગુણધર્મથી થાય છે. એનો જે ગુણ છે સ્પર્શ નામનો, એની જે અવસ્થા ઠંડી ઉની થાય છે એ પોતાથી થાય છે. લાકડું તો ઠંડું છે. એ ઠંડું લાકડું ઉષ્ણ પર્યાયની રચના કરતું નથી અને અગ્નિ જે સંયોગરૂપે છે તે આના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સ્વભાવને પરિવર્તન કરી શકતી નથી. ઠંડી અવસ્થાનો વ્યય અને ઉષ્ણ અવસ્થાનો ઉત્પાદ એ લાકડાને આધારે છે અગ્નિના આધારે નથી.

ઉત્પાદ-વ્યય, ધ્રુવના આશ્રયે છે. ઉત્પાદ-વ્યય સંયોગના આશ્રયે નથી. દેખાય છે વ્યવહારીજનને એમ કે અગ્નિથી લાકડું ઉનું થયું પણ એમ છે નહિ. સો ટકા ખોટી વાત છે. વ્યવહારે સાચી, વ્યવહારે સાચી, એટલે નિશ્ચયે ખોટી છે એ વાત. આ લાકડું ગરી ગયું છે અગ્નિ લાકડાને બાળે છે એ લાકડું ગરી ગયું છે. એમ જ્ઞાન જ્ઞેયને જાણે છે એ લાકડું ગરી ગયું. એ મિથ્યાત્વનું લાકડું કેમ છૂટે અને આત્માને આત્માનો પ્રત્યક્ષ અનુભવ કેમ થાય. એ અનુભવની વિધિ બીજા પારામાં છે.

અનુભવનો વિષય આપી દીધો જ્ઞાયકભાવ, એમાં પ્રમત્ત અપ્રમત્ત દશાઓ નથી. અનંત ગુણથી એકત્વ અને અનંત પર્યાયથી વિભક્ત. દૃષ્ટિનો વિષય આપ્યો. હવે દૃષ્ટિના વિષયને દૃષ્ટિમાં લઈને એને કેમ પ્રત્યક્ષ અનુભવવો એની કળા અને વિધિ આચાર્ય ભગવાન અનુભવી પુરુષ બતાવે છે.

કે દાહ્યાકાર થવાથી અગ્નિને દહન કહેવાય છે. અગ્નિ બાળે છે લાકડાને, છાણાને, સૂકા ખડને બાળે છે એમ કહેવાય છે હો. એમ કથન કરવામાં આવે છે. જેમ કથન કરવામાં આવે છે એવું સ્વરૂપ નથી. કહેવાય છે. એવો શબ્દપ્રયોગ છે. તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. અગ્નિ તો અગ્નિથી છે. લાકડું બાળે છે માટે અગ્નિ છે એવી પરાધીન અવસ્થા એની નથી. લાકડાની ઉષ્ણ પર્યાય પણ લાકડાથી થઈ નથી ને અગ્નિથી થઈ નથી. એ લાકડાની તત્ સમયની યોગ્યતા હતી. પૂર્વ પર્યાયનો વ્યય અને ઉત્તર પર્યાયનો ઉત્પાદ્. ક્ષણિક ઉપાદાનથી કાર્ય થયું છે. નિમિત્તથી થતું નથી અને ત્રિકાળી ઉપાદાનથી પણ થતું નથી.

શું કહ્યું ? બે દ્રવ્યની એકતા એવી થઈ ગઈ છે (અભિપ્રાયમાં) કે આવી સૂક્ષ્મ વાત એના ખ્યાલમાં પણ આવતી નથી કે આ શું કહેવા માગે છે. એના શબ્દનું વાચ્ય પણ એને ખ્યાલમાં આવતું નથી. એટલી બધી બુદ્ધિ બિડાઈ ગઈ છે. કષાયથી અનુરંજીત પરિણામ તેને લેશ્યા કહેવામાં આવે છે. આખો દિવસ ચોવીસ કલાક ઉપયોગને રાગમાં રગદોળે છે. ઉપયોગ એમાંથી છૂટો પડતો નથી. આત્માનો વિચાર કરવાનો અવકાશ ન મળે ચોવીસ કલાકમાં.

કહે છે કે તું એમ કર. ઉપયોગ ને રાગ બેય ભિન્ન છે. ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં રાગ નથી. એવો ઉપયોગ છે કે જેમાં આત્મા જણાય રહ્યો છે અને જેમાં પર જણાતું નથી, એવો ઉપયોગ પ્રગટ થાય છે. છતાં પરનો પ્રતિભાસ થાય છે. પ્રતિભાસનો નિષેધ નથી પણ મને ઈ જણાય છે એનો નિષેધ છે. આહાહા ! એ જણાતું નથી જાણનાર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જણાય છે એમ કહેશે.

દાહ્યના  આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. કેમકે અગ્નિ તો અગ્નિથી છે. લાકડું લાકડાથી છે. લાકડાની ત્રિકાળી ઉપાદાન શક્તિ ઠંડી છે. ક્ષણિક ઉપાદાન જે પ્રગટ થયું તે ઉષ્ણ છે. અને અગ્નિ તેનાથી તદ્દન ભિન્ન છે. એટલે કે એને બે વચ્ચે કર્તા કર્મનો સંબંધ નથી અને નિમિત્ત નૈમિત્તિક સંબંધ પણ નથી. અગ્નિ એમાં નિમિત્ત નથી. જો નિમિત્ત તને દેખાશે તો ઉષ્ણ પર્યાય નૈમિત્તિકરૂપે દેખાશે લાકડાની. પણ એ નિમિત્તથી નિરપેક્ષ તત્ સમયની પર્યાયની યોગ્યતાથી ક્ષણિક ઉપાદાનથી ઉષ્ણ થયું છે એવો ખ્યાલ આવશે, તો અગ્નિથી આ લાકડું ગરમ થયું એ શલ્ય નીકળી જશે.

લાકડા ઉપરથી દૃષ્ટિ છૂટીને અગ્નિ ઉપર આવી જશે. અગ્નિ તો અગ્નિ છે. લાકડાને બાળે છે માટે અગ્નિ છે નહિ. કાલ પ્રશ્ન હતો ગુરુ (પાસે) શિષ્યનો. તેથી દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. લાકડાને બાળે માટે અગ્નિ છે એવી પરાધીનતા નથી. અગ્નિ સ્વાધીન છે, પોતાથી છે એ દૃષ્ટાંત થયું.

એ બન્નેને નિમિત્ત નૈમિત્તિક સંબંધ નથી. કર્તા કર્મ સંબંધ તો નથી અગ્નિથી તો લાકડું બળતું નથી પણ લાકડાની ઉષ્ણ પર્યાય એના ક્ષણિક ઉપાદાનથી થાય છે. માટે એ નૈમિત્તિક નથી. અગ્નિ નિમિત્ત નથી ને લાકડું નૈમિત્તિક નથી. અહિંયા ક્ષણિક ઉપાદાન તો ત્યાં પણ ક્ષણિક ઉપાદાન એનું. એનું ક્ષણિક ઉપાદાન એનાથી અનન્ય અને આનું ક્ષણિક ઉપાદાન આનાથી અનન્ય. બન્નેને કાંઈ સંબંધ નથી. કર્તા કર્મ સંબંધ નથી અને નિમિત્ત નૈમિત્તિક સંબધ પણ નથી.

નિમિત્ત નથી અગ્નિ, અગ્નિ નિમિત્ત દેખાશે, તો કહે છે કે લાકડાની સ્વશક્તિ તને દેખાણી નહિ. પર્યાયની સ્વશક્તિ તને ન દેખાણી. ક્ષણિક ઉપાદાન ન દેખાણું. ક્ષણિક ઉપાદાન નહીં દેખાય તો ત્રિકાળી ઉપાદાન નહિં દેખાય. ક્ષણિક ઉપાદાનથી જો. અગ્નિ કર્તા છે એમ નીકળી જશે. અગ્નિ નિમિત્ત છે, પણ જ્યાં ઉપાદાન છે ત્યાં તો ખલાસ થઈ ગઈ વાત. બન્ને જગ્યાએ ઉપાદાન છે. અગ્નિની પર્યાય અગ્નિનું ઉપાદાન અને ત્યાં લાકડાની પર્યાય પ્રગટ થાય ત્યાં એનું ઉપાદાન છે.

આ જગતમાં કોઈ નિમિત્ત નથી. એક વાર વાત કરી હતી. ઘણા વરસ પહેલાં મુંબઈ ગયા પહેલાં કહ્યું હતું. પહેલાં તો હું વાંચતો'તો. ચંદુભાઈ નહોતા વાંચતા. નિયમિત હું વાચતો'તો. એક વાક્ય કહ્યું'તું. આ જગતમાં કોઈ નિમિત્ત નથી બધા ઉપાદાન છે. બધાને ઉપાદાનથી જો. કોઈ પણ પદાર્થ નિમિત્ત તમને દેખાશે તો અહિં નૈમિત્તિક અવસ્થા પ્રગટ થઈ જશે. પછી ગયા ફરવા તે વખતે તો મોટર લઈને રવિવારે ફરવા જતા. તેમાં મોદીસાહેબ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાથે હતા. એને સાંભળ્યું આ કે જગતમાં કોઈ નિમિત્ત નથી ! તો ફરવા જાય તત્ત્વચર્ચા કરવા તો ત્યાં મોદીસાહેબે પૂછ્યું કે આ તમે શું કહ્યું વાંચનમાં. કે જગતમાં કોઈ નિમિત્ત નથી. મેં કહ્યું હા, કોઈ નિમિત્ત નથી. બધા ઉપાદાન છે.

એ ઉપાદાનના બે પ્રકાર છે. ધ્રુવને ત્રિકાળી ઉપાદાન કહેવાય અને એની પર્યાય પલટે છે એ એની એને ક્ષણિક ઉપાદાન કહેવાય. ઉપાદાનનો અર્થ સ્વશક્તિ છે. ઉપાદાનનો અર્થ સ્વશક્તિ, સ્વશક્તિને ઉપાદાન કહેવાય. લાકડાની પર્યાય ગરમ થઈ છે. એ એની પોતાની સ્વ શક્તિથી ગરમ થઈ છે. ઠંડી પર્યાયનો વ્યય અને ઉષ્ણ પર્યાયનો ઉત્પાદ થયો છે. એ એનાથી થયો છે. એને અગ્નિ અડી નથી. લાકડાને અગ્નિ અડે નહીં અને લાકડાની ઉષ્ણ પર્યાય થઈ જાય. એને એ લાકડાની ઉષ્ણ પર્યાય થાય અને અગ્નિ તો અડે નહિં પણ એને લાકડું પણ અડે નહિં. આવી ઝીણી વાતો છે.

(શ્રોતા :- લાકડા નીકળી જાય તેવી વાત છે અને ગુરુદેવ લોજીકથી શબ્દ વાપરતા) પ્રભુ એક વખત આ અનુભવની કળા તો શીખી લે. અનુભવ થતાં કદાચ વાર લાગે પાંચ પંદર દિ’ મહિનો બે મહિના ઝાઝો તો ટાઈમ નહિં લાગે અનુભવમાં, પણ તું અનુભવની વિધિ તો જાણ. અનુભવની વિધિ તો જાણી લે તો અનુભવ થશે. આ અનુભવની વિધિ આમાં છે ચોખ્ખી.

કે એવી રીતે જ્ઞેયાકાર થવાથી, દ્રવ્યસત્, ગુણસત્ અને પર્યાયસત્ આવો એક સિદ્ધાંત છે. દિવ્યધ્વનિમાં આવેલી વાત પ્રવચનસારમાં આચાર્ય ભગવાને છએ દ્રવ્યની વાત કરી. કે દ્રવ્યસત્ એના ગુણો સત્ અને એની પર્યાય પણ સત્. સત્ હોય એને હેતુ કોઈ કારણ ન હોય. જેમ આ લાકડાની પર્યાય ઉત્પન્ન થઈ એનો હેતુ કોઈ નથી. હેતુ એટલે કે એનું કોઈ કારણ નથી. એ કાર્યનું કારણ પોતે છે. કારણ પણ પોતે ને કાર્ય પણ પોતે છે. એનું કારણ લાકડું નથી અને એનું કારણ અગ્નિ પણ નથી. આવી સત્ અહેતુક પર્યાય પ્રગટ થાય છે. છ એ દ્રવ્યોમાં. મિથ્યાત્વની પર્યાય પણ સત્ અહેતુક છે. દર્શનમોહથી થતી નથી. દર્શનમોહ એમાં નિમિત્તેય નથી. આહા ! નિમિત્ત વિના થાય તો તો સ્વભાવ થઈ જશે ? હા. પર્યાય સ્વભાવ થઈ જશે. ક્ષણિક ઉપાદાન છે. ક્ષણિક અશુદ્ધ ઉપાદાન એને કહેવાય.

ત્રિકાળી ઉપાદાન એક પ્રકારનું અને ક્ષણિક ઉપાદાનના બે પ્રકાર. એક ક્ષણિક શુદ્ધ ઉપાદાન અને એક ક્ષણિક અશુદ્ધ ઉપાદાન. જ્યાં મિથ્યાત્વ છે ત્યાં સુધી પર્યાયને ક્ષણિક અશુદ્ધ ઉપાદાન કહેવાય સ્વશક્તિ અને જ્યારે સમ્યગ્દર્શન થાય ત્યારે તેને ક્ષણિક શુદ્ધ ઉપાદાન કહેવામાં આવે છે. ઈ દર્શનમોહનો અભાવ થયો માટે સમ્યગ્દર્શન થયું એમ છે નહીં. આત્મા છે માટે સમ્યગ્દર્શન થયું એમ પણ છે નહિ. એ તત્ સમયની એની યોગ્યતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પ્રગટ થઈ છે ક્ષણિક શુદ્ધ ઉપાદાન. ત્યારે એને આત્માનું લક્ષ હતું તો આત્માથી થયું એમ આત્માને નિમિત્ત કહેવાય. આહાહા !

અદ્ભૂત આ અનુભવની કળા છે. આ આખો પારો અનુભવનો છે. આખો જે પારો છે ઈ અનુભવ કેમ થાય ? અનુભવનો વિષય આવી જાય ગુરુદેવના પ્રતાપથી. સમજી ગયા ? દ્રવ્ય સામાન્ય તે હું, પ્રમત્ત અપ્રમત્તથી રહિત છું. બંધ મોક્ષથી મારો આત્મા રહિત છે, ત્યાં સુધી આવ્યો. પણ જ્ઞાનની પર્યાયનો નિશ્ચય ન આવ્યો. જ્ઞાનની પર્યાયના અજ્ઞાનમાં ને કાં જ્ઞાનની પર્યાયના વ્યવહારમાં અટક્યો. પરને જાણે તે અજ્ઞાન અને સ્વપરને જાણે તે વ્યવહાર, પણ સ્વને જાણે તે નિશ્ચય, ત્યાં પહોંચ્યો નહિ. આહાહા !

અપૂર્વ જ વાત છે. આ છઠ્ઠી ગાથા જ અપૂર્વ છે. મીઠાભાઈ ! આહાહા ! મુંબઈ ગયો અહીંથી રાજકોટ છોડીને ત્યારે ત્યાં વાંચન શરૂ કર્યું ત્યારે ચોથી-પાંચમી ગાથા ચાલતી'તી. ત્યારે કહ્યું છઠ્ઠી ગાથા અપૂર્વ આવવાની છે. ચાર પાંચ દિ' સુધી છૂટ્યું પછી બધા તૈયાર થઈ ગયા છઠ્ઠી ગાથા સાંભળવા. એક ભાઈએ જ્યારે છઠ્ઠી ગાથા શરૂ કરીને ત્યારે છ-છ પેંડાની લાણી કરી. માણસો હોલમાં ચિક્કાર ભરેલું જગ્યા ન મળે ઝવેરી બજારમાં. એવી છઠ્ઠી ગાથા અપૂર્વ છે. છઠ્ઠીના લેખ ફરે નહીં.

બે પદાર્થ વચ્ચે કર્તા કર્મ સંબંધ નથી. બે પદાર્થ વચ્ચે નિમિત્ત નૈમિત્તિક સંબંધ નથી અને બે પદાર્થ વચ્ચે જ્ઞાતા જ્ઞેય સંબંધ પણ નથી. કોઈપણ એક સંબંધ માન્યો તો એ મિથ્યાદૃષ્ટિ છે, અજ્ઞાની છે. કોઈપણ એક સંબંધ માને ત્રણમાંથી. ત્રણમાંથી એકની મુખ્યતા પણ બે ગૌણ હોય એની પાસે એકની મુખ્યતા હોય તો બે ગૌણ હોય જ. ત્રણ એક સાથે ઉત્પન્ન થાય છે અને ત્રણ એક સાથે અભાવ થઈ જાય છે. એ તમારી ઘરે લીધા'તા આ ત્રણ પ્રકાર.

કહે છે કે તું અગ્નિને લાકડાની પર્યાયમાં નિમિત્ત તરીકે ન દેખ. એને નિમિત્તની જરૂર નથી. ઉપાદાનને નિમિત્તની જરૂર ન હોય. સમ્યગ્દર્શન પ્રગટ થાય એને દેવ ગુરુ શાસ્ત્રની દેશનાલબ્ધિની અપેક્ષા નથી. સાંભળ તો ખરો તું. દેવગુરુ શાસ્ત્રના લક્ષે સમ્યગ્દર્શન ન થાય. એના લક્ષે તો વ્યવહાર શ્રદ્ધા રાગ પ્રગટ થાય. પરના લક્ષે તો રાગ પ્રગટ થાય વ્યવહાર શ્રદ્ધા. નિશ્ચય શ્રદ્ધા પ્રગટ ન થાય. પર્યાયની સત્ અવસ્થા એને ખ્યાલમાં નથી આવતી એટલે આનાથી આ થાય, આનાથી આ થાય, આ વિના ન થાય. આ હોય તો થાય. આહાહા !

એવી રીતે જ્ઞેયાકાર થવાથી, શું કહે છે ? સિદ્ધાંત હવે. આ જ્ઞેય છે ને જ્ઞેયના બે પ્રકાર છે. સ્વજ્ઞેય છે ને એક પર જ્ઞેય છે. જગતનો પદાર્થ જ્ઞેય તરીકે છ એય દ્રવ્ય છે. બે પ્રકારના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞેય છે. તો જ્ઞેયાકાર થવાથી એટલે કે જ્ઞેયો આ જ્ઞાનમાં પ્રતિભાસે છે. જણાય રહ્યા છે. જ્ઞાન એને જાણતું નથી જણાય છે ખરું પણ જ્ઞાન એને જાણતું નથી, જણાય છે ખરું પણ જાણતું નથી. ઈ જણાયા જ કરે. જણાવાનું બંધ ન થાય. પણ જાણવાનું બંધ થાય ત્યારે અનુભવ થઈ જાય. આ જ્ઞેયો છે ને ત્યાં સુધી એમ લાગે છે કે મને જ્ઞેય જણાય છે. ત્યાં સુધી અજ્ઞાની છે. જ્ઞેય જણાય છે ત્યાં સુધી અજ્ઞાની છે ઈ. પણ જ્ઞેય જ્યારે જણાય છે પ્રતિભાસ થાય છે, ત્યારે જ્ઞેય નથી જણાતું, મારા જ્ઞાનમાં તો જ્ઞાયક જણાય છે. એ જ સમયે જ્ઞેયથી વ્યાવૃત થઈને જ્ઞેયથી પાછો ફરીને વ્યાવૃત થઈને એટલે જ્ઞેયને જાણવા રોકાણો હતો એને જાણવાનું બંધ થઈ જાય છે. જાણનાર જણાય છે. ત્યાં આખો શુદ્ધઉપયોગ થઈને અનુભવ થઈ જાય છે.

એ વાત આમાં મૂકી છે. ધ્યાન રાખીને સાંભળવા જેવું છે. પ્રયોગ કરશે તો સફળ થશે. આ પ્રયોગ અફર છે. કદાચિત્ અનુભવ થાય અને કદાચિત્ અનુભવ ન થાય એમ આમાં કથંચિત્ કે કદાચિત્ નથી. સર્વથા આમાં કહે છે તેમ કરે તો અનુભવ થયા વિના રહેતો નથી. સંતો કહે છે એમ કર તું. તારી માન્યતાને છોડી દે. હું પરને જાણું છું ને, પરને શું નથી જાણતો ? સ્વપરપ્રકાશક છે ને નહિંતર એકાંત થઈ જશે ને લાકડાં બધા કાઢી નાંખ. એકવાર તું અમે કહીએ છીએ એમ પ્રયોગ તો કર. આહાહા ! (શ્રોતા :- લાકડાં કાઢવાનો અવસર આવ્યો છે.)

જ્ઞેયાકાર અવસ્થામાં એમ કહે છે કે જ્ઞેયાકાર થવાથી આત્માને જાણનાર કહેવામાં આવે છે. કેમકે જાણનાર આત્મા છે એ એને જાણવામાં નહોતો આવ્યો અજ્ઞાનીને. આત્મા જાણનાર છે જાણનાર છે જાણનાર છે. જ્ઞાયક છે, જ્ઞાયક છે, જ્ઞાયક છે એમાં સમજતો ન હતો એટલે આચાર્ય ભગવાને અસદ્ભૂત વ્યવહાર દ્વારા એને જ્ઞાયકને સમજાવવાનો પ્રયત્ન કર્યો. વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે. પણ વ્યવહાર અનુસરવા યોગ્ય નથી. જ્ઞેયને જાણે છે માટે આત્માને જાણનાર જ્ઞાયક એમ કહેવામાં આવે છે. પણ એને જાણે છે માટે જાણનાર છે એમ છે નહિં. કોઈ વખત અસદ્ભૂત વ્યવહારથી સમજાવે કોઈ વખત સદ્ભૂત વ્યવહારથી સમજાવે. કોઈવાર એમ કહે છે કે જ્ઞેયને જાણે છે ને એટલે આત્માને જ્ઞાયક એવું નામ પ્રસિદ્ધ છે. એમ કહે પછી સદ્ભૂત વ્યવહારમાં લાવે ઓલું ખોટું છે ઈ ખોટો વ્યવહાર છે. આત્મા આત્માને જાણે છે અથવા આત્માનું જ્ઞાન આત્માને જાણે છે. ઈ અંદરમાં લાવે સદ્ભૂત વ્યવહાર, એમાંય એને અનુભવ ન થાય. તો જ્ઞાન પરને જાણે એમાં તો અનુભવ ન જ થાય. એમાં તો અનુભવની ગંધ પણ નથી-આમાં તો અનુભવની ગંધ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મારા જ્ઞાનમાં જ્ઞાયક જણાય રહ્યો છે, પર જણાતું નથી. જ્ઞેયાકાર થવાથી આત્માને જ્ઞાયક એવું નામ પ્રસિદ્ધ છે. પ્રસિદ્ધ છે લોકમાં પ્રસિદ્ધ છે કે જાણનાર કોને કહેવાય કે પરને જાણે તેને જાણનાર કહેવામાં આવે છે. સીધું એને એમ ન કહે કે આત્માને જાણે તે આત્મા. સમજે નહિં એટલે વ્યવહાર દ્વારા પરમાર્થ સમજાવે છે. જેમકે દૃષ્ટાંતથી ખ્યાલમાં આવે છે કે સૂર્ય છે ને સૂર્ય, તે રાત્રે અસ્ત થયો. અને સવારે ઉદય થયો તો સૂર્યના પ્રકાશ દ્વારા જો મકાન જણાય છે, તો સૂર્ય દૃષ્ટિમાં આવતો નથી. પણ પ્રકાશ દ્વારા પ્રકાશક જણાય છે તો એનું લક્ષ સૂર્ય ઉપર આવી જશે. અને સૂર્ય પ્રસિદ્ધ થઈ જશે એના જ્ઞાનમાં.

પણ જેને સૂર્યના પ્રકાશમાં મકાન આદિ પર પદાર્થ જણાય છે, દીવાના પ્રકાશમાં ઘટપટ જણાય છે. એને દીવો નહિં જણાય એના જ્ઞાનમાં દીવા સંબંધેનું અંધારું થઈ ગયું. દીવો તો પ્રકાશનો પુંજ છે પણ એના જ્ઞાનમાં અંધારું થઈ ગયું. શું કહ્યું ? એના જ્ઞાનમાં અંધારું છે. અત્યારે દીવાના પ્રકાશથી ઘટપટ જણાય છે મને એ અંધારું છે. એવી રીતે સૂર્યના પ્રકાશમાં મકાન જણાય છે, એ ઝળહળ જ્યોતિ સૂર્ય આવો દેદિપ્યમાન પ્રકાશનો પુંજ એના જ્ઞાનમાંથી નીકળી ગયો. એટલે એના જ્ઞાનમાં તો સૂર્ય સંબંધીનું અંધારું થઈ ગયું. સૂર્ય દેખાણો નહિ એને.

કેમકે લક્ષ એક ઉપર હોય, જ્યારે  મકાન ઉપર લક્ષ છે ત્યારે એને પ્રકાશક અને પ્રકાશક એવા સૂર્યનું લક્ષ છૂટી ગયું. આપણે પૂછીએ શું જણાય છે સૂર્ય ઉગ્યો તો, તો કહે મકાન જણાય છે. પિતા પુત્રને રાત્રે ચર્ચા થઈ કે પપ્પાજી આ અત્યારે તો મકાન દેખાતા નથી. તો કહે સૂર્યનો ઉદય નથી ને એટલે મકાન દેખાતા નથી. સૂર્યનો ઉદય નથી ને ? એટલે મકાન દેખાતા નથી, સવારે મકાન દેખાશે. સવારે સૂર્ય ઉગ્યો. બોલો બેટા હવે શું જણાય છે. મકાનો હવે જણાય છે. મકાનો જણાય છે કે કાંઈ બીજું જણાય છે ? જેના દ્વારા મકાનો પ્રસિદ્ધ છે એ વસ્તુ તને જણાય છે કે સૂર્યમાં જેનો અભાવ છે એ તને જણાય છે. સૂર્યમાં તો મકાનની નાસ્તિ છે અને મકાન જણાય છે તો તારા જ્ઞાનમાં અંધારું થઈ ગયું. સૂર્ય સંબંધીનું અજ્ઞાન.

સૂર્ય સંબંધીનું અજ્ઞાન ખ્યાલ રાખજો. સૂર્ય સંબંધીનું અજ્ઞાન એ આત્મા સંબંધીનું અજ્ઞાન થઈ ગયું. મને પર જણાય છે. આત્મા સંબંધીનું અજ્ઞાન, અંધારું થઈ ગયું છે. આહાહા ! જણાય છે બધાને આત્મા. અને મનાઈ ગયું છે કે મને પર જણાય છે. એ સૂર્યનું દૃષ્ટાંત આપ્યું. કે પ્રકાશ થયો તો એમાં તો પ્રકાશક સૂર્ય દેખાય છે. જેની દૃષ્ટિ સૂર્ય ઉપર નથી ઉપાદાન ઉપર નજર નથી, પર ઉપર નજર છે, તે કહે છે કે આ મકાન રાત્રે ન જણાય અત્યારે જણાય. સૂર્ય સંબંધીનું એના જ્ઞાનમાં અજ્ઞાન થઈ ગયું.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એવી રીતે લીંબુની ખટાશ લીંબુને પ્રસિદ્ધ કરે છે. જેમ સૂર્યનો પ્રકાશ સૂર્યને પ્રસિદ્ધ કરે છે ઘટપટને નહિં. કેમકે સામાન્યનું વિશેષ એ જે વિશેષ હોય તે જેનું વિશેષ હોય એને પ્રસિદ્ધ કરે. સૂર્ય સામાન્ય છે એનું વિશેષ એટલે પર્યાય સૂર્ય એટલે દ્રવ્ય અને સૂર્યની પર્યાય પ્રકાશ એ પર્યાય હવે એ જે એનું વિશેષ પ્રગટ થાય છે એ વિશેષ સૂર્યનું છે. એ વિશેષ તો સૂર્ય સાથે સંબંધ રાખે છે. પ્રકાશની પર્યાય તો સૂર્ય સાથે સંબંધ રાખે છે. એ જે જેનું એ વિશેષ હોય એને એ પ્રસિદ્ધ કરે. જેનું વિશેષ ન હોય એને એ પ્રસિદ્ધ ન કરે. મકાનનું વિશેષ નથી. સૂર્યનું વિશેષ છે. પ્રકાશની પર્યાય તો એને પ્રસિદ્ધ કરે છે.

એવી રીતે લીંબુ દાળમાં નાખ્યું તો દાળ ખાટી શાક ખાટું કે એ જે ખટાશ છે એ દાળનું વિશેષ છે કે લીંબુનું વિશેષ છે. ખટાશનો સંબંધ દાળની સાથે છે કે ખટાશનો સંબંધ પર્યાયનો લીંબુ સાથે છે. એ તો લીંબુની અવસ્થા છે એ તો લીંબુને પ્રસિદ્ધ કરે છે. ખટાશ દાળને પ્રસિદ્ધ કરતી નથી એમ જો જાણે તો એ ખટાશ દ્વારા પણ લીંબુ એને ખ્યાલમાં આવી જાય. પણ જો એ ખટાશ દાળની ખટાશ છે એમ જો એને લાગે કે દાળ ખાટી, દાળ ખાટી, દાળ-ખાટી ત્રણ કાળમાં હોય નહિં. દાળ ખાટી લાગે છે એને લીંબુ દૃષ્ટિમાંથી ગાયબ થઈ જાય છે. દૃષ્ટિમાં આવતું નથી. આહાહા ! એમ બે દૃષ્ટાંત આપ્યા.

સામાન્યનું વિશેષ હોય. સામાન્ય હોય અને વિશેષ ન હોય એમ ન બને. દ્રવ્ય હોય અને પર્યાય ન હોય એમ ન બને. આ જ્ઞેયપ્રધાન કથન છે. દૃષ્ટિપ્રધાન કથનમાં પર્યાય નથી અને જ્ઞેયપ્રધાન કથનમાં પર્યાયથી અનન્ય છે, આત્મા ઉપયોગથી. ધ્યેયપૂર્વક જ્ઞેય એક સમયમાં થાય છે. ઈ વાત થઈ ગઈ છે. પરિણામ માત્રથી સર્વથા ભિન્ન જ્યાં દૃષ્ટિમાં આવ્યો અને અનુભવ થયો ત્યાં નિર્મળ પર્યાયથી કથંચિત્ અભિન્ન એવું જ્ઞાન એને થઈ જાય છે, સમય એક છે.

એવી રીતે જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયક એવું પ્રસિદ્ધ છે જગતને. જ્ઞેયોને જાણે છે માટે જાણનાર, જ્ઞેયોને જાણે છે માટે જ્ઞાયક એ વાત જગતને પ્રસિદ્ધ છે. તો પણ આમ હોવા છતાં જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જેમ લાકડાની પર્યાયની ઉપાદાનની વાત કરી એને અગ્નિના નિમિત્તની અપેક્ષા નથી. એમ સમયે સમયે આત્માશ્રિત ઉપયોગ પ્રગટ થાય છે સમયે સમયે એને જ્ઞેયને જાણે તો અહિંયા જ્ઞાન પ્રગટ થાય છે એવી પરાધીનતા જ્ઞાનની પર્યાયને નથી. જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી કે જ્ઞેયને જાણે તો અહિંયા જ્ઞાન પ્રગટ થાય એમ છે નહિં. આહાહા ! કેમકે એ જ્ઞાન કેમ પ્રગટ થાય છે કે સામાન્યનું વિશેષ છે. અને જે વિશેષ છે એ રાગને પ્રસિદ્ધ નથી કરતું. કેમ કે તે રાગનું વિશેષ નથી. શરીરનું વિશેષ નથી એ જ્ઞાન શરીરને પ્રસિદ્ધ કરતું નથી. શરીરનો પ્રતિભાસ થાય ત્યારે શરીરને જાણતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગનો પ્રતિભાસ થાય ત્યારે જ્ઞાન રાગને જાણતું નથી. દુઃખનો પ્રતિભાસ થાય ત્યારે દુઃખનો વેદક તો નથી પણ દુઃખનો જ્ઞાયક પણ નથી.

આ લક્ષ્મીબેન લંડનમાં બિમાર હતા તેને કેન્સર થયું'તું. ત્યારે કહ્યું'તું રાજેશનો ફોન આવેલો કે બાપા હવે આ છેલ્લો ટાઈમ લાગે છે તો બે શબ્દ કાંઈક કહો. તે કહે તેને સંલેખના વ્રત કાંઈ કરાવું મેં કહ્યું, કે તે રવાડે બિલકુલ ચડતા નહીં. હું કહું છું તેમ કરો. પર્યાયમાં જે દુઃખ થાય છે એ દુઃખનો વેદક આત્મા નથી. હું તો અવેદક છું. હું તો જાણનાર છું, વેદક નથી અને પછી એ દુઃખને હું જાણતો નથી, જાણનાર જણાય છે. એવો પ્રયોગ કરશે તો છેલ્લા ટાઈમે પણ અનુભવ થઈ જશે. ખૂબ વિસ્તારથી વાત કરી તેણે ટેપ ઊતારી લીધી આખી. અને તેની મા પાસે જઈને ૧૫૦ માઈલ દૂર ટેપ સંભળાવી. ટેપ સાંભળ્યા પછી થોડા ટાઈમમાં સ્વર્ગવાસ થઈ ગયો.

અરે તને તારા લીંબુની ખટાશમાં લીંબુ પ્રસિદ્ધ થાય છે કે દાળ પ્રસિદ્ધ થાય છે. તો દાળ ખાટી તો લીંબુ ગયું ને લીંબુની અવસ્થા પણ ગઈ. ઈ જ્ઞાયકેય ગયો ને ઉપયોગ લક્ષણ પણ ગયું. જ્ઞાનમાં પર જણાય છે તો જ્ઞાયકેય દૃષ્ટિમાંથી ગયો અને ઉપયોગ લક્ષણ પણ ગયું. રાગ નથી જણાતો જાણનાર જ્ઞાયક જણાય છે એમ થોડીક વાર તો પ્રયોગ કર. એ વાત શીખવાડે છે આમાં સમજાવે છે.

જ્ઞેયાકાર થવાથી, તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જે જ્ઞેયો જ્ઞાનમાં રાગાદિ દુઃખાદિ જણાય, જણાય તો જણાય પણ હું એને જાણતો નથી. જાણનારને જાણે છે. વિશેષ સામાન્યને જાણે છે. જેનું વિશેષ છે એને જ જાણે. આ ટ્યુબલાઈટ છે ને, પ્રકાશ છે ને, એ પરપદાર્થને પ્રસિદ્ધ નથી કરતું. એ પ્રકાશની પર્યાય ટ્યુબલાઈટને પ્રસિદ્ધ કરે છે. જો પર જણાય છે તો ટ્યુબલાઈટ ગઈ. એના જ્ઞાનમાં ટ્યુબ લાઈટ સંબંધીનું અંધારું થયું. અજાણ થયો. ટ્યુબલાઈટ નથી દેખાતી, આ બધું પરપદાર્થ દેખાય છે, એમ જ્ઞાનમાં ઝળહળ જ્યોતિ દેખાય છે એ જણાય છે, તો કહે ના. આ નથી જણાતું. પર જણાય છે તો ગયો દુનિયામાંથી અજ્ઞાન થઈ ગયું.

જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જ્ઞેય છે તો અહિંયા જ્ઞાનનો ઉત્પાદ થાય છે, નિમિત્ત છે તો અહિંયા ક્ષણિક ઉપાદાન ઊભું થાય છે એમ છે નહિ. અરે નિમિત્તથી તો નહિં પણ ત્રિકાળી ઉપાદાનથી પણ ક્ષણિક ઉપાદાન ઉત્પન્ન થતું નથી. એ તો સત્ અહેતુક પર્યાય જ્ઞપ્તિ પ્રગટ થાય છે. જ્ઞાયક-સત્ અહેતુક એનો જ્ઞાનગુણ સત્ અહેતુક અને જ્ઞાનની પર્યાય પણ સત્ અહેતુક. સત્ હોય તે અહેતુક હોય અને સત્તને હેતુ એને કારણ ન હોય.

એનું કારણ પોતે જ છે ને એનું કાર્ય પણ પોતે. કારણ કાર્ય અભેદ એક સમયમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પર્યાયમાં છે. પર્યાયનું કારણ પર્યાય અને પર્યાયનું કાર્ય પર્યાય છે. કોઈ એને હેતુ નથી. જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જ્ઞેય જણાય છે માટે જાણનાર છે એમ છે નહિ. અગ્નિ છે તો લાકડું બળે છે એમ છે નહિ. અગ્નિ અગ્નિથી અને લાકડું લાકડાથી છે એના માટે ૨૦, ૨૧, ૨૨ ત્રણ ગાથા છે. ઈંધનનું અગ્નિ નથી ને અગ્નિનું ઈંધન નથી. આહાહા !

હવે કહે છે કે જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ તેને નથી. જ્ઞેયોનો પ્રતિભાસ થાય છે ત્યારે જ્ઞેય જણાય છે તો અજ્ઞાન થઈ ગયું. જ્ઞેયકૃત અશુદ્ધતા નથી એનો ખુલાસો ચાલે છે. રાગાદિ અને દેહાદિ જ્યારે જ્ઞાનમાં જણાય છે ત્યારે જ્ઞેયકૃત અશુદ્ધતા નથી. એનું કારણ કે જ્ઞેય જણાય છે ત્યારે જાણનાર જણાય છે. જો જાણનાર નથી જણાતો અને જ્ઞેય જણાય છે તો જ્ઞેયકૃત અશુદ્ધતા અજ્ઞાન થઈ ગયું.

ફરીને, આ લાકડું છે ને એ જ્ઞાનમાં જ્યારે પ્રતિભાસે છે ત્યારે આચાર્ય ભગવાન એમ કહે છે કે તારા જ્ઞાનમાં આ નથી જણાતું. તારા જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે. એમ લે અને જો એમ નહિ લઈશ અને આ જણાય છે તો જ્ઞેયકૃત અશુદ્ધતા થઈ ગઈ એટલે અજ્ઞાન થઈ ગયું. કેમકે જે જ્ઞાન જેનું છે એને ન જાણે એનું નામ અજ્ઞાન. શાસ્ત્રને ન જાણે માટે અજ્ઞાન એવી વ્યાખ્યા નથી. નય, નિક્ષેપ, પ્રમાણ ન જાણે માટે અજ્ઞાન એમ નથી. છ દ્રવ્યને નથી જાણતો માટે અજ્ઞાન એમ નથી. આહાહા ! જે જ્ઞાન જેનું છે એને ન જાણે અને પરને જાણવા રોકાય ગયો એનું નામ અજ્ઞાન છે. આહાહા !

સર્વજ્ઞના કાયદા જુદા જ હોય છે ને ! તો તો અંગુઠા છાપને સમ્યગ્દર્શન ન થાય. પંડિતોને જ બધાને સમ્યગ્દર્શન થાય એમ છે નહિ. જ્ઞાન જેનું છે એને જાણવાનું ભૂલી ને પરને જાણવામાં રોકાય ગયો અનંતકાળથી, એ અજ્ઞાન ચાર ગતિનું દુઃખ આવી પડશે. એમાં આત્મબુદ્ધિ થશે. જ્ઞેયજ્ઞાયકનો સંકરદોષ થશે. જે જ્ઞાન જેનું છે એને જાણવાનું ભૂલીને આ જણાય છે આ જણાય છે એને ભગવાન મિથ્યાત્વ કહે છે. અધ્યવસાન કહે છે. ભ્રાંતિ થઈ ગઈ તને.

અત્યારે તારા જ્ઞાનમાં તારો ભગવાન આત્મા બાળ ગોપાળ-સૌને જણાય રહ્યો છે અત્યારે, અત્યારે જણાય રહ્યો છે. ઈ નિરંતર દર્શન દઈ રહ્યો છે પણ આ દર્શન લેતો નથી. ભડનો દિકરો એવો થઈ ગયો છે એને વ્યવહારનો પક્ષ અને મને પર જણાય છે. પર જણાય છે ન જણાય તો એકાંત થઈ જશે. આહાહા ! આ પર પદાર્થ મારા તો નથી. રાગનો આત્મા કર્તા તો નથી પણ રાગનો આત્મા જ્ઞાતા પણ નથી. આહાહા ! કર્તાનું કર્મ રાગ નહીં ને જ્ઞાનનું જ્ઞેય રાગ નહીં. રાગ કર્તાનું કર્મ તો નથી પણ જ્ઞાનનું જ્ઞેય પણ નથી. આહાહા ! જ્ઞાનનું જ્ઞેય તો પરમાત્મા નિજ આત્મા છે, એ જ જણાય છે બીજું કાંઈ જણાતું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નથી. એમ જો અંદરમાંથી શ્રદ્ધા ઉપડી તો એ સમયે અનુભવ થઈ જાય.

હવે કહે છે કે જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી, એનું કારણ આપે છે. અરે ! જ્ઞેયો જણાય છે ત્યારે જો આત્મા ન જણાય તો તો અજ્ઞાની બની ગયો. શું કહ્યું ? કે જ્યારે જ્ઞેયો પ્રતિભાસે છે જ્ઞાનમાં અને ત્યારે જો આત્મા એ વખતે ન જણાય તો તો એ અજ્ઞાની થઈ ગયો, જ્ઞેયકૃત અશુદ્ધતા થઈ ગઈ. પણ જ્યારે જ્ઞેયોનો પ્રતિભાસ થાય છે ત્યારે પણ જાણનાર જણાય છે, એમ કહે છે. નિર્વિકલ્પ ધ્યાનમાં તો જાણનાર જણાય પણ સવિકલ્પ જ્ઞાનમાં પણ જાણનાર જણાય છે. આહાહા ! આ તો અનુભવ કેમ થાય એની વિધિ આમાં છે.

જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ નથી ? જ્ઞેયો જણાય છે ત્યારે જ્ઞેયમાં આત્મબુદ્ધિ થઈને અજ્ઞાન કેમ નથી થતું ? જ્ઞેયો જણાય જ્ઞાનીને પણ અજ્ઞાન ન થાય. જ્ઞાનીને જ્ઞેયોનો પ્રતિભાસ થાય પણ અજ્ઞાન ન થાય અને અજ્ઞાનીને જ્ઞેયોનો પ્રતિભાસ થતાં અજ્ઞાન થઈ જાય છે. કેમ કે એક જીવ જ્ઞેયને જાણતાં જ્ઞેયમાં આત્મબુદ્ધિ કરે છે. અને બીજો જીવ જ્ઞેય જણાય છે જ્યારે, ત્યારે જાણનાર જણાય છે એટલે તેને જ્ઞેયકૃત અશુદ્ધતા અજ્ઞાન પ્રગટ થતું નથી. આહાહા !

લડાઈમાં ઊભો હોય તેમ દેખાય. ચક્રવર્તી-શાંતિનાથ ભગવાન ! કહે છે કે એ તો જાણનારને જાણે છે. પણ સાહેબ, નિર્વિકલ્પ ધ્યાનમાં જાય ત્યારે તો બરાબર છે જાણનાર જણાય પણ સવિકલ્પદશામાં પણ જાણનાર જણાય ? કે હા. જ્ઞાન જ્ઞાયકનો સંબંધ છોડતું જ નથી, માટે સમયે સમયે જ્ઞાયક જણાય છે. લીંબુની ખટાશ લીંબુનો સંબંધ છોડતી નથી અને દાળનો સંબંધ થતો જ નથી. દાળ ખાટી છે તે વાત ખોટી છે. અને લીંબુ ખાટું એ વાત સાચી છે. જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ નથી ? કારણ કે પર પદાર્થ જ્યારે જણાય છે, ત્યારે એના જ્ઞાનમાં અજ્ઞાન કેમ થતું નથી કે એ જણાય છે ત્યારે જાણનારને જાણે છે જ્ઞેયને જાણતો નથી.

અજ્ઞાન કેમ થતું નથી જ્ઞેયના પ્રતિભાસ વખતે ? અને અજ્ઞાનીને જ્ઞેયના પ્રતિભાસ વખતે અજ્ઞાન કેમ થઈ જાય છે ? અને જ્ઞાનીને પર પદાર્થ જણાવા છતાં અજ્ઞાન કેમ થતું નથી ? જ્ઞેયલુબ્ધ કેમ થતો નથી ? જ્ઞેયમાં એકાકાર કેમ થતો નથી ? કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં, જ્ઞેયો જ્યારે જ્ઞેય છે ને જ્ઞેયાકાર અવસ્થા એટલે આ જ્ઞેય છે અને એનો પ્રતિભાસ અહીંયા થાય છે. અહિંયા થાય છે તો જ્ઞાનાકાર પણ આની અપેક્ષાથી એને જ્ઞેયાકાર જ્ઞાન કહેવામાં આવે છે. આ જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે ત્યારે જ્ઞેયોનો જ્ઞાનમાં પ્રતિભાસ થાય છે ત્યારે જાણનાર જણાય છે. એટલે જ્ઞેયકૃત અશુદ્ધતા લાગુ પડતી નથી. જ્ઞેયમાં આત્મબુદ્ધિ થતી નથી. રાગ જણાય તો હું રાગી એમ એને થતું નથી. દુઃખ જણાય તો હું દુઃખી એમ થતું નથી.

ન થવાનું કારણ શું ? કે દુઃખ જણાય છે ત્યારે સુખમય આત્મા જણાય રહ્યો છે. દુઃખનો પ્રતિભાસ થાય છે ત્યારે પણ સુખમય આત્મા સમયે સમયે જણાય રહ્યો છે. એટલે દુઃખમાં

આત્મબુદ્ધિ, દુઃખમાં ભોક્તાબુદ્ધિ, દુઃખમાં જ્ઞાતાબુદ્ધિ થતી નથી. આ અનુભવની કળા ને વિધિ છે. કારણ કે, ભરતભાઈ ! કારણ આપ્યું. જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ થતી નથી ? જ્ઞેયાકાર અવસ્થા તો થાય છે. જ્ઞેયોનો પ્રતિભાસ થાય છે. પ્રતિભાસ ટાળી શકાય નહિં. લક્ષ ટાળી શકાય. પ્રતિભાસ ન ટાળી શકાય.

લોકાલોક કેવળી ભગવાનના જ્ઞાનમાં પ્રતિભાસે છે પણ લક્ષ એના ઉપર નથી. આહાહા ! એમ જે સાધક થયો અથવા સાધક થવાનો, સાધક થવા માટે છે અને સાધક થયા પછી પણ છે. બેય આમાં વાત કરે છે. આહાહા ! અનુભવ કેમ થાય અને અનુભવ થયા પછી શું થાય ? એ બધી વાત આમાં છે. કારણ કે જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે ત્યારે અજ્ઞાન કેમ થતું નથી ? દેહમાં આત્મબુદ્ધિ કેમ કરતો નથી ? દેહ મારો તેમ મમતા કેમ થતી નથી ? એમાં દેહમાં મમતા કેમ થતી નથી ? કે જ્યારે દેહ જણાય છે ત્યારે જાણનાર જણાય છે. એટલે દેહમાં મમતા થતી નથી. મોહ થતો નથી. જો જાણનાર ન જણાય અને દેહ જણાય તો મમતા થયા વિના રહે નહિ. આ તો ભવના અંતની વાતો છે. દુઃખનો નાશ જેને કરીને પરમાત્મા થવું હોય તેની વાત છે.

આહાહા ! એક સમય પણ આત્માનો અનુભવ કરે તો અલ્પકાળમાં મોક્ષ થઈ જાય. એક સમય કી કમાઈ અનંતકાળ તક ખાયેગા એવી વાત છે. પરપદાર્થની પ્રાપ્તિમાં ચોવીસે કલાક પડ્યો છે. એક રજકણ પણ સાથે નહિ આવે. આપણે જોયું. આ મનુભાઈ કાંઈ લઈ નથી ગયા. દેવ, દેવેન્દ્ર, ચક્રવર્તી પણ ચાલ્યા જાય છે. કોઈ સાથે કાંઈ લઈ જતા નથી. જે સાથે આવે એના માટે જરાય પુરુષાર્થ નહીં અને જે સાથે ન આવે તેના માટે તન તોડ મહેનત.

એ તો ખરું પણ પુણ્યથી લક્ષ્મી આવે. એ પણ ભરોસો ગયો. પણ પાપ કરવાથી લક્ષ્મી આવે એવું અજ્ઞાન પેદા થયું અત્યારે વર્તમાનકાળમાં. પુણ્યથી લક્ષ્મી આવે એ શ્રદ્ધાથી ભ્રષ્ટ થઈ ગયો. અને પાપ કરીએ, અનીતિ કરીએ તો લક્ષ્મી આવે એવું અજ્ઞાન થવા યોગ્ય છે જગતના જીવોને એ પાપ કરે તો પણ લક્ષ્મી જે આવે છે એના પાપના વર્તમાન પુરુષાર્થથી નથી આવતી. એ તો પૂર્વનો પુણ્યનો ઉદય હોય તો આવે, બાકી ગમે તેટલું ખોટું કરે ને લક્ષ્મી આવે અને જેલમાં જવું પડે. આહાહા ! પૂર્વના પુણ્યથી લક્ષ્મી આવે. લક્ષ્મી આવે કે ન આવે આત્માને શું ફાયદો ? આહા ! જે સાથે આવે તેને માટે કાંઈ પુરુષાર્થ નથી અને જે સાથે ન આવે તેને માટે પાપ કરે છે. આહાહા ! અને પાપ કરીને પછી લક્ષ્મી ભેગી કરે છે. અને છોકરા ઉડાડી દે પાછળથી, પાપ કરીને લક્ષ્મી પેદા કરી હોય.

અમે તો એવા લોભી જીવો જોયા છે કે જેના માટે એને સાંસારિક સુખ ભોગવવું પાંચ ઈન્દ્રિયના વિષય એ પણ ન ભોગવી શકે. કરોડ રૂપિયા હોય તો ય ટાંટીયા ઢસડતો ચાલે

પણ રીક્ષા બાંધે નહીં. આ બધું જોયેલું છે હોં. જોયેલુ બધું નજરે જોયેલું. અરેરે ! આ શું કરે છે. દિકરાઓ સુખી હોય, દિકરાઓને પૈસાની જરૂર ન હોય પણ આ બાપ ન વાપરે. ચમડી જાય પણ દમડી ન જાય. એવું છે ને બધું. લોભ કષાયે વર્તમાનમાં ઘેરો ઘાલ્યો છે.

અહીંયા તો કહે છે કે લોભ કષાયથી ભિન્ન ભગવાન આત્મા છે. લોભને જાણવાનું બંધ કરી દે તો નિર્લોભ અવસ્થા પ્રગટ થઈ જશે. આ સમયસારની વાત કોઈ અપૂર્વ છે. કેમ તે જ્ઞેયકૃત અશુદ્ધતા તેને આવતી નથી. આ જણાય છે રાગ જણાય છે તો હું રાગી છું એમ કેમ જ્ઞાનીને થતું નથી. અથવા જેને જ્ઞાન થવાનું હોય એને રાગ જણાય છે કે રાગ નથી જણાતો પણ જાણનાર જણાય છે, તો એને અનુભવ થઈ જાય છે અને અનુભવ થઈ ગયા પછી રાગ જણાય તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ નથી કે રાગ જણાય છે ત્યારે જાણનાર જણાય છે. ઉર્ધ્વપણે આત્મા જ જણાય છે. આહાહા ! એવી કોઈ અપૂર્વ દશા છે સાધકની. એ તો સાધક સાધકને જાણે. અજ્ઞાની સાધકને ન જાણે, એની અંતરદષ્ટિ શું છે તે તો અંતરનો વિષય છે.

કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં આ બહુ અગત્યનું વાક્ય છે. જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ નથી ? કારણ કે જ્યારે જ્ઞેયો જણાય છે ત્યારે એને જાણનાર જણાય રહ્યો છે. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો, જાણનાર છે એમ જણાય છે. જ્ઞાતઃ જ્ઞાયકપણે જે જણાયો, તે સર્વ અવસ્થામાં જ્ઞાયક જણાયા કરે સાદી અનંતકાળ. ઉંઘમાં હોય તો પણ જાણનાર જણાયા કરે છે. પરિણતિમાં બે ભાગ પડી જાય છે. એક ઈન્દ્રિયજ્ઞાન અને એક અતીન્દ્રિયજ્ઞાન એવા બે ભાગ પડી જાય છે. બાકી અતીન્દ્રિયજ્ઞાન અને ઈન્દ્રિયજ્ઞાનના બે ભાગ ન પડે એની પહેલાં પણ ઈન્દ્રિયજ્ઞાન આત્માથી સર્વથા ભિન્ન છે. એમ ઉપયોગ લક્ષણથી સર્વથા ભિન્ન નથી. માટે ઉપયોગમાં આત્મા જણાય છે. બે ભાગ છે અંદરમાં. એ બે ભાગ પરોક્ષરૂપે છે. અનુભવ થતાં પ્રત્યક્ષ થઈ જાય છે.

બે ભાગ છે ફરીને, ઝીણી વાત છે વાત સાચી છે. ન પકડાય એવું છે. પુનરુકિત દોષ લાગતો નથી કાંઈ. આત્મા અતીન્દ્રિયજ્ઞાનની મૂર્તિ છે જ્ઞાનમય એમાં ઈન્દ્રિયજ્ઞાનનો પ્રવેશ બિલકુલ નથી. જેમ રાગનો પ્રવેશ નથી તેમ ઈન્દ્રિયજ્ઞાનનો પ્રવેશ નથી. અતીન્દ્રિયજ્ઞાનથી વિપરીત એવું જે માનસિક જ્ઞાન વિપરીત છે, કર્મજન્ય છે, આત્મજન્ય નથી. એમ દરેક જીવને અજ્ઞાની પ્રાણીને પણ ઉપયોગ પ્રગટ થાય છે. એ ઉપયોગ છે એ સ્વભાવનો અંશ છે. એ બંધ મોક્ષનું કારણ નથી. એ સ્વભાવના અંશમાં જ્ઞાયક જણાયા કરે છે. બાળ ગોપાળ સૌને અનુભવમાં આવે છે. એવા અજ્ઞાનીને પણ બે ભાગ છે પણ પરમાર્થ બે ભાગ નથી. પરમાર્થ પછી થાય અનુભવ પછી. જ્ઞાન ઉપયોગમાં આત્મા જણાય છે અને પરાવલંબી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનમાં પર જણાય છે. જ્ઞાનમાં આત્મા જણાય અને ઈન્દ્રિયજ્ઞાનમાં પર જણાય એવા બે ભાગ છે અત્યારે વર્તમાનમાં બધાની પાસે.

ઈન્દ્રિયજ્ઞાનમાં સ્વ ન જણાય અને આત્મજ્ઞાનમાં પર નથી જણાતું અત્યારે પણ, અજ્ઞાન અવસ્થા વખતે પણ ઈન્દ્રિયજ્ઞાન પરને પ્રસિદ્ધ કરે છે અને આત્માનો ઉપયોગ આત્માને પ્રસિદ્ધ કરે છે. એ ઉપયોગમાં પરોક્ષ અનુભૂતિ થયા કરે છે. પ્રત્યક્ષ અનુભૂતિ થાય તો બે ભાગ યથાર્થ પડી જાય છે. જો ઉપયોગમાં આત્મા ન જણાતો હોત તો કોઈને અનુભવ ન થાત અને ઈન્દ્રિયજ્ઞાનમાં આત્મા જણાતો હોત તો ઈન્દ્રિયજ્ઞાન હેય ન હોત. જડ ન કહેવાત, ચેતન કહેવાત. આહાહા ! ઈન્દ્રિયજ્ઞાન આત્માને જાણતું નથી અને આત્માનો ઉપયોગ ઈન્દ્રિયજ્ઞાનના વિષયને જાણતો નથી. આહાહા !

જુઓ, ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી તે પુસ્તકના પાછળના પૂંઠા ઉપર આપણે બોલ મૂક્યો છે. એક અમિતગતિ આચાર્ય થઈ ગયા. ભાવલિંગી સંત. નિત્ય આનંદનું ભોજન કરનારા. એકાદ ભવમાં તો જેનો મોક્ષ થવાનો હોય એવા સંતોની વાણી છે. અમિતગતિ આચાર્યનું એક યોગસાર છે. યોગસાર બે છે એક યોગીન્દ્રદેવનું ને એક અમિતગતિ આચાર્યનું. એ યોગસારની છેલ્લે ચૂલીકા અધિકારની ગાથા ૪૮ છે. તેમાં એમ કહ્યું કે ''ભિન્ન ભિન્ન જ્ઞાનોથી ઉપલબ્ધ હોવાને લીધે'' બે પ્રકારના જ્ઞાન છે. જ્ઞાનના બે પ્રકાર ભિન્ન ભિન્ન જ્ઞાન. બે પ્રકારના જ્ઞાન કેમ કહ્યા કે બેયનો વિષય ભિન્ન ભિન્ન છે. વિષય ભિન્ન છે માટે જ્ઞાન ભિન્ન છે. બેયનો વિષય એક નથી. એકનો વિષય બે નથી.

''ભિન્ન ભિન્ન જ્ઞાનોથી ઉપલબ્ધ હોવાને લીધે'' એટલે જણાવાને લીધે શરીર અને આત્માનો સદા પરસ્પર ભેદ છે. આ આત્મા ને શરીર ભિન્ન ભિન્ન ત્રણેકાળ જુદા જુદા છે. એ જુદા છે એનું કારણ શું ? કે જુદા જુદા જ્ઞાન વડે જણાય છે માટે જુદા છે. એક જ્ઞાનના બે વિષય નથી. અને બે જ્ઞાન થઈને તેનો એક વિષય નથી. ભિન્ન ભિન્ન જ્ઞાન વડે ઉપલબ્ધ હોવાને કારણે શરીર અને આત્મા સર્વથા જુદા જુદા છે. અત્માને રાગ-શરીર તદ્દ્ન જુદા છે. રાગને શરીરમાં નાખી દેવાનો. તેમને પરસ્પર ભેદ છે, જુદાઈ છે. પરસ્પર ભેદ એટલે જુદાઈ.

એમ કહે છે કે ભિન્ન ભિન્ન જ્ઞાનો વડે ઉપલબ્ધ હોવાને કારણે બે જુદા છે. એમ કહીને કે, તો બે જ્ઞાન ક્યા છે ? બે જ્ઞાનના વિષય બે છે ? કે હા. બે જ્ઞાનના વિષય બે છે. એક જ્ઞાનનો વિષય બે નથી અને બે જ્ઞાન થઈને એકને વિષય કરતું નથી. શરીર ઈન્દ્રિયજ્ઞાનથી જણાય છે. આ શરીર છે ને રાગાદિ છે ને આ બધા ભેદો છે ને ભેદો ગુણસ્થાનના, માર્ગણાસ્થાનના, અજીવના ભેદો છે ને એ ઈન્દ્રિયજ્ઞાનથી જણાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અતીન્દ્રિયજ્ઞાનથી જણાતા જ નથી. તે અતીન્દ્રિયજ્ઞાનથી જણાય જ નહીં.

તો સ્વપરપ્રકાશકનું શું થશે ? કે તે વ્યવહારમાં વયું જાશે. સાંભળ ! પરને જાણવું તે અજ્ઞાન. સ્વપરપ્રકાશક તે વ્યવહાર અને સ્વને જાણે તે નિશ્ચય. નિશ્ચય-વ્યવહાર અને અજ્ઞાન ત્રણ પ્રકાર કહ્યા. જે જ્ઞાન સ્વને જાણે તન્મય થઈને તેનું નામ નિશ્ચય. અને જે જ્ઞાનમાં સ્વપરનો પ્રતિભાસ થાય છે તેનું નામ વ્યવહાર અને જે જ્ઞાન પરનું લક્ષ કરીને હું પરને જાણું છું તેનું નામ અજ્ઞાન. અજ્ઞાન, વ્યવહાર ને નિશ્ચય. નિશ્ચય, વ્યવહાર ને અજ્ઞાન. આહાહા !

જેને જેની રુચિ હોય તે તેને યાદ રહે. જેને જેની રુચિ નથી તેને યાદ રાખવાનું શું કામ ? હવે કહે છે સંતો કહે છે હો આ. સર્વજ્ઞની વાણી છે. સંતો કહે કે સર્વજ્ઞ કહે બેય એક જ છે. શરીર ઈન્દ્રિયજ્ઞાનથી જણાય છે, ઈન્દ્રિયજ્ઞાનથી પર જણાય છે સ્વ જણાતું નથી એમ કહે છે. અને આત્મા ખરેખર સ્વસંવેદન જ્ઞાનથી જાણવામાં આવે છે. જે આત્મા છે તે પોતાના ઉપયોગથી જાણવામાં આવે છે. તે જ્ઞાન આત્માને જાણે છે ને પરને જાણતું નથી. અને ઈન્દ્રિયજ્ઞાન પરને જાણે છે ને આત્માને જાણતું નથી. ઝીણી વાત છે. બે વિભાગ અંદરમાં રહેલા છે. આના કરતાંય ઊંચી વાત સમયસારની ૩૭૩ થી ૩૮૨ ગાથામાં છે. આ તો સાદી સીધી એકદમ સમજી શકાય તેવી વાત છે. ઓલી જરા ગૂઢ વાત છે. સમજાય એવી છે ન સમજાય એવું નથી.

## પ્રવચન નં. ૧૯

**અમૃતપ્રભાત એપાર્ટમેન્ટ - રાજકોટ**

**તા. ૨૫-૭-૯૧**

આ શ્રી સમયસારજી શાસ્ત્ર છે તેનો પ્રથમ જીવ નામનો અધિકાર છે તેમાં છઠ્ઠી ગાથા છે. તેમાં સર્વ પ્રથમ તો આત્માનું સ્વરૂપ શું અને તેનો અનુભવ કેમ થાય ? તે બે પ્રશ્ન શિષ્યે કર્યા છે. શુદ્ધાત્માનું સ્વરૂપ હું જાણતો નથી અને તેનો અનુભવ કેમ થાય તેની વિધિ પણ મને ખબર નથી. આ બે પ્રશ્ન કર્યા.

તેમાં પહેલાં પ્રશ્નનો ઉત્તર આવી ગયો કે આત્મા અનાદિકાળથી શુદ્ધ રહી ગયો છે. શુદ્ધ શા માટે છે કે પરિણામ માત્રથી ભિન્ન છે આત્મા. પરિણામ-પરિણામરૂપે ભલે હો પણ પરિણામથી આત્મા સહિત નથી રહિત છે. અનંતગુણથી સહિત અને અનંત પર્યાયથી રહિત એવું એકત્વ અને વિભક્ત આત્માનું સ્વરૂપ છે. પણ પરિણામ માત્રથી ભિન્ન છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે આત્મા શુદ્ધ છે તેમાં દૃષ્ટિનો વિષય શ્રદ્ધાનો વિષય અને ઉપાદેયભૂત જ્ઞાનનું જ્ઞેય એટલું બતાવવું છે.

હવે આત્માનો અનુભવ કેમ થાય ? તેનો બીજો પારો છે. તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે, તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી તે ચાલે છે. તેનું કારણ આપશે. શું કહે છે આચાર્ય ભગવાન. અનંત અનંતકાળ વીત્યો અજ્ઞાની પ્રાણીએ પોતાનો અભેદ સામાન્ય આત્મા તે અભેદનું લક્ષ કર્યું નહીં, અભેદને જાણ્યો નહીં. શુદ્ધાત્મા જે અભેદ અનંતગુણથી અભેદ છે તેને શ્રદ્ધામાં પ્રતીતમાં લીધો નથી તે એક વાત.

બીજી વાત નિશ્ચયનયના વિષયને પણ તેણે છોડ્યો, શુદ્ધાત્મા જેને ઉપાદેય કરવો છે તે શુદ્ધનયનો વિષય છે, નિશ્ચયનયનો વિષય છે તેને લક્ષમાંથી છોડી દીધો છે અનંતકાળથી, હું શુદ્ધ છું તેમ લક્ષમાં લેતો નથી. હું અભેદ પરિપૂર્ણ જ્ઞાયક પરમાત્મા છું તેમ લક્ષમાં ધ્યાનમાં લેતો નથી, અને એકપણું ધ્યાનમાં આવતું નથી. કોઈ કહે જ્ઞાનીનો લોપ થાય તો તેના ઉપર ધ્યાન ખેંચાતું નથી. તારો આત્મા અત્યારે પરિણામથી રહિત છે માટે તારો આત્મા ત્રણેકાળ શુદ્ધ રહેલો છે એ વાત આ કાને સાંભળી ને આ કાને કાઢી નાખે છે. અનંતકાળ વીત્યો એટલે નિશ્ચય તો છોડ્યો એણે, નિશ્ચયનયનો વિષય તો એને શ્રદ્ધાજ્ઞાનમાંથી છૂટી ગયો છે. અનંતકાળથી એક સમય માટે પણ તેને અભેદ સામાન્ય ટંકોત્કીર્ણ પરમાત્માના દર્શન થયા નથી. નિશ્ચયને તો છોડતો જ આવે છે.

હવે તેને જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે. તેમાં જ્ઞાયક જણાય છે. ભેદ પ્રગટ થાય છે. ઉપયોગ લક્ષણ પ્રગટ થાય છે. હવે ભેદમાં સ્વપરપ્રકાશકનો વ્યવહાર છે. સ્વપરનો પ્રતિભાસ થાય છે તેથી તેને સ્વપરપ્રકાશકનો વ્યવહાર કહેવામાં આવે છે. તે અભેદને છોડ્યો ને જ્ઞાનની પર્યાયને ભેદમાંથી, લક્ષમાંથી છોડી દીધી. તે જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળી આત્મા ન આવ્યો અને તે જ્ઞાનની પર્યાયમાં જ્ઞાનની પર્યાય ન આવી. ત્રિકાળી આવે તો અનુભવ થાય અને જ્ઞાનની પર્યાય જ્ઞાનની પર્યાયને જાણે તો વ્યવહાર ઊભો થાય. નિશ્ચયને છોડ્યો ને વ્યવહારને પણ છોડ્યો ને એ જ્ઞાનની પર્યાયે ધંધો શું કર્યો કે પર જણાય છે. જ્ઞેય જણાય છે. જ્ઞેય જણાય છે એટલે બહાર નીકળી ગયો. જ્ઞાયકથી તો બહાર ગયો પણ જ્ઞાનની પર્યાયથી પણ બહાર નીકળીને આ મારું ને આ ફલાણું ને આ જાણું છું ને આ કાળું ને ધોળું ને એ અજ્ઞાન થઈ ગયું.

કેમ કે જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક જણાય રહ્યો છે અભેદ તેનો અનાદર કરે છે, નિષેધ કરે છે, મને જ્ઞાયક જણાતો નથી. મને આ પર જણાય છે એટલે નિશ્ચયનયના વિષયને છોડ્યો અને તેને જાણનારી જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે ઈ જો ભેદને જાણે તો સ્વપરપ્રકાશક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે અને ભેદને ન જાણે ને અભેદને જાણે તો સ્વપ્રકાશક છે. સ્વપ્રકાશકમાંથી ગયો, સ્વપરપ્રકાશકમાંથી પણ ગયો અને મને પર જણાય છે એવું અજ્ઞાન ઊભું થઈ ગયું. અભેદનો ત્યાગ અને ભેદનો પણ ત્યાગ અને ભિન્નનું ગ્રહણ.

જે જ્ઞાનથી બાહ્ય પદાર્થો છે જે જ્ઞાનમાં પેસતા નથી, જ્ઞાનની તદ્દન બહાર છે મોટર બંગલા આદિ તેમાં તેનું લક્ષ જાય છે એટલે અજ્ઞાન થઈ ગયું. નિશ્ચય પણ ગયો વ્યવહારેય ગયો ને અજ્ઞાન ઊભું થઈ ગયું. જરાક ધ્યાન રાખે તો કામ થાય તેવું છે. આ પારો અનુભવનો છે અનુભવ કેમ થાય તેની આમાં વિધિ છે.

અનુભવ રત્ન ચિંતામણી, અનુભવ હૈ રસ કૂંપ,
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ.

આત્માના અનુભવથી મોક્ષમાર્ગ ધર્મની શરૂઆત થાય છે. અનંતકાળથી રાગાનુભૂતી કરી, રાગનો અને દુઃખનો અનુભવ કર્યો. અને એક સમય જ્ઞાનનો અનુભવ કર્યો નહીં. જ્ઞાનનો અનુભવ કર્યો હોત તો આજે સ્થિતિ આવી તેની ન હોત. આહાહા ! કાં તો હોત મોક્ષમાં ને કાં હોત સ્વર્ગમાં. મોક્ષ ન થાત તો સ્વર્ગમાં હોત. કાં મોક્ષ થઈ ગયો હોત તેનો.

સ્વનો ત્યાગ કર્યો, ધર્મીનો ત્યાગ અને ધર્મનો ત્યાગ. શું કર્યો ધંધો ? ધર્મી એવો પોતાનો પરમાત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, વીર્ય આદિ અનંત અનંત ગુણોથી બિરાજમાન પરમાત્મા છે. એવો જે ધર્મી અનંતગુણો તેના ધર્મ છે અને તેને ધારી રાખે તેને ધર્મી કહેવામાં આવે છે. ધર્મીનો ત્યાગ કર્યો અને એક સમયની જ્ઞાનની પર્યાય તે આત્માને પ્રસિદ્ધ કરે તેવું જે લક્ષણ પ્રગટ થાય છે તેનો પણ ત્યાગ કર્યો.

મને જ્ઞાન નથી જણાતું મને રાગ જણાય છે. મને દુઃખ જણાય છે. દુઃખ મને થાય છે અને દુઃખ મને જણાય છે. આહાહા ! મારામાં જ્ઞાન થાય છે તેને છોડ્યું ને જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે તેને પણ છોડ્યો. ધર્મીનો ત્યાગ અને ધર્મનો પણ ત્યાગ. બેનો ત્યાગ કર્યો એટલે અધર્મનું ગ્રહણ થઈ ગયું. ઈન્દ્રિયજ્ઞાન એવી અધર્મ દશા ઊભી થઈ. પરને હું જાણું છું. એ એવી અધર્મ દશા છે ધર્મની દશા નથી.

ઈન્દ્રિયજ્ઞાન વિપરીત છે, આત્માના સ્વભાવભાવથી તે વિપરીતભાવ છે. રાગ તો વિપરીત છે. રાગ તો વીરાતગભાવથી વિપરીત ભાવ છે. વીતરાગભાવ સ્વભાવભાવ છે અને રાગ તો વિભાવ છે તે વિપરીત છે. તે તો ઠીક પણ રાગને જાણનારું જ્ઞાન જાણનારને છોડીને રાગ ને રાગના નિમિત્તોને જાણવા ગયું. પોતાના સ્વચતુષ્ટયને છોડીને પ્રમાણની બહાર ગયું. રખડે છે ગોથા ખાય છે. આહા ! પરને જાણતાં તેને અજ્ઞાન થયા વિના રહેતું નથી. મોહ થયા વિના રહેતો નથી. મોહ, રાગ દ્વેષ મમતા થઈ ગઈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હવે કહે છે અહીંયા-કર્તા કર્મનું અનન્યપણું અભેદ થઈને અનુભવ કરાવવો છે. એટલે થોડીક આ ભૂમિકા છે. મને જ્ઞાનની પર્યાય જણાય છે. એમાં તો આવ. આહા ! જ્ઞાનની પર્યાયને ભેદને જાણે છે તો સ્વપરપ્રકાશક દેખાશે. પણ એ જ્ઞાનની પર્યાય અભેદ થઈને અભેદને જાણશે તો સ્વપરપ્રકાશક નહીં દેખાય. સ્વપ્રકાશક દેખાશે સ્વ પ્રકાશકમાં અનુભવ થાય, સ્વપરપ્રકાશકમાં અનુભવ ન થાય. સ્વપરપ્રકાશક વ્યવહાર છે. પરને જાણવું અજ્ઞાન છે, સ્વપરને જાણવું વ્યવહાર છે અને સ્વને જાણવું તે નિશ્ચય છે.

કહે છે તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. જગતને પ્રસિદ્ધ છે. એટલે જાણનાર આત્મા જ્ઞાયક છે. કેમ કે પરને જાણે છે માટે તેને જાણનાર જ્ઞાયક તેમ કહેવામાં આવે છે. ઘીનો ઘડો જગતને પ્રસિદ્ધ છે પણ ઘડો માટીમય છે ને ઘીમય નથી તે જગતને પ્રસિદ્ધ નથી. આહા ! એને જે પ્રસિદ્ધ છે તેના દ્વારા એને જે અપ્રસિદ્ધ છે તે સમજાવવું છે. એને પ્રસિદ્ધ શું છે ? ઘીનો ઘડો એ તરત જ હા પાડે. પણ ઘડો માટીમય છે ઘી મય નથી. ન્યાં જો આવે ને પકડે તો તેને જ્ઞાન તે તે પ્રકારે સમ્યક્ થઈ જાય. તેમ ઘીના ઘડા દ્વારા તેને માટીનો ઘડો છે તેમ સમજાવવું છે પણ જે માટીનો ઘડો સમજતો નથી અને ઘીનો ઘડો જ કાન ઉપર આવ્યો છે તેવા જીવને તેની ભાષાથી સમજાવે છે.

એટલે જ્ઞાન કોને કહેવાય ? જ્ઞાયક કોને કહેવાય ? જાણનાર કોને કહેવાય ? કે પરને જાણે તેને જ્ઞાન કહેવામાં આવે છે. ઘીના ઘડા જેવું કથન છે જો ઘીનો ઘડો થાય તો જ્ઞાન પરને જાણે. અસદ્ભૂત વ્યવહાર છે-અસદ્ભૂત વ્યવહાર તો ખોટો વ્યવહાર છે. જ્ઞાન પરને જાણે છે તે અસદ્ભૂત વ્યવહાર છે. જ્ઞાન ભેદને જાણે છે તે સદ્ભૂત વ્યવહાર છે, અભેદને જાણે છે તે નિશ્ચય છે. અભેદને સમજાવવા માટે, અસદ્ભૂત વ્યવહાર દ્વારા સદ્ભૂતમાં લાવીને પછી નિશ્ચયમાં લઈ જાય છે.

ઠેઠ જ્ઞાયક સુધી પહોંચાડે છે. આ જગતને પ્રસિદ્ધ છે. તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. એટલે જ્ઞેયનો પ્રતિભાસ થાય છે છતાં જ્ઞેયો જણાતા નથી. એને તો જ્ઞાન જ જણાય છે-જ્ઞાયક જ જણાય છે.

તેવો જ્ઞાયક ને જ્ઞાનનો સ્વભાવ જ છે. તે જ્ઞાનમાં જ્ઞાયક જ જણાય ને પર ન જણાય. જો પર જણાય તેમ ભાસે તો અજ્ઞાન અને પરનો પ્રતિભાસ થવા છતાં પર ન જણાય ને સ્વ જણાય તો અનુભવ. પરનો ભલે પ્રતિભાસ થાય પણ તેનું લક્ષ ક્યાં છે ? જો જ્ઞાનનું લક્ષ પરના પ્રતિભાસ ઉપર, બિંબ ઉપર રહે ને કાં પ્રતિબિંબ ઉપર રહે તો અજ્ઞાન છે. પ્રતિબિંબ ઉપર જાય તો તેનું બિંબ ઉપર જ્ઞાન ગયું.

દર્પણમાં, અગ્નિ જણાય છે અગ્નિની જ્વાળા, તો દર્પણેય ગયું અને દર્પણની જે

સ્વચ્છ અવસ્થા તે પણ ગઈ. અને જણાણું શું ? કે અગ્નિ ? અગ્નિ તો તેમાં નથી. છતાં અગ્નિ તેમાં જણાણી તે પ્રતિબિંબ છે ને પ્રતિબિંબને જાણતા તેનું લક્ષ અગ્નિ પર ગયું. દર્પણની સ્વચ્છ પર્યાયથી પણ ગયો ને દર્પણમાં પણ આવ્યો નહીં.

આ જૈનદર્શન બહુ લોજીક ન્યાયથી સમજવાનો પ્રયત્ન કરે તો કામ થાય તેવી વાત છે. અંધશ્રદ્ધાનો વિષય નથી આ. આટલું કામ કરો તો તમારું કલ્યાણ થશે ને મોક્ષ થશે તેવો શ્રદ્ધાનો વિષય નથી. કેમકે જ્ઞાન જાગતું છે તે અંધશ્રદ્ધાને કબૂલ કરતું નથી. જ્ઞાન જાગતું દ્રવ્ય ઊભું છે ને તે સમ્યક્ શ્રદ્ધાને કબૂલ કરે છે મિથ્યા શ્રદ્ધાને કબૂલ કરતું નથી.

કહે છે કે જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. ભલે જ્ઞેયો જ્ઞાનમાં જણાય. જણાય ભલે, પણ જ્ઞાન તેને જાણે નહીં. અગ્નિની જ્વાળા દર્પણમાં પ્રતિભાસે છે પણ દર્પણનો દેખનાર જે છે વિવેકી પુરુષ તેને દર્પણની સ્વચ્છતામાં અગ્નિની જ્વાળાનો પ્રતિભાસ છે. લબક ઝબક થાય છે તે અરીસામાં દેખાય છે. પર્યાય તો દર્પણની છે ઈ, અગ્નિની પર્યાય ક્યાં છે ? પણ એ લબકઝબક અગ્નિની પર્યાય તેને દેખાતી નથી. કોને ? કે દર્પણ ઉપર દૃષ્ટિ ગઈ તેને. દર્પણ ઉપર દૃષ્ટિ ગઈ. દર્પણની પર્યાય જણાતી નથી, તેને તો દર્પણની પર્યાયમાં થતો પ્રતિભાસ એ ક્યાંથી જણાય ? આ આત્માનો અનુભવ કેમ થાય તેની આ વિધિ ચાલે છે.

જેની નજર દર્પણ ઉપર ગઈ તેને તો અરીસો અરીસો સ્વચ્છ સ્વચ્છ સ્વચ્છ દેખાય છે. પણ આ અગ્નિની જ્વાળા તેમાં ઓલું નિમિત્ત ને આ નૈમિત્તિક કે ના. મને નિમિત્તેય દેખાતું નથી અને નૈમિત્તિક પણ દેખાતું નથી. તારું નિમિત્ત નૈમિત્તિક તો તારે ઘરે ગયું, પણ દર્પણની સ્વચ્છ પર્યાય ક્ષણિક ઉપાદાન છે તે પણ દેખાતી નથી. તેમાં આ દર્પણ દેખાય છે તેમાં દળ દેખાય છે, પર્યાય દેખાતી નથી.

પર્યાય પર્યાયને જાણવાનું ભૂલી જાય છે. તો પછી દર્પણમાં પર જણાય છે તે ક્યાંની ક્યાં વાત ગઈ. દિલ્હી બહુ દૂર છે. આ તો દર્પણની સામે જોઈને પ્રયોગ કરવા જેવો છે કે મોઢું જણાય છે કે દર્પણ ? તેમ આચાર્ય મહારાજ કહે છે કે જગતમાં પ્રસિદ્ધ છે કે આ જણાય છે આ જણાય છે તેને પ્રસિદ્ધ છે તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. કેમ કે તે વખતે એ જ્ઞેયથી જ્ઞાન થતું નથી. આંહીં જ્ઞાનની પર્યાયમાં તે નિમિત્ત પણ નથી. શું કહ્યું ? આ નિમિત્ત નૈમિત્તિક સંબંધના અભાવની ગાથા છે.

જ્ઞેયો નિમિત્ત અને તે જ્ઞાનની પર્યાયમાં જણાય કે જ્ઞાનની પર્યાયનું નૈમિત્તિક તે છે નહીં. આહાહાહા ! જો નૈમિત્તિક જણાય તો નિમિત્ત ઉપર લક્ષ ગયું. પણ જ્ઞેયથી નિરપેક્ષ જ્ઞેયાકાર જ્ઞાનથી પણ નિરપેક્ષ જ્ઞાનાકારની પર્યાય જણાય છે. પછી પર્યાય પણ જણાતી નથી પણ જ્ઞાયક જ જણાય છે. અંદર જવાની આ વિધિ છે. આ બધું અંતર્મુહૂર્તમાં. સમજી

ગ્યા ? થોડીક ક્ષણમાં. આ બધું બોલવામાં ને સમજાવવામાં વાર લાગે પણ અંદર જાવામાં વાર ન લાગે. જઘન્ય અંતર્મુહૂર્તમાં અનુભવ થાય. શ્રદ્ધાનું બળ જો અંદર આવ્યું અને વ્યવહારનો ને ભેદનો અસદ્ભૂતને સદ્ભૂત વ્યવહાર બેયનો જો નિષેધ જો થયો તો અભેદના નિશ્ચયમાં આવી જાય.

આ છઠ્ઠી ગાથા બહુ અપૂર્વ ગાથા છે. મોદી સાહેબ ! અનુભવની વિધિ બતાવતાં આચાર્ય ભગવાન ચિતની પ્રસન્નતાથી કરુણા કરી જગતના બિનઅનુભવી, અજ્ઞાની પ્રાણીઓને આત્મા શું ને આત્માનો અનુભવ કેમ થાય ? બે વાત આમાં કરી છે. આત્મા શું ને આત્માનો અનુભવ કેમ થાય ? તે બે વાત કરી છે. આ અનુભવની વાત ચાલે છે. આ જ્ઞાનપ્રધાન કથન છે. દૃષ્ટિ પ્રધાન કથનની ગાથા ગઈ. દૃષ્ટિના વિષયને દૃષ્ટિમાં કેમ લેવો ? અનુભવ કેમ કરવો ? કે-આમ અનુભવ કર તારી જ્ઞાનની પર્યાયમાં પર પદાર્થ જણાય છે ને ? તે જણાય ભલે પણ હું તેને જાણું નહીં. જે જણાય તેને તું જાણ તો જ્ઞેયકૃત અશુદ્ધતા અજ્ઞાન થઈ ગયું. જણાય તેને પણ જો જાણીશ, આ જણાય છે તો જ્ઞેયકૃત અશુદ્ધતા છે.

જ્ઞાનની પર્યાય અહીંયા સ્વચ્છ છે ધ્યાન રાખજો. આ જ્ઞેય છે એનો પ્રતિભાસ તો થાય છે, પ્રતિભાસ ટાળી શકાતો નથી. તેની ઝલક ટાળી ન શકાય. કહે છે ને અહીંયા સ્વચ્છતા છે આ પ્રતિભાસે છે એમાં આ જણાય છે અને આ જણાય છે એને જાણ તો અજ્ઞાન. અને જણાય ભલે પણ એને જાણતો નથી જાણનાર જણાય છે તો સમ્યગ્દૃષ્ટિ થઈ જાય. ભલે જણાય, તને ક્યાં અંદર જાવામાં નડે છે ? અંદર જાવામાં શું નડ્યું ? કે મને આ જ્ઞેય જણાય છે, જ્ઞેયાકાર જ્ઞાન જણાય છે. જ્ઞેયમાંથી ખસીને જ્ઞેયાકાર જ્ઞાનમાં આવી ગયો. ઈ નું ઈ રહ્યું. નિમિત્તમાંથી ખસીને નૈમિત્તિકમાં આવ્યો ઈનું ઈ રહ્યું અજ્ઞાન. જીવને એકતાબુદ્ધિ છે ને પરની હારે એટલે આ સમજવાનું જેને જ્ઞાન હોવું જોઈએ તે પણ છોડાવી દીધું છે.

સવિકલ્પદશામાં અનુભવ થવા પહેલાં અનુભવનો વિષય શું ? અને અનુભવ કેમ થાય ? તેમ જ્યારે સંતો જણાવતા હોય ત્યારે એ સમજાવતા હોય છે ત્યારે તેની પકડવાની શક્તિ પણ ઓછી હોય છે. કેમ કે રાગને પરની હારે એવી જીવે એકતાબુદ્ધિ કરી છે મૈત્રી કરી છે, મૈત્રી. આહાહાહા ! આ શું ચીજ છે ? આચાર્ય મહારાજ શું કહેવા માગે છે ? તે એને સમજાય નહીં. આહાહા ! સમજવાનો પ્રયત્ન કરશે ને તો આજે ઓછું સમજાશે કાલે વધારે સમજાશે, પરમ દિ' તેના કરતાં વધારે સમજાશે.

મારે તો આત્માનું સ્વરૂપ સમજવું છે બસ. બીજું આ ભવમાં મારે કાંઈ કામ નથી. બીજો નહીં મન રોગ આવે છે ને. કામ એક આત્માર્થનું બીજો નહીં મનરોગ. મનમાં બીજો કાંઈ રોગ નથી એક રોગ છે. મારે આત્માને જાણવો છે. બસ જાણ્યા વિના અનંતકાળ,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંતકાળથી પરિભ્રમણ કરે છે. ''જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત'' કર્મના ઉદયથી દુઃખી થયો નથી પણ પોતાનું જે સ્વરૂપ છે ચિદાનંદ આત્મા તેને જાણ્યા વિના એટલે અનુભવ કર્યા વિના તે ચાર ગતિના દુઃખમાં રખડે છે. કાગડા, કૂતરામાં જાશે.

પૂ.ગુરુદેવ મુંબઈમાં રમણીકભાઈનો ૮૦ લાખનો બંગલો છે ત્યાં ઉતર્યા'તા. સામે સમુદ્ર છે પાછો. ત્યાં આંટા મારે બગલા, છે ને ? બગલા માછલા ખાય. શું થશે આનું કરુણા ખૂબ ઈ જો શેઠિયો સમજ્યો નહીંને તો ઈ બગલો થઈને માછલા ખાશે પાછો. એમ ગુરુદેવ કહે ને ! ગુરુદેવને શું ? તેને તો કરુણા આવી એટલે કહી દે. આહા ! ''ચેત-ચેત નર ચેત-રજકણ તારા રખડશે જેમ રખડતી રેત'' કોઈ ભાવ પૂછે છે ? એકવાર ગુરુદેવે ફરમાવ્યું કે તું તારા આત્માની ઓળખાણ કરી લે. તારું આયુષ્ય પૂરું થશે તું ક્યાં જાઈશ ? આ ન્યાં કોઈ માસીના ઘર નથી કે આવકાર આપે તને. આહાહા ! તારી માસીના ઘર નથી કે આવો ભાઈ આવો આ શેઠીયો મોટો-કરોડપતિ હતો રાજકોટનો. કોઈ આવકાર નહીં આપે.

પછી બીજો દાખલો આપે. જેમ સુકું તણખલું હોય તણખલું, તણખલું નાનું અને વાવાઝોડું આવે ઈ તણખલું ઉડે. ઉડીને ક્યાં પડે તણખલું ? તેનો કોઈ નેઠો ખરો ? નક્કી ખરું ક્યાં પડે ? આહાહા ! એમ ખોવાઈ જાઈશ. પછી આગળ વધીને કોઈ વખતે એમ કહે. અરે ! આ બટેટા ને લસણ-ડુંગળીમાં તારો જન્મ થશે. તો મફતના ભાવે મૂળો-મફતના ભાવે મૂળો પહેલાંના કાળમાં હતું. હવે તો મોંઘું થઈ ગયું. શાક લે એને તો મૂળો મફત આપે અગાઉના કાળમાં મફતના ભાવે તું વહેંચાણો. આહા !

પણ એ બેબાકળો થઈને જાગતો નથી. નિંદ્રા ઉડતી નથી એની. મમત્વ એવું છે પરમાં. કરુણા કરીને જ્ઞાનીઓ ચેતાવે છે. દુઃખી પ્રાણીઓની ઉપર કરુણા છે. ચેતાવે છે કે ભાઈ તારા જ્ઞાનમાં જે પર જણાય છે ને, એ પર નથી જણાતું તારી જ્ઞાનની પર્યાય જણાય છે એમ લે પહેલાં. પરનો પ્રતિભાસ થાય છે ભલે, પણ એય જણાતું નથી તો એને જાણીશ તો અજ્ઞાન. અને જાણનારને જાણીશ તો જ્ઞાન થઈ જશે સમ્યક્‌જ્ઞાન એ વખતે. ઉપયોગ પલ્ટી જશે અંદર અભિમુખ થઈ જશે. બહિર્મુખ ઉપયોગ હતો તે અંદરમાં આવશે.

કહે છે કે જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જ્ઞેયો જણાય છે માટે અહીંયા જ્ઞાનનું અસ્તિત્વ છે ? જ્ઞેય કર્તા ને જ્ઞાનની પર્યાય કર્મ એમ બે વચ્ચે કર્તા કર્મ સંબંધ નથી. જ્ઞેય નિમિત્ત અને જ્ઞાનની પર્યાય નૈમિત્તિક તેમ બે વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ નથી. અને હું જ્ઞાતા ને તે જ્ઞેય તેમ જ્ઞાતા જ્ઞેય સંબંધ પણ નથી. ત્રણે સંબંધ ઉડાડે છે. કારણ કે જ્ઞેયકૃત અશુદ્ધતા નથી.

કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં, શું કહે છે ? આ જ્ઞેયો છે. એની અવસ્થામાં એટલે જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયો જણાય છે. જેવું છે તેવું પ્રતિબિંબ થાય છે પ્રતિભાસ થાય છે. આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લાકડી હોય તો લાકડીનો પ્રતિભાસ થાય, ઝાડ હોય તો ઝાડનો પ્રતિભાસ થાય તો જેવું હોય છે એવું અંદરમાં જણાય છે. જણાય ભલે, પણ એને જાણવાનું બંધ કરી દે. જણાય પણ જાણવું નહીં. જણાય ભલે પણ જાણવું નહીં. અને જ્ઞાયક જણાય તેને જાણવું. જણાય ને જાણવું. જણાય ને જાણવું. ઓલું જણાયને ન જાણવું. આ જણાય ને જાણવું.

શું કહ્યું ? આ જ્ઞાયક પ્રભુ છે તે અંદરમાં, તે જ્ઞાનની પર્યાયમાં જણાય છે બાળગોપાલ સૌને ! જણાય છે તેને જાણવું. જણાય છે તેને જાણવું અને આ જણાય છે તેને હું જાણતો નથી. આમ વિધિ નિષેધમાં આવતા વિધિ નિષેધના બેય વિકલ્પ છૂટી સાક્ષાત્ અનુભવ થાય છે. બે નયનો જ્ઞાતા થાય છે.

જ્ઞેયાકાર અવસ્થામાં જો આ જ્ઞેયાકાર અવસ્થા આ જ્ઞેયો છે ને, તેનો આકાર એટલે કે ઝલક જેવું સ્વરૂપ છે તેવું પ્રતિભાસે છે. તેવી અવસ્થામાં પણ આ જ્ઞેય નથી જણાતું પણ જાણનાર જણાય છે. એમ જોઈ લ્યે તો તરત જ અનુભવ થઈ જાય ! અને અનુભવમાંથી બહાર આવ્યા પછી સવિકલ્પદશા હોય ત્યારે પણ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જ જણાય છે જ્ઞેય જણાતું નથી. જ્ઞેય પણ નથી જણાતું કેમકે જ્ઞેયો ઉપર લક્ષ નથી, જેનું લક્ષ હોય તે જણાય અને જેનું લક્ષ ન હોય ઈ જણાવા છતાં એને જણાય નહીં. જણાય પણ જાણે નહીં. જણાય પણ જાણે નહીં ને જ્ઞાયક જણાય ને જ્ઞાયકને જાણે. આહાહાહા !

જ્ઞાયક જ્ઞાનમાં જણાય ને જ્ઞાન જ્ઞાયકને જાણે કે જ્ઞાયક તે હું. તો અભેદ થઈને અનુભવ થાય. તે આવશે હમણાં સ્વપરપ્રકાશકમાં જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેયો જ્યારે જણાય છે, પ્રતિમા સામે ઊભો છે અને પ્રતિમા જણાય છે જ્ઞાનમાં તે વખતે પ્રતિમા જણાય છે કે ચૈતન્ય પ્રતિમા જણાય છે ? આ સવિકલ્પદશાની વાત કરે છે. એક વખત નિર્વિકલ્પ ધ્યાનમાં એ જણાવાનું બંધ થાય છે. જાણતો જ નથી અને જણાતું પણ નથી. એ પ્રતિમા ભગવાનની એને જ્ઞાન જાણતું નથી ને એ પ્રતિમા જ્ઞાનમાં જણાતી પણ નથી પણ જ્ઞાયક જણાય છે ત્યારે નિર્વિકલ્પ અનુભવ થાય છે.

નિર્વિકલ્પ અનુભવ લાંબો ટાઈમ રહેતો નથી. બહાર આવે છે અને પ્રતિમાની સામે દર્શન કરવા ઊભો છે સાધક. ત્યારે સાધક કહે છે કે પ્રતિમા ભલે જણાય છે. નિર્વિકલ્પ જ્ઞાનમાં તો કાંઈ જણાતું જ નહોતું. પર, રાગ કે દેહ કાંઈ, પણ સવિકલ્પદશામાં જણાય ખરું પણ જ્ઞાન તેને જાણે નહીં. આહાહા !

દેખે છતાં નહીં દેખતો, બોલે છતાં અબોલ, ચાલે છતાં નહીં ચાલતો. તત્ત્વ સ્થિત અડોલ. આહાહાહા ! દેખે છતાં દેખે નહીં, દેખાય પણ દેખે નહીં. દેખાઈ તો રહ્યું પણ દેખવાનું ટળી ગયું. ઝીણી વાત છે આ. એમ છે કે અનુભવની ચીજ છે. અનુભવી તો તરત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ આને સ્વીકારી લ્યે પોતાને અનુભવ થયો હોય ને તેથી અનુભવી વાત કરે તો સ્વીકારી લે. પણ બિન અનુભવીને જરાક વાર લાગે સ્વીકાર કરતાં. લાયક હોય તો સ્વીકારે અને એને પણ અનુભવ થાય.

આ અનુભવની પરંપરા ભારતમાં અનાદિકાળથી ચાલી આવે છે. ૠષભદેવ ભગવાનના વખતથી ભગવાન મહાવીર સુધી આ પરંપરા ચાલી છે. અને ઠેઠ આપણા ગુરુદેવની પરંપરા સુધી તે વાત ચાલી આપણને મળી. આપણા ગુરુ પર્યંત આપણા ગુરુ પણ વિજ્ઞાનઘનમાં મગ્ન હતા પૂર્વે. આહાહા ! આનંદનું ભોજન કરતા હતા. તેની પરંપરાથી જેનો જન્મ થયો છે. આ સંધી છે બધી. જાણે તે માણે, જાણે તે માણે તેવું છે. આ કોયડો છે ઉકલી જાય તો કોડીનો પણ ઉકલે નહીં તો ગોથા ખાય. કાગળના ઘાને ઘા બગાડી નાખે ને તો કોયડો ઉકલે નહીં. ઉકલે તો કોડીનું કાંઈ નહીં. આહા !

એક વખત એવું બન્યું અમારા પિતાજી વાત કરતા હતા. લીંબુડા ગામમાં રહી અમે બાંટવા માણાવદરની પાસે જુનાગઢ સ્ટેટમાં તો અમારા બાપુજીએ વાત કરી કે એક ગામનું નામ લીધું. ઈ ગામમાં શેઠીયો રહેતો હતો. બહુ પૈસો ચિક્કાર, સોનું, હીરા અને રોકડા રૂપિયા અને દીકરો નહીં. પટેલ એકલો ને ઉંમર થઈ ગઈ. હવે શું કરવું આ લક્ષ્મી કોને આપવી ? આહા ! ઈ તો કાંઈ બુદ્ધિ સૂઝે નહીં, કે કાંઈ ધર્માદામાં આપવું ઈ તો બુદ્ધિ બુઠ્ઠી થઈ ગઈ મમતામાં. આ લક્ષ્મી આપવી કોને ? વિચાર કરતાં કરતાં વિચાર સ્ફુર્યો, આ છે લક્ષ્મી ને બધો ભંડાર. ઈ હું એક પાળીયો બનાવું; પાળીયો સમજ્યા ને ? પથ્થરના પાળિયા થાય છે જયંતીભાઈને ખબર હોય. ગામડામાં પાળિયો બનાવું અને એની અંદર એના માથા ઉપર લખું કે 'માથું વાઢે તે માલ કાઢે.' તે પ્રમાણે કર્યું તેણે, પાળિયો બનાવ્યો. સમજી ગયા. પાદરની બહાર, શહેરની બહાર ગામડાની બહાર તે રસ્તો જ્યાં હતો ને ચાલુ એ રસ્તા ઉપર જ બધા વાંચતા જાય ને ચાલ્યા જાય 'માથું વાઢે ઈ માલ કાઢે' અરે ! આપણે ક્યાં માલ જોઈએ છે. આ માથું વાઢી નાંખી પછી માલને કોણ ભોગવે ? આપણે માથું વાઢવું નથી.

આમાં મર્મ લાગે છે. થોડીક વાર વિચાર કરતાં કરતાં મર્મ ખ્યાલમાં આવી ગયો. ઓહો ! અને પછી શું વાણીયો છે ને જરાક હાથમાં હથિયાર હતું લોઢાનું કોઈ દેખે નહીં જાણે નહીં તેમ આજુબાજુ જોઈ લીધું. આ તો પોલું છે. બરાબર ! આજ રાત્રે આવીને, માથું વાઢી નાંખીશ. અને આવ્યો ઘોડા ઉપર. ઘોડા ઉપર પાછું ઓલું બધા સમાન ભરવાના કોથળા હોયને, આજુબાજુ શું કહેવાય ? ખડીયા, ખડીયા ઉપર આવ્યો ઈ-ને સાથે દસ્તો લઈ આવ્યો. ઘરમાં દસ્તા તો હોય ને ? દસ્તો લઈ આવીને રાતના દોઢ બે વાગ્યે આવ્યો.

અને એવું માથું વાઢ્યું માથું ઉડી ગયું અને અંદરથી માલ કાઢી કોથળા ભરી અને ઘર ભેગો થઈ ગયો. પાછું વાળીને ન જોયું. સવારે છ સાડા છ સાત બધા હાલતા થયા. બધા આવે, જોવે અરે આ શું થયું ? કે આ તો પોલું હતું ઓય ભાઈ આ તો માલ ભર્યો તો આપણે ભૂલી ગયા. આપણને ખ્યાલ જ ન આવ્યો કે માથું વાઢે તે માલ કાઢે. આ બનાવ બનેલો બનાવ છે હો.

એમ આમાં કળનું કામ છે બળનું કામ નથી. આ મને જણાય છે આ જણાય છે અનંતકાળ ગયો અનુભવ ન થયો, નહીં થાય. હજી નહીં થાય. કારણ તારી શ્રદ્ધામાં રાખીશ કે હું પરને જાણનારો છું કે સ્વપરને જાણનારો છું. અસદ્ભૂતનો પક્ષ કે સદ્ભૂતનો પક્ષ બે ય અજ્ઞાન છે આહાહા !

જ્ઞાનનો સ્વભાવ તો સ્વપ્રકાશક છે. સ્વપ્રકાશક લક્ષણથી આત્મા લક્ષિત થાય છે. પછી ભેદમાં આવે તો સ્વપરપ્રકાશકનું જ્ઞાન થાય છે. અભેદમાં આવીને ભેદમાં આવે તો સ્વપરપ્રકાશકનું જ્ઞાન કહેવામાં આવે છે. આહા ! એવી વાત અલૌકિક છે કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો. જ્ઞેય જ્યારે જણાય છે ત્યારે મને જાણનાર જણાય છે. એટલે જ્ઞેયથી વ્યાવૃત થાય છે જ્ઞાન. આ જ્ઞાન, આ જ્ઞેય કર્તા ને જ્ઞાનની પર્યાય કર્મ તેમેય નથી. જ્ઞેય છે તો આંહી જ્ઞાન થાય છે આત્માનું એમ નહીં. જ્ઞેય નિમિત્ત હોય તો જ્ઞાનની પર્યાય નૈમિત્તિક થાય તેમ પણ નથી.

એ ક્ષણિક ઉપાદાનની જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે. એને નિમિત્તની જ્ઞેયની અપેક્ષા નથી. એમ જ્યાં જ્યારે નક્કી કરવા જાય છે ત્યાં જ્ઞેયનું લક્ષ છૂટી જાય છે. અને ક્ષણિક ઉપાદાનનું લક્ષ ત્રિકાળી ઉપાદાન ઉપર જાય ત્યાં અનુભવ થઈ જાય છે. આ બે ચાર પાંચ દસ વખત ઘૂંટીયે ત્યારે તો ખ્યાલ આવે કે આ આચાર્ય ભગવાન શું કહેવા માગે છે ? સમર્થ આચાર્ય છે ને ! આહા ! તેની ભાષા બધી ગૂઢ હોય. તેની ભાષા આમ ઉપર ઉપરથી વાંચી જાવ તો કાંઈ એનો મર્મ ખ્યાલમાં ન આવે.

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે. આહાહા ! જ્ઞેયો જ્યારે જણાય છે ત્યારે મને જાણનાર જણાય છે, જ્ઞેય જણાતું નથી તો જ્ઞેયથી વ્યાવૃત થઈને, પાછો વળીને, જ્ઞાન રીબાઉન્સ થયું જ્ઞાન જ્ઞેયથી, જ્ઞેય જણાય છે ત્યાંથી પાછુ ફર્યું, ઈન્દ્રિયજ્ઞાન પાછું ફર્યું અને અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થઈને અનુભવ થાય છે.

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો તે જ્ઞેયના પ્રતિભાસ વખતે તો જાણનાર જણાય છે તેમ સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ જાણનાર જ જણાય છે. હર હાલતમાં જાણનાર જણાય છે. ઉંઘમાં પણ જાણનાર જણાય. હાલતાં, ચાલતાં, ઉઠતાં, બેસતાં એ જાણનાર

જણાય છે. જ્ઞાનીને તો પ્રત્યક્ષ જાણનાર જણાય છે અને અજ્ઞાની લાયક હોય ને પક્ષમાં આવી જાય તો તેને પણ પરોક્ષપણે જાણનાર જણાય છે, તેવી ધૂન ચડી જતાં અનુભવ થાય છે.

બધું કહી દઉં છું. કાંઈ ખાનગી નથી. આહાહાહા ! ખાનગી ન હોય કાંઈ. આહા ! કેમ કે અમે કહી દઈ તો અમારા શિષ્ય આગળ વધી જશે અમારાથી એમ ન હોય આમાં. ખુલ્લું છે બધું. જ્ઞાનીને તો પ્રત્યક્ષ અનુભવ થઈ ગયો સમયે સમયે હાલતાં, ચાલતાં, ઉઠતાં, બેસતાં, ખાતાં, પીતાં, જાણનાર જણાય છે. પણ જેને અનુભવ ન થયો હોય, તેને અનુભવ કરવો હોય, ઈચ્છા હોય તો, અનુભવ કરવાની ઈચ્છા હોય દર્શન ભગવાનના કરવા હોય તો (આ) વાત છે. તો તેને શું કરવું ? જાણનાર જણાય છે ખરેખર પર જણાતું નથી. એ વિધિ નિષેધના વિકલ્પમાં આવી અને પછી નિષેધનો વિકલ્પ છૂટે પછી વિધિનો વિકલ્પ આવે ને પછી વિધિનો વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ અનુભવ થાય.

જાણનાર જ જણાય છે બીજું કાંઈ જણાતું નથી. કોઈનું સાંભળે નહીં. જ્ઞાની તો કોઈનું સાંભળે નહીં બધા ઠેકડા ભલે મારે. પણ પક્ષવાળો પણ કોઈનું સાંભળે નહીં. આહાહા ! ઈ એવો પક્ષ આવે કે પક્ષાતિક્રાંત થાય, થાય ને થાય જ. પર જણાતું નથી ને સ્વપર જણાતું નથી, એકલું સ્વ જ જણાય છે. આહાહા ! પર જણાય છે તે તો અજ્ઞાન છે સ્વપર જણાય છે જ્ઞાનની પર્યાયનો ભેદ ઈ વ્યવહાર છે. અને એકલું સ્વ જણાય છે તે નિશ્ચય છે. એક વખત અનુભવ થઈ ગયા પછી ભેદમાં આવે તો જ્ઞાનની પર્યાયને જોવે. ભેદને જોવે તો સ્વપરપ્રકાશક દેખાય છે. અભેદને જોવે તો સ્વપર પ્રકાશક દેખાતું નથી. અને સ્વ-પ્રકાશક છે. તેવો વિકલ્પ પણ ઉઠતો નથી હવે.

પ્રફુલભાઈ ખ્યાલમાં આવ્યું ને. આવ્યું ખ્યાલમાં. ખ્યાલમાં આવે તો પ્રમોદનો ઉછાળો આવી જાય રહી ન શકે. કોઈને લોટરી લાગે તો કહે કે તમને લોટરી લાગી ગઈ. હેં ! તો હર્ષ આવે કે નહીં. તેમ આ લોટરીનું કામ છે.

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો. જાણનાર છું તેમ જણાય છે. જાણનાર છું તેમ જણાય છે. આને જાણું છું તેમ જણાતું નથી. જ્ઞેયને જાણું છું તેમ જણાતું નથી. જાણનારો છે તે જ મને સમયે સમયે જણાય. જો ભાવાર્થમાં છે ઈ ખુલાસો કર્યો છે થોડો.

જ્ઞાયક તેવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે. કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ ભાવાર્થમાં છે. જ્ઞાયક એવું નામ પણ તેને, તેને એટલે જ્ઞાયકને, જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે. આહાહા ! જાણે છે તો આત્મા આત્માને, જ્ઞાયક જ્ઞાયકને જાણે છે. પણ જે જ્ઞાયકને જાણતો નથી તેને સમજાવે છે કે જ્ઞેયને જાણવાથી આત્માને જ્ઞાયક નામ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આપવામાં આવે છે. કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે જણાય છે અંદર પ્રતિભાસ થાય છે ને દર્પણમાં જેમ પ્રતિભાસ થાય ઝળકે છે ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે.

જેવો આમ પ્રતિભાસ થયો. આ લાકડીનો પ્રતિભાસ થયો તે વખતે એમ થાય કે લાકડી જણાય છે. એ વખતે લાકડી ઉપર નજર છે ને નિમિત્ત ઉપર. ક્ષણિક ઉપાદાનમાં આવ્યો નથી ને ત્રિકાળી ઉપાદાનમાં આવ્યો નથી તે તો નિમિત્તમાં ચાલ્યો ગયો છે. નજર એની (નિમિત્ત ઉપર છે) કે લાકડી જણાય છે મને. સમજી ગયા. આહાહા !

એ કહે છે કે જ્ઞેયનો જ્ઞાનમાં પ્રતિભાસ થયો તો જ્ઞાયકનો અનુભવ કરતાં જ્ઞાયક જ છે. આ હું જાણનારો છે તે હું જ છું અન્ય કોઈ નથી. જાણનારો હું છું. આહા ! હું તો જાણનાર છું. જાણનારને જાણે તેવો જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે. પરને જાણે તેવો જ્ઞાનની પર્યાયનો સ્વભાવ નથી. એ અજ્ઞાનનો સ્વભાવ છે. પરને જાણે તે અજ્ઞાન ને સ્વને જાણે તે જ્ઞાન. સ્વને જાણતાં, જ્ઞાન જણાતાં, અનુભવ થતાં આનંદ આવે છે પરને જાણતાં અનંતકાળ ગયો પણ દોષ આવ્યો. આનંદ આવ્યો નહીં. આહાહા !

કહે છે જ્ઞેયને જાણ તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. આ હું જાણનારો છું તે હું છું અન્ય કોઈ નથી. તેવો પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો ત્યારે તે જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ અને જેને જાણ્યો તે કર્મ પણ પોતે જ. પરનું જાણવું ગયું અને સ્વપરનું જાણવું ગયું, એકલું સ્વપ્રકાશક રહી ગયું. આ બે શલ્ય છે. એક અસદ્‌ભૂત વ્યવહારનો પક્ષ, આત્મા પરને જાણે છે. શું નથી જાણતો ? આ ઘડીયાલ છે શું નથી જાણતો ? મિથ્યાદૃષ્ટિ છે ઈ. એમ કુંદકુંદઆચાર્ય ભગવાને કહ્યું. મને આ છ દ્રવ્ય જણાય છે કે જા મિથ્યાદૃષ્ટિ. સર્વજ્ઞ ભગવાને છ દ્રવ્ય કહ્યા તેને હું જાણં છું, તો હા, મિથ્યાદૃષ્ટિ !

જાણનારને ભૂલી ગયો તું. તું તો જાણનાર છો. તારા જ્ઞાનમાં તો જ્ઞાયક તન્મય થઈને જણાય છે. અભેદને જાણતો નથી અને જે ભેદ છે ભિન્ન છે તેને જાણશ ? આહાહા ! અધ્યવસાન, મિથ્યાદૃષ્ટિ.

જ્ઞાન પરને જાણે છે તે તો ગયું. જ્ઞાન સ્વપર બેયને પ્રકાશ કરે છે તેય ગયું અને જ્ઞાનમાં-ઉપયોગમાં ઉપયોગ આવી ગયો, અનુભવ થયો ત્યારે આ ઉપયોગમાં આત્મા જણાય છે, તેવો ભેદ પણ રહેતો નથી. અભેદ એકાકાર થઈને અનુભવ થાય છે. આવો એક જ્ઞાયકપણા માત્ર પોતે શુદ્ધ છે એમ વાત કરી.

ઉપર આવે છે મૂળમાં-જ્ઞાયકપણે જણાયો તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ, હવે જ્ઞેયની વાત કરે છે. ધ્યેયપૂર્વક જ્ઞેય થાય છે આત્મામાં. આત્મા આત્માને જાણે છે પોતે જાણનારો છે માટે પોતાને જાણે છે. જાણનારો માટે પોતે કર્તા અને જણાયો પણ આત્મા. શું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જણાયું ? દેવગુરુ શાસ્ત્ર જણાયા ? આહા ! ધ્યાન રાખજો. અનુભવના કાળે દેવ-ગુરુ-શાસ્ત્ર જણાતા નથી, રાગ જણાતો નથી, શરીર જણાતું નથી. આહાહા ! અને પર્યાયનો ભેદ પણ જણાતો નથી. હું કર્તા ને જ્ઞાનની પર્યાય મારું કર્મ તેવો ભેદ પણ જણાતો નથી.

જાણવારૂપે પરિણમ્યો તો પરિણામી આત્મા કર્તા ને પરિણામી આત્મા કર્મ. પરિણામી આત્મા કર્તા ને જ્ઞાનની પર્યાય કર્મ તેમ નથી. એમ પણ ત્યાં નથી કે આત્મા કર્તા ને રાગ મારું કર્મ તે તો અજ્ઞાનના ઘરમાં ગયું. આહાહા ! એ આ સમાજને ખોટું ન લાગે તેની સંભાળ રાખો. આ આપણો સમાજ અંદરમાં અનંત ગુણ છે ને તે સમાજ છે તેને દુઃખ ન થાય તેનો અનાદર ન થાય, તેનું ધ્યાન રાખો.

બહારના સમાજની ચિંતા છોડી દે. આહાહા ! બહારનો સમાજ અનાદિકાળથી તને આવકાર આપે, એક દી' આવકાર આપે ને બીજે દી' અપમાન કરે. આહા !! તેનો શું ભરોસો. એક દી' કહે કે ભાઈ બહુ સારા ને બીજે દી' કહે કે ભાઈ બહુ ખરાબ. અરે ! આ શું તમે વાત કરો છો ? કાલ સારા ને આજ ખરાબ. એટલી વારમાં કાંઈ ભરોસો નથી કોઈનો. ભરોસો કરવા જેવો નથી. મુમુક્ષુનો પણ નહીં. ભરોસો કર તો એક આત્માનો કર. અનંત ગુણથી બિરાજમાન પરમાત્મા છે. એ કોઈ દી' દગો નહીં દે તને. ધક્કો નહીં મારે.

એક વાર બનાવ બન્યો તો એક ભાઈને કહ્યું'તું મેં. આહાહા ! જેમ બનાવ બને બહારમાં અનેક પ્રકારનાં. આહા ! કહ્યું કે અમને જગત ભલે ધક્કો મારે અમારો આત્મા કોઈ દી' ધક્કો નહીં મારે. જગતને ધક્કો માર ! ભાઈયું ધક્કો મારે ! માબાપને ધક્કો મારી દયે, પાંજરાપોળમાં મોકલી દે છે. અત્યારે બધું બને છે ને ! પણ ભગવાન આત્માનું શરણું લીધું હોય તો ? તે કોઈ દી' ધક્કો મારે ? આહાહા ! એક શરણ આત્માનું છે, બાકી કાંઈ શરણ જગતમાં નથી. ધુતારાની ટોળી છે અમે લખ્યું બોલો. ધુતારાની ટોળી હો. એકલા કુટંબીજનો નહીં મુમુક્ષુઓ બધાય બધું લઈ લેવું આખું જગત. અમને તો ઘણો અનુભવ થઈ ચૂક્યો છે. આહાહા ! એક આત્મા શરણ છે બાકી કોઈ શરણ નથી. ક્યાંય ફાંફાં મારીશમાં.

જ્ઞેયાકાર અવસ્થામાં દીવાની જેમ કર્તા કર્મનું અનન્યપણું. શું કહે છે ? આત્મા દ્રવ્ય દ્રષ્ટિએ અકર્તા છે. હવે જ્યારે ઉપયોગ આત્મામાં લાગે છે ઉપયોગ બહાર જાતો'તો તે ઉપયોગ અભિમુખ થઈને આત્માની સાથે અભેદ થાય છે ત્યારે આત્મા પરિણમે છે. મોક્ષમાર્ગરૂપે પરિણમે છે. બંધમાર્ગરૂપે પરિણમતો હતો પર્યાયમાં, તે પર્યાયમાં મોક્ષમાર્ગરૂપે પરિણમે છે. જ્યારે પરિણમે છે ત્યારે કર્તા કર્મ ક્રિયાનો ભેદ દેખાતો નથી.

એક દીપચંદજી થઈ ગયા છે તેણે અધ્યાત્મ પંચસંગ્રહ લખ્યું છે. એમાં એક એણે પદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બનાવ્યું છે. એ પદ સોગાનીજીએ દોઢ મહિનામાં છેલ્લે જેટલા કાગળો પોતાના સગાવહાલાને લખ્યા તેટલા કાગળમાં આ દોહો તેમણે દોહરાવ્યો છે. એવો આમાં માલ ભર્યો છે. કર્તા કર્મનું અનન્યપણું કર્મનો ભેદ દેખાતો નથી. કર્તા, કર્મ ને ક્રિયા તેનો ભેદ દેખાતો નથી. અકર્તા કાયમ રહ્યો ને કર્તા થઈ જાય છે. અકર્તા થયો તે નિશ્ચયને કર્તા થયો તે વ્યવહાર. આહા ! આ કર્તાબુદ્ધિ ગઈ અને સમ્યક્ પ્રકારે કર્તા થયો. આ સ્યાદ્‌વાદ છે. કર્તા, કર્મ, ક્રિયાનો ભેદ ભાસતો નથી. કર્તા, કર્મ, ક્રિયા, આત્મા કર્તા ને નિર્મળ પર્યાય કર્મ. અને પર્યાયની ફેરણી તે ક્રિયા. પૂર્વ પર્યાયનો વ્યય ઉત્તર પર્યાયનો ઉત્પાદ તેને ક્રિયા કહેવામાં આવે છે.

વર્તમાન પરિણામને કર્મ કહેવાય. અને વર્તમાન પરિણામ ઉત્પાદ થયો પણ પૂર્વ પર્યાયના વ્યયપૂર્વક થયો તેવો ખ્યાલ લ્યો તો તેનું નામ ક્રિયા કહેવાય. કર્તા, કર્મ ને ક્રિયા ભેદ નહીં ભાસતું હૈ. એવા ભેદ તો છે ધર્મના, ધર્મના ભેદ છે પણ અભેદમાં ભેદ દેખાતો નથી.

વાત થોડી સૂક્ષ્મ છે. સમયસારની વાત તો સૂક્ષ્મ જ હોય ને ! આત્મા જ પોતે સૂક્ષ્મ છે ને ઉપયોગ સૂક્ષ્મ કરે તો પકડાય એવું છે. ''કર્તા કર્મ ક્રિયા ભેદ નહીં ભાસતું હૈ, અકર્તૃત્વ શક્તિ અખંડ રીતી ધરે ઈ હૈ.'' અકર્તા કાયમ રહીને કર્તા થાય છે. અકર્તાનો અભાવ કરીને કર્તા થતો નથી. અકર્તા રહીને કર્તા બને છે આ શું ? અકર્તા રહીને કર્તા બને. આ શું ? આ કળા છે. ''અકર્તૃત્વ શક્તિ અખંડ રીતી ધરે ઈ, યાહી કે ગવેષી હો ઈ જ્ઞાન માંહી લખી લીજે યાહી કી લખની મેં અનંત સુખ ભરેઈ હૈ.''

આ હું જ કર્તા ને હું જ કર્મ મને આત્મા જણાયો. જાણ્યો આત્માએ આત્માને અને જણાયો પણ આત્મા, પર્યાય ન જણાણી. જ્ઞાનની પર્યાય ન જણાણી. સમ્યગ્જ્ઞાનની અતીન્દ્રિયજ્ઞાનની પર્યાય એ ન જણાણી. આહાહા ! ત્યારે એકલો જ્ઞાયક જણાયો તેમ પણ નહીં એ પર્યાય પરિણત આખો અભેદ આત્મા કર્મ થઈ જાય છે. આખો આત્મા જણાયો. જ્ઞેય આખું ધ્યેયપૂર્વક આખું જ્ઞેય થાય છે. ઈ આત્માનું કર્મ થાય છે ને આત્મા તેનો કર્તા થાય છે. પરિણામી તે કર્તા અને પરિણામી તેનું કર્મ. પરિણામ તે કર્તાને પરિણામ કર્મ નહીં. આહાહા ! રાગ તો તેને ઘરે ગયો. પણ સમગ્જ્ઞાનની પર્યાય અતીન્દ્રિયજ્ઞાનની પર્યાય જેમાં આનંદ આવે એવો ભેદ કર્મ નથી. નિર્વિકલ્પ ધ્યાનમાં તો અભેદ કર્તા ને અભેદ કર્મ.

કર્તા કર્મ ક્રિયા ભેદ નહીં ભાસતું હૈ યાહી કે ગવેષી હોય, ગવેષી એટલે ખોજી. જેને ખોજ-શોધ કરવી હોય ને અને આત્મા જોતો હોય તેને માટેની વાત છે. ''યાહી કે ગવૈષી હોય જ્ઞાનમાંહી લખી લીજે'' આવું એક જ્ઞાનનું કર્તા કર્મનું અનન્યપણું થાય છે કે જ્ઞાનમાંહી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લખી લીજે. યાહી કી લખની યા અનંત સુખ ધરેઈ. આ વાત જો તને લક્ષમાં આવશે તો અનંત અનંત સાદિ અનંતકાળ તને સુખની અનુભૂતિ થયા કરશે.

એક વાર હિંમતનગરમાં જાત્રા કરીને આવ્યા બે મુમુક્ષુ બેઠા'તા, ચર્ચા થઈ. મેં કહ્યું દૃષ્ટિની અપેક્ષાએ આત્મા અકર્તા છે પણ જ્ઞાન અપેક્ષાએ આત્મા કર્તા થાય છે. તો તો અકર્તા દૃષ્ટિનો વિષય ગૂમ થઈ જાય. ગૂમ નહીં થાય ત્યારે જ સાચો થશે. જો કર્તા થઈશ તો અકર્તાનું જ્ઞાન સાચું. બાકી અકર્તાનો વિકલ્પ ખોટો છે. પછી એને આ વાત બેઠી નહીં. પછી તેમને કહ્યું કે આ અમે વાત કરીએ છીએ તે ધ્યાનમાં ડીપોઝીટ રાખજો. જે વખતે તમને આત્માનો અનુભવ થશે ત્યારે આ વાત તમને સાચી લાગશે. અનુભવ વિના સાચી નહીં લાગે. અનુભવના કાળમાં આમ થાય છે કીધું. સમજી ગયા ? તો હવે તો એને બેસી ગયું પણ શરૂઆતમાં અકર્તાની એવી ધૂન લગાવીશ કે અકર્તા કર્તા થયો ? કહે હા. કર્તા થાય ત્યારે અકર્તા સાચો.

અકર્તૃત્વશક્તિ અખંડરીતી ધરે ઈ. અકર્તાપણું જતું નથી દૃષ્ટિમાંથી અને જ્ઞાનમાં કર્તાપણું આવી જાય છે. આહાહા ! આત્માના અનુભવની વાત અપૂર્વ છે. એક વખત અનુભવ થયો સ્પર્શ થયો અકલ્પકાળમાં મુક્તિ છે. કર્તાકર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે. ટાઈમ થઈ ગયો. હજી કાલે કર્તા કર્મના અનન્યપણાની ચર્ચા કરશું. આ કાંઈ ઊતાવળે આંબા પાકે તેમ નથી. શાંતિથી ટાઢો કાળ છે ને તેથી.

## પ્રવચન નં. ૨૦
### અમૃતપ્રભાત એપાર્ટમેન્ટ - રાજકોટ
### તા. ૨૬-૭-૯૧

આ સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. તેનો જીવ નામનો અધિકાર. તેમાં શુદ્ધાત્માનું શું સ્વરૂપ છે ? અને તેનો અનુભવ કેમ થાય ? તે બે પ્રશ્ન હતા. તે પ્રશ્નનો ઉત્તર આપ્યો.

તેમાં પહેલાં પારામાં એમ કહ્યું કે આ આત્મા અનાદિ અનંત છે. તે પ્રમત્ત-અપ્રમત્ત દશાઓ એટલે ચૌદ ગુણસ્થાન. એ બધા પર્યાયો છે તે પર્યાયો આત્મામાં નથી. પર્યાય પર્યાયમાં ભલે હો, છે. પણ પર્યાયો મારા આત્મામાં નથી એક, વાત ઈ પાકી કરવી કે પરિણામ મારા આત્મામાં નથી એક, અને તે કારણે પરિણામનો હું કર્તા નથી બે. બીજું કારણ પરિણામ પરિણામને કરે છે માટે હું કર્તા નથી, ત્રણ વાત છે.

એક તો આ જીવ તત્ત્વ સામાન્ય શુદ્ધાત્મા તે દૃષ્ટિનો વિષય છે. તેના ઉપર દૃષ્ટિ કરતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માનો અનુભવ થાય. એવો તે શુદ્ધાત્મા કેવો છે ? કોણ છે ? તેવા પ્રશ્નના ઉત્તરમાં ત્રણ વાત કરી કે આ જે શુદ્ધાત્મા છે અનાદિ અનંત, જે જ્ઞાયકભાવ તે પ્રમત્ત અપ્રમત્તથી રહિત છે. અને આત્મા શુભ અને અશુભરૂપે પરિણમતો નથી, થતો નથી. કેમકે તે આત્મા પરિણામથી ભિન્ન છે. આત્માથી પરિણામ ભિન્ન છે, ભિન્ન છે માટે આત્મા તેનો કર્તા નથી, અકર્તા છે. પરિણામ પરિણામને કરે છે માટે હું અકર્તા છું. પરિણામ ભિન્ન છે, સ્વયં થાય છે તેના ક્રિયાના કારકથી હું કરનાર નથી. એમ અકર્તા એવો આત્માનો જ્ઞાયક-જ્ઞાતા સ્વભાવ, તેને શ્રદ્ધામાં લઈને પછી, તે આત્મા પ્રયોગ કરે છે.

શ્રદ્ધા નિર્વિકલ્પ છે તેમાં પ્રયોગની જરૂર નથી. એક સમયમાં રહિત છું ને અકર્તા છું-દૃષ્ટિમાં શ્રદ્ધામાં આત્મા આવે ને પછી શુદ્ધાત્મા જે રીતે દૃષ્ટિમાં-શ્રદ્ધામાં આવ્યો, તેનો જ આત્મા અનુભવ કરે છે. તે અનુભવની પ્રક્રિયામાં જે પર્યાયથી ભિન્ન છે માટે તે દ્રવ્ય સામાન્ય શુદ્ધનયનો વિષય, નિશ્ચયનયનો વિષય થયો. તેને દ્રવ્યનો વિષય કહેવાય. પર્યાયથી રહિત છે માટે હવે એ આત્માને અનુભવવા માટે બીજો પારો કહ્યો. પહેલાં પારામાં એમ કહ્યું કે ‘‘જાણનાર છું ને કરનાર નથી.’’ તે પહેલોં પારો.

ભગવાન આત્મા જ્ઞાયક જ્ઞાનાનંદ પરમાત્મા, જ્ઞાનમૂર્તિ આત્મા કેવળ જાણનાર છે પણ પરિણામનો કરનાર નથી. કરનાર કેમ નથી ? કે મારાથી પરિણામ ભિન્ન છે. અને પરિણામનો કરનાર કેમ નથી ? કે પરિણામ-પરિણામને કરે છે. માટે એક ક્રિયાના બે કર્તા ન હોય. પરિણામમાં જે થતી ક્રિયાઓ, પ્રમત્ત-અપ્રમત્ત દશાઓ, તેમાં ક્રિયા સ્વયં થયા જ કરે છે. ક્રિયાના કારકો પર્યાયમાં છે તો એ પરિણામ પરિણામને કરે છે તેથી હું તેનો કર્તા નથી. એમ પરિણામમાં કર્તાબુદ્ધિ છૂટતાં એને અકર્તાનો પક્ષ આવે છે કે હું તો જ્ઞાયક અકર્તા છું. પરિણામનો કર્તા નથી.

હવે પરિણામનો કર્તા નથી તો આઠ પ્રકારના જડકર્મને હું ક્યાંથી કરું ? અને નોકર્મ શરીરાદિની ક્રિયાને પણ હું કેમ કરી શકું ? અને શરીરાદિની ક્રિયાને નથી કરી શકતો તો દુકાનના વેપાર રોજગાર કે ફેક્ટરીને હું કેમ ચલાવી શકું ? તેમ કર્તાબુદ્ધિને છોડતો અકર્તામાં આવી અને અકર્તાનું શ્રદ્ધાન કરે છે. અનુભવ પહેલાં એવો અકર્તા, અભોક્તા આત્મા, જ્ઞાતા-જ્ઞાયક હું છું એમ શ્રદ્ધામાં લીધા પછી જાણનાર છું ને કરનાર નથી તે પહેલોં પારો.

પહેલાં તો લીધું ને જાણનાર છું ને કરનાર નથી. તો જાણનાર છું તે પહેલાંમાં લીધું ને ? પછી પહેલાંમાં લીધું જાણનાર છું તો બીજામાં જાણનારો જ જણાય છે ને પર જણાતું નથી તે બીજા પારામાં આવે. આ જે સ્ટીકર છપાણા ને તેમાં બે વાક્ય છે. બે વાત છઠ્ઠી ગાથામાં છે. પરિણામ મારાથી ભિન્ન છે તેથી હું તેનો કર્તા નથી. પરિણામ સ્વયં થાય છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પરિણામનો કર્તા પરિણામ છે તેથી હું કર્તા નથી. પર્યાય ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને અકર્તા એવા શ્રદ્ધાના વિષયમાં એ જીવ આવે છે અને અકર્તા છું-કર્તા નથી એમ જ્યાં શ્રદ્ધા થઈ, પછી શ્રદ્ધાનો બીજો ભાગ આવે છે.

કે પરિણામ પરને જાણે છે કે નહીં ? પર મને જણાય તે વખતે પણ મને પર જણાતા નથી. પર્યાય જણાતી નથી. જે જ્ઞાનની પર્યાયમાં ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ, લોકાલોક પ્રતિભાસે તેવા જે જ્ઞાનની પર્યાયના પરિણામ, તેને પણ હું જાણવાનું બંધ કરું છું. પર્યાય ચક્ષુને સર્વથા બંધ કરી. એ પર્યાયમાં મારો દ્રવ્ય સ્વભાવ જણાય છે એવો પ્રયોગ કરતાં તેને પ્રત્યક્ષ આત્માનો અનુભવ થાય છે.

અનુભવ થાય છે ત્યારે પોતે પોતાનો જાણનાર છે માટે પોતે કર્તા છે એવો ઉપચાર આવ્યો. કર્તાના નિશ્ચયપૂર્વક કર્તાનો ઉપચાર આવ્યો, કર્તાબુદ્ધિ ન થઈ. કર્તાબુદ્ધિ તો પેલામાં ગઈ. કર્તાનો ઉપચાર બીજામાં જાય. આ પરિણામ જે થાય છે જ્ઞાનમાં તેનો હું કર્તા નથી, કર્તાબુદ્ધિ ગઈ. એ પરિણામ મને જાણે છે. એ પરિણામમાં મારો આત્મા જણાય છે તેથી જાણનારો તે હું કર્તા ને જણાયો પણ આત્મા માટે કર્મ. એવું મને જ્ઞાન અંદરમાં આવીને જ્ઞેયાકાર અવસ્થામાં જાણનાર જણાય છે. જ્ઞેયો પ્રતિભાસે છે, જ્ઞેયો ભલે પ્રતિભાસે પણ નથી જણાતું. જ્યાં સુધી જ્ઞેય જણાય છે ત્યાં સુધી અજ્ઞાન છે, વ્યવહાર નથી. પણ જ્ઞેયને હું જાણતો નથી એવો અંદરમાં એક નિષેધ આવે છે, શ્રદ્ધાનું બળ જબરજસ્ત તે જ્ઞાનની પર્યાયમાં વ્યવહારનો નિષેધ કરે છે.

ઓલામાં પર્યાયના કર્તાપણાનો નિષેધ કરતો'તો ને અકર્તાપણામાં આવી ગયો. હવે જ્ઞાનની પર્યાય પરને જાણે છે કે નહીં ? જ્ઞાનની પર્યાય પરને જાણતી નથી. જ્ઞાનની પર્યાયમાં બધાને મને પણ બધાને ભગવાન આત્મા જણાય રહ્યો છે. બાળગોપાળ સૌને સદાકાળ જ્ઞાન ઉપયોગમાં પોતાનો શુદ્ધાત્મા જણાય રહ્યો છે. જે જણાય રહ્યો છે તે હું છું. એમ જ્ઞાન ઉપર દૃષ્ટિ પડતાં અનુભવ થાય છે. ત્યારે જાણનારો કર્તા ને જણાયો પણ હું માટે લોકાલોક જણાયું નહીં, લોકાલોક તો પ્રતિભાસે છે પણ જણાતું નથી. દેહ, મન, વાણીનો સ્વચ્છતામાં પ્રતિભાસ છે પણ તે જણાતું નથી.

અને પર્યાયો પ્રગટ થાય છે તે જ્ઞાનમાં જણાય છે, પ્રતિભાસે છે પણ તે પર્યાયો મને જણાતી નથી. મને તો મારા જ્ઞાન ઉપયોગમાં ઉપયોગ છે એટલો આત્મા જણાય છે. જે છે ઈ જણાય છે. પર્યાયમાં રાગાદિ દુઃખ નથી માટે ઈ જણાતું નથી. પર્યાયમાં જ્ઞાયક તન્મય છે તે મને જણાય છે. એમ જાણીને-પર્યાયમાં જ્ઞાનની પર્યાયના વ્યવહારનો નિષેધ કરી અને જ્ઞાનની પર્યાયના નિશ્ચયમાં આવે છે કે જાણનાર જણાય છે ખરેખર પર જણાતું નથી. એવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રયોગમાં આવતાં એને તાત્કાલિક અનુભવ થાય છે. હું કર્તા છું તો મને અનુભવ થતો નથી અને હું પરિણામનો જ્ઞાતા છું તો પણ અનુભવ થતો નથી. પરિણામનો જ્ઞાતા નથી આત્મા. અપરિણામીનો જ્ઞાયકનો, ધ્રુવનો જ્ઞાતા છે. આહા ! એમ અનુભવનો બીજો પારો કહ્યો. હવે તેનો કૌંસ કરે છે દીપકનો દૃષ્ટાંત આપીને.

કે જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે. શું કહ્યું ? આ દીવો પ્રકાશે છે એ બધાં પદાર્થોને પ્રકાશે છે. તેમ વ્યવહારનયે કહેવામાં આવે છે. ખરેખર દીવાનો પ્રકાશ આ પર પદાર્થને પ્રકાશતો નથી. પણ દીવાનો પ્રકાશ દીપકને પ્રસિદ્ધ કરે છે. પણ અનાદિકાળથી, અજ્ઞાનીને પર્યાયના વ્યવહારનું શલ્ય કાઢવા માટેની વાત છે. દ્રવ્યનું શલ્ય કાઢ્યું કે પરિણામ માત્ર મારાથી ભિન્ન છે માટે હું કર્તા નથી. હું જ્ઞાતા છું પણ પરનો નહીં જ્ઞાયકનો જ્ઞાતા છું. કેમ કે ઉપયોગમાં ઉપયોગ છે પણ ઉપયોગમાં રાગાદિ નથી. પ્રકાશમાં દીપક છે પણ પ્રકાશમાં ઘટપટ નથી. છતાં વ્યવહારીજનો એમ કહે છે કે આ પ્રકાશમાં ઘટપટ જણાય છે એમ એની ભાષા દ્વારા 'ઘીનો ઘડો' અજ્ઞાનીની ભાષા છે ઈ. વ્યવહારની ભાષા કહો કે અજ્ઞાનીની ભાષા કહો

એમ કહે છે કે આ જ્ઞાનની પર્યાયમાં રાગાદિ તો નથી, ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં રાગ તો નથી, રાગ નથી તો કર્મ ને નોકર્મ તો ક્યાંથી હોય ? માટે હવે પાછો ફરે છે તેને જાણવાથી. અને અંદરમાં આવવાનો કાળ એનો પાક્યો છે કે આ પ્રકાશમાં ઘટપટ જણાય છે કે પ્રકાશમાં દીપક જણાય છે ? બસ એટલું જ નક્કી કરવાનું છે. પણ હવે આમાં એકાંત થઈ જશે, પર જણાય તો એકાંત ને દીપક એકલો જણાય ને આ ન જણાય તો એકાંત થશે. એનાં કરતાં અનેકાંત રાખો. પ્રકાશમાં દીપક પણ જણાય અને પ્રકાશમાં ઘટપટ પણ જણાય છે. જો ને, બધાને પૂછો. અનુભવ છે કે નહીં ?

એમાં એક જ્ઞાની બેઠા'તા તે ઊભા થયા. શું વાતો કરો છો ? કે આ પ્રકાશમાં અમે એમ કહીએ છીએ કે દીપકેય જણાય છે બોલો, અને આ બધું પણ જણાય છે. પૂછો બધાને ! આહાહા ! કહે છે કે ઈ અજ્ઞાનીનો એમાં હોઠ કામ આવે નહીં. ત્યારે શું છે ? કે આ બધું પ્રકાશ દ્વારા જણાતું નથી. જણાય છે એમ જેને જણાય છે, ત્યારે કહે છે કે હવે તેનો નિષેધ કર તું. આ જણાય છે તેનો હવે નિષેધ કર અને એકલો દીપક-આ ટ્યુબલાઈટ જણાય છે તો તારી દૃષ્ટિ ટ્યુબલાઈટ ઉપર જશે. પ્રકાશ ઉપર નહીં અટકે અને પ્રકાશ થયો તેના ઉપર પણ નહીં અટકે.

પ્રકાશ, પ્રકાશક અને પ્રકાશ્ય આ બધા વ્યવહારના કથન છે. દીપક એકલા પરને પ્રસિદ્ધ કરે છે તે તો અજ્ઞાન છે, પણ દીપક-સ્વપરને પ્રસિદ્ધ કરે છે તે પણ અજ્ઞાન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રમાણરૂપ અજ્ઞાન એક વ્યવહારરૂપ અજ્ઞાન. પ્રકાશ જેનાથી તન્મય છે દીપકથી તેથી તેને પ્રસિદ્ધ કરે છે. જ્ઞેયથી પ્રકાશ તન્મય નથી માટે પ્રકાશ જ્ઞેયને પ્રસિદ્ધ કરતો નથી. એમ આ જ્ઞાનમાં આવી જા. આહાહા ! દીપકનું દૃષ્ટાંત આપ્યું ને ? તેમાં ય પાછું લખે છે પોતે. આહાહા ! આ વ્યવહારના કથન છે ને ઈ સાચા લાગ્યા છે.

જો આમાં લખે છે જેમ દીપક ઘટાપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે. લ્યો દીવો ઘટપટને પ્રકાશે છે એમ તો આવ્યું. પણ તેં હજી પૂરું વાંચ્યું નહીં, તે તેની પ્રકાશની અવસ્થામાં પણ દીપક જ છે, એ વાંચ્યું નહીં તેં. આહાહા ! વ્યવહાર વાંચી લીધો આમાં લખ્યું છે ચોખ્ખું. દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાં, પછી શું છે ? કે દીપક જ છે. દીપક, દીપકને પ્રસિદ્ધ કરે છે પણ દીપક ઘટપટને પ્રસિદ્ધ કરતું નથી-ઘટપટને પ્રસિદ્ધ કરે છે તે વ્યવહારનયનું કથન છે. દીપક દીપકને પ્રસિદ્ધ કરે છે તે નિશ્ચયનયનું કથન છે. જ્ઞાન પરને પ્રસિદ્ધ કરે છે તે વ્યવહારનું કથન છે. જ્ઞાન જ્ઞાયકને પ્રસિદ્ધ કરે છે તન્મય થઈને તે નિશ્ચયનું કથન છે. જ્ઞાનની ગૂંચ બહુ જબરી, શ્રદ્ધાની ગૂંચ તો હજી ગુરુ પ્રતાપે નીકળે. કેટલાકને હો ! બધાને તો ન નીકળે. પણ આ જ્ઞાનની ગૂંચવણ તેના કરતાં જોરદાર ! આહા ! શું પર નથી જણાતું ? અમે એકલું પર ક્યાં કહીએ છીએ સ્વપર બેય જણાય છે.

(શ્રોતા : જ્ઞાનપ્રધાન કહેવાય.) હેં ! જ્ઞાનપ્રધાન નહીં, અજ્ઞાનપ્રધાન. જ્ઞાનપ્રધાન ક્યાં આવ્યું ? જેમાં જ્ઞાયક જણાય ઈ જ્ઞાનપ્રધાન કથન કહેવાય. આ જ્ઞાનની ગૂંચ બહુ જબરજસ્ત મોટી છે (તેમાં) એક અનેકાંત અને એક સ્વપરપ્રકાશક. અનેકાંતના ત્રણ પ્રકાર છે. અને સ્વપર પ્રકાશકના ત્રણ પ્રકાર છે. બે જ્ઞાનીના અને એક અજ્ઞાનીનો. અને એક સ્વપ્રકાશક. એમ ચાર બોલ છે. સ્વપ્રકાશક, સ્વપરપ્રકાશક, સ્વપરપ્રકાશક અને સ્વપરપ્રકાશક. ત્રણ પ્રકાર સ્વપર પ્રકાશકના છે. એમાં છેલ્લું સ્વપરપ્રકાશક એ અજ્ઞાનીમાં જાય છે. આહા !

એ જ્ઞપ્તિ છે, સ્વપરનો પ્રતિભાસ છે, એના પક્ષમાં રહી ગયો. વિધિ-નિષેધમાં ન આવ્યો કે પર જણાતું નથી ને જાણનાર જણાય છે, એમ નિશ્ચયના જ્ઞાનની પર્યાયનાં નિશ્ચયનાં પક્ષમાંય આવ્યો નથી હજી ! નિષેધ નથી આવતો પરને જાણવાનો. જેમ કરવાનો નિષેધ નથી આવતો ને કર્તાબુદ્ધિ રહી ગઈ ને ચાર ગતિમાં રખડે છે. એમ પરને જાણવાનો પક્ષ છૂટતો નથી, જાણું જ છું. આહા ! ઈ કોણ જાણે છે ? ઈન્દ્રિયજ્ઞાન જાણે છે તું નહીં. તારું જ્ઞાન નહીં. પણ એને કઠણ પડે છે. શું થાય ?

દૃષ્ટાંતમાં સરસ આવ્યું જુઓ ! ઘટપટને પ્રકાશે છે ચોખ્ખું આમાં લખ્યું છે. ઘટપટને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રકાશે છે, તે વ્યવહારનું કથન કે નિશ્ચયનું ? આહાહા ! ઘટપટાદિ પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક છે. દીપક ઘટપટને પ્રસિદ્ધ કરે છે ત્યારે દીપક તો દીપક જ છે. દીપક ઘટપટરૂપ ક્યાં થઈ ગયો છે. પોતાને પોતાની જ્યોતિરૂપ શિખાને પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે. જ્યારે એ પરપદાર્થ તેમાં નિમિત્ત છે પ્રકાશ્ય.

પ્રકાશક, પ્રકાશ અને પ્રકાશ્ય. આ પરપદાર્થને પ્રકાશ્ય કહેવાય તે નિમિત્ત છે ત્યારે તે પ્રકાશની પર્યાયમાં દીપક જણાય છે. પણ પ્રકાશ્ય જણાતું નથી. તો દીપક ઉપર તમારી દૃષ્ટિ જશે. એમ આ જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેયો પ્રતિભાસે છે તે વખતે જો જ્ઞેયની દૃષ્ટિ રહી ગઈ તો અનુભવ નહીં થાય. અને જ્ઞેયનો પ્રતિભાસ હોવા છતાં હું જ્ઞેયને જાણતો નથી. હું તો જાણનારને જાણું છું. જાણનાર છું ને જાણનાર જણાય છે ને ખરેખર પર જણાતું નથી. તેમાં અનુભવ થાય છે. આ અનુભવની વિધિ છે. આ બીજી વિધિ, આકરી બીજી વિધિ ! આંખે ચોખ્ખું દેખાય છે કે આંખે ચોખ્ખું દેખાય તે જે રૂપ છે રૂપ. કાળું, ધોળું, લાંબુ, ટૂંકું, રૂપો છે ને બધા પદાર્થો જે એ આંખ દ્વારા જણાય છે ચક્ષુ ઈન્દ્રિય. કાઢો-૩૭૩ ગાથા કાઢો.

પ૨૮ પાનું છે. પ૨૮ પાનામાં ત્રીજી ગાથા છે. અશુભ અથવા શુભરૂપ. આ રૂપ, આ ચક્ષુ દ્વારા રૂપ જણાય છે ને ? કાળું-ધોળું-લાંબુ-ટૂંકું એ પદાર્થોના રૂપો જણાય છે ને ? વ્યંજન પર્યાય, અર્થ પર્યાય જણાય છે ને ? ઈ શેમાં જણાય છે ? અને એને કોણ જાણે છે ? અને એને કોણ નથી જાણતું ? સમયસાર સાંભળવા આવે તેની અમુક પ્રકારે લાયકાત તો આવી જાય છે. આજ ન આવે તો કાલ આવે, શું કહેવા માગે છે આચાર્ય ? આખી જિંદગીમાં સાંભળ્યું નથી અને આ જૂના કાને નવી વાત. જૂના કાને એટલે અનંતકાળથી સાંભળ્યું, પણ આ વાત સાંભળી નથી. એમ આચાર્ય ભગવાને કહ્યું કે હું એવી વાત કહીશ કે આજ સુધી તેં સાંભળી નથી તેનો પરિચય કર્યો નથી ને અનુભવ કર્યો નથી. એવી અપૂર્વ વાત હું તને કહેવા માંગું છું બાકી સામાન્ય વાત તો તેં સાંભળી અનંતકાળથી. અને સંભળાવનારા પણ અત્યારે તને મળશે. અમને ખબર છે પંચમકાળમાં પણ હું કાંઈક અપૂર્વ કહેવા માગું છું. ધ્યાન દઈને સાંભળજે. આ કાને સાંભળી ને આ કાને કાઢી નાંખીશમાં. ન બેસે તો થોડોક ટાઈમ ડીપોઝીટ રાખીને આ વિચાર કરજે. અત્યારે હા ન આવે તો પણ આ વાત કાંઈક સમજવા જેવી કહે છે આચાર્ય ભગવાન. ૨૦૦૦ વર્ષ પહેલાંની મૂળ ગાથા છે. તો સમજવા જેવી છે એટલું તો રાખજે મનમાં તો તારું આજે નહીં તો કાલે કામ થશે.

આ રૂપ-રૂપની વાત ચાલે છે. આંહીથી લીધું છે. કર્ણેન્દ્રિય શબ્દ સાંભળે ને પછી આ રૂપ લીધું. પછી ઘ્રાણેન્દ્રિય, પછી રસેન્દ્રિય અને પછી સ્પર્શેન્દ્રિય એમ પાંચ ઈન્દ્રિયના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વિષયો લીધા. પછી મનનો વિષય લેશે. અત્યારે તો સ્થૂળ. આહાહા ! અશુભ અથવા શુભ રૂપ તને એમ નથી કહેતું કે તું મને જો. આહાહા ! ગજબની વાત છે. ભગવાનની પ્રતિમાનું રૂપ એમ નથી કહેતું. સીમંધર પ્રભુ હોય કે ઉપર નેમિનાથ ભગવાન બિરાજમાન હોય. રૂપ છે ને ? રૂપ દેખાય છે ને ? ઈ એમ નથી કહેતું રૂપ, રૂપ નામનો પુદ્‌ગલનો ગુણ છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ને શબ્દ પાંચ પ્રકાર. આહા ! એ રૂપ એમ કહેતું નથી કે તું મને જો. તું મારી સામે જો. એમ કહેતું નથી. કોઈને કહેતું નથી હો. આહાહા ! તને એમ નથી કહેતું કે, તું મને જો. એમ જોવાની વાત છે ને આ ચક્ષુ વડે જો ! ઓલું સાંભળ ! ઓલું ચાખવાની વાત આવે. આ જો. અને આત્મા પણ ઓલું (જ્ઞેયો) એમ કહેતું નથી, કે તું મારી સામે જો. અને આત્મા પણ ઓલું પહેલાં (જ્ઞેયોમાં) નિમિત્ત સ્થાપ્યું પછી આ ઉપાદાનની વાત કરે છે કે આત્મા પણ પોતાના સ્થાનથી છૂટીને અને જાણનારને જાણવાનું છોડીને ઉદાસીન જ્ઞાતાદષ્ટાની અવસ્થાનો ત્યાગ કરીને તેને જાણવા જતો નથી. આહાહા !

મહાબંધન કેમ તૂટી જાય, અનંતકાળથી દર્શન ન થયા તેવા દર્શન થાય. એવી વાતો સમયસારમાં, આપણા માટે લખાયેલી છે. આપણું નામ છે ઉપર, જે વાંચે તેનું નામ. આહાહા ! ધર્મપિતાના પત્રો આવ્યા છે. આ પત્ર વંચાય છે આપણા ઉપરનો. તે પત્ર વાંચતી વખતે બરાબર ધ્યાન રાખવું જોઈએ.

એક બનાવ એવો બન્યો, એક બનાવ બન્યો કે કૃત્રિમ કે બનાવ દાખલો બે ભાઈઓ અહીંયા મિત્રો રહેતા'તા શેઠિયાવ. શ્રીમંત બેય શ્રીમંત, રોજ મળે ડેઈલી. મળ્યા વિના ચાલે જ નહીં તેને. રોજ મળે બેય શ્રીમંત અને બેયના દિકરા આફ્રિકા, ફોરેનમાં ગમે તે ગામમાં. તેમાં એક જણાએ બહુ મોટો વેપાર કરી નાંખ્યો છોકરાએ, તેને મોટી નુકસાની ગઈ. જબરજસ્ત ચૂકાવી ન શકે તેટલી નુકસાની ગઈ. એણે વિચાર કર્યો કે હવે મારે શું કરવું ? તકલીફમાં આવી ગયો છું. એટલે એણે પોતાના પિતા ઉપર કાગળ લખ્યો કે પિતાજી-આપણે તકલીફમાં આવી ગયા છીએ અને તમારા મિત્ર બહુ શ્રીમંત છે અને તમે એને કહો કે મોટી રકમ આપણને મોકલે. પછી ક્રમે ક્રમે હું ચૂકવી દઈશ કમાઈને. તેનો કાંઈ પ્રશ્ન નથી.

નીતિવાળો છોકરો પણ તકલીફમાં આવી ગયો થાય શું ? ત્યારે ઈ કાગળ વાંચીને અહીંયા પિતા ગમગીન થઈ ગયા. રોજ બેય મળે પણ ચહેરો ફરી ગયો એટલે આ વિચાર કરતા એક દિ' થયો બે દિ' થયા. એટલે કહે તમે કેમ આ તમારો મૂડ ફરી ગયો છે. શું કાંઈ તકલીફ હોય તો કહો. મને લાગે છે કે કાંઈક તકલીફ છે. અને મારા બેઠા તકલીફ ! મારી લાગવગ એવી છે કે દિલ્હી અત્યારે ડાયરેક્ટ ફોન કરીને હું રાવને, વડાપ્રધાનને કહું આમ

બે મિનિટમાં કામ થઈ જાય એટલી મારી લાગવગ છે અને પૈસા જોઈતા હોય તો ઢગલાબંધ આપણી પાસે છે. જેટલા જોયે તેટલા માંગો. જે કાંઈ તકલીફ હોય તે દૂર થઈ જશે. પણ તકલીફની વાત તો કરો, કે મિત્ર શું કહું બહુ તકલીફ છે. છોકરો તકલીફમાં મુકાણો છે. પૈસા ખોઈ નાખ્યા છે. એમાં કઈ મોટી વાત છે. પૈસા જોઈએ છે કેટલા ? કે પચ્ચીસ લાખ. કાંઈ વાંધો નહીં. લખી દઉં ચીઠ્ઠી. તમે બીડી દ્યો તમારા દીકરાને, તમારા દિકરા ઉપર કે પચ્ચીસ લાખ મારો દીકરો તમારા દિકરાને આપી દેશે. એમાં સવાલ જ નથી. કરોડપતિ-અબજપતિ માણસો એને પચ્ચીસ લાખ એટલે કાંઈ નહીં. હેં ! સામાન્યને પચ્ચીસ હજારેય મુશ્કેલ.

આ તો મોટી પાર્ટી એણે એક ચીઠ્ઠી લખી કે મારા આ મિત્ર તેનો દિકરો તકલીફમાં છે અને તું દાગીના જર જવેરાત રાખીને રૂપિયા પચ્ચીસ લાખ તેને આપ. શું લખ્યું ? માલ રાખીને પચ્ચીસેક લાખ રૂપિયા તું આપજે. કાગળ આવ્યો ચીઠ્ઠી, ખુશી ખુશી થઈ ગયો. એ વખતે બરાબર-૯ વાગ્યા'તા ને ફિલ્મમાં જવાની એકદમ ઉતાવળ હતી બેય માણસને એકદમ. આહાહા ! શેઠના છોકરાએ કાગળ વાંચ્યો કે તમે રૂપિયા પચ્ચીસ લાખ આ માલ લઈને આપજો. પણ રૂપિયા પચ્ચીસ લાખ આપજો તેટલું વાંચ્યું. ઓલું માલ લઈને તે ભૂલાઈ ગયું. પીક્ચરમાં જાવું'તું ને એટલે જલ્દી ખીસ્સામાં કાગળ નાંખ્યો શું ને બીજે દિવસે ઓલાને બોલાવ્યો. પચ્ચીસ લાખ લઈ જા. બહુ સારું. આભાર તમારો. પચ્ચીસ લાખ રૂપિયા આપી દીધા છોકરાએ.

દીકરાએ થોડો ટાઈમ થયો ત્યાં કાઢ્યું દીવાળું ઓણે, આહીંયા ખબર આવ્યા શેઠ પાસે, ઓલા પૈસાવાળા પાસે, કે તમારા દિકરાના દિકરાએ દીવાળું કાઢ્યું. ટાઢે કલેજે બેઠો હતો એને તો એમ કે માલ લઈને રૂપિયા આપવાનું લખ્યું છે. એટલે મારે ક્યાં કાંઈ ચિંતા, મારા રૂપિયા જાય નહીં. પછી ઓલાનો કાગળ આવ્યો છોકરાનો કે તમે રૂપિયા પચ્ચીસ લાખ આપવાનું કહ્યું બાપુજી, મેં તો આપી દીધા. પણ પાર્ટી ફેઈલ થઈ ગઈ. બાપુજી કહે પાર્ટી ફેઈલ થઈ તો આપણું કાંઈ જાવાનું નથી. ત્રીસ ચાલીસ લાખનો માલ રાખીને આપ્યા હશે ને પૈસા ! મેં કાગળમાં લખ્યું તું આ. ઈ કાગળ વાંચ્યો એણે. આહાહા ! મારી ભૂલ થઈ ગઈ. કાગળ તો વાંચ્યો પણ પૂર્વાર્ધ વાંચ્યો પણ ઉત્તરાર્ધ વાંચ્યો નહીં. રૂપિયા આપજે પણ માલ લઈને આપજે એ ન વાંચ્યું. રૂપિયા આપજે, આપી દીધા, ગયા રૂપિયા.

એમ આ પરમાગમ શાસ્ત્ર છે તેને સમજીને જો વાંચે, વિચારે ને વ્યવહારનયના કથનને ગૌણ કરી અભૂતાર્થ કરે, અને નિશ્ચયના કથનને યથાર્થ જાણી અનુભવ કરે તો થાય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેવું છે. વ્યવહારની વાત તો અનેક પ્રકારની આવે.

અહીંયા કહે છે જો, તું મને જો એમ રૂપ કહેતું નથી. ઘડીયાલ એમ કહેતી નથી કે તું મને જો. ફોટો એમ કહેતો નથી કે તું મને જો. ફોટો રૂપ છે ને રૂપ. અને બીજું આત્મા પણ પોતાના સ્થાનથી છૂટીને, પોતાનું સ્થાન એટલે જાણનાર દેખનાર, જાણનારને જાણી રહ્યો છે સમયે સમયે બધાનો આત્મા. જ્ઞાતાદષ્ટા તેનો સ્વભાવ છે. એવી ઊદાસીન અવસ્થા તે જ્ઞાતા દષ્ટાનો ત્યાગ કરીને-છોડીને, જ્ઞાન આત્માને જાણવાનું છોડીને, ચક્ષુ ઈન્દ્રિયના વિષયમાં આવેલા રૂપને ગ્રહવા જતો નથી. શું કહે છે ? આ તો ઝેર ઉતારનારા મંત્રો છે બધા. સમજી ગયા ? હું પરને જાણું છું. જ્ઞાન પરને જાણે છે એ મોટું પાપ અધ્યવસાન મિથ્યાત્વ છે, ભ્રાંતિ છે. આહાહા !

કહે છે કે આત્મા પોતાને જાણવાનું છોડીને આ રૂપને જાણવા કદી જતો નથી. કેમકે રૂપ છે તે ચક્ષુ ઇન્દ્રિયનો વિષય છે જ્ઞાનનો વિષય નથી. આ રૂપ છે ને તે ભાવઇન્દ્રિયનો વિષય છે. રૂપને જ્ઞાન નથી જાણતું. આત્મજ્ઞાન નથી જાણતું. રૂપને ચક્ષુઇન્દ્રિય ભાવઇન્દ્રિય જાણે છે. જ્ઞાન આત્માને જાણે અને ચક્ષુઈન્દ્રિય રૂપને જાણે છે. છતાં હું પરને જાણું છું તો જ્ઞાનનું અજ્ઞાન થઈ જશે. જાણે છે સ્વને અને મનાઈ ગયું હું પરને જાણું છું તે જ્ઞાનનું અજ્ઞાન મિથ્યાજ્ઞાન. ભાવહિંસા થઈ ગઈ, ભાવમરણ થઈ ગયું, અજ્ઞાન થઈ ગયું. આહાહા !

આવી વાત શાસ્ત્રોમાં રહી ગઈ. નહીંતર આધાર કેવી રીતે આપે જ્ઞાની. જ્ઞાનીના જ્ઞાનમાં આવે બધુંય પણ આધાર વિના કહે કેવી રીતે ? આ આંખ છે ને ઈ રૂપને જાણે છે હો ! મારું જ્ઞાન તો મારા આત્માને જાણે છે હો ! મારું જ્ઞાન મારા આત્માને છોડીને પરને જાણવા જતું નથી. એમ કહે કોઈ જ્ઞાની પણ શ્રદ્ધા ક્યાંથી બેસે ? આ શ્રદ્ધાને બેસાડવા માટે ગાથા રહી ગઈ. આહાહા !

હવે ગાથા બતાવે તોય સમજતો નથી, કે આ આંખનો વિષય છે આત્મજ્ઞાનનો વિષય આત્મા અને ચક્ષુ ઇન્દ્રિય-ભાવઇન્દ્રિયનો વિષય પર. હો, આંખ તો જડ છે. ભાવઇન્દ્રિયનો ઉઘાડ છે ને, એ ઉઘાડ પરને જાણે છે. જ્ઞાનનો ઉઘાડ આત્માને જાણે છે. આત્માનો ઉઘાડ આત્માને જાણે છે. ઉપયોગ આત્માને જાણે છે ને અનઉપયોગ પરને જાણે છે. ચેતન ઇન્દ્રિય આત્માને જાણે છે ને જડ ઇન્દ્રિય પરને જાણે છે. જડ છે. ઇન્દ્રિયજ્ઞાનનો ઉઘાડ જડ છે અચેતન. એ જ્ઞાન નથી જ્ઞેય છે હો. આહાહા ! જ્ઞાન નથી એમાં. આત્મા પોતાને જાણવાનું છોડીને, એમ કહે છે. જ્ઞાતા પોતાના જ્ઞાયકને આત્માને છોડીને, કહે છે કે ચક્ષુઈન્દ્રિયના ચક્ષુગોચર થયેલા રૂપને જાણવા જતો નથી. ચક્ષુગોચર છે રૂપ, જ્ઞાનગોચર નથી લખ્યું આમાં. જ્ઞાનગોચર આત્મા છે ને ચક્ષુગોચર રૂપ છે. જ્ઞાનગોચર આત્મા છે ને કર્ણગોચર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


શબ્દ, એ કર્ણગોચર કર્ણેન્દ્રિયનો વિષય છે શબ્દ. શબ્દ આત્મા સાંભળતો નથી. કેમકે તેને કાન નથી. કાન તો નથી પણ તેને ભાવેન્દ્રિયનો પણ અભાવ છે એટલે ભાવઈન્દ્રિય વડે દિવ્યધ્વનિ સાંભળતો નથી. આહાહાહા !

બધોય વ્યવહારનો લોપ થઈ જશે તો સઘળા વ્યવહારનો લોપ થશે તો આત્માનો અનુભવ થશે. તને કાંઈ નુકસાન થવાનું નથી. આહા ! તો પછી આ સાંભળવાનો વ્યવહાર જાશે ને આ શાસ્ત્ર સ્વાધ્યાયનો વ્યવહાર ઊડી જશે ને, કે શાસ્ત્ર સ્વાધ્યાય રહી જશે ને એનો પક્ષ છૂટી જશે. સાંભળવાના કાળે ઈન્દ્રિય જ્ઞાનનો ઉપયોગ એને સાંભળશે. પણ હું એને સાંભળીશ નહીં. એટલું તો અંદરમાં જ્ઞાન અને જ્ઞાનનું ભેદજ્ઞાન છે. અતીન્દ્રિયજ્ઞાનમય આત્માથી ઈન્દ્રિયજ્ઞાન વિપરીત છે તેમ લખ્યું છે. વ્યવહાર રત્નત્રયનાં પરિણામ વિપરીત છે કે નહીં ? તેમાં વ્યવહાર જ્ઞાન આવ્યું કે નહીં ? વ્યવહાર જ્ઞાન વિપરીત કે નહીં ? વ્યવહારચારિત્ર પાંચ મહાવ્રતના પરિણામ નિશ્ચય ચારિત્રથી વિપરીત છે. આહાહા ! પાંચ મહાવ્રતના પરિણામ વિપરીત છે. તે બંધનું-દુઃખનું કારણ છે એ નિર્જરાનું કારણ નથી. આ બહુ ઈમ્પોર્ટન્ટ વાત છે.

ભાવ ઈન્દ્રિય એને જાણે છે ચક્ષુગોચર રૂપને હું જાણતો નથી. ચક્ષુ જેને જાણે છે, ચક્ષુ ઈન્દ્રિય જેને જાણે છે તેને હું જાણતો નથી. રૂપને જાણનાર ચક્ષુ ઈન્દ્રિય છે. બે જ્ઞાન, એકને જાણતું નથી. ભિન્ન-ભિન્ન જ્ઞાનો ભિન્ન ભિન્ન પદાર્થને જાણે છે. જરા કડક વાત છે, સાંભળવા જેવી વાત છે. આ કુંદકુંદની વાણી છે. ૨૦૦૦ વર્ષ પહેલાં મૂળ ગાથામાં છે. એ ચક્ષુગોચર રૂપને આત્મા જાણતો નથી. રૂપ એમ કહેતું નથી કે તું મારી સામે જો અને જાણનાર જાણનારને છોડીને તેને જાણવા જતો નથી. અને જાણનારને છોડીને એને જાણવા જાય તો અજ્ઞાની થઈ જાય છે. પણ જાણવામાં અજ્ઞાની થઈ ગયો ? કે હા ! તારો ધર્મ તો તને જાણવાનો હતો. એને છોડીને તું પરને જાણવા ગયો તે અજ્ઞાન થઈ જશે તારું. જ્ઞેય જ્ઞાયકનો સંકરદોષ આ.

ઈન્દ્રિયજ્ઞાન નહીં જીતાય તો ઈન્દ્રિયજ્ઞાનને જીત્યા વિના મોહ નહીં જીતાય. જનરલી આ કાળમાં, પંચમકાળ છે, બહુધા-મોટાભાગના જીવો અહીંયા જે જન્મે છે તે આત્માના વિરાધક છે. આત્માની વિરાધના કરીને જ અહીંયા જન્મ લીધો છે બધાએ. પછી આરાધક થાય આંહીં તે જુદી વાત. આરાધક અહીંયા થઈ શકે. સમ્યગ્દર્શન થઈ શકે. પણ જે આવ્યા છે ને ઈ આત્માની વિરાધના કરીને આવ્યા છે. એટલે એનું જ્ઞાન બિડાઈ ગયું છે.

જ્ઞાન ઉઘડવાનું, ઈન્દ્રિયજ્ઞાનના ઉઘાડનું પણ નિમિત્ત કારણ સાચા દેવ ગુરુ શાસ્ત્ર છે. તેના યોગમાં પણ આવતો નથી. તેના યોગમાં આવ્યા પછી પણ તેને નિશ્ચયની વાત બેસતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નથી. વ્યવહારની વાત બેસી ગઈ છે એટલે જ્ઞાન બિડાઈ ગયું છે. બિડાતું, બિડાતું બિડાઈ જશે. જો જાગ્યો નહીં ચેત્યો નહીં તો તકલીફ. ચેતી જાય તો જુદી વાત. આત્માનો અનુભવ પણ આ કાળે થાય એટલે આવી સૂક્ષ્મ વાતો, એને સૂક્ષ્મ ઉપયોગ કરીને પકડી શકાય છે. આત્મા સૂક્ષ્મ છે. સ્થૂળ ઉપયોગથી તો તે અનુમાનમાં પણ આવી શકતો નથી. થોડા પામે છે તેનું કારણ આ છે. લાખો કરોડોમાં કોઈક પામે, કો'કમાં પોતાનો નંબર લઈ લેવો હો. હા. બીજા પામે કે ન પામે એની સાથે આપણે કાંઈ સંબંધ નથી.

ચક્ષુ ઈન્દ્રિયના વિષયમાં આવેલા રૂપને ચક્ષુગોચર થયેલા રૂપને, તે ભાવઈન્દ્રિયનો વિષય છે. એ જ્ઞાનનો વિષય નથી. જ્ઞાનનો વિષય નથી ને અતીન્દ્રિયજ્ઞાનનો વિષય નથી. શું કહ્યું આ ? એકલા ચક્ષુઈન્દ્રિયનો વિષય છે. ભાવઈન્દ્રિયનો વિષય છે. ઉપયોગ જેનું લક્ષણ છે તેવા ઉપયોગનો પણ એ વિષય નથી. ભલે પ્રતિભાસે પણ તેનું લક્ષ ત્યાં નથી. આહાહા !

શુદ્ધઉપયોગ થાય તેનો વિષય પણ નથી. ઉપયોગનો વિષય નથી ને શુદ્ધઉપયોગનો વિષય પણ નથી. ઉપયોગનો વિષય શુદ્ધાત્મા પરોક્ષપણે અને શુદ્ધઉપયોગનો વિષય શુદ્ધાત્મા પ્રત્યક્ષપણે અનુભવમાં આવે છે. હું પરને જાણતો જ નથી તેમાં જાણનાર જણાય જાય છે. હું પરને જાણતો નથી એવા વ્યવહારના નિષેધમાં જાણનારો જણાય જાય છે. અનુભવમાં આવી જાય છે. અનુભવની ગાથા છે ને આ. અનુભવ કેમ થાય ? ચક્ષુગોચર થયેલા રૂપને ચક્ષુઈન્દ્રિય જેને જાણે છે રૂપને, કાળા ધોળાને એને હું જાણતો નથી. હું તો જાણનારને જાણું છું અને પરને જાણતો નથી, પણ જાણનાર મને જણાય છે તેમાં અનુભવ થાય છે. જાણનાર જણાય છે તેમાં અનુભવ થાય છે અને પર જણાય છે તેમાં અજ્ઞાન ઊભું થાય છે. આહા !

પરિણામને હું કરું છું તેમાં ય અજ્ઞાન અને પરિણામને ને રાગને હું જાણું છું તેમાં પણ અજ્ઞાન. હૈદ્રાબાદમાં કહ્યું ગુરુદેવે-રાગને જે જ્ઞાન જાણે છે તે જ્ઞાન નથી અજ્ઞાન છે. આહાહા ! પણ જાણવું તો સ્વભાવ છે ને ? પણ કેને ? જાણવું સ્વભાવ ખરો આત્માનો પણ કેને જાણવાનો સ્વભાવ છે ? પોતાને જાણે તો અનુભવ થાય ને આનંદ આવે ને સંસારનો અંત આવે. બાકી પરને જાણવા રોકાણો ને કરવા રોકાણો ભૂલ છે.

દીપક તો ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાં પણ દીપક છે. ઘટપટ નથી જણાતું દીપક જણાય છે તેમ લે. ઘટપટ જણાય છે તો દીપક નહીં જણાય. દીપક ગાયબ થઈ ગયો તારી દૃષ્ટિમાં. દીવો ન દેખાણો.

એકવાર દૃષ્ટાંત આપ્યું હતું. ફરીથી, એમાં શું વાંધો કાંઈ નહીં પાકું થાય લેશન અત્યારે આવ્યું એટલે. એક ગુરુને પચાસ શિષ્યો હતા-પ્રોફેસર- પ્રોફેસર કહો કે ગુરુ કહો. હવે આ ઈંગ્લીશ શબ્દમાં પ્રોફેસર બાકી ગુરુ. વિદ્યા આપે ઇ ગુરુ કહેવાય. તો એકવાર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એને મન થયું (પરીક્ષા) લેવાનું-રાતના નવ વાગ્યે બધા આવજો. તમને પેપર આપીશ બધા વિદ્યાર્થી નવ વાગ્યે આવ્યા. આહા ! પચાસ (ને) પેપર પણ આપ્યા. પેપરમાં એટલું લખ્યું હતું કે આ ૩૦ X ૩૦ ના રૂમમાં જેટલી વસ્તુ હોય તેટલી આ પત્રમાં પેપરમાં લખી અને મને આપજો. બધાએ પેપર લીધા-ફટોફટ-ફટોફટ મંડ્યા જોવા ને લખવા માંડ્યા. લખતાં લખતાં પચાસે બધું લખી નાખ્યું. પચાસના પેપર હાથમાં આવ્યા તો એને તો એટલું જ જોવું તું કે આમાં કોઈએ ટ્યુબલાઈટ લખી છે દીપક. નથી લખી તો નાપાસ. કેમકે એ વસ્તુ હતી કે નહીં મોટી ? તો એ દેખાણી નહીં. એના દ્વારા પ્રતિભાસ થયો તેને દેખ્યો એણે આને ભૂલી ગયો. પચાસે નાપાસ. ઉભા થયા આજના વિદ્યાર્થી તો. સમજી ગયા.

ગુરુને પણ ચિંટિયા ભરે. સમજી ગયા ? કહે-સાહેબ પચાસ નાપાસ ન થાય. એકને પાસ કરો. કે પચાસેય નાપાસ. નાપાસ તો કારણ આપો. કારણ પૂછ્યું તો કારણ આપું તમને. કે આ બધું તમે લખ્યું નાનામાં નાની ટાંચણી પણ લખી, કાંઈ ભૂલ્યા નહીં હો, બધું શોધખોળ કરીને એવી મહેનત કરીને લખ્યું બધાને એમ હતું કે-હું તો પાસ થઈ જઈશ ! હું તો પાસ થઈ જાઈશ. પણ ઈ ઓલું કેમ ભૂલી ગયો દીપક, કોઈએ લખ્યું નહીં. હાય ! હાય ! વાત સાચી છે. સર, તમારી વાત સાચી છે. આ સો મણ તેલે અંધારું !!!

જેના પ્રકાશના માધ્યમથી અમે જે ચીજ હતી તે લખી ને આ કારણને ભૂલી ગયા. પાયાની ભૂલ થઈ ગઈ કે નહીં ? એમ આ જ્ઞાન સમયે સમયે આત્માને જાણે છે. સમયે સમયે હોં ! આહાહા ! જ્ઞાયક છે તે ટ્યુબલાઈટ છે. જ્ઞાયક છે ઈ ટ્યુબલાઈટ પ્રકાશનો પુંજ છે, જ્ઞાનમય આત્મા છે અને એનું કિરણ ઉપયોગ જાણવા દેખવાની ક્રિયા થાય. એ પ્રકાશ છે એનો. હવે એ પ્રકાશમાં જણાય છે પોતાનો આત્મા અને માને છે કે આ જણાય છે, આ જણાય છે. તો ઈ પાસ કે નાપાસ ? નાપાસ. શું કામ નાપાસ ? કેમકે જે જ્ઞાન જેનું હતું તેને જાણવાનું ભૂલી ગયો. આ છે, આ છે, છ દ્રવ્ય છે. નવ તત્ત્વ છે, ગુણસ્થાન છે, માર્ગણાસ્થાન છે, આઠ કર્મ છે. આ સત્તા છે, ઉદય છે, આ સંક્રમણ થાય કર્મનું, આ ગુણસ્થાને આમ થાય, આ ગુણસ્થાને આમ થાય, હિમાલય એવડો ને મેરૂ પર્વત એવડો ને લોકાલોક આવડું બધું લખે પણ આ જાણનારને ભૂલી ગયો. એક જાણનારને જાણ્યો નહીં એમાં અનંત અનંત કાળથી ચાર ગતિમાં દુ:ખ ભોગવે છે.

કહે છે કે પોતાને પોતાની જ્યોતિરૂપ શિખાને પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક છે. હર હાલતમાં દીપક તો દીપક છે. હવે આંહીથી બધા વયા જાવ તમે ને દીપક ચાલુ રાખો. તો દીપક નથી એમ થાય ને ? તમે છો અને તમને પ્રસિદ્ધ કરે તો જ દીપકનું અસ્તિત્વ રહે, તમે બધા વયા જાવ તો દીપક તો રહ્યો નહીં ને ? બલ્લુભાઈ ! દીપક રહે તેમ કહે છે મોદી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

સાહેબ ! ભલે બધા ચાલ્યા જાય. એને પ્રકાશ કરનારા પદાર્થો બધાય ચાલ્યા જાય ભલે, પણ દીપક તો, દીપકથી છે.

પહેલાં ય દીપક તો દીપકથી હતો ને ચાલ્યા ગયા તો પણ દીપક જ છે. દીપક આ પ્રકાશ્યને આધારે નથી. પ્રકાશકને આધારે પ્રકાશ છે. પ્રકાશક તે દીપક, પ્રકાશ તેની પર્યાય એને આધાર આધેય સંબંધ છે. આ પર પદાર્થ સાથે કાંઈ સંબંધ નથી. એમ જ્ઞાનમાં પરપદાર્થ થોડા જણાય કે વધારે જણાય તેને કાંઈ સંબંધ નથી. જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે બસ. આહા ! દેડકો ને હરણીયો પણ અનુભવ કરી શકે. સંજ્ઞી છે. દેડકોને હરણીયો ગાય ભેંસ હો ? આપણા સિંહ મહારાજે તો અનુભવ કરી લીધો ૧૦ મા ભવે (પૂર્વે) મહાવીર સ્વામીનો જીવ, તિર્યંચ અનુભવ કરી શકે છે.

જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે બસ જાણનાર જણાય છે, પર જણાતું નથી. પર જણાતું નથી તે તો થોડીક વાર છે. પર જણાય છે તેવું શલ્ય હતું ને એટલે જ્ઞાનીઓ કહે છે નિષેધ કર. પર જણાતું નથી. પર જણાતું નથી. પર જણાતું નથી જાણનાર જણાય છે. પર જણાતું નથી જાણનાર જણાય છે.

ગુરુ પાસે આવ્યો બંધ કરી દે ઓલી વાત હવે. કઈ વાત બંધ કરું ? કે પર જણાતું નથી એ શબ્દ બંધ કરી દે, વિચાર બંધ કરી દે, વિકલ્પને છોડી દે, પણ કાલ તો આપે શીખડાવ્યું'તું આપે જ કહ્યું કે પર જણાતું નથી. નિષેધ કરવાનું આપે શીખવાડ્યું હતું કે એ નિષેધમાં ને નિષેધમાં વિકલ્પ ઉત્પન્ન થાય છે. અનુભવ થતો નથી. હા. ઈ વાત આપની સાચી ગુરુજી ! બસ હવે પર જણાતું નથી ઈ બંધ કરી દઉં છું આજથી. ત્યારે હવે શું કરશો ? જાણનાર જણાય છે, જાણનાર જણાય છે, જાણનાર જણાય છે, જાણનાર જણાય છે. બરાબર છે તારી વાત ગુરુજી આવ્યા. શિષ્ય ! હવે શું છે ? જાણનાર જણાય છે, જાણનાર જણાય છે જાણનાર જણાય છે. બંધ કરી દે વિકલ્પ. અરે આ શું આ ક્યાં લઈ જવા છે અમને તમારે. કે તમને પ્રત્યક્ષ અનુભવ ભાઈ કરાવવો છે. આહાહા ! જાણનાર જણાય છે ઈ ફેક્ટ હકીકત છે તેના માટે વિચાર કરવાની શું જરૂર છે ? હું શશીભાઈ છું, શશીભાઈ છું. મનુભાઈ નથી. હું મનુભાઈ નથી, પહેલાં મનુભાઈ નથી પણ શશીભાઈ છું. પછી મનુભાઈ નથી છોડી દ્યો. પછી શશીભાઈ છું. શશીભાઈ છું. શશીભાઈ છું. એ શશીભાઈના વિકલ્પમાં શશીભાઈના દર્શન ન થાય તેને. વિકલ્પના દર્શન કરશે. આવી ઊંચા પ્રકારની વાતો સમયસારમાં રહેલી છે.

પોતાની જ્યોતિરૂપ શિખાને પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે. અન્ય કાંઈ નથી તેમ સમજવું. આ દીવાનો પ્રકાશ દીપક તો દીપક જ છે. બીજા હોય હાજર કે ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય. જ્ઞાનમાં જ્ઞાયક જણાયા જ કરે છે. અને વિગ્રહ ગતિમાં ચાલે ત્રણ સમય તેમાં પણ જ્ઞાયક જણાય છે સમ્યક્ લઈને હારે જાય ને ? સમાધિ મરણ સમકિતીનું થાય અને સ્વર્ગમાં જાય ત્યારે શરીર નથી, નોકર્મ નથી, અને દ્રવ્યકર્મ તો ચોંટેલા છે. નોકર્મ નથી તેમ દ્રવ્યઇન્દ્રિય પણ નથી. આખું શરીર હજી નથી થયું. આહા ! પર્યાપ્તિ ન થાય તો પછી થાય. પણ તેના જ્ઞાનમાં પરિણતિમાં જાણનાર જણાયા જ કરે છે એટલે સમયે સમયે તેને રસ્તામાં પણ નિર્જરા થાય છે. આહાહા !

એકવાર જાણનારો જણાયો તો, સાદી અનંતકાળ જાણનારો જ જણાય. જાણનારને જાણતા જાણતા જાણતા ઠરી જાય ઠરતા કેવળજ્ઞાનનો ભડકો થાય. એકવાર તો જાણ. આ જાણવા જેવી ચીજ હોય તો એક આત્મા છે. આ જગતમાં જાણવા જેવી વસ્તુ હોય અનુપમ તો એક પોતાનો શુદ્ધાત્મા છે. અનંતકાળથી બીજાું જાણ્યું ને રખડ્યો પોતાને ભૂલીને. માટે તેમ જ્ઞાયકનું સમજવું. જ્ઞાયક તો જ્ઞાયક છે. જ્ઞાયક નથી પર તણો, જ્ઞાયક પરને જાણતો નથી. પરને જાણનારો બતાવ્યો તને, ઈન્દ્રિજ્ઞાન પરને જાણે છે, રૂપને ઈન્દ્રિયજ્ઞાન જાણે છે. શબ્દને ઈન્દ્રિયજ્ઞાન જાણે છે. તું નથી જાણતો. ત્યારે સાહેબ હું કોને જાણું છું ? તું તને જાણ. આહા ! તેવા બે વિભાગ છે. જ્ઞાનના ને અજ્ઞાનના બે વિભાગ છે. ઈન્દ્રિયજ્ઞાન અજ્ઞાનમાં જાય છે ને જ્ઞાન જ્ઞાનમાં જાય છે તેવી વાત આ છઠ્ઠી ગાથામાં બહુ સારી આવી. થઈ ગયો વખત.

## પ્રવચન નં. ૨૧

**અમૃતપ્રભાત એપાર્ટમેન્ટ - રાજકોટ**

**તા. ૨૭-૭-૯૧**

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. તેમાં જીવ નામના અધિકારની ૬ઠ્ઠી ગાથા. ટીકામાં બે પારા પૂરા થયા. હવે જયચંદ પંડિત એનો ભાવાર્થ લેશે. ભાવાર્થ એટલે આચાર્ય ભગવાને જે ટીકા કરી હતી તેનું સંક્ષિપ્તમાં વર્ણન. ટીકાકારનો ભાવ જળવાઈ રહે તે રીતે ભાવાર્થ કરવામાં આવે છે. જેથી કરીને ટીકામાં ઓછું સમજાણું હોય તો ભાવાર્થમાં વધારે સમજ પડી જાય તેટલા માટે ભાવાર્થ કરવામાં આવે છે.

ભાવાર્થ : અશુદ્ધપણું પર દ્રવ્યનાં સંયોગથી આવે છે. પર્યાયમાં જે અનંતકાળથી રાગદ્વેષ મોહની પરિણતિ ચાલે છે તે અશુદ્ધ પરિણામ છે શુદ્ધ પરિણામ નથી. વિભાવો છે. કષાય છે. પર્યાયમાં અશુદ્ધતા છે તે અશુદ્ધતા અનાદિકાળથી ચાલી આવે છે. તે સ્વભાવને આશ્રયે થઈ નથી. રાગ-દ્વેષ-ક્રોધ-માન-માયાના પરિણામ જે છે. તે સ્વ આશ્રિત નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

આત્માનું અવલંબન લેતાં ક્રોધ ન થાય. પણ તે ક્રોધનો ત્યાં સ્વકાળ છે. ક્રોધ તો થાય છે તેના ક્ષણિક ઉપાદાનથી. આત્માથી ક્રોધ થતો નથી અને કર્મથી પણ ક્રોધ થતો નથી. કર્મ ક્રોધ કરાવતો નથી અને આત્મા ક્રોધને કરતો નથી. આત્મા ક્રોધને કરે તો થાય તે વાત સો ટકા ખોટી છે અને કર્મથી ક્રોધ થાય તે વાત પણ સો ટકા ખોટી છે.

સત્ય વાત તો એવી છે કે જ્યારે દ્રવ્યસત્, ગુણસત્ અને પર્યાયસત્ તેમ સત્‌ના ત્રણ પ્રકાર સર્વજ્ઞ ભગવાને વર્ણવ્યા છે. આ જે ક્રોધ નામનો વિકાર છે, વિભાવ છે, કષાય છે પણ સત્ છે. સત્ એટલે તે સમયનું સત્. તે સમયનું તેનું તે પ્રકારે હોવાપણું. તે સમયે તે પ્રકારે પર્યાયમાં ક્રોધનું હોવાપણું. તેનો કાળ પણ ફરે નહીં કે ક્રોધની પર્યાય આઘી પાછી ન થાય. જે સમયે થવાની હોય તે સમયે જ થાય અને જેટલી ડીગ્રીમાં જેટલી માત્રામાં કષાયનાં પરિણામ થવાના હોય તેટલી માત્રામાં જ ક્રોધ થાય. ક્રોધનો કાળ ફરે નહીં અને તેનો ભાવ પણ ફરે નહીં. એવી એક સમયની પર્યાય સત્ અહેતુક છે. તેને સર્વજ્ઞ ભગવાન ક્ષણિક ઉપાદાન કહે છે. સ્થિતિ તો આમ છે. નથી કરતું ત્રિકાળ દ્રવ્ય ક્રોધને કે નથી કરતું કર્મનો ઉદય ક્રોધને અને ક્રોધ થાય છે તે હકીકત છે. જે થાય છે તે આત્માના આશ્રયે થતા નથી પરિણામ. થાય છે પરિણામ પરિણામથી પણ તેમાં નિમિત્ત કારણ આત્મા નથી, તો નિમિત્ત કારણ કોણ છે ? કે પરદ્રવ્ય-કર્મનો ઉદય છે તેમાં તે જોડાય છે. જોડાતા થાય છે તે ઉપદેશનું વાક્ય છે અને થાય છે ત્યારે એનું લક્ષ પર ઉપર છે તે સિદ્ધાંતનું વાક્ય છે.

ફરીને-આ અશુદ્ધતાની હજી તો ડેફીનેશન ચાલે છે. અથવા અશુદ્ધતા કેનાથી થાય છે કોણ તેને કરે છે અને કેમ થઈ જાય છે. તેની આ ચર્ચા ચાલે છે. અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે. જુઓ, ભાવાર્થની પહેલી લીટી છે. અશુદ્ધતા પ્રગટ થઈ તે પ્રગટ થવાનો, તેના કાળક્રમનો કાળ હતો ત્યારે તે થઈ છે ક્રોધની પર્યાય. તેનો ઉત્પાદ ઉત્પન્ન કર્તા ત્રિકાળી ભગવાન આત્મા નથી. પરમાત્મા ક્રોધને ન કરે. પરમાત્મા ક્રોધને કરે તો નિત્ય ક્રોધ કર્યા જ કરે પરમાત્મા. પરમાત્માને ક્રોધ કરવાની શું જરૂર પડી કે ક્રોધ કરે ? કેમ કે ક્રોધ કરે તો તે તો દુઃખી થઈ જાય. તો દુઃખનો ધંધો તો પરમાત્મા કરે નહીં અને ક્રોધ થયા વિના રહેતો નથી.

તો આત્મા તેનો કર્તા નથી તો કોણ તેનો કર્તા છે ? કે ચાલો ભાઈ આત્મા તેનો કર્તા નથી તો કર્મ કરે છે. કે ખોટી વાત છે સો ટકા. કર્મથી ક્રોધ થતો નથી. જો કર્મથી ક્રોધ થાય તો પર્યાય પરાધીન થઈ જાય. તો તો ક્રોધ તે કરાવ્યા જ કરે અને આને ક્રોધરૂપે પરિણમવું જ પડે એમ છે નહીં. ત્યારે પણ ક્રોધ થાય છે તે હકીકત છે. ક્રોધ, માન, માયા લોભ આ તો ક્રોધનું નામ રાગ દ્વેષ મોહ મિથ્યાત્વ બધું લઈ લેવાનું. ક્રોધ નામનો કષાય જે અશુદ્ધતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પર્યાયમાં આવી તે પણ પર્યાયનો વિશિષ્ટ પ્રકારનો ક્ષણિક ધર્મ છે. તે ઉત્પાદનું વિશેષણ છે. ઉત્પાદ પોતે ક્રોધરૂપે થતો નથી પણ એટલી તેની અંદર ઉપાધિ આવી ક્રોધની ઉત્પાદમાં, તો એ જે ક્રોધ થયો છે તે આત્માથી નહીં ને કર્મથી નહીં. થાય છે હકીકત (છે) થાય ત્યાં સુધી હો, થાય ત્યાં સુધી થાય છે. પણ એ પર્યાયના ષટ્કારકથી ક્ષણિક ઉપાદાનથી એ ક્રોધ થાય છે. જેને ક્ષણિક ઉપાદાન બેઠું તો તેની કર્તાબુદ્ધિ ગઈ.

પર્યાયના સ્વકાળે ક્રોધ ઉત્પન્ન થયો છે હું તેનો કરનારો નથી. અને કર્મથી પણ ક્રોધ થતો નથી પણ ક્રોધનો જ્યારે સ્વકાળ છે, ત્યારે એનું લક્ષ કર્મ ઉપર જ હોય આત્મા ઉપર હોતું નથી. તેથી કર્મને નિમિત્ત કહેવાય અને ક્રોધને નૈમિત્તિક કહેવાય. કર્મને નિમિત્તપણે જાણે અને ક્રોધને નૈમિત્તિકપણે જાણે. જે જાણે તે ક્રોધનો કર્તા બની ગયો. હવે ક્રોધનો અકર્તા કેવી રીતે થાય ? જ્ઞાતા કેવી રીતે થાય ? કે ક્ષણિક ઉપાદાનથી તેને જો.

આ તો જૈનદર્શનનું હાર્દ છે હાર્દ. ક્રોધ થાય છે તેનો સ્વીકાર કરે છે સર્વજ્ઞ ભગવાન. પર્યાયમાં ક્રોધ થાય છે થાય ત્યાં સુધી. ક્રોધ કાયમ ન થાય જીવની પર્યાયમાં પણ, જીવમાં તો થાય જ નહીં. જીવમાં તો ક્રોધ કોઈ કાળે થયો નથી. પણ પરાશ્રિત પર્યાયમાં ક્રોધ થાય છે થાય ત્યાં સુધી. જ્યાં સુધી તે પર્યાય પોતાના શુદ્ધાત્માનું અવલંબન ન લ્યે ત્યાં સુધી પર્યાયમાં ક્રોધ થાય. પણ ક્રોધ થાય છે તેને નિમિત્તના લક્ષે જોશે તો નૈમિત્તિક દેખાશે. નૈમિત્તિક દેખાશે તો આત્મા તેનો કર્તા થઈ જશે. કેમકે આંહીથી (અંદરથી) તેનું કર્તા કર્મ હોય તો પરથી નિમિત્ત નૈમિત્તિક સિદ્ધ થાય. શું કહ્યું ? એકદમ લોજીકથી વાત છે. હું ક્રોધને કરું છું તે જ્ઞાતા સ્વભાવને ભૂલે છે. ઉદાસીન અવસ્થાનો ત્યાગ કરે છે. હું કેવળ જ્ઞાયકનો જ જ્ઞાતા અને પરિણામ થાય તેનો પણ જ્ઞાતા. તેવા બે પણાના જ્ઞાતાથી તે જીવ ચ્યુત થઈ ગયો છે. કોઈનો જ્ઞાતા ન રહ્યો. જ્ઞાયકનો ય જ્ઞાતા ન રહ્યો અને પર્યાયનો પણ જ્ઞાતા ન રહ્યો. તો થયો શું ? કે હું ક્રોધનો કર્તા અને ક્રોધ મારું કર્મ છે. ક્રોધની જેને કર્તાબુદ્ધિ થઈ તેને પરદ્રવ્ય નિમિત્ત હોય તો તે નૈમિત્તિક પર્યાય છે તે તેનું કર્મ થઈ ગયું. હવે ક્રોધના કર્મથી વ્યાવૃત થવું હોય અને જ્ઞાતા થવું હોય તો તેણે શું કરવું જોઈએ કે ક્રોધ મારાથી તો થતો નથી કર્મથી પણ થતો નથી. માટે ક્ષણિક ઉપાદાન એક સમયની પર્યાય સત્ અહેતુક છે. સત્‌ને કોઈ અપેક્ષા ન હોય.

પહેલાં થવા યોગ્ય થાય છે તેમ નિરપેક્ષથી જો ક્રોધને. ક્રોધ છે તે થવા યોગ્ય થાય છે ન થવા યોગ્ય ક્રોધ થઈ ગયો તેમ છે નહીં અને પરથી પણ નથી અને સ્વથી પણ નથી. થાય છે તે હકીકત અને હવે તે ક્રોધને તું ક્ષણિક ઉપાદાનથી જો તેની પર્યાયની યોગ્યતાથી થવા યોગ્ય થાય છે. તેના સત્ અહેતુક ક્રોધને જો. અને જો ક્ષણિક ઉપાદાન તને ખ્યાલમાં આવ્યું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

તો નિમિત્તનું લક્ષ છૂટી ગયું, તો નૈમિત્તિક ભાવનો અભાવ થઈ ગયો. નૈમિત્તિકનો અભાવ થઈ ગયો તો અહીં જ્ઞાતા થઈ ગયો. તો એ પરિણામ જે થાય તેનો જ્ઞાતા રહે પણ તેનો કર્તા બને નહીં. પરિણામ થયા વિના રહે નહીં, કર્તાબુદ્ધિ થાય નહીં. અને જ્ઞાતાપણું રહી જાય. જ્ઞાયકનો જ્ઞાતા થાય તે પર્યાયનો જ્ઞાતા થાય, તે પણ સવિકલ્પ દશામાં. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન. પહેલાં તો ક્રોધ ન જ જણાય એકલો જ્ઞાયક જણાય ત્યારે તો અનુભવ થાય. અનુભવમાંથી બહાર આવે ત્યારે કષાય થાય તેનો તે જ્ઞાતા રહે છે, તેનો કર્તા થતો નથી. તેવી અદ્‌ભૂતથી અદ્‌ભૂત વાત છે. દ્રવ્ય પર્યાય બેયને જાણે છે. આહાહા !

પરિણામનું કરવું, પરિણામ મારા કર્યા વિના થયા કરે છે. થાય છે ઈ હકીકત પણ મારા કરવાથી થાય છે તેનો નિષેધ આવી ગયો. નકાર આવી ગયો. પરિણામ મારા કર્યા વિના થયા કરે છે, ત્યાં કર્તાબુદ્ધિ ગઈ. જ્ઞાતા થયો તો નિમિત્ત પણ ગયું, નૈમિત્તિક પણ ગયું અને ક્ષણિક ઉપાદાન રહ્યું તેનો જાણનાર રહ્યો. પરિણામ મારા કર્યા વિના થયા કરે છે અને પરિણામ મારા જાણ્યા વિના જણાયા કરે છે બીજો બોલ.

તે કષાયને હું જાણતો નથી કેમકે કષાય ઉપર મારું લક્ષ નથી. ‘‘પર લક્ષ અભાવાત્’’ જ્ઞાનનું ક્રોધ ઉપર લક્ષ ન હોય. એટલે ક્રોધને જાણતો નથી પણ ક્રોધ જણાયા કરે છે જાણે નહીં અને જણાય, જાણે નહીં અને જણાયા કરે છે. એવી સ્થિતિ સાધકની થઈ જાય છે. તો કહે છે કે ક્રોધ નામનું જે ભાવકર્મ છે તેનો ઉત્પાદ સત્ અહેતુક છે. આત્મા તેનો કર્તા નથી અને કર્મ તેનો કર્તા નથી. થાય ત્યારે આત્મા તેમાં નિમિત્ત પણ નથી અને કર્તાબુદ્ધિએ થાય ત્યારે તેનું નિમિત્ત કારણ કર્મનો ઉદય છે. આહાહા ! નિમિત્ત નૈમિત્તિક સંબંધ અજ્ઞાનીને હોય. જ્ઞાનીને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોતો નથી. વ્યવહાર જ્ઞાતા જ્ઞેયના સંબંધમાં આવી ગયો, તે પણ કથંચિત્ સવિકલ્પ દશામાં હોય ત્યારે.

તે પણ રાગને જ્ઞાન નથી જાણતું પણ ઈન્દ્રિયજ્ઞાન જાણે છે. શું કહ્યું ? ઝીણી વાત તો છે મારું જ્ઞાન તો મને જાણે. મારું જ્ઞાન મારા આત્માને જાણવાનું છોડી અને રાગને જાણવા જાય તેવો જ્ઞાનનો સ્વભાવ જ નથી. ત્યારે જાણેલો પ્રયોજનવાન આવ્યું તો કોણ એને જાણે છે ? એ બુદ્ધિગોચર ગુણને, ગુણ એટલે સમ્યગ્દર્શન નહીં. ગુણ એટલે પર્યાયનું નામ ગુણ કહેવાય. બુદ્ધિગોચર રાગને બુદ્ધિ જાણે છે. મનનો વિષય છે એ, મારો વિષય નથી. આહાહા ! પરને જાણનારું જ્ઞાન ઈ પરનું છે મારું જ્ઞાન નથી. રાગને જાણનારું જ્ઞાન પણ મારું નહીં, રાગ તો મારો નહીં અને રાગ મારા જ્ઞાનનું જ્ઞેય નહીં. મારા જ્ઞાનનું જ્ઞેય મારો પરમાત્મા ને રાગને જાણનારું ઈન્દ્રિયજ્ઞાન તે પર જ્ઞાન છે પરને જાણે છે તે પર છે. મારો એ વિષય નથી. જ્ઞેય પણ મારું નથી. જ્ઞેય તો મારો ભગવાન આત્મા જ્ઞેય છે. આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞેયપણ હું, જ્ઞાન પણ હું અને જ્ઞાતા પણ હું-એમ સવિકલ્પમાં એટલો ભેદ પડે છે નિર્વિકલ્પ ધ્યાનમાં તો તેટલો ભેદ પણ નીકળી જાય છે. સાધક સવિકલ્પમાં આવે ત્યારે હું જ્ઞાતા હું જ્ઞાન ને હું જ્ઞેય એવો વિચાર આવે અથવા બીજાને સમજાવવા માટે કહે પણ પછી તો એ ભેદને ઓળંગીને ફરી ફરી શુદ્ધોપયોગમાં આવીને સાધના પૂરી કરીને પરમાત્મા થઈ જાય છે. રાગ મારા કર્તાનું કર્મ તો નહીં પણ મારા જ્ઞાનનું જ્ઞેય પણ નહીં. રાગને જાણનારું ત્યારે કોઈ છે ? તો કહે હા છે. જાણેલો પ્રયોજનવાન છે. કોણ જાણે છે ? કે બુદ્ધિ તેને જાણે છે. બુદ્ધિગોચર રાગ છે. સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-શબ્દ ઈન્દ્રિયગોચર છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ વર્ણ એને કોણ જાણે છે ? કે પાંચ ઈન્દ્રિયનો ઉઘાડ તેને જાણે છે. હું તેને જાણતો નથી. જિનેન્દ્ર ભગવાનના દર્શન કરે છે તો તેને કોણ જાણે છે ? ચક્ષુઈન્દ્રિયનો વિષય છે. મારા જ્ઞાનનો વિષય નથી. આહા !

કહે છે કે આ અશુદ્ધતા જે ક્રોધની આવી છે. તેને તું નિમિત્તનું લક્ષ છોડી દે અને જ્ઞાયકનું લક્ષ કરીને જાણ જો, તો તે નૈમિત્તિક નહીં દેખાય. ક્ષણિક ઉપાદાનપણે જ્ઞાનના જ્ઞેયમાં ચાલ્યું જશે. કર્તાનું કર્મ છૂટી જશે. સવિકલ્પ દશા રહેશે ત્યાં સુધી જ્ઞાનનું જ્ઞેય કહેવાય. ફરીથી નિર્વિકલ્પ ધ્યાનમાં જતાં જ્ઞાનનું જ્ઞેય પણ રહેતું નથી. ક્રોધ જ્ઞાનનું જ્ઞેય નથી નિર્વિકલ્પ ધ્યાનમાં ક્રોધ જણાતો નથી. આ એકડાની વાત હજી શરૂઆતની વાત છે. કોઈ બી.એ.,એલ.એલ.બી.ની વાત નથી. ચારિત્રની વાત નથી. આ તો સમ્યગ્દર્શન ને જ્ઞાન કેમ પ્રગટ થાય તેની તો ગાથા છે. અને એનો જ ભાવાર્થ છે. ભાવાર્થ તેનો છે. ચારિત્રની ગાથા નથી. ચારિત્રની ગાથા સોળમી ગાથા આવશે. ઈ ચારિત્ર એમાં આવશે.

અત્યારે તો હજી પહેલે પાયે આત્માના દર્શન કેમ થાય ? દર્શન વિના રખડ્યો છે ઈ. ક્રિયા તો ઘણી કરી કષાયની હો. ચારિત્ર પ્રગટ થયું જ નથી એને એટલે સમ્યગ્દર્શન જ્ઞાન વિના કોઈ જીવને ચારિત્ર એટલે સ્વરૂપની રમણતા હોઈ શકે જ નહીં. પાંચ મહાવ્રત તે ચારિત્ર નથી. તે ચારિત્રનો મળ અને મેલ છે. ભાવલિંગી સંત તેને મેલ જાણે છે પાંચ મહાવ્રતના પરિણામને અને અજ્ઞાની તેને ધર્મ માને છે. ભલો માને છે. ભલો માનીને શુભભાવ કરે છે. આહાહા !

કહે છે કે અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે એટલે સંયોગનું લક્ષ કરે જે જીવ, આહાહા ! કહે છે કે સ્વભાવથી છૂટે ત્યારે શુભાશુભ થાય એ મૂળ ચીજ અને શુભાશુભ થાય ત્યારે એનું લક્ષ પરદ્રવ્ય ઉપર જાય છે. શુભાશુભનું લક્ષ સ્વદ્રવ્ય ઉપર હોતું નથી. આત્માને આશ્રયે કષાય ન થાય. થાય પોતાથી પણ તે વખતે તેનું લક્ષ પર દ્રવ્ય ઉપર જાય છે તો પર દ્રવ્યને નિમિત્ત કહેવાય અને રાગને નૈમિત્તિક કહેવાય. રાગને નૈમિત્તિકપણે જાણે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો કર્તા થઈ ગયો રાગનો. કર્તા થયા વિના નૈમિત્તિક ન હોય. કર્તા ન થાય તો તે જ્ઞાતા રાગનો થઈ જાય તો ત્યાં નૈમિત્તિક ન હોય રાગ.

અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે એટલે એના લક્ષે થાય છે. થાય છે પોતાના કાળે પણ તેનું લક્ષ પર ઉપર હોય તો પરદ્રવ્યથી થાય છે તેમ નિમિત્તપ્રધાન કથનથી કહેવામાં આવે છે. નૈમિત્તિક સિદ્ધ કરવું હોય ને ત્યારે નિમિત્તપ્રધાન કહેવાય. જ્યારે ક્ષણિક ઉપાદાન કહેવું હોય તો તે નિમિત્ત નથી. તે જ્ઞેય છે જડકર્મ જ્ઞેય થઈ ગયું. અહીંયા (પોતામાં) જ્ઞાતા થયો પરિણામનો જ્ઞાતા અને કર્મ પણ જ્ઞેયપણે જણાય છે સાધકને. નિમિત્તપણે કર્મ જણાતા નથી. કર્મ નિમિત્તપણે જણાય તો નૈમિત્તિક થાય. નૈમિત્તિક થાય તો તેનો કર્તા થઈ જાય.

ત્યાં મૂળ દ્રવ્ય તો અન્યદ્રવ્યરૂપ થતું નથી. મૂળ દ્રવ્ય હો ! મૂળ જ્ઞાયક ભગવાન આત્મા ચિદાનંદ છે અંદરમાં. એક આત્મા છે તેના બે પડખાં છે. એક સામાન્ય પડખું શુદ્ધ અનાદિ અનંત તેને દ્રવ્ય કહેવાય. અને વર્તમાન જે પરિણામ થાય તેને બીજું પડખું કહેવાય. પરિણામ કહો, હાલત કહો, દશા કહો અથવા તેને ક્ષણિક ઉપાદાન કહો. પર્યાયનું બીજું નામ ક્ષણિક ઉપાદાન છે. ખરેખર પર્યાયનું નામ ક્ષણિક ઉપાદાન છે. ખરેખર પર્યાયનું નામ નૈમિત્તિક નથી. અને જગતના પદાર્થનું નામ નિમિત્ત નથી એનું નામ જ્ઞેય છે. આઠ કર્મ જ્ઞેય છે નિમિત્ત નથી. નિમિત્ત જેને દેખાય છે એને નૈમિત્તિક ક્રોધ ઊભો થયો અને ક્રોધ ઊભો થયો તો તેનો કર્તા હું છું ને એ મારું કર્મ એ સંસાર ઊભો થઈ ગયો. આઠ કર્મ જ્ઞેય છે એ નિમિત્ત નથી. આહા ! પોતામાં જાણનારને જાણ તો તને જ્ઞેયપણે એ જણાશે પણ નિમિત્તપણે નહીં જણાય. કેમકે નૈમિત્તિક ભાવ ઊભો થાય તો નિમિત્ત કહેવાય ને ? મિથ્યાત્વ ઊભું થાય તો નિમિત્ત કહેવાય, પણ સમ્યગ્દર્શન ઊભું થયું પ્રગટ, તો સમ્યગ્દર્શનને કોઈ પરપદાર્થ નિમિત્ત ન હોય.

મિથ્યાત્વને પર પદાર્થ નિમિત્ત હોય. અલૌકિક વાત છે. રાગની સિદ્ધિમાં પણ જો ઊંડો ઉતરે તો રાગ નીકળી જાય. કર્તાબુદ્ધિ છૂટી જાય ને જ્ઞાતા થઈ જાય સાક્ષાત. અકર્તા કહો કે જ્ઞાતા કહો. વિશેષ અપેક્ષાએ પણ અકર્તા થાય છે રાગનો અથવા તેનો જ્ઞાતા થઈ જાય છે.

ત્યાં મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપે થતું નથી. તેને શુભાશુભરૂપે આત્મા થતો નથી, ક્રોધરૂપે આત્મા થતો નથી એમ કહે છે. ક્રોધ અન્ય દ્રવ્ય છે. ક્રોધ છે પરદ્રવ્ય છે, અન્ય દ્રવ્ય છે, સ્વદ્રવ્ય નથી. આહાહા ! અન્ય દ્રવ્યરૂપે ભગવાન શુદ્ધાત્મા કોઈ કાળે દેહરૂપે, કર્મરૂપે, રાગરૂપે, ક્રોધરૂપે થવો અશક્ય છે. થતો જ નથી, થયો નથી અને થવાનો પણ નથી. એવું એક દ્રવ્ય ત્રિકાળી સામાન્ય શુદ્ધ રહે છે. દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હવે પર્યાયની વાત કરે છે. દ્રવ્ય તો જેવું છે તેવું શુદ્ધ અનાદિ અનંત ટંકોત્કીર્ણ પરમાત્મા એ રહેલો છે. એને તો જરા જેટલો પણ ડાઘ લાગ્યો નથી. એને રાગનો ડાઘ લાગ્યો નથી. પર્યાયને ડાઘ લાગ્યો છે એ પર્યાય જ્યારે સ્વનું અવલંબન લ્યે તો રાગનો ડાઘ નીકળી અને શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ જાય. પરિણામને ડાઘ લાગે ભગવાન આત્માને ડાઘ લાગ્યો નથી. આ પાપ કર્યું છે. કોણ પાપ કરે ? પાપની મર્યાદા ક્યાં સુધી છે ? પર્યાયમાં પાપ થાય છે. એ પાપનો ડાઘ ભગવાન આત્માને લાગ્યો નથી તેથી આત્મા પાપી થતો નથી.

આ વાત લંડનમાં જ્યારે કરી ત્યારે એક વયોવૃદ્ધ માણસ હતા બાપા, જામનગર સાઈડના એને એવો પ્રમોદ આવી ગયો. આ શું વાત કરો છો ? પાપની એક સમયની પર્યાય, બીજા સમયે પર્યાય અંતર્મુખ થાય પાપનો નાશ થઈ ગયો. પાપ છે તે તે સમયે વેદાઈ ગયું આગળ-પાછળ વેદન નથી એનું. તે કહે શું વાત કરો છો ? અમે તો ઘણાં પાપ કર્યા છે ગામડામાં, ખેતી કરતાં'તા, વિગેરે વિગેરે. પાપનો પશ્ચાત્તાપ તો સામાન્ય જીવને દરેકને થાય જ છે. અને ગૃહસ્થ અવસ્થામાં પાપ તો થઈ ગયું હોય અજ્ઞાનદશામાં શું થાય ? બધું થાય. અજ્ઞાનદશામાં શું થાય ને શું ન થાય ? એ કાંઈ કહી શકાય નહીં. પાપ તો બહુ કર્યા છે પણ આજે તમે એક વાત મને કરી કે પાપ વેદાઈ ગયું ને ચાલ્યું ગયું છે એ પાપ તમારા આત્મામાં બેઠું નથી. અને અત્યારે એ પાપના પરિણામ નથી. દ્રવ્યમાંય નથી અને અત્યારે પર્યાયમાં પણ નથી. અત્યારે પુણ્યના પરિણામ છે. પાપના પરિણામ ક્યાં છે તમારી પર્યાયમાં આ સાંભળો છો તત્ત્વની વાત ત્યારે પુણ્યના પરિણામ છે.

ઓહો ! આ જૈન દર્શન ! પરમાત્મા થવાનું દર્શન છે. આ ચાર ગતિના દુઃખનો અભાવ થઈને અલ્પકાળમાં એ અરિહંત થઈને સિદ્ધ થઈ જશે. જો આ ભાવને સમજશે તો.

અમારા રમણિકલાલ તો આવે પણ તેના બે દિકરા આવતા થયા એનો અર્થ એ કે અત્યારે દુઃખી છે. દુઃખી હોય તો આ સુખની વાત સાંભળવા આવે ને તો જ આવે. આહાહા! દુઃખી છે હો. જગત એને કહે સુખી છે બહુ. બંગલા, મોટર વગેરે વગેરે શું ? અજ્ઞાનીને કાંઈ ખબર નથી. કેનું નામ સુખ ને કેનું નામ દુઃખ. અરે સ્વર્ગનો દેવ પણ અજ્ઞાનદશામાં દુઃખી છે. આહાહા ! તો સ્વર્ગ જેવું તો અત્યારે ક્યાં અહીંયા પુણ્ય છે ? છે ? મોદી સાહેબ કોઈને ? આહાહા! એ સ્વર્ગના દેવને એ પગ હોય ને તો એ દેવની એક પગની એક મોજડી તે વહેંચેને તો આ કોઈ આખો રશિયા કે અમેરિકા કે કોઈ આરબ દેશો ખરીદી ન શકે. એટલા તો તેના રતન કિંમતી હોય. મોજડીમાં રતન ભર્યા હોય. હવે આ તો તારે ક્યાં આમાં કરોડ, બે કરોડ, પાંચ કરોડ. આહા ! કલ્પના કરે છે કે મારા જેવો કોઈ સુખી નથી. સર્વજ્ઞ ભગવાન કહે છે તારા જેવો કોઈ દુઃખી નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કહે છે પાપના પરિણામ એક સમયના છે ચિંતા ન કર તું. થઈ ગયું પાપ બરાબર ગયું, ગયું તે ગયું. આહા ! જે તિથિ વિતી ગઈ હોય તેને બ્રાહ્મણ પણ યાદ કરે નહીં. ગઈ તિથિ બ્રાહ્મણ વાંચે નહીં. એટલે ગયું તે ગયું. જાગી જા હું તો જ્ઞાતા છું, પુણ્ય પાપનો કરનાર હું નહીં અને પુણ્ય પાપ મારા જ્ઞાનનું જ્ઞેય પણ નહીં. મારા જ્ઞાનનું જ્ઞેય તો મારો પરમાત્મા છે. જ્ઞેય બનાવી દે એક સમયમાં ન્યાલ થઈ જાઈશ. પાપ પૂર્વનું ગયું. ''ફુ'' થઈ ગયું. આહા ! પાપના પરિણામ એક સમયનાં છે બીજા સમયે પલ્ટી શકે છે. આત્માને યાદ કરે તો પુણ્યના પરિણામ આવે ને અંદરમાં જાય તો પુણ્યના પરિણામનો અભાવ થઈને ધર્મના પરિણામ થઈ જાય. વીતરાગદશા પ્રગટ થાય અલ્પ. આહા !

મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું નથી. ભગવાન આત્મા તો અંદર બિરાજમાન છે એ તો રાગરૂપે થતો નથી. ક્રોધરૂપે થતો નથી. અન્ય દ્રવ્યરૂપે થતું નથી. માત્ર પરદ્રવ્યનાં નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે. નિમિત્તનું લક્ષ કરે તો અવસ્થા મલિન થાય. અને નિમિત્તનું લક્ષ છોડે અને આત્માનું લક્ષ કરે તો ગુણ પ્રગટ થઈ જાય. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર મોક્ષમાર્ગ પ્રગટ થઈ જાય. બંધ માર્ગનો અભાવ થાય.

પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થાય છે. દ્રવ્ય પવિત્ર છે ને પર્યાય મલિન છે એ મલિનનું નિમિત્ત કારણ આપ્યું. નિમિત્તનું લક્ષ કરે છે ને ! થાય છે ઉપાદાનથી પણ નિમિત્તના લક્ષથી સમજાવે છે. કેમકે જગતના જીવો ક્ષણિક ઉપાદાનથી એટલું ન સમજી શકે. વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે. નિમિત્તના આશ્રયે રાગ થાય. રાગ થાય ત્યારે નિમિત્તનો આશ્રય છે, ઈ સિદ્ધાંતનું વાક્ય છે. નિમિત્તનો આશ્રય કરે તો ક્રોધ થાય એ ઉપદેશ બોધ છે. ક્રોધ થાય ત્યારે તેના નિમિત્તનો આશ્રય હોય તે સિદ્ધાંત વાક્ય છે. નવિનભાઈ ! સમજાણું કાંઈ ? સિદ્ધાંત વાક્ય એ છે કે જ્યારે ક્રોધના પર્યાયનો સ્વકાળ છે ત્યારે તેનું લક્ષ પર ઉપર જ હોય. જેના ઉપર લક્ષ હોય તેને નિમિત્તનો આરોપ આપવામાં આવે. છે તો જ્ઞેય પણ નિમિત્તનો આરોપ આપવામાં આવે છે. પણ જ્યારે પલ્ટો ખાય ને સમ્યગ્દર્શન થાય, ત્યારે નિમિત્ત પણ ગયું ને નૈમિત્તિક પણ ગયું. દર્શનમોહ ગયો ને મિથ્યાત્વનો પર્યાય ગયો ને સમ્યગ્દર્શનનો પર્યાય પ્રગટ થઈ જાય. શ્રદ્ધા સાચી શ્રદ્ધા પણ પ્રગટ થાય અનુભૂતિપૂર્વક અને અનુભવમાં સમ્યગ્દર્શનનો જન્મ થાય. નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે.

દ્રવ્યદૃષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે. અરે ભલે પાપ ને પુણ્યનાં પરિણામ તને થાય પણ તારા દ્રવ્ય સ્વભાવને જો ને ! તો દ્રવ્ય તો જે છે તે અનાદિ અનંત મલિન થયું નથી એને ડાઘ લાગતો નથી. આહા ! કપડાની પર્યાયને ડાઘ લાગે કપડાને ડાઘ લાગે નહીં. શું કહ્યું ?

કપડાને ડાઘ લાગે પણ નહીં પણ કપડાની પર્યાય જો માટીના સંગમાં જાય તો પર્યાયને ડાઘ લાગે. પણ પર્યાયને ડાઘ લાગે ત્યારે પણ કપડાને ડાઘ લાગ્યો નથી. કપડું જુદું, કપડાની પર્યાય જુદી, નિમિત્તપણે મેલ, માટી જુદી બધું જુદે જુદું છે. આ દૃષ્ટાંતથી સમજાય. આત્માની વાત સમજાવવી છે.

કપડું છે ને તે મેલું થયું તો બહેનો ધોઈ નાખે ને ? આહા ! તો તે મેલ શેમાંથી નીકળ્યો ? કપડામાંથી નીકળ્યો ? કપડું મેલું થયું જ નથી. વ્યવહારના બધા કથનો છે. ઈ કપડું ખરેખર મેલું થઈ જાય તો ગમે તેટલો સાબુ ને પાણી લગાવે તો નીકળે નહીં. તાદાત્મ્ય સંબંધ તેનો તેની સાથે નથી. મેલને કપડાના સફેદ, સફેદ, સફેદ સ્વચ્છ સ્વભાવ જે પડ્યો છે અંદરમાં તેની સાથે કાંઈ સંબંધ નથી. હા, મેલી પર્યાય થઈ છે. પર્યાય મેલી થઈ છે તો પાણી ને સાબુ વડે તેને ધોકાવે તો મેલ નીકળી જાય. પર્યાય રહી જાય પર્યાયનો પલ્ટો થાય. પર્યાયનો અભાવ ન થાય. મેલનો અભાવ થાય. પર્યાયનો અભાવ થાય તો તો કપડાનો પણ નાશ થઈ જાય. વાત જરા ઝીણી છે ! પર્યાયમાં લાગેલો મેલ નીકળી જાય. પર્યાય તો પલ્ટીને નિર્મળ થઈ જાય. પર્યાય ક્યાં જાય એની. દ્રવ્ય પર્યાય વિના ન હોય ને પર્યાય દ્રવ્ય વિનાની ન હોય. પલ્ટો થયો પર્યાયમાં ફેરફાર થયો પર્યાયમાં ફેરફાર થયો પણ પર્યાયમાં ફેરફાર થાય તેથી કપડામાં ફેરફાર ન થાય. કપડું વધારે શુદ્ધ થઈ ગયું હવે. પહેલાં મેલું હતું કપડું. અને મેલ નીકળ્યો તો કપડું શુદ્ધ થઈ ગયું. અરે કપડું તો શુદ્ધ હતું મેલી તો પર્યાય હતી તેની કપડાની, એ મેલ નીકળી ગયો ને પર્યાય એની સ્વચ્છ થઈ તો કહેવાય કે કપડું સ્વચ્છ થઈ ગયું, કપડામાંથી મેલ નીકળી ગયો. વ્યવહારની વાતો વ્યવહારીજનોમાં એમ જ હોય. આવી લાંબી લાંબી વાત કરે તો ચાલે જ નહીં.

કોઈને થાય ને આ શું કહેતા હશે ? આંહીંથી સાંભળીને ટૂંકી વાત કરે કપડાની અંદર મેલ લાગ્યોજ નથી તે તો સફેદ જ છે. પર્યાય મલિન થઈ'તી તો તે મેલનો પર્યાયમાં અભાવ થઈ જાય. આહાહા ! કોણ સમજે ? અને સમજવાની જિજ્ઞાસા હોય તેને બીજો પણ કહે તો સમજી જાય. દ્રવ્યની સામું જો તો પર્યાયની મલિનતા આપોઆપ નીકળી જશે. કાઢવી ન પડે. કાઢવી પણ ન પડે અને તેનું લક્ષ પણ કરવું પડે નહીં. આત્મામાં લક્ષ કરતાં તે મલિનતા નીકળી જાય છે. મલિનતાની જગ્યાએ પવિત્ર પરિણામ દર્શન જ્ઞાન ચારિત્રાણી મોક્ષમાર્ગના પરિણામ પ્રગટ થઈ જાય છે. શુદ્ધતા પ્રગટ થઈ જાય છે. દુઃખ જાય ને સુખ પ્રગટ થાય છે. આત્મિક સુખ પ્રગટ થાય છે.

દ્રવ્યદૃષ્ટિએ તો દ્રવ્ય જે છે તે જ છે દ્રવ્યમાં કાંઈ ફેરફાર થતો નથી. કપડામાં કાંઈ ફેરફાર ન થાય. રંગે મેલું થાય તોય શું ? રંગ કપડા ને ચડતો નથી. રંગ એની એક સમયની

પર્યાયને ચડ્યો છે. રંગ નીકળી જાય તો કપડાની પર્યાય પણ સફેદ થઈ જાય. કેમીકલથી કાઢી નાખે. કેમીકલથી ગમે તેવા હોય ને ! આજ તો કેમીકલ પણ એવા આવે છે ને ! કોઈ કહે પાકો રંગ ન નીકળે. આહા ! મિથ્યાત્વનો પાકો રંગ છે જ નહીં કાચો રંગ છે નીકળી જાય છે. સાંભળ ! મિથ્યાત્વ લાંબો ટાઈમ નહીં રહે. જે ભાવથી સમયસારને ભણશે તેની દશામાં મિથ્યાત્વ નહીં રહે સમ્યગ્દર્શન થઈને પરમાત્મા થઈ જશે. આ પરમાત્મા થવામાં નિમિત્ત થાય છે. આહા ! ઉત્કૃષ્ટ, ભારતની અંદર સમયસાર ઉત્કૃષ્ટ નિમિત્ત છે.

શ્રીમદ્ રાજચંદ્રજી પૂર્વભવમાં તો શ્રેણી ચઢી ગયા હતા. તેવો જીવ તે હતો એટલે આ ભવ પેલા ભવમાં નહીં બે ચાર ભવ પહેલાં ગમે ત્યારે. એ કહે છે કે અમને સમ્યગ્દર્શન તો પૂર્વે થયેલું પણ વમન કરી નાંખ્યું'તું. મારાથી વમાઈ ગયું હતુ સમ્યગ્દર્શન છૂટી ગયું હતું અને મિથ્યાદૃષ્ટિ થઈ ગયા હતા. મિથ્યાદૃષ્ટિપણે આંહી જન્મે કોઈ પણ ભારતમાં જન્મે તો સમ્યગ્દૃષ્ટિનો જન્મ અહીં ન હોય. સમ્યગ્દૃષ્ટિ હોય તેનો જન્મ તો સ્વર્ગમાં થાય. અહીંયા જન્મે ત્યારે મિથ્યાત્વ લઈને જન્મે અને જાય ત્યારે મિથ્યાત્વ છોડીને જાય. સમજી ગયા. લઈને જાય નહીં. આહાહા !

કપડું મેલું લઈને જાવું કે સ્વચ્છ પહેરીને જાવું જોઈએ ? કોઈના ફંકશનમાં જાય, શ્રીફળ વિધિ કે લગ્નમાં નથી જાતા. આહા ! રમેશભાઈએ કહ્યું. કપડું ભાઈ આજે બદલાવી નાંખો. કેમ ? વાં જાવું છે ને ? બદલાવી નાખ્યું. નકર એક દી' પહેર્યું હોય હો ! તે કહે નહીં બદલાવી નાખો. તો મિથ્યાત્વ લઈને જાવું છે પરભવમાં હવે ? આવા ગુરુ મળ્યા તને. આહા ! ગુરુ નહોતા મળ્યા ત્યાં સુધી તો ઠીક છે પણ ભેદજ્ઞાનનો મંત્ર આપ્યો કે દ્રવ્ય જેવું છે તેવું છે ભલે પરિણામ મલિન થઈ ગયા હોય. ચિંતા છોડી દે પરિણામની. પરિણામ જ્યાં દ્રવ્યનું અવલંબન લેશે ત્યાં પરિણામ મલિન નીકળી ને સ્વચ્છ થઈ જશે. આહાહા !

એમ શ્રીમદ્જી કહે છે કે પૂર્વ ભવે અમને સમ્યગ્દર્શન થયું હતું વમાઈ ગયું હતું. પણ હે ! કુંદકુંદ આચાર્ય ભગવાન તારો અનંતો ઉપકાર છે. તારા નિમિત્તે સ્વરૂપનું અનુસંધાન થઈ ગયું. અનુસંધાનનો અર્થ એમ કે પૂર્વે થયું હતું ને પાછું પ્રાપ્ત કર્યું તેનું નામ અનુસંધાન. તે સાદી મિથ્યાદૃષ્ટિ હતા. અહીંયા ભારતમાં ઘણા જીવો સાદી મિથ્યાદૃષ્ટિ તરીકે જન્મ્યા છે. બધાય અનાદિ મિથ્યાદૃષ્ટિ ન જન્મે. શું કહ્યું ? બધું આમાં રહસ્ય ઘણું છે. થોડું કહ્યું જાજું કરીને જાણજો. આ ભરતક્ષેત્રમાં બધા મિથ્યાદૃષ્ટિ અનાદિના જન્મે છે તેમ નથી. સાદી મિથ્યાદૃષ્ટિ, પૂર્વે અનુભવ થઈ ગયો હોય, શ્રીમદ્જીની માફક પણ છૂટી ગયો હોય ને એનો જન્મ પણ થાય તેવા જીવો પણ અહીંયા જન્મે છે. અને ફરી અનુસંધાન કરી ને ચાલ્યા જાય છે. એક સંસ્કાર તો અનુભવના હોય પૂર્વના. અને બીજા દેશનાલબ્ધિના પણ સંસ્કારવાળા

જીવો પણ અહીંયા જન્મે છે. (શ્રોતા : ઈ શું છે) દેશનાલબ્ધિ સાંભળી હોય તીર્થંકર ભગવાન પાસે. બધા ગયા છે અનંતવાર ગયા છે હો બધા. તીર્થંકર ભગવાનની વાણી સાંભળી છે બધાએ. પણ તે સંસ્કાર ઊંડા રહી ગયા હોય અંદરમાં કે આ દ્રવ્ય તો શુદ્ધ છે ભલે પરિણામમાં મલિનતા હોય પણ જ્યાં પર્યાયની ઉપરનું લક્ષ છોડી દઈશ અને દ્રવ્યનું લક્ષ કરીશ તો પરિણામ પલ્ટો ખાઈને સમ્યગ્દર્શન થઈ જશે. એવા ઊંડા સંસ્કાર એને લઈને આવ્યો હોય તો તે જીવને પણ આ સમજવું સહેલું પડે છે. અનુભવી પૂર્વનો એને સહેલું અને સંસ્કારવાળાને પણ સહેલુ બે અને નિકટભવીને પણ સહેલું. ત્રણ વાત કરી. ભલે પૂર્વે સમ્યગ્દર્શન ન થયું હોય. ભલે પૂર્વના સંસ્કાર ઊંડા ન હોય પણ જો નિકટભવી હોય તો તેને કુંદકુંદની વાણીનું રહસ્ય ખ્યાલમાં આવી જાય. આહા ! ત્રણ વાત કરી.

અવસ્થા એના નિમિત્તથી મલિન થઈ છે. દ્રવ્યદૃષ્ટિ (થી) તો દ્રવ્ય જે છે તે છે. હજી તો ગુરુદેવ ફરમાવે છે તેના વ્યાખ્યાનમાં કે કેટલાક જીવો તો હજી એમ માને છે કે પર્યાયમાં મલિનતા આવી છે ને, શુભાશુભભાવ મિથ્યાત્વની, તો દ્રવ્ય મલિન થઈ ગયું ! દ્રવ્ય અશુદ્ધ થઈ ગયું. પાછો આધાર આપે કે જે કાળે અશુદ્ધરૂપે પરિણમે છે તે કાળે તે તન્મય છે પણ તે તન્મય અશુદ્ધતા પર્યાયની સાથે છે. અશુદ્ધતા દ્રવ્યની સાથે તન્મય નથી. પર્યાયપ્રધાન કથન છે દ્રવ્યપ્રધાન કથન નથી.

એક બાજુ કહે તે સમયે તન્મય અને બીજી વખતે તે ઉપયોગથી અનન્ય છે. પણ જો ક્રોધથી અનન્ય માનીશ તો જીવ અજીવપણાને પામશે. તો બે વાક્ય વિરૂદ્ધ થયા, માટે પર્યાયની સાથે ઉદયભાવ તન્મય છે. દ્રવ્યની સાથે ઉદયભાવ તન્મય ત્રણ કાળમાં હોય નહીં. તો દ્રવ્ય શુદ્ધ ન રહે અશુદ્ધ થઈ જાય. એમ ગુરુદેવની સામે તો ઘણા પડકાર આવતા હતા ને ? એટલે ખુલાસા પણ ઘણાં કરતા ગયા છે.

અધ્યાત્મ પ્રવચન રત્નત્રય છે તેમાં ખુલાસા વધારે કર્યા છે. કેટલાક પંડિતો, વિદ્વાનો એમ માને છે કે જ્યાં સુધી પર્યાયમાં મલિનતા થઈ, પર્યાય મલિન છે ત્યાં સુધી આખું દ્રવ્ય મલિન થઈ ગયું. દ્રવ્ય શુદ્ધ રહે નહીં. આ કહે છે દ્રવ્ય જેવું છે તેવું અનાદિ અનંત શુદ્ધ છે. આહાહા ! તો કપડું મલિન થાય કોઈ દિ’ ? કપડાનો તો વિચાર કરો. હા, વાત સાચી છે. આપણે અત્યાર સુધી એમ માનતા હતા કે કપડું મેલું થઈ ગયું. આજે બે ભાગ પડી ગયા હો ! પર્યાય મલિન થઈ ને કપડું તો એવું ને એવું રહ્યું. બેનોને પૂછો આ વાત સાંભળે તો હા પાડે. પહેલાં કાલ ન હા પાડે આજ તો હા પાડે. આ બધું બુદ્ધિગમ્ય વિષય છે. આ કાંઈ અંધશ્રદ્ધાનો વિષય નથી. એલા પણ કપડું જો મલિન થઈ ગયું હોત તો તે શુદ્ધતા આવે ક્યાંથી પછી ? શુદ્ધતા તો અંદર શક્તિમાં પડી છે એમાંથી બહાર પર્યાય પ્રગટ થાય છે ને

મલિનતાનો વ્યય થઈ ઉપાધિ નીકળી જાય છે. સ્વભાવ પર્યાય પ્રગટ થાય છે. આવે છે ક્યાંથી ? કપડામાં શુદ્ધતા પડી હતી તે બહાર આવે છે. શક્તિની વ્યક્તિ થઈ. આહા !

એક કપડાનું દૃષ્ટાંત સમજે ને તો ભેદજ્ઞાન થઈ જાય અને પર્યાયમાં મલિનતા દુઃખ છે તે કેમ જાય તેનો ખ્યાલ આવી જાય. આહા !

માત્ર પર દ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન છે દ્રવ્યદૃષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે. અને પર્યાયઅવસ્થા દૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે. પર્યાયથી જુઓ તો મલિન જ દેખાય છે. અજ્ઞાનીની દશાની વાત કરે છે. મિથ્યાદૃષ્ટિની ભૂમિકામાં પણ જો આમ જોઈશ તો મલિન પર્યાય દેખાય છે. પર્યાય મલિન દેખાય છે એમ લખ્યું છે. દ્રવ્ય મલિન થયું છે એમ આમાં લખ્યું નથી. આંખ ઉઘાડીને વાંચ તો ખરો. સમયસાર તો વાંચ. શું લખ્યું છે મીઠાભાઈ ? પર્યાય મલિન થઈ છે અને અવસ્થાથી જોવામાં આવે તો તે પર્યાય મલિન થઈ છે. દ્રવ્ય મલિન થયું નથી. આહાહા !

શું સમયસાર શાસ્ત્ર ! આપણા માટે લખાયેલું છે. આપણું નામ માથે લખેલું છે હો ! આહા ! ભેદજ્ઞાનનો મંત્ર, શુદ્ધતા ને અશુદ્ધતાના ભેદજ્ઞાનની ચર્ચા ચાલે છે. અને તે પર્યાયદૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે. એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે. એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયક જાણનાર જાણનાર જાણનાર માત્ર છે. રાગનો કરનાર નથી. રાગ થાય ત્યારે પણ અકર્તા છે. રાગ થાય ત્યારે હું કર્તા છું તો મિથ્યાત્વ અને રાગ થાય ત્યારે હું અકર્તા છું તો સમ્યગ્દર્શન. અને રાગ થયા વિના રહે નહીં. રાગ થાય પણ મિથ્યાત્વ ન થાય.

સાધક અવસ્થામાં રાગ થાય પણ રાગ મારો ને હું તેનો કર્તા ને તે મારું કર્મ તે છૂટી ગયું. દ્રવ્યદૃષ્ટિ થઈ ગઈ. રાગ સાધકને હોય. ભલે હો. થોડો ટાઈમ હોય તો હોય. એ વ્યવહારે જ્ઞાનનું જ્ઞેય છે નિશ્ચયે તો જ્ઞાનનું જ્ઞેય પણ નથી. એ બુદ્ધિનો વિષય છે એ મારો વિષય નથી. મનનો વિષય છે. મન રાગને જાણે છે જ્ઞાન આત્માને જાણે છે.

સવિકલ્પદશામાં, સાધકને સવિલ્પદશા આવે નિર્વિકલ્પ ધ્યાનમાં તો કાયમ રહે નહીં. ત્યારે સાધકને રાગ જણાય છે કે રાગને કોણ જાણે છે તો કહે મન જાણે છે. મનનો વિષય છે રાગ. મનનું જ્ઞેય છે. એ મારા જ્ઞાનનું જ્ઞેય નથી. મારા જ્ઞાનનું જ્ઞેય તો મારો પરમાત્મા છે. આહા ! એવું ભેદજ્ઞાન નિરંતર ચાલ્યા કરે છે એટલે ઈન્દ્રિયજ્ઞાન ને અતીન્દ્રિયજ્ઞાનમય આત્માની એકતા થતી નથી. ઈન્દ્રિયજ્ઞાન ભિન્ન ને એનો વિષય ભિન્ન. અતીન્દ્રિયજ્ઞાન ભિન્ન ને તેનો વિષય ભિન્ન. બેયના વિષય ભિન્ન ભિન્ન રહેલાં છે એમ સાધક જાણતો પરમાત્મા થઈ જાય છે થોડા વખતમાં. વખત થઈ ગયો.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન નં. ૨૨
### અમૃતપ્રભાત એપાર્ટમેન્ટ - રાજકોટ
### તા. ૨૮-૭-૯૧

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. તેમાં શુદ્ધાત્માનું સ્વરૂપ શું છે અને તેનો અનુભવ કેમ થાય ? તેમ બે પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. બે પ્રશ્નના ઉત્તરમાં બે પારા લખ્યા છે. આત્મા ત્રણેયકાળ શુદ્ધ છે. શુદ્ધ એટલા માટે છે કે પરિણામ માત્રથી આત્મા ભિન્ન છે. સર્વથા રહિત છે. તેથી તે આત્મા શુદ્ધ છે. શુદ્ધની અંતરસન્મુખ થઈ અને ધ્યાનનું ધ્યેય ને જ્ઞાનમાં એને જ્ઞેય બનાવતાં આત્માનો આત્માને જ્યાં અનુભવ થાય ત્યારે આત્મા આત્માને જાણવારૂપે પરિણમે છે તેથી તેને આત્માનો અનુભવ અનુભૂતિ કહેવામાં આવે છે, એમ બે વાત કરી.

હવે ભાવાર્થ ચાલે છે. ફરીથી ચાર પાંચ લીટી થઈ ફરીથી ટૂંકાણમાં. અશુદ્ધપણું પર દ્રવ્યના સંયોગથી આવે છે એટલે પર્યાયની અંદર જે મલિનતા દેખાય છે તે પર પદાર્થના નિમિત્તનું લક્ષ કરે, સ્વભાવનું લક્ષ છોડે કે હું જ્ઞાયક છું. હું રાગી છું ને હું મનુષ્ય છું તેમ નિમિત્તનું લક્ષ કરે તો તેની પર્યાયમાં મલિનતા થાય પણ છે.

મલિનતા જ્યારે થાય છે પરિણામમાં ત્યારે પણ ત્યાં મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી. એ કાંઈ પુણ્ય-પાપરૂપે આત્મા થતો નથી. પુણ્ય-પાપ પર્યાયમાં ભલે હો પણ ભગવાન આત્મા પોતાનો સ્વભાવ છોડી અને મલિન થતો નથી. કોઈ કાળે પણ મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું નથી. માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે, જો દ્રવ્ય મલિન થતું નથી. કેટલાક એમ કહે છે કે જ્યારે અવસ્થા મલિન થાય ત્યારે આખો આત્મા મલિન થઈ જાય એમ કેટલાક અજ્ઞાની જીવ માને છે. આચાર્ય ભગવાન કહે છે કે એ વાત તેની ખોટી છે. પર્યાય મલિન છે ત્યારે આત્મા નિર્મળ છે.

કપડું પર્યાયે મલિન છે ત્યારે કપડું સ્વભાવે સ્વચ્છ છે કે કપડું મલિન થઈ ગયું ? કપડું મલિન થઈ જાય, જો એનો સ્વભાવ છોડી દે તો ગમે તેટલું પાણી નાખે, ધોકા મારે, સાબુ લગાવે કે આમ પલાળે પાણીમાં તો પણ પાણીનો મલિનભાવ નીકળે નહીં. મલિનભાવ પર્યાયમાં છે માટે નીકળી જાય છે અને સફેદભાવ અંદરમાં છે, શક્તિમાંથી વ્યક્તિ પર્યાય પ્રગટ થાય છે. એમ આ આત્માની અવસ્થા મલિન થાય છે.

દ્રવ્યદૃષ્ટિથી દ્રવ્ય તો જે છે તે છે તે તો શુદ્ધ છે અનાદિ અનંત. એ કોઈ કાળે દ્રવ્ય અશુદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

થતું નથી. અજ્ઞાની હો, અભવિ હો કે નિગોદનો જીવ હો. પણ દ્રવ્ય સ્વભાવ તો પરમાત્મારૂપે અંદર બિરાજમાન છે, પરમાત્મા છે ત્રણેકાળ. પરમાત્મા પવિત્ર છે. પરમાત્મા મલિન ન હોય. પરમાત્મતત્ત્વ મલિન ન થાય. પર્યાય તત્ત્વ મલિન થાય પણ તે મલિન પણ વિભાવ છે, એટલે મલિનતાનો પણ અભાવ થઈ, મલિનતાની જગ્યાએ સમ્યગ્દર્શનની પવિત્ર પર્યાય પ્રગટ થાય.

અને પર્યાય દૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે. એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે. આત્મા જાણનાર જાણનાર જાણનાર માત્ર છે. કરનાર નથી જાણનાર છે. અને તેની અવસ્થા, પર્યાય, દશા, હાલત, પરિણામ પુદ્‌ગલકર્મના નિમિત્તે, આત્માના નિમિત્તે રાગ ન થાય. પણ પરના નિમિત્તે રાગ થાય તેમ કહેવાનો આશય છે. પરથી ન થાય રાગ. સ્વથીય ન થાય ને પરથીય ન થાય. પણ પોતાનો જ્ઞાતાદૃષ્ટા સ્વભાવ છે તેની ઉદાસીન અવસ્થાનો ત્યાગ કરે છે આત્મા અજ્ઞાન દશાથી, ત્યારે તેની પર્યાયમાં મલિનતા દેખાય છે. ત્યારે તેનું લક્ષ નિમિત્ત ઉપર હોય છે. ઉપાદાન ઉપર લક્ષ ન હોય.

ઉપાદાન ત્રિકાળી જ્ઞાયક, તેના ઉપર લક્ષ નથી. લક્ષ પર ઉપર જાય છે ત્યારે તેની પર્યાયનો સ્વકાળ છે મલિન થવાનો એ એને નૈમિત્તિક અવસ્થા છે. જૂના કર્મનો ઉદય નિમિત્ત કહેવાય. પણ હવે નિમિત્ત નૈમિત્તિકને છોડીને ક્ષણિક ઉપાદાનથી જો, તો તે મલિન પર્યાયનું ક્ષણિક ઉપાદાન તેનો સ્વકાળ છે. નિમિત્ત પણ તેમાં નથી. ઉપાદાનમાં નિમિત્ત ન હોય. નૈમિત્તિકમાં નિમિત્ત હોય. નિમિત્ત નૈમિત્તિક સંબંધ છોડીને તેની પર્યાયની યોગ્યતાથી જો. આહાહા ! તેની પર્યાયની યોગ્યતાથી પર્યાય થઈ છે મારાથી પણ નહીં ને કર્મથી પણ નહીં. તો એ તેની યોગ્યતા જોવા જાય તત્‌સમયની તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર આવી જાય છે. કર્તાબુદ્ધિ છૂટી ને જ્ઞાતા થઈ જાય છે સાક્ષાત.

નિમિત્તનું લક્ષ છોડી દે ઉપાદાનનું લક્ષ કરીને જો તો પર્યાય, તને યોગ્યતા ક્ષણિક ઉપાદાનરૂપે લાગશે. નિમિત્તનો સંગ છૂટી જશે. ઈ પર્યાયનો સંગ આત્મા ઉપર આવશે. તો ક્ષણિક અશુદ્ધ ઉપાદાન હતું તે પલ્ટીને ક્ષણિક શુદ્ધ ઉપાદાન થશે. પલ્ટાવ્યા વગર પલ્ટી જશે. પલટાવે કોણ એને ? પર્યાયને કોણ પલટાવે ? એ પર્યાય છે.

પર્યાયની દૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે. પર્યાયથી જો પર્યાય ઉપર નજર રાખ તો પર્યાય મલિન જ દેખાય છે. પણ આમ જોને, આંહી અંદર જો ને. અને દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે, શુદ્ધ જ છે અનાદિ અનંત. પર્યાયમાં મિથ્યાત્વ છે મલિનતા આસ્રવતત્ત્વ. આસ્રવતત્ત્વ છે ત્યારે જીવતત્ત્વ શુદ્ધ છે. આ જૈન દર્શનની વિશિષ્ટતા છે. આ કોઈ દર્શનમાં આ (વાત) નથી. કે કપડાની પર્યાય મલિન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય ત્યારે કપડું સ્વચ્છ રહી જાય છે એ કોઈ કહી શકે નહીં. પાણી ગરમ થાય ત્યારે પાણી ઠંડું છે. આ બાજુ આવો જગ્યા છે. ગણેશ આ બાજુ જગ્યા છે. આજે રવિવાર છે ને ? દુકાને જવાનું ન હોય એટલે આ ભગવાનની દુકાને આવે. આ ભગવાનની દુકાન છે. આ ભગવાન છે ને ! તે સર્વજ્ઞ ભગવાનની પેઢી છે. વીતરાગની ગાદી છે ને આ તો.

શું કહે છે પ્રભુ એકવાર સાંભળ ! પર્યાય ભલે મલિન થાય ગભરામાં તું. તારું દ્રવ્ય શુદ્ધ છે એમ તેને અનુભવતાં પછી પર્યાયમાં જો. ક્યાં ગઈ આ મલિનતા ? મિથ્યાત્વ ક્યાં ગયું ? મિથ્યાત્વ મળશે નહીં ગોત્યું. છૂ થઈને અભાવ થઈ ગયો તેની જગ્યાએ સમ્યગ્દર્શન થઈ ગયું. પર્યાયદૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કર.

દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું છે કાંઈ જડપણું થયું નથી. આ રાગ છે ને તે જડ અચેતન છે. પુણ્ય પાપના બેય પરિણામ અચેતન જડ તેમાં સ્વપર પ્રકાશક શક્તિનો ઉઘાડનો અંશ કાંઈ છે નહીં, જ્ઞાન નથી તેમાં જડ છે. અહીં દ્રવ્યદૃષ્ટિને પ્રધાન કરીને કહ્યું છે. અહીં આ ગાથામાં દ્રવ્યદૃષ્ટિને પ્રધાન-પ્રધાન એટલે મુખ્ય કરીને આ ગાથામાં વાત ચાલે છે. પર્યાયનું વ્યવહારનું જ્ઞાન કરાવશે પણ નિષેધ કરવા માટે તારામાં નથી એમ. પર્યાય છે પણ મારામાં નથી. એટલે પર્યાય છે તેમ રાખ્યું પણ મારામાં નથી એમ આવી ગયું અંદરમાં. ત્યાં પર્યાય દૃષ્ટિ છૂટીને દ્રવ્યદૃષ્ટિ થઈ જાય છે.

દ્રવ્યથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તે જ્ઞાયકપણું છે જડપણું થયું નથી. આત્મા કોઈ કાળે રાગરૂપે થતો નથી. રાગરૂપે થવું અશક્ય છે. મિથ્યાત્વરૂપે આત્મા થયો નથી થતો નથી, અને જ્યાં સુધી મિથ્યાત્વ થોડો ટાઈમ રહેશે ત્યાં સુધી પણ તે મિથ્યાત્વરૂપે થવાનો નથી. મિથ્યાત્વ કાયમ ન હોય, થોડો ટાઈમ હોય પછી નીકળી જાય. મિથ્યાદૃષ્ટિ કાયમ રહે ? કે પછી મિથ્યાત્વનો અભાવ થઈ સમ્યગ્દૃષ્ટિ પરમાત્મા થાય તેવો પર્યાયનો સ્વભાવ છે હો ! પર્યાયમાં મલિનતા ન રહે. કપડાની પર્યાયમાં મલિનતા ક્યાં સુધી રહે ? પાણીનો યોગ ન થાય ત્યાં સુધી.

અહીં દ્રવ્યદૃષ્ટિને પ્રધાન કરીને કહ્યું. જે પ્રમ ા-અપ્રત્તના ભેદ છે, પર્યાયના ભેદો ઉત્પન્ન થાય છે, ભેદ કહો કે પર્યાય કહો. એ તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે. પરદ્રવ્યનો સંબંધ કર્યો એટલે વિકાર ઊભો થાય. ચોથી ગાથામાં આવ્યું કે આ કામ ભોગ બંધનની કથા દુઃખદાયક છે. કેમકે આત્મા પરના સંબંધ વિનાનો હતો અને છે. છતાં પરનો સંબંધ કંઈપણ જો તે કર્યો, કર્તા-કર્મ, નિમિત્ત-નૈમિત્તિક કે જ્ઞાતા-જ્ઞેય. હું જ્ઞાતા ને આ મારું જ્ઞેય એવો જો સંબંધ ખ્યાલમાં આવ્યો તો અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે ઈ. આહા !

કર્તા-કર્મ હોય તો તો આત્માનો નાશ થાય. નિમિત્ત-નૈમિત્તિક હોય તો નિત્ય નિમિત્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્તાનો દોષ આવે. હું જ્ઞાતા ને છ દ્રવ્ય મારું જ્ઞેય તો સંકરદોષ ખીચડો થઈ ગયો. જ્ઞેય અને જ્ઞાન જુદું ન રહ્યું. તે જ્ઞેયને જાણનારું જ્ઞાન નથી. જ્ઞાયકને જાણનારું જ્ઞાન છે. અને જ્ઞાન પ્રગટ થાય છે આત્માને જાણતું જ પ્રગટ થાય છે. પરને ન જાણે ને આત્માને જ જાણે, તેવું જ્ઞાન પ્રગટ થાય છે દરેકને, પણ તેનું લક્ષ ત્યાં નથી. ઉપયોગ લક્ષણ છે ઉપયોગમાં બાળ ગોપાળ સૌને ભગવાન આત્મા જણાય છે. પણ તેના ઉપર તેનું લક્ષ જતું નથી. આ જણાય છે, આ જણાય છે એમ લક્ષ કરે છે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે તે અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગોણ છે.

જો એક વાત આવી કે પર્યાય આત્મામાં નથી તેમ આવે છે તે દૃષ્ટિપ્રધાન કથન છે. અને પર્યાય આત્મામાં છે તેને ગૌણ કરીને તું દ્રવ્યદૃષ્ટિ કરી લે તો એ જ્ઞાનપ્રધાન કથન થયું. વસ્તુ દ્રવ્યપર્યાય સ્વરૂપ છે. તો જ્ઞાન પ્રધાનથી વાત કરે જ્યારે, ત્યારે પર્યાય પણ છે અને દ્રવ્ય પણ છે. તો હવે પર્યાયને ગૌણ કરી નાખ, લક્ષ છોડી દે. પર્યાયનો અભાવ નથી. પ્રમાણમાં પર્યાયનો અભાવ નથી. દૃષ્ટિના વિષયમાં પર્યાયનો અભાવ છે. પ્રમાણમાં સદ્‌ભાવ છે. પ્રમાણજ્ઞાન એટલે એક સાથે દ્રવ્ય ને પર્યાય બેને જાણવું તેનું નામ પ્રમાણજ્ઞાન. તો જ્યારે ગૌણની વાત આવે પર્યાયની ત્યારે સમજવું કે જ્ઞાનપ્રધાન કથન છે. અને આત્મામાં પ્રમત્ત અપ્રમત્ત નથી એમ કહે ત્યાં દૃષ્ટિપ્રધાન કથન છે.

આ બે ય કથનની પદ્ધતિ ચાલે છે. નથી એમ કહે ત્યારે દૃષ્ટિપ્રધાન કથન છે. છે પર્યાય, નથી એમ નહીં. સસલાના શીંગડા નથી. છે પણ તેને ગૌણ કર. તેને અભૂતાર્થ કરી નાખ. તે વ્યવહારનયનો વિષય છે. આશ્રય કરવા યોગ્ય નથી. તેમ પ્રમાણજ્ઞાનમાં મુખ્ય ગૌણ હોય દૃષ્ટિના વિષયમાં મુખ્યગૌણ ન હોય. બે દિકરા હોય તો એક દિકરા મોટાનું સગપણ કરવું છે ને નાનાને વાર છે પણ એક જ દિકરો હોય તો ! આહા ! જોનારા તો નવા હોય ને, તો દિકરો બેઠો હતો. જોવા આવ્યા મુરતિયાને. પિતાને પૂછ્યું આ તમારો મોટો દિકરો કે નાનો. બે હોય તો હું નાનો મોટો કહું. બે હોય તો આ નાનો ને આ મોટો તેમ કહેવાય, પણ એક જ હોય તો તેમાં નાનાનોય ધર્મ નથી ને મોટાનોય ધર્મ નથી. સમજાય છે આ તો દૃષ્ટાંત છે ડૉક્ટર. તેમ આ ભગવાન આત્મા નિરાળો છે. અનાદિ અનંત દૃષ્ટિનો વિષય એકોહમ્ છે. તેમાં મુખ્ય ગૌણ શું છે ? તેમાં મુખ્ય ગૌણ છે નહીં.

ભગવાન આત્મા તો એકોહમ્. એક જ છે તેમાં બેપણું નથી. તેમાં દ્વૈત નથી અદ્વૈત છે આત્મા, અભેદ-સામાન્ય. પછી તેમાં જ્ઞાનપ્રધાન કથનમાં બેપણું છે. દ્રવ્ય પણ છે ને પર્યાય પણ છે તો પર્યાયને ગૌણ કર. ગૌણ કર એટલે લક્ષ છોડી દે તેમાં આત્મબુદ્ધિ છોડી દે. શરીર છે, કર્મ છે, રાગ છે, કોણ ના પાડે છે. ઈ એનામાં હું મારામાં. તે અહીંયા વાત કરે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


છે જુઓ, અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે વ્યવહાર છે. જ્ઞાનપ્રધાન કથનમાં મુખ્ય ગૌણ હોય. દૃષ્ટિપ્રધાન કથનમાં મુખ્ય ગૌણ ન હોય. આટલું તો થોડુંક તો તેણે શીખવું જ જોઈએ. જો આત્માનો અનુભવ કરવો હોય તો થોડુંક તો શીખવું જ જોઈએ. આહા !

હવે દવાના કેટલા નામ હોય આ ડૉક્ટર બેઠા. દવાના બધા નામ તેને યાદ હોય ફટ લખે. અને આ કંપનીનો માલ લેજો પાછું તેમ લખે. તેના ભાવની પણ ખબર પડે. આ દવાના વેપારી હતા તેને બધી ખબર પડે. કયો માલ શું ભાવે આવ્યો, અત્યાર સુધી ખર્ચ ચડી ગયું, વ્યાજ ચડી ગયું તેના ઉપર નફો ચડાવીને પછી વહેંચે. ઈ બધું આમ કોમ્પ્યુટરમાં બધો ખ્યાલ હોય, બધું યાદ આવે કાંઈ મને યાદ નથી એમ કહે તો ? તો વેપાર ન ચાલે. એમ આમાં થોડુંક જ છે. આમાં રુચિ નથી ને એટલે યાદ નથી રહેતું. ગુરુદેવ કહેતા'તા કે ચોપડામાં ઉઘરાણી હોય એની બધાને ખબર પડે કે આ પાર્ટી પાસે મારા આટલા રૂપિયા છે પણ આત્મામાં શું છે ? દરકાર નથી, દરકાર નથી. અનંતકાળથી સ્વભાવને ભૂલી, પરને પોતાનું માની, મમતા કરી, મરી ગયો પણ એક રજકણ પોતાનું થાય નહીં.

અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે. જો અભાવ નહીં. પ્રમાણજ્ઞાનમાં મુખ્ય ગૌણ હોય ત્યારે અભાવની વાત ન હોય. છે પણ ગૌણ છે મુખ્ય નહીં. આશ્રય કરવા યોગ્ય નથી. વ્યવહાર છે. પર્યાયની અશુદ્ધતા ગૌણ છે એ શબ્દ કહ્યો, પછી વ્યવહાર છે, અસદ્ભૂત વ્યવહારનો વિષય છે. અભૂતાર્થ છે એટલે ખરેખર આત્મા નથી. અસત્યાર્થ છે. જૂઠી વાત છે, ઉપચાર છે. ખરેખર તેવો આત્મા નથી. આત્મા અશુદ્ધ નથી. અશુદ્ધનો ઉપચાર આવે છે.

દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે, અભેદ છે, નિશ્ચય છે, સત્યાર્થ છે. ભૂતાર્થ છે, પરમાર્થ છે, અભેદ સામાન્ય ઉપર દૃષ્ટિ કરી અને પરિણતિ અભેદ થઈ તો અભેદ તો હતો પણ અભેદ થયો. તે પણ દ્રવ્યદૃષ્ટિ અભેદ થઈ ગઈ. દ્રવ્ય ને પર્યાયની અભેદતા અનુભવના કાળમાં થાય છે. ત્યારે આ નથી એવો વિકલ્પ નથી. આ છે અને ગૌણ છે તેવો વિકલ્પ નથી. અને આ આશ્રયભૂત આત્મા છે તેવો વિકલ્પ પણ અનુભવના કાળમાં નથી. સીધો અંદરમાં અનુભવ આવે આત્માનો !

માટે આત્મા જ્ઞાયક જ છે. તેમાં ભેદ નથી. આ પ્રમત્ત અપ્રમત્ત ગુણસ્થાનના ભેદો, ત્રિકાળ ઉપાદાનમાં નથી. તેમાં ભેદ નથી તેથી તે-તે એટલે આત્મા જ્ઞાયક પ્રમત્ત-અપ્રમત્ત નથી. પ્રમત્ત એટલે છ ગુણસ્થાનને પ્રમત્તદશા કહેવાય. પહેલાં ગુણસ્થાનથી માંડીને છ ગુણસ્થાન સુધી પ્રમત્ત અવસ્થા કહેવાય. અને સાતમાથી ચૌદ ગુણસ્થાન સુધી અપ્રમત્તદશા કહેવાય, સાવધાન દશા. પ્રમત્ત એટલે પ્રમાદ દશા. આત્માની સાવધાની નહીં તેનું નામ પ્રમાદ-અને આત્માની સાવધાની થઈ તેનું નામ અપ્રમત્ત, પ્રમાદ ગયો. આહાહા ! સાવધાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ ગયો. હું તો જ્ઞાયક જાણનાર-જાણનાર ચિદાનંદ આત્મા છું. આ જણાય છે તે કોઈ ચીજ મારી નથી. આ પહેલાં પારાનો ભાવાર્થ થયો. પહેલોં પારો હતો ને તેનો ભાવાર્થ થયો.

બે પારા છ દિવસ ચાલ્યા. કોઈએ કહ્યું તું છ દિવસ ચાલ્યા. એક દિવસ ભાવાર્થનો થયો. આ બીજો દિવસ. આઠમો દિવસ છે આ છઠ્ઠી ગાથાનો. એવો માલ ભર્યો છે આમાં. પાંચ ગાથા તો આપણે, ત્રણ કળશ ને પાંચ ગાથા તો ઝડપથી કરી. પણ છઠ્ઠી ગાથા આવી. આ સમયસારનો સાર છે.

એક જયસેન આચાર્ય ભગવાન થયા છે તેણે તાત્પર્યવૃત્તિ નામની ટીકા કરી છે આ શાસ્ત્રની સંસ્કૃતમાં, અમૃતચંદ્ર આચાર્ય ભગવાન પછી બસો ત્રણસો વર્ષે તે થયા. તેણે એક આ ટીકા કરી છે. ટીકા એટલે સંસ્કૃતમાં વિસ્તાર તેનો. તેઓશ્રી એમ લખે છે કે આ સમયસાર શાસ્ત્ર ૪૧૫ ગાથાથી બનેલું છે. કોઈ કોઈ આત્મા આત્માર્થી નિકટભવી જીવ હોય તો બાર ગાથાનો અધ્યયન કરીને આત્માનો અનુભવ કરી લ્યે. સંક્ષેપ રુચિવાળો જીવ હોય સંક્ષેપરુચિ એટલે થોડું કહે અને જાજું સમજી જાય. કહે થોડું પણ સમજે જાજું એનું નામ સંક્ષેપરુચિ કહેવાય. અને બહુ જાજું કહે ૪૧૫ ગાથા, ત્યારે માંડ થોડું સમજાય તેને વિસ્તાર રુચિ કહેવામાં આવે છે. બે પ્રકારના જીવો હોય તો કહે છે કે બાર ગાથા સુધીમાં અધ્યયન કરીને કોઈ જીવ સમ્યક્ત્વને પામી જાય છે. તે બાર ગાથામાં પાંચ ગાથા તો પ્રસ્તાવનાની ગઈ. પાંચ ગાથા ગઈને તે પ્રસ્તાવનાની ગઈ. શું આમાં હું કહીશ ને શું કહેવું છે મારે.

છઠ્ઠી ગાથાથી સમયસાર શરૂ થયું. ત્રણ કળશ ને પાંચ ગાથામાં ક્યાંય આત્માનું નામ જ્ઞાયક એવું નામ લખ્યું નથી. છઠ્ઠી ને દિવસે નામ લખે ને ? નામ પાડે ફૈબા. ફૈબા નામ પાડે ને ! એમ આ કુંદકુંદાચાર્ય ભગવાન મહાવિદેહક્ષેત્ર ગયા હતા. આઠ દિવસ ત્યાં રહ્યા હતા. સીમંધર પ્રભુની વાણી સાક્ષાત સાંભળી. ત્યાં ગુરુદેવ હાજર હતા તે વખતે. આહા ! ગુરુદેવે નજરોનજર જોયેલા છે તેમને. અને ત્યાંથી આવીને આ સમયસારનો આ વિસ્તાર થયો ને નામ પડી ગયું. જ્ઞાયક એવું નામ છઠ્ઠી ગાથામાં આવ્યું.

આ જ્ઞાયક શબ્દ છે ને ઈમ્પોર્ટેડ છે ઈ. જ્ઞાયક શબ્દ છે ને તે મહાવિદેહથી આવ્યો છે. આ જ્ઞાયક શબ્દ આંહીથી શરૂ થયો છઠ્ઠી ગાથાથી. દૃષ્ટિના વિષયમાં પણ જ્ઞાયક અને જ્ઞાનનો વિષય લીધો તો પણ જ્ઞાયક. શું કહ્યું ? શ્રદ્ધાનો વિષય પણ જ્ઞાયક. ઈ જ્ઞાયક કેવો ? શ્રદ્ધાનો વિષય જ્ઞાયક કેવો ? કે પર્યાય માત્રથી સર્વથા રહિત. સર્વથા રહિત તે જ્ઞાયક. એનું નામ પણ જ્ઞાયક. પર્યાયથી રહિત તો પણ જ્ઞાયક કહ્યું. પછી અનુભવ થયો, અનુભૂતિ થઈ, નિર્મળ પર્યાય પ્રગટ થઈ સમ્યગ્દર્શન. તો કહે છે કે પર્યાયથી આત્મા કથંચિત્ સહિત,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તે પણ જ્ઞાયક, ધ્યેય પણ જ્ઞાયક, જ્ઞેય પણ જ્ઞાયક ધ્યેય જ્ઞાયક, જ્ઞાન જ્ઞાયક અને જ્ઞાતા પણ જ્ઞાયક. જ્ઞેય પણ જ્ઞાયક, જ્ઞાન પણ જ્ઞાયક, જ્ઞાતા પણ જ્ઞાયક. શબ્દ ફર્યો નહીં. દૃષ્ટિનો વિષય પણ જ્ઞાયક અને જ્ઞાનનો વિષય પણ જ્ઞાયક. પણ ફેર એટલો કે દૃષ્ટિના વિષયમાં પર્યાયથી રહિત કહ્યું અને અનુભવ થયો ત્યારે પર્યાયથી સહિત, ઓમાં સર્વથા રહિત. ધ્યાન રાખજો, શું કહ્યું ?

દૃષ્ટિનો વિષય જે જ્ઞાયક કહ્યો તે તો પ્રમત્ત અપ્રમત્તથી રહિત માટે શુદ્ધ છે ને ? તે સર્વથા રહિત કહ્યો અને અનુભૂતિથી કથંચિત્ સહિત કહ્યો. અનુભવથી સર્વથા સહિત ન હોય. સમ્યગ્દર્શનથી સહિત છે પણ કથંચિત્ સહિત છે. સર્વથા સહિત ન હોય પર્યાયથી. પર્યાયથી સર્વથા રહિત તો હોય. આ રહિત ને સહિતની રમત છે. હું જયપુર પહેલાં તો જાતો'તો ને ઓલા વિદ્યાર્થીઓ માટે, નક્કી કર્યું હતું કે જો આ વિદ્યાલય અમે ક્યારે ખોલીએ કે સોનગઢથી કોઈ કોઈ વિદ્વાનો અમને આ જાતનો બોધ આપવા વર્ષમાં એક વખત આવે. સમજી ગયા ? તો મને કહ્યું, મેં કહ્યું, 'હું આવીશ' થોડો વખત માટે જતો'તો તો રહિત ને સહિતની વાત કરું. પછી બે ત્રણ વખત ગયો પછી તો વિદ્યાર્થીઓ કહે કે આ રહિત ને સહિતની રમતવાળા વિદ્વાન આવ્યા.

રહિત ને સહિતમાં જ આખો મર્મ છે. જૈનદર્શનનો સાર છે આ. સર્વથા રહિત અને કથંચિત્ સહિત. સર્વથા સહિત નથી. મોક્ષની પર્યાય છે તે કથંચિત્ સહિત છે. અને મોક્ષની પર્યાયથી સર્વથા રહિત છે. પણ રહિત પણ કહેવું ને સહિત પણ કહેવું, બેયનો કાળભેદ છે ? કે ના. એક સમયમાં. એક સમયમાં અનુભવના કાળમાં આવું જ્ઞાન થાય છે. મારો આત્મા ઉત્પાદ વ્યયથી રહિત છે એવો ધ્રુવ પરમાત્મા હું છું, એવું લક્ષ કરીને અનુભવ થાય, ત્યારે તે જ સમયે જે નિર્મળ પર્યાય પ્રગટ થઈ, આનંદની પર્યાય પ્રગટ થઈ એનાથી હું સહિત છું, એવું જ્ઞાન એને એ અનુભવના કાળમાં થાય.

નિર્વિકલ્પ ધ્યાનમાં, ઉપયોગમાં, અતીન્દ્રિયજ્ઞાનમાં એક સમયમાં જ્ઞાન થાય. જો બે સમય થાય તો નયપક્ષના વિકલ્પ ઉત્પન્ન થયા વગર રહે નહીં. આવી વસ્તુ છે. જ્ઞાયકમાં નામ ફેરવ્યું નહીં ભરતભાઈ, પહેલાં પારામાં પણ જ્ઞાયક અને બીજા પારામાં પણ જ્ઞાયક. આહાહા ! ધ્યેય પણ જ્ઞાયક અને જ્ઞેય પણ જ્ઞાયક આહા !

ધ્યેય ઉત્પાદ વ્યયથી રહિત છે અને જ્ઞેય ઉત્પાદ વ્યયથી સહિત છે. એ ઉત્પાદ વ્યયથી સહિત તે રાગથી સહિત કે નિર્મળ પર્યાયથી સહિત ? આહાહા ! રાગથી સહિત હતો જ નહીં. ઈ તો એને ભ્રાંતિ હતી, હતો તો જ્ઞાનથી સહિત પણ ભ્રાંતિ હતી.

થોડાક આમ આવજો ભાઈ, બે ચાર જણા સમાઈ જાય. ઓરાઓરા આવો ભલે

સંકડાશ થાય. અહીંયા ઉપર આવી જાવને બે ચાર જણા. ભાઈ લાખાણી, ઉપર આવો, આવો, આવો. વાંધો નહીં જગ્યા છે. ઉપર આવી જાય વિનુભાઈ ! બસ ! જગ્યાનો અભાવ છે ને એટલે. આજે તો ભોગી ને શાંતિ ને બધા આવવા માંડ્યા આના ભાઈ. દુઃખી છે, સુખી થવા માટે આવે છે બધા. બધા દુઃખી છે હો ! અજ્ઞાની જીવ માત્ર ! કરોડપતિ પણ એકાંત દુઃખી છે. કથંચિત્ સુખી નહીં. ઘરે બંગલા મોટર હોય તો ય કથંચિત્ સુખી નહીં. આજે રસ્તો લ્યે કે કાલ લે. આજ રસ્તો છે આત્માનો આશ્રય. આત્મા શરણ છે બાકી કોઈ જગતમાં શરણ નથી. સ્વર્ગના દેવો પણ દુઃખી. આહા ! આ તો ગુરુદેવ આત્માનો અનુભવ કરીને માર્ગ બહાર લાવ્યા. મોક્ષમાર્ગ બહુ લોપ. મોક્ષમાર્ગનો લોપ થઈ ગયો હતો લગભગ, ખૂણે-ખાંચરે ક્યાંક હોઈ શકે તે જુદી વાત છે પણ મૂળ મોક્ષનો માર્ગ શું છે ? ને તેનું કારણ શું છે ? ને આત્મા શું છે ? પર્યાય માત્રથી સર્વથા ભિન્ન જ્યાં દૃષ્ટિમાં દ્રવ્ય આવ્યું, ત્યાં કથંચિત્ સહિતનું જ્ઞાન થઈ ગયું.

કથંચિત્ સહિતનું જ્ઞાન થાય તો પણ સર્વથા રહિતનું શ્રદ્ધાન છૂટે નહીં. અમારી સામે તો તર્ક આવે ને ? અમેય કહેતા'તા આ સહિત ને તમેય પાછા છેવટે તો સહિતમાં આવ્યા ને ? કે તારું સહિત ને જ્ઞાનીના સહિતમાં મોટો ફેર છે. તું રાગથી સહિત માની રહ્યો છો. જ્ઞાની વીતરાગતાથી સહિત થઈ ગયા. આહા ! આત્મા ભોગવે છે ભોક્તા છે. અમે કહીએ છીએ. અજ્ઞાની કહે છે કે દુઃખનો ભોક્તા, જ્ઞાની કહે છે આનંદનો ભોક્તા હું આનંદનો ભોક્તા. એ પણ કથંચિત્ છે. સર્વથા ભોક્તા નથી. સર્વથા અભોક્તા અને કથંચિત્ ભોક્તા, શેનો ? આનંદનો હો ! દુઃખનો નહીં. જામનગરમાં કહ્યું કે આ આત્મા છે ને ભગવાન આત્મા. બધાનો આત્મા આત્મા જ છે. ભગવાન કહીને બોલાવે ગુરુદેવ તો. પર્યાયને તો ગૌણ કરે છે. આ આત્મા છે ને તેમાં સ્યાદ્‌વાદનો અભાવ છે. તેમાં સ્યાદ્‌વાદનો અભાવ છે પણ અનુભવ જ્ઞાનમાં સ્યાદ્‌વાદનો સદ્‌ભાવ છે. આહા ! આ જૈનદર્શનની વિશેષતા છે.

જ્ઞાયક-હવે બીજો પારો આવે છે. પહેલોં પારો દૃષ્ટિનો વિષય આપ્યો હવે જ્ઞાનમાં આત્માનો અનુભવ કેમ થાય ? રાગનો અનુભવ થયો અનંતકાળથી દુઃખનું વેદન કર્યું. પણ આત્મા ખ્યાલમાં આવ્યો નહીં. હવે આત્માને દૃષ્ટિના વિષયથી લીધો. દ્રવ્યદૃષ્ટિના વિષયમાં પર્યાય માત્રથી રહિત, સામાન્ય ટંકોત્કીર્ણ જ્ઞાયક એમ છું આવ્યું.

પણ જો જ્ઞાનમાં હું પરને જાણું છું કે સ્વપરપ્રકાશક છે તો અનુભવ નહીં થાય. સ્વપરપ્રકાશક લક્ષણ દોષવાળું છે. અવ્યાપ્તિ નામનો દોષ આવે. જ્ઞાનીના જ્ઞાનમાંય સ્વપરપ્રકાશક છે અને અજ્ઞાનીના અજ્ઞાનમાં પણ સ્વપરપ્રકાશક છે. એ લક્ષણ નથી સાચું. ઓછું-ઓછું ખોલશું કાંઈ વાંધો નહીં. રવિવાર છે ને ! આહા ! શું કહ્યું ? એક-અનેકાંતમાં

ગરબડ બહુ. આખા હિંદુસ્તાનમાં ચાલે છે. એક સ્વપરપ્રકાશકમાં ગરબડ બહુ. આહા !

સ્વપરપ્રકાશક ત્રણ પ્રકારના છે. સ્વપર પ્રકાશક એક પ્રકારનું નથી. જ્ઞાનીને પણ સ્વપરપ્રકાશક હોય જ્ઞાનમાં અને અજ્ઞાનીને પણ સ્વપરપ્રકાશક છે. અજ્ઞાનીના જ્ઞાનમાં પણ હો ! માટે તે સ્વપરપ્રકાશક લક્ષણ દૂષિત થઈ ગયું. બધામાં વ્યાપે તેને દોષ સહિત લક્ષણ કહેવાય. જ્ઞાનીને પણ હોય અને અજ્ઞાનીને પણ સ્વપરપ્રકાશક હોય તે લક્ષણા ભાસ છે. ત્યારે સાચું લક્ષણ શું ? કહે કે સ્વપ્રકાશક લક્ષણથી આત્મા લક્ષિત થાય છે.

સ્વપરપ્રકાશક લક્ષણથી લક્ષિત થતો નથી. સ્વપ્રકાશક એટલે શું ? ભગવાન આત્મામાં સ્વપરનો બેયનો પ્રતિભાસ થાય છે. લોકાલોક પણ તેમાં અત્યારે જણાય છે હો ! જ્ઞાનની પર્યાયમાં પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય, ભૂત-ભવિષ્ય વર્તમાન અંદરમાં જણાય છે અત્યારે પોતાના હો ! પોતાની મોક્ષની પર્યાય અત્યારે અંદર પ્રતિભાસે છે અને બીજા પદાર્થોનું પણ દ્રવ્ય-ગુણ-પર્યાય એ પદાર્થો પણ અંદર જ્ઞાનમાં પ્રતિભાસે છે. અજ્ઞાનીના જ્ઞાનમાં હો. બેય પ્રકારનો સ્વ ને પરનો પ્રતિભાસ છે. એમાં પરના પ્રતિભાસનું લક્ષ છોડી અને સ્વના-પ્રતિભાસને આવિર્ભાવ કરીને અનુભવ કરે છે, તે જ્ઞાની થઈ જાય છે.

તે સ્વપ્રકાશક લક્ષણથી આત્મા અનુભવમાં આવે ત્યારે નિર્વિકલ્પ ધ્યાનમાં સ્વપ્રકાશકપૂર્વક નિશ્ચય સ્વપરપ્રકાશકજ્ઞાન પ્રગટ થાય છે. નિશ્ચય સ્વપરપ્રકાશક એટલે શું ? કે તે જ્ઞાન જ્ઞાયકને તો જાણે છે પણ ભેદ અપેક્ષાએ જ્ઞાનને જાણે છે અને ભેદ અપેક્ષાએ આનંદ પ્રગટ થયો તેને પણ જ્ઞાન જાણે છે. તે સમયે ધ્યાનમાં હો ! ધર્મધ્યાનની નિર્વિકલ્પ દશામાં. લક્ષ તો જ્ઞાયક ઉપર આવ્યું તે સ્વપ્રકાશક અને તેનું ફળ સ્વપરપ્રકાશક આવ્યું. આવું સ્વપરપ્રકાશક અનંતકાળથી નહોતું એને. અંદરનું સ્વપર પ્રકાશક અનંતકાળથી નહોતું. તે નવું થયું આ. આનંદ આવ્યો ને નવું થયું પોતે જાણે છે આનંદને.

આનંદમૂર્તિને તો જાણ્યો અને આનંદ આવ્યો તેને પણ જાણ્યો. તેમાં ગુરુને પૂછવું પડતું હશે ? કોઈને પૂછવું ન પડે. એ ૨૦૬ ગાથામાં કહ્યું છે કે આ આત્માનો અનુભવ કરીશ તે વખતે સુખની પ્રાપ્તિ થશે. કોઈને પૂછવાની જરૂર નહીં પડે. એમ લખ્યું છે. પૂછે જ નહીં જેને સમ્યગ્દર્શન થાય તે પૂછે કે મને સમ્યગ્દર્શન થયું ? પૂછે તો સમ્યગ્દર્શન જ નથી. સાકર મોઢામાં મૂકી પછી પૂછે કે ગળી કે ખાટી ? તેમ પૂછે કોઈ દિ' ? ગળી, ગળી ને ગળી. એમ સ્વપ્રકાશક લક્ષણથી આત્માનો અનુભવ થાય છે.

ભેદ અપેક્ષાએ જ્ઞાન તે ભેદ અપેક્ષાએ આનંદ આવ્યો તે પર. સ્વપરાર્થ-સ્વ ને પરનો અર્થ. બેયનો એક સમયમાં એને અનુભવ થાય. સ્વપ્રકાશકપૂર્વક નિશ્ચયથી સ્વપરપ્રકાશક નિર્વિકલ્પ ધ્યાનમાં જ્ઞાનીનો જન્મ થાય છે. પણ સ્વપરપ્રકાશક તે તો ફળ છે. સ્વપ્રકાશક

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


વિના નિશ્ચય સ્વપરપ્રકાશકનો જન્મ થતો નથી. પછી જ્યારે સાધક અવસ્થામાં બહાર આવે ત્યારે સ્વપરપ્રકાશકનો વ્યવહાર ઊભો થયો કે જાણનારને જાણે અને બીજા પદાર્થોને પણ જાણે. જણાય તેને જાણે તેમ કહે. તો એ જ્ઞાનીનું સ્વપરપ્રકાશક વ્યવહાર એટલે સ્વપરપ્રકાશક બે પ્રકારના જ્ઞાની પાસે છે.

ત્રીજું સ્વપરપ્રકાશક બધા અજ્ઞાની પાસે છે. નિગોદમાં પણ સ્વપર પ્રકાશકની જ્ઞપ્તિ છે. સ્વપરનો પ્રતિભાસ થાય છે. તો એ સ્વપરપ્રકાશક લક્ષણ વ્યાજબી નથી. અસત્ત લક્ષણ છે. સ્વપ્રકાશક લક્ષણથી આત્મા અનુભવમાં આવે છે. ત્યારે અંદરનું સ્વપરપ્રકાશક નિશ્ચય નવું પ્રગટ થાય છે અનંતકાળથી નહીં થયેલો એવો આનંદ આવ્યો જ નહોતો. આવે તો જાણે ને ? આ તો આવ્યો ! આવ્યો એને જ્ઞાને જાણ્યો. લક્ષ તો આત્મા ઉપર છે. લક્ષ જ્ઞાનની પર્યાય ઉપર નથી. પરિણામ મારા કર્યા વિના થયા કરે છે અને પરિણામો મારા જાણ્યા વિના જણાયા કરે છે. આનંદ જાણ્યા વિના જણાય છે. આનંદને જાણવા જાય તો દૃષ્ટિ વિપરીત થઈ જાય. અને ન જણાય તો અનુભૂતિ નથી. આનંદ ન જણાય તો સમ્યગ્દર્શન નથી.

હવે એવું સ્વપરપ્રકાશક તો નિગોદમાંય છે. હવે સાંભળને તું. સ્વપરપ્રકાશક લક્ષણ વ્યવહાર છે. દોષવાળું લક્ષણ છે. સર્વ અવસ્થામાં સર્વ જીવોને સ્વપરપ્રકાશક છે. તેનો પંચાધ્યાયી કર્તાએ ૫૫૮ ગાથા લખી છે કે ''અર્થ વિકલ્પાત્મક જ્ઞાનમ્'' કે સર્વ જીવોમાં આ લક્ષણ રહેલું છે. પણ કોઈ વિશેષ વિશેષ વિષયોની અપેક્ષાએ કોઈ સમ્યગ્જ્ઞાની થઈ જાય છે ને કોઈ મિથ્યાજ્ઞાની રહી જાય છે.

આ થોડોક અભ્યાસ કરવા જેવો છે. થોડોક અભ્યાસ કરે તો લાભ મોટો છે. આમાં એક પૈસાનો ખર્ચ નથી. આમાં ટ્યુશનના પૈસા લાગતા નથી. બીજે ઠેકાણે તો સો રૂપિયા વ્યાખ્યાનમાં જાયને તો ટિકિટ લેવી પડે આ તો અગાઉ સાંભળ્યું હતું હો ! સો રૂપિયાની ટિકિટ લેવી પડે. પાંચ રૂપિયાની નહીં. સો રૂપિયાની ટિકિટ લ્યે, પછી તો અંદર જાય ને તેના વ્યાખ્યાનમાં બેસે અને મિથ્યાત્વ દૃઢ કરીને બહાર નીકળે.

એકવાર મૂળજીભાઈ કહેતા હતા આપણા સેક્રેટરી, અહીંયા તો કાંઈ ફી નથી અને આ પાથરણા પણ અમારે ગાંઠના, લાઈટ ગાંઠની, પંખા ગાંઠના, આવો રે આવો ! આહા !

શું કહે છે ? એકવાર આત્માને જાણ. પ્રથમ આત્માને જાણ. એવો પાઠ છે. પ્રથમ તારા શુદ્ધાત્માને જાણ. ભવનો અંત આવશે. આ પરાધીનતા છૂટી જશે. દેહ જ નહીં મળે, અશરીરી થઈ જાઈશ. માટે સ્વપરપ્રકાશક લક્ષણ છે ને તે અવ્યાપ્તિ દોષવાળું છે. જ્ઞાનીને પણ હોય અને અજ્ઞાનીને પણ હોય. સ્વપરપ્રકાશક લક્ષણ અજ્ઞાનીમાંય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પંચાસ્તિકાયની ૧૨૧ ગાથા છે. તેમાં નાનાથી મોટા એકેન્દ્રિયથી માંડીને બધાને સ્વપર પ્રકાશક જ્ઞપ્તિ છે જાણવાની ક્રિયા. સ્વપર જેમાં પ્રતિભાસે છે. સ્વ અને પર તેનો પ્રતિભાસ થાય તેવી જ્ઞાનની ક્રિયા તેનામાં પ્રગટ થાય છે, બધા જીવોને. તે સંજ્ઞી પંચેન્દ્રિય થયો મનુષ્ય ત્યારે પણ તે સ્વપરપ્રકાશક હતું તેમાં જ્ઞાની મળ્યા. આહાહા ! સ્વપરપ્રકાશક તો છે રાગાદિનો પ્રતિભાસ થાય છે અને જ્ઞાયકનો પ્રતિભાસ પણ જ્ઞાનમાં થાય છે. તે સ્વપરપ્રકાશકમાંથી પરપ્રકાશકનો નિષેધ કરીને સ્વપ્રકાશકમાં આવ તો અનુભૂતિ થઈ જશે.

''પર જણાતું જ નથી જાણનાર જણાય છે.'' ''જાણનાર જણાય છે ખરેખર પર જણાતું નથી.'' ''ખરેખર'' શું કામ લખ્યું કે પ્રતિભાસ તો છે રાગનો સ્વપર બેયનો, પ્રતિભાસને ઉડાડતા નથી. પણ તેના લક્ષને ઉડાડી દીધું. એનું લક્ષ છોડી દે, હું રાગી ને હું દેહી છોડી દે. હું તો જાણનાર આત્મા છું. તેવા સ્વપરપ્રકાશકની વાત તો ઘણી ચાલે છે. આખા હિંદુસ્તાનમાં અનેકાંત માટે પણ બહુ ગરબડ ચાલે છે.

અહીંયા આચાર્ય ભગવાન ગાથામાં વાત કરીને પછી તેનો ભાવાર્થ કરતાં ખુલાસો કરે છે. આ અનુભવનો પારો હવે આવ્યો. જ્ઞાયક તેવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે. જે આત્માને જાણતો નથી. જ્ઞાયક છે જાણનાર છે જાણનાર છે જાણનારને જાણતો નથી તેને સમજાવવા માટે જ્ઞાનીઓ એમ કહે કે આત્મા જાણનાર છે ને. તો કેમ જાણનાર છે ? ઈ તો પરને જાણે છે ને માટે આત્માનું નામ જાણનાર જ્ઞાયક તેમ કહેવામાં આવે છે. અસદ્‌ભૂત વ્યવહાર દ્વારા સમજાવે છે. તો લાકડું ગરી ગયું કે આત્મા પરને જાણે છે, પરને જાણે છે, પરને જાણે છે. પરને જાણે તે જાણનાર પરને જાણે તે જ્ઞાયક.

આપણે ત્યાં એક કાંદિવલીથી આવે છે નગીનભાઈ, હમણાં ગયા છે. એમણે ફલેટ લીધો પોતે અમદાવાદ વહેંચીને અહીંયા ફલેટ લીધો. બેય માણસ હમણાં બે અઢી મહિના રહી ગયા, અવારનવાર આવે છે. એને જ્યારે આ છઠ્ઠી ગાથા ચાલી ત્યારે તેને ખ્યાલ એવો આવી ગયો કે વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે પણ વ્યવહાર અનુસરવા યોગ્ય નથી. પછી હું તો સાંભળું હું તો બોલું નહીં કાંઈ. એની મેળે મેળે કહે આ જ્ઞેયને જાણે છે ને માટે આત્માને જાણનાર જ્ઞાયક એવું નામ આપ્યું ને તે અસદ્‌ભૂત વ્યવહાર છે. તે આશ્રય કરવા યોગ્ય નથી. જે જાણનાર છે તેને સમજતો ન હોય તેને એમ ન કહેવાય કે જે જ્ઞાનમાં જ્ઞાયકને જાણે તે જ્ઞાયક, જાણનારને જાણે તે જ્ઞાયક, જાણનારને જાણે તે જ્ઞાયક. આ શું કહે છે તે કાંઈ સમજાય જ નહીં એને. એને સમજાય નહીં એટલે અસદ્‌ભૂત વ્યવહાર દ્વારા વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે. પણ વ્યવહાર અનુસરવા યોગ્ય નથી તેમ સમજાવે છે.

હજી તો અસદ્‌ભૂત વ્યવહારને અનુસરવા માંડ્યા સદ્‌ભૂત વ્યવહાર તો હજી છેટો

અંદરનો જુદો. આત્મા આત્માને જાણે છે તે સદ્ભૂત વ્યવહાર છે. આત્મા પરને જાણે છે અસદ્ભૂત વ્યવહાર છે. ખોટો વ્યવહાર અસદ્ભૂત એટલે જુઠો-પ્રત્યેક જીવને જણાય છે આત્મા અને મનાઈ ગયું છે મને પર જણાય છે તે સંસારનું કારણ છે. આહાહા ! પ્રત્યેક જીવને જણાય છે પોતાનો આત્મા. ભેદ અપેક્ષાએ જ્ઞાન જણાય છે અભેદ અપેક્ષાએ જ્ઞાયક જણાય છે. બે પ્રકારે સમજાવે જ્ઞાની. શું કરે ? આહા !

માટે અજ્ઞાનીમાં પણ સ્વપરપ્રકાશકની જ્ઞપ્તિ છે. પણ શું કામની ? તે સંજ્ઞી પંચેન્દ્રિય થયો, જ્ઞાનીનો યોગ થયો કે સ્વપર પ્રકાશક બે પ્રકારના પ્રતિભાસ થાય છે. આહા ! પણ લક્ષ એક ઉપર કરી લે. બેનું લક્ષ ન હોય. છોડી દે પરનું લક્ષ. પરનું લક્ષ છોડવું કે આ રાગ પ્રતિભાસે છે તેને કાઢી નાખો, તેને કાઢવાની વાત ન હોય. કાઢવું ક્યાં છે ? તે તો પ્રતિભાસે છે. ફૂલનો પ્રતિભાસ તેમાં લાલ થયો તો હવે લાલ રંગ કાઢી નાખું તો સ્ફટિકમણી સ્વચ્છ દેખાય તેમ નથી. હવે લાલ ક્યાં તેમાં ગરી ગયું છે ? ત્યાંથી ઊડીને આવ્યું છે ? લાલ તો ફૂલથી અભેદ છે અને સ્વચ્છ પર્યાય આત્માથી અભેદ છે. આ તું જોઈ લેને સ્વચ્છતાને તને પ્રતિભાસ નડશે નહીં. પ્રતિભાસનું લક્ષ નડે છે. જરાક ધ્યાન રાખે તો કામ થઈ જાય.

ફૂલને હટાવવું નથી. ફૂલ ભલે ને પ્રતિભાસે. આમ જુએ છે સ્ફટિકની સામે સ્વભાવની સામે તે તો સ્વચ્છ દેખાય છે. દ્રવ્યે સ્વચ્છ, ગુણે સ્વચ્છ અને પર્યાયે પણ સ્વચ્છ. ક્યારે કે લાલનો પ્રતિભાસ થાય ત્યારે. ઈ પર્યાય લાલ થઈ છે એની ? લાલ થઈ જ નથી. કે લાલ રંગ તે ફૂલથી અભિન્ન છે અને તેના સંબંધીનો અનુભવ તે સ્ફટિકથી અભેદ છે સ્વચ્છ. થોડીક વાત છે પણ માલ ઘણો છે અંદરમાં. સ્ફટિકના દૃષ્ટાંતથી, દર્પણના દૃષ્ટાંતથી સમજાય.

જ્ઞાયક એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે. તે નગીનભાઈએ કહ્યું અસદ્ભૂત વ્યવહારની વાત કરી કે જ્ઞેયને જાણે છે માટે જ્ઞાયક છે. આહાહા ! ખોટી વાત છે. વ્યવહારને અનુસરવા માંડ્યું જગત. આ વાત પકડી, સમજાવવા માટે કહ્યું- 'ઘીનો ઘડો' સમજાવવા માટે કહ્યું એની ભાષાથી અજ્ઞાનીની. છે ને. ઘીનો ઘડો ઓલો હા કહે ઊભો રહે કહે, હા પાડીશમાં ! વાક્ય અધુરું છે હજી ! તો ફરમાવો, ઘીનો ઘડો એની ભાષા અજ્ઞાનીની. અજ્ઞાનીની ભાષા શું છે કે પરને જાણે તે આત્મા. તે અજ્ઞાનીની ભાષા છે. ઘીનો ઘડો ઈન ટુ કોમાં બાંધી દીધો અંદર છે તે માટીમય છે અને ઘી મય નથી. આહા ! હું ઘીનો ઘડો, ઘીનો ઘડો, ઘીનો ઘડો માનું છું, પરને જાણે, પરને જાણે, પરને જાણે, સ્વપરને જાણે, સ્વપરને જાણે સ્વપરને જાણે. આહાહા ! ઘીના ઘડા જેવું કથન છે. સાધ્યની સિદ્ધિ નહીં થાય તેમાં, અનુભવ ન થાય માટે સમજાવવા માટે વ્યવહાર હોય છે. પણ વ્યવહાર ગ્રહણ કરવા યોગ્ય નથી. આશ્રય કરવા યોગ્ય નથી. સત્યાર્થ નથી વ્યવહાર.

વ્યવહારને જાણીને પછી એને છોડીને અંદરમાં ચાલ્યો જા એમ.

જ્ઞાયક એવું નામ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે. કારણ કે, જ્ઞેયોનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે. બિંબ અને પ્રતિબિંબ સામે પદાર્થો હોય તેને બિંબ કહેવાય અને અહીંયા પર્યાય પ્રગટ થઈ તેને પ્રતિબિંબ કહેવાય. જ્ઞાનની પર્યાય છે. ઘડો જ્ઞાનમાં જણાય તો ઘડો બિંબ છે અને ઘડો આમાં જણાય તેવું જ્ઞાન થયું અહીંયાં તે જ્ઞાનની પર્યાય તો જ્ઞાનાકાર છે.

તે જ્ઞાનની પર્યાયની સ્વચ્છતા છે. ઈ ઘડો જણાય છે તો ઘડો થઈ ગયો ? જ્ઞાન ઘડા રૂપ થાય ? જ્ઞેય જ્ઞાનમાં આવે ? ત્રણકાળમાં આવી શકે નહીં. માટે જ્યારે જ્ઞાનમાં તેવું જ પ્રતિબિંબ જ્યારે ઝળકે છે ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે. જેવો પદાર્થ છે ખાટો, મીઠો જેવો પદાર્થ છે. તેવું જ્ઞાનમાં જણાય. આ ખાટો પદાર્થ આ મીઠો પદાર્થ આ ધોળો-કાળો, પીળો એમ જણાણું તો પણ, ભલે જેવું આમાં પ્રતિબિંબ થયું તેવું જણાણું. રાગ જણાણો, દુઃખ જણાણું તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. રાગ ને દુઃખ જણાય અને હું રાગી ને હું દુઃખી તો જ્ઞેયકૃત અશુદ્ધતા અજ્ઞાન થઈ ગયું. રાગ જણાય તે અજ્ઞાન નથી. દુઃખ જણાય તે અજ્ઞાન નથી. પણ હું રાગી ને હું દુઃખી તો તો જ્ઞેયકૃત અશુદ્ધતા જ્ઞાનનું અજ્ઞાન થઈ ગયું. જ્ઞાન ન રહ્યું.

જ્યારે, કહે છે કે ભલે જણાય. તને હું અનુભવનો રસ્તો બતાવું કિમિયો બતાવું સાંભળ. જ્ઞેય ભલે જણાય, ચિંતા કરીશમાં, જ્ઞેયને હટાવીશમાં, જ્ઞેયાકાર જ્ઞાનને હટાવીશમાં. હટાવવાનું કાંઈ નથી. ફૂલને હટાવીશમાં. ફૂલની રતાશ દેખાય છે તેને હટાવીશમાં. આહાહા ! ત્યારે શું કરવું ? મર્મવાળી વાત કરે છે હવે. અનુભવ કેમ થાય ? બે પ્રશ્ન પૂછ્યા છે. કે શુદ્ધ આત્માનું સ્વરૂપ શું અને તેનો અનુભવ કેમ થાય ? તેની આ પ્રક્રિયા ચાલે છે.

આત્માના અનુભવ વિના ધર્મની શરૂઆત ત્રણકાળમાં છે નહીં. સુકાઈ જાય તપ કરીને બાર પ્રકારના તપ કરી મરી જાય, આહાહા ! કર્મ ખરે-બરે નહીં અને જ્ઞાનીને ઉચ્છ્વાસ માત્રમાં કર્મની નિર્જરા અનુભવના કાળમાં થઈ જાય. આહા !

તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી કારણ કે જ્ઞેયો જણાય છે, જ્યારે રાગ જણાય છે ત્યારે હું રાગી એમ આવ્યું નહીં. રાગ જણાય છે ત્યારે હું રાગી તેમ ન આવ્યું. પણ હું જાણનાર છું. એમ આવી ગયું. હું તો જાણનાર છું. આ હું રાગી ગયું અને હું રાગનો જાણનાર તે પણ ગયું. પર પ્રકાશક પણ ગયું. અજ્ઞાનમાં હતું તે ગયું. જ્ઞાન પ્રગટ થયું. ભલે રાગ જણાય. હું રાગી છું તે છૂટી ગયું. હું રાગને જાણું છું તે છૂટી ગયું. રાગના સદ્ભાવમાં જાણનાર જણાય છે. રાગના પ્રતિભાસ વખતે રાગ જણાતો નથી. આહાહા ! દર્પણમાં અગ્નિના પ્રતિભાસ વખતે અગ્નિ જણાતી નથી. દર્પણ જણાય છે. તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી.

કારણ કે હવે કારણ આપ્યું. જબરજસ્ત કારણ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસ થયું. રાગને-દેહનો જ્ઞાનમાં પ્રતિભાસ થયો. ઝળક્યું, આવ્યું નહીં. રાગ ને દેહ આત્મામાં આવે જ્ઞાનમાં ? આવે નહીં ઝળકે, સ્વચ્છતા છે ને દર્પણની માફક. તેવો જ્ઞાયકનો અનુભવ કરતાં જ્ઞાયક જ છે. રાગ જણાય છે ત્યારે રાગ મારો નહીં અને રાગ પણ જણાતો નથી. રાગ કર્તાનું કર્મ નહીં ને રાગ જ્ઞાનનું જ્ઞેય પણ નહીં. જ્ઞાનનું જ્ઞેય તો જ્ઞાયક થઈ ગયો. આ અનુભવની આ બધી પ્રક્રિયા છે. ખુલ્લમ ખુલ્લા. ખુલ્લમ ખુલ્લા લખી જાય જ્ઞાની તેને એમ નહીં કે જો હું અનુભવની વાત કરતો જાઈશ તો મારા કરતાં આ બધા મોક્ષમાં વહેલા ચાલ્યા જાશે. અમને ઈષ્ટ છે. મને ભલે મોડું થાય બધા ચાલ્યા જાવ. અમે છેલ્લા જાશું જ્ઞાની એમ કહે અમે છેલ્લા જાશું. તમે બધા ચાલ્યા જાવ. તેમાં રાજી થાય. રાજી થાય હો તેમાં.

ગુરુને હજી શુક્લધ્યાનની શ્રેણી ન આવી હોય ને શિષ્યને શુક્લધ્યાનની શ્રેણી આવી જાય સિદ્ધ થઈ જાય. ગુરુ રાજી થાય. કોઈ આવીને ખબર આપે જંગલમાં કે તમારા શિષ્યને આજે અરિહંત દશા પ્રગટ થઈ. બહુ સારું. આહાહા ! કહે એનો મોક્ષ થઈ ગયો કહે કે બહુ સારું. અમારા શિષ્ય બધા જાય પછી અમે પાછળથી જાશું-જાશું. કે કોઈ રહી ગયો રહી ગયો શિષ્ય ! કોઈ નથી રહ્યું તો પાછળથી જાય. તિર્થંકર બધાને મોકલીને જાય. પહેલાં જાય ને ઓલા શિષ્ય રહી જાય એમ ન હોય. એવો બનાવ જ નથી બનતો. આહા ! કરુણાના સાગર તો ગુરુદેવ. કરુણાનો ભાવ હતો એટલે તીર્થંકર પ્રકૃતિ બંધાણી. તીર્થંકરનો ઉદય આવે ને વાણી ખરે છે. સૌ પામે છે એના કાળે. કોઈ તીર્થંકરના નિમિત્તથી પામે એમ છે નહીં. એ બધા વ્યવહારના કથન છે.

કહે છે કે જ્ઞાનમાં જ્યારે જણાય છે જ્ઞેયો રાગાદિ ને દેહાદિ, ત્યારે તેઓ જ્ઞાયકનો અનુભવ કરતાં હું તો જ્ઞાયક છું હું તો જાણનાર છું ને જાણનાર જણાય છે. આ રાગ જણાય છે એમ નહીં. રાગ કર્તાનું કર્મ તો નથી પણ રાગ જ્ઞાનનું જ્ઞેય મટી ગયું. રાગ જ્ઞાનનું જ્ઞેય છે ત્યાં સુધી અજ્ઞાન છે. રાગ જ્ઞેય થાય ત્યારે જ્ઞાયક જ્ઞેય ન થાય અને જ્ઞાયક જ્ઞેય થઈ જાય ત્યારે રાગ જ્ઞેય ન થાય. નિર્વિકલ્પ ધ્યાનમાં આવી જાય. પછી સવિકલ્પમાં આવતાં રાગ જણાય. જાણેલો પ્રયોજનવાન એ બીજી વાત છે.

આ તો અનુભવ કેમ થાય અનુભવની શરૂઆત એની વાત ચાલે છે. પછી અનુભવ થશે ને પછી તને બધી ખબર પડશે. જ્ઞાયકનો અનુભવ કરતાં જ્ઞાયક જ છે. આ હું જાણનારો છું તે હું જ છું. આ જે જાણવામાં આવ્યો મને જ્ઞાયક જાણનારો જણાયો તે જ હું છું. આ રાગ હું ને દેહ હું ને આ મારું મમતા બધી છૂટી ગઈ. સંસાર રહી ગયો ને મમતા છૂટી ગઈ. આહાહા ! મમતાનો ભાવ આત્મામાં છે જ નહીં. નિર્મમત્વ સ્વભાવ છે. એમ નિર્મમત્વનું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવલંબન લેતાં મમતા છૂટી જાય છે. એમ કર્તા કર્મ અધિકારની ૭૩ ગાથા છે માલ ભર્યો છે સમયસારમાં. પણ ટાઈમ ક્યાં છે? વેપાર આડે, આમાં કાંઈ નફો નથી. ઓમાં તો નફો છે. આ હું જાણનારો છું તે હું જ છું. આહા !

જાણનારો જણાયો રાગ ન જણાયો હવે. રાગ જણાય તો અજ્ઞાન છે. કર્તાનું કર્મ પણ અજ્ઞાન અને જ્ઞાતાનું જ્ઞેય બનાવે તો પણ અજ્ઞાન છે. રાગને જાણનાર બુદ્ધિ છે. મારું જ્ઞાન રાગને ન જાણે. સવિકલ્પદશામાં પણ તે મનનો વિષય છે, મારા જ્ઞાનનું જ્ઞેય નથી. વાત જરાક ઝીણી છે ! શું કહ્યું ? સવિકલ્પદશામાં સાધકને પાંચ મહાવ્રતના પરિણામ તો આવે, નીચલી ભૂમિકામાં. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિના ભાવ પણ આવે. ભાવ તો આવે. ક્યાં ગયા બહેન પાછળ બેઠા છે. ભક્તિનો ભાવ તો આવે. પણ ભક્તિનો ભાવ મારો છે કે પરાયો ? એ ભક્તિનો ભાવ જ્ઞાનનું જ્ઞેય છે ? કે ઈન્દ્રિયજ્ઞાનનું જ્ઞેય છે ? મનનો વિષય છે મારો વિષય નથી. આહા ! એક દસ ગાથા લખી છે. કુદંકુંદ આચાર્ય ભગવાને દસ ગાથા હો અદ્‌ભૂતથી અદ્‌ભૂત ! માલ ભર્યો છે.

પાંચ મહાવ્રતના પરિણામ જાણેલો પ્રયોજનવાન છે તેને કોણ જાણે છે કે આપ જાણો છો ? કે તું ભૂલ્યો. મારું જ્ઞાન મને જાણવાનું છોડીને રાગ ને કષાયના દર્શન કરવા જાય ? તે જાતું જ નથી ને જાણતું જ નથી. ત્યારે જાણેલો પ્રયોજનવાન લખ્યું છે ને ? કે હા બરાબર છે. કે, ઈ બુદ્ધિનો વિષય છે મનનો વિષય છે. મન એને જાણે છે ને જ્ઞાન જ્ઞાયકને જાણે છે. બે ભાગલા પડી જાય છે. આહાહા ! ઈન્દ્રિયજ્ઞાન ભિન્ન ને અતીન્દ્રિયજ્ઞાન ભિન્ન છે.

આ વાત ગુરુદેવ તો બહુ કરી ગયા છે, દાંડી પીટીને. આ ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી ને તેમાં છેલ્લા ભાગમાં બહુ ગુરુદેવના અલિંગ્રહણના બોલમાં ઘણું આવે છે. એ દિવ્યધ્વનિ છે ને શબ્દ, તે શબ્દ તો જડ છે પણ શબ્દ સંબંધીનું જે જ્ઞાન તે પણ જડ ને અચેતન છે. દ્રવ્યશ્રુત તો જડ છે આ. આ તો પ્યોર જડ છે પણ તેના અવલંબનવાળું જે ઈન્દ્રિયજ્ઞાન. તે ઈન્દ્રિયજ્ઞાન જડ ને અચેતન છે. ગુરુને માનતા હો તો આ ગુરુની વાણી છે ભાઈ ! આહાહા ! આ ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી તેમાં છેલ્લા ભાગમાં બધામાં ગુરુદેવના બોલો ઘણા લીધા છે. જડ અચેતન. હજી રાગ જડ અચેતન બેસતો નથી તેમાં આ શાસ્ત્રજ્ઞાન જડ અચેતન ?

શાસ્ત્રજ્ઞાનથી તો આત્મજ્ઞાન થાય. હરામ થાય તો, કોઈને ન થાય. શાસ્ત્રજ્ઞાનથી આત્મજ્ઞાન ન થાય. પણ સાહેબ ઈ વ્યવહાર છે. વ્યવહાર એટલે શું ? ખોટું. ન થાય તેને થાય તેમ કહેવું તેનું નામ વ્યવહાર. થાય નહીં અને કહેવું કે એનાથી થાય તેનું નામ વ્યવહાર. વ્યવહારનય જુઠ્ઠી વાતો કરે છે ભરમાઈશમાં વ્યવહારમાં. વ્યવહારનો લોપ થઈ જશે તો પરમાત્મા થઈશ તને કાંઈ નુકસાન નહીં થાય. આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહારનયનો નિર્દયરૂપે નિષેધ કરજે એવો પાઠ છે હો. 'અદયમ્' સંસ્કૃતમાં. દયા રાખીશમાં વ્યવહાર ઉપર હો. નિર્દય રીતે નિષેધ કરજે કે મારું સ્વરૂપ નથી, સ્વાંગ છે તે, વ્યવહારનયનો વિષય તે સ્વાંગ છે, મારો સ્વભાવ નથી. હું છું અન્ય કોઈ નથી. તેવો પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે અને જેને જાણ્યો તે કર્મ પણ પોતે જ છે. આહા ! તેવો અભેદ અનુભવ થાય તેનું નામ સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન છે.

## પ્રવચન નં. ૨૩

**અમૃતપ્રભાત એપાર્ટમેન્ટ - રાજકોટ**

**તા. ૨૯-૭-૯૧**

શ્રી સમયસાર પરમાગમ શાસ્ત્ર છે. સુખી થવાનો અમોઘ ઉપાય છે આમાં. અનંતકાળથી જીવ પોતાના અજ્ઞાનથી સંસારમાં પર્યાય અપેક્ષાએ દુઃખી થઈ રહ્યો છે. તે દુઃખનો અભાવ કેમ થાય અને પર્યાયમાં સુખ કેમ પ્રગટ થાય તે બતાવનારું શાસ્ત્ર છે.

છઠ્ઠી ગાથાના બે ભાગ છે. એક પરિણામ આત્મામાં નથી એટલે પરિણામ મારા નથી એ પહેલોં ભાગ બતાવ્યો. દ્રવ્યમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ અનંતગુણો છે અને એની અવસ્થાઓ થાય તે તો નાશવાન છે. તે પરિણામ આત્મામાં નથી એમ જો દૃષ્ટિમાં લ્યે તો પરિણામમાં મારાપણાની બુદ્ધિ, મમત્વબુદ્ધિ છૂટી જાય. જો પરિણામમાં મમતા છૂટે તો પરિણામના જે વિષયો છે તેમાં મમતા છૂટ્યા વિના રહેતી નથી. આત્મામાં પરિણામ નથી, પ્રમત્ત અપ્રમત્ત નથી તેમ કહ્યું.

તેમાં એ જીવને એટલો ફાયદો થયો કે પરિણામ જો મારા નથી અને પરિણામ સ્વયં થાય છે, તો હું એનો કરનાર ન હોય શકું. થાય તેને શું કરું ? એમ માનીને પરિણામમાં મમતા છૂટીને કર્તાબુદ્ધિ છૂટે છે. એટલો એને ફાયદો પણ થયો. પણ પછી પરિણામને હું કરતો નથી ભલે પણ પરિણામ થાય તેને જાણું એવું એક બીજું શલ્ય રહી ગયું. કેમકે જાણવું તે તો મારો સ્વભાવ છે. જ્ઞાયક છું જાણનાર છું. આત્મા જાણનાર છે કરે નહીં ભલે પરિણામ સ્વયં થવા યોગ્ય ભલે થાય હું તેને કરું નહીં. પણ પરિણામ જેવા થાય તેવા પરિણામને તો જાણું ને ? જે સ્થિતિના પરિણામ થાય રાગ-દ્વેષ-મોહ આદિ અથવા તો આત્માનો અનુભવ થતાં વીતરાગી પર્યાય થાય. (તેને જાણું તો ખરો ને ?)

આચાર્ય ભગવાને એવો ઉદ્યમ કર્યો છે કે હું એકત્વ વિભક્ત આત્માની વાત કહીશ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે કે અનંતગુણથી એકપણું ને પરિણામ માત્રથી જુદાપણું. એવી આત્માની વાત તેં સાંભળી નથી તે વાત હું તને કહીશ, ત્યારે શિષ્યનો પ્રશ્ન આવ્યો કે એવો શુદ્ધાત્મા કોણ છે ? કૃપા કરીને કહો. અને તેનો અનુભવ કેમ થાય ? એની પાસે બે પ્રશ્ન મૂક્યા. તેમાં એક પ્રશ્નનો ઉત્તર આવી ગયો, પહેલાં પ્રશ્નનો. આત્મા શુદ્ધ કેમ છે ? કે આત્મામાં થતાં પરિણામ એટલે કે આત્મામાં થતા નથી પણ આત્માની જોડે બાજુમાં સંયોગરૂપે જેમ દેહ છે, તેમ પરિણામ પણ સંયોગરૂપે છે. તે પરિણામ થાય છે ખરા. ચૌદ ગુણસ્થાનના પ્રમત્ત અપ્રમત્તના પણ તે પરિણામ આત્મામાં નથી, આત્માના નથી, તે પરિણામ તારા નથી. તો એનું સ્વામીપણું કર્તાપણું-ભોક્તાપણું તો છૂટ્યું. એક શલ્ય તો ગયું. કર્તાપણાનું શલ્ય તો ગયું રહિતમાં. આત્મા પરિણામ માત્રથી ભિન્ન છે રહિત છે. તેમ આચાર્ય ભગવાને જ્યારે કહ્યું ત્યારે હું કરનાર છું તે તો ગયું પણ હું તેનો જ્ઞાતા છું તેવું અજ્ઞાન રહી ગયું. કાલે વાત કરી’તી થોડી, એવું છે. આ બે ભાગ છે.

આ ગાથામાં બે ભાગ પડ્યા છે. શરૂઆતમાં પહેલાં ભાગમાં એમ કહ્યું કે પરિણામ આત્મામાં નથી આત્માથી બાહ્ય ચીજ છે. પરિણામ થયા કરે છે. તે પરિણામ તારા નથી, પરિણામનો સ્વામી પરિણામ છે. પરિણામનો માલિક પરિણામ છે. બંધનો માલિક પરિણામ ને મોક્ષ થાય તેનો માલિક પણ પરિણામ. તું એનો સ્વામી નથી. મિથ્યાત્વનો તો સ્વામી નથી તું, પણ સમ્યગ્દર્શન થાય તેનો પણ તું સ્વામી નથી. તારે તેની સાથે સ્વસ્વામી સંબંધનો અભાવ છે. સમ્યગ્દર્શન એ મારું સ્વ અને હું તેનો સ્વામી તેવો સ્વ-સ્વામી સંબંધ પરિણામ સાથે તારે નથી. તો દેહ મારો ને આ કુટુંબ મારું ને તે વાત તો ઘણી દૂર રહી ગઈ.

પરિણામ તારામાં થતાં હોવા છતાં એ પરિણામ તારા નથી. પ્રમાણની અપેક્ષાએ તો તારામાં થાય છે. નયની અપેક્ષાએ તારામાં થતાં જ નથી. ત્યારે પરિણામની કર્તાબુદ્ધિ છૂટી જાય છે કે પરિણામનો હું કરનાર નહીં. એટલા ભાગમાં આવ્યો, એટલું શલ્ય ગયું. તે પ્રકારનું મિથ્યાત્વ ગયું. ટળ્યું નથી હજી ગળ્યું તથા પ્રકારનું. પણ હવે તેને બીજું શલ્ય ઊભું થયું. આ પરિણામને કરવું નહીં તે તો બરાબર છે પણ પરિણામને જાણવું. કેમકે મારો સ્વભાવ જ્ઞાતા છે જાણવાનો. હવે હું પરિણામને જાણીશ પણ કરીશ નહીં. એવું એક શલ્ય અજ્ઞાનનું રહી ગયું. તે જાણવાની બુદ્ધિ પરિણામમાં રહી ગઈ.

એ બીજા પારામાં નીકળે છે, કે પરિણામ તારા જ્ઞાનમાં જણાય ત્યારે પરિણામ નથી જણાતા તને જાણનાર જ્ઞાયક જણાય છે લઈ લે. પરિણામનો કરનાર તો તું નહીં પણ પરિણામનો જાણનાર પણ તું નથી. આહા ! જે તારાથી ભિન્ન છે તેનું કરવું પણ ન હોય અને જે ભિન્ન છે તેનું જાણવું પણ ન હોય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આ છઠ્ઠી ગાથા અપૂર્વ છે. અપૂર્વ તો એક જ શબ્દ તેના કરતાં તો ઊંચા શબ્દ મળતા નથી. માટે અપૂર્વ છે તેમ વારંવાર કહેવું પડે છે. વચનાતીત વસ્તુ છે આ. વચનમાં તેની પ્રશંસા ન થાય. એવી અદ્‌ભૂત સમયસારની રચના આપણા માટે થઈ છે. ઉપર આપણું નામ લખેલું છે જે સ્વાધ્યાય કરે તેનું નામ છે.

તેમાં એમ કહ્યું કે પરિણામ તો તારામાં નથી. જી પ્રભુ ! મારામાં નથી તો હવે જો પરિણામ મારામાં નથી તો તેનો કર્તા પણ નથી. કહે બરાબર ! તું તેનો સ્વામી નથી. પરિણામનો સ્વામી પરિણામ છે. આહા ! હું તેનો સ્વામી નહીં. પણ હવે કર્તાબુદ્ધિ તો ઓગળી. ગઈ નહીં, ટળી નહીં. ગળે છે. પણ બીજું એક શલ્ય ઊભું થયું. બારમી ગાથામાં ચોખ્ખું લખ્યું છે કે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. માટે હવે પરિણામનો કર્તા નહીં પણ પરિણામનો જ્ઞાતા રહીશ. ત્યારે આચાર્ય ભગવાને કહ્યું કે એ તો એનું એ રહ્યું કાંઈ ફેર પડ્યો નહીં. કાંઈ ફેર નથી. કેમકે તેનું જ્ઞાન તો તેના પરિણામને જાણવા રોકાણું ને ? પહેલાં પરિણામને કરવા રોકાણું શ્રદ્ધાજ્ઞાન. શ્રદ્ધા ને જ્ઞાન પરિણામને કરવા રોકાણું. હવે કરવાનો અભિપ્રાય છોડ્યો પણ જાણવાનો અભિપ્રાય રાખ્યો. અને પરિણામના ભેદને જાણવા રોકાણો તો અભેદ સામાન્ય ચિદાનંદ આત્મા તેની દૃષ્ટિમાં આવતો નથી.

શ્રદ્ધાનો વિષય પહેલાં પારામાં આપ્યો. હવે જ્ઞાનનો વિષય આપે છે, કે જ્ઞાન એને કેવી રીતે આત્માને અનુભવમાં લ્યે. કર્તાનું કર્મ તો પરિણામ નહીં પણ તારા જ્ઞાનનું જ્ઞેય પણ પરિણામ નથી. આહાહા ! મારા જ્ઞાનનું જ્ઞેય પરિણામ નહીં ? કહે ના. પરિણામ તારા જ્ઞાનનું જ્ઞેય નથી. તે પરદ્રવ્ય છે, તે વિભાવ છે, ક્ષણિક છે, નાશવાન છે. તે જ્ઞાનનો વિષય નથી. તે બુદ્ધિનો વિષય છે, મનનો વિષય છે. પાંચ ઈન્દ્રિયનો વિષય નથી, પાંચ ઈન્દ્રિયનો વિષય તો સ્થૂળ છે. સ્પર્શ, રંગ, ગંધ, વર્ણ. પણ જે રાગાદિને દુઃખ ઉત્પન્ન થાય છે અંદરમાં તે જ્ઞાનનો વિષય નથી. બુદ્ધિનો-મનનો વિષય છે.

જ્ઞાનનો વિષય તો એકલો આત્મા છે. ત્યારે પરિણામને જાણવાનું સર્વથા બંધ કરી દે. લક્ષ છોડી દે. પરિણામ જ્ઞાનનું જ્ઞેય નથી. આત્માના જ્ઞાનનું જ્ઞેય તો આત્મા એકલો અભેદ સામાન્ય જ્ઞાયક આત્મા છે. આહા ! તે પરિણામને જાણતું પરપ્રકાશક જ્ઞાન તેને બંધ કરી દે. આહા ! ત્યારે એક નવું અપૂર્વ જાત્યાંતર જ્ઞાન તને ઊભું થશે. અને તેમાં તારો આત્મા જણાશે તને પ્રભુ. આ વાત બીજા પારામાં છે. આ બીજા પારાનો ભાવાર્થ ચાલે છે. પ્રમત્ત અપ્રમત્ત નથી ૧૧ લીટી પછી. ભાવાર્થની ૧૧ લીટી પૂરી થઈ. પછીની લીટીમાં કહે છે.

હવે અનુભવ કેમ થાય આત્માનો ? આત્મા તો દૃષ્ટિમાં આવ્યો, પણ પરિણામને જાણું તો ખરો ને ! જાણું તો ખરો ને ! તેવું શલ્ય રહી ગયું હતું. ઈ શલ્ય કાઢવા માટે કહે છે કે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણામ જ્યારે જણાય છે ત્યારે પરિણામ ન જણાય. પરિણામ જ્યારે જણાય ત્યારે પરિણામ ન જણાય એમ લે. પરિણામનો પ્રતિભાસ થાય રાગાદિનો સ્વચ્છતામાં, પણ તેના ઉપરથી લક્ષ છોડી દે. તે વાત બીજા ભાગમાં છે.

જ્ઞાયક એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપાવમાં આવે છે. પરપદાર્થો જણાય છે તેથી આત્માને જાણનાર એમ સાપેક્ષથી વાત કહી. પણ પરને જાણે છે માટે જાણનાર છે તેમ નથી. પરનો સદ્‌ભાવ હો કે પરનો અભાવ હો જાણનાર તો જાણનારથી છે.

દાખલો આપ્યો હતો. આ ટ્યુબલાઈટ છે. આ ટ્યુબલાઈટ છે તેની સિદ્ધિ કેવી રીતે થાય તે તો સીધી વાત છે. ટ્યુબલાઈટની સિદ્ધિ તો આ બધાને પ્રકાશે છે માટે ટ્યુબલાઈટ છે. પણ ગણેશ ના પાડે છે. જો આપના બધાના અસ્તિત્વથી ટ્યુબલાઈટ છે તો આ બધા હમણાં ચાલ્યા જશે સવા નવે. તો અંધારું થઈ જવું જોઈએ. ટ્યુબલાઈટ તો રહેશે. ટ્યુબલાઈટનો પ્રકાશ પરાશ્રિત નથી. ટ્યુબલાઈટનો પ્રકાશ ટ્યુબલાઈટ આશ્રિત છે. એમ જ્ઞાન જ્ઞાયક આશ્રિત છે પરિણામ આશ્રિત નથી. પરિણામને જાણે કે ન જાણે તે તો જાણનારને જાણતો પરિણામે છે. રાગ જ્ઞાનનું જ્ઞેય હો કે ન હો તેની અપેક્ષા અમને-જ્ઞાનને નથી. જ્ઞાનમાં તો જ્ઞાયક જણાય છે. આહાહા ! તે જ્ઞેયનો સદ્‌ભાવ હો કે જ્ઞેયનો સદ્‌ભાવ ન હો. જ્ઞાન તો જ્ઞાયક આશ્રિત આત્મા આશ્રિત છે. બે વાત કરે છે.

કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે. આ જ્ઞેય છે ને ! આ જ્ઞેય પદાર્થ છે જણાવા યોગ્ય છે તે ઝળકે છે, ઝળકે છે પ્રતિબિંબિત થાય છે સ્વચ્છતામાં ત્યારે જ્ઞાનમાં તો એવું જ અનુભવાય છે, કે આ લાકડી છે એવું અનુભવાય છે, અનુભવાય છે એટલે જણાય છે. વેદાય છે એમ નહીં. અનુભવાય છે એટલે આમ જણાય છે. આ લાકડી છે, ઘોડો નથી બકરું નથી. આ લાકડી છે તેમ જણાય છે. તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. એટલે આ છે તો જ્ઞાન છે અને આનાથી આત્મજ્ઞાન થયું એવી જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી તો તો જ્ઞાન પરાધીન થઈ ગયું. તો આ બધાય છે તો ટ્યુબલાઈટ છે, આ બધા ચાલ્યા જાય તો ટ્યુબલાઈટ નથી એમ નથી. આ જણાય કે ન જણાય આની અપેક્ષા વિના નિરપેક્ષ જ્ઞાન આત્માથી પ્રગટ થાય છે, તે આત્માને જાણે છે. જ્ઞેયની અપેક્ષા નથી એને, ઈ કહેશે.

જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જ્ઞેયો જણાય છે ત્યારે જો જ્ઞેયમાં આત્મબુદ્ધિ થાય તો અજ્ઞાન થાય. જ્ઞેય જણાય ત્યાં સુધી આત્મબુદ્ધિ ન થાય. તેને હું જાણું છું તો અજ્ઞાન થઈ ગયું. આ લાકડીને હું જાણું છું તો અજ્ઞાન થઈ ગયું. આનો જ્ઞાતા થઈ ગયો અને આનો સ્વામી થઈ ગયો.

કારણ કે જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થઈ ગયું. હવે આ ઈમ્પોર્ટન્ટ વાત આવી. જ્ઞેય-આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞેય છે જ્ઞાનમાં ઝળક્યું. પ્રતિભાસિત પ્રતિબિંબિત થયું અંદરમાં. જેમ દર્પણમાં પ્રતિબિંબિત થાય પર પદાર્થ તેમ. જ્ઞાનમાં પ્રતિભાસિત થયું તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં. રાગનો પ્રતિભાસ થયો, દુઃખ પ્રતિભાસિત થયું, પણ હું રાગી છું ને હું દુઃખી છું તેમ અનુભવમાં નથી આવતું હવે. હવે તો કહે છે કે ઈ જણાતું જ નથી. કેમકે ઉપયોગમાં ઉપયોગ છે ઈ જણાય છે. ઉપયોગમાં રાગ છે ઈ જણાતો નથી. જ્ઞાનના ઉપયોગમાં રાગ આવતો તો નથી પણ ઉપયોગનું લક્ષ જ્ઞાયક ઉપર છે તેથી તે જણાતું નથી. લક્ષ ફરી ગયું આખું. તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતા જ્ઞાયક જ છે. જાણનાર, હું તો જાણનાર છું. ભલે પરપદાર્થ પ્રતિભાસે. પણ મારું લક્ષ ત્યાં નથી. અનંતકાળથી મારું લક્ષ જ્ઞેય અને જ્ઞેયાકાર જ્ઞાન ઉપર હતું તે જ્ઞેય અને જ્ઞેયાકાર જ્ઞાન તિરોભૂત થઈ જાય છે. જણાય છતાં હું તેને જાણતો નથી. જણાવાનું ચાલુ રહે. આ આનો પ્રતિભાસ અટકે નહીં. ઈ તો જણાયા કરે છે સ્વચ્છ અરીસામાં. પણ દર્પણમાં મોઢું હવે જણાતું નથી. પણ દર્પણ જણાય છે ત્યાં ઈ જ્ઞાની થઈ જાય છે. આહાહા !

હવે આ મોઢાનો પ્રતિભાસ છે ઈ કાઢી નાખે, ત્યારે દર્પણ જણાય ? કે ના. એ ભલે ને પ્રતિભાસ રહેતો તેનું લક્ષ છોડી દે. મોઢું જણાય છે ત્યારે મોઢું જણાતું નથી. મોઢું અરીસાની સામે છે ત્યારે મોઢું ન જણાય અને જો અરીસો જણાય તો જ્ઞાની થઈ ગયો. મોઢું અરીસાની સામે છે ને મોઢું જણાય તો અજ્ઞાની છે. આ દાખલો દર્પણનો. એમ ભલે રાગાદિ ને દુઃખાદિ તારી જ્ઞાનની પર્યાયમાં ઝળકે, જણાય તો પણ જ્ઞેયનો જ્ઞાનમાં પ્રતિભાસ તો થયો પ્રતિભાસ તો રહ્યો, પ્રતિભાસ તો રાખ્યો. ભરતભાઈ ! પ્રતિભાસ તો થયો એમ. પ્રતિભાસ ટળી જાય તો અનુભવ થાય તેમ નથી. પ્રતિભાસ રહી જાય, પ્રતિભાસનું લક્ષ છૂટી જાય, જ્ઞાયકનું લક્ષ આવી જાય ને અનુભવ થઈ જાય.

આ તો સુખી થવાનો માર્ગ છે. શાશ્વત સુખનો ઉપાય છે આ સમયસાર. નિમિત્તપણે, એ તો નિમિત્તપણે છે. અહીંયા અનુભવ થાય ત્યારે શાસ્ત્ર નિમિત્ત કહેવાય. બાકી શાસ્ત્રથી સુખ ન થાય. જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું, તો કહે છે કે જ્ઞેયનો અનુભવ થાય છે કે જ્ઞાયકનો ? એ વખતે એમ કહે છે તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં જ્ઞાયક જ છે. આહાહા !

હું તો જાણનાર છું. હું આ જણાય છે એ હું નહીં. લક્ષ છૂટી ગયું આનું આ હું જાણનારો છું. આ હું જાણનારો છું તે હું જ છું. જે જાણનારો જણાયો અનુભવમાં આવ્યો. જાણનારને જાણ્યું જ્ઞાને. રાગને જાણવાનું બંધ થઈ ગયું. રાગને જાણે છે ત્યાં સુધી નિર્વિકલ્પ શુદ્ધોપયોગ ન આવે. રાગને જાણવાનું બંધ થાય છે ત્યારે જાણનાર જણાય છે જાણનાર જણાય છે, તે જાણનાર તરફ જ્ઞાન વળી જાય છે. રાગથી વિમુખ થઈને, શરીરથી વિમુખ થઈને, નિમિત્તથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિમુખ થઈને, આત્માની સન્મુખ જ્ઞાન વળે છે. કે મને તો જાણનાર જણાય છે. મને તો જાણનાર જણાય છે તે પ્રક્રિયા જ્યારે થાય છે ત્યારે જ્ઞાન પરાન્મુખ થતું તે સ્વસન્મુખ થાય છે. અંદરમાં આવે છે જ્ઞાયકની સન્મુખ. દ્રવ્યની સન્મુખ પર્યાય આવે છે. નિમિત્તની સન્મુખ હતી જ્ઞાનની પર્યાય તે જ્ઞાનની પર્યાય આત્માની સન્મુખ થાય છે. વિષય બદલી જાય છે જ્ઞેય બદલી ગયું.

આ હું જાણનારો છું તે હું છું. અન્ય કોઈ નથી. તેવો પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો. પર્યાય જ્ઞાનમાં જ્યાં વળી જ્ઞાયક તરફ ત્યાં અભેદ થઈ જાય છે. પર્યાય ને દ્રવ્યનો ભેદ તો છે પણ ભેદ દેખાતો નથી. એવી અભેદ નથી થતી (કે એકમેક થઈ જાય) એવી અભેદ થાય સર્વથા તો તો પર્યાયના નાશે દ્રવ્યનો નાશ થઈ જાય. પણ પર્યાય આત્મામાં વળે છે, અનુભવ થાય છે આત્માનો ત્યારે દ્રવ્ય પર્યાયનો ભેદ અભેદ જ્ઞેયમાં ભેદ દેખાતો નથી. અભેદ જ્ઞેય થઈ ગયું આખું પરિણામી દ્રવ્ય. અભેદરૂપ અનુભવ થયો ત્યારે તે જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે. આત્માને જાણનારી જે ક્રિયા થઈ તે ક્રિયા આત્માની જ છે. તે ક્રિયા ને આત્મા એક છે.

રાગને જાણવાની ક્રિયા બંધ થઈ ગઈ. તે ક્રિયાનો કર્તા પોતે જ છે. જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાથી નિષેધવામાં આવી નથી, ઈ આ. આમાં કર્તાબુદ્ધિ નથી. સહજ પોતે પોતાને જાણવારૂપે પરિણમે છે તો પરિણમે તે કર્તા ને પરિણામ તે કર્મ ભેદથી. અહીંયા પરિણામી તે કર્તા ને પરિણામી તે કર્મ આખો આત્મા. આત્મા જણાયો, સમ્યગ્દર્શન ન જણાણું. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપે પરિણમિત આત્મા આખો અભેદ તે જણાય ગયો !!

જેમ કે પાણી મલિન હતું. ફટકડી નાખી મેલ નીકળી ગયો. પાણીની અવસ્થા નિર્મળ થઈ. તો નિર્મળ અવસ્થા પાણીમાં અભેદ થઈ ગઈ. પહેલાં સાયન્ટીસ્ટને પૂછ્યું હતું કે આ પાણી સ્વચ્છ છે, અને આ મલિનતા તો વિભાવ છે તે તેનો અંશ નથી જાત જુદી છે. પછી પાણી નિર્મળ થયું પછી ગયા લેબોરેટરીવાળા પાસે, કે સાહેબ હવે આનું તમે એનાલીસીસ કરો. પાણી ને પાણીની અવસ્થા તો એક જ છે. કાંઈ જુદી નથી. અભેદપણે અનુભવ થાય પાણીની પર્યાયનો ને પાણીનો અભેદપણે અનુભવ થાય છે. આ જ્ઞેયપ્રધાન કથન છે. દૃષ્ટિની અત્યારે જો તમે વાત લેશો તો નહીં સમજાય આ. દૃષ્ટિના વિષયને ડીપોઝીટ રાખી અનુભવ થાય ત્યારે જ્ઞાનમાં આખો આત્મા જ્ઞેય થાય છે. ઉત્પાદવ્યયધ્રુવયુક્તંસત્ત. આહાહા ! એવી વસ્તુ છે.

કારણ કે આનો કર્તા પોતે જ છે. અને જેને જાણ્યું, જ્ઞાને કેને જાણ્યું ? રાગને જાણ્યું ? નહીં. જાણનારને જાણ્યું જ્ઞાને. જ્ઞાને કેને જાણ્યું ? જાણનારને જાણ્યું. જ્ઞાયકને આત્માને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જાણ્યો, પોતાના આત્માને. એ કર્મ પણ પોતે જ છે. આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે એ વાક્ય લીધું હતું. આપણે ''કર્તા કર્મ ક્રિયા ભેદ નહીં ભાસતું હૈ અકર્તૃત્ત્વ શક્તિ અખંડ રીતી ધરે ઈ. યાહી કે જ્ઞાન મેં લખી લીજે ગવેષી યાહી કી લખની મેં અનંત સુખ ભર્યો હૈ.'' કર્તા-કર્મ ક્રિયા, આત્મા આત્માને જાણવારૂપે પરિણમે છે ત્યારે આત્મા કર્તા થયો અને આખો આત્મા પોતાના જ્ઞાનમાં જ્ઞેય થયો. રાગ જ્ઞેય ન થયો અને પર્યાયનો ભેદ પણ જ્ઞેય ન થયો. શું કહ્યું ? દેવ-ગુરુ-શાસ્ત્ર તો જ્ઞેય થાય નહીં પણ રાગ પણ જ્ઞાનનું જ્ઞેય ન થયું એ તો ઠીક. પણ જ્ઞાનની પર્યાય જે નિર્મળ પ્રગટ થઈ તે પણ જ્ઞાનનું જ્ઞેય નથી. આખો આત્મા જ્ઞાનનું જ્ઞેય થાય છે. ત્યારે કહે છે કર્તા, કર્મ ને ક્રિયા ભેદ નહીં ભાસતું હૈ. ભેદ તો છે કર્તા ધર્મ, કર્મ ધર્મ અને ક્રિયા ધર્મ. ધર્મના ત્રણ ભેદ છે પણ અનુભવના કાળમાં આ ત્રણ ભેદ દેખાતા નથી.

''કર્તા-કર્મ-ક્રિયા ભેદ નહીં ભાસતું હૈ. અકર્તૃત્ત્વશક્તિ અખંડ રીતી ધરે ઈ.'' હવે અહીંયા કર્તા કહ્યો તો અકર્તા ન રહ્યો ? તો કહે અકર્તા રહ્યો ને કર્તા થયો, અકર્તા રહ્યો ને કર્તા થયો, કર્તાબુદ્ધિ ગઈ. આ તો જેને આત્માની રુચિ લાગી ગઈ હોય તેનું કામ થાય તેવી વાત છે.

એ છેલ્લી આયુષ્યની સ્થિતિ સુધી ૭૦ થાય ૮૦ થાય ઓફિસે જાય, દુકાને જાય, જે જેનો ધંધો, ફેક્ટરીએ જાય. છોડે જ નહીં છેલ્લે સુધી. ન હોય એને તો ક્ષમ્ય છે પણ જેને આજીવિકાનું સાધન હોય. શ્રીમદ્દે કહ્યું છે દાક્તર સાહેબ, શ્રીમદ્દે કહ્યું છે કે જો તને આજીવિકાનું સાધન થઈ ગયું હોય તો બસ કરજે. તો આત્માની સાધનામાં લાગી જજે. તો સાધ્યની સિદ્ધિ થશે. તારા ભવનો અંત આવશે. બાકી છેલ્લી સ્થિતિ સુધી પૈસાની પાછળ લોલુપતા, હાય વરાળ, મુંબઈમાં તો ખાધું ન ખાધું ને ટ્રેન ઉપડી જશે, ભાગે ઊતાવળે. આહા ! સવારે નવ વાગ્યે નીકળેલો રાત્રે દશ વાગ્યે આવે ઘર ભેગો થાય. ઈ તો મુંબઈની વાત પણ રાજકોટમાં રહેતો હોય તોય બે ચાર કલાક કાંઈક સ્વાધ્યાય, ટેપ સાંભળવી ગુરુદેવની. ભાઈ ટાઈમ ગોઠવી લે. આપણી સામે મનુભાઈ ચાલ્યા ગયા. એક ભાઈએ દાખલો આપ્યો. અરેરે ! અમારી સ્થિતિ પણ શરીરની નબળી છે મનુભાઈ ચાલ્યા ગયા. અમારું શું થશે ? એમ થાય તો ખરું ને ? વૈરાગ્ય તો આવે ને એટલોય ન આવે વૈરાગ્ય ! આહાહા ! અગિયાર દિવસમાં ચાલ્યા ગયા. રોજ આવતા'તા.

''કર્તા કર્મ ક્રિયા ભેદ નહીં ભાસતું હૈ.'' ભેદ છે કર્તા ધર્મ કર્મ ધર્મ, ક્રિયાના ધર્મ ભેદ છે. કારકના ભેદ ગુણભેદ, કારકના ભેદો ભલે હો તો હો. પણ હું તો શુદ્ધ ચૈતન્ય પરમાત્મા છું એમ જાણીને ભેદનું લક્ષ છોડીને અભેદમાં આવી જાય છે. અભેદમાં આવતાં અભેદ થઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જાય છે નવું અભેદ. એક જુનું અભેદ ને એક નવું અભેદ. અનંતગુણથી અભેદ આત્મા એ જૂનું અભેદ અનાદિ અનંત. અને સ્વયં જે અભેદ થાય છે તે નવું અભેદ થાય છે સમ્યગ્દર્શન થાય ત્યારે આહા !

અનંતગુણથી અભેદ આત્મા છે તે તો અનાદિ અનંત અભેદ જ રહ્યો છે. તેને અભેદ થવું નથી. સોનું છે તે તો તેના ગુણથી અભેદ છે જ. પણ જે પરિણામ પ્રગટ થાય તે કથંચિત્ અભેદ નવા થાય છે. તે જ્ઞાનદર્શન ચારિત્રના નવા પરિણામ-વીતરાગી પરિણામ થાય, તે આત્માથી કથંચિત્ નવા અભેદ થાય છે. જૂનું અભેદ અને નવું અભેદ. જૂનું અભેદ દૃષ્ટિનો વિષય અને નવું અભેદ અનુભવનો વિષય થઈ ગયો. આહાહા ! રાગથી આત્મા અભેદ નથી પણ વીતરાગભાવથી કથંચિત્ આત્મા અભેદ, અતીન્દ્રિય આનંદથી અભેદ થાય છે.

એ કહે છે ''અકર્તૃત્ત્વ શક્તિ અખંડ રીતી ધરે ઈ, યાહી કે ગવેષી'', કર્તા અકર્તાનો તું ખોજી થા. અકર્તા છું અને કર્તા થાય છે. આ શું હશે ? એ તો પરસ્પર વિરોધ થયો, કે આ પરસ્પર વિરોધ હોવા છતાં અનુભૂતિના કાળમાં અવિરૂદ્ધપણે જણાય છે. વિકલ્પથી વિરૂદ્ધ દેખાશે. શું કહ્યું ? હું આત્મા અકર્તા છું. અકર્તા છું તે તો બરાબર છે, પછી વળી કર્તા થયો શું ? તો વિરોધ લાગ્યો. વિરોધ કેને લાગે છે ? વિકલ્પ ઉઠાવે છે ક્ષણિક નયપક્ષના તેને વિરોધ લાગે છે. પણ જ્યાં અંદરમાં જઈને અકર્તાની દૃષ્ટિ જ્ઞાયકની દૃષ્ટિ થઈને પરિણમ્યો ત્યારે કર્તા કર્મનું અભેદપણું અનુભવમાં આવે છે. તો અનુભૂતિના કાળમાં વિરોધ મટી જાય છે. આ વિરોધ દેખાતો નથી. અવિરોધપણે વિરોધી ધર્મને એક સમયમાં જાણી લે છે જ્ઞાન. આ અનુભવની કળા ને વિધિ છે આમાં.

એક દીપચંદજી થઈ ગયા છે. તેમણે પંચસંગ્રહ બનાવ્યું છે. અનુભવ પ્રકાશ, ચિદ્‌વિલાસ બનાવ્યું છે ને ! એ પુરુષે જ આ બનાવ્યું છે. આ સોગાનીજીના દોઢ મહિનાના પત્ર-વ્યવહારમાં, પત્રવ્યવહાર તો ઘણાં થયા છે. પણ દોઢ મહિનાના પત્રવ્યવહારમાં આ સોગાનીજીએ બે ત્રણ વખત આ વાત દોહરાવી છે. એવી આ વાત એમને સરસ સુંદર લાગી છે તો જ લખે ને ! ઈ અંદર લખે છે આવું. પછી આગળ ''યાહી કે ગવેષી હોય'' ખોજી. અકર્તા શું ? કર્તા શું ? કર્તા કર્મનું અનન્યપણું શું ? કર્તા કર્મ ક્રિયા ભેદ દેખાતો નથી ઈ શું ? ભેદ હોવા છતાં ભેદ ન દેખાય ઈ શું ? ગવેષી એટલે ખોજી. ખોજ ! જ્ઞાન માંહી લખી લીજે. આવી વસ્તુની સ્થિતિ છે લક્ષમાં લેજે. યાહી કી લખનીમેં અનંત સુખ ભર્યો હૈ. આ જે લક્ષમાં લેશે તેને અનંત સુખની પ્રગટતા થઈ જશે મોક્ષ થઈ જશે થોડા ટાઈમમાં.

આવો એક જ્ઞાયકપણા માત્ર પોતે શુદ્ધ છે. આ શુદ્ધનયનો વિષય છે. આ વિષય છે ને શુદ્ધનયના ઘણા પ્રકાર છે. શુદ્ધનયનો વિષય ત્રિકાળી દ્રવ્ય પણ છે. એક શુદ્ધનય જ્ઞાનની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયને પણ શુદ્ધનય કહેવાય. અને એ જ્ઞાનની પર્યાય જે શુદ્ધનય જે શુદ્ધાત્મામાં અભેદ થઈ ગઈ તેને પણ શુદ્ધનય કહેવાય. અહીંયા અભેદને શુદ્ધનય કહી છે. ત્રિકાળી દ્રવ્ય અને અહીંયા શુદ્ધનય એમ નહીં. શુદ્ધનયની પર્યાયને શુદ્ધનય નહીં. પણ જે જ્ઞાન અંદરમાં જઈને અભેદ થયું તેને પણ શુદ્ધનય કહેવામાં આવે છે. એમ અગિયારમી ગાથામાં ગુરુદેવે ત્રણ અર્થ કર્યા છે. આહા !

શુદ્ધનયનો વિષય છે ત્રિકાળી દ્રવ્ય તેને પણ શુદ્ધનય કહેવાય. શુદ્ધનય નથી પણ શુદ્ધનયનો વિષય છે. વિષય ગણીને એને પણ શુદ્ધનય કહેવાય ત્રિકાળી દ્રવ્યને. અને જે જ્ઞાનની પર્યાય દ્રવ્યને વિષય કરે છે તેને પણ શુદ્ધનય કહેવાય. એ પર્યાય અભેદ થઈ ગઈ તેને પણ શુદ્ધનય કહેવાય. એમ શુદ્ધનયના ત્રણ અર્થ છે એમાં આ ત્રીજો અર્થ અહીંયા છે અભેદનો જ્ઞેયનો.

એ શુદ્ધનયનો વિષય છે. અન્ય પરસંયોગજનિત ભેદો છે રાગાદિના તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે. દ્રવ્યાર્થિક, અશુદ્ધદ્રવ્યાર્થિકનય કેમ કહી ? કે આખા દ્રવ્યની અપેક્ષાએ એનો અંશ છે માટે અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ કહેવાય છે. અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં પર્યાયાર્થિક જ છે. તેથી તે વ્યવહારનય જ છે તેમ આશય જાણવો.

અહીં એમ પણ જાણવું કે જિનમતનું કથન સ્યાદ્વાદરૂપ છે. જિનેન્દ્ર ભગવાનની વાણી સ્યાદ્વાદ, કથંચિત્ કોઈ એક અપેક્ષાએ કહેવું તેને સ્યાદ્વાદ કહેવામાં આવે છે. વાદ એટલે કહેવું, સ્યાદ્ એટલે કથંચિત્. કથંચિત્ સ્યાદ્વાદરૂપ છે. તેથી અશુદ્ધનયને સર્વથા અસત્યાર્થ ન માનો. શું કહે છે ? કે પર્યાય અશુદ્ધ છે, એ પર્યાય જ નથી બિલકુલ, પર્યાયનું હોવાપણું જ નથી, એ અલોકાકાશમાં છે તેમ ન લેતો. તું સ્વભાવને ભૂલીને, પરાશ્રિત તારી પર્યાયમાં અશુદ્ધતા થાય છે. મલિનતા તે તારી પર્યાયનો ધર્મ છે. સ્વભાવનો ધર્મ તો છે જ નહીં. દ્રવ્ય તો એ વખતેય શુદ્ધ છે. પર્યાયમાં મલિનતા થાય છે. દ્રવ્ય તો જેવું છે તેવું છે એ તો આવી ગયું બધું આપણે.

અશુદ્ધનયને સર્વથા અસત્યાર્થ ન માનો. હોવાપણે છે આત્માપણે નથી. આસ્ત્રવ આસ્ત્રવપણે છે. આસ્ત્રવ જીવપણે નથી અને આસ્ત્રવ આસ્ત્રવપણે નથી તો તો તું સિદ્ધ હો અત્યારે, પરમાત્મા હોવો જોઈ પણ એમ નથી. સંસાર અવસ્થામાં પર્યાય મલિન છે. તે વખતે દ્રવ્ય મલિન નથી તેમ સાથે રાખજે. નહિંતર હું મલિન થઈ ગયો તેવી ભ્રાંતિ થઈ જશે. પર્યાય મલિન થાય પણ હું મલિન ન થાઉં કોઈકાળે. હું પણું આત્મામાં રાખજે તને પર્યાયનું જ્ઞાન થઈ જશે. હું પણું આત્મામાં રાખજે કે હું તો શુદ્ધ છું, પણ આ પર્યાય મલિન થોડીક થઈ છે, જ્યાં સુધી સ્વભાવમાં ન ઠરાય ત્યાં સુધી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થોડીક વાત કરી હતી. દોષને જાણે છે જ્ઞાન, દોષને રાગ થોડોક છે તેને જાણે સાધક, ગુણ વીતરાગભાવ પ્રગટ થયો થોડોક તેને પણ જાણે. દોષને જાણે એ ગુણને જાણે અને ગુણીને પણ જ્ઞાન, એક સમયમાં ત્રણને જાણે. જેમ જેમ સ્વભાવમાં ઠરતો જાય છે તેમ તેમ વિજ્ઞાનઘન સ્વભાવ  થતો જાય છે, ને વિભાવથી અભાવ થઈને પરમાત્મા થઈ જાય છે.

માટે પર્યાયમાં અશુદ્ધતા છે. કારણ કે સ્યાદ્વાદ પ્રમાણે શુદ્ધતા ને અશુદ્ધતા બન્ને વસ્તુના ધર્મ છે. આખા પદાર્થની વાત કરે છે આખું દ્રવ્ય. એક આગમ પદ્ધતિ ને એક અધ્યાત્મપદ્ધતિ બે પ્રકારની પદ્ધતિ છે. આગમ પદ્ધતિથી જોવામાં આવે તો પરિણામ મલિન છે અને દ્રવ્યશુદ્ધ છે. શુદ્ધતા ને અશુદ્ધતા એ બે ધર્મો શુદ્ધતા દ્રવ્યે ધારી રાખેલો ધર્મ છે. અને અશુદ્ધતા પરિણામે ધારી રાખેલો ધર્મ છે. એ પરિણામને આધારે અશુદ્ધતા છે અને શુદ્ધતા દ્રવ્યના આધારે છે. શુદ્ધતાને દ્રવ્યની હારે આધાર આધેય સંબંધ છે અને અશુદ્ધ પર્યાય જે છે રાગ તેને આધાર આધેય સંબંધ પર્યાયની સાથે છે, મારી સાથે નથી. આવું અંદરમાં જુદાઈ છે. બે સત્ત જુદા જુદા પડ્યા છે.

શુદ્ધતા ને અશુદ્ધતા બન્ને વસ્તુના ધર્મ છે. વસ્તુનો ધર્મ તે વસ્તુનું સત્ત્વ છે. વસ્તુનું સત્ત્વ એટલે અસ્તિત્વ છે, વસ્તુ એવી છે. એ દ્રવ્યે શુદ્ધ ને પર્યાયે અશુદ્ધ છે. સ્યાદ્વાદ હો ! કથંચિત્ ! દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધ અને પર્યાય અપેક્ષાએ અશુદ્ધ. તેનું નામ સ્યાદ્વાદ છે.

અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે. રાગાદિ પરિણામ જે થાય છે તે આત્માના લક્ષે ન થાય. આત્માના આશ્રયે ન થાય. બહારમાં લક્ષ કરવા જાય આ મારું-આ મારું આ ઠીક તો રાગ થાય. એ જ ફેર છે. અશુદ્ધનયને અહીં હેય કહ્યો છે. જે રાગાદિ થાય છે તેને હેય કહ્યો છે, એટલે કે મારું સ્વરૂપ નથી. અનાત્મા છે ઈ આત્મા નથી, હેય કહ્યો છે. કારણ કે અશુદ્ધનયનો વિષય સંસાર છે. જો તે રાગ છે તો સંસાર છે. સંસારમાં આત્મબુદ્ધિ કરીશમાં, આત્મામાં આત્મબુદ્ધિ કરજે તો સંસાર ટળી જશે દુઃખ. અને સંસારમાં આત્મા ક્લેશ ભોગવે છે. સંસારમાં એટલે અજ્ઞાનમાં. સંસાર એટલે જીવની પર્યાયનું નામ સંસાર છે. આ બાયડી, છોકરા, કુટુંબ પરિવાર સંસાર તેમાં હશે ? સંસારનો વાસ ક્યાં હશે ? મોટરમાં બંગલામાં ? સંસાર ક્યાં વસતો હશે ? સંસાર તારી એક સમયની અજ્ઞાનદશા, સ્વભાવને ભૂલીને મમતા કરી, એ મમતાનું નામ સંસાર છે. પણ એ સંસાર આત્મામાં નથી.

જ્યારે સંસાર છે ત્યારે આત્મામાં સંસાર નથી. પર્યાયમાં સંસાર છે ને દ્રવ્યમાં નથી, તે વખતે નથી. છે નથી, છે નથી, છે નથી. ભલે હો પર્યાયમાં અજ્ઞાન, એ અજ્ઞાન પર્યાયમાં છે મારો સ્વભાવ નથી હું તો જ્ઞાનમય છું. ભેદજ્ઞાન કરી લે ને ! કારણ કે સંસાર છે અને સંસારમાં આત્મા ક્લેશ ભોગવે છે. સંસારમાં એટલે મિથ્યાત્વની અવસ્થા હોય પરને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાનું માને તેનું નામ મિથ્યાત્વ છે અને તેમાં આત્મા દુઃખને અનુભવે છે. મમતાનું ફળ દુઃખ છે અને નિર્મમત્ત્વ પ્રગટ થાય તેનું ફળ સુખ છે.

જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય, પરદ્રવ્ય ને પરભાવથી જુદો આત્માને લક્ષમાં લ્યે ને અનુભવે કે જાણનાર જણાય છે, ખરેખર પર જણાતું નથી. પરિણામનો કર્તાય નહીં ને પરિણામનો જ્ઞાતા પણ નહીં. મારા કર્યા વિના પરિણામ થયા કરે છે અને મારા જાણ્યા વિના પરિણામ જણાયા કરે છે. આહા ! કર્તાબુદ્ધિય જાય ને જ્ઞાતાબુદ્ધિ પણ જાય. પ્રતિભાસ રહી ગયો અને આત્માનું ધ્યાન થઈ ગયું. એટલી ઝડપથી ભાષા આવે એટલે જરા પકડવામાં પણ વાર લાગે ! ઉતાવળથી બોલાય જાય છે.

પણ જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય. રાગથી આત્મા ભિન્ન છે હો. ''જ્ઞાનભિન્ન ને રાગ ભિન્ન.'' સોગાનીજીના કાન ઉપર આ શબ્દ એક વાક્ય આવ્યું. જ્ઞાનભિન્ન ને રાગભિન્ન આ સમિતિમાં જઈ ને ચિંતનમાં ચડી ગયા. સમ્યગ્દર્શન લઈને ઊભા થઈ ગયા સવારે. પરોઢિયું થયું ત્યાં તો સમ્યગ્દર્શન થઈ ગયું. અંધકાર ગયો મિથ્યાત્વનો અંધકાર ગયો. એક જ રાતમાં ને એક જ વાક્યમાં. ''જ્ઞાન ભિન્ન ને રાગ ભિન્ન છે.'' એકાવતારી પુરુષ થઈ ગયા છે.

ગુરુદેવે કહ્યું કે આ પુરુષ કોઈ જબરજસ્ત થઈ ગયા. અત્યારે તો સ્વર્ગમાં ગયા છે. ત્યાંથી નીકળી સાધના પૂરી કરી ને મોક્ષમાં જશે. અમારે હજી વાર છે, ચોથા ભવે અમારો મોક્ષ છે. પણ જ્યારે અમે દીક્ષા અંગીકાર કરશું સાધકપણે, તો તીર્થંકરના દ્રવ્યને કોઈ ગુરુ ન હોય, તે સ્વયં ગુરુ છે. એટલે ગુરુ પાસે જઈને દીક્ષા ન લે. પોતે જ જંગલમાં જઈ કપડા ઉતારી અને ધ્યાનમાં મગ્ન થઈ જાય. જ્યારે અમે સાધક થશુંને ત્યારે અમે નમો સિદ્ધેભ્યઃ કરશું અમે જ્યારે દીક્ષા વખતે નમો સિદ્ધેભ્ય, સર્વ સિદ્ધોને નમસ્કાર કરું છું. એમ અમે જ્યારે ભાવ ભાવશું ત્યારે તે સિદ્ધલોકમાં હશે અને અમારો નમસ્કાર તેમને પહોંચશે, તેમ ગુરુદેવે કહ્યું.

પોતાનો શિષ્ય, એક વખતના ગુરુ તે ભૂતકાળના શિષ્ય સિદ્ધ થયા તેને નમસ્કાર કરે છે. સિદ્ધને નમસ્કાર કરે છે ને ! ગુણને નમસ્કાર કરે છે ને ! વ્યક્તિ ક્યાં છે તે ! તે સોગાનીજી ક્યાં રહ્યા. સોગાનીજીનું નામ ન રહ્યું તે તો આત્મા થઈ ગયા. સોગાનીજી તો આ શરીરરૂપી કોથળાનું નામ હતું, એવો પુરુષ થઈ ગયો.

તેમ શ્રીમદ્જી પણ આ કાળમાં એકાવતારી થઈ ગયા. પોતે લખી ગયા છે. એક જ ભવ ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે. બે પુરુષ એકાવતારી થઈ ગયા આપણી હાજરીમાં, આગળ-પાછળ કોઈ થયા હોય તો આપણને કાંઈ ખબર નથી. સાધક ઘણા થઈ ગયા હોય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ આ તો આપણી હાજરીમાં. એટલે આપણી હાજરી જ કહેવાયને ભલે ટાઈમ થઈ ગયો પણ થોડા કાળની વાત છે. બે પુરુષ એકાવતારી થઈ ગયા.

બીજી એક વાત એવી આવે છે આગમમાં. તેના કરતાં ઊંચી એકાવતારી જીવ કરતાં પણ ઊંચી વાત આવે છે. એવી વાત આવે છે કે આ પંચમકાળનાં ૨૧૦૦૦ વર્ષ છે. તેમાં અઢી હજાર વર્ષ ગયા અને ૧૯૦૦૦ વર્ષ બાકી છે. તે ૨૧૦૦૦ વર્ષ દરમ્યાન ૧૨૩ જીવ આંહીથી સીધા મહાવિદેહમાં જશે, મિથ્યાત્વ લઈને જશે પાછા. આંહીંનો જીવ સમ્યગ્દર્શન હોય તો ત્યાં ન જન્મે. મનુષ્યપણે ન જન્મે. તે તો દેવ તરીકે જન્મે. પણ મિથ્યાત્વ લઈને મહાવિદેહમાં જશે. તે મહાવિદેહમાં આ જંબુદ્વિપનો મહાવિદેહ છે, ધાતુકીખંડનો મહાવિદેહ છે અને પુષ્કરદ્વીપ અડધો તેમાં પણ મહાવિદેહ ક્ષેત્ર છે.

ચાર, આઠ ને આઠ. ચાર છે જંબુદ્વિપના મહાવિદેહ ક્ષેત્રમાં અત્યારે સીમંધર આદિ ચાર. આઠ છે ધાતુકીખંડમાં અત્યારે તીર્થંકર, અને બીજા આઠ છે ઓલા પુષ્કરમાં અર્ધદ્વિપમાં, એમ ૨૦ તીર્થંકર વિદ્યમાન છે અત્યારે બિરાજમાન છે. એમાંથી કોઈપણ ક્ષેત્રમાં જાય. જંબુદ્વિપના મહાવિદેહમાં જાય કે બીજા મહાવિદેહમાં જાય. પણ આંહીથી મરીને મિથ્યાદૃષ્ટિ જીવ ૧૨૩ જીવ, સીધો ત્યાં મનુષ્યપણે ઉપજશે. અને ત્યાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી, ભાવલિંગી સંત નગ્ન દિગમ્બર મુનિ થઈ, ધ્યાનમાં મગ્ન થઈ, અરિહંત થઈ સિદ્ધ થઈ જશે.

એકાવતારી કરતાંય ઊંચી વાત. આ છેલ્લો ભવ ખલાસ. આના પછી ભવ નથી. જેમાં જેનું મૃત્યુ ન થાય નિર્વાણ થાય તેને ભવ ન ગણાય. કેમકે હવે તો નિર્વાણ થવાનું છે. તેવા પણ ૧૨૩ જીવ આંહીથી ક્રમે ક્રમે જવાના છે. કેવળી ભગવાનના જ્ઞાનમાં આવેલી આ વાત છે. આગમમાં આવેલું છે. 'ચર્ચા સંગ્રહ' નામનું એક પુસ્તક છે તેમાં આ વાત છે. જયપુરથી છપાણું છે. અહીંયા આપણે શિબિર હતી ત્યારે તે વેંચાણમાં મૂકેલું. એ વાંચ્યું હતું તેમાં છે આ ૧૨૩ જીવ લખેલું છે. ૧૨૩ એટલે વન ટુ થ્રી એટલે વન ટુ થ્રી થઈ જાય. આહાહા !

એ કોઈ જીવના મોક્ષની વાત સાંભળે ને ત્યારે પાત્ર જીવને પ્રમોદ આવે. એ વહેલા છૂટ્યા. હું પણ છૂટવાનો. હું પણ છૂટી જઈશ. બંધની વાત ન સંભળાય. હશે કાંઈ નહીં આપણે કાંઈ નહીં. આ જીવ કાંઈ સમજતો નથી. હશે યોગ્યતા તેની ત્યારે સમજશે. જેને પૈસાવાળું થાવું હોય ને, હોય નિર્ધન, પણ પૈસાવાળું થાવું હોય, પૈસા હોય નહીં પણ વાત નિર્ધનની ન સાંભળે ગરીબની. આની પાસે પહેલાં કાંઈ નહોતું. પાંચ વર્ષમાં-દશ વર્ષમાં કરોડપતિ ! એમાં ઈ કેમ થયો ભલા. ઈ લાઈન લ્યે ! ઈ લાઈન લ્યે કે રખડતો હોય તેની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

લાઈન ન લ્યે, સાંભળે નહીં એની વાત. આહાહા ! એને છૂટવાનો કામી હોયને એ બીજા છૂટે ને એની વાત સાંભળીને પ્રમોદ આવે. વાહ રે વાહ ! ધન્ય અવતાર આનો. એકાવતારી થઈ ગયા. ધન્ય અવતાર ૧૨૩ જીવ અહીંથી જશે સીધા મોક્ષમાં.

આહીંયા તો વિકથાની સખત મનાઈ છે. સ્વકથા ચાલે છે અહીંયા બસ, આત્મકથા. મોક્ષમાર્ગ અને મોક્ષમાર્ગનો વિષય અને તેનું ફળ મોક્ષ આ ત્રણ વાત છે. સમજવા જેવી બસ. એક વાત તો એવી આવી આમાં, ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી, ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી. હમણાં આ બીજો ભાગ બહાર પડ્યોને. ૩૧ ડીસેમ્બરે. તેમાં ૨૦૬ પાનું ને ૩૯૪ મો બોલ છે. તેમાં ગુરુદેવને એક વખત બહુ અંતરથી ભાવ આવી ગયો. જ્ઞાનીને કોઈ કોઈ વખતે ભાવ આવે ત્યારે એમ ગુરુદેવના પોતાના જ શબ્દો છે. પ્રવચન રત્નાકર ભાગ ૧૦ પ્રવચન રત્નાકર છપાઈ ગયું છે ભાગ-૧૦ પાનું-૪૭ પારો ચોથો. આહા !

ગુરુદેવને પ્રમોદ આવ્યો. આહા ! એકવાર અંદરમાં એમ આવ્યું હતું કે જાણે જ્ઞાનની પર્યાય જે છે તે એક જ વસ્તુ છે. બીજી ચીજ જ નથી. જ્ઞાન સિવાય બીજું કાંઈ અમને દેખાતું નથી. એકલું જ્ઞાન દેખાય છે વિશ્વ દેખાતું નથી. એક જ ચીજ છે. બીજી કોઈ ચીજ જગતમાં નથી. એમ અંદરમાંથી આવ્યું એમ લખે છે. એક જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ તે સારા લોકાલોકનું અસ્તિત્વ છે. આહા ! જ્ઞાનને જાણતાં લોકાલોક તેમાં જણાય જાય છે, માટે જ્ઞાનનું અસ્તિત્વ તે જ લોકાલોકનું અસ્તિત્વ છે.

લોકાલોક ક્યાં હશે ? કે જ્ઞાનમાં. હા ! લોકાલોક તો લોકાલોકમાં રહ્યું પણ તે જેમાં જણાય છે તેવી જ્ઞાનની પર્યાય જણાય છે તે લોકાલોકને જાણી લીધું તેણે. આમ (લોકાલોકની સન્મુખ થઈને) લોકાલોકને જાણવા ન જવાય તે ખોટું છે સાવ. આમ આમ (બહાર લક્ષ) કરે તે જ્ઞાન નથી અજ્ઞાન છે ઈન્દ્રિયજ્ઞાન છે. આ તો જ્ઞાનની વાત ચાલે છે. અતીન્દ્રિયજ્ઞાનની વાત ચાલે છે, સમ્યગ્જ્ઞાનની વાત ચાલે છે.

અરે મિથ્યાદૃષ્ટિને પણ આમ હોય છે સાંભળો. હા એવું છે જરા. જુઓ એક જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ તે સારા લોકાલોકનું અસ્તિત્વ છે. એક સમયની જાણવા દેખવાની સ્વપરપ્રકાશક પર્યાય જેમાં સ્વ અને પર તેનો પ્રતિભાસ થાય, પ્રકાશ અંદરમાં પર્યાયમાં. તેમાં આત્મદ્રવ્ય એના ગુણો-આત્માના ગુણો અને એની એટલે પોતાના આત્માની ત્રણેકાળની પર્યાયો, ભૂતની પર્યાયો વર્તમાન પર્યાય અને ભાવિ મોક્ષ સુખની પર્યાયો એક. બીજું છ દ્રવ્યના દ્રવ્યગુણ ને પર્યાયો બધું એક સમયમાં જણાય છે. સ્વ અને પર બધું એક સમયમાં જણાય છે ભાવીની મોક્ષની પર્યાય પણ અત્યારે જણાય જાય છે, એમ કહે છે અને ભૂતકાળમાં નિગોદની પર્યાય ગઈ, તે પણ જણાય જાય છે. આખું જગત એક સમયમાં જણાય છે. છતાં

એક સમયની પર્યાયમાં પોતાના દ્રવ્ય ગુણ કે છ દ્રવ્યો આવતાં નથી. પોતાનો આત્મા પોતાની પર્યાયમાં આવતો નથી. જણાય ખરો ! પર્યાયમાં જ્ઞાયક જણાય પણ જ્ઞાયક પર્યાયમાં ન આવે. જ્ઞાયકનું જેટલું સામર્થ્ય છે તેટલું જણાય જાય પણ જ્ઞાયક તે પોતાનું સ્થાન છોડીને પર્યાયમાં આવી જાય, અને એકમેક થઈ જાય તેમ છે નહીં. કેમકે તો તો પર્યાયનો નાશ થતાં દ્રવ્યનો નાશ થઈ જાય. આવી વાત છે.

અજ્ઞાનીને પણ તેની જ્ઞાનની પર્યાયમાં ત્રણકાળ ને ત્રણલોકનું જ્ઞાન વર્તમાનમાં પ્રતિભાસરૂપ છે. પ્રતિભાસરૂપ છે આવિર્ભાવરૂપ નહીં. પ્રતિભાસરૂપ છે. પ્રતિભાસ છે. તે જ્ઞાયકની સન્મુખ થતાં જ્ઞાયકનું જ્ઞાન થતાં તેની ભૂત અને ભાવિ પર્યાયનો પણ પ્રતિભાસ છે તેમાંથી કોઈ વખતે કોઈ પર્યાયનો આવિર્ભાવ થઈને જણાય જાય છે.

જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય ત્યારે સંસાર મટે. મિથ્યાત્વ મટે. ત્યારે ક્લેશ મટે એ રીતે દુઃખ મટાડવાને દુઃખના નાશનો ઉપાય, શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે. મુખ્યપણે શુદ્ધનયનો ઉપદેશ ને શુદ્ધાત્માનો જ ઉપદેશ આ શાસ્ત્રમાં ને આ ગાથામાં કહેલો છે.

અશુદ્ધનયને અસત્યાર્થ કહેવાથી એ ન સમજવું કે આકાશના ફૂલની જેમ તે વસ્તુ ધર્મ સર્વથા નથી. તેથી સર્વથા એકાંત સમજવાથી મિથ્યાત્વ આવે છે. પર્યાયમાં છે દોષ ત્યાં સુધી એમ જાણજે, કે એ વિભાવ છે, મારો સ્વભાવ નથી. માટે સ્યાદ્વાદનું શરણ લઈ શુદ્ધનયનું આલંબન કરવું જોઈએ. સ્વરૂપની પ્રાપ્તિ થયા પછી શુદ્ધનયનું પણ આલંબન નથી રહેતું.

તે દ્રવ્ય સ્વભાવ અને પર્યાય સ્વભાવ પુસ્તક બહાર પડ્યું છે તેનો ટોન આવી ગયો આમાં. કે વિકલ્પવાળી દશામાં હું શુદ્ધ છું, શુદ્ધ છું, શુદ્ધ છું એનો આશ્રય કરવાથી અશુદ્ધતા ટળશે એમ સ્વભાવનો નિશ્ચયનયનો પક્ષ આવે એમાં પણ અનુભવ થતો નથી. તે વિકલ્પ છૂટે ને અનુભવ થાય પછી શુદ્ધનયનું આલંબન રહેતું નથી. વિકલ્પનું આલંબન છે નહીં. જે વસ્તુ સ્વરૂપ છે તે છે તેમ પ્રમાણદૃષ્ટિ છે. દ્રવ્ય ને પર્યાય જેમ છે તેમ જ્ઞાન, તેને પ્રમાણ એટલે સત્યદૃષ્ટિ છે. તેનું ફળ વીતરાગતા છે. આ પ્રમાણે નિશ્ચય કરવો યોગ્ય છે.

લ્યો, આંહી જ્ઞાયકભાવ પ્રમત્ત અપ્રમત્ત નથી એમ કહ્યું છે. ત્યાં પ્રમત્ત અપ્રમત્ત એટલે શું ? ગુણસ્થાનની પરિપાટીમાં છઠ્ઠા ગુણસ્થાન સુધી તો પ્રમત્ત કહેવાય છે અસાવધાનદશા પ્રમાદ એટલે અસાવધાન. સાતમાથી માંડીને અપ્રમત્ત કહેવાય છે. સાવધાનદશા. આત્મા તરફ ઉપયોગ લાગી જાય છે. પરંતુ તે સર્વ ગુણસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે, વ્યવહારનયનો વિષય છે. શુદ્ધનયથી આત્મા જ્ઞાયક જ છે. છઠ્ઠીગાથા પૂરી થઈ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વિભાગ - ૬

## પ્રવચન નં. ૨૪

### પર્યુષણ પર્વાધિરાજ દિવસ-૧ - રાજકોટ

### તા. ૧૭-૯-૯૬

આજે પર્યુષણ પર્વાધિરાજનો પ્રથમ દિવસ છે. દસ લક્ષણ ધર્મમાં આજે પહેલો ઉત્તમ ક્ષમાનો દિવસ છે. ઉત્તમ ક્ષમાની વ્યાખ્યા, આજનો દિવસ ઉત્તમ ક્ષમાનો ગણાય છે, સમ્યગ્દર્શન વગર ઉત્તમ ક્ષમા હોય જ નહીં. લૌકિકમાં શુભભાવને ક્ષમા કહેવાય છે. ગુરુદેવના દસ લક્ષણ ધર્મ ઉપર વ્યાખ્યાન છે. એનું વાંચન ચાલે છે. લૌકિકમાં શુભભાવને ક્ષમા કહેવાય છે, તેનો નિષેધ કરવા માટે અહીં ઉત્તમ ક્ષમા એમ કહ્યું. ઉત્તમ ક્ષમા એટલે સમ્યગ્દર્શનપૂર્વક વીતરાગી ક્ષમા !

નિશ્ચયથી પોતાનો આત્મ સ્વભાવ, ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ છે તેની ઓળખાણ અને બહુમાન કરવું તથા રાગદ્વેષ ક્રોધાદિની રુચિ છોડવી, તે જ ઉત્તમ કક્ષાની સાચી આરાધના છે. આ આત્મ સ્વભાવનો અનાદર કરીને, પુણ્ય-પાપની રુચિ કરવી તે જ ક્રોધ છે. અને આત્મ સ્વભાવના આદર વડે, પુણ્યપાપની રુચિ છોડી દેવી તે જ ઉત્તમ ક્ષમા છે. એટલે સમ્યગ્દર્શનપૂર્વક વીરાતગી દશા પ્રગટ થાય એને ઉત્તમ ક્ષમા કહેવામાં આવે છે. આ દસ લક્ષણ ધર્મો ઉત્કૃષ્ટપણે તો ભાવલિંગી સંતોને જ હોય છે. નીચેના ગુણસ્થાનમાં પાંચમે ચોથે ગૃહસ્થીને પણ આ ભાવના કરવા જેવી છે.

હવે આમાં એમ કહ્યું કે સમ્યગ્દર્શનપૂર્વક જ ઉત્તમ ક્ષમા હોય છે, એવો સિદ્ધાંત બાંધ્યો. તો હવે સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય ? સમ્યગ્દર્શનનો વિષય શું ? અને સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય ? તેવા બે પ્રશ્ન શિષ્યે પૂછ્યા છે. છઠ્ઠી ગાથાના મથાળામાં. એ પહેલાં મથાળું આપણે વાંચીએ.

આચાર્ય ભગવાને કહ્યું કે હું એકત્વ વિભક્ત આત્માની વાત કરીશ. પરથી ભિન્ન અને પોતાના અનંત ગુણોથી અભિન્ન, એવા શુદ્ધાત્માની વાત હું કહીશ. અને તું અમારી વાતને અનુભવ કરીને પ્રમાણ કરજે. કેવળ સાંભળીને આ પ્રમાણ થાય એવી વાત નથી. કેવળ શાસ્ત્ર વાંચીને પ્રમાણ થાય એવી વાત આ નથી. કેવળ અનુમાન જ્ઞાન દ્વારા પણ આ પ્રમાણભૂત થાય એમ નથી. પણ જે અનંતકાળથી બહિર્મુખ જ્ઞાન વર્તે છે, જે ઈન્દ્રિયજ્ઞાન પ્રગટ થઈને અનંતકાળથી પરમાં એકત્વ કરી રહ્યું છે. તે ઈન્દ્રિયજ્ઞાનનો પણ નિષેધ કરીને, જ્યારે આત્મા આત્માની સન્મુખ થાય છે, ત્યારે નવું અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે. જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અતીન્દ્રિયજ્ઞાન દ્વારા પોતાના શુદ્ધાત્માના દર્શન આ કાળે પણ થઈ શકે છે. આ કાળે છઠ્ઠા-સાતમા ગુણસ્થાન સુધી જાય એવી જાતની યોગ્યતાઓ જીવની છે. ક્ષપક શ્રેણીની યોગ્યતા અત્યારે નથી.

ત્યારે શિષ્યના મુખમાં પ્રશ્ન આવ્યો, કે હવે પ્રશ્ન એમ ઉત્પન્ન થાય છે મને, કે એવો શુદ્ધ આત્મા કોણ છે ? એનો અર્થ એમ થયો કે મેં આજ સુધી શુદ્ધાત્માના દર્શન કર્યા નથી. એવો એણે સ્વીકાર કરી લીધો. સાથે સાથે એવો સ્વીકાર એણે કરી લીધો કે મારી અવસ્થામાં મિથ્યાત્વ, અજ્ઞાનદશાઓ પણ છે. એના સ્વીકારપૂર્વકની વાત છે. હું પરમાત્મા થઈ ગયો છું પર્યાયમાં ને મુક્ત થઈ ગયો છું એ જીવ આવો પ્રશ્ન ન કરે. દુઃખી જીવ પ્રશ્ન કરે છે. પર્યાયમાં દુઃખ છે. હવે એ દુઃખના નાશનો ઉપાય શું છે ? એમ પૂછવાનો હેતુ છે.

એવા શુદ્ધ આત્માનું સ્વરૂપ શું છે ? કે તેને જાણવો જોઈએ, એટલે અનુભવ કરવો જોઈએ, એટલે અનુભવનો વિષય પૂછી લીધો અને અનુભવ કેમ થાય એ પણ પૂછી લીધું. એક સાથે બે પ્રશ્ન કર્યા છે. એનો ઉત્તર આ છઠ્ઠી ગાથામાં આચાર્ય ભગવાન આપણને આપે છે. આ ગાથા ઘણી ઊંચી છે. છઠ્ઠીના લેખ જેવી અફર છે. ૪૧૫ ગાથામાં એક થી બાર ગાથા સુધી, સંક્ષેપ રુચિવાળો જીવ સમ્યક્ પામી જાય અને વિસ્તાર રુચિવાળા માટે ૪૧૫ ગાથા લખવામાં આવી છે. એ બાર ગાથામાં પણ, પાંચ ગાથા તો પ્રસ્તાવના પિઠીકારૂપે છે. સમયસારની મૂળ શરૂઆત છઠ્ઠી ગાથાથી થાય છે અને 'જ્ઞાયક' એવો જે શબ્દ એનો જન્મ છઠ્ઠી ગાથામાં થયો. પાંચ ગાથા સુધી 'જ્ઞાયક' શબ્દનો ઉપયોગ નહોતો કર્યો.

હવે એ જ્ઞાયકભાવ જે છે, એટલે શુદ્ધ આત્મામાં જે નથી, એને પોતાનું માનીને બેઠો છે, નિરાંતે. જ્ઞાયકભાવમાં બંધ મોક્ષના પરિણામ નથી. જ્ઞાયકભાવમાં નવ તત્ત્વના ભેદો નથી. એવો એક શુદ્ધાત્મા અનંતકાળથી જાણવા માટે રહી ગયો છે અને એમાં વર્તમાનકાળમાં વર્તમાન યુગપુરુષનો જન્મ થયો. એણે શુદ્ધાત્માની વાત દાંડીપીટીને કરી છે. કોઈ માને કે ન માને, કોઈ ટીકા કરે તો ભલે કરે એની પરવા કર્યા સિવાય, પોતાને પ્રત્યક્ષ અનુભવ થયો અને અનુભવ થયા પછી જ એને આ વાત બહાર પાડી છે.

ખરેખર તો જ્ઞાયકભાવ એ અનુભવનો જ વિષય છે. વાણીમાં આવે એવો આ વિષય નથી. ઈન્દ્રિયજ્ઞાનમાં જણાય જાય એવો જ્ઞાયકભાવ નથી. એ જ્ઞાયકભાવ કેવો છે ? એ હું કહીશ એમ કહ્યું. તો શરૂઆતમાં જ જેમાં આત્મબુદ્ધિ થઈ ગઈ છે જગતના જીવોની, પર્યાયમાં, એ પ્રમ ા, અપ્રમત્ત દશા આત્મામાં નથી. અપ્રમત્ત પણ નથી ને પ્રમત્ત પણ નથી. છે, ને ગૌણ કરવી ને અભૂતાર્થ ને એ વાત ન કહેતાં, અસ્તિ નાસ્તિ અનેકાંતના જોરથી દાંડીપીટીને વાત કરી છે કે તારા શુદ્ધાત્મમાં એક થી છ ગુણસ્થાનની પર્યાય નથી.

સાતથી ચૌદ ગુણસ્થાનની પર્યાય નથી. શુદ્ધપર્યાય નથી, શુદ્ધાશુદ્ધ પર્યાય નથી ને અશુદ્ધ પર્યાય તારા સ્વભાવમાં નથી. જ્ઞાયકમાં નથી એમ કહ્યું.

એને ખબર છે કે ચૌદ ગુણસ્થાન છે પર્યાયના ધર્મોમાં અને એ પર્યાયનો ધર્મ પર્યાયથી તન્મય છે. એ પર્યાયના ધર્મો એક સમય માત્ર પણ જ્ઞાયકથી તન્મય થતા નથી. શું કહ્યું ? કે પર્યાયમાં ધર્મો છે. ઉદય, ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમ બધી ખબર છે. એને ખબર નથી સંતોને, છે ખબર. પણ પર્યાયમાં થતા ઉદય આદિ ભાવો, એ પર્યાયથી તન્મય છે. એ ઉદયભાવ જ્ઞાયકથી તન્મય નથી. ક્ષાયિકભાવ પણ જ્ઞાયકથી તન્મય નથી. એ પર્યાયમાં તન્મય છે. પર્યાયનું લક્ષણ છે એ ક્ષાયિકભાવ પણ, જીવનું લક્ષણ ક્ષાયિકભાવ નથી. જીવનું લક્ષણ તો પરમ પારિણામિક સ્વભાવભાવ ત્રિકાળ નિષ્ક્રિય શુદ્ધ પારિણામિક એ ધ્યેયનું લક્ષણ છે. જ્ઞેયનું લક્ષણ ઉપયોગ છે. અત્યારે અહીંયા પહેલાં પારામાં ધ્યેયની મુખ્યતાથી વાત ચાલે છે. બીજા પારામાં જ્ઞેય આવશે.

ગાથા :- નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે. આ જે ચૌદ ગુણસ્થાનમાં તો અનેકતા છે. તે અનેકપણું, તે એકમાં અનેક નથી. એક જ્ઞાયકભાવ છે એમાં અનેક ભાવો નથી. અનેકભાવો અનેકભાવરૂપે ભલે રહ્યા, હો. પણ જ્ઞાયકમાં એ નથી. એમ જ્ઞાયકની સન્મુખ થઈ, આત્માનો પ્રત્યક્ષ અનુભવ કરી, અનેકવાર જ્ઞાયકના દર્શન કરી, બહાર આવીને, એ જ્ઞાયકનું સ્વરૂપ લખે છે. બહુ તપાસ કર્યો મેં જ્ઞાયકમાં જઈને, શિષ્યના પ્રશ્નો'તો આવતા'તા, કે જરા તમે જોવો તો ખરા ફરીથી, કે કઈ પર્યાય જ્ઞાયકમાં છે ?

કેમ કે પર્યાય રહિત જ્ઞાયક હોય, આત્મા હોય તે મેં તો સાંભળ્યું નથી. આ પહેલીવાર સાંભળીએ છીએ કે પર્યાય રહિત દ્રવ્ય હોય. વસ્તુ અનેકાંત સ્વરૂપ છે. દ્રવ્ય પર્યાય સ્વરૂપ છે, સ્યાદ્‌વાદ છે. કથંચિત્ છે, અમે તો એવું સાંભળ્યું છે. આ શું વાત કરો છો ? આ વાત કાંઈક નવી આપ કહેવા માગો છો, તો કહે હા, તે વાત નવી કહેવા માંગીએ છીએ. આજ સુધી તેં સાંભળ્યું નથી. ''શ્રુત પરિચિત અનુભૂત સર્વને કામભોગબંધનની કથા'' તેં સાંભળી છે. આહાહા ! પણ એનાથી વિભક્ત ભગવાન આત્મા અંદર બિરાજમાન છે તારો આત્મા. તારા આત્માની અમે વાત કરીએ છીએ. તારો આત્મા આવો છે એમ. તારો આત્મા અત્યારે તને પર્યાયથી સહિત લાગે છે એ અમને ખબર છે. અને પર્યાયથી સહિત માને છે એટલે તો મિથ્યાદષ્ટિ છે. આહાહા ! આ મૂળ વાત છે. પાયાની વાત છે. અમને બધી ખબર છે, ખબર નથી, (એમ નહીં)

પણ અમે જે શુદ્ધ આત્માની વાત કહેવા માંગીએ છીએ તે તો પર્યાયથી રહિત છે ભાઈ. નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયકભાવ છે. અનાદિ અનંત જેવો છે તેવો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનાદિ અનંત છે. નિત્ય નિરાવરણ છે એને કર્મનો બંધ થતો નથી, એને કર્મનો ઉદય લાગુ પડતો નથી. તે રાગથી સહિત થતો નથી. વીતરાગી ક્ષણિક પર્યાય અનિત્ય નાશવાન એનાથી સહિત થતો નથી. એક સમયની કેવળજ્ઞાનની પર્યાય એનાથી એ સહિત થતો નથી. એવો ભગવાન આત્મા અનંત ગુણાત્મક એવો ચૈતન્ય પરમાત્મા એને પર્યાય નથી. ''એ રીત શુદ્ધ કથાય ને જે જ્ઞાત તે તો તે જ છે.'' ત્રણ પદમાં દૃષ્ટિનો વિષય મૂક્યો છે. ચોથા પદમાં જ્ઞાનનો વિષય છે. અનુભવ કેમ થાય ? એ ચોથા પદમાં એની પ્રક્રિયા બતાવશે આપણને. હવે એનો ગાથાનો અર્થ આપણે લઈએ.

ગાથાર્થ : જે જ્ઞાયકભાવ છે, છે, છે, ને છે ત્રણેકાળ છે. અને જેવો એક સમયમાં છે એવો ત્રણેકાળના સમયમાં એવો ને એવો જ છે. એમાં ફેરફાર, કોઈ જાતની વધઘટ થવાની નથી. આહાહા ! જ્ઞાયકભાવ છે તે અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી. બેયમાં પણ કહી દીધું. પ્રમત્ત નથી એ તો ઠીક, વિકારી પર્યાયથી તો રહિત હોય. પણ નિર્મળ અપ્રમત્ત શુદ્ધ ઉપયોગની દશા, ધર્મધ્યાન ને શુક્લધ્યાન એવી શુદ્ધ ઉપયોગની દશાઓ, એ આત્મામાં નથી ભાઈ. આહાહા !

તું પર્યાયને થોડીકવાર જો માં, આ થોડીકવારનું જ કામ છે. બહુ જાજો ટાઈમ તને નહી લાગે. જો તારો કાળ પાકી ગયો હશે, તો અમે કહીએ છીએ, એ તને ખ્યાલમાં આવી જાશે. અને અમારી વાણી નીકળે છે, એના ઉપરથી અમારા જ્ઞાનમાં આવી ગયું છે, કે અમારી વાત ઝીલનારા ભલે થોડા હોય, સંખ્યાની કાંઈ જરૂર નથી, પણ જરૂર ગ્રહણ કરનારા, અને પ્રયોગ કરીને અનુભવ કરનારા પણ નીકળશે. એટલે જ આ વાણી ખરે છે.

અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી. એ રીતે એને શુદ્ધ કહે છે. આ શુદ્ધની વ્યાખ્યા કરી કે આત્મા શુદ્ધ કેમ છે ? કે અશુદ્ધ પર્યાયથી રહિત છે માટે શુદ્ધ છે, એટલું તો નહીં પણ શુદ્ધ પર્યાયથી પણ રહિત છે, માટે શુદ્ધ છે. શુદ્ધ પર્યાયથી સહિત છે માટે શુદ્ધ છે એમ નથી. શુદ્ધાશુદ્ધ પ્રકારની પર્યાયો જે છે, પર્યાયોનો સ્વીકાર કર્યો આચાર્ય ભગવાને, છે પર્યાયો, પ્રમત્ત અપ્રમત્ત છે. છે પછી નથી કહ્યું ને, કે નથી, નથી, નથી કહ્યું. નથી, નથી, નથી એમ નહીં. પર્યાયમાં બધા ધર્મો છે. પણ દ્રવ્યમાં એ નથી. આ દ્રવ્યપર્યાયના ભેદજ્ઞાનની પરાકાષ્ટા છે. એને પ્રમત્ત અપ્રમત્ત પણ નથી. એ રીતે એને શુદ્ધ કહે છે. આટલી વાત તો ત્રિકાળી દ્રવ્યની એને કરી.

વળી જે આવો જ્ઞાયકભાવ છે, એ જાણવામાં કેમ આવે ? અનુભવમાં કેમ આવે ? એ કહે છે કે વળી જે જ્ઞાયકપણે જણાયો. જાણનારપણે જણાયો. કર્તાપણે જણાયો નહી. પણ જ્ઞાયકપણે જણાયો. તે તો તે જ છે, બીજો કોઈ નથી. એમાં ઘણું કહેવા માંગે છે. પછી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ટીકામાં આપણે વિસ્તાર કરશું એનો.

ટીકા :- જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી સ્વયં સિદ્ધ પરમાત્મા છે. કોઈથી એની ઉત્પત્તિ થાય કોઈથી નાશ થાય તો એનો નાશ થઈ જાય એમ છે નહીં. નિરપેક્ષ તત્ત્વ છે. સાપેક્ષ તત્ત્વ નથી. અરે પરથી તો નિરપેક્ષ છે. પણ પર્યાયોથી નિરપેક્ષ છે એમ અહીંયા કહેવું છે. અંદર પરમાત્મા આવો બિરાજમાન છે એને જો એકવાર જો. પર્યાયને જોવાની ને પર્યાયને સ્થાપના કરવાની ને પર્યાય છે કે નહીં, ને એને કોણ કરે છે, કર્મકૃત છે કે જીવકૃત છે, કે પર્યાયકૃત છે પર્યાય, એ ત્રણને, એ વાતને છોડી દે તું હવે, રહેવા દે. ઘણું કર્યું તેં, ઘણું વાંચ્યું, ઘણો અભ્યાસ તે કરી લીધો અમને ખબર છે.

પણ એક વાત રહી ગઈ છે તારા ખ્યાલમાં આવતી નથી, તે વાત મારે કહેવી છે. જે પોતે પોતાથી શુદ્ધ હોવાથી નિરપેક્ષ તત્ત્વ છે. કોઈથી ઉત્પન્ન થયો નહીં હોવાથી, કોઈ કારણની એને જરૂર નથી, એની હૈયાતિ માટે. અનાદિ અનંત રહેવા માટે કોઈની એને જરૂર નથી. પરમાત્મા છે. પરમાત્માને કોની જરૂર હોય. અનાદિ સત્તારૂપ છે. અનાદિ અનંત છે. કદી વિનાશ પામતો નહીં હોવાથી અનંત છે.

આ પ્રમત્ત અપ્રમત્ત દશાઓ તો ક્ષણિક નાશવાન એક સમયનું જેનું આયુષ્ય છે અને સાપેક્ષ છે. ખરેખર તો એ અજીવનો વિસ્તાર છે. જીવનો વિસ્તાર નથી. બધું આ શાસ્ત્રમાં છે. કાંઈ મારા ઘરની વાત કરું છું એમ નહીં સમજતા. બધા આધારો મારી પાસે છે. આહાહા ! આ અજીવને જીવ માની બેઠો છે. જો સૂક્ષ્મ દૃષ્ટિથી જુઓ તો આ બધા, આત્મા સિવાય જેટલા ભાવો છે. (તે અજીવના ભાવો છે.) અજીવ અધિકારમાં એણે બધાને છેડે અજીવમાં નાખ્યા છે.

વિનાશ પામતો નહીં હોવાથી અનંત છે, અનાદિ અનંત નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી. હંમેશા એ પ્રગટ છે પરમાત્મા. પરમાત્મા પ્રગટ ન થાય. પર્યાય પ્રગટ થાય ને અસ્ત થાય. ઉદય અસ્તના ધર્મો પર્યાયમાં છે. પણ પરમાત્મા એ પ્રગટ થાય ને પછી અસ્ત થઈ જાય એવું એમાં નથી. એ તો છે, છે ને છે. નિત્ય હંમેશા ત્રિકાળ. ઉદ્યોતરૂપ પ્રગટ છે છે ને છે.

નિત્ય ઉદ્યોતરૂપ છે એમ. કેવળજ્ઞાન છે પણ અનિત્ય ઉદ્યોતરૂપ છે. કેવળજ્ઞાન તો છે એ પ્રકાશરૂપ છે (આ) નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી, ધ્રુવ છે. ધ્રુવ પરમાત્મા અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. પ્રત્યક્ષ છે આત્મા પરોક્ષ નથી. કે કેમ દેખાતો નથી ? કે તું દેખતો નથી. ખરેખર તો બાળ ગોપાળ સૌને એ તો દેખાય રહ્યો છે. પણ તું ત્યાં નજર નથી કરતો, પર્યાય ઉપર નજર કરે છે. પર્યાય ઉપર નજર કરતાં તને પરદ્રવ્ય લક્ષમાં આવશે

સ્વદ્રવ્ય લક્ષમાં નહીં આવે.

અરે આત્માનું ઉપયોગ લક્ષણ છે. અને એ ઉપયોગ લક્ષણ તો લક્ષને પ્રસિદ્ધ કરે છે ભાઈ. અલક્ષને પ્રસિદ્ધ ન કરે. તે ઉપયોગ રાગને ન જાણે ? કે ના. ઉપયોગ આઠ કર્મને ન જાણે ? કે ના. લોકાલોકને ન જાણે ? કે ના. લક્ષણ કેનું છે ઈ ? એ જ્ઞાયકનું લક્ષણ છે. લક્ષણ હંમેશા લક્ષને પ્રસિદ્ધ કરે, અલક્ષને પ્રસિદ્ધ ન કરે. શાક ખારું થઈ ગયું, તો ખારાપણાનું લક્ષણ તો નિમકનું, મીઠાનું છે. તો ખારાપણું તો મીઠાને જાહેર કરે છે કે શાકને ? ઈ તો મીઠાને જાહેર કરે છે. એમ ઉપયોગ લક્ષણ છે. લક્ષણ જેનું છે, જેનું એટલે આત્માનું લક્ષણ છે તો એને પ્રસિદ્ધ કરે જ છે.

ઉત્પાદ થઈને એ જ્ઞાયકને પ્રસિદ્ધ કરે છે. તારું લક્ષ ત્યાં નથી. ઉત્પાદ પરને પ્રસિદ્ધ કરીને વ્યય નથી થતો ઉપયોગ. ઉપયોગ રાગને, શરીરને, લોકાલોકને પ્રગટ કરીને વ્યય નથી થતો ઉપયોગ જ્ઞાયકને પ્રગટ કરી વ્યય થઈ, ફરી ફરી એને એ ઉપયોગ ફરી ફરીને ઉત્પન્ન થઈ, પ્રગટ થઈને વ્યય થાય. ઉત્પન્ન થઈ, પ્રગટ થઈ ને વ્યય થાય. એટલે સતરમી અઢારમી ગાથામાં કહ્યું કે આ બાળ ગોપાળ સૌને સદાકાળ, હંમેશા, એક સમયનો આંતરો પડ્યા વિના, અનુભૂતિ સ્વરૂપ એટલે જ્ઞાન સ્વરૂપ આત્મા નિરંતર અનુભવમાં આવે છે. અનુભવમાં આવે છે એટલે કે જણાય છે એમ. વેદનમાં નથી આવતો. વેદન તો લક્ષ કરે તો આનંદનું વેદન આવે છે, પ્રત્યક્ષ થાય છે. આહાહા !

જીવ વસ્તુ ચેતના લક્ષણથી જીવને જાણે છે એવું પણ એક અનુમાન છે. કળશ ટીકામાં લીધું છે. એવું ખ્યાલમાં આવી જાય છે. અનુભવ પહેલાં માનસિક જ્ઞાનમાં પણ કોઈ અપૂર્વ નિર્ણય, જેવો પદાર્થ છે આત્માનો, એવો નિર્ણય પહેલાં થઈ જાય છે અને પછી એને અનુભવ પણ થાય છે.

એટલે લક્ષણ લક્ષને પ્રસિદ્ધ કરે છે, અલક્ષને પ્રસિદ્ધ કરતું નથી. અને એ ઉપયોગનો દુરુપયોગ ઈ કર્યો કે મને આ જણાય છે, આ જણાય છે આ જણાય છે. પર પદાર્થની પ્રસિદ્ધના કારણો છે ઈન્દ્રિયજ્ઞાન તો, એ ઉપયોગનો આખો કનવર્ટ થઈને, ઈન્દ્રિયજ્ઞાન થઈને પરને પ્રસિદ્ધ કર્યા કરે છે. અને પરમાં એકત્વ કરે છે. ઈન્દ્રિયજ્ઞાન જેને જાણે એમાં એકત્વ કરે અને અતીન્દ્રિયજ્ઞાન આત્માને જાણે તો એમાં એકત્વ કરે. એકત્વરૂપે જાણે ને એકત્વરૂપે પરિણમે પણ ખરો. બીજી ગાથામાં લીધું છે. સ્વસમય ને પરસમયમાં. સમયસારની કોઈ અપૂર્વ વાત છે. અચિંત્ય ભાગવતી શાસ્ત્ર બહાર આવ્યું છે.

એવો જે જ્ઞાયક એક ભાવ છે. ઈન ટુ કોમા કરીને એક કહ્યું ભાવ છે. તે હવે સંસારની અવસ્થામાં એટલે સંસારની અવસ્થા છે. મિથ્યાત્વ આદિ એ સંસારની અવસ્થા કહેવાય.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણામ એ પરિણામનું નામ જ સંસાર છે. રાગરૂપે પરિણમે છે એ રાગની પર્યાયનું નામ જ સંસાર છે. સંસારની અવસ્થામાં અનાદિ બંધ પર્યાયની નિરૂપણાથી અપેક્ષાથી, અનાદિકાળથી પર્યાયની સાથે કર્મનો બંધ છે. દ્રવ્ય તો અબંધ રહ્યું છે તે વખતે. એક સમય માત્ર પણ ભગવાન આત્માને ભાવકર્મનો બંધ થતો નથી. થયો નથી ને થવાનોય નથી. માથા પછાડીને મરી જાઈશ તોય. વસ્તુ પોતાના સ્વભાવને છોડશે નહીં. તારું અજ્ઞાન થઈ જાશે. કર્મનો બંધ એને થતો નથી. એ તો મુક્ત પરમાત્મા છે. અબંધ સ્વભાવી છે.

સંસારની અવસ્થામાં અનાદિ બંધ પર્યાયની અપેક્ષાથી ક્ષીરનીરની જેમ, જેમ પાણી ને દૂધ એક વાસણમાં રહેલા છે. પણ એક ક્ષેત્રાવગાહ સંબંધ છે એનો. એનો સંયોગ સંબંધ નથી. એક ક્ષેત્રાવગાહ સંબંધ છે. પર્યાયનો સંયોગ સંબંધ છે. જ્ઞાનનો તાદાત્મ સંબંધ છે. રાગનો સંયોગ સંબંધ છે. આ તો એક ક્ષેત્રે બે પદાર્થ જુદા કહ્યા ને, ક્ષીર ને નીર બે પદાર્થ જુદા છે. એવો એક કર્મની સાથે અનાદિકાળનો એને દ્રવ્યબંધ છે. પણ એ દ્રવ્યબંધ કાર્મણવર્ગણાની સાથે બંધાયેલા છે પરમાણું. આત્માની સાથે બંધ છે નહીં એને. અને બંધાય છે ત્યારે આત્મા એમાં નિમિત્ત છે નહીં.

ભગવાન આત્માનાં નિમિત્તે કર્મનો બંધ ત્રણકાળમાં કોઈને કદી થાય નહીં ને થાય તો એ છૂટે નહીં. કદાચ આત્માને કારણે નિમિત્ત થઈ જાય અને બંધ થાય કર્મનો, એક સમય નિમિત્ત થાય, તો તો કર્મનો બંધ થાય જ અને છૂટે નહીં. તો આઠ કર્મથી રહિત કે દી' થાય. માટે બંધાવું એનો સ્વભાવ નથી. બંધાવું સ્વભાવ નથી એટલે મુકાવું ઈ સ્વભાવ નથી. એ તો મુક્ત છે અનાદિ અનંત. વસ્તુને કયાં બંધ છે. પર્યાયમાં બંધ છે. ભાવબંધ પણ છે એના નિમિત્તે કર્મનો બંધ પણ થાય. એ બધી વાતો છે. પણ એ વાત જ્ઞાયકભાવમાં નથી ક્યાંય. આહાહા ! બહારમાં બધું છે અંદરમાં કાંઈ નથી ભાઈ. કચરોય કાંઈ અંદરમાં નથી, એ તો પવિત્ર પરમાત્મા બિરાજમાન છે.

ક્ષીરનીરની જેમ કર્મપુદ્ગલોની સાથે એકરૂપ હોવા છતાં, જો કર્મ પુદ્ગલો કહ્યાને, ભાવકર્મ નહીં, કર્મપુદ્ગલો કહ્યા, બે પદાર્થ ભિન્ન છે ને ક્ષીરનીરની જેમ એની માફક આમ હોવા છતાં, હવે જો કર્મનો બંધ છે, કર્મનો ઉદય આવે છે, કર્મના ઉદયમાં સંસારી જીવ જોડાય છે, અને કર્મના ઉદયમાં જોડાતા શુભાશુભભાવ પર્યાયમાં થાય છે, અને શુભાશુભ ભાવનું નિમિત્ત પામીને નવી પુણ્ય પ્રકૃતિ ને પાપ પ્રકૃતિનો આવાગમન બંધ પણ થાય છે. આ બધી વાત બે લીટીમાં લખી છે. એ આપણે હમણાં જોઈએ. લખી છે એનો આપણે વિસ્તાર કરશું.

કે દ્રવ્ય સ્વભાવની અપેક્ષાથી જો તો, જોવામાં આવે તો દુરંત કષાયચક્રના ઉદયની,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કષાય સમૂહના અપાર ઉદયોની, વિચિત્રતા એટલે અનેકતાના વશે પ્રવર્તતા જે પુણ્ય પાપને ઉત્પન્ન કરનારા. પુણ્ય ને પાપની નવી પ્રકૃત્તિ ઉત્પન્ન થાય છે, એને ઉત્પન્ન થવામાં નિમિત્ત કારણ કોણ છે ? ઉપાદાન કારણ તો પુણ્ય-પાપની પ્રકૃત્તિ પોતાની છે. એની યોગ્યતાથી પુણ્ય પાપની પ્રકૃત્તિ, એના અનુભાગ, સ્થિતિ ઈ બધું એનાથી થાય છે. આત્માથી તો નહીં, પણ એનાથી થાય છે. પણ એમાં નિમિત્ત કારણ કોણ છે ? કે કર્મના ઉદયમાં જોડાતા શુભાશુભભાવ થાય પર્યાયમાં.

(કહે છે) પ્રવર્તતા પુણ્ય પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત, અનેકરૂપ શુભાશુભભાવો, થાય છે શુભાશુભભાવો. જૂના કર્મનાં ઉદયમાં જોડાય છે, ભાવકર્મ પર્યાયમાં થાય છે શુભાશુભ, એના નિમિત્તે નવી પુણ્ય-પાપની પ્રકૃત્તિ બંધાય છે. એ બધી વાત સાચી છે. જુઠી નથી વાત સાચી છે. બહારની વાત બહારમાં સાચી છે. અંદર જો તો એ વાત સો ટકા જુઠી છે. કથંચિત્ સાચી છે એમ નહીં. મરી ગયો કથંચિત્‌માં સ્યાદ્‌વાદમાં, અનેકાંતમાં. આહાહા ! અનેકાંતમાંથી એકાંત કાઢી શક્યો નહીં.

(શ્રોતા : બહારની સાચી વાત સ્વીકારી લીધી. અંદરની સાચી વાત સ્વીકારી નહીં) અંદરમાં શુભાશુભભાવ થાય છે ને એના નિમિત્તે નવી પુણ્ય-પાપની પ્રકૃત્તિનો બંધ થાય છે. પણ હવે કહે છે કે શુભાશુભ ભાવ થાય છે એ વાત હવે મહત્ત્વની આવે છે. કે શુભાશુભ ભાવ થાય છે તોપણ એના સ્વભાવે પરિણમતો નથી. ઉદયભાવરૂપે આત્મા પારિણામિકભાવ પરિણમે છે ? તો તો જડ થઈ જાય એમ કહેશે હમણાં. આહાહા ! આ તો સમયસાર છે. દ્રવ્યાનુયોગનો ઉત્કૃષ્ટ ગ્રંથ. આહાહા !

આપણાં ભાગ્યમાં સમયસાર ગ્રંથ આવ્યો. આપણે તો સ્થાનકવાસી. આપણને લોટરી લાગી ગઈ હો. (શ્રોતા :- બધાને લાગી ગઈ) હા. બધાને બધા માટે છે. ચક્રવર્તીના પુણ્ય કરતાં પણ પુણ્ય વધી જાય ત્યારે હજી કુંદકુંદભગવાનની વાણી કાન ઉપર આવે. હજી વાણી હો, પછી એનો ભાવ પકડે, પ્રયોગ કરે ને અનુભવ કરે એ એના પુરુષાર્થની વાત છે.

પુણ્યપાપને ઉત્પન્ન કરનાર અનેકરૂપ શુભાશુભભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી. શુભાશુભભાવ થાય છે એમ રાખ્યું, એના નિમિત્તે પુણ્ય પાપની પ્રકૃતિબંધ થાય છે એ પણ સિદ્ધ કર્યુ. કોઈ વાતને છોડતા નથી. નિષેધ કરવા માટે જ્ઞાન કરાવે છે. શું કહ્યું ? આ વ્યવહારનું જ્ઞાન શા માટે કરાવતા આવે છે. વ્યવહારની વાત તો ઠેક ઠેકાણે શાસ્ત્રમાં છે. જિનવાણી દ્વિનયાશ્રિત છે. એકાંતે નિશ્ચયની વાત કરે ને વ્યવહારની વાત ન કરે એમ નથી. વ્યવહારની વાત તો વધારે કરે. નિશ્ચયની વાત તો આવે, તો વ્યવહાર શા માટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દર્શાવ્યો છે ? કે નિષેધ કરવા માટે. એમ ને એમ નિષેધ નહીં થાય. નિશ્ચયનય વડે નિષેધ થાશે. એમ ને એમ અદ્ધરથી તું કહે કે રાગ મારામાં નથી, રાગ પુદ્‌ગલનાં પરિણામ છે ને દુઃખ મારામાં નથી. એલા પણ સુખ સ્વભાવી આત્માને જોયા વગર દુઃખ મારામાં નથી. શું અદ્ધરથી વાત કરશ. પહેલાં અંદર જોને. આહાહા !

શુભાશુભભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી જ્ઞાયકભાવ. એ જડભાવ કહ્યો શુભાશુભભાવને. આમાં લખ્યું છે હો જયચંદ પંડિતનું છે આ કરેલું. આ કાંઈ હિમતભાઈનું કરેલું નથી. એનો અનુવાદ કરેલો છે એનું ગુજરાતી છે આ. જ્ઞાયકભાવથી જડભાવરૂપે થતો નથી. જડ કેમ કહ્યો શુભાશુભભાવને ? કે પોતાને જાણતો નથી ને પરને પણ જાણતો નથી. આંધળો છે શુભાશુભભાવ. આહાહા ! આકુળતાને ઉત્પન્ન કરનારા છે શુભાશુભભાવ. ભાઈ ! એ આત્મા, ભગવાન આત્મા ! દયાના પરિણામ થાય ખરા, સાંભળવાના પરિણામ, દેશનાલબ્ધિના પરિણામ સાંભળે ઈન્દ્રિયજ્ઞાન, આત્મા સાંભળતો નથી. એ ધ્યાન રાખજો.

આ તો પર્યુષણ પર્વ છે ને. તો ઊંચો માલ હોય ને. હવે ઘણું સાંભળ્યું, બધું આવી ગયું. નથી આવી ગયું એમ નહીં. બધું આવી ગયું. હવે પછી આયુષ્ય ઓછું થતું જાય એમ ત્વરાએ કામ કરવું જોઈએ ને.

જ્ઞાયકભાવથી જડભાવ રૂપે થતો નથી. જડભાવ કહ્યા શુભાશુભભાવને, એને તું ધર્મ માનશ. શુભભાવ કરીએ કે દયા, દાન, કરુણા, કોમળતા, જાત્રા, ભક્તિ. ભાઈ ! હોય. જ્ઞાનીને પણ શુભભાવ આવે છે પણ એ શુભભાવને પોતાનો સ્વભાવ માનતો નથી. અને એ ધર્મનું સાધન માનતો નથી. અરે પરંપરા તો કહો, તો કહે ના એમ છે નહીં. એમ છે નહીં. રાગ પરંપરાએ રાગ કરતાં કરતાં વીતરાગભાવ પ્રગટ થાય એમ છે નહીં બાપુ. તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી.

તે જ, હવે કહે છે, તે જ, એવું જ્ઞાયકનું સ્વરૂપ તે જ, સમસ્ત અન્યદ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે. આ લીટીમાં મર્મ છે થોડો. પોતાના પરિણામમાં રાગ થાય છે, એનાથી ભિન્ન પડીને આત્માનો અનુભવ કરવો એમ નથી કહ્યું. નૈમિત્તિક ભાવ થાય ને નિમિત્ત ઓલું કર્મનો ઉદય. અહીંયા નૈમિત્તિક એ પરભાવ કહેવાય. એ પરદ્રવ્યનો ભાવ કહેવાય. એનાથી ભિન્ન આત્માની ઉપાસના કરવી એમ ન કહ્યું. પણ સમસ્ત અન્ય દ્રવ્યના ભાવોથી, આ રાગ, દ્વેષ, ગુણસ્થાન, માર્ગણાસ્થાન બધા અન્ય દ્રવ્યના ભાવો છે. એટલે કે એમાં તું જોડાઈશમાં, એની સત્તામાં છે.

રાગ બે જગ્યાએ થાય, થાય ત્યાં સુધી બે જગ્યાએ થાય છે. સંજ્ઞ, અસંજ્ઞ આસ્ત્રવ બે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રકારના છે. એક નિમિત્તમાં રાગ થાય છે. અને જો તેમાં જોડાય તો ક્ષણિક ઉપાદાનમાં રાગ થાય. પણ આત્મામાં તો થતો જ નથી. આહાહા ! એટલી જુદાઈ રહી ગઈ છે અજ્ઞાન દશામાં પણ, અજ્ઞાનદશામાં રાગ અને આત્માનું એકત્વ થતું નથી. એકત્વ થાય તો જડ થઈ જાય આત્મા. રાગ ને આત્મા ત્રણેકાળ ભિન્ન જ રહે છે અંદરમાં. એટલી તો જુદાઈ અંદર છે જ. એવું માને તો સમ્યગ્દર્શન થઈ જાય. બાકી આવે ઘણું શાસ્ત્રમાં. જ્યારે આત્મા શુભભાવે પરિણમે તે કાળે એ શુભભાવરૂપે છે. અશુભભાવરૂપે પરિણમે તે કાળે તે સમયે અશુભરૂપ છે આત્મા. શુદ્ધરૂપે પરિણમે એવું બધું ઘણું આવે, પાર વગરનું આવે. ભાઈ એ બધું એમાંથી, આ અટપટી વાતમાંથી માલ કાઢી નીકળી જાય કોઈ વિરલો, બાકી અટકી જાય.

અન્ય દ્રવ્યના ભાવો, જીવના ભાવો નથી આ. રાગ-દ્વેષ, મોહ, ઈન્દ્રિયજ્ઞાન એ જીવનો ભાવ નથી. એ અન્ય દ્રવ્યનો ભાવ છે. ઈન્દ્રિયજ્ઞાન છે એ જ્ઞેયનો ભાવ છે. રાગાદિ છે એ કર્મકૃત, કર્મનોભાવ છે. એની સત્તામાં થાય છે. અહીંયા આવતાં જ નથી. અન્ય ઠેકાણે થતાં ભાવો, નિમિત્તના ભાવો નિમિત્તમાં છે. પણ જ્ઞાયકમાં તો આવતા નથી. પણ જ્ઞાયકમાં એક ઉપયોગ પ્રગટ થાય છે એ ઉપયોગમાં પણ ઉપયોગ જ છે. એ ઉપયોગમાં એ પુદ્ગલના ભાવો આવતા નથી.

અહીંયા ક્રોધ થઈ જાય તો તો ઉપયોગમાં ક્રોધ આવે ? ન આવે એ પ્રકાર રહે. પણ ક્રોધ પુદ્ગલમાં થાય છે. ક્રોધ નામનું પુદ્ગલ દ્રવ્ય છે. એનો અનુભાગ છે. કે ઈ એનો અનુભાગ ક્યાંથી આવ્યો એમાં ? ક્યાંથી આવ્યો ક્રોધ ? ક્રોધ તો આત્મામાં થાય. દ્રવ્યકર્મમાં ક્રોધ થાય, કે હા એ આવ્યો ક્યાંથી ? એનો ખુલાસો, કળશ ટીકામાં ત્રીજા કળશમાં કર્યો છે એના પૂર્વે અજ્ઞાનભાવે પરિણમ્યો'તો એનું નિમિત્ત પામીને એના અનુભાગરૂપે એ પરમાણું બંધાણાં છે. એનો ઉદયકાળ આવે અબાધા કાળ આવે, ઉદયમાં આવે છે ને એ જોડાય, રાગમાં જોડાય તો રાગ થાય ને એ જ્ઞાન આત્મામાં જોડાય તો, તો રાગ ક્યાં થાય. આહાહા !

ઉદય કહેતો નથી કે તું મારી સામે જો અને જ્ઞાન પણ ઉદયની સન્મુખ થતું નથી. સન્મુખ ઈન્દ્રિયજ્ઞાન થાય છે. આત્માનું જ્ઞાન પરને જાણતું જ નથી. આ કુંદકુંદ ભગવાનની દેણ છે. આહાહા ! અનાદિ અનંત ભૂતકાળમાં આત્માના જ્ઞાને પરને જાણ્યું ? કે ના, અત્યારે જાણે છે ? કે ના. ભવિષ્યે જાણશે ? કે ના. આહાહા ! એ ચમત્કારીક વાત છે બહુ ઊંચા પ્રકારની. શાસ્ત્રમાં છે બધું. સેટીકાની ગાથામાં છે. બીજે ઘણી જગ્યાએ છે. ૩૭૩ થી ૩૮૨ ગાથામાં છે. ધ્યાન ખેંચાવું જોઈએ. ધ્યાન ન ખેંચાય ત્યાં સુધી એને પરને હું જાણું છું એવું શલ્ય રહેતાં ઈન્દ્રિયજ્ઞાનનો જન્મ થાય છે. અને અતીન્દ્રિયજ્ઞાન સમયે સમયે અસ્ત થઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જાય છે. સમય સમયનો હિસાબ છે આ. એ આપણે લેશું હમણાં. બીજા પારામાં આવશે ત્યારે લેશું. જ્ઞેયાકાર અવસ્થા આવશેને ત્યારે વધારે ખુલાસો એનો કરશું.

અન્ય દ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવામાં આવે છે. હવે ઈ ઉપાસના કેમ કરવી ? ઈ આરાધના કેમ કરવી ? પર્યુષણ પર્વ છે ને. આરાધનાના દિવસો છે ને. એ ભગવાન પરમાત્માની આરાધના ઉપાસના કેમ કરવી. બે પ્રશ્ન પૂછ્યા છે. એમાં એક પ્રશ્નનો ઉત્તર આપી દીધો. હવે એ આત્મા કેમ જણાય. એનો ઉત્તર હવે આપશે, સમજી ગયા. આજે પોણો કલાક લેવું છે. પછી કાલ કદાચ ઠીક હશે તો કલાક કરશું. શું કરીએ ? શું થાય ? કાંઈ વાંધો નહીં. તો પણ પોણા કલાકમાં ઘણું આવી ગયું.

## પ્રવચન નં. ૨૫
### પર્યુષણ પર્વાધિરાજ દિવસ-૨ - રાજકોટ
### તા. ૧૮-૯-૯૬

દસ લક્ષણ પર્વનો આજે ઉત્તમ માર્દવ એટલે નિરાભિમાનતા, ઉત્તમ ક્ષમા પછીનો બીજો દિવસ છે. ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ, ઉત્તમ બળ, જ્ઞાન વગેરેના અભિમાનનો ત્યાગ તે માર્દવ છે. આ માર્દવ ધર્મનું અંગ છે. જેઓ પોતાની સમ્યગ્જ્ઞાનરૂપી દૃષ્ટિથી સમસ્ત જગતને સ્વપ્ન તથા ઈન્દ્રજાળની સમાન દેખે છે. તેઓ તે ઉત્તમ નિરાભિમાનપણે કેમ ન ધારે અર્થાત્ અવશ્ય ધારણ કરે છે. આ સમ્યગ્દર્શનપૂર્વકના ચારિત્રના દશ ભેદ છે. એ મુનિરાજને હોય છે.

હવે આપણે સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય ચારિત્ર પહેલાં, જે ગુરુદેવની મુખ્ય પ્રણાલિકા અથવા ઉપદેશ હતો. કે પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરો, પછી ચારિત્રની વાત હોય. પહેલાં ચારિત્રની વાત ન હોય.

હવે સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય. એ આ છઠ્ઠી ગાથામાં આખો એનો વિષય આવ્યો છે. સંપૂર્ણ વિષય આવી ગયો છે. આ છઠ્ઠી ગાથાનો વિસ્તાર એનું નામ ૪૧૫ ગાથા છે. આ સંક્ષેપમાં દૃષ્ટિનો વિષય પણ પૂરો આમાં છે અને જ્ઞાનનો વિષય જે જ્ઞેય થાય છે અનુભવના કાળમાં, એની પ્રક્રિયા પણ આમાં પૂરેપૂરી આપી દીધી છે.

હવે અનાદિકાળથી જીવને વ્યવહારનો પક્ષ છે. એ વ્યવહારના પક્ષના બે પ્રકાર છે. કે આત્મા પરિણામથી રહિત હોવા છતાં પણ અનાદિકાળથી પોતાના અજ્ઞાનને કારણે અથવા જેને ભેદજ્ઞાનની શક્તિ બિડાઈ ગઈ છે, ઉઘડી નથી, એવા પ્રાણીઓ પોતાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આત્માને પર્યાયથી સહિત માને છે. એ મિથ્યાદર્શન ને મિથ્યાજ્ઞાન છે. તે આચાર્ય ભગવાન પહેલાં પારામાં શ્રદ્ધાનો વિષય બતાવી, એ શ્રદ્ધાનો દોષ નીકળી જાય અને દૃષ્ટિનો વિષય એના ખ્યાલમાં આવી જાય બરાબર, પછી જો પ્રયોગ કરે તો એને અનુભવ થાય.

એટલા માટે આચાર્ય ભગવાને ફરમાવ્યું કે આ જ્ઞાયકભાવ છે તે જ્ઞાયકભાવમાં, શુદ્ધાત્મતત્ત્વમાં, આશ્રયભૂત તત્ત્વમાં જેમાં અહં કરવું છું એવા સ્વભાવમાં, પ્રમત્ત અપ્રમત્ત દશાઓ નથી. એવો શુદ્ધાત્મા લક્ષમાં લેવા જેવો છે. અને એની ઉપાસના કરવા જેવી છે. ઉપાસના કરવાથી આત્મા શુદ્ધ છે એમ એને અનુભવમાં આવી જાય છે. પણ દૃષ્ટિના વિષયની જેને ભૂલ છે કે આત્મા પર્યાયથી સહિત છે, રાગથી સહિત, ઉત્પાદ વ્યયથી સહિત, બંધ મોક્ષથી સહિત. છે રહિત અનાદિ અનંત રહિત છે, એક સમય માત્ર પણ દૃષ્ટિના વિષયમાં કથંચિત્ નથી. કથંચિત્ સહિત ને કથંચિત્ રહિત એ દૃષ્ટિના વિષયમાં નથી. સર્વથા ભિન્ન છે પર્યાય માત્ર.

બંધ મોક્ષના પરિણામ આત્માથી સર્વથા ભિન્ન છે. કથંચિત્ ભિન્ન ને અભિન્ન એ વસ્તુમાં નથી. આ વસ્તુ પહેલી એને ખ્યાલમાં આવે, જે ૪૫ વરસ સુધી જે ઉપદેશ આપ્યો ગુરુદેવે, એ ઉપદેશની મુખ્ય ધ્વનિ આ હતી. કે તું તારા આત્માને પરિણામથી ભિન્ન જાણ. પુણ્ય પાપના પરિણામથી તારો આત્મા ભિન્ન છે. શુભાશુભભાવોથી તારો આત્મા ભિન્ન છે. નવ તત્ત્વના ભેદમાં સંવર, નિર્જરા ને મોક્ષ, જે પ્રગટ થાય છે ત્યારે પણ તારો આત્મા એનાથી સહિત નહીં થાય રહિત જ રહેશે. મોક્ષની પર્યાય પ્રગટ થાશે, ત્યારે પણ તારો ભગવાન જે આત્મા છે દૃષ્ટિનો વિષય, એ આજે રહિત થયો એ અનાદિ અનંત રહિત જ રહેશે તારી શ્રદ્ધામાં, દૃષ્ટિમાં. સહિતપણે તારી શ્રદ્ધામાં એ આવવાનો જ નથી. કેમ કે વસ્તુ એવી નથી.

પછી સહિતનો પાઠ અમે જ્યારે જ્ઞેયની પ્રધાનતા આવશે ત્યારે બતાવશું તમને, પણ પહેલાં આ પારામાં જો પરિપક્વતા હશે તો બીજા પારામાં આવશે. આજે બીજો પારો આપણે લેવાનો છે. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે. એ બીજો પારો આજે લેવાનો છે. એટલે પહેલો પારો પરિપક્વ થઈ ગયો હોય, તો જ આ બીજા પારાનું રહસ્ય એને ખ્યાલમાં આવશે. અને એ પ્રયોગ કરશે તો સફળ થાશે. બાકી ચાર ચાર, છ-છ, આઠ આઠ કલાક ધ્યાનમાં બેસશે, તો પણ ધ્યેયની ભૂલ છે તો ધ્યાનની ભૂલ છે. ધ્યેયના સ્પષ્ટ જ્ઞાન વિના કદી પણ ધર્મધ્યાન પ્રગટ થઈ શકતું નથી. એટલે પહેલી ધ્યેયની ભૂલ કાઢવાની જરૂર બહુ છે. અને એના ઉપર ગુરુદેવે ખૂબ વજન આપીને આપણને ખૂબ સમજાવ્યા છે.

હવે કેટલાક જીવોને એ શ્રદ્ધાનો વિષય બેસી ગયા પછી પણ એને અનુભવ થતો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. એક પડખું લગભગ જ્યાં સુધી એની બુદ્ધિ પહોંચે છે ત્યાં સુધી, ચોખ્ખું થયું છે. અનુભવ થયો નથી હજી, એ કહ્યું છે. એ વ્યવહારથી કહ્યું છે. આ વ્યવહારના વાક્યમાંથી તને જો નિશ્ચય કાઢતા આવડે તો તારું કામ થાશે. નહીંતર સ્વપરપ્રકાશકના નામે પણ તું રહી જાઈશ. એટલે સ્વજ્ઞેય આત્મા છે અને પરજ્ઞેય આત્મા સિવાયના જગતના સર્વ પદાર્થ, જેણે આ સ્વજ્ઞેય ને પરજ્ઞેયની ગુંચવણ, કોયડો સમજી લીધો, પોતે તો સમજી લીધો છે. પોતાને કોઈ કોયડો નથી. તેણે બધું જાણી લીધું છે. આ કોયડાનો ઉકેલ આપણે કરવાનો છે. કરવાનો છે એટલે થઈ શકે છે. ન થઈ શકે એવી વાત ન લખે જ્ઞાની. થઈ શકે છે.

અમારી બહુ નાની ઉંમરની વાત કરું છું બાર તેર વરસની ઉંમરની નાના બાળકો ભેગાં થાય, ત્યારે કોયડા ઉત્પન્ન કરે ને પછી તેનો ઉકેલ કરવાનું કહે. એમાં એક યાદ છે. ત્રણ ચાર હતા પણ બધા ભૂલાઈ ગયા છે. એક યાદ છે. એક કુટુંબને ચાર જમાઈ હતા. તો ચાર જમાઈને જમવાનું કહ્યું તો એને પીરસવાના તો સરખા લાડવા હોય ને, કોઈને બે લાડવા ને કોઈને ચાર લાડવા, એમ તો તો અગાઉના કાળમાં જમાઈ જરા, (સમજી ગયા) અત્યારે તો ફેર પડી ગયો. તો હવે કહે છે કે એ ચાર જમાઈને જમવાનું કહ્યું અને સાસુજી આવ્યા. અને પહેલા જમાઈને લાડવા પીરસ્યા. એ લાડવાની થાળી બાકી વધ્યા એ રસોડામાં લઈ ગયા. ત્યાંથી ડબલ કરીને આવ્યા લાડવા, અને પહેલાં જમાઈને જેટલા પીરસ્યા એટલા જ પીરસવા જોઈએ ઓછા વતા તો ચાલે નહીં. બીજાને એટલા પીરસ્યા પછી અંદરમાં જઈ ત્રણ ગણા કરી આવ્યા. ત્રીજાને, પહેલાં-બીજાને જેટલા પીરસ્યા એટલા આપ્યા. બાકી વધ્યા એને ચાર ગણા કર્યા. ચારે ગણા થયા લાડવા આખી થાળી એમાં. તો એમાં મૂળ લાડવા કેટલા અને દરેકને પીરસ્યા કેટલા. એનું નામ કોયડો કહેવાય.

એમ આ સ્વપરપ્રકાશક શક્તિ એ કોયડો છે. આ કોણ, જ્ઞાની થઈ ગયા છે હો. આગ્રામાં બનારસીદાસ તેઓએ નાટક સમયસારની રચના કરી. એણે રાજમલ્લજી સાહેબની કળશ ટીકા હાથમાં આવી, એમાં એમની દૃષ્ટિ નિર્મળ થઈ ગઈ. એ લખે છે કે આ એક કોયડો કહું છું કે જ્ઞાન આત્માને જાણે છે અને આત્મા સિવાય પરને જાણે છે. એવી સ્થિતિ છે. એ તો કોયડો છે. ગૂંચવણ છે.

આવું હું લખું છું એવું છે કે આનાથી કાંઈક જુદું છે. કાંઈક તને લાગે તો કાઢજે. તો તારું કામ થઈ જાશે. અમે જે આ વાત કરીએ છીએ, સ્વપરપ્રકાશક શક્તિ, સ્વપરને જાણે એ પ્રમાણ જેનું લક્ષણ એવો વ્યવહાર કહ્યો છે. અને પ્રમાણમાંથી જો નિશ્ચય કાઢે એ ક્યારે કાઢી શકે કે વ્યવહારનો નિષેધ કરે તો જ નિશ્ચય પ્રગટ થઈ શકે. અને એ પક્ષમાં આવ્યા પછી પક્ષાંતિક્રાંત થઈને અનુભૂતિ થઈ શકે, એટલે આ કોયડો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે સ્વપરપ્રકાશક શબ્દ બહુ પ્રસિદ્ધ છે. દીવાના દૃષ્ટાંતે પણ જ્ઞાનીઓએ સ્વપર પ્રકાશક, જેમ દીવાની શક્તિ છે એમ આત્માની શક્તિ પણ છે. સ્વપરપ્રકાશક છે. પછી સ્વપરપ્રકાશકનો અર્થ કર્યો, કે સ્વ પણ જણાય ને પર પણ જણાય. પછી એ અર્થ કરતાં કરતાં આગળ વધીને એમ કહ્યું કે જ્ઞાન આત્માને પણ જાણે ને પરને લોકાલોકને પણ જાણે છે. એમ ધીમે ધીમે આખું અર્થઘટન કરીને, જગતના જીવોને સ્વપરપ્રતિભાસ છે એનું અર્થઘટન સમજતા નહોતા એટલે વ્યવહાર દ્વારા પરમાર્થ સમજાવવાનો આશય છે. એટલે સ્વપરના પ્રતિભાસનો અર્થ કર્યો કે સ્વપરપ્રકાશક છે.

હવે આજથી બે હજાર વર્ષ પહેલાં કુંદકુંદ આચાર્ય ભગવાન થયા. એમણે એક અપૂર્વ વાત પ્રવચનસાર શાસ્ત્રમાં ૧૨૪ ગાથામાં લખી છે. એમાં એમ લખ્યું કે ''અર્થ વિકલ્પ જ્ઞાનં પ્રમાણં'' હવે પોતે લખે છે કે અર્થ એટલે શું ? એ અર્થ કર્યો છે એમાં. અર્થ એટલે સ્વ અને પર તેના વિભાગપૂર્વક યુગપદ્ બેયનું અવભાસન, પ્રતિભાસન. બેયનું ઝલકવું, એકાર્થ વાચક છે. પ્રતિભાસ કહો, અવભાસન કહો, કે બે પદાર્થ ઝલકે છે કહો, એકાર્થ વાચક છે. તો કહે છે કે એવું વસ્તુનું સ્વરૂપ છે.

આ બધી ભૂમિકા બંધાય છે કે સ્વપરપ્રકાશકમાંથી સ્વપ્રકાશક કાઢતાં આત્માનો અનુભવ થાય છે. સ્વપરપ્રકાશકના પક્ષમાં આત્માનો અનુભવ થઈ શકતો નથી. પણ એ વ્યવહાર હોવાથી, એ દૃઢત્તર થતાં મિથ્યાત્વ દૃઢ થાય છે. ગળતું પણ નથી. એનાં ઘણાં આધારો મારી પાસે છે ને આધારો ભેગા કરવાનું કારણ પણ છે. જો અનુકૂળતા હશે શારીરિક તો, દીવાળી પછી કલકત્તા જવાનું છે. ત્યાં આ વિષય મારે ખાસ ચર્ચવો છે. અહીંથી ચર્ચવાની શરૂઆત આજથી થવાની છે. મારા એજંડા ઉપર અત્યારે સ્વપરપ્રકાશક છે.

કે સ્વપરપ્રકાશકનું રહસ્ય શું છે ? સ્વપરપ્રકાશક તો બધાય જાણે છે ને બધાય માને છે. કોઈ નથી માનતા એમ નહીં કે જ્ઞાનનો સ્વભાવ શું ? કે દીવાની માફક સ્વપર પ્રકાશક. આપણે પૂછીએ કે અનુભવ થયો ? તો કહે ના. અનુભવ નથી થયો. તો કાંઈક એમાં રહસ્ય છે. કોયડો છે એમ આ લખે છે. ઈ કોયડો આપણે ઉકેલવાનો છે. ઉકલી જાય એવો છે. કોઈને ઉકલી ગયો, કોઈને આજ ઉકલશે, કોઈને કાલ ઉકલશે. ન ઉકલે એવી વાત છે નહીં. એના માટે ઘણાં આધારો છે. થોડા આધાર આપું અત્યારે.

પુરુષાર્થ સિદ્ધિ ઉપાય અમૃતચંદ્ર આચાર્યનું શાસ્ત્ર છે સ્વતંત્ર. એમાં પહેલો જ શ્લોક છે. જેમાં દર્પણની સપાટીની પેઠે, જેમાં એટલે જ્ઞાનમાં. દૃષ્ટાંત આપે છે કે દર્પણની સપાટીની પેઠે. દર્પણની સપાટીમાં, દર્પણના દળમાં નહીં, દર્પણની પર્યાયમાં બધા પદાર્થો યુગપદ્

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક સમયમાં પ્રતિભાસે છે દર્પણમાં. દર્પણની સામે ગમે એટલી ચીજો હોય એ ચીજો તો દૂરવર્તી ચીજો પણ પ્રતિભાસે, તો નિકટવર્તી પર્યાયનો આધાર જે દર્પણ દળ આખું એ તો એમાં પ્રતિભાસે, અને એ પર્યાયથી એનું દળ જે છે ત્રિકાળી એ કથંચિત્ અભિન્ન છે. અને એ પર્યાયમાં બહારના પદાર્થો પ્રતિભાસે છે, એ તો સર્વથા ભિન્ન છે. કથંચિત્ ભિન્ન અભિન્ન એમાં આવતું નથી.

કોલસાની કાળપ એમાં પ્રતિભાસે છે. તો એ કાળપ કથંચિત્ દર્પણમાં આવે કે ના આવે ? તો એ કાળપનો પ્રતિભાસ થયો એવી સ્વચ્છતા છે, એ તો દર્પણની અવસ્થા છે. અને એ દર્પણની અવસ્થા, કોલસાના પ્રતિભાસ વખતે દર્પણની સ્વચ્છ અવસ્થા કોલસાને પ્રસિદ્ધ કરતી નથી. પણ અરીસાના ત્રિકાળ સ્વચ્છ સ્વભાવને પ્રસિદ્ધ કરે છે.

આ હવે ધીમેધીમે આપણે સ્વયંભૂરમણ સમુદ્ર છે. એની નીચે ગુરુદેવ કહેતા'તા, ફરમાવતા'તા કે રતનના બધા પથ્થરો ટાંકેલા છે. આમ રેતી બેતી કાંઈ નથી. એમ આ જ્ઞાનરૂપી મહાસમુદ્ર છે આત્મા, એમાં એના ઊંડાણમાં જતાં ત્રણ રતન હાથમાં આવી જાય છે. એટલે હવે આપણે થોડું સમુદ્રના કાંઠે ઉભીને ન જોતાં, થોડી ડૂબકી મારવી પડશે. ડૂબકી તો પોતાને મારવી પડશે. કોઈ એનું કામ બીજો નહીં કરી દે. એવો એક વિષય બહુ સુંદર, સરસ સમજવા જેવો અને સમજી શકાય એવો છે.

અહીંયા તો અમારે ત્યાં ઘણાં વખતથી ચાલે છે રાજકોટમાં, કે પંદર વર્ષ પહેલાં કોઈ સ્વીકારતું નહોતું. પણ છેલ્લા પંદર વરસમાં તો ઘણા ભાઈઓ બહેનો, એને આ વાત પોતાથી સમજણપૂર્વક સમજીને અવધારી છે. અવધારેલી વાતને પ્રયોગ કરશે તો એને અનુભવ પણ થાશે. એટલે અત્યારે આખા ભારતની અંદર એક સ્વપરપ્રકાશકનું શું છે, એનો વિવાદ ઊભો થઈ ગયો છે. કે જ્ઞાન સ્વપ્રકાશક છે કે સ્વપરપ્રકાશક છે. ક્યાંક ક્યાંક તો એમ કહે કે આ સ્વપરપ્રકાશકની ચર્ચા બંધ કરો. હું કહું છું કે સ્વપરપ્રકાશકની ચર્ચા ખુલ્લે આમ કરો. બધ કરવાનું શું કારણ છે. સ્વપરપ્રકાશકમાં રહસ્ય ભરેલું છે. સ્વપરપ્રતિભાસમાં ભેદજ્ઞાન છે. સ્વપરપ્રકાશકમાં ભેદજ્ઞાન નથી. સ્વપરના પ્રતિભાસમાં ભેદજ્ઞાન જીવંત છે. અને જ્ઞાન સ્વપરને જાણે છે એમાં ભેદજ્ઞાનની શક્તિ બિડાઈ જાય છે. અજમેરાભાઈ !

એમાં પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં લખે છે આચાર્ય મહારાજ ભાવલિંગી સંત કે દર્પણમાં જેમ સ્વપર પદાર્થો પ્રતિભાસે છે એની માફક એની પેઠે, દૃષ્ટાંત. બધા પદાર્થોનો સમૂહ, બધા પદાર્થ અનંતા જીવો, અનંતા અનંત પુદ્‌ગણ પરમાણુંઓ, બધા પદાર્થો, એકએક પદાર્થ, ભૂત-ભવિષ્ય-વર્તમાન ત્રણ પર્યાય સહિત, ભૂતની ગઈ, વર્તમાન છે અને ભવિષ્યમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

થશે પર્યાયો એની, એકેએક પરમાણું ને એકએક જીવની, ત્રિકાળવર્તી પર્યાય સહિત ત્રિકાળવર્તી દ્રવ્ય, પ્રત્યેક જીવને એના વર્તમાન જ્ઞાનના ઉઘાડમાં પ્રતિભાસે છે.

આ પહેલો પાઠ સમજાણા પછી, પ્રતિભાસનો જ આવિર્ભાવ થાય છે. ઈ એનાં કરતાં આ વધારે સૂક્ષ્મ છે. પણ હમણા એ વિષય આજે નથી લેવો પછી લેશું. ક્યાંય એમાં પર તો જણાવાનું આવશે જ નહીં. પ્રતિભાસનો આવિર્ભાવ આવશે. પણ પર જણાશે નહીં તને પાછળથી કોઈ કાળે, વાટ જોયા કરજે. કેવળજ્ઞાન થઈ જશે તને. એવો એક અપૂર્વ વિષય શાસ્ત્રોમાં છે. અવગાહન કરતાં એ કોહીનૂરના હીરા એના હાથમાં આવી જાય છે. ખોજી હોય એના હાથમાં આવી જાય છે.

બધા પદાર્થોનો સમૂહ. જુઓ, આ લખે છે. અતીત એટલે ભૂતકાળની પર્યાય, અનાગત એટલે ભવિષ્યની પર્યાય હજી થઈ નથી, કે સ્વર્ગની પર્યાય કે શ્રેણીની પર્યાય કે કેવળજ્ઞાનની પર્યાય કે મોક્ષની પર્યાય થઈ નથી, નથી થઈ એ પ્રતિભાસે છે અત્યારે, થઈ ગઈ એ પ્રતિભાસે છે, થાય છે એ પ્રતિભાસે છે. જાણે છે એમ ન લેવું હો ધ્યાન રાખજો નહિંતર ગોટાળો થાશે. વિષય ગંભીર તો છે પણ સમજાય એવો છે. આ વિષયને આપણે રોજ લેશું. અમે આ વિષયને છોડવાના નથી. દુનિયા માને કે ન માને. (શ્રોતા : છોડવા જેવો વિષય નથી.) છોડવા જેવો વિષય નથી. પ્રયોજનની સિદ્ધિ છે આમાં, છોડે ક્યાંથી. આમાં જ પ્રયોજનની સિદ્ધિ છે. સ્વપરના પ્રતિભાસમાં પ્રયોજનની સિદ્ધિ છે. સ્વપરના પ્રકાશમાં પ્રયોજનની સિદ્ધિ નહીં થાય. આહાહા !

લખે છે. અતીત, ભૂતકાળની પર્યાયો વીતી ગઈ દરેક જીવને અનંત, અનાદિકાળનો જીવ છે ને, સુમનભાઈ ! તો પર્યાય તો વીતી ગઈ છે. વ્યય થઈ ગઈ છે. અને અનાગત ભવિષ્યની પર્યાય તો હજી આવી નથી, પર્યાય આવી નથી એ પર્યાયનો પ્રતિભાસ થાય છે અત્યારે, આહાહા ! ભાવીની પર્યાયનો પ્રતિભાસ થાય છે એટલે કોઈ કોઈને આવિર્ભાવ થઈ જાય છે. એ સૂક્ષ્મ વિષય છે એ પછી લેશું, હમણાં નહીં.

અતીત, અનાગત અને વર્તમાનકાળના સમસ્ત, કોઈ પર્યાય બાકી નહીં. અનંત પર્યાયો સહિત, બધા દ્રવ્યો ભૂત-ભવિષ્ય-વર્તમાનકાળની પર્યાયો સહિતનાં અનંત દ્રવ્યો, એક એક દ્રવ્યની ભૂત, ભવિષ્ય ને વર્તમાનની ત્રણ કાળની પર્યાયો અનંત, એક એક પરમાણું ને એક એક જીવમાં, એવા અનંત જીવ ને અજીવ પદાર્થો, એક સમયમાં આઠેય જ્ઞાનમાં પ્રતિભાસે છે. ત્રણ કુજ્ઞાનમાં અને પાંચ સમ્યગ્જ્ઞાનમાં પ્રતિભાસે છે. બધો આધાર છે મારી પાસે. આધાર વિના તો આ પકડે વિદ્વાનો, આધાર આપીએ એટલે હથિયાર હેઠા. આચાર્ય ભગવાને કહ્યું છે, બસ.

પદાર્થોનું પ્રતિબિંબ થાય છે. આ જણાય છે ને એને જાણે છે એવો શબ્દ ન લખતાં, મૂળ સંસ્કૃત શબ્દ, કે માગધી કે પ્રાકૃત હોય, એમાં જે સ્પીરીટ છે ઈ એનો અનુવાદ કરતાં અમુક ટકા સ્પીરીટ ઢીલો પડે છે. એનું દૃષ્ટાંત આપું એક. ગુરુદેવે અહીંયાં વ્યાખ્યાન આપ્યું ૩૨૦ ગાથા ઉપર, ત્યારે ટીકા કરતાં કરતાં ટીકાકારે કહ્યું કે આત્મા નિષ્ક્રિય છે, અકારક, અવેદક છે. તેથી પોતાના પરિણામમાં ઉત્પન્ન થતાં બંધ, મોક્ષના પરિણામ કે કારણો, એનો આત્મા કર્તા નથી. ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો, કે પરિણામનો કર્તા નથી ભલે આપ કહો છો ઠીક છે. હું મારા સમજવા માટે પૂછું છું. આપની વાત સો ટકા સાચી છે. પણ મને સમજાતું નથી એટલે પૂછું છું. કૃપા કરીને જવાબ આપજો.

શું પ્રશ્ન છે ? કે કર્તા નથી પરિણામનો આત્મા ત્રિકાળી દ્રવ્ય, તો એનું કાંઈક કારણ આપી શકશો આપ. કે હા. કારણ આપું. કર્તા નથી બંધ મોક્ષના પરિણામનો. મિથ્યાત્વનોય કર્તા નથી. કર્તા પ્રતિભાસે છે એને. રાગનોય કર્તા નથી. અકર્તા, કર્તા ન થાય. નજર અકર્તા ઉપર હશે તો સમજાશે. પ્રતિભાસે છે. રાગને હું કરું એમ એને પ્રતિભાસે એ તો એનું અજ્ઞાન છે. જો ખરેખર આત્મા રાગને કરતો હોય તો તો સમ્યગ્જ્ઞાન થવું જોઈએ. અકર્તાપણું છોડીને આત્મા રાગને કરે એ તો વિશેષ અપેક્ષાએ કર્તા છે. સામાન્ય અપેક્ષાએ અકર્તા રહી જાય છે અનાદિ અનંત. આ બધી વાત શાસ્ત્રમાં છે કે પ્રતિબિંબિત થાય છે બધા પદાર્થો. તે સર્વોત્કૃષ્ટ શુદ્ધજ્ઞાન ચેતના સ્વરૂપ પ્રકાશ જયવંત વર્તો.

આ કેવળજ્ઞાનની વાત છે. કેમકે પહેલો શ્લોક છે ને માંગલિકમાં. અરિહંત ને સિદ્ધને નમસ્કાર કરવાનો હોય છે પંચપરમેષ્ઠિને. તો આ કેવળજ્ઞાનના સ્વરૂપમાં ભૂત- ભવિષ્ય- વર્તમાન ત્રણકાળની પર્યાયો પ્રતિભાસે છે. એવી રીતે સાધકના જ્ઞાનમાં ને એવી રીતે બાધકના અજ્ઞાનીના જ્ઞાનમાં પણ, એ બધો આધાર છે અમારી પાસે. આહાહા ! બધા આઠેય જ્ઞાનમાં પ્રતિભાસ થાય છે. ભૂત ભવિષ્ય વર્તમાન ત્રણકાળની પર્યાયો. આહાહા !

પર નથી જણાતું, પણ પર સંબધીનો જે પ્રતિભાસ છે ને એ કોઈ કોઈને ભવિષ્યનો ખ્યાલમાં આવી જાય છે. આહાહા ! પોતાના ભવિષ્યનો ને બીજાના ભવિષ્યનો પણ ખ્યાલ આવે છે. ભવાંતરનું જ્ઞાન થાય છે. ભૂત અને ભવિષ્યનું પોતાનું ને પરનું એવો પાઠ છે. અને એ આપણને તો વાત ઘણી મળી છે. ગુરુદેવને આ જાતનો ક્ષયોપશમ હતો. બહુ વાત તો બહાર ન આવી. પણ એનું જ્ઞાન એટલું નિર્મળ હતું કે એના જ્ઞાનમાં આવી જાતું'તું કે આ મોક્ષમાર્ગી છે. આ મોક્ષમાં ચાલ્યો જાશે. એના જ્ઞાનમાં બીજાના ભવો આવી જતા'તા કે આ ચોથે ભવે નીકળી જશે. આ છઠ્ઠે નીકળશે. આઠમે નીકળશે, પંદરમે નીકળશે. આંકડા સહિત એના જ્ઞાનમાં આવી જતું'તું. જ્ઞાનની તાકાત અચિંત્ય છે એ આવ્યું ક્યાંથી ?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


બીજાનો મોક્ષ આવ્યો ક્યાંથી તેનો પ્રતિભાસ છે એ પ્રતિભાસનો આવિર્ભાવ થયો છે. એની સામે ક્યાં જોયું છે. એણે તો અહીં અંદર જોયું છે. અપૂર્વ અચિંત્ય આત્માની વાત છે. આહાહા !

આપણે તો અત્યારે એજંડા ઉપર સ્વપરપ્રકાશકમાંથી સ્વપ્રકાશકમાં લઈ જવું છે. જે સ્વપરપ્રકાશક પ્રમાણ વ્યવહાર છે ને એમાંથી સ્વપ્રકાશકમાં જાવાનું છે. આપણે જરાય ઉતાવળ નથી, શાંતિથી. આત્માની વાત છે ને આપણા હાથમાં દશ દિવસ છે. કાલે કાંઈ બંધ થવાનું નથી. ઘણા દિવસો છે અપેક્ષાએ ઓછા છે ને અપેક્ષાએ ઘણા છે. વિષય એવો છે કે દિવસ થોડા પડે.

તે પરમ જ્યોતિ કેવળજ્ઞાન, સ્વરૂપ શુદ્ધ ચેતનાનો પ્રકાશ જયવંત વર્તે છે. તે કેવો છે ? જે શુદ્ધ ચેતના પ્રકાશને માનતો નથી. તે જીવ આદિ પદાર્થોનો સમૂહ. જીવ આદિ જીવ, અજીવ બધા આવી ગયા. ધર્મ, અધર્મ, આકાશ, કાળ બધા પદાર્થોનો સમૂહ પ્રતિબિંબિત થાય છે, જણાય છે એમ લખ્યું નથી. જો રાગનો પ્રતિભાસ થતી વખતે રાગ જણાય છે. તો જ્ઞાયક નહીં જણાય. મેં વાત તો કરી છે કે હવે સમુદ્રના ઊંડાણમાં આપણે જઈ અને રતન મેળવવા છે. દેવસીભાઈ ગાતા'તા બહાર તો શંખલા હાથમાં આવે, ઊંડો ઉતરે તો રતન હાથમાં આવે એ બોલતા'તા મને તો કાંઈ આવડતું નથી. યાદેય નથી. પણ સારું એ બોલતા'તા. બોલો બોલો કોણ બોલે છે. હા બોલો.

સહેજે સમુદ્ર ઉલ્લસિયો, માંય રતન તણાતા જાય.
ભાગ્યવાન કરવા વરે તેની મોતીએ મુઠીયું ભરાય.

સવળો ઉતરે તો અને બહારમાં શંખલા હાથમાં આવે. સ્વપરપ્રકાશકમાં શંખલા હાથમાં આવશે. સ્વપ્રકાશકમાં રતન હાથમાં આવશે. આહાહા ! અનુભૂતિ સ્વપ્રકાશકમાં જ થાય છે. સ્વપરપ્રકાશકમાં નથી થતી, વ્યવહાર છે એ. જ્ઞાનીને પણ અનુભવ પછી સ્વપરપ્રકાશકની વાત જે છે તે પણ આપણે લઈ લેશું. બધું લેશું વ્યવહાર છે ઈ. પણ વ્યવહાર પરને જાણે છે એ વ્યવહારનુંય કારણ બહુ ઊંડું છે. કે રાગનો પ્રતિભાસ દેખીને, જ્ઞાનમાં રાગનો પ્રતિભાસ દેખીને, અજ્ઞાની એમ કહે છે કે વ્યવહારે રાગને જ્ઞાન જાણે છે. નજર છે પ્રતિભાસ ઉપર, રાગ ઉપર નથી. આહાહા ! ઓહો ! ઓહો ! સમુદ્ર છે આ તો મોટો હેં !

વ્યવહાર જાણેલો પ્રયોજવાન એટલે શું ? કે જે ભેદોનો પ્રતિભાસ થઈ રહ્યો છે. એ પ્રતિભાસ દેખીને પરને જાણે છે એવો ઉપચાર કરવામાં આવે છે. જણાય છે પ્રતિભાસ. રાગ ને શરીર ને દેવ ગુરુ શાસ્ત્ર જણાતા નથી. તો તો મૂળ આખી વાત જ ફેર પડી જાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ફેર પડે જ નહીં કોઈ કાળે. અને એનું કારણ છે કે પ્રતિભાસ દેખીને પરને જાણે છે. આ બધા આધારો મારી પાસે છે અને ટાઈમ આપણી પાસે છે એટલે હું ધીમે ધીમે રજુઆત કરતો રહીશ હો. તમને બધાને મારી પાસે આધારો છે તે તમને આપીશ. મારી ટેવ છે કાંઈક ખાનગી રાખીશ નહીં.

પ્રતિબિંબિત થાય છે. કેવી રીતે ? પોતાના સમસ્ત અનંત પર્યાયો સહિત પ્રતિબિંબિત થાય છે. બધા પદાર્થો પ્રતિબિંબિત થાય છે. પણ અનંત પર્યાયો, અનંત એટલે ભૂત ભવિષ્ય વર્તમાન ત્રણકાળની પર્યાયો, જે પ્રગટ થઈ નથી. જે પર્યાય પ્રગટ થઈ નથી, ઈ પર્યાય, પ્રતિભાસ તો છે એનો. પ્રતિભાસ છે માટે પ્રગટ થાય છે, માટે આત્મા પર્યાયનો કર્તા નથી અને પર્યાયનો જ્ઞાતા પણ નથી. બહુ રહસ્ય ઊંડું છે અંદર. ઘણું આવશે હજી.

ભાવાર્થ :- આ વિષય સારો છે એટલે લઈ લઉં છું. શુદ્ધ ચેતના પ્રકાશનો કોઈ એવો જ મહિમા છે કે તેમાં જેટલા પદાર્થો છે તે બધા જ પોતાના આકાર સહિત એટલે સ્વરૂપ જેનું જેવું સ્વરૂપ છે એને આકાર કહેવાય. પ્રતિભાસ, પ્રતિભાસમાન થાય છે. જણાય છે એમ લખ્યું નથી. સમજાવવા માટે જણાય છે એમ કહેવાય, જ્ઞાનીઓ કહે. જ્ઞાનીને કાંઈ દોષ નથી. પણ લેવો પ્રતિભાસ પહેલો. નિશ્ચય પહેલા લ્યો ને પછી જણાય છે લ્યો તો દોષ નહીં આવે. પણ રાગ મને જણાય છે તો આત્મા નહીં જણાય. રાગનો પ્રતિભાસ થાય છે ત્યાંય અટકવાનું નથી. રાગનો પ્રતિભાસ થાય છે તે કાળે જાણનાર જણાય છે. રાગ જણાય છે એમ ન લેવું. દુઃખ જણાય છે એમ ન લેવું. દુઃખના કાળે જાણનાર જણાય છે. આહાહા !

તે આ દૃષ્ટાંતથી. અરીસાના ઉપરના ભાગમાં, ઉપરની સપાટીમાં, ઘટપટાદિ પ્રતિબિંબિત થાય છે તેમ, અહીં અરીસાનું દૃષ્ટાંત આપ્યું છે તેનું પ્રયોજન એ જાણવું કે અરીસાને એવી ઈચ્છા નથી કે હું આ પદાર્થોને પ્રતિબિંબિત કરું. જેમ લોઢાની સોય લોહચુંબકની પાસે પોતાની મેળે જાય છે. એ સોય તો ખેંચાય ને ત્યાં જાય છે. એમ અરીસો પોતાનું સ્વરૂપ છોડીને તેમને એટલે પર પદાર્થને પ્રતિબિંબિત કરવા માટે પદાર્થની સમીપ જતો નથી. અરીસો ત્યાં જતો નથી. આહાહા !

ભૂતકાળની પર્યાયોનો પ્રતિભાસ થાય છે તો ભૂતકાળની પર્યાયો પાસે જ્ઞાન જતું નથી. જ્ઞાન તો આત્મામાં રહેલું છે ને એમાં એનો પ્રતિભાસ સહેજે થઈ જાય છે. આહાહા ! વળી તે પદાર્થો પોતાનું સ્વરૂપ છોડીને તે અરીસામાં પેસતા નથી. બે પદાર્થ ભિન્ન ભિન્ન છે. ઉપાદાન ને નિમિત્ત. અરીસો ઉપાદાન છે અને પદાર્થ બીજા નિમિત્તો છે.

જેમ કોઈ પુરુષ બીજા કોઈ પુરુષને કહે કે અમારું આ કામ કરો, તેમ તે પદાર્થો પોતાને પ્રતિબિંબિત કરવાની અરીસાને પ્રાર્થના પણ કરતા નથી. કેટલા શબ્દો પ્રતિભાસ,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પ્રતિબિંબ, પ્રતિબિંબ, પ્રતિબિંબ, આહાહા ! ક્યાંય સ્ખલના નથી આવતી. સહજ જ એવો સંબંધ છે કે જેવો તે પદાર્થોનો આકાર છે એવા આકારરૂપે અરીસામાં પ્રતિબિંબિત થાય છે. પ્રતિબિંબ પડતા અરીસો એમ માનતો નથી કે આ પદાર્થો મારા માટે ભલા છે એમ અરીસો માનતો નથી કોઈ દી'. પદાર્થો ઉપકારી છે. રાગ કરવા યોગ્ય છે તેમ માનતો નથી. બધા પદાર્થો પ્રત્યે સમાન ભાવ છે.

જેવી રીતે અરીસામાં કેટલાક ઘટપટ આદિ પદાર્થો પ્રતિબિંબિત થાય છે. બિંબ અને પ્રતિબિંબ, નિમિત્તને બિંબ કહેવાય અને એના આકારોની ઝલક આવે એને પ્રતિબિંબ કહેવાય. બિંબ અને પ્રતિબિંબ. બિંબ છે એ નિમિત્ત છે ને પ્રતિબિંબ છે એ અરીસાની નિર્મળ પર્યાય છે એ નૈમિત્તિક છે. એ નૈમિત્તિક પર્યાયને જોઈને, કાર્યમાં કારણનો આરોપ આપીને એમ કહેવાય કે આ મોર અરીસામાં જણાય છે કે આ વૃક્ષ અરીસામાં જણાય છે કાર્યમાં, કાર્ય શું છે ? પ્રતિબિંબ. પ્રતિબિંબ એ કાર્ય છે, અરીસાની પર્યાય છે સ્વચ્છ અને કોલસો સામે નિમિત્ત છે. તો એની સ્વચ્છતા જોઈને, નિમિત્ત જોઈને કહેવાય. કાર્યમાં કારણનો આરોપ આપીને કે કોલસો અરીસામાં આવી ગયો. એવા બનાવો ઘણા બન્યા છે. અત્યારે કાંઈ નહીં. સાધારણ છે વાત.

એવી રીતે જ્ઞાનરૂપી દર્પણમાં સમસ્ત જીવાદિ, કોઈ બાકી નહીં હો, પ્રતિબિંબિત થાય છે. અત્યારે બધાને હો. જેને જેને કેવળજ્ઞાન થવાનું, જેને જેને મોક્ષ થવાનો છે. આ બધા બેઠા છે તેમાં ઘણાને લગભગ બધાને એમ કહીએ તો ચાલે. જેને પ્રતિભાસ થઈ રહ્યો છે. એ પ્રતિભાસનો આવિર્ભાવ થવાનો છે. એટલે મોક્ષની પર્યાયને કરવું એવી ચિંતાથી બસ થઈ જાય છે આત્મા. આવડો મોટો લાભ આમાં રહેલો છે પ્રતિભાસમાં. રહસ્ય છે, ને પર્યુષણ પર્વ છે ને. આહાહા !

પરંતુ કોઈ દ્રવ્ય કે પર્યાય નથી કે જે જ્ઞાનમાં આવ્યું ન હોય. બધું આવી ગયું છે. એટલે કરવાનું ક્યાં રહ્યું પછી. સમ્યગ્દર્શનની પર્યાયનો પ્રતિભાસ થઈ રહ્યો છે અત્યારે મિથ્યાદષ્ટિએ વિચારવું. આહાહાહા ! યથાખ્યાત ચારિત્ર પ્રતિભાસ થઈ રહ્યું છે. કેવળજ્ઞાનની પર્યાય સહિતનો આત્માનો પ્રતિભાસ થઈ રહ્યો છે અત્યારે.

એ ગુરુદેવ વર્ષે એક વાર પંદર દિવસ પધારતા'તા રાજકોટમાં. એક રાત્રે એમને કોઈ મસ્તી આવી ગઈ હશે અંદર. નિર્વિકલ્પ ધ્યાનમાંથી બહાર આવ્યા, અને વાત નીકળી કાંઈ, નીકળતાં નીકળતાં પોતે જ એમ કહ્યું. આહાહા ! શું જ્ઞાનની શક્તિ ! એટલે બધાને લાગ્યું કે કાંઈક માલ આવશે, કેવળજ્ઞાન થવાનું છે એ અત્યારે જણાય જાય છે. ત્યારે કોઈએ એમ કહ્યું એમાં બેઠેલા મુમુક્ષુએ, એ તો સાહેબ શ્રદ્ધા અપેક્ષાએ છે. નહીં જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અપેક્ષાએ કહું છું. કેટલો મોટો ફેર એમાં. આહાહા !

શાસ્ત્રમાં સમયસારમાં ત્રણ જગ્યાએ છે. આહાહા ! શુદ્ધનયથી કેવળજ્ઞાન થઈ ગયું છે અત્યારે વર્તે છે. એ ત્રણ ચાર જગ્યાએ એવા શબ્દો છે. શ્રીમદ્‌માં તો છે પણ સમયસારમાં પંડિતજીએ વાત લીધી છે. (શ્રોતા : મુખ્ય નયના હેતુએ કેવળજ્ઞાન વર્તે છે) વર્તે છે. હાં એ લીધું છે. આવા શુદ્ધ ચૈતન્ય પ્રકાશનો સર્વોત્કૃષ્ટ મહિમા સ્તુતિ કરવા યોગ્ય છે. આ આત્માનો મહિમા છે. આ સ્વભાવનો મહિમા છે. આ પર્યાયનો મહિમા નથી, જ્ઞાનનો મહિમા નથી. પણ જ્ઞાયકનો મહિમા છે. કેમકે એ જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે તો જ્ઞાયકનો મહિમા છે. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેય જણાતું જ નથી.

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે. જણાય છે તો બધાને જ્ઞેયાકાર અવસ્થામાં, પણ એ માનતો નથી. એ એમ જાણે છે કે આ જણાય છે, આ જણાય છે, આ જણાય છે એમાં જ્ઞાનનું અજ્ઞાન ઊભું કરી, ઈન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન કરી અને એ ઈન્દ્રિયજ્ઞાન જેને જાણે છે એમાં મોહ ને મમતા, રાગદ્વેષ કરી જીવ બંધ માર્ગમાં ચાલ્યો જાય છે.

એવી રીતે કુંદકુંદ ભગવાનની મેં વાત કરી. એમણે એમ કહ્યું છે કે ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણ કાળની પર્યાયનો પ્રતિભાસ થાય છે, યુગપદ્ એક સમયમાં. એવી રીતે પંચાધ્યાયી કર્તાએ કહ્યું છે કે ''અર્થ વિકલ્પ જ્ઞાનં પ્રમાણં'' ભૂત ભવિષ્ય વર્તમાન ત્રણ કાળની પર્યાયો યુગપદ્ એક સમયમાં પ્રતિભાસ થાય છે. પછી બીજા શાસ્ત્રોમાંય છે. ક્યાં ક્યાં છે જોવો આપણે લાવ્યા છીએને. પ્રવચનસારની બીજી ગાથાઓમાંય છે. પ્રવચનસારની બીજી ગાથામાં છે પ્રતિભાસ થાય છે બધાં પદાર્થોનો યુગપદ્.

એવા સમસ્ત જ્ઞેયાકારોરૂપે પરિણમેલું જ્ઞાન, કે જે જ્ઞાન આત્માને અભેદપણે જાણે છે. તો તે જ્ઞાનમાં શું બાકી રહ્યું ? સમસ્ત પદાર્થના પ્રતિભાસવાળું જ્ઞાન કે જે જ્ઞાન આત્મસન્મુખ થઈને આત્માને જાણે છે. એ વખતે સમસ્ત પદાર્થોનો પ્રતિભાસ, તેના તરફ લક્ષ નથી. પદાર્થ તરફ લક્ષ નથી, પ્રતિભાસ તરફ લક્ષ નથી, એ તો ઉપયોગ અંદર આવે છે. ઉપયોગની શક્તિ કેટલી છે એ બતાવવા માટે આમ કહેવામાં આવ્યું છે. એવું ઘણું ઘણું છે શાસ્ત્રમાં.

હવે આપણે શરૂઆત કરીએ બીજા પારાની. પહેલો પારો પૂરો થયો. પ્રમત્ત અપ્રમત્તથી રહિત જ્ઞાયકતત્ત્વ એક છે આત્મા. એની ઉપાસના આરાધના કેમ કરવી, એની સેવા કેમ કરવી ? જે બર્હિમુખ જ્ઞાન છે એ બર્હિમુખ કેમ થઈ રહ્યું છે ? હવે એ બર્હિમુખ જ્ઞાન અટકી જાય, અને અંતર્મુખ જ્ઞાન નવું પ્રગટ થાય અને પછી બર્હિમુખ જ્ઞાન પણ રહી જાય. શું કહ્યું ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ફરીને, સાધકને આત્માનો અનુભવ થતાં એક જ્ઞાનના બે ભાગ પડી જાય છે. જ્યારે અંતર્મુખ થઈને શુદ્ધ ઉપયોગ દ્વારા આત્માના દર્શન થાય છે, તે સમયે નવા અતીન્દ્રિયજ્ઞાનનો જન્મ થાય છે. અનંત કાળથી નહીં થયેલું એવું અને એ પરથી ભિન્ન, ઈન્દ્રિયજ્ઞાનથી ભિન્ન, રાગથી ભિન્ન, અંર્તમુખ થઈને અનુભવ કર્યો, પછી શુદ્ધ ઉપયોગ વધારે ટાઈમ અંદર રહેતો નથી, એટલે પરિણતિ અંદર રહી જાય છે શુદ્ધ પરિણતિ, અને ઉપયોગ પાછો ઈન્દ્રિયજ્ઞાનરૂપે પ્રવર્તે છે. એટલે શુદ્ધ પરિણતિ છે. એમાં નિરંતર આત્મા અનુભવમાં આવ્યા કરે છે, જણાયા કરે છે. અને કેવળજ્ઞાન થયું નથી હજી. છદ્મસ્થ છે એટલે જ્ઞાનના બે પડખાં થઈ ગયા છે બે ભાગ. થોડી અતીન્દ્રિય જ્ઞાનની પરિણતિ છે અને ઈન્દ્રિયજ્ઞાન પણ છે બહાર નીકળે છે એટલે.

હવે જ્યારે એ ઈન્દ્રિયજ્ઞાનમાં પર પદાર્થ જણાય છે, પ્રતિભાસે છે ત્યારે ગઈકાલે તો એમ લાગતું'તું કે મને આ રાગ જણાય છે ને શરીર જણાય છે. અનુભવ પછી હવે એ જણાય છે એમ નીકળી ગયું. દેહ ને રાગ છે તો ખરો, તો એને જાણે છે કોણ ? એવો પ્રશ્ન શિષ્યના મુખમાં મૂક્યો. તો આત્માનું જ્ઞાન એને જાણતું નથી. પણ જે અનાદિનું પરને પ્રસિદ્ધ કરનારું ઈન્દ્રિયજ્ઞાન એનો હજી ક્ષય થયો નથી, એ જીવંત છે હજી, એની કમર ભાંગી ગઈ છે. હવે થોડા ટાઈમમાં ઈન્દ્રિયજ્ઞાનનો અભાવ થઈને કેવળજ્ઞાન થશે. પણ તરત જ ઈન્દ્રિયજ્ઞાનનો અભાવ થતો નથી.

કેટલાક મુનિરાજને અંતર્મુહૂર્તમાં શુક્લધ્યાનની શ્રેણી આવે છે. નેમિનાથ ભગવાનને ૫૬ દિવસે કેવળજ્ઞાન થયું ગીરનાર ઉપર. એમ કોઈ કોઈને લાંબો કાળ લાગે, સાધક જીવને. તો કહે છે કે એ ઈન્દ્રિયજ્ઞાન પરને જાણે છે કે આત્માનું જ્ઞાન પરને જાણે છે ? તો કહે ના ના, આત્માનું જ્ઞાન પરને જાણતું નથી. તો જાણનારો બતાવો. પદાર્થ છે. આહાર કરવા બેઠો છે. પ્રતિમાનાં દર્શન કરે છે. શાસ્ત્ર વાંચે છે તો એને જાણનારું જ્ઞાન જો આત્માનું જ્ઞાન નથી, ધ્યાન રાખજો, એ આત્માનું જ્ઞાન નથી. એટલે આત્મા શાસ્ત્રને જાણતો નથી. જ્યારે શાસ્ત્રની સન્મુખ આંખનો ઉઘાડ છે, ત્યારે જ્ઞાનની પરિણતિ આત્મા સન્મુખ રહે છે. પરસન્મુખ થતી નથી. અને એ આંખનો ઉઘાડ પ્રતિમાના દર્શન કરે છે. દેશનાલબ્ધિ સાંભળે છે કોણ ? કે કર્ણેન્દ્રિયનો વિષય છે એ જ્ઞાનનો વિષય નથી. એ કાનનો ઉઘાડ દેશનાલબ્ધિને સાંભળે છે. આ બધું છે શાસ્ત્રમાં હો. ગુરુદેવ કહી ગયા છે પાછા.

પણ ગુરુદેવ અવારનવાર વ્યાખ્યાનમાં કહે છે, અરે વેપારીને ટાઈમ મળે નહીં, ટાઈમ કાઢીને આવો અભ્યાસ કરે નહીં જીવો. શું થાય ? એને દુઃખ થાય પણ શું થાય રુચિ ઓછી. રુચિ જેમાં છે એમાં ટાઈમ આપે અને આમાં તો રુચિ ઓછી એટલે ચાલો મંદિરે જઈ આવીએ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દર્શન કરી આવીએ, પૂજા કરી ભગવાનની. થોડો સ્વાધ્યાય કરીએ બાકી તો ગૃહસ્થી છીએ એટલે બધું કામ તો અમારે બીજું કરવું પડે છે. એમ ને એમ આયુષ્ય પુરું થાય. ટાઈમ નીકળે નહીં. અડધો કલાક, કલાક પણ સ્વાધ્યાય માટે કાઢે નહીં ને એમ ને એમ આયુષ્ય પુરું થઈ જાય. અત્યારે તો હાર્ટફેઈલ માણસને થાય છે. કેન્સરના રોગ થાય છે.

હવે આચાર્ય ભગવાન આત્માના અનુભવની કળા, વિધિ, રીત, પ્રયોગાત્મક બતાવે છે. હવે આ પ્રયોગની વાત છે અત્યારે, થીયરી તો ઠીક. આ પ્રેક્ટીકલ બતાવે છે. પોતાનો અનુભવ પોતાને થયો છે. સંતોને પોતાનો અનુભવ કેમ થયો અને કેમ થાય છે. એ પ્રોસેસમાંથી પાર થઈ ગયા છે અને નિરંતર એને આત્મા જણાય રહ્યો છે. અને પ્રચુર આનંદને વેદે છે એ સાધક આત્માઓ થોડું જાજું, ચોથે થોડું, પાંચમે વધારે, છઠ્ઠે આનંદની બહુ ભરતી આવે છે. પ્રચુર આનંદ આવે છે ત્યાં.

એ સંતો હવે આત્માના દર્શન કરવાની વિધિ બતાવે છે. પરના દર્શન કરવાનો તો એને બહુ મહાવરો છે અનંતકાળથી. પરના દર્શન કર્યા, કરતાં કરતાં અનંત કાળ વીત્યો, ઈન્દ્રિયજ્ઞાન દ્વારા પરને જાણતાં જાણતાં અનંતકાળ વીત્યો પણ પોતાને જાણવાનો પ્રયત્ન એણે કર્યો નહીં. અને એમાં ને એમાં રહી ગયો હવે આખી વિધિ બતાવશે પછી.

## પ્રવચન નં. ૨૬
### પર્યુષણ પર્વાધિરાજ દિવસ-૩ - રાજકોટ
### તા. ૧૯-૯-૯૬

આજે દસ લક્ષણ પર્વનો ત્રીજો દિવસ ઉત્તર આર્જવનો દિવસ છે. ઉત્તમ આર્જવ ધર્મ એટલે સમ્યગ્દર્શનપૂર્વકની વીતરાગી સરળતા. આમ તો ઘણાંને સરળતા હોય એ તો મંદ કષાયરૂપ સરળતા કહેવાય અને એ તો બંધનું જ કારણ છે. પુણ્ય પ્રકૃત્તિનું કારણ છે અને આ સમ્યગ્દર્શનપૂર્વકની જે સરળતા એ તો મોક્ષનો માર્ગ ને મોક્ષનું કારણ છે. આત્માના જ્ઞાયક સ્વરૂપમાં કપટનો ભાવ જ ઉત્પન્ન થવા દેવો, કપટનો અભાવ સરળતા એ ઉત્તમ સરળતા છે.

આત્મા જ્ઞાન ને આનંદની મૂર્તિ છે. શરૂઆત ત્યાંથી થાય છે. આત્મામાં રાગ નથી, દ્વેષ નથી, પ્રમત્ત નથી, અપ્રમત્ત નથી. આ એને બેસતું નથી. કે પર્યાય આત્મામાં ન હોય ? કે ના. પર્યાય તો આત્મામાં છે જ નહીં. સર્વજ્ઞ ભગવાને કેવળજ્ઞાનમાં જોઈ નથી. દ્રવ્યમાં પર્યાય નથી, તો ક્યાંથી જુએ ? સંતોએ પણ નથી જોઈ. આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા જ્ઞાન ને આનંદની મૂર્તિ છે. આત્મા ક્રોધ, માન, માય, લોભ રહિત છે. ક્રોધ થાય ત્યારે ક્રોધથી રહિત આત્મા રહે છે. માનકષાય પણ પર્યાયમાં થાય ત્યારે પણ તે માનકષાયની પર્યાયથી આત્મા જુદો રહે છે ત્રણે કાળ. તેને જેવો છે તેવો સમજવો અને શ્રદ્ધામાં વક્રતા ન કરવી તે સમ્યગ્દર્શનરૂપ સરળતા છે.

અને ચૈતન્ય સ્વરૂપને જેમ છે તેમ ન માનતાં, સ્વરૂપની આડાઈ કરીને પુણ્ય-પાપવાળું માનવું કે પુણ્ય-પાપથી આત્મા સહિત છે. સંસાર અવસ્થામાં તો પુણ્ય-પાપ થાય છે તો પુણ્ય-પાપથી તો આત્મા સહિત જ હોય ને ? એટલે તો દુઃખ ભોગવે છે અને ચારગતિમાં રખડે છે. એટલે પુણ્યપાપથી સહિત માને છે એ જીવ ચાર ગતિમાં રખડે છે. પુણ્યપાપથી રહિત આત્માને જાણે એ તો મોક્ષમાં ચાલ્યો જાય છે. તેમ ન માનતાં સ્વરૂપની આડાઈ કરીને પુણ્યપાપપણું માનવું તે અનંત કપટ છે. કોઈ પરના સંગથી કે પુણ્ય પરિણામથી આત્માને લાભ માનવો તે વક્રતા છે, અનાર્યતા છે. શુભભાવથી આત્માને ધર્મ થાય ને આત્માને કંઈક લાભ મળે  પરંપરાએ (એમ અજ્ઞાની માને છે).

આર્ય એટલે સરળ. જેવું સહજ જ્ઞાયકમૂર્તિ આત્મસ્વરૂપ છે તેવું જ માનવું. જરાય વિપરીત ન માનવું તે સરળતા છે. અને ચૈતન્ય સ્વરૂપની સમજણમાં કોઈ આડાઈ કરીને કે વ્યવહારના આશ્રયે લાભ માનવો તે અનાર્યતા છે.

વ્યવહાર રત્નત્રય પણ રાગરૂપ છે તે આત્માનું સ્વરૂપ નથી. આત્માનું જ્ઞાયક સ્વરૂપ પુણ્ય-પાપથી રહિત છે અનાદિ-અનંત. વ્યવહાર રત્નત્રયરૂપ પરાશ્રિતભાવથી તેને લાભ માનવો તે અનંત કપટનું સેવન છે. અને તે વ્યવહારનો આશ્રય છોડીને નિશ્ચય શુદ્ધ જ્ઞાતા સ્વભાવને જાણવો, માનવો અને તેમાં સ્થિર થવું તે ઉત્તમ આર્જવ ધર્મનો આજે દિવસ છે. સરળતા વીતરાગી સરળતાની વાત કરી. અને આ ચારિત્રની વાત સમ્યગ્દર્શનપૂર્વક હોય છે મુનિરાજને, એ ખાસ લક્ષમાં રાખવું.

હવે પહેલાં પારામાં સમયસારની છઠ્ઠી ગાથામાં કહ્યું કે, આ નિજ પરમાત્મ દ્રવ્ય છે જ્ઞાયકભાવ તે અનાદિ-અનંત એક સમયમાત્ર પણ પ્રમત્ત કે અપ્રમત્ત બધી દશાઓ ભલે થાય પર્યાયમાં થોડી અશુદ્ધતા થોડી શુદ્ધતા પૂર્ણ શુદ્ધતા થાય પણ એનાથી પરમાત્મા ત્રણે કાળ ભિન્ન છે રહિત છે. એવો જે દૃષ્ટિનો વિષય કે જે ઉપાદેય તત્ત્વ છે, તેનું લક્ષ કરવા યોગ્ય છે. એમાં અહં કરવા યોગ્ય છે. એવું ત્રિકાળી દ્રવ્ય દૃષ્ટિનો વિષય જેના જ્ઞાન શ્રદ્ધામાં આવી ગયો એને હવે આત્માનો અનુભવ કેમ થાય ? દૃષ્ટિના વિષયને દૃષ્ટિમાં લીધો પણ જ્ઞાન ત્યાં સુધી હજુ પહોંચ્યું નહીં, તો તેને વ્યવહારશ્રદ્ધા કહેવાય. પણ નિશ્ચયશ્રદ્ધા એને પ્રગટ થઈ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તો હવે એની ઉપાસના કેમ કરવી ? આરાધના કેમ કરવી ? આ આરાધનના દિવસો છે. આત્માને ન જાણવો એનું નામ વિરાધના છે. અને આત્મા જેવો છે એવો અંતરમાં જઈ એનું લક્ષ કરી લીનતાનો પ્રયત્ન કરવો એનું નામ પરમાત્મા ધર્મની આરાધના કહે છે. કર્મની આરાધના અનંતકાળથી કરતો આવ્યો છે. પણ ધર્મની આરાધના તેણે એક સમય પણ ધર્મીના આશ્રયે કરી નથી.

હવે વિષય આજે આપણે થોડો ગંભીર છે, સૂક્ષ્મ છે, પણ ઘણો ઊંચો છે. સમજવા જેવો છે. સમજાય જાય તો કામ થઈ જાય એવું છે. એ આચાર્ય ભગવાન હવે પ્રયોગ બતાવે છે. કે સમ્યગ્દર્શન-જ્ઞાનનો વિષય તો મેં તમને કહ્યો, ઉપર પહેલાં પારામાં જ્ઞાયકભાવ. હવે એ જ્ઞાયક આત્મા ધ્યાનમાં કેમ આવે ? ધ્યેય ધ્યાનમાં કેમ આવે ? ઈ જ્ઞાનનું જ્ઞેય કેમ થાય ? એની હવે વિધિ ને પ્રક્રિયા બતાવે છે.

વળી, એટલે એમ કહે છે કે એક ભાગ અમે કહ્યો. પણ હજી વળી એક બીજો ભાગ રહી જાય છે ઈ તને કહું છું. બે ભાગ પૂરા તને ખ્યાલમાં આવશે તો તને અનુભવ થશે. વળી, પહેલાં દૃષ્ટાંત આપે છે કે દાહ્યના બળવા યોગ્ય પદાર્થના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે. એમ નથી લખ્યું કે અગ્નિ બળવા યોગ્ય પદાર્થને બાળે છે. એમ લખવાને બદલે એક એક શબ્દની કિંમત છે. જેવા બહારના બળવા યોગ્ય પદાર્થ હોય છે લાંબા-ટૂંકા જાડા-મોટા, લાકડા, સૂકા પાંદડા આદિ, એ જે પદાર્થો છે ઈ અનેક છે ને અહીંયા અગ્નિ એક છે. અગ્નિ એકાકાર છે અને એના નિમિત્તો અનેકાકાર છે. એમાં નિમિત્તો અનેકાકાર દેખાય છે. લાકડું લાંબુ-ટૂંકું હોય કોલસા વિગેરે.

તો કહે છે દાહ્યના બળવા યોગ્ય પદાર્થના આકારે, જ્ઞેયાકાર કહેવું છે ને એટલે દાહ્યાકાર લેવું છે. એના આકારે થવાથી અગ્નિ લાકડારૂપે થતી નથી. પણ લાકડાનો જેવો આકાર છે ઈ આકારરૂપે અગ્નિ પોતે પરિણમે છે. ઈ આકાર અગ્નિનો છે. ઓલો આકાર લાકડાનો છે. લાકડાનો આકાર લાકડામાં નિમિત્તપણે રહેલો છે, આકાર એટલે એનું સ્વરૂપ, લાંબુ-ટૂંકું વિગેરે. અને એ અગ્નિનો યોગ થાય છે ત્યારે અગ્નિ એના આકારે પરિણમે છે. એટલે જેવો એનો આકાર છે એવા આકારરૂપે અગ્નિ પોતે અગ્નિમાં રહીને એની પર્યાય પરિણમી જાય છે. એને દાહ્યાકાર કહેવામાં આવે છે. બાળે છે એમ નથી લખ્યું.

કેમ કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને ક્યાંથી બાળી શકે ? ઈંધણ તો ઈંધણનું છે, અગ્નિ તો અગ્નિની છે. ઈંધણ અગ્નિમાં નથી, અગ્નિ ઈંધણમાં નથી. બે પદાર્થ જ ભિન્ન ભિન્ન છે. અગ્નિ લાકડાને અડતી નથી પણ અગ્નિનું નિમિત્ત પામીને તે સ્વયં પોતે અગ્નિરૂપે પરિણમી જાય છે. નિમિત્તમાત્ર છે ઓનું કર્તા નથી.

અહીંયા અગ્નિનો ઉષ્ણતારૂપે બળવાનો થવાનો એનો સ્વકાળ છે નિમિત્તનો અને ત્યાં એને ઉપાદાનરૂપે જે ટાઢું લાકડું છે, એનો સ્વકાળ શીત પર્યાયનો વ્યય થઈ ઉષ્ણ પર્યાયરૂપે પરિણમવાનો એનો સ્વકાળ છે. ઈ એનું ઉપાદાન છે અને આ આનું ઉપાદાન છે. બેય ઉપાદાન ભિન્ન ભિન્ન છે એટલે કોઈ કોઈનો કર્તા-હર્તા છે નહીં. પણ યોગાનુયોગ જ્યારે એવો યોગ બને છે ત્યારે, કોઈ નિમિત્ત-નૈમિત્તિકના સંબંધથી જોવામાં આવે તો ઈ દાહ્યાકારરૂપે થાય છે અગ્નિ. જેવા આકારો છે એવા આકારોરૂપે પરિણમે છે. દાહ્યાકાર થવાથી અગ્નિને દહન કહેવાય છે, બાળનાર કહેવાય છે. આહાહા !

જ્ઞેયાકાર થવાથી જ્ઞાન જાણે પરને જાણતું હોય એવી ભ્રાંતિ થાય છે. એમ આ દાહ્યાકાર થવાથી જાણે આ અગ્નિ લાકડાને બાળી નાખે છે, બાળતી નથી, અડતીય નથી. પણ એના આકારરૂપે અગ્નિ પોતે એની પર્યાય ઈ રૂપે આકારરૂપે પરિણમી જાય છે. ઈ આકાર તો અગ્નિનો છે. ઈ વાંનો આકાર અહીંયા ઊડીને આવતો નથી, કહેવાય છે. તો પણ દાહ્યકૃત અશુદ્ધતા એને નથી. એટલે અગ્નિ એને બાળતી નથી અને લાકડું બળે છે માટે અહીંયા અગ્નિ છે એમ પણ નથી. બેય વસ્તુ ભિન્ન ભિન્ન રહેલી છે દાહ્યકૃત અશુદ્ધતા અગ્નિને નથી આવતી.

દૃષ્ટાંતમા તો ટૂંકું કરે છે. સિદ્ધાંતમાં તો આપણે જરા ઊંડું ઉતરવું પડશે. કે બે પદાર્થ ભિન્ન ભિન્ન છે. એક પદાર્થમાં બીજા પદાર્થની નાસ્તિ છે. પણ ઈ બેયને નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી જોવામાં આવે તો ઉપચાર કરવામાં આવે છે, કે અગ્નિ લાકડાને બાળે છે. એ ઉપચારનું કથન છે એ વાસ્તવિક કથન નથી. વાસ્તવિક કથન તો ઈ છે કે જેવો આકાર લાકડા આદિનો છે એવા આકારે અગ્નિ પોતે પરિણમી જાય છે. અને ઈ અગ્નિ પોતે ઈ એવા આકારે પરિણમે છે એ તો અગ્નિનું નિશ્ચય કથન છે. એ અગ્નિનો એવો આકાર થાય છે. ઈ સામે જેવું લાકડું હોય જેવો પદાર્થ હોય તેવો આકાર થાય છે, પોતાથી થાય છે. ઈ આકાર ઓનાથી થતો નથી. ઓનો આકાર તો નિમિત્તમાત્ર છે. આહાહા !

એવો આકાર થાય છે, ઈ હવે આપણે લેવું છે જ્ઞાનમાં. તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. એટલે અગ્નિથી લાકડું બળે છે અને લાકડું છે તો અગ્નિ છે. એવી અશુદ્ધતા પરસ્પર કોઈને લાગુ પડતી નથી. સૌ પોત પોતાના ભાવે પરિણમે છે. અગ્નિ એના ભાવે પરિણમે છે ને લાકડું એના ભાવે પરિણમે છે.

તેવી રીતે હવે આપણે સિદ્ધાંતમાં ઉતારવાનું છે. સમજે તો બહુ સહેલું છે પણ એક વાત કહું બધાને કે એક અહીંયા બેઠા છો ત્યાં સુધી એક કલાક પૂરતું તો સ્વપરપ્રકાશકનું લાકડું છે ને, એને અહીંયા એક બાજુ મૂકી રાખજો. દરિયામાં ફેંકતા નહીં હમણાં તમને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સાચી વાત લાગે ને આ ખોટી વાત લાગે તો ફેંકી દેજો. બાકી ત્યાં સુધી ઈ સ્વપરપ્રકાશકનું લાકડું છે ઈ સ્વને જાણે ને પરને જાણે, એવો જે પ્રમાણજ્ઞાનનો પક્ષ છે એમાં વિધિ-નિષેધ થઈ શકતો નથી. પ્રમાણજ્ઞાનમાં વિધિ-નિષેધનો અભાવ છે. સ્વપરપ્રકાશક પ્રમાણ જેનું લક્ષણ એવો વ્યવહાર છે.

સ્વને જાણે અને પરને જાણે એ બેયને જાણે એને ''અર્થ વિકલ્પ જ્ઞાનં પ્રમાણં'' કહેવામાં આવે છે. પંચાધ્યાયીનો પહેલો ભાગ છે, તેની ૫૪૧ મી ગાથા છે અને એક ગાથા ૫૫૮ એ બેય ગાથા આપણે આધાર માટે લેવી છે. ૫૪૧ ગાથા. ''અર્થ વિકલ્પો જ્ઞાનં પ્રમાણં ઈતી'' જેમ પ્રમાણનું લક્ષણ કહેવામાં આવે છે, કે આ પ્રમાણનું લક્ષણ છે સ્વપરપ્રકાશક, સ્વપરને જાણે છે ઈ નિશ્ચય નથી, વ્યવહાર છે. અને એ વ્યવહાર સાચો લાગે તો એ અજ્ઞાન છે. જેમ પ્રમાણનું લક્ષણ કહેવામાં આવે છે કે પ્રમાણ કોને કહેવાય ? પ્રમાણજ્ઞાન કોને કહેવાય ? એનું લક્ષણ શું ? જેમ નિશ્ચયનું લક્ષણ હોય, વ્યવહારનયનું લક્ષણ હોય એમ પ્રમાણનું પણ લક્ષણ છે.

જેમ પ્રમાણનું લક્ષણ કહેવામાં આવે છે કે અર્થ વિકલ્પ જ્ઞાનનું પ્રમાણ હોય છે. અર્થ, વિકલ્પ, જ્ઞાન અને પ્રમાણ ચાર શબ્દો છે. હવે એ ચાર શબ્દોનો અર્થ સમજાવે છે. અર્થ કોને કહેવાય ? અહીં અર્થ નામ સ્વ અને પર પદાર્થો છે. અર્થ એટલે સ્વપરના વિભાગપૂર્વક આખા વિશ્વનું અવભાસન થવું, પ્રતિભાસન થવું, જ્ઞાનમાં ઝળકવું. સ્વપર બેય એક સાથે યુગપદ્ બેય ક્રમે હોય તો નય થઈ જાય. ક્રમની વાત નથી. પ્રમાણમાં અક્રમે એક સાથે બે સ્વપર પદાર્થનું ઝળકવું છે. અર્થની વાત કરી.

સ્વપર વિકલ્પ નામ જ્ઞાનનું તે આકારરૂપ થવું તે છે. આકાર એટલે જ્ઞેયાકાર. જેવા જ્ઞેયો છે એવા જ્ઞેયો જ્ઞાનમાં પ્રતિભાસે છે તેને જ્ઞાનનો આકાર કહેવામાં આવે છે. એ આકાર સ્વરૂપે છે. અર્થાત્ સ્વપરનું જ્ઞાન થવું, સ્વપરનો પ્રતિભાસ થવો તે જ પ્રમાણ જ્ઞાન છે.

સ્વપર બેય એક સાથે દ્રવ્ય પણ છે અને પર્યાય પણ છે. અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા છે અને વર્તમાન ઈન્દ્રિયજ્ઞાન પણ છે બેય છે. પ્રમાણમાં બે આવે. અત્યારે તો આપણે જ્ઞાનની પર્યાયનું પ્રમાણ લઈને એમાં વિધિ-નિષેધ ઉતારવાના છે. બાકી દ્રવ્ય પર્યાય સ્વરૂપ આખી વસ્તુ છે, પહેલાં પારામાં એ પણ પ્રમાણ છે. સામાન્ય વિશેષાત્મક આખો આત્મા પ્રમાણનો વિષય છે. એમાં વિધિ નિષેધ એમ કરવો, કે દ્રવ્ય તે હું અને પર્યાય તે હું નહીં, એમાં દૃષ્ટિનો વિષય આવે છે. અને જ્ઞાનના પ્રમાણમાંથી જો વિધિ-નિષેધ કરે તો આત્માનો અનુભવ થઈ જાય છે. આવશે બધું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન પોતાના સ્વરૂપને જાણતું થકું જ પરપદાર્થોને જાણે છે એ જ તેની પ્રમાણતાનો હેતુ છે. સ્વપર પદાર્થોનો નિશ્ચયાત્મક બોધ જ પ્રમાણ કહેવામાં આવે છે. જેમ છે તેમ જાણે. અને આ જ્ઞાનની વિકલ્પાત્મક અવસ્થા છે. અહીં જ્ઞાનનું સ્વરૂપ તેના વિષયભૂત પદાર્થોના ઉપચારથી સિદ્ધ કરવામાં આવે છે. પરંતુ વિકલ્પરૂપ જ્ઞાનને જીવનો જ ગુણ બતાવવામાં આવ્યો છે તેથી આ ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે.

આ પ્રમાણ જ્ઞાન છે ઈ ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારનો વિષય છે. રાગ આત્મામાં થાય છે ઈ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયનું કથન છે અને જ્ઞાન આત્માને જાણતાં પરને પણ જાણે છે બેયને જાણે ઈ નિશ્ચય નથી, વ્યવહાર છે. સદ્‌ભૂત વ્યવહાર છે. અને સદ્‌ભૂત વ્યવહારનો પક્ષ છે તેને આત્માનો અનુભવ નહીં થાય. અરે જ્ઞાન આત્માને જાણે છે ઈ અનુપચરિત સદ્‌ભૂત વ્યવહારમાં પણ આત્માનો અનુભવ ન થાય તો સ્વપરને જાણે એવા પ્રમાણના પક્ષવાળાને સ્વપરપ્રકાશકવાળાને અનુભવ ક્યાંથી થાય ? આહાહા ! આમ તો દયા ખાવા જેવું છે.

અનંતકાળથી આ વ્યવહારનો પક્ષ છે. ઈ ભણેલા આ સ્વપરપ્રકાશકમાં સલવાઈ ગયા બધા. એમાં વિધિ-નિષેધ કરતાં એને આવડ્યું નહીં. આ વખતે આપણે વિધિ-નિષેધમાં લેવું છે. હમણાં આમાં આચાર્ય ભગવાનનો આધાર આપીશ તમને હવે ૫૪૧ ગાથાની વાત મેં કરી ઈ પ્રમાણનો વિષય છે.

એક દેવસેન આચાર્ય થઈ ગયા છે આજથી ૧૦૦૦ વર્ષ પહેલાં એમણે નયચક્ર બનાવ્યું છે. આપણા સમયસારમાં એનો ઉલ્લેખ છે. તેઓશ્રી એમ ફરમાવે છે કે હે કુંદકુંદ ભગવાન તમે જો મહાવિદેહક્ષેત્રમાં જઈને આત્મવિદ્યા સમયસાર આદિ ન લાવ્યા હોત તો અમારા જેવા મુનિઓનું શું થાત ? સમર્થ આચાર્ય કહે છે. એવા સમર્થ આચાર્યનું એક નયચક્ર છે એનો અનુવાદ મેં પંડિત હુકમચંદજી પાસે કરાવ્યો છે તે વાંચું છું. બે ત્રણ અનુવાદ કરાવ્યા પણ મને સંતોષ ન થયો પછી પંડિતજીને કહ્યું. મારે બે પાનાનો આ અનુવાદ જોઈએ છીએ. તો કહે કે લાલચંદભાઈ તમે ધીરજ રાખજો અનુવાદ કરીને મોકલીશ. પણ જ્યારે શાંત મારું ચિત્ત હશે ને ત્યારે હું આ અનુવાદ કરીશ. કારણ કે આ ઊંડી વાત છે. સાધારણ વાત નથી. અધ્યાત્મની પરાકાષ્ટા છે. મેં કહ્યું ભલે. તો ચાર-છ મહિને એમણે આ અનુવાદ કરીને મોકલ્યો. ગુરુદેવની હાજરીમાં જ આ અનુવાદ મારી પાસે તો આવી ગયો હતો.

એમાં શું કહે છે આચાર્ય ભગવાન. જો આ પ્રમાણના પક્ષવાળાને પ્રમાણમાંથી છૂટીને નિશ્ચયનયમાં આવે નિશ્ચયના પક્ષમાં આવે, હજી તો નિશ્ચયના પક્ષમાં આવે તો પક્ષાતિક્રાંત થાય. પ્રમાણના પક્ષમાં આવે વ્યવહારના પક્ષમાં ઊભો છે તો એ તો સમ્યક્‌ની સન્મુખેય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. તો સમ્યક્ થવાનો તો પ્રશ્ન રહેતો નથી. આહાહા !

આ આચાર્ય ભગવાનનો આધાર આપું છું. વખત સારો છે, કાળ સારો પાક્યો છે આ. અમારા અજમેરાભાઈ તો કહે છે કે મને તો હવે આ કાળ સારો લાગે છે. એણે ઓલી પ્રસ્તાવનામાંય લખ્યું છે વાત સાચી છે. પ્રભાવનાનો ઉદય વર્તે છે અને જિજ્ઞાસા પણ લોકોની વધતી જાય છે કે આ સ્વપરપ્રકાશક છે ને સ્વ પ્રકાશક શું ? હું તો બહુ ખુશી થાઉં છું જો આની ચર્ચા કરે તો. ચર્ચા કરે પોતાના હિત માટે કોઈને ખોટા પાડવા માટે ચર્ચા ન હોય. આમાં સત્ય શું છે ? (શ્રોતા :- ખોટા તો ખોટા છે જ એને શું ખોટા પાડવાના આપણે તો સાચું શું છે તે શીખવાનું છે) સાચું શું છે ઈ શીખવાનું છે.

દેવસેન આચાર્યે એક અપૂર્વ વાત કરી છે. આ ગુરુદેવને બહુ ગમી'તી આ વાત શું કહે છે આમાં ? આવી રીતે આત્મા જ્યાં સુધી વ્યવહાર અને નિશ્ચય દ્વારા તત્ત્વનો અનુભવ કરે છે, એટલે જ્ઞાન કરે છે એટલે કે તત્ત્વને જાણે છે, ત્યાં સુધી પરોક્ષ અનુભૂતિ છે. નિશ્ચયનયે આમ છે અને વ્યવહારનયે આમ છે. નિશ્ચયનયે તો આત્માને જાણે છે જ્ઞાન અને વ્યવહારનયે પરને જાણે છે. પ્રત્યક્ષ અનુભૂતિ નય પક્ષાતિક્રાંત છે.

હવે આગળ જો આમ છે તો નિશ્ચય અને વ્યવહાર બંને સમાન પૂજ્યતાને પ્રાપ્ત થાય છે. કે નિશ્ચયનયનો વિષય પણ ઉપાદેય અને વ્યવહારનયનો વિષય પણ ઉપાદેય. નિશ્ચયનયથી આત્માને જાણે છે એ વાત પણ સત્યાર્થ છે અને વ્યવહારનયથી પરને જાણે છે એ વાત પણ સત્યાર્થ છે, પ્રમાણના વિષયના પક્ષવાળાની દલીલ છે. આ પ્રશ્ન ઊઠ્યો છે કે એ જો એમ છે તો પ્રમાણ અને નિશ્ચય સમાન પૂજ્યતાને પ્રાપ્ત થાય છે. શ્રી ગુરુ કહે છે કે નહીં એમ નથી. શ્રી ગુરુ ફરમાવે છે કે એમ નથી. એનું કારણ આપે છે હમણાં. ગુરુદેવ ફરમાવે છે ટેઈપમાં કે જો થોડોક તત્ત્વનો અભ્યાસ કરે ને નિવૃત્તિ લઈને તો એનું કામ થાય થોડોક ટાઈમ કાઢવો જોઈએ.

નહીં એમ નથી. કારણ કે વ્યવહાર પૂજ્યતર છે અને નિશ્ચય પૂજ્યતમ છે. એટલે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રના જે નિર્વિકારી પરિણામ છે તે ઉપાદેય છે પ્રગટ કરવા માટે પૂજ્યતર છે. અને નિશ્ચય પૂજ્યતમ છે નિશ્ચયનયનો વિષય પૂજ્યતમ છે. નિશ્ચયને પૂજ્યતર કહેવામાં આવે છે કેમકે એ નિશ્ચયના વિષયને બતાવે છે માટે.

અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે હવે આમાંથી એક પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે વ્યવહાર, નિશ્ચય તથા અનુભય બેમાંથી કાંઈ નહીં. અમે પ્રમાણમાં આવ્યા, નિશ્ચયનયના વિકલ્પ છોડીએ છીએ અને વ્યવહારનયના વિકલ્પ પણ અમે છોડીએ છીએ. હવે બેયને છોડ્યા પછી અનુભય બેમાંથી કોઈ નહીં પણ પ્રમાણ અનુભય ગ્રહણ કરવામાં પ્રમાણ જેનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

લક્ષણ છે એવો વ્યવહાર પૂજ્ય કેમ નથી ? કે સ્વપરપ્રકાશક ઉપાદેય કેમ નથી ? સ્વપરપ્રકાશકને સત્યાર્થ કેમ ન માનવું ?

પ્રમાણ જ્ઞાનનો વિષય સ્વપરપ્રકાશક છે. ''અર્થવિકલ્પ જ્ઞાનં પ્રમાણં'' કહ્યું'તું ને શાસ્ત્રનો આધાર તો આપ્યો મેં. તો કહે છે એનું કારણ આપે છે બહુ મહત્ત્વની વાત આમાં છે. આ સ્વપરપ્રકાશકવાળો સ્વપ્રકાશકમાં આવી જાય એવી વાત છે. સ્વપરપ્રકાશકનું શલ્ય નીકળી જાય. શલ્ય કહું છું હો. બેસે ન બેસે એ તો એની સ્વતંત્રતા છે. પણ તત્ત્વ તો જેમ હશે એમ રહેશે. આ વ્યવહાર પૂજ્ય કેમ નથી ? તેના ઉત્તરમાં કહે છે કે, આચાર્ય ભગવાન ફરમાવે છે કે પ્રમાણ એટલે પ્રમાણ જ્ઞાનનો વિષય બે લીધા ને. નિશ્ચયથી સ્વને જાણે વ્યવહારનયે પરને જાણે છે. જાણે છે, જાણે છે, જાણે છે, છે છે આવે. છે નથી, એમ નથી આવતું. નિશ્ચયથી સ્વને જાણે છે. ''છે'' આવ્યું ને. વ્યવહારે પરને જાણે છે. બેયમાં ''છે'' ''છે'' આવ્યું ને ?

પ્રમાણમાં ''છે છે'' આવે અને નિશ્ચયનયમાં ''છે નથી'' આવશે. તેના ઉત્તરમાં કહે છે કે તે પ્રમાણ આત્માને પક્ષાતિક્રાંત કરવામાં અસમર્થ છે. આહાહા ! લાખો ભવ ચાલ્યા જાય, કરોડો ભવ ચાલ્યા જાય પ્રમાણના પક્ષમાં, પણ એને સમ્યગ્દર્શન થતું નથી. આહાહા ! પક્ષાતિક્રાંત કરાવવામાં અસમર્થ છે ઈ. એના કારણ આપશે હો. તેથી તે પૂજ્યતમ નથી. તેનો ખુલાસો આ પ્રમાણે છે. કેમ પૂજ્યતમ નથી ? સત્યાર્થ કેમ નથી એનું કારણ આપે છે.

જો કે પ્રમાણ નિશ્ચયનયના વિષયને ગ્રહણ કરે છે. પ્રમાણજ્ઞાન બેય અંશને ગ્રહણ કરે છે ને, નિશ્ચય અને વ્યવહાર બેયને. કે નિશ્ચયને તો ગ્રહણ કરે છે પ્રમાણ. દ્રવ્ય પર્યાયના ભેદજ્ઞાનમાં પણ આ લેવું. અને સ્વપરપ્રકાશકમાં પણ અત્યારે એ લેવું. કે નિશ્ચયના વિષયને ગ્રહણ કરે છે, કે આત્માનું જ્ઞાન આત્માને જાણે છે સ્વઆશ્રિત હોવાથી આત્માને જાણે છે. એને તો ગ્રહણ કરે છે ઈ. પરંતુ તે અન્યનું એટલે વ્યવહારનયના વિષયનો વ્યવચ્છેદક નિષેધક નથી. જે અનાદિકાળથી જ્ઞાન પરને જાણે છે એનો નિષેધ કરવાની તાકાત પ્રમાણજ્ઞાનમાં નથી.

'જાણનારો જણાય છે ને ખરેખર પર જણાતું નથી' તે વાત પ્રમાણજ્ઞાનમાં આવશે નહીં. પ્રમાણ વ્યવહારનો નિષેધક નથી, નિશ્ચયનય તો વ્યવહારનો નિષેધક છે. પણ પ્રમાણજ્ઞાનમાં તાકાત નથી અસમર્થ છે નિષેધ કરવાને. બેય સત્યાર્થ લાગે છે બેય સત્યાર્થ. ટોડરમલ સાહેબે કહ્યું કે નિશ્ચયનય અને વ્યવહારનય બેય જેને સત્યાર્થ લાગે તે ઉભયાભાષી છે.

જો કે પ્રમાણ નિશ્ચયના વિષયને ગ્રહણ કરે છે. જ્ઞાયકને જાણે છે જ્ઞાન એમ તો એટલું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તો એ ગ્રહણ કરે છે પણ અન્યનો એટલે ઈન્દ્રિયજ્ઞાન પરને જાણતું જાણતું અનંતકાળ રહ્યું. અનંતકાળ ગયો પણ આત્માનું જ્ઞાન પરને જાણતું નથી એવો નિષેધ કરવાની શક્તિ એનામાં નથી. વ્યવચ્છેદક-નિષેધક નથી. નિષેધકપણાનો અભાવ હોવાથી, આ કોહીનૂરના હીરા છે આ બધા આમાં. નિષેધકપણાનો અભાવ હોવાથી પ્રમાણજ્ઞાન વ્યવહારના વિષયનો નિષેધક નથી. જેનો આદર કરે એનો નિષેધ ક્યાંથી કરે ઈ ? સ્વને જાણે છે જ્ઞાન અને ઈ જ્ઞાન પરને જાણે છે. સ્વને રાખે કે સ્વને તો જાણે પણ હારેહારે પરને પણ જાણે છે. એમાં છે આવે ને પ્રમાણમાં તો. નિષેધ ન કરી શકે.

નિષેધકપણાનો અભાવ હોવાથી તે વ્યવહારરૂપ ક્રિયાને રોકી શકતો નથી. શુભભાવની ક્રિયાને રોકી શકતો નથી અને શુભભાવને જાણનારું જે ઈન્દ્રિયજ્ઞાન, આત્મજ્ઞાન શુભભાવને જાણતું નથી ઈ ધ્યાન રાખજો. આત્માનું જ્ઞાન શુભભાવને જાણતું નથી પણ ઈન્દ્રિયજ્ઞાન શુભાશુભને જાણે છે ભાવઈન્દ્રિય. વ્યવહારરૂપ ક્રિયાને રોકી શકતું નથી પ્રમાણ. તેથી પ્રમાણ આત્માને જ્ઞાનાનુભૂતિમાં સ્થાપિત કરવાને અમસર્થ છે. વ્યવહારનો નિષેધ કરી શકતું નથી એટલે પ્રમાણ, પ્રમાણજ્ઞાનના પક્ષવાળાને પ્રમાણજ્ઞાનના પક્ષવાળો તો સમ્યક્‌ની સન્મુખ નથી. શાંતિથી સાંભળજો. આ તો વસ્તુની સ્થિતિ છે. કોઈની ટીકા કરવાની તો પ્રથમથી જ આપણને ગુરુદેવે ના પાડી છે. ટીકાનો કોઈનો સવાલ નથી. પણ અજ્ઞાન દૂર કરવા માટે થોડા કડવા શબ્દો આકરા શબ્દો તો કહેવા પડે.

કહે છે કે નિષેધકપણાનો અભાવ હોવાથી તે વ્યવહારરૂપ ક્રિયાને રોકી શકતો નથી તેથી પ્રમાણ આત્માને સમ્યગ્દર્શન થવામાં હેતુ બનતું નથી. કારણ બનતું નથી. કેમકે હું પરને જાણતો નથી એની જીભ જ ઉપડે નહીં, કે જ્ઞાન પરને ન જાણે ? અરે તું જેને જ્ઞાન કહે છે એ જ્ઞાન જ નથી. તું જેને જ્ઞાન માની બેઠો છે ઈન્દ્રિયજ્ઞાનને ઈ તો જ્ઞાન જ નથી. એટલે ઈન્દ્રિયજ્ઞાનનો નિષેધ કરાવે છે. જ્ઞાનનો નિષેધ કોણ કરાવે ? જ્ઞાન તો પ્રગટ થાય છે ઉલટું, તેથી પ્રમાણ આત્માને જ્ઞાનાનુભૂતિમાં સ્થાપિત કરવાને અસમર્થ છે. આહાહા !

પરંતુ નિશ્ચયનય, જો જો હવે પ્રમાણ અસમર્થ છે આત્માના અનુભવ માટે સાધન નથી. પરંતુ નિશ્ચયનય એકત્વની સમીપે લાવીને, એકત્વ-વિભક્ત આત્માને હું કહીશ કહ્યું છે ને ગુરુદેવે. તો પ્રમત્ત-અપ્રમત્તથી વિભક્ત નામ જુદો આત્મા ભગવાન જ્ઞાયક છે. એવો એકરૂપ સ્વભાવ પોતાનો આત્મા એની એકત્વની સમીપે લાવીને, હજી નિશ્ચયનય વિકલ્પાત્મક છે. હજી નિર્વિકલ્પ અનુભવ થયો નથી. થવાની તૈયારી પણ છે, થઈ પણ જશે. પરંતુ નિશ્ચયનય 'એકત્વની સમીપે' લાવીને હો, નજદીક લાવે છે. વ્યવહારનય આત્માથી દૂર ભગાડે છે અને નિશ્ચયનય આત્માની સમીપે લાવે છે. આહાહા !

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાલના વ્યાખ્યાનમાં ગુરુદેવે એક વાક્ય કહ્યું હતું. સવારે વ્યાખ્યાન ચાલે છે ટેપ એમાં નિયમસારમાં. ગુરુદેવે એક અપૂર્વ વાત એવી કરી કે ''વ્યવહારનયની જે પ્રશંસા કરે છે અને નિશ્ચયનયની જે નિંદા કરે છે એ મનુષ્ય પશુ સમાન છે'' આવું વાક્ય બોલ્યા'તા. એક ભાઈએ મને આવીને કહ્યું અને કેસેટમાં છે ઈ. ફરીથી સાંભળવું હોય તો. ગુરુદેવ બોલ્યા છે ઈ જ કહું છું. વ્યવહારનયની જે પ્રશંસા કરે છે અને નિશ્ચયનયની નિંદા કરે છે, નિંદા-પ્રશંસા, એ મનુષ્ય પશુસમાન છે. આહાહા !

પરંતુ નિશ્ચયનય એકત્વની સમીપે નજદીક લાવીને હજી અનુભવ નથી થયો. નજીક લાવીને આત્મામાં જ્ઞાન ચેતનાને સ્થાપિત કરી અજ્ઞાન ચેતનાનો વ્યય થાય ને જ્ઞાન ચેતનાની ઉત્પત્તિ થાય. સ્થાપિત કરીને પરમાનંદ ઉત્પન્ન કરી પરમઆનંદ, આત્મિક આનંદ. આ નિશ્ચયનયની શક્તિ જુઓ. પ્રમાણમાંથી નિશ્ચય કાઢ્યું એણે. ''પ્રમાણની બહાર જાવું નહીં ને પ્રમાણમાં અટકવું નહીં.'' આ લોકો સ્વપરપ્રકાશકવાળા પ્રમાણમાં અટકી ગયા. પરંતુ નિશ્ચયનય એકત્વની સમીપે લાવીને આત્મામાં જ્ઞાન ચેતનાને સ્થાપિત કરી પરમાનંદ ઉત્પન્ન કરી વીતરાગ બનાવી પોતે ચાલી જાય છે. પછી નિશ્ચયનયનો વિકલ્પ રહેતો નથી. નિર્વિકલ્પ ધ્યાયના કાળે નિશ્ચયનયનો વિકલ્પ રહેતો નથી. એ પ્રમાણનો વિકલ્પ પહેલો ગયો નિષેધ કરતાં વ્યવહારનયનો વિકલ્પ ગયો. પછી વિધિનો વિકલ્પ આવ્યો નિશ્ચયનયનો કે હું એક છું, શુદ્ધ છું, અભેદ છું, સામાન્ય છું, ટંકોત્કીર્ણ છું વિગેરે જેવું સ્વરૂપ છે એવું નિશ્ચયનય બતાવે છે.

ટોડરમલજી સાહેબે કહ્યું છે કે જિનાગમમાં જેટલું નિશ્ચયનયનું કથન આવે તેને સત્યાર્થ માની તેનું શ્રદ્ધાન અંગીકાર કરજે. અને વ્યવહારનયનું જેટલું નિરૂપણ આવે તેને અસત્યાર્થ માની તેનું શ્રદ્ધાન છોડજે. આ સ્વપરપ્રકાશક વ્યવહારનયનું કથન છે બે આવ્યાને સ્વ ને પર તેથી પ્રમાણ થયું. તો પ્રમાણ જેનું લક્ષણ એ વ્યવહાર થઈ ગયો. અને આ રીતે આત્માને પક્ષાતિક્રાંત કરી દે છે, એટલે કે નયપક્ષથી પાર કરી દે છે એટલે વિકલ્પ છૂટી જાય છે. હું શુદ્ધ છું, એક છું, અભેદ છું એ છેલ્લો વિકલ્પ ચાલ્યો જાય છે ત્યારે તેને અતીન્દ્રિયજ્ઞાનની પ્રગટતા થાય છે અને આત્મદર્શન થાય છે, સમ્યગ્દર્શન થાય છે. એની સાથે અતીન્દ્રિય આનંદ પણ એને આવે છે. ભવનો અંત પણ આવી ગયો એ જીવને. આ કારણથી નિશ્ચયનય પૂજ્યતમ છે.

હવે એક વિષય આમાં બહુ સારો આવ્યો છે. છેલ્લી લીટી છે વાચું છું તમારી પાસે. સમયસારમાં અપ્રતિબુદ્ધને સમજાવવા માટે આચાર્ય ભગવાને એવું કથન કર્યું કે વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક છે, તો પણ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી. એટલું વાક્ય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સમયસારમાં. જ્યારે દેવસેન આચાર્ય ભગવાને શું કહ્યું એ કહું છું. એટલા માટે નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક હોવાથી, નિશ્ચયનય પરમાર્થનો હજી પ્રતિપાદક હો, હોવાથી ભૂતાર્થ પણ છે. એના અવલંબનથી આત્મા સમ્યગ્દષ્ટિ થાય છે. બેય ભાવલિંગ સંત.

એક એકદમ સ્થૂળ અજ્ઞાની હતો મિથ્યાદષ્ટિ એને સમજાવવા માટે વ્યવહારનયથી સમજાવવા બીજો ઉપાય નહીં. સ્થૂળ વ્યવહાર પછી સૂક્ષ્મ વ્યવહાર, સદ્ભૂત વ્યવહાર એ બધું વ્યવહારથી સમજાવે છે. આ તો કહે છે કે નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક છે. વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક નથી. કેમકે વ્યવહારનય જેવું પ્રતિપાદન કરે છે એવું આત્માનું સ્વરૂપ નથી. (શ્રોતા :- એણે અભૂતાર્થ છે એમ ન લખ્યું.) ન લખ્યું, પણ એ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી, એમ કહ્યું ત્યાં. વ્યવહારનય તો પ્રતિપાદક છે પણ અનુસરવા યોગ્ય નથી. બરાબર !

હવે વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક છે એટલે એણે શું કહ્યું કે જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા એવો જે વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે. રાગ તે આત્મા તે વ્યવહાર નથી. તે પરમાર્થને ક્યાંથી બતાવે ? એ તો જડ અચેતન છે. વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે એટલે, જે જાણે તે આત્મા અને દેખે તે આત્મા, એટલો વ્યવહાર છે ત્યાં, પરમાર્થનો બતાવનાર. અહીંયા કહે છે કે જ્ઞાયક તે આત્મા. નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક છે ભેદ કાઢી નાખ્યો એણે. સીધી અભેદની વાત કરી. આ તો દ્રવ્યાનુયોગ છે સૂક્ષ્મ બોધનો અભિલાષી હોય એને માલ ઘણો મળે એવું છે.

હવે ૫૫૮ ગાથા એક છે પંચાધ્યાયીની. આના સ્ટીકર પણ છપાવવાના છે. આ ૫૫૮ પંચાધ્યાયીની ગાથા છે. આ જાણે તાલપત્રનું પાનું હોય ને એવું બનાવ્યું છે એક. ગાથાનો અર્થ કરું છું ૫૫૮ મી ગાથા છે. 'અર્થવિકલ્પો જ્ઞાનં ભવતિ તદૈકમં'' ઈ છે શ્લોક. એનો અર્થ કરું છું. કે જ્ઞાન અર્થવિકલ્પાત્મક હોય છે. જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે જેમાં સ્વપરનો પ્રતિભાસ થાય. સ્વપરને જાણે એમ નહીં.

જ્ઞાન અર્થ વિકલ્પાત્મક હોય છે અર્થાત્ જ્ઞાન સ્વપર પદાર્થને વિષય કરે છે. તેથી જ્ઞાન સામાન્ય અપેક્ષાએ જ્ઞાન એક જ છે. જ્ઞાનનો પર્યાય તો એક જ છે. તેમાં સ્વપરના પ્રતિભાસ, બેના પ્રતિભાસ થાય છે તો પણ જ્ઞાન તો એક જ છે જ્ઞાન બે નથી. પરનો પ્રતિભાસ થાય એ જ્ઞાન જુદું અને સ્વનો પ્રતિભાસ થાય તે જ્ઞાન જુદું એમ નથી. એક જ જ્ઞાનની પર્યાયમાં સ્વપરનો પ્રતિભાસ થાય છે.

જેમ દર્પણમાં સ્વપરનો પ્રતિભાસ થાય છે તેમ. દર્પણમાં પર પદાર્થનો પ્રતિભાસ થાય છે, છતાં દર્પણમાં એ પદાર્થ આવતા નથી. અને એમાં એનું દળ પણ એને પ્રતિભાસે એટલે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વપરનો એને પ્રતિભાસ થાય છે દર્પણમાં.

એવી રીતે જ્ઞાનની એક સમયની પર્યાય, જરા ઊંડી-ઝીણી વાત છે. આસ્તે-આસ્તે લઈએ આપણે. જ્ઞાન સામાન્યની અપેક્ષાએ જ્ઞાન એક જ છે. આના ચાર શાસ્ત્રના આધાર પણ આપણે હમણાં જોશું. કેમકે વિલ્પાત્મકપણું બધાય જ્ઞાનમાં છે, આઠેય જ્ઞાનમાં. ત્રણ કુજ્ઞાન અને પાંચ સમ્યક્જ્ઞાન આઠ પ્રકારના જ્ઞાન થાય છે. એ આઠેય પ્રકારના જ્ઞાનોમાં આ સ્વપરનો પ્રતિભાસ થાય છે. પરંતુ વિશેષ વિશેષ વિષયોની અપેક્ષાએ તે જ જ્ઞાનના એક જ જ્ઞાનના બે ભેદ થઈ જાય છે. જ્ઞાન તો એક પ્રકારે ઉદય થાય છે ઉત્પન્ન થાય છે. સમ્યગ્જ્ઞાન ને મિથ્યાજ્ઞાન ઉત્પન્ન થતું નથી.

જ્ઞાન ઉત્પન્ન થાય છે, ઉપયોગ પ્રગટ થાય છે. લક્ષણ પ્રગટ થાય છે. હવે જે ઉપયોગ લક્ષણ છે એ જો જ્ઞાયકને વિષય કરે તો સમ્યગ્જ્ઞાન છે, અને જો પરની સન્મુખ થઈને પરને જાણવા જાય તો મિથ્યાજ્ઞાન છે, એમ કહે છે. જ્ઞાનના બે ભેદ થઈ જાય છે. સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાન.

હવે આના આધાર હું આપું છું ચાર શાસ્ત્રોમાં છે આમ તો ઘણાં શાસ્ત્રોમાં છે પણ થોડા આધાર લઈ લઈએ. પ્રવચનસાર ગાથા ૧૨૪, સમયસાર ગાથા ૨, પુરુષાર્થ સિદ્ધિ ઉપાય ગાથા ૧, પંચાધ્યાયી ભાગ ૧-ગાથા ૫૪૧, ''જે અર્થ વિકલ્પ જ્ઞાનં પ્રમાણં'' જે આપણે વાંચ્યું એ. એમ ચાર જગ્યાએ આ છે. અને એમાં સ્પષ્ટ શબ્દોમાં છે કે સ્વપર-પદાર્થોને જાણે છે એમ નહીં, પણ સ્વપરપદાર્થનું અવભાસન થાય છે, પ્રતિભાસન થાય છે, ઝલકે છે.

સ્વ ને પર બે પદાર્થો જ્ઞાનમાં, બધાના જ્ઞાનમાં અત્યારે આ સમયે પણ અનંતા જીવો પોતાના આત્મા સિવાય અનંતા જીવો, એક-એક જીવ તેના ભૂત-ભવિષ્ય વર્તમાન ત્રણ કાળના પર્યાયો સહિત એક જીવ, એવા અનંતા જીવો જ્ઞાનમાં પ્રતિભાસે છે અત્યારે બધાને. એમ એક પરમાણું, એક પરમાણુંનું ભૂત ભવિષ્ય વર્તમાન ત્રણકાળની પર્યાય સહિતનું પરમાણું દ્રવ્ય, એવા અનંતા-અનંત પરમાણું અત્યારે પ્રતિભાસે છે જ્ઞાનમાં. જ્ઞાન એને જાણે છે એમ નહીં, પ્રતિભાસે છે.

એવી રીતે પોતાનો આત્મા પણ ભૂતકાળની પર્યાય ગઈ, વર્તમાનમાં છે અને ભવિષ્યકાળે જે પર્યાયો થશે. તે અતીત, અનાગત અને વર્તમાન ત્રણકાળની પર્યાય સહિતનો પોતાનો આત્મા પણ વર્તમાન જ્ઞાનમાં એ પ્રતિભાસે છે. શું આ જ્ઞાનની તાકાત ! પ્રતિભાસે છે, હવે પ્રતિભાસે છે એનો આવિર્ભાવ થાય છે એટલે આત્મા કર્તા નથી. પ્રતિભાસ થાય છે એટલે ક્રમબદ્ધ પર્યાય આવી ગઈ એમાં. એવો પાઠ છે કે જેટલા આકારો પ્રતિભાસે છે, પછી એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આકારોમાં વધઘટ થાય કે નહીં ? કે બિલકુલ ન થાય. અપૂર્વ છે જૈનદર્શન ! આ સર્વજ્ઞ ભગવાન સિવાય, તીર્થંકર પરમાત્મા સિવાય આ કોઈ કહી શકે નહીં. અને કહે છે એવું સ્વરૂપ પોતાને અવભાસે છે વિચાર કરે તો. વિચાર ન કરે તો તો જુદી વાત છે. એમ ને એમ ચાલ્યો જાય. આહાહા !

હવે જે દ્રવ્યની જે કાળે જે ક્ષેત્રે જે પર્યાય થવાની છે, થવાની છે ભવિષ્યમાં એ અત્યારે પ્રતિભાસે છે અહીંયા. અને કેવળી ભગવાન જ્યારે નિગોદમાં હતા એનો આત્મા પહેલાં તો નિગોદમાંથી બહાર આવે છે ને ત્યારે એને પ્રતિભાસ થઈ ગયેલો હતો. કેવળજ્ઞાન થાય છે માટે પ્રતિભાસ થાય છે એમ છે નહીં. શાંતિથી સાંભળજો. પ્રતિભાસના આવિર્ભાવનો વિષય સૂક્ષ્મ છે. કે ત્રણકાળના પદાર્થો દ્રવ્ય ગુણ સહિત જે પ્રતિભાસ્યા હતા અને કેવળજ્ઞાન થયું જ્યારે, ત્યારે પ્રત્યક્ષ આવિર્ભાવ થઈ ગયો. એણે જાણ્યું, પદાર્થને જાણ્યો નથી, જ્ઞેયાકાર જ્ઞાનને જાણ્યું છે. સમસ્ત જ્ઞેયાકારો જ્ઞાનથી અભિન્ન હોવાને કારણે એ જ્ઞાન આત્માને જાણે છે. જ્ઞેયાકારો અભિન્ન છે, જ્ઞેય અભિન્ન નથી. જ્ઞેયાકાર જ્ઞાન એ તો જ્ઞાનની પર્યાય છે.

રાગ તો આત્મામાં થતો જ નથી, એ તો જ્ઞાયકભાવમાં હોય જ નહીં, પણ રાગને જાણનારું જ્ઞાન તે જ્ઞાન નથી. રાગ જેમાં પ્રતિભાસે છે ઈ જ્ઞાન આત્માનું છે કે જે જ્ઞાન આત્માને જાણે છે. આ જમણો હાથ છે. એમ જે જ્ઞાન જાણે, કે આ જમણો હાથ છે ઈ જમણા હાથને જાણનારું જે જ્ઞાન છે તે આત્માનું જ્ઞાન નથી. રૂપ રસ ગંધના પ્રતિભાસો થાય છે પણ એને જાણનારું જે જ્ઞાન તે આત્માનું જ્ઞાન નથી, એ તો ઈન્દ્રિયજ્ઞાન છે. ભાવઈન્દ્રિય છે. (શ્રોતા :- તે તો જ્ઞાન જ નથી) ઈ જ્ઞાન ક્યાં છે. આહાહા ! એટલે એનો અર્થ એમ થયો કે જ્ઞાન પરને જાણતું જ નથી. આસ્તે ! આસ્તે ! આસ્તે ! ઘરમાં જવાનું છે હો. આસ્તે ! આસ્તે ! આ વિષય શું કામ લીધો છે આપણે. ઘરમાં જાવા માટેને ? ઘરને ભૂલી ગયો છે ને ? આહાહા !

એ જ્ઞાનનો વિષય એકલો આત્મા જ છે. ભાઈ ! જ્ઞાનનો વિષય એ પર છે જ નહીં. ભૂતકાળમાં આત્માના જ્ઞાને પરને જાણ્યું નથી. વર્તમાનમાં આત્માનું જ્ઞાન પરને જાણતું નથી. જ્યાં સુધી મોક્ષ નહીં થાય ત્યાં સુધી ગૃહસ્થ અવસ્થામાં કે છદ્મસ્થ અવસ્થામાં રહેશે ત્યાં સુધી આત્માનું જ્ઞાન પરને નહીં જાણે. આહાહા ! કે ભૂતકાળમાં પદાર્થને જાણ્યું એ જ્ઞાન કોનું ? કે ઈન્દ્રિયજ્ઞાન છે, તે આત્માનું જ્ઞાન નહીં.

આત્માનું જ્ઞાન ને ઈન્દ્રિયજ્ઞાન બંને તદ્દન ભિન્ન ભિન્ન છે. જ્ઞાયકથી તો ભિન્ન છે આ ઈન્દ્રિયજ્ઞાન, સર્વથા ભિન્ન. હજી તો રાગ સર્વથા ભિન્નમાં પસીનો ઉતરે છે. ઈન્દ્રિયજ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અત્યંત ભિન્ન છે. આ બધા શાસ્ત્રોમાં છે, સમયસારની ૩૧ ગાથામાં છે. અભ્યાસીને વધારે મજા આવે. ભાવઈન્દ્રિય, ભાવઈન્દ્રિયના વિષયો ને દ્રવ્યઈન્દ્રિય ત્રણેય. આહાહા ! એ ભગવાન પરમાત્માથી જ્ઞાનમય આત્માથી અતીન્દ્રિયજ્ઞાનમય આત્માથી ઈન્દ્રિયજ્ઞાન ત્રિકાળ ભિન્ન છે. આહાહા ! એ રાગનું જ્ઞાન તે આત્માનું જ્ઞાન નથી. આત્માનું જ્ઞાન તે આત્માનું જ્ઞાન છે. તે જ જ્ઞાન છે. પરને પ્રસિદ્ધ કરે છે તે આત્માનું જ્ઞાન નથી તે તો ઈન્દ્રિયજ્ઞાન છે.

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે. જ્યારે રાગનો પ્રતિભાસ થાય છે ત્યારે જ્ઞેયાકાર અવસ્થામાં, હવે આપણે મૂળ વાત લઈએ કે જ્યારે રાગનો પ્રતિભાસ થાય છે, ત્યારે. જો જીવને એમ લાગે કે આ રાગને હું જાણું છું તો બહિર્મુખ જ્ઞાન થઈ સંસારમાં ચાલ્યો ગયો. બંધ માર્ગમાં ગયો. કરું છું તો તો બંધ માર્ગમાં છે જ. ઈ તો હવે આપણે રહેવા દ્યો અત્યારે. એ તો બહુ દૂર થઈ ગયું. કર્તા તો છે જ નહીં આત્મા, અકર્તા છે એટલે કર્તાની વાત શું કરવી હવે.

કર્તાબુદ્ધિ તો જેની ગઈ છે એને જ્ઞાતાબુદ્ધિ જશે. કર્તાબુદ્ધિ જેને હશે તેને પરની જ્ઞાતાબુદ્ધિ નહીં જાય. સમયે સમયે જ્ઞાન આત્માને જાણે છે. બાળ ગોપાળ સૌને ભગવાન આત્મા જણાય છે. માનતો નથી, સ્વીકારતો નથી, મને પર જણાય છે આમ આમ કરે છે. બાવરો થઈ ગયો છે. આહાહા ! કાંઈ હાથમાં નહીં આવે. કળશ ટીકાકાર કહે છે કે સંસારી જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ એનામાં જ્ઞાન નથી અને એનામાં સુખ પણ નથી. અને એને જાણનારને જ્ઞાન પણ નહીં થાય ને સુખ પણ નહીં થાય. ફાંફા ગમે તેટલા મારે. આહાહા !

પછી કહે છે આત્મામાં જ્ઞાન પણ છે, આત્મામાં સુખ પણ છે. એને જાણનારને એને જે જાણે છે એને જ્ઞાન પણ પ્રગટ થાય છે અને સુખ પણ પ્રગટ થાય છે. આ રીતે ઘણી ઘણી તાત્વિક વાતો ગુરુદેવના પ્રતાપે બહાર આવી ગઈ છે. પણ પ્રયત્ન તો પોતે એકલા હાથે કરવાનો છે. કોઈ એમાં મદદ કરી શકે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યના પરિણામને ફેરવી શકે એવું તો વસ્તુમાં છે જ નહીં. માટે જ્યારે રાગ જ્ઞાનમાં પ્રતિભાસે છે ત્યારે આત્માનું જ્ઞાન રાગને જાણતું નથી. રાગને કરતું તો નથી પણ રાગને જાણતું નથી. અને દુઃખ જ્યારે પ્રતિભાસે છે ત્યારે એ દુઃખને જાણનારું જે જ્ઞાન તે આત્માનું નથી. આહાહા !

આ શાસ્ત્રને જાણનારું જ્ઞાન તે આત્માનું જ્ઞાન નથી. આહાહા ! જ્ઞાન તો એનું નામ કહેવાય કે જેનું હોય તેને જાણીને પ્રસિદ્ધ કરે એનું નામ સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આત્માને છોડીને પરને પ્રસિદ્ધ કર્યા કરે ચોવીસે કલાક, આ ઈન્દ્રિયજ્ઞાન વડે એ જ્ઞાન નથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ઈન્દ્રિયજ્ઞાન છે અર્થાત્ અજ્ઞાન છે. ઈન્દ્રિયજ્ઞાન કહો કે અજ્ઞાન કહો. જેમ રાગ બંધનું કારણ છે તેમ ઈન્દ્રિયજ્ઞાન પણ બંધનું કારણ છે. પરસતાવલંબનશીલ ઈ ગણધર ભગવાનનું જ્ઞાન પણ, એને પણ ગુરુદેવે કહ્યું'ને એ બંધનું કારણ છે. આહાહા !

એક અબંધનું કારણ તો પોતાનો શુદ્ધાત્મા અને તેના આશ્રયે થયેલો આત્માનો જે અનુભવ થાય ત્યાંથી મોક્ષમાર્ગ શરૂ થાય છે. બાકી ધર્મની કોઈ ક્રિયા નથી, આત્માના અનુભવ સિવાય. લાખ ઉપાય કરશે, જ્યારે પણ કરશે ત્યારે તેણે આત્માનો અનુભવ કરવો પડશે. દુઃખને ટાળવું હશે ત્યારે અને સુખની પ્રગટતા કરવી હશે ત્યારે. એણે પોતાના નિજ આત્માને અવલંબન લઈ, એને જાણી, એનું શ્રદ્ધાન કરી એમાં એકાગ્ર કરવાનો અભ્યાસ કરવો જોઈએ. તો મોક્ષમાર્ગ પ્રગટ થશે.

## પ્રવચન નં. ૨૭

**પર્યુષણ પર્વાધિરાજ દિવસ-૪ - રાજકોટ**

**તા. ૨૦-૯-૯૬**

આજે દસ લક્ષણ ધર્મનો ચોથો ઉત્તમ સત્ય ધર્મ દિવસ છે. ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ એ ત્રણ ધર્મનું સ્વરૂપ કહેવાય ગયું છે. આજે ઉત્તમ સત્ય ધર્મનો દિવસ છે. આ ઉત્તમ ક્ષમાદિ ધર્મોનું આરાધન સમ્યગ્દર્શનપૂર્વક જ થઈ શકે છે. ચારિત્રની દશાની વાત ચાલે છે આ, સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્ર દશા હોય છે. આ ભાદરવા સુદ પાંચમથી ચૌદશ સુધીના દિવસોને દસ લક્ષણ પર્વ કહેવાય છે. અને તે જ પર્યુષણ પર્વ છે. નિર્ગ્રંથ સંત મુનિવરોને સમ્યગ્દર્શનજ્ઞાનપૂર્વક ઉત્તમ સત્ય ધર્મ કેવો હોય ? એનું વર્ણન શ્રી પદ્મનંદી આચાર્યદેવ કરે છે. આ પુસ્તક બહાર પડી ગયા છે આમાં ગુરુદેવના વ્યાખ્યાનો છે. આમાં દસલક્ષણ પર્વ ઉપરના તે વાંચી લેજો.

હવે દરેક ધર્મમાં એ આવ્યું કે સમ્યગ્દર્શનપૂર્વક જ આ ચારિત્રનો ધર્મ હોય છે. જ્ઞાન ને વૈરાગ્ય શક્તિ પ્રગટ થાય છે. અને પછી વીતરાગતા પ્રગટ થઈને પૂર્ણ થાય છે. નીચલી ભૂમિકામાં જ્ઞાન વૈરાગ્ય હોય છે. ઉપલી ભૂમિકામાં વૈરાગ્ય પછી વીતરાગ, બે કષાયનો અભાવ, ત્રણ કષાયનો અભાવ થઈ અને શુક્લ ધ્યાનની શ્રેણી માંડીને સાધક આત્માઓ, અનંત આત્માઓ આ રીતે કેવળજ્ઞાનને પામી ગયા, મોક્ષને પામી ગયા.

હવે આજે એક એવો વિષય લેવો છે કે ત્રણ દિવસ સુધી આખી ભૂમિકા લગભગ તૈયાર થઈ ગઈ છે. અને આજનો વિષય ધ્યાનપૂર્વક જો શ્રવણ કરીને જે એ પ્રયોગ કરશે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ લાગે છે કે થોડા યા ઘણા જીવોને આત્મદર્શન થઈ જશે ! એવી આજની એક વાત પ્રયોગની છે, ધારણાની નથી. પણ પ્રયોગની વાત ચાલે છે આજે. આચાર્ય ભગવાન એ પ્રયોગ બતાવે છે.

કે દૃષ્ટિનો વિષય જેને દૃષ્ટિમાં આવ્યો, શ્રદ્ધા જ્ઞાનમાં આવ્યો, એને પણ આત્માનો અનુભવ કેમ થતો નથી ? એનું કારણ શું ? કે કારણ એ છે કે અનાદિકાળથી, એને વ્યવહારનો પક્ષ છે. વ્યવહારના તો ઘણા પ્રકાર છે. શુભભાવ પણ વ્યવહારનયનો વિષય છે. અને પરને જાણવું એ પણ વ્યવહારનયનો વિષય છે, સ્વપરને જાણે છે જ્ઞાન, એ પણ વ્યવહારનયનો વિષય છે. સ્વપરપ્રકાશક, પ્રમાણજ્ઞાન જેનું લક્ષણ છે એવો વ્યવહાર, હવે એ વ્યવહારને ઓળંગીને અથવા એનો અંતરમુખ થઈ નિષેધ કરીને, જ્યારે એ જ્ઞાન અંતરમાં આવે છે ત્યારે એને આત્માનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. અને અનુભવના કાળમાં બહુ અલ્પ સમયોમાં એટલે અસંખ્યાત સમયમાં, ઈ એક સેકન્ડેય પૂરી નહીં એટલા કાળમાં આત્માની પરોક્ષ અનુભૂતિ થાય છે. અને તત્કાળ પ્રત્યક્ષ અનુભૂતિ થાય છે. પછી સમય ફરતો નથી. એ બહિર્મુખ થતો નથી અંતર્મુખ થયો, તે અંદરમાં ચાલ્યો જાય છે, નિર્વિકલ્પ ધ્યાન આવીને સમ્યગ્દર્શન થાય છે. એવી એક અલૌકિક વસ્તુ આમાં રહેલી છે. એમાં બીજા પારામાં પ્રયોગ બતાવતા એમ કહે છે.

શિષ્યના બે પ્રશ્ન હતા, એક શુદ્ધ આત્માનું સ્વરૂપ શું છે એ કૃપા કરીને મને સમજાવો ! આત્માનો મૂળ ઓરિજિનલ સ્વભાવ શું છે અને એનું સ્વરૂપ શું છે ? એ બતાવો. અને એવો જે શુદ્ધાત્મા છે. એનો અનુભવ કેમ થાય. એ બે વાત પૂછી છે. અનુભવનો વિષય પૂછ્યો છે, અને અનુભવ કેમ થાય એ પૂછ્યું છે. છ દ્રવ્યનું શું સ્વરૂપ છે ? આઠ કર્મનું શું સ્વરૂપ છે ? એના ઘાતિ અને અઘાતિના કેટલા ભેદ છે ? નવ તત્ત્વના કેટલા ભેદ છે ? એક એક ભેદનું શું લક્ષણ છે ? એ કાંઈ પણ પૂછ્યું નથી શિષ્યે ? શિષ્યની જિજ્ઞાસા....

પાત્ર જીવ શું પૂછે છે ? પાત્ર જીવ ઉત્કૃષ્ટ પાત્ર જીવ શું પૂછે છે ? એ પૂછવામાં પણ એનો માલ ઘણો ભર્યો છે. એટલું જ પૂછ્યું પ્રભુ ! મારા આત્માને આજ સુધી મેં જાણ્યો ને અનુભવ્યો નથી. તો એ મારા આત્માનું સ્વરૂપ શું ? અને એને લક્ષમાં લેતાં મને આત્માનો અનુભવ થાય અને દુઃખનો અંત આવી જાય એનું સ્વરૂપ શું છે ? એ કૃપા કરીને મને કહો.

એક એવું નાનું પુસ્તક બહાર પડ્યું છે. એકસો ૧૧૦ ગાથાનું ભવ્યામૃત કરીને આજથી અઢીસો વર્ષ પહેલાં કન્નડ ભાષામાં લખાયેલું. નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તીના શિષ્ય, પ્રશિષ્ય એણે બનાવેલું છે. એણે તો ત્યાં સુધી લખ્યું છે કે આ કાળમાં કોઈ સમ્યગ્દર્શન પામે-આ પંચમકાળમાં તો ઓછામાં ઓછા ત્રણ ભવે એનો મોક્ષ થઈ જાય, અને બહુ વાર લાગે, તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


વધારેમાં વધારે આઠ ભવે તો મોક્ષ થાય જ. એવો કોલ કરાર એમાં લખી ગયા છે. એટલે એમ લાગે છે કે છઠ્ઠીગાથા, જે આત્મસાત્ કરશે અને પ્રયોગ કરશે, એને બહુ થોડા કાળમાં અને ઘણાં જીવોને આત્મદર્શન થાય એવા આજે પ્રયોગની વાત ચાલે છે. પ્રેક્ટીકલ વાત ચાલે છે. થિયરી નહીં. પ્રેક્ટીકલ, એમાં પોતે એક દૃષ્ટાંત આપે છે.

વળી દાહ્યના આકારે થવાથી, દાહ્યાકાર થવાથી અગ્નિને દહન કહેવાય છે. બાળનાર કહેવાય છે. અગ્નિને બાળે છે એમ નથી લખ્યું, પણ અગ્નિને ઓલું નિમિત્ત છે, લાકડા આદિ, ત્યારે એનો જે આકાર છે. એ આકારે અગ્નિ સ્વતંત્રપણે પોતાથી પરથી નિરપેક્ષ, એ (ઈ) આકારરૂપે પરિણમે છે. એને દાહ્યાકાર કહેવામાં આવે છે. એની સામે જ્ઞેયાકાર કહેશે જ્ઞાનમાં.

તો પણ દાહ્યાકાર અશુદ્ધતા એને નથી. લાકડાને બાળે છે માટે અગ્નિ છે એમ નહીં. અગ્નિ તો પોતે પોતાથી અગ્નિ છે. લાકડા, લાકડાથી છે. એવી રીતે જ્ઞેયાકાર થવાથી, હવે એના માટે હું એકાદ દૃષ્ટાંત આપું તો ખ્યાલ વધારે આવે, કે પાણીનું સ્વચ્છ તળાવ હોય અને એમાં અસંખ્ય તારાઓ ઉપર હોય, અને એ તારાનો પ્રતિભાસ પાણીની સ્વચ્છ પર્યાયમાં પડે છે. એ તારાનો પ્રતિભાસ પાણીના દળ સુધી જાતો નથી. પણ ઉપરની સપાટીમાં એનો પ્રતિભાસ આવે છે. હવે જ્યારે એ તારાઓનો પ્રતિભાસ એમાં આવે છે. પાણીની પર્યાયમાં, ત્યારે એને જાણનારા ઘણાં ઊભા હતા, કોઈ કહે છે કે આ પાણીમાં તારા છે. પાણીમાં તારા પ્રતિભાસે છે એમ નહિં, આ પાણીમાં અસંખ્ય તારા છે.

બીજો કહે છે તારા એમાં નથી, પણ તારાનો તો એમાં પ્રતિભાસ થાય છે. એવું આ પાણી છે, ત્રીજો કહે છે. કે પ્રતિભાસ થાય છે, એવી પાણીની પર્યાય છે, કે જે પાણીની પર્યાયમાં તારા પ્રતિભાસે છે. તારા તારામાં છે, પાણી પાણીમાં છે, પણ એ જે તારાનો પ્રતિભાસ થયો એવો આકાર અહીંયા પાણીમાં પડે છે. તો એને જળાકાર કહેવામાં આવે છે. જળ એટલે પાણી, પાણીનો આકાર છે એ, તારાનો આકાર નથી આવ્યો. તારાનો આકાર તારામાં નિમિત્ત પડે છે. અને અહીંયા પાણીની અવસ્થાએ તારાના બિંબરૂપે, પ્રતિબિંબરૂપે થઈને એ પરિણમે છે.

હવે ઈ પાણીમાં પ્રતિભાસ થયો છે એનો તો, એ પાણી તો પાણીથી અભેદ છે. એટલે તારાય દેખાતા નથી, એનો પ્રતિભાસ દેખાતો નથી. જેમાં પ્રતિભાસ થાય છે એવી પર્યાય પણ દેખાતી નથી, અમને તો પાણી, પાણી ને પાણી જ જણાય છે બીજું કાંઈ જણાતું નથી. પર્યાય ને દ્રવ્યનો ભેદ પણ નીકળી જતાં, એ પાણી સુધી એની નજર ગઈ, એનો અર્થ એમ થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એવી રીતે આ આત્મા છે. એની અંદર જ્ઞાન પર્યાય પ્રગટ થાય છે ઉપયોગ, એ સ્વચ્છ છે. પ્રગટ થતો ઉપયોગ અશુદ્ધ નથી, પ્રગટ થતો ઉપયોગ શુદ્ધ નથી પણ સ્વચ્છ છે. હવે સ્વચ્છ ઉપયોગ પ્રગટ થાય છે જ્યારે, ત્યારે આત્મા તો ત્રણેકાળ શુદ્ધ છે. પણ એની દશામાં શુદ્ધતા પ્રગટ થતી નથી. પણ એ કેમ અશુદ્ધતા થઈ જાય છે પર્યાયમાં અને કેમ અશુદ્ધ ટળીને શુદ્ધ થાય છે, એની વાત આપણે કરવાની છે.

તો કહે છે કે જ્ઞેયાકાર અવસ્થામાં, આ શબ્દ છે. જ્ઞેયાકાર અવસ્થામાં એટલે પર પદાર્થને અને સ્વપદાર્થને જાણવાની અવસ્થામાં એમ ન લેવું, પણ પરપદાર્થ ને સ્વપદાર્થ જ્ઞાયક, સ્વપરના વિભાગપૂર્વક આખું વિશ્વ એમાં અવભાસે છે, પ્રતિભાસે છે, ઝળકે છે જ્ઞાનમાં. હવે એવા સમયે જ્ઞેયાકાર અવસ્થામાં, કોઈ જીવ તો પરના પ્રતિભાસ તરફ ઢળીને બંધમાર્ગમાં ચાલ્યો જાય છે. અને કોઈ તો સ્વના પ્રતિભાસ તરફ વળીને મોક્ષમાર્ગમાં આવી જાય છે. આ એક ટર્નીંગ પોઈન્ટ છે. બંધમાર્ગમાં જાવું કે મોક્ષમાર્ગમાં આવી જવું, એ એક કળા છે, કળા. કેમ કે બે નો પ્રતિભાસ છે, એટલે કાં સ્વસન્મુખ થાય તો સમ્યગ્જ્ઞાન થઈ જાય અને પરસન્મુખ થાય તો જ્ઞાનનું અજ્ઞાન કરી નાખે. તો દુઃખના માર્ગમાં ચારગતિમાં ચોરાશી લાખ યોનિમાં ફેંકાઈ જાય છે.

બીજું આત્માના જ્ઞાનનો સ્વભાવ, જ્યારે પ્રતિભાસ થાય છે, રાગાદિનો કે દેહાદિનો, ત્યારે એ આત્માનું જ્ઞાન રાગને અને દેહને જાણતું નથી. જો રાગ ને દેહના પ્રતિભાસ સમયે એને આ રાગ જણાય છે તો એ બંધમાર્ગમાં જાય છે. કેમકે આત્માનો સ્વભાવ કેવળ પોતાને જાણવાનો છે અને પરને ન જાણવાનો છે. ત્રણે કાળથી આત્મા છે અને ત્રણેકાળથી ઉપયોગ પ્રગટ થાય છે. પણ આજ સુધી કોઈના આત્માના જ્ઞાને એટલે આત્માના જ્ઞાને કોઈ પરને જાણ્યું નથી. પરને જાણવાનો એનો સ્વભાવ જ નથી. સ્વને જાણવું છોડી અને પરને જાણે એવું એના સ્વભાવમાં જ નથી. જ્ઞાનનો સ્વભાવ સ્વને જાણવાનો છે. અને ઈન્દ્રિયજ્ઞાનનો સ્વભાવ પરને જાણવાનો છે. ઈન્દ્રિયજ્ઞાન સ્વને જાણતું નથી. અને આત્મજ્ઞાન પરને જાણતુ નથી. કેવળ સ્વને જાણે છે. એટલે જ્ઞેયાકાર અવસ્થા તો થઈ એમાં બેના પ્રતિભાસ પણ થયા.

હવે બેના પ્રતિભાસ વખતે અનાદિકાળથી એને બે શલ્ય પડેલા છે. એક તો પરભાવ ને પરદ્રવ્યને હું કરું છું, એવી કર્તુત્વબુદ્ધિ છે કરી શકતો નથી. જો આત્મા રાગને અને પરને કરતો જ હોય, અને એવું કર્તાપણું જો આત્મામાં આવી જાય. તો તો સમ્યગ્જ્ઞાન કહેવાય. પણ જે વિશેષમાં ક્રિયા થાય છે, એનો પ્રતિભાસ જ્ઞાનમાં આવતા, એ પ્રતિભાસ ઉપરાંત, એ પ્રતિભાસે છે રાગ એના ઉપર લક્ષ જાય છે. એટલે રાગને 'હું કરું છું' એવો એને અજ્ઞાનીને પ્રતિભાસ થાય છે. રાગને કરી શકતો નથી. અકર્તાપણું છૂટે તો કરે. વિશેષ

અપેક્ષાએ કર્તા થાય છે, પણ સામાન્ય અપેક્ષાએ અકર્તા રહે છે આત્મા, ભવી હોય કે અભવિ.

એવી રીતે જેવી રીતે અકર્તાપણું છૂટતું નથી આત્માનું અને કર્તા થતો નથી, ત્રણ કાળમાં, એવી રીતે આત્માનું જ્ઞાન પરને જાણતું જ નથી. આ વિષય ઘણો સૂક્ષ્મ છે, ગંભીર છે, સમ્યગ્દર્શન કેમ થાય ? એની આ વિધિ ચાલે છે. ત્યારે પરને જાણવાનો સ્વભાવ હોય અને પરને જાણતો જ હોય આત્મા રાગાદિને, છ દ્રવ્યને, નવ તત્ત્વને, લોકાલોકને જાણતો જ હોય તો તો એને આત્માનો અનુભવ હોવો જોઈએ એને આનંદ આવવો જોઈએ, પરને જાણતાં જાણતાં અનંતકાળ ગયો પણ એને સુખ તો પ્રગટ થયું નહીં. જ્ઞેયથી જ્ઞેયાંતર જ્ઞેયથી જ્ઞેયાંતર ઘુમરી ખાધા કરે છે એનું જ્ઞાન, સ્થિર થતું નથી. એ વિષય ગોતે છે. પણ એને મળતો નથી અને એ વિષયના કહેનારાના દુકાળ હોય પંચમકાળમાં લગભગ. એટલે એને વાણી સાચી મળતી નથી અને પોતાની યોગ્યતા એવી છે. કે એની એ પ્રકારની યોગ્યતા છે કે એને મળતું નથી.

પણ જ્યારે એ જીવનો કાળ પાકે છે ત્યારે સત્‌ને શ્રવણ કરવા તરફ એ વળી જાય છે. અને ઘણાં પ્રતિપાદન કરનારા હોય છે એમાંથી એક તારણ કાઢી, ઘણી જગ્યાએ એ રખડીને એ સોનગઢ જાય છે. અને સોનગઢના સંતનો પરિચય કરતા કહે છે કે આત્માનું જ્ઞાન પરને જાણતું નથી. ‘સ્વને જાણવાનું છોડે તો પરને જાણે’, આત્મદ્રવ્ય અકર્તાપણું છોડે તો કર્તા થાય, અકર્તાપણું તો છૂટે નહીં કર્તા થઈ શકે નહીં. અશક્ય છે. માને ભલે કે ‘‘રાગ કરું છું’’ પરનું કરું ને, અને આમ કરી નાખું અને આનું આમ કરી નાખુ. એ મિથ્યાબુદ્ધિ છે એની. એમાં પ્રયોજનની સિદ્ધિ થતી નથી બિલકુલ. આહાહા ! એ અનર્થ છે. અર્થની પ્રાપ્તિ એમાં થતી નથી એના વિકલ્પથી. ઈ તો છે ઈ છે વસ્તુ.

એમ આ આત્મા છે-જ્ઞાતા છે-જ્ઞાયક છે, એનું જ્ઞાન પ્રગટ થાય છે. એ જ્ઞાનમાં સ્વપરનો બેયનો પ્રતિભાસ થાય છે, સ્વપર બેયને જાણે છે એમ ન લેવું પહેલાં. કેમકે છદ્મસ્થનો ઉપયોગ એક સમયે બેને જાણી શકતો નથી. પ્રતિભાસ બેના થાય છે, લક્ષ એકનું જ હોય છે. ત્રણે કાળ પ્રતિભાસ બેના અને લક્ષ એકનું જ હોય છે. ત્રણે કાળનો આ સિદ્ધાંત છે.

હવે એને ભૂલ શું કરી ? કે જ્યાં પ્રતિભાસ થયો જ્ઞાનમાં, રાગાદિનો-દેહાદિનો પ્રતિભાસ થતાવેંત જ, એનું લક્ષ અનાદિકાળથી પર ઉપર છે, તો મને આ જણાય છે આ જણાય છે. આને જાણું છું આને જાણું છું આને જાણું છું. જ્ઞાનનો સ્વભાવ તો સ્વપરપ્રકાશક છે જ. જાણવું એ કાંઈ દોષ નથી, એમ એને પોતાના અજ્ઞાનથી લાગે છે. એમાં ઈન્દ્રિયજ્ઞાન ઊભું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ જાય છે, એમાં ઈન્દ્રિયજ્ઞાન રોકાતું નથી, અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થતું નથી, એટલે એ જીવને આત્મદર્શન થતું નથી.

અહીંયા આચાર્ય ભગવાન કહે છે કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે. જ્ઞેયાકાર અવસ્થામાં, જ્ઞેયને જાણવાની અવસ્થામાં, એમ લખ્યું નથી. જ્ઞેયાકાર અવસ્થામાં એટલે જ્ઞેયનો જ્યારે પ્રતિભાસ થાય છે એવી જ્ઞાનની જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેય જણાતું નથી, જ્ઞેયનો પ્રતિભાસ જણાતો નથી. પણ પ્રતિભાસ જેમાં જણાય છે એવું જ્ઞાન જણાય છે, કે જે જ્ઞાન આત્માને અભેદ થઈને જાણી લે છે.

હવે એ પ્રતિભાસ કેટલાનો થાય છે ? કે ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણ કાળના દ્રવ્યો, અનંતા જીવો અનંતા પુદ્‌ગલ પરમાણુંઓ એક એક પરમાણુંની ભૂત-ભવિષ્ય-વર્તમાન ત્રણકાળની પર્યાય સહિતનો પરમાણું. એમ જીવ સ્વ ને પર બેય એક એક જીવની ભૂત-ભવિષ્ય-વર્તમાન ત્રણકાળની પર્યાય અતીત, અનાગત ને વર્તમાન ત્રણકાળના પર્યાયો સહિતનો જીવ પોતાનો અને પર બીજો એનો પ્રતિભાસ થાય છે.

જ્ઞાનમાં પ્રતિભાસ થાય છે એટલે સાધકનું જ્ઞાન, પ્રતિભાસ તો બધાનો છે એને. અજ્ઞાનીને જ્ઞાનીને બધાને પ્રતિભાસ છે. પણ એ કેવળજ્ઞાન થતાં એ જે પ્રતિભાસ હતો એનો આવિર્ભાવ પૂરેપૂરો પ્રત્યક્ષરૂપે થઈ જાય છે. એટલે એમ કહેવાય છે કે કેવળી લોકાલોકને જાણે છે. કેવળી ભગવાન લોકાલોકને જાણતા જ નથી. એ કેવળજ્ઞાનમાં જે પ્રતિભાસ થયેલ છે, એનો જે આવિર્ભાવ થયો, એને જાણે છે ઈ. ઈ કાર્યને જાણે છે. અને કાર્યને જાણતાં ઉપચાર આવે છે કે કારણ લોકાલોકને પણ જાણે છે. એ ઉપચારનું કથન છે એ.

આ વ્યવહાર-ઉપચાર કેમ આવ્યો ? કે 'પ્રતિભાસ દેખીને' 'પરને જાણે છે' એવો વ્યવહાર કહ્યો. એ વ્યવહાર સાચો લાગ્યો, એટલે પરને જાણવામાં રોકાઈ ગયો. જ્ઞાની પણ વ્યવહારે જાણેલો પ્રયોજનવાન કહે છે, પણ પૂછો તો ખરા જ્ઞાનીને કે જાણેલો પ્રયોજનવાન તો પ્રભુ ! ઈ રાગ છે. ભેદ પંચમહાવ્રતના પરિણામ એને જાણે છે કોણ ? વ્યવહાર જાણેલો પ્રયોજનવાન એટલે શું ? પણ તેને જાણનાર તો બતાવો, કે કેમ ? એ જ્ઞાન એને જાણે છે. કે કયું જ્ઞાન એને જાણે છે ? અતીન્દ્રિયજ્ઞાન એને જાણે છે ઉપયોગરૂપ, કે પરિણતિ પ્રગટ થઈ એ જાણે છે ? કે બીજું કોઈ જ્ઞાન એને જાણનાર છે કોઈ ? એ બતાવો તો ખરા.

ત્યારે કોઈ પૂછે તો કહે એ તો અમારા જ્ઞાનમાં એનો પ્રતિભાસ દેખીને, એને જાણે છે એવો ઉપચાર કરવામાં આવ્યો છે. ત્યારે ખરેખર એને કોણ જાણે છે ? કે ઈન્દ્રિયજ્ઞાન એને જાણે છે. આત્માનું જ્ઞાન એને જાણતું નથી. આહાહા ! બુદ્ધિનો વિષય છે ઈ. રાગને જાણવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એ બુદ્ધિનો વિષય છે. આ બધી વાત છ કેસેટ નીકળી છે. એમાં આવી ગઈ છે, કે છ દ્રવ્યને કોણ જાણે છે ? કે બહિર્મુખ દૃષ્ટિ જાણે છે. આત્મા નથી જાણતો છ દ્રવ્યને. જ્ઞેય જ નથી એનું. આ વાત એક અપૂર્વ ૩૭૩ થી ૩૮૨ ગાથામાં કુંદકુંદભગવાને રચના કરી છે. એની ટીકા અમૃતચંદ્રઆચાર્યે કરી છે. એ દસ ગાથા બહુ ઉંચી છે. ટાઈમ રહેશે તો આપણે લઈ લેશું અત્યારે કહી દઉં.

ટીકાકાર એમ કહે છે. કે વસ્તુ સ્વભાવ પર વડે ઉત્પન્ન થઈ શકતો નથી.'' વસ્તુ સ્વભાવ એટલે આત્માનું જ્ઞાન, પર વડે એટલે પર જ્ઞેયો વડે આત્માનું જ્ઞાન ઉત્પન્ન થઈ શકતું નથી, એટલે કે જ્ઞેયથી જ્ઞાન થતું નથી. ઈ તો પ્રચલિત બધાએ સાંભળેલું છે. પણ બીજું નથી સાંભળ્યું અથવા તો સાંભળ્યું હોય તો કાન ઉપર લીધું નથી. બીજું સાંભળ્યું હોય તો, કાન ઉપર અત્યાર સુધી લીધું નથી, એમ મને લાગે છે, હવે લેવા જેવું છે.

પહેલાં બોલમાં શું કહ્યું કે વસ્તુ સ્વભાવ પર વડે ઉત્પન્ન થઈ શકતો નથી. એટલે જ્ઞેયથી આત્માનું જ્ઞાન પ્રગટ થઈ શકતું નથી. શાસ્ત્રથી આત્માનું જ્ઞાન થાય નહીં. આહાહા ! પછી બીજું વાક્ય લખે છે. વસ્તુ સ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નથી, એટલે આત્માનું જ્ઞાન જગતના કોઈ પદાર્થને જ્ઞેય બનાવી શકતું નથી. અશક્ય છે એ. હવે કોઈને જ્ઞેય બનાવી શકે તો તો પરને જાણે. પણ જ્ઞાનનું કોઈ જ્ઞેય થતું જ નથી, તો પરને જાણવાનો પ્રશ્ન ક્યાં રહ્યો ? વિષય જ નથી. જ્ઞાનનો વિષય અંદર અહીંયા છે. જ્ઞાનનો વિષય બહાર નથી.

વસ્તુ સ્વભાવ પર વડે ઉત્પન્ન થઈ શકતો નથી એટલે જ્ઞેયથી જ્ઞાન થતું નથી. જ્ઞેયથી જ્ઞાન થતું નથી અને જ્ઞેયનું જ્ઞાન થતું નથી. જ્ઞેયથી જ્ઞાન ન થાય અને જ્ઞેયનું જ્ઞાન ન થાય. રાગનું જ્ઞાન ન થાય, પુદ્‌ગલનું જ્ઞાન ન થાય તો જ્ઞાન પુદ્‌ગલ જ હોય. જે જેનું હોય તે તે જ હોય. માટે આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા છે. માટે આત્માનું જ્ઞાન, કદી એક સમયમાત્ર પણ પરને જાણવા ગયું નથી વર્તમાનમાં જાણતું નથી અને ભવિષ્યકાળે જાણશે નહીં. માટે તું એ શલ્ય કાઢી નાખ કે હું પરને જાણું છું. આહાહા ! પરને જાણે છે એ તો ભ્રાન્તિ છે.

પછી સાધક થયા પછી સ્વપરને જાણે છે એ વ્યવહાર છે. એ વ્યવહાર નિષેધ કરવા યોગ્ય છે. એ પ્રમાણનું વાક્ય છે. ''અર્થ વિકલ્પ જ્ઞાનં પ્રમાણં'' એ કાલે લીધું હતું આપણે અને એમાં દેવસેન આચાર્ય ભગવાનની ટીકા લીધી હતી આપણે કે ''નિશ્ચયનય વડે નિર્ણય કરે અને વ્યવહારનયે નિર્ણય કરે અને અનુભય, બેયને છોડીને એકલા પ્રમાણથી નિર્ણય કરે છે. પણ કહે છે કે પ્રમાણમાં વિષય તો વધારે આવ્યો, નિશ્ચયનયને લીધી અને વ્યવહારનયને લીધી તો તે પૂજ્યતમ કેમ નથી ? કહે છે કે ''એ પ્રમાણ જ્ઞાન વ્યવહારનો

નિષેધક નથી'' નિષેધ કરવાની એનામાં શક્તિ નથી. એટલે તે આત્માને પક્ષાતિક્રાંત કરાવી અનુભૂતિ કરાવી શકતું નથી અને નિશ્ચયનય વ્યવહારનો નિષેધ કરાવી એટલે કે પરને જાણવું એ વ્યવહાર છે. એ આવે કે, અહો ! ''જાણનાર જણાય છે ખરેખર પર જણાતું નથી'' એમ વિધિ નિષેધના વિકલ્પમાં આવી પહેલો નિષેધનો વિકલ્પ છૂટે પરને જાણતો નથી એ વિકલ્પ છે. ઈ છુટી જાય પછી જાણનાર જણાય છે એ વિકલ્પ ઊઠે. પછી જાણનાર જણાય છે એવો વિકલ્પ છૂટી જાય. ત્યારે નિર્વિકલ્પ આત્માનો અનુભવ એને થાય છે.

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો એમ લખે છે. જ્ઞેયાકાર અવસ્થા એટલે જ્ઞાનની પર્યાયમાં સ્વ ને પરના વિભાગપૂર્વક યુગપદ્ સ્વ ને પર આખું વિશ્વ જેમાં પ્રતિભાસે એવી જ્ઞાનની પર્યાયમાં, પ્રગટ થાય છે એમાં. કહે છે કે એ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો, જ્ઞાતઃ તે તો તે જ છે, એમ છે ને. એ રીતે જ્ઞાતઃને પછી બીજું લીધું એટલે બે વાત એમાં છે. મૂળમાં એની ટીકા કરે છે. પોતે, કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો. જો ત્યાં અનુભવ નથી, એ કરણલબ્ધિના પરિણામમાં આવી ગયો છે.

કરણલબ્ધિ એટલે શું ? કે આત્માની સન્મુખ જે ઉપયોગ થાય છે, એ ઉપયોગ ઠેઠ આત્મામાં અભેદ ન થાય ત્યાં સુધી એની વચલી સ્થિતિ જે છે થોડાક સમયની એને કરણલબ્ધિના પરિણામ કહેવામાં આવે છે. અધઃકરણ, અપૂર્વકરણ ને અનિવૃત્તિકરણ એના વિસ્તારની આપણે કાંઈ જરૂર નથી. પણ સાક્ષાત્ પ્રત્યક્ષ અનુભવ થવા પહેલાં એ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે. જો સવિકલ્પ સ્વસંવેદનમાં જ્ઞાયક આવી ગયો. એને કરણલબ્ધિના પરિણામમાં સવિકલ્પ સ્વસંવેદન, આ બધા મુનિરાજના શબ્દો-વચનો છે. પછી ઉત્તરોત્તર ક્ષણે, ઈ પરોક્ષ થયું છે, એ પરોક્ષનો વ્યયને પ્રત્યક્ષનો ઉત્પાદ થાય છે. ત્યાં એને આનંદ-આનંદ આનંદ આવે છે. બસ ભવનો અંત આવી ગયો એને ખબર પડી જાય છે એટલે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેયો નથી જણાતાં, એનો તો પ્રથમ નિષેધ કરવો પડશે.

શાસ્ત્રમાં એમ આવે છે કે, નિશ્ચયનય વડે તું વ્યવહારનો નિષેધ કરજે, અદયમ. દયા રાખીશમાં. વ્યવહાર કોણે કહ્યો છે ? સર્વજ્ઞ ભગવાને કહ્યો. અને વ્યવહારનો નિષેધ કરવો એ કોણે કહ્યું ? એ સર્વજ્ઞ ભગવાને કહ્યું. સર્વજ્ઞ ભગવાનની એક વાત માની લીધી. અને નિષેધની વાત માનતો નથી. આહાહા ! આ પરને જાણતો નથી, તો તો જ્ઞાનનો નિષેધ થઈ જશે. અરે ! અજ્ઞાનનો નિષેધ થશે ને જ્ઞાન તો પ્રગટ થશે. તું જો તો ખરો. પ્રયોગ તો કર. એકવાર પ્રયોગ કર, કરતો, ખરો શું થાય છે ચમત્કાર ! સંતોએ અનુભવ કરીને આ બધી વાત લખી છે. તું તો બિનઅનુભવી છે !! આમ ન હોય ! આમ ના હોય આમ ના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય ! તને કાંઈ ખબર છે કે આમ ન હોય ?

એક વખત ગુરુદેવ અહીંયા પધાર્યા હતા. અને આંહીથી ગોંડલ જતા રીબડામાં મુકામ હતું. ત્યાં બપોરે વ્યાખ્યાનમાં અહીંથી બધા ગયા હતા. ત્યારે એક ''તત્ત્વજ્ઞાન તરંગિણી'' નામનું શાસ્ત્ર છે. એમાંથી ગુરુદેવે એક દૃષ્ટાંત આપ્યું. એક હતો આંધળો અને એક હતો દેખતો તો દેખતો કહે છે, આહાહા ! આકાશમાં એકસો આઠ સફેદ બગલા હારબંધ જાય છે. પોતે ગણીને કહ્યું હો ૧૦૮ ઓલો આંધળો કહે 'ના' એટલા નથી. આ કહે એટલા જ છે. એલા તું પણ કાંઈ આંધળો છો ને દેખતો નથી. દેખતો નથી ને તું શું વાત કરશ ? (શ્રોતા :- જોયા વગર બોલે છે) એમ પક્ષવાળાનું જ્ઞાન બિડાઈ જાય છે. ભેદજ્ઞાનની શક્તિ એને ઉઘડતી નથી. અને નિશ્ચયનયના પક્ષવાળાને ? સવિકલ્પદશામાં પણ ભેદજ્ઞાન થાય છે એની જ્ઞાનશક્તિ ઉઘડતી જાય છે.

એ સવિકલ્પ ભેદજ્ઞાન પણ વિનાશિક હોવા છતાં પણ ઉપાદેય છે એમ લખ્યું છે, કળશટીકામાં વિનાશિક એમ લખ્યું છે વિનાશિક હોવા છતાં સવિકલ્પ ભેદજ્ઞાન તો પણ ઉપાદેય છે. એટલે કે પ્રયોગ કરવા જેવો છે એમ. આહાહા ! એ અભેદમાં ચાલ્યો જશે. બાકી વ્યવહારના પક્ષવાળાને ભેદજ્ઞાનની શક્તિ બિડાઈ ગઈ છે. ઈ તો ના ના જ પાડ્યા કરે ના ના....જ પાડ્યા કરે. આહાહા !

ગુરુદેવના સમયસારના પ્રવચનના ૧૧ ભાગ બહાર પાડ્યા આપણે, એમાં સેંકડો વાર આત્માના જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે એમ લખ્યું છે, સેંકડો વાર. અજમેરાભાઈએ તો એ ૧૧ ભાગનું ત્રણ વખત અધ્યયન કર્યું છે. ત્રણ વખત હો ! ૧૧ ભાગનું ઝીણા અક્ષરનું સેંકડો વખત આવ્યું એમાં. સ્વપરપ્રકાશક જ્ઞાનનો સ્વભાવ છે. એ પુરુષ ! એ પુરુષ કહે છે. સ્વપર બે લીધું છે પહેલાં, પહેલાં બે લીધુ પછી એ પુરુષ કહે છે કે, આત્માનું જ્ઞાન પરને જાણતું જ નથી, કોઈ એનું જ્ઞેય નથી. અનંતાસિદ્ધો એ આત્માના જ્ઞાનનું જ્ઞેય નથી. અહીંયા અંદર જ એનું જ્ઞેય છે, જ્ઞાન અહીંયા ને જ્ઞેય અહીંયા અને જ્ઞાતા ત્રણેયની અભેદ સ્થિતિ એ જ જ્ઞેય છે.

હવે બેય વચન એનાં છે. (શ્રોતા : એવા મહાપુરુષની વાતમાં ફેર ન હોય સમજવામાં ફેર છે) સમજવામાં, સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. પણ બે વાત કરે છે. એમાં આપણી સિદ્ધિ શેમાં થાય ? સાધ્યની સિદ્ધિ શેમાં થાય, એ જ્ઞાનીના વચન છે બેય. બેય અમને માન્ય છે, શિરોમાન્ય છે. તો એક વ્યવહારનું વચન છે, પ્રમાણજ્ઞાન જેનું લક્ષણ સ્વપરપ્રકાશક એ વ્યવહાર અને એક નિશ્ચયનું વચન છે કે જ્ઞાન પરને જાણતું જ નથી. હવે નિશ્ચય સુધી પહોંચ્યો નહીં ઈ અને વ્યવહારને પકડી લીધું સ્વપરપ્રકાશક. આહાહા ! શાસ્ત્રમાં પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વપરપ્રકાશક આવે, છે તો સ્વપરનો પ્રતિભાસ પણ સમજાવવા માટે શું કરે ? કે સ્વપરનો પ્રતિભાસ છે પછી કહે કે પરપદાર્થ જ્ઞાનમાં જણાય છે.

સોગાનીજી થઈ ગયા એણે એમ કહ્યું કે પર પદાર્થ જણીત જાતા હૈ, યે સબ જણીત જાતા હૈ (શ્રોતા : જણાય જાય છે) જણાય જાય છે એમ કહ્યું, જણાય જાય છે. એનો અર્થ જ એમ થયો કે અવભાસન થાય છે. એ જણાય છે એમ નહીં. (શ્રોતા : જ્ઞાન જાણે છે એમેય નહીં) જ્ઞાન જાણે છે એમેય નહીં અને જ્ઞેય જણાય છે એમ પણ નથી. જો જ્ઞેય જણાય છે તો જ્ઞાયક જણાતો જ નથી.

બંધ અધિકારમાં આચાર્ય ભગવાન ટીકા કર્તા લખે છે, કે ''હું પરને મારી શકું, જીવાડી શકું, દુઃખી સુખી કરી શકું'' એ તારી મિથ્યાબુદ્ધિ છે. એ ભાવબંધ છે. ભાવ બંધ એટલે મિથ્યાત્વ. પછી આગળ વધીને કહે છે કે ધર્માસ્તિકાય જણાય છે જ્ઞાનમાં, એ પણ સમકક્ષી બંધ છે. સમકક્ષી બંધ. કષાયખાના ખોલે મારવાના અભિપ્રાયપૂર્વકના અને ધર્માસ્તિકાય મને જણાય છે. બેય પાપ સરખું છે. એલા આગમને તું માનતો નથી આ લખે છે તું વાંચ તો ખરો ? ધર્માસ્તિકાય જણાય છે ? પણ સાહેબ એમાં શું ગુનો કર્યો ? કે આત્મા જ્ઞેયપણે ના આવ્યો માટે હિંસા થઈ ગઈ તારી. ઈ જણાય છે ત્યાંથી ઉપાડીને અહીંયા લેવું કે એ જણાય છે જ્યારે, ત્યારે આત્મા જ્ઞેય ન થયું. તો આત્માનો અનુભવ ન થયો, તો ભાવહિંસા થઈ ગઈ કે નહીં ? એમ લેવું અહીંયાથી, બહારથી સમજાવવા માટે છે પણ અંદર જ્ઞાન છૂટ્યું તે જ ભાવહિંસા થઈ ગઈ.

એ જ્ઞાને આત્માને જ્ઞેય બનાવવાનું છોડી દીધું અને પરને જ્ઞેય બનાવી-બનાવી-બનાવી, જ્ઞેય બનાવે છે પણ જ્ઞેય બનતું નથી. જ્ઞેય બનાવે છે પણ જ્ઞાનનું જ્ઞેય થતું નથી. ઈ તો ઈન્દ્રિયજ્ઞાનનું જ્ઞેય થઈ જાય છે, મારું જ્ઞેય નહીં. ભલે ભૂતકાળમાં ભૂલ કરી એણે, પણ વિચારવું જોઈએ કે એ જ્ઞેય, કોનું જ્ઞેય છે એ ? આત્માનું જ્ઞેય થયું હતું ભૂતકાળમાં ? કે અત્યારે ? વર્તમાનમાં ? કે આત્માનું જ્ઞેય તો થઈ શકતું નથી. તો કોઈ એને જાણનારો હોવો જોઈ. હા. એને ઈન્દ્રિયજ્ઞાન જાણે છે. જેમ પર્યાયનો કર્તા પર્યાય છે એમ કહ્યું ત્યાં અકર્તામાં આવી ગયો. એમ પરને જાણનારો બતાવ્યો કે ઈન્દ્રિયજ્ઞાન જાણે છે. આત્માનું જ્ઞાન એને જાણતું જ નથી. આત્માનું જ્ઞાન આત્માને જાણે છે. ઈન્દ્રિયજ્ઞાન પરને જાણે છે. આત્માનું જ્ઞાન આત્માને જાણે, અસ્તિ નાસ્તિ અનેકાંત આ છે. આત્માને જાણે ને પરનેય જાણે એ અનેકાંત નથી. આહાહા ! ''અનેકાંતોપિ અનેકાંત પ્રમાણ નય સાધનમ્'' એવો પાઠ છે-શ્લોક છે. પ્રમાણથી જુઓ તો આમ સ્વપરપ્રકાશક દેખાય છે. પ્રમાણજ્ઞાન પરથી જુદું પાડે છે. અને નયથી જુઓ તો નયજ્ઞાન અંદરથી આત્માને પર્યાયથી જુદું પાડે છે. પ્રમાણ નય બે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સાધન છે. ''અનેકાંતો પિ અનેકાંત'' અનેકાંતને જાણવાના બે સાધન એક પ્રમાણ અને એક નય. પ્રમાણથી જુઓ તો પરથી જુદું પડી જાય છે અને નયથી જુઓ તો જાણનાર જણાય છે પર જણાતું નથી.

ઈ અનેકાંત ભેદજ્ઞાન મૂલક છે. જાણનાર જણાય છે અને પર જણાતું નથી એમાં ઈન્દ્રિયજ્ઞાનનો નિષેધ છે. એમાં જ્ઞાનનો નિષેધ ક્યાં આવ્યો ? એમાં તારો નિષેધ ક્યાં આવ્યો ? તું તો એવો ઈન્દ્રિયજ્ઞાનવાળો છો નહીં. તને શું દુઃખ થાય છે એમાં ? આહાહા ! બહુ વાત તો બહાર આપી દીધી છે ગુરુદેવે. અનંતો ઉપકાર છે આપણા ઉપર. આહાહા !

એટલે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે. જ્યારે રાગનો પ્રતિભાસ થાય છે ત્યારે, રાગનો પ્રતિભાસ થાય છે એવું જ્ઞાન જણાય છે કે રાગ જણાય છે ? પ્રતિભાસના કાળે, આ પદાર્થ છે દ્રવ્યશ્રુત, આનો પ્રતિભાસ જ્ઞાનમાં થયો. બરાબર ! પ્રતિભાસ તો થાય ને આ તો પદાર્થ છે. તો એ જ્ઞાન આ દ્રવ્યશ્રુતને એ વખતે જાણે છે કે, દ્રવ્યશ્રુત જેમાં પ્રતિભાસે એવા જ્ઞાનને જાણે છે. કહે છે કે આત્માનું જ્ઞાન આ દ્રવ્યશ્રુતને તો જાણતું જ નથી. પછી કહે છે કે દ્રવ્યશ્રુતનું જ્ઞાન નથી થતું પણ જ્ઞાનનું જ્ઞાન થાય છે. એ જ્ઞાનનું જ્ઞાન થાય છે. જ્ઞાનનું એટલે જ્ઞાયકનું જ્ઞાન થાય છે.

એ જ્ઞાન કેવું છે ? એ જ્ઞાનમાં સમસ્ત જ્ઞેયાકારો પ્રતિભાસે છે એવું જ્ઞાન થાય છે. સમસ્ત જ્ઞેયાકારો, જ્ઞેયો પ્રતિભાસે છે એમ નહીં હવે. જ્ઞેયાકારોથી જ્ઞાન અભિન્ન છે. અને જ્ઞાનથી જ્ઞાયક અભિન્ન છે. જ્ઞેયથી ભિન્ન છે અને જ્ઞેયાકારો છે જે છે, જ્ઞેયોનો પ્રતિભાસ થાય છે. એવું જ્ઞાન આત્માથી અભેદ થઈને અનુભવ થાય છે, ત્યારે ઉપચારથી એમ કહેવાય કે પ્રતિભાસ દેખીને, પરનો પ્રતિભાસ છે અહીંયા એ 'કાર્ય' થયું, તો કાર્યમાં કારણનો આરોપ આપી, નૈમિત્તિકમાં નિમિત્તનો આરોપ આપીને એમ કહેવાય કે જ્ઞાન પરને જાણે છે. ખરેખર જ્ઞાન પરને જાણતું નથી. એવો સ્વભાવ જ નથી કે જ્ઞાન પરને જાણે પણ ઉપચાર કરવામાં આવે છે. નિમિત્ત દેખીને ઉપચાર કરવામાં આવે છે. એ ઉપચાર એને જો સાચો લાગે છે તો બહિર્મુખદશા થાય છે. અને ઉપચાર ખોટો લાગે છે તો અંદરમાં આવી જશે.

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો, જ્ઞાયકપણે જણાયો, જણાશે નહીં હવે. આ પ્રયોગની વાત ચાલે છે. જ્ઞેયાકાર અવસ્થામાં, જેમકે આ બોલપેન છે, એનો પ્રતિભાસ જ્ઞાનમાં થાય છે અને સ્વનો પ્રતિભાસ થાય છે જ્ઞાયકનો, બેનો પ્રતિભાસ થાય છે. એવી એક જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ જેમાં બેનો પ્રતિભાસ થાય છે. બેને જાણે છે એમ ન લેવું. બેનો પ્રતિભાસ થાય છે એ સમયે એવી જ્ઞેયાકાર અવસ્થામાં, આચાર્ય ભગવાન ફરમાવે

છે. હું હમણાં આધારેય આપીશ. ફરમાવે છે કે ''વિશેષ પર્યાયના ભેદે કોઈ તો સમ્યક્જ્ઞાની થઈ જાય છે અને કોઈ મિથ્યાજ્ઞાની થઈ જાય છે. પ્રતિભાસ બેના છે ને ? લક્ષ અંદરમાં કરવું કે બહારમાં કરવું એ પોતાના પુરુષાર્થની વાત છે. અનંતકાળથી બહારનું લક્ષ કરે છે કે પર જણાય છે મને, એ બહિર્મુખદશા થઈ ગઈ. આત્મા (તે) રૂપ થતો નથી. ઈન્દ્રિયજ્ઞાન બહિર્મુખ થાય છે. આત્માનું જ્ઞાન બહિર્મુખ થઈ શકે જ નહીં. બહિર્મુખ થાય તો તો પરને જાણે અને પરને જો જાણે તો જ્ઞાન પરનું જ હોય, તો તો જ્ઞાનનો નાશ થઈ જાય. આહાહા ! રાગનું જ્ઞાન ન થાય રાગનો પ્રતિભાસ થાય પણ રાગને જાણે નહીં જ્ઞાન. પ્રતિભાસ થાય અને જાણે નહીં. બોલો ગજબની વાત !

ભગવાનની પ્રતિમાના દર્શન કરવા જાય તો એને પ્રતિભાસ થાય, પણ આત્માનું જ્ઞાન પ્રતિમાજીને જાણતું નથી. તો એ વખતે કોણ જાણે છે એને ? કે આંખનો ઉઘાડ ચક્ષુઈન્દ્રિય જાણે છે. જ્યારે ચક્ષુઈન્દ્રિય એને જાણે છે ત્યારે આત્માનું જ્ઞાન આત્માને જાણે છે. પ્રતિમાની સામે ઊભા ઊભા અરિહંતના દ્રવ્ય-ગુણ પર્યાયને જાણતાં, અરે ! મને તો જાણનાર જણાય છે. ત્યાં ઊભા ઊભા સમ્યગ્દર્શન પ્રગટ થઈ જાય. પ્રતિમા ત્યાં રહી ગયા. આંખનો ઉઘાડ ત્યાં થોડો ટાઈમ રહ્યો. થોડો ટાઈમ ! પછી તો એને એમ આવ્યું ને કે જાણનાર જણાય છે. આ નથી જણાતું. ઈ તો ઈન્દ્રિયજ્ઞાન એને જાણે છે. તો જાણનાર જણાય છે તો ઈન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર થોડો ટાઈમ લબ્ધ થઈ જાય છે.

ઈન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર અટકે છે. ઈન્દ્રિયજ્ઞાનનો ક્ષય થતો નથી. નિર્વિકલ્પ ધ્યાનમાંથી બહાર આવ્યા પછી પાછું ઈન્દ્રિયજ્ઞાન ઉભું થાય છે. આહાહા ! અને પરિણતિ રહી જાય છે. ''અનુભવ'' પછી એક જ્ઞાનના બે ભાગ પડી જાય છે. થોડી અંતર્મુખ અતીન્દ્રિયજ્ઞાની પરિણતિ રહી જાય છે. બહિર્મુખ જ્ઞાનમાં ઈન્દ્રિયજ્ઞાન રહી જાય છે. પછી એને ઈન્દ્રિયજ્ઞાનમાં અહં થતું નથી. હું ઈન્દ્રિયજ્ઞાન વડે પરને જાણું છું, એવું થતું નથી. ભેદજ્ઞાન થઈ ગયું એને એકતા તૂટી ગઈ એની. આહાહા ! એ તો જ્ઞેય છે. ભાવઈન્દ્રિય ને એના વિષયો એ બધું જ્ઞેય છે. એ જ્ઞેય નથી જણાતા પણ જ્ઞેયનો પ્રતિભાસ થાય છે. એવું જે જ્ઞાન છે કે જે જ્ઞાન આત્માને જાણે છે, ત્યાં સુધી લઈ લેવાનું. જ્ઞાનને જાણે છે એમ ન લેવું. જ્ઞાનની પર્યાયને જાણે છે તો પ્રતિભાસ ઉપર વયો જાશે. આહાહા ! બહુ અપૂર્વ વાત છે.

છઠ્ઠી ગાથા એટલે છઠ્ઠીનો લેખ, ફરે નહીં અફર છે એમ ગુરુદેવ કહે છે. કાળ સારો છે. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે એનો વિચાર બધાએ કરવો. કે આ શું ? જ્ઞેયાકાર અવસ્થાનો સ્વીકાર કર્યો આચાર્ય ભગવાને, અને એમાં જ્ઞેય ન જણાય ને જ્ઞાયક જણાય એ શું ? મંદિરમાં બધા દર્શન કરવા જાય છે. તો અરીસા સામે જોઈને બધા કપાળમાં

ચાંદલો કરે ને ? સમજી ગયા ! તો બહાર નીકળતાં નીકળતાં કોઈ ભાઈએ પૂછ્યું કે તમે આ ચાંદલો કર્યો તો કેવી રીતે કર્યો ? અરીસાની સામે જોયું. અને મારું કપાળ દેખાણું એમાં ચાંદલો કર્યો. બીજો-ત્રીજો પછી બધા આવવા માંડ્યા.મને તો અરીસો જ દેખાણો મને કપાળ, કાંઈ દેખાણું જ નથી.

હવે કપાળના પ્રતિભાસ વખતે અરીસો જણાય, ઝવેરીને સ્ફટિકમણિના લાલ ફૂલના પ્રતિભાસ વખતે સ્ફટિકમણિ જણાય જાય છે. બે જાણનારા છે એક અપરીક્ષક ને એક પરીક્ષક, બે. આહાહા ! એને તો એમ લાગતું નથી કે આ લાલ થઈ ગયું. દાખલો ઘણી વાર આપું છું. ફરીથી આપું, કળા છે કળા. ભૂલેશ્વર છે મુંબઈમાં, એક સ્ફટિકમણિ ખેડૂતને મળ્યો એને એમ કે સારા પૈસા આવશે, એટલે ગયો ભૂલેશ્વર ખૂબ ભીડ હોય ત્યાં તો એક બાંકડા ઉપર એને રાખ્યો. આજુબાજુ કાપડવાળાની દુકાન લાલ પડદા રાખે એ. એનો પ્રતિભાસ એમાં થાય પડે. હવે કહે કે ભાઈ મારે આ વેંચવો છે. તો કહે એક રૂપિયો, સવા રૂપિયો, બે રૂપિયા, પાંચ રૂપિયા સુધી હરરાજી થઈ, પછી સવાપાંચ કોઈ કહે નહીં. ના, મારે પાંચ રૂપિયામાં વેંચવો નથી. એમાં કોઈ ઝવેરી આવ્યા ને છેટેથી નજર કરી કે કાંઈ લાગે છે, આમ જોયું. આ તો સ્ફટિકમણિ છે. એલા આ સ્ફટિકમણિ કેનો છે ? મારો છે, તો તારે કેટલામાં વેંચવો છે ? ભાઈ પાંચ રૂપિયા સુધી હરરાજી થઈ છે. તારે શું લેવું છે ? મારે છે ઉતાવળ, મારે મહેમાનો આવ્યા છે, શાક લઈ લીધું છે. મારે છે ઉતાવળ જલ્દી લઈ લેવું હતું એને મૂળ તો કબજો કરી લેવો હતો.

કહે શેઠ મારે ૧૦૦ રૂપિયા લેવા છે. એટલે ૧૦૦ ની નોટ કાઢી તરત જ શેઠે આપી દીધા, નવ્વાણું ન કહ્યા ! ૫૦૦ માગ્યા હોત તો ૫૦૦ આપત. પછી ટેક્ષી કરીને ભાગ્યા.ઈ પાછું વાળીને ન જોયું. અને બીજે દિવસે એની તપાસ કરી, આ તો ૧૦ લાખ રૂપિયા આવશે આની કિંમત ૧૦ લાખ રૂપિયા આવશે.

પછી ત્રીજે દિવસે બધાને બોલાવ્યા ઘેરે ચાપાણી પીવા, મોટો હોલ હતો. શ્રીમંતને ઘરે તો મોટો હોલ હોય ને ? પછી કાજુની પૂરી ને બદામની પૂરી પીસ્તા ડીસોમાં ચિક્કાર ભરીને, ઓલા હરરાજીવાળાને કહે તમે અમારા ભાઈયું છો તમે હરરાજીમાં હતા. તમને ચા પાણીપીવા શેઠે આમંત્રણ આપ્યું છે. કાલ સવારે બધા આવજો. બધા આવ્યા. ૫૦ જણા બધા આવ્યા લગભગ આવ્યા. આવ્યા એટલે કહે શેઠ અમને શું કામ બોલાવ્યા ? કે કાલે જે ઓલી હરરાજી હતી ને ? એ મેં કાચ લીધો ને ? એના ૧૦ લાખ રૂપિયા મને આવી ગયા. હેં ? હા ! અમે તો પાંચ રૂપિયા સુધી ચડાવ કરી હતી કે તમને ખબર પડે, પણ એ સ્ફટિકમણિ હતું. પછી બધાએ કહ્યું પૂછ્યું-કે હવે આની પરીક્ષા કેમ થાય ? બીજીવાર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવે તો અમે લઈ લઈએ.

એટલે શેઠે માણસને બોલાવ્યો. આજુબાજુ લાલ, કાળા ફૂલનો બધોય ઢગલો કરી દીધો. સ્ફટિકમણિ વચમાં રાખ્યો. એક એકને ઉઠાડ્યા, કોઈ કહે છે કે કાળું લાગે છે, કોઈ કહે કાળાની લાગે છે કોઈ ને રાતું. ઠીક ત્યારે બેસી જાવ. બીજો રાઉન્ડ કરવાનું શેઠે કહ્યું ત્યારે ફૂલ હટાવી લ્યો બધા. ફૂલ હટાવી લીધા રાઉન્ડ બીજો થયો. સફેદ, સફેદ ને સફેદ છે શેઠ આ. તો થોડીવાર પહેલાં તો તમે લાલ કાળા કહેતા હતા. નહીં તે અમારી ભૂલ હતી પછી પાકું કરવા માટે ત્રીજું રાઉન્ડ. પાછા ફૂલ મૂક્યા. હવે ? અરે ! હવે ભૂલીએ આ તો સફેદ જ છે. પહેલાં ભ્રાંતિ હતી અમારી.

એમ પર પદાર્થ જણાય છે, એ ભ્રાંતિ છે. એમ લખ્યું છે, શાસ્ત્રમાં. હું જ્ઞાતા ને છ દ્રવ્ય મારું જ્ઞેય, ભ્રાન્તિ છે જા. આહાહા ! શાસ્ત્રના શબ્દો છે આ, ભ્રાન્તિ. પણ કુંભકરણની ઊંઘ ચડી ગઈ છે એને. આહાહા ! એ ઓલામાં આવ્યું હતું ને કે કુંભકરણને ઉઠાડવા ગયા તો ઉઠે નહીં ઘડીકમાં હાથીમાં ઓલા કર્યા માંડ માંડ ઉઠ્યો લડાઈમાં મોકલવો તો રાવણને. આહાહા ! એમ કુંભકરણની ઊંઘમાં છે. સત્ વાત એને મળે છે પણ કાન ઉપર લેતો નથી. આહાહા !

નહીંતર આ વાત કાંઈ નવી નથી. ગુરુદેવે ૬૬ ની સાલમાં કહેલી છે. વર્ષો પહેલાં કહેલી છે, કે આ આત્મા પરને જાણતો નથી. પર પદાર્થ એનું જ્ઞેય નથી. છ કેસેટ નીકળી ગઈ છે આખી. ૬૬, ૬૮, ૭૪, ૭૭ ચાર વખતની છ કેસેટ અને છ કેસેટની લ્હાણી થઈ ગઈ છે અહીંયા. કે આત્મા જ જ્ઞાન છે, આત્મા જ જ્ઞેય છે. અને આત્મા જ જ્ઞાતા છે. ત્યારે એ છ કેસેટ જ્યારે નીકળી ત્યાર બધા સમજવા મંડ્યા, થોડાક કે આ વાત તો ગુરુદેવે કહી હતી. પણ આપણે કેમ ખ્યાલમાં ન લીધી. એમ થોડા થોડા જાગવા માંડ્યા છે. થોડા થોડા હજી. સંખ્યા વધતી જાય છે એમ દેખાય છે. પણ જાણનાર જણાય છે, આમાં લખ્યું છે. 'જાણનારો જ જણાય છે.' આહાહા ! ગુરુદેવના શબ્દ છે હો, 'જાણનારો જણાય છે.'

એમ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે. ભલે આ જ્ઞેયનો પ્રતિભાસ થાય છે. પણ જ્ઞેય જણાય છે કે જ્ઞાન જાણનાર જણાય છે ? પણ આ સવિકલ્પદશામાં આંખ ઉઘાડી હોય, આંખ ઉઘાડી હોય ત્યારે તું વિચાર કરે છે કે ''આ જણાય છે કે જાણનાર જણાય છે ?'' પછી આ આંખ બિડાઈ જાશે ને ત્રીજું લોચન ઉઘડી જશે, તને આત્માના દર્શન થશે ને ભવનો અંત આવી જશે.

તું પણ પ્રયોગકર. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે. જ્ઞેય નથી જણાતું. આહાહા ! એમ કરતા એને સમ્યગ્દર્શન થાય છે. પરોક્ષમાંથી પ્રત્યક્ષ થાય છે. સ્વરૂપ પ્રકાશનની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવસ્થામાં પણ એ જ્ઞાયક જાણવામાં આવ્યો તે જ, જે જાણવામાં આવ્યો તેનો તે જ જણાયો. જ્ઞાયક બદલ્યો નહીં. અનુમાનમાંય જ્ઞાયક ને અનુભવમાં પણ જ્ઞાયક આવી ગયો. અને એને ભવનો અંત આવી જાય છે. આવી પરિસ્થિતિ આ છઠ્ઠી ગાથામાં રહેલી છે. વખત થઈ ગયો.

## પ્રવચન નં. ૨૮
### પર્યુષણ પર્વાધિરાજ દિવસ-૫ - રાજકોટ
### તા. ૨૧-૯-૯૬

આ પર્યુષણ પર્વાધિરાજ ચાલે છે દશ દિવસ. પર્યુષણ એટલે ચારે બાજુથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પોતાના શુદ્ધાત્માની ઉપાસના કરવી એને પર્યુષણ કહેવામાં આવે છે. અને એમાં મુખ્યપણે આ દશલક્ષણપર્વ એ ચારિત્રની મુખ્યતાથી છે. એટલે આજે એનો ઉત્તમ શૌચધર્મનો દિવસ છે. દશલક્ષણ પર્વનો આજે પાંચમો દિવસ છે. આજે ઉત્તમ શૌચધર્મનો દિવસ છે. ઉત્તમ શૌચ એટલે શું ? સમ્યગ્દર્શનપૂર્વકની પવિત્રતા આ શૌચનો અર્થ. પુણ્ય છે તે પવિત્ર નથી, પુણ્યના પરિણામ તો મલિન છે. એ પવિત્ર ક્યાં છે ?

સમ્યગ્દર્શનપૂર્વકની પવિત્રતા અથવા નિર્લોભતા. આ દશ ધર્મો મુખ્યપણે મુનિદશામાં હોય છે. ગૃહસ્થ ધર્મીને ગૌણપણે હોય છે. શ્રી પદ્મનંદી આચાર્યે પદ્મનંદી શાસ્ત્રમાં પણ આનું વર્ણન વિશેષ કર્યું છે. ત્યાંથી જોઈ લેવું. અને સમ્યગ્દર્શનપૂર્વક જ ચારિત્ર હોય છે. એટલે આપણે સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય ? એની મુખ્યતાથી ગુરુદેવે ૪૫ વર્ષ ઉપદેશ આપ્યો. સમ્યગ્દર્શન વિના ચારિત્ર ત્રણકાળમાં હોઈ શકતું નથી. અને વ્યવહારનો ઉપદેશ તો ઠામ ઠામ છે. તે સાંભળીને એને મિથ્યાત્વની દૃઢતા વધારે થાય છે.

બસો વર્ષ પહેલાં આ સમયસારનો અનુવાદ કરનાર જયચંદ પંડિત એમણે ઢૂંઢારી ભાષામાં અનુવાદ કર્યો. આમ પાના હતા એના. એ અનુવાદ શ્રીમદ્જીના હાથમાં આવેલો. એમણે ચાલતી ભાષામાં હિન્દી ભાષામાં એનો અનુવાદ કરાવી અને મુંબઈમાં પરમ શ્રુતપ્રભાવક મંડળ નામની એક સંસ્થાની સ્થાપના કરી. જેમાં સત્શાસ્ત્રો અનુવાદ કરીને બહાર પાડવા. એમાં આ સમયસાર શાસ્ત્ર એણે છપાવીને બહાર પાડ્યું. ૭૫ ની સાલમાં બહાર પડી ગયું પુસ્તક. ૭૮ ની સાલમાં આપણાં પરમ ઉપકારી એવા ગુરુદેવનાં હાથમાં આ શાસ્ત્ર આવ્યું. હિંદી થયેલું, ઢૂંઢારીમાંથી હિન્દી આવ્યું. ઢૂંઢારીમાં બહુરી બહુરી...બહુરી બહુરી એવું આવે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એ શાસ્ત્ર હાથમાં આવતાવેંત એનું અધ્યયન કરવા માટે જંગલમાં જઈ અને ગુફામાં બેસીને, ઉપવાસ કરીને સવારે નીકળી જાય અને સાંજે પાછા આવે ઉપાશ્રયે, એવું ગહેરાઈથી એણે અધ્યયન શરૂ કર્યું. અધ્યયન કરતાં એને એમ ભાસ્યું કે આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. આહા ! બહુમાન આવ્યું સમયસાર પ્રત્યે.

સમયસાર બે જગ્યાએ છે એક અહીંયા અંદર સમયસાર છે એ તો બધાની પાસે છે અત્યારે પણ, અને એક નિમિત્તપણે આ સમયસાર છે. સમયસારનો અર્થ છે, ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મથી રહિત જે શુદ્ધાત્મા, પરમાત્મા, અંદર જ્ઞાનાનંદ પરમાત્મા બિરાજમાન છે. એને મિથ્યાત્વના પરિણામ લાગુ થતા નથી. ઈ શુદ્ધાત્મામાં મિથ્યાત્વના પરિણામ ભૂતકાળે થયા નહોતા. વર્તમાનકાળે પણ શુદ્ધાત્મામાં મિથ્યાત્વનાં પરિણામ થતાં નથી અને ભવિષ્યકાળે પણ મિથ્યાત્વનાં પરિણામ શુદ્ધાત્મામાં, શુદ્ધજીવાસ્તિકાય તત્ત્વમાં એ છે નહિ. આહાહા ! એ બધાં બહારનાં ભાવો છે. બહિર્તત્ત્વ છે. અંતર્તત્ત્વ તો શુદ્ધ પરમાત્મ તત્ત્વ છે.

એમણે આ બધું વાચ્યું, વિચાર્યું, અનુભવ કર્યો અને એને એમ થયું કે ભારતમાં અત્યારે મોક્ષમાર્ગ તો બહુ લોપ થઈ ગયો છે. ક્રિયાકાંડમાં જીવ પ્રવર્તે છે. બંધમાર્ગમાં પ્રવર્તે છે. એકાંત બંધમાર્ગમાં પ્રવર્તે છે. વર્તમાનમાં તો એ દુઃખી છે બિચારા, આત્માનાં અજાણ. પણ જો આ સ્થિતિ એની ચાલુ રહેશે તો ભવિષ્યમાં પણ દુઃખનાં દરિયામાં, સંસારમાં ધકેલાય જશે. એને કરુણા આવી, કરુણા આવ્યા પછી એને આ સમયસાર શાસ્ત્રનું જાહેરમાં ૧૯ વખત વ્યાખ્યાન કર્યું. ૪૫ વર્ષમાં ૧૯ વખત વ્યાખ્યાન કર્યું !

એનો અનુવાદ કરનાર ૨૦૦ વર્ષ પહેલાં જયચંદ પંડિત થયા. એમણે ૧૧ મી ગાથા જે જૈનદર્શનનો પ્રાણ છે. વ્યવહારનય સઘળોય અભૂતાર્થ છે, ભૂતાર્થને આશ્રયે જ સમ્યગ્દર્શન થાય. વ્યવહારને આશ્રયે ત્રણકાળમાં સમ્યગ્દર્શન પ્રગટ ન થાય. એ વાત એના લક્ષમાં આવી એટલે ૧૧ મી ગાથાનો ભાવાર્થ એ લખે છે.

આ એક એવો બનાવ બની ગયો કે અમે પણ એ વ્યવહારમાં ખૂંચી ગયા હતા. પંડિતોની પાસે જાતા હતા. નિમિત્તની મુખ્યતાવાળા પંડિતો હતા. આ રાજકોટની વાત છે. એમાં એ પંડિત પોતે એકાએક રાત્રે ગૂમ થઈ ગયા. એટલે એનાં ગામ ચાલ્યા ગયા એટલે સવારે થયું કે હવે શું કરશું આપણે. એટલે અમે સોનગઢ ગયા ગુરુદેવ પાસે. એમને તો બધી ખબર હતી કે આ બાળકો પાછા ભૂલા પડ્યા છે. એટલે રવિવારે જઈએ અમે આંહીથી. રવિવારે જઈએ એટલે પ્રસંગ તો બીજો હોય. ઉપદેશનો ચાલતો હોય. એમાંથી અગિયારમી ગાથાનો ભાવાર્થ કાઢીને અમને વંચાવે. વાંચે પોતે, સંભળાવે.

એક વખત રવિવારે ગયા ત્યારે પણ ઈ ભાવાર્થ વાંચ્યો. અમે સાંભળ્યો. બીજા રવિવારે ગયા ત્યારે એ ને એ વાત અમને સંભળાવી. અમે સમજી ન શક્યા બે વખતમાં, જ્યારે ત્રીજી વખત ગયા ત્યારે એ ને એ વાત અમને સંભળાવી. એને ખબર હતી કે અમે વ્યવહારનાં પક્ષમાં, નિમિત્તનાં પક્ષમાં આવી ગયા હતા, કે નિમિત્તથી કાર્ય થાય. એક કાર્યમાં બે કારણ હોય, ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ. એમાં અમે ફસાણા હતા. આહાહા ! વિકલ્પની જાળમાં સલવાઈ ગયા હતા. હવે છૂટકારો પોતાની મેળે થતો નહતો. જ્ઞાની જાણી ગયા કે આ ફસાઈ ગયા છે, અમને છોડાવવા માટે અપાર કરુણા વરસાવી.

જ્યારે ત્રીજી વખત કહ્યું ત્યારે અમારી આંખ ઉઘડી ગઈ કે આ તો અમારા માટે કહે છે. અમારી આંખ ઉઘડી ગઈ અને કહેવાનો મારો આશય એ છે કે એક તો અનાદિકાળનું પોતાનું અજ્ઞાન છે. સ્વયં પોતાની મેળે ભેદજ્ઞાન કરી અનુભવ કરી શકતો નથી. એવી વર્તમાનમાં એની યોગ્યતા નથી એટલે એને દેશનાલબ્ધિનું નિમિત્ત મળી જાય છે અને દેશનાલબ્ધિનું નિમિત્ત મળતાં, ક્રમે સાંભળતા એને વ્યવહારનો પક્ષ છૂટી જાય છે. નિશ્ચયનો પક્ષ આવે છે પક્ષાતિક્રાંત થઈને, ગુરુદેવની હાજરીમાં કેટલાક પામ્યા અને ગુરુદેવની ગેરહાજરીમાં પણ કેટલાંક પામ્યા અને ભવિષ્યમાં પણ ઘણા પામશે. થોડા નહિ પણ ઘણાં પામશે. એવું સાહિત્ય બહાર આવી ગયું છે. નવ હજાર ટેપ બહાર આવી ગઈ છે.

હવે અગિયારમી ગાથાનાં ભાવાર્થમાં શું છે ? એ વિચાર અત્યારે મને આવ્યો છે. પ્રસંગોપાત વિચાર આવ્યો છે એટલે આ વાત તમારી પાસે રજુ કરું છું ૧૧ મી ગાથાનો ભાવાર્થ, ઘરે જઈને વાંચી લેવું. આહાહા !

ભાવાર્થ :- અહીં વ્યવહારનયને અભૂતાર્થ અને શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે. જેનો વિષય વિદ્યમાન ન હોય, જેનો વિષય હૈયાત જ ન હોય એમ. અસત્યાર્થ હોય, જૂઠો હોય તેને અભૂતાર્થ કહે છે. વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે શુદ્ધનયનો વિષય અભેદ, એકાકાર નિત્ય દ્રવ્ય છે. તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી. માટે તેની દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન અસત્યાર્થ કહેવો જોઈએ. એમ ન સમજવું કે ભેદરૂપ કંઈ વસ્તુ જ નથી, એમ ન સમજવું જોઈએ. એમ માનવામાં આવે તો તો જેમ વેદાંતમતવાળા ભેદરૂપ અનિત્યને દેખી અવસ્તુ માયારૂપ કહે છે, અને સર્વવ્યાપક એક અભેદ નિત્ય શુદ્ધબ્રહ્મને વસ્તુ કહે છે એવું ઠરે અને તેથી સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાત્વનો પ્રસંગ આવે. માટે અહીં એમ સમજવું કે જિનવાણી, જિનવાણી સ્યાદ્‌વાદરૂપ છે. પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે.

હવે વિષય આવે છે. પંડિતજી લખે છે. ૨૦૦ વર્ષ પહેલાંનું છે આ. પ્રાણીઓને એટલે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દસ પ્રકારનાં પ્રાણથી જે જીવે છે એને પ્રાણી કહેવામાં આવે છે. પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ, જો અહીંયા પરાશ્રિત વ્યવહારનો પક્ષ ન લેતાં. ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી છે. આ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળનો છે, વ્યવહાર તો નિશ્ચય પ્રગટ થાય પછી ઉત્પન્ન થાય નાશ થવા માટે, કામચલાઉ ઉત્પન્ન થાય છે. કાયમ રહેતો નથી વ્યવહાર. સાધકની દશામાં વ્યવહાર કાયમ રહેતો નથી. એ તો નિર્વિકલ્પધ્યાનમાં તો હોય જ નહિ. પણ કોઈ કોઈ વખતે સવિકલ્પદશા આવે છે ત્યારે એ વ્યવહાર ઊભો થાય છે અને કહે છે કે જાણેલો પ્રયોજનવાન છે એમ કહેવાય.

અહીંયા કહે છે કે પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળનો છે અને એનો ઉપદેશ પણ બહુધા, સર્વપ્રાણીઓ પરસ્પર કરે છે આ ભારતમાં અત્યારે પણ, વ્યવહારનો ઉપદેશ ઠામ ઠામ ઠેક ઠેકાણે ચાલે છે. આહાહા ! શું કહેવું ? દુઃખ થાય છે. ગુરુદેવનાં અનુયાયીઓમાં પણ વ્યવહારનો ઉપદેશ ઠામ ઠામ ચાલે છે. ગુરુદેવનાં શિષ્યવર્ગમાં પણ શુદ્ધનયનો ઉપદેશ પણ ક્યાંક ક્યાંક વિરલ છે, સાવ નાશ નથી થયો. કહે છે પરસ્પર કરે છે લ્યો. અજ્ઞાની વ્યવહારનો ઉપદેશ કરે છે પરસ્પર, હા માં હા મિલાવી બરાબર છે, બરાબર છે. આહાહા !

વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો (ઉપદેશ) હસ્તાવલંબ જાણી બહુ કર્યો છે. જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા. એમ ભેદરૂપ વ્યવહારનો ઉપદેશ બહુ કરવામાં આવ્યો છે પણ ભેદનાં લક્ષે અનુભવ થતો નથી. તેના લક્ષે રાગી પ્રાણીને રાગ ઉત્પન્ન થાય છે અને આત્મદર્શન થતાં નથી, પણ એનું ફળ સંસાર છે. વ્યવહારનાં ઉપદેશનું ફળ સંસાર એટલે મિથ્યાત્વ. સંસાર એટલે મિથ્યાત્વ કહો કે સંસાર કહો એકાર્થ છે ઈ વાત. સંસાર જ છે.

હવે જુઓ શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી. શુદ્ધનયનો અનુભવ તો થયો નથી કદી, એ વાત તો દૂર રહો પણ શુદ્ધનયનો પક્ષ પણ કદી આવ્યો નથી. જેને અપૂર્વ પક્ષ કહેવામાં આવે છે તે અપૂર્વ એ પક્ષ છે, એનો અભાવ થઈને અનુભવ થાય છે એવો આ પક્ષ છે. કદી આવ્યો નથી આજ સુધીમાં. આહાહા ! ઉપદેશ જ ન મળે, પક્ષ ક્યાંથી આવે ? વ્યવહારનો ઉપદેશ ચાલે છે. આહાહા ! અને શુદ્ધનયનો ઉપદેશ પણ વિરલ ક્યાંક ક્યાંક શુદ્ધનયનો ઉપદેશ છે કે આત્મા સ્વભાવથી અકર્તા હોવાથી, આત્મા ત્રણકાળમાં એક સમય માત્ર પણ પરિણામને કરતો નથી. આજ સુધી પરિણામને કર્યા નથી. બંધના અને બંધના કારણભૂત ક્રિયાને તો કરતો નથી અને મોક્ષ ને મોક્ષના કારણભૂત જે સત્યક્રિયા છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ એનો પણ આત્મા કર્તા થતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મારા ગુરુ સમ્યગ્દર્શનના કર્તા નહોતા, મારા ઉપકારી શ્રી ગુરુ તેણે સમ્યગ્દર્શન કર્યું નહતું. સ્વયં, સહજ. સ્વભાવનાં લક્ષે એની યોગ્યતાથી થાય છે એનો કર્તા ગુરુ નથી. આહાહા ! વંચાવશું હમણાં એ અમિતગતિ આચાર્યનો એક શ્લોક છે. પણ એનું ફળ, શુદ્ધનયનો ઉપદેશ કહી અને ઉપદેશ પણ વિરલ કે આત્મા પુણ્ય પાપથી રહિત છે. કર્તા નથી અકર્તા છે. અને ભગવાન આત્મા એનું જે જ્ઞાન પ્રગટ થાય છે એ પરને જાણતું જ નથી. જાણનારને જ જાણે છે એવો ઉપદેશ પણ વિરલ છે.

આત્માના જ્ઞાને પરને ભૂતકાળમાં જાણ્યું નથી એનું નામ પ્રતિક્રમણ છે. વર્તમાનમાં જાણતું નથી એનું નામ આલોચના છે. ભવિષ્યમાં કોઈ કાળે પણ આત્માનું જ્ઞાન પરને નહિ જાણે. આહાહા ! કેવળજ્ઞાન પણ લોકાલોકને જાણતું નથી પણ લોકાલોક જેમાં જણાય છે, જેમાં પ્રતિભાસ થાય છે એવા પ્રતિભાસથી કેવળજ્ઞાન અભેદ છે અને ઈ કેવળજ્ઞાન આત્માથી અભેદ છે એટલે ''કેવળ નિજ શુદ્ધાત્માનું અખંડ વર્તે જ્ઞાન'' આહાહા ! એવા ઉપદેશ ચાલ્યા ગયા. સાવ નથી ચાલ્યા ગયા એટલું સારું છે.

ભાગ્યશાળી જીવોના ભાગ્ય છે હજી એટલા કે નવ હજાર ટેપ રહી ગઈ. નહિંતર તો વક્તા ને ય ઉડાડી દે અજ્ઞાની જીવો, કે ઘરની વાત કરો છો. ઘરની નથી આ ગુરુદેવનાં વચન છે સાંભળ. આહાહા !

ઉપદેશ વિરલ છે ક્યાંક ક્યાંક છે. એટલું રાખ્યું. ક્યાંક ક્યાંક શુદ્ધનયનો ઉપદેશ રહી ગયો છે. આહાહા ! તેથી ઉપકારી શ્રી ગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી દીધો છે.

આ શુદ્ધનયનો ઉપદેશ કદી આવ્યો નથી એના બે પ્રકાર છે. એક આત્માનો અનુભવ થયો નથી કદી અને એક શુદ્ધ આત્માનું ખરું સ્વરૂપ શું છે ? એને માનસિક જ્ઞાન દ્વારા, સવિકલ્પ સ્વસંવેદનજ્ઞાન દ્વારા પણ એને યથાર્થ નિર્ણય પણ કર્યો નથી અત્યાર સુધી. આહાહા ! એના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી દીધો છે. શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે. આહાહા ! એનો આશ્રય કરવાથી સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે. એને જાણ્યા વિના, શુદ્ધાત્માને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે. ત્યાં સુધી આત્મામાં જ્ઞાન શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ થઈ શકતું નથી. આહાહા !

પરિણામનો કર્તા માને છે અને પરિણામનો જ્ઞાતા માને છે. પરિણામનો કર્તાય નથી પ્રભુ, અને પરિણામનો જ્ઞાતાય નથી. એ પરિણામનો કર્તા પરિણામ છે અને પરિણામનો જ્ઞાતા મન છે બુદ્ધિનો વિષય છે. આત્માના જ્ઞાનનો વિષય નથી એ ભેદ, ઈ તો અભેદગ્રાહી છે. આહાહા ! આવો ભાવાર્થ ૨૦૦ વર્ષ પહેલાં લખી ગયા છે. આહાહા !

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક અમિતગતિ આચાર્ય થઈ ગયા છે. આજથી એક હજાર વર્ષ પહેલાં થઈ ગયા છે એણે યોગસાર નામનું એક શાસ્ત્ર લખ્યું છે. એનું પાનું ૧૫૩ છે. સંવર અધિકાર છે એમાં ૧૮ અને ૧૯ નંબરના બે શ્લોક છે. એ શ્લોકનો શબ્દાર્થ હું વાંચું છું. જ્ઞાન, દર્શન અને ચારિત્ર એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણિ મોક્ષમાર્ગ છે તે ઈન્દ્રિય વિષયો દ્વારા હરી શકાતો નથી. જેને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થયું એને ઈન્દ્રિયના વિષયો તો ઢગલાબંધ આવે સામે ચક્રવર્તી આદિને. શાંતિનાથ ભગવાનને આવ્યા હતા પણ એને ઈન્દ્રિયના વિષયો હરી શકે નહિ. નાશ ન કરી શકે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનાં પરિણામને એ એક વાત કરી. હરી શકતા નથી એટલે નાશ કરવાની તાકાત કોઈની નથી.

હવે બીજી વાત કરે છે. નિરંતર સેવા કરવામાં આવેલા ગુરુ આદિ દ્વારા, પોતાના ગુરુની સેવા કરે શિષ્ય, તે ગુરુ દ્વારા ઉત્પન્ન કરાતા નથી. એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ ગુરુ આપી શકતા નથી. નિશ્ચય ગુરુ આપે, વ્યવહાર ગુરુ આપી શકે નહિ. ઉપકારી ગુરુ હો. સોનગઢનાં સંત, કુંદકુંદઆચાર્ય ભગવાન બીજા કોઈને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ આપી શકતા નથી. ઈન્દ્રિયનાં વિષયો હરી શકતા નથી. શ્રીગુરુ એને આપી શકતાં નથી. બે બોલ કહ્યા.

પરિણામી જીવને, જો હવે કેમ ઉત્પન્ન થાય છે એની વાત કરે છે. પરિણામી જીવને, પર્યાય અપેક્ષાએ એ સ્વયં ઉત્પન્ન થાય છે. એનો કોઈ નાશ કરનાર નથી. નિમિત્તથી ઉત્પન્ન થતું નથી. શ્રીગુરુ હોવાથી, બે વાત કરી. ત્યારે ઉત્પન્ન તો થાય છે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ. કે હા થાય છે. પર્યાય અપેક્ષાએ એ સ્વયં ઉત્પન્ન થાય છે. સ્વયં ઉત્પન્ન થાય છે, એટલે હવે આગળ કહેશે કે પોતાના આત્માથી ઉત્પન્ન થતાં નથી એમ કહેશે.

પરિણામ સ્વયં ઉત્પન્ન થાય છે. પર્યાયનો કર્તા પર્યાય છે. દ્રવ્યથી પર્યાય ઉત્પન્ન થતી નથી (પર્યાય) ઉત્પન્ન થાય છે અને વિનાશ પામે છે. અને તેથી જીવ સ્વયં એનો દાતા, કર્તા, હર્તા નથી. ઉત્પન્ન પણ સ્વયં થાય અને વ્યય પણ સ્વયં થાય. ભગવાન આત્મા પોતાનો આત્મા એનો દાતા નથી એટલે કર્તા નથી અકર્તા છે. આ અકર્તાનું સ્વરૂપ ૩૨૦ ગાથામાં આવી ગયું છે, પૂરેપૂરું ધ્યેયની ગાથામાં. અને તેથી જીવ સ્વયં એનો દાતા નથી. પોતાનો જ્ઞાયકભાવ એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનાં પરિણામ જે સ્વયં ઉત્પન્ન થાય તેનો ઈ કર્તા થઈ શકતો નથી. અને ન પરને કારણે એનામાં કદી ઉત્પાદ-વ્યય થાય છે.

આ રીતે પર્યાય સ્વયંકૃત છે. કર્મકૃતેય નથી અને જીવકૃતેય નથી. સ્વયં ઉત્પન્ન થાય છે અને સ્વયં વિનાશને પામે છે. વિનાશ પામતા ધીમે ધીમે મોક્ષની પર્યાય પણ પ્રગટ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


થાય છે. ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી એક પુસ્તક છે. આ બધી વાત હું આચાર્યો ને સાધકનાં આધાર આપીને વાત કરું છું. જેથી લોકોને શ્રદ્ધા દઢ થાય. હોય તો દઢ થાય. શ્રદ્ધા ન હોય તો નવી પ્રગટ થાય.

હવે એ અમિતગતિ આચાર્ય, જે સમયસારમાં દસ ગાથા છે ૩૭૩ થી ૩૮૨ એ દસ ગાથામાં વિવેચન છે. એ દસ ગાથાનું રહસ્ય એક ગાથામાં લખે છે એક જ ગાથામાં. શું લખે છે ? ભિન્ન ભિન્ન જ્ઞાનોથી ઉપલબ્ધ હોવાને કારણે બે જ્ઞાન ભિન્ન છે, આત્મજ્ઞાન ભિન્ન છે અને ઈન્દ્રિયજ્ઞાન ભિન્ન છે. બે જ્ઞાન ભિન્ન છે તેથી તેના વિષય પણ ભિન્ન ભિન્ન છે. ભિન્ન ભિન્ન જ્ઞાનોથી ઉપલબ્ધ હોવાને કારણે શરીર અને આત્માનો, શરીર અને આત્માનો, રાગ અને આત્માનો ''સદા, ત્રણેકાળ પરસ્પર ભેદ નામ જુદાઈ છે.'' જ્ઞાન ભિન્ન અને રાગ ભિન્ન, રાગ એ શરીરનો જ ભાગ છે. નોકર્મનો ભાગ નથી પણ કર્મનો ભાગ છે પણ એ પુદ્‌ગલનો જ એક ભાગ છે, સ્પેરપાર્ટ છે. રાગ છે ને ઈ જીવનો સ્પેરપાર્ટ નથી. ઈ દ્રવ્યકર્મનો ભાગ છે, ટાઢી ઊની અવસ્થા છે એ નોકર્મનો સ્પેરપાર્ટ ભાગ છે. કહે છે શરીર અને આત્માનો સદા, ત્રણેકાળ પરસ્પર ભેદ નામ જુદાઈ છે.

હવે કહે છે એ બે પદાર્થ જુદા છે તો ઈ બે પદાર્થને જાણનાર, આપે બે પ્રકારના જ્ઞાન કહ્યા, ઈ બે પ્રકારના જ્ઞાન ક્યા છે ? ક્યું જ્ઞાન રાગને જાણે છે ? અને ક્યું જ્ઞાન આત્માને જાણે છે ? એમ પ્રશ્ન થાય. તો ઉત્તર આપે છે શરીર આદિ ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ આદિ શરીરમાં જાય છે. શરીર ઈન્દ્રિયોથી, ઈન્દ્રિયજ્ઞાનથી જણાય છે. શરીર આત્મજ્ઞાનથી જણાતું નથી. આ શરીર છે ને ઈ આત્મજ્ઞાનનો વિષય નથી. આહાહા ! તો પછી સ્વપરપ્રકાશકનું શું થશે ? કે એના ઘરમાં રહી જશે અને તને અનુભવ થઈ જશે. આહાહા ! એના ઘરમાં રહેવા દે ને એને, તું તારું કામ કરી લે ને.

આ આત્માનું જ્ઞાન અતીન્દ્રિયજ્ઞાન તે શરીરને જાણતું નથી. આહાહા ! એનો વિષય નથી પર, એનો વિષય એકલો જ્ઞાયક જ છે. પરપદાર્થ ઈન્દ્રિયજ્ઞાનથી જણાય છે અને આત્મા ખરેખર સ્વસંવેદનજ્ઞાનથી જાણવામાં આવે છે. ખરેખર આત્માને જાણવો હોય તો અંતર્મુખ થઈને એક અતીન્દ્રિયજ્ઞાન નવું પ્રગટ થાય છે, ઈ અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થવા પહેલાં એક જ્ઞાન પ્રગટ થાય છે એ જ્ઞાનમાં પણ પરોક્ષપણે આત્મા આવી જાય છે અને પછી પ્રત્યક્ષ થઈ જાય છે. આહાહા !

એ આપણે વિષય ચાલે છે કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો એ પરોક્ષ છે. અને સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ એ ને એ જણાણો એ પ્રત્યક્ષ થાય છે એ લેશું આપણે ધીમે ધીમે. આહાહા ! ટાઈમ છે આપણી પાસે હજી ઘણો, પાંચ દિવસ બાકી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ તો પર્યુષણપર્વમાં તો, સારા દિવસો હોય, લગ્નનાં દિવસો હોય મોટા ઘરે, મોટા ઘરે હોય ને લગ્ન ત્યારે ત્યાં તો બધાં દસ દિવસ હોય દસેય દિવસ મિષ્ટાન્ન, રોટલી ન હોય. અગાઉના કાળની વાત છે. હવે તો ક્યાં છે ? આહાહા !

આત્મા ખરેખર સ્વસંવેદન પોતાના જ્ઞાન વડે પોતે જાણી શકે. બીજાના જ્ઞાન વડે આત્મા ન જણાય અને ઈન્દ્રિયજ્ઞાન વડે પણ આત્મા ન જણાય. અતીન્દ્રિયજ્ઞાન વડે આત્મા જણાય અને શરીર ન જણાય અને દેવગુરુશાસ્ત્ર જણાય કે નહિ ? નહિ. સાક્ષાત તીર્થંકર ભગવાન એ અતીન્દ્રિયજ્ઞાનનો વિષય છે ? કે ઈન્દ્રિયજ્ઞાનનો વિષય છે ? આહાહા ! આંખનો ઉઘાડ, સાક્ષાત આપણા ઉપકારી ગુરુદેવને, આંખનો ઉઘાડ જાણે છે. આહાહા ! આત્માનું જ્ઞાન આત્માને જાણવાનું છોડી અને કદી પરને જાણવા ગયું નથી. હું પરને જાણું છું એવું જે શલ્ય છે એ તો એને નુકસાન છે. વસ્તુ ફરશે નહિ જ્ઞાન નહિ ફરે. યોગસાર, અમિતગતિ આચાર્ય ચૂલિકા અધિકાર ગાથા ૪૮ છે આ. ૪૮ ગાથામાં છે આ વાત ભિન્ન ભિન્ન જ્ઞાનો વડે.

હવે ગુજરાતી આત્મધર્મ એક નીકળ્યું છે. આપણે ત્યાંથી સોનગઢથી માર્ચ મહિનાનું એક ૧૯૮૧નું એમાં ગુરુદેવ શું ફરમાવે છે આત્મધર્મમાં ? કે આત્મા ખરેખર પરને જાણતો નથી. ખરેખર પરને ઈ સ્ટીકરમાં છે ખરેખર પરને જાણતો નથી. સ્ટીકરમાં છે તે ખરેખર શબ્દ. શાંતિભાઈને ઓલાએ કહ્યું આ કોઈ માણસ બનાવનાર હતો. સોનાના અક્ષરે બનાવ્યું છે હો ત્યાં. ઘણો ખર્ચ કર્યો છે શાંતિભાઈએ મુંબઈમાં. પછી ઓલાએ કહ્યું કે આ 'ખરેખર' શબ્દ કાઢી નાંખો, આમાં જગ્યા નથી કહ્યું 'ખરેખર' શબ્દ નહિ નીકળે. તમારે કરવું હોય તો કરો નહિંતર નહિં કરો. એમાં તો મર્મ છે.

જો 'ખરેખર' ને કાઢી નાખો તો પ્રતિભાસ ચાલ્યો જાશે અને પ્રતિભાસ ચાલ્યો જાય, તો ભેદજ્ઞાનની કળા હાથમાં નહિં આવે. સ્વપરના પ્રતિભાસમાં ભેદજ્ઞાનની કળા છે, સ્વપરપ્રકાશકમાં નથી. આહાહા ! ખરેખર આત્મા ખરેખર, ગુરુદેવનાં વચન છે હો ભાઈ. આહાહા ! એને તો શ્રદ્ધામાં લે. આહાહા ! તું આમ આમ કરમાં હો, હું પરને જાણું છું, જાણું છું હવે રહેવા દે. બહુ કરી તે અનંતકાળ ગયો. હવે આવા ગુરુ મળ્યા એને ઝાઝા ભવ જ ન હોવા જોઈએ. હોય જ નહિ. જો ગુરુની વાણી આત્મામાં ગ્રહણ કરે તો.

આત્મા ખરેખર પરને જાણતો નથી. આ કોના શબ્દો છે ? ગુરુદેવનાં. તો પછી જો જાણતો જ નથી આગળ તો પછી પરને જાણવા ઉપયોગ મૂકવો એ વાત જ ક્યાં રહી ? જો શરીરને જાણતું હોય જ્ઞાન તો તો ઉપયોગ મૂકીને શરીરને જાણીએ. આહાહા ! અપૂર્વ વાત છે. પર્યુષણપર્વમાં ગુરુવાણી આવી છે જુઓ. આહાહા ! આત્મા ખરેખર પરને જાણતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. તો પછી પરને જાણવા ઉપયોગ મૂકવો એ વાત જ ક્યાં રહી ? પરમાં બધું આવી ગયું.

હવે આગળ. પરને જાણવાના પક્ષવાળો તો અહીં અંદરમાં નહિ જઈ શકે. પણ આગળ પોતે પોતાને જાણે છે એમ કહેવું તે પણ ભેદ હોવાથી વ્યવહાર છે. આહાહા ! આત્મા આત્માને જાણે છે. આત્માના જ્ઞાન વડે આત્મા જણાય છે એ પણ ભેદરૂપ વ્યવહાર છે. એમાં પણ વિકલ્પની જાળ ઊભી થશે. એમાં નિર્વિકલ્પ ધ્યાન તને નહિ આવે ભાઈ. ભવનો અંત નહિ થાય. ભવનો અંત નિર્વિકલ્પધ્યાનમાં જાય ત્યારે આવે છે, એમ કહેવું તે પણ ભેદ હોવાથી વ્યવહાર છે.

ખરેખર ! ત્રીજો શબ્દ આવે છે, ત્રીજી વાત, ખરેખર જ્ઞાયક તે પણ જ્ઞાયક જ છે તે નિશ્ચય છે. જૈનદર્શન ઝીણું બહું. આત્મા પરને જાણતો જ નથી તો પછી ઉપયોગ મૂકવાની વાત ક્યાં રહી ? આહાહા ! એ ઉપયોગ મૂકવાનું બંધ થઈ જશે. અને ખરેખર આત્મા, આત્માને જાણે છે એવા ભેદમાં પણ નહિ રોકાય. અભેદમાં થઈને જ્ઞાયક તો જ્ઞાયક જ છે એમાં આવી જશે. ત્યારે સમ્યગ્દર્શન થયું એમ કહેવાય.

હવે આપણો મૂળ વિષય લેવો છે કે જ્ઞેયાકાર અવસ્થામાં, એ જ્ઞેયાકાર અવસ્થા એની ચીજ છે, કે એને સમજવા માટે થોડીક ધીરજ અને થોડોક પ્રયત્ન કરશે તો જ્ઞેયાકાર અવસ્થા કોને કહેવાય ? આત્માને જાણવાની વાત તો પછી પણ જ્ઞેયાકાર અવસ્થા કોને કહેવાય ? તે રીતે જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે, તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. શું કહે છે ? કે જ્ઞેયાકાર અવસ્થા પ્રત્યેક જીવને પ્રત્યેક સમયે જ્ઞેયાકાર અવસ્થા તો થાય છે. હવે જ્ઞેયાકાર અવસ્થા એટલે શું ? કે જ્ઞેયાકાર અવસ્થાનો ખુલાસો, એક તો જાણે સમયસારની બીજી ગાથામાં છે. બીજો ખુલાસો પ્રવચનસારની ૧૨૪ ગાથામાં છે. ત્રીજો ખુલાસો પુરુષાર્થ સિદ્ધિ ઉપાયની પહેલી ગાથામાં છે. અને ચોથું પંચાધ્યાયીની ગાથા ૫૪૧ માં છે.

હવે એ શું છે જ્ઞેયાકાર અવસ્થા, અવસ્થા એક જ છે જ્ઞાનની પર્યાય, પર્યાય પ્રગટ થાય છે તે અશુદ્ધ પ્રગટ થતી નથી. શુદ્ધ પ્રગટ થતી નથી પણ સ્વચ્છ પર્યાય પ્રગટ થાય છે સમય એક છે. એક સમયમાં શું શું થાય છે ? અને શું શું થવું જોઈએ ? એ બધું જ્ઞાન સંજ્ઞીપંચેન્દ્રિય મનુષ્યને આવી જાય છે. અનુભવ પહેલાં.

એક સમયની જ્ઞાનની પર્યાય જે પ્રગટ થાય છે જેને ઉપયોગ લક્ષણ કહેવામાં આવે છે. ''ઉપયોગો લક્ષણમ્'' ઉપયોગ પ્રગટ થાય છે, એ લક્ષણ છે. હવે એની અંદર બેના પ્રતિભાસ થાય છે. એક તો જ્ઞાયક ચિદાનંદ ભગવાન આત્મા સ્વપદાર્થ એનો એમાં પ્રતિભાસ થાય છે. પ્રતિભાસ થાય છે, ઝલકે છે, પ્રતિબિંબિત થાય છે. એ બધું એમાં અને બીજું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પોતાના આત્મા સિવાય અનંતા આત્માઓ, અનંતાનંત પુદ્ગલ પરમાણુંઓ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ એના ભૂત-ભવિષ્ય-વર્તમાન પર્યાય સહિતનાં દ્રવ્યો, એક સમયમાં પ્રતિભાસ થાય છે.

એ સમયે આત્માને જાણે છે ને આને નથી જાણતા એવું નથી. આ તો હજી જ્ઞેયાકાર અવસ્થા કોને કહેવાય એની વાત ચાલે છે. એના પછી આગળ વધવામાં હમણાં જ વધશું આપણે આગળ કે જ્ઞેયાકાર અવસ્થા જે થઈ બેનો પ્રતિભાસ થાય છે. તો કોને જાણતાં આત્મજ્ઞાન થાય અને કોને જાણતાં અજ્ઞાન ઊભું થાય એ એની પોતાની વાત છે. બે જણાય છે, બે નો પ્રતિભાસ થાય છે. પણ બે જણાતું નથી પણ બીજું ઓલો પ્રતિભાસ ન સમજે તો એને એમ કહેવું પડે કે બે પદાર્થ સ્વ અને પર બધાય એમાં જણાય છે. ખરેખર જણાતા નથી.

જ્ઞાનમાં પરપદાર્થનો પ્રતિભાસ થાય છે પણ જ્ઞાનમાં પરપદાર્થો જણાતા નથી. અને જ્ઞાનમાં જ્ઞાયકનો પ્રતિભાસ તો થાય છે, પણ જણાય છે પણ ઈ. કેમ ? કેમ કે પરપદાર્થોનો પ્રતિભાસ થાય પણ પરપદાર્થો નથી જણાતા, કેમકે આત્માથી ઈ ભિન્ન છે, માટે ઈ નથી જણાતા. પ્રતિભાસનાં કાળે જણાતા નથી. જેનો પ્રતિભાસ થાય ઈ જ્ઞાનમાં ન જણાય. રાગનો પ્રતિભાસ થાય પણ આત્મજ્ઞાન રાગને જાણતું નથી. પ્રતિભાસ રહી જાય છે ને જાણવું એમાં આવતું નથી પરનું.

દેવ-ગુરુ-શાસ્ત્રનો પ્રતિભાસ થાય પરનો, પણ એ સમયે આત્માનું જ્ઞાન, એનો પ્રતિભાસ થાય છે એ સો ટકા સત્ય વાત છે. પણ પ્રતિભાસ થાય છે એટલે એને ઈ જણાય જાય છે ને એને જાણે છે એમ છે નહિ. કેમ કે ઈ સર્વથા ભિન્ન છે પરપદાર્થ આત્માથી. જ્ઞાયકથી તો ભિન્ન છે પણ જ્ઞાયકનાં જ્ઞાનથી પણ ભિન્ન છે. ઈ જ્ઞાન જ્ઞાયકનું થાય છે, એ જ્ઞાન રાગનું કે પરપદાર્થનું જ્ઞાન થતું નથી. હોય જ નહિ કોઈ કાળે પુદ્ગલનું જ્ઞાન જ ન થાય. પ્રગટ થતું જ્ઞાન પરકૃત કે પુદ્ગલકૃત નથી. એનો પ્રતિભાસ જરૂર થાય છે પણ પ્રતિભાસનાં કાળે પણ એ જણાતું નથી.

અને જ્ઞાયકનો પ્રતિભાસ તો થાય છે પણ જ્ઞાયક જણાય પણ છે. જણાય છે કેમ ? કે કથંચિત્ જ્ઞાન અને આત્મા કથંચિત્ અભેદ છે. તાદાત્મ્ય સંબંધ છે ત્યાં સુધી કહ્યું. શિષ્યે કહ્યું કે તાદાત્મ્ય હોય તો તો જ્ઞાન આત્માને સેવે જ છે પછી સેવવાનો ઉપદેશ શા માટે આપો છો ? કે તારી એટલી વાત સાચી છે. તાદાત્મ્ય છે એ વાત તારી સાચી છે પણ એક સમય પણ એ જ્ઞાનને સેવતો નથી. કેમ કે જ્ઞાનને સેવવા માટે બે કારણો આપે છે. એક તો સ્વયંબુદ્ધત્વ અને બોધિતબુદ્ધત્વ. સ્વયં તું તારા જ્ઞાનમાં આત્માને જાણતો નથી. અને બીજું કદાચ ગુરુ મળે તો એ નિમિત્તે પોતાનો આત્મા જ્ઞાનમાં જણાય એવો પણ એક વ્યવહાર

ઊભો થાય છે. પણ બેમાંથી કોઈ તારી પાસે નથી. એટલે ખરેખર એક સમયમાત્ર પણ તાદાત્મ્ય હોવા છતાં જ્ઞાન આત્માને સેવતું નથી.

જ્ઞાનમાં આત્મા જણાવા છતાં એ જ્ઞાનમાં આત્માને જાણતો જ નથી. જણાય છે છતાં જાણતો નથી. અને જે નથી જણાતું બિલકુલ ભિન્ન છે. આહાહા ! આ તો બદામનો મેસુબ છે વજુભાઈ ! હેં ! આહાહા ! જે ભિન્ન છે એ તો તને જણાતું જ નથી અને અભિન્ન જ્ઞાયકભાવ છે અનુભવ પહેલાંની વાત કરું છું, પછી જ્ઞેયાકાર અવસ્થામાં શું થાય છે એ હવે વાત આવશે. પહેલાં જ્ઞેયાકાર અવસ્થાનું શું સ્વરૂપ છે એ વાત ચાલે છે, કે જ્ઞાયકનો પ્રતિભાસ તો થાય છે પણ બાળ-ગોપાળ સૌને એનો અનુભવ પણ છે. આહાહા ! એટલે એ અભેદ છે. કથંચિત્ ઉપયોગ અને જ્ઞાયક આત્મા કથંચિત્ અભેદ છે. કથંચિત્ તાદાત્મય છે એટલે જણાય તો છે. પ્રતિભાસ અને પ્લસ જણાય અને પરપદાર્થ પ્રતિભાસ પણ માઈનસ જણાય નહિ. એમાં માઈનસ છે અને આમાં પ્લસ છે. આ ઈંગ્લીશ શબ્દ આવ્યા. જ્ઞાયક ! તું તો જાણશ ને ઈંગ્લીશને તો ઠીક.

શું કહ્યું ? પરપદાર્થ પ્રતિભાસ થાય પણ જ્ઞાનમાં જણાય નહિ. કેમ ન જણાય જ્ઞાનમાં કે જ્ઞાનનો વિષય જ નથી. જ્ઞાનનો વિષય જ નથી. પછી પ્રશ્ન જ ક્યાં છે ? એનો વિષય હોય તો તો એને જાણે. પણ એનો વિષય તો એકલો આત્મા છે જ્ઞાનનો વિષય. તો જ્ઞાયકનો પ્રતિભાસ પણ થાય છે અને એ અભેદ હોવાથી બધા જીવોને, બાલ-ગોપાલ સૌને એ જણાય છે, જણાય છે, સમયે સમયે જણાય છે, સમયે સમયે જણાય છે. અને આ ના પાડે છે કે મને જણાતો નથી. મને આ જણાય છે, મને આ જણાય છે, આ જણાય છે આ જણાય છે. આ જણાય છે, આ જણાય છે. આહાહા ! જણાય રહ્યો છે બાલ-ગોપાલ સૌને પણ એ એના ઉપર લક્ષ કરતો નથી. એટલે જણાવા છતાં પણ એને જાણતો નથી માટે એનું અજ્ઞાન થઈ ગયું છે.

હવે એના માટે ગુરુદેવે, એક વ્યાખ્યાન આપ્યું છે એ કાઢો હવે લાલ અક્ષરનું ‘‘જ્ઞાનકળામાં અખંડનો પ્રતિભાસ’’ એ ગુરુદેવ તો બધું આપી ગયા છે પણ ગુરુદેવ ટેપમાં બોલે છે કોઈક કોઈક વાર કે વેપારીઓ વેપારમાં ખૂંચી ગયા છે એને કાંઈ ટાઈમ નથી. બે ચાર કલાક વાંચવું ને શું છે આ તત્ત્વ. એને ટાઈમ મળતો નથી.

આ આત્મધર્મ છે હો સોનગઢથી છપાયેલું. ૩૯૨ નંબરનું છે. ‘‘જ્ઞાનકળામાં અખંડનો પ્રતિભાસ’’ વર્તમાન વર્તતો જે જ્ઞાન ઉપયોગ પ્રગટ થાય છે એમાં અખંડનો પ્રતિભાસ થાય છે. પરના પ્રતિભાસનું લખ્યું જ નહિ પણ અખંડનો પ્રતિભાસ થાય છે એટલે અખંડ જણાય છે એમ કહેવાનો આશય, જાણે નહિ ભલે પણ જણાયા વગર રહે નહિ. એને ન જાણે તો ય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જણાય. એ જ્ઞાનમાં આત્માને જાણે નહિ, પ્રયત્ન ન કરે જાણવાનો, તો પણ જણાય એમ, જો જણાતો ન હોય તો ક્યારેય કોઈને જાણવામાં પણ ન આવે. જણાય છે માટે જાણે છે, જણાય છે માટે જાણે છે ને એટલે અનુભવ થઈ જાય છે.

''જ્ઞાનકળામાં અખંડનો પ્રતિભાસ'' જ્ઞાનની વર્તમાન પર્યાયનું સામર્થ્ય, વર્તમાન પર્યાય હો. દરેકને વર્તમાન પર્યાયમાં જ્ઞાન હોય. જ્ઞાન વિનાનો જીવ ન હોય. રાગ વિનાનો જીવ મળે. અનંતા જીવો છે રાગ વિનાના. હેં ! અનંતા જીવો રાગ વિનાના. હા ! સિદ્ધને જો ને, અનંતા સિદ્ધો છે. જ્ઞાનની વર્તમાન પર્યાયનું સામર્થ્ય સ્વને જાણવાનું છે. આહાહા ! સ્વપર બેયને જાણવાનું સામર્થ્ય એમ આમાં લખ્યું નથી. છે નહિ લખે ક્યાંથી ? બોલે ક્યાંથી જ્ઞાની ? આહા ! તને સ્વપરપ્રકાશકનો પક્ષ થઈ ગયો છે. આહાહા ! એટલે જાણે જ્ઞાની પણ સ્વપરપ્રકાશકમાં હશે એમ છે નહિ.

પર્યાયનું સામર્થ્ય સ્વને જાણવાનું છે. આગળ, આબાળ-ગોપાળ સૌને સદાકાળ, નાના-મોટા એકેન્દ્રિયથી માંડીને નિગોદથી માંડીને બધા સંજ્ઞી પંચેન્દ્રિયના જીવો. બાળ-ગોપાળ સૌને બધાને કોઈ બાકી નહિ, સૌને. પછી કોઈ કોઈ વખતે ? કે નહિ સદાકાળ. કે રાત્રે ઊંઘમાં ? રાત્રે ઊંઘમાં પણ આત્માનો અનુભવ થાય છે. જણાય છે પણ એને જાણતો નથી ઈ તો એની ભૂલ છે. સદાકાળ અખંડ પ્રતિભાસમય એટલે જ્ઞાન અને દર્શન બે ગુણ છે આત્મામાં, એને પ્રતિભાસમય કહેવાય. જ્ઞાન પણ પ્રતિભાસમય, દર્શન પણ પ્રતિભાસમય. અખંડ પ્રતિભાસમય ત્રિકાળી સ્વ જણાય છે. આહાહા ! બધાયને સ્વ જણાય છે. જ્ઞાયક જણાય છે. કોઈને જ્ઞાનમાં રાગ જણાતો નથી. અત્યાર સુધી આત્માએ રાગને જાણ્યો નથી. આહાહા !

અત્યાર સુધી દેવ-ગુરુ શાસ્ત્રને આત્માના જ્ઞાને પ્રભુ જાણ્યા નથી. એને જાણનારું ઈન્દ્રિયજ્ઞાન હતું. એને તું જ્ઞાન માની બેઠો છો, એનું નામ સંસાર છે. આહાહા ! પરને જાણવાનાં લોભમાં સઘળો આ સંસાર છે. આહાહા ! અખંડ પ્રતિભાસમય ત્રિકાળી સ્વ જણાય છે. જણાશે એમ લખ્યું નથી. વર્તમાન આહાહા ! પ્રેઝન્ટ ટેન્શ એમ કહે છે ઈંગ્લીશમાં. ત્રિકાળી સ્વ જણાય છે પણ તેની દૃષ્ટિ પરમાં પડી હોવાથી, આ રાગને કરું છું ને રાગને હું જાણું છું એવા અશુદ્ધ આત્માને સમયે સમયે જાણે છે અને અશુદ્ધ આત્માની પ્રાપ્તિ સમયે સમયે મિથ્યાત્વની થાય છે.

અશુદ્ધ જાણે આત્માને તે અશુદ્ધ આત્મા મેળવે. આહાહા ! તેની દૃષ્ટિ પરમાં પડી હોવાથી ત્યાં એકત્વ કરતો થકો પરને જાણીને એમાં એકત્વરૂપે પરિણમે છે. ઈન્દ્રિયજ્ઞાનનો ધર્મ છે પરને જાણીને પરમાં એકત્વ કરે અને અતીન્દ્રિયજ્ઞાનનો ધર્મ છે જ્ઞાયકમાં એકત્વ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

થઈને, એકત્વરૂપે પરિણમતો અને એકત્વરૂપે જાણતો તેને સ્વસમય કહેવામાં આવે છે. આહાહાહા !

એકત્વ કરતો થકો ''જાણનાર જ જણાય છે'' ઈન ટુ કોમામાં છે આ. આમાં લખ્યું છે ઈ 'જાણનારો' મોટા અક્ષરથી છે સ્ટેનલેસ સ્ટીસના પતરામાં આમાં લખ્યું છે જાણનારો જણાય છે. જાણનાર જ, 'જ' સમ્યક્ એકાંત કર્યું. કથંચિત્ જાણનાર જણાય ને કથંચિત્ પર જણાય તો અનેકાંત થાય ? અરે ભાઈ ! આ તને શું થઈ ગયું. તારી બુદ્ધિ ક્યાં ગઈ હજી. આહાહા ! જાણનારો જ જણાય છે તેમ નહિ માનતા, માનતો નથી. તેમ નહિં માનતાં રાગાદિક પર જણાય છે. રાગાદિ તો, રાગને જાણે જ્ઞાન એમાં શું ? રાગાદિ પર જણાય છે એમ લખ્યું એણે. રાગને જાણે છે એવો શબ્દ ન વાપર્યો. જણાય છે જ્ઞાયક અને માને છે કે રાગ જણાય છે. રાગનો પ્રતિભાસ થાય છે પણ રાગ જણાતો નથી એમ આવવું જોઈએ.

રાગાદિ પર જણાય છે એમ અજ્ઞાની પર સાથે એકત્વપૂર્વક જાણતો, માનતો હોવાથી તેને વર્તમાન અવસ્થામાં અખંડનો પ્રતિભાસ થતો નથી. પ્રતિભાસ થાય છે, જણાય છે જાણનાર, પણ એને માનતો નથી. મને રાગ જણાય છે ને રાગમાં એકત્વ કરીને સંસારમાં દુઃખી થઈને ચારગતિમાં ૮૪ લાખ યોનિમાં રખડે છે. આહાહા ! રખડપટ્ટી જાય એવા ઉપદેશ શ્રી ગુરુ આપણને આપી ગયા છે. શુદ્ધનયનો જ ઉપદેશ આપ્યો છે એણે. આહાહા ! વ્યવહારનો ઉપદેશ જ નહોતા આપતાં. મેં તો સાંભળ્યું નથી, હું જ્યારે જાઉં મેં તો એક જ સાંભળ્યું છે કે શુદ્ધાત્માનું સ્વરૂપ શું અને એનો અનુભવ કેમ થાય ? બે વાત મેં તો સાંભળી છે. બીજી કાંઈ વાત મેં સાંભળી નથી.

અજ્ઞાનીને વર્તમાન અવસ્થામાં અખંડનો પ્રતિભાસ થતો નથી. અને જ્ઞાનીને તો આ જાણનાર જણાય છે તે જ હું છું. જાણનાર જણાય રહ્યો છે મને તે જ હું છું. એમ જાણનાર જ્ઞાયકને એકત્વપૂર્વક જાણતો માનતો હોવાથી તેની વર્તમાન અવસ્થામાં જ્ઞાનકળામાં અખંડનો સમ્યક્ પ્રતિભાસ થાય છે. બધાને પ્રતિભાસ થાય છે. પણ માનતો નથી અને સમ્યક્ શબ્દ આગળ આવતો નથી. પણ જો જ્ઞાયકને જાણે તો સમ્યક્ પ્રતિભાસ થાય છે. સમ્યગ્જ્ઞાન, દર્શન થઈ જાય પ્રગટ. એટલે જ્ઞેયાકાર અવસ્થામાં બે નો પ્રતિભાસ થાય છે.

હવે અહીંયા આચાર્ય ભગવાન કહે છે કે ઈ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો, જાણનાર છું એમ જણાય છે. પ્રતિભાસ બેના થાય છે, પરનોય પ્રતિભાસ થાય છે અને સ્વનોય પ્રતિભાસ થાય છે. હવે એના માટે પંચાધ્યાયીમાં ૫૫૮ ગાથા છે. એમાં એમ કહ્યું ૫૫૮ ગાથામાં, આપણે કાંઈ ઉતાવળ નથી હો. આહાહા ! ભાઈ, આત્માનો અનુભવ થઈ જાય. એ જ કરવા જેવું છે, પછી બીજું શું કામ છે તમારે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પંચાધ્યાયી ગાથા ૫૫૮ :- જ્ઞાન અર્થવિકલ્પાત્મક હોય છે. અર્થાત જ્ઞાન સ્વ-પરપદાર્થને વિષય કરે છે. એટલે સ્વ અને પર પદાર્થોનો એમાં પ્રતિભાસ થાય છે. તેથી જ્ઞાન સામાન્યની અપેક્ષાએ જ્ઞાન એક જ છે. જ્ઞાનની પર્યાય એક જ છે સામાન્યની અપેક્ષાએ. વિશેષથી જુઓ તો બે પ્રકાર હમણાં ભેદ પડે છે. કેમકે અર્થ વિકલ્પપણું બધાં જ્ઞાનોમાં છે. પરંતુ વિશેષ વિશેષ વિષયોની અપેક્ષાએ કોઈ સ્વને વિષય કરે છે, કોઈ જીવ પરને વિષય કરે છે. અપેક્ષાએ તે જ જ્ઞાનનાં બે ભેદ થઈ જાય છે. એક જ્ઞાનની પર્યાય સામાન્ય હોવા છતાં વિષયનાં ભેદે, એના બે પ્રકાર સમ્યગ્જ્ઞાન ને મિથ્યાજ્ઞાન થઈ જાય છે. આહાહા !

એનો કર્તા પોતે છે. કર્મના ઉદયથી આ કાંઈ થતું નથી. તેના બે ભેદ થઈ જાય છે. સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાન. તે બંને જ્ઞાનોમાં સમ્યગ્જ્ઞાનનું કારણ, વસ્તુનું યથાર્થ જ્ઞાન છે. જેવો આત્મા યથાર્થ શુદ્ધાત્મા છે. એનું જેવું સ્વરૂપ છે એવું જો લક્ષમાં લઈને જાણે તો તેને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. તથા મિથ્યાજ્ઞાનનું કારણ વસ્તુનું અયથાર્થ જ્ઞાન છે. વસ્તુ તો શુદ્ધ છે અને માને અશુદ્ધ, વસ્તુ તો અકર્તા છે માને કર્તા, વસ્તુનું જ્ઞાન સ્વને જાણે છે છતાં માને કે હું પરને જાણું છું તે બધું અયથાર્થ મિથ્યાજ્ઞાન થઈ જાય છે.

હવે જ્ઞેયાકાર અવસ્થા થઈ છે ત્યારે એને, એમાં જ્ઞાયકપણે જણાય છે. હું જ્ઞાયક છું જાણનાર છું. પરને હું જાણતો નથી. જાણનારો જણાય છે. એવા ભેદજ્ઞાનનાં વિચાર કરતાં એનો ઉપયોગ અભિમુખ થાય છે. અભિમુખ થઈને તે જ સમયે અભેદ થતો નથી થોડા સમય વચમાં જાય છે કરણલબ્ધિના પરિણામમાં, કે એ ઉપયોગ આત્માની સન્મુખ થાય છે. થતો થતો, ઢળતો ઢળતો, ઢળતો, ઢળતો, નમતો નમતો ઢળી જાય છે, નમી જાય છે અંદરમાં.

તો પહેલાં એને પરોક્ષ અનુભૂતિ થાય છે એને સવિકલ્પ સ્વસંવેદનજ્ઞાન કહેવામાં આવે છે. એનો વિષય આખો પ્રવચનસાર શાસ્ત્ર છે એની ૮૦ નંબરની ગાથા છે. અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણી અને એવો જ મારો આત્મા છે એમ જાણે છે એનો મોહ ક્ષય થઈ જાય છે દર્શન મોહ, મિથ્યાત્વ ક્ષય થઈ જાય છે. એની વાતમાં જયસેનાચાર્ય ભગવાને બે પ્રકાર પાડીને સમજાવ્યું છે, કે દૃષ્ટિનો વિષય આવ્યો જેના હાથમાં એને મોહના નાશનો ઉપાય તો આવ્યો. પણ મોહનો નાશ હજી થતો નથી.

એ મોહનો નાશ કેમ થાય ? કે ઉપયોગ જેનો છે એની સન્મુખ થાય અને એને જાણવા તરફ જાય વળી જાય. પરથી ખસ અને સ્વમાં વસ. પરથી ખસ એટલે શું ? પરને હું જાણતો જ નથી એનું નામ પરથી ખસ. વ્યવહારે તો પરને જાણું છું ને, વ્યવહારે પરને જાણું છું. આહાહા ! વ્યવહારને આગળ કરી કરી પોતાનું અહિત કરે છે. આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ગુરુદેવે ત્યાં સુધી કહ્યું વ્યાખ્યાનમાં ત્રણ ચાર દિ’ પહેલાં કે ‘‘જે વ્યવહારની પ્રશંસા કરે છે એ નિશ્ચયની નિંદા કરે છે અને તે મનુષ્ય પશુ સમાન છે.’’ આ ગુરુનાં વચન છે હો મારા વચન નથી. ટેપમાં છે. વ્યવહારની પ્રશંસા કરે છે, તમે આ બહુ સારું કામ કર્યું તમે અઠાઈ કરી, માસખમણ કર્યું, ઉપવાસ કર્યા વિગેરે વિગેરે. કોઈ મંદિર બંધાવે કોઈ જાત્રા કાઢે. આહાહા ! પાંચ પચીસ લાખ ખર્ચે તમે બહુ સારું કામ કર્યું. શું સારું કામ કર્યું ? કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિ પોષી તમે. એને ખ્યાલ નથી જ્ઞાન બિડાઈ ગયું છે એનું. એનું જ્ઞાન બિડાઈ ગયું છે. એને ખબર પડતી નથી અજ્ઞાનીને કે ક્યાં હું ભૂલ કરું છું કાંઈ ખબર પડતી નથી. આહાહા !

કહે છે એટલે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો, એ જ્યારે જ્ઞાન અંદરમાં વળે છે ત્યારે એને સવિકલ્પ સ્વસંવેદન થઈ જાય છે. અને સવિકલ્પ સ્વસંવેદનમાં આવતા સૂક્ષ્મ પરિણામ થાય છે ઘણાં સૂક્ષ્મ પરિણામ કેવળીગમ્ય છે એ. અને એ તરત જ અભિમુખ થઈ અભેદ થઈ જાય છે ત્યારે નિર્વિકલ્પ ધ્યાનમાં ભગવાન આત્માના દર્શન થાય છે.

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો, તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ જ્ઞાયક જ છે. જે જણાયો તે જ જણાયો જે જણાયો તે અનુભવમાં આવ્યો. જણાયો ત્યાં સુધી અનુભવમાં નો’તો. જણાયો ત્યાં અનુભવમાં આવી ગયો. પહેલા જણાય છે અને પછી અનુભવ થાય છે. એમાં કાંઈ સેકન્ડો જાતી નથી. એક સેકન્ડના અસંખ્યાત ભાગમાં આ બધી ક્રિયા બની જાય છે જણાય છે. એ અનુભવમાં આવે છે. આહાહા ! જણાય છે. જણાયો કે હા. જણાયો તો અનુભવમાં આવી ગયો. જ્ઞાતઃ તે તો તે જ છે. જે જાણવામાં આવ્યો જણાયો મને તે તો અનુભવમાં આવી ગયો. આહાહા !

જણાયો પહેલાં અને પછી અનુભવ થઈ ગયો એમાં, પ્રત્યક્ષ. ઓલું પરોક્ષ વ્યય ને પ્રત્યક્ષનો ઉત્પાદ થાય છે. આહાહા ! ધ્યેયપૂર્વક જ્ઞેય થાય છે. ધ્યેય તો પહેલાં પારામાં જીવો આવી ગયા પણ જ્ઞેયની ભૂલ છે. આત્મા જ જ્ઞાન ને આત્મા જ્ઞેય છે એને બદલે આત્માને જ્ઞાતા બનાવ્યો અને પરને જ્ઞેય બનાવ્યું. એટલે જ્યાં સુધી પરને જ્ઞેય બનાવે છે, ત્યાંસુધી એનો ઉપયોગ પરસન્મુખ રહેવાનો છે. જ્યાં જ્ઞેય સ્થાપે છે ત્યાં જ ઉપયોગ જશે.

પર તારું જ્ઞેય જ નથી. જ્ઞેયથી જ્ઞાન ન થાય અને જ્ઞાનનું કોઈ જ્ઞેય ન હોય. આ બધી વાત અમૃતચંદ્ર આચાર્યે કરી છે. વસ્તુનો સ્વભાવ પર વડે ઉત્પન્ન થઈ શકતો નથી. એટલે જ્ઞેયથી આત્માનું જ્ઞાન પ્રગટ થઈ શકતું નથી. એટલે જ્ઞેયથી જ્ઞાન ન થાય, જ્ઞેયથી જ્ઞાન ન થાય, જ્ઞેયથી જ્ઞાન ન થાય. એ વાત તો ગુરુદેવ હાલતા ને ચાલતા કહે છે બોલે છે. પણ બીજું વાક્ય એમણે રચના કરી કે વસ્તુ સ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નથી. આત્માનું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન પરને જ્ઞેય બનાવી શકતું જ નથી, અશક્ય છે. આહાહા !

વ્યવહારે જ્ઞેય, વ્યવહારે જ્ઞેય એટલે શું ? એટલે કે એમ નથી. ટોડરમલસાહેબે બે વાક્યની રચના કરી છે બહુ સારી કે, ''નિશ્ચયનય વડે જે નિરૂપણ કરવામાં આવ્યું હોય જિનાગમમાં તેને તો સત્યાર્થ માની તેનું શ્રદ્ધાન અંગીકાર કરજે અને વ્યવહારનય વડે જે નિરૂપણ કરવામાં આવ્યું હોય તેને અસત્યાર્થ માની તેનું શ્રદ્ધાન છોડી દેજે.'' સંતોએ નિરૂપણ કર્યું હોય એની આ વાત છે હો, આત્મા વ્યવહારે પરને જાણે છે એટલે કે જાણતો નથી. આહાહા ! એમ એનો અર્થ છે. નિર્દય થજે વ્યવહારનો નિષેધ કરવામાં, હજી તો વ્યવહારના ઉપદેશથી ધીમે ધીમે ૪૧૫ ગાથામાં પણ વ્યવહાર લખ્યો છે. અરે ! અરે ! પ્રભુ શું થશે ! આહાહા ! આવું વસ્તુ સ્વરૂપ છે.

જ્ઞેયાકાર અવસ્થામાં જે જણાયો, જણાય છે હો. નિર્વિકલ્પ ધ્યાનની પહેલાં પરોક્ષ અનુભૂતિ થાય છે. પરોક્ષ અનુભૂતિમાં આવ્યો તે તત્ક્ષણ પ્રત્યક્ષ અનુભૂતિ થાય છે. જણાય છે પછી અનુભવાય છે. પહેલું જણાય જાય છે ને પછી અનુભવ થાય છે. જણાય છે તેમાં અનુભવ નથી તેમાં આનંદ નહોતો. અનુભવમાં આનંદ આવે છે. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ જ્ઞાયક જ છે. આવી વસ્તુની સ્થિતિ છે.

## પ્રવચન નં. ૨૯
## પર્યુષણ પર્વાધિરાજ દિવસ-૬ - રાજકોટ
## તા. ૨૨-૯-૯૬

આ પર્યુષણ પર્વાધિરાજ ચાલે છે. દ્રવ્યથી ક્ષેત્રથી, કાળથી અને ભાવથી અભેદ એવા પોતાના શુદ્ધાત્માની ચારે તરફથી ઉપાસના કરવી, આરાધના કરવી તેને પર્યુષણ પર્વ કહેવામાં આવે છે. આ આરાધનાના દિવસો છે. આરાધના બે પ્રકારે છે. એક સવિકલ્પ અને એક નિર્વિકલ્પ. નિર્વિકલ્પ જ્યાં સુધી ન થાય, ભેદ જ્ઞાનમાં અભેદ તરફ ન જવાય ત્યાં સુધી પણ એણે સવિકલ્પ આરાધના કરવી જોઈએ. કે આવો હું છું ને આવો હું નથી.

દશલક્ષણમાં છઠ્ઠો દિવસ ઉત્તમ સંયમ ધર્મનો છે. આત્મસ્વભાવની શ્રદ્ધાજ્ઞાનપૂર્વક, શરત એ છે આ આત્મા જેવો છે એનું શ્રદ્ધાન અને એના અનુભવરૂપ જ્ઞાન એ પૂર્વક શુભાશુભ ઈચ્છાઓને રોકીને આત્મામાં એકાગ્ર થવું તે પરમાર્થે ઉત્તમ સંયમ ધર્મ છે. અને જ્યારે એવો વીતરાગભાવ ન થઈ શકે, ત્યારે સમ્યક્શ્રદ્ધાનજ્ઞાનપૂર્વક અશુભભાવને છોડીને,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છકાય જીવની રક્ષાનો શુભરાગ હોય છે તેને વ્યવહાર સંયમધર્મ કહેવાય છે. આ રીતે આજે કુદરતી ઉત્તમ સંયમ ધર્મનો દિવસ છે અને આપણી છઠ્ઠી ગાથાની પૂર્ણાહૂતિ લગભગ આજે થઈ જશે એવો દિવસ છે.

હવે સમ્યગ્દર્શનજ્ઞાનપૂર્વક ચારિત્ર હોય છે તો ચારિત્ર પહેલાં સમ્યગ્દર્શન ને જ્ઞાન કેમ પ્રગટ થાય ? ને કેને પ્રગટ થાય ? અને શું વિધિએ પ્રગટ થાય ? એની ચર્ચા, ચિંતવન એનો સ્વાધ્યાય ચાલે છે. સમ્યગ્દર્શન ઈ એકડો છે. ચારિત્ર ઈ બગડો છે. હવે એકડાની ખબર ન હોય અને બગડાની આરાધના કરે તો ક્યાંથી એમાં એનો અંત આવે ભવનો ?

થોડું ઉપરથી પહેલું લઈ લઈએ કે આચાર્ય ભગવાને શરૂઆત કરતાં એમ કહ્યું, શિષ્યનો પ્રશ્ન છે કે આ શુદ્ધાત્માનું સ્વરૂપ શું છે ? અને એનો અનુભવ કેમ થાય ? આ બે પ્રશ્ન પૂછ્યા છે. ત્રીજો પ્રશ્ન આ છ દ્રવ્ય કેવા છે ? નવ તત્ત્વ કેવા છે ? લોકનો વિભાગ શું છે ? નારકીના જીવોનું આયુષ્ય કેટલું ? સ્વર્ગ ક્યાં છે ? એ કાંઈ પ્રશ્ન પૂછ્યો નથી. પ્રશ્ન નથી પૂછ્યો એનું કારણ છે, કે જે જ્ઞાન એને ન જાણતું હોય એનો પ્રશ્ન મારે શું પૂછવો અને જે જ્ઞાન જેને જાણી શકે તેવો જ પ્રશ્ન પૂછાય ને ? બધું છે પણ છે એને જાણવાનું આત્માની પાસે એનું જ્ઞાન જ નથી. એટલે પ્રશ્નનો ઉત્તર ન પૂછતાં શુદ્ધાત્માનું સ્વરૂપ શું અને એનો અનુભવ કેમ થાય તેવા બે પ્રશ્ન છે. બે પ્રશ્નમાં એક ઉત્તર અપાય ગયો છે. આજે ફરીથી થોડો રીફર કરીએ છીએ આપણે, કે પહેલો પ્રશ્ન ઈ છે કે શુદ્ધઆત્માનું સ્વરૂપ શું છે કે જો તું શુદ્ધાત્માનું સ્વરૂપ પૂછતો હો તો સાંભળ.

હે ભવ્યપ્રાણી ! હે શુદ્ધ આત્માના ઈચ્છક ! તું સાંભળ શુદ્ધાત્મનું સ્વરૂપ. જે આત્મા શુભાશુભભાવે પરિણમતો નથી. અનાદિકાળથી આજ સુધી શુભાશુભભાવ તેના સ્વભાવે પરિણમતો નથી. શુભાશુભભાવ હો તો હો પણ પોતાનો નિજભાવ છોડીને શુભાશુભભાવરૂપે પરિણમે એવો આત્માનો સ્વભાવ નથી, તો તો જડ થઈ જાય. કેમકે આત્મા સ્વભાવથી અકારક અવેદક છે. આત્મા પોતાના સ્વભાવને છોડતો નથી.

ગમે તેટલું મંથન કરે અજ્ઞાની પ્રાણી મરી જાય સૂકાઈ જાય તપ કરીને પણ એ આત્માનો સ્વભાવ એવો છે, અકારક-અવેદક એ ત્રણકાળમાં અકર્તાપણું છોડે અને પરિણામથી સહિત થાય તો પરિણામને કરે, પરિણામથી સહિત તો થતો નથી. એ તો પરિણામથી રહિત જ છે અનાદિ-અનંત. પ્રમત્ત અને અપ્રમત્ત એવી બે દશાના ભાગ પાડી ૧૪ પર્યાયથી આત્મા રહિત છે. રહિત થાય છે એમ નથી. ત્રણે કાળ પરિણામથી બંધના કારણભૂત પર્યાય, બંધના કાર્યરૂપ પર્યાય, મોક્ષના કારણભૂત નિશ્ચય મોક્ષમાર્ગ કે મોક્ષની પર્યાય એ પર્યાયથી આત્મા સર્વથા ભિન્ન છે. પહેલાં સર્વથા લેવું પછી અનુભવ થતાં સ્યાદ્વાદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બીજા પારામાં આવશે. આહાહા !

પહેલાં તો સ્યાદ્‌વાદનો આત્મામાં અભાવ છે. કથંચિત્ આત્મામાં નથી. આત્માના અનુભવ જ્ઞાનની પર્યાયમાં કથંચિત્ હોય, સ્યાદ્‌વાદ અનુભવમાં હોય. અનુભવ જ્ઞાનમાં સ્યાદ્‌વાદ હોય પણ અનુભવના વિષયમાં સ્યાદ્‌વાદનો અભાવ છે. ત્યાં સુધીની વાત કરી છે કે આત્મામાં સ્યાદ્‌વાદનો અભાવ હોવા છતાં નિશ્ચયાભાસપણું આવતું નથી. શાસ્ત્રનો આધાર આપું છું. જૈનદર્શન સ્યાદ્‌વાદ મૂલક છે. અનેકાંતિક સ્વરૂપ છે. જૈનદર્શન છે અનેકાંત સ્વરૂપ સ્યાદ્‌વાદ સાથેનું છે. પણ ભાઈ તું ધીરજ રાખ તો ઈ આવશે તને સાંભળવા મળશે અને એવું સ્વરૂપ પણ છે કથંચિત્.

પણ પહેલાં પાઠમાં તો આ એક દેવસેન આચાર્ય થઈ ગયા છે એક હજાર વર્ષ પહેલાં, તેઓશ્રી એમ ફરમાવે છે કે શીલાલેખ છે આ પહાડો પર શીલાલેખ છે. એમાં એક શીલાલેખ છે એમાં એમ ફરમાવ્યું છે, કે હે કુંદકુંદ ભગવાન ! તમે જો મહાવિરદેહ ક્ષેત્રમાં જઈને ત્યાંથી આવીને આવા શાસ્ત્રોની રચના ન કરી હોત તો અમારા જેવા મુનિઓનું શું થાત ? એટલું તો બહુમાન કરે છે આચાર્ય ભગવાન ભાવલિંગી સંત એવા દેવસેન આચાર્યની આ વાણી છે.

એમાં ઈ શરૂઆતમાં લખે છે નયચક્ર છે આનું. પુસ્તક આખું એક, એનો અનુવાદેય થઈ ગયો છે પુસ્તકનો. નિશ્ચયનય તો સ્વાશ્રિત નિશ્ચયનય તો ઉપનયથી રહિત છે અભેદ અને અનુપચાર જેનું લક્ષણ છે. ઉપચાર એનું લક્ષણ નથી. અભેદ એટલે ભેદનો નિષેધ કર્યો, અનુપચાર ઉપચારનો નિષેધ કરે છે. અને અનુપચાર જેનું લક્ષણ છે અને જે અર્થનો નિશ્ચય કરાવે છે. અર્થ એટલે પદાર્થ સ્વરૂપ તેનું નામ નિશ્ચયનય છે.

હવે બીજી લીટીમાં એમ લખે છે કે આ આત્માનું સ્વરૂપ એવું છે કે સ્યાદ્‌વાદથી રહિત કથંચિત્ અકર્તા ને કથંચિત્ કર્તા, કથંચિત્ સ્વને જાણે ને કથંચિત્ પરને જાણે, એવો સ્યાદ્‌વાદથી રહિત હોવા છતાં શુદ્ધાત્મા જે ઉપાદેય તત્ત્વ છે, એમાં સ્યાદ્‌વાદનો અભાવ છે. સ્યાદ્‌વાદથી રહિત હોવા છતાં પણ તેમાં નિશ્ચયાભાસ થતું નથી. આહાહા ! સર્વથા પર્યાયથી રહિત છે તોપણ એમાં નિશ્ચયાભાસપણું આવતું નથી. નિશ્ચયાભાસ કોને થાય છે ને ક્યાં થાય છે ? કે જેને આત્માનો અનુભવ નથી ને પ્રતિપાદન કરે છે જ્ઞાની થઈને, તેના કથનમાં બધા દોષો હોય પણ આ સોનગઢના સંતના પ્રતિપાદનમાં ક્યાંય ખૂણેખાંચરે ખામી અમને જોવામાં આવી નથી.

એવો પુરુષ પાક્યો એણે કહ્યું આત્મા પર્યાયથી સર્વથા ભિન્ન છે ત્યારે અવાજ આવ્યો બહારથી કે એકાંત થઈ જશે ત્યારે એ પુરુષે કહ્યું કે સમ્યક્એકાંત થશે અને સમ્યક્એકાંતપૂર્વક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનેકાંતનો જન્મ પણ થશે, પણ પહેલાં અનેકાંતથી તો ઉપડમાં. આખું જગત અનેકાંતથી સ્યાદ્‌વાદથી શરૂઆત કરે છે આહાહા ! સ્યાદ્‌વાદનો અભાવ હોવા છતાં નિશ્ચયાભાસપણું આવતું નથી એમ લખે છે. કારણ કે એ ઉપનયથી રહિત છે. ઉપનય એટલે નયની સમીપે જે રહે સદ્‌ભૂત વ્યવહાર, અસદ્‌ભૂત વ્યવહાર, ઉપચરિત, અનુપચરિત તેને ઉપનય કહેવામાં આવે છે. એનાથી રહિત છે નિશ્ચયનય કે જે નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક છે. છેલ્લી લીટીમાં કહે છે કે એટલા માટે નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક હોવાથી ભૂતાર્થ પણ છે તેના અવલંબનથી આત્મા સમ્યગ્દૃષ્ટિ થાય છે.

એટલે પહેલાં પારામાં દૃષ્ટિના વિષયની મુખ્યતાથી વાત કરતાં, આ ભગવાન આત્મામાં પ્રમત્ત-અપ્રમત્ત નથી. અપ્રમત્ત શુદ્ધઉપયોગ સાતમું ગુણસ્થાન, આઠમું, નવમું, દસમું, બારમું, તેરમું એ આત્મામાં નથી. કેવળજ્ઞાનની પર્યાય એક સમયની એ ત્રિકાળી દ્રવ્યમાં નથી. અપ્રમત્તમાં સાતમા ગુણસ્થાનથી ચૌદ ગુણસ્થાન આવી ગયા. પહેલેથી છ ગુણસ્થાન પ્રમત્તના છે ઈ નથી. આત્મામાં નથી. અમારે એવો આત્મા તે સાંભળ્યો નથી તેવો સંભળાવવો છે. ''એકત્વ નિશ્ચયગત સમય સર્વત્ર સુંદર લોકમાં'' તે વાત સાંભળી છે. કામ, ભોગ બંધનની કથા (સાંભળી છે). આત્મા આવો છે ને આત્મા આવો છે ને કથંચિત્ આવો છે ને, પહેલેથી કથંચિત્‌થી ઉપડે છે તે સર્વથામાં આવી શકતો નથી અને સર્વથામાં આવે એને કથંચિત્ થયા વિના રહેતું નથી. આહાહા !

એટલે પહેલાં પારામાં એકદમ વાત કરી કે ''નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયકભાવ છે, એ રીત શુદ્ધ કથાય ને જે જ્ઞાત તે તો તે જ છે'' આવો ત્રણ પદમાં શુદ્ધાત્માની વાત કર્યા પછી એ પ્રયોગ બતાવે છે અનુભવનો કે જ્ઞાત તે તો તે જ છે. એ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાયો, જણાયો પણ અનુભવ ન થયો. પછી આગળ વધીને કહે છે કે તે આત્મા જે જણાયો તને તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ જ્ઞાયક જ છે, ત્યાં એને નિર્વિકલ્પ ધ્યાન આવી જાય છે. એવી વાત અપૂર્વ છઠ્ઠી ગાથા એટલે આખા સમયસારનો સાર છે. ચારસો પંદર ગાથાનો સાર આમાં ભર્યો છે.

ધ્યેય અને જ્ઞેય બેય સ્વરૂપ એક ગાથામાં આપી દીધું છે. ધ્યેયનું સ્વરૂપ પહેલાં પારામાં અને જ્ઞેય નવું થાય છે શુદ્ધ ઉપયોગથી સહિત. એ જે જ્ઞેય થાય છે એ આત્માનું સ્વરૂપ છે તે વાત બીજા પારામાં કહે છે. એટલે પહેલો પારો શરૂ થયો છે તે પૂરો થયો છે.

હવે બીજા પારાની વાત કરતા કહે છે કે અનુભવ કેમ થાય ? શુદ્ધાત્માનું સ્વરૂપ તો પ્રભુ તમે મને આપ્યું. દૃષ્ટિનો વિષય તો ૪૫ વર્ષ સુધી ગુરુદેવે આપ્યો. અને ઘણાંને દૃષ્ટિનો વિષય વ્યવહાર શ્રદ્ધામાં તો આવી ગયો પણ નિશ્ચય સમ્યગ્દર્શન કેમ પ્રગટ થતું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી તો કહે છે એમાં એક એની ભૂલ રહી જાય છે એ ભૂલ બીજા પારામાં કાઢે છે કે કદાચ તને સામાન્ય સ્વભાવ આવી ગયો હાથમાં પણ એ સામાન્યને અવલોકન કરનારું જ્ઞાન કેવું હોય, અને કેમ પ્રગટ થાય વિશેષજ્ઞાન એની તને ખબર નથી.

એમાં ફરમાવે છે કે આત્મા છે, ત્રિકાળી દ્રવ્ય છે, અકર્તા છે, અભોક્તા છે. તું મરી જાઈશ ને તો પણ આત્મા પોતાના નિજ સ્વભાવને છોડશે નહી. તને નુકસાન થશે પણ સ્વભાવ પોતાનો છોડશે નહીં. આહાહા ! અકર્તા ને અવેદક એ મૂળ સ્વભાવ આત્માનો છે. આત્મા આત્માનો સ્વભાવ કદી છોડતો નથી.

એમ બીજા પારામાં કહે છે કે જ્ઞાનનો સ્વભાવ કેવળ પરને જાણવાનો છે અને પોતાને જાણતો જ નથી એમ નથી. પરને જાણતો જ નથી એવો જ્ઞાનનો મૂળ સ્વભાવ છે. અનાદિ-અનંત સ્વભાવ છે ઈ. અને છતાં પણ ઈ હઠ લ્યે કે સ્વનેય જાણે ને પરનેય જાણે. સ્વને નિશ્ચયે જાણે અને વ્યવહારે પરને જાણે એમ વ્યવહારને આગળ કરી અને નિશ્ચયથી વિમુખ રહી જાય છે. એને આત્માનો અનુભવ થતો નથી.

બીજા પારામાં કહે છે જ્ઞેયાકાર અવસ્થામાં હવે જ્ઞાન પ્રગટ થાય છે ઉપયોગ લક્ષણ. એ લક્ષણ સ્વચ્છ છે બધાને સમયે સમયે જ્ઞાન પ્રગટ થાય છે. સમ્યગ્જ્ઞાન પ્રગટ નથી થતું બધાને. સમ્યગ્જ્ઞાન નવું થાય છે અને ઉપયોગ તો જૂનો છે. જેમ જ્ઞાયક અનાદિ-અનંત છે એમ એનો પ્રગટ થતો ઉપયોગ લક્ષણ એ અનાદિ-અનંત છે. લક્ષણ લક્ષને પ્રસિદ્ધ કરે છે અલક્ષને પ્રસિદ્ધ કરી શકતું નથી. આહાહા !

લક્ષણ એટલે ઉપયોગ એ આત્માને પ્રસિદ્ધ કરે. પણ આ રાગ તે આત્મા ને શરીર તે આત્મા ને પરપદાર્થને જાણું છું એ લક્ષણ અલક્ષને પ્રસિદ્ધ ન કરે, તો તો લક્ષણાભાસ થઈ ગયો ઈ. લક્ષણ કેનું છે ? જીવનું છે. ઈ ખારાપણું કેનો સ્વભાવ છે ? મીઠાનો. દાળ ખારી, શાક ખારું, ખીચડી ખારી, ભજીયા ખારા ત્રણકાળમાં શાક ખારું થઈ શકતું નથી. પણ એ ખારાપણું છે એ તો મીઠાનો સ્વભાવ છે. ખારાપણું મીઠાના દ્રવ્યથી અભેદ છે લક્ષને લક્ષણ છે તો અભેદ, પણ એના લક્ષણ દ્વારા લક્ષનું જ્ઞાન કરાવી ને લક્ષનો અનુભવ કરાવવો છે.

જ્ઞાનીઓ છોડતા નથી. કે જ્ઞાન લક્ષણ છે ? કે હા. લક્ષણ છે. ઈ કોને જાણે ? કે કેનું છે જ્ઞાન ? કે પુદ્‌ગલનું, છદ્રવ્યનું ? કે ના. પુદ્‌ગલનું જ્ઞાન હોય જ નહીં કોઈ દિ'. ત્રણેય કાળ આત્માનું જ જ્ઞાન હોય અને એ જ્ઞાન આત્માને જ પ્રસિદ્ધ કરે. અનાત્માને પરને પ્રસિદ્ધ કરતું નથી ત્રણ કાળમાં કોઈકાળે ઈ પ્રસિદ્ધ કરે જ નહીં. મરી જાઈશ તોય આત્માનો સ્વભાવ પરને નહીં જાણે. આહાહા ! હઠ પકડીશ તો તને નુકસાન થશે પણ ઈ જ્ઞાન પોતાને જાણવાનું છોડી અને પરને જાણવા કદી જઈ શકે જ નહીં. જો પરને જાણવા જાય તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઈ જ્ઞાન પરનું થઈ જાય. પરમાં એકત્વ થઈ જાય તો જ્ઞાનનો નાશ થાય આત્માનો નાશ થાય. એ ત્રણકાળમાં નાશ થવાનો જ નથી માટે જ્ઞાન આત્માને જ જાણે છે. આજે માન, કાલે માન કે ગમે ત્યારે માન તો તારો (દુઃખનો) અંત આવશે આત્માને જાણે છે ત્યારે. પરને જાણું છું ને સ્વપરને જાણું છું એ બધા વ્યવહારના કથન છે. ભાઈ ! આહાહા ! તે ઉપચરિત સદ્ભૂત વ્યવહારનયનું કથન છે. આત્માને જાણતા પરને જાણે એ ઉપચરિત સદ્ભૂત વ્યવહારનું કથન છે.

અને એનું દૃષ્ટાંત આપે છે કે ''અર્થ વિકલ્પ જ્ઞાનં પ્રમાણં'' એ તો એનું દૃષ્ટાંત છે. ઉપચરિત સદ્ભૂત વ્યવહારની સિદ્ધિ કરતા ન સમજાય તો એના માટે દૃષ્ટાંત આપ્યો. ''અર્થ વિકલ્પ જ્ઞાનં પ્રમાણં'' અર્થ એટલે સ્વ ને પરના વિભાગપૂર્વક આખું જે વિશ્વ એનું અવભાસન. બેને જાણે એમ નહીં. સ્વને જાણે ને પરને જાણે એમ નહીં. સ્વને જાણે ને પરને ન જાણે એવું જ્ઞાનનું સ્વરૂપ છે. આહાહા ! કે હું ચોવીસેય કલાક પરને જાણું છું ને ! કે ઈ તું નથી જાણતો એ ઈન્દ્રિયજ્ઞાન જાણે છે પરને. તો ઈન્દ્રિયજ્ઞાનથી તો આત્મા અત્યંત ભિન્ન છે. જ્યાં ત્યાં અત્યંત ભિન્ન, સર્વથા ભિન્ન. હા. સર્વથા ભિન્ન છે. શુદ્ધ ઉપયોગ કથંચિત્ ભિન્ન-અભિન્ન છે પણ ઈન્દ્રિયજ્ઞાન તો સર્વથા ભિન્ન છે. આ બધું શાસ્ત્રમાં છે. પણ ગુરુદેવ કહે છે કે વેપારીને કાંઈ ટાઈમ મળે નહીં હીરાના વેપારમાં બહુ ટાઈમ મળે નહીં. આ ચૈતન્ય હીરો છે. એ તો કરે છે કામ આ તો દાખલો છે. (શ્રોતા : ઈ તો બેય હીરાનો પારખુ છે) હા પારખુ છે. બોલો. આશીષ ! આજે ઈ એ ય આવી ગયો બોલો.

હવે આ બીજા પારામાં એમ કહે છે, કે જ્ઞેયાકાર થવાથી એવી રીતે જ્ઞેયાકાર થવાથી એટલે કે જ્ઞેયોના પ્રતિભાસો સ્વ ને પરના થાય છે, એવી જ્ઞાનની અહીંયા પર્યાય થાય છે. જેમાં સ્વ ને પર આખું વિશ્વ પ્રતિભાસ થાય છે. સ્વપરપ્રકાશકમાં તો જ્ઞાન બહાર જાય છે અને પ્રતિભાસમાં જ્ઞાન અંદર રહી જાય છે ને બધાનો પ્રતિભાસ થઈ જાય છે. પ્રતિભાસ રહી જાય ને અનુભવ થઈ જાય, પ્રતિભાસ રહી જાય ને આત્માનો અનુભવ થઈ જાય એવી અપૂર્વ વાતો છે.

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેયાકાર થવાથી તે જ્ઞાનને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. જગતને આ વાત પ્રસિદ્ધ છે કે જાણે છે તે આત્મા, દેખે તે આત્મા, એટલી વાત એને પ્રસિદ્ધ છે. તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જ્ઞેયોનો પ્રતિભાસ થાય એવી જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે તોપણ જ્ઞેયોનો પ્રતિભાસ થાય છે માટે જ્ઞેયથી જ્ઞાન થયું આત્માનું એમ છે નહીં. અને એ પદાર્થો પ્રતિભાસે છે જ્ઞાનમાં, તેથી જ્ઞાન એ પદાર્થોને જાણે છે એમ પણ નથી. આહાહા !

શું સ્વપરપ્રકાશક ? શું સ્વપરનો પ્રતિભાસ ? ઊંડો ઉતરે તો કામ થઈ જાય એવું છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એવી આ છઠ્ઠી ગાથા છે. તાલપત્રમાં બે હજાર વર્ષ પહેલાં લખાણી છે. આહાહા !

તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જ્ઞેયથી તો જ્ઞાન ન થાય. જ્ઞેયથી જ્ઞાન થાય તો જ્ઞેય ને જ્ઞાન એક થઈ જાય. તો તો જ્ઞેયો કર્તા થાય ને અહીંયા જ્ઞાન ઈ કર્તાનું કર્મ થાય. તો જ્ઞેયથી તો જ્ઞાન થઈ શકે નહીં. ન્યાં સુધી તો કદાચ હા પાડે, કે શાસ્ત્રથી આત્મજ્ઞાન ન થાય. દિવ્યધ્વનિ સાંભળે તો તેનાથી કાંઈ આત્મજ્ઞાન થતું નથી.

પણ એક બીજો ભેદ રહી જાય છે કે જ્ઞેયથી તો જ્ઞાન ન થાય આત્માનું, પણ આત્માનું જ્ઞાન જગતના કોઈ પદાર્થને જ્ઞેય બનાવી શકતું નથી. કેમ કે કોઈ જ્ઞેય નથી. જ્ઞાનનું જ્ઞેય એકલો પોતાનો આત્મા છે. ત્યારે એકલો જ્યારે જ્ઞાનમાં પોતાનો આત્મા ''જાણનાર જણાય છે ખરેખર પર જણાતું નથી'' ત્યારે એને આત્મદર્શન થઈ જાય છે. હવે જેમ અકર્તા છે ઈ અકર્તા કોઈ દિ' કર્તા નહીં થાય. એમ આત્માનું જ્ઞાન કેવળ જ્ઞાયકને જાણે છે એ જ્ઞાયકને જાણવાનું છોડી અને પરનો જ્ઞાતા ત્રણકાળમાં થવાનો નથી. દેવ ગુરુ શાસ્ત્રને આત્મજ્ઞાન જાણતું નથી, એ ઈન્દ્રિયજ્ઞાન જાણે તો ભલે જાણે. પણ હું એને જાણતો નથી. બે ભાગ પડી જાય છે. જ્ઞાન ને ઈન્દ્રિયજ્ઞાન બે જુદી ચીજ છે. આત્મજ્ઞાનમાં ઈન્દ્રિયજ્ઞાનનો અભાવ છે અને ઈન્દ્રિયજ્ઞાનમાં આત્મજ્ઞાનની નાસ્તિ છે. બેય ચીજ જ જુદી છે. બેય જ્ઞાન જુદા છે.

હવે જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી, આગળ વધારે છે. કારણ કે, હવે કારણ આપે છે, કે જ્ઞેયથી જ્ઞાન ન થાય અને જ્ઞાન જ્ઞેયનું ન થાય. કારણ કે હવે કારણ આપે છે કે જ્ઞેયાકાર અવસ્થામાં એમ, જ્ઞેયાકાર અવસ્થા એટલે જ્ઞાનની પર્યાય છે એમાં સ્વપરનો પ્રતિભાસ થાય છે એ સો ટકા સાચી વાત છે. જે પ્રતિભાસને માનતો નથી એ અજૈન છે અને થતા પ્રતિભાસમાં જે પદાર્થો ઝલકે છે એ પદાર્થોને જ્ઞાન જાણે છે તોય અજૈન છે.

હવે કહે છે કે જ્ઞેયાકાર અવસ્થામાં, અવસ્થા તો થઈ. શેની અવસ્થા ? કે જ્ઞાનની. ઈ જ્ઞાન કેવું છે ? જ્ઞેયાકાર છે. છે તો જ્ઞાનાકાર પણ જ્ઞેયની સાપેક્ષતાથી સમજાવે છે કે જ્ઞેયોનો પ્રતિભાસ થાય છે માટે એને જ્ઞેયાકાર જ્ઞાન કહેવામાં આવે છે. હવે જે જ્ઞેયાકાર જ્ઞાન થયું છે એમાં જે જ્ઞેયો પ્રતિભાસે છે એને જાણે છે, કે જ્ઞેયના જે પ્રતિભાસ થાય છે એવા પ્રતિભાસને જાણે છે, કે પ્રતિભાસ જેમાં જ્ઞાનની પર્યાયમાં થાય છે એ જણાય છે, કે ત્રણમાંથી કાંઈ જણાતું નથી.

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો જાણનાર જણાય છે. જ્યારે જ્ઞેયાકાર અવસ્થા થાય છે. જ્ઞેયાકાર અવસ્થા એટલે શું ? કે આ બોલપેન જ્ઞાનમાં જ્ઞેય થાય છે. આ બોલપેન જ્ઞાનમાં પ્રતિભાસે છે. બોલપેનના પ્રતિભાસના કાળે બોલપેનનો પ્રતિભાસ થાય છે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞાન બોલપેનને જાણે છે કે જ્ઞાયકને જાણે છે ? પરના પ્રતિભાસના કાળે જ્ઞાયક જણાય છે કે જેનો પ્રતિભાસ થાય છે એને જાણે છે ?

પ્રતિભાસ તો સમજાય છે ને, કે નથી સમજાતો. કમલેશ ! આહાહા ! આ બોલ-બેરીંગનો વેપારી છે મોટો બોલો. આવડો આ ફેક્ટરી ચલાવે છે જામનગરમાં પિતળના સ્પેર-પાર્ટસની કે એ પિતળાના સ્પેર-પાર્ટસ જ્યારે જ્ઞાનમાં જણાય છે, જ્ઞાનમાં જ્ઞેય તો થતું જ નથી. પ્રતિભાસે છે. ઈ સમયે પ્રયોગ કરવો જોઈએ સામે પદાર્થ રાખીને. આ પદાર્થ સામે છે. પદાર્થને જાણે છે એમ ન લેવું હો. પદાર્થનો પ્રતિભાસ જ્યારે થાય છે જ્ઞાનમાં ત્યારે જ્ઞાન પદાર્થને જાણે છે કે એ જ્ઞાન જ્ઞાયકને જાણે છે બસ એટલું કરે ''પરથી ખસ ને સ્વમાં વસ'' એટલું કર તો બસ છે.

આ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો. જ્ઞેયાકાર અવસ્થા થઈ પણ એ વખતે એને જ્ઞેય જણાતું નથી. આહાહા ! ''જાણનારો જણાય છે'' આમાં લખ્યું છે. ગુરુદેવના શબ્દો છે આ કાલે આપણે વાંચ્યું'તું બધું. ''જ્ઞાનકળામાં અખંડનો પ્રતિભાસ'' આ બધું કાલે આવી ગયું'તું કે આ પદાર્થ સામે રાખવો, પણ આ પદાર્થને હું જાણું છું ઈ ભૂલી જા. ઈ પદાર્થનો પ્રતિભાસ થાય છે ઈ રાખ, પણ પ્રતિભાસના કાળે ઈ જ્ઞાન જેનું છે એને જાણે છે જેનો પ્રતિભાસ થાય છે એનું જ્ઞાન નથી માટે જ્ઞાન એને જાણતું નથી.

ફરીથી, શું કહ્યું ? (શ્રોતા :- બહુ સરસ.) અજમેરાભાઈ કહે, બેય હીરાનો વેપાર કરે છે. ચૈતન્ય હીરાનો ને જડ હીરાનો. કે આ પદાર્થ પ્રતિભાસે છે જ્યારે, ત્યારે પ્રતિભાસના સમયે જે જ્ઞાનમાં પ્રતિભાસ થયો છે આનો. બોલપેનનો પ્રતિભાસ થયો છે ઈ વખતે જ્ઞાન બોલપેનને જાણતું નથી પણ બોલપેનના પ્રતિભાસ વખતે ઈ જ્ઞાન જ્ઞાયકને જાણે છે, જો એમ લઈ લ્યે. પ્રયોગ કરે, પદાર્થને રાખવો એનામાં. ક્યાં રાખવો ? (શ્રોતા :- ઈ રહી જાય) ઈ રહી જાય એનામાં ભલે રહી જાય પણ લક્ષ છૂટી જાય. આહાહા ! લક્ષ ફેરે ફેર છે. પ્રતિભાસ બેના લક્ષ એકનું છે. બેનું લક્ષ ન હોય કોઈ કાળે પણ.

એ જ્ઞાન પોતાના સ્વભાવને છોડતું નથી અને પરને જાણવા ગયું નથી. અત્યાર સુધી તો પરને જાણતું નથી અને ભવિષ્યકાળ આવશે ત્યારે પણ કેવળજ્ઞાન પણ લોકાલોકને નહીં જાણે. આહાહા ! લોકાલોક જેમાં પ્રતિભાસે છે એને કેવળી જાણે છે. તો ઉપચારથી લોકાલોકને નિમિત્તપણે છે અને જાણે છે એમ કહેવામાં આવે છે. વ્યવહાર અભૂતાર્થ છે, સાચો નથી. આહાહા !

હવે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો એમ આવ્યું તે ફર્સ્ટ સ્ટેજ છે. હવે સેકન્ડ સ્ટેજ આવશે ત્યારે અનુભવ થશે. ફર્સ્ટ સ્ટેજમાં જણાય તો ગયો, જણાય તો ગયો પણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અભેદપણે ન જણાણો. માનસિક જ્ઞાનમાં જ્ઞાયક તો જણાય ગયો પણ માનસિક જ્ઞાનમાં અનુભૂતિ થતી નથી. તેમ માનસિક જ્ઞાનમાં જણાયો તો ત્યાં જ્ઞાન રોકાતું પણ નથી, આગળ વધે છે. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાયો એ પરોક્ષ અનુભૂતિ થઈ ગઈ.

સ્વસંવેદન જ્ઞાનમાં જણાય છે ઈ. એ સ્વસંવેદન જ્ઞાનમાં જણાણો, તે સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં પણ, જે જણાયો તે તો તે જ છે, એમાં અનુભવ થઈ ગયો. ઈ નિર્વિકલ્પ સ્વસંવેદન કહેવાય. સવિકલ્પ સ્વસંવેદન કરણલબ્ધિના પરિણામમાં થાય છે, કરણલબ્ધિના પરિણામ પહેલાં નહીં. પહેલાં એની પહેલાંના કાળમાં નિર્ણય આવે છે. પણ સવિકલ્પ સ્વસંવેદન નથી થતું ન્યાં. સમજાણું ? અપૂર્વ નિર્ણય આવી જાય જેને સમ્યગ્દર્શન થવાનું હોય તેને થોડા કાળ પહેલાં અપૂર્વ નિર્ણય આવી જાય કે હું જ્ઞાયક જ છું બસ. પણ એને એ પક્ષ આવી ગયો છે, સ્વભાવનો પક્ષ આવ્યો, વિભાવનો પક્ષ છૂટ્યો. પણ એમાં આનંદનો અનુભવ નથી. નિર્ણય છે પણ અનુભવ નથી. સવિકલ્પ સ્વસંવેદન પણ એમાં નથી. એ પછી એ જીવને ચોક્કસ સમ્યગ્દર્શન થવાનું છે, ડેફીનેટ.

શુદ્ધનયનો પક્ષ જેને આવે એ પક્ષાતિક્રાંત થયા વિના રહેતો નથી. એવી જ કોઈ પ્રક્રિયા ભજી જાય છે. આહાહા ! અને એ અંતર્મુખ થઈને જ્યારે પ્રયોગ કરે છે ત્યારે ઉપયોગ ઠેઠ અભેદ ન થાય જ્ઞાયક સુધી, ત્યાં સુધી વચલા ગાળામાં આ એક સ્ટેજ આવે છે કરણલબ્ધિના પરિણામ જ્ઞાયક જણાય છે એને. આહાહા ! જ્ઞાયક જ્યાં જણાય છે ત્યાં તો એણે અભેદ થઈને જાણી લીધો એમ વાર લાગતી નથી. એક સેકન્ડેય લાગતી નથી સેકન્ડ કરતાંય ઓછા કાળમાં મિનિટ તો નહીં. સેકન્ડ પણ નહીં પણ સેકન્ડ કરતાંય ઓછા કાળમાં, એટલો અંદરમાં વેગ જાય છે શુદ્ધ ઉપયોગનો કે શુદ્ધ ઉપયોગ અને શુદ્ધાત્માનો ભેદ પણ જ્યાં દેખાતો નથી. ભેદ છે પણ અભેદમાં ભેદ દેખાતો નથી. ભેદ તો છે. પહેલાં પારામાં અપરિણામી લીધો. અકારક અવેદક લીધો.

હવે બીજા પારામાં શું કહે છે કે પરિણામી આત્મા થયો. પરિણામી પોતાને જાણવારૂપે પરિણમે છે જુઓ ઈ આમાં લખ્યું છે. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ દીવાની જેમ કર્તાકર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે. અકર્તા પ્લસ કર્તાકર્મનું અનન્યપણું ઈઝ ઈકવલ ટુ અનુભૂતિ. અકર્તા-ધ્યેય, પ્લસ કર્તાકર્મનું અનન્યપણું ઈઝ ઈકવલ ટુ અનુભૂતિ, આ તો ઈંગ્લીશ. હવે ગુજરાતીમાં, આત્મા ત્રિકાળ અકર્તા છે એમ જ્યાં દૃષ્ટિમાં ને જ્ઞાનમાં ઘોળાય છે, ને ઘોળાતા ઘોળાતા ઉપયોગ અંદરમાં પોતાના નાથને ભેટવા જાય છે. અનંતકાળથી એ જ્ઞાન આત્માને ભેટ્યું નહોતું. એ ભેટવા જ્યારે જાય છે અને ભેટી જાય છે ત્યારે એ આનંદનો કોઈ અચિંત્ય અનુભવ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સમ્યગ્દષ્ટિને પણ આશ્ચર્ય થાય છે આવો આનંદ થાય છે ત્યારે, આ..હા..હા..આવો આનંદ. અપૂર્વ અનંતકાળથી મને નહિં આવેલો આનંદ આજે સ્વાદ આવી ગયો. ભવનો અંત થઈ ગયો. એમ શાસ્ત્રકાર લખે છે કે સમ્યગ્દષ્ટિને પણ આશ્ચર્ય થાય કે, ઓહો ! આવું મારું સ્વરૂપ. આવી વસ્તુ છે. એવા આત્માને જ્યારે જાણે છે ત્યારે એને ભવનો અંત આવી જાય છે. ભવ નથી એ પહેલું આવી જાય છે અનુભવ પહેલાં ઘણાંને કોઈ કોઈને, અને પછી ભવનો અંત થઈ જાય છે.

શું કહે છે, કે કર્તાકર્મનું અનન્યપણું આ અપરિણામી પ્લસ પરિણામી. અપરિણામી એટલે દૃષ્ટિનો વિષય અને પરિણામી એટલે પોતે પોતાને જાણે છે, જાણવારૂપે પરિણમે છે તે કર્તા અને પોતાને જાણ્યો આત્માએ, પર્યાયને ન જાણી. આખો આત્મા પરિણામી આત્મા કર્તા અને પરિણામી આત્મા કર્મ. અપરિણામી તો ધ્યેય છે સુરક્ષિત રહી જાય છે.

‘‘કર્તા કર્મ ક્રિયા ભેદ નહિ ભાસતું હૈ અકર્તૃત્વ શક્તિ અખંડ રીતી ધરે ઈ હૈ
યાહી કે ગવેષી જ્ઞાનમાંહી લખી લિજે. યાહી કી લખની મેં અનંતસુખ ભર્યો હૈ’’

અંતરમાં લખી લે, તો કામ તારું થઈ જશે. એક શ્લોક છે આખો, મારા શાસ્ત્રમાં છે. (અધ્યાત્મ પંચસંગ્રહમાં)

કર્તાકર્મક્રિયા ભેદ નહી ભાસતું હૈ, એ અકૃર્તત્વશક્તિ અખંડ રીતી ધરે ઈ. જ્યારે પોતે પોતાને જાણવારૂપે પરિણામે છે અને પરિણમી આત્મા કર્તા થાય છે અને પરિણામી આત્મા કર્મ થાય છે આખો આત્મા, ત્યારે અકર્તૃત્વ શક્તિ અખંડ ધરે ઈ. એ અકર્તાપણું છૂટતું નથી ને કર્તા થઈ જાય છે. અકર્તાપણું છૂટે નહીં ને કર્તા થયા વિના રહે નહીં. એનું નામ અનેકાંત છે. એનું નામ સ્યાદ્વાદ છે. તારે સ્યાદ્વાદ જોઈએ છીએ ને લે અનુભવ કરી લે એનું નામ સ્યાદ્વાદ છે. પણ એને ક્યાં અકર્તા છું ઈ કાંઈ ખબર નથી.

કર્તા કર્મનું અનન્યપણું હોવાથી, કર્તાય આત્મા ને કર્મ પણ આત્મા હોવાથી, જ્ઞાયક જ છે. પોતે જાણનારો માટે પોતે કર્તા. કેને જાણ્યું લોકલોકને ? પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો. જ્ઞાતાય પોતે ને જ્ઞેય પણ પોતે ને જ્ઞાન પણ પોતે. જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેયનો ભેદ પણ જ્યાં દેખાતો નથી. ૪૭ શક્તિના ભેદ કાઢી નાખ્યા-પછી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના ચાર ભેદ પણ કાઢી નાખ્યા. પછી જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેયના ત્રણ ભેદ પણ કાઢી નાખ્યા ને અભેદ અનુભવ થઈ જાય છે આત્માનો. સમજ્યો તું જ્ઞાયક ! પોતાને જાણ્યો હો. પોતાને જાણ્યો એટલે પરિણામીને જાણ્યો. અપરિણામી તો શ્રદ્ધામાં હતો પણ હવે એ પરિણમે છે ઈ ધ્યેયના લક્ષે, ધ્યેયના લક્ષે ધ્યાન થાય છે. ધ્યાતા, ધ્યાન ને ધ્યેય. જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય એક સમયમાં થાય છે. પોતાને જાણ્યો માટે પોતે કર્તા અને પોતાને પોતે જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જણાયો માટે પોતે કર્મ થયું. પર્યાય કર્મ નહીં. રાગની વાત તો ક્યાંયની ક્યાંય એ તો દૂર દેશાવર રહી ગઈ.

જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાં દીપક છે. અને પોતાને પોતાની જ્યોતિરૂપ પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક છે, અન્ય કાંઈ નથી તેમ જ્ઞાયકનું જાણવું. કે જ્ઞાયક કર્તા પણ છે અને અકર્તાની દૃષ્ટિ થઈ પોતે પોતાને જાણવારૂપે પરિણમે છે તો પોતે કર્તા પણ થયો અને પોતાને જાણે માટે પોતે કર્મ પણ થયો. ન્યાં જગ્યા છે કે નહીં ? ચિભડાવાળા છે ? છે નહીંતર આંહી આવો. એ ચીભડાથી આવે છે બહુ રસિક છે. જૈન થઈ ગયા છે જૈન અને ઘણાંને જૈન બનાવે છે ગામડામાં. એજ એનું કામ જગ્યા દેજો ભાઈ એને.

હવે આ છઠ્ઠી ગાથાની હવે પૂર્ણાહુતિ થઈ ગઈ. પૂર્ણાહુતિ થઈ ગઈ એટલે અનુભવ થાય ત્યારે પૂર્ણાહુતિ થાય હો હા. ઈ ધ્યાન રાખજો. ઘણાને અનુભવ થશે હો. શંકા રાખવી નહીં એવી વાણી ગુરુદેવની બહાર આવીગઈ છે આ પુરુષની અને સમયસાર શાસ્ત્ર. આહાહા !

નિશ્ચય વ્યવહારની સંધિ અપરિણામી તે નિશ્ચય છે અને પરિણામી થયો તે વ્યવહાર છે, પર્યાય સાપેક્ષ છે ને ! પર્યાયથી નિરપેક્ષ તે નિશ્ચય અને શુદ્ધ ઉપયોગથી સાપેક્ષ છે તે વ્યવહાર. આ નિશ્ચય વ્યવહાર અંદર છે. અપરિણામી નિશ્ચય છે અને પરિણામી પોતાને જાણે છે માટે પરિણામી એ વ્યવહાર છે, પર્યાય સાપેક્ષ. હવે તારો શુભભાવ વ્યવહાર ઈ તો ક્યાંય રહ્યું ક્યાંય એ તો જડભાવ છે. ઈ તો આત્મામાં શુભભાવ થતો જ નથી. એ તો બહિર્મુખ વૃત્તિમાં ઊઠે છે એ તો. અરે પ્રમત્ત-અપ્રમત્ત નથી. પછી બીજી વાત ક્યાં કરવી. અપૂર્વ વાત છે. છઠ્ઠી ગાથાની પૂર્ણાહુતિ થઈ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વિભાગ - ૭

## પ્રવચન નં. ૩૦

### કલકત્તા શિબિર

### તા. ૧૫-૧૧-૯૬ - સવારે

આજથી બે હજાર વર્ષ પૂર્વે દિગંબર ભાવલિંગી સંત સમર્થ કુંદકુંદાચાર્યદેવ થયા તેમણે આ સમયસાર શાસ્ત્રની રચના કરી છે. સમયસાર એટલે શુદ્ધાત્મા. શુદ્ધાત્મા બધાની પાસે છે. અને એ શુદ્ધ આત્માનું સ્વરૂપ કેવું છે ? એ બતાવનાર જિનવાણી એટલે કે સમયસાર શાસ્ત્ર તે શુદ્ધ આત્માનું પ્રતિપાદન કરે છે. કે તું માની રહ્યો છો એવું તારું સ્વરૂપ નથી.

તું મનુષ્ય નથી, તું દેવ નથી, તું નારકી નથી, તિર્યંચ નથી, તું સ્ત્રી નથી, તું પુરુષ નથી, તને કર્મનો બંધ અત્યારે થયો નથી, કર્મના બંધથી રહિત છે તારો આત્મા, અને જડ કર્મના ઉદયમાં સંયોગમાં જોડાતાં પર્યાયમાં જે રાગદ્વેષ મોહ થાય એ પણ તારા ત્રિકાળી સ્વભાવમાં નથી. એનાથી પણ તારો આત્મા ભિન્ન છે, ભિન્ન રહ્યો હતો, ભિન્ન રહ્યો છે, અને અનંતકાળ પણ એ આત્મા રાગથી ભિન્ન રહેવાનો છે. એવો શુદ્ધાત્મા અંદરમાં બિરાજમાન છે.

એ શુદ્ધ આત્મા જ તારું સ્વરૂપ છે, રાગદ્વેષથી તારો આત્મા તદ્દન સર્વથા ભિન્ન છે, પર્યાયમાં ગમે તેટલું નરક નિગોદનું દુઃખ આવી પડે પર્યાયમાં ગમે તેવી મલિનતા થઈ જાય. થાઓ તો થાઓ. પણ પરમાત્મા પવિત્ર એવો ને એવો અંદરમાં બિરાજમાન છે. કિંચિત્‌માત્ર પરિણામની અશુદ્ધતા એમાં પ્રવેશતી નથી, પ્રવેશી શકતી નથી અને કોઈ કાળે પ્રવેશશે નહીં, એવું એક તારું અંદર અંતઃતત્ત્વ બિરાજમાન છે. એવા શુદ્ધ આત્મામાં લક્ષ કરી એમાં લીન થવાનો પ્રયત્ન કરવો એને પરમાત્મા, મોક્ષનો માર્ગ એટલે સુખનો માર્ગ કહે છે.

ત્યારે સમયસારની શરૂઆત કરતાં આચાર્ય ભગવાને ફરમાવ્યું, કે હે ભવ્ય આત્માઓ ! મારો ભાવ એવો જાગ્યો છે કે એકત્વ-વિભક્ત આત્માની વાત હું કરી દઉં અને કહીશ. અનંતગુણથી એકત્વ-એકપણું અને પર્યાયમાત્રથી વિભક્ત નામ જુદાપણું એ અનાદિ અનંત જુદાઈ પર્યાયની સાથે રહેલી છે. દ્રવ્યમાં પર્યાયની નાસ્તિ છે. અને પર્યાયમાં દ્રવ્યની નાસ્તિ છે. પર્યાય છે-પરિણામ છે, પણ એ પરિણામ ભગવાન પરમાત્મામાં નથી. જે જેમાં નથી એની સ્થાપના તું તારા આત્મામાં કરી રહ્યો છો, કે મારામાં રાગ થાય, દ્વેષ થાય એને તું પર્યાયની સામે જોઈશ ને તો તને એવી વિપરીત ભ્રાંતિ થશે. પણ પર્યાય હોવા છતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પર્યાયને ગૌણ કરીને પર્યાયથી રહિત શુદ્ધઆત્માને તું જો, તને દેખાશે.

અમે આવા આત્માને દેખી લીધો છે. દેખીને અનુભવ કરીને આ શાસ્ત્રો લખવાના છીએ અને અમે જે કહીએ છીએ એ પ્રમાણે તું લક્ષ કરી અને એનો અનુભવ કરીને અમારી વાત પ્રમાણે કરજે. અમે કહીએ છીએ માટે સત્ય છે એમ રહેવા દેજે. આજે જ્ઞાની તને કહેશે કે સાકર મીઠી છે. કાલે ઠગ લોકો આવશે કે આ મીઠી છે ફટકડી, એને મીઠી તરીકે વેંચવા આવશે છેતરાઈશ નહીં. સાકરને અનુભવજે જીભ ઉપર મૂકજે કે આ સાકર છે કે ફટકડી છે.

કુંદકુંદઆચાર્ય ભગવાન ફરમાવે છે કે હું એકત્વ વિભક્ત આત્માની વાત કહીશ, પણ તું તારો અનુભવ કરીને પ્રમાણ કરજે. મારા કહેવાથી પ્રમાણ કરજે, એમ હું કહેતો નથી. હું કહું છું એવું સ્વરૂપ છે કે નહીં એ ભેદજ્ઞાન કરી અભેદમાં જઈ, ભેદ તરફનો ઉપયોગ બંધ કરી, અને અભેદના ઉપયોગ તરફ ઉપયોગને વાળી દે અને અભેદને સામાન્ય શુદ્ધાત્માને જો, તને દેખાશે દેખાય એવો છે આત્મા. દર્શન થાય એવો આત્મા છે. અને તારી પાસે એક એવું સાધન છે, ઉપયોગ લક્ષણ કે જે ઉપયોગમાં તારો આત્મા અત્યારે તને જણાય રહ્યો છે, તને વિશ્વાસ નથી આવતો. તારા વિશ્વાસમાં એવું છે કે રાગ જણાય છે, શરીર જણાય છે પર જણાય છે.

સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આવ્યું કે આ બાળગોપાળ સૌને સદાકાળ નિજ પરમાત્મ દ્રવ્ય અનુભવમાં આવે છે. અનુભવમાં આવે છે એટલે પ્રતિભાસ થઈ રહ્યો છે. અને એ પ્રતિભાસ કથંચિત્ જ્ઞાયક અને જ્ઞાનનો કથંચિત્ અભેદભાવે પ્રતિભાસ છે, ઈ જણાય છે માટે તને જણાઈ જશે, અને જે તારા સ્વભાવથી ભિન્ન છે એનો ભલે પ્રતિભાસ થાય, પણ એ પદાર્થો તને જણાતા નથી, માટે તને જણાશે પણ નહીં. વાત કોઈ અપૂર્વ છે, સમયસારની શુદ્ધતાની વાત તો અપૂર્વ છે.

આચાર્ય ભગવાન ફરમાવે છે કે આ વાત તો તેં અનાદિકાળથી સાંભળી નથી. કામ ભોગ બંધનની કથા તો સાંભળી છે તેં. આ કરવું ને આ ન કરવું, આ જાણવું અને આ ન જાણવું, એવા પરના ભાગલા તેં કર્યા, પણ પરથી જુદો ભગવાન અંદર બિરાજમાન છે પરમાત્મા અત્યારે, જેમ કાદવની કીચડની મધ્યમાં પણ સોનાને કાટ લાગતો નથી. એમ અનાદિનો ભલે અજ્ઞાનભાવે જીવ પર્યાયે પરિણમે પણ એ અજ્ઞાનનો પ્રવેશ, રાગનો પ્રવેશ, દુઃખનો પ્રવેશ આત્મામાં આવતો નથી. એની જુદાઈ રહે છે. ભલે એકત્વ માને. રાગ ને દુઃખ આત્મામાં થાય છે એમ સ્થાપે, અજ્ઞાની પોતાના અજ્ઞાનથી. સ્થાપે ભલે અજ્ઞાની, પણ એ એના આત્મામાં આવતું નથી. જો સ્થાપે છે એવું થઈ જતું હોય તો તો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

સમ્યગ્જ્ઞાન કહેવાય. સ્થાપે છે, જાણે છે, માને (છે) એવું સ્વરૂપ થતું નથી. માટે ગમે તેવા પરિણામની મધ્યમાં પણ પરમાત્મા પવિત્ર બિરાજમાન એવો ને એવો છે. આહાહા ! યુગલજી સાહેબ આવ્યા.

આ શ્રી સમયસારજી શાસ્ત્રની છઠ્ઠી ગાથા લેવી છે આજે. એ છઠ્ઠી ગાથામાં શું આવવાનું છે ? કેવું આત્માનું સ્વરૂપ છે ? એની ચર્ચા અત્યારે આપણે પ્રાથમિક કરી રહ્યા છીએ. શિષ્યે પૂછ્યું છે કે શુદ્ધાત્માનું સ્વરૂપ કેવું છે ? અને એનો અનુભવ કેમ થાય ? બે જ પ્રશ્ન પૂછ્યા છે. અને બેનો જ ઉત્તર આમાં આપવામાં આવે છે.

ત્યારે આચાર્ય ભગવાને ફરમાવ્યું કે હું એકત્વ વિભક્ત આત્માની વાત કહીશ. એકત્વ એટલે અનંતગુણથી એકપણું છે આત્માનું. આત્માથી આત્માના ગુણો જુદા નથી. આત્માથી આત્માના પરિણામ સર્વથા જુદા પણ છે અને કથંચિત્ ભિન્ન અભિન્નેય છે. પણ ભગવાન પરમાત્મામાં ગુણો સર્વથા ભિન્ન છે કે કથંચિત્ ભિન્ન અભિન્ન ગુણોમાં લાગુ પડતું નથી. એવા એકત્વ વિભક્ત આત્માની વાત હું કહીશ. તેં સાંભળી નથી અત્યાર સુધી એવું કહીશ.

તારી દશામાં ગમે તેવા વિકારી ભાવો અનંતકાળથી થયા, અત્યારે થાય છે. ભલે હો પણ એની મધ્યમાં એનાથી જુદો આત્મા બિરાજમાન છે. ઈ શુદ્ધ આત્મામાં રાગનો પ્રવેશ નથી, ઈ શુદ્ધ આત્મામાં નારકીના દુઃખનો, નારકીના જીવમાં પ્રવેશ નથી. માટે જે ભિન્ન છે દુઃખ, રાગ ભિન્ન છે એનું કરવું ન હોય અને દુઃખ ભિન્ન છે એનું ભોગવવું ન હોય.

અમને ખબર છે કે તારી દૃષ્ટિ પર્યાય ઉપર છે. સંસારી જીવ રાગને કરે, દુઃખને ભોગવે બધી તારી વાત અમારા ખ્યાલમાં છે, ખ્યાલ બહાર નથી બધી ખબર છે અમને. કે પર્યાયદૃષ્ટિએ આવું પ્રતિપાદન પણ જિનાગમમાં આવે છે અમને ખબર છે. પણ અમને તો આગમના સારભૂત અધ્યાત્મની વાત કરવાનો ભાવ અમને આવ્યો છે. આગમમાં તો ઘણું ઘણું આવશે. જ્ઞાનપ્રધાન કથનમાં વ્યવહારથી ઘણું આવશે. રાગને કરે, દુઃખને ભોગવે, કર્મને બાંધે, ચારગતિમાં રખડે (પણ) એવું સ્વરૂપમાં નથી. આહાહા ! તું સ્વરૂપ જોઈને પછી અમને વાત કર તો અમને જે ભાસ્યું છે તે તને ભાસી જશે.

એકવાર તો પર્યાયનું લક્ષ છોડી દે. પર્યાયનો અભાવ કરવાનું કહેતા નથી. પર્યાય અનાદિ અનંત રહેશે, રહેશે ને રહેશે. ઉત્પાદ વ્યય તો થયા જ કરશે. પણ તું ઉત્પાદવ્યયનું લક્ષ છોડીને ધ્રુવને જોઈ લે ને. તારા આત્માને જોને, એક વખત તો જો. તને મસ્તી ચડી જશે અને પછી બહાર આવવાનું મન પણ નહીં થાય તને. એવી એક વસ્તુ તારી પાસે છે.

જ્ઞાન ને સુખનો ઢગલો તો તું છો પોતે જ. જ્ઞાન બહારથી આવતું નથી. આત્માનું સુખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બહારથી આવતું નથી. એવી વાત હું કહેવા માંગુ છું ઈ કહીશ. અને કહું તો તું તારા અનુભવથી પ્રમાણ કરજે મારા કહેવાથી નહિ.

એ છઠ્ઠી ગાથાનું એક મથાળું છે, શિષ્ય પૂછે છે. હવે પ્રશ્ન ઊઠે છે કે, એ પ્રશ્ન શેમાંથી આવ્યો કે એકત્વ વિભક્ત આત્માની વાત કહીશ, એમાંથી શિષ્યના મુખમાં પ્રશ્ન મૂક્યો, એવો શુદ્ધ આત્મા કોણ છે ? જેની મને ખબર નથી. એના માટે હું પૂછું છું, મને ખબર હોય તો તો પૂછું જ નહીં. એવો શુદ્ધઆત્મા, આવો આત્મા કોણ છે ? એ ત્રિકાળી દ્રવ્યનો પ્રશ્ન કર્યો એણે. ભગવાન આત્મા કેવો છે ? પરમાત્મા કેવો છે ? ધ્રુવ પરમાત્મા કેવો છે ? કારણ પરમાત્મા કેવો છે ? સુખમય આત્મા કેવો છે ? પ્રભુ ! એ ત્રિકાળી દ્રવ્યનું સ્વરૂપ પૂછ્યું એણે. પછી ત્રિકાળી દ્રવ્યનું સ્વરૂપ કદાચ તમે કહેશો. એ મને ખબર છે.

પણ એ ત્રિકાળી આત્માને અમારે જાણવો કેવી રીતે ? એનું સાધન શું પાછું, કહેશો એ અમને ખબર છે. અમે સાભળશું ને સ્વીકાર પણ કરશું. પણ એને અનુભવવાની વિધિ આપ નહીં કહો તો કામ અધુરું રહી જશે. કે તારું કામ અધુરું નહીં રહે તેં એવા સમર્થ આચાર્યને પ્રશ્ન કર્યો છે. ૪૧૫ ગાથાનું સ્વરૂપ પૂરું તને કહીશ સંક્ષેપમાં.

જયસેન આચાર્ય ભગવાન સમયસારની રચના કરતાં કહે છે કે આ સમયસારમાં બાર ગાથા સુધીમાં કોઈ નિકટભવી જીવ હોય સૂક્ષ્મ રુચિવાળો હોય, થોડું કહે અને વધારે સમજી જાય. ગુરુ થોડું કહે અને વધારે સમજી જાય એનું નામ સૂક્ષ્મ રુચિ કહેવાય. પણ એ જીવ જો આમાંની બાર ગાથાનું અધ્યયન કરશે, તો એને અનુભવ થઈ જશે. કદાચિત્ બાર ગાથા સુધીમાં અનુભવ કરનારા ઓછા હોય એમ માનીએ આપણે, તો એના માટે ૪૧૫ ગાથા કહીશ હું. પણ ૪૧૫ ગાથા એ તો તને પૂરું થાવું જોઈએ, થઈ જશે. અમારી શુભેચ્છા છે. કે આ વાત સાંભળે, સાંભળે અને સમજે, સમજે અને ભેદજ્ઞાનનો વિચાર કરે, પછી ભેદ તરફથી ખસતો જાય અને અભેદ તરફ ઢળતો જાય તો અભેદમાં ઢળી જશે અને અનુભવ થઈ જશે એવી વાત કહેવી છે.

શુદ્ધાત્મા કોણ છે ? કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ એટલે અનુભવ કરવો જોઈએ. શુદ્ધઆત્મા છે એમ કહેશો આપ, તો એનો અનુભવ કરવાની વિધિ પૂછી લેવી છે સાથે, એમ બે પ્રશ્નો કર્યા છે. એના પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા કહે છે, નથી'થી વાત ઉપાડી છે નાસ્તિથી. આમાં ખૂબી તો ઈ છે આ ગાથામાં મૂળ શ્લોકમાં કે નિશ્ચયનયથી નથી એવો નિશ્ચયનયનો શબ્દ લગાડ્યો નથી. સ્વભાવને, નયથી જાણી શકાય-અનુમાન કરી શકાય પણ નયથી અનુભવ કરી શકાય નહીં. એટલે નથી શબ્દ મૂક્યો. આત્મામાં પ્રમત્ત અપ્રમત્ત નથી. કઈ નયથી નથી ? કે પ્રભુ સ્વભાવથી નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નિશ્ચયનયથી પ્રમત્ત અપ્રમત્ત નથી તો સાપેક્ષ વ્યવહારનયથી આત્મામાં પ્રમત્ત અપ્રમત્ત દશાઓ છે એ આવી જશે. છે જ નહીં વસ્તુમાં. પર્યાયમાં ભલે હો, પણ મારે તો વસ્તુ બતાવવી છે. નથી અપ્રમત્ત કે પ્રમત્ત, સાતમા ગુણસ્થાનથી ચૌદમાં ગુણસ્થાન સુધીની અપ્રમત્ત દશાઓ, દશા દશામાં છે. દશા દ્રવ્યમાં નથી. સોનાનો ઘાટ સોનાની પર્યાયમાં છે. પણ એ ઘાટ સોનામાં નથી. અરે ! તો શું અદ્ધરથી થાય છે ? કે હા. અદ્ધરથી થાય છે. સોનાને સોનાનો ઘાટ અડતો નથી. જો સોનાને સોનાનો ઘાટ અડી જાય તો ઘાટનો તો નાશ થશે તો સોનાનો નાશ થઈ જશે. માટે ઘાટ ઘાટમાં છે. સોનું સોનામાં છે. બે ઉપાદાન છે એક ત્રિકાળી ઉપાદાન ને એક ક્ષણિક ઉપાદાન. નથી શબ્દ વાપર્યો. આહાહા !

નથી, આ દશાઓ આત્મામાં નથી. કઈ નયથી નથી ? શિષ્ય પૂછતો નથી. જિજ્ઞાસુ છે તૈયાર થયેલો છે. નિકટભવિ જીવ છે, આ નિકટભવિ જીવનો પ્રશ્ન છે. કે સાહેબ આઠ કર્મ કેવા છે. ઘાતિ અઘાતિના ભેદ શું ? ૧૪૮ કર્મ પ્રકૃત્તિના ભેદ શું ? કયા ગુણ સ્થાને કયો ઉદય થાય ? વિછુતી સંક્રમણ ક્યારે થાય ? એ કાંઈ પૂછ્યું નથી. નવતત્ત્વના ભેદ શું એ કાંઈ પૂછ્યું નથી. છ દ્રવ્યનું સ્વરૂપ શું એ પૂછ્યું નથી. એક ફક્ત પોતાનો શુદ્ધાત્મા કેવો છે અને એનો અનુભવ કેમ થાય ? અનંતકાળથી મને આ આત્મા દેખાણો નથી, અનુભવમાં આવ્યો નથી, એવો મારો પ્રશ્ન છે.

નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી. પ્રમત્ત એટલે એકથી છ ગુણસ્થાન મિથ્યાત્વના પરિણામ નથી એમ કહ્યું. કે કઈ નયથી નથી ? કે વ્યવહારનયથી તો છે કે નહિ મિથ્યાત્વનાં પરિણામ ? પણ ભાઈ આ ધર્મપિતા શું કહે છે ? નય લગાડી જ નથી. નયથી સમજાવી શકાય. બીજાને સમજાવવાનો કાળ હોય ત્યારે, પણ ૬૦ વરસથી સાંભળ્યા પછી હવે નયની શું જરૂર છે ? સાંભળ્યું ઘણું હવે. કહે છે તું સ્વભાવથી જો. નય સાપેક્ષ છે, સ્વભાવ નિરપેક્ષ છે. આહાહા !

નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી. કેટલાકને એકાંત લાગે, લાગે તો લાગો. આહાહા ! અમૃત છે. અમૃતચંદ્ર આચાર્યનું અમૃત ઝરશે હમણાં આમાં. આહાહા ! નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયકભાવ છે. છે છે ને છે, ત્રણે કાળે છે. અને ત્રણેયકાળે પ્રમત્ત અપ્રમત્ત દશા આત્મામાં નથી. સિદ્ધ પરમાત્મામાં તો નથી ચૌદ ગુણસ્થાન, પણ સંસારી જીવની પર્યાયમાં ચૌદ ગુણસ્થાન હોવા છતાં નથી લે ! અમે તારી વાત કરીએ છીએ અત્યારે. તારામાં પરિણામ થાય છે એ અમને ખબર છે. પરિણામના અસ્તિત્વને ઉડાડતા નથી પણ તારા ત્રિકાળી સ્વભાવમાં એ નથી અમારે એમ કહેવું છે. તું ન સમજી શકતો હોય તો પૂછજે અમને. આહાહા ! નથી અપ્રમત્ત કે પ્રમત્ત જે એક જ્ઞાયકભાવ છે. છે છે ને

છે અનાદિ અનંત. માને તો ય છે ને ન માને તોય છે. ત્રણેય કાળ આત્મા શુદ્ધ છે.

અશુદ્ધ માને તો અશુદ્ધ થાય નહીં. એક જ્ઞાયકભાવ છે. ''એ રીત'' શુદ્ધાશુદ્ધ પર્યાયથી રહિત છે આત્મા. માટે કહે છે કે શુદ્ધ છે. શુદ્ધાશુદ્ધ પર્યાય બે પ્રકારની પર્યાય લીધી ને ઉપર પ્રમત્ત અપ્રમત્તમાં બેય આવી ગઈ શુદ્ધ ને અશુદ્ધ. આહાહા ! સંવર નિર્જરા અને મોક્ષની પર્યાય જે શુદ્ધ. અપૂર્ણ શુદ્ધ ને પૂર્ણ શુદ્ધ એવી શુદ્ધપર્યાય પણ ભગવાન પરમાત્મામાં નથી. એવા આત્માને તું જો, તને દેખાશે. નહીં દેખાય એવી વાત જ નથી હવે. ''એ રીત શુદ્ધ કથાય'' ભગવાન પરમાત્મા પવિત્ર ભગવાન બિરાજમાન છે ચૈતન્યમૂર્તિ. એમાં શુદ્ધ ને અશુદ્ધ પર્યાય એમાં નથી. પર્યાય પર્યાયમાં ભલે હોય પણ પર્યાય સામાન્યમાં નથી, એ રીતે શુદ્ધ કથાય કહેવાય.

ફૂલચંદજી ! (શ્રોતા : અમારું સૌભાગ્ય છે આપ પધાર્યા) કારણવશાત મને અહીં આવવાનો ભાવ આવી ગયો. અને મેં પ્રકાશને ફોનમાં કીધું કે હું તો આવીશ પણ તું મારા નામથી યુગલજી સાહેબને પણ લખજે. તો તેમણે પણ હા પાડી દીધી. તેની તબિયત નાજુક છે તો પણ હા પાડી. આ કલકત્તા માટે સુઅવસર છે.

આત્મા શુદ્ધ છે શુદ્ધ પર્યાયથી રહિત છે માટે શુદ્ધ છે. ત્રિકાળી દ્રવ્ય જે ધ્યેય છે ધ્યાનનો વિષય. ધ્યાનનો વિષય જે ધ્યેય છે, એમાં શુદ્ધ પર્યાય નથી, એમાં ધ્યાનાવલી નથી. એમાં ધર્મધ્યાન ને શુક્લધ્યાનના પરિણામ નથી. આહાહા ! નથીમાં બે આવ્યું ને કપુરચંદજી પર્યાયથી રહિત આ ગયા કે નહીં ? એ રીતે શુદ્ધ કથાય કહેવાય. ત્યાં સુધી તો ત્રિકાળી દ્રવ્ય ધ્યેયની વાત કરી. એણે ત્રણ પ્રકાર પાડીને એને ધ્યેયની વાત કરી. હવે થોડો ચોથો પ્રકાર, ચાર ટુકડા કરીએ તો ત્રણ ટુકડામાં એણે ત્રિકાળી દ્રવ્યની વાત કરી.

હવે શિષ્યનો પ્રશ્ન બાકી રહે છે ને કે આ શુદ્ધ આત્મા તમે કહેશો, પણ તેને જાણવાની વિધિ પણ મારે તમને પૂછી લેવી છે સાથે જ, કે કેવી રીતે આત્માને જાણવો. તો ચોથા ચરણમાં કહે છે કે ''જે જ્ઞાત તે તો તે જ છે'' આહાહા ! અમે પર્યાયથી રહિત કહેશું, રહિત કહેશું પણ તને સહિતનોય અનુભવ થઈ જશે લે, કે તો તો બરાબર. ''ઉત્પાદવ્યયયુક્તંસત્'' તો તો બરાબર છે. ઉમાસ્વામી ભગવાનની વાત રાખી તમે. આહાહા ! અરે ઉમાસ્વામી ભગવાન એટલે પરમાત્મા. ''ઉત્પાદવ્યયધ્રુવયુક્તંસત્'' છે. ''ગુણપર્યાયવત્દ્રવ્યમ્ છે''. નથી કોણ કહે છે. પણ ધ્યેયની જ્યારે વાત આવે છે ત્યારે આચાર્ય ભગવાન મસ્તીમાં ચડીને કહે છે કે અમે ધ્યેયનું ધ્યાન કરીએ છીએ ત્યારે નિર્વિકલ્પ ધ્યાન અમારું આવે છે. પર્યાય સામે જોતાં અમારું નિર્વિકલ્પ ધ્યાન છૂટીને સવિકલ્પદશા આવે છે, એ અમને પોસાતી નથી. આહાહા ! છઠ્ઠું ગુણસ્થાન પોસાતું નથી. એવી અપૂર્વ વાતો સમયસારમાં છે.

જે અને તે, જે જ્ઞાતઃ તે તો તે જ છે, જ્ઞાત : જાણવામાં આવ્યો બે ભાગ કરે છે. બહુ સૂક્ષ્મ છે એ લેશું બધું આપણે. ધીમેધીમે લઈ લેશું. બે ભાગ કર્યા. જાણવામાં આવ્યો પહેલો પૂર્વ પર્યાયમાં, અનુભવ પહેલાં જાણવામાં આવ્યો એ જ અનુભવમાં આવ્યો. જ્ઞાતઃ તે તો તે જ છે. કરણલબ્ધિના પરિણામમાં આવતાં જાણવામાં આવે છે આત્મા. ભલે છદ્મસ્થનો ઉપયોગ એને કરણલબ્ધિના પરિણામને પકડી ન શકતો હોય કદાચિત, કદાચિત્ કહું છું, કોકને અનુમાનમાં પણ આવી જાય છે. આહાહા !

જ્ઞાતઃ જાણવામાં આવ્યો મને. પ્રભુ ! જે જાણવામાં આવે, આહાહા ! સવિકલ્પ સ્વસંવેદનમાં આવી ગયો, એને ઉત્તરોત્તર ક્ષણે નિર્વિકલ્પ ધ્યાન આવીને અનુભવ થઈ જાય છે. અપૂર્વ વાત છે છઠ્ઠી ગાથામાં. ધીમે ધીમે લઈ લેશું આપણે બધું.

હવે એનો ગાથાનો અર્થ : જે જ્ઞાયકભાવ છે તે. છે છે ને છે. થાય, થવું ને થશે એમાં નથી. છે છે ને છે. જે જ્ઞાયકભાવ છે તે, છે તે, કેવો છે ? અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી. કોઈ નય લગાડી નથી. આત્માના સ્વભાવથી વાત કરી છે. આહાહા ! અને અનુભવની વાત કરશે પણ એમાંય નય નહિ લગાડે. આમાં દ્રવ્યના સ્વભાવની વાત કરે છે એમાં પણ નય લગાડવાની અમારે જરૂર નથી. અને જે જ્ઞાન અતીન્દ્રિય પ્રગટ થાય છે એમાં પણ અમે નય લગાડ્યા વગર કહેશું તને અમે. ધ્યાન રાખજે. તું એ વખતે નયનો વિકલ્પ કરીશમાં. કે કઈ નયથી આ અનુભવ થાય ? કે નયથી અનુભવ નહીં થાય લે ! નયથી જાણીને નયને છોડી દે હવે.

એક અમિતગતિ આચાર્ય થઈ ગયા છે એમણે કહ્યું. પહેલાં કડછી અગાઉના કાળમાં શબ્દ હતો. તો કડછી શબ્દ વાપર્યો છે. અત્યારે ચમચી, ચમચીથી આહાર લઈ મોઢામાં ચમચી છોડી દેજે. નયથી નિર્ણય કરીને પછી નયને છોડી દેજે. તને અનુભવ થશે. એક આવી પ્રક્રિયા છે અનાદિ અનંત, અનાદિ અનંત પ્રક્રિયા છે કે અજાણ્યા જીવો છે એને પહેલાં પ્રમાણ નય નિક્ષેપથી સમજાવવામાં આવે છે ને એને ખ્યાલમાં આવે છે ચાર પ્રકાર કીધા છે. પ્રમાણ, નય, નિક્ષેપ અને લક્ષણ, ચાર પ્રકારથી સમજાવવામાં આવે છે. અને એને અનુમાન જ્ઞાનમાં એ વાત સમજાય છે કે આવું મારું સ્વરૂપ છે. પછી અનુભવના કાળે નયના વિકલ્પો કોઈ રહેતા નથી. આહાહા !

અપ્રમત્ત નથી અને પ્રમત્ત પણ નથી, એ રીતે એને શુદ્ધ કહે છે. શુદ્ધ છે શા માટે ? કે શુદ્ધાશુદ્ધ પર્યાયથી રહિત છે માટે શુદ્ધ છે.

વળી, બે ભાગ પાડ્યા. ધ્યેય ને જ્ઞેયના. આહાહા ! અજમેરાભાઈ ! બે ભાગ પાડે છે. વળી, એમ આટલું તો કહ્યું. વળી, ઉપરાંત તેં પ્રશ્ન કર્યો છે બીજો તેની વાત છે સાંભળ !

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળી જે જ્ઞાયકપણે જણાયો, ત્યાં હજી અનભુવ નથી. ખોલશું આપણે બીજા આચાર્યનો પણ આધાર લઈને ચર્ચા કરશું આપણે. જ્ઞાયકપણે જણાયો, જે જણાયો તે તો તે જ છે બીજું કોઈ નથી. આહાહા ! બીજો કોઈ નથી. જણાયો તે જ જણાયો. પરોક્ષમાં આવ્યો તે જ પ્રત્યક્ષ થયો. સવિકલ્પ સ્વસંવેદનમાં આવ્યો, તેજ નિર્વિકલ્પ ધ્યાનમાં આવી ગયો. લેશું આપણે આધાર લેશું સૂક્ષ્મ છે જરા.

ટીકા : જે પોતે પોતે એટલે આત્મા અહીંયા અંદર, બીજા આત્માની વાત નથી. જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી અનાદિ અનંત ઈ પરથી સિદ્ધ નથી આત્મા. પરથી બનેલો નથી આત્મા. પરની અપેક્ષા નથી એને. શરીર હોય તો આત્મા હોય અને શરીર ખલાસ થઈ જાય તો આત્માનો નાશ થઈ જાય એમ છે નહીં. પર્યાય છે તો આત્મા છે અને પર્યાયનો વ્યય થાય તો આત્મા નથી એમ નથી. પોતે પોતાથી સ્વયંસિદ્ધ વસ્તુ સિદ્ધ હોવાથી, સિદ્ધ થવાથી નહીં, સિદ્ધ હોવાથી, કોઈથી ઉત્પન્ન થયો નહીં હોવાથી, આહાહા ! આ પરમાત્મ દ્રવ્ય છે અંદર બિરાજમાન. ઝળહળજ્યોતિ ચૈતન્ય પરમાત્મા ભગવાન બિરાજમાન છે. આહાહા ! એ કોઈથી ઉત્પન્ન થતો નથી ને કોઈના વિયોગથી નાશ થતો નથી.

કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી અનાદિ સત્તારૂપ છે. અનાદિ એનું અસ્તિત્વ સત્તા એટલે હોવાપણું અનાદિ અનંત. કદી વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે. અનાદિ અનંત છે આત્મા. એ કોઈ સંયોગથી જેની ઉત્પત્તિ નથી અને કોઈ વિયોગથી, સંયોગના વિયોગથી એનો નાશ થતો નથી. નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી, નિત્ય-હંમેશા પ્રગટ છે છે ને છે. ઈ પ્રગટ વસ્તુ પ્રગટ થતા ઉપયોગમાં પ્રતિભાસે છે બધાને. એને જણાય છે એમ પણ કહેવાય. નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી, નિત્ય હંમેશા પ્રગટ છે બાળગોપાળ સૌને. આહાહા ! કેવળજ્ઞાન તો પ્રગટ થાય ત્યારે અનુભવમાં આવે પણ કેવળજ્ઞાન અનંત કેવળજ્ઞાનની પર્યાય જેમાં બિરાજમાન છે. એવો એક જ્ઞાન ગુણ ને એવા અનંતગુણનો પિંડ આત્મા, એ તો પ્રગટ છે. પ્રગટ થાય ત્યારે મને અનુભવમાં આવે એમ નથી. આહાહા !

પણ એક સૂક્ષ્મ વાત એવી છે કે એક ઉપયોગ પ્રગટ થાય છે. એમાં પણ આત્મા તો છે, પરોક્ષપણે એને ખ્યાલ નથી આવતો, નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી, નિત્ય ધ્રુવ પરમાત્મા છે. પર્યાય અનિત્ય છે પણ આત્મા નિત્ય હોવાથી ક્ષણિક નથી અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. પ્રત્યક્ષ એ તો આત્મા વર્તમાનમાં, વર્તમાનમાં બાળગોપાળ સૌને જણાય છે, એના માટે પરમાત્માનો આપણે ટાઈમ લેવાની જરૂર નથી કે મારે દર્શન કરવા છે પ્રભુ તારા, તો મને તું ટાઈમ આપ. મળવાનો ટાઈમ માગે ને બધા. એમ આને વિનંતી કરવાની જરૂર નથી. આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હું તો છું છું ને છું. તારી આળસે તું દેખતો નથી મને, નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી ત્રણેયકાળ ભગવાન આત્મા પ્રગટ છે. આહાહા ! દ્રવ્ય પ્રગટ છે અને પર્યાય તો નાની પ્રગટ થાય છે, એની બહુ કિંમત પણ નથી. પણ પ્રગટ છે એની કિંમત છે. એના ઉપર લક્ષ થતાં પર્યાય શુદ્ધ પ્રગટ થઈ જાય છે. શુદ્ધને જાણતાં પર્યાય શુદ્ધ થઈ જાય છે. શુદ્ધ જાણે આત્માને તે શુદ્ધ આત્મા મેળવે. આહા ! ક્ષણિક નથી. સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે આ. હાજરાહજુર દેવ છે આ. એપોઈંટમેન્ટ લેવાની જરૂર નહિ એને ટેલિફોન કરીને. સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે, એવો જે જ્ઞાયક એક ભાવ, આ જ્ઞાયકભાવના વિશેષણો કહ્યા. અનાદિ અનંત છે એ પ્રગટ નિત્ય ઉદ્યોતરૂપ છે અને પ્રકાશમાન જ્યોતિ બિરાજમાન છે. એવો જે જ્ઞાયક એક ભાવ છે એટલી વાત ત્રિકાળી દ્રવ્યની કરી.

હવે એના પરિણામ જે થયા છે, થઈ રહ્યા છે અનાદિથી એનું જ્ઞાન કરાવે છે, નિષેધ કરવા માટે, આદર કરવા માટે નહિ. તે સંસારની અવસ્થામાં, અવસ્થા શબ્દ છે ને સંસાર તો એક સમયની પર્યાયમાં છે, દ્રવ્યમાં સંસાર ક્યાં છે ? કે આત્મામાં સંસાર નથી ? કે ના. આત્મામાં સંસાર ન હોય. આમાં લખ્યું છે ઈ વાંચુ છું હોં, આમાં લખ્યું છે, શું લખ્યું છે ? સંસારની અવસ્થા, એમ લખ્યું છે, દ્રવ્યમાં નહિ. તે સામાન્ય સ્વભાવ તો જ્ઞાયક છે.

હવે એનું વિશેષ બીજું પડખું છે ખરું. બીજુ પડખું નથી અન્યમતની માફક એમ નથી. બીજુ પડખું છે. સંસાર અવસ્થા અનાદિકાળની છે. પોતાને ભૂલીને પરને પોતાનું માને છે. એ સંસારની અવસ્થામાં એટલે મિથ્યાત્વની અવસ્થામાં, સંસાર એટલે મિથ્યાત્વ અજ્ઞાનની અવસ્થામાં અનાદિ બંધપર્યાયની નિરૂપણાથી, અપેક્ષાથી, ક્ષીરનીરની જેમ કર્મપુદ્‌ગલો સાથે એકરૂપ હોવા છતાં, અવસ્થા દૃષ્ટિથી જો તો કર્મનો બંધ એને દેખાય છે. સ્વભાવથી જો તો કર્મનો બંધ એને અડ્યો નથી.

આ સંસારની અવસ્થાથી જોવામાં આવે તો એમાંય માલ ઘણો ભર્યો છે. આ સંસારની અવસ્થા કહીને પણ એક અપૂર્વ વાત આમાં કહેવા માંગે છે. હમણાં આપણે લેશું.

બંધ પર્યાયની અપેક્ષાથી જોવામાં આવે તો દુરંત કષાયચક્રના ઉદયથી, જેનો એટલે કષાયનો ચક્ર છે, ભાવકષાય ને દ્રવ્યકષાય એના ચક્રાવામાં ચડેલો છે પર્યાય અપેક્ષાએ. કષાય સમૂહોના અપાર ઉદયોની વિચિત્રતાના વશે, અનેક પ્રકારના રાગદ્વેષ, ક્રોધ, માન, માયા લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા અનેક પ્રકારના ભાવો થાય. વિચિત્રતાના વશે પ્રવર્તતા જે પુણ્ય પાપને ઉત્પન્ન કરનાર. આ નવા પુણ્ય ને પાપની પ્રકૃત્તિના ઉત્પાદમાં ભગવાન આત્મા તો કર્તાય નથી ને કારણેય નથી. તો એ નવી કર્મની પ્રકૃત્તિનો બંધ થાય છે એમાં કારણ કોણ છે ? કે સંસારીનો મિથ્યાત્વભાવ એમાં નિમિત્ત

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારણ છે. ઉપાદાન કારણ તો કર્મનું કર્મથી છે, નિમિત્તનું જ્ઞાન કરાવે છે. પણ એ કર્મ બંધાય એનો રાગ કર્તા ન બને. રાગ થાય માટે અહીં કર્મ બંધાય એમ પણ નથી. યોગાનુયોગ છે. અહીંયા રાગ થાય ને ત્યાં કર્મ બંધાય બેયનો સ્વકાળ છે, સ્વતંત્ર છે બેય. રાગ થાય છે માટે કર્મ બંધાય છે એમ પણ નથી. કર્મ બંધાય ત્યારે એમાં નિમિત્તપણે અજ્ઞાનીનો રાગ હોય છે. બસ એટલું જ.

પુણ્યપાપને ઉત્પન્ન કરનાર નવી કર્મની પ્રકૃત્તિનો બંધ થાય છે ને તેનો ઉત્પન્ન કરનાર, હવે કોણ એમાં નિમિત્ત છે ? અને જે કર્મના બંધમાં નિમિત્ત થાય ઈ ભાવે આત્મા પરિણમે છે કે નથી પરિણમતો ? સૂક્ષ્મ વાત છે જરા. શાંતિથી સાંભળજો. હજી તો ઘણા દિવસ છે, ખુલાસા પણ આવશે, ન સમજાય તો ચીઠ્ઠી લખીને આપવી મને આપવી. યુગલજી સાહેબને આપવી. શું કહે છે ? કે પુણ્ય-પાપ જે નવી કર્મની પ્રકૃત્તિ ૭ અથવા ૮ કર્મનો બંધ થાય છે-કોઈ વખતે આઠ કોઈ વખતે સાત. એમાં નિમિત્ત કારણ જે અનેકરૂપ શુભાશુભભાવો, કર્મના બંધનો કર્તા તો જડકર્મ છે. જડકર્મને આત્માય બાંધતો નથી ને આત્માના પરિણામ પણ એના કર્તા થતા નથી, નિમિત્ત કર્તા થાય છે. હવે જે નિમિત્ત થાય છે, નવા કર્મની બંધની પ્રકૃત્તિને શુભાશુભભાવ નિમિત્ત થાય છે. એ જે કર્મનો બંધ થાય એમાં નિમિત્ત થાય શુભાશુભભાવ, ઈ રૂપે તો આત્મા પરિણમે છે ને ? કે ના. કોઈકાળે પરિણમતો નથી. આ શું ? આહાહા ! અદ્ધરથી થાય છે ? હા. અદ્ધરથી થાય છે લે. આહાહા !

ફરીને, શું કહે છે આચાર્ય ભગવાન ટીકાકાર. કે નવા કર્મનો બંધ સંસારી જીવને થાય છે. અવસ્થા દૃષ્ટિથી જોતાં અવસ્થા એમાં નિમિત્ત છે, મિથ્યાદર્શનજ્ઞાનચારિત્ર. મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ આસ્રવ હોય તે તેમાં નિમિત્ત થાય. ભાવઆસ્રવ જ્યારે નિમિત્ત થાય છે નવા કર્મના બંધમાં, ત્યારે ભાવઆસ્રવરૂપે કોણ પરિણમે છે ? કે સાહેબ ઈ તો આત્મા જ પરિણમે ને ? બીજું કોણ પરિણમે ? કે ના. એમ નથી. આ તો સમયસાર છે. અધ્યાત્મ શાસ્ત્રમાં પ્રવેશ થવો એ પણ કોઈ પાત્ર જીવનો પ્રવેશ થઈ શકે છે, એવું લખાણ છે.

સમસ્ત અનેકરૂપ શુભાશુભભાવો, દયા દાન કરુણા કોમળતાના પરિણામ, હિંસા, અહિંસા ભક્તિના પરિણામ અનેક પ્રકારના, શુભાશુભભાવો પર્યાયમાં થાય છે. અને એ પર્યાય એને નિમિત્ત થાય છે. નિમિત્તનો અર્થ અકર્તા, નિમિત્ત થાય છે એટલે ? એ શુભાશુભભાવ નિમિત્ત થાય છે. કર્તા બનતું નથી. તો તો કર્તા કર્મ એક થઈ જાય, આ તો આસ્રવતત્ત્વ છે ને ઓલું જડતત્ત્વ છે. આના નિમિત્તે બંધાય છે એ તો વાત સાચી છે. તેથી નિમિત્તકર્તા કહેવાય અજ્ઞાનીના રાગને, પણ જ્યારે રાગ નિમિત્ત થાય છે ત્યારે રાગરૂપે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પરિણમે છે કોણ ? એનો પ્રશ્ન ઉપાડ્યો છે જુઓ.

અનેકરૂપ શુભાશુભભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી. રાગના સ્વભાવરૂપે આત્મા થતો નથી. નિત્ય ઉદ્યોતરૂપ છે આત્મા. ત વનો અભ્યાસ ઘટી ગયો ભારતમાં, જગતના જીવો ક્રિયાકાંડમાં ચડી ગયા. એવા કાળે આ પુરુષનો જન્મ થયો. શુભાશુભભાવો થાય છે એનો સ્વીકાર છે અને નવા કર્મ બંધાય છે એનોય સ્વીકાર છે, એમાં શુભાશુભભાવ નિમિત્ત થાય છે એનો સ્વીકાર છે. ત્રણ વાતનો સ્વીકાર કરીને અમે કહીએ છીએ કે શુભાશુભ ભાવે આત્મા પરિણમતો નથી. આહાહા ! એ ક્ષણિક ઉપાદાનનું કારણ છે. ત્રિકાળી ઉપાદાનનો સાથ એમાં જરાય નથી. આહાહા ! શુભાશુભ ભાવમાં બંધમાં નિમિત્ત થાય છે એને નૈમિત્તિકેય કહેવાય અને ક્ષણિક ઉપાદાન પણ કહેવાય. આહાહા ! ક્ષણિક ઉપાદાન લેતાં પૂર્વ ને ઉત્તર કર્મના સંબંધો દેખાતા નથી. પર્યાય સત્ અહેતુક સ્વયં રાગ ઉત્પન્ન એના ષટ્કારકથી થાય છે. ક્ષણિક ઉપાદાન છે. આહાહા ! અંતરગર્ભિત પર્યાયરૂપ પરિણમન શક્તિ છે.

કહે છે સમસ્ત અનેકરૂપ શુભાશુભભાવો તેમના સ્વભાવે, પોતાનો સ્વભાવ છોડીને રાગરૂપે પરિણમે આત્મા કોઈ દી ? અરે જ્ઞાનરૂપે પરિણમે એ પણ કથંચિત્ કહીએ છીએ, એ તો અપરિણામી છે લે ! પર્યાય ધર્મથી જુઓ તો પરિણમે છે, પર્યાયને ગૌણ કરી ત્રિકાળી દ્રવ્યને જુઓ તો એમાં પરિણામ જ નથી. એ તો ધ્રુવ છે પરમાત્મા. આહાહા ! થોડોક વિચાર કરે ને તો બેસી જાય એવું છે. આહાહા ! ''કર વિચાર તો પામ'' એને આત્માને ઊંડાણથી રુચિપૂર્વક સાંભળ્યો નથી. સાંભળે તોય વિચાર ઊંડાણપૂર્વક કરતો નથી. આહાહા ! સાંભળીને ખંખેરી નાંખે છે. અનંતવાર તિર્થંકરની સભામાં ગયો, દિવ્ય ધ્વનિ સાંભળી. એક કાને સાંભળી ને બીજા કાને કાઢી નાખી. ઈ ધંધો કર્યો.

એમના સ્વભાવે શુદ્ધ આત્મા અશુદ્ધભાવે પરિણમે જ નહીં. એ ઉપર તો કહી દીધું છે કે શુદ્ધઅશુદ્ધ પર્યાયથી તો ભિન્ન છે, જે ભિન્ન છે પાછો ઈ રૂપે થઈ ને પરિણમે ? રાગરૂપે થઈને પરિણમી જાય આત્મા ? બહુ, તું કહેતો હો, તાણીને કહેતો હોય તો અમે એટલું કહીએ કે જેમાં શુભાશુભભાવો પ્રતિભાસે છે એવા જ્ઞાનરૂપે પરિણમે છે, એટલું. ઈ થી વધારે આગળ કાંઈ છે નહીં.

ઈ ઉપયોગરૂપે પરિણમે છે ઈ વાત સાચી છે. ઉપયોગ લક્ષણ છે ને ? ઈ જોડકું છે દ્રવ્ય પર્યાયનું જોડકું. જ્ઞાયકભાવ દ્રવ્ય છે અને એનું લક્ષણ પ્રગટ થાય છે સમયે સમયે ઉપયોગ. એ લક્ષણમાં લક્ષ જ પ્રગટ થાય છે, રાગ પ્રગટ થતો નથી. લક્ષણ લક્ષને પ્રસિદ્ધ કરે ને અલક્ષને પ્રસિદ્ધ ન કરે. આહાહા !

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુંબઈમાં કાલે એક ભાઈએ પૂછ્યું કે ભાઈ ટૂંકું કાંઈક હોય તો કહો. લાંબુ અમારી ધારણામાં રહેતું નથી, યાદ રહેતું નથી અમને કાંઈક ટૂંકી વાત હોય ને તો બતાઓ. હા, બતાવું. પછી મેં કહ્યું કે દાળમાં મીઠું નખાઈ ગયું વધારે, તો દાળ ખારી છે એમ બધા કહેવા મંડ્યા. ઘરના બધા માણસનો એકમત હોં. બધાનો એક મત. દાળ ખારી દાળ ખારી, દાળ ખારી, દાળ ખારી, તો જે ખારાપણું છે એ લક્ષણ દાળનું છે કે મીઠાનું, નમકનું છે ? મીઠાનું. તો એ લક્ષણ ખારાપણું, દાળ ખારી છે એમ પ્રસિદ્ધ કરે છે કે મીઠું ખારું છે એમ પ્રસિદ્ધ કરે છે ? મીઠાને પ્રસિદ્ધ કરે ને દાળ ખારી નથી એમ પણ હારે પ્રસિદ્ધ કરે, અસ્તિ નાસ્તિ અનેકાંત. દાળ ખારી છે એ શલ્ય આવી ગયું હતું ને. મીઠું ખારું છે તો દાળ તો જેવી છે તેવી છે. આહાહા !

એમ સાકર, દૂધ ને ચામાં વધારે નંખાઈ ગઈ બહુ ગળી થઈ ગઈ ચા કાં દૂધ ગળ્યું થઈ ગયું. પણ ગળપણ લક્ષણ કેનું છે ? દૂધનું કે ચાનું છે ? સાકરનું છે. તો ઈ લક્ષણ છે સાકરનું તો ઈ સાકરથી લક્ષણ ભિન્ન છે કે અભિન્ન ? અભિન્ન છે. તો અભિન્ન હોય તો લક્ષણ સાકરને પ્રસિદ્ધ કરે કે દૂધને પ્રસિદ્ધ કરે ? દૂધ ગળ્યું થઈ ગયું એ સો ટકા ખોટી વાત છે. એક ટકોય સાચી વાત નથી લે ! કથંચિત્ તો કહો. એલા સ્વભાવમાં કથંચિત્ ન હોય, મરી જાઈશ તું. હાલતા ને ચાલતા કથંચિત્ ન લગાડ.

પહેલાં સ્વભાવને જોઈ લે અનુભવ કરી લે, પછી નયની વાત કરજે તું, કાંઈ વાંધો નહિ. તને દોષ નથી અનુભવ પછી, અનુભવ પહેલાં એકલા નયને વળગે છે કેટલાક, મારી સાથે તો પરિચયમાં ઘણાં હોય ને મારી સાથે. આહાહા ! નયનો ઢગલો જાણી લીધો જાણે બધું આવી ગયું. અરે કાંઈ નથી આવ્યું. સાંભળને નય ક્યાં આત્મામાં છે ?

અનેકરૂપ શુભાશુભભાવો, અરે શુદ્ધાત્મા કાંઈ કષાયરૂપે પરિણમે ? પરમાત્મામાં કષાય થાય ? આ શું તને થઈ ગયું છે. સિદ્ધ પરમાત્મામાં જો કષાય થાય તો તારામાં થાય લે ! આ ગુરુદેવની વાણી છે. આહાહા ! જેમ સિદ્ધ ભગવાન જાણનાર દેખનાર છે. એમ તું પણ જાણનાર દેખનાર છો. સિદ્ધ ભગવાન જેમ રાગના કર્તા નથી, એમ તું પણ રાગનો કર્તા નથી. અને જરાક સિદ્ધથી જુદો પડ્યો અને કર્તામાં ગયો તો મિથ્યાદષ્ટિ થઈ જઈશ. આહાહા !

એવું શલ્ય ગરી ગયું છે કર્તાબુદ્ધિનું. એક કર્તાબુદ્ધિ ને બીજી જ્ઞાતાબુદ્ધિ. જ્ઞાતાબુદ્ધિનું ભૂત તો નીકળવું બહુ મુશ્કેલ છે, બહુ મુશ્કેલ. નીકળી જાય, સ્વભાવમાં નથી ને એટલે નીકળી જશે. અજ્ઞાન છે ઈ સ્વભાવમાં ક્યાં છે ? ઈ માને છે એવું છે ? ઈ માને છે એવું નથી. માટે નીકળી જાય, સત્ય માને તો. આહાહા ! તેમના સ્વભાવે પરિણમતો નથી, રાગરૂપે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા થતો નથી. થાય છે રાગ પર્યાયમાં. ઉત્પાદવ્યયમાં છે રાગ. નથી એમ નહિ, અન્યમતિની માફક નથી. આ છતાંય શુભાશુભભાવે પરમાત્મા થતો નથી. થાય તો જડ થઈ જાય એમ કહે છે.

જ્ઞાયકભાવથી જડભાવરૂપ થતો નથી. ટોચની વાત કરી કે જો રાગરૂપે આત્મા થઈ જાય, એક સમયમાત્ર તો ઈ ચેતનદ્રવ્યનો નાશ થાય અને આત્મા જડભાવને પામી જાય. કેમકે શુભાશુભભાવ જડ છે, અચેતન છે. એનામાં જાણવાની શક્તિનો જ અભાવ છે. ઉપયોગનો એમાં અભાવ છે શુભાશુભભાવમાં. જેમાં જ્ઞાન નથી એમાં ધર્મ ક્યાંથી તને થશે ? આહાહા !

જ્ઞાયકભાવથી જડ ભાવરૂપ થતો નથી. તેથી તે કારણે ન્યાય આપ્યો કે એ રૂપે થતો નથી. પ્રમત્ત અપ્રમત્ત કેમ નથી એનો ન્યાય આપ્યો કે શુભાશુભરૂપે પરિણમતો નથી તે કારણે તે આત્મા પ્રમત્ત પણ નથી ને અપ્રમત્ત પણ નથી. તે જ સમસ્ત અન્ય દ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે. અહીંથી શરૂઆત કરી દીધી ઝાંખી આપી ઝાંખી. અનુભવની વિધિ બીજા પારામાં કહેશે. પહેલાં પારામાં છેલ્લી લીટીમાં જરા ઈશારો કર્યો કે, સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી એટલે કર્મકૃત રાગાદિથી, જીવકૃત રાગ નથી. ખરેખર કર્મકૃતેય રાગ નથી. પર્યાયકૃત રાગ છે. પણ કર્મના સંબંધથી થાય છે માટે તેને કર્મકૃત પણ કહેવામાં આવે છે.

સમસ્ત અન્ય દ્રવ્યના ભાવો, અહીંયા ભાવાસ્રવ પ્રગટ થાય અને પછી ભેદજ્ઞાન કરવું એક એવી વિધિ છે. કર્તાકર્મ અધિકારની બોંતેર ગાથામાં એક એવી વિધિ મૂકી છે કે આત્માને આસ્રવનું ભેદજ્ઞાન કરો. અને સમયસારની ૯૨, ૯૩ ગાથા પણ અહીંયા લેવાની છે. માટી લગાવીને પછી નહાવું એના કરતાં માટી ચોપડવી જ નહીં. એવી વાત કહેશે અમૃતચંદ્ર આચાર્ય આપણને સમજાવશે. માટી લગાડેલાને એમ કહેશે કે હવે તું સ્નાન કરી લે એટલે માટી નીકળી જશે, અને કોઈ જીવ એવો આવ્યો કે માટી લગાડે જ નહીં, પછી નહાવાનું ક્યાં રહ્યું. આહા ! બધી વાત આવશે ઘણી. ભાવ તો ઘણો આવે છે કેટલું આવશે એ તો ભગવાન જાણે.

તે જ સમસ્ત અન્યદ્રવ્યના ભાવો, પોતાના ભાવાસ્ત્રવ થયા, એનાથી ભિન્ન એમ ન કહેતાં, કર્મની સત્તામાં રાગ થાય છે કર્મની સત્તામાં સુખદુઃખ થાય છે. લોકોએ સાંભળ્યું નથી પણ અનુભાગ છે એનો. રાગના નિમિત્તે ત્યાં એક રાગનો અનુભાગ થાય છે. આ પ્રકૃત્તિબંધ, પ્રદેશબંધ, અનુભાગબંધ, સ્થિતિ બંધ ચાર પ્રકારના છે. કર્મની સત્તામાં જે રાગ થાય છે ને ? ઈ સમસ્ત અન્ય દ્રવ્યના ભાવોથી કે કર્મના ઉદયનો પ્રતિભાસ થાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનમાં, પણ એ કર્મનો ઉદય આત્માથી ભિન્ન છે.

સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે, સમસ્ત લઈ લીધા. નોકર્મના પરિણામ અને કર્મના પરિણામ બેય, ભિન્નપણે ઉપાસવામાં આવતાં શુદ્ધ કહેવાય છે, આટલી પહેલાં દૃષ્ટિના વિષયની મુખ્યતાથી વાત કરી. હવે એનો અનુભવ કેમ થાય ? ઈ બીજા પારામાં આપણને સમજાવશે આચાર્ય ભગવાન. અત્યારે વખત થઈ ગયો.

## પ્રવચન નં. ૩૧

**કલકત્તા શિબિર**

**તા. ૧૬-૧૧-૯૬**

આ એક સમયસાર પરમાગમ શાસ્ત્ર છે. આગમના સારભૂત અધ્યાત્મ શાસ્ત્ર છે. એમાં આચાર્ય ભગવાને બધો માલ ૪૧૫ ગાથામાં ભરી દીધો છે. પણ એના શોર્ટરૂપે ૧૨ ગાથા અને ૧૨ ગાથાના શોર્ટરૂપે એક છઠ્ઠી ગાથા છે. છઠ્ઠીનો વિસ્તાર ૧૨ છે. અને ૧૨ નો વિસ્તાર ૪૧૫ છે.

આપણા ઉપકારી પૂજ્ય ગુરુદેવ જ્યારે આ છઠ્ઠી ગાથા શરૂઆત કરતા હતા ત્યારે ફરમાવતા હતા કે આ તો છઠ્ઠીનો લેખ છે, અફર છે, ફરે એવો નથી. અને આનું રહસ્ય છઠ્ઠી ગાથાનું રહસ્ય એટલે કુંદકુંદ ભગવાન અને અમૃતચંદ્ર આચાર્ય ભગવાનનું હૃદય એને જે ખ્યાલમાં લેશે તો એને ભાવભાસન થઈને આત્માનો અનુભવ થાય એવી ગાથા છે. અદ્વિતીય છે આ તો સમયસાર શાસ્ત્ર એ તો મહાભાગ્ય જાગે, જ્યારે કોઈ ચક્રવર્તી કરતાં પણ પુણ્ય વધી જાય ત્યારે જિનવાણી અને જિનવાણીમાં પણ અધ્યાત્મ શાસ્ત્ર. ટોડરમલ સાહેબ કહે છે કે અત્યારે આ કાળમાં જો અધ્યાત્મ હોય તો સમયસારની આત્મખ્યાતિ ટીકામાં રહેલું છે. ૨૦૦ વર્ષ પહેલાં થયા, તેમણે આ ફરમાવ્યું છે.

સમયસારનો આપણે આ સ્વાધ્યાય કરીએ છીએ. કોઈ મનમાં એવો વિચાર ન લાવતા કે આ તો સૂક્ષ્મ વાત છે. અને કેવળી અને શ્રુતકેવળી સૂક્ષ્મ વાત કહેનારા તો નથી પણ અત્યારે સૂક્ષ્મ વાત કહેનારા આપણા ગુરુદેવ પણ અત્યારે હાજરમાં નથી. આ તો એની પાસેથી યોગ્યતા અનુસાર જેટલું જેની પાસે આવ્યું છે, એટલું એ આત્માર્થી રહીને પોતાનો સ્વાધ્યાય કરતા કરતા કહે છે, તો બીજાનું કામ થાય તો ભલે થાય. આહા !

આ ગાથા ઘણી ઊંચી છે. મારા કાન ઉપર વાત આવી કે કેટલાકને આ વાત કઠણ પડે છે. ભાઈ ! કઠણ શબ્દને હમણાં તું પંદર દિવસ માટે બાજુમાં મૂકી દે. અને હું આત્મા છું. હું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમાત્મા છું. શરીરને ન જો, કર્મના સંબંધને ન જો. એક સમયની શુભાશુભ પ્રવૃત્તિ પરિણતિ ઊભી થાય છે આસ્રવની એને ન જો. એનાથી ભિન્ન પરમાત્મા બિરાજમાન છે, એને તું જો. અનંતકાળથી એણે પરના દર્શન કર્યા, દર્શન એટલે દેખવું. દેખ્યું પરને જાણ્યું પણ હાથ કાંઈ ન આવ્યું.

આ સમયસારમાં શુદ્ધાત્માનું વર્ણન કરે છે. અને શુદ્ધ આત્માનો એને જો ખ્યાલ આવ્યો નિર્ણય આવ્યો, અને પછી કોઈ અપૂર્વ યથાર્થ નિર્ણય આવી ગયો તો અલ્પકાળમાં ચિરમ્ અચિરમ્ થોડા જ કાળમાં કે વધારે કાળમાં એ આત્માને સમ્યગ્દર્શન થાય છે.

એક ભવ્યામૃત નામનું શાસ્ત્ર છે તેમાં ૧૧૦ ગાથા છે. નેમિચંદ સિદ્ધાંત ચક્રવર્તી થયા, એમના શિષ્ય પ્રશિષ્ય થયા એમને બનાવ્યું છે. એમાં તે લખે છે કે આ પંચમકાળમાં કોઈ જીવને આત્માનો અનુભવ થાય તો કાં ત્રીજા ભવે એનો મોક્ષ અને કાં વધારેમાં વધારે આઠ ભવ. આઠ ભવથી વધારે તને નહીં થાય. પહેલાં તો તારામાં ભવ જ નથી. ત્યાંથી ઉપાડ કરજે. ભવની વાત બાકી રાખજે. ભવ વિનાની ચીજ છે આત્મા. આત્માને ભવભ્રમણ નથી. ઈ ચાર ગતિનું ભ્રમણ ભગવાન આત્માને નથી. એવો અંદર આત્મા બિરાજમાન છે. એ વાત હું તને કહીશ.

તેં માંગણી કરી છે કે, હે પ્રભુ ! શુદ્ધ આત્માનું સ્વરૂપ શું ? અને એનો અનુભવ કેમ થાય ? એમ બે પ્રકારની તારી માંગણી છે, તો એક પ્રકારની માંગણીનો ઉતર તો કાલે દેવાય ગયો છે, કે આ પરમાત્મતત્ત્વ છે. અંદરમાં બિરાજમાન છે ચૈતન્ય ઝળહળ જ્યોતિ શુદ્ધ અને અશુદ્ધ પર્યાયોથી સર્વથા ભિન્ન છે. પહેલાં સર્વથામાં આવી જા, અનુભવ પછી અનુભવ જ્ઞાનમાં સ્યાદ્વાદ છે. અનુભવના વિષયમાં સ્યાદ્વાદનો અભાવ છે. આ ભાવલિંગી સંતના વચનો છે. મારા ઘરની વાત હું કહેતો નથી.

શુદ્ધ આત્મામાં સ્યાદ્વાદનો અભાવ છે પણ અનુભવ જ્ઞાનમાં સ્યાદ્વાદનો સદ્ભાવ છે. માટે પહેલાં સર્વથાથી ઉપાડ કર અને અનુભવ થતાં કથંચિત્નું જ્ઞાન તને થઈ જશે. સમ્યક્ એકાંતપૂર્વક અનેકાંતિક જ્ઞાન થાય, થાય ને થાય જ. તું ચિંતા કરીશમાં. એકાંત થઈ જશે તો ? આ તો એકાંતની વાત છે. કોઈની વાત સાંભળીશ માં. રહી જઈશ તું. આહાહા ! એવી અપૂર્વ વાત આ છઠ્ઠી ગાથામાં છે. કહી શકાય નહીં, શબ્દમાં વર્ણન કરી શકાય નહીં, એવા ભાવ આમાં છે.

એ વાત કાલે મેં તને કરી કે પ્રમત્ત અપ્રમત્ત દશાઓ, ઉત્પાદ-વ્યય છે. પર્યાયમાં શુદ્ધતા અને અશુદ્ધતા હોય છે, થાય છે. આવે છે ને જાય છે. પણ આવે ને જાય એના ઉપરથી તું લક્ષ છોડી દે. છે, છે ને છે. ત્રણેયકાળ આત્મા શુદ્ધ છે, શુદ્ધ પર્યાયથી રહિત છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માટે શુદ્ધ છે. આહા ! એવી વાત કાલે મેં તને કરી, દૃષ્ટિના વિષયની ધ્યેયની. ધ્યાનનો વિષય આપ્યો તને કાલે.

હવે શિષ્યનો બીજો પ્રશ્ન છે, કે એનો આત્માનો અનુભવ કેમ થાય ? ઈ જણાય કેમ ? ઈ કેવી રીતે પ્રત્યક્ષ થાય ? અરે પહેલાં પરોક્ષ થાય ને પછી પ્રત્યક્ષ થાય. ઈ શું આ ? ઈ બેય થાય. રુચિવાન જીવને પહેલાં પરોક્ષ અનુભૂતિ થઈ જાય છે અને પછી તરત જ પ્રત્યક્ષ અનુભૂતિ પણ થાય છે. એવી વાત અપૂર્વ આમાં છે. એ અનુભવની વિધિ આજે હું તને બતાવું છું. પણ તું ના પાડીશમાં અને સમજ્યા વિના હા-હા પણ તું કરીશ માં. ના ના તો કરીશ જ નહીં. ના તો રહેવા દેજે, તું કુંદકંદ ભગવાન પાસે આવ્યો અને આ મને નથી સમજાતું, ના ના તો કરીશમાં અને સમજ્યા વિના હા પાડીશમાં, સમજીને હા પાડજે. સમજાય એવું છે, પોતાનું સ્વરૂપ છે આ. આ વિકથા નથી. અહીંના પ્રમુખશ્રીએ કહ્યું કે અહીંયા વિકથાની સખત મનાઈ છે. અહીંયા આત્મકથા ચાલે છે. બીજું કાંઈ છે જ નહીં ને. હું પરને જાણું તો મને એવી વિકથાનો વિકલ્પ ઊઠે, પણ મારા જ્ઞાનમાં તો જ્ઞાયક જ જણાય છે. પરને જાણનારું ઈન્દ્રિયજ્ઞાન તો મારું છે નહીં. સમજાશે, નહીં સમજાય એવી વાત જ નથી.

હવે એક દૃષ્ટાંત આપીને સમજાવે છે. આત્માનો અનુભવ કેમ થાય ? આ પંચમકાળમાં હો, આ પંચમકાળમાં ચોથા ગુણસ્થાને શુદ્ધઉપયોગ થાય છે. એમાં દર્શન મોહનો ક્ષય થઈ જાય છે. કેટલાક કહે છે કે અત્યારે શુદ્ધ ઉપયોગ નથી, ખોટી વાત છે. શુદ્ધોપયોગ છે. શાસ્ત્રમાં છે ને અનુભવીના જ્ઞાનમાં પણ છે. એ વાત દૃષ્ટાંતથી સમજાવે છે.

કે સાંભળ ! વળી એમ શબ્દ છે, બીજો પારો. પહેલો પારો કાલે પૂરો થયો. ''વળી'' કહીને હવે વિષય બીજો આપે છે. અનુભવનો વિષય આપ્યો, અનુભવ કેમ થાય એની પ્રોસેસ હવે બતાવે છે. વળી દાહ્યના આકારે થવાથી, અહીંયા જ્ઞાનમાં જ્ઞેયાકાર કહેવું છે ને એટલે અહીંયા દાહ્યાકાર કહ્યું છે. દાહ્યાકાર એટલે શું ? કે બળવાયોગ્ય પદાર્થો સામે હોય છે. એ એના કાળે બળે છે. એના કાળે જ્યારે બળે છે, ત્યારે એને અનુકૂળ નિમિત્ત અગ્નિ છે. અગ્નિથી લાકડા છાણાં બળતા નથી, આજસુધીના લાકડા છાણાં બળ્યા, ઈ અગ્નિથી બળ્યા નથી. આ કડવો ઘુંટડો નથી હો, આ અમૃતનો ઘુંટડો છે, ધ્યાન રાખજો. સમજાવશે, ધીમેધીમે સમજાવશે.

કાં તો બે દ્રવ્યની એકતા કરી, કાં બે દ્રવ્યની સાથે નિમિત્ત-નૈમિત્તિક સબંધ જોયા કર્યો. એ કર્તાકર્મનો સબંધેય નથી ને પરની સાથે નિમિત્ત નૈમિત્તિક સંબંધ પણ નથી. આ દૃષ્ટાંતની અપેક્ષાએ છે. પછી જ્ઞાનમાં તે જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ નીકળી જવાનો છે ને જ્ઞાતા જ્ઞેય અંદર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ જાવાનો છે. આહા !

દાહ્યાકાર થવાથી એટલે જ્યારે લાકડા, છાણા, સુકા પાંદડા એની પર્યાયનો બળવાનો કાળ હોય છે જ્યારે, ઉષ્ણ થવાની પર્યાયનો કાળ એનો હોય છે. સ્વકાળ છે એનો, ત્યારે એમાં અગ્નિ પ્રજ્વલિત થાય છે, ત્યારે એને અનુકૂળ નિમિત્ત અગ્નિ છે. નિમિત્ત છે હોં. આહાહા ! હવે હમણાં નિમિત્ત કહીને પાછું નિમિત્તને હમણાં ગૌણ કરવાનું છે. પહેલાં નિમિત્ત મારે કહેવું પડે છે, સમજાવવા માટે બીજો ઉપાય નથી.

કહે છે કે લાકડા ને છાણાં બળે છે ત્યારે, સંયોગથી જોવામાં આવે, બળતા છાણાં ને લાકડાને સંયોગથી જોવામાં આવે તો અગ્નિ એમાં નિમિત્ત છે, પણ હવે છાણાં લાકડાને તું એની પર્યાયના ક્ષણિક ઉપાદાનથી, એની યોગ્યતાથી જો, તો નિમિત્તથી નિરપેક્ષ બળે છે. અગ્નિ એને અડતી નથી. એક દ્રવ્યનો ધર્મ બીજા દ્રવ્યના ધર્મને અડતો નથી. આ એવી અપૂર્વ વાત છે. કે એની મેળે મેળે બળે લાકડા, છાણા અગ્નિ વગર ? કે હા, એની મેળે બળે છે, એની સ્વશક્તિને જોઈ નથી તેં. એની પર્યાયમાં જે શીત પર્યાય હતી ઈ સ્વયમેવ ઉષ્ણ થાય છે, અગ્નિથી પણ નહીં અને લાકડું જે ત્રિકાળી છે એનાથી પણ નહીં. પર્યાયને નિરપેક્ષ જો ને પછી સાપેક્ષ જો તો નિમિત્તનું જ્ઞાન હોય છે, નિમિત્ત હોય છે બસ એટલું છે લાકડાની ઉષ્ણ પર્યાય થાય ત્યારે એના ઉપાદાનથી થાય છે પણ નિમિત્ત કોણ એવો પ્રશ્ન કરે તો કહે અગ્નિ એ વખતે હોય છે.

નિમિત્ત એટલે અકર્તા, નિમિત્ત એટલે સંયોગનો સંબંધ, એની હાજરી, બીજા પદાર્થની હાજરી. ઉપાદાનની સાથે બીજા પદાર્થની હાજરી હોય એને નિમિત્ત કહેવામાં આવે છે. કથનમાત્ર છે. ખરેખર તો ઈ અગ્નિ પણ ઉપાદાન છે અને લાકડું પણ ઉપાદાન છે. અત્યારે તમારા મિત્રએ મને કહ્યું કે કંઈક કઠણ તો પડે છે. કાંઈ વાંધો નહીં, આપણે વિસ્તાર કરીને હળવું કરીને કહેશું. બાકી વિપરીત તો આવવાનું નથી, એ તો રાહ જોઈશમાં અહીંયા. (શ્રોતા : હિન્દી મેં ભી બોલીએ નહીં તો બહોત સે લોગ સમજતે નહીં હૈ.) બાત ઐસી હૈ ભૈયા! કે જો ગુજરાતી મેં આતા હૈ વો હિન્દીમેં આ સકતા નહીં હૈ ઔર મેરી માતૃભાષા હિન્દી નહીં હૈ. એટલે શબ્દો મારે શોધવા પડે અને શબ્દ શોધવા જતાં એ ધારામાં ફેરફાર થઈ જાય. એટલે થોડો પ્રયત્ન કરો ભૈયા સમજમેં આ જાયેગા.

શું કહ્યું ? દાહ્યાકાર થવાથી અગ્નિને દહન કહેવાય છે. તો પણ હવે શબ્દ મૂકે છે તો પણ અગ્નિને બાળનાર કહેવાય છે, કોને બાળે છે ? લાકડા ને છાણાને. એમ કહેવાય છે હોં. એમ કહેવાય છે એમ નથી. પણ વ્યવહારના વચનમાં તો કહેવાય છે એમ જ આવે ને. કે પ્રભુ એકવાર તું સ્વભાવથી જો ને પદાર્થને, પદાર્થના ત્રણ પ્રકાર છે. દ્રવ્ય, ગુણ ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય. એકલા દ્રવ્યને જોવાની વાત નથી, સાથે તું પર્યાયના સ્વભાવની પણ વાત જો. લાકડું ગરમ થઈ ગયું તો ગરમ થવાની એનામાં શક્તિ હતી તો એ પર્યાય ઉષ્ણ થઈ કે તો શક્તિ નહોતી ને ઉષ્ણ થઈ ? જો શક્તિ હતી તો અગ્નિની એને અપેક્ષા નથી, અને જો ઉષ્ણ થવાની એની શક્તિ નથી તો કોઈ પદાર્થ એને ઉષ્ણ કરી શકતો નથી.

આ તો ન્યાયથી વાતો બધી છે આમાં સમયસારમાં. આ બધી સમયસારની વાતો છે હોં, આહા ! ગુરુદેવ પાસેથી સાંભળીને, શીખીને થોડું જેટલું મને મળ્યું. એ તો ભંડાર હતો, ગુરુદેવની શું વાત કરવી. તો પણ પ્રયોજનભૂત વાત બધી બહાર આવી ગઈ છે. પ્રયોજન તો આત્મદર્શનનું છે. આત્મદર્શન વિના ધર્મની શરૂઆત નથી, વૃદ્ધિ નથી ને પૂર્ણતા પણ નથી. આદિ, મધ્ય, અંતમાં આત્માનો અનુભવ એક જ, એક જ ધર્મની ક્રિયા છે બીજી કોઈ ધર્મની ક્રિયા નથી.

દાહ્યાકાર થવાથી અગ્નિને, બળવા યોગ્ય પદાર્થને બાળે છે, એમ લોક વ્યવહાર છે. શું કહ્યું ? એમ જ્ઞાન પરને જાણે છે ઈ લોક વ્યવહાર છે. ઝીણું પડે પણ જરા સમજવા જેવું છે. આ બધું શાસ્ત્રમાં છે હોં, કહેવાય છે, બાળે છે એમ કહેવાય છે. કહાવત હૈ. તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. આહાહા ! ઈ લાકડાને બાળે માટે ઈ અગ્નિ છે એમ નથી, અગ્નિ અગ્નિથી છે. લાકડાને બાળે ઈ તો અગ્નિને કોઈ સમજતું ન હોય તો એને નિમિત્તથી સમજાવે છે કે અગ્નિ કોને કહેવાય ? કે લાકડાને બાળે તેને અગ્નિ કહેવામાં આવે છે. પણ લાકડાને તો અડતી નથી, અગ્નિ બાળે ક્યાંથી ? એ તો એના સ્વચતુષ્ટયમાં છે. અગ્નિ, લાકડા, છાણાં એના ચતુષ્ટયમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે. તો પણ દાહ્યકૃત અશુદ્ધતા એને નથી. એટલે લાકડાને બાળે છે માટે અગ્નિ છે, એવું સાપેક્ષપણું અગ્નિમાં નથી. સમજાવવા માટે વ્યવહારથી સાપેક્ષથી સમજાવાય. બીજો કોઈ ઉપાય છે નહીં. વ્યવહાર વિના પરમાર્થ કહી શકાતો નથી. પણ વ્યવહાર અનુસરવા યોગ્ય નથી.

દાહ્યકૃત અશુદ્ધતા એને નથી. એટલી વાત એને કરી કે બેયને નિરપેક્ષ તત્ત્વથી જો. અગ્નિને એના દ્રવ્ય, ગુણ, પર્યાયથી જો, અને લાકડા, છાણાં ને એના દ્રવ્ય, ગુણ, પર્યાયથી જો. તેવી રીતે દાહ્યાકાર શબ્દ આવ્યો ને એટલે હવે જ્ઞેયાકાર કહેશે. સિદ્ધાંત આવ્યો હવે. જેવી રીતે જ્ઞેયાકાર થવાથી, જ્ઞેયોને જાણવાથી એમ લખ્યું નથી. શાંતિથી સમજવા જેવું છે જરા. આ વિષય જરા ઘેરો છે. મને ખબર છે બધી. આહા !

જ્ઞેયાકારનો અર્થ, સ્વ અને પર બે પદાર્થો જ્ઞેય છે જગતનાં. પોતાનો આત્મા પણ જ્ઞેય છે અહીંયા, અને આત્મા સિવાય આખું વિશ્વ એ પણ જ્ઞેય છે. ઈ બે પ્રકારના જ્ઞેયોનો પ્રતિભાસ જ્ઞાનમાં થાય છે. એવી જ્ઞાનની પર્યાયને જ્ઞેયાકાર જ્ઞાન કહેવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીંયા જ્ઞાનની પર્યાય સ્વ ને પરને જાણે છે એમ ન લેવું. આવશે બધું, હમણાં બધું આવશે. ધીરજ ને શાંતિ રાખશો તો. કે બે પ્રકારના પદાર્થો સ્વ ને પર એનો પ્રતિભાસ થાય છે.

જેવી રીતે દર્પણની સપાટીમાં બધા પદાર્થો એમાં પ્રતિબિંબિત થાય છે, ''પ્રતિફલતી'', પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં છે આધાર આપવાથી કહેનાર ઉપર શ્રદ્ધા બેસે. પુરુષાર્થ-સિદ્ધિ-ઉપાય, અમૃતચંદ્ર આચાર્યએ સ્પેશ્યલ ગ્રંથ બનાવેલો છે પોતે, એમાં પહેલી જ ગાથા છે માંગલિકની, ઈ માંગલિક ગાથામાં ઈ બધું જે એનું હૃદય હતું ઈ બધું ઠલવાઈ ગયું છે. એમાં એના પહેલાં જ શ્લોકનો અર્થ હું વાંચું છું. અન્વયાર્થ શબ્દાર્થ વાંચુ છું. પછી ટીકા ટોડરમલ સાહેબે કરી છે એ વાંચીશ. હવે અત્યારે આજે આપણા મૂળતત્ત્વની શરૂઆત થાય છે. આત્માનો ઉપદેશ ગુરુદેવે આપ્યો ૪૫ વર્ષ સુધી, કે શુભાશુભભાવથી ભિન્ન આત્મા તારો છે એને જાણ, ''પ્રથમ આત્માને જાણ'' એમ તો છે. સત્તરમી અઢારમી ગાથામાં એમ આવ્યું કે પ્રથમ આત્માને જાણવો, પછી જાણેલાનું શ્રદ્ધાન કરવું પછી એમાં ઠરવું. જાણવું તો આવ્યું કે પ્રથમ આત્માને જાણ, આદેશ છે ઉપદેશ નથી, જાણ, તારે સુખી થવું હોય તો જાણ. આહા !

હવે કહે છે, કે જે શુદ્ધ આત્મા છે ત્રિકાળી અને એની એક વર્તમાન ઉપયોગ અવસ્થા પ્રગટ થાય છે. ઈ નિરપેક્ષ છે, શુદ્ધ અને અશુદ્ધ ન લેવી એમાં ''ઉપયોગો લક્ષણમ્'' શુદ્ધ ઉપયોગ લક્ષણ નથી તો તો બાધા આવી જાય, અશુદ્ધ ઉપયોગ લક્ષણ કહો તો બાધા આવે. અવ્યાપ્તિ અતિવ્યાપ્તિ આપણે લાગુ નથી કરતા. પણ ઉપયોગ લક્ષણ નિર્દોષ છે તત્ત્વાર્થ સૂત્રમાં આવ્યું છે. ઈ સૂત્રજીએ કહ્યું છે આ. ''ઉપયોગો લક્ષણમ્'' જીવનું લક્ષણ ઉપયોગ છે. આહા !

જીવના પાંચ ભાવ અસાધારણ કહ્યા, પણ લક્ષણને એમાં જુદું પાડી દીધું. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક કે પારિણામિક એ ન કહ્યું. કેમકે આ ઉપયોગ લક્ષણ છે એ જ્ઞેયનું લક્ષણ છે અને પરમ પારિણામિકભાવ છે એ ધ્યેયનું લક્ષણ છે. પ્રયત્ન કરશે તો સમજાશે, નહીં સમજાય એવી વાત જ નથી. અહીંયા દૃષ્ટાંત આપે છે. કહે છે કે, જેમાં દર્પણની સપાટીની પેઠે, દર્પણના દળમાં નહીં, દર્પણનું દળ તો નિષ્ક્રિય છે, એમાં પરનો પ્રતિભાસ ન થાય, પણ દર્પણની ઉપરની સપાટીમાં એક સ્વચ્છ પર્યાય પણ થાય છે. દ્રવ્ય અને પર્યાયનું જોડકું તેને પદાર્થ કહેવામાં આવે છે.

દર્પણ સ્વચ્છ અને એની પર્યાય પણ સ્વચ્છ. પર્યાયને ઉપરની સપાટી કહેવાય. દર્પણની સપાટીની પેઠે બધા પદાર્થોનો સમૂહ આ દર્પણના દૃષ્ટાંતની વાત સમજાવીને જ્ઞાનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉતારવું છે. બધા પદાર્થોનો સમૂહ દર્પણની પેઠે, ઉપરની સપાટીમાં જે પ્રતિભાસ થાય છે એની પેઠે વર્તમાન વર્તતા ઉપયોગમાં સમ્યગ્દર્શન ને મિથ્યાદર્શન થવા પહેલાં, પદાર્થોનો સમૂહ સ્વ ને પર બધા પદાર્થો કોઈ બાકી નહીં.

હવે પદાર્થના સમૂહની વાત કરતા કહે છે કે અતીત, અનાગત અને વર્તમાન કાળના સમસ્ત, અનંત પર્યાયો સહિત એકએક પરમાણું એનો ભૂત, ભવિષ્ય અને વર્તમાન, ત્રણકાળની પર્યાય સહિત એક પરમાણું દ્રવ્ય, એવા અનંતા પરમાણું અનંતાનંત, એમ સ્વ જીવ ને પર જીવ એની પણ અતીત, અનાગત ને વર્તમાન પર્યાય સહિતનો આત્મા, એ જ્ઞાનમાં પ્રતિભાસે છે, બધા પદાર્થો. સમસ્ત પર્યાયો, અનંત પર્યાયો સહિત અનંત પદાર્થો, જ્ઞાનની વર્તમાન સ્વચ્છ પર્યાયમાં પ્રતિભાસે છે. કોઈ પદાર્થ એવો નથી કે જ્ઞાનમાં બાકી રહી જાય. અનાદિ અનંત પદાર્થો સ્વ અને પર એ સ્વચ્છ જ્ઞાનમાં પ્રતિભાસે છે.

જુઓ આ આપણે લઈ જાવું છે અનુભવ કેમ થાય ? ત્યાં જાવું છે, જાવું છે તો ત્યાં, પ્રયોજન તો આપણું ત્યાં છે. એ પર્યાયો સહિત પ્રતિફલતિ, એવો સંસ્કૃત શબ્દ છે, પ્રતિફલતિ પ્રતિબિંબિત થાય છે. પ્રતિબિંબિત થાય છે, જણાય છે એમ નથી લખ્યું. જણાય છે, જણાય છે તો રાગ જ્ઞેય થઈ જશે. પણ રાગનો પ્રતિભાસ થાય છે, તો એમાં જ્ઞેય થતું નથી, જ્ઞાન જ્ઞેય થાય છે. નેમીચંદજી ! ગોહાટીને ? શું કહ્યું ? બધું આવી જશે હોં, હા, ઉતાવળ નહીં કરતાં, આવશે ધીમેધીમે બધું આવશે. પ્રતિબિંબિત થાય છે (બધું).

અમૃતચંદ્ર આચાર્ય ભગવાનની સ્પેશ્યાલિટી મેં જોઈ સમયસારમાં કે તેઓશ્રીએ પ્રતિભાસનો ઉપયોગ બહુ કર્યો છે, અજ્ઞાનીનો આત્મા રાગને કરે છે, એમ જ્યારે સમર્થ આચાર્ય ફરમાવે છે. અજ્ઞાનીનો આત્મા રાગને કરે છે, ત્યારે એમણે એક કોહીનૂરનો હીરો એવો મૂક્યો અંદરમાં કે અજ્ઞાનીને હું રાગને કરું છું એવો પ્રતિભાસ થાય છે. કરી શકતો નથી. વિશેષ અપેક્ષાએ કર્તા છે. ઈ, ૯૨-૯૩ ગાથા આવશે એમાં આવશે. ઘણામાં આવશે. હજી તો વાર છે ને, પણ મન થાય છે કે જલ્દી બધું કહી દઉં.

અજ્ઞાનીને કર્તા ભાસે છે, ત્રિકાળી દ્રવ્ય અકર્તા છે તે કર્તા થઈ શકે જ નહીં. વિશેષ અપેક્ષાએ કર્તા થાય છે તે વાત સાચી. પણ સામાન્ય અપેક્ષાએ અકર્તા સ્વભાવે રહી ને વિશેષ અપેક્ષાએ કર્તાબુદ્ધિ થાય છે. સામાન્ય સ્વભાવ કદી ત્રણકાળમાં અકર્તાપણું છોડીને કર્તા બની શકતો નથી, એક સમય રાગનો કર્તા થાય તો જડ થઈ જાય. જ્યારે આત્મા નથી કરતો તો કોણ કરે છે ? એમ પ્રશ્ન આવશે ઘણાં પ્રશ્નો આવશે, કાંઈ વાંધો નહીં. બધાના ઉત્તર સંતો લખી ગયા છે શાસ્ત્રમાં.

કહે છે કે પ્રભુ આ પ્રતિબિંબિત થાય છે. બધા પદાર્થો અહીંયા ઝળકે છે, દર્પણમાં જેમ

ઝળકે, દર્પણમાં પદાર્થો આવે કે દર્પણમાં પદાર્થો ઝળકે ? અગ્નિ સામે છે કોલસો છે સામે, તો ઈ દર્પણની સ્વચ્છતામાં ઈ બિંબનું પ્રતિબિંબ થાય કે કોલસાની કાળપ અહીંયા આવી જાય ? કે આખો દર્પણ તો ભલે કાળો ન થાય પણ જેટલું ધાબું પડે કાળું એટલી તો અરીસાની પર્યાય કાળી થઈ કે નહીં ? પ્રકાશ ! નહીં ?

અરે તને ભ્રમણા થઈ છે કાળાપણાનો ધર્મ તો ત્યાં છે. ત્યાંથી કાળાપણું ઉડીને અહીંયા આવતું નથી, અને આની એ સ્વચ્છતા છોડતું નથી. દર્પણ પોતાની સ્વચ્છતાનો અભાવ કરતો નથી ત્રણકાળમાં. ભ્રાંતિ થઈ છે જગતને. બસ આ ક્રોધનો પ્રતિભાસ દેખીને હું ક્રોધી, ઉપયોગમાં ઉપયોગ છે ઉપયોગમાં ક્રોધ નથી. ભાઈ ! રહેવા દે તું. આહા ! પ્રતિબિંબિત થાય છે. ઓહો ! કેવી રીતે પ્રતિબિંબિત થાય છે ? પોતાના સમસ્ત અનંત પર્યાયો સહિત પ્રતિબિંબિત થાય છે. આ ઉત્પાદવ્યવધ્રુવયુક્તંસત્ આવી ગયું. કોઈ પર્યાય બાદ નથી, બધા પદાર્થોનો પ્રતિભાસ થાય છે, દર્પણમાં જેમ પ્રતિભાસ થાય છે એમ. પણ એ જ્ઞેયો જેનો પ્રતિભાસ થાય છે ઈ જ્ઞેયો, જ્ઞાનમાં આવતા નથી. દુઃખનો પ્રતિભાસ થાય પણ દુઃખ જ્ઞાયકમાં તો આવી શકે જ નહીં, પણ ઉપયોગમાં દુઃખ આવતું નથી. દુઃખનો પ્રતિભાસ દેખીને, જેનો પ્રતિભાસ છે એના ઉપર નજર છે, પણ જેમાં પ્રતિભાસ થાય છે ઈ જોતો નથી. (એ ભૂલ છે)

ફરીથી, જેનો પ્રતિભાસ થાય છે, ક્રોધ, માન, માયા, લોભ એનો પ્રતિભાસ થાય છે, એને જુએ છે એ. જેનો પ્રતિભાસ થાય છે એને જાુએ છે. લક્ષ ક્યાં ગયું ? બહારમાં ગયું. સાવ સીધી સાદી વાત છે. ન સમજાય એવું ક્યાં છે ? ન સમજાય એ વાત જ નથી. ન સમજાય એવી વાત લખે જ નહીં શાસ્ત્રકાર. લખે જ નહીં. જા નહીં સમજાય માટે લખી જાઉં. અજ્ઞાની જીવ નહીં સમજે માટે લખી જાઉં. એટલા માટે શાસ્ત્ર લખ્યા છે ? એ સમજશે. ભગવાન આત્મા છે. સમજશે, જરૂર સમજશે. સમજશે એમ સમજીને લખ્યું છે.

માટે કહે છે કે બધા પદાર્થો પર્યાય સહિતનાં દ્રવ્યો એ જ્ઞાનમાં આવી ગયા છે. ડૂબી ગયા છે, ખોડાઈ ગયા છે, લે. પણ એનો અર્થ શું એમાં સમજાય છે કાંઈ ? બધા પદાર્થો ડૂબી ગયા છે, જ્ઞાનમાં આવી ગયા છે, ખોડાઈ ગયા છે, એનો અર્થ શું ? કે એનો પ્રતિભાસ આમાં જ્ઞાનમાં આવી ગયો છે એમ પ્રતિભાસથી જ્ઞાન અનન્ય છે, પરપદાર્થથી અન્ય છે. જેનો પ્રતિભાસ થાય છે એનાથી તો જ્ઞાન તદ્દન ભિન્ન છે. પણ જ્ઞાનમાં પ્રતિભાસ જેનો થાય છે એ પ્રતિભાસથી તો અનન્ય જ છે, અને એ જ્ઞાનથી આત્મા અભિન્ન છે તેથી તેનો અનુભવ થાય છે. પોતાના સમસ્ત અનંત પર્યાયો સહિત પ્રતિબિંબિત થાય છે.

હવે એની ટીકા ટોડરમલજી સાહેબે લખી છે. શુદ્ધ ચેતના પ્રકાશનો કોઈ આવો જ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મહિમા છે, કે આ પરમાત્માનો એવો જ કોઈ મહિમા છે અંદરમાં, મહિમાવંત અહીંયા અંદરમાં છે. બહાર કોનો મહિમા કરવો. આહાહા ! મોટરની, બંગલાની, ડીગ્રીની કેની મહિમા કહીશ તું. શુદ્ધ ચેતના પ્રકાશનો કોઈ એવો જ મહિમા છે કે તેમાં જેટલા પદાર્થો છે તે, બધા જ પોતાના આકાર સહિત આકાર એટલે સ્વરૂપ, જેવું જેનું સ્વરૂપ છે એવો અહીંયાં એવા સ્વરૂપે પ્રતિભાસ થાય. લાકડું લાંબુ હોય તો ત્યાં ઈ પ્રકારે પ્રતિભાસ થાય. ટૂંકું હોય તો તે રીતે પ્રતિભાસે. એવી રીતે બધા પદાર્થો, આકાર એટલે સ્વરૂપ. ત્યાં જેવું બિંબ તેવું અહીંયા પ્રતિબિંબ થાય તે બધાય પોતાના આકાર સહિત પ્રતિભાસમાન થાય છે. હવે પ્રતિબિંબમાંથી આવ્યા પ્રતિભાસ ઉપર, શબ્દ એટલો ફેરવ્યો, પ્રતિભાસમાન થાય છે. ઈ જણાય છે, એમ નથી લખ્યું, એ પદાર્થો અહીંયા પ્રતિભાસમાન થાય છે. ઈ પદાર્થો અહીંયા આવી ગયા. અરે પદાર્થો આવી ગયા કે એનો પ્રતિભાસ અહીંયા આવ્યો. શું છે આ ? મોટર અહીંયા આવી કે મોટરનો પ્રતિભાસ અહિં આવ્યો ?

અરે જ્ઞેયમાંથી ખસીને તું પ્રતિભાસમાં તો આવ જરા, અંદર તો આવ. થોડોક અંદર તું આવ. જ્ઞેયો જણાય છે, જ્ઞેયો જણાય છે, વ્યવહારે જણાય છે, વ્યવહારે જણાય છે. ભાઈ હમણાં થોડીક વાર એ વ્યવહારની વાત તું ડીપોઝીટ રાખ. તને સત્ય લાગશે ત્યારે તને નિષેધ આવશે. ત્યાં સુધી નિષેધ નહીં આવે અમને ખબર છે.

પરને કરું છું ને પરને જાણું છું. કર્તાબુદ્ધિ ને જ્ઞાતાબુદ્ધિ જબરજસ્ત દોષ છે. અનંતકાળથી રખડે છે કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિથી. પોતાના આકાર સહિત પ્રતિભાસિત થાય છે અંદરમાં દર્પણની સપાટીની માફક. કયા દૃષ્ટાંતે ? ''દર્પણ તળ ઈવ.'' અરીસાના ઉપરના ભાગમાં, અરીસાના અંદરના ભાગમાં પ્રતિભાસ નથી થતો. ઈ સ્વચ્છ છે ઈ વાત સાચી છે પણ ત્યાં સુધી પરનો પ્રતિભાસ પહોંચતો નથી, કોઈ અપૂર્વ વાત છે આત્માની. જ્ઞાયકની વાત તો અપૂર્વ છે પણ એના સ્વચ્છ ઉપયોગની વાત પણ અપૂર્વ છે, તો શુદ્ધ ઉપયોગની વાત તો શું કરવી, કે જેમાં આનંદ આવે. આહાહા !

અરીસાના ઉપરના ભાગમાં ઘટપટાદિ પ્રતિબિંબિત થાય છે. પહેલાં પ્રતિબિંબિત કહ્યું'તું પછી પ્રતિભાસ કહ્યો, પછી પાછું પ્રતિબિંબિત થાય છે. આહાહા ! અહીં અરીસાનું દૃષ્ટાંત આપ્યું છે. તેનું પ્રયોજન એ જાણવું કે અરીસાને એવી ઈચ્છા નથી કે હું આ પદાર્થને પ્રતિબિંબિત કરું અરીસાને એવી ઈચ્છા થતી નથી કે આ પદાર્થો ઝળકે ને હું પ્રતિબિંબિત કરું, એવું કાંઈ છે નહીં એનામાં.

જેમ લોઢાની સોય લોહચુંબક પાસે એની મેળે જાય છે. લોહચુંબકની સોય હોય ઈ સામે લોહચુંબકનો પથ્થર હોય તો ઈ ખેંચાઈને ત્યાં જાય છે, એવો અવળો દૃષ્ટાંત આપ્યો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અવળો. ત્યાં તો એવું થાય છે, પણ જ્ઞાન જ્ઞેય તરફ જાય એવું તો થતું જ નથી, શું કહ્યું ? ખ્યાલ આવ્યો કાંઈ ? કે સોય તો લોહચુંબક તરફ ખેંચાય છે. એ ઘાટ વગરની હોય ઈ, એવું તો દેખાય છે. સોય ખેંચાય ને ત્યાં ચોટી જાય છે, એવું તો દેખાય છે. પણ જ્ઞાન પોતાને જાણવાનું છોડી અને ત્યાં જતું જ નથી, જાણે ક્યાંથી ? આહા !

આ સમયસારમાં ૩૭૩ થી ૩૮૨ ગાથા આપણે લેવાની છે. એમાં આ દૃષ્ટાંત છે ટીકાકારનું, ઈ ટીકાકારનું દૃષ્ટાંત ઈ અહીંયા ટોડરમલ સાહેબે કહ્યું છે, લખ્યું છે. ઈ ત્યાંની કોપી આમાં છે. કે સોય તો ખેંચાઈ ને જાય છે. પણ સાહેબ શું કરું ? સામે પદાર્થો બધા આવ્યા એટલે મારું જ્ઞાન એને જાણવા વયું ગયું, તારું જ્ઞાન ગયું છે કે બીજાનું જ્ઞાન ગયું છે ? એ વાત તો કર. જે જ્ઞાન પરને જાણવા જાય છે ઈ જ્ઞાન તારું છે ? ઈ તો આંખનો ઉઘાડ જાય છે પરને જાણવા, ઈન્દ્રિયજ્ઞાન જાય છે પરને જાણવા, ઈ જ્ઞેયનું જ્ઞાન છે. ઈન્દ્રિયજ્ઞાન છે ભાવઈન્દ્રિય ઈ જ્ઞેયનું જ્ઞાન છે. તેથી ઈન્દ્રિયજ્ઞાન પોતે જ્ઞેય છે, આત્માનું જ્ઞાન તો સોયની માફક ખેંચાયને ત્યાં જતું નથી. આહાહા !

પદાર્થો કહેતા નથી કે તું મને જાણ અને જાણનાર, જાણનારને જાણવાનું છોડી અને સોયની માફક પરસન્મુખ થાય જ નહીં. ''પરલક્ષ અભાવાત, ચંચળતા રહિતમ, અચલમ્ જ્ઞાનમ્'' આ જ્ઞાનની પરિભાષા છે. આત્મજ્ઞાન કદી પણ, પોતાને જાણવાનું છોડીને પરને જાણવા જતું નથી. હા. એને ભ્રાંતિ થઈ છે. ઈ તો ભ્રાંતિમાંથી ઈન્દ્રિયજ્ઞાન ઊભું થયું અને અતીન્દ્રિયજ્ઞાન અસ્ત રહ્યું છે અનંતકાળથી. તું પરને જાણે છે કે ઈન્દ્રિયજ્ઞાન પરને જાણે છે. ઈ જ્ઞેય છે જ્ઞાન જ નથી, ભ્રાંતિ તને થઈ ગઈ છે. ઈન્દ્રિયજ્ઞાન એકાંત પરની પ્રસિદ્ધિ કરીને એમાં મોહ, રાગ ને દ્વેષ ઉત્પન્ન પણ કરે છે, એ ધંધો ખોટો છે ઈન્દ્રિયજ્ઞાનનો.

હું પદાર્થને પ્રતિબિંબિત કરું, જેમ લોઢાની સોય લોહચુંબકની પાસે પોતાની મેળે જાય છે, વળી તે પદાર્થો પણ પોતાનું સ્વરૂપ છોડીને તે અરીસામાં પેસતા નથી. આહા ! અરીસો ત્યાં જતો નથી અને અરીસામાં આવતા પદાર્થો અહીંયા આવતા નથી. વળી તે પદાર્થો પોતાનું સ્વરૂપ છોડીને તે અરીસામાં પેસતા નથી, ક્રોધ જ્ઞાનમાં પ્રતિભાસે એટલી વાત સાચી છે પણ ક્રોધ જ્ઞાનમાં આવતો નથી. પ્રતિભાસ દેખીને ભ્રાંતિ થઈ કે મારામાં ક્રોધ થાય છે. આ ક્રોધ મારો, રાગ મારો, પુત્ર મારો, પુત્રી મારી, દેવ ગુરુ શાસ્ત્ર મારા, આહાહા !

જેમ કોઈ પુરુષ બીજા કોઈ પુરુષને કહે કે અમારું આ કામ કરો તેમ પદાર્થો પોતાને પ્રતિબિંબિત કરવાની અરીસાને પ્રાર્થના પણ કરતા નથી. આહાહા ! અરીસાને એમ કહેતા નથી કે મારે તારી સ્વચ્છતામાં પ્રતિબિંબિત થાવું છે, એમ ઈ દ્રવ્યો પદાર્થો કહેતા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી, અને આ એની સ્વચ્છતાને છોડીને ત્યાં જતો નથી. સહજ જ એવો સંબંધ છે કે જેવો જે પદાર્થનો આકાર છે તેવા જ આકારરૂપે અરીસામાં પ્રતિબિંબિત થાય છે પણ અરીસામાં પદાર્થો આવતા નથી. સ્ફટિકમણીની સામે લાલફૂલ હોય છે, ત્યારે એનો પ્રતિભાસ થાય છે. સ્વચ્છતા છે એનામાં, સ્ફટિકમણીની પર્યાયમાં સ્વચ્છતા છે, તો એ રાતો હોય તો રાતો ને કાળો હોય તો કાળો, ફૂલ જેવા રંગનું હોય એવું અહીંયા પ્રતિબિંબિત થાય છે, તો અજ્ઞાની જીવને એમ લાગે છે કે આ કાચ રાતો થઈ ગયો.

એમાં એવો બનાવ બન્યો. ઝવેરી બજારમાં એક ખેડૂત પાસે સ્ફટિકમણી આવ્યો. કોઈ જમીનમાંથી નીકળ્યો ને ઈ ભૂલેશ્વરમાં આવ્યો વેંચવા. ત્યાં બજાર ભરાય છે. કે ભૈયા પૈસા સારા આવશે. તો ઈ ખેડૂત કહે કે મારે આ કાચ વેંચવો છે. ઈ ખેડૂત તો તેને કાચ જ કહે ને ? હરરાજી થઈને એક રૂપિયાથી માંડીને ધીમે ધીમે પાંચ રૂપિયા સુધી પહોંચ્યાં. મારે પાંચ રૂપિયામાં વેંચવો નથી કાચ, એમાં ઝવેરી આવ્યા ત્યાં. પોતે શાકના શોખીન પોતે લેવા આવ્યા માર્કેટમાં, આમ ભીડ જોઈ કે છે શું ? આમ સ્ફટિકમણી જોયું. સમજી ગયા કે આ તો માલ લાગે છે.

આજુબાજુ બધા લાલ પડદા હતા કાપડીયાના અને એનો અહીંયા પ્રતિભાસ થતો હતો. ઈ રતાશ એમાં આવી નથી, માને તોય ન આવે ને ન માને તોય, રાતી પર્યાય થાય જ નહીં. એ તો ભ્રાંતિ છે બંધ અધિકારમાં એને ભ્રાંતિમાં નાખ્યું છે, મને ખબર છે બધી. પણ ભણેલો હોય ને ? કે એલા બંધ સિદ્ધ કરવો છે કે મોક્ષ સિદ્ધ કરવો છે ? તારે કરવું છે શું હવે ? હજી તારે ભ્રાંતિને પોષણ થાય એવી વાત તારે સાંભળવી છે કે ભ્રાંતિ ટળે એવી વાત સાંભળવી છે ? તો ઈ ઝવેરીએ આમ જોયું છેટેથી અને એની પાસે ગયા કે આ શું છે ? તારે વેંચવો છે ? કે, હા. શેઠ વેંચવો છે કાચ. તો કેટલામાં ? કે આ કોઈ પાંચ રૂપિયાથી વધારે ચડતું નથી. પણ તારે કેટલામાં વેંચવો છે મને કહે, મારે ઘરે છે મહેમાન. મારે ત્યાં શાક લઈ જવાની ઉતાવળ છે. શેઠ ! સો રૂપિયા લાગશે સો. ઝવેરી પાકા ૧૦ લાખનો માલ ૧૦૦ રૂપિયામાં લઈ લીધો. સોની નોટ આપી દીધી અને ટેક્ષીવાળાને કહે જલ્દી ભાગ હવે, તું પાછું વાળીને જોઈશમાં.

બીજે દિવસે એને ૧૦ લાખમાં સોદો કરી લીધો, સોદો કર્યો ડીલીવરી ન આપી, ત્રીજે દિવસે આવ્યા શેઠ ભૂલેશ્વરમાં, ત્યાં બધાને ભેગાં કરી. કાલની હરરાજીવાળા ભાઈઓ કહેવાય ને, મારા બંગલે આ રવિવારે ચા પાણી પીવા માટે આમંત્રણ આપું છું. આવ્યા બધાય. મોટો કરોડપતિ અબજોપતિ શેઠ. તો બદામની પુરી, કાજુની પુરી, હલવા ને પાર વગરની વસ્તુ, આમ ટેબલ ઉપર. ઓલા બધા શેઠ કહે આ શું છે ? કહે, વાત તો કરો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અમને બધાને આંમત્રણ આપવાનું કારણ શું ? કે કાલે મેં જે કાચ લીધો'તો ને સો રૂપિયામાં, ઈ ૧૦ લાખમાં વેંચ્યો. આહા ! હેં ? હવે ભલે તમે લઈ લીધો અમને વાંધો નથી કાંઈ, પણ હવે અમને કળા બતાવો. બીજી વાર કોઈ વેંચવા આવે તો અમને ખ્યાલ આવે અમને કળા બતાવો.

વચમાં ટેબલ મૂક્યું. ઘાટીને કહે ચારે બાજુ લાલ ફૂલનો ઢગલો કરી દે. વચમાં સ્ફટિક મૂકી દ્યો. પચાસ જણા આવ્યા'તા એક પછી એકને ઊભા કર્યા. આ કાચ કેવો લાગે છે ? રાતો, રાતો. બધા રાતો કહે. સફેદ કોઈએ કહ્યું નહીં. ઘાટીને કહે ફૂલ કાઢી નાંખ. કાચ એકલો રાખ. બધાને ઊભા કર્યા, કેવો લાગે છે ? સફેદ, સફેદ, સફેદ, સફેદ. પછી ત્રીજો રાઉન્ડ કર્યો. પાછા બધા ફૂલ મૂકીને, હવે કેવું લાગે છે ? અરે ! હવે છેતરાઈ અમે, એ તો સફેદ જ છે.

અમને ભ્રાંતિ થઈ ગઈ'તી અંદરમાં. એમ મનુષ્ય થઈ ગયો, હું દેવ થઈ ગયો, હું પૈસાવાળો થઈ ગયો, હું નારકી થઈ ગયો, હું રાગી થઈ ગયો, હું મિથ્યાદષ્ટિ થઈ ગયો. નથી મિથ્યાદષ્ટિ થયો, તું પરમાત્મા છો એમ લે ને. આહા ! મિથ્યાત્વ તો એક સમયની પર્યાય બહિર્મુખ છે, એનાથી ભિન્ન પરમાત્મા બિરાજમાન છે. એને જો ને મિથ્યાત્વ નહીં રહે. એમ આ કળનું કામ છે, આમાં બળ કામ નહીં આવે. કે આટલું દાન દઈ દ્યો, આટલા મંદિર બંધાવો, આટલી જાત્રા કરો, આટલા ઉપવાસ કરો, આ જ્ઞાન કળા વડે જ્ઞાનને કળી લે, જ્ઞાનથી જ્ઞાનને કળી લે. જ્ઞાનકળામાં અખંડનો પ્રતિભાસ તો છે પણ કળી લે.

પદાર્થો અરીસાને પ્રાર્થના પણ કરતા નથી, સહજ એવો સંબંધ છે કે પદાર્થોનો જેવો આકાર છે, તેવા જ આકારરૂપે અરીસામાં પ્રતિબિંબિત થાય છે. અરીસામાં પદાર્થ આવતા નથી તો જ્ઞાનમાં પદાર્થ આવી જાય ? આ મકાન બંગલો કરોડ રૂપિયાનો ફલેટ આવી જાય નહીં. મારા-મારા કરે છે, મરે છે. મારું એક રજકણ થવાનું નથી. પ્રતિબિંબ પડતા અરીસો એમ માનતો નથી કે આ પદાર્થો મારા માટે ભલા છે. બહુ માલ ભર્યો છે આમાં તો. જ્ઞાનમાં પ્રતિબિંબ થાય, કરોડ રૂપિયાનો ઢગલો દેખાય, પણ જ્ઞાનમાં એ રૂપિયા આવતા નથી, અને જ્ઞાનમાં માત્ર એનો પ્રતિભાસ થાય છે, પણ એ પદાર્થો, બહારના પદાર્થો આવતા નથી. ઘુસી જતા નથી. ઉપયોગમાંય આવતા નથી.

રાગ ભિન્ન છે અને જ્ઞાન ભિન્ન છે, એમ સોગાનીજીએ એક વાત જ્યાં સાંભળી, રાતના બેસી ગયા, સમ્યગ્દર્શન લઈને ઊભા થઈ ગયા. આ સોગાનીજીની નગરી છે. મને સોગાનીજીએ કહ્યું'તું કે આ કલકત્તાની અંદર ૮૦ લાખની વસ્તી છે એમાં હું એક જ સુખી છું, બાકી બધા દુઃખી છે. મને પ્રત્યક્ષ કહ્યું હતું. મારી સાથે પરિચય ઘણો હતો. એના કરતા

એક સૂક્ષ્મ વાત ઈ પુરુષે કહી. એ વખતે હું સોનગઢ રહેતો'તો. મેં આહારનું આમંત્રણ આપ્યું. મારે ત્યાં પધાર્યા રસ્તામાં ચાલતા-ચાલતા પોતે સ્વયં બોલ્યા, મારા પૂછ્યા સિવાય કે લાલચંદભાઈ યે જ્ઞાન-દર્શન ચારિત્રકા પરિણામ નિર્વિકારી, નિર્વિકારી વીતરાગી નિશ્ચય મોક્ષકા માર્ગ પ્રગટ હોતા હૈ પર્યાયમેં, વો આત્માકે આશ્રય સે હોતા હૈ, વો મેરેકો ખટકતા હૈ.

પછી મેં કહ્યું, એ તો શાસ્ત્રમાં છે, નિશ્ચયનયાશ્રિત મુનિવરો પામે નિર્વાણને. તો કહે. વહ બાત તો સહી હૈ શાસ્ત્ર કી બાત આપ કહતે હૈ, મેરે કો મંજુર હૈ, મગર મેરે કો વો બાત ખટકતી હે. આહાહા ! કેટલી પર્યાયની નિરપેક્ષ સત્તની વાત. પર્યાય નિરપેક્ષ, પરથી તો નિરપેક્ષ, વ્યવહાર રત્નત્રયથી તો નિરપેક્ષ, પણ જેના લક્ષે થાય એમ કહેવાય, તો પણ એ તો સત્ અહેતુક છે પર્યાય. આહાહા ! ગજબનો પુરુષ.

પછી જ્યારે એનો સ્વર્ગવાસ થવાનો હતો ત્યાર પહેલાં માટુંગા પધાર્યા હતા, ત્યારે અમે મળ્યા અને એક સામે બંગલો હતો ત્યાં બધા મુમુક્ષુ ભેગા થયા. સાંજે તો જવાના હતા ઈ. ત્યારે થોડી ચર્ચા થઈ, સ્વયં બોલ્યા ઈ. આહા ! લાલચંદભાઈ ! મેં કહ્યું બોલો. ફરમાવો, કે ''મૈં કિસકા ધ્યાન કરું, મેં તો ધ્રુવ પરમાત્મા હું. પર્યાય મેરા ધ્યાન કરે તો કરો'' મને એ વખતે થયું, બોલ્યો નહીં, મનમાં રાખ્યું. ગુરુ ન બોલે ત્યાં સુધી આપણાથી ન બોલાય, કે આ એકાવતારી પુરુષ છે. આને ભવ ન હોય. મારે આત્માનું ધ્યાન કરવું છે. ઈ વાત નહીં, ''પર્યાય મેરા ધ્યાન કરે તો કરો, મૈં કિસકા ધ્યાન કરું ''મૈં તો પરિપૂર્ણ ધ્રુવ પરમાત્મા હું'' આહા ! ગજબનો જીવ થઈ ગયો. પૂર્વનો સંસ્કારી હતો. પૂર્વે એને સાધના કરેલી કહેવાનો મારો આશય ઈ છે કે દ્રવ્ય, ગુણ ને પર્યાયને પહેલાં નિરપેક્ષ જો, પછી સાપેક્ષની વાત કર, કેમ કે જ્ઞાન જ્યારે પ્રગટ થાય છે. ત્યારે એનું લક્ષ જ્ઞાયક ઉપર જાય છે. તો જ્ઞાયકને આશ્રયે જ્ઞાન થાય ઈ વાત બરાબર છે, સંતોની વાત ઈ પણ સાચી છે, પણ જ્યારે નિરપેક્ષની વાત આવે ત્યારે સાપેક્ષ એને ખટકે છે. આ વાત પંચાધ્યાયીમાં છે. આહા !

સ્વપરને જાણે છે ઈ જ્ઞાન છે નહીં. પર્યાય સત્ છે, નિરાલંબી છે, નિર્વિકલ્પ છે. ઈ કોઈનું આલંબન લ્યે ત્યારે પર્યાય પ્રગટ થાય એમ છે જ નહીં. ત્યારે એ પર્યાયને સત્ જોને તું. તો તારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર જ આવશે, બીજે નહીં જાય. તો પર્યાયનું લક્ષ ત્યાં થયું તો પર્યાય એના આશ્રયે થઈ એમ કહેવામાં આવે છે. બાકી પર્યાય સત્ અહેતુક છે, સ્વકાળે થાય છે, એના ષટ્કારક એમાં છે. ક્ષણિક ઉપાદાનથી ક્રિયા થાય છે. આહા ! રાગ કર્મથી થતો નથી અને રાગ આત્માથી પણ થતો નથી. એના ષટ્કારકથી ક્ષણિક ઉપાદાનથી થાય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. અંતરગર્ભિત પર્યાયરૂપ પરિણમન શક્તિ એવી યોગ્યતા પડી છે, તો ઉત્પન્ન થાય છે અંદરમાં રાગ નથી.

પર્યાય ઉત્પન્ન થાય ત્યારે એની યોગ્યતા. રાગ ઉત્પન્ન થાય ત્યારે એનું લક્ષ કર્મ ઉપર હોય તો નિમિત્તના આશ્રયે રાગ થાય એમ કહેવામાં આવે છે. બાકી એ વખતે નિમિત્ત છે ખરું, નિમિત્ત નથી એમ નહીં. પણ ઈ નિમિત્તથી થાય તો એ નિમિત્ત રહેતું નથી. કુંભારથી ઘડો થાય તો કુંભારને નિમિત્ત કહેવાય, કેમ કે એક પદાર્થ બીજા પદાર્થના પરિણામની અપેક્ષા રાખતો નથી. સ્વતંત્ર સત્ આખું જગત છે. સત્‌થી જો તો તું જ્ઞાતા થઈ જાઈશ. જ્ઞાન અંદરમાં અહીંયા આવશે.

આ પ્રતિબિંબ પડતા અરીસો એમ માનતો નથી કે આ પદાર્થો મારા માટે ભલા છે, ઉપકારી છે, રાગ કરવાયોગ્ય છે. બધા પદાર્થો પ્રત્યે સમાનભાવ પ્રવર્તે છે. જેવી રીતે અરીસામાં કેટલાક ઘટપટાદિ પદાર્થો પ્રતિબિંબિત થાય છે, તેવી જ રીતે, તેવી 'જ' લખ્યું છે. દર્પણની માફક 'જ'. દર્પણમાં પ્રતિબિંબિત થાય રાગ અને જ્ઞાનમાં રાગ આવી જાય ? અરે પ્રતિબિંબિત થાય છે દર્પણની માફક, રાગ ક્યાં તારામાં આવ્યો ? આહાહા ! રાગ તો બર્હિતત્ત્વ છે, બહાર જ રહે છે. પ્રતિભાસ થાય છે. અરે જેનો પ્રતિભાસ થાય છે તેની સામે ન જો. જેમાં પ્રતિભાસ થાય છે એને જો ને. તો જ્ઞેયમાંથી જ્ઞાનની પર્યાયમાં આવી જાઈશ અને જ્ઞાનની પર્યાય ને જ્ઞાયક એક હોવાથી અનુભવ થઈ જશે.

જેવી રીતે અરીસામાં કેટલાક ઘટપટાદિ પદાર્થો પ્રતિબિંબિત થાય છે, તેવી જ રીતે. એમ સમકોટી કહી. અરીસામાં કાંઈ પદાર્થો આવતા નથી. એવી જ રીતે જ્ઞાનરૂપી દર્પણમાં સમસ્ત જીવાદિ પ્રતિબિંબિત થાય છે, પદાર્થો કાંઈ જ્ઞાનમાં ઘુસતા નથી, આવતા નથી, ભાઈ રહેવા દે. આહાહા ! તું જ્ઞાનને જો, ને જ્ઞાયકને જો તો ખરો. અરે જરાક જ્ઞાનને જોઈશ ને તોય તારું વલણ જ્ઞેયથી વિમુખ થવા મંડશે અને જ્ઞાનને જોઈશ ને તો જ્ઞાન તો જ્ઞાયકનું છે, તો જ્ઞાયક ઉપર તું આવી જઈશ.

એવું કોઈ દ્રવ્ય કે પર્યાય નથી કે જે જ્ઞાનમાં ન આવ્યું હોય. જ્ઞાનમાં ન આવ્યું હોય એટલે જ્ઞાનમાં બધા પદાર્થો આવી જાય એમ નહીં. બધાનો અહીં પ્રતિભાસ થઈ જાય છે. થઈ ગયો છે. પાછી એમાં ખૂબી છે કે વધઘટ થઈ નથી એમાં કાંઈ. એમાં બહુ માલ છે. ક્રમબદ્ધ પર્યાય છે. એમાં અકર્તા છે, એમાં પરનો જ્ઞાતા નથી, એવું ઘણું આમાં છે. માલ તો બહુ ભર્યો છે. આવા શુદ્ધ ચૈતન્ય પ્રકાશનો સર્વોત્કૃષ્ટ મહિમા સ્તુતિ કરવા યોગ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રવચન નં. ૩૨
### કલકત્તા શિબિર
### તા. ૧૭-૧૧-૯૬ - સવારે

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. સમયસાર એટલે શુદ્ધ આત્મા, અને શુદ્ધ આત્માને બતાવનારું જે શાસ્ત્ર જિનવાણી એને પણ સમયસાર કહેવામાં આવે છે. સમસયાર બે જગ્યાએ છે. એક તો મૂળ સમયસાર એટલે શુદ્ધ આત્મા અહીં અંદર છે. ઉપાદાન અહીંયા છે શુદ્ધ આત્મા સમયસાર, અને એને પ્રસિદ્ધ કરનાર એને બતાવનાર જિનાગમ જિનવાણી એમાં પણ આગમના સારભૂત અધ્યાત્મવિદ્યા, અધ્યાત્મશાસ્ત્ર એટલે આ નિમિત્ત સમયસાર ઈ શુદ્ધઆત્માને પ્રસિદ્ધ કરનારું છે.

(એ) એવું પ્રસિદ્ધ કરે છે, કે હે ભવ્ય આત્માઓ તમારામાં રાગ નથી, દ્વેષ નથી, મોહ નથી, દુઃખ નથી. તમારો શુદ્ધ આત્મા એને કર્મનો બંધ અત્યારે થયો નથી, ભૂતકાળમાં થયો નહોતો, વર્તમાન ને ભવિષ્યમાં થશે નહિં એ બતાવનારું સમયસાર શાસ્ત્ર છે. શુદ્ધઆત્માને પ્રસિદ્ધ કરનારું, બતાવનારું, પ્રતિપાદન કરનારું શાસ્ત્ર છે. કે જેણે અનંતકાળથી શુદ્ધ આત્માનો અનુભવ તો કર્યો નથી પણ શુદ્ધ આત્માને બતાવનાર આ શાસ્ત્રો, ચાર પ્રકારના અનુયોગમાં દ્રવ્યાનુયોગ, દ્રવ્યાનુયોગમાં પણ સમયસાર આદિ શાસ્ત્રો, એની લાયકાત ન હોય ત્યાં સુધી એ કાન ઉપર પણ આવતા નથી.

ઘણું સાંભળ્યું ઘણું વાંચ્યું ઘણી ધારણા કરી પણ મૂળ પોતાનો શુદ્ધ આત્મા જાણવો રહી ગયો ! જાણ્યું ઘણું પંડિત થયો, અગિયાર અંગ પણ ભણી ચૂક્યો ગોમ્મટસાર આદિ એવા શાસ્ત્રો કર્મગ્રંથના પણ વાંચ્યા. એ આઠ પ્રકારની કર્મની પ્રકૃત્તિમાં ઘાતિ અઘાતિના ભેદ જાણ્યા. એના પણ ભેદ જાણ્યા એકસો અડતાલીસ કર્મની પ્રકૃત્તિના. એના ઉદય, ઉદીરણા, સતા એ ઘણું જાણી લીધું. પણ એ જાણવામાં રોકાતાં એક આત્મા જાણવામાં રહી ગયો. અનંત અનંત કાળ થયો, બાકી શું રહી ગયું એને ? એક બાકી રહી ગયો હોય તો આ શુદ્ધ આત્મા, બાકી રહી ગયો છે !

કાલે વાત આવી ગઈ છે કે જ્ઞાયકભાવ નિત્ય ઉદ્યોતરૂપ છે, છે ને છે. પ્રગટ છે. અત્યારે બધાની પાસે છે. એ જાણવાનો રહી ગયો, જાણવાનું રહી ગયું પણ એમાં પણ એક કારણ એવું છે કે હું પરને જાણું છું એમાં આખો જાણનારો રહી જાય છે. પ્રભુ ! આહા ! પહેલાં સ્વને જાણી લેને ! જેનું જ્ઞાન છે એને તો જાણ, જેનું જ્ઞાન નથી એને જાણવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

રોકાણો. એ છ દ્રવ્યનું જ્ઞાન નથી. નવ તત્ત્વના ભેદનું જ્ઞાન નથી એ તો જ્ઞાન આત્માનું છે. અને એ આત્માને જાણવાનું બાકી રહી ગયું, એ જીવ ઉન્નતિ કાળ ક્રમમાં આવતાં, એનો જન્મ ભરતક્ષેત્રમાં થયો. અને એ પંચમકાળમાં જ્ઞાનીના વિરહ બહુ છે. ક્યાંક ક્યાંક વિરલ છે. આત્મજ્ઞાની પુરુષો મળવા બહુ દુર્લભ છે. એમાં પણ એના પુણ્યના પ્રકારે સંયોગ થયો જ્ઞાનીનો, અને એની કોઈ ઉપાદાનની એવી તૈયારી થઈ ગઈ કે અલ્પકાળમાં એનો મોક્ષ થવાનો છે, એવા જીવોને આ પંચમકાળમાં હીણા કાળમાં, એને જ્ઞાનીનો યોગ થયો.

એ જ્ઞાની ફરમાવે છે કે પરને જાણવું એ તારો સ્વભાવ નથી. કેમ કે જ્ઞાન તો આત્માનું છે. જ્ઞાન જ્ઞેયોનું નથી અને જેનું જ્ઞાન નથી એની સન્મુખ થઈને તું અનંતકાળથી જાણતો આવ્યો, પણ પરને જાણતાં જ્ઞાનેય નથી ને સુખેય નથી.

જ્ઞાનીઓ ફરમાવે છે કળશ ટીકામાં. પહેલાં જ કળશમાં રાજમલજી, જૈન ધર્મના મર્મી, અનુભવનો રસિયો, એવો પુરુષ લખે છે. ગૃહસ્થી હતા એ, એના નિમિત્તે બનારસીદાસ પામી ગયા. એવો પુરુષ લખે છે, હે આત્મા ! સંસારી જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, કાળ અને આકાશ એમાં જ્ઞાન નથી ને એમાં સુખ નથી અને એને જાણતાં તને જ્ઞાન નહીં થાય. એમાં દ્રવ્યશ્રુત આવી ગયું, દ્રવ્યશ્રુતને જાણતાં જ્ઞાન નહીં થાય એ દ્રવ્યશ્રુતનો વિવેક છે, અવિવેક નથી.

એક રહી ગયું છે બાકી. આપણા સૌના ભાગ્ય જોગે આવા ધર્માત્માનો જન્મ અહીંયા થયો. એણે શુદ્ધ આત્માનું સ્વરૂપ બતાવ્યું, અને એને જાણવાની વિધિ પણ બતાવતા ગયા. બતાવનાર તો સર્વજ્ઞ ભગવાન છે એની પરંપરામાં કુંદકુંદ પ્રભુ થયા, અમૃતચંદ્ર આચાર્ય થયા, એની પરિપાટીમાં એક પ્રખર જ્ઞાની, પૂજ્ય કાનજીસ્વામી થયા સોનગઢના સંત. એણે અવલોકન કર્યું. સ્થાનકવાસી હતા પોતે, દીક્ષા લીધી'તી. આહા ! પણ ક્યાંય એને સાચું તત્ત્વ મળ્યું નહીં. ૩૨ આગમ અનેકવાર વાંચ્યા. ૪૫ આગમ અનેકવાર જોયા, પણ એને જોતું'તું એ કાંઈ મલ્યું નહીં.

એમાં યોગાનુયોગ ૭૮ ની સાલમાં દામનગરમાં દામોદર શેઠ હતા. એ વખતે મુંબઈમાં પરમશ્રુત પ્રભાવક મંડળની શ્રીમદ્ રાજચંદ્રજીએ સ્થાપના કરી. અને એમાં આ સમયસાર છપાઈ ગયું. આમ પાનામાં છપાણું પહેલાં. ત્યાંથી એ પુસ્તક આવ્યું ને વાચ્યું, જોયું. આહાહા ! ઝવેરીની નજર હીરા ઉપર પડતાં હીરાનો પારખુ છે ઈ, અરે આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. આહા !

એને ૧૨-૧૨, ૧૩-૧૩ વર્ષ ગુપ્તવાસ સેવ્યો. બહાર ન પડ્યા, પણ જ્યારે શ્રદ્ધાથી પરિપક્વ સ્થિતિ થાય છે, પછી જ્ઞાનની પરિપક્વ સ્થિતિ ખુલાસા મોડા પણ થાય છે.

કેટલાકને અંતર્મુહૂર્તમાં થાય અને કેટલાકને જ્ઞાનના પડખાંઓ કેટલાંક (એમાં ટાઈમ પણ લાગે) એનું કારણ શું કે એને જ્ઞાનના પડખાંની પણ જરૂર હતી. એને પ્રતિપાદન કરવું'તું. પોતાનું તો કરી લીધું. પણ પ્રતિપાદનમાં ઘણાં પ્રકારોથી વિરોધ આવે.

પરિપક્વ સ્થિતિ જ્યારે થઈ ત્યારે મુહપતિનો તેણે ત્યાગ કર્યો. હું દિગંબર શ્રાવક બ્રહ્મચારી છું, હું મુનિ નથી. ભાવલિંગી સંત નગ્ન દિગંબરમુનિની ક્યાં વાત કરું એના ચરણની રજ અમે છીએ. આહા ! એ પુરુષને આત્માનો પ્રત્યક્ષ અનુભવ થયો, પ્રત્યક્ષ અનુભવ તો થયો પણ કેટલીક લબ્ધિ પણ એને પ્રગટ થઈ ચૂકી હતી, પણ કારણોવસાત લબ્ધિ બહાર ન આવી. આહાહા ! એ પુરુષે આ જાહેરમાં શરૂઆત એવી રીતે કરી, અમે વ્યાખ્યાન આપીએ ને અમારી પાસે એક જ પુસ્તક હોય એમ નહીં, અમે જેનું સ્પષ્ટીકરણ કરીએ છીએ ઈ બધાની પાસે હોવું જોઈએ. એકેક લીટીનું અમે સ્પષ્ટીકરણ શું કરીએ છીએ ? શું અર્થ કરીએ છીએ ? એમ કરીને બધાને એણે ઘણાંને તૈયાર કર્યા, ઘણાં જીવો એના સમીપમાં યોગ્યતા અનુસાર, ક્ષયોપશમ અનુસાર, રુચિ અનુસાર સૌ સૌની યોગ્યતા મુજબ ઘણાંએ ગ્રહણ કર્યું. થોડા નહીં ઘણાંએ ગ્રહણ કર્યું.

તેઓશ્રી જ્યારે આ છટ્ઠી ગાથા લેતા સમયસારની ત્યારે ફરમાવતા, કે આ તો છઠ્ઠીના લેખ છે. ફરે નહીં અફર છે. આ ફરે એમ નથી જગતને ફરવું પડશે. શુદ્ધાત્માનું સ્વરૂપ શું છે ? એની સ્પષ્ટ વ્યાખ્યા, છઠ્ઠી ગાથામાં પહેલી લીટીમાં કહ્યું કે પ્રમત્ત અપ્રમત્ત દશા, નિશ્ચયનયે ભિન્ન છે ને વ્યવહારનયે અભિન્ન છે એમ ન કહેતાં, આત્માના મૂળ સ્વભાવથી વાત કરી કે સ્વભાવમાં પ્રમત્ત અપ્રમત્ત દશાઓ, સાપેક્ષ પર્યાયો, કર્મ સાપેક્ષ પર્યાયો, ભગવાન પરમાત્મામાં નથી. પર્યાયો પર્યાયમાં ભલે હો પણ એ મારામાં નથી.

નિશ્ચયનયે નથી એમ ન કહ્યું. નિશ્ચયનયે નથી તો વ્યવહારનયે છે એમ આવી જશે અને વ્યવહારનો પક્ષ રહી જશે. આ નિશ્ચયનય અને વ્યવહારનયથી ઓળંગવાની વાત અહીંયા ચાલે છે. નિશ્ચયનયથી અને વ્યવહારનયથી તો જાણ્યા પડખાં બેય. પણ હવે એના સ્વભાવથી જો ને તું. આહાહા ! આત્માના મૂળ સ્વભાવથી જોને તું જ્ઞાયકને, તો જ્ઞાયકને જોતાં અંદરમાં અમને તો પ્રમત્ત અપ્રમત્ત દશાઓ દેખાતી નથી.

ત્યારે શિષ્યને વિકલ્પ ઊઠ્યો, કે પ્રભુ ! તત્ત્વાર્થસૂત્રમાં તો ઉત્પાદ્વ્યયધ્રુવયુક્તંસત્ છે. એ તો આત્માનું સ્વરૂપ જ છે, તો કે હા છે. તો કૃપા કરીને એકવાર અંદર ડૂબકી મારીને ફરીથી મને કહો કે ઉત્પાદ્વ્યય છે કે નહીં ? અશુદ્ધ પર્યાય ન હોય તો કાંઈ નહીં પણ શુદ્ધ પર્યાય તો આત્મામાં છે કે નહીં ? મને ફરીથી જોઈને કહો. આહાહા ! આચાર્ય ભગવાનને કરુણા આવી, કુંદકુંદભગવાને ડૂબકી મારી અંદર, એને શું વાર લાગે. ડૂબકી મારીને જોયું.

હે વત્સલ ! હે ભવ્ય આત્મા ! તારો પ્રશ્ન મેં મારા ખ્યાલમાં લીધો છે. અંદરમાં જોયું, ચારે કોર મેં તપાસ કરી અનંતગુણમાં એકેક ગુણમાં મારું જ્ઞાન પ્રવેશી ગયું. એકેક ગુણમાં. એકેક ગુણમાં, એકેક ગુણમાં, તે ગુણની પર્યાય તે તે તેમાં છે કે નહીં એ મેં જોયું. જ્ઞાન ગુણની પર્યાય જ્ઞાન ગુણમાં છે કે નહીં ? શ્રદ્ધા ગુણ છે, એમાં શ્રદ્ધાની પર્યાય છે કે નહીં ? સુખ નામનો ગુણ ત્રિકાળી છે, એમાં સુખ નામની પર્યાય છે કે નહીં ? બધા ગુણોને મેં તપાસી લીધા, પ્રભુ ! પણ મને ક્યાંય ગુણમાં કે ગુણીમાં પર્યાય દેખાણી નથી. એવા આત્માને મેં દેખ્યો છે. તું પણ એવા આત્માને દેખી લે !

પછી શિષ્ય પ્રશ્ન કરે છે કે તો પર્યાયનું શું થશે ? કે દેખનારી પર્યાય છે ઈ જ્યારે દેખશે દ્રવ્યને ત્યારે પર્યાયને પણ ઈ જાણી લેશે લે. એ સમ્યક્એકાંતપૂર્વક અનેકાંત છે, ધ્યેયપૂર્વક જ્ઞેય થાય છે. બહુ ઊંચી વાતો છે. આહાહા ! પ્રયોજનભૂત વાત છે. પાંદડા તોડવાની વાત નથી. આ તો મૂળમાં ઘાની વાત છે.

હવે જ્યારે ત્રિકાળી દ્રવ્યને, દૃષ્ટિના વિષયને પર્યાયથી રહિત કહ્યો, હવે પર્યાયથી રહિત કહ્યા પછી અનુભવ તો પરિણામમાં થાય છે શુદ્ધ ઉપયોગમાં. ઈ અનુભવ કેમ થાય ? એની વાત બીજા પારામાં બતાવે છે. કાલ થોડું ચાલ્યું'તું. દૃષ્ટાંત આપ્યો'તો.

શું કહે છે, કે જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. શું કહે છે, જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે એનો અર્થ એમ છે કે જ્ઞેયને જાણે છે માટે જ્ઞાયક પ્રસિદ્ધ છે એમ લખ્યું નથી. જ્ઞેયાકાર થવાથી આ તો મહામંત્ર છે ઝેર ઉતારનારા. અત્યારે તો પોતાની માન્યતાને એક બાજુ રાખી, પેટીમાં પેક કરી, આ એક વાત તું સાંભળ ! તેં સાંભળી નથી એવી વાતો મારે સંભળાવવી છે. આહા ! કામ ભોગ બંધનની કથા તો તેં અનંતવાર સાંભળી. આનું કરવું ને આને જાણવું, આને છોડવું, આને ગ્રહવું ને આને ત્યાગ કરવું એવી વાત તો તે સ્થૂળ વાતો તો તેં સાંભળી છે.

પણ તું આવ્યો છો સમર્થ પુરુષ કુંદકુંદ ભગવાન પાસે, સાંભળ ! જે પુરુષ ભરત ક્ષેત્રમાંથી વિદેહમાં પધાર્યા. આહા ! આઠ દિવસ રહ્યા. મોટો ઉત્સવ ચક્રવર્તીએ કર્યો. આહાહા ! એ જ્યારે કુંદકુંદ ભગવાન ત્યાં પધાર્યા ત્યારે અહીંયા ભરતક્ષેત્રમાં અત્યારે ઘણાં જીવો આવ્યા છે, એમાં થોડા જીવો પણ ત્યાં હતા. એણે પણ નજરે જોયેલું, એવા સમર્થ પુરુષે આવીને આ શાસ્ત્રની રચના કરી. આહા ! આ તો સાક્ષાત દિવ્યધ્વનિ અહીંયા આવી ગઈ છે. આપણને લોટરી લાગી ગઈ છે. રાંકને ઘરે રતન આવ્યું. આહાહા ! તું સંભાળજે એની કિંમત કરજે, બહુ કિંમત છે આમાં. ઈ તો વાંચી લીધુ મેં, એમ ન ચાલે.

જ્ઞેયાકાર થવાથી એટલે શું ? જ્ઞાનની પર્યાયમાં સ્વ અને પર બે પ્રકારના જ્ઞેયોનો

પ્રતિભાસ પ્રત્યેક જીવની પ્રત્યેક ઉપયોગરૂપ પર્યાયમાં થઈ રહ્યો છે. એ ઉપયોગ પરને ને સ્વને જાણે છે એમ નહીં, જ્ઞેયાકાર થવાથી શબ્દ છે. એવી જ્ઞાનની પર્યાય સ્વચ્છ છે. શુદ્ધ પણ નહીં ને અશુદ્ધ પણ નહીં. ઉપયોગ લક્ષણ છે. એ પછી કનવર્ટ થઈ જાય છે, જ્ઞાનમાં ને કાં અજ્ઞાનમાં.

પહેલાં તો જ્ઞાયક જેમ છે અનાદિ અનંત એમ ઉપયોગ પણ એનો અનાદિ અનંત છે, સામાન્ય ઉપયોગ. વિષયના ભેદે અંતરમાં જાય તો સમ્યગ્જ્ઞાન નામ પામે છે. એ ઉપયોગ બર્હિમુખ થઈ જાય તો મિથ્યાજ્ઞાન નામ પામે છે. એવી જ્ઞેયાકાર અવસ્થા થવાથી સ્વ અને પરનો પ્રતિભાસ અંદર જ્ઞાનમાં થવાથી તેને જ્ઞાયક એવું નામ પ્રસિદ્ધ છે. જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર. આહાહા ! જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જાણવું છે, અને એમાં સ્વપરના પદાર્થો પ્રતિભાસે છે, જેમ દર્પણમાં પ્રતિભાસે તેમ. કાલે દૃષ્ટાંત આપ્યું'તું. પુરુષાર્થ સિદ્ધિ ઉપાયની પહેલી ગાથા જ્ઞેયાકાર થવાથી, ઘણો માલ છે આ બીજા પારામાં.

આત્માને જાણ્યો નથી અનંતકાળથી, એણે જાણ્યું છે પણ ઈન્દ્રિયજ્ઞાનથી પરને જાણ્યું છે. ઈ ઈન્દ્રિયજ્ઞાનથી પરને જાણતાં એને આખો સંસાર ઊભો થઈ ગયો છે. અને ઈન્દ્રિયજ્ઞાનને જ્ઞાન માનીને છેતરાણો છે, ઠગાણો છે. ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી. ઈ જ્ઞેયનું જ્ઞાન હોવાથી જ્ઞેય જ છે. શાસ્ત્રજ્ઞાન જ્ઞાન નથી, જ્ઞેય છે. કેમ જ્ઞેય છે તેનું નામ. જ્ઞેયનું જ્ઞાન થાય છે માટે જ્ઞાનનું નામ જ્ઞેય જ છે. એનું નામ જ્ઞાન નથી. જ્ઞાન તો કેને કહેવાય કે જેમાં ભગવાન પરમાત્માના દર્શન થાય અને એ જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદનો સ્વભાવ આવે, ભલે થોડો નીચલી ભૂમિકામાં. જ્ઞાનની સાથે અવિનાભૂત આત્મિક આનંદ પ્રગટ થાય છે, એને પરમાત્મા જ્ઞાન કહે છે. જે ઈન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે અને એની હારે આકુળતા પ્રગટ થાય છે, એને પરમાત્મા જ્ઞાન કહેતા નથી. તારી કલ્પના તેં ભલે કરી છે પણ કલ્પના ખોટી છે. આહા !

જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. શું હવે કહે છે ? આ બીજો બોલ. અંદરમાં ઊંડાણમાં જાવાનું છે. સમુદ્રની મધ્યમાં જાય ને ત્યારે મોતી મળે, બાકી કાંઠે તો શંખલા હાથમાં આવે. બે પદાર્થમાં સ્વ ને પર પદાર્થો પ્રતિભાસે છે અંદરમાં, તેથી તેને જ્ઞાયક કહેવાય તો પણ એ જ્ઞાનમાં જ્ઞેયકૃત અશુદ્ધતા નથી. જ્ઞેયો પ્રતિભાસે છે માટે જ્ઞાન છે એમ પણ નથી. જ્ઞાન તો જ્ઞાનથી છે એને જ્ઞેયના પ્રતિભાસની ખરેખર અપેક્ષા નથી. જ્ઞાનની પર્યાય પણ નિરપેક્ષ છે પણ સમજાવવા માટે હેતુવશ કહેવું પડે બીજો ઉપાય નથી. અજ્ઞાની ન સમજતો હોય તેથી કહેવું પડે.

પંચાધ્યાયી કહે કે જ્ઞાન સત્ છે. કોણ સમજે ? જ્ઞાન સત્ છે. પછી લખે છે કે હેતુવશ એટલે બીજાને સમજાવવા માટે એ સત્ જ્ઞાન નિરાવલંબી-નિર્વિકલ્પ હોવા છતાં, પણ

પરનું અવલંબન લઈને એને સમજાવે છે, કે સ્વપરને જાણે તે જ્ઞાન. એ પર્યાયની નિરપેક્ષ સ્થિતિનું ત્યાં વર્ણન કરે છે. અભ્યાસ જોઈએ થોડો, અભ્યાસ હોય તો મજા આવે.

જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી એટલે જ્ઞેયથી જ્ઞાન થાય છે એમ નથી. જ્ઞેયથી જ્ઞાન થાય છે એમ નથી, પરજ્ઞેયને જાણે છે માટે અહીંયા જ્ઞાન પ્રગટ થાય છે એમ નથી. અરે જ્ઞેયથી તો જ્ઞાન નથી પણ જ્ઞેયનું પણ જ્ઞાન નથી, એ તો જ્ઞાન જ્ઞાયકનું છે. જરા શાંતિથી ધીરજ રાખીને, ના ન પાડવી તેમ સમજ્યા વિના હા પણ ન પાડવી. કેમકે જો અહીંયા સમજ્યા વિના હા પાડશો તો બહારમાં પણ સમજ્યા વિના હા પાડવા મંડશો, તેથી સમજીને હા પાડવી. પરીક્ષાપ્રધાની થવું, પરીક્ષા કરવી. આહાહા !

કુંદકુંદ ભગવાન કહે છે, કે અમે વાત કહેશું એકત્વ વિભક્ત આત્માની, પણ તું અનભુવથી પ્રમાણ કરજે. એમ અહીં કહે છે કે જ્ઞેયકૃત અશુદ્ધતા એને નથી. જ્ઞેયને જાણે છે માટે આંહી જ્ઞાન પ્રગટ થાય છે એમ નથી. નિમિત્તનું જ્ઞાન થાય છે માટે ઉપાદાનમાં જ્ઞાન થાય છે એમ નથી. નિમિત્ત તો છે, નિમિત્તની ના કોણ પાડે છે ? નિમિત્તની કોણ ના પાડે ? ઉપાદાનની સાથે નિમિત્ત છે. પણ તારું લક્ષ નિમિત્ત ઉપર છે ને એટલે ઉપાદાન તને દૃષ્ટિમાં આવતું નથી. જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જ્ઞેયથી જ્ઞાન ન થાય ત્રણકાળમાં અને જ્ઞેયનું પણ જ્ઞાન ન થાય. જ્ઞેયનું જ્ઞાન થાય તો જ્ઞાન જ્ઞેયરૂપ થઈ જાય છે. આત્માનો નાશ થઈ જાય છે. બધી વાત આવશે ધીમેધીમે. આહા !

આચાર્ય ભગવાન ફરમાવે છે, કે તેં નથી સાંભળીને વાત એવી વાત હું તને કહેવાનો છું. આહાહા ! બહુ કરુણા આવી ગઈ અમારા ઉપર પ્રભુ આપની, તેં વાત આજ સુધી સાંભળી નથી. અનંતવાર તું ભલે તીર્થંકરની સભામાં ગયો, દિવ્યધ્વનિ સાંભળી પણ એ સાંભળનારો બીજો હતો તું નહોતો. ઈ શું ? એ તો કર્ણેન્દ્રિયે સાંભળ્યું'તું, આત્માના જ્ઞાને એને સાંભળ્યું નથી. આત્માનું જ્ઞાન આત્માને છોડીને પરને જાણવા જતું જ નથી. પ્રભુ ! આ વાત અલૌકિક છે. આહા ! આ તો અલ્પકાળમાં કામ થઈ જાય એવી વાત છે.

જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જ્ઞેયથી આત્માનું જ્ઞાન થતું નથી અને જ્ઞેયનું જ્ઞાન થતું નથી. જો જ્ઞેયનું જ્ઞાન હોય, રાગનું જ્ઞાન હોય, રાગથી તો આત્મજ્ઞાન થાય નહીં, તો તો બધાને રાગ થાય છે ને બધાને આત્મજ્ઞાન થવું જોઈએ. રાગથી તો જ્ઞાન ન થાય આત્માનું, પણ એ આત્માનું જ્ઞાન એમાં રાગ જ્ઞેય ન થાય. આત્મા જ્ઞેય થાય ત્યારે એને જ્ઞાન પ્રગટ થાય. એક ક્ષણ ભર તો તું ઈન્દ્રિયજ્ઞાનને રોકી દે, રોકાઈ જાય છે. આહા ! પછી ભલે ઈન્દ્રિયજ્ઞાન ઊભું થાય થોડા ટાઈમ માટે એનો કાંઈ વાંધો નહીં, પછી તો એનો ક્ષય થઈ જશે. આહા !

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞેયકૃત અશુદ્ધતા જ્ઞાનને નથી. જે જ્ઞાનમાં ભગવાન આત્મા હમણાં પ્રત્યક્ષ થશે, પરોક્ષ થઈને પ્રત્યક્ષ થવાનો છે હમણાં જ થોડીવારમાં, આપણે કાલ ઉપર સાંજ ઉપર નહીં છોડીએ. હમણાં લઈ લેશું જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી.

હવે એ અશુદ્ધતા તેને નથી એનું કારણ શું ? જ્ઞેયથી જ્ઞાન ન થાય અને જ્ઞેયનું જ્ઞાન ન થાય. કારણ કે, જબરજસ્ત કારણ આપે છે. કારણ કે, છે ને પુસ્તક તમારી પાસે, યુગલજી સાહેબ પાસે પુસ્તક નથી ? ઠીક યાદ છે ગાથા. શું કહે છે ? પ્રભુ ! આહા ! આ તો સાક્ષાત સીમંધર પ્રભુની વાણી આપણા માટે આવી છે. કુંદકુંદ ભગવાન લાવ્યા. ગુરુદેવના માધ્યમથી આપણને મળી. કારણ કે, હવે જ્ઞેયાકાર થવાથી તેને જ્ઞાયક એવું નામ પ્રસિદ્ધ છે, એવું ઉપલી લીટીમાં આવી ગયું છે, તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. કારણ કે જ્ઞેયથી જ્ઞાન થતું નથી અને જ્ઞેયનું પણ જ્ઞાન જો થઈ જાય તો જ્ઞેયકૃત અશુદ્ધતા આવી જાય.

રાગથી તો આત્માનું જ્ઞાન ન થાય પણ રાગનું જો જ્ઞાન થાય તો જ્ઞેયકૃત અશુદ્ધતા આવી જાય, જ્ઞાન રહેતું નથી. રાગનું જ્ઞાન ન થાય ? કે ના, ન થાય. તો રાગને સાધક અવસ્થા છે ત્યારે કોણ જાણે છે ? બુદ્ધિનો વિષય છે, જ્ઞાનનો વિષય નથી. એ આવશે બધું. ગાથા તો ઘણી લખી છે જેટલી આવે તેટલી ખરી. ત્યારે કહે છે કારણ કે, જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી એટલે જ્ઞાનને નથી, કારણ કે, કારણ સબળ આપે છે. કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં એટલે જ્ઞાનની પર્યાયમાં, કે જે પર્યાયમાં સ્વ અને પરનો પ્રતિભાસ અનાદિ અનંત બધા જીવોને થઈ ગયો છે. નવો પ્રતિભાસ થતો નથી. અતીત, અનાગત, વર્તમાન ત્રણકાળના પદાર્થો એની વર્તમાન જ્ઞાનની સ્વચ્છ પર્યાયમાં પ્રતિભાસ થઈ રહ્યો છે. આહા ! એવી જ્ઞેયાકાર અવસ્થામાં એટલે જેમાં સ્વ અને પરનો પ્રતિભાસ થાય છે, એવી જ્ઞાનની એક સમયની પર્યાયમાં, પ્રતિભાસ બેનો થાય છે, લક્ષ એકનું આવે છે. લક્ષ બેનું ન હોય.

જ્ઞેયાકાર અવસ્થામાં શું જણાણું ? કે જ્ઞાયકપણે જણાયો. જ્ઞેયાકાર અવસ્થામાં એટલે વર્તમાન ઉપયોગમાં જેમાં સ્વપર બેયના પ્રતિભાસ થાય છે, એવી એક જ્ઞાનની પર્યાય જે અનેકાકાર હોવા છતાં એક છે. એવી જ્ઞાનની પર્યાયમાં શું જણાય છે ? કે પર જણાય છે ? ના. સ્વપર જણાય છે ? ના. શું જણાય છે ? આ અનુભવી પુરુષનું વચન છે. લક્ષમાં લેજો જરાક કલકત્તાવાળા, કામ થઈ જશે. જણાય છે શું જ્ઞેયાકાર અવસ્થામાં ? જ્ઞાનની પર્યાય તો પ્રગટ થાય છે. એમાં બેનો પ્રતિભાસ તો થાય છે. હવે એનો વિષય શું છે જ્ઞાનની પર્યાયનો, જે પર્યાયમાં સ્વપરનો પ્રતિભાસ થાય છે, એ પ્રતિભાસમય જ્ઞાન છે. પરમય નથી. જેનો પ્રતિભાસ થાય છે એ મય નથી. જેમાં પ્રતિભાસ થાય છે જ્ઞાનમાં, એવી જ્ઞાનની પર્યાય, એવી જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો, 'જ્ઞાત તે તો તે જ છે''

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એનો અર્થ ચાલે છે. હજી તો જ્ઞાત થયો છે, હજી તો જણાયો અનુભવ તો બાકી છે. આવશે હમણાં આવશે બધું આવશે. આ અનુભવની વિધિ ચાલે છે. અનુભવનો વિષય તો પહેલાં પારામાં આવી ગયો જ્ઞાયકભાવ, જેમાં પ્રમત્ત અપ્રમત્ત દશાઓ નથી. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો.

હવે આ બાબતમાં ખુલાસો. પ્રવચનસારની એંસી નંબરની ગાથા. અરિહંતના દ્રવ્ય ગુણ પર્યાયને જાણી અને જે કોઈ આત્મા પોતાના આત્માને જાણે છે એનો મોહ એટલે મિથ્યાત્વ ક્ષય થઈ જાય છે, એવી ગાથા છે. ઈ ગાથાની સંસ્કૃત ટીકાઓ છે. એના ત્રણ વ્યક્તિએ અનુવાદ હિન્દીમાં કર્યા છે. એક પહેલો અનુવાદ શીતલપ્રસાદે કર્યો, બીજો અનુવાદ એનો અજીતપ્રસાદ અને મખનલાલે કર્યો, અને ત્રીજો અનુવાદ હમણાં બ્રહ્મચારી કલ્પનાબેન જયપુર છે ત્યાંથી એક પુસ્તક બહાર પાડ્યું છે, એને કર્યો. ત્રણેયે અનુવાદ કર્યા છે, એમાં જયસેન આચાર્ય ભગવાનની ટીકામાં આનું રહસ્ય બહુ છે. જ્ઞાયકપણે જણાયો તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં જ્ઞાયક છે. બસ એક લીટીનો એમાં ખુલાસો છે. ઈ ખુલાસો આપણે લઈ લઈએ છીએ. હવે મારે મોહની સેનાને કઈ રીતે જીતવી, તેમ તેને જીતવાનો ઉપાય વિચારે છે.

જે જાણતો અર્હંતને, ગુણ દ્રવ્ય ને પર્યાયપણે
તે જીવ જાણે આત્માને તસુ મોહ પામે લય ખરે.

એની ટીકા : સમજાય એવું છે, ન સમજાય એવું આમાં કાંઈ લખ્યું જ નથી. કોઈ નહીં સમજે માટે શાસ્ત્ર લખ્યા છે ? જે ખરેખર અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે. પહેલાં નિમિત્તની સાપેક્ષતાથી વાત ઉપાડી અને નિમિત્તનું લક્ષ છોડાવીને ઉપાદાન તરફ લઈ જાય છે. ઉપાદાનના ત્રણ ભેદમાંથી અભેદ તરફ લઈ જશે અને અનુભવ થઈ જશે. અનુભવ થશે નહીં, થઈ જશે. હવે થાશે થાશે ક્યાં સુધી કરવાનું. આવા ભાવલિંગી સંત આપણને અનુભવી મળ્યા, ઈ વિધિ બતાવે છે અંદર જાવાની.

તે ખરેખર આત્માને જાણે છે. કારણ કે બન્નેમાં નિશ્ચયથી તફાવત નથી. ત્યાં કેવળજ્ઞાન છે અને અહીંયા મતિશ્રુતજ્ઞાન છે, માટે તફાવત છે, એમ નથી. ત્યાંય ઉપયોગ ને અહીંયા પણ ઉપયોગ છે. આહાહા ! એ ઉપયોગ અંદરમાં વળે છે તો મોહનો ક્ષય થઈ જાય છે. વળી અર્હંતનું સ્વરૂપ છેલ્લા તાપને પામેલા સુવર્ણના સ્વરૂપની માફક પરિસ્પષ્ટ, સર્વ પ્રકારે સ્પષ્ટ છે. તેથી તેનું જ્ઞાન થતાં, અર્હંતનું જ્ઞાન થતાં સર્વ આત્માનું જ્ઞાન થાય છે. બધા આત્માઓ અરિહંત જેવા છે. ત્યાં અન્વય છે તે દ્રવ્ય છે. અન્વયનું વિશેષણ તે ગુણ છે. અન્વયના વ્યતિરેકો તે પર્યાયો છે. દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણ શાસ્ત્રની ભાષાની વાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરી. સર્વત્ર વિશુદ્ધ એવા ભગવાન અર્હંતમાં, અરિહંતના દર્શન કરતાં પોતે અરિહંત થઈ જાય છે. એમ કહે છે. આહા ! આ અરિહંતની પ્રતિમા છે, સિદ્ધની નહીં. પ્રતિમા અરિહંતની છે તેનાં દર્શન કરતાં પોતાના દર્શન થાય છે, એમ કહે છે. એ તો નિમિત્તનું બહુમાન આવ્યું. અરે નિમિત્ત ઉપરથી લક્ષ છૂટી જાય છે. સાંભળ તો ખરો તું.

એક વખત પહેલાં તો હું બહારગામ જાતો'તો વાંચન માટે. એમાં ઈન્દોર જવાનું થયું. તો ઈન્દોરમાં કોઈ આગળ પરામાં કોઈ મંદિર ઈ વખતે બાંધેલું નવું મંદિર, તો એ લોકો આવ્યા કે તમે આહાર કરીને સાંજે ફરવા નીકળો તો અમારે ત્યાં મંદિરે આવો, ભલે મેં કીધું આવશું. હું ગયો ત્યાં, ત્યાંના મુમુક્ષુ ભાઈઓ બધા ભેગાં થઈ ગયા. મેં કહ્યું આ અરિહંતની પ્રતિમા છે અને દર્શન તમે કરવા રોજ આવો છો. કહે હા. રોજ આવીએ છીએ. તો આ અરિહંતના દર્શન કરતાં તમને લાભ શું થાય ? એનો કાંઈ વિચાર કર્યો છે ? કહે, ના. એ બહુ વિચાર નથી કર્યો. ભગવાનના દર્શન કરવા આવીએ છીએ. એમાં મર્મ છે. આ સ્થાપના નિક્ષેપમાં મર્મ છે. વ્યવહાર, વ્યવહારના સ્થાને સત્યાર્થ છે. આહાહા ! પછી કહ્યું મેં એક દાખલો આપ્યો, બધા બેઠા.

મેં કહ્યું એક સિંહનું ટોળું હતું, એમાંથી એક સિંહનું બચ્ચુ છૂટું પડી ગયું અને બધા સિંહો વયા ગયા. આ એકલું બચ્ચું હતું એમાં ભરવાડ ઓલા ઘેટાને ચારવા નીકળે ને તો એની ભેગું ભળી ગયું. થાવા માંડ્યું મોટું. ઓલા પહાડની ટેકરી ઉપરથી સિંહે જોયું. અરે ! અમારી જાતનું આ બચ્ચુ અહીંયા ક્યાંથી આવી ગયું. હવે એને કેમ છોડાવવું ? ઈ સિંહ તો અહિંયા આવી શકે નહીં, બચ્ચુ ત્યાં જઈ શકે નહીં. એટલે એણે અવાજ કર્યો. પ્રથમ મારી સામે જો, મારું રૂપ જોઈ લે તું પહેલાં અને પછી તું તારી સામે જો. એણે બચ્ચાએ સિંહ સામે જોયું પહેલાં, પછી પોતા તરફ જોયું અને ઠેકડો મારીને નીકળી ગયું. એટલા માટે અરિહંતની પ્રતિમાના દર્શન છે.

આખો દિવસ ભૂલી ગયો હોય વેપાર રોજગારમાં પોતાના સ્વરૂપને, નિજ પરમાત્માનો સીધો ખ્યાલ ન આવતો હોય તો નિમિત્તનું અવલંબન લઈને નિમિત્તને છોડીને એ ઉપાદાનમાં આવી શકે છે, એ વ્યવહાર છે. આ મફતનો વ્યવહાર નથી. ખુશી થઈ ગયા કે આ તો અમે વિચાર્યું નહોતું. આહાહા !

એમ અહીંયા કહે છે કે સર્વત્ર વિશુદ્ધ એવા ભગવાન અર્હંતમાં, અર્હંતના સ્વરૂપનું ખ્યાલ કરતાં જીવ ત્રણે પ્રકારમય સમયને, ત્રણ પ્રકાર છે સમયના, દ્રવ્ય-ગુણ-પર્યાય. દ્રવ્યગુણપર્યાય મય નિજ આત્માને, જો આ પર્યાયથી સહિત આવ્યો આત્મા તે જ્ઞેય છે. આ જ્ઞેયનો પાઠ ચાલે છે. ધ્યેયનો પાઠ પહેલાં પારામાં આવી ગયો તે પર્યાયથી રહિત છે. જ્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પર્યાયથી રહિતનું શ્રદ્ધાન થયું ત્યાં પર્યાયથી સહિતનું જ્ઞાન થઈને અનુભવ થઈ જાય છે. દ્રવ્યગુણપર્યાયથી પોતાના નિજ આત્માને મન વડે કળી લ્યે છે લ્યો. અનુભવ પહેલાં માનસિક જ્ઞાનમાં કળી લ્યે એટલે જાણી લ્યે છે. એટલે મનવાળા પ્રાણીને જણાય પણ જાય છે. ઘણું ઘણું છે આમાં માલ. આહા ! સમજી લ્યે છે, કળી લ્યે છે, જાણી લ્યે છે, તે આ પ્રમાણે છે.

આ ચેતન છે એવો જે અન્વય તે દ્રવ્ય છે. છે, છે ને છે અન્વય, અન્વયનાં આશ્રિત રહેલું દ્રવ્યનું ચૈતન્ય એવું જે વિશેષણ એ ગુણ છે. જ્ઞાનાદિ ગુણો છે અને એક સમયની સમયમાત્રની મર્યાદાવાળું જેનું કાળ પરિમાણ હોવાથી પરસ્પર અપ્રવૃત્ત છે. એક પર્યાયમાં બીજી પર્યાયની નાસ્તિ છે, એવો અન્વય, વ્યતિરેક એક બીજામાં નહીં પ્રવર્તતા એવા એ અન્વયના વ્યતિરેકો તે પર્યાયો છે. દ્રવ્ય ગુણ પર્યાયની વાત કરી.

હવે અનુભવની વિધિ બતાવે છે કે જેઓ ચિદ્‌વિવર્તનની આત્માના પરિણામની વ્યક્તિઓ છે પર્યાયો, હવે આમાં આવ્યું કે જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. કારણ કે એ જ્ઞેયાકાર અવસ્થામાં જે જ્ઞાયકપણે જણાયો, હું મનુષ્ય છું એમ જણાતું નથી, હું રાગી છું એમ જણાતું નથી, છે નહીં તો જણાય ક્યાંથી ? છે નહીં એવું સ્વરૂપ તારું. પણ સંસાર અવસ્થામાં હું રાગી છું તે ભૂલ છે તારી મોટી. સંસાર અવસ્થા જ આત્મામાં નથી. ઈ તો પહેલાં કહી દીધું તને. તને ખ્યાલ નથી આવ્યો. પ્રમત્ત અપ્રમત્ત દશા, મિથ્યાદર્શનજ્ઞાન ચારિત્રના પરિણામ આત્મામાં નથી. આસ્રવો ત્રિકાળી દ્રવ્યમાં નથી. આસ્રવ પર્યાયમાં છે પર્યાયકૃત છે. જીવકૃત નથી. કર્મકૃત પણ નથી રાગ, જીવકૃત પણ નથી, એ તો પર્યાયકૃત છે. આહાહા !

હવે એ રીતે ત્રણેય, ત્રિકાળીને પણ, ત્રિકાળી આત્માને એકકાળે, એક સમયે, દ્રવ્ય-ગુણ પર્યાયને એક સમયે કળી લેતો તે જીવ, હવે દૃષ્ટાંત આપે છે. જેમ મોતીઓને ઝૂલતા હારમાં સંક્ષેપવામાં આવે છે. મોતી પર્યાય, મોતી છે ઈ પર્યાયના સ્થાને મોતી લીધું છે, તેમ ચિદવિવર્તનને ચેતનમાં સંક્ષેપીને પર્યાયનું લક્ષ છોડીને દ્રવ્યની સન્મુખ થતાં પર્યાય દેખાતી નથી. પર્યાય છે પણ દ્રવ્યની સન્મુખ થતાં એ પર્યાયનું લક્ષ છૂટી જાય છે. એ પર્યાયનું લક્ષ છૂટે છે અને દ્રવ્યનું લક્ષ થાય છે તો દ્રવ્યનું લક્ષ કરનાર તો પર્યાય છે, તો અભેદ થઈને અનુભવ થાય છે. આહાહા !

કહે છે પર્યાયને ઉડાડે છે. અરે ! પર્યાયને કોણ ઉડાડે ? પર્યાયનું જ્ઞાન તો જ્ઞાનીને જ છે અજ્ઞાનીને પર્યાયનું જ્ઞાનેય ક્યાં છે. એકકાળે કળી લેતો તે જીવ, મોતીઓને ઝૂલતા હારમાં સંક્ષેપવામાં આવે છે તેમ ચિદ્‌વિવર્તોને ચેતનમાં જે સંક્ષેપીને (અંતર્ગત કરીને) તથા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વિશેષણવિશેષ્યપણાની ગુણભેદ, પર્યાયભેદ કાઢ્યો. પર્યાયભેદ કાઢ્યો નથી પણ પર્યાય ઉપરથી લક્ષ છૂટી, વિશેષ ઉપરથી લક્ષ છૂટી ને સામાન્યમાં આવ્યો, ઉપયોગ અંદરમાં. આહા ! પર્યાય તો રહી પણ પર્યાય અંતરમાં આવી ગઈ. પર્યાયનું લક્ષ છૂટ્યું ને પર્યાય આત્મા થઈ ગયો. કાલ આવ્યું'તું બાબુજીના પ્રવચનમાં પર્યાય આત્મા થઈ જાય છે. બરાબર છે.

તથા વિશેષણ વિશેષ્યપણાની વાસનાનું અંતર્ધાન થવાથી, જેમ ધોળાશને એટલે ગુણભેદ ધોળાશને, ઓલું પર્યાયને મોતી, હારમાં અંતર્હિત કરવામાં આવે છે. ઈ ધોળાશ ગુણભેદ ઉપરથી લક્ષ છૂટી જાય છે. જ્યાં ગુણી ઉપર લક્ષ થયું ત્યાં ગુણ ઉપરથી લક્ષ છૂટી જાય છે. દ્રવ્ય ઉપર લક્ષ આવે છે, પર્યાયનું લક્ષ છૂટ્યું ગુણી ઉપર લક્ષ આવ્યું, ગુણભેદ છૂટ્યો ગુણો રહી ગયા, ગુણોનો અભાવ થતો નથી અને ગુણભેદ છે, એનો અભાવ થતો નથી પણ ગુણભેદનું લક્ષ છોડીને અભેદમાં વયો જાય છે. ત્યારે ગુણભેદના લક્ષે જે વિકલ્પ ઉઠતો'તો, એ જ્યાં ગુણીનું લક્ષ થયું પરમાત્માનું ત્યાં નિર્વિકલ્પ ધ્યાનમાં સમ્યગ્દર્શનની પ્રગટતા થાય છે.

તથા વિશેષણ વિશિષ્યપણાની વાસનાનું અંતર્ધાન થવાથી, જેમ ધોળાશને હારમાં અંતર્હિત કરવામાં આવે છે તેમ ચૈતન્યને-ગુણને, ચૈતન્યમાં ગુણને ગુણીમાં એ તો ગુણી જ છે. ગુણભેદથી સમજાવીને, ગુણભેદનું લક્ષ છોડાવીને ગુણીનું લક્ષ થાય છે, ત્યાં ગુણપર્યાય જાણવામાં આવી જાય છે લક્ષ વગર, ગુણભેદનું લક્ષ ન હોય અનુભવના કાળમાં, ગુણોનું જ્ઞાન હોય. પર્યાયનું લક્ષ ન હોય પણ પર્યાયનું જ્ઞાન હોય. આનંદ આવ્યો ઈ પર્યાયને જાણે કે નહીં જ્ઞાન ? જાણે.

ચૈતન્યને ચેતનમાં જ અંતર્હિત કરીને, જેમ કેવળ હારને જાણવામાં આવતાં, દ્રવ્યગુણ પર્યાય લીધું છે ને ? આ જ્ઞેય છે આખું. ધ્યેયપૂર્વક જ્ઞેય થાય છે. જ્ઞેય ન થાય તો જૈન દર્શન રહેતું નથી અને ધ્યેય હાથમાં ન આવે તો એને અનુભવ થતો નથી. ધોળાશને એ હારમાં અંતર્હિત કરવામાં આવે છે, તેમ ચેતનને ચૈતન્યમાં કેવળ આ હારને જાણવામાં આવે છે. આ હાર હવે થઈ ગયો, મોતી ને સફેદને દોરો ને બધા ભેદના વિકલ્પો છૂટી ગયા. ભેદો રહી ગયા ને ભેદનું લક્ષ છૂટી ગયું. ભેદ ઉડાડીને કાંઈ બહાર નથી આપણે અલોકઆકાશમાં ગુણભેદને મોકલવા. આહા ! ગુણો રહી ગયા. ગુણના ભેદો અતદ્ભાવરૂપ છે તે રહી ગયા. ઉત્પાદવ્યયની પર્યાય રહી ગઈ. પણ જ્યારે સામાન્ય ઉપર લક્ષ જાય છે. ત્યારે ગુણભેદ કે પર્યાયનું લક્ષ રહેતું નથી. પર્યાય અભેદ થઈને અનુભવમાં આવે છે. ઈ પર્યાય આત્મા થઈ ગયો. ઈ સ્વજ્ઞેય છે.

અનંત ગુણનો પિંડ તે ધ્યેય છે અને શુદ્ધ ઉપયોગથી પરિણામી આત્મા થયો તે જ્ઞેય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અપરિણામી ધ્યેય ને પરિણામી જ્ઞેય સમય એક છે. સોગાનીજીનું હતું અપરિણામી એપરિણામી 'એ' શબ્દ વાપરતા'તા એપરિણામી હું મૈં. આહા ! તેમ ચેતનને ચૈતન્યમાં અંતર્હિત કરીને, જેમ કેવળ આ હારને જાણવામાં આવે છે, તેમ કેવળ આત્માને જાણતાં, કેવળ આત્માને જાણતા હોં, ગુણભેદ ને પર્યાયભેદ છૂટી ગયો. એ જ્ઞેય થઈ ગયું આ. તે જ્ઞેયમાં ધ્યેય રહેલું છે. ધ્યેયને ઉડાડીને જ્ઞેય થતું નથી. ધ્યેય રહી જાય છે ને જ્ઞેય થઈ જાય છે. શું કહ્યું ? અરે આ વાત સાંભળતાં પણ અંદરમાંથી પ્રમોદ આવે એવી આત્માની કથા છે. આહા !

પછી કહે છે કેવળ આત્માને જાણતાં, તેની ઉત્તરોત્તર ક્ષણે કર્તા કર્મ ક્રિયાનો વિભાગ ક્ષય પામતો જતો હોવાથી, ''કર્તા કર્મ ક્રિયા ભેદ નહીં ભાસતુ હૈ અકર્તુત્વ શક્તિ અખંડ રીતી ધરે ઈ, યાહી કે ગવેષી જ્ઞાનમાં હી લખી લીજે.'' દોઢ મહિનામાં સોગાનીજીના ત્રણ પત્રો છે. દોઢ મહિનામાં ત્રણ પત્રો જેના ઉપર લખ્યા છે ઈ ત્રણેય પત્રોમાં ઈ ચાર લીટી એણે લખી છે. કર્તા કર્મ ક્રિયા ભેદ નહીં ભાસતુ હૈ, અકર્તૃત્વ શક્તિ અખંડ રીતી ધરે ઈ યાહી કે ગવેષી જ્ઞાનમાંહી લખી લીજે, યાહી કી લખનીમેં અનંત સુખ ભર્યો હૈ. ત્રણ પત્રોમાં આ વાત એને દોહરાવી છે, ધ્યેયપૂર્વક જ્ઞેયની ઈ ધ્યેયપૂર્વક જ્ઞેય થયું.

કર્તા-કર્મ-ક્રિયા છે પણ ભેદ દેખાતો નથી. જ્ઞેયમાં કર્તા-કર્મ-ક્રિયાનો ભેદ દેખાતો નથી અને ધ્યેયમાં ગુણભેદ દેખાતો નથી. ઈ પરમ પારિણામીક ભાવ લક્ષણ છે એ પણ દેખાતું નથી. લક્ષ લક્ષણનો ભેદ પણ દેખાતો નથી, સ્વભાવ સ્વભાવવાનનો ભેદ દેખાતો નથી. અભેદ વસ્તુ એકાકાર દેખાય છે.

તેની ઉત્તરોત્તર ક્ષણે કર્તા કર્મ ક્રિયાનો વિભાગ ક્ષય પાડતો જતો હોવાથી, જો આ આવ્યો કરણલબ્ધિમાં મોહ હજી, ક્ષય થયો નથી જ્ઞાતઃ તે તો તે જ છે. જ્ઞાતઃ એટલે જે જણાયો અંતર્મુખ થઈને હજી અભેદ થયો નથી, બહુ અલ્પ સમયની વાત છે, કહેતા વાર લાગે. બાકી અનુભવમાં વાર નથી કહે છે, ઈ હમણાં કહેશે. નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે. અને એ રીતે મણીની જેમ તેનો નિર્મળ પ્રકાશ અકંપપણે પ્રવર્તે છે. એવા તે ચિન્માત્ર ભાવને પામેલા જીવને મોહાંધકાર નિરાશ્રયપણાને લીધે અવશ્યમય પ્રલય પામે છે. જો આમ છે તો મોહની સેનાને જીતવાનો ઉપાય એણે મેળવ્યો છે. આહા !

પછી સવિકલ્પ સ્વસંવેદન અને નિર્વિકલ્પ સ્વસંવેદન. પહેલાં આ પરમાત્માને જાણીને પછી નિશ્ચયથી તેજ દ્રવ્ય, ગુણ ને પર્યાયના આગમના સારભૂત જે અધ્યાત્મભાષા છે. તેના દ્વારા પોતાના શુદ્ધ આત્માની ભાવનાને સન્મુખ થઈને, શુદ્ધ આત્માની સન્મુખ થયો નથી, હજી શુદ્ધ આત્માની સન્મુખ એક વાત, શુદ્ધ આત્માની ભાવનાની સન્મુખ ઈ બીજી વાત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

શુદ્ધ આત્માની ભાવનાની સન્મુખ થઈને અર્થાત્ વિકલ્પ સહિત સ્વસંવેદનજ્ઞાનમાં પરિણમન કરવાથી, એવું પરિણમન થાય છે. આહા ! અધ:કરણ, અપૂર્વકરણ છે ને ? એમાં સવિકલ્પદશા છે. પરિણામ વિશેષોના બળથી તેવી રીતે, આગમની ભાષાથી અધ:કરણ અપૂર્વ કર, અનિવૃતિકરણ નામના પરિણામ વિશેષોના બળથી જે વિશેષભાવ દર્શનમોહનો ક્ષય કરવામાં સમર્થ છે, તે પોતાના આત્મામાં જોડાય છે. ત્યારપછી જ્યારે નિર્વિકલ્પ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે પરોક્ષ અને પ્રત્યક્ષ, પરોક્ષમાં આવી જાય છે આત્મા અને પરોક્ષ પર્યાયનો વ્યય થઈ અને તત્ક્ષણ પ્રત્યક્ષ થાય છે. ઓનો વ્યય ને આનો ઉત્પાદ્, એવી એક સંધી છે અંદરમાં પરોક્ષ પ્રત્યક્ષની. પૂર્વ પર્યાયમાં પરોક્ષ છે. ઉત્તર પર્યાયમાં પ્રત્યક્ષ થઈ જાય છે. ત્યારે જેવા પર્યાયરૂપે મોતીના દાણા, ગુણરૂપ સફેદી વગેરે અભેદનયે એક હારરૂપે જ માલૂમ પડે છે કે જેવા પૂર્વે કહેલા દ્રવ્ય ગુણ પર્યાય અભેદનયથી આત્મા જ છે. આવી રીતે ભાવના કરતા કરતા દર્શન મોહનો અંધકાર નાશ પામી જાય છે.

હવે શું કહે છે ? જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો. જ્ઞેયાકાર અવસ્થા એટલે જ્ઞાનની એક પર્યાય એમાં બેનો પ્રતિભાસ થાય છે. પોતાનો આત્મા પણ જણાય છે એમાં પ્રતિભાસ થાય છે અને લોકાલોકનો પ્રતિભાસ થાય છે, બધાને હોં અત્યારે. નિગોદના જીવમાં પણ છે. ત્યારે જ્ઞેયાકાર અવસ્થામાં પરનો પ્રતિભાસ થાય છે એ જણાતું નથી અને પરનો પ્રતિભાસ થાય છે ને સ્વનો પ્રતિભાસ થાય છે, એવી જ્ઞાનની પર્યાય જણાતી નથી.

જ્ઞેયાકાર અવસ્થામાં શું જણાય છે ? તે વિષય ચાલે છે હવે. કે જ્ઞેયાકાર અવસ્થા એટલે જ્ઞાનની પર્યાય, એમાં સ્વ અને પરનો બેયનો પ્રતિભાસ થાય છે. આ બધું શાસ્ત્રોક્ત છે. પ્રવચનસારની ૧૨૪ ગાથામાં આચાર્ય ભગવાન કહે છે ''અર્થ વિકલ્પ જ્ઞાનં પ્રમાણં'' અર્થ એટલે સ્વ અને પર એના વિભાગપૂર્વક આખું વિશ્વ તે અર્થ છે અને એનું અવભાસન-એના આકારો, જેવા સ્વરૂપ છે એનું અવભાસન તેનું નામ જ્ઞાન છે.

એ કહે છે કે એમાં જ્ઞેયાકાર અવસ્થામાં સ્વપરનો પ્રતિભાસ ભલે થાય, ઈ અનુભવમાં નડતો નથી. પરનો પ્રતિભાસ રહી જાય અને અનુભવ થઈ જાય. પ્રતિભાસ નડતો નથી. દર્પણમાં કોલસાનો પ્રતિભાસ થાય તો દર્પણ કાળું થાય ? થોડુંક ધાબું તો કાળું થાતું હશે ને ? કેમ એટલા તો ભાગમાં કાળાશ થઈ કે નહીં ? નહીં. અરે આખી પર્યાય સ્વચ્છ છે ઈ પર્યાયના બે કટકા ક્યાં થાય છે.

એમ કહે છે કે જ્ઞેયો જણાતા નથી. જ્ઞેયાકાર અવસ્થામાં જ્યારે અંતર્મુખ થાય છે જ્ઞાન, ત્યારે જ્ઞેયો જણાતા નથી. સ્વપર જેમાં પ્રતિભાસ થાય છે એવી જ્ઞાનની એક સમયની પર્યાય જણાતી નથી, પણ એ પર્યાયમાં જ્ઞાયક જણાય છે ત્યારે એને પરોક્ષ અનુભૂતી શરૂ
Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ ગઈ, બહુ અલ્પ સમયની આ વાત છે. વાત કરતા ટાઈમ લાગે. ત્યારે ઉત્તરોત્તર ક્ષણે એ અભેદમાં વયો જાય છે, ત્યારે પ્રત્યક્ષ અનુભૂતી થાય છે તેનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન છે. આવી વિધિ આમાં આ પારામાં લખેલી છે. લગભગ ટાઈમ પૂરો થઈ ગયો.

## પ્રવચન નં. 33
### કલકત્તા શિબિર
### તા. ૧૭-૧૧-૯૬ - રાત્રે

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. સમયસાર એટલે શુદ્ધાત્મા. એક ઉપાદાનરૂપે અહીં શુદ્ધાત્મા છે અને નિમિત્તરૂપે આ દ્રવ્યશ્રુત છે. બેયનું નામ એક સમયસાર છે. શાસ્ત્રનું (દ્રવ્યશ્રુતનું) નામ પણ સમસયાર અને આ (શુદ્ધ) આત્માનું નામ પણ સમયસાર છે. સમયસાર એટલે શુદ્ધ આત્મા. એ શુદ્ધ આત્મા એટલે નિજ પરમાત્મા, એ નિજ પરમાત્માનું (ખરું) સ્વરૂપ શું છે ? (એ) કેવું છે ? એ છઠ્ઠી ગાથાના પહેલાં પારામાં કહ્યું, કે પરિણામ માત્રથી આત્મા રહિત છે, રહિત છે ત્યાં હજી અલ્પવિરામ છે, એ (આત્મા) શુદ્ધ ઉપયોગથી સહિત થાય ત્યારે ત્યાં પૂર્ણવિરામ થાય છે. બાલચંદજી ભૈયા !

(અહીં) આચાર્ય ભગવાન ફરમાવે છે કે તારો જે આત્મા છે, એ પરિણામ માત્રથી રહિત છે. રહિત છે એમ કહ્યું ત્યાં તો અલ્પવિરામ લગાડ્યું એમણે, પૂર્ણવિરામ ત્યાં નથી થતું, પૂર્ણવિરામ તો બીજા પારામાં કહે છે, વળી હજુ કંઈક કહેવાનું બાકી રહી ગયું છે એ હું કહું છું, સાંભળ ! એક પાઠ સાંભળીને ભાગી જતો નહીં, કે (પર્યાયમાત્રથી) રહિત છે, રહિત છે, રહિત છે તે તો સાચું જ છે, રહિત છે એ તો (સત્ય છે) પરંતુ....

આમ તો પર્યાયથી રહિત અન્યમતિ-સાંખ્યમતિ (પણ) કહે છે, એવું જૈનમતમાં નથી. (આત્માને પર્યાયમાત્રથી) રહિત કહીને સહિત (પણ) કહ્યો છે. રહિત પણ સાચું ને સહિત પણ સાચું તો તો વિરોધ થઈ ગયો ! (પરંતુ) વિરોધ જેવું દેખાય છે-લાગે છે એ અનુભવકાળમાં ટળે છે. (માત્ર) શાસ્ત્ર વાંચનથી ટળતું નથી, ધારણાથી નથી ટળતું. વિરોધ છે ને ! રહિત અને સહિત (એમાં) વિરોધ થઈ ગયો ! રહિત પણ સાચું છે અને સહિત પણ સાચું છે ?

હા, બન્ને ય સત્ય છે. બન્નેના વિકલ્પ જૂઠા છે, રહિતનો વિકલ્પ પણ જૂઠો છે; સહિતનો વિકલ્પ પણ જૂઠો છે, એ જે વિરોધ (જેવું) દેખાય છે ઉપર-ઉપરથી, (પરંતુ) અનુભવના કાળમાં એક સમયમાં રહિતનું શ્રદ્ધાન અને સહિતનું જ્ઞાન, એક સમયમાં થાય છે, એનું નામ 'ધ્યેયપૂર્વક જ્ઞેય' કહેવાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(આ વિષે) અમારી આગળ તો ઘણાં (પ્રશ્નો આવે છે), અત્યારે તો હું બહાર નથી જતો, પહેલાં હું બહાર જતો હતો (ત્યારે) ઘણાં પ્રશ્નો આવે કે આપ કટકા કેમ કરો છો ? ‘ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તંસત્’ (સ્વરૂપ) એવી સત્તા-દ્રવ્યની સત્તા તો એક છે એમાં ઉત્પાદ-વ્યય નથી અને ધ્રુવ (સ્વરૂપ) એકલો આત્મા છે તો (તો) કટકા થઈ જાય છે. ધ્રુવ (એક જ) ઉપાદેય છે ને ઉત્પાદ-વ્યય ઉપાદેય નથી, જે છે (ઉત્પાદ-વ્યય તો છે, સત્તા એક છે- ‘ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્’ (છે ને !) તેમાં ધ્રુવ એકલો આત્મા છે તો કટકા થઈ જાય છે ! કટકા સમજ્યા ને ? કટકા થઈ જાય છે, (કટકા એટલે) ટુકડા.

સાંભળ ! (ભાઈ !) આચાર્ય ભગવાન દૃષ્ટાંત આપે છે કે સાંભળ ! શાંતિથી ! (ભાઈ સાંભળ !) અત્યારે (માથા ઉપરની) પાઘડી તો ગઈ, ટોપી પણ ગઈ, (સો-) બસો રૂપિયા દેવા પડે નહીં, ઠીક છે તો અત્યારે તો એકલો ઝભ્ભો છે. તો મુંબઈમાં એક ભાઈ કુર્તા (ઝભ્ભો) સીવડાવવા ગયો તો (દરજીએ કહ્યું) બસો રૂપિયા (સીલાઈના) થશે, સારું ! બે-ત્રણ મીટરનું એક સફેદ કાપડ લીધું (દરજી કહે આના ટુકડા કરવા પડશે) પેલો માણસ કહે બસો રૂપિયાનું કાપડ ખરીદ્યું ને ટુકડા !) તેણે તો એ કાપડ માથે ઓઢી લીધું અને ઝવેરી બજારમાં નીકળ્યો, ચાલ્યો જાય છે ત્યાં કોઈ સામે મળ્યું (એણે પૂછ્યું) કોણ ગુજરી ગયું છે ? ક્યારે સ્મશાનયાત્રા છે ? (અરે, ભાઈ !) કાંઈ કોઈ ગુજરી ગયું નથી, કોઈ સ્મશાનયાત્રા નથી. ત્યારે પેલાએ કહ્યું કે તમે આ (માથે) ઓઢીને નીકળ્યા એટલે એમ પુછાય ને ! આગળ જતા બીજાએ પૂછ્યું, ત્રીજાએ પૂછ્યું ! ત્યારે એને થયું કે આ ચાલે એમ નથી. કે આના તો બસો રૂપિયા ખર્ચવા પડશે.

(તેથી એ ભાઈ) એ કાપડ લઈને દરજી પાસે ગયો, દરજીએ (ઝભ્ભાનું) માપ લીધું અને લીધી (હાથમાં) કાતર, ના, ના, ના કાતર અડાડશો નહીં, (દરજી કહે) કાતર તો અડાડવી પડશે અને ટુકડા (પણ) કરવા પડશે, (પરંતુ) ટુકડાને હું એવી રીતે સાંધી દઈશ કે સાંધ દેખાશે નહીં, સાંધ દેખાશે નહીં (ને સરસ ઉપયોગી થશે.) તો તો ભાઈ એવી રીતે ટુકડાને અભેદ કરી ઘો છો, તો લ્યો ! આ બસો રૂપિયા ! (હવે મને) કોઈ વાંધો નથી.

(તેવી રીતે) પહેલાં ટુકડા કર્યા (ભેદજ્ઞાન કર્યું) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાંથી પર્યાયનું લક્ષ છોડી દીધું, ધ્રવનું લક્ષ આવી ગયું ત્યારપછી ઉત્પાદ-વ્યય જે પર્યાય-શુદ્ધોપયોગ છે એ અંદરમાં ઝૂકી ગઈ તો (આત્માનો) અનુભવ થઈ ગયો, એ અભેદ થઈ ગયો ! પરિણામથી રહિત હોવા છતાં પણ એ આત્મા શુદ્ધોપયોગથી સહિત થાય છે.

એ એકીલા દૃષ્ટિના વિષયથી જ કામ નહીં બને (અનુભૂતિ નહીં થાય). દૃષ્ટિના વિષયની સાથે જ્ઞાન આવે છે અંદરમાં અને શુદ્ધાત્માનું (જ્ઞાન-દર્શન) કરે છે તો પર્યાય,

પર્યાયરૂપ દેખાતી નથી, અભેદમાં ભદે દેખાતો નથી અભેદ જ એક ત્રિકાળ અભેદ અને એક ક્ષણિક અભેદ, એક ત્રિકાળ અભેદ અને એક ક્ષણિક અભેદ ! એવો વિકલ્પ પણ નથી અનુભવના કાળમાં ! (નિર્વિકલ્પ...નિર્વિકલ્પ...નિર્વિકલ્પ !) આહાહા !

આવી અપૂર્વ સ્યાદ્વાદની શૈલી છે, ભાઈ ! તો ગભરાશો નહીં, ગભરાશો નહીં કે રહિત કહ્યું છે તેથી એકાંત થઈ જશે ! સમ્યક્ એકાંત છે. થોડીવાર ધીરજ રાખ તું ! ત્યાં પૂર્ણવિરામ નથી થયું, અલ્પવિરામ છે રહિતની વાત કરી મેં પરંતુ ત્યારપછીની વાત વળી એનો અર્થ તો થોડો કહેવાનો બાકી છે (રહસ્ય બાકી છે) હવે એ હું કહુ છું, સાંભળો ! તો અત્યારે પરમાત્માનું શ્રદ્ધાન તો આવી ગયું-વ્યવહાર શ્રદ્ધાન-સવિકલ્પ શ્રદ્ધાન ! આહાહા !

હવે, આચાર્ય ભગવાન, એવા પરમાત્માના દર્શન કરવાની વિધિ અજ્ઞાની જીવને બતાવે છે, કે 'જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો' જ્ઞેયાકાર એક અવસ્થા છે-પર્યાય છે જ્ઞાનની. એનું નામ જ્ઞેયાકાર કેમ કહ્યું ? કે એને જ્ઞેયાકાર એટલા માટે કહ્યું કે જે ઉપયોગ પ્રગટ થાય છે એમાં સ્વ અને પરનો પ્રતિભાસ થાય છે. (કેવળજ્ઞાનમાં) લોકાલોકનો પ્રતિભાસ થાય છે એમ બધાને પ્રતિભાસ (થાય છે) સમજાણું ને ?

''પ્રતિભાસ'' સમજાય છે ને. જેમ દર્પણમાં પ્રતિભાસ છે, પણ દર્પણમાં કોઈ (ચીજ) કોયલા કે અગ્નિ આવતી નથી, એમ રાગનો પ્રતિભાસ છે, (પણ) રાગ તો ઉપયોગમાં આવતો જ નથી, પરંતુ ઉપયોગમાં રાગ, કર્તાનું કર્મ બનતું નથી અને આગળ ચાલીને એ ઉપયોગમાં રાગ, જ્ઞેય પણ બનતો નથી, રાગ જ્યાં સુધી જ્ઞેય બનશે ત્યાં સુધી આત્માનો અનુભવ થશે નહીં. શાંતિથી સાંભળવા જેવી વાત છે. પ્રતિભાસ થવા છતાં પણ એ દેખાતો નથી. (પરંતુ) જેમાં પ્રતિભાસ થાય છે એ દેખાય છે-(અર્થાત્) જ્ઞાન, પોતાનું જ્ઞાન દેખાય છે. જે જ્ઞાનની પર્યાયમાં પ્રતિભાસ થયો છે એ એવી પર્યાય દેખાય છે અને પર્યાય તથા દ્રવ્ય તો કથંચિત્ અભેદ છે, તેથી જ્ઞાનને જાણે છે તો જ્ઞાયકને (પણ) જાણી લે છે, જ્ઞાન અને જ્ઞાયક કથંચિત્ અભેદ હોવાથી, જ્ઞાનને જાણવાથી જ્ઞાતા બની જાય છે-અનુભવ થઈ જાય છે. (છતાં) ત્યાં રોકાતો નથી પર્યાયમાં ! સમજાવવા માટે શું કરે ? કે પર જાણવામાં નથી આવતું, પોતાની પર્યાય જાણવામાં આવે છે, આવું સમજાવવા માટે આવો ભેદ કરવો પડે છે પર્યાયનું જ્ઞાન કરવા માટે (છતાં ત્યાં) એવો ભેદ નથી, એ (ભેદ) છોડાવવા માટે છે.

કેમ કે જ્ઞેયાકાર અવસ્થામાં-જેમાં બે પ્રકારના પ્રતિભાસ થાય છે આવી જ્ઞાનની એક પર્યાયમાં, એમ નથી લીધું (કહ્યું કે) જ્ઞાનની પર્યાય જાણવામાં આવે છે (કહ્યું છે કે) જ્ઞાયક જાણવામાં આવે છે. 'જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો' -હજી નિર્વિકલ્પ અનુભવ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બાકી છે, આ તો અંતર્મુખ થઈ રહ્યું છે જ્ઞાન, (અંતર્મુખ) થતું થતું અભેદ થઈ જશે. થતું થતું હમણાં અભેદ થઈ જશે, હમણાં પરમાત્માના દર્શન થશે, વાર નહીં લાગે. પછી, (તેથી) કહે છે કે જ્ઞાયકપણે જે જણાયો ! જણાયો તો જ્ઞાયક જ. જ્ઞેયાકાર અવસ્થામાં પરજ્ઞેયોનો પ્રતિભાસ થયો તે ન જણાયો. (જણાયો જ્ઞાયક જ.)

(શું કહું ?) સ્વ-પરનો પ્રતિભાસ થાય છે એવી જ્ઞાનની પર્યાય ન જણાણી, એ ધ્યેય પણ ન થયું ને જ્ઞેય પણ ન થયું. શાંતિથી સાંભળવા જેવું છે. આહાહા ! એ જ્ઞેયાકાર અવસ્થામાં એકલી પર્યાય જ્ઞેય થતી નથી, એકલી પર્યાય ધ્યેય થતી નથી. એ જ્ઞાનની પર્યાય અંદરમાં જઈને જ્યાં દર્શન કરે છે પરમાત્માના ! (અહો !) પ્રત્યક્ષ દર્શન થાય છે. (અત્યારે થાય છે) ચોથા કાળે થાય છે ! હરણીઆને થાય છે, દેડકાને થાય છે ! હરણીયાને શુદ્ધોપયોગમાં સમ્યગ્દર્શન પ્રગટ થાય ! કોઈ કોઈને શુદ્ધોપયોગ ચોથે ગુણસ્થાને હોય !!

અરે ! સમયસાર, પ્રવચનસાર વાંચ તો ખરો ! આચાર્યભગવાન કહે છે. હમણાં આવશે (ટીકામાં) 'જ્ઞેયાકાર અવસ્થામાં જાણનારપણે જણાયો' -હું તો જાણનાર (જાણનાર-જાણનાર) છું એમ જણાયું ! જણાયું, પણ એ હજુ પરોક્ષ અનુભૂતિ છે-સવિકલ્પ સ્વસંવેદન નામ એને આપ્યું છે. આ આત્મદર્શનની વિધિ ચાલે છે, એટલે પર્યાયથી રહિત કહ્યું પણ પર્યાયથી સહિત થઈ જાય છે ! બાલચંદજી ? (પર્યાયથી સહિત) ન થાય તો સાંખ્યમત થઈ જાય છે, (એને જેમ) પર્યાયથી (સર્વથા) રહિત છે એમ નથી. અન્યમતિ (રહિત) કહે છે એમ જૈનમત રહિત કહેતો નથી. રહિત કહે છે કે રહિતનું શ્રદ્ધાન-જ્ઞાન થાય છે તો સહિત થઈ જાય છે-શુદ્ધોપયોગથી સહિત હોં ! આહાહા !

એ વાત જયસેન આચાર્ય ભગવાને પ્રવચનસારની એંસી નંબરની ગાથામાં (વર્ણવી છે), અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણતાં, પોતાનો આત્મા જણાતાં, મોહક્ષય થાય છે-દર્શનમોહ, એની વાત ચાલે છે. 'જે જાણતો અર્હંતને' કર્તારૂપે જે જાણે છે, આ કથનમાં કર્તાકારકમાં પ્રયુક્ત 'જે જાણે છે' કોને જાણે છે ? જે અર્હંતને જાણે છે. કેવા રૂપે અર્હંતને જાણે છે ? જે દ્રવ્યરૂપથી-ગુણરૂપથી-પર્યાયરૂપથી અર્હંતને જાણે છે, તે પુરુષ અર્હંતનું સમસ્ત પ્રકારે જ્ઞાન થવાથી આત્માને જાણે છે, તે આત્મા સમસ્ત પ્રકારે જ્ઞાન થવાથી તેનો મોહ એટલે દર્શનમોહ-મિથ્યાત્વ વિનાશ (પામે છે)-મિથ્યાત્વના નાશની વાત છે, ચારિત્રમોહના નાશનો વાત નથી. દર્શનમોહના નાશની વાત છે. સંસ્કૃતમાં છે હોં ! આ સંસ્કૃતનો બરાબર અનુવાદ કર્યો છે, જયપુરમાં એક બ્રહ્મચારી કલ્પનાબેન છે, એણે અનુવાદ કર્યો છે. સંસ્કૃતમાં પણ આ જ શબ્દ છે, એનો જ હિન્દી અનુવાદ છે.

દર્શનમોહ વિનાશને પ્રાપ્ત થાય છે, તે આ પ્રકારે...કેવળજ્ઞાન આદિ વિશેષગુણ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અસ્તિવત્વ આદિ સામાન્યગુણ, પરમ ઔદારિક શરીરના આકારરૂપ જે આત્મપ્રદેશોનો આકાર તે વ્યંજપર્યાય, અગુરુલઘુગુણની ષટ્ગુણી હાનિ-વૃદ્ધિ-તે સમયે થવાવાળી અર્થપર્યાયો, આ લક્ષણવાળા ગુણ-પર્યાયોના આધારભૂત અમૂર્ત, અસંખ્યપ્રદેશી, શુદ્ધ ચૈતન્યના અન્વયરૂપ-નિત્ય તે તે દ્રવ્ય છે. આ પ્રકારે દ્રવ્યગુણપર્યાયના સ્વરૂપને પહેલાં કહેલા અર્હંત નામના પરમાત્મામાં જાણીને, તદનન્તર-એના પછી નિશ્ચયનયથી તે આગમના સારપદભૂત-આ આગમનો સાર છે, આગમના સારપદભૂત અધ્યાત્મભાષાની અપેક્ષાથી, સ્વશુદ્ધ આત્મ ભાવનાની સન્મુખરૂપ, શુદ્ધ આત્માની સન્મુખ એમ શબ્દ ન લખતાં, દૃષ્ટિના વિષય પર દૃષ્ટિ ઢળે છે, ઢળીને અભેદ થઈ નથી, થોડો એમાં સમય લાગે છે પ્રક્રિયામાં. અનુભવમાં એક સમય છે-પહેલાં સમયે ધ્યેયનું જ્ઞાન અને બીજા સમયે જ્ઞેયનું જ્ઞાન એમ નથી. પ્રક્રિયામાં ભેદ પડે ! કેમ કે એ અધઃકરણ આદિના જે પરિણામ છે તે હજી સવિકલ્પ છે. સૂક્ષ્મ વિકલ્પ છે-કેવળીગમ્ય છે.

આ પ્રકારે દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપને પહેલાં કહેલા અર્હંત નામના પરમાત્મામાં જાણીને, તદનન્તર નિશ્ચયનયથી આગમના સારપદભૂત અધ્યાત્મભાષાની અપેક્ષાથી સ્વશુદ્ધઆત્મ ભાવનાની સન્મુખરૂપ સવિકલ્પ સ્વસંવેદનજ્ઞાનથી, આ સવિકલ્પ સ્વસંવેદનજ્ઞાન, કરણલબ્ધિના પરિણામમાં થાય છે એની વાત ચાલે છે. બહાર સ્થૂળ સવિકલ્પ એમ નહીં, એ વાત નથી એ તો નીકળી ગઈ, આ તો અંતર્મુખ થાય છે, અભેદ થયું નથી જ્ઞાન, અભેદ થશે-અભેદની સન્મુખ ઢળે છે, ઈ અભેદની સન્મુખ ઉપયોગ ઢળતો જાય છે (ઉપયોગ) ભેદથી વિમુખ, દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદથી વિમુખ અને અભેદની સન્મુખ થાય છે જ્ઞાન ! સવિકલ્પ સ્વસંવેદન જ્ઞાનથી-સવિકલ્પ (છે) હજુ નિર્વિકલ્પ નથી થયો, સવિકલ્પ એક સ્વસંવેદન જ્ઞાનમાં પોતાનો આત્મા જણાય છે-બીજું કાંઈ જણાતું નથી. પર તો જણાતું નથી પણ એનાં ભેદ પણ હવે ધીમે-ધીમે વિલય પામતા જાય છે. આહાહા ! ઉપયોગ અભેદ તરફ જાય છે !

આહાહા ! આ ભાવલિંગી સંત સિવાય આવી વ્યાખ્યા કોણ કરી શકે ? સ્વસંવેદનજ્ઞાનથી, તે પ્રકારે આગમ ભાષાની અપેક્ષાથી અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ નામના દર્શનમોહના ક્ષયમાં સમર્થ-ક્ષય થયો નથી હજી દર્શનમોહ ! સમજાય એવું છે. શું કહે છે ? દર્શનમોહનો ક્ષય થતાં થોડા સમયો લાગી જાય છે, લાગે છે ત્યારે ઉપયોગ અંદરમાં જાય છે, ત્યારે મોહક્ષય થાય, (મોહક્ષય) થાય એવું સામર્થ્ય તો આવી ગયું, પણ હજી ક્ષય થયો નથી, હમણાં થઈ જશે !

દર્શનમોહના ક્ષયમાં સમર્થ પરિણામ, અધઃકરણ આદિ પરિણામ અંતર્મુખી છે, એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોહક્ષયમાં સમર્થ છે પણ છે સવિકલ્પ હજી, આનંદ નથી એમાં...દુઃખ ઘટતું જાય છે અને હમણાં આનંદ પ્રગટ થશે-થયો નથી. સમસ્ત પરિણામ વિશેષના બળથી પોતાના જ્ઞાનને આત્મામાં જોડે છે ! ઓલી શુદ્ધાત્માની ભાવના હતી, હવે શુદ્ધાત્મામાં ઉપયોગને જોડે છે-અંદરમાં જાય છે ! ઉપયોગ અંદરમાં જાય છે. ઈ (કોઈ) બાજુમાં બેઠો હોય એનેય ખબર ન પડે કે આ કરણલબ્ધિના પરિણામમાં ગયો ! (એને) કાંઈ ખબર પડે ?

(અહીં !) પોતાના જ્ઞાનને આત્મામાં જોડે છે-શુદ્ધ આત્મામાં ! ત્યારબાદ, ત્યારબાદ આ પરિસ્થિતિ પછી, એના પછી શું પ્રોસેસ આવે છે-નિર્વિકલ્પસ્વરૂપ પ્રાપ્ત થવાથી, ઓલું સવિલ્પ સ્વસંવેદન હતું-સૂક્ષ્મ અબુદ્ધિપુર્વકનો રાગ ને માનસકિજ્ઞાન (હતું) બે જીવંત હતા અહીંયા (સુધી). હવે બુદ્ધિપૂર્વક રાગ અને ઈન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર બંધ થાય છે, જો જો અંદર જાય એટલે ત્યારબાદ નિર્વિકલ્પ સ્વરૂપ પ્રાપ્ત થવાથી, પ્રાપ્ત થાય છે એમ કહે છે. આ મિથ્યાદૃષ્ટિ (હતો તે) સમ્યગ્દૃષ્ટિ થાય છે આ કાળે ! આ કાળે શુદ્ધોપયોગ છે.

જેમ અભેદનયથી ''પર્યાયસ્થાનીય મુક્તાફલ અને ગુણસ્થાનીય ધવલતા સફેદી હાર છે'' એ પ્રકારે ગુણભેદ અને પર્યાયભેદને ઓળંગીને તે પ્રકારે અભેદનયથી દ્રવ્ય-ગુણને પર્યાય અભેદ, અભેદ થાય છે અનુભવમાં ! સંતો કહે છે, કે પણ પર્યાયથી રહિત આપણે કહેતા'તા ને  તો પર્યાયથી સહિત પાછું કહેશો તો ઓલું-શ્રદ્ધાનો વિષય ખલાસ થઈ જશે !? કે શ્રદ્ધાના વિષય સમ્યક્ ત્યારે થશે, સાંભળ (ભાઈ !), અનુભવ પહેલાં તારી કલ્પના હતી શ્રદ્ધાના વિષયની, શ્રદ્ધાનો વિષય (ધ્યેય) શ્રદ્ધામાં ક્યારે આવે કે જાણેલાનું શ્રદ્ધાન (થાય), આત્માને જાણ્યા વિના સત્યશ્રદ્ધા પ્રગટ થતી નથી. વ્યવહારશ્રદ્ધા તો અનંતકાળથી અનંતવાર કરી, (પરંતુ) જે પ્રકારે અભેદનયથી દ્રવ્યગુણને પર્યાય એને અભેદનયથી આત્મા કહેવાય. પૂર્વોક્ત દ્રવ્ય-ગુણ-પર્યાય આત્મા જ છે ! જુઓ, બાલચંદજી ?

આ પર્યાયથી સહિત આત્મા છે. પર્યાયથી રહિત એ (પણ) આત્મા ને પર્યાયથી સહિત પણ આત્મા છે ! બેનો વિકલ્પ નથી, જેવો છે તેવો છે. આ નયપક્ષની વાત નથી. ધ્યેય પણ આત્મા ને જ્ઞેય પણ આત્મા ! તો કહે કે જ્ઞાયક બે પ્રકારના છે ? કહેવા માટે બે પ્રકારના છે, બાકી (જ્ઞાયક તો) એક જ પ્રકારે છે. તે પ્રકારે પરિણમન થતાં-જો આ પરિણમન થયું નિર્વિકલ્પ ધ્યાનમાં (ત્યારે જ) દર્શનમોહરૂપનો અંધકાર વિનાશને પ્રાપ્ત થાય છે. પંચમકાળમાં દર્શનમોહનો ક્ષય આદિ થાય છે, પહેલાં ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષય, ક્ષયથી વાત કરી. આ ગાથાનો ભાવ છે. આ રીતે (નિજ) પરમાત્માના દર્શનની વિધિ સંતો બતાવી ગયા છે.

એ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો તે, જે જણાયો તે, એનો વિષય ફરતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


નથી-સવિકલ્પમાં જે જણાયો તેનો તે જ નિર્વિકલ્પમાં જણાય જાય છે, સવિકલ્પમાં જુદો જણાયો અને નિર્વિકલ્પમાં બીજો જણાયો એવું નથી. આહાહા ! કહે છે કે જ્ઞાયક જે જણાયો તે, જણાયો તે, જ્ઞાતઃ જ્ઞાતઃ તે તો તે જ છે ને જે જણાયો-સવિકલ્પમાં જે જણાયો એ (જ) નિર્વિકલ્પમાં પણ તે જ જણાયો ! સવિકલ્પમાં માનસિકજ્ઞાન હતું, નિર્વિકલ્પધ્યાનમાં અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે.

તે સ્વરૂપ પ્રકાશનની-સ્વરૂપને જાણવાની અવસ્થામાં એ શુદ્ધોપયોગ (પ્રગટે છે) એક અવસ્થા છે, ચોથા ગુણસ્થાને શુદ્ધોપયોગ થાય છે. કેટલા'ક કહે સાતમે થાય ને આઠમે થાય ને બારમે થાય ને...ગપ્પા મારે છે. આહાહા ! (એમને તો) અનુભવ નથી, અનુભવના સંસ્કારેય નથી-દેશનાલબ્ધિના સંસ્કારેય નથી. શું કહીએ ! આહાહા !

(કહે છે કે) અવસ્થામાં પણ દીવાની જેમ, કર્તાકર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે. કર્તાકર્મનું અનન્યપણું (એટલે) અકર્તા પ્લસ કર્તા-કર્મનું અનન્યપણું ઈઝ ઈક્વલ ટુ અનુભૂતિ ! શું કહ્યું ? અકર્તા પ્લસ કર્તા-કર્મનું અનન્યપણું ઈઝ ઈક્વલ ટુ અનુભૂતિ-આ ઈંગ્લીશમાં (કહ્યું) એ વાત આમાં કરી છે. આહાહા ! કર્તા-કર્મનું અનન્યપણું ! પર્યાયને અન્યપણે કહેનાર પુરુષ એ પર્યાયને અનન્યપણે-અભેદપણે આત્માને જાણે છે ! (વિરોધ જેવું લાગે પણ) અનુભૂતિના કાળમાં વિરોધ ટળી જાય છે. સ્યાદ્‌વાદમાં ઉપર ઉપર દેખાય છે વિરોધ, પણ અનુભવથી વિરોધ ટળી જાય છે, વિકલ્પ રહેતો નથી-જેવું છે એવું જ્ઞાનમાં આવી જાય છે.

''(કર્તા-કર્મનું) અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે-પોતે જાણનારો માટે પોતે કર્તા'', પોતે-જ્ઞાયક-આત્મા જાણનારો માટે પોતે કર્તા-જાણનારો છે ને ? તો કર્તા કહેવાય, અને પોતાને જાણ્યો કે પરને જાણ્યું ? સ્વ-પરને તો જાણે ને ? આહાહા ! એલા ! સ્વ-પરપ્રકાશક તો વ્યવહાર છે, સ્વપ્રકાશક નિશ્ચય છે. સ્વપરપ્રકાશક વ્યવહાર છે. આહાહા ! એનું ઉદાહરણ આપ્યું છે ''અર્થ વિકલ્પ જ્ઞાનં પ્રમાણં'' -એ તો ઉદાહરણ છે-ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારનયનું ઉદાહરણ છે.

પ્રભુ ! સ્વપ્રકાશકમાં અનુભૂતિ થાય છે, એ વખતે અંદરમાં એક નિશ્ચયથી સ્વપરપ્રકાશક પ્રગટ થાય છે, એટલી વાત સાચી છે. ત્રણ પ્રકાર છે એમાં (૧) નિશ્ચયથી સ્વપ્રકાશક (૨) નિશ્ચયનયે સ્વ-પરપ્રકાશક અને (૩) વ્યવહારનયે પણ સ્વપરપ્રકાશક કથંચિત્ છે. 'નિયમસાર'માં આ વાત છે કે અનુભવ તો સ્વપ્રકાશકમાં જ થાય છે, અનુભવનું ફળ નિશ્ચયથી સ્વ-પરપ્રકાશક આવી જાય છે. ઈ શું ? કે જ્ઞાને જ્ઞાયકને તો જાણ્યો અને જ્ઞાનની અપેક્ષાએ આનંદ એ પરદ્રવ્ય છે, ગુણ પરદ્રવ્ય છે. જ્ઞાન સ્વ અને આનંદ પર, તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્યારે એ જ્ઞાયકને જાણે છે ત્યારે એના ફળમાં આનંદ આવ્યો (અનંત ગુણોને) પણ જ્ઞાને જાણી લીધાં. એ તો અંદરનું ને અંદરનું છે, બહારનું તો કાંઈ નથી, તે અપેક્ષાએ તેને નિશ્ચયથી સ્વ-પરપ્રકાશક કહેવામાં આવે છે. આમાં પરની અપેક્ષા બિલકુલ છે નહીં. (અને) પછી સવિકલ્પદશામાં આવતાં અથવા તો કોઈકને સમજાવતાં એ વ્યવહારે સ્વ-પરપ્રકાશક છે.

હવે વ્યવહારે સ્વ-પરપ્રકાશક એટલે શું ? સ્પષ્ટ કરવું જોઈએ, એમ કોથળામાં પાંનશેરી ન રાખવી-જ્ઞાન વ્યવહારે પરને જાણે છે એટલે શું ? (જાણે છે તો) કયું જ્ઞાન ? અતીન્દ્રિયજ્ઞાન પરને જાણે છે ? ઈન્દ્રિયજ્ઞાન પરને જાણે છે ? કે એમાં ભેદ (રહસ્ય) છે બીજું, બીજો ભેદ છે સાંભળ ! રાગનો પ્રતિભાસ દેખીને જ્ઞાન રાગને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે. લોકાલોકનો પ્રતિભાસ દેખીને, કેવળી લોકાલોકને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે-ઉપચાર છે.

એ પ્રવચનસારની ૩૩ ગાથા, કાઢો તો પ્રવચનસારમાં છે હોં કે કેવળી ભગવાન પરને જાણતા નથી. પરને જાણે છે (એવો) વ્યવહાર ક્યાંથી આવ્યો કે તેનો પ્રતિભાસ દેખીને ઉપચારથી વ્યવહાર કહેવામાં આવ્યો છે-એવો ઉપચાર છે. એ ઉપચાર જો સાચો લાગ્યો તો મર્યો ! ટોડરમલ્લ સાહેબે બે વાક્ય મૂક્યા છે. ''નિશ્ચયનય વડે જે નિરૂપણ કરવામાંઆવે તેને સત્યાર્થ જાણી તેનું શ્રદ્ધાન અંગીકાર કરજે અને વ્યવહારનયે જે નિરૂપણ કરવામાં આવે તેને અસત્યાર્થ માની તેનું શ્રદ્ધાન છોડજે.''

(આ) પ્રવચનસારની ૩૩ ગાથા છે. એનો ભાવાર્થ છે. ભગવાન કેવળી-કેવળજ્ઞાનની વાત ચાલે છે, ભગવાન સમસ્ત પદાર્થોને જાણે છે તેથી કાંઈ તેઓ કેવળી કહેવાતા નથી, પણ જે ન સમજતા હોય તેને એમ જ કહેવાય કે કેવળજ્ઞાન કોને કહેવાય ? કે લોકાલોકને જાણે છે તેને કેવળજ્ઞાન કહેવામાં આવે છે, સમજી ગયા ને ? એટલું સાંભળીને ભાગ્યો ઈ, પણ તું ધીરો તો રહે, એમાં કાંઈક મર્મ છે, ભગવાન (કેવળી) સમસ્ત પદાર્થોને જાણે છે તેથી કાંઈ તેઓ કેવળી કહેવાતા નથી, પરંતુ કેવળ અર્થાત્ શુદ્ધ આત્માને જાણતાં-અનુભવતાં હોવાથી તેઓ કેવળી કહેવાય છે. આહાહા ! કેવળ શુદ્ધાત્માને જાણનાર-અનુભવનાર શ્રુતજ્ઞાની પણ શ્રુતકેવળી છે. તે પરમાર્થ શ્રુતકેવળી છે. આહાહા ! સર્વશ્રુતને જાણે તે વ્યવહારશ્રુત કેવળી, સર્વશ્રુત એટલે ? જ્ઞાનની-શ્રુતજ્ઞાનની પર્યાયમાં સ્વ અને પરનો પ્રતિભાસ થયો છે લોકાલોકનો એવા પ્રતિભાસમય જ્ઞાનની પર્યાયને-ભેદને જાણે તેને સર્વશ્રુતજ્ઞાનને જાણ્યું એમ કહેવામાં આવે તે વ્યવહાર છે. પર્યાયને જાણ્યું માટે વ્યવહાર છે. આહાહા ! અરે પ્રભુ ! પણ પહેલાં તો...શું કહીએ, આ બધી વાત કુંદકુંદભગવાને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અમને કહી છે, અમને કહી છે એટલે બધાને કહી છે, મને (એકને જ) કહી છે એમ નહીં.

સમયસારમાં ઓપન (ખુલ્લું) છે આ કે ''આત્માનું જ્ઞાન આત્માને જાણવાનું છોડીને કદી પણ ભૂતકાળ, વર્તમાનકાળ કે ભવિષ્યકાળે પરને જાણવા નહીં જાય, સ્વભાવ જ નથી પરને જાણવાનો (આત્માનો)'' જેમ દ્રવ્ય (આત્મ દ્રવ્ય) અકર્તા છે એને કર્તા માનવું અશક્ય છે, (આત્મા) કર્તા થઈ શકતો જ નથી, પરિણામ પરિણામથી થાય છે, દ્રવ્યથી થતા નથી, અશક્ય છે કરવું, રાગનું કરવું અશક્ય છે. આત્મા રાગને કરતો નથી. થાય છે રાગ બહિર્મુખ દશામાં, હોય છે-ઠીક છે પણ રાગ થાય માટે આત્મા એનો કર્તા બની જાય એમ ત્રણકાળમાં બનવું અશક્ય છે એ બાણું-ત્રાણું ગાથા આવશે એમાં આવશે, કર્તા-કર્મ અધિકારની ગાથા છે તેમાં 'અશક્ય' શબ્દ વાપર્યો છે. (ગાથા-૯૩ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું 'અશક્ય' છે તેમ)

એવી રીતે જે આત્માનું જ્ઞાન જેને કહીએ એ જ્ઞાન પરને જાણતું જ નથી, ''અશક્ય છે''-પોતાને જાણવાનું છોડીને અને જ્ઞાન પર સન્મુખ થતું જ નથી. પર સન્મુખ થાય છે તે આત્માનું જ્ઞાન નથી. એ ઈન્દ્રિયજ્ઞાન છે-ભાવઈન્દ્રિય છે ખંડજ્ઞાન છે, ઈ જ્ઞેયનું જ્ઞાન છે, તેથી ઈન્દ્રિયજ્ઞાન જ્ઞેય જ છે. દ્રવ્યઈન્દ્રિય, ભાવઈન્દ્રિય અને તેના વિષયો, ત્રણેય જ્ઞેય છે. જ્ઞેયનું જ્ઞાન થાય છે માટે એ જ્ઞાનને જ્ઞેય કહેવામાં આવે છે અને આત્માનું જ્ઞાન થાય છે તેથી (એ) જ્ઞાનને આત્મા જ કહેવામાં આવે છે અભેદનયે ! જ્ઞાન તો આત્માનું જ થાય છે, લક્ષણ લક્ષને પ્રસિદ્ધ કરે છે. આહાહા ! ઉપયોગ લક્ષણ છે.

(ઉપયોગ લક્ષણ) એ સ્વપર બેયને પ્રસિદ્ધ કરે કે નહિ ? આ વ્યવહારના કથનો (છે), વ્યવહારનો નિષેધ આવે નહીં-અગિયારમી ગાથા. અંદર ખોડાય નહીં ત્યા સુધી તો વ્યવહાર સાચો લાગશે ! આહાહા ! વ્યવહાર સઘળોય અભૂતાર્થ છે-ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. તો કહે કે વ્યવહાર છે કે નહીં ? કે એ વ્યવહાર ક્યારે છે ને કોને થાય છે ? તો કે ઈ તો સવિકલ્પ દશામાં એ (સાધક) દોષમાં આવે ત્યારે વ્યવહારને જાણે છે જ્ઞાની. શું કહ્યું ? નિર્વિકલ્પ ધ્યાન તો નિર્દોષ અવસ્થા છે, સવિકલ્પદશામાં કોઈ કોઈને વ્યવહાર જાણેલો પ્રયોજનવાન (કહ્યો) છે. તો વ્યવહારને જાણે છે ઈ જ્ઞાન કયું છે એ બતાવો તમે મને, ભેદને જાણે છે, રાગને જાણે છે ? ઈ તો શાસ્ત્રમાં ઉલ્લેખ છે તો એને જાણે છે કોણ ?

ઈન્દ્રિયજ્ઞાન તો ક્ષણિક છે, ઈ તો જ્ઞાન જ નથી, પણ જે ભેદો, અભેદમાં પ્રતિભાસે છે, પ્રતિભાસ દેખીને-રાગનો પ્રતિભાસ દેખીને, વ્યવહારે રાગને જાણે છે એમ કહ્યું ! આહાહા ! હમણાં બીજી પ્રવચનસારની છવીસમી ગાથા લેશું એમાં આવશે, આત્માને જાણનાર-અનુભવનાર શ્રુતજ્ઞાની પણ શ્રુતકેવળી કહેવાય છે. કેવળી અને શ્રુતકેવળીમાં તફાવત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલો છે. હવે તફાવત બતાવે છે કે કેવળી જેમાં ચૈતન્યના સમસ્ત વિશેષો-પૂરું જ્ઞાન થઈ ગયું કેવળજ્ઞાન ! ભાઈ સાહેબે કહ્યું હતું ને અવિભાગ પ્રતિચ્છેદ, સમસ્ત વિશેષો એકી સાથે પરિણમે છે એવા કેવળજ્ઞાન વડે કેવળ આત્માને અનુભવે છે-કેવળ આત્માને અનુભવે છે ! બોલો, તો એકાંત થઈ જાશે ? કે તો અમને ઈષ્ટ છે. આહાહા ! અને શ્રુતકેવળી છે કે જેમાં ચૈતન્યના કેટલાક વિશેષો ક્રમે ક્રમે ઉઘાડ થાય છે-પરિણમે છે, એવા શ્રુતજ્ઞાન વડે કેવળ આત્માને અનુભવે છે. અર્થાત્ કેવળી 'સૂર્યસમાન' કેવળજ્ઞાન વડે આત્માને દેખે છે અને શ્રુતજ્ઞાની 'દીવાસમાન' શ્રુતજ્ઞાન વડે આત્માને દેખે-અનુભવે છે.

શ્રુતજ્ઞાની પણ પરને દેખતા નથી, કે નિર્વિકલ્પ ધ્યાનમાં તો પરને ન દેખે તે બરાબર છે પણ સવિકલ્પ દશામાં તો પરને દેખે છે ને ? આહાહા ! એની નજરમાં તો શલ્ય એવું ગરી ગયું છે કે જ્ઞાન પરને જાણે જ છે ! આહાહા ! મોટું શલ્ય છે-ભ્રાંતિ છે !! આત્મા જ્ઞાતા ને છ દ્રવ્ય મારું જ્ઞેય, આત્મા જ્ઞાતા ને રાગ મારું જ્ઞેય-તે (બધી) ભ્રાંતિ છે. વ્યવહાર ન લખ્યો !

આહાહા ! આત્માર્થીને તો અમૃત જેવું વચન છે ઈ, અરે ! પરને જાણું છું એ મારી ભ્રાંતિ ! આ શું ? કે તું નથી જાણતો ભાઈ (હું પરને જાણું છું) એવી તને ભ્રાંતિ થઈ છે. ત્યારે શું છે ? એ પદાર્થો તારા જ્ઞાનમાં પ્રતિભાસે છે ને, તારા જ્ઞાનમાં-સ્વચ્છતામાં પ્રતિભાસે છે, એનો તું જાણનારો છો. એમ ? તો એમાં પર્યાયદૃષ્ટિ થશે ? કે નહીં થાય. જ્ઞાનને જાણતાં જ્ઞાયક જણાય જાય છે !

એક દૃષ્ટાંત છે એના માટે, અમિતગતિ આચાર્ય ભગવાને આપ્યું છે કે ''દીપક છે એ 'પ્રકાશક' છે, એની જે પર્યાય છે એનું નામ 'પ્રકાશ' છે અને ઘટપટાદિ છે એ એનું 'પ્રકાશ્ય' છે. -પ્રકાશક, પ્રકાશ અને પ્રકાશ્ય ! (એ ત્રણ છે) તો આચાર્ય ભગવાન ફરમાવે છે અમિતગતિ આચાર્ય, અહીં અમારી પાસે આધારે ય પણ છે, લઈ આવ્યા છીએ, કે તને જ્યાં સુધી દીવાના પ્રકાશમાં પ્રકાશ્ય એવા ઘટપટ જે ભિન્ન છે-જે પ્રકાશકથી ભિન્ન અને પ્રકાશથી ભિન્ન, એવા ઘટપટ (જે) ભિન્ન છે એ તને દેખાય છે અને પ્રકાશથી પ્રકાશક અભિન્ન છે તે તને દેખાતા નથી ? અમને તો આશ્ચર્ય થાય છે ! (કે તારી નજર ક્યાં ખોવાઈ ગઈ ?) આ તો દૃષ્ટાંત છે.

(હવે સિદ્ધાંત) એમ આ જ્ઞાયક-આત્મા-જાણનાર, જ્ઞાયકદ્રવ્ય અને તેની અવસ્થામાં જાણવાની ક્રિયા થાય છે પ્રગટ (જાનનક્રિયા છે) અને બાહ્ય પદાર્થો તેના જ્ઞેય છે. જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય બહારમાં સ્થાપ્યું એણે, કે ના એમ નથી. ભિન્ન જ્ઞેયો તને જણાય છે અને અભિન્ન જ્ઞેય જે તારા જ્ઞાનમાં છે, તે તને જણાતું નથી ! અમને તો આશ્ચર્ય થાય છે. 'તને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તું જણાય છે' એમ અમે જાણીએ છીએ લે ! તને જણાય છે તારો આત્મા એમ અમે જાણીએ છીએ અત્યારે, બાળગોપાળ સૌને (સદા-સર્વદા) ભગવાન આત્મા (જ) અનુભવમાં આવી રહ્યો છે હા, પાડને હાલત થઈ જશે ! (તને તું નથી જણાતો કહે છે) એટલે આશ્ચર્ય થાય છે. અહીંયા વાત આવશે પછી જો ટાઈમ હશે તો, પ્રકાશની પણ. પ્રકાશ ઘડાને પ્રસિદ્ધ નથી કરતો-જેમ જ્ઞાન પરને જાણતું નથી, તેમ પ્રકાશ થાય ત્યારે ઘડો જણાતો નથી. આહાહા ! ઈ આવશે.

(જિજ્ઞાસા :-) અનુભવ અને જાણવામાં શું ફેર છે ? (સમાધાન :) જ્ઞાનમાં જાણવું છે અને અનુભવમાં એ જાણવું અને તદ્રૂપ બનીને અનુભવ કરે છે એમાં આનંદ આવે છે-જાણવું અને જાણવાનો વિષય (ધ્યેય) એવા બે ભેદ પડે છે એમાં આનંદ નથી આવતો-જે જાણનારને જાણે છે એકાગ્ર થઈને ત્યારે દ્રવ્ય-પર્યાય અભેદ થાય છે ત્યારે આનંદ આવે છે એટલો ફેર છે.

(જિજ્ઞાસા :-) જાણવામાં જેમ બન્ને આવવા છતાં પણ અનુભવ આત્માનો જ થાય છે ? જાણવામાં એક સમાન વાત ચાલી રહી છે. દીપક પ્રકાશિત થવાથી સ્વ-પર બન્ને એકસાથે પ્રકાશિત થઈ રહ્યા છે, હવે સવાલ આ છે કે અનુભવ એકનો થાય છે, તો પરનું જાણવું થાય છે એનો મતલબ કે અનુભવ થાય છે, નિશ્ચય એકાકાર છે અને પરનું માત્ર જાણવું છે એ જે ભેદ કહ્યો એનું સ્પષ્ટીકરણ કરવું જોઈએ !

(સમાધાન :-) પરનું જાણવું લખ્યું છે ને એ તો પ્રતિભાસ દેખીને ઉપચાર કહ્યો છે. (શ્રોતા-જિજ્ઞાસા) જાણવું તો એક સાથે થાય છે. (સમાધાન :-) આત્માનું જાણવું છે, પરનું જાણવું નથી, એ મોટી ભૂલ છે-ચાલે છે મને ખબર છે.

(શ્રોતા :) દીપકનું જેમ ઉદાહરણ છે તેમાં જે રીતે કાર્ય થાય છે જ્ઞાનની દીપકથી તુલના કરી તો જ્ઞાનમાં તો જાણવામાં સ્વ-પર આવતાં હોવા છતાં સ્વને સ્વ અને પરને પર જાણવું થાય છે, સ્વનો અનુભવ થાય છે પરનું માત્ર જાણવું થાય છે એવો જે ભેદ થાય છે એનું શું સ્પષ્ટીકરણ છે ?

(ઉત્તર :) એમાં પ્રતિભાસ લેવો (સમજવો) એનું જાણવું ન લેવું, પરનો-રાગનો પ્રતિભાસ થાય છે એ સમયે રાગને જ્ઞાન જાણતું નથી, પ્રતિભાસને જાણે છે. તો પ્રતિભાસને જાણતાં-જાણતાં (જાણે છે, જાણે છે) કહેવામાં આવે છે કે ઉપચારથી રાગને જાણે છે, ઉપચારનું કથન છે ભાઈ ! અનુપચારનું કથન તો (આ છે કે) જ્ઞાન આત્માને જ જાણે છે પરને નહીં,

પ્રશ્ન :- 'સકલ જ્ઞેયજ્ઞાયક નિજાનંદ રસલીન' જે એ વાત છે એને જરી ઘટાવવી કે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેવળી પોતાના આનંદમાં રહે છે છતાં આખો લોકાલોક જ્ઞાનમાં આવે છે એનો અનુભવ નથી હોતો, જાણવું થોડું બંધ થાય છે, એ જે વાત છે એનું સ્પષ્ટીકરણ શું છે ?

ઉત્તર :- એનું લક્ષ પર ઉપર હોતું નથી.

પ્રશ્ન :- લક્ષની વાત નથી, જાણવું થાય છે કે નહીં એ વાત છે.

ઉત્તર :- કોને જાણે છે તે કેવળી ?

શ્રોતા :- અનુભવ જ્યાં છે ત્યાં લક્ષ છે.

ઉત્તર :- લક્ષ જ્યાં છે એને જ જાણે છે, પરને જાણતા નથી, પરને જાણે છે કહેવું તે અસદ્ભૂત વ્યવહાર છે ભૈયા ! તે સદ્ભૂત વ્યવહાર પણ નથી.

શ્રોતા :- ત્યાં તો લખ્યું છે નિશ્ચયથી જાણે છે બન્નેને, અનુભવ અને જાણવામાં ભેદ છે, પોતાનામાં એકાકાર તદ્રૂપ થઈને અનુભવ કરે છે અને પરનું માત્ર જાણવું રહે છે- જાણવામાં ભેદ નથી, અનુભવમાં ભેદ છે. આવું જો સ્પષ્ટીકરણ આવ્યું છે એ જરી દીપકનું ઉદાહરણ લઈએ છીએ તો એમ જ લાગે છે, દર્પણનું ઉદાહરણ લઈએ છીએ તો એ જ મહેસુસ થાય છે, એ જે વાત છે એનો શું અર્થ છે એ સમજવાની જરૂરત છે.

ઉત્તર :- સમજવાથી સમજણમાં આવી જશે, કેમકે સ્વને જાણતાં-જાણતાં પરને જાણે પણ છે.

યુગલજી :- નિશ્ચયથી સ્વપરને જાણે છે એમ ક્યાં આવે છે ? આવ્યું જ નથી ક્યાંય આગમમાં કે નિશ્ચયથી સ્વપરને જાણે છે.

ઉત્તર :- આવશે જ નહીં, રાહ જોજો, આવશે નહીં ક્યારેય, આવવાવાળું જ નથી.

શ્રોતા : દીપક અને દર્પણનું જે ઉદાહરણ છે એમાં જે ઘટના બને છે તેમ જ જ્ઞાનની તુલના કરી છે. તેમાં ભેદ કરવો મુશ્કીલ પડે છે.

ઉત્તર : અચ્છા. એ મુશ્કેલી નીકળી જશે. તમે નિશ્ચયના પક્ષમાં આવી જાવ. પક્ષાતિક્રાંત થાય છે ત્યારે અનુભૂતિ થાય છે ત્યારે અનુભવકાળમાં આપને જ્યારે અનુભવ થાય ત્યારે શું આપને (પર) જાણવામાં આવે છે, મને બતાવો (આપ).

જુઓ, એક સાડત્રીસ નંબરનો શ્લોક છે સમયસારનો (તેમાં કહે છે કે) જ્યારે અંતર્મુખ થાય છે આત્મા, ત્યારે એકલો ચૈતન્યચમત્કારમાત્ર ભગવાન આત્મા દૃષ્ટિમાં આવે છે. 'ભિન્ના ભાવા નો દ્રષ્ટા' -જે ભિન્ન છે મારાથી એ દેખાતા નથી. આહાહા !

આહાહા ! અરે, એના કરતાં તો દશ ગાથા આવવાની છે ૩૭૩ થી ૩૮૨, એમાં પ્રકાશનું દૃષ્ટાંત આવશે, પ્રકાશમાં ઘડો પ્રસિદ્ધ થતો નથી, પ્રકાશ પ્રકાશકને પ્રસિદ્ધ કરે છે, ઘટ-પટને નહીં. આહાહા ! વાત એવી છે ભાઈ જીવને અનાદિથી પ્રમાણનો પક્ષ છે, એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

દેવસેનઆચાર્ય ભગવાનનું નયચક્ર છે. એ નયચક્ર (છે) એમાં બહુ સારો ખુલાસો છે. આ નયચક્રનો અનુવાદ મેં પંડિત હુકમચંદજી પાસે કરાવેલ છે. ગુરુદેવની હાજરીમાં ઘણાં પાસે અનુવાદ કરાવ્યા પણ મને સંતોષ ન થયો, પછી પંડિતજીને કહ્યું કે મને આ બે પાના છે એનો અનુવાદ કરીને દ્યો, તો તેઓશ્રીએ કહ્યું, વિદ્વાન માણસ છે, કે લાલચંદભાઈ આ વાત બહુ ગંભીર છે, તમે મારા ઉપર છોડી દ્યો, મને જ્યારે મન મારું સ્થિર થશે-સાવ એકદમ ફ્રિ, ત્યારે એનો અનુવાદ કરીને મોકલીશ. અનુવાદ કરીને મને મોકલ્યો, ભાવલિંગી સંત છે દેવસેનઆચાર્ય એનું (બનાવેલું) નયચક્ર એનું આ પાનુ છે. પુસ્તક નયચક્ર છપાઈ ગયું છે.

સમયસારમાં એમ કહે છે કુંદકુંદભગવાન અને અમૃતચંદ્રઆચાર્ય ભગવાન કે વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે, કોણે કહ્યું ? સમર્થ આચાર્યોએ કહ્યું. વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે. દેવસેન આચાર્ય ફરમાવે છે કે નિશ્ચય પરમાર્થનો પ્રતિપાદક છે. લખ્યું છે, વાંચું છું, એટલો બેયનો ભેદ કરીને બતાવું છું પણ બેય સાચા છે. (શું કહે છે ?) માટે નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક હોવાથી ભૂતાર્થ પણ છે તેના અવલંબનથી આત્મા સમ્યગ્દષ્ટિ થાય છે. એકદમ સ્થૂળ બુદ્ધિવાળો હોય એને વ્યવહાર દ્વારા સમજાવવામાં આવે છે ઈ અપ્રતિબુદ્ધને વ્યવહાર દ્વારા (પરમાર્થ) એ સમજાવે એ વાત પણ સત્યાર્થ છે. પણ જરા આગળ વધ્યો હોય તો એને વ્યવહારથી ન સમજાવે, નિશ્ચયથી સમજાવે, પછી નિશ્ચયનય છોડી દે, એના સ્વભાવથી જો ! પંકજ ? બહુ ઊંચી વાતો છે આ તો. કલકત્તામાં તો ઊંચી જ વાત કરવાની હોય ને ! કોઈ નહીં સમજે એ તો મારા મગજમાં જ નથી, બધાય સમજશે. એમ જ મારા મગજમાં છે. કો'ક ન સમજે તો ઈ કાંઈ વાંધો નહીં, પરીક્ષામાં બેસે ને કોઈ નાપાસ થાય તો આપણે શું કામ ? ઈ તો નાપાસ થઈ જાય ! જો હવે-એક અપૂર્વ વાત આમાં કરે છે.

આહાહા ! કે જે (વાત) જીવોએ સાંભળી પણ ન હોય એવી વાત આમાં લખે છે કે નિશ્ચયનય તો ઉપનયથી રહિત છે-અભેદ અને અનુપચાર જેનું લક્ષણ છે, (આ) નિશ્ચયનયનું લક્ષણ : અને જે અર્થનો નિશ્ચય કરાવે છે તે નિશ્ચયનય છે. હવે આગળ, સ્યાદ્‌પદથી રહિત હોવા છતાં-એમાં કથંચિત્ નથી. સ્યાદ્‌પદથી રહિત હોવા છતાં પણ તેમાં નિશ્ચયાભાસપણું થતું નથી. આત્મા સર્વથા શુદ્ધ છે, તો એમાં નિશ્ચયાભાસ થઈ જશે, સ્યાદ્‌વાદ લગાડો, એ પ્રમાણના પક્ષવાળો સ્યાદ્‌વાદને ઓળંગી શકતો નથી, પણ સ્યાદ્‌વાદ ભગવાન આત્મામાં નથી. અનુભવ જ્ઞાનમાં સ્યાદ્‌વાદ છે, પર્યાયમાં સ્યાદ્‌વાદ છે પણ દ્રવ્યમાં નથી. એ લખે છે, સ્યાદ્‌વાદથી રહિત હોવા છતાં પણ એમાં નિશ્ચયાભાસપણું થતું નથી, કારણ કે તે ઉપનયથી રહિત છે. ઉપનયના અભાવમાં સ્યાદ્‌વાદ (નથી.) આ તો મારે જે વિષય લેવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે પ્રમાણનો એ લઈ લઉં છું.

(કહે છે કે) તેના ઉત્તરમાં કહે છે કે પ્રમાણ આત્માને નય પક્ષાતિત કરવામાં અસમર્થ છે. પ્રમાણના પક્ષવાળો જીવ, ઈ શા માટે પક્ષાતિક્રાંત થતો નથી ? એનું કારણ આપશે. ''પ્રમાણ સે બાહર જાના નહીં, પ્રમાણ મેં અટકના નહીં''

ઘણાં વર્ષ પહેલાં હું જયપુર ગયો'તો. બપોરનો ટાઈમ હોય તો ઉપરની રૂમમાં બેઠા, પાંચ-સાત-દશ જણા આવ્યા, ભાઈઓ બહેનો, હું ઓળખું નહીં કોઈને, વ્યાખ્યાનમાં કહ્યું કે ''પ્રમાણ સે બાહર જાના નહીં ને પ્રમાણ મેં અટકના નહીં'' તો એક બહેન સમજી ગયા ! કહે, પંડિતજી ? આ વાત તો તમે બહુ સરસ કરી. શું કરી ? તો કે પ્રમાણ મેં અટકના નહીં, અરે ! લડકી-દિકરી તું કયા ગામની છો ? હું તો ઓળખું નહીં, તો બાજુમાં એના મમ્મી બેઠા હતા, ઈ આની દિકરી, યુગલજી સાહેબની દિકરી હતી, પછી ખબર પડી મને ! આહાહા ! પ્રમાણ મેં અટકના નહીં'' -આ પ્રમાણમાં અટકે છે. 'ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્' -એ પ્રમાણ જ્ઞાનનો વિષય છે. સ્વપરપ્રકાશક પ્રમાણજ્ઞાનનો વિષય છે. એમાં વિધિ-નિષેધ કર્યા વિના અનુભવ થતો નથી !

આહાહા ! એ આમાં લખેલું છે બધું તે કહું છું, તમારે જોઈતું હોય તો પાનું આપશું-પાનું આપજો બનાવીને. તેમાં ઉત્તરમાં કહે છે 'પ્રમાણ આત્માને નય પક્ષાતિક્રાંત કરવામાં અસમર્થ છે.' એનું કારણ આપે છે તેથી તે પૂજ્યતમ નથી, તેનો ખુલાસો આ પ્રમાણે છે.

જો કે પ્રમાણ નિશ્ચયનયના વિષયને ગ્રહણ કરે છે, સ્વપરપ્રકાશક છે જ્ઞાન, ધ્રુવ છે ઈ તો ગ્રહણ કરે છે પરંતુ તે તો અન્યનો-વ્યવહારનયના વિષયનો વ્યચ્છેદક નથી. પ્રમાણજ્ઞાનમાં તાકાત નથી વ્યવહારનો નિષેધ કરે. પ્રમાણજ્ઞાન બેયને સત્ય માને છે-દ્રવ્ય છે એય સત્ય છે અને પર્યાય છે એય સત્ છે-બેય આત્મા છે, અભેદ છે, સ્વપરપ્રકાશક છે !! અરે, સ્વ-પરપ્રકાશક પ્રમાણજ્ઞાનનો વિષય છે કે નિશ્ચયનયનો વિષય છે ? બે આવે ત્યાં પ્રમાણ થઈ જાય છે, પ્રમાણ જેનું લક્ષણ એ વ્યવહાર થઈ જાય છે. જરા શાંતિથી સાંભળો (તત્ત્વ) એવું છે !

જો કે પ્રમાણ નિશ્ચયનયના વિષયને ગ્રહણ કરે છે પરંતુ તે અન્યનો વ્યવચ્છેદક-નિષેધક નથી. નિષેધકપણાનો અભાવ હોવાથી સ્વપરપ્રકાશકના પક્ષવાળાને, પરને જાણતું જ નથી જ્ઞાન, એ નિષેધ નહીં કરી શકે, એ પ્રમાણ જ્ઞાનનું વાક્ય છે, સ્વપરપ્રકાશક ! ''અર્થ વિકલ્પ જ્ઞાનં પ્રમાણં'' એ એનું ઉદાહરણ છે. અને પંચાધ્યાયીનો પહેલો ભાગ, એની એકતાલીસથી પીસતાલીસ ગાથા વાંચી લેવી. એમાં લખે છે, એ પ્રમાણજ્ઞાન જેનું લક્ષણ ઉદાહરણ છે. એવું ઉપચરિત સદ્ભૂત વ્યવહાર પોતાને જાણતાં પરને જાણે એને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉપચરિત સદ્‌ભૂત વ્યવહાર કહે છે. એ કહે છે કે જો આના પક્ષમાં રહેશે તો જ્ઞેય-જ્ઞાયકનો સંકરદોષ (થશે અને) એને ભ્રાંતિ થઈ જશે, અને આ યથાર્થ જાણશે તો ભ્રાંતિ તૂટી જશે.

નિષેધકપણાનો અભાવ હોવાથી પ્રમાણજ્ઞાન વ્યવહારનો નિષેધ કરવા અસમર્થ છે. (એ) નિશ્ચયનયને ગ્રહણ કરે છે અને વ્યવહારનયને પણ ગ્રહણ કરે છે. દ્રવ્યને પણ ગ્રહણ કરે છે-દ્રવ્ય પણ આત્મા ને પર્યાય પણ આત્મા ! સ્વને જાણે તે-પણ જ્ઞાન અને પરને જાણે તે-પણ જ્ઞાન. ઈ પ્રમાણજ્ઞાનનું વાક્ય છે.

આ આટલા વર્ષ થયા અનુભવ કેમ થતો નથી ? કહે છે કે તું પ્રમાણના પક્ષમાં છો ! નિષેધકપણાનો અભાવ હોવાથી તે વ્યવહારરૂપ ક્રિયાને, પરને જાણું છું એવી ક્રિયાને રોકી શકતો નથી. આહાહા ! કઠિન તો છે જરા'ક પણ અમૃત છે.

(આહા !) નિષેધકપણાનો અભાવ હોવાથી તે વ્યવહારરૂપ ક્રિયાને રોકી શકતો નથી, પરને જાણું છું એ ક્રિયાને રોકી શકતો નથી, એ ઈન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે, આત્મજ્ઞાન અસ્ત-રહી જાય છે એમાં. પ્રમાણના પક્ષવાળો પક્ષાતિક્રાંત થઈ શકતો નથી. નિશ્ચયના પક્ષમાં આવી જાય, અપૂર્વ પક્ષમાં તો પક્ષાતિક્રાંત થઈને અનુભવ થાય છે. નિષેધકપણાનો અભાવ હોવાથી તે વ્યવહારરૂપ ક્રિયાને રોકી શકતો નથી, તેથી પ્રમાણ આત્માને જ્ઞાનાનુભૂતિમાં સ્થાપિત કરવાને અસમર્થ છે.

સ્વ-પરપ્રકાશકના પક્ષવાળાને અનુભૂતિ નહીં થાય લાવો લખી દઉં. આહાહા ! આ વાત અદ્ધરથી નથી, સંતોએ કહેલી વાત છે. તેથી પ્રમાણ આત્માને જ્ઞાનાનુભૂતિમાં સ્થાપિત કરવાને અસમર્થ છે-ઈ જ્ઞાનાભૂતિ થવામાં અસમર્થ છે. પરંતુ નિશ્ચયનય-જ્ઞાન સ્વને જ જાણે છે પરને જાણતું નથી, નિષેધ કરને એકવાર, એમાં જ્ઞાનનો નિષેધ નથી, એમાં ઈન્દ્રિયજ્ઞાનનો નિષેધ છે, ઈન્દ્રિયજ્ઞાન તો તારું છે નહીં, તો તારો નિષેધ ક્યાં આવ્યો ? આહાહા ! (પ્રમાણજ્ઞાન) જ્ઞાનાનુભૂતિ સ્થાપિત કરવામાં અસમર્થ છે પરંતુ નિશ્ચયનય એકત્વની સમીપે લાવીને, એકત્વની સમીપે લાવે છે હજી નિશ્ચયનય-સવિકલ્પ નિશ્ચયનય, એમાં અનુભવ થતો નથી, આહાહા ! જાણનાર જણાય છે એવા નિશ્ચયનયમાં જે આવે તો એ આત્માની સમીપે આવી ગયો છે. પરને જાણે છે એમાં આત્માથી દૂર છે, સ્વ-પરને જાણે છે એમાં વધારે દૂર છે.

આહાહા ! એકત્વની સમીપે લાવીને ! અહીંયા સત્‌નો ઢંઢેરો પીટીને કહેવાની વાત છે, કોઈ ગુપ્ત રાખવાની વાત નથી, એણે કહ્યું કાલ સવારે કે કાંઈ ગુપ્ત રાખતા નહીં, ગુપ્ત રાખવાનું શું હોય આમાં ! આહાહા ! હા, આચાર્યભગવાનનો આધાર છે મારી પાસે-આધાર લઈને આવ્યો છું, કોર્ટમાં રામજીભાઈ આધાર લઈને જાય ને ! આધાર ન આપું તો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ન ચાલે ! નિશ્ચયનય  એક એક શબ્દ ને એક એક અક્ષર સોનેરી છે સંતોના !

નિશ્ચયનય એકત્વની સમીપે-એક શુદ્ધાત્મા, એકત્વ એટલે એકપણું આત્માનું, એની સમીપે-નજદીક લાવીને, નિશ્ચયનયનું કામ ત્યાં સુધી લાવે છે, પછી અંદરમાં જાય ત્યારે નિશ્ચયનયને કહે છે કે તું અંદરમાં આવને ! કહે ચક્રવર્તીના મહેલમાં જાવાનું છે, હું તો મહેલ સુધી મૂકી જાઉં, ધક્કો મારીને અંદર જાવ તમે ! આહાહા ! સમીપે લાવીને, આત્મામાં જ્ઞાનચેતનાને સ્થાપિત કરીને પરમાનંદ ઉત્પન્ન કરી, વીતરાગ બનાવી પોતે ચાલી જાય છે-નિશ્ચયનય ચાલી જાય છે, હવે નિશ્ચયનયનું કામ નથી, ખલાસ ! અહીંયા સુધી તને (મેં) પહોંચાડ્યો !

વ્યવહારનય આત્મા સુધી પહોંચાડે ? આ શું થઈ ગયું તમને, ખબર પડતી નથી અને શું આટલો બધો પક્ષ વ્યવહારનો ? અને આ રીતે આત્માને પક્ષાતિક્રાંત કરી દે છે એટલે નયપક્ષથી પાર કરી દે છે. આ કારણથી નિશ્ચયનય પૂજ્યતમ છે. પ્રમાણ પૂજ્યતમ નથી. પ્રમાણનો વિષય બેય છે પણ તે વ્યવહારનો નિષેધક નથી, નિશ્ચયનય વ્યવહારનો નિષેધ કરે છે-નિશ્ચયનય આત્માની સમીપે લાવે છે-ઈ વિકલ્પ છૂટીને અનુભવ થાય છે, ત્યારે આત્માનો આનંદ આવે છે એને પછી નિશ્ચયનય ચાલી જાય છે, પછી વિકલ્પ છૂટી જાય છે, એવું છે ? ટાઈમ ઘણો થઈ ગયો !!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## વિભાગ - ૮

## પ્રવચન નં. ૩૪

### રાજકોટ મંદિરમાં

### તા. ૯-૬-૮૧ - મંગળવાર

સમસયાર, સુખની શરૂઆત અને પ્રગટતા થાય તેવું અલૌકિક શાસ્ત્ર છે. તેમાં ૪૧૫ ગાથા છે ૪૧૫ ગાથામાં પણ ૧ થી જે ૧૨ ગાથા છે તે પીઠિકારૂપ છે. તે પીઠિકારૂપ ૧૨ ગાથા વાંચીને, ભણીને, સમજીને કોઈ આસન્નભવ્ય જીવ આત્મદર્શનને સમ્યગ્દર્શનને પામી જાય છે. અને કોઈ વિસ્તાર રુચિવાળો જીવ હોય તો તેને ઘણો વિસ્તાર કરવામાં આવે ત્યારે સમજાય. કોઈ કોઈ જીવ તેવા હોય છે કે ઈશારામાં સમજી જાય. જાઝું સમજાવવાની જરૂર ન પડે તેવા જીવ થોડાક હોય અને બહુ ઘણો વિસ્તાર કરીને સમજાવે ત્યારે સમજી શકે એવા જીવો ઝાઝા છે.

ત્યારે અહીં ૧૨ ગાથા પછી જે આગળ જઈને ૧૩ ગાથામાં જે નતતત્ત્વના નામ અને વિસ્તાર આવે છે. ૪૧૫ ગાથા સાંભળીને પણ કોઈ જીવને સમ્યગ્દર્શન થાય. સમ્યગ્દર્શનમાં આ શાસ્ત્ર મુખ્યપણે નિમિત્ત થાય એવું એક ચમત્કારિક શાસ્ત્ર છે. બધા ચારે અનુયોગ સર્વજ્ઞ ભગવાનની વાણી તે ધર્મમાં અને સમ્યગ્દર્શનમાં નિમિત્ત થાય છે. પણ તેમાં મુખ્યપણે વિચારવામાં આવે તો દ્રવ્યાનુયોગના શાસ્ત્ર જેમાં શુદ્ધાત્માનું સ્વરૂપ રાગાદિથી ભિન્નપણે સ્પષ્ટ પ્રસિદ્ધ કરવામાં આવે છે. તો તેના દ્વારા-ભેદજ્ઞાન દ્વારા આત્માનો અનુભવ થઈ શકે છે. તે ભેદજ્ઞાનની ઉત્કૃષ્ટ વાત છઠ્ઠી ગાથામાં આચાર્ય ભગવાને કહી. છઠ્ઠીના લેખ-લેખ ફરે નહિ. જેમ સમાજમાં લૌકિક માન્યતામાં કહેવાય તેમ. તે છઠ્ઠી ગાથામાં પાંચ ગાથા સુધી પ્રસ્તાવના કરી સમયસાર શાસ્ત્ર લખવાની અને છઠ્ઠી ગાથામાં સમયસારનો જન્મ થયો.

સમયસાર એટલે શુદ્ધાત્મા. તેનું 'જ્ઞાયક' એવું નામ છઠ્ઠી ગાથામાં પાડ્યું. જેમ છઠ્ઠીમાં નામ પાડે ને ફઈબા. તેમ અહીંયા છઠ્ઠી ગાથા શરૂ કરતાં આત્માને ''જ્ઞાયક'' એવું નામ સંબોધન કર્યું. એટલે નામ પાડવાની વિધિ છઠ્ઠી ગાથામાં આવી. હવે તે જ્ઞાયક શબ્દ તેમ સૂચવે છે કે આત્માનો સ્વભાવ જ્ઞાન છે અને જ્ઞાનનો સ્વભાવ માત્ર જાણવું છે. કરવું તે જ્ઞાનનો સ્વભાવ નથી. જાણવું તે જ્ઞાનનો સ્વભાવ છે પણ કરવું તે જ્ઞાનનો સ્વભાવ નથી. જ્ઞાનનો સ્વભાવ જાણવું તો આત્માનો સ્વભાવ પણ કેવળ માત્ર જાણવું તે આત્માનો સ્વભાવ છે. તેમાં આખી કર્તાબુદ્ધિ ઊડાડે છે.

પહેલા પારામાં શું છે ? કાલે પ્રવિણભાઈએ કહ્યું તેથી ફરીથી લઈએ ઉપરથી, મુદ્દાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વાત છે. શું કહે છે ? ભાઈ ! અનંત-અનંતકાળથી અજાણ્યો આત્માનો સ્વભાવ છે. પોતાને પોતે પોતાથી જાણતો નથી અને કોઈ આત્માનો જાણનાર કહે ત્યારે પોતાની આડોડાઈ છોડતો નથી. આમ તે હોય ? આમ તે હોય ? તેમ કરીને વાત કાઢી નાખે છે. ભાઈ કાઢવા જેવી વાત નથી. પોતાના હિતની વાત છે. કોઈ આત્મા આપી દે, તેવી કોઈનામાં શક્તિ નથી. આત્માનું સ્વરૂપ સમજાવી શકાતું નથી. પણ સમજી શકાય છે. પોતે સમજે ત્યારે કહેનારને નિમિત્ત કહેવામાં આવે છે.

અહીંયા આત્માનો સ્વભાવ જ્ઞાન ને જ્ઞાનનો સ્વભાવ જાણવું. બસ આ જૈનદર્શનનો એકડો છે. અહીંથી શરૂઆત થાય છે. જૈનદર્શનનું આ પ્રવેશદ્વાર છે. જૈનદર્શનનું પ્રવેશદ્વાર એટલે વીતરાગભાવની પ્રગટતા થવાનું પ્રવેશદ્વાર. જૈનદર્શન એટલે વીતરાગતા. શુદ્ધ આત્માની અનુભુતિ તેને સર્વજ્ઞ ભગવાન જિન શાસન કહે છે. જિન શાસન કહો. જિન શાસન ક્યાં હશે ? રાજકોટમાં સ્વાધ્યાય મંદિરમાં હશે ?

આત્માનો સ્વભાવ કરવું નથી માત્ર જાણવું જ છે. હજી જાણવું, જાણવું પછી જાણવું તો કોને જાણવું પછી બાકી રાખે છે. પણ પહેલાં જૈનદર્શનના રહસ્યમાં આત્માનો જેને અનુભવ કરવો હોય તેને પ્રથમમાં પ્રથમ મારો સ્વભાવ જ્ઞાન ને જ્ઞાનનો સ્વભાવ જાણવું માત્ર છે. રાગનું ન કરવું ને માત્ર જાણવું તે જ્ઞાનનો સ્વભાવ છે. અને પોતાનો જ્ઞાતા થતાં તે પરનો જ્ઞાતા તે વ્યવહાર છે. પણ જે પોતાનો જ્ઞાતા થતો નથી તે પરનો કર્તા બની જાય છે તે જ્ઞાતા થઈ શકતો નથી.

અહીંયા પહેલાં પારામાં એક દૃષ્ટિના વિષયની વાત કરી, કે અનંતકાળથી જીવને એવું એક શલ્ય પડ્યું છે કે આત્મા હોય તો ઉત્પાદ-વ્યયથી સહિત જ હોય ને. આત્મા હોય તો પર્યાયથી સહિત જ હોય ને. જો આત્મા પર્યાયથી રહિત કહેશો તો સાંખ્યમત થઈ જશે. એમ અનેક પ્રકારે પોતાનો વ્યવહારનો પક્ષ દૃઢ કરવા માટે આવી એક આડ મારે છે. તેને પરિણામથી ભિન્ન આત્મા દૃષ્ટિમાં આવતો નથી.

તો પહેલાં પારામાં કહ્યું કે આ જ્ઞાયકભાવ એ સ્વભાવ કેવો છે ? અનાદિ અનંત તેના ચાર વિશેષણ કહ્યા. સ્વયં સિદ્ધ છે આત્મા જ્ઞાયકભાવ. જ્ઞાયક કહો કે શુદ્ધ આત્મા કહો. જ્ઞાયક કહેવાની પાછળ પણ માર્મિક વાત છે. એક જ્ઞાયક શબ્દમાં બાર અંગ આવી જાય. એક જ્ઞાયકભાવમાં બાર અંગનો સાર ભર્યો છે, હું જ્ઞાયક છું બસ. તેમાં દૃષ્ટિનો વિષય આવી ગયો અને જો પરિણમે તો જ્ઞાનનો વિષય પણ તેમાં આવી જાય છે. તે બે વાત પહેલાં પારામાં પણ જ્ઞાયક કહ્યું દૃષ્ટિના વિષય માટે અને બીજા પારામાં જ્ઞાન પ્રધાનમાં પણ જ્ઞાયક જ શબ્દ રાખ્યો નામ બદલાવ્યું નહિ. અપરિણામીનું નામ પણ જ્ઞાયક અને પરિણામીનું

નામ પણ જ્ઞાયક રાખ્યું. આહાહા ! એક શબ્દની અંદર બાર અંગનો સાર કહે છે.

હું જ્ઞાયક છું બસ ! તેમાં દૃષ્ટિનો વિષય આવી ગયો અને હું જ્ઞાયક છું તેવું જ્યારે પરિણમન થયું ત્યારે તે જ્ઞાયકને જાણતું જે જ્ઞાન તે પણ અનન્યપણે હું જ્ઞાયક છું તેમ તેમાં આવી જાય છે. ધ્યેય પણ જ્ઞાયક અને જ્ઞેય પણ જ્ઞાયક. ધ્યેયરૂપ જ્ઞાયક અપરિણામી છે અને જ્ઞેયરૂપ જ્ઞાયક પરિણામી છે. તે બેયનું નામ બદલાવ્યું નહિં, બે પારા લખ્યા, જુદા કર્યા પણ નામ એક જ્ઞાયક રાખ્યું.

તો પહેલાં પારામાં દૃષ્ટિના વિષયની મુખ્યતાથી વાત કરી કે આ જ્ઞાયક આત્મા જે છે તે સ્વયંસિદ્ધ વસ્તુ છે, અનાદિ અનંત છે, નિત્ય પ્રગટ છે અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. પ્રત્યક્ષ ભગવાન આત્મા પોતાના જ્ઞાનમાં પ્રત્યક્ષ થાય તેવો છે તે પરોક્ષ રહી જાય આત્મા તેવો આત્માનો સ્વભાવ જ નથી. સ્વભાવથી જ તે પ્રત્યક્ષ થાય તેવો તેનો સ્વભાવ છે. એટલે જે આત્મા અંતરસન્મુખ થઈને તેવા જ્ઞાયકને જાણે તેને પોતાના મતિ-શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષપણે જણાય છે. પ્રત્યક્ષ થાય તેવો આત્માનો સ્વભાવ છે. તેમ ચાર વિશેષણથી અભેદ જ્ઞાયકભાવની સ્થાપના કરી અસ્તિથી, અસ્તિથી વાત કરી કે આવો છે.

હવે કહે છે કે જ્ઞાયકભાવ છે તે અનાદિ કાળથી સંસાર અવસ્થામાં બંધ પર્યાયની અપેક્ષાથી જોવામાં આવે તો કર્મના સંબંધ બંધ, તેના પરિણામથી જોવામાં આવે તો, તેના પરિણામ છે જે વિશેષ તે જૂના કર્મના ઉદયમાં જોડાય છે-પરિણામ જોડાય છે. કર્મને વશ આત્મા થતો નથી. કર્મને વશ જીવ ન થાય. કર્મને વશ કોણ થાય છે ? કે જીવના બહિર્મુખ પરિણામ. અંતરમુખ પરિણામ પણ કર્મને વશ ન થાય અને જીવતત્ત્વ જ્ઞાયકભાવ છે તે પણ કર્મના ઉદયને વશ થઈ શકે નહિ.

હવે બહિર્મુખ પરિણામ જે કર્મને વશ થાય છે ત્યારે તેની દશામાં શુભ અને અશુભભાવ પ્રગટ થાય છે દશામાં, મર્યાદિત-મર્યાદિત ક્ષેત્રમાં તે શુભાશુભભાવ થાય છે. તેનું દ્રવ્ય મર્યાદિત, ક્ષેત્ર મર્યાદિત, કાળ મર્યાદિત અને ભાવ મર્યાદિત. પરિણામમાં માત્ર શુભાશુભભાવ પ્રગટ થાય છે. નવા પુણ્ય અને પાપની પ્રકૃત્તિનો બંધ થાય છે તેમાં તે નિમિત્ત થાય છે.

સ્વઆશ્રિત પરિણામ બંધમાં નિમિત્ત ન થાય અને ત્રિકાળી જ્ઞાનાનંદ પરમાત્મા પણ નવા કર્મના બંધમાં નિમિત્ત કારણ થતું નથી. તો હવે જ્યારે પરિણતિ બહિરસન્મુખ થઈને કર્મનો રસ થઈ શુભાશુભભાવ ઉત્પન્ન થાય છે પરિણામમાં, તે પરિણામનો ઉત્પન્ન કરનાર જીવ નથી. જે શુભાશુભભાવ ઉત્પન્ન થયા તેનો ઉત્પાદક જ્ઞાયકભાવ નથી, જ્ઞાયકભાવ એટલે આત્મા ઉત્પાદક છે. એમ હે ભવ્ય આત્માઓ તમે ન જાણો.

જે શુભ અને અશુભભાવ થવા યોગ્ય થાય છે અને તેનો કરનાર જૂના કર્મનો ઉદય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને હું ઉત્પન્ન કરું છું તે જ્ઞાયકભાવમાં શુભાશુભભાવને ઉત્પન્ન કરવાની શક્તિનો જ અભાવ છે. તે શુભાશુભભાવ જે જડ અચેતન છે તેના સ્વભાવે ભગવાન જ્ઞાનાનંદ પરમાત્મા, તે શુભ અને અશુભભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી-એટલે કે થતો નથી 'ન ભવતિ'. ચૈતન્ય પરમાત્મા શુભ અને અશુભભાવ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ તે જડ અને અચેતન છે. અને તેનું કર્તૃત્વ ભાસે છે તે મોટું અજ્ઞાન છે. હોય તેને જાણે તે વ્યવહાર કહેવાય, કરે તે અજ્ઞાન છે. કરવું તે સ્વભાવમાં નથી.

પહેલી વાત પાયાની કહી કે આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ જાણવું તે મૂળ પાયાની વાત છે. આ પાયાની વાત જો સમજાય તો તે આગળ વધીને તે શુદ્ધાત્માના અવલંબન સુધી પહોંચે.

હવે જે શુભ અશુભભાવો પ્રગટ થાય છે સંસાર અવસ્થામાં, જ્યાં સુધી તેની પરિણતિ સ્વભાવ સન્મુખ નથી આવતી ત્યાં સુધી તેની પરિણતિ પરનો સંગ કરે છે-પરને વશ થાય છે, કર્મ બળાત્કારે શુભાશુભભાવ ઉત્પન્ન કરતું નથી. તેમ આત્મા તેનો ઉત્પાદક નથી, તેમ આત્મા તેનો નિમિત્ત કર્તા નથી. તેનો નિમિત્ત કર્તા જૂના કર્મનો ઉદય છે. તે શુભાશુભભાવો ભલે થાય પણ ચૈતન્ય પરમાત્મા એ જડરૂપે થતો નથી. 'ન ભવતિ' તે રૂપે થતો નથી. અશક્ય છે. દયા-દાન-કરુણા-કોમળતાના પરિણામપણે કે દેશવ્રતના પરિણામપણે કે મહાવ્રતના પરિણામપણે, કે એકાસણા ને ઉપવાસના શુભભાવપણે, કે અહિંસાદિના શુભભાવપણે, કે આસ્ત્રવપણે થવું અશક્ય છે આત્માને, થતો જ નથી. થયો છું તે તો ભ્રાન્તિ છે. જો તે પ્રમાણે માને છે તેમ થયો હોય તો તો સમ્યગ્દર્શન જોઈએ. પણ સમ્યગ્દર્શન થતું નથી તેનું કારણ કે શુભાશુભભાવે થયો નથી અને પોતે પોતાને તે રીતે થયો માને છે એટલે મિથ્યાદષ્ટિ છે.

એક-એક વાત અમૃત જેવી છે. અંદર ભેદજ્ઞાનની વિધિ બતાવી છે કે ભગવાન જ્ઞાયક આત્મા સાંભળ ! હું જ્ઞાયક આત્માની વાત કરું છું. હું અજ્ઞાની છું અત્યારે ભૂલી જા. હું અજ્ઞાની છું એમ રાખીને વાત અમારી સાંભળીશમાં !! અમે અમારી દશામાં સિદ્ધને સ્થાપ્યા છે અને હે ભવ્ય આત્માઓ-શ્રોતાઓ તમારા આત્મામાં પણ અમે સિદ્ધની સ્થાપના કરી છે. તું તારાથી સ્થાપના કરી શકતો નથી તો તારું કામ મેં કર્યું કે તારા આત્મામાં પણ મેં સિદ્ધની સ્થાપના કરી. સાંભળ ! હવે સાંભળ ! હું અજ્ઞાની છું, હું મિથ્યાદષ્ટિ છું ભૂલી જા-ભૂલી જા. હું તો જ્ઞાયક છું. આહા ! જ્ઞાયકને આગળ કર ને ! હું મનુષ્ય છું તે પર્યાયને આગળ ન કર ને ! હું પાડો છું તેમ કાં વિચાર કર ?હું પાડો છું તેમ વિચારવું કે હું મિથ્યાદષ્ટિ છું તેમ વિચારવું બે એક જ છે. મનુષ્ય હોવા છતાં પોતે પોતાને પાડો કલ્પે તે તો વિપરીતતા છે ને ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એમ ભગવાન આત્મા જ્ઞાયક હોવા છતાં પણ એમ કલ્પે કે હું તો મિથ્યાદૃષ્ટિ છું, અજ્ઞાની છું. પાછો તર્ક કરે કે હું તો પર્યાય અપેક્ષાએ કહું છું. આહાહા ! એલા દ્રવ્ય અપેક્ષાની વાત મારે તને સંભળાવવી છે, મારે તને સામાન્ય પડખાંની વાત સંભળાવવી છે. મેં વ્યવસાય કર્યો છે શુદ્ધાત્મા જે સામાન્ય ચિન્માત્ર મૂર્તિ છે તે તને સંભળાવવા માટે મેં વ્યવસાય કર્યો છે, તો તને તેટલો ટાઈમ સાંભળવાની પણ ફૂરસદ નથી. ભગવાનની વાત હું તને કહું છું, કે તું ભગવાન છો તેમ કર, તો તું વિકલ્પ કરશ કે હું તો પામર છું. આહાહા !

તારામાં સિદ્ધની સ્થાપના કરીને અમે એમ કહીએ છીએ કે મુખ્યપણે હું જ્ઞાયક છું. હું તો શુદ્ધ આત્મા છું. હું તો સામાન્ય ચિન્માત્ર મૂર્તિ છું. હું ચિદ્રૂપ છું. 'ઓમ્ શુદ્ધ ચિદ્રૂપો અહં' હું તો એક શુદ્ધ ચિદ્રૂપ ભગવાન આત્મા છું. એમ તારી માનસિક સ્થિતિમાં-રાગમિશ્રિત જ્ઞાનમાં તો તારા મનમાં તો આત્માને સ્થાપ, પછી ભાવમાં સ્થાપના પછી કરજે. અતીન્દ્રિય જ્ઞાનની અંદર સ્થાપના થશે તે તો પછી, પણ ભાવમનમાં તો આત્માને ઉર્ધ્વપણે જાણ કે હું જ્ઞાયક છું. આટલું પણ ન કરે ? તો પછી કહે છે કે અમે જ્યારે એકત્વ-વિભક્ત આત્માની વાત કહેવાનો વ્યવસાય કર્યો છે અને અમારી સામે પણ જોતો નથી અને અમે કહીએ છીએ કે તું શુદ્ધ છો ત્યારે અમારી સામે તું તર્ક ઉઠાવશ કે હું અશુદ્ધ છું. તે પર્યાય અપેક્ષાએ હું અશુદ્ધ કહું છું સાહેબ. જ્ઞાની કહે છે કે હું તને દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધ કહું છું લે !

તારે શું સાંભળવું છે ? દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધતાનું ભાન વિના તે અશુદ્ધતાનો પરિહાર થઈ શકશે નહિ. માટે શુભ અને અશુભભાવ તેના સ્વભાવે પરિણમતો નથી એટલે કે તે ભાવરૂપે થતો નથી. ચૈતન્ય પરમાત્મા જડરૂપે થતો નથી. જ્યાં જડ-અચેતનની વાત આવી ત્યાં એમાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણ છે તેમ ન લેવું. પણ રાગમાં પોતાને અને પરને જાણવાની ક્રિયાનો જ્ઞાનના અંશનો ઉઘાડનો તેમાં અભાવ છે. તે અપેક્ષાએ તેને જડ અને અચેતન કહેવામાં આવે છે. પછી કહે છે કે આ દૃષ્ટિનો વિષય આપ્યો.

પછી કહે છે કે પરદ્રવ્યોના ભાવોથી, સમસ્ત પરદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં જ્યારે આવે એટલે કે સેવવામાં આવે, પ્રત્યક્ષ અનુભવ કરવામાં આવે ત્યારે તેને શુદ્ધ કહેવાય છે. શુદ્ધથી શુદ્ધનો અનુભવ થાય છે. અશુદ્ધતા શુદ્ધનો અનુભવ કરી શકતી નથી. અંતરમુખ થતાં હું શુદ્ધ છું એમ શુદ્ધનું ધ્યાન કરતાં પરિણામ શુદ્ધ થઈ જાય છે. ત્યારે તેણે ઉપાસના કરી કહેવામાં આવે છે. હવે એક બીજો પારો આ દૃષ્ટિપ્રધાન કથન છે, આખું સમયસાર ને નિયમસાર તેમાં લખી નાખ્યું.

હવે પ્રવચનસાર આખો જ્ઞાન અધિકાર-જ્ઞેય અધિકાર અને ચરણાનુંયોગ આમાં ત્રણે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અધિકાર સમાવ્યા છે. આમાં ત્રણે સમાઈ જાય છે. જ્ઞાન અધિકાર, જ્ઞેય અધિકાર અને ચરણાનુયોગનો અધિકાર.

જ્ઞાન અધિકાર એટલે જે જ્ઞાનમાં ભગવાન આત્મા જ્ઞાયક છું હું તેમ જાણવામાં આવ્યું, તે જ્ઞાન અધિકાર અને જે જ્ઞાયક જણાયો તે જ્ઞેય અધિકાર અને તેનું જે શુદ્ધઉપયોગરૂપ પરિણમન થયું તે ચરણાનુયોગનો અધિકાર છે. ત્રણે અધિકાર બીજા પારામાં સમાવી દીધા પ્રવચનસારના.

કહે છે કે પ્રવચનસાર જ્ઞાનપ્રધાન કથન છે, સમયસાર દૃષ્ટિપ્રધાન કથન છે અને તે પ્રવચનસાર અને સમયસારનો જ્યારે મેળ મેળવતાં આવડે ત્યારે તેને અનુભૂતિ થાય. માટે હવે બીજા પારામાં આચાર્ય ભગવાન એમ ફરમાવે છે કે આ જ્ઞાયક તેનું નામ પણ તે જ્ઞેયને જાણે છે ને ! તેથી આત્મા જ્ઞાયક છે-જાણનાર છે તેમ જગતને પ્રસિદ્ધ છે. જે જગતને પ્રસિદ્ધ છે. ત્યાંથી તેને તેની ભાષામાં-મ્લેચ્છની ભાષામાં ઈ સમજાવે છે. કે હા. પરને જે જાણે તે જ્ઞાન ને જ્ઞાન તે આત્મા. હા. તે બરાબર છે. તેમ જ હા પાડે તરત જ. કેમકે તેની ભાષાથી સમજાવ્યું ને  કે જ્ઞેયને જાણે તેનું નામ જ્ઞાયક આત્મા જાણનાર તે બરાબર છે. દેવ-ગુરુ-શાસ્ત્રને જે જાણે, જ્ઞેયમાં જાણવાની ક્રિયા નથી માટે જ્ઞેય તે આત્મા નથી અનાત્મા છે, પણ જે જ્ઞેયને જાણે તે આત્મા છે. એમ કરીને જ્ઞેયને જે જાણે તે જ્ઞાયક તેવું નામ આત્માનું પ્રસિદ્ધ છે. લોકની અંદર આ વાત પ્રસિદ્ધ છે બધાને અનુભવથી સિદ્ધ છે.

તે વાત કર્યા પછી, શું કહે છે કે જ્ઞેયાકાર જે જ્ઞાન થયું એટલે કે જ્ઞેય સંબંધીનું પોતાનું જ્ઞાન થયું, જ્ઞેય તો જ્ઞેયમાં છે. જ્ઞાન તો જ્ઞાનમાં છે જ્ઞેયના કારણે જ્ઞાન થતું નથી. પણ જ્ઞાનની પર્યાયનો સ્વકાળ જે સમયે જે જ્ઞેયને જાણવાના ધર્મરૂપે પ્રગટ થાય છે તે જ્ઞાનમાં આ જ્ઞેય જણાય છે તે વખતે જ્ઞેયાકાર જ્ઞાન જે થયું, જ્ઞેયો જ્ઞાનમાં જણાયા તેટલા માત્રથી આત્માનો અનુભવ થતો નથી તે જ્ઞાન અજ્ઞાન છે.

જ્ઞેય જ્ઞાનમાં જણાય છે તેટલું જ જો જ્ઞાન જણાય, જ્ઞેય સંબંધેનું જ જ્ઞાન જણાય, જે પ્રકારનું જ્ઞેય હોય તેટલું લીમીટેડ જ જ્ઞાન જો જણાય તો તે અજ્ઞાન છે. આ જે જૈનદર્શન છે ને તે એકદમ ન્યાયપૂર્ણ છે. એકદમ લોજિકથી અને દરેક સામાન્ય જીવ હોય ને તે પણ જો મધ્યસ્થ થઈને રુચિ રાખીને, બે શબ્દો કહ્યા. શું કહ્યું ? બે શબ્દ વાપર્યા. એક રુચિ રાખીને અને બીજું મધ્યસ્થ થઈને, તે મુદ્દાનો પોઈન્ટ છે. હું જાણું છું તે અભિમાનથી આત્મા જણાતો નથી. હું કંઈ જાણતો નથી જાણવાનું ઘણું બાકી છે તો તેના જ્ઞાનનો વિકાસ થઈને આત્માને સાધી લ્યે છે.

જે જ્ઞેયાકાર જ્ઞાનમાં જે જ્ઞેય જ્ઞાનમાં જણાણું તે તો તેનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે જ્ઞેયત્વ જ્ઞેયમાં છે અને જ્ઞાયકમાં જ્ઞાનત્વ છે તો જ્ઞેય જ્ઞાનમાં જણાય. હવે જ્ઞેય જ્ઞાનમાં જણાય છે ત્યારે જો જ્ઞાન આત્માને જાણતું નથી તો તે અજ્ઞાન છે. જ્ઞેય જ્ઞાનમાં જણાય અને તે એમ માને કે મને જ્ઞાન થયું, થાય છે અજ્ઞાન, સમયસારની છઠ્ઠી ગાથા એને જ્ઞાનમાં જણાય છે. તેટલું જ જણાય છે ? કે હા. તેટલું જ જણાય છે. તો કહે જા અજ્ઞાન છે. કેમ કે તેણે જે જ્ઞાને જ્ઞેયને જાણ્યું તે જ્ઞાન જો આત્માને જાણે તો જ્ઞેયકૃત અશુદ્ધતા લાગુ પડતી નથી. જો જ્ઞેયને જાણતું જ્ઞાન જો જ્ઞેયમાં અટકી જાય એટલે જ્ઞેયાકાર જ્ઞાનને જ જ્ઞાન માને તે જ્ઞેયાકાર જ્ઞાન તો જ્ઞેય છે. જ્ઞેયાકાર જ્ઞાન પણ જ્ઞાન નથી જ્ઞેય છે.

ગમે તેટલી વાત આવે તેને અટકાવવી નહિ. કાલે ભાઈએ કહ્યું'તું. શું કહ્યું ફરીને કે જે જ્ઞેયો જ્ઞાનમાં જણાય પ્રતિમાના દર્શન કરવા આપણે ઊભા રહ્યા. પ્રતિમાજી ભગવાન તે સાક્ષાત્ પરમાત્મા છે હો !! જિન પ્રતિમા જિન સારખી. ભગવાન સાક્ષાત્ તીર્થંકર સીમંધર ભગવાનના દર્શન થાય છે જ્ઞાનમાં. જ્ઞાનમાં ભગવાન જણાય છે, તે જે તીર્થંકર ભગવાનની પ્રતિમા જ્ઞાનમાં જણાય છે, તેટલું જ જ્ઞાનનું વેદન તે અજ્ઞાન છે તેટલો જ જ્ઞાનનો સ્વાદ તે અજ્ઞાન છે. કેમ કે જ્ઞેય સંબંધેનું જે જ્ઞાન પ્રગટ થયું તેને સર્વજ્ઞ ભગવાને જ્ઞેયાકાર જ્ઞાનનો આવિર્ભાવ એટલે અજ્ઞાન કહ્યું. કેમ કે તે વખતે તે જ્ઞાનના અંશમાં ભગવાન આત્મા જણાયો નહિં તેથી તે જ્ઞાનને સામાન્ય જ્ઞાનનો તિરોભાવ કહી અને વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનનો આવિર્ભાવ કહી અને જ્ઞેયલુબ્ધ કહ્યો તેને. તે જ્ઞેયલુબ્ધ પ્રતિમાની સાથે એકતા કરે છે જ્ઞાન, પરની સાથે એકત્વબુદ્ધિ થાય છે તે જ્ઞાનના અંશમાં. તેમાં જ્ઞેય અને જ્ઞાનનું જુદાપણું દેખાતું નથી.

હવે જ્યારે આચાર્ય ભગવાને તેમ કહ્યું. આ બધી બીજા પારાની લગતી વાત તેને અડીને વાત ચાલે છે. વિષયથી વિષયાંતર જરાય થતું નથી તેમ ધ્યાન રાખજો. કે જ્ઞેયાકાર જે જ્ઞાન થયું તે જ્ઞાનના અંશમાં જ્ઞેય જણાય છે તે જ્ઞાનના અંશમાં જો જ્ઞાયક જણાતો નથી, જાણનારો જણાય છે તેને ભૂલીને આ જ્ઞેય જણાય છે, જ્ઞેય જણાય છે, જ્ઞેય જણાય છે તને ? તો કહે હા જ્ઞેય જણાય છે. બીજું કાંઈ જણાય છે ? રતિભાઈ જણાય છે તને ? તો કહે ના. રતિભાઈ જણાતા નથી. ત્યારે દફતરીભાઈ જણાય છે ? તો કહે ના દફતરીભાઈ જણાતા નથી. પરીક્ષામાં તો આડી અવળી વાત કરે ત્યારે ખબર પડે ને. પરીક્ષા લેતી વખતે, ત્યારે જ્ઞેય જણાય છે ? એમ ન પૂછાય કે આત્મા જણાય છે કે નહિ, એમ ન પૂછાય. કે જ્ઞેય જ જણાય છે કે બીજું કાંઈ જણાય છે કે જ્ઞેય જ જણાય છે ? બીજું કાંઈ જણાતું નથી.

મારું લક્ષ એકની ઉપર જ છે. રતિભાઈ ઉપર નથી માટે રતિભાઈ જણાતા નથી. જેનું લક્ષ પર ઉપર જ છે તે અજ્ઞાન છે. એમ કહે છે આચાર્ય મહારાજ કે જ્યાં સુધી તારું લક્ષ ત્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે અને એકાંત પરપ્રકાશક જ્ઞાનમાં પડ્યું છે, ને એકાંત જ્ઞેયની પ્રસિદ્ધિ કરે છે, કે જ્ઞાયકની પ્રસિદ્ધિ છોડીને, તે જ્ઞાન જ્ઞાયકની પ્રસિદ્ધિ ન કરીને જેઓ કેવળ પરદ્રવ્યની પ્રસિદ્ધિ કરે છે તેને ભ્રમણા કહી તેને વ્યવહાર નથી કહેતાં. પર જ્ઞેયને જાણે છે તે વ્યવહાર નથી તે ભ્રમ થઈ ગયો અધ્યવસાન કહ્યું તેને. તેને અધ્યવસાન કહ્યું આ બધા શાસ્ત્રોમાં શબ્દો છે. અધ્યવસાન ! -પરને મારી શકું છું તે તો અધ્યવસાન છે પણ આ પરને હું જાણું છું તે અધ્યવસાન મિથ્યાત્વનું છે. ભાવ હિંસા થઈ ગઈ. તેમાં ભાવ હિંસા થઈ. કઈ હિંસા થઈ? કે જે જ્ઞાન પોતાનું છે તેને જાણતું નથી અને જે જ્ઞાન જેનું નથી તેને એકાંતે પ્રસિદ્ધ કરે છે ત્યારે તેને મિથ્યાત્વ અને અજ્ઞાનનો દોષ લાગે છે એટલે ચૈતન્યપ્રાણ તે વખતે હણાય છે. સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી.

ત્યારે આચાર્ય ભગવાને કહ્યું કે ત્યારે હવે અમારે કરવું શું ? આત્મા જોવાનો પ્રયોગ શું કરવો ? કે સાંભળ હવે એક પ્રયોગ. કે આત્મામાં કેમ જવાય ? પર પદાર્થ મને જણાય તો છે. ભલે જણાય. પણ સાંભળ કે આ તને જણાય છે ત્યારે તારે એમ વિચારવું પડશે કે આનો હું કર્તા નથી. અને આને જાણનારી જ્ઞાનની પર્યાયનો હું કર્તા નથી પણ મને જાણનારી જ્ઞાનની પર્યાયનો પણ હું કર્તા નથી. એવો હું અકર્તા છું.

એવા અકર્તાના લક્ષપૂર્વક, હવે આગળ કે આ જ્ઞેય જણાય છે તે ખરેખર મને આ જ્ઞેય જણાતું નથી પણ જાણનાર જ જણાય છે. આ જ્ઞેય જણાતું નથી આ જ્ઞેયનો નિષેધ કરવો પડશે. ભ્રમણા ભાંગવા માટે જ્ઞાતા જ્ઞેયના પક્ષનો નિષેધ કરવો પડશે. શું કહ્યું ? ફરીને. આ જ્ઞેય જણાય છે તે તો તારો ભ્રમ છે. હું જ્ઞાતા ને છ દ્રવ્ય મારું જ્ઞેય એવી ભ્રાંતિ તો અનાદિકાળથી ચાલી આવી રહી છે. જૈનદર્શનમાં આવ્યા પછી છ દ્રવ્યને માનીને એકાંત છ દ્રવ્યને પ્રસિદ્ધ કરનારું જ્ઞાન અજ્ઞાન છે. આત્માને નહિ પ્રસિદ્ધ કરતું ને એકાંતે છ દ્રવ્યને પ્રસિદ્ધ કરનારું જ્ઞાન અજ્ઞાન છે.

હવે કહે છે કે આ જ્ઞેય જણાય છે તે ભ્રમ તોડવા માટે સાંભળજો ! જ્ઞેય જણાય છે તેને ભ્રમ કહ્યો-અજ્ઞાન કહ્યું. તે તોડવા માટે જ્ઞેય જણાય છે તેના વ્યવહારનો પણ તારે નિષેધ કરીને જાણનાર જણાય છે એમાં આવવું પડશે. વાત ઝીણી છે ફરી ફરીને બે ચાર વાર કહીએ ત્યારે ખ્યાલ આવે.

શું કહ્યું ? કે કરવું તો વસ્તુના સ્વભાવમાં છે જ નહિ. કરવું તો ગયું. કરવું તો પહેલાં પારામાં કાઢી નાખ્યું. પણ બીજા પારામાં જાણવું રાખ્યું. બીજા પારામાં જાણવું લીધું જાણવું. બહુ મુદ્દાની વાત છે. પહેલાં પારામાં કરવાનું કાઢ્યું કે પ્રમત્ત ને અપ્રમત્તના પરિણામથી ભગવાન આત્મા ભિન્ન છે. જે જેનાથી ભિન્ન હોય તે તેને કરી શકે નહિ. અને આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણામ, કાલ સુનીલભાઈ કોઠારીએ પ્રશ્ન કર્યો હતો કે શુદ્ધપર્યાયનો કર્તા કેમ નહિ ? પિતા નથી આવતા પણ પુત્ર તો આવે છે યોગ્યતા છે ને દરેક જીવની સ્વતંત્ર યોગ્યતા છે. ભાઈ ! જે ભાવમાં મમતા હોય તેમાં કર્તાબુદ્ધિ હોય. જે ભાવમાં મારાપણું હોય-સ્વામીપણું હોય ત્યાં કર્તાબુદ્ધિ હોય, તો નાશવાન શુદ્ધપર્યાય કર્મ સાપેક્ષ તે વ્યવહારનયનો વિષય તેમાં મારાપણાની બુદ્ધિ જ્યાં સુધી હોય ત્યાં સુધી અજ્ઞાની છે. તો હવે શુદ્ધ પર્યાયમાં પણ મારાપણું પ્રગટ થવા પહેલાં છોડવું પડશે. શુભાશુભભાવ પ્રગટ છે તેમાં તો મારાપણું પ્રથમથી જ છોડવું પડશે. પણ શુદ્ધપર્યાય હમણાં પ્રગટ થશે તો પણ હું તેનો કર્તા બનીશ નહિ, તેના પ્રત્યાખ્યાન લેવા પડશે પહેલેથી. પછી શુદ્ધ પર્યાય પ્રગટ થાય તો પણ તેનો કર્તા નહિ થાય તેનો પણ જ્ઞાયક રહેશે.

તેમ હવે આ બીજા પારામાં કહે છે પ્રભુ સાંભળ. શાંતિથી તું સાંભળ. હવે પહેલાં પારામાં અકર્તાની તને વાત કરી કે જ્ઞાયક અકર્તા છે તેમ સિદ્ધ કર્યું. કેમકે પ્રમત્ત-અપ્રમત્તથી ભિન્ન છે. પ્રમત્ત-અપ્રમત્તરૂપે થતો જ નથી આત્મા. જો એક સમય પણ પરમ પારિણામિક ભાવ ઉદયભાવરૂપ થાય, એક સમય પણ ઉપશમભાવરૂપ થાય, એક સમય પણ ક્ષયોપશમભાવરૂપ થાય, એક સમય પણ ક્ષાયિકભાવરૂપ થાય તો આત્માનો નાશ થઈ જાય. આત્મા રહેતો નથી. અવિનાશી આત્મા નાશવાન પર્યાયમાં આવતો નથી. નાશવાન પર્યાયમાં અવિનાશી જણાય ખરો પણ અવિનાશી પરમાત્મા નાશવાન ક્ષણિક પર્યાયમાં આવી શકતો નથી. એવું અકર્તાપણું સિદ્ધ કરીને હવે જ્ઞાતાપણું સિદ્ધ કરે છે.

કહે ત્યારે આત્મા જ્ઞાતા છે કે નહિ ? કે, હા. જ્ઞાતા છે. તો જ્ઞાતા છે તો એ જ્ઞાયકનો જ્ઞાતા કેમ થાય. જ્ઞેયનો જ્ઞાતા થયો અનંતકાળથી પણ જ્ઞેયનો જ્ઞાતા થયો નથી પણ જ્ઞેયનો કર્તા બન્યો છે. જ્ઞેયનો જ્ઞાતા પણ થયો નથી. જ્ઞેયનો જ્ઞાતા તો ક્યારે થાય ? કે પોતાનો જ્ઞાતા થાય ત્યારે પર જ્ઞેયનો જ્ઞાતા કહેવામાં આવે.

હવે આ પરપદાર્થો જણાય છે ત્યારે મારે શું કરવું ? કે આ જ્ઞેય છે તેના સંબંધે થયેલું જે જ્ઞાન તેટલું જ જો જ્ઞાન છે તો અજ્ઞાન છે. એ જ્ઞેયાકાર જ્ઞાન તે ખરેખર જ્ઞાન નથી પણ જ્ઞેય છે. પર જ્ઞેય જે જ્ઞાનની પર્યાયમાં જણાય તે જ્ઞાન નથી પણ અજ્ઞાન છે. તેને મોહરાજાએ જ્ઞાન નામ આપ્યું છે. શાસ્ત્રો જણાય જે જ્ઞાનની પર્યાયમાં મોહરાજાએ તેને નામ આપ્યું જ્ઞાન અને સર્વજ્ઞ ભગવાને તેનું નામ જ્ઞેય આપ્યું. શુભાશુભભાવથી તો છૂટો પડે પંડિત, પણ ઉઘાડથી આત્મા ભિન્ન છે અને ઉઘાડ પણ અજ્ઞાન છે તે વાત તેના લક્ષમાં આવતી નથી.

કહે છે કે જ્ઞેયો જ્ઞાનમાં જણાય પણ તે જે જ્ઞાનનો અંશ છે તે જ્ઞેયાકાર જ્ઞાનનો આવિર્ભાવ થયો અને સામાન્યભાવનો તિરોભાવ થયો. તે જ્ઞેયલુબ્ધ જ્ઞાન છે. એ જે જ્ઞેયઆશ્રિતજ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


થયું તે જ્ઞાનનો અંશ પોતે જ્ઞેય છે પોતે જ્ઞાન નથી. તે જ્ઞેયથી જ્ઞાન જુદું છે. તે જ્ઞેય આત્માને નહિ જાણી શકે, કેમકે તે જ્ઞેય છે જ્ઞાન નથી. જેમ પર જ્ઞેયથી આત્મા ન જણાય, શુભાશુભભાવથી આત્મા ન જણાય, તેમ શુભાશુભભાવને જાણનારો જે જ્ઞાનનો અંશ તેનું નામ જ્ઞેય છે. એ શુભાશુભભાવ જેમ પર જ્ઞેય છે તેમ શુભાશુભભાવને જાણનારો જ્ઞાનનો અંશ એ પણ પર જ્ઞેય છે, તે પરજ્ઞેયથી ભગવાન આત્મા જાણી શકાતો નથી. ત્યારે હવે કરવું શું ? આત્માના દર્શન તો કરવા છે, તો કરવા છે તેની વિધિ આમાં લખી છે. સાંભળ !

કે મને પર જણાતું નથી પણ જાણનાર જણાય છે. તો તેમાં બેનો નિષેધ આવ્યો. જ્ઞેયની સન્મુખતાનો નિષેધ થયો અને જ્ઞેય સાપેક્ષ જે જ્ઞાન જે પર્યાય જેને જ્ઞેય કહેવામાં આવે છે તેનો પણ નિષેધ થઈ ગયો. તેનો નિષેધ થતાં તે ઉપયોગ નિરાશ્રય થયો થકો પોતાના આત્માને જ્ઞેય બનાવે છે. પોતાના આત્માને જ્યારે જ્ઞેય બનાવે છે ત્યારે તે જાણનારો જ જણાય છે. જ્યારે જ્ઞેય સાપેક્ષ જ્ઞાનને ગૌણ કરીને જ્ઞાયક સાપેક્ષ જે જ્ઞાનની પર્યાય થઈ તેના ભેદને પણ ઓળંગીને કારકના ભેદને છોડીને અભેદ કારકમાં આવી જાય છે. ત્યારે જાણનારો પોતે હું કર્તા અને હું જ જણાયો માટે હું જ કર્મ. આ જ્ઞાનની પર્યાય જેણે મને પ્રસિદ્ધ કરી તે મારું કર્મ નથી. શુભાશુભભાવ તો મારું કર્મ નહિ. શુભાશુભને પ્રસિદ્ધ કરનારો જ્ઞાનનો ભાવ ઈન્દ્રિય અંશ તે આત્માનું કર્મ નહિ. પણ જે જ્ઞાન અતીન્દ્રિયજ્ઞાન આત્માને પ્રસિદ્ધ કરે તે જ્ઞાનની પર્યાય પણ મારું કર્મ નથી. આહાહા ! શું આ વાત ! કેમ ? કે તે ભેદરૂપકારક છે તે જ્ઞેયના બે ટુકડા થઈ ગયા. આ વાત ઘણી જગ્યાએ શાસ્ત્રમાં માર્મિક છે પ્રવચનસારની ૮૦ નંબરની ગાથામાં પણ કર્તા-કર્મ-ક્રિયા તેના ભેદને પણ તે ક્રમે ક્રમે છોડી દે છે અને આખરે નિત્યભાવને પામે છે.

પ્રવચનસારની ૮૦ નંબરની ગાથામાં આચાર્ય ભગવાને તેમ કહ્યું કે આત્મા જ્યારે પરદ્રવ્યનો સંગ છોડી દે છે, મેં પરદ્રવ્યનો સંપર્ક છોડ્યો ને હું મારા ધ્યાનમાં લીન થયો ત્યારે હું કર્તા, હું કર્મ, અને હું કરણ, અને હું ક્રિયા એવો ભેદ પણ અમને દેખાતો નથી. હવે એ વાત કરે છે. આત્મા કર્તા અને રાગ મારું કર્મ તેમ તો છે નહિ. આત્મા કર્તા અને રાગને જાણનારું જ્ઞાન તે મારું કર્મ તેમ તો નથી. પણ મને પ્રસિદ્ધ કરનારી જ્ઞાનની પર્યાય કર્તા, આત્મા કર્તા અને તે પર્યાય મારું કર્મ. કર્તાબુદ્ધિ નહિ, આ કર્તાબુદ્ધિ તો છૂટી ગઈ છે. આ કર્તા-કર્મનું જ્ઞાન કેમ થાય તેની વાત ચાલે છે.

અકર્તાપણું સુરક્ષિત કાયમ રાખીને કર્તા-કર્મના સ્વભાવનું જ્ઞાન કેમ કરી લ્યે છે જીવ તેની વાત છે. કર્તાબુદ્ધિ થતી નથી પણ આત્મા આત્માને જાણતો પરિણમે છે માટે કર્તા અને પરિણામ કર્મ એટલો જે કારકનો ભેદ પડે છે, ભિન્ન કારકની તો વાત નહિ, ગુરુથી જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

થાય તે તો ભિન્ન કારક છે. પણ ભેદરૂપકારક, કારકનો અર્થ શું છે કે કાર્યની ઉત્પત્તિ-સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે, જે સમયે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનનો જન્મ થાય છે તેનું નામ કાર્યની ઉત્પત્તિ કહેવામાં આવે છે. અને તેનું કારણ કારક છે.

હવે તે કારકના બે પ્રકાર છે. એક ભેદરૂપકારક અને એક અભેદરૂપકારક. જ્યાં સુધી ભેદરૂપકારકમાં ઊભો છે, ત્યાં સુધી સમ્યગ્દર્શનનો જન્મ થતો નથી. હું કર્તા અને આ શુદ્ધપર્યાય તે મારું કર્મ તેમ પણ નથી. તે ભેદકારકને ઓળંગીને હું જ કર્તા અને હું જ કર્મ. પરિણામી દ્રવ્ય કર્તા અને પરિણામી દ્રવ્ય કર્મ, અપરિણામી અકર્તા અને પ્લસ પરિણામી દ્રવ્ય અને એ પણ અભેદકારકથી કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન ને અધિકરણ એમ ષટ્કારકરૂપે અભેદરૂપે પરિણમતો આત્મા તે જ્ઞાનમાં જ્ઞેય થઈ જાય છે.

ધ્યાનમાં ધ્યેય તો ધ્રુવ થાય છે અને જ્ઞાનમાં જ્ઞેય ઉત્પાદવ્યયધ્રુવયુક્તંસત્ થાય છે. એ જ સમયે સમ્યક્ એકાંતપૂર્વક અનેકાંતનું જ્ઞાન થાય ત્યારે તેને નિર્વિકલ્પજ્ઞાન કહેવામાં આવે છે. ઝીણી વાત તો છે. કાલે ભાઈ કહેતા હતા કે બહુ ઝીણી વાત છે. પણ ડાક્ટર સાહેબે કહ્યું કે ઝીણું ભલે આવે. ઝીણું અટકાવવા જેવું નથી. અહીં રાજકોટમાં ઝીણું નહિ આવે તો ક્યાં આવશે ? રાજકોટનો પક્ષ તો લ્યે ને ઈ કે રાજકોટમાં તો ઝીણી વાત કરવી જોઈએ ને.

ભગવાન આત્માની પ્રાપ્તિનો ઉપાય બતાવતાં એક વખત તું અકર્તાના પક્ષમાં આવી જા. શુદ્ધ પર્યાયનો પણ હું કર્તા નથી તેમ એક વખત શ્રદ્ધામાં તો લાવ. અરે વ્યવહાર શ્રદ્ધા તો બનાવ. નિશ્ચય શ્રદ્ધા તો પછી, હજી તો પરપદાર્થના કામ હું કરી શકું છું. અત્યારે પુરુષાર્થની વ્યાખ્યા એવી થઈ ગઈ કે કાંઈક કરવું તેનું નામ પુરુષાર્થ. પણ ભગવાન આત્માની અંદર ડૂબકી મારીને જાણવું તે સત્ પુરુષાર્થ છે-સમ્યક્ પુરુષાર્થ છે તે વાત ઊડી ગઈ. તે સત્ય પુરુષાર્થ છે. કરો સત્ય પુરુષાર્થ. શું પુરુષાર્થ કે અકર્તાને જ્ઞાયકને દૃષ્ટિ ને જ્ઞાનમાં સ્વીકાર કરીને ઠરી જવું અંદરમાં, કે જ્યાં કોઈપણ પ્રકારની વિકલ્પ કે રાગની ઉત્પત્તિ ન થાય, જ્યાં આનંદનો અનુભવ થાય તેને સત્યપુરુષાર્થ કહેવામાં આવે છે. સહજ પુરુષાર્થ છે તે પુરુષાર્થ પણ સહજ છે. કરવું તે પુરુષાર્થ નથી. કરવું તે મરવું. જાણે છે તે જીવે છે અને કરે છે તે ભાવમરણે મરે છે.

હવે આપણે ગાથા લઈએ. તેના શબ્દો એટલે હવે વધારે સ્પષ્ટ થશે. તે રીતે જ્ઞેયાકાર થવાથી એટલે જ્ઞેયોને જાણવાની અવસ્થા થવાથી તે ભાવને એટલે આત્માને તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. જગતને આ વાત પ્રસિદ્ધ છે. એક પ્રસિદ્ધ છે અને બીજી વાત અપ્રસિદ્ધ છે. હવે જે વાત પ્રસિદ્ધ છે તેના દ્વારા અપ્રસિદ્ધ તત્ત્વને સમજાવવું છે. ત્યાંથી શરૂઆત કરી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે તારામાં જ્ઞાન છે. કે જ્ઞાન છે એમ કેમ આપ કહી શકો છો. તારામાં જ્ઞાન ભરેલું છે તેમ કેમ કહો છો. કે હે ભગવાન ! કે તું મને જાણશ કે નહિ ? હા, આપને જાણું તો છું, તો આપને જાણું છું તો જાણે કોણ ? કે જ્ઞાનવાન. તો તારામાં જ્ઞાન તો છે. ત્યાંથી શરૂઆત કરી. કે જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. જગતને આ વાત એક પ્રસિદ્ધ છે અને બીજી વાત અપ્રસિદ્ધ છે.

હવે અપ્રસિદ્ધ જે વાત છે તેની પ્રસિદ્ધિ તારા જ્ઞાનમાં કેમ થાય તે કહેવાનો અમે વ્યવસાય કર્યો છે. બરાબર તું સાંભળજે તો તને પણ અનુભવથી પ્રમાણ થશે. અપ્રસિદ્ધ પ્રસિદ્ધ થઈ જશે. અપ્રસિદ્ધ તત્ત્વ છે જ્ઞાયક, એ તારા જ્ઞાનમાં પ્રત્યક્ષ પ્રસિદ્ધિને પામશે. પણ અમે કહીએ તો અમારી પાછળ-પાછળ તું ચાલજે. એટલે અમે જે કહેવા માગીએ છીએ તેને તું તારા જ્ઞાનમાં અપનાવીને હા પાડજે, તો હાલત થશે.

હવે અપ્રસિદ્ધ, જે અપ્રસિદ્ધને પ્રસિદ્ધ કરવું છે તો પણ તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. ભલે જ્ઞાનીનું જ્ઞાન જ્ઞેયને જાણે પણ જ્ઞેયલુબ્ધ જ્ઞાની થતા નથી. વ્યવહારે જ્ઞેય ને જાણે, જણાય પણ તે જ્ઞેયરૂપ થતા નથી. જ્ઞેય મારું છે-એવી જ્ઞેયોમાં આત્મબુદ્ધિ થતી નથી. શુભભાવ જાણેલો પ્રયોજનવાન છે, પણ શુભભાવ પર જ્ઞેય, હેય, જ્ઞેય છે તેને જાણવા છતાં પણ આ રાગ મારો એમ તેમાં મમતા કેમ આવતી નથી ? કારણ કે રાગને જાણતી વખતે જાણનારને જાણે છે.

કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેયોને જાણવાની અવસ્થાના કાળમાં જ્ઞાયકપણે જે જણાયો. આહા ! શું જણાયો ? જાણનારપણે જણાયો. જ્ઞાયકપણે જણાયો. પણ જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ લાગતી નથી ? કે જ્ઞેયોના જાણવાના કાળે જાણનાર જણાય છે, જ્ઞાયકપણે જે જણાયો જાણનારપણે જે જણાયો તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ જ્યારે ઉપયોગ બહાર છે ત્યારે પણ જાણનાર જણાય છે અને ઉપયોગ શુદ્ધઉપયોગની ભૂમિકામાં આવે ત્યારે પણ જાણનારો જ જણાય છે. ચોવીસે કલાક જાણનાર જણાય છે. સાધકને જ્ઞાનીને.

હવે જે સાધક થવાનો છે અને સાધક હમણાં થશે. તે શું કરે છે ? કે જ્ઞેય જણાતું નથી પણ જાણનાર જણાય છે. જ્ઞેય ઉપરથી બુદ્ધિ હઠાવી અને તેના ઉપયોગને અંદરમાં લાવે છે. ત્યારે જાણનારો જણાય છે ત્યારે અકર્તા પ્લસ કર્તા-કર્મનું અનન્યપણું કેમ થાય છે તે આમાં બતાવે છે. કેવી રીતે અનન્યપણું થાય છે ? કે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ દીવાની જેમ, આહાહા ! દીવાનો પ્રકાશ કેટલી ક્રિયા કરતો હશે ? દીવાનો પ્રકાશ ક્રિયા તો કરે-પ્રકાશ તો પ્રકાશે કોને પ્રકાશે છે ઘટ-પટને કે પ્રકાશક એવા દીવાને ? કે ખરેખર તે દીવાને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રકાશે છે એમ આમાં કહે છે. ઘટ-પટને યાદ નથી કરતાં. પહેલાં શરૂઆતમાં જ્ઞેયને યાદ કર્યું હતું પછી હવે તે જ્ઞેય જણાય છે તેનું વિસ્મરણ કરીને જ્ઞાયક જણાય છે તેમ અપૂર્વ વાત આમાં હમણાં આવશે.

કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે. કર્તા ય આત્મા અને કર્મ પણ આત્મા. માટી કર્તા અને ઘટની પર્યાય કર્મ એમ નથી, તે ભેદરૂપકારક છે. કુંભાર કર્તા અને માટીની ઘટની પર્યાય થાય તે કર્મ તે તો અજ્ઞાન છે, તે વ્યવહાર નથી અજ્ઞાન છે. પણ માટી કર્તા અને ઘટની પર્યાય કર્મ તે ભેદ છે. એ જ્યાં સુધી જ્ઞેયમાં ભેદ દેખાય ત્યાં સુધી અભેદ જ્ઞેય જણાતું નથી. તેમ આત્મા કર્તા અને શુદ્ધપર્યાય તે મારું કર્મ, એમ જો કારકના ભેદ દેખાય છે, તો કારકના ભેદના લક્ષે વિકલ્પ ઉત્પન્ન થાય છે. નિર્વિકલ્પ અનુભૂતિ થતી નથી.

બહુ ઝીણી વાત છે. ભલે ઝીણી વાત હોય પણ કરવા જેવી છે. શું કહ્યું ? કે આ આત્મા કર્તા અને આત્માને પ્રસિદ્ધ કરનારી જે અતીન્દ્રિયજ્ઞાનની અવસ્થા તે મારું કર્મ એમ ભેદને કર્મપણે પ્રસિદ્ધ કરનારું જ્ઞાન છે ત્યાં સુધી તેને નિર્વિકલ્પ આત્માનો અનુભવ થતો નથી. ત્યારે હવે કેવી રીતે નિર્વિકલ્પ અનુભવ થાય ? કે હું જ કર્તા આત્મદ્રવ્ય, આત્મદ્રવ્ય પરિણામી. અપરિણામી પ્લસ પરિણામીની વાત ચાલે છે. આ તો પ્રવચનસાર શાસ્ત્રમાં લખ્યું. જ્ઞાન અધિકાર-જ્ઞેય અધિકાર ને ચરણાનુયોગ અધિકાર ત્રણે આવી ગયા. ચરણાનુયોગના અધિકારમાં શુદ્ધોપયોગ ને શુભ ઉપયોગ બેય આવે તો કહે, હા. બેય આવી ગયા.

જ્યારે અભેદ જ્ઞેયને જાણે છે ત્યારે નિર્વિકલ્પ ધ્યાનમાં તે જીવ ચાલ્યો જાય છે. અને પછી શિષ્યને સમજાવે છે કે આત્મા જ કર્તા ને જ્ઞાનની પર્યાય જ કર્મ છે પણ ક્રોધાદિ કર્મ નથી, એમ ભેદથી સમજાવે છે. ત્યારે તેની દશામાં શુભઉપયોગરૂપ વ્યવહાર ચારિત્ર પ્રગટ થાય છે. એટલે નિશ્ચય ચારિત્ર ને વ્યવહાર ચારિત્ર બે અધિકાર ચરણાનુયોગમાં આવી ગયા. શું કહ્યું ? જ્ઞાન અધિકાર-જ્ઞેય અધિકાર અને ચરણાનુયોગ અધિકાર.

મારી પાસે તો અહીં ઘણાં પ્રશ્ન આવે છે કે પ્રવચનસારમાં તો ઉત્પાદવ્યયધ્રુવયુક્તમ્સત્ એક આત્મા કહ્યો છે ને તમે તો કટકા કરો છો. ત્યારે હું પૂછું છું કે તે જ્ઞેય અધિકાર છે કે ધ્યેયનો અધિકાર. ઉપર મથાળું વાંચ્યું કાંઈ. એ મથાળું છે ઉપર ધ્યેય લખ્યું છે કે જ્ઞેય લખ્યું છે ? તો જ્ઞેયમાં તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે આવી જાય. અને ધ્યેયમાં પર્યાય ન આવે. પર્યાયથી રહિત જ ધ્યેય છે ત્રણેકાળ. પર્યાયને આલિંગન કરતો નથી ધ્રુવ. અડતી નથી પર્યાય. દ્રવ્યસ્વભાવને શુદ્ધપર્યાય અડતી નથી, સ્પર્શતી નથી. આહા ! તે દૃષ્ટિનો વિષય છે. અને તે પર્યાય, દ્રવ્ય ને પર્યાય એક સાથે યુગપદ પ્રતિભાસે છે તે જ્ઞાનનું જ્ઞેય છે. અને તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જ્ઞાનના જ્ઞેયમાં ધ્યેય ગર્ભિત છે. ધ્યેય આમાં ઊડતું નથી, ધ્યેયપૂર્વક જ્ઞેય થાય છે. શું કહ્યું ?

લ્યો અમારી આ જ્ઞેયની વાતેય આવી. અમે પણ કહેતા હતા કે દ્રવ્ય-ગુણ-પર્યાયવાળો આત્મા તે આત્મા છે તે અમારું આવ્યું. તારું નથી આવ્યું તેમાં તારું કાંઈ આવ્યું નથી, તારું જ્ઞેય પણ આવ્યું નથી અને તારું ધ્યેય પણ આવ્યું નથી. એ તો અજ્ઞાન ઊભું થયું તારું. અરે ધ્યેયનું ધ્યાન કરે જ્યારે, ત્યારે તે આત્મા પોતે પોતાને જાણવારૂપે નિર્વિકલ્પધ્યાનમાં પરિણમે છે, ત્યારે આત્મા જ કર્તા છે અને આત્મા જ કર્મ છે. અનાદિ મિથ્યાદષ્ટિ જીવને અનુભૂતિના કાળમાં આ પ્રકારે હોય છે. પછી તે આત્મા સવિકલ્પદશામાં આવે છે ત્યારે શિષ્યોને કર્તા-કર્મના ભેદના કારકથી સમજાવે છે કે આત્મા કર્તા છે અને જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાથી નિષેધવામાં આવી નથી. માટે જ્ઞાન જ આત્માનું કર્મ છે અને ક્રોધ આત્માનું કર્મ નથી. તેમ શિષ્યોને ભેદના કારકથી સમજાવે છે. જ્ઞેયમાં ભેદ નથી. કેમકે જ્ઞેયમાં ભેદ પાડીને સમજાવે છે એટલે જ્ઞાની પણ ભેદ કરે છે તો એટલો દોષ આવી ગયો તેને. નિર્વિકલ્પ ધ્યાનથી ચ્યુત થઈ ગયો. તે ફરીને પાછા ભેદને સંકેલીને અભેદ કારકમાં જ્યારે જ્ઞેયમાં આવી જાય છે ત્યારે ફરીથી શુદ્ધોપયોગની ભૂમિકામાં આવી જાય છે.

ભેદના કારકથી સમજાવવા માટે સમજાવવાનો કાળ હોય ત્યારે તું ભેદના કારકથી સમજાવજે કે આત્મા કર્તા અને શુદ્ધ ઉપયોગ તે આત્માનું કર્મ. શુભાશુભભાવ તો આત્માનું કર્મ નથી. એટલો તેનો નિષેધ કરવા અને શુદ્ધઉપયોગને કર્મ સ્થાપવા, આત્મા કર્તા ને શુદ્ધઉપયોગ તેનું કર્મ તેમ કારકના ભેદના વ્યવહારથી તું સમજાવજે પણ અન્ય કાળે તું જ્ઞેયમાં ભેદ પાડીશમાં. જો અન્ય કાળે જ્ઞેયમાં ભેદ પાડીશ તો છઠ્ઠામાંથી સાતમા ગુણસ્થાનમાં નહિ આવી શકાય. જેને અભેદનું જોર છે ને તેને શુક્લધ્યાનની શ્રેણી વહેલી આવે છે. જ્ઞાની જ્ઞાનીમાં ફેર.

ધ્યેયના અભેદનું જોર તો બધાયને હોય પણ જ્ઞેયના અભેદનું જોર, જો આવે તો ફટ વિકલ્પ છૂટી નિર્વિકલ્પ થઈ જાય. ધ્યેયમાં ગુણભેદ દેખાતો નથી. અને જે સ્વજ્ઞેય થાય છે નિર્વિકલ્પ ધ્યાનના કાળે, ત્યારે કર્તા- કર્મ ને ક્રિયાનો ભેદ છે ખરો પણ દેખાતો નથી. કર્તા-કર્મ-ક્રિયા ભેદ નહિ ભાસતું હૈં, અકર્તૃત્વશક્તિ અખંડ રીતી ધરે ઈ. અકર્તા પ્લસ કર્તા, કર્તાનું જ્ઞાન થાય છે પણ કર્તાબુદ્ધિ થતી નથી. કર્તાબુદ્ધિ થાય તો અકર્તાની દૃષ્ટિ ચાલી જાય છે. મોટો દરિયો છે આત્મા. આ આત્મા છે ને સમુદ્ર છે. આ સમુદ્ર મંથન કરીને આચાર્ય ભગવંતોએ શાસ્ત્રો લખ્યા છે. કહે છે કે કર્તા ને કર્મનો જ્ઞેયનો જો ભેદ પાડીશ તો કારકના ભેદની પ્રક્રિયા રહેશે તે પ્રક્રિયાથી પાર ઉતરેલી નિર્મળ અનુભૂતિ નહીં થાય તને.

કર્તા કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે. હવે તેનો ખુલાસો. પોતે જાણનારો માટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતે કર્તા અને પોતાને જાણ્યો. જુઓ ઓલું જ્ઞેય કાઢી નાખ્યું, ખ્યાલ આવ્યો ? જ્ઞેયને જાણે છે તેથી આત્માને જ્ઞાયક એવું નામ પ્રસિદ્ધ છે. પણ જ્યાં સુધી જ્ઞેયને જાણવા ઉપયોગ રોકાય છે ત્યાંસુધી અનુભવ થતો નથી. આમાં લખ્યું છે તેનો અર્થ ચાલે છે. પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો. જુઓ. પોતાને પણ જાણે છે અને પરને પણ જાણે છે તે વાત કાઢી નાખીને પોતાને જાણે છે તેમ લખ્યું. પોતાને જાણ્યો. છે ને. દેવ-ગુરુ-શાસ્ત્રને જાણે છે તેમ ન લીધું. કેમ કે છદ્મસ્થનો ઉપયોગ એક સમયે એક જ્ઞેયને જાણે.

એક પ્રશ્ન જયપુરમાં આવ્યો હતો કે જ્યારે આત્મા જ્ઞાયકને જાણે છે ત્યારે પર્યાયને તો જાણે જ ને ? કેમ કે બે જ્ઞેય છે. એક ત્રિકાળી જ્ઞેય અને એક ક્ષણિક જ્ઞેય. દૃષ્ટિના વિષયની મુખ્યતાના લોભમાં-મધ્યસ્થતા નહિ. ઓલો લોભ છે ને ધ્રુવ-ધ્રુવ-ધ્રુવ એટલો જ આત્મા છે પર્યાય તે આત્મા નહિ. પરદ્રવ્ય-પરભાવ હેય તેમ આવે ને ! તે પકડી લીધું. પણ ઉપયોગ જ્યારે ધ્રુવમાં જાય ત્યારે ધ્રુવ એટલું જ જ્ઞેય જણાય ? તો મેં કહ્યું આનંદ ન જણાય. તો તે કહે કે આનંદ જણાય તો બે જ્ઞેય થઈ જાય. બે જ્ઞેય થઈ જાય તો છદ્મસ્થનો ઉપયોગ તો એક જ્ઞેયને જાણે એટલે મેં કહ્યું કે જ્ઞાયક અને જ્ઞાયકાશ્રિત જે આનંદ પ્રગટ થયો તે એક જ્ઞેય છે. બે જ્ઞેય નથી. પ્રશ્ન તો આવે ને ? કે આનંદ છે તે પર્યાય છે અને તે પર્યાયને તો પરદ્રવ્ય-પરભાવ હેય કહ્યું, જો તે વખતે જ્ઞાયક પણ જણાય અને આનંદ પણ જણાય તો છદ્મસ્થનો ઉપયોગ તો એક સમયે એક જ્ઞેયને જાણે, તો આ તો બે જ્ઞેય થઈ ગયા તો બે જ્ઞેયને કેમ જાણે ? મેં કહ્યું બે જ્ઞેય છે જ નહિં એક જ જ્ઞેય છે. એક જ આત્મા છે ઈ.

લે હવે આ દૃષ્ટિના વિષયની વાત કરતાં-કરતાં પાછા પરિણામી પર્યાય સાપેક્ષની પણ વાત કરવા મંડ્યા લાલુભાઈ. આહાહા ! હવે શું અમારે કરવું ? ધ્યેયની વાત કરીએ તો જ્ઞેયની વાત તેને સમજાતી નથી અને જ્ઞેયની વાત કરીએ તો ધ્યેયની વાત તેને સમજાતી નથી. ભાઈ ! મધ્યસ્થ થવું જોઈએ. એ ધ્યેય ને જ્ઞેયનો સમય એક છે. ધ્યેયનું અવલંબન અને અનંતધર્માત્મક આખા આત્માનું પ્રમાણમાં પ્રમેય થાય છે. કોઈપણ આત્માનો ધર્મ જાણવાનો બાકી રહેતો નથી અને આત્મા તે ધર્મને કરતો નથી અને જાણ્યા વિના રહેતો નથી. પણ નિત્ય-અનિત્ય એક ને અનેક બેય ? બધું જણાય ? હા બધું જણાય. તો પર્યાયદૃષ્ટિ થઈ ગયો ? ના. ન થાય. તે જ્ઞાનમાં જ્ઞેય જેમ છે તેમ જાણે છે. જ્ઞેય જેમ છે તેમ સુરક્ષિત રાખી, ધ્યેયનું અવલંબન લેતો તે જ્ઞાન જ્ઞાયકમાં જેમ છે તેમ તે જ્ઞાનને જાણી લે છે. અનંતગુણોને જાણે, કારકોને જાણે અને અનંતધર્મને પણ તે જ્ઞાન જાણે છે.

જુઓ ૧૮૨ કળશ કાઢો. જો ભાઈ આ જ્ઞેયની વાત ચાલે છે હો. જો જ્ઞેયને ધ્યેય બનાવે તો મરી ગયો. આ જ્ઞેયની વાત ચાલે છે અત્યારે. આ બીજો પારો જ્ઞેયનો છે. પહેલો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પારો ધ્યેયનો છે અને ધ્યેય ને જ્ઞેય એક સમયે જણાય ને શ્રદ્ધાય, શ્રદ્ધાનો વિષય શ્રદ્ધે અને જ્ઞાનનો વિષય જેમ છે તેમ જાણે. જે કાંઈ ભેદી શકાય છે તે સર્વને સ્વ લક્ષણના બળથી ભેદીને જેનો ચિન્મુદ્રાથી અંકિત નિર્વિભાગ મહિમા છે અર્થાત્ ચૈતન્યની છાપથી ચિન્હિતવિભાગ રહિત જેનો મહિમા છે એવો શુદ્ધ ચૈતન્ય જ હું છું. જો કારકોના એટલે કર્તા-કર્મ કારકોના અથવા ધર્મોના નિત્ય-અનિત્ય અથવા ગુણોના ભેદો પડે તો ભલે પડો પરંતુ વિભુ એટલે દૃઢ, અચળ, સમર્થ, સર્વ ગુણ પર્યાયોમાં વ્યાપક એવા શુદ્ધ સમસ્ત વિભાવોથી રહિત ચૈતન્યભાવમાં તો કોઈ ભેદ નથી. આહાહા !

આ જ્ઞેયમાં ગુણભેદ દેખાતો નથી જ્ઞેયમાં કારકનો ભેદ દેખાતો નથી. જ્ઞેયમાં ધર્મનો ભેદ દેખાતો નથી, અભેદ. એક જૂનું અભેદ અને એક નવું અભેદ જ્ઞાનમાં જ્ઞેયપણે થાય છે. તે સનાતન અભેદ છે. જ્યારે સમ્યગ્દર્શન થાય ત્યારે અભેદપણે જ્ઞાનમાં જ્ઞેય જણાય. ઓલું અનાદિ અનંત છે. જૂનું અભેદ અનાદિ અનંત છે. જૂના અભેદની દૃષ્ટિ જ્યાં થઈ ત્યારે આત્મા સમ્યગ્દર્શનરૂપે પરિણમે છે ત્યારે તે જ્ઞાનમાં કારકના ભેદ-ગુણભેદ કે ધર્મના ભેદ દેખાતા નથી. અભેદ એક જ્ઞેય. ધ્યેય પણ એક અને જ્ઞેય પણ એક. હવે તેં જે જ્ઞેય કહ્યું સ્વજ્ઞેય તેમાં ધ્યેય ગર્ભિત રહેલું છે. 'ઉત્પાદવ્યયધ્રુવયુક્તમ્સત્' જે જ્ઞેય છે તેમાં ધ્રુવ ભગવાન આત્મા, તેમાં ગર્ભિત, ધ્યાનનું ધ્યેય સુરક્ષિત રહેલું છે.

વિભુ એવા શુદ્ધચૈતન્યભાવમાં તો કાંઈ ભેદ નથી. એટલે કારકના ભેદ દેખાતા નથી. ગુણભેદ નથી દેખાતા. અહીં કારકની વાત ચાલે છે ને ! કર્તા હું ને કર્મ પર્યાય એવો ભેદ કારકનો દેખાતો નથી. આમ પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરાય છે.

ભાવાર્થ :- જેમનું સ્વલક્ષણ ચૈતન્ય નથી એવા પરભાવો તો મારાથી ભિન્ન છે. આહાહા ! આ શુભભાવ તો આત્માથી ભિન્ન છે તે તો ઘોર સંસારનું કારણ છે શુભભાવ. આચાર્ય ભગવાને કહ્યું છે. શુભભાવ તે ઘોર સંસારનું કારણ છે. અમારે શુભભાવ ન કરવો. કરવા ન કરવાની વાત નથી. કરવું તે અજ્ઞાન છે. અને શુભભાવ તેના કાળે આવે તેણે જ્ઞાયકની દૃષ્ટિ રાખીને શુભભાવને જાણવો તે વ્યવહાર છે. શુભભાવને કરવું તે વ્યવહાર નથી તે અજ્ઞાન છે. આવતાં શુભભાવને જાણવો જતાં શુભભાવને જાણવો તેનું નામ વ્યવહાર છે. પરભાવો તો મારાથી ભિન્ન છે માત્ર શુદ્ધ ચૈતન્ય જ હું છું.

કર્તા-કર્મ-કરણ-સંપ્રદાન-અપાદાન અને અધિકરણરૂપ કારક ભેદો છ નામ કહ્યા. પછી સત્ત્વ-અસત્ત્વ, અસ્તિત્વ-નાસ્તિત્વ, નિત્ય-અનિત્ય, એકત્વ-અનેકત્વાદિ ધર્મભેદો અને જ્ઞાન-દર્શનાદિ ગુણોભેદો જો કથંચિત્ હોય તો ભલે હો, કથંચિત્ શબ્દ છે ને ? તે જ્ઞેયોમાં એવા ભેદના પ્રકાર હો તો ભલે હો. એટલે કે છે ખરા-ભેદો છે ખરા, પરંતુ શુદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૈતન્યમાત્રભાવમાં તો કોઈ ભેદ નથી. આ અભેદ જ્ઞેયમાં ભેદ હોવા છતાં ભેદ દેખાતો નથી. કેમકે એક ભેદનું લક્ષ નથી. એક ભેદને જ્ઞેય બનાવતું નથી જ્ઞાન. કે આ કર્તા નામનો એક સ્વભાવ અને કર્મ નામનો, કરણ નામનો એક ભેદને જો જ્ઞેય બનાવવા જાય એક ભેદને જ્ઞેય, આ જ્ઞેયનો ભેદ, આ જ્ઞેયનો પણ એક ભેદ નિત્ય ને અનિત્યને એકને, તેને એકને જો જ્ઞેય બનાવવા જાય તો બીજા અનંતગુણો, અનંતધર્મો તેને વિષયનો પ્રતિબંધ થઈ જતાં નિર્વિકલ્પ ધ્યાન આવતું નથી.

એક સમયમાં જેમ કેવળી જાણે તેમ એક સમયમાં અનંતગુણો, અનંત અપેક્ષિત ધર્મો અને કારકો એક સમયમાં અભેદપણે જણાય ત્યારે અનુભવ થાય છે.

## પ્રવચન નં. ૩૫

**પૂ.ભાઈશ્રીની ૮૭ મી જન્મ જયંતિ - જૂનાગઢ**

**તા. ૨૭-૫-૯૬**

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર તેની છ નંબરની ગાથા છે. ગાથા નંબર છ કે જે ૪૧૫ ગાથાનો સાર છે. ૪૧૫ ગાથાનું રહસ્ય આમાં સમાઈ જાય છે. અને ગુરુદેવ પ્રશંસા કરે છે કે આ તો છઠ્ઠીના લેખ જેવી ગાથા છે. અફર ! ફરે નહીં તેવી આ ગાથા છે. એમાં ધ્યેયપૂર્વક જ્ઞેય કેમ થાય છે તેની વિધિ આખી આમાં બતાવે છે. એક ગાથાની અંદર આખું પૂરું સ્વરૂપ આવી જાય છે. સંક્ષેપ રુચિવાળો જીવ, કુશાગ્રબુદ્ધિવાળો જીવ, તીક્ષ્ણ બુદ્ધિવાળો જીવ એક ગાથામાં પામી જાય તેવી આ ગાથા છે. અને ન પામે તો ૧૨ ગાથામાં જરૂર પામે. બાર ગાથામાં ન પામે તો ૪૧૫ ગાથામાં તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય, તેવું આ સમયસાર શાસ્ત્ર છે. આખા ભારતમાં અજોડ, અદ્વિતીય છે. ૧૨ અંગનો સાર છે. તેમાં પ્રશ્નકાર પ્રશ્ન કરે છે.

હવે પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે, શિષ્યનો પ્રશ્ન સમજવા જેવો છે. એમ મને પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે એવો શુદ્ધાત્મા કોણ છે ? કે જે આજ સુધી મારા ખ્યાલમાં, જાણવામાં, અનુભવમાં નથી આવ્યો. એવા શુદ્ધાત્માનું સ્વરૂપ શું છે ? વ્યવસાય-વિકલ્પ એવો ઉત્પન્ન કર્યો છે કે હું એકત્વ વિભક્ત આત્માની વાત શુદ્ધાત્માની વાત આ શાસ્ત્રમાં કહેવા માગું છું. એમાંથી શિષ્યને પ્રશ્ન થયો કે એવો શુદ્ધાત્મા કેવો છે કે જે આજ સુધી મારા જાણવામાં નથી આવ્યો, અનુભવમાં નથી આવ્યો અને ખરેખર સાંભળવામાં નથી આવ્યો તેવા આત્માનું સ્વરૂપ આપ કહેવા માંગો છો તેમ મારા ખ્યાલમાં આવ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બે પ્રશ્ન કરું છું પ્રભુ ! એક તો શુદ્ધાત્માનું સ્વરૂપ શું ? તે પહેલો પ્રશ્ન છે. પહેલાં પ્રશ્નનો જવાબ પહેલાં પારામાં આપશે. હવે એના અનુસંધાનમાં બીજો પ્રશ્ન કરે છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ. એટલે કે શુદ્ધાત્માનો અનુભવ કેમ થાય ? તે પણ કૃપા કરીને મને કહો. શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવો અને તે શુદ્ધાત્માનો અનુભવ કેમ થાય, તે પણ સમજાવો. તેવા બે પ્રશ્ન શિષ્યએ કર્યા છે.

એકલું શુદ્ધાત્માનું સ્વરૂપ સમજવાની મારી જિજ્ઞાસા નથી પણ આત્માનું સ્વરૂપ જાણ્યા પછી લક્ષમાં કેમ આવે, પછી તે અનુભવમાં કેમ આવે ? તેની ઉપાસના કેમ થાય ? તેની આરાધના કેમ થાય તે મારો બીજો પ્રશ્ન છે. તો આચાર્ય ભગવાન બેય પ્રશ્નના ઉત્તર એક ગાથામાં આપે છે. છઠ્ઠી ગાથા છે.

નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયકભાવ છે
એ રીત શુદ્ધ 'કથાય', ને જે જ્ઞાત તે તો તે જ છે.

પ્રમત્ત અપ્રમત્ત દશાઓ છે તેને ગૌણ કરો, ગૌણ કરીને તેને અભૂતાર્થ કરો તેમ મૂળમાં ક્યાંય નથી. તે પ્રશ્ન કર્યો છે શુદ્ધાત્માનો. તો હે ભવ્ય આત્મા સાંભળ ! એ શુદ્ધાત્મામાં પ્રમત્ત એટલે એક ગુણસ્થાન મિથ્યાત્વનું તેનાથી માંડીને પ્રમત્તના છઠ્ઠા ગુણસ્થાન, સુધીના ભાવો પરિણામો તે શુદ્ધાત્મામાં નથી. અને સાતમા ગુણસ્થાન શુદ્ધઉપયોગથી માંડીને, ઓમાં એકથી છ માં શુદ્ધઉપયોગ ને શુદ્ધપરિણતિ બે હતા. સાતમા ગુણસ્થાનમાં એકલો શુદ્ધઉપયોગ છે. સાતમાના બીજા ભાગથી, આઠ-નવ-દશ બાર તેર સુધી. તે શુદ્ધઉપયોગ છે જે સાક્ષાત મોક્ષનું કારણ છે અપ્રમત્તદશા. એ મોક્ષના કારણનો ભગવાન આત્મામાં અભાવ છે, બંધના કારણનો તો અભાવ છે પણ મોક્ષનું કારણ જે અપ્રમત્તદશા સાક્ષાત મોક્ષનું કારણ, ચોથું, પાંચમું ને છઠ્ઠું પરંપરા કારણ છે. આઠમાથી, સાતમાના બીજા ભાગથી, સ્વસ્થાન ને સાતિશય બે ભાગ પડી જાય છે સાતમાના, શ્રેણીની સન્મુખ થઈ શુદ્ધોપયોગ ધારાવાહી આત્માને જાણ્યા કરે, અનુભવ્યા કરે, આત્મામાં લીન થાય, તો એને અંતર્મુહૂર્તની અંદર કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય.

એવી જે દશાઓ છે પ્રમત્ત ને અપ્રમત્ત પર્યાય છે, દશા છે, હાલત છે એ પરિણામમાં બધા ભાવો છે. પ્રમત્ત અપ્રમત્તના ભાવો પરિણામમાં છે, પર્યાયમાં છે, દશામાં છે પણ જીવ તત્ત્વમાં એ નથી. આવો જીવતત્ત્વને તે જાણ્યો નથી અને તારી જાણવાની જિજ્ઞાસા છે. અને તારો ભાવ જોઈને મને કહેવાનો ભાવ થઈ ગયો છે આજે. તારી જિજ્ઞાસા જોઈને મને આજે ભાવ થઈ ગયો છે બધું કહી દઉં. હું હવે કંઈ બાકી રાખીશ નહીં. જે કેવળી અને શ્રુતકેવળીની પરંપરામાં મને જે આત્માનો અને આત્માનો અનુભવ કેમ થાય તે બે પ્રકારના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


બોધ મને પરંપરામાં મળ્યા છે. અને સાક્ષાત આત્માનો અનુભવ કરીને એ મેં સિદ્ધિ કરી છે. તે વાત તે પૂછી છે આજે, તે હું તને કહું છું. આ તારા જેવા પ્રશ્નો કરનારો કો'ક વિરલો જ હોય છે.

બાકી આઠ કર્મ કેમ બંધાય ને કેમ છૂટે તેની સ્થિતિ શું ? આહા ! ગુણસ્થાનના ભેદો શું ? લોકનું સ્વરૂપ શું ? તેવા પ્રશ્નો પૂછનારા તો ઘણાં મળે. પણ તે તો પ્રયોજનભૂત પ્રશ્ન પૂછ્યો છે કે જે મને બહુ પ્રિય છે અને જે પ્રિય હોય તે કોઈ પૂછે તો ખલાસ ! બધું હૃદય આપી દે કાંઈ બાકી રાખે નહીં. હું બધું કહી દઈશ તો કોઈ મારાથી આગળ વધી જશે તેમ જ્ઞાનીઓને હોતું નથી. આહા ! બધું કહું છું સાંભળજે તું. એક ચિત્તે સાંભળજે કે અત્યાર સુધી સાંભળેલું અને જે નય નિક્ષેપના વિકલ્પોને તેં ગ્રહણ કરી રાખ્યા છે તેને એક બાજુ મૂકી દેજે.

મૂળ આત્માના સ્વભાવની વાત તેં પૂછી છે. અને મૂળ આત્માના સ્વભાવની વાત હું કહેવા માગું છું. અને એ શુદ્ધાત્મા પ્રત્યક્ષ કેમ થાય ? તેવો તારો પ્રશ્ન છે. તે એ પૂછ્યું નથી કે પરોક્ષ ને પ્રત્યક્ષ. પ્રત્યક્ષ કેમ થાય તે તારો પ્રશ્ન છે. એ આત્મા, બનતા સુધી તો સાંભળતા સાંભળતા જ તને, તારી જિજ્ઞાસાથી એમ લાગે છે કે હું પૂરૂં નહીં કહું ત્યાં તું પામી જાઈશ. પણ કદાચ તું નહીં પામ્યો હોય તો આ ગાથા હું પૂરી કહીશ તને તો તું જરૂર પામીશ. આ શુદ્ધાત્માને પામવાની આમાં વિધિ આબેહુબ બતાવી છે અને અનાદિ અપ્રતિબદ્ધ જીવે આ પ્રશ્ન પૂછ્યો છે. જ્ઞાનીએ પ્રશ્ન નથી પૂછ્યો આ. જેને આત્માનો અનુભવ થયો નથી તેવા અજ્ઞાની પ્રાણીનો આ પ્રશ્ન છે. પણ કોઈ કુદરતી એની પળ એવી પાકી ગઈ છે એની, યોગ્યતા એવી પાકી છે કે પ્રશ્ન જ એવો કર્યો છે, કે પ્રભુ શુદ્ધાત્માનું સ્વરૂપ કેવું છે કે જે મને હમણાં અનુભવમાં આવે. એમ બે પ્રશ્ન પૂછ્યા. એનો ઉત્તર આચાર્ય ભગવાન આપે છે.

'નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયકભાવ છે' એક શુદ્ધઆત્મા છે અનાદિ અનંત. જે નિત્ય નિરાવરણ, અખંડ, એક, પ્રત્યક્ષ પ્રતિભાસમય, અવિનશ્વર, શુદ્ધપરમ-પારિણામિક જેનું લક્ષણ છે, એવો નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું તેવી વાત તે પૂછી. પૂછી છે એટલે મને કહેવાનો ભાવ બહુ આવ્યો છે. કોઈ પૂછે છે એટલે મારું હૃદય બહુ ખીલી ઊઠે છે. તો કહે છે કે પર્યાયો આત્મામાં નથી. પર્યાયો પર્યાયમાં ભલે હો, પણ નાશવાન ક્ષણિક, અનિત્ય, સાપેક્ષ એવી જે પ્રમત્ત અપ્રમત્તની દશાઓ એ ભગવાન પરમાત્મતત્ત્વમાં નથી, જીવ તત્ત્વમાં નથી.

જીવતત્ત્વનું સ્વરૂપ જ આખું ગુમ થઈ ગયું છે અત્યારે તો. એ વાત કુદરતી આપણા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપકારી ગુરુદેવના પ્રતાપે આ વાત બહાર આવી છે. અને ઘણા જીવોએ સાંભળી છે. કોઈ કોઈ એનો અનુભવ લઈને કેટલાક ચાલ્યા જાય છે અને હજી પણ અનુભવ કરીને જશે તેવી ગાથા છે.

એ રીત શુદ્ધ કથાય ને જે જ્ઞાત તે તો તે જ છે. ત્રણ ભાગમાં અપ્રમત્ત-પ્રમત્ત નથી એક જ્ઞાયકભાવ છે. અને એ રીત શુદ્ધ કથાય, આ રીતે આત્મા શુદ્ધ છે. શુદ્ધ થશે એમ નહીં. આત્મા શુદ્ધ છે. ત્રણેકાળ છે, છે, ને છે. ઈ છે, છે ને છે તેનું કારણ શું ? કે તેમાં પ્રમત્ત-અપ્રમત્ત દશાઓ નથી. ભૂતકાળની કોઈ પર્યાય એમાં નથી. અને ભાવિની સાધકની પર્યાય એમાં નથી. અને સાધ્યની જે સિદ્ધિ થાય કેવળજ્ઞાન, મોક્ષ એવા બંધ મોક્ષના પરિણામથી આત્મા રહિત છે. હવે એવો જે આત્મા કેમ જણાય ? કે જે જ્ઞાત તે તો તે જ છે. જે જાણવામાં આવ્યો જાણવામાં આવ્યો તે અનુભવમાં પણ તે જ આવ્યો એમ કહેશે.

ગાથાર્થ :- જે જ્ઞાયકભાવ તે 'જે છે તે'. અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી. એ રીતે એને શુદ્ધ કહે છે. વળી જે બીજો ભાગ. પહેલાં ભાગમાં એમ કહ્યું કે આવું આત્માનું સ્વરૂપ રહેલું છે, તું લક્ષમાં લે.પછી બીજા ભાગમાં એમ કહે છે કે જે, વળી જે જ્ઞાયકપણે જણાયો. ઈ કર્મના બંધવાળો જણાતો નથી, રાગવાળો જણાતો નથી, પર્યાયવાળો પણ જણાતો નથી, એવો શુદ્ધાત્મા પ્રથમ તારા લક્ષમાં, ધ્યેયમાં લે. અને જો ધ્યેય બરાબર તારા જ્ઞાનમાં આવી ગયું તો ધ્યાતા, ધ્યાન ને ધ્યેયની અભેદતા થઈ અનુભવ થશે. પણ ધ્યેય જેમ થાય છે તેમ જ્ઞેય થાય ત્યારે અનુભવ થાય તેવું છે. એકલા ધ્યેયમાં કે ધ્યેયના વિકલ્પમાં કે ધ્યેયની ધારણામાં અનુભવ નથી. જ્ઞાયકપણે જણાયો એમ, તને જણાશે હમણાં. જણાશે અને જણાય જશે. ઓલું તને જણાશે અને જે જણાયો તે જ તને પ્રત્યક્ષ થશે. તે તો તે જ છે બીજો કોઈ નથી.

અરે ભાઈ આત્માના અનુભવથી ધર્મની શરૂઆત છે. કોઈ ક્રિયાકાંડથી ધર્મની શરૂઆત નથી. આ વાત કોઈ વાડાની નથી. વસ્તુનો સ્વભાવ જ એવો છે કે જેવો સ્વભાવ છે તેવો લક્ષમાં આવે, ત્યારે અનુભવ થાય અને અનુભવ થાય ત્યારે તેને ધર્મની શરૂઆત થાય છે.

ટીકા :- જે પોતે પોતાથી સિદ્ધ હોવાથી, અનાદિ અનંત સ્વયંસિદ્ધ છે વસ્તુ. કોઈએ બનાવેલો નથી આત્મા કે કોઈનું કાર્ય નથી આ. પોતે પોતાથી જ, આપોઆપ, સ્વયંસિદ્ધ હોવાથી, કોઈથી ઉત્પન્ન થયો નહીં હોવાથી અનાદિ સત્તારૂપ છે. અનાદિનો ભગવાન પરમાત્મા ચારગતિમાં ભલે રખડે. ઈ રખડે છે તે આત્મા નથી. રખડે છે તેની જોડે જે રહેલો છે એ શુદ્ધાત્મા છે ઈ રખડપાટીથી ભિન્ન છે. રખડવું તેના સ્વભાવમાં નથી. આત્મા ચારગતિમાં રખડ્યો નથી. એની અવસ્થામાં રખડપાટ છે. એ અવસ્થાથી તો આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભિન્ન છે એ તો કહેવું છે અમારે.

કદી વિનાશ પામતો નહીં હોવાથી અનંત છે, અનાદિઅનંત. નિત્ય ઉદ્યોતરૂપ હંમેશા, નિત્ય એટલે હંમેશા, ઉદ્યોતરૂપ એટલે પ્રગટ છે, છે ને છે. પ્રગટ હોય તે ધ્યાનનું ધ્યેય થાય, અને પ્રગટ હોય તે જ્ઞાનનું જ્ઞેય થાય. માટે નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી, થવાથી નહીં. પણ ત્રણેકાળ હોવાથી ક્ષણિક નથી, અનિત્ય નથી આત્મા. પ્રમત્ત-અપ્રમત્તદશા અનિત્ય ક્ષણિક છે, નાશવાન. કે નાશવાન છે તેને પરમાત્મા, જિનેન્દ્રનાથ આત્મા કહેતા નથી.

નેમિનાથ પ્રભુની દિવ્યધ્વનિમાં તો એમ આવ્યું છે કે જે પ્રમત્ત અપ્રમત્ત દશાઓ નાશવાન છે તે આત્મા નથી અનાત્મા છે. અથવા તો આગળ વધીને કહીએ તો તે અવસ્તુ છે વસ્તુ નથી. જેમાં અનંત ગુણ વસેલા હોય તેને વસ્તુ કહેવામાં આવે છે.

નેમિ પ્રભુ અહીંયા આવ્યા રાજુમતિના લગ્ન કરવા માટે તેની સાથે આવ્યા પણ પાછા ફરીને તે તો ગીરનાર ગયા ને સાધના કરીને પરમાત્મા થયા. ત્રણ દિવસે આહારની ઈચ્છા થઈ. આહાર લેવા નીકળે છે તો એક રાજાએ તેને આહાર આપ્યો એ વખતે પછી રાજાએ દીક્ષા લીધી. પછી ધ્યાનમાં મગ્ન થતાં છપ્પનમેં દિવસે તેને શુક્લધ્યાનની શ્રેણી આવતાં કેવળજ્ઞાનનો ભડકો થયો અને પછી તેની દિવ્યધ્વનિ છૂટે છે. તેમાં આ દિવ્યધ્વનિમાં એમ આવ્યું છે. એ દિવ્યધ્વનિ આ ક્ષેત્રમાંથી છુટી છે હો ! આ એની નિર્વાણભૂમિ છે. આપણે તેની નિર્વાણભૂમિમાં આવ્યા છીએ. નિર્વાણભૂમિમાં આવીને છઠ્ઠી ગાથાનો મર્મ જો ખ્યાલમાં આવે તો નિર્વાણપદની પ્રાપ્તિ થાય તેવી આ ગાથા છે.

નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી. અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. પ્રત્યક્ષ, સ્પષ્ટ, પ્રકાશમાન જ્યોતિ છે. અંધારું નથી આત્મામાં. અજ્ઞાનમાં અંધારું છે. પણ ભગવાન આત્મા ઝળહળ જ્યોત જ્ઞાન આનંદનો પુંજ છે. એ તો જ્યોતિ છે. જ્યોતિમાં મેલ ન હોય. એવો જે જ્ઞાયક એકભાવ છે. જુઓ આત્મા એકરૂપે છે, અનેકરૂપે થયો નથી. આત્મા મનુષ્ય થઈ ગયો, દેવ થઈ ગયો, નારકી થઈ ગયો, તિર્યંચ થઈ ગયો. (તેમ નથી). આત્મા પોતાનું એકરૂપ છોડીને અનેકરૂપે થતો નથી. બહુરૂપી નથી આત્મા. અનેક પ્રકારના સ્વાંગ આવે છે તે પર્યાયનાં ધર્મો છે. દ્રવ્ય સ્વભાવ તો એવો ને એવો નિત્યાનંદ પ્રભુ અંદરમાં બિરાજમાન છે.

એવો જે જ્ઞાયક એકભાવ છે તે, હવે મૂળ વાત કરી ને પછી સંસારની સ્થિતિનું વર્ણન કરતાં કહે છે કે, તે સંસારની અવસ્થામાં એટલે પર્યાયની અવસ્થાને જોતાં, પર્યાય ધર્મને જોતાં અનાદિ બંધ પર્યાયની નિરૂપણાથી, આત્માને અનાદિકાળથી અજ્ઞાન છે. અજ્ઞાનના નિમિત્તે કર્મનો બંધ સંયોગ થયો છે. આત્માને સંયોગ થયો છે કર્મનો. ઈ કર્મનો બંધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ત્રિકાળી દ્રવ્યને નથી. બંધ થાય છે ને છૂટે છે તે પર્યાયમાં થાય છે. આત્મા બંધાતો નથી માટે આત્મા છૂટતો પણ નથી. જગતના જીવો એમ કહે છે કે આત્મા કર્મથી બંધાય છે અને પછી કર્મથી છૂટી જાય છે, તેને આત્માની ખબર નથી.

બંધ મોક્ષ બેય પરિણામના ધર્મો છે. ભગવાન આત્મા ત્રિકાળી દ્રવ્ય સામાન્ય એ બંધાતો નથી અને મુકાતો પણ નથી. એ તો મુક્ત છે ત્રિકાળ, જે ત્રિકાળ મુક્ત હોય તેને બંધ ન હોય, અને બંધાય છે ને મૂકાય છે તે જીવ તત્ત્વ નથી. એ પ્રમત્ત-અપ્રમત્તની દશાઓ છે, પર્યાયના ધર્મો છે બધા, પર્યાયના સ્વભાવો છે જીવના નહીં. કોઈ કાળે આયુષ્ય કર્મ જીવને બંધાણું નથી, અત્યારે બંધાતું નથી અને ભવિષ્યમાં બંધાશે નહીં. ત્રિકાળ મુક્ત પરમાત્મા અત્યારે બિરાજમાન છે. તેને દૃષ્ટિમાં લ્યે તો અત્યારે એવો અનુભવ થાય આ કાળે, રાજકોટ જતાં પહેલાં જુનાગઢમાં અનુભવ થાય તેવી આ ચીજ છે. આહાહા !

તે સંસારની અવસ્થામાં, અવસ્થામાં કહ્યું, ઓલા દ્રવ્યની વાત નથી. હવે અવસ્થાની વાત છે. અનાદિ બંધ પર્યાયની અપેક્ષાથી ક્ષીર-નીરની જેમ. દૂધ અને પાણી જેમ એક વાસણમાં એકઠા થયા હોય તેવી રીતે, ચૈતન્યમૂર્તિ આત્મા અને આઠ કર્મ એ દૂધ અને પાણીની જેમ, ક્ષીર-નીરની જેમ, કર્મ-પુદ્‌ગલ સાથે એકરૂપ હોવા છતાં, સંયોગથી જોતાં એકરૂપ દેખાય છે પણ સ્વભાવથી જોતાં એ કર્મ ભિન્ન છે ને આત્મા ભિન્ન છે એ વખતે.

હવે કહે છે કે અવસ્થાથી જોતાં કર્મનો બંધ છે ને ક્ષીર-નીર જેવું દેખાય છે. ઉપર ઉપરથી જોતાં દેખાય છે. પણ દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો, પર્યાયથી ન જુઓ તમે આત્માને, દ્રવ્ય સ્વભાવથી જુઓ. તો શું છે ? તો દુરંત કષાયચક્રના ઉદયની વિચિત્રતાના વશે પ્રવર્તતા જૂના કર્મનો ઉદય છે અને તેમાં પર્યાય જોડાય છે આત્મા જોડાતો નથી. મોહકર્મમાં દર્શનમોહકર્મ હોય કે ચારિત્રમોહ હોય. પરમાત્મા તેમાં જોડાતો નથી. બહિર્મુખ પરિણામ તેમાં જોડાય છે. અને તેમાં પ્રવર્તતા જે પુણ્યપાપને ઉત્પન્ન કરનાર, નિમિત્તપણે પુણ્યપ્રકૃત્તિ ને પાપપ્રકૃત્તિ જે બંધાય છે નવી કર્મની પ્રકૃત્તિ. તેને ઉત્પન્ન કરનાર નિમિત્તપણે. ઉપાદાનપણે તો તે કર્મ કર્મથી ઉત્પન્ન થાય છે. જીવના પરિણામ તેને ઉત્પન્ન કરતાં તો નથી પણ જીવનાં પરિણામ તેમાં નિમિત્ત પણ નથી. તે તો સ્વતંત્ર કર્મના કારણે તેનાં સ્વસમયે બંધાય છે તે સ્વસમયે છૂટે છે પણ જોડે અજ્ઞાનનો રાગ નિમિત્ત છે તો એનાથી તે નિમિત્તપણે બાંધે છે, તેમ કહેવામાં આવે છે.

ઉત્પન્ન કરનાર, પુણ્ય પાપની પ્રકૃત્તિને ઉત્પન્ન કરનાર નિમિત્તપણે. સમસ્ત અનેકરૂપ શુભાશુભભાવો. શુભાશુભભાવો પર્યાયમાં સંસારીને થાય. શુભ ને અશુભ, શુભ ને અશુભ. ક્રોધ-માન, માયા-લોભ, તીવ્ર કષાય ને મંદ કષાય. તીવ્ર કષાય હોય તો પાપ અને મંદ

કષાય હોય તો પુણ્ય. છે કષાય. કષાયના બે પુત્ર છે ઈ. આત્માના પુત્ર નથી. પુણ્ય પાપના પરિણામ શુભાશુભભાવ, તેમના સ્વભાવે પરિણમતો નથી. જ્યારે શુભાશુભભાવ થાય છે ત્યારે પરમાત્મા એ આસ્ત્રવનાં સ્વભાવે થતો નથી. પરિણમતો નથી એટલે એ રૂપે થતો નથી.

'તદ્રૂપો ન ભવતિ' કષાયરૂપે આત્મા થતો નથી ત્રણકાળમાં એક સમય માત્ર. એ તો વીતરાગ પરમાત્માની પ્રતિમા એમ ને એમ બિરાજમાન છે. જ્યારે જોવે ત્યારે વીતરાગ સ્વભાવથી આત્મા ભરેલો છે. આત્મામાં રાગ થતો નથી. આત્માની બહાર સંયોગમાં રાગ-દ્વેષ શુભાશુભભાવ થાય છે. થાય ત્યારે પણ આત્મા પોતાના નિજભાવને, શુદ્ધભાવને છોડીને એ અશુદ્ધભાવરૂપ થતો નથી. પરિણમતો નથી એટલે થતો નથી.

જ્ઞાયકભાવથી જડભાવ થતો નથી. આત્મા વિકારરૂપે કષાયરૂપે થતો નથી. આત્મા નેમિનાથ ભગવાનની પૂજાનો વિકલ્પ આવે છે શુભરાગ, સામે પ્રતિમા બિરાજમાન છે અને એમને પૂજાનો ભાવ આવે છે સાધકને, મિથ્યાદૃષ્ટિને પણ આવે. પણ એ જે શુભભાવ આવે છે ત્યારે આત્મા એ મય થતો નથી, એ રૂપ થતો નથી. થાય તો તો આત્મા જડ થઈ જાય. સામાન્ય પડખું એવું ને એવું શુદ્ધ રહ્યા કરે અને વિશેષમાં અશુદ્ધ થાય છે.

આત્મા એક છે ને તેના પડખા બે છે. એક ત્રિકાળી સામાન્ય શુદ્ધ પડખું પરિપૂર્ણ પડખું. જે કર્મના બંધથી રહિત છે અનાદિઅનંત. એ એક પડખું છે. અને બીજું પર્યાયનું પડખું જે અનાદિથી પરના લક્ષે શુભાશુભભાવ થાય ઈ બીજું પડખું છે. પણ, પહેલું પડખું પોતાના નિજ ભાવને છોડી દ્યે શુદ્ધતાને એટલે અશુદ્ધતાને ગ્રહણ કરે અને પોતે અશુદ્ધ થઈ જાય, તેમ ત્રણ કાળમાં બનવાનું નથી. 'ન ભૂતો ન ભવિષ્યતિ' કોઈ કાળે નહીં થાય. એવો શુદ્ધાત્મા છે.

તે પ્રશ્ન પૂછ્યો છે ને આત્માનો-જીવનો, તો હું જીવની વાત કરું છું. તને જીવ એવો ખ્યાલમાં છે કે, જે દયા કરે, કરુણા કરે, પૂજા કરે, ભક્તિ કરે, જાત્રા કરે, મંદિર બંધાવે. આહા ! તેવો જીવ તારા લક્ષમાં છે અમને ખબર છે. પણ જીવ એવો નથી. જીવ જે સર્વજ્ઞ ભગવાને જોયો પ્રત્યક્ષ અને વાણીમાં આવ્યો ને છઠ્ઠી ગાથામાં કહ્યું એવો છે.

જ્ઞાયકભાવથી જડભાવરૂપ થતો નથી. આહા ! ''જડભાવે જડ પરિણામે, ચેતન, ચેતનભાવ કોઈ કોઈ પલ્ટે નહીં છોડી આપ સ્વભાવ.'' એટલે આત્મા દેહરૂપ થતો નથી એમ નહીં. આત્મા શુભાશુભભાવ જે જડ અચેતન છે જેમાં ચેતન હોવાની તને ભ્રાંતિ થઈ ગઈ છે. એ તો તારી ભ્રાંતિ છે. ભગવાને તો તેને જડભાવ કહ્યો છે. હવે જે જડની ક્રિયાથી તું ધર્મ માની રહ્યો છો. તારી મોટી ભૂલ છે. પાછો ફર ભાઈ ! આહા ! અવસર આવ્યો છે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અત્યારે.

એમ કહ્યું ને જડભાવરૂપે થતો નથી, જ્ઞાયકભાવથી જડભાવરૂપ થતો નથી. તેથી તે કારણે, કારણ આપ્યું. પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી. આહા ! કેટલાકને એમ લાગે છે કે આ તો ઊંચા પ્રકારની વાત છે. અરે આ તો એકડાની વાત છે. તે મિથ્યાદષ્ટિએ સમજવા જેવું છે અજ્ઞાનીએ. ઘોર અજ્ઞાની હોય તેને આ પ્રાથમિક એકડાની વાત સમજાવે છે. અનાદિ અપ્રતિબુદ્ધ અજ્ઞાની પ્રાણી જેને ભેદજ્ઞાનનો અભાવ વર્તે છે અને રાગ અને આત્માને એકત્વ કરીને માની બેઠો છે. દેહ ને આત્માને એક માને છે. છે ભિન્ન ભિન્ન કદી એક થાય નહીં તેવા જીવને સમજાવે છે.

તે જ સમસ્ત અન્ય દ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે. અન્ય દ્રવ્યના ભાવો એટલે શુભાશુભભાવ થાય છે તેનાથી અન્યભાવ તેમ અહીં કહેવું નથી. પણ કાલે બાણું ગાથામાં જે દ્રવ્ય કર્મની અંદર, દ્રવ્યકર્મની સત્તામાં રાગ દ્વેષ, સુખદુઃખના ભાવ દ્રવ્યકર્મની સત્તામાં થાય છે. નોકર્મની સત્તામાં નથી થતા તેમ જીવની સત્તામાં પણ થતા નથી. નો કર્મ એટલે શરીર. બદ્ધ નોકર્મ અને શરીરથી ભિન્ન પદાર્થો જેટલા છે તેને અબદ્ધ નોકર્મ કહેવામાં આવે. એ નોકર્મમાં તો સ્પર્શ, રંગ, ગંધ, વર્ણ થાય છે. તેમાં રાગ-દ્વેષનો અનુભાગ નથી. તેમાં તેનો રસ નથી બિલકુલ. ત્યારે રાગ દ્વેષ, સુખ દુઃખ ક્યાં થાય છે ? કે જીવમાં થાય છે ? કે ના. કે નો કર્મમાં થાય છે ? કે ના. ત્યારે જીવની પર્યાયમાં થાય છે ? કે ના. આ શું ? હું તો એમ ધારતો'તો કે જીવમાં થતા નથી એમ કહેશો હમણાં. અરે પુદ્‌ગલમાં ય થતાં નથી નો કર્મ એમ કહેશો. પણ પર્યાયમાં થાય છે એમ હું હમણાં સાંભળવાની જિજ્ઞાસા રાખું છું પણ તમે તો કહો છો કે પર્યાયમાં ય રાગ થતો નથી. આત્માની પર્યાયમાં ઉપયોગ થાય છે જ્ઞાન થાય છે. કાલે આવી'તી વિગત બહુ સારી.

કે રાગદ્વેષ સુખદુઃખના પરિણામ. ૯૨ ગાથા કર્તા કર્મ અધિકારની. અજમેરાભાઈ ! કાલે ગાથા આવી હતી ૯૨ ગાથા. આચાર્ય ભગવાને એમ કહ્યું કે જે ટાઢી ઊની અવસ્થા જે નોકર્મમાં થાય છે તે રૂપે આત્મા થતો નથી. ટાઢી ઊની અવસ્થારૂપે થાય તો જડ થઈ જાય. તો તે પરિણામ કોના છે ? તો કે, પુદ્‌ગલના પરિણામ પુદ્‌ગલથી અભિન્ન છે.

ત્યારપછી બીજો વિષય લીધો કે રાગ-દ્વેષ મોહ, સુખદુઃખના પરિણામ. એ ક્યાં થાય છે ? જીવમાં થાય છે કે જીવની પર્યાયમાં થાય છે ? કે કર્મમાં થાય છે ? કે કર્મમાં થાય છે. જીવમાંય નહીં ને જીવની જ્ઞાનની પર્યાયમાં પણ નહીં. ત્યારે શું થયું આ ? કે તને ભ્રાંતિ થઈ ગઈ છે. રાગાદિના પુદ્‌ગલના પરિણામ તારી સ્વચ્છતામાં ઝળકે છે એટલી વાત સાચી છે. ઝળકે છે, પ્રતિબિંબિત થાય છે, પ્રતિભાસ થાય છે એ વાત તારી સાચી છે. તેથી કરીને એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞાયકમાં રાગ આવતો નથી અને જ્ઞાયકના જ્ઞાનમાં પણ રાગ આવતો નથી. આહા ! એ તો ઝળકે છે. એ તો ભિન્ન છે. તો ભિન્ન છે તો આત્મા કેનાથી ભિન્ન છે ? આત્મા જ્ઞાનથી અભિન્ન છે અને રાગ પુદ્‌ગલથી અભિન્ન છે. તેથી આત્માથી અત્યંત ભિન્ન છે રાગ. એનાથી લોકો ધર્મ માનવા મંડ્યા છે. આહાહા !

એ પરમાત્મામાં થતા નથી શુભાશુભભાવ. તો પર્યાયમાં તો થાય છે ? ઈ તો અજ્ઞાન સિદ્ધ કરવા માટે, સ્વચ્છંદી થતો હોય તો કથંચિત્ તે પ્રકારે કામચલાઉ સમજાવે છે વ્યવહારથી. પછી તો કહે છે કે ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં શુભાશુભભાવ નથી. આહા ! તે સમસ્ત અન્ય દ્રવ્યના ભાવો, જુઓ આ અન્ય દ્રવ્યના ભાવો છે રાગ-દ્વેષ સુખ દુઃખના પરિણામ તે સ્વદ્રવ્યના ભાવો નથી. અહીંયા સ્વદ્રવ્યમાં ઉત્પન્ન થઈ ગયો અજ્ઞાનીને રાગદ્વેષ. ઈ માને છે કે મારામાં ઉત્પન્ન થાય છે પણ એનામાં ઉત્પન્ન જ થતા નથી. ઈ જ એની મોટી ભૂલ છે. ભ્રાંતિ છે, ઈ જ ભ્રાંતિ છે સંસાર છે. થાય છે કર્મની સત્તામાં અને કર્મના પરિણામ જણાય છે જ્ઞાનમાં. જ્યાં જ્ઞાનમાં જણાતા સ્ફટિકમણીની સામે લાલ ફુલ હોય તો તે પ્રતિભાસે છે. સ્ફટિકમણી રાતો થઈ ગયો ? રાતો થતો નથી. કે ઠીક છે એનું ત્રિકાળી દ્રવ્ય છે સ્ફટિકમણીનું, એ તો શુદ્ધ છે રાતું ન થાય. તેની પર્યાયમાં તો રાતું થાય કે નહીં ? કે તું ઝવેરીને પૂછજે. ઝવેરી કહે છે કે તેના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સ્વચ્છતા ભરેલી છે. ક્યાંય તેમાં રાતાપણાનો રંગનો છાંટો આવતો નથી. તેમ ભગવાન આત્મામાં ચેતન, ચૈતન્ય ને ચેતના ભરેલી છે. ચેતના સર્વસ્વ જેનું રૂપ છે. એમાં તો અમે બહુ તપાસ કર્યો કે એમાં રાગ દેખાતો નથી.

શિષ્ય પૂછે છે એકવાર હજી ડૂબકી મારો, મને તો જીવની પર્યાયમાં રાગ ભાસે છે. તો ગુરુ કહે લાવ એકવાર ડૂબકી મારીને ફરીથી જોઈએ. અમને તો કાંઈ શંકા નથી. પણ તારી શંકા દૂર કરવા માટે અંદરમાં જાઈએ છીએ. અને છઠ્ઠા સાતમા ગુણસ્થાનવાળા જીવને અંદરમાં જાતા વાર ન લાગે. શુદ્ધઉપયોગ પ્રગટ કરીને બહાર આવ્યા કે બહુ તપાસ્યું મેં. આ વખતે ચકાસણી બહુ કરી, દ્રવ્યના ક્યાંય ખુણે ખાંચ રે, તેના ગુણમાં કે, તેની પર્યાયમાં ક્યાંય અમને રાગ દેખાતો નથી. આહા ! ''ભિન્નાભાવા નો દષ્ટા'' પરમાત્માથી રાગ ભિન્ન છે. માટે રાગ અમને દેખાતો નથી. એકલા ચૈતન્ય ચમત્કાર પરમાત્માના દર્શન અમે કરીએ છીએ. કોઈને એમ લાગે કે આ મોટી વાત છે. અરે આ એકડાની વાત છે શરૂઆત સમ્યગ્દર્શનની.

હવે બીજો પારો સૂક્ષ્મ છે. એટલે એક પહેલો પારો ત્રણ દિ' ચાલે તેવો છે. પણ ટૂંકામાં બીજો પારો લેવો છે. કે શુદ્ધાત્માનું સ્વરૂપ તો આપે કહ્યું પણ હવે તેનો અનુભવ કેમ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય ? ઈ તો લક્ષમાં આવી ગયું મને કે પર્યાય માત્રથી ભિન્ન, બંધ મોક્ષના પરિણામથી રહિત અનંતગુણથી સહિત જ્ઞાન આનંદ આદિ અનંતગુણથી સહિત એ વાત મારા લક્ષમાં આવી. આહાહા ! પણ લક્ષમાં આવી ન આવ્યા બરાબર છે હજી. ખરેખર તો એની ધારણામાં છે ઈ. એના પક્ષમાં પણ એ દ્રવ્ય નથી આવ્યું હજી. નિશ્ચયનયનો પક્ષ નથી આવ્યો એને હજી. તો એવા આત્માનો અનુભવ કેમ થાય ? હવે એની વાત જરા સૂક્ષ્મ છે છતાં સમજાય તેવી છે. સૂક્ષ્મ કહેવાનો આશય ઈ છે કે ઉપયોગ જો બહાર જાય તો નહીં સમજાય.

વળી આ ચોથા પદનો અર્થ ચાલે છે, વળી, વળી શબ્દ છે ને. ચયઃ એમાં ય વળી શબ્દ છે, ગાથાના અર્થમાં. અને ટીકામાંય વળી શબ્દ લીધો. શબ્દમાં ફેરફાર ન કર્યો. ઓમાંય વળી છે ને. ગાથાના અર્થમાં છે ને વળી. 'છે ને વળી' અને આમાં પણ વળી. એટલે હવે મારે બીજું કહેવું છે એમ. વળી એમ. એક વાત તો હવે તને કહી દીધી. પણ તારો એક બીજો પ્રશ્ન છે. ઈ પ્રશ્નનો ઉત્તર સાંભળ તું હવે. આહા ! પહેલી વાતેય કઠણ પડે છે તને અમને ખબર છે. પણ તારી યોગ્યતા ને ગુરુગમે તને સમજાઈ જશે, નહીં સમજાય તેવું નથી. તું તો ભગવાન આત્મા છો. અનંત આત્મા સિદ્ધપરમાત્મદશાને પામ્યા. નહીં સમજાય એટલા માટે શાસ્ત્ર લખ્યું છે ? કે જગતના જીવો સમજશે મારી વાત. ભલે પાત્ર જીવ સમજે. બધા ન સમજે, થોડા સમજે પણ સમજશે.

વળી હવે દૃષ્ટાંત આપે છે. બળવા યોગ્ય પદાર્થને આકારે દાહ્યાના આકારે થવાથી અગ્નિને દહન બાળનાર કહેવાય છે. અગ્નિ છે તે લાકડા છાણાને બાળે છે તેમ વ્યવહારીજનો કહે છે. પણ વ્યવહારીજનો કહે છે એમ છે નહીં. એક દ્રવ્ય બીજા દ્રવ્યને બાળી નાખે તેમ નથી. અરે ! એક દ્રવ્ય બીજા દ્રવ્યના બળવામાં, અગ્નિ નિમિત્ત પણ નથી. આહાહાહા ! ક્યાં લઈ જાવું છે ? કે સ્વભાવમાં. લાકડાને સ્વભાવથી જો. અગ્નિને પણ સ્વભાવથી જો. જે લાકડું ઠંડું હતું તેની અવસ્થા ઠંડી હતી. ઈ એનો કાળ પાક્યો છે જન્મક્ષણ. શીત પર્યાયનો વ્યય અને ઉષ્ણ પર્યાયનો ઉત્પાદ્ ઈ એનાથી એમાં થાય છે, એમાં થાય છે, એમાં થાય છે, એમાં થાય છે, ન્યાં થાય છે. ત્યારે અગ્નિને નિમિત્તમાત્ર કહેવામાં આવે છે. એ તો સમજતો નથી એને નિમિત્તનું જ્ઞાન કરાવે છે. જે સમજી ગયો કે પુદ્ગલના પરિણામ પુદ્ગલથી થાય છે.

અરે, પુદ્ગલના પરિણામ પુદ્ગલ દ્રવ્યથી પણ થતા નથી. ભાઈ ! વાત સૂક્ષ્મ છે. આહા ! એ પછી કેટલીક ગાથાઓ છપાવી છે એની લ્હાણી કરવી છે. સમજી ગ્યા ?! ગાથાઓની લ્હાણી સંતોની વાણી ! ઈ છપાવી છે. પછી આપી દેશું બધાને, પછી અધ્યયન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કરજો. આજે તો ફક્ત એક છઠ્ઠી ગાથાનો સ્વાધ્યાય અને છેલ્લે ૩૭૩ થી ૩૮૨ ગાથાનો સ્વાધ્યાય કરવાનો ભાવ આવ્યો છે.

વળી દાહ્યાના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે. કથન કરવામાં આવે છે કે અગ્નિ છાણાને બાળે લાકડાને બાળે. એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને કરે ? આંહીથી ઉષ્ણતા કાઢીને ન્યાં નાખે ? એવું લાકડું છે ? કે લાકડાની સ્વતંત્ર પર્યાય જે ઠંડી હતી તે ઉષ્ણરૂપે પરિણમે છે ત્યારે અગ્નિને નિમિત્તમાત્ર કહેવામાં આવે છે. આહા ! એ પણ કહેવું પડે છે. ખરેખર તો એમાં નિમિત્તથી પણ નિરપેક્ષ બળે છે. અરે એનાથી આગળ એની પર્યાયમાં જે ઉષ્ણ થયું તે લાકડા નામના દ્રવ્યથી પણ નહીં. આહાહાહા !

દ્રવ્ય તો પહેલું, લાકડું તો પહેલાં હતું કેમ ઉષ્ણ ન થઈ. કે ઈ તો અગ્નિ નહોતી ને માટે ઉષ્ણ ન થઈ. એમ તર્ક કરે ને ? અગ્નિ આવે તો બળે ને ! કે અરે ભાઈ, તારી દૃષ્ટિ ક્યાં છે ? આહાહા ! અગ્નિથી લાકડું બળે છે ? પેટ્રોલથી મોટર ચાલે છે ? આહાહા ! ઘૂંટડો ન ઉતરે જગતને. ઉતારવો પડશે, અમૃત છે ભાઈ આ જૈનદર્શનનો મર્મ છે. બે દ્રવ્ય સત્ત સ્વતંત્ર છે. દ્રવ્યમાં દ્રવ્યસત્ત, ગુણસત્ત ને પર્યાય પણ સત્ત અહેતુક છે.

વળી દાહ્યના આકારે અગ્નિને દહન કહેવાય છે. તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. બાળે છે લાકડાને માટે અગ્નિ ઉષ્ણ છે એમ નથી. એ અગ્નિને સમજતો નથી એને સમજાવવા માટે અગ્નિ કોને કહેવાય ? એ બે ભેદ કરીને સમજાવે છે. એક અસદ્‌ભૂત વ્યવહારથી કે લાકડા છાણાને બાળે છે તેનું નામ અગ્નિ. પછી એટલું સમજી ગયો પછી કે એનાથી વધારે કાંઈ સૂક્ષ્મ છે ? કે હા. ઉષ્ણ તે અગ્નિ. લાકડું નીકળી ગયું. બે દ્રવ્યની એકતા નીકળી ગઈ. લાકડું હતું તે નીકળી ગયું. ઉષ્ણ તે અગ્નિ. ભાઈ ઉષ્ણ તે અગ્નિ નથી. અગ્નિ તો અગ્નિ જ છે લે. ભેદ રહેવા દે તું. આહાહા ! એમ અપૂર્વ વાત એમાં કહેશે.

દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. લાકડાને બાળે છે માટે અગ્નિને બાળનાર કહેવામાં આવે છે એવી અશુદ્ધતા એવી પરાધીનતા અગ્નિને લાગુ પડતી નથી. ઈ દૃષ્ટાંત આપ્યું. તેવી રીતે જ્ઞેયાકાર થવાથી જેમ દાહ્યાકાર થવાથી અગ્નિને દહન કહેવાય છે. કહેવાય છે તેમ તેવી રીતે જ્ઞેયાકાર થવાથી, ઓમાં લાકડું હતું. આમાં પર જ્ઞેયો છે. જ્ઞેયોનો પ્રતિભાસ જ્ઞાનમાં થાય છે. મોટર જણાય દિકરા-દિકરી જણાય. બધું જણાય, પ્રતિભાસ થાય છે ને ઝળકે જ્ઞાનની સ્વચ્છતામાં. એ પણ કાલે આવ્યું હતું. આ કે કર્મના પરિણામ તો જ્ઞાનની સ્વચ્છતામાં પ્રતિભાસે છે. કાલે આવ્યું હતું. પ્રતિભાસ શબ્દ આવ્યો હતો. જણાય છે તેમ નહોતું લીધું કાલ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેવી રીતે જ્ઞેયાકાર થવાથી એટલે ભગવાન આત્મા છે જ્ઞાયકભાવ, અનાદિ અનંત. એમ અનાદિ અનંત એક એનો ઉપયોગ પ્રગટ થાય છે, જ્ઞાન પ્રગટ થાય છે. ઈ સમ્યગ્જ્ઞાન પ્રગટ નથી થતું. મિથ્યાજ્ઞાન પ્રગટ નથી થતું. શુદ્ધઉપયોગ પ્રગટ થતો નથી. અશુદ્ધઉપયોગ પ્રગટ થતો નથી. માત્ર ઉપયોગ પ્રગટ થાય છે. ઉપયોગ એટલે જાણવાની ક્રિયા જેમાં થાય છે અને જેમાં સ્વપરનો પ્રતિભાસ થાય છે. સ્વપરને જાણે છે અને સ્વપર જણાય છે તેમ ન લેવું. સ્વપરનો પ્રતિભાસ થાય જેમ દર્પણમાં, બહારના પદાર્થો પણ ઝળકે-પ્રતિભાસ થાય અને એનું જે દળ છે એ પણ એમાં પણ પ્રતિભાસ થાય છે. એવી સ્વચ્છતા દર્પણની છે.

એવી રીતે જ્ઞેયાકાર થવાથી, જ્ઞેયો જ્ઞાનમાં ઝળકે છે તે વખતે, તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. જગતને શું પ્રસિદ્ધ છે કે આ પરને જાણે છે તેને જાણનાર કહેવામાં આવે છે. લાકડાને બાળે તેને અગ્નિ કહેવામાં આવે છે. એ વાત જગતને પ્રસિદ્ધ છે. પણ લાકડાને અડતુંય નથી ને બાળતું નથી, એ વાત જગતને પ્રસિદ્ધ નથી. પણ એને પ્રસિદ્ધ છે એના દ્વારા એને અપ્રસિદ્ધ છે ઈ સમજાવી દેવું છે. એને પ્રસિદ્ધ છે કે આ આત્મા જ્ઞાયક કેને કહેવાય ? કે આ બધાને જાણે એને જાણનાર કહેવામાં આવે છે. આત્મા તો જાણનાર છે. અમે જાણનાર છે એમ જ માનીએ છીએ. અમે કરનાર છે એમ માનતા નથી. જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર.

કહે છે ભાઈ તે જાણનાર શબ્દ પકડ્યો. ઈ ક્યાંથી પકડ્યો ? કે સીધી વાત છે આ બધાને જાણે છે માટે આત્મા જાણનાર જ હોય ને. એમ જગતને પ્રસિદ્ધ છે કે જ્ઞેયોના પ્રતિભાસ દ્વારા એને એમ થઈ ગયું છે કે જ્ઞેયને જાણે, રાગને જાણે, શરીરને જાણે. આ પ્રતિમા એને જાણે છે, આ ગીરનાર છે એને પણ જાણે છે એમ એને પ્રસિદ્ધ થઈ ગયું છે. જ્ઞાયકપણું એ રીતે એને પ્રસિદ્ધ છે તો પણ એને પ્રસિદ્ધ છે કે જ્ઞેયને જાણે માટે જ્ઞાયક જાણનાર એ વાત એને પ્રસિદ્ધ છે. તો પણ, આવું એને પ્રસિદ્ધ હોવા વખતે પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી.

જ્ઞેયથી જ્ઞાન થતું નથી અને જ્ઞેયનું જ્ઞાન થતું નથી. જે વખતે ઉપયોગ પ્રગટ થાય છે સ્વચ્છ, તે વખતે, તે સમયે આ દોઢસો પોઈન્ટનું સૂતર ઓલું કહેવાય છે ને સુતર. ઝીણામાં ઝીણું સુતર. આ ઝીણું સુતર છે કે પરમાત્મા બિરાજમાન છે એની દશામાં સમયે સમયે ઉપયોગ પ્રગટ થાય છે. ઉપયોગ આત્માનું લક્ષણ છે. સમ્યગ્જ્ઞાન લક્ષણ કે મિથ્યાજ્ઞાન લક્ષણ કહ્યું નથી. ઉપયોગ સામાન્ય, પરની જેમાં અપેક્ષા ન આવે એવો ઉપયોગ પ્રગટ થાય છે. અને એ ઉપયોગમાં સ્વજ્ઞેય ને પરજ્ઞેય બેય જ્ઞેયનો પ્રતિભાસ થાય છે, એવી જ્ઞેયાકાર અવસ્થા વખતે તેને જ્ઞાયક કહેવાય છે, તો પણ જ્ઞેયકૃત એટલે જ્ઞેયથી જ્ઞાન થાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ નથી. જ્ઞેયનો તો પ્રતિભાસ થાય છે તે સમયે જ્ઞેયનું જ્ઞાન થઈ જાય છે એમ નથી. જ્ઞેયોના પ્રતિભાસ વખતે જ્ઞાયકનું જ્ઞાન બધાને થાય છે.

જ્યારે અજ્ઞાની કહે છે કે મને રાગ જણાય છે, દુઃખ જણાય છે, શરીર જણાય છે એમ અજ્ઞાની કહે છે, એને જ્ઞાનીઓ સમજાવે છે કે તને શાંતિથી મારી વાત તું સાંભળ. કે તને રાગ નથી જણાતો પણ રાગનો જેમાં પ્રતિભાસ થાય છે એવું જે જ્ઞાન, રાગનો પ્રતિભાસ થાય છે એવું જ્ઞાન તને જણાય છે એમ અમે નથી કહેતા. હજી આખું વાક્ય સાંભળ. તું અલ્પવિરામ પછી પૂર્ણવિરામ સુધી સાંભળ. અદ્ધરથી લેતો નહીં. હા બરાબર છે, રાગ જણાય છે તેવું જ્ઞાન છે તે જ આત્મા છે. કે ના એમ નથી. રાગ જણાય છે તેવું જ્ઞાન તે આત્મા નથી. અનાત્મા છે. જ્ઞાયક જણાય છે તે જ્ઞાન છે ઈ આત્મા.

ઓલું તો વ્યવહારથી તને સમજાવ્યું હતું કે પરને જાણે માટે જ્ઞાયક કહેવામાં આવે છે, એમ છે નહીં. કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્યારે જ્ઞેયોનો પ્રતિભાસ થાય છે ત્યારે, બે જ્ઞેય છે એક નિશ્ચય જ્ઞેય ને એક વ્યવહાર જ્ઞેય. પોતાનો આત્મા નિશ્ચય જ્ઞેય છે જ્ઞાયક અને રાગાદિ દેહાદિ, જગતના પદાર્થો એ પરજ્ઞેય છે. તો સ્વ અને પર બેય જ્ઞેયો ઝલકે છે. બેને જ્ઞાન જાણતું નથી. આ સ્વપરપ્રકાશકનો ફેંસલો છે આમાં. તો બેય, જ્યારે જ્ઞેયાકાર અવસ્થા થાય છે ત્યારે જ્ઞેયો જણાય છે કે નહીં ? કહે જ્ઞેય નથી જણાતું તને. કહે મને નથી જણાતું ? તમને તો ન જણાય, કાંઈ નહીં. પણ કહે મને નથી જણાતું ? કહે ના. તને નથી જણાતું. તો હું તારી વાત કરું છું. તારા જ્ઞાનમાં તું એમ માની રહ્યો છે કે મને દુઃખ જણાય છે. કહે તારી ભ્રાંતિ છે, દુઃખ નથી જણાતું તને. હેં ! દુઃખ નથી જણાતું મને દુઃખ થતું તો નથી. થાય છે એમ કહું તો તો સાવ મને તમે કાઢી નાખો. પણ હવે થોડુંક સાંભળ્યું છે એટલે કહું છું કે દુઃખનો જ્ઞાતા છું. દુઃખનો જ્ઞાતા છો તું કે જ્ઞાયકનો જ્ઞાતા છો પ્રભુ ? આહા ! શું થઈ ગયું છે તને આ અનાદિકાળથી આ દૃઢ થઈ ગયું છે અજ્ઞાન તને.

બાળગોપાળ સૌને ભગવાન આત્મા અનુભવમાં આવી રહ્યો છે. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેય નથી જણાતું પણ જ્ઞાયક જણાય છે. એ જ્ઞાયક જણાય છે એ પરોક્ષમાં આવી ગયો, એમાંય હજી પરોક્ષ છે. રાગ જણાય તો તો અજ્ઞાનમાં ગયું ઈ. પરોક્ષ કે પ્રત્યક્ષમાંથી ગયો. પણ રાગના પ્રતિભાસ વખતે મારા જ્ઞાનમાં જાણનારો જણાય છે એમ લે ને. તો કહે છે કે એ ‘જ્ઞાત તે તો તે જ છે’ જો જ્ઞાયક જણાયો તને તો તો અંતર્મુખ થઈ ને તને જ્ઞાયકનો પ્રત્યક્ષ અનુભવ થશે. આમાં અધઃકરણ આદિના પરિણામ ઉત્પન્ન થશે તને. પરોક્ષ અનુભૂતિ થશે. કે આત્માની અનુભૂતિ પરોક્ષ ને પ્રત્યક્ષ. હા. જીવ વસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે, અનુમાન છે એ. અનુમાન જ્ઞાનમાં, માનસિક જ્ઞાનમાં પ્રથમ આત્મા આવી જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પછી અનુભવમાં આવે છે.

જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જ્ઞેયથી જ્ઞાન ન થાય અને જ્ઞેયનું જ્ઞાન ન થાય. વસ્તુ સ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નથી, તેમ વસ્તુ સ્વભાવ પરથી ઉત્પન્ન થઈ શકતો નથી. આત્માનું જ્ઞાન પરજ્ઞેય ને જ્ઞેય બનાવી શકતું નથી. આહા ! અને જ્ઞેયથી અહીંયા આત્મજ્ઞાન થાય તેમ બનતું નથી. તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી.

કારણ કે, હવે જો કારણ આપે છે. આમાં લોજીક છે. કારણ આપ્યા સિવાય જીવો સમજે નહીં. એમ તો કહી દીધું કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે. એમાં ન સમજ્યો તે. છે શું આ ? કહે તે પ્રશ્ન બે કર્યા હતા. કે શુદ્ધાત્માનું સ્વરૂપ શું ? અને તેનો અનુભવ કેમ થાય ? ઉપાસના કરવામાં આવે તો શુદ્ધ થાય. પહેલાં પારામાં ઉપાસના નહોતી. ઉપાસનાનો વિષય બતાવ્યો હતો. બીજા પારામાં ઉપાસના કેમ થાય તે બતાવે છે. માલ ભર્યો છે આમાં. આહા ! ઉપાસના કહો, આરાધના કહો.

કારણ કે, હવે કારણ બતાવે છે. જ્ઞેયાકાર અવસ્થામાં એટલે જ્ઞેયના પ્રતિભાસના કાળે, જ્ઞેયના જાણવાના કાળે એમ નહીં. જ્ઞેયોના રાગના લોકાલોકના જાણવાના કાળે એમ નથી લખ્યું. જ્ઞેયાકાર અવસ્થામાં એટલે જ્ઞેયોનો જ્યારે પ્રતિભાસ જ્ઞાનમાં સ્વચ્છ જ્ઞાનમાં થાય છે. આહા ! જ્ઞેયાકાર અવસ્થામાં સ્ફટિકમણીની સામે લાલ ફુલ હોય ત્યારે એ લાલના પ્રતિભાસના કાળે, એ લાલ થઈ ગયો છે કે સફેદ રહી ગયો છે ? ઈ તો સફેદ રહી ગયો છે. એમ જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસે છે ત્યારે જ્ઞાન જ્ઞેયને જાણતું જ નથી. એ વખતે જ્ઞાયક જણાય છે. બધાને બાળગોપાળ સૌને, પણ સ્વીકારતો નથી, પરોક્ષમાં આવે તો પ્રત્યક્ષ થઈ જાશે.

એ તો જ્ઞાનીને જણાય અમને જણાય તો તો આનંદ આવવો જોઈએ, સમ્યગ્દર્શન થઈ જવું જોઈએ. અરે ! આ સમ્યગ્દર્શન થવાની વિધિ છે. ભાઈ ! સાંભળ તું બાપુ ! સમ્યગ્દર્શન આવ્યું કે આવશે તેવી તૈયારીવાળાની વાત ચાલે છે કે જ્ઞેયાકાર અવસ્થામાં, જ્ઞેયો જ્યારે જ્ઞાનમાં ઝળકે છે ત્યારે, જ્ઞાયકપણે જણાયો. આહા !

આત્મા રાગી છે એમ ન જણાયો. જાણનાર છે એમ જણાયો. જણાયો હો, જણાઈ ગયો. અનુભવ પહેલાંની વાત છે. પણ થોડી ક્ષણમાં તો અનુભવ થાય તેવા જીવની વાત છે આ. જણાયો, તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ દીવાની જેમ કર્તા કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે. આહા ! જે જણાયો ''જ્ઞાત તે તો તે જ છે'' જે જણાયો પરોક્ષપણે તે જ પ્રત્યક્ષ થઈ ગયો. બીજો નથી કોઈ. આહાહા !

કરણલબ્ધિના પરિણામમાં ઉપયોગ અભિમુખ થતાં થતાં અભેદ થઈને અનુભવ થાય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. પોતે જાણનારો માટે પોતે કર્તા, કર્તાની વ્યાખ્યા, કર્તાબુદ્ધિ નહીં. જયસેન આચાર્યની ટીકામાં કર્તાની વ્યાખ્યા કરતાં એ બહુ કહે છે, કર્તા એટલે જાણનાર. કર્તાનો અર્થ કરે છે કર્તા એટલે કે જાણનારો કર્મ એટલે જણાય છે, તો એવો અર્થ કરે છે. પોતે જાણનારો માટે પોતે કર્તા. સ્વપરને જાણનારો એમ આમાં લખ્યું નથી. આમાં શું લખ્યું છે ? પોતે જાણનારો માટે પોતે કર્તા અને સ્વપરને જાણે એમ લખ્યું છે ? કે પોતાને જાણ્યો ? આહા ! આ ચોખ્ખી આમાં સ્પષ્ટ વાત છે. કોઈને પૂછવાની જરૂર નથી. ચર્ચાનો વિષય નથી. તર્કનો વિષય નથી.

પોતાને જાણ્યો, આ જાણ્યો આવ્યું એમાં. ઓમાં જાણી લીધો એમ નહોતું આવ્યું હજી. જાણી લીધો એમ નહોતું આવ્યું પહેલાંમાં, જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો એમ હતું. જણાયો એમ હતું. આમાં શું છે ? પોતાને જાણ્યો. ઓમાં જણાતો'તો પણ જાણ્યો નહોતો. જણાતો'તો જ્ઞાયક જ. પણ જ્ઞાયકને જાણ્યો નહોતો. જણાતો'તો તે બરાબર છે. જે જણાય છે, જણાયો તે જ, તેને જ જાણે છે. તે જ જણાયો છે અને પોતાને જાણ્યો માટે પોતે કર્મ. તેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાં ય દીપક છે. અને પોતાને-પોતાની જ્યોતિરૂપ શિખાને-પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે, અન્ય કાંઈ નથી; તેમ જ્ઞાયકનું સમજવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com